અત્યાર સુધી પ્રગટ થયેલ તેનાં જીવન-ચરિત્રો કરતાં કાંઇક જુદીજ ભાત પાડતું આ સર્જન દેખાશે એમ અમારૂં ધારવું છે. આ ખંડે આશરે સવાસો પૃષ્ઠો રોક્યાં છે.

આ પછી અશોકની અને પ્રિયદર્શીની અનેકવિધ કૃતિઓ દર્શાવતા બે નકશા જોડયા છે કે ઉપર ઉડતી નજર નાંખતાં સાથેજ તે બન્ને રાજવીઓ ભિન્ન છે એમ સ્વતઃ માલૂમ પડી આવે છે છતાં તે બંને નકશાનું વિગતવાર વાચન કરવા માટે તેમને કોષ્ટકાકારે ઉતારી અક્ષરદેહે પણ રજુ કર્યા છે. વળી આખાયે પુસ્તકનો સાર—અશોક અને પ્રિયદર્શીની—બન્ને વ્યક્તિઓ ભિન્ન હોવા સાથે પરે પણ નિરાળી છે એમ જોઇ શકાય તે માટે, આજે બે હજાર વર્ષ ઉપરાંતની જાળવી રહેલ તે બન્નેની સર્વે કૃતિઓને એકત્રિત કરીને વર્ગીકરણ પાડવા ઉપરાંત તેમની પરખનાં લક્ષણે તારવી બતાવ્યાં છે જેથી તેવા જીજ્ઞાસુઓની આકાંક્ષા પણ પોષાઇ ગણાશે.

સામાન્ય રીતે આવા પુસ્તકના વાચકો એવી કોટિના અથવા એવી કક્ષાએ પહોંચેલ ધારી શકાય કે વચ્ચે આવતા અપરિચિત શબ્દોના અર્થનો ઉકેલ તેમના કરેલા અનુવાદ–ભાષાંતર માંથી સ્વમત્યાનુસાર પોતાની મેળે તારવી લ્યે. એટલે પ્રથમ તો કઠિન શબ્દોના અર્થ આપવાની ઈચ્છાજ નહોતી રાખી; જેથી શિલાલેખોનું વર્ણન જ્યાં કર્યું છે ત્યાં તેનો અભાવ દેખાશે. પરંતુ વિશેષ વિચાર કરતાં જણાયું કે તેવા અર્થનો અભાવ તે એક ઉણપજ લેખાશે એટલે કેટલાક અઘરા શબ્દોને કક્ષાવારી પ્રમાણે ગોઠવીને તેમનો નાનો શો અર્થકોષ જોડયો છે.

પુસ્તકના અંતે વિષયની ચાવી, સમયાવળી, ચિત્રો તથા 'કયાં અને શું' આપવાની અમારી પ્રથામાં થોડોક ફેરફાર કર્યો છે; વિષયની સુચિ કેવળ ચોથા ખંડની અને બાકીની ત્રણે વસ્તુઓ પ્રથમના ત્રણ ખંડની આપી છે. તેઓ પોતાપૂરતું કાર્ય બજાવી વાચકની રસવૃત્તિને સંતોષ પમાડશે એવી ઉમેદ રાખીએ છીએ.

આ પુસ્તકની રચનામાં જે જે ગ્રંથોની–થોડા કે વધતા પ્રમાણમાં–સહાય લેવી પડી છે ને જેની ટીપ અન્ય સ્થળે આપી છે તે સર્વે પ્રત્યે અમારૂં ઋણ જાહેર કરીએ છીએ તથા સ્મૃતિમાંથી કોઈનું નામ ખસી જવાથી રહી ગયું હોય તો તે માટે ક્ષમા ચાહીએ છીએ. અંતમાં, અમારા કાર્યોત્સવના મુખ્ય માર્ગદર્શક ભાઈ ચીમનલાલ અમુલખ સંઘવીએ આખા પ્રકાશનમાં પોતાની જાતની અવિરત સહાયતાનો અને બતાવેલી ખુલ્લા દીલની કાર્યરૂચીનો તો અમારે ખરા અંતઃકરણપૂર્વક સ્વીકાર જ કરવો જોઇએ.

મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે; જેથી આ પુસ્તકના સર્જનમાં અને પ્રકાશનમાં માલૂમ પડે ત્રુટિઓ રહ્યો [illegible] ક્ષમા યાચીએ છીએ.

વડોદરા<br>[illegible]<br>[illegible]

નિવેદક<br>ત્રિભુવનદાસ લહેરચંદ શાહ

પ્રાણીનું હોવાનું જણાવનાર 'પ્રિયદર્શિન' એ સંપ્રતિનું ઉપનામ છે.

(૧૦) પાખંડ એટલે પાખંડ અગર ધર્મ. દેવાનાંપ્રિય નો અર્થ પાછળથી જેમ 'મૂર્ખ' થવા લાગ્યો તેમ પાખંડનો અર્થ પણ પાછળથી 'કુધર્મ' બન્યો છે. પરંતુ પ્રાચીન કાળમાં પાખંડનો અર્થ ધર્મ ગણાતો હતો. એ શબ્દ પણ જૈન પારિભાષિક છે. જર્નલ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટીના બારમા પુસ્તક-(પૃ. ૨૩૬) માં એક લેખ લખતાં પ્રો. વીલ્સન પણ 'પાખંડ' એ બૌદ્ધ પારિભાષિક શબ્દ ન હોવાનું માન્ય રાખે છે.

(૧૧) બુલર અને હુલ્ત્ઝ વાક્ય અહીં પૂરું કરી નાંખે છે પરંતુ સેનાર્ટ અને ડૉ. ભાંડારકર તેને પછીના વાક્ય સાથે જોડી નીચે પ્રમાણે અર્થ કરે છે—

'તેઓ યવનોના, કંબોજોના અને ગાંધારોના તેમજ પશ્ચિમકાંઠાની પાસેના બીજા લોકોના દેશમાં નોકર બનેલા બ્રાહ્મણોના અને વૈશ્યોના તથા અનાથો અને વૃધ્ધોના હિતસુખનું તેમજ ધર્મિષ્ઠ લોકોને બંધનમાંથી મુક્ત કરવાનું કામ કરી રહ્યા છે.'

(૧૨) હુલ્ત્ઝ આ પંક્તિનો અનુવાદ નીચે પ્રમાણે કરે છે—

'તેઓ નોકરો અને શેઠોના, બ્રાહ્મણો અને વૈશ્યોના........'

(૧૩) બ્રાહ્મણો એટલે 'બંભણો'-વિશેષ ખુલાસા માટે જુઓ ત્રીજા શિલાલેખની ટીકા નં. ૬

(૧૪) હુલ્ત્ઝ આ બંધન અને મુક્તિનો એવો અર્થ કરે છે કે,-'તેમને સંસારના બંધનમાંથી મુક્ત કરી ધર્મમાર્ગે ચડાવવાનું'-જ્યારે ડૉ૦ ભાંડારકરના મતે-'તેઓ કોઇ કલેશ કે બંધનમાં સપડાયા હોય તો તેમાંથી તેમને મુક્ત કરવાનું.' આમાંથી હુલ્ત્ઝનો અર્થ વધારે બંધબેસતો છે. છતાં એકજ શબ્દથી વધારે અર્થો સૂચવી દેવાની પ્રિયદર્શિનની વલણને ખ્યાલમાં લેતાં તેમાં બન્ને અર્થ સમાયલ હોવાનો પણ સંભવ છે.

(૧૫) કેદીઓ અને તેમનાં સંતાનો પ્રત્યેની જે ફરજો આજની સુસંસ્કૃત ગણાતી પ્રજાઓ પણ અમલમાં નથી મૂકી શકતી તેને ૨૨૦૦ વર્ષ પૂર્વે અમલમાં

ગર્ભને પ્રિયદર્શિન આપણી જ નજરમાં ...રાજ્ની નીતિનું પોતાનું સ્થાન રોકવા લાગે છે.

(૧૬) 'અહીં' એટલે શાસન જ્યાં કોતરાયું છે તે નગરમાં અગર તો શાસન જ્યાંથી રચના કરવામાં આવ્યું તે પાટનગર-પાટલીપુત્રમાં; ગિરનારના શિલાલેખમાં 'પાટલીપુત્ર અને બીજાં નગરોમાં' લખાયેલું છે તે જોતાં 'અહીં' નો અર્થ પાટલીપુત્ર હોવાનો વિશેષ સંભવ છે. જો 'અહીં' નો અર્થ પાટનગર-પાટલીપુત્ર ન લઇએ તો પછી ગિરનારના શિલાલેખ પરથી એમ માનવું પડે કે પ્રિયદર્શિન ગિરનારમાં ગમે તે કારણે ધર્મમહામાત્રાની નિમણૂક નહિ કરી શક્યો હોય. એટલે ત્યાં તેણે 'અહીં' ને સ્થળે 'પાટલીપુત્ર' લખવાનું પસંદ કર્યું હશે.

બધા નિર્દેશોનો સમગ્ર વિચાર કરતાં જણાય છે કે, બીજા શિલાલેખો સાથે સરખાવતાં ગિરનારના શિલાલેખોમાં કંઇ વિશિષ્ટતા રહેલી છે. ગિરનારમાં તે પુત્રની પછી 'પૌત્ર' નો નિર્દેશ કરે છે જ્યારે બીજા સર્વ શિલાલેખોમાં 'દૌહિત્ર' શબ્દ વાપરે છે. ગિરનારમાં તે 'પાટલીપુત્ર અને બીજાં નગરોમાં' લખે છે જ્યારે અન્ય સ્થળના શિલાલેખોમાં તે 'અહીં' અને બીજાં નગરોમાં' લખે છે.

(૧૭) આ નિર્દેશ આપણને પ્રિયદર્શિનનું વ્યકિતત્વ સમજવામાં ખૂબજ મદદગાર બને તેમ છે. અહીં તે સ્પષ્ટ જણાવે છે કે, તેને એક કરતાં વધારે ભાઇ છે. આ વિધાન કોઇપણ રીતે અશોકને લાગુ પડી શકતું નથી. બૌદ્ધ સાહિત્યના બધા જ પ્રમાણભૂત ગ્રન્થો એકે અવાજે જણાવે છે કે 'બિન્દુસારના મરણ પછી અશોકે પોતાના નાના સગા ભાઇ તિષ્યને બાદ કરી, બાકીના સુસીમ વગેરે ૯૯ ભાઇઓનો વધ કર્યો અને તે સિંહાસને ચડી બેઠો.' [આ વધનું કારણ એ હતું કે બિન્દુસારનો વડીલ અને યુવરાજ પુત્ર તેમ જ સિંહાસનનો કાયદેસર અધિકારી સુસીમ હતો. અશોકે તેનો સામનો કર્યો. તેમાં બીજા સર્વ ભાઇઓએ સુસીમનો પક્ષ લીધો એટલે અશોકને તે સર્વનો વધ કરવો પડ્યો. તેમાં ફક્ત પોતાના સગાભાઇ તિષ્યને જ તેણે જતો કર્યો, ] તેમાંથી મૂળ પ્રમાણ તરીકે નિમ્નોક્ત ઉલ્લેખ પૂરતો થઇ પડશે.-

वेमातिके भातरो सो हन्त्वा एकूनकं सतं ।
सकले जम्बुद्वीपस्मिं एकरज्जमकारयि ॥

महावंश अ ५-१४

આ પરથી એ સ્પષ્ટ થઈ શકે છે કે અશોકે તિષ્ય સિવાયના પોતાના બધા જ ભાઈઓનો વધ કર્યો હતો અને આ તિષ્યે પણ પાછળથી બૌદ્ધ-દીક્ષા લીધેલી છે. (મહાવંશ.અ.૫) એટલે આ શિલાલેખ જો અશોકના ગણીએ તો તે કોતરાવતી વખતે તેને એક પણ ભાઈ નથી, જે વસ્તુસ્થિતિ શિલાલેખથી અવળી જાય છે. આ શિલાલેખોને અશોકના નામે ચડાવનાર વીન્સેન્ટ સ્મીથ આદિ વિદ્વાનો બૌદ્ધ પુસ્તકોના ઉપરોક્ત નિર્દેશને ભ્રમજનક જણાવે છે, પણ વસ્તુસ્થિતિમાં તો શિલાલેખો અશોકના છે, એજ એક ભ્રમ છે. કેમકે કોઈ પણ ધર્મનું સાહિત્ય પોતાના ધર્મના મહાન શાસકમાં સદ્ગુણોનું વિશેષ પડતું આરોપણ કરે તે સમજી શકાય તેવું છે, પણ ભ્રાતૃવધ જેવું કલંક ખોટી રીતે ચોંટાડે એ અકલ્પ્ય છે. ખરી વાત તો એ છે કે અશોકે તો ભાઈઓનો વધ કર્યો જ હતો, પણ આ શિલાલેખો સંપ્રતિના છે અને તેના વિષયમાં ભાઈઓનો નિર્દેશ વ્યાજબી છે.

(૧૮) અશોકને બહેનો હોવાનો ઉલ્લેખ પણ બૌદ્ધ સાહિત્યમાં કોઈ પણ સ્થળે મળી આવતો નથી.

(૧૯) ધૌલીના શિલાલેખમાં ભાઈ, ભગિની અને સગાઓનાં અંતઃપુરની સાથોસાથ 'મારા પોતાના અંતઃપુરમાં પણ' એટલું વિશેષ લખાયલ છે. પોતાના અંતઃપુરમાં પણ ધર્મમહામાત્રાઓ નિમાયલા હોવાની હકીકત ધૌલીમાં દર્શાવવી અને બીજાં સ્થળોનાં શાસનોમાં એ વિષે મૌન સેવવું તેનો અર્થ કાં તો એ હોય કે શાસનો કોતરાવતી વેળા તેનું અંતઃપુર કલીંગમાં હોઈને કલીંગના (ધૌલી) શાસનમાં તેનો ઉલ્લેખ જરૂરી બન્યો હોય અથવા તો કલીંગમાં ધર્મમહામાત્રાઓ નીમવામાં પડતી મુશ્કેલીઓને દૂર કરવાને પોતાના અંતઃપુરમાં પણ મહામાત્રાઓ નિમાયલા છે એમ જણાવવું જરૂરી બન્યું હોય.

(૨૦) હુલ્ત્ઝ 'પ્રજા' નો અર્થ વારસો કરે છે. પણ એક શબ્દમાં અનેક અર્થ સમાવવાની પ્રિયદર્શિનની શૈલિ જોતાં જણાય છે કે 'પ્રજા' શબ્દથી તે પુત્ર-પૌત્ર-દૌહિત્રાદિ વારસો, પોતાની વર્તમાન પ્રજા તેમજ ભાવિ પ્રજા આદિનું સૂચન કરે છે અને તે સર્વ આ શાસનોને અનુસરે એવી તે ઇચ્છા સેવે છે.

## षष्ठम शासन[1] — [ मन्शेरा ]

१ (क) देवनमिये प्रियद्रशि रज एवं अह (ख) अतिक्रतं अतरं
२ न हुतपुवे सत्रं कल अथक्रम व पटिवेदन व (ग) त मय एवं क्रिटं (घ) सत्र कलं अशतस[2]
मे ओरोधने[3] ग्रभगरसि व्रचसि विनितसि उयनसि सत्रत्र पटिवेदक अथ जनस
३ पटिवेदेतु[4] मे (ङ)* सत्रत्र च जनस अथ करोमि अहं (च) यं पि च किछि मुखतो
अणपेमि अहं[5] दपकं व श्रवकं[6] व ये व पुन महमत्रेहि अचयिके[7] अरोपिते होति
४ तये अथये विवदे निजति व संत परिषये अनतलियेन पटिवेदेतविये मे[8] सत्रत्र सत्र
कल (छ) एवं अणपित[9] मय (ज) नास्ति हि मे तोषे उठनसि अथसंतिरणये च
५ (झ) कटवियमते हि मे सत्रलोकहिते (ञ) तस तु पुन एषे मुखे उठने अथ्रसतिरण
च (ट) नास्ति हि क्रमतर सत्रलोकहितेन (ठ) यं च किछि परक्रममि अहं किति भुतनं
६ अणणियं येहं[10] इअ च पे[11] सुखयमि परत्र च स्पग्र[12] अरधेतु ति (ड) से एतये
अथये इयं ध्रमदिपि लिखित[13] चिरठितिक[14] होतु तथ च मे पुत्र नतरे परक्रमतु
सत्रलोकहितये (ढ) दुकरे च खो अञत्र अग्रेन परक्रमेन[15]

---

१ गि. का. धौ. જૌ. માં આ લેખનો થોડો થોડો ભાગ તૂટી ગયેલો છે.
२ गि. भुंजमानस का. अदमानसा शा. अशमनस
३ धौ. જૌ. मे अंते ओलोधनसि
४ गि. मे जनस पटिवेदेथ इति धौ. जनस अठं पटिवेदयन्तु मे જૌ. जनस अठं प्रटिवेदयन्तु मे ति
५ गि. स्वयं का. हकं धौ. જૌ. માં એ શબ્દ ખાકાત છે.
६ गि. सावापकं का. सावकं शा. श्रवक धौ. જૌ. सावकं
७ गि. आचायिके का. धौ. જૌ. अतियायिके
८ શા. માં * થી અહીં સુધીનો ભાગ (ભૂલથી) બે વખત કોતરાયો છે.
९ धौ. જા. हेवं मे अनुसथे
१० गि. गछेयं शा. वचेयं
११ गि. नानि का. धौ. જૌ. कानि शा. प
१२ गि. स्वगं
१३ शा. ध्रम निपिस्त
१४ गि. किंति चिरं तिस्टेय इति
१५ धौ. માં આ શાસનના અંતમાં સેતો શબ્દ મળે છે.

## છઠ્ઠું શાસન—[મન્શેરા][1]

(क) દેવાનુપ્રિય પ્રિયદર્સિ રાજા આમ કહે છે—

(ख) પૂર્વે કોઈ પણ સમયે 'કામકાજનો નિકાલ' કે 'અહેવાલોની રજૂઆત' અસ્તિત્વમાં નહોતાં.[2]

(ग) તેથી મેં આ પ્રમાણે કર્યું છે.

(घ) હું ભોજન લેતો હોઉં કે અંતઃપુરમાં હોઉં, ગર્ભાગારમાં હોઉં કે તબેલામાં હોઉં, ઘોડા પર હોઉં કે ઉદ્યાનમાં હોઉં તેવા પણ સર્વ સમયે[3] વૃત્તાંત-નિવેદકોએ મને પ્રજાના કામકાજથી વાકેફ કરવો.

(ङ) પ્રજાનાં કામકાજ હું સર્વત્ર કરૂં છું.

(च) હું દાન કે ઢંઢેરાનો મૌખિક હુકમ કરૂં તે સંબંધી કે મહામાત્રાઓને સોંપાયલ તાત્કાલિક કામ અંગે મંત્રી-પરિષદમાં વાદવિવાદ ઊભો થાય કે સુધારો રજૂ થાય[4] તો તેની ખબર મને ગમે તે સ્થળે અને ગમે તે સમયે પહોંચાડવી.

(छ) એ પ્રમાણે મેં આજ્ઞા કરેલી છે.

(ज) જહેમતથી અને કામકાજના નિકાલથી મને કદી સંતોષ થતો નથી.[5]

(झ) કેમકે સર્વ લોકોનું હિત કરવું[6] એ મારી ફરજ છે.

(ञ) અને પરિશ્રમ ને કામકાજની પતાવટ એ તેનું મૂળ છે.

(ट) સર્વ લોકના હિત કરતાં વધુ અગત્યની ફરજ બીજી કોઈ નથી.

(ठ) વળી, જે કંઈ જહેમત હું ઉઠાવું છું તે એવા હેતુથી કે, ભૂતોની પ્રત્યેના ઋણમાંથી હું મુક્ત[7] થાઉં, આ લોકમાં હું તેમને સુખી બનાવું અને પરલોકમાં તેઓ સ્વર્ગ પામે.[8]

(ड) આ ધર્માનુશાસન એવા હેતુથી લખાવાયલ છે કે તે લાંબા વખત સુધી ટકે અને મારા પુત્ર ને દૌહિત્રો,[9] સર્વ લોકના હિતને માટે, તેને અનુસરીને ચાલે.

(ढ) અતિશય પરાક્રમ[10] વિના આ કરવું મુશ્કેલ છે.

## षष्ठम शासन[1] — [ मन्शेरा ]

१ (क) देवनप्रिये प्रियद्रशि रज एवं अह (ख) अतिक्रतं अतरं
२ न हुतपुवे सत्रं कल अथकम व पटिवेदन व (ग) त मय एवं क्रिटं (घ) सत्र कलं अशतस[2]
मे ओरोधने[3] ग्रभगरसि व्रचस्पि विनितस्पि उयनस्पि सत्रत्र पटिवेदक अथ जनस
३ पटिवेदेतु[4] मे (ङ)* सत्रत्र च जनस अथ करोमि अहं (च) यं पि च किछि मुखतो
अणपेमि अहं[5] दपकं व श्रवकं[6] व ये व पुन महमत्रेहि अचयिके[7] अरोपितं होति
४ तये अथ्रये विवदे निजति व संत परिषये अनतलियेन पटिवेदतवियेमे[8] सत्रत्र सत्र
कल (छ) एवं अणपितं[8] मय (ज) नस्ति हि मे तोषे उठनसि अथसंतिरणये च
५ (झ) कटवियमते हि मे सत्रलोकहिते (ञ) तस चु पुन एषे मुले उठने अथसतिरण
च (ट) नस्ति हि क्रमतर सत्रलोकहितेन (ठ) यं च किछि परक्रमामि अहं किति भुतनं
६ अणणियं येहं[10] इअ च पे[11] सुखयमि परत्र च स्पग्र[12] अरधेतु ति (ड) से एतये
अथ्रये इयं ध्रमदिपि लिखित[13] चिरठितिक[14] होतु तथ च मे पुत्र नतरे परक्रमतु
सत्रलोकहितये (ढ) दुकरे च खो अत्र अग्रेन परक्रमेन[15]

---

१ गि. का. धे. ज. मां आ लेखनो थोडो थोडो भाग तूटी गयेलो छे.
२ गि. भुंजमानस का. अदमानसा शा. अशमनस
३ धे. ज. मे अंते ओलोधनसि
४ गि. मे जनस पटिवेदेथ इति धे. जनस अठं पटिवेदयन्तु मे ज. जनस अठं प्रटिवेदयन्तु मे ति
५ गि. स्वयं का. हकं धे. ज.मां ए शब्द भाकात छे.
६ गि. दापकं का. सावकं शा. श्रवक धे. ज.सावकं
७ गि. आचायिके का. धे. ज. अतियायिके
८ शा. मां * थी अहीं सुधीनो भाग (भूलथी) बे वखत कोतरायो छे.
९ धौ. ज. हेवं मे अनुसये
१० गि. गछेयं शा. गछेयं
११ गि. नानि का. धे. ज. कानि शा. प
१२ गि. स्वगं
१३ शा. ध्रम निपिस्त
१४ गि. किंति चिरं तिस्टेय इति
१५ धे. मां आ शासनना अंतमां सेतो शब्द मळे छे.

## છઠ્ઠું શાસન-[ગન્શેરા][1]

(क) દેવાનુપ્રિય પ્રિયદસિ રાજા આમ કહે છે-

(ख) પૂર્વે કોઈ પણ સમયે 'કામકાજનો નિકાલ' કે 'અહેવાલોની રજૂઆત' અસ્તિત્વમાં નહોતાં.[2]

(ग) તેથી મેં આ પ્રમાણે કર્યું છે.

(घ) હું ભોજન લેતો હોઉં કે અંતઃપુરમાં હોઉં, ગર્ભાગારમાં હોઉં કે તબેલામાં હોઉં, ઘોડા પર હોઉં કે ઉદ્યાનમાં હોઉં તેવા પણ સર્વ સમયે[3] વૃત્તાંત-નિવેદકોએ મને પ્રજાના કામકાજથી વાકેફ કરવો.

(ङ) પ્રજાનાં કામકાજ હું સર્વત્ર કરું છું.

(च) હું દાન કે ઢંઢેરાનો મૌખિક હુકમ કરું તે સંબંધી કે મહામાત્રાઓને સોંપાયલ તાત્કાલિક કામ અંગે મંત્રી-પરિષદમાં વાદવિવાદ ઊભો થાય કે સુધારો રજૂ થાય[4] તો તેની ખબર મને ગમે તે સ્થળે અને ગમે તે સમયે પહોંચાડવી.

(छ) એ પ્રમાણે મેં આજ્ઞા કરેલી છે.

(ज) જહેમતથી અને કામકાજના નિકાલથી મને કદી સંતોષ થતો નથી.[5]

(झ) કેમકે સર્વ લોકોનું હિત કરવું[6] એ મારી ફરજ છે.

(ञ) અને પરિશ્રમ ને કામકાજની પતાવટ એ તેનું મૂળ છે.

(ट) સર્વ લોકના હિત કરતાં વધુ અગત્યની ફરજ બીજી કોઈ નથી.

(ठ) વળી, જે કંઈ જહેમત હું ઉઠાવું છું તે એવા હેતુથી કે, ભૂતોની પ્રત્યેના ઋણમાંથી હું મુક્ત[7] થાઉં, આ લોકમાં હું તેમને સુખી બનાવું અને પરલોકમાં તેઓ સ્વર્ગ પામે.[8]

(ड) આ ધર્માનુશાસન એવા હેતુથી લખાવાયલ છે કે તે લાંબા વખત સુધી ટકે અને મારા પુત્ર ને દૌહિત્રો,[9] સર્વ લોકના હિતને માટે, તેને અનુસરીને ચાલે.

(ढ) અતિશય પરાક્રમ[10] વિના આ કરવું મુશ્કેલ છે.

(૧) અહીં માન્શેરાનું શાસન પસંદ કરવા અંગેના ખુલાસા માટે જુઓ માર્ગદર્શન– પૃ. ૪૭–૪૮ અને પાયમાં શાસનની ટી. નં. ૧.

(૨) 'કામકાજનો નિકાલ' કે 'અહેવાલોની રજૂઆત' વગર તો રાજતંત્ર ચાલી જ ન શકે. પણ આ વાક્યનો ભાવાર્થ એ છે કે 'કામકાજનો નિકાલ' અમલદારો પ્રચલિત રિવાજે કરી દેતા, અને 'અહેવાલોની રજૂઆત' બહુ બહુ તો અમલદારોથી આગળ વધીને મંત્રી પ્રધાન સુધી પહોંચતી. પણ એ બંને કાર્યોમાં રાજા પોતે રસ લેતા નહોતા. પ્રિયદર્શિને એમાં જાતે રસ લેવાની શરૂઆત કરી છે.

(૩) પ્રજા પ્રત્યેની પોતાની ફરજ બજાવવામાં પ્રિયદર્શિન કેટલો ઉત્કટ રસ ધરાવતો હતો, તેનું આ દૃષ્ટાંત છે.

(૪) આ સૂચન હિંદની પ્રાચીન શાસન-પ્રણાલિકાનું દર્શન કરાવે છે. તે સમયે રાજા આધુનિક સરમુખત્યારોની જેમ આપખુદ નહોતો તેમજ પ્રજાતંત્રના નામે દ્વિમુખી શાસનપદ્ધતિમાં ગૂંચવાયલાં લોકશાસનવાદી રાજ્યોના રાજાની જેમ તે શોભાનું પૂતળું પણ નહોતો. તે પ્રજા સમસ્તનું હિત વિચારનારો સત્તાધારી શાસક હતો, પણ સત્તાના સદુપયોગ–દુરુપયોગ પરત્વે વિચારણા ચલાવવાનો મંત્રી–પરિષદને અધિકાર હતો.

(૫) સંતોષ થતો નથી એટલે કે હું થાકતો નથી.

(૬) આ સ્થળે સર્વલોકના હિતસુખની ભાવના કેળવતાં જૈન बृहत्शांति માંનાં शिवमस्तु सर्व जगत તેમજ सर्वत्र सुखीभवन्तु लोकाः આદિ સૂત્રો નોંધપાત્ર છે.

(૭) આ [illegible] કર્માદાનમાંનો પ્રિયદર્શિનનો નિશ્ચય જાહેર કરે છે. [illegible] કર્મ [illegible] આવું પ્રમાણ નથી આવ્યું.

(૮) 'પરલોકમાં સ્વર્ગ' એ નિર્દેશ પણ સૂચક છે. જૈનોનું અંતિમ ધ્યેય મુક્તિ છે, અને બૌદ્ધોનું અંતિમ ધ્યેય નિર્વાણ છે, છતાં પ્રિયદર્શિન એમ કહે કે પોતાની પ્રજા પરલોકમાં સ્વર્ગ પામે તેનો અર્થ શો ? પ્રિયદર્શિનને બૌદ્ધધર્માવલંબી અશોક ગણો તો તેનો મેળ મળી શકે તેમ નથી. પરંતુ જો તેને જૈન ધર્માનુયાયી સંપ્રતિ ગણો તો તેનો મેળ બરાબર મળી રહે એમ છે. કેમકે જૈન મંતવ્યાનુસાર માનવીની અંતિમ ઇચ્છા તો મુક્તિની હોવી જોઈએ પણ આ કાળમાં મુક્તિ શક્ય નથી. જૈન દૃષ્ટિએ આ પંચમ આરામાં–કલિકાળમાં મુક્તિ પામનાર છેલ્લા માનવી જંબુસ્વામી (અવસાન-મુક્તિ ઇ. સ. પૂર્વે ૪૬૩) હતા. તે પછી માનવી સ્વર્ગથી આગળ વધી શકેલ નથી. તેમ આવતાં લાખો વર્ષ લગી–કલ્પના અંત પર્યંત વધી શકે તેમ પણ નથી. એટલે પ્રિયદર્શિન પરલોકમાં સ્વર્ગની ભાવના સેવે તે જૈન દૃષ્ટિએ સહજ છે.

(૯) આ શબ્દના ખુલાસા માટે જુઓ ચોથા શાસનની ટી. નં. ૧૩.

(૧૦) જૈન પાંચ આચારમાં વીર્યાચાર–પરાક્રમને પણ મહત્ત્વનું સ્થાન અપાયલું છે—

अणिगूहिअ बल वीरियो ।
परक्कमइ जो जहुत्त माउत्तो ॥

## सप्तम शासन[1]–[ गिरनार ]

१ (क) देवानंपियो पियदसि[2] राजा सर्वत इछति सवे पासंडा[3] वसेयु (ख) सवे सयमं[4] च

२ भावसुधिं[5] च इछति (ग) जनो तु उचावचछंदो उचावचरागो (घ) ते व कासंति एकदेसं व कसंति

३ (ङ) विपुले तु पि दाने यस नास्ति सयमे भावसुधिता व कतंञता व दढभति च निचा बाढं[6]



१ જ. માં આ શાસનનો કેટલોક ભાગ તૂટી ગયેલો છે.

२ શા. प्रियदि

૩ કા. पासंड શા. प्रषंड ભ. पषड ધો. જ. पासंडा

૪ કા. सयम शा. सयमे ભ. सयम ધો. सयमं

૫ કા. भावसुधि શા. ભ भवशुधि ધો. જ. भावसुधी

૬ શા. पढं

# સાતમું શાસન–[ ગિરનાર ]

(क) દેવાનુપ્રિય પ્રિયદર્શિ રાજા ઈચ્છે છે કે, સર્વ ધર્મો (ના લોકો) સર્વત્ર વસે.[1]

(ख) કેમકે તે બધાજ સંયમ[2] અને ભાવશુદ્ધિ[3] ઈચ્છે છે.

(ग) પરંતુ માણસોમાં વિવિધ જાતની તૃષ્ણાઓ[4] અને વિવિધ જાતની આસકિતઓ[5] હોય છે.

(घ) તેઓ (પોતાની ફરજ) પૂર્ણાંશે અગર અલ્પાંશે[6] અદા કરશે.

(ङ) વિપુલ દાન કરનારમાં પણ જો સંયમ, ભાવશુદ્ધિ, કૃતજ્ઞતા અને દૃઢભકિત ન હોય[7] તો તે ઘણો નીચો છે.

---

(૧) આ પંકિત પ્રિયદર્શિ રાજાની સર્વધર્મસમભાવતા સૂચવે છે. જો પ્રિયદર્શિ એ અશોકનું ઉપનામ લેખવામાં આવે તો આ પંકિત તેની વિરુધ્ધમાં જબ્બર પુરાવારૂપ છે. કેમકે અશોક ધર્માંધ બૌદ્ધ હતો એટલું જ નહિ, તેણે અન્ય ધર્મીઓની કતલ પણ ચલાવી હતી. પુંડવર્ધન નગરમાં તેણે ૧૮૦૦૦ આજીવિકોને મરાવી નાંખેલા અને પાટલીપુત્રમાં પણ તેમના પ્રત્યે એવી વલણ દાખવી હતી. પાછળથી તો તેણે આજીવિકનું માથું લાવનાર માટે એકેક દીનારનું ઇનામ જાહેર કરેલું [ હિંદી વિશ્વકોશ ] આ સ્થિતિમાં અશોક ઉપરોકત પ્રિયદર્શિંનથી જુદો હોય એ સ્વાભાવિક છે.

(૨–૩) સંયમ એટલે ચારિત્ર અથવા ઇંદ્રિય નિગ્રહ. તેને દ્રવ્યશુધ્ધિ અથવા આચારશુધ્ધિના નામે પણ ઓળખવામાં આવે છે. ચારિત્રને લગતા બધા જ સદ્‌ગુણોનો સમાવેશ એ 'સંયમ' શબ્દમાં થઇ જાય છે. અને ભાવશુદ્ધિ એટલે જ્ઞાન અને દર્શનની શુધ્ધિ. દર્શન, જ્ઞાન અને ચારિત્રની શુદ્ધિ એટલે 'ભાવ શુદ્ધિ'. અને 'સંયમ.' દ્રવ્ય અને ભાવની શુદ્ધિ એ જૈનત્વનો મહા માર્ગ છે. જૈન પરિભાષામાં એને સંયમ–ભાવશુદ્ધિ; જ્ઞાન–દર્શન-ચારિત્રમય રત્નત્રયી; દ્રવ્યશુદ્ધિ ને ભાવશુદ્ધિ ઇત્યાદિ નામે ઓળખાવવામાં આવે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સંયમ અને ભાવશુદ્ધિ બંને જૈન પારિભાષિક શબ્દો છે અને તેમાં જ્ઞાન, દર્શન ને ચારિત્રરૂપી જૈન રત્નત્રયીનો સમાવેશ થાય છે.

(૪–૫) મૂળમાં અહીં उचावच छंदो અને उचावचरागो એ બે શબ્દ છે. તેનો અર્થ 'વિવિધ પ્રકારનાં તૃષ્ણા અને આસકિત' થઇ શકે છે. એ જ રીતે 'વિવિધ પ્રકારના દ્વેષ અને રાગ' પણ થઇ શકે છે. પ્રથમ અર્થ લઇએ તો તેમાં, જૈન વિચારશ્રેણી પતનના કારણ ભૂત જે ચાર કષાય માને છે તેમાંના બે મુખ્ય કષાય –લોભ અને માયાનો સમાવેશ થાય છે. બીજો અર્થ લઇએ તો પણ તે જૈન વિચારશ્રેણીને જ મળતો છે, કેમકે જૈન તત્ત્વજ્ઞાનમાં રાગદ્વેષને સંસારના મૂળરૂપ લેખવામાં આવેલ છે.

(૬) મૂળમાં અહીં एकदेश શબ્દ છે. 'સર્વવિરતિ' અને 'દેશવિરતિ' બંને જૈન જીવનપ્રયાના મુખ્ય વિભાગો છે, તેમાંથી આ શબ્દ 'દેશવિરતિ' નું સૂચન કરે છે. સર્વ પ્રકારની સાંસારિક તૃષ્ણાઓ અને આસકિતઓ તજી દઇ પરમ જીવનમાં પ્રવેશવું તે સર્વવિરતિ-સાધુપણું, અને અમુક અંશે તેનો ત્યાગ કરવો તે દેશવિરતિ -ઉપાસકપણું, શ્રાવકપણું. સરખાવો:—

**यास्त्वेकदेश विरतिनिरतस्तस्यामुपासको भवति ॥४१॥ पुरुषार्थ सिध्ध्युपाय ।**

( ૭ ) ઉપરના વાકયમાં સર્વવિરતિ–સાધુધર્મને ન અનુસરી શકાય તો એકદેશ–દેશવિરતિ–શ્રાવકધર્મની ફરજો બજાવવાનું સૂચન કરીને પછી આગળ વધતાં પ્રિયદર્શિન જણાવે છે કે શ્રાવકના મુખ્ય આચારો દાન અને પૂજા [ दाणं पूजा मुक्खं सावयधम्मो, ण सावगो तेण विणा ] ને અનુસરવા છતાં તેનામાં જો સંયમ, ભાવશુધ્ધિ, કૃતજ્ઞતા, અને દૃઢભકિત ન હોય તો તે ઘણો નીચો છે. અને જૈન વિચારશ્રેણી પણ એ જ છે. દાન અને પૂજા એ બાહ્ય આચાર છે. પણ આત્માને ઊંચે ચડાવનારાં ખરાં તત્ત્વો તો સંયમ, ભાવશુધ્ધિ, જિનભકિત વગેરે છે.

# પ્રકાશકોનું નિવેદન

અમે ઉપાડેલ કાર્યમાંનો "પ્રિયદર્શી યાને સંપ્રતિ" ઉર્ફે "પદચ્યૂત મહારાજા અશોક" નામક આ ગ્રંથ પ્રજા સમક્ષ ધરતાં અમને અતિ આનંદ ઉપજે છે અને હવે પછી જે અન્ય કાર્યો ઉપાડવાં ધાર્યાં છે તેનો કાંઈક ખ્યાલ આપતી એક પત્રિકા આ પુસ્તકને અંતે જોડી છે તે વાંચી જવા, તેમજ અત્યાર સુધી જેઓએ ઉદારતાપૂર્વક અમને પ્રોત્સાહન આપ્યું છે તેજ પ્રમાણે-બલ્કે વિશેષ પ્રમાણમાં વળી તેઓ ઉત્તેજન આપતા રહેશે એવી અમો વિજ્ઞપ્તિ પણ કરીએ છીએ.

કોઈ પણ ક્ષેત્રે નવીન વિચારો રજુ થતાં જેમ વ્યવહારમાં બને છે તેમ અમારા પ્રકાશને પણ સાહિત્ય જગતમાં સ્થિતિ ઉપજાવેલ; પરંતુ જેમ જેમ વખત પસાર થતો જાય છે તેમ તેમ તેમાં પણ મનમાનતું પરિવર્તન થતું જાય છે. કેમકે વાચકોને જેમ વાંચવાનો અવકાશ મળતો જાય છે તેમ તેમના મનમાં ઊભી થતી શંકાઓનું નિરસન કરવાની અમને પણ કોઈને કોઈ રીતે તક સાંપડતી જાય છે. અમારી અંતઃકરણની શ્રદ્ધા છે કે પ્રિયદર્શીનું આ પુસ્તક અનેક શંકાઓનું સમાધાન કરવાને ઘણું ઉપયોગી વાંચન પૂરૂં પાડે છે. વળી જ્યારે તેની ઈંગ્રેજી આવૃત્તિ બહાર પડશે ત્યારે તો તે વિશેષ પ્રમાણમાં વંચાતી થવાથી તેને વધારે વેગ મળવાનો; ઉપરાંત વર્તમાન અતુલ યુધ્ધે જેમ અન્ય વ્યવહારો ખોરવી નાંખ્યા છે તેમ અમારા કાર્યને પણ અનેક રીતે મુશ્કેલ બનાવી મૂક્યું છે એટલે તેની શાંતિ થતાં,--પરમાત્મા તેવો દિવસ બહુ જલદી દેખાડે–તેને ઓર જોમ મળશે એવી અમને પાકી ખાત્રી છે.

દરમ્યાન સુધારો વધારો કરવાની હિતેચ્છુઓ તરફથી સૂચના મળવાની–અત્યાર સુધીમાં જેમણે કરી છે તેમનો જાહેર ઉપકાર માનવાની આ તક લઈએ છીએ અને તેજ પ્રમાણે તેમની અને અન્ય તરફથી ભવિષ્યમાં પણ સૂચનાઓ મળતી રહેશે એવી–અપેક્ષા રાખીએ છીએ. અમારા કાર્યમાં ઉત્તેજન આપનાર સઘળા વર્ગનો ફરી એકવાર ઉપકાર માનીએ છીએ. એજ વિનંતિ.

વડોદરા: વિક્રમાર્ક ૧૯૯૯

સેવકો
શશિકાન્ત એન્ડ કુંના યથાઘટિત

## अष्टम शासन[1]–[ गिरनार ]

१ (क) अतिकातं अंतरं राजानो[2] विहारयातां नयासु[3] (ख) एत मगव्या अञानि च एतारिसनि
२ अभीरमकानि[4] अहुंसु[5] (ग) सो देवानंप्रियो पियदसि राजा दसवसाभिसितो संतो अयाय[6] संबोधिं[7]
३ (घ) तेनेसा धंमयाता (ङ) एतयं होति बाम्हणसमणानं[8] दसणे च दाने च थैरानं[9] दसणे च
४ हिरंणपटिविधाने च जानपदस च जनस दस्पनं[10] धंमानुसस्टी च धमपरिपुछा च
५ तदोपया (च) एसा भुय रति[11] भवति देवानंपियस पियदसिनो राञो भागे अंञे

---

१ આ શાસનનો ધૌ૦ માં થોડોક અને જ૦. માં ઘણોખરો ભાગ તૂટેલો છે.
२ કા. देवानंपिया શા. देवानंप्रिय મ. देवनप्रिय
૩ કા. निखमिसु શા. निकमिसु
४ કા. अभिलामानि શા. अभिरमनि
५ કા. મ. हुसु શા. अभुवसु ધૌ. જ૦. हुवंति
६ કા. निखमिया શા. મ. निकमि ધૌ. निखमि
७ કા. ધૌ. संबोधि શા. મ. सम्बोधि
८ કા. समनबंभनानं શા. श्रमणब्रमणनं મ. श्रमण-ब्रमणन ધૌ. समनबाभनानं
९ કા. बुधानं શા. वुढनं મ. वुध्रन ધૌ. જ૦. वुडानं
१० સેનાર્ટ અહીં दर्सनं વાંચે છે; બુહલર दसनं વાંચે છે. કા. ધૌ જ૦. दसने શા. મ. द्रसने
११ ધૌ. જ૦. अभिलामे

## આઠમું શાસન—[ગિરનાર]

(क) પૂર્વે રાજાઓ વિહારયાત્રાએ નીકળતાં.
(ख) તેમાં શિકાર અને એવાજ બીજાં મોજવિલાસ ખેલાતા.[1]
(ग) પણ દેવાનુપ્રિય પ્રિયદર્સિ રાજા પોતાના રાજ્યાભિષેકને દશ વર્ષ થતાં સંબોધિ[2] ગયો.
(घ) તે રીતે આ ધર્મયાત્રા[3] (કહેવાણી-શરૂ થઈ.)
(ङ) તેમાં, બ્રાહ્મણ[4] અને શ્રમણોનાં દર્શન અને તેમને દાન, વૃદ્ધ લોકોનાં દર્શન અને તેમને સોનાનાં દાન, તથા પ્રાન્તના લોકોનાં દર્શન અને તેમને ધર્મોપદેશ તેમજ તેમની સાથે ધર્મચર્ચા વગેરે થાય છે.[5]
(च) આ રીતે દેવાનુપ્રિય પ્રિયદસિ રાજાના રાજ્યનો બીજો ભાગ[6] અતિ સુખમય બને છે.

---

(૧) મહાવંશ ના પાંચમા અધ્યાયના ૧૫૪માં શ્લોકમાં તો સ્પષ્ટ જણાવેલું છે કે, 'અશોકનો નાનો ભાઈ તિસ્સ ઉપરાજ તરીકે શિકાર કરવાને નીકળતો.' અને આ વાકયમાં તો પ્રિયદર્શિન જણાવે છે કે 'કેવળ તેના પુરોગામી રાજવીઓ જ વિહારયાત્રા-શિકારે જતા હતા.' આ વિધાન પણ આપણા મંતવ્યને ટેકારૂપ નીવડે છે, કેમકે જેણે કુમારવયમાં જૈન ધર્મ સ્વીકારી લીધો છે અને જે કદી શિકારયાત્રાએ ગયો નથી તેમજ શિકાર સામે જેણે સખત પ્રતિબંધ મૂકેલો છે એવો સંપ્રતિ જ આ વાકય કોતરાવી શકે છે.

(૨) સંબોધિના અર્થને વધારે સ્પષ્ટ કરતાં પહેલાં આપણે એની કેટલીક ભૂમિકા વિચારી લઈએ.

અશોકે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો તે સંબંધમાં બૌદ્ધ સાહિત્યમાં ત્રણ મત નજરે ચડે છે. દક્ષિણનો મત એમ જણાવે છે કે, 'અશોકે જ્યારે પોતાના ભાઈઓનો વધ કર્યો ત્યારે યુવરાજ સુસીમની ગર્ભવતી રાણી ત્યાંથી ભાગી છૂટી. સમય જતાં તેને નિગ્રોધ નામે પુત્ર થયો. તેના જીવનમાં બૌદ્ધધર્મ ઓતપ્રોત થઇ ગયો અને નિર્મળ-તેજસ્વી વ્યક્તિત્વ ખીલતી સાત વર્ષની વયે તે અશોકના રાજમહેલ નજીકથી પસાર થયો. તે સમયે તેના પ્રભાવથી અશોકે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો.'

ઉત્તરનો મત એમ જણાવે છે કે, 'અશોકે પોતાના રાજ્યાભિષેક પછી પોતાની ક્રૂરતાની છાપ પાડવાને એક વધાગાર ખોલેલું અને તેમાં અનેક માણસોનો ક્રૂર સંહાર થતો. એક સમયે ઉપગુપ્ત નામે બૌદ્ધ સાધુનો વારો આવ્યો. પરંતુ અનેક ઉપાયો કરવા છતાં તે બૌદ્ધ સાધુ ન જ મર્યો ત્યારે અશોકના મન પર તેના ચમત્કારિક વ્યક્તિત્વની છાપ પડી ને તેણે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો.

હુએન્સાંગ આદિ પરદેશી પ્રવાસીઓના જણાવ્યા અનુસાર, 'રાજ્યાભિષેકની શરૂઆતમાં અશોક બૌદ્ધ ધર્મનો ચુસ્ત વિરોધી હોવાથી તેણે ગયાના બોધિવૃક્ષને જડમૂળમાંથી ઉખેડી તેને બાળી નાખવાની આજ્ઞા કરી. પણ જ્યારે એ વૃક્ષની ભસ્મમાંથી નવું બોધિવૃક્ષ ફાલી નીકળ્યું ત્યારે તે, તે વૃક્ષનો અને બૌદ્ધ ધર્મનો ભકત બન્યો અને હંમેશાં બોધિવૃક્ષની સમીપજ વસવા લાગ્યો. અશોકની રાણીએ તેને ત્યાંથી રાજમહેલમાં પાછો વાળવાને એ વૃક્ષ ફરી છેદાવ્યું, ને તે ફરી ઊગી નીકળ્યું.' 'દિવ્યાવદાન' પણ જણાવે છે કે, "અશોક બોધિવૃક્ષ

પ્રત્યે એટલી બધી ભક્તિ દર્શાવવા લાગ્યો કે રાણી તિષ્યરક્ષિતાના મનમાં ઇર્ષા જાગી અને તેણે બોધિવૃક્ષનો નાશ કરવાની પેરવી કરી, પણ અંતમાં તેને નમવું પડ્યું."

ઉપરોક્ત ત્રણ મતોમાંથી ત્રીજા મતની રૂએ તો અશોકે બૌદ્ધ ધર્મનો સ્વીકાર જ બારમમાંથી ફરી પ્રગટેલા બોધિવૃક્ષનાં દર્શનથી આકર્ષાઇને કર્યો છે. એટલે પ્રિયદર્શિનનો અર્થ ચાલુ મંતવ્યાનુસાર અશોક લઇએ અને 'સંબોધિ'નો અર્થ ગયાનું બોધિવૃક્ષ લઇએ તો આ મતની રૂએ દશમા વર્ષે 'સંબોધિ'ની યાત્રાવાળો ઉલ્લેખ ગેરવ્યાજબી કરે છે.

તેમજ ઉપરના બીજા મતો પણ દશમા વર્ષે સંબોધિની યાત્રા સાથે સુસંગત નથી. કેમકે અશોકની તીર્થયાત્રાનું વિગતવાર વર્ણન કરતાં 'દિવ્યાવદાન' સ્પષ્ટ જણાવે છે કે અશોકે સૌથી પહેલી યાત્રા બુધ્ધના જન્મ-સ્થાન લુમ્બિની-વનની કરી અને પછી તે 'બોધિમૂલ'ની યાત્રાએ ગયો; જ્યારે શિલાલેખો તો એમ જણાવે છે કે તેણે રાજ્યાભિષેકના દશમા વર્ષે 'સંબોધિ'ની યાત્રા કરી અને વીશમા વર્ષે તે લુમ્બિની-વનનાં દર્શને ગયો. (જુઓ રૂમ્મિન્ડેઇ સ્થંભલેખ). 'દિવ્યાવદાન' ઉપરાંત બીજાં પણ દરેક બૌધ્ધ પુસ્તકો જણાવે છે તે પ્રમાણે તો 'અશોકે બૌધ્ધ ધર્મ સ્વીકાર્યો પછી તરતજ વિહારો અને સ્તૂપો બંધાવવાની યોજના ઘડી અને લુમ્બિની-વનમાં પણ એવો સ્તૂપ બંધાવી તે તરતજ તેની યાત્રાએ ગયો ને ત્યાં અઢી લાખ તોલા સોનાનું દાન કર્યું.' શિલાલેખમાં આનાથી જુદો જ ઉલ્લેખ છે. એટલે એમ જ માનવું રહે છે કે અશોક અને પ્રિયદર્શિન બંને જુદા રાજવી છે અને અશોક બૌધ્ધ બન્યા પછી તરતજ લુમ્બિનીવનની યાત્રાએ જાય છે ને ત્યાં લાખો તોલા સોનાનું દાન કરે છે જ્યારે પ્રિયદર્શિન એટલે સંપ્રતિ રાજ્યાભિષેકના વીશમા વર્ષે નેપાળથી પાછા ફરતાં સ્વ. પિતામહના માનને ખાતર લુમ્બિની વન જાય છે ને ત્યાં એક સ્થંભ ઊભો કરાવી ત્યાંની પ્રજાને વિધોટીમાં થોડીક છૂટછાટ આપે છે. લુમ્બિનીવનની યાત્રાનો ઉલ્લેખ આ સિવાય બીજો કોઇ જ સંભળાતો નથી. એ જ પ્રમાણે 'સંબોધિ'ની યાત્રાનો આપણે બરાબર ઉકેલ કરવો જોઇએ.

કાળગણનાથીએ પણ અશોકની બુધ્ધગયાની યાત્રાને પ્રિયદર્શિનની 'સંબોધિ'ની યાત્રા સાથે કશો સંબંધ નથી. બૌધ્ધ પુસ્તકોમાં બુધ્ધને જ્યાં જ્ઞાન ઉપજ્યું તે સ્થાના બોધિવૃક્ષને માટે 'બોધિમૂલ,' 'બોધિવૃક્ષ,' 'બુધ્ધગયા' આદિ નામો મળે છે, પણ 'સંબોધિ' નામનો નિર્દેશ ક્યાંય નથી મળતો. એટલે આપણે જો એમ કહીએ કે પ્રિયદર્શિનની સંબોધિની યાત્રાને અશોકની બોધિવૃક્ષની યાત્રા સાથે કશી લેવાદેવા નથી તો તે પૂરતું વ્યાજબી છે.

ખરી વાત તો એ છે કે, પૂર્વ કાળમાં જ્યાં જ્ઞાન મળી શકે એવું હોય પણ તીર્થ સંબોધિના નામે ઓળખાતું. હિંદુ અને જૈન ધર્મોમાં પણ કેટલાંક તીર્થો, મંદિરો કે વૃક્ષો એ નામે ઓળખાતાં. રામાયણના બીજા ખંડમાં (અ. ૬૮. શ્લો. ૧૭) અને તામિલ ભાષાના જૈન મહાકાવ્ય 'શિલપ્પદિકારમ્'માં એ નામ નજરે ચડે છે. જૈન તીર્થ શત્રુંજય પરનું 'રાયણ વૃક્ષ' પણ 'બોધિવૃક્ષ'ના નામે ઓળખાતું. એટલે 'સંબોધિ'નો સ્થળોચિત ચોક્કસ અર્થ અસંભવિત છે. સંપ્રતિએ કરેલી અનેક યાત્રાઓમાંની ગમે તે એકાદ યાત્રા હોવાનો સંભવ છે.

'રાજાવલી કથા'માં જણાવ્યા પ્રમાણે ચન્દ્રગુપ્તના પુત્ર-પૌત્ર-પ્રપૌત્ર શ્રવણ બેલગોલમાં શ્રી ભદ્રબાહુ-સ્વામીના સમાધિસ્થળની યાત્રાએ આવેલા અને ત્યાં તેમણે મંદિર બંધાવરાવેલાં છે. સંભવિત છે કે પ્રિયદર્શિ જે 'સંબોધિ'-યાત્રાસ્થળનો ઉલ્લેખ કરે છે તે આ પણ હોય.

અથવા તો ચન્દ્રગુપ્તે ગિરનારની યાત્રા કરેલી અને ત્યાં સુદર્શન તળાવ બંધાવીને તે તીર્થને જે મહત્ત્વ આપેલું તેને અનુસરીને તેનો વંશજ પ્રિયદર્શિન-સંપ્રતિ તે તીર્થની યાત્રાએ ગયો હોય અને તે તીર્થ બાવીશમા જૈન તીર્થંકર શ્રી નેમિનાથનું બોધિસ્થાન હોઇને તેણે 'સંબોધિ'ના નામે ઓળખાવ્યું હોય. અથવા તો પછી શત્રુંજય પર બોધિવૃક્ષ-રાયણવૃક્ષનાં દર્શને તે ગયો હોય અને તેને તેણે 'સંબોધિ'ના નામે ઓળ-

ખાવેલ હોય. આ તીર્થનો તો તેણે ઉદ્ધાર કરાવેલ હોવા અંગે પણ પ્રાચીન નિર્દેશ મળી આવે છે—

संपइ-विक्रम-बाहड-हाल-पालित-दत्तरायई ।
जं उद्धरिहिंति तयं सिरिसत्तुंजय महातित्थं ॥

शत्रुंजयकल्प

તે ઉપરાંત બયાય સંબોધિ નો અર્થ 'સમકિત પ્રાપ્ત કર્યું' એવો પણ થઇ શકે છે. અને તે અર્થ કરીએ તો તે સ્પષ્ટ પણે જૈનત્વનો સૂચક બને છે.

(૩) આનો સૂચક અર્થ એ છે કે તેણે પહેલવહેલી સંબોધિ ( શત્રુંજય ? ) ની યાત્રા કરી અને પછી તેણે અનેક યાત્રાઓ કરી.

(૪) બ્રાહ્મણ એટલે 'બંભણ', 'માહણ' અથવા 'બ્રહ્મચારી' ( વિશેષ વિવેચન માટે જુઓ ત્રીજા શિલાલેખની ટી. નં. ૬ ) કેમકે આ વાકય પરથી સ્પષ્ટ જણાય છે કે બંભણો અને શ્રમણો સોનાનું દાન લેતા નહોતા એટલે પ્રિયદર્શિન તેમનાં દર્શન કરીને તેમને અન્ન-વસ્ત્ર દાન આપતો; જ્યારે વૃદ્ધોનાં દર્શન કરીને તેમને તે સોનાનું દાન આપતો. અહીં 'બંભણ' નો અર્થ વૈદિક બ્રાહ્મણ હોવાનો કોઇ સંભવ નથી. તેમને તો સુવર્ણદાન ખપે છે. પણ જૈનોમાં સાધુઓ બે પ્રકારના રહેતા-એક પ્રાથમિક દશામાં-બ્રહ્મચારી અને બીજા આગળ વધેલા-શ્રમણ. ( આજે પણ દિગંબરોમાં આ બંને પ્રકાર પ્રચલિત છે.) તે બંનેને સુવર્ણદાન ન ખપી શકે. એટલે બંભણ-શ્રમણનો અર્થ પ્રાથમિક મુનિઓ અને વિશિષ્ટ મુનિવરો હોવાનો જ વિશેષ સંભવ છે.

( ૫ ) આ વાકય, પ્રાચીન સમયના રાજવીઓ પ્રજા પ્રત્યેની વિવિધ ફરજોનું કેવી રીતે પાલન કરતા હતા તથા સામાન્ય પ્રજાની સાથે પણ તેઓ કેવા સ્નેહભાવથી વર્તતા તેનું સૂચક છે. વૃદ્ધ લોકોના પોષણની જવાબદારી પણ રાજ્યે ઉપાડી લીધેલ હોવાનું તેમાંથી ફલિત થાય છે. આ સ્થળે પ્રિયદર્શિન ધર્મયાત્રા દરમિયાન પોતે જે જે ક્રિયાઓ કરેલ હોવાનું સૂચન કરે છે તે બધી ક્રિયાઓ તીર્થયાત્રાએ નીકળતા જૈન રાજવીઓ પણ કરતા હતા અને આજે પણ સંઘપતિઓ તીર્થયાત્રા દરમિયાન તેવી ક્રિયાઓ કરે છે.

( ૬ ) અહીં 'બીજો ભાગ' શબ્દ ખાસ સૂચક છે. પરન્તુ અશોકના વિષયમાં તેને ઘટાવવો મુશ્કેલ છે. કેમકે અશોકના રાજ્યકાળના એવા કોઇ ભાગ પડતા નથી. જ્યારે સંપ્રતિના વિષયમાં તે શબ્દ સુઘટિત છે. કેમકે અશોકે પોતાની હયાતિ દરમિયાનજ સંપ્રતિને રાજ્યાસને બેસાડેલ છે અને તેની નિવૃત્તિ દરમિયાન પણ શાસન સંપ્રતિના હાથમાં હતું. એટલે સંપ્રતિના શાસનના બે ભાગ પડે છે. એક અશોકની હયાતિ દરમિયાન, બીજો અશોકના અવસાન પછી.

## नवम शासन[1]–[गिरनार]

१ (क) देवानंपियो पियदसि राजा एवं आह (ख) अस्ति जनो उच
करोते आबाधेसु वा

२ आवाहवीवाहेसु वा पुत्रलाभेसु[2] वा प्रवासंम्हि वा एतम्ही च अञम्हि
उचावचं[3] मंगलं करोते

३ (ग) एत तु महिडायो[4] बहुकं च बहुविधं च छुदं[5] च निरथं च मं

(घ) त कतव्यमेव तु मगलं (ङ) अपफलं तु खो

४ एतरिसं मंगलं (च) अयं तु महाफले मंगले य धंममंगले (छ
दासभतकम्हि सम्यप्रतिपती गुरूनं अपचिति साधु[7]

५ पाणेसु संयमो साधु[8] बम्हणसमणानं[9] साधु[10] दानं एत च अञ च
धंममंगले नाम (ज) त वतव्यं पिता व

६ पुतेन वा भात्रा वा स्वामिकेन[11] वा [12] इदं साधु इदं कतव्य मंगलं
अथस निस्टानाय[13] (झ)[14] अस्ति च पि वुतं

७ साधु दन[15] इति (ञ) न तु एतारिसं अस्ता[16] दानं व अनगहो[17]
धंमदानं व धमनुगहो[18] व (ट) त तु खो मित्रेन व सुहृदयेन वा

८ ञतिकेन[19] व सहायन[20] व ओवादितव्यं तम्हि तम्हि पकरणे[21] इदं
साध[22] इति इमिना सक[23]

९ स्वगं आराधेतु इति (ठ) कि च इमिना कतव्यतरं यथा स्वगारधी

૧ ધૌ. અને જ. માં આ શાસનનો કેટલોક ભાગ તૂટેલો છે.
૨ કા. पजोपदाने શા. पजुपदने મ. प्रजोपदये ધૌ. જ. पजुपदाये
૩ કા. મ. यहु શા. य ધૌ. જ. यहुके
૪ કા. अवकजनियो શા. क्रियक મ. अयकजनिक ધૌ. दुयि
૫ કા. खुदा શા. पुतिक મ. खुद ધૌ. खुदे
૬ સેનાર્ટ અને બુલ્હર तत વાંચે છે. કા. हेता इयं શા. अत्र इम મ. अत्र इयं ધૌ. ततेसु
૭-૮-૧૦ બીજાં શાસનોમાં આ ત્રણે સ્થળે साधु શબ્દ નથી મુકાયો.
૯ કા. समनबंभनानं શા. शमणब्रमणन મ. श्रमण-ब्रमणन ધૌ. જ. समनबाभनाने
૧૧ શા. મ. स्पमिकेन
૧૨ કા. માં આ સ્થળે मितसंथुतेना अव पटिवेसियेना-पि–એટલા શબ્દો વધારે છે. અને શા. ને મ. માં પણ એ જ ભાવાર્થ સૂચવતા એટલા શબ્દો છે.
૧૩ કા. निवुतिया શા. निवुटिय निवुटस्पि व पुन મ. निवुटिय निवुटसि घ पुन ધૌ. निफतिया
૧૪ કા. શા. ને મ. માં આ શાસન અહીંથી જુદું પડી જાય છે. તેમાંથી કા. નો ભાગ નીચે આપવામાં આવેલ છે ને શા. અને મ. તેને સમાંતર છે—

३ ...इमं कछामि ति (अ) ए हि इतले मगले संसयिक्ये से (म) सिया व तं अठं निवटेया सिया पुना नो (ट) हिदलोकिके चेव से (ठ) इयं पुना धंममगले अकालिक्ये (ड) हंचे पि तं अठं नो निटेतिअ. हिद अठंआ. पलत अनंतं पुना पवसतिभ. (ढ) हंचे पुन तं अठं निवतेति हिदा ततो उभयेसं
४ लधे होति हिद चा से अठे पलत चा अनंतं पुना पसवतिउ तेना धंममगलेना

૧૫ બુલ્હર दानं વાંચે છે. ધૌ. दाने साधू
૧૬ સેનાર્ટ અને બુલ્હર अस्ति વાંચે છે; અર્થ બંધબેસતો કરવાને એ વાંચન યોગ્ય છે.
૧૭ अनुगहो હોવું જોઈએ. ધૌ. જ. अनुगहे
૧૮ બુલ્હર धंमानुगहो વાંચે છે. ધૌ. धमानुगहे
૧૯ ञातिकेन હોવું જોઈએ.
૨૦ सहायेन હોવું જોઈએ. ધૌ. सहायेन
૨૧ पकरणे માંનો र લગભગ रा જેવો વંચાય છે.
૨૨ साधु હોવું જોઈએ.
૨૩ सकं હોવું જોઈએ.

અ. શા. निवटे મ. निवटेति
આ. શા. મ. अथ
ઇ. શા. पुनं प्रसवति મ. पुण प्रसवति
ઉ. શા. पुनं प्रसवति મ. पुणं प्रसवति

# નવમું શાસન—[ ગિરનાર ]

(क) દેવાનુપ્રિય પ્રિયદસિ રાજા આમ કહે છે—

(ख) લોકો માંદગીમાં, પુત્ર કે પુત્રીના લગ્નપ્રસંગે અને પ્રવાસે ઊપડતી વખતે જાતજાતનાં મંગળો કરે છે; આ અને આવા બીજા પ્રસંગોમાં લોકો અનેક પ્રકારનાં મંગળો[1] કરે છે.

(ग) પણ એવા પ્રસંગોએ સ્ત્રીઓ ઘણાં અને ઘણી જાતનાં હલકાં તથા અર્થહીન[2] મંગળો કરે છે.

(घ) અલબત, મંગલો તો કરવાં જોઇએ.

(ङ) પણ એ પ્રકારનાં મંગળો અલ્પ ફળ આપનારાં છે.[3]

(च) પરંતુ નિમ્નોક્ત જે ધર્મમંગલ[4] છે તે બહુ ફળ આપનારૂં છે.

(छ) તેમાં ગુલામ અને નોકર પ્રત્યે યોગ્ય વર્તણુક, ગુરુઓ પ્રતિ સન્માન, પ્રાણીઓ પ્રત્યે સંયમ, બ્રાહ્મણો[5] અને શ્રમણોને દાન[6] ( વગેરે ) સારાં છે; આ અને આવાં બીજાં ( મંગલો ) ધર્મમંગલ કહેવાય છે.

(ज તેથી પિતાએ, પુત્રે, ભાઇએ કે સ્વામીએ[7] કહેવું જોઇએ 'કે, આ સારૂં છે. તે (ધારેલો) હેતુ સફળ થાય ત્યાં સુધી આ મંગળ-કરવું જોઈએ'.[8]

(झ) વળી, એમ કહેવાય છે કે, ' દાન સારૂં છે. '

(ञ) પણ ધર્મદાન[9] જેવું બીજું કોઇ દાન નથી, ધર્મોપકાર જેવો બીજો કોઇ પરોપકાર નથી.

(ट) તેથી કરીને મિત્રે, હિતેચ્છુએ, સગાએ કે સ્નેહીએ વિવિધ બાબતોમાં પરસ્પર આમ કહેવું જોઇએ : ' આ ધર્મ છે, આ સારૂં છે, આથી સ્વર્ગ મેળવી શકાય છે. '

(ठ) આવી રીતે સ્વર્ગને મેળવવું[10] એના કરતાં વધારે સાધવા યોગ્ય બીજું શું હોઇ શકે !

---

( ૧ ) શુકન, રોગનિવારણ અથવા કાર્યસિદ્ધિને માટે કરવામાં આવતી જુદી જુદી વિધિઓને મંગલ નામે ઓળખવામાં આવે છે. માનવી માંદો પડે ત્યારે બાધા રખાય છે, દેવ-દેવીઓને પ્રાર્થના કે વિધિવિધાન કરાય છે અથવા જૈન પ્રથાનુસાર, માંદા માનવીની નજીક 'પુણ્ય-પ્રકાશનું' સ્તવન બોલવામાં આવે છે. લગ્ન કે પ્રવાસના પ્રસંગે પણ અનેક પ્રકારની વિધિઓ કરવામાં આવે છે જેમાં કંકુ, ગોળ, શ્રીફળ, દહીં, સૂતર આદિ વસ્તુઓ આજે પણ વપરાતી જોવામાં આવે છે અને બને પ્રસંગે કેટલીક વખત વિવિધ

પ્રકારના દેવદેવીઓની પૂજા પણ થાય છે. [ પ્રાચીન સમયમાં પ્રવાસે નીકળતાં, મુસાફરીની નિર્વિઘ્ન સમાપ્તિ ના આશયથી સુલક્ષણા પુરુષની આંગળીમાંથી રક્ત પણ છંટાતું-જેનું વર્ણન જૈનોની શ્રીપાળ-કથામાં મળી આવે છે. ]

( ૨ ) શુકન, રોગનિવારણ કે કાર્યસિધ્ધિને માટે થતાં મંગલોના બે પ્રકાર પડી જતાઃ એક સુઘટિત મંગલો બીજાં અર્થહીન. અર્થહીન મંગલોમાં પ્રાણીનું બલિદાન આપવું, હલકાં દેવદેવીઓની હાસ્યાસ્પદ બાધાઓ રાખવી વગેરેનો સમાવેશ થતો. આવાં મંગલોમાં મુખ્યત્વે સ્ત્રીઓ વિશેષ રસ લેતી. ( આજે પણ સ્ત્રીઓમાં એ વૃત્તિ જોવામાં આવે છે. )

( ૩ ) સુઘટિત અને અર્થહીન બંને પ્રકારનાં પ્રચલિત સાંસારિક મંગલોનો નિર્દેશ કરીને, પ્રિયદર્શિન કહે છે કે, 'અલબત મંગલો તો કરવાં જોઇએ. પણ તેમાં આ સાંસારિક મંગલો તો ઓછું ફળ આપનારાં છે' અને આ રીતે યુકિતપૂર્વક સાંસારિક મંગલોની અલ્પતા સૂચવીને તે નીચેનાં વાકયોમાં 'ધર્મમંગલ' પ્રત્યે પ્રજાનું ધ્યાન દોરે છે.

( ૪ ) 'ધર્મમંગલ' એ સ્પષ્ટ રીતે જૈન પારિભાષિક શબ્દ છે. જૈન આગમસૂત્રોમાં 'ધર્મમંગલ'નો ઉત્કૃષ્ટ મંગલ તરીકે નિર્દેશ થયેલો છે—

धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥

दशवैकालिक सूत्र अ १. गा—१

એ ઉપરાંત चत्तारि मंगलं ના નામે ઓળખાતું—

अरिहंतं मंगलं, सिध्ध मंगलं, साहू मंगलं, केवलि पण्णत्तो धम्मो मंगलं

—એ સૂત્ર પણ જૈન સંપ્રદાય ને જૈન સાહિત્યમાં ખૂબજ પ્રચલિત છે. મૃત્યુ પ્રસંગે પણ માનવીને એ ધર્મમંગલ સંભળાવવામાં આવે છે.

તે ઉપરાંત પણ ધર્મમંગલના અનેક સ્વરૂપ છે. बृहच्छांति નામે જૈનસૂત્રમાં તેનું વિગતવાર નિરુપણ થયેલું છે. જેમાંનાં કેટલાંકનો નિર્દેશ નીચેનાં વાકયોમાં પ્રિયદર્શિને કર્યો છે.

(૫) મંગળો. વિશેષ માટે જુઓ ત્રીજા શિલાલેખની ટી. નં. ૬ ને આઠમા શિલાલેખની ટી. નં. ૪

(૬) માંદગી પ્રસંગે 'ધર્મમંગલ' તરીકે સંભળાવાતા 'પુણ્યપ્રકાશ'ના જૈન સ્તવનમાં 'સુપાત્રે દાન'ને વિશેષ મહત્વ અપાયું છે. તેમાં કર્તવ્યમાર્ગ તરીકે બીજા પણ જે નિર્દેશો થયા છે તે આ શિલાલેખમાંના પ્રિયદર્શિનના નિર્દેશોને મળતા છે.

(૭) કાલસી, શાહબાઝગઢી અને મન્શેરામાં આ ઉપરાંત-' મિત્રે, ઓળખીતાએ તેમજ પડોશીએ પણ ' એટલા વિશેષ શબ્દો છે.

(૮) કાલસી, શાહબાઝગઢી ને મન્શેરામાં આ શાસન અહીંથી જુદું પડી જાય છે. તે નીચે પ્રમાણે છે—

હું આ પ્રમાણે કરીશ. (ક્ષ) કેમકે બીજાં મંગળ સંશયવાળાં છે. (ત્ર) કદાચ તે હેતુને સફળ કરે તોપણ તે કરવાં ન ઘટે. (ટ) તે આ લોક સંબંધીજ હોય છે. (ઠ) પરંતુ ધર્મમંગલને કાળની મર્યાદા નથી. (ડ) કદાચ તે આ લોકમાં હેતુને સિદ્ધ ન કરે તોપણ પરલોકમાં તે અનંત પુણ્યને પ્રસવે છે. (ઢ) અને જો તે એ હેતુને સફળ કરે છે તો આ લોકમાં એ હેતુ અને પરલોકમાં અનંત પુણ્યની પ્રાપ્તિ, બંને એ ધર્મમંગલથી સિદ્ધ થાય છે.

( ૯ ) આ સ્થળે જૈન સૂત્ર नमुथ्थुणंनी धम्मदयाणं આદિ ગાથાઓ નોંધપાત્ર છે. કેમકે આ વાકયો સ્પષ્ટ રીતે જૈન વિચારશ્રેણીનાં વાહક છે.

( ૧૦ ) આ યુગમાં જૈન દષ્ટિએ સ્વર્ગ જ સર્વોપરી સાધ્ય કેમ છે તેના ખુલાસા માટે જુઓ છઠ્ઠા શાસનની ટી. નં. ૮.

## दशम शासन[1]–[ गिरनार ]

१ (क) देवानंपियो पियदसि[2] राजा[3] यसो व कीति व न महाथावहा[4] मञते[5] अञत[6] तदाप्नो[7] दिघाय च मे जनो[8]
२ धंमसुस्रुसा सुस्रुसता धंमवुतं च अनुविधियतां (ख) एतकाय देवानंपियो पियदसि राजा यसो व किति व इछति
३ (ग) यं तु किंचि[8] परिकमते[9] देवानं पियदसि राजा त सवं पारत्रिकाय[10] किंति सकले अपपरिस्रवे[11] अस (घ) एस तु परिसवे य अपुंञं
४ (ङ) दुकरं तु खो एतं छुदकेन व जनेन[12] उसटेन व अञत्र अगेन पराक्रमेन सवं परिचजित्पा (च) एत तु खो उसटेन दुकरं[13]

---

१ શા. મ ધૌ. અને જ.માં આ શાસનનો કેટલોક ભાગ તૂટી ગયો છે.

२ કા. पियदपा શા. મ. प्रियद्रशि ધૌ. पियदसी

૩ મૂળ લેખમાં रा ની પૂર્વે ઘસાયલો दे અને रा ની પછી वा એમ બે અક્ષર વધારાના મળી આવે છે.

૪ કા. महथावा શા. महठ्वहं મ. महप्रवहं જ. ખાકાત.

૫ કા. માં આ શબ્દની પછી यं पि यसो वा किति वा इछति એટલા શબ્દો વિશેષ આવે છે અને શા. મ. ધૌ. અને જ. માં પણ એ જ ભાવાર્થના એટલા વિશેષ શબ્દો આવે છે.

૬ કર્ન तदाप्ने વાંચે છે.

૭ કા. तदत्वाये अयतिये चा जने શા. મ. तदत्वये अयतिय च जने

૮ બુહ્લર किंचि वांचे छे.

૯ पराकमते હોવું જોઈએ. બુહ્લર पराक्रमते વાંચે છે. સેનાર્ટ पराकामते વાંચે છે. કા. लकमति શા. મ. परक्रमति ધૌ. पलकमति

૧૦ કા. पालंतिक्याये શા. મ. परत्रिकये ધૌ. દેवानंपिये पालतिकाये

૧૧ કા. अपपलापवे શા. अपरिसवे મ. अपरि[illegible] ધૌ. જ. अपपलिसवे

૧૨ કા. वगेना શા. મ. वग्रेन ધૌ. જ. માં એ [illegible] ખાકાત રખાયો છે.

૧૩ કા. दुकले મ. दुकरे ધૌ. જ. दुकलतले

## एकादशम शासन[1]–[ गिरनार ]

(क) देविनंप्रियो[2] पियदसि राजा एवं आह (ख) नास्ति एतारिसं दानं यारि[illegible]
धंमदानं धंमसंस्तवो वा धंमसंविभागो वा धंमसंबंधो व
२ (ग) तत इदं भवति[3] दासभतकम्हि सम्यप्रतिपती मातरि पितरा[4] साधु[5] सुसुस[illegible]
मितसस्तुतञातिकानं बाम्हणसमणानं[6] साधु[7] दानं
३ माणानं अनारंभो साधु[8] (घ) एत वतव्यं पिता व पुत्रेन व भाता व मितसस्तुत[illegible]
ञातिकेन व आव पटीवेसियेहि इद साधु इद कतव्यं
४ (ङ) सो तथा करु इलोकचस आरधो होति परत च अनंतं पुञं भवति[9] तेन[illegible]
धंमदानेन

---

१ धौ. જ. માં ૧૧-૧૨-૧૩ એ ત્રણે શાસનો નથી કોતરાયાં. અને તેને સ્થળે બે જુદાજ પ્રકારનાં શાસનો કોતરાયાં છે–જે આગળ ઉપર કલીંગ [ ધૌલી–જગૌડા કલીંગની હદમાં આવેલાં છે અને તેરમું શાસન કલીંગના વિજયને લગતું હોઇ તેને બાદ રાખવાનેજ આ બે સ્વતંત્ર શાસનો કોતરાયાં છે [illegible] તે કલીંગ-શાસનોના નામે ઓળખાય [illegible]ોના નામે રજૂ થશે. તે અને અન્ય [illegible] ભિન્ન હોઇને ભિન્ન-ખ-[illegible]ોના [illegible]ખ્યાય છે.

૨ સેનાર્ટ અને બુલ્હર દેવાનાંપ્રિયો વાંચે છે; અને હોવું પણ એ જ જોઇએ.

૩ કા. तत एवे શા. तत्र एतं મ. तत्र एवे

૪ સેનાર્ટ અને બુલ્હર पितरि વાંચે છે. હોવું પણ એ જ જોઇએ.

૫ કા. શા. ને મ. માં આ શબ્દ નથી.

૬ કા. समनबंभनाना શા. મ. श्रमणब्रमणन

૭-૮ કા. શા. ને મ. મા આ શબ્દો નથી.

૯ કા. पसवति શા. મ. प्रसवति

# ચિત્ર પરિચય

પ્રાચીન ભારતવર્ષ (પ્રાભા)ની પુસ્તકશ્રેણિમાં અપાતાં ચિત્રોનાં નંબર તથા વર્ણનપૃષ્ઠ ટાંકવાનું
ણ રાખ્યું હતું તેને અત્ર અખતરા તરીકે છોડી દીધું છે તથા બીજો જરૂરી ફેરફાર પણ કીધો છે.
ચીત્રો બે કોટિનાં છે. પ્રસંગ-વર્ણનને અનુસરતાં અને નકશારૂપે ઉતારેલાં. આ બન્ને વર્ગની
મજૂતિ નીચે પ્રમાણે :—

## (અ) પ્રસંગ-વર્ણનો

પટ નં. ૧. મુખપૃષ્ઠ ઉપર મહારાજા અશોક અને પ્રિયદર્શીનાં ખડાં ચિત્રો છે. અમારી આગલી
કૃતિઓમાં આપેલ આ બન્ને રાજવીઓના ચહેરા ઉપરથી ગુજરાતના એક સિધ્ધહસ્ત ચિત્રકાર પાસે આ
છબીઓ બનાવરાવી છે. બન્નેનાં રાજતેજની અને અન્ય ગુણોની તુલના કરી શકાય તે માટે તેમને પાસે પાસે
રજુ કરી છે. બૌદ્ધગ્રંથમાં અશોકને તેણે કરેલાં કૃત્યને અનુસરીને ચંડાશોક તરીકે સંબોધ્યો છે (શ્રી
ઇતિહાસકારોએ વાપરેલ સેન્ડ્રેકોટસ શબ્દ મૌર્યવંશી ચંદ્રગુપ્તને વધારે બંધબેસતો છે કે આ ચંડાશોકને
વિચારવું રહે છે) તથા તેનો રાજ્યકાળ ૪૧ વર્ષનો નોંધ્યો છે. જ્યારે તેની પાછળ તુરત જ ગાદીએ બેસન
અને ઉદાર પ્રકારના આચરણવાળા પ્રિયદર્શી ઉર્ફે સંપ્રતિને (સંબાતિને) તિબેટી અને કાશ્મીરી ગ્રંથકારો
ધર્માશોક તરીકે ઓળખાવીને તેનો રાજ્યકાળ ૫૪ વર્ષનો નોંધ્યો છે. આ સર્વ હકીકત આપણને ઉપયો
નીવડી છે.

પટ નં. ૨ મા પાંચ મહોરા આપેલ છે. વચ્ચે સમ્રાટ પ્રિયદર્શિન મૂકી, ઉપરમાં તેના દાદા-દાદીને
અને નીચેમાં તેના પિતામાતાને ગોઠવેલ છે જેથી એક આખું રાજકુટુંબ બની રહ્યું છે. વિશેષ સમજૂતિ
માટે પ્રાભા. પુ. ૨માં ચિત્ર નં. ૨૦-૨૧, પૃ. ૨૪૮; નં. ૨૫, ૨૬, પૃ ૨૫૬ અને નં. ૨૭, ૨૮ પૃ. ૨૫૪-૬ જુઓ.

પટ નં. ૩ મા ચાર સિક્કા છે. ઉપરનાં બેમાંનું એક, જે યવનપતિ અલેકઝાંડરે ઇ. સ. પૂ. ૩૨૭માં
હિંદ ઉપર આક્રમણ કર્યું અને તેનો સમકાલીન મગધપતિ સેન્ડ્રેકોટસે કરેલ (આ સેન્ડ્રેકોટસની ઓળખ માટે ઉપર
પટ નં. ૧ જુઓ.) તેનું છે. અને બીજું ચિત્ર, તેજ અલેકઝાંડરના સરદાર અને તેની ગાદીએ બેસનાર
[illegible]

[illegible]

પાપ અને તે પછી 'પુણ્યાસ્રવ' ને 'પાપાસ્રવ અથવા પરિસ્રવ' એ બે પ્રકારમાં વહેંચાયેલા આસ્રવનો નિર્દેશ થયેલો છે. પાપાસ્રવ એટલે પરિસ્રવ અથવા અપુણ્ય. પ્રિયદર્શી અહીં એ જ વ્યાખ્યાનો સ્વીકાર કરે છે.

(૫-૬) જૈન દૃષ્ટિએ પરિત્યાગ અને પરાક્રમ એ બંને વિકાસમાર્ગનાં મુખ્ય લક્ષણો છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, અને વીર્યાચાર એ પાંચ મુખ્ય આચારમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપનો ઉદ્દેશ 'પરિત્યાગ' છે અને 'વીર્યાચાર'નો ઉદ્દેશ 'પરાક્રમ' છે. જૈન દૃષ્ટિએ પરિસ્રવ–પાપને દૂર રાખવાને માટે પરાક્રમ અને પરિત્યાગ બંને અતિ જરૂરી છે અને પ્રિયદર્શિન પણ અહીં એજ વિચારશ્રેણીને વ્યક્ત કરે છે.

(૭) મૂળમાં અહીં ખુદકેન અને ઉસટેન શબ્દ છે. તેનો અર્થ 'ક્ષુદ્ર અને ઉચ્ચ' કરાય છે એ જ રીતે 'સામાન્ય

અને વિશિષ્ટ' એ અર્થ
અર્થ લઇએ પણ તેના ઉ
આવ્ય લેવા પડે એમ છે.
બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને
છે, અને બૌદ્ધ દર્શન વિભ
પ્રજાને બે વિભાગમાંનો જે
ક્ષેત્રમાં તે દેશવિરતિ (સા
સર્વવિરતિ (વિશિષ્ટ–ઉચ્
અને 'દુવિધધર્મ' તરી
સાંસારિક ક્ષેત્રમાં તેના ઉચ
વિભાગ પાડવામાં આવે છે
ગોત્રકર્મમાં તે બંને પ્રકાર

(૮) ઉચ્ચ જાતિમાં જ
ધર્મની આરાધના વિશેષ
જ ખાતર જૈન દર્શનમાં
નિંદ્ય ગણવામાં આવે છે.

## एकादशम शासन[1]–[ गिरनार ]

१ (क) देविनंप्रियो[2] पियदसि राजा एवं आह (ख) नास्ति एतारिसं दानं यारिसं धंमदानं धंमसंस्तवो वा धंमसंविभागो वा धंमसंबंधो व

२ (ग) तत इदं भवति[3] दासभतकम्हि सम्यमतिपती मातरि पितरा[4] साधु[5] मितसस्तुतञातिकानं वाम्हणसमणानं[6] साधु[7] दानं

३ प्राणानं अनारंभो साधु[8] (घ) एत वतव्यं पिता व पुत्रेन व भाता व मितसस्तुतञातिकेन व आव पटीवेसियेहि इद साधु इद कतव्यं

४ (ङ) सो तथा करु इलोकचस आरधो होति परत च अनंतं पुञ्ञं भवति[9] तेन धंमदानेन

---

१ ધૌ. જૌ. માં ૧૧–૧૨–૧૩ એ ત્રણે શાસનો નથી કોતરાયાં. અને તેને સ્થળે બે જુદાજ પ્રકારનાં શાસનો કોતરાયાં છે—જે આગળ ઉપર કલીંગ [ ધૌલી–જગૌડા કલીંગની હદમાં આવેલાં છે અને તેરમું શાસન કલીંગના વિજયને લગતું હોઇ તેને બાદ રાખવાનેજ આ બે સ્વતંત્ર શાસનો કોતરાયાં છે એટલે તે કલીંગ–શાસનોના નામે ઓળખાય છે.]–શાસનોના નામે રજૂ થશે. તે બન્ને અન્ય શાસનો કરતાં ભિન્ન હોઇને ભિન્ન–પ્ર[illegible] ...ોના નામે પણ ઓળખાય છે.

૨ સેનાર્ટ અને બુલર દેવાનાંપ્રિયો વાંચે છે; અને હોવું પણ એ જ જોઇએ.

૩ કા. તત એવં શા. તત્ર એતં મ. તત્ર એવં

૪ સેનાર્ટ અને બુલર पितरि વાંચે છે. હોવું પણ એ જ જોઇએ.

૫ કા. શા. ને મ. માં આ શબ્દ નથી.

૬ કા. समनाबंभनाना શા. મ. श्रमणब्रमणन

૭–૮ કા. શા ને મ. મા આ શબ્દો નથી

૯ કા. पसवति શા. મ. प्रसवति

## અગ્યારમું શાસન–[ ગિરનાર ]

(क) દેવાનુપ્રિય પ્રિયદર્શિ રાજા આમ કહે છે–
(ख) ધર્મદાન[1]–ધર્મસંસ્તવ[2], ધર્મસંવિભાગ[3] કે ધર્મસંબંધ[4]– જેવું બીજું
દાન નથી.
(ग) તેમાં આમ થાય છે– ગુલામ અને નોકર પ્રત્યે સદ્વર્તન; માતપિતાની સુસેવા; મિ
સંબંધી, સગાં તેમજ બ્રાહ્મણો–શ્રમણોને[5] પવિત્ર દાન તથા પુનિત એવો પ્રાણીઓને
અવધ.[6]
(घ) આ બાબતમાં પિતાએ, પુત્રે, ભાઈએ, મિત્રે, સગાએ તેમજ પડોશી સુદ્ધાંએ પણ
'આ સારું છે, આ કર્તવ્ય છે.'—એમ કહેવું જોઈએ.
(ङ) તેમ કરનારા આ લોકને આરાધે[7] છે અને તે ધર્મદાનથી પરલોકમાં અનંત પુણ્ય
મેળવે છે.

---

(૧) ધર્મદાન એટલે કે ધર્મ સમજાવવો, ધર્મ પામે એવો માર્ગ દર્શાવવો. તે–ધર્મની સ્તુતિ, ધર્મનો પ્રચાર, ધર્મના સિધ્ધાંતોની સમજાવટ, ધર્મચર્ચા અને ધર્મનો પરિચય આદિ દ્વારા થઈ શકે છે.

(૨) ડૉ. ભાંડારકર આ શબ્દનો અર્થ 'ધર્મનો પરિચય' કરે છે; હુલ્ઝ તેનો અર્થ 'ધર્મદ્વારા પરિચય' એ પ્રમાણે કરે છે.

(૩) ધર્મનો ફેલાવો.

(૪) ડૉ. ભાંડારકર આ શબ્દનો અર્થ 'ધર્મનો સંબંધ' કરે છે; હુલ્ઝ તેનો અર્થ 'ધર્મદ્વારા સંબંધ' એ પ્રમાણે કરે છે.

( ૧–૨–૩–૪ ) જુદાં જુદાં વિશેષણો, ગુણો કે ક્રિયાઓ સાથે ધર્મ શબ્દ વાપરવાની પ્રવૃત્તિ જૈન તત્ત્વજ્ઞાનમાં વિશેષ નજરે ચડે છે—

धम्मदयाणं, धम्मदेसियाणं, धम्मनायगाणं, धम्मसारहीणं, धम्मवर चाउरंत–चक्कवट्टीणं–(शक्रस्तव–नमुत्थुणं स्तवन); धम्मो मंगल (दशवैकालिकसूत्र); धर्मवृध्धि (મુદ્રારાક્ષસ નાટકમાં આ શબ્દ જીવસિધ્ધિ ક્ષપણક–જૈન સાધુ–ના મોંમાં મૂકવામાં આવેલ છે.)

(૫) બંભણ–શ્રમણને. વિશેષ ખુલાસા માટે જુઓ ત્રીજા શાસનની ટી. નં. ૬ અને આઠમા શાસનની ટી. નં. ૪.

(૬) જૈન દષ્ટિએ જીવનનાં પાંચ મહાવ્રતોમાં આ પહેલું મહાવ્રત છે.

(૭) મૂળમાં અહીં आरधो શબ્દ છે. आराधना શબ્દ જૈન પારિભાષિક છે અને આરાધક–વિરાધક ભાવનું સ્વરૂપ પણ જૈન દર્શનજ સ્પષ્ટતાથી સમજાવે છે.

## द्वादशम शासन[1]–[ गिरनार ]

१ (क) देवानंपिये पियदसि राजा सवपासंडानि च पवजितानि च घरस्तानि च पूजयति दानेन च विवाधाय[2] च पूजाय पूजयति ने

२ (ख) न तु तथा दानं व पूजा व देवानंपियो मंञते यथा किति सारवढी अस सवपासंडानं (ग) सारवढी तु वहुविधा

३ (घ) तस तु इदं मूलं च वचिगुती[3] किंति आतपपासंडपूजा व परपासंडगरहा व नो भवे अप्रकरणम्हि लहुका व अस

४ तम्हि तम्हि प्रकरणे [ ङ ] पूजेतया तु एव परपासंडा तेन तन[4] प्रकरणेन[5] [ च ] एवं करुं आतपपासंडं च[6] वढयति परपासंडस च उपकरोति

५ [ छ ] तदंञथा करोतो आतपपासडं च छणाति[7] परपासंडस च पि अपकरोति [ ज ] यो हि कोचि आतपपासंडं पूजयति परपासंडं च गरहति

६ सवं आतपपासंडभतिया किंति आतपपासंडं दीपयेम इति[8] सो च पुन तथ करातो[9] आतपपासंडं वाढतरं उपहनाति [ झ ] त समवायो[10] एव साधु

७ किंति अञमंञस धंमं स्रुणारु च सुसुंसेर च (ञ) एवं हि देवानंपियस इछा किंति सवपासंडा वहुस्रुता च असु कलाणागमा च असु

८ (ट) ये च तत्र तत[11] प्रसंना वतव्यं (ठ) देवानंपियो नो तथा दानं व पूजां व मंञते यथा किंति सारवढी अस सर्वपासडानं (ड) वहका[12] च एताय

९ अथा[13] व्यापता धंममहामाता च इथीझखमहामाता[14] च वचभूमीका[15] च अञे च निकाया (ढ) अयं च एतस फल य आतपपासंडवढी च होति धंमस च दीपना

૧ શા. અને મ. માં આ શાસનના એક-બે અક્ષરો તૂટેલા છે. ધૌ. અને જૌ. માં તો પૂર્વે જણાવ્યા પ્રમાણે આ શાસન ખાકાત છે.

૨ સેનાર્ટ અને બુહર વિજિતાય વાંચે છે. હોવું પણ એમજ જોઈએ.

૩ કા. શા. મ. वचणति

૪ वेन હોવું જોઈએ.

૫ કા. अकालन शा. म. अहरेन

૬ કા. મ. षढं

૭ શા. क्षणति

૮ આ પછી શા. માં પાંચ શબ્દો જૂદથી બે વખત કોતરાયા છે.

૯ कंनाना હોવું જોઈએ.

૧૦ શા. धर्मता

૧૧ બુહર तंव વાંચે છે.

૧૨ पदुका હોવું જોઈએ.

૧૩ કા. एतायाठाये

૧૪ કા. इपिधियखमद्दामाता શા. इत्रियिवशुमहमत्र म. इत्रिमक्षमहमत्र

૧૫ કા. वचभूमिस्या શા. મ. वचबुमिक

## બારમું શાસન–[ ગિરનાર ]

(क) દેવાનુપ્રિય પ્રિયદસિ રાજા સર્વ ધર્મોને[1] તેમજ સાધુઓને અને ગૃહસ્થોને[2] દાનથી[3] અને વિવિધ પ્રકારની પૂજાથી સન્માને[4] છે.

(ख) પરંતુ દેવાનુપ્રિય દાન અને પૂજાનું એટલું મહત્ત્વ નથી આંકતો જેટલું તે બધા ધર્મોમાં સારની વૃદ્ધિ થાય તેનું આંકે છે.[5]

(ग) પણ સારની વૃદ્ધિ ઘણી જાતની છે.

(घ) પરંતુ તેના મૂળમાં વચનગુપ્તિ[6] છેઃ તે કેવી રીતે ? (તો કે) —અસ્થાને પોતાના ધર્મની પ્રશંસા કે પારકા ધર્મની નિન્દા ન કરવી જોઇએ,[7] અથવા તે તે પ્રસંગે માધ્યસ્થ્ય[8] જાળવવું જોઇએ.

(ङ) તે તે દરેક પ્રસંગે પારકા ધર્મનું સન્માન જાળવવું જોઇએ.

(च) એમ કર્યાથી મનુષ્ય પોતાના ધર્મની વૃદ્ધિ[9] કરે છે અને પારકા ધર્મ પર ઉપકાર કરે છે.

(छ) તેનાથી અવળું કર્યાથી તે પોતાના ધર્મને હાનિ પહોંચાડે છે અને પારકાના ધર્મ ઉપર અપકાર કરે છે.

(ज) કેમકે, જે કોઇ, પોતે પોતાના ધર્મને દીપાવે એ હેતુથી, કેવળ પોતાના ધર્મ પ્રત્યેની ભક્તિથી પોતાના ધર્મની પ્રશંસા કરે છે અને પારકા ધર્મને નિંદે છે તે, ખરૂં જોતાં, તેમ કરીને પોતાના ધર્મને સખત હાનિ પહોંચાડે છે.[10]

(झ) આથી કરીને કેવળ સમવાય[11] સારો છે; એટલે કે બંને એકમેકનો ધર્મ સાંભળે અને તેને સેવે.

(ञ) દેવાનુપ્રિયની ઈચ્છા આ જ છે કે, બધા ધર્મોબહુશ્રુત અને કલ્યાણસાધક બને.[12]

(ट) અને જેઓ પોતપોતાના ધર્મમાં પ્રસન્ન હોય તેમને કહેવું જોઈએ કે,–

(ठ) દેવાનુપ્રિય દાન અને પૂજાનું એટલું મહત્ત્વ નથી આંકતો જેટલું તે બધા ધર્મોમાં સારની વૃદ્ધિ થાય તેનું આંકે છે. [13]

(ड) આ હેતુને માટે ધર્મમહામાત્રાઓ,[14] સ્ત્રીઓના અધ્યક્ષો,[15] વ્રજભૂમિકો[16] અને બીજા વર્ગો (ના અમલદારો) રોકાયલા છે.

(ढ) અને તેનું ફળ આ છે–સ્વધર્મમાં વૃદ્ધિ અને ધર્મનું દીપન.[17]

(૧) સર્વ ધર્મોનું યોગ્ય સન્માન એ જૈન સ્યાદ્વાદ—અનેકાંતવાદનું લક્ષણ છે. બૌદ્ધ ધર્મ બીજા ધર્મો પ્રતે સહિષ્ણુ બની શકતો જ નથી. મહાવંશના પાંચમા પરિચ્છેદના ત્રેવીશમા—ચોવીશમા શ્લોકોમાં સ્પષ્ટ જણાવેલું છે કે—' અશોકનો પિતા બિન્દુસાર પ્રતિદિન સાઠ હજાર બ્રાહ્મણોને ભોજન કરાવતો હતો. તે અનુસાર અશોકે પણ ત્રણ વર્ષ લગી તો તેમ કર્યું. પણ બૌદ્ધ બન્યા પછી તરતજ તેણે એ અધર્મ અટકાવી સાઠ હજાર બ્રાહ્મણોને ઠેકાણે સાઠ હજાર બૌધ્ધ ભિક્ષુકોને જમાડવા માંડયા.' એ ઉપરાંત અશોકે આટવિકોની પણ કતલ ચલાવેલી. જ્યારે શ્રેણિક, સંપ્રતિ, કુમારપાળ આદિ જૈન રાજવીઓએ તો સર્વ ધર્મ પ્રતે સહિષ્ણુતા દર્શાવી છે એટલુંજ નહિ, પરંતુ કેટલીક વખત તો અન્ય ધર્મો પ્રતે પૂજ્યભાવ પણ દર્શાવ્યો છે. કુમારપાળે જૈન ધર્મ સ્વીકાર્યો પછી શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યની પ્રેરણાથી સોમનાથના મંદિરનો ઉદ્ધાર કરેલો. આ જોતાં સર્વ ધર્મોને દાન અને પૂજાથી સન્માનવાનું પ્રિયદર્શિનનું કાર્ય જ તેને જૈન રાજવી તરીકે ઓળખાવે છે.

(૨) મૂળમાં અહીં प्रवजितानी च घरस्तानि શબ્દો છે. એટલે જેણે પ્રવ્રજ્યા ધારણ કરી છે એવો સર્વ—વિરતિ—સાધુ વર્ગ; અને બીજો સંસારમાં રહેલ દેશવિરતિ—ગૃહસ્થ વર્ગ. પ્રજાને આ રીતના બે વિભાગમાં વહેંચવાનું લક્ષણ જૈન પરિભાષાનું સૂચક છે. [ વિશેષ માટે જુઓ દશમા શાસનની ટી. નં. ૭. ]

(૧-૨) હુલ્શ આ વાક્યનો અર્થ—' સર્વ ધર્મના સાધુઓને અને ગૃહસ્થોને ' એ પ્રમાણે કરે છે.

(૩) ' દાન અને પૂજા ' એ જૈન શ્રાવકનું મુખ્ય લક્ષણ છે.—

'दाणं पूया मुक्खं सावयधम्मो, ण सावगो तेण विणा'
—શ્રીકુન્દકૌન્ડાચાર્ય

(૪) અહીં મૂળમાં ' पूजयति ' છે. તેનો સાદો અર્થ ' પૂજે છે ' થાય.

(૫) શ્રાવક તરીકે પોતે દાન અને પૂજાનો આદર કરે છે એમ સૂચવીને પ્રિયદર્શિન જણાવે છે કે રાજવી તરીકે તો પોતે દાન અને પૂજા કરતાં પણ વધારે મહત્ત્વનું તો એ ગણ્યું છે કે બધા ધર્મો વધારે સહિષ્ણુ અને વધારે સત્ત્વશીલ બને.

(૬) જૈન દર્શનમાં જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર એ પંચ આચાર અને મનોગુપ્તી, વચનગુપ્તી અને કાયગુપ્તી એ ત્રણ ગુપ્તી—એ આઠ ધર્મો, અષ્ટ પ્રવચન માતા તરીકે ઓળખાય છે અને જૈન સાધુએ તેનું પાલન પૂર્ણપણે કરવાનું હોય છે. જ્યારે જૈન શ્રાવકે શક્તિ અનુસાર અમુક હદે તો તેને અનુસરવાનું અનિવાર્ય હોય છે. તેમાં ધાર્મિક સહિષ્ણુતાના મૂળ તરીકે વચનગુપ્તી ગણાય છે અને પ્રિયદર્શિન પણ અહીં તેનું જ સૂચન કરે છે.

(૭) પરધર્મની નિન્દા ન કરવી એ અહિંસક જૈન ધર્મ જ શીખવે છે. તે સિવાયના જગતના બીજા સર્વ ધર્મોના મૂળભૂત ગ્રન્થો જ પરધર્મની નિન્દાથી ભરેલા છે.

(૮) ' માધ્યસ્થભાવ ' એ જૈન સ્યાદ્વાદશૈલીનું જ એક લક્ષણ છે.

(૯) ' ધર્મવૃદ્ધિ ' એ જૈન પારિભાષિક શબ્દ છે.

(૧૦) ધર્મ પરત્વેનું પ્રિયદર્શિનનું આ મંતવ્ય આજે પણ સૂત્રરૂપે ભારતભૂમિમાં સર્વ સ્થળે કોરી રાખવા જેવું છે.

मुद्राराक्षस નાટકમાં આ શબ્દ धर्मसिद्धि क्षपणक જૈન સાધુના મોંમાં મૂકવામાં આવેલ છે.

(૧૧) તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં જૈન ધર્મમાં જ આ શબ્દને મહત્ત્વનું સ્થાન અપાયેલ છે. જૈનોના મૂળસૂત્ર આગમ—ગ્રન્થમાંનું એક समवायांग सूत्र છે. વળી જૈનોના મહત્ત્વના ગ્રન્થોમાં जं छेयं तं समायरे, समो अ जत्थ मुद्दा, समवाए समणो होइ વગેરે વાક્યો મળી આવે છે.

(૧૨) ધર્મનું આ લક્ષણ જૈનદર્શનેજ પ્રરૂપેલું છે.

(૧૩) દાન અને પૂજા કરતાં પણ ધાર્મિક સહિષ્ણુતાને વિશેષ મહત્ત્વની દર્શાવતા આ મંતવ્યની પુનરાવૃત્તિ કરીને પ્રિયદર્શિન ભારતવર્ષને જે ધાર્મિક સંપ આપવા મથ્યો છે તે આદર્શથી આજની સુધરેલી પ્રજાઓ પણ દૂર છે; તે જોતાં જણાય છે કે પ્રાચીન ભારતવર્ષમાં આજની જેમ ધાર્મિક એકતાના નામે સંકુચિતતા અને સ્વધર્મનિન્દા તથા પ્રેમી સહધર્મીના નામે ઝેરીલી ધર્માન્ધતા નહિ, પણ ધર્મપ્રેમ અને ધાર્મિક સહિષ્ણુતા અગ્રપદે હતાં.

(૧૪) ધર્મમહામાત્રાઓની ઓળખ અશોકે પાંચમા શાસનમાં આપી ગયા છે. તેમની નિમણૂક પ્રિયદર્શિને રાજ્યાભિષેકના તેરમા વર્ષે કરેલી. તે અધિકારીઓની ફરજ પ્રજા પ્રત્યેનો રાજધર્મ બજાવવાની અને પ્રજાને ધર્મને માર્ગે વાળવાની તથા તેના સાતત્ય અંગે દેખરેખ રાખવાની હતી. આ યોજના, સંપ્રતિએ ઠેર ઠેર ધર્મના પ્રચારકો મોકલેલા તેને મળતી આવે છે.

(૧૫) આ સ્થળે મૂળમાં इथिझखमहामाता શબ્દ છે. તેનો અર્થ સાધારણ રીતે 'સ્ત્રીઓના અધ્યક્ષ' કરી શકાય. તેનું સંસ્કૃત રૂપાંતર स्त्री-अध्यक्ष-महामात्रा થાય. પ્રાચીન સમયમાં આ નામના કોઇ અધિકારીઓ હોવાનું કૌટલીય અર્થશાસ્ત્રમાં નોંધાયલું નથી. પણ મૂળ શબ્દ પરથી ઉપરોક્ત અર્થ વિના બીજો અર્થ તારવવાનું મુશ્કેલ છે. કૌટલ્યે 'ધર્મસ્થીય' પ્રકરણમાં સ્ત્રી-વર્ગ પ્રત્યેની રાજફરજોનું વિવરણ કર્યું છે. આ ફરજોના પાલન માટે એ મહામાત્રાઓ નિમાયલ હોવા જોઇએ. કૌટલીય અર્થશાસ્ત્રમાં ગણિકાઓ પર દેખરેખ રાખનારા અધિકારીઓ તરીકે 'ગણિકાધ્યક્ષ'નો ઉલ્લેખ આવે છે. તે જોતાં તે સમયે સમસ્ત સ્ત્રી-વર્ગ માટે અધ્યક્ષો નિમાતા હોય એ અસંભવિત નથી જણાતું. સંભવિત છે કે इथिमुखमहामाता શબ્દથી પ્રિયદર્શિન સ્ત્રીઓમાં ઉપદેશ આપતી આર્યાઓ—ગુરુણીઓ—સાધ્વીઓનો પણ નિર્દેશ કરવા માગતો હોય.

(૧૬) આ સ્થળે ગિરનારના મૂળ શાસનમાં वचभूमीका શબ્દ છે, અને શાહબાઝગઢી ને મન્શેરામાં તે સ્થળે व्रचभुमिक શબ્દ છે. એ નામના કોઇ અધિકારીનું નામ કૌટલીય અર્થશાસ્ત્રમાં નથી. પણ 'ઢોરોનાં ધણ' એ અર્થમાં व्रज શબ્દ અર્થશાસ્ત્રમાં અને બીજે અનેક સ્થળે નજરે ચડે છે. તેનું રૂપાંતર वच બને અને એ રૂપાંતરને માન્ય રાખીએ તો वचभूमिका નો અર્થ 'ઢોરોની સંભાળ રાખનારા અધિકારીઓ' બની શકે. ઘણાખરા વિદ્વાનો હજી લગી એ જ અર્થને સ્વીકારતા આવ્યા છે અને कामसूत्र માં गवाध्यक्ष અને કૌટલીય અર્થશાસ્ત્રમાં गोध्यक्ष શબ્દો મળી આવે છે તે જોતાં ઉપરોક્ત અર્થ અસ્વાભાવિક નથી લાગતો. પરંતુ એજ વિદ્વાનો એ અર્થ રજૂ કરીને પણ આગળ જતાં શંકા તો દર્શાવે જ છે કે- 'આ અર્થ આ સ્થળે બંધબેસતો તો નથી જ થતો. કેમકે ધાર્મિક સહિષ્ણુતાના પ્રચાર સાથે ઢોરોના અધિકારીઓને શો સંબંધ ?' ( Asoka-by R. Mookerji, p. 160 )-એટલે એ શબ્દોનો સુઘટિત અર્થ શોધી કાઢવાનું આ સ્થળે જરૂરી તો છે જ.

वच શબ્દ પરથી व्रज અને वज्र બે શબ્દો બની શકે. તેમાંથી व्रजभूमिका નો અર્થ જેમ 'ઢોરોની સંભાળ રાખનારા અધિકારીઓ' થઈ શકે તેમ व्रजभूमि એટલે મથુરાની આસપાસનો પ્રદેશ લઇએ તો व्रजभूमिका નો અર્થ મથુરાની આસપાસનો પ્રદેશ કે જ્યાંની પ્રજા ખૂબજ ધર્મચુસ્ત છે ત્યાં ધાર્મિક સહિષ્ણુતા વધારવાને નીમેલા અધિકારીઓ' પણ થઇ શકે.

અને વચનું રૂપાંતર જો वज्र લઇએ તો वचभूमिका નો અર્થ 'वज्रभूमिના અધિકારીઓ' થાય. જૈન શાસ્ત્રોમાં 'વજ્જભૂમિ'નું વર્ણન વિસ્તારથી મળી આવે છે. ભગવાન મહાવીરે ત્યાં વિહાર કરેલો અને ત્યાંની પ્રજા એટલી અણઘડ અને ધર્મવિરોધી હતી કે ભગવાન મહાવીરને પણ ત્યાં અનેક સંકટો વેઠવાં પડેલાં. એટલે સંપ્રતિએ ત્યાંની પ્રજાને ધર્મસહિષ્ણુ અને ધર્મપ્રેમને માર્ગે વાળવાને ત્યાં ખાસ મહામાત્રાઓ નીમ્યા હોય અને તેઓ वचभूमिक તરીકે ઓળખાતા હોય એ વધારે સંભવિત છે.

(૧૭) ધર્મવૃધ્ધિ અને ધર્મદીપના બને જૈન પારિભાષિક પ્રયોગો છે.

## त्रयोदशम शासन–[शाहबाझगढी]

१ (क) अठवषअभिसितस देवनप्रिअस प्रिअद्रशिस र्‍ञो कलिग विजित[1] (ख) दिअढमत्रे प्रणशतसहस्रे ये ततो अपवुढे शतसहस्रमत्रे[2], तत्र हते[3] बहुतवतके व मुटे

२ (ग) ततो पच अधुन लधेषु कलिगेषु तिव्रे ध्रमशिलन[4] ध्रमकमत ध्रमनुशस्ति च देवनप्रियस (घ) सो अस्ति अनुसोचन देवनप्रिअस विजिनिति कलिगनि

३ (ङ) अविजितं हि विजिनमनो यो तत्र वध व मरणं व अपवहो व जनस तं बढं वेदनियमतं गुरुमतं च देवनंप्रियस (च) इदं पि चु ततो गुरुमततरं देवनंप्रियस (छ) ये तत्र[5]

४ वसति ब्रमण व श्रमण[6] व अंञे व प्रषंड ग्रहथ[7] व येषु विहित एष अग्रभुटिसुश्रुष मतपितुषु सुश्रुष गुरुन सुश्रुष मित्रसंस्तुतसहय

५ अतिकेषु दसभटकनं सम्ममतिपति द्रिढभतित[8] तेष तत्र भोति अपग्रथो[9] व वधो व अभिरतन व निक्रमणं[10] (ज) येष व पि सुविहितनं[11] सिहो[12] अविप्रहिनो ए तेष मित्रसंस्तुतसहयञतिक वसन

६ प्रपुणति तत्र तं पि तेष वो अपग्रथो[13] भोति (झ) प्रतिभगं च एतं सव्रमनुशनं गुरुमतं च देवनंप्रियस (ञ) [14]नस्ति च एकतरे[15] पि प्रषडस्पि[16] न नम प्रसदो (ट) सो यमत्रो[17] जनो तद कलिगे हतो च मुटो च अपवुढ च ततो

७ शतभगे व सहस्रभगं व अज गुरुमतं वो देवनंप्रियस (ठ) यो पि च अपकरेयति क्षमितवियमते च देवनंप्रियस यं शको क्षमनये (ड) य पि च अटवि देवनंप्रियस विजिते भोति त पि अनुनेति अनुनिजपेति[18] (ढ) अनुतपे पि च प्रभवे

८ देवनंप्रियस वुचति तेष किति अवत्रपेयु न च हंञेयसु (ण) इछति हि देवनंप्रियो सव्रभुतन अक्षति संयमं समचरियं रभसिये[19] (त) अयि च[20] मुखमुत[21] विजये देवनंप्रियस यो ध्रमविजयो (थ) सो च पुन लधो देवनंप्रियस इह च सवेषु च अंतेषु

९ अ षषु पि योजनशतेषु यत्र अंतियोको[22] नम योनरज परं च तेन अतियोकेन[23] चतुरे ४ रजनि तुरमये नम अंतिकिनि नम मक[24] नम अलिकसुदरो नम निच चोडपंड अव तंबपणिय (द) एवमेव हिद रजविषवस्पि[25] योनकंबोयेषु नभकनभितिन[26]

१० भोजपितिनिकेषु अंध्रपलिदेषु[27] सवत्र देवनंप्रियस ध्रमनुशस्ति अनुवटंति (ध) यत्र पि देवनंप्रियस दुत न व्रचंति[28] ते पि श्रुतु देवनंप्रियस ध्रमवुटं विधनं[29] ध्रमनुशस्ति ध्रमं

अनुविधियंति अनुविधियशंति च (न) यो स लवे एतकेन भोति सवत्र विजयो सवत्र पुन
११ विजयो मितिरसो सो (प) लध भोति मिति ध्रमविजयस्पि (फ) लहुक तु खो स
मिति (ब) परत्रिकमेव महफल मेञति देवनंमियो (भ) एतये च अठये अयि ध्रमदिपि
निपिस्त किति पुत्र मपोत्र मे अस्तु नवं विजयं म विजेतविअ[३०] मनिषु
स्पकरिप[३१] यो विजये क्षंति च लहुदंडत च रोचेतु तं च यो विजमञतु[३२]
२ यो ध्रमविजयो (म) सो हिदलोकिको परलोकिको (य) सवचातिराति[३३] भोतु य
ध्रंमराति[३४] (र) स हि हिदलोकिक परलोकिक[३५]

---

१ કા. कलिंग्या विजिता
२ ગિ. शतसहस्रमात्रं કા. शतपहपमिते
३ ગિ. तत्रा हतं
४ બુલર ध्रमपाल्नं વાંચે છે. ગિ. धंमवायो કા. ... મ. ध्रमवये
... બુલર तत्र हि વાંચે છે.
... ગિ. बाम्हणा व समणा व કા. बाभना व पम वा ... કા. गिहिथा
... બુલર दिढभतित વાંચે છે. કા. दिढभतिता ... કા. उपघाते
... ગિ. विनिखमण કા. विनिखमने મ. विनिक्रमणि
... બુલર संविहितनं વાંચે છે. કા. पुविहितानं
... બુલર सिनेहो વાંચે છે. હોવું પણ એમજ ... કા. पिनेहे મ. सिनेहे
... यो હોવું જોઈએ. બુલર એજ વાંચે છે.
...સી અને મન્શેરામાં અહીંથી શરૂ થઈને ...ામાં ફેરફાર [—વધારો] છે. તે બંનેમાં ...ષનરાગો ભાગ અખંડ હોવાથી તે અહીં ...એ—

... जनपदे यता नथि इमे निकाया आनता ... पनने चा नथि चा कुत्रापि जनपदपि यता ...ष्चलपि वि । पापडपि ।
... ...स्ति વાંચે છે.
... ...स्ति વાંચે છે.
...नको કા. भवतके મ. ...

१८ બુલર अनुनिज्हपेति વાંચે છે. હોવું પણ એમજ જોઈએ. મ. अनुनिज्हपयति
१९ ગિ. मादव કા. मदव
२० બુલર एपे च વાંચે છે.
२१ બુલર मुखमुते વાંચે છે.
२२ કા. अतियोगे
२३ બુલર अंतियोकेन વાંચે છે. ગિરનારમાં એ શબ્દ બાકાત રખાયો છે. કા. अंतियोगेना
२४ ગિ. मगा કા. मका
२५ બુલર रजविपवत्रि વાંચે છે. ગિ....राजविसयम्हि કા. लाजविशवपि મ. रजविपवति
२६ કા. नाभकनाभपंतिपु મ. नभकनभपंतिपु
२७ બુલર अंध्रपुलिदेपु વાંચે છે. ગિ....अपारिंदेसु કા. अवपालदेपु
२८ કા. મ. यंति
२९ બુલર विधेनं વાંચે છે.
३० ગિ. विजेतव्यम् કા. विजयतविय
३१ ગિ. सरसके કા. पयकपि
३२ ગિ. छाति
३३ કા. पवा च क निलति મ. सव च क निरति
३४ કા. उयामलति
३५ ગિરનારમાં તેરમા શાસનની નીચે ડાબી બાજુએ બે તૂટેલી પંક્તિઓમાં અનુક્રમે ત્રેપ અને પિરા શબ્દ વાંચી શકાય છે. અને જમણી બાજુએ... ...ર્વસ્વેતો हस्ति सर्वलोकसुखाहरो नाम—એ શબ્દો વાંચી શકાય છે.

ગૌર કરવુ કરવાન મહાવીરને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયાનું સ્મરણના ભૂમંડળ-મંડળની આસપાસ ફરતું તેજ ચિત્ર-રૂપે અવતરેલ છે અને તેઓશ્રી ધર્મચક્રવર્તી હોવાથી તે સ્થિતિ દર્શાવતું ધર્મચક્ર તથા તેમની કેવલી અવસ્થા આપતું લંછન-ચિહ્ન જે સિંહ ગણાય છે તે પાણીમાં કોતરાવેલ છે.

પટ નં. ૪ માં ચાર ચિત્રો છે. પ્રથમનું ગિરિધારીની અનેક કૃતિઓ દર્શાવતું સામાન્ય ચિત્ર છે. બીજું, દક્ષિણમાં બેઝવાડા શહેર નજીક કૃષ્ણા (બેના) નદીના તીરે (તટે) આવેલ બેનાકટનગર નામનું પ્રાચીન શહેર, જે હાલ અમરાવતી તરીકે અસ્તિત્વ ધરાવે છે અને ધનકટકની રાજધાની હોવાનું લેખાય છે તથા જે વાણિજ્યનું કેન્દ્ર હતું, ત્યાંના સ્તૂપ પાસેથી ખોદી કાઢવામાં આવેલ પાર્શ્વનાથ-જીનબિંબનું ચિત્ર છે. તે સંબંધી વિશેષ વર્ણન માટે પ્રાચ્ય૦ પુ. ૧, પૃ. ૧૫૩ તથા પુ. ૪, પૃ. ૩૮-૩૯ અને ૩૧૯ જુઓ. ત્રીજું ચિત્ર અમારી દરેક કૃતિના પૂંઠા ઉપર છાપવાને અંગિકાર કરેલું હસ્તરત્ન છે. તેના વર્ણન માટે પ્રાચ્ય પુ. ૧ માં ચિત્રપરિચયે પૃ. ૪૧ જુઓ. ચોથું ચિત્ર સાંચી સ્તૂપના મુખ્ય સ્તૂપ નં. ૧ ના (પુસ્તકના અંતે તેનો નકશો જુઓ) પૂર્વ સિંહદ્વાર પાસેથી જે અનેક ખંડિત જૈન પ્રતિમાઓ અને અવશેષો મળી આવેલ છે તેમાંનું એક છે. 'સાંચી એન્ડ ઇટસ રીમેઇન્સ'ના લેખક જનરલ મેઇસીએ તેનું નામ મંગળદ્વાર આપ્યું છે. વિશેષ માહિતી માટે પૃ. ૨૪૦ નું વર્ણન જુઓ.

પટ નં. ૫ માં બે ચિત્રો છે. પહેલું-મધ્ય હિંદમાં આવેલ સાંચી-ભિલ્સવાળા પ્રદેશનો નકશો છે. તેના પાંચેક માઇલ જેટલા ઘેરાવાના વિસ્તારમાં લગભગ ૭૫ નાનામોટા સ્તૂપો આવેલ છે. અદ્યાપિ પર્યંત આ સ્થળ બૌદ્ધધર્મનું દ્યોતક મનાયું છે હવે તે જૈનધર્મનું ઠરે છે. વિશેષ માટે પૃ. ૨૪૦ થી ૨૫૮ સુધીનું વર્ણન, અને સાંચી સ્તૂપ-પ્રદેશની (પરિશિષ્ટ-૫) બધી સમજૂતિ વાંચો. આ પ્રદેશમાં જૈનના અંતિમ તીર્થંકર શ્રી મહાવીર ભગવાનનું નિર્વાણ થવા પામ્યું હતું જેથી તેને નિર્વાણની કલ્યાણકભૂમિ તરીકે ઓળખી શકાશે. બીજું-મધ્ય પ્રાંતોમાંના નગોડ રાજ્યમાં ભારહુત ગામની નજીક આવેલ સ્તૂપ-પ્રદેશનું ચિત્ર છે. ગામના નામ ઉપરથી વિદ્વાનો ત્યાં આવેલ સ્તૂપને 'ભારહુત સ્તૂપ' તરીકે ઓળખે છે. તેને પણ અત્યારસુધી, ઉપરના ચિત્રની માફક બૌદ્ધધર્મનું પ્રતીક લેખાવાયું છે. પરંતુ તે સ્થાને ભગવાન શ્રી મહાવીરને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હોવાને લીધે તેને હવે કલ્યાણકભૂમિ તરીકે ઓળખીશું. તેનું પ્રાચીન નામ જૃંભીયક ગામ હતું અને તે ઋજુવાલુકા નદીના કાંઠે આવેલ હતું. વિશેષ અધિકાર માટે પૃ. ૨૩૦ થી આગળનું વર્ણન જુઓ.

પટ નં. ૬ માં ત્રણ દશ્યો છે. પ્રથમનું 'સાંચી સ્તૂપ' (પટ નં. ૫ ના પહેલા ચિત્રની હકીકત જુઓ) તરીકે ઓળખાય છે. તેને અત્યારસુધી બૌદ્ધ પ્રતીક લેખાવ્યું છે. પરંતુ બૌદ્ધ યાત્રિક હ્યુએનશાંગનાજ શબ્દોથી તેમજ અન્ય પુરાવાથી અમે હવે સાબિત કર્યું છે કે તે સ્થાને શ્રી મહાવીર ભગવાન મોક્ષ પામવાથી તેને જૈન ધર્મનું દ્યોતક અને કલ્યાણકભૂમિ તરીકે ઓળખવું રહે છે. વિશેષ વર્ણન માટે સાંચી સ્તૂપનો નકશો તથા તેને લગતું વર્ણન પૃ. ૨૩૬ થી આગળ વાંચો. બીજું ચિત્ર-સાંચી સ્તૂપના ચાર સિંહદ્વારમાંથી ઉત્તર દિશાનું દશ્ય રજુ કરે છે. સામાન્ય ભાષામાં તેને 'તોરણ' નામથી ઓળખાવાય છે. તેજ પ્રમાણે ત્રીજું ચિત્ર ઉપરમાં વર્ણવી ગયેલા 'ભારહુત સ્તૂપ'ના એક સિંહદ્વારનું દશ્ય છે. આ બન્ને તોરણો જૈનધર્મના દ્યોતકરૂપ છે. પ્રાચીન કાળે કલ્યાણક ભૂમિને ફરતો કમ્પાઉન્ડ-કોટ તથા તેનાં દ્વાર કેવાં બનાવાતાં હતાં તેનો ખ્યાલ આ ઉપરથી આવે છે. વળી તેની અંદર જે મહાન વિભૂતિની મૂર્તિ બિરાજમાન કરેલી હોય કે તેનાં અવશેષો સાચવી રાખ્યાં હોય તેના દર્શને આવતા દરેક મનુષ્યે, પોતાનો પૂજ્યભાવ અને ભક્તિ દર્શાવવા, અરે છેવટે તો માત્ર તેના સન્માનની ખાતર પણ-આર્યપ્રથા મુજબ મસ્તક નમાવવું જોઇએજ તે રિવાજ

# તેરમું શાસન—[ શાહબાઝગઢી ][1]

(क) દેવાનુપ્રિય પ્રિયદર્સિ રાજાના રાજ્યાભિષેકને આઠ વર્ષ થતાં કલિંગ જીતાયું.[2]

(ख) ત્યાંથી દોઢ લાખ માણસો કેદ પકડાયાં હતાં, ત્યાં એક લાખ હણાયાં હતાં અને તેનાથી અનેક ગણાં માણસો મરી ગયાં હતાં.[3]

(ग) ત્યારપછી, પ્રાપ્ત થઇ ચૂકેલા કલિંગમાં હવે દેવાનુપ્રિયનાં તીવ્ર ધર્મપાલન, ધર્મપ્રેમ અને ધર્મોપદેશ થઇ પડયાં છે.[4]

(घ) કલિંગ પર વિજય મેળવવા માટેનો દેવાનુપ્રિયનો આ પશ્ચાતાપ[5] છે.

(ङ) ખરેખર, ન જીતાયલો દેશ જીતાય છે ત્યારે ત્યાં જે કતલ, મરણ અને હદપારી થાય છે તે દેવાનુપ્રિયને માટે દુઃખદાયક અને શોકજનક છે.

(च) પરંતુ દેવાનુપ્રિયને વધારે શોકજનક તો એ લાગે છે કે—

(छ) ત્યાં વસતા બ્રાહ્મણ–શ્રમણ, અન્ય મતાનુયાયી[6] અથવા ગૃહસ્થ કે જેમના મોટેરાંની[7] સેવા,[8] માતપિતાની સેવા, ગુરુની સેવા, મિત્ર, સંબંધી, સાથી, સગા તેમજ ગુલામ અને નોકરો પ્રતિ સદ્‌વર્તન સ્થપાયલાં છે તેમને ત્યાં ઇજા, વધ અથવા તો વ્હાલાંનો વિયોગ થાય છે.[9]

(ज) અથવા જેઓ ત્યાં જીવનને સુસ્થિર બનાવી રહ્યા હોય તેમના મિત્રોને, સંબંધીઓને, સાથીઓને અને સગાંઓને થતી હાનિ તેમની પોતાની હાનિ સમાન થઇ પડે છે કેમકે તેમના પ્રતિનો તેમનો સ્નેહ અખૂટ હોય છે.[10]

(झ) બધાં માનવોના ભાગમાં આ આવે છે અને દેવાનુપ્રિયને માટે તે વિશેષ ખેદજનક છે.

(ञ) એવું[11] કોઈ પણ સ્થળ નથી, જ્યાંના લોકો એકાદ ધર્મના અનુયાયી ન હોય.

(ट) એટલા માટે કલિંગમાં તે વખતે જેટલા માણસો કપાયા, મરણ પામ્યા અને હદપાર થયા તેમનો સોમો કે હજારમો ભાગ પણ [ તે દશાને પ્રાપ્ત થાય તેને ] હાલ દેવાનુપ્રિય શોકજનક લેખે છે.

(ठ) વળી દેવાનુપ્રિય માને છે કે અપકાર કરનારને પણ શક્ય હદે ક્ષમા બક્ષવી જોઇએ.[12]

(ड) વળી દેવાનુપ્રિયના રાજ્યમાંનાં જંગલો (ના વાસીઓ) માં તે શાંતિ સ્થાપે છે તથા ધર્મ પળાવે છે.[13]

(ढ) તેમની સમક્ષ, પશ્ચાતાપ અનુભવતાં છતાં દેવાનુપ્રિયનો પ્રભાવ વર્ણવવામાં આવે છે, જેથી તેઓ (પાપ કરતાં) શરમાય અને હણાઈ ન જાય.[૧૪]

(ण) કેમકે દેવાનુપ્રિય સર્વ ભૂતોની[૧૫] બાબતમાં અહિંસા, આત્મસંયમ, નિષ્પક્ષપાત અને નમ્રતા ઈચ્છે છે.[૧૬]

(त) ધર્મવિજય[૧૭] એ જ દેવાનુપ્રિયનો મુખ્ય વિજય છે.

(थ) અને તે (વિજય) દેવાનુપ્રિયે વારંવાર અહીં,[૧૮] સઘળી સરહદો પર,[૧૯] છસો યોજન દૂર જ્યાં અંતિયોક નામે યોનરાજા (રાજ્ય કરે) છે ત્યાં,[૨૦] અને એ અંતિયોકની પેલી બાજુએ જ્યાં તુરમય,[૨૧] અંતિકિનિ,[૨૨] મક[૨૩] અને અલિકસુંદર[૨૪] એ રાજાઓ છે[૨૫] ત્યાં, તેમજ દક્ષિણે તામ્રપર્ણી[૨૬] પર્યન્ત ચોડ અને પાંડય[૨૭] પર મેળવેલો છે.

(द) તે જ પ્રમાણે અહીં રાજાના મુલકમાં,[૨૮] યોન અને કંબોજોમાં,[૨૯] નભક અને નભિતિનોમાં,[૩૦] ભોજ અને પિતિનિકોમાં[૩૧] અંધ્ર અને પલિદસમાં—[૩૨] સર્વત્ર તેઓ દેવાનુપ્રિયના ધર્માનુશાસનને અનુસરે છે.[૩૩]

(ध) જ્યાં દેવાનુપ્રિયના એલચીઓ[૩૪] નથી વિચરતા ત્યાં પણ તેઓ દેવાનુપ્રિયના ધર્મના નિયમો, વિધાનો અને ધર્મના ઉપદેશો સાંભળી તેનો સ્વીકાર કરતા જાય છે[૩૫] અને ભવિષ્યમાં કરશે.

(न) આ પ્રમાણે સર્વ ઠેકાણે વારંવાર મેળવેલો વિજય સંતોષ ( પ્રીતિ ) પમાડે છે. [૩૬]

(प) એ સંતોષ ( પ્રીતિ ) ધર્મના વિજયથી મેળવાય છે.

(फ) પરંતુ એ પ્રીતિ નજીવી છે.

(ब) દેવાનુપ્રિયે જે પરલોકને લગતું છે તેનેજ મહાફળ ( દાયક ) માન્યું છે.[૩૭]

(भ) આ ધર્મશાસન એ હેતુથી લખાવવામાં આવેલ છે કે મારા પુત્રો અને પ્રપૌત્રો[૩૮]–(જે) મને થાય તેઓ નવીન વિજય મેળવવા યોગ્ય માનીને તેનો વિચાર ન કરે[૩૯] અને જો વિજયમાંજ તેમને રસ હોય[૪૦] તો તેઓ ક્ષમા અને હલકી સજાને પસંદગી આપે અને ધર્મવિજયને જ વિજય માને[૪૧]

(म) આ લોક (અને) પરલોકને માટે તે જ ( હિતાવહ ) છે.

(य) તેમની બધી પ્રીતિ ધર્મપ્રીતિમાં પરિણમે.

(र) આ લોક અને પરલોકને માટે તે જ ( હિતાવહ ) છે.[૪૨]

(૧) અહીં શાહબાઝગઢીનું શાસન પસંદ કરવા અંગેના ખુલાસા માટે જુઓ માર્ગદર્શન-પૃ. ૪૭-૪૮ અને પાંચમા શાસનની ટી. નં. ૧.

(૨) અશોકે કલિંગ જીત્યાનો નિર્દેશ બૌદ્ધ સાહિત્યની કોઈ પણ કૃતિમાં મળી આવતો નથી. જ્યારે સંપ્રતિએ સમસ્ત દક્ષિણાવર્ત પર વિજય મેળવ્યા અંગેના નિર્દેશો પ્રાચીનમાં પ્રાચીન જૈન શાસ્ત્રોમાં પણ મળી આવે છે—

साहे तेण संपदणा उज्जेणीआदं काउं दक्खिणावहो सव्वो तत्थ ठिण्ण वि अज्जावितो-कल्पचूर्णि

तेण सुरठ्ठ विसयो अंधा दमिला य ओयविया— निशीथचूर्णि

[વિશેષ માટે જુઓ પાંચમા શાસનની ટી. નં. ૯.]

તે ઉપરાંત, દક્ષિણનાં બૌદ્ધ પુસ્તકોના મતે અશોકે રાજ્યાભિષેકના સાતમા વર્ષે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો હતો, ઉત્તરનાં પુસ્તકોના મતે ત્રીજા અથવા ચોથા વર્ષે. પણ બંને પ્રદેશનાં સાહિત્ય એટલું તો એક મતે જાહેર કરે છે કે તેણે બૌધ્ધ ધર્મ સ્વીકાર્યો ત્યારે તે જંબૂદ્વીપનો સ્વામી હતો અને બૌધ્ધ ધર્મ સ્વીકાર્યા પછી તેણે પોતાનું બધું ધ્યાન વિહારો અને સ્તૂપો બંધાવવાના ધાર્મિક કાર્યમાંજ પરોવ્યું છે અને યુધ્ધને તો તેણે યાદ પણ નથી કર્યું. રાજ્યાભિષેકનું આઠમું વર્ષ, કે જ્યારે તેનું મન બૌધ્ધ લાગણીવાદથી ઊભરાઈ રહ્યું હતું, તથા તેના પુત્ર-પુત્રીએ બૌધ્ધ દીક્ષા સ્વીકારી લીધી હતી, તેમજ તે પોતે ગયાના બોધિવૃક્ષની છાયામાં કે બૌધ્ધ ભિક્ષુકોના સહવાસમાંજ આનંદ પામતો હતો, ત્યારે જેમાં લાખો માણસોનો વધ થાય એવા ભયાનક યુધ્ધનું સાહસ તે ઉઠાવે તે અસંભવિત છે; અને બૌધ્ધ સાહિત્યમાં તેનો નિર્દેશ પણ નથી. તેમજ રાજ્યાભિષેકના સત્તરમા વર્ષે તે બૌધ્ધ ધર્મના પ્રચાર માટે અન્ય રાજ્યોમાં બૌદ્ધ ચેરાઓ ( ભિક્ષુકો-સાધુઓ ) મોકલે છે ત્યારે તેના સામ્રાજ્યની જે હદ અંકાય છે તેમાં દક્ષિણ ભારતના કોઈ પ્રદેશનો સમાવેશ થતો નથી. [ જુઓ પાંચમા શાસનની ટી. નં. ૯. ] જ્યારે અશોકના ઉત્તરાધિકારી સંપ્રતિએ જૈન ધર્મ સ્વીકાર્યા પછી પણ અનેક વિજયી યુધ્ધો ખેડીને સામ્રાજ્યને વિસ્તાર્યું છે અને તે યુધ્ધોમાં દક્ષિણ ( કલિંગ ) ના યુધ્ધનો પણ સમાવેશ થાય છે. એટલે કલિંગનું આ યુધ્ધ ખેલનાર રાજા પ્રિયદર્શિન, એ જૈન સાહિત્યમાં સંપ્રતિના નામે મશહૂર બનેલો અશોકનો ઉત્તરાધિકારી મૌર્ય નૃપતિ જ છે.

(૩) દોઢ લાખ કેદ પકડાયા ને એક લાખ હણાયા એ અઢી લાખ સૈનિકો. અને જેમના મરણનો ચોક્કસ આંકડો નથી નોંધાયો પણ જે ઉપરોક્ત કરતાં પણ વધારે મોટી સંખ્યામાં મરાયાં તે, યુધ્ધના સંયોગોમાં કે એના પરિણામે માર્યાં ગયેલાં શહેરીજનો. આ પરથી તે સમયના ભારતવર્ષની બચાવશક્તિ અને ખેલાતાં યુદ્ધોના સ્વરૂપનો ખ્યાલ આવી શકે છે. એક કલિંગ પ્રાન્ત જ પોતાના બચાવમાં અઢી લાખ સૈનિકોનો ભોગ ધરી શકે છે ત્યારે તેની કુલ સેના અને અખિલ ભારતવર્ષની સેનાઓનો વિચાર કરતાં તો આજના યુરોપની સેનાઓ પણ અલ્પ લાગે છે. ને લશ્કરી કરતાં પણ બિનલશ્કરી માણસોના મરણનું પ્રમાણ વધારે છે તે જોતાં જણાય છે કે મધ્યકાલીન ભારતવર્ષમાં વિગ્રહ બનતાં લગી યુદ્ધભૂમિ પર જ મર્યાદિત રહેતો હતો તેવું પ્રાચીન સમયમાં નહોતું: અજાતશત્રુ અને ચેટક વચ્ચેના યુદ્ધમાં થયેલો કરોડોનો સંહાર તેમજ આ યુદ્ધમાં થયેલ લાખોનો નાશ જોતાં જણાય છે કે યુદ્ધનો સંહાર સર્વવ્યાપી હતો. પણ પ્રિયદર્શિને કલિંગ-વિજય પછી શસ્ત્રોની અને ભૂમિની મર્યાદા મૂકીને યુદ્ધને ઓછું વિનાશક બનાવ્યું હશે.

(૪) હુલ્ઝ આ વાક્યનો અર્થ નીચે પ્રમાણે કરે છે—

ત્યાર પછી, હવે કલિંગ જીતાઈ ચૂક્યું છે ત્યારે દેવાનુપ્રિય તીવ્ર ધર્માભ્યાસ, ધર્મપ્રેમ અને ધર્મોપદેશમાં ( તલ્લીન બન્યો છે ).

(૫) પશ્ચાતાપ અથવા પ્રાયશ્ચિતને જૈન ધર્મે ખૂબજ મહત્ત્વ આપેલું છે. વિમળશાહે પણ સંપ્રતિની જેમ યુદ્ધમાં ખૂબજ સંહાર ચલાવેલો. પણ પાછળથી હૃદય કુમળું પડતાં તેમને પશ્ચાતાપ થયો અને ગુરુદેવ

શ્રી ધર્મઘોષસૂરિને તેમણે શું પ્રાયશ્ચિત કરવું જોઇએ તે અંગે પ્રશ્ન કર્યો. ગુરુએ તેમને આબૂ પર મંદિર બંધાવવાની સલાહ આપી અને તેને અનુસરીને વિમળશાહે આબૂ પર બંધાવેલ મંદિર આજે પણ વિશ્વની પ્રજાઓને આકર્ષી રહેલ છે. તે જ પ્રમાણે પ્રિયદર્શિન પણ યુદ્ધના પ્રાયશ્ચિત પેટે ધર્મપાલન અને ધર્મપ્રચારનો આશ્રય લે છે.

(૬) મૂળમાં અહીં अंने च प्रपंड છે. હુલ્ઝ અને ડૉ. ભાંડારકર તેનો અર્થ 'અન્ય પાખંડો' એ પ્રમાણે કરે છે. પરંતુ ખરી રીતે આ શબ્દો 'અન્ય ધર્માનુયાયી સાધુઓ' અર્થ સૂચવે છે. જેથી આખા વાકયનો અર્થ-'બ્રંમણ-શ્રમણ (જૈન સાધુઓ) તથા અન્ય ધર્મના સાધુઓ અને ગૃહસ્થો કે જેમનામાં......'—એ પ્રમાણે થાય.

(૭) મૂળમાં અહીં अग्रभूटि શબ્દ છે. હુલ્ઝ તેનો અર્થ 'વિશેષ પગાર મેળવનારાઓ' કરે છે. પણ આવો અર્થ અમલદારી કે મૂડીવાદી માનસ જ ખેંચી શકે. કેમકે પ્રિયદર્શિનો આશય વધારે પગાર મેળવનારાઓની સેવા કરાવવાનો નહિ, પણ વડીલવર્ગની સેવા કરાવવાનો છે.

(૮) મૂળમાં અહીં सुसुप (शुश्रूपा) શબ્દ છે. હુલ્ઝ તેનો અર્થ 'આજ્ઞાંકિતપણું' કરે છે; ડૉ. ભાંડારકર 'કહેલું સાંભળવું તે' કરે છે. પણ 'શુશ્રૂષા'નો સ્પષ્ટ અર્થ સેવાચાકરી છે અને આ સ્થળે તે સુઘટિત છે તે બાજુએ મૂકીને અસ્પષ્ટ અર્થ ખેંચવો તે યોગ્ય નથી. વડીલો, માતપિતા ને ગુરુની સેવાચાકરી કરનાર તેમજ મિત્ર, સગાંસંબંધી, નોકર વગેરે પ્રત્યે સદ્વર્તન દાખવનાર ગૃહસ્થને હાનિ પહોંચે તે પ્રિયદર્શિનને ખૂબ જ શોકજનક લાગે છે.

(૯) આ વાકયથી પ્રિયદર્શિ એ સ્પષ્ટ કરે છે કે તેને યુદ્ધ એટલું શોકજનક નથી લાગતું, જેટલું એ યુદ્ધમાં સાધુઓને કે સુંદર લક્ષણો ધરાવનાર ગૃહસ્થોને હાનિ પહોંચે તે શોકજનક લાગે છે. આ પરથી, મધ્યકાલીન ભારતમાં જે શસ્ત્રમર્યાદા અને સંગ્રામમર્યાદા જણાય છે તેની સ્થાપના સંપ્રતિએ કરી હોય તો નવાઈ નહિ.

(૧૦) ડૉ૰ ભાંડારકર આ વાકયનો અર્થ-'વળી, તેઓ જીવનમાં ઠરી ઠામ થયા હોય છે અને અખૂટ પ્રેમ ધરાવતા હોય છે તો તેમના મિત્રોને, સંબંધીઓને, સાથીઓને તથા સગાંને દુઃખ પ્રાપ્ત થાય છે, (અને) ત્યાં એ (દુઃખ) તેમને અંગત હાનિ પહોંચાડનારું નીવડે છે.' એ પ્રમાણે કરે છે.

(૧૧) કાલ્સી અને મન્શેરામાં આ સ્થળે કેટલોક વધારો અને સહેજ ફેરફાર છે:

'વળી યોન સિવાયનો બીજો કોઈ દેશ નથી, જ્યાં આ નિકાયો-બ્રાહ્મણો અને શ્રમણો ન હોય. અને કોઈ દેશનો એવો ભાગ નથી, જ્યાંના લોકો એક અથવા બીજા ધર્મના અનુયાયી ન હોય.

પ્રિયદર્શિ યોન શબ્દથી જુદા જુદા બે અર્થ સૂચવે છે. કાંતો-એક પ્રજા અને બીજો પ્રદેશ અથવા તો પછી એક જ નામથી ઓળખાતા બે દૂર દૂરના દેશો; કેમકે પાંચમા શાસનમાં (જુઓ એ શાસનની ટી. નં. ૯) અને આગળ જતાં આ જ શાસનમાં (જુઓ-द) તે 'યોન' શબ્દથી એવા પ્રદેશ અથવા પ્રજાનું નામ સૂચવે છે કે જે સરહદી પ્રાન્તોની આસપાસમાં, કંબોજ અને ગાંધારની લગોલગ આવી રહેલ છે તે પ્રદેશ અથવા તો પ્રજામાં પ્રિયદર્શિને ધર્મ-મહામાત્રાઓ નીમેલા. ત્યાંની પ્રજા પ્રિયદર્શિનના ધર્માનુશાસનને અનુસરે છે અને ત્યાં બ્રાહ્મણ-શ્રમણો પણ વસતા હોવાનો સંભવ છે (જુઓ પાંચમું શાસન ટ). જ્યારે ઉપરોક્ત 'યોન' શબ્દથી તો પ્રિયદર્શિન એવો પ્રદેશ સૂચવે છે કે જ્યાં બ્રાહ્મણ-શ્રમણો વસતા નથી. તે યોન શબ્દ આ શાસનમાં જ આગળ જતાં (જુઓ-य) જણાવ્યું છે તે પ્રમાણે હિંદુસ્તાનથી ૬૦૦ યોજન દૂર આવેલા દેશ (સીરિયા, બેકટ્રીયા, ગ્રીસ, અથવા આયોનિયા) ને માટે વપરાયલ છે કે જ્યાં પ્રિયદર્શિના સમયે અંતિયોક રાજા રાજ્ય કરતો હોય છે.

(૧૨) શક્ય હદે ક્ષમા એ જૈન વિચારશ્રેણી છે. બૌદ્ધ ધર્મ અને ખ્રિસ્તી ધર્મ સંપૂર્ણ ક્ષમાના સિદ્ધાંતમાં માને છે.

પુરાતત્ત્વખાતાના માજી ડાયરેક્ટર જનરલ ગાયું પી. રી. મુકરજી પણ નીચેના શબ્દોમાં માન્ય રાખે છે–

Rock-edicts belong to Samprati who was contemporary with the five Yona-kings of the then divided Greek Empire.

[Indian Antiquary Vol. XXXII p. 232]

[ ખડકલેખો સંપ્રતિએ કોતરાવેલા છે કે જે ( સંપ્રતિ ) તે સમયે વહેંચાઈ ગયેલી ગ્રીક શહેનશાહતના પાંચે રાજવીઓનો સમકાલિક હતો. ]

આ ઉપરાંત આ પાંચે રાજાઓના દેશમાં બૌદ્ધ ધર્મની કશી નિશાનીઓ મળી આવતી નથી ( J. M. S. Vol XVII p. 272 )-જ્યારે જૈન ધર્મની સ્મૃતિઓ તે દરેક સ્થળે જળવાઈ રહી છે. ગ્રીસ અને ઇજીપ્તના તત્ત્વજ્ઞાન પર જૈન તત્ત્વજ્ઞાનની સંપૂર્ણ અસર છે. ( Confluence of Opposites ); પ્રાચીન ગ્રીકોએ ઇથોપિયા અને એબીસીનિયામાં વિચરતા જૈન સાધુઓ નજરે નિહાળ્યા હતા ( Asiatic Researches Vol. III, p. 6 ); ગ્રીસમાં અહિંસક તત્ત્વજ્ઞાનની સ્થાપના કરનાર પીહોએ જૈન શ્રમણો પાસે અભ્યાસ કર્યો હતો ( Historical Cleanings; p. 42 ); એક નિગ્રન્થ જૈન સાધુ ગ્રીસ ગયેલ તેની પ્રાચીન સમાધિ એથેન્સમાં મળી આવેલ છે. ( Indian Historical Quarterly Vol. II, p. 293 ). અરબસ્તાન, ઇરાન અને અફ્ઘાનિસ્તાનમાં પણ જૈન ધર્મનાજ અવશેષો મળી આવે છે ( Cunningham–Ancient Geography p. 671 ); થોડાંક વર્ષ પહેલાં હંગરીના એક ગામડાંના ક્ષેત્રમાંથી જૈન મૂર્તિ મળી આવી હતી. તેમજ સીરિયાના દરિયાકાંઠે વસતી પ્રજા ઉસ્સી ત્રણેક સદી અગાઉ જૈન ધર્મ પાળતી હતી એમ વિદ્વાનોએ જણાવ્યું છે.

... આ બધા પરથી સહેજે પુરવાર કરી શકાય તેમ છે કે પશ્ચિમે જૈન ધર્મે વિકાસ સાધ્યો છે. બૌદ્ધ ધર્મનો ફેલાવો તો મુખ્યત્વે ચીન અને પૂર્વના ટાપુઓમાં થયો છે.

(૨૬) કૌટલીય અર્થશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે પાંડ્ય પ્રદેશમાં તામ્રપર્ણી નામની નદી હતી અને સાહિત્ય-ગ્રન્થોના જણાવ્યા પ્રમાણે રાજકુમાર વિજય ( ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદી ) ના સમયથી લંકાને પણ તામ્રપર્ણી નામ મળેલું. અહીં અને બીજા શિલાલેખમાં પણ તામ્રપર્ણી પાંડ્યની પેલી બાજુએ આવેલ હતું એવો નિર્દેશ થયેલો છે. એટલે તામ્રપર્ણી શબ્દથી પ્રિયદસિ લંકાનો નિર્દેશ કરે છે એ સ્પષ્ટ છે.

(૨૭) પ્રાચીન સમયમાં દક્ષિણ હિંદમાં ત્રણ મોટાં રાજ્યો હતાં–૧ ચોલ, ૨ ચેર, ૩ પાંડ્ય. ચોલનું રાજચિન્હ વાઘ હતું, ચેરનું રાજચિન્હ બાણ હતું અને પાંડ્યનું રાજચિન્હ માછલી હતું. આમાંથી પાંડ્ય રાજ્યનો તો પ્રિયદર્શિને સીધો ઉલ્લેખ કરેલો છે તેમજ પાંડ્યનું રાજચિન્હ જે માછલી તે તો બરાબર-ગિરિની ગુફાના લેખને અંતે કોતરવામાં પણ આવેલ છે. એટલે એ પાંડ્ય પર પ્રિયદસિએ વિજય મેળવ્યાનું નક્કી છે. આ પાંડ્યની રાજધાની મદુરા હતી અને તામિલ ભાષાનું મહાકાવ્ય 'શિલપ્પધિકારમ્' જોતાં જણાય છે કે ત્યાં પ્રાચીન કાળમાં જૈનોની ખૂબજ જાહોજલાલી હતી. ચોડ શબ્દથી પ્રિયદસિ ચોલ રાજ્યનો નિર્દેશ કરવા માગતો હોય એમ જણાય છે. કેમકે ચોલમાં પણ પાંડ્યની જેમ જ પ્રાચીન યુગમાં જૈનત્વ જાહોજલાલી ભોગવતું હતું. ડૉ૦ ભાંડારકર 'ચોડ' ના વિષયમાં ટોલેમીને અનુસરીને એમ જણાવે છે કે દક્ષિણ હિંદમાં 'ચોડ' નામનાં બે રાજ્યો હતાં; એક–જેનું પાટનગર ઑર્થુરા ( તામિલ–ઉરૈયુર ) હતું એવું સોરેતઈ (તામિલ–સોર=ચોર ) અને બીજું જેનું પાટનગર આર્કોટસ ( આર્કોટ ) હતું એવું સોર ( ચોર ). પહેલું દક્ષિણે ત્રિચીનોપલીની નજીકમાં આવેલું હતું, બીજું સહેજ ઉત્તરે. અહીં વસતી જાતિઓ જંગલી અને લુટારુ હોઈ તેમના મુલકને સોર નામ મળેલું.

બીજા શિલાલેખમાં પ્રિયદસિએ ચોડ અને પાંડ્ય ઉપરાંત દક્ષિણમાં સતિયપુત્ર અને કેતલપુત્રનો નિર્દેશ પણ કરેલો છે.

તેમાંથી કેતલપુત્ર એ દક્ષિણ હિંદનું ઉપરોક્ત મહારાજ્ય ચેર હતું અને આજે તે કેરલપુત્ર અથવા

( ૧૯ ) સઘળી સરહદોમાંથી પશ્ચિમની સરહદો–યોન, કંબોજ, ગાંધાર, રિષ્ટીક, પેતેણિક વગેરેનો નિર્દેશ પાંચમા શાસનમાં થઇ ગયો છે. ( જુઓ એ શાસનની ટી. નં. ૯ ). દક્ષિણની સરહદો–ચોડ ( ચોલ ), પાંડય, સતિયપુત્ર, કેતલપુત્ર, તામ્રપર્ણી વગેરેનો નિર્દેશ બીજા શાસનમાં થઇ ગયેલ છે, ઉત્તરે હિમાલય પર્વત અને પૂર્વે મહાસાગરની સરહદો પ્રાકૃતિક છે. આ સરહદોનો અહીં ફરી નિર્દેશ કરીને પ્રિયદસિ જણાવે છે કે પશ્ચિમે તો પોતાનો ધર્મ–વિજય ઠેઠ ઇજીપ્ત અને ગ્રીસ લગી પહોંચેલો છે.

( ૨૦ ) અંતિયોક એટલે સીરિયાનો નૃપતિ એન્ટીયોકસ. સીરિયામાં ઇ. સ. પૂર્વે ત્રીજી સદીમાં બે એન્ટીયોકસ થયા છે. એન્ટીયોકસ પહેલો ઇ. સ. પૂર્વે ૨૮૦ થી ૨૬૧ ને એન્ટીયોકસ બીજો ઇ. સ. પૂર્વે ૨૬૦ થી ૨૪૦. અહીં પ્રિયદસિએ ઉલ્લેખેલા એન્ટીયોકસને કેટલાક વિદ્વાનો એન્ટીયોકસ પહેલા તરીકે ઓળખાવે છે, અને કેટલાક તેને એન્ટીયોકસ બીજો ગણે છે. પણ ભારતીય નૃપતિ અમિત્રઘાતે (સંપ્રતિએ) એન્ટીયોકસ પહેલા પર પત્ર લખીને તેના પાસે સૂકાં અંજીર મંગાવરાવેલાં ( જુઓ પ્રથમ ખંડ–પ્રથમ પરિચ્છેદ. ટી. નં. ૧૧ ). તે પરથી પ્રિયદસિ ( સંપ્રતિ ) નો સમકાલિક એન્ટીયોકસ પહેલો જ હોઇ શકે. કાળ-ગણનાએ પણ તે જ પરિણામ આવે છે. ( જુઓ પૃ. ૪૨–૪૩ ).

( ૨૧ ) તુરમય એટલે ઇજીપ્તનો રાજવી ટોલેમી ફીલાડેલ્ફસ બીજો. તેનો શાસનકાળ ઇ. સ. પૂર્વે ૨૮૫ થી ૨૪૭ લગી હતો, જે સંપ્રતિ ( પ્રિયદસિ ) ના શાસન–કાળ સાથે પૂર્ણતઃ મળતો છે. ( જુઓ પૃ. ૪૨–૪૩ ). પ્લીનીના જણાવ્યા પ્રમાણે આ ટોલેમી ફીલાડેલ્ફસે સંપ્રતિ ( અમિત્રઘાત ) ના દરબારમાં ડાયોનીસિયસ નામે એલચી મોકલેલો. ( જુઓ પૃ. ૪૪. )

( ૨૨ ) અંતિકિનિ એટલે મેસીડોનિયાનો રાજવી એંટીગોનસ ગોનેટસ. તેનો શાસનકાળ ઇ. સ. પૂર્વે ૨૭૬ થી ૨૩૯ હતો— જે સંપ્રતિના શાસનકાળ સાથે મળતો છે.

( ૨૩ ) મક એટલે સાઇરીનપતિ મેગાસ. તેનો શાસનકાળ ઇ. સ. પૂર્વે ૩૦૦ થી ૨૫૦ હતો— જે સંપ્રતિ સાથેની તેની સમકાલિકતાનો સૂચક છે.

( ૨૪ ) અલિકસુંદર એટલે અલેક્ઝાંડર. ઉપરના ચારે રાજકર્તાઓના સમકાલિકપણે અલેક્ઝાંડર નામના બે રાજવી થયા છે. એક કોરીંથનો રાજવી એલેક્ઝાંડર અને બીજો ઇપીરસનો રાજવી એલેક્ઝાંડર. તેમાંથી પહેલાનો સમય ઇ. સ. પૂર્વે ૨૫૨ થી ૨૪૪ છે, અને બીજાનો સમય ઇ. સ. પૂર્વે ૨૭૨ થી ૨૫૫ છે. તેમાં ઉપરના ચારે રાજવીઓની તેમજ સંપ્રતિની વધારે નજીકનો સમય ઇપીરસના અલેક્ઝાંડરનો છે. જેથી અલિકસુંદર એટલે ઇપીરસનો અલેક્ઝાંડર જ ગણવો જોઇએ.

( ૨૫ ) ઉપરોક્ત પાંચે રાજવીઓના સમય તેમજ સંપ્રતિ સાથેની તેમની સમકાલિકતા અંગેની વિચારણા આપણે 'કાલ–નિર્ણય'ના પ્રકરણમાં કરી ગયા છીએ છતાં અહીં તેમના સમય સ્વરૂપ પર ઊડતી નજર નાંખવાનું યોગ્ય થઇ પડશે.

૧ અંતિયોક–સીરિયાનો રાજવી
　એન્ટીયોકસ પહેલો...ઇ. સ. પૂર્વે ૨૮૦ થી ૨૬૧
૨ તુરમય–ઇજીપ્તનો રાજવી
　ટોલેમી ફીલાડેલ્ફસ... ,, ,, ૨૮૫ થી ૨૪૭
૩ આંતિકિનિ–મેસીડોનિયાનો નૃપતિ
　એંટીગોનસ ગોનેટસ ,, ,, ૨૭૬ થી ૨૩૯
૪ મક–સાઇરીનપતિ
　મેગાસ ... ... ... ,, ,, ૩૦૦ થી ૨૫૦
૫ અલિકસુંદર–ઇપીરસનો રાજવી
　અલેક્ઝાંન્ડર ... ... ,, ,, ૨૭૨ થી ૨૫૫

[ અને પોતાને આ પાંચે રાજવીઓના સમકાલિક તરીકે ઓળખાવનાર ]

૬ પ્રિયદર્સિ–મૌર્યવંશી ભારતસમ્રાટ સંપ્રતિ
　... ... ... ... ,, ,, ૨૮૯ થી ૨૫૫

અને આ વિધાનને–પોતાની દેખરેખ નીચે પાટલી-પુત્રનું ખોદકામ કરાવનાર, રુમ્મિન્ડેઇનો સ્થંભ શોધનાર, શિલાલેખોના મશહૂર અભ્યાસી અને હિંદી સરકારના

પુરાતત્ત્વખાતાના ભાગ્ગ્યશાળી. ડાયરેક્ટર જનરલ બાબુ પી. સી. મુકરજી પણ નીચેના શબ્દોમાં માન્ય રાખે છે—

Rock-edicts belong to Samprati who was contemporary with the five Youa-kings of the then divided Greek Empire.

[Indian Antiquary Vol. XXXII p. 232]

[ ખડકલેખો સંપ્રતિએ કોતરાવેલા છે કે જે (સંપ્રતિ) તે સમયે વહેંચાઇ ગયેલી ગ્રીક શહેનશાહતના પાંચે રાજવીઓનો સમકાલિક હતો. ]

આ ઉપરાંત આ પાંચે રાજાઓના દેશમાં બૌદ્ધ ધર્મની કશી નિશાનીઓ મળી આવતી નથી (J. M. S. Vol XVII p. 272)-જ્યારે જૈન ધર્મની સ્મૃતિઓ તે દરેક સ્થળે જળવાઇ રહી છે. ગ્રીસ અને ઇજીપ્તના તત્ત્વજ્ઞાન પર જૈન તત્ત્વજ્ઞાનની સંપૂર્ણ અસર છે. (Confluence of Opposites); પ્રાચીન ગ્રીકોએ ઇથોપિયા અને એબીસીનિયામાં વિચરતા જૈન સાધુઓ નજરે નિહાળ્યા હતા (Asiatic Researches Vol. III, p. 6); ગ્રીસમાં અહિંસક તત્ત્વજ્ઞાનની સ્થાપના કરનાર પીહોએ જૈન શ્રમણો પાસે અભ્યાસ કર્યો હતો (Historical Cleanings; p. 42); એક નિગ્રન્થ જૈન સાધુ ગ્રીસ ગયેલ તેની પ્રાચીન સમાધિ એથેન્સમાં મળી આવેલ છે. (Indian Historical Quarterly Vol. II, p. 293). અરબસ્તાન, ઇરાન અને અફ-ઘાનિસ્તાનમાં પણ જૈન ધર્મનાજ અવશેષો મળી આવે છે (Cunningham—Ancient Geography p. 671); થોડાંક વર્ષ પહેલાં હંગરીના એક ગામડાંના ક્ષેત્રમાંથી જૈન મૂર્તિ મળી આવી હતી. તેમજ સીરિયાના દરિયાકાંઠે વસતી પ્રજા ઉસ્લી ત્રણેક સદી અગાઉ જૈન ધર્મ પાળતી હતી એમ વિદ્વાનોએ જણાવ્યું છે.

આ બધા પરથી સહેજે પુરવાર કરી શકાય તેમ છે કે પશ્ચિમે જૈન ધર્મે વિકાસ સાધ્યો છે. બૌદ્ધ ધર્મનો ફેલાવો તો મુખ્યત્વે ચીન અને પૂર્વ...

(૨૬) કૌટલીય અર્થશાસ્ત્રમાં ... પાંડય પ્રદેશમાં તામ્રપર્ણી નામની ... શાન્તિ-ગ્રન્થોના જણાવ્યા પ્રમાણે (ઇ. સ. પૂર્વે છઠ્ઠી સદી) ના સમય... તામ્રપર્ણી નામ મળેલું. અહીં અને બ... પણ તામ્રપર્ણી પાંડયની પેલી બાજુ... એવો નિર્દેશ થયેલો છે. એટલે તામ્ર... પ્રિયદર્શિ લંકાનો નિર્દેશ કરે છે એ સ્પ...

(૨૭) પ્રાચીન સમયમાં દક્ષિણ હિં... રાજ્યો હતાં—૧ ચોલ, ૨ ચેર, ૩ પાંડય. ... ચિન્હ વાઘ હતું, ચેરનું રાજચિન્હ બા... પાંડયનું રાજચિન્હ માછલી હતું. આ... રાજ્યનો તો પ્રિયદર્શિને સીધો ઉલ્લેખ કરે... પાંડયનું રાજચિન્હ જે માછલી તે તો બરા... ગુફાના લેખને અંતે કોતરવામાં પણ આવેલ... એ પાંડય પર પ્રિયદર્શિએ વિજય મેળવ્યાનું... આ પાંડયની રાજધાની મદુરા હતી અને... ભાષાનું મહાકાવ્ય 'શિલપ્પધિકારમ્' જોતાં... છે કે ત્યાં પ્રાચીન કાળમાં જૈનોની ખૂબજ જાહે... હતી. ચોડ શબ્દથી પ્રિયદર્શિ ચોલ રાજ્યનો... કરવા માગતો હોય એમ જણાય છે. કેમકે ચોલ... પાંડયની જેમ જ પ્રાચીન યુગમાં જૈનત્વ જાહો... ભોગવતું હતું. ડૉ॰ ભાંડારકર 'ચોડ' ના... ટોલેમીને અનુસરીને એમ જણાવે છે કે દક્ષિણ... 'ચોડ' નામનાં બે રાજ્યો હતાં; એક—જેનું પા... ઑર્થુરા (તામિલ-ઉરૈયુર) હતું એવું સોરેતઇ (ત... લ-સોર=ચોર) અને બીજું જેનું પાટનગર આર્કો... (આર્કોટ) હતું એવું સોર (ચોર). પહેલું દક્ષિ... ત્રિચીનોપલીની નજીકમાં આવેલું હતું, બીજું સ... ઉત્તરે. અહીં વસતી જાતિઓ જંગલી અને લૂટારૂ હ... તેમનો મુલકને સોર નામ મળેલું.

બીજા શિલાલેખમાં પ્રિયદર્શિએ ચોડ અને પાંડ... ઉપરાંત દક્ષિણમાં સતિયપુત્ર અને કેતલપુત્રનો નિર્દેશ પણ કરેલો છે.

મસઆરના નામે ઓળખાય છે. સતિયપુત્ર એ દક્ષિણે કોઇમ્બતુરની નજીક આવેલ સત્યમંગલ તાલુકો હોવા સંભવ છે.

આ રીતે સમસ્ત દક્ષિણાવર્તનો પોતાના મહારાજ્યમાં સમાવેશ કરતો પ્રિયદર્સિ એ સંપ્રતિ વિના બીજો કોઇ જ રાજવી નથી. કેમકે અશોક ત્યાં શાસન ચલાવતો હોવા અંગે એક પણ બૌદ્ધ પુસ્તકમાં નિર્દેશ થયેલો નથી. જ્યારે સંપ્રતિએ સમસ્ત દક્ષિણાવર્ત પર ઇતિહાસ ભરમાં અજોડ એવો વિજય મેળવેલો છે. ( જુઓ ઉપર ટી.નં.૨). સંપ્રતિની પૂર્વના અનેક નૃપતિઓ એવો વિજય પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયા છે એટલુંજ નહિ, સંપ્રતિની પછીના મહાન રાજવીઓ વિક્રમ, શ્રી હર્ષ, અકબર કે ઔરંગઝેબ જેવા પણ ત્યાં નિષ્ફળતાને વર્યા હતા.

(૨૮) અહીં મૂળમાં હિદ રાજ શબ્દ હોય એમ લાગે છે. અગાઉ તેનો અર્થ 'ખંડિયાં–રાજ્ય' કરવામાં આવતો હતો. અને એ શબ્દની પછી નિર્દેશાયલ યોન–કંબોજ આદિને ' ખંડિયાં રાજ્ય ' માનવામાં આવતાં હતાં. પણ આ સ્થળે ગિરનારનો તૂટતો ભાગ મળી આવતાં તેનો અર્થ ' અહીં રાજાના મુલકમાં '–એટલે કે જ્યાં જ્યાં પ્રિયદર્સિનું રાજ્ય છે ત્યાં ત્યાં સર્વત્ર–એ પ્રમાણે સ્પષ્ટ બન્યો છે અને એ પછી નિર્દેશાયલ યોન–કંબોજ વગેરે પ્રિયદર્સિની આજ્ઞાઓને માન્ય રાખતાં સરહદી અથવા તો ખંડિયાં–રાજ્યો હોવાનો સંભવ છે.

(૨૯) યોન અને કંબોજ એ બંને શબ્દો મહાભારત માં પણ સાથે મળી આવે છે અને પ્રિયદર્સિના પાંચમા શાસનમાં તેમજ મહાભારતમાં તે બંનેની પછી ગાંધાર શબ્દ આવે છે. તે જોતાં એ ત્રણે પ્રાન્તો હાલના સરહદી પ્રાન્તોની લગભગમાં હોવાનો સંભવ છે. [ વિશેષ માટે જુઓ પાંચમા શાસનની ટી. નં. ૯. ].

(૩૦) કા. માં નભિતિને સ્થળે નાભપંતિ છે, મ. માં નભપંતિ છે. આ પ્રદેશ પણ ઉપરના ત્રણે પ્રદેશોની નજીકમાં હોવાનો સંભવ છે. બુહર એમ માને છે કે ' બ્રહ્મવૈવર્ત ' પુરાણમાં હિમાલયની પેલે પારના જે નાભિકપુરનો ઉલ્લેખ કરેલો છે તે જ આ સ્થળ હોવું જોઇએ.

(૩૧) અહીં ભોજ–પિતિનિક શબ્દ વાપરેલ છે, જ્યારે પાંચમા શિલાલેખમાં રાષ્ટ્રીય–પિતિનિક શબ્દ છે. કેટલાક વિદ્વાનો પિતિનિકને ભોજ અને રાષ્ટ્રીક બંનેથી જુદો જ વર્ગ માને છે અને પિતિનિકને પૈઠણ શબ્દના સૂચક રૂપાંતર તરીકે ઓળખાવે છે. ડૉ. ભાંડારકર ' અંગુત્તરનિકાય ' અને ' મહાભાષ્ય 'ના આધારે ' પેત્તનિક 'નો અર્થ ' માંડલિક રાજા ' એવો કરે છે અને ભોજ–પિતિનિકનો અર્થ પશ્ચિમી ગુફાઓના શિલાલેખમાં ઉલ્લેખાયલ ' મહાભોજ ' હોવો જોઇએ એમ માને છે.

(૩૨) આ બંને દક્ષિણના વિશાળ પ્રદેશો છે. તેમાંના આંધ્રદેશ પર ઇતિહાસમાં પહેલ પ્રથમ વિજય સંપ્રતિએ મેળવેલ હોવાનું તો સાતમી સદીમાં રચાયલા પ્રમાણભૂત જૈન ગ્રન્થ નિશીથચૂર્ણિમાં સ્પષ્ટ આલેખાયું છે:

તેણ કુરુવિસયો અંધા દમિલા ય ઓયવિયા।

પુલિંદો સંબંધમાં લંબાણ હકીકત મહાભારતના સભાપર્વમાં મળી આવે છે. તેમનો પ્રદેશ ચેદી દેશની લગોલગ હતો અને તેમનું પાટનગર પુલિંદ હતું એમ તેમાં જણાવાયું છે.

(૩૩) ' પશ્ચિમે યોન, કંબોજ, ગાંધાર, સીરીયા ને ગ્રીસ પર્યન્ત; દક્ષિણે ચોડ, પાંડય, ચેર, આંધ્ર ને લંકા પર્યન્ત; ઉત્તરે હિમાલયની પણ પેલે પાર અને પૂર્વે સમુદ્રકાંઠા પર્યન્ત સઘળી પ્રજાઓ દેવાનુપ્રિયના ધર્માનુ–શાસનને અનુસરે છે.' મૌર્ય સામ્રાજ્યે અશોકના સમયમાં આટલો વિકાસ સાધ્યો હોય એવો બૌદ્ધ પુસ્તકમાં એક પણ નિર્દેશ નથી થયો. અશોકે તો પોતાના શાસનકાળનાં શરૂઆતનાં થોડાંક વર્ષ ભાઇઓને મારીને મેળવેલા મૌર્ય મહારાજ્યને વ્યવસ્થિત કરવામાં અને ક્રૂરતાપૂર્વક પ્રજાને દાબી દેવાને ભિન્ન ભિન્ન ઉપાયો અજમાવવામાં ગાળ્યાં છે ને બૌધ્ધ ધર્મ સ્વીકાર્યા પછી તેણે શાંતિનું જ સેવન કર્યું છે. ઉપર નિર્દેશાયલ સર્વ સ્થળે પહેલવહેલો વિજય સંપ્રતિએ જ મેળવ્યો છે અને તે સંબંધમાં જૈન સાહિત્યમાં ઠેરઠેર ઉલ્લેખો મળી આવે છે. [વધુ માટે જુઓ પાંચમા શાસનની ટી. નં. ૯.]

(૩૪) અહીં મૂળમાં દૂત શબ્દ છે. સંભવિત છે કે તે કદાચ ' ધર્મમહામાત્રાઓ ' ના અર્થમાં વપરાયલ હોય.

અને જો દૂતનો અર્થ રાજદ્વારી એલચી લઈએ તો પછી અર્થ એમ થાય કે પ્રિયદર્સિને જ્યાં જ્યાં એલચીઓ મોકલવાનો અધિકાર મળ્યો હતો ત્યાં ત્યાં સર્વત્ર તે એલચીઓ ધર્મનો પ્રચાર કરતા હતા અને ધર્મવિજય સાધતા હતા.

બીજી બાજુએ દૂતની સાથે સંકળાયલો વ્રજંતિ શબ્દ ખાસ ધ્યાન ખેંચે છે. કેમકે વિચરવું કે વિહાર કરવો એ રાજદ્વારી દૂતનું કાર્ય નથી. તે ક્રિયાપદ તો મુખ્યત્વે સાધુઓના વિહાર અંગે વપરાય છે. એટલે સંભવિત છે કે દૂત નો અર્થ, અનાર્ય ભૂમિને સાધુઓના વિહારને યોગ્ય બનાવવાને માટે સંપ્રતિએ તેના દરેક પ્રદેશોમાં અગાઉથી દૂત સમા કૃત્રિમ સાધુઓને મોકલેલા તે પણ થતો હોય. અનાર્ય પ્રજાને સાધુઓના આચારનો ખ્યાલ ન હોય. પરિણામે આચારનું પાલન કરતા સાચા સાધુઓ અનાર્ય ભૂમિમાં વિચરતાં અચકાય તે મુશ્કેલી દૂર કરવાને સંપ્રતિએ પોતાના દૂતોને કૃત્રિમ સાધુનો વેષ પહેરાવીને અનાર્યભૂમિમાં મોકલેલા. તેઓએ ત્યાંની પ્રજાને સાધુઓના આચારથી માહિતગાર બનાવી ને ધર્મનું પ્રાથમિક સ્વરૂપ સમજાવ્યું. તે પછી તે ભૂમિમાં સાચા સાધુઓ વિહરવા લાગ્યા ને લોકોને ધર્મમાં દૃઢ કરવા લાગ્યા.

(૩૫) પહેલાં બાહ્ય નિયમો—વ્રત, આચાર, પચ્ચખાણ—પળાવવાં, પછી ધર્મના પ્રાથમિક સિધ્ધાંતો સમજાવવા અને તે પછી ઉપદેશ સંભળાવવો એ જૈન ક્રમ છે. જૈન મુનિ નવા જિજ્ઞાસુને શરૂઆતમાં જ ધર્મના સિધ્ધાંતો સંભળાવવાને બદલે તેને વ્રત—નિયમને માર્ગે વાળશે અને પછી જ તેને સિદ્ધાંતોનું જ્ઞાન આપશે. પ્રિયદર્સિ કહે છે કે જ્યાં પોતાના દૂતો નથી વિચરતા ત્યાં પણ ઉકત ક્રમ અનુસાર ધાર્મિક પ્રગતિ ચાલુ જ છે.

(૩૬) ડૉ૦ ભાંડારકર આ વાકયનો અર્થ—'એ રીતે જે વિજય મેળવાય છે તે સર્વત્ર પ્રીતિરસથી ભરેલો વિજય છે' એ પ્રમાણે કરે છે.

(૩૭) પરલોકના વિષયમાં આટલો રસ જૈનત્વને સૂચક છે. કેમકે બૌદ્ધ ક્ષણિકવાદમાં લાગણી, દયા, માનવતા વગેરેને સ્થાન છે પણ પરલોકને વિશેષ મહત્ત્વ અપાયું નથી.

(૩૮) ચોથા અને છઠ્ઠા શાસનમાં પ્રિયદર્સિએ પુત્ર, પૌત્ર અને પ્રપૌત્ર; એ ક્રમ લખ્યો છે; જ્યારે અહીં તે પુત્રની પછી તરતજ પ્રપૌત્ર લખે છે તે ખાસ સૂચક છે. કાં તો શરતચૂકથી આમ થયું હોય અથવા તો પછી પૌત્ર વચગાળામાં ગુજરી ગયો હોય

(૩૯) અહીં પ્રિયદર્સિ પોતાના ઉત્તરાધિકારી નૃપતિઓને આક્રમણકારી યુદ્ધોથી મેળવાતા વિજયનો વિચાર પણ ન કરવાનો આદેશ કરે છે. તે પરથી કલિંગના યુધ્ધે તેના હૃદયને કેટલો આઘાત પહોંચાડ્યો હશે તેનું માપ નીકળે છે.

(૪૦) ડૉ૦ ભાંડારકર આ વાકયનો અર્થ—'અને બાણ (ના ઉપયોગ)થી જ મેળવી શકાતા વિજયના સંબંધમાં તેઓ સહનશીલતા અને હલકો દંડ રાખે'—એ પ્રમાણે કરે છે.

(૪૧) ધર્મ—વિજયને જ સાચો વિજય લેખવાની પ્રિયદર્સિનની સલાહને જો જગતના રાજનીતિજ્ઞો અનુસર્યા હોત તો પૃથ્વીના પટ પર વહેલી અને વહેતી લોહીની સરિતાઓ ખૂબ જ મર્યાદિત બની ગઈ હોત.

(૪૨) ગિરનારમાં આ શાસનની નીચે ડાબી બાજુએ બે પંક્તિઓ કોતરવામાં આવેલી છે અને તેમાંની પહેલી પંક્તિમાં કેવળ સેત શબ્દ વાંચી શકાય છે, અને બીજી વિષા વાંચી શકાય છે.

અને જમણી બાજુએ...વંસ્વેતો હસ્તિ સર્વ લો... સુખાહરો નામ—સર્વ લોકને માટે સુખ લાવનારો સં... શ્વેત હસ્તી—એ પંક્તિ વંચાય છે.

## चतुर्दशम शासन[1]–[ गिरनार ]

१ (क) अयं धंमलिपी देवानंप्रियेन प्रियदसिना राञा लेखापिता[2] अस्ति एव

२ संखितेन अस्ति मझमेन अस्ति विस्ततन[3] (ख) न च[4] सर्वं सर्वत घटितं

३ (ग) महालके हि विजितं बहु च लिखितं लिखापयिसं चेव[5] (घ) अस्ति च एत कं

४ पुन पुन वुतं[6] तस तस अथस माधूरताय किंति[7] जनो तथा पटिपजेथ

५ (ङ) तत्र एकदा[8] असमातं लिखितं अस देसं[9] व सछाय[10] कारणं व

६ अलोचत्पा लिपिकरापरधेन[11] व

---

૧ મ. ધૌ. અને જ. માં આ શાસનનો કેટલોક ભાગ તૂટી ગયો છે.

૨ મ. प्रिय......जिन लिखपित શા. -प्रियशिन रम निपिसपित

૩ विस्ततेन હોવું જોઈએ. કા. અને જ. विथटेना શા. विस्त्रिटेन

૪ બીજાં શાસનોમાં हि છે.

૫ કા. માં चेव પછી निक्यं અને મ. માં नि... વિશેષ મળી આવે છે.

૬ શા. लपितम्

૭ કા. શા. અને મ.માં येन છે.

૮ કા. पे पाया अत लिछि શા. मो सिय व अत्र किचे ધૌ. અને જ. ए पि सु हेत असमति

૯ કા. दिया શા. देशम्

૧૦ કા. संखेये શા. અને મ. संक्षय

૧૧ શા. लिपिकरस व अपरधेन

પણ અનુસરવાના હેતુથી, વર્તમાન તેમજ ભૂતકાળે તીર્થધામનાં દર્શને આવતાં મનુષ્યની સરેરાશ ઊંચાઈથી પ્રવેશ દ્વાર હંમેશાં કાંઈક નીચું રખાતું આવ્યું છે. એટલે જૈન ગ્રંથોમાં તે વખતના મનુષ્યની ઊંચાઇ ૭ હાથ=૧૦થી ૧૦॥ ફીટ લખાયાનું જે માલમ પડે છે તેને આ શિલ્પદર્શોથી સમર્થન મળતું પણ ગણાશે. આ શિલ્પોનાં સૂક્ષ્મ વર્ણનના અભિલાષીઓએ સર અલેકઝાંડર કનિંગહામનું 'ધી ભારહુત સ્તૂપ' અને તેના સમકાલિક જનરલ મેઇઝીનું 'સાંચી એન્ડ ઇટ્સ રીમેઇન્સ' નામે પુસ્તકો અવલોકવાં.

પટ નં. ૭ માં બે બ્લોક ચિત્રો છે. પ્રાચીન સમયે વપરાતી બ્રાહ્મીલિપિના મૂળાક્ષરો નીચેના બ્લોકમાં બતાવ્યા છે. પ્રિયદર્શીના લેખો મુખ્યત્વે આ લિપિમાં લખાયા છે. એટલે તેના અભ્યાસથી ઉપરનું ચિત્ર જેને અત્યારે 'સાંચ. સ્થંભ' તરીકે વિદ્વાનો ઓળખાવે છે. તેનો ઉકેલ પણ વાચકગણ કરી શકશે. વળી તેનો જે ઉકેલ અત્યારે થઇ રહ્યો છે તેનું વર્ણન પૃ. ૧૮૬ થી ૧૯૨ માં આપ્યું છે; જ્યારે તેનો ખરો ઉકેલ તેને ઇ. સ. ૧૮૫૧ માં નજરે જોનાર જનરલ મેઇઝીએ તે સમયે જળવાઈ રહેલા અક્ષરો વાંચી ને કર્યો હતો તે સદાશરો સમજૂતિ સહિત અમે પૃ. ૨૩૨ થી ૨૩૫ માં આપ્યો છે. સાત વર્ષ ઉપર 'પ્રાચીન ભારતવર્ષ' પ્રકાશન વખતે અમે જે આનુમાનિક નિર્ણયો બાંધ્યા હતા તેને હવે શિલાલેખી પુરાવો મળતાં પાકા નિર્ણયરૂપે જાહેર કરતાં અમને આલ્હાદ થાય છે તથા તે સર્વ સમજૂતિ વાંચી જવા વાચકગણને વિનંતિ છે. આ હકીકત અમે પ્રસ્તાવનામાં પૃ. ૫ ઉપર જણાવી છે. વળી ફરીને ભારપૂર્વક જણાવીએ છીએ કે આ સાંચીનું સ્થળજ ભગવાન મહાવીરની નિર્વાણભૂમિનું મૂળ સ્થાન છે.

પટ નં. ૮ ઉપરનાં ત્રણ ચિત્રોમાંના પ્રથમનાં બે—સાંચી ગામેથી જે અનેક અવશેષો મળી આવ્યાં છે તેમાંના બે સ્થંભો છે. વિશેષ અધિકાર 'સાંચી સ્તૂપ'ના વર્ણને છે. વળી થોડીક હકીકત પ્રાક્કથન પૃ. ૧, ચિત્ર નં. ૨૮–૨૯ પૃ. ૧૮૯ માં પણ આપી છે. ત્રીજું ચિત્ર સારનાથના સ્થંભનું છે તેને બૌદ્ધ પ્રતિક તરીકે અત્યારે ખોટી રીતે લેખાઇ રહ્યું છે. તેની ટોચે સિંહની ચતુર્મુખી આકૃતિ છે. તેનેજ મળતું એક ચિત્ર (નીચેના ત્રણમાંનું વચ્ચેનું) સાંચી સ્થંભનું રજુ કર્યું છે. અને સાંચીના કરો તો હવે જૈનધર્મી હોવાનાં પુરવાર થઇ રહ્યાં છે એટલે સારનાથને પણ જૈન સ્થંભ તરીકે જ ઓળખવો પડશે. નં. ૪ અને નં. ૬ ચિત્ર (નીચેના ત્રણમાંનું પહેલું અને છેલ્લું) અનુક્રમે વૈશાલી–સ્થંભ અને સંકિસા–સ્થંભ છે. આ છએ ચિત્રો જૈન ધર્મનાં પ્રતીક છે. તે માટે પ્રિયદર્શીની કૃતિઓ દર્શાવતો નકશો જે જોડ્યો છે તે તથા તેની સમજૂતિ વાંચી જુઓ.

પટ નં. ૯ માં ચાર ચિત્રો છે. ઉપરના બેમાંનું પ્રથમ લોરીયા–નંદનગઢ સ્થંભનું ચિત્ર પણ શ્રી મહાવીરના [illegible] હોઇ જૈન ધર્મનું સ્મારક છે. વિશેષ સમજૂતિ માટે પ્રિયદર્શીની કૃતિવાળા [illegible] પૃ. ૧. ચિત્ર નં. ૧૮. પૃ. ૧૨૨–૩ નું વર્ણન જુઓ. બીજું ચિત્ર ગોમટેશ્વરની મૂર્તિનું છે [illegible] તીર્થ [illegible] ફીટ કરતાં વધારે ઊંચા પથ્થરમાંથી અખંડ કોતરેલી [illegible] લેખવામાં આવે છે. અત્યાર સુધી તેને બાહુબલીજી [illegible] વસ્તુઓમાંની એક [illegible] આવેલા શિલાલેખો અને અન્ય પ્રમાણો [illegible] છે. પરંતુ તે સ્થાનેથી મળી [illegible] મૂળ નિવાસક સમ્રાટ સંપ્રતિના પ્રતિમા [illegible] તે મૂર્તિના મૂળ [illegible] હવે અમે [illegible]

[illegible]

# ચૌદમું શાસન—[ ગિરનાર ]

(क) દેવાનુપ્રિય પ્રિયદસિ રાજાએ આ ધર્માનુશાસન (કોઈ ઠેકાણે) સંક્ષેપમાં, (કોઇ ઠેકાણે) મધ્યમસર કે (કોઇ ઠેકાણે) વિસ્તારથી કોતરાવેલ છે.

(ख) સર્વ સ્થળે સર્વ સુઘટિત નહોતું.[1]

(ग) રાજ્ય પણ વિસ્તૃત છે,[2] અને ઘણું લખાયું છે તેમજ હજી ઘણું લખાવીશ પણ ખરો.[3]

(घ) મધુરતાના કારણે કેટલીક બાબતો ફરી ફરીને જણાવવામાં આવેલી છે,[4] જેથી માણસો તે પ્રમાણે વર્તે.

(ङ) કેટલાક પ્રસંગોમાં દેશનો વિચાર કરીને, અથવા તો ટુંકાવવાના કારણે અથવા તો લિપિકારના દોષને લઇને અધૂરું પણ લખાયું હશે.[5]

---

(૧) પ્રિયદસિનાં કેટલાંક શાસનોમાં જે ફેરફાર નજરે ચડે છે તેનો ઉકેલ અહીંથી મળી રહે છે. શાસનો કોતરાવતી વખતે સ્થળ અને પ્રજા–માનસનો ખાસ વિચાર કરવામાં આવેલો છે અને તે અનુસાર તેમાં ફેર કરાયલો છે.

(૨) આમાંથી પ્રિયદસિનું સામ્રાજ્ય અતિ વિસ્તૃત હોવાનું સૂચન મળી રહે છે.

(૩) આ પરથી જણાય છે કે તેણે આ મુખ્ય શિલાલેખોની પૂર્વે પણ ધર્મલિપિઓ કોતરાવેલી છે અને પછી પણ કોતરાવવાનો છે. આ પરથી નાના ખડકલેખો તેણે શરૂઆતમાં કોતરાવ્યા હોય, મુખ્ય ખડકલેખો રાજ્યાભિષેકના બારમા–તેરમા વર્ષે કોતરાવ્યા હોય અને સ્થંભલેખો તેમાં જણાવાયા પ્રમાણે રાજ્યાભિષેકના વીશથી ત્રીસ વર્ષના ગાળા દરમિયાન કોતરાયા હોય તે મંતવ્ય વ્યાજબી લાગે છે. બીજી બાજુ શ્રી. પી. સી. મુકરજી જણાવે છે કે– 'શિલાલેખો તો સંપ્રતિના છે જ, પણ સ્થંભલેખ અશોકના હોવાનો સંભવ છે.' તે માન્યતાને પણ એ અસંભવિત ઠરવે છે. શિલાલેખો અને સ્થંભલેખો બન્ને એકજ રાજવી–સંપ્રતિના છે.

(૪) શિલાલેખોમાં જે કેટલાંક વાકયોની પુનરાવૃત્તિ થાય છે તેનો ઉકેલ પણ અહીં મળી રહે છે. માધુર્ય અથવા તો પ્રજાના મન પર ઊંડી અસર પાડવાને ખાતર કેટલાંક વાકયો બેવડી વાર કોતરાયાં છે.

(૫) આ વાકયના અર્થ સંબંધી કેટલાક સંશોધકોમાં મતભેદ છે. ડૉ. ભાંડારકર, હુલ્ઝ, મુકરજી ઇ.ઇ.એ લગભગ ઉપર પ્રમાણે જ અર્થ લીધો છે. અને આ શાસનનું બીજું વાકય જોતાં, તેજ અર્થ સાચો હોવાનો સંભવ છે. પરંતુ બુહર અને સ્મીથ તે અર્થથી સહેજ જુદા પડે છે. બુહર તે વાકયનો અર્થ આ પ્રમાણે કરે છે– 'પરંતુ અહીં કેટલુંક અધૂરું લખાયું હશે ખરું, પછી તે જગ્યાના કારણે હો, કે ખાસ નકકી કરવાના કોઇ કારણને લઇને હો, કે લિપિકારની ભૂલને લઇને હો;' સ્મીથ તે સ્થળે નીચે પ્રમાણે અર્થ કરે છે– 'કોઇ ફકરો નષ્ટ થવાના કારણે કે ગેરસમજના કારણે કે લિપિકારના અપરાધથી કંઇ અધૂરું લખાયું હશે ખરું'.

## प्रथम कलिंग–भिन्न शासन–[धौलि]

१ (क) देवानंपियस वचनेन तोसलियं महामात[1] नगलवियोहालका

२ वतविय (ख) अं किछि दखामि हकं तं इछामि किंति कंमन[2] पटिपादयेहं[3]

३ दुवालते च आलभेहं (ग) एस च मे मोख्यमत[4] दुवाल एतसि[5] अठसि[6] अं तुफेसु

४ अनुसथि (घ) तुफे हि बहूस पानसहसेसु आयत पनयं गछेम सु मुनिसानं (ङ) सवे

५ मुनिसे पजा ममा (च) अथा पजाये इछामि हकं किंति सवेन हितसुखेन हिदलोकिक–

६ पाललोकिकेन यूजेवू[7] ति तथा........[8] मुनिसेसु पि इछामि हकं (छ) नो च[9] पापुनाथ आवग–[10]

७ मुके इयं अठे (ज) केछ व एकपुलिसे[11] ........[12] नाति एतं से पि देसं नो सवं (झ) देखत हि तुफे एतं[13]

८ सुविहिता [14] पि (ञ) नितियं एकपुलिसे पि अथि ये बधनं[15] वा पलिकिलेसं वा पापुनाति (ट) तत होति

९ अकस्मा तेन[16] बधनंतिक अंने च........[17] हु जने दविये दुखीयति (ठ) तत इछितविये

१० तुफेहि किंति मझं पटिपादयेमा ति (ड) इमेहि चु जातेहि नो संपटिपजति[18] इसाय आसुलोपेन

११ निठूलियेन तूलनाय अनावूतिय आलसियेन किलमथेन (ढ) से इछितविये किंति[19] एते

१२ जाता नो हुवेवु ममा ति (ण) एतस च सवस मूले अनासुलोपे अतूलना च (त) नितियं ए किलंते सिया

१३ न ते उगछ[20] संचलितविये[21] तु वटितविये[22] एतविये वा (थ) हेवंमेव ए दखेय[23] तुफाक तेन वतविये

१४ आनंने देखत[२४] हेवं न हेवं च देवानंपियस अनुसथि (द) से[२५] महाफले ए
तस संपटिपाद

१५ महाअपाये अंसपटिपति (ध) विपटिपादयमीने हि एतं नथि स्वगस आलधि नो
लाजालधि

१६ (न) दुआहले हि इमस कंमस मे कुते मनोअतिलेके (प) संपटिपजमीने तु
एतं स्वगं

१७ आलाधयिसथ मम च आननियं एहथ (फ) इयं च लिपि तिसनखतेन [२६] सोतविया

१८ (ब) अंतला पि च तिसेन खनसि खनसि एकेन सोतविय (भ) हेवं च कलंतं तुफे

१९ चघथ संपटिपादयितवे (म) एताये अठाये इयं लिपि लिखित हिद एन

२० नगलवियोहालका[२७] सस्वतं समयं यूजवू ति........[२८] नस अकस्मा पलिबोधे व

२१ अकस्मा पलिकिलेसे व नो सिया ति (य) एताये च अठाये हकं........[२९] मते
पंचसु पंचसु वसे–

२२ सु[३०] निखामयिसामि ए[३१] अखखसे अचंडे सखिनालंभे होसति एतं अठं
जानितु.......तथा

२३ कलंति अथ मम अनुसथी ति (र) उजेनिते पि च कुमाले एताये व अठाये
निखामयिस........

२४ हेदिसमेव वगं नो च अतिकामयिसति तिंनि वसानि (ल) हेमेव तखसिलाते पि
(व) अदा अ........

२५ ते महामाता[३२] निखमिसंति अनुसयानं तदा अहापयितु अतने कंमं एतं पि
जानिसंति

२६ तं पि तथा कलंति अथ लाजिने अनुसथी ति

૧ જ. देवानंपिये हेवं आहा समापायं महामाता

૨ જ. कं कमन

૩ સેનાર્ટ અને બુહ્લર पटिवेद વાંચે છે.

૪ જ. मोखियमत

૫-૬. આ બંને શબ્દ જ માં નથી.

૭ જ. માં यूजेयूति છે અને તે हिदलोकिक ની પહેલાં મુકાયલ છે.

૮ જ. सवमुनिसेमु

૯ જ. नो चु तुके एत पापुनाथ

૧૦ સેનાર્ટ અને બુહ્લર आवागमके વાંચે છે.

૧૧ જ. एकमुनिसे

૧૨ જ. पापुनाति

૧૩ જ. पि

૧૪ જ. मुविता

૧૫ જ. बहुक अठि ये एति एकमुनिसे बंधनं

૧૬ જ. ति तन (હુલ્ઝ)

૧૭ बहु હોવું જોઈએ. જ. अन्ये च वगे महुके जने दविये वेदयति

૧૮ જ. માં આ સ્થળે સેનાર્ટ संवटिपजति વાંચે છે, બુહ્લર संटिपजति વાંચે છે અને હુલ્ઝ पटिपजति વાંચે છે.

૧૯ જ. किति

૨૦ उगच्छे હોવું જોઈએ. જ. उपाया

૨૧ જ. संचलितु उपाया संचलितव्ये

૨૨ જ. માં હુલ્ઝ वटितविय વાંચે છે. સેનાર્ટ અને બુહ્લર घजितविय વાંચે છે. જ. एतविये पि नीतियं

૨૩ સેનાર્ટ અને બુહ્લર અહીં दखिये વાંચે છે. જ. માં હુલ્ઝ दखेया વાંચે છે અને સેનાર્ટ અને બુહ્લર देखेयि વાંચે છે.

૨૪ જ. निज्झपेतविये

૨૫ જ. एतम्

૨૬ જ. अनुतिसं

૨૭ જ. महामाता नगलक

૨૮ एन जनस અથવા नगल-जनस હોવું જોઈએ.

૨૯ महामातं અથવા धंमते હોવું જોઈએ.

૩૦ જ. માં આની પછી अनुसयानं—એ એક વિશેષ શબ્દ છે.

૩૧ જ. महामातं अचंडं अफलुसं त

૩૨ જ. ... वचनिक

## કલિંગનું પ્રથમ ભિન્ન શાસન—[ધૌલી][1]

(क) દેવાનુપ્રિયના આદેશથી, નગરની વ્યવસ્થા જાળવતા તોસલીના[2] મહામાત્રાઓને આમ કહેવું—

(ख). મને જે કંઇ યોગ્ય લાગે તેને અમલમાં મૂકવાની હું ઇચ્છા સેવું છું અને યોગ્ય સાધનો દ્વારા તેની શરૂઆત કરૂં છું.[3]

(ग) અને હું માનું છું કે તમને ઉપદેશ કરવો (આજ્ઞા કરવી) એ (ઉક્ત) હેતુ સાધવાનું મુખ્ય સાધન છે.[4]

(घ) કારણ કે સારાં માણસોની પ્રીતિ સંપાદન કરવાને તમે હજારો પ્રાણના ઉપરી નિમાયા છો.[5]

(ङ) સર્વે માણસો મારાં સંતાન છે.[6]

(च) જેવી રીતે મારાં સંતાનોની[7] બાબતમાં હું ઇચ્છું છું કે તેઓ આ લોક તેમજ પર લોકને લગતાં સર્વે હિતસુખ મેળવે તેવી જ રીતે સર્વ મનુષ્યની બાબતમાં હું એવું જ ઇચ્છું છું.

(छ) પરંતુ તમે તે નથી જોતા કે મારો એ હેતુ કેટલે દરજ્જે સધાય છે.[8]

(ज) કોઈક વ્યક્તિ (અમલદાર) તેના ઉપર ધ્યાન આપે છે; પણ તે અમુક જ ભાગ ઉપર, આખા ઉપર નહિ.[9]

(झ) જો કે નીતિસૂત્રો સારી રીતે દર્શાવાયાં છે,[10] છતાં ધ્યાન આપો કે—

(ञ) રાજવહીવટમાં એવું બને છે કે એકાદ વ્યક્તિ બંધન કે કનડગત ભોગવે છે.

(ट) તેમાં અકસ્માતથી મોત નીપજે છે[11] અને તેથી ઘણી વ્યક્તિઓને અતિશય દુઃખ પહોંચે છે.

(ठ) માટે તમારે મધ્યમમાર્ગ[12] ગ્રહણ કરવો જોઇએ.

(ड) ઇર્ષા, ખંતની ખામી, નિષ્ઠુરતા, અધિરાઇ, અભ્યાસની ખામી, આળસ અને થાકની લાગણી—એ જાતના સ્વભાવથી કોઇ પણ માણસ યોગ્ય વર્તન રાખી શકે નહિ.[13]

(ढ) તમારે ઈચ્છવું જોઇએ કે, "આ જાતનો સ્વભાવ મારો ન થાય."[14]

(ण) એ સર્વનું મૂળ ખંત અને ધીરજ છે.

વહીવટમાં થાકી જનારનો ઉદય નહિ થાય; મનુષ્યે સંચરવું જોઇએ, આગળ વધવું
જોઇએ અને પ્રગતિ કરવી જોઇએ.[૧૫]
(ય) જે આ પ્રમાણે વર્તે છે તેણે તમને તમારૂં (રાજા પ્રત્યેનું) ઋણ ચુકવવાને કહેવું
જોઇએ કે[૧૬]—" દેવાનુપ્રિયની આજ્ઞા આ પ્રમાણે છે."
(દ) તેનું પાલન કરવાથી મહાફળ મળે છે, પાલન ન કરવાથી ભારે નુકશાન થાય છે.[૧૭]
(ધ) તેનાથી વિપરીત રીતે વર્તનાર સ્વર્ગ મેળવી શકતો નથી, તેમજ રાજાને પ્રસન્ન રાખી
શકતો નથી.
(ન) આ પરત્વે હું ખૂબ જ ધ્યાન આપું છું તેનું કારણ બમણો લાભ છે.[૧૮]
(પ) કેમકે તેનું પાલન કરીને તમે સ્વર્ગ મેળવશો અને મારા પ્રત્યેનું ઋણ ફેડશો.
(ફ) અને આ લિપિ તિષ્યનક્ષત્રમાં સાંભળવી જોઇએ.[૧૯]
(બ) અને તિષ્યના વચગાળાના દિવસોમાં, ઉત્સવ–પ્રસંગે, એકેક માણસ પણ તે સાંભળી
શકે.[૨૦]
) આમ કરીને તમે (મારી આજ્ઞાને) અમલમાં મૂકવાને સમર્થ થશો.
) એ હેતુથી આ લિપિ અહીં લખાવી છે કે નગરની વ્યવસ્થા જાળવતા ન્યાયાધીશો
સ્થાપિત નીતિનિયમોથી યુક્ત રહે[૨૧] અને નગરજનોને વિના કારણે બંધન કે કન-
ડગત થવા ન પામે.
(પ) આ કારણને માટે હું દર પાંચ પાંચ વર્ષે મહામાત્રાઓને ફેરણી કરવા મોકલીશ[૨૨]
જેઓ કામમાં કડક નહિ થાય, તેમજ મિજાજી નહિ થાય, (પણ) નમ્ર થશે. (અને)
મારી આજ્ઞાનું હેતુયુક્ત પાલન થાય છે કે કેમ તે અવલોકશે.[૨૩]
(ર) અને ઉજ્જયિનીથી[૨૪] કુમાર પણ આ હેતુને માટે એ વર્ગના (અમલદારો)ને મોકલશે
અને તેમાં ત્રણ વર્ષ કરતાં વધારે આંતરો રહેશે નહિ.[૨૫]
(ળ) તેવી જ રીતે તક્ષશિલાથી પણ.[૨૬]
(વ) તે મહામાત્રાઓ ફેરવણીએ જાય ત્યારે તેઓ, પોતાની ફરજો તજ્યા વિના (નગર-
ન્યાયાધીશો) રાજાની આજ્ઞાનું યોગ્ય પાલન કરે છે કે કેમ તે પણ અવલોકશે.[૨૭]

(૧) પ્રિયદર્શિના ચૌદ મુખ્ય શિલાલેખો ગિરનાર, કાલસી, શાહબાઝગઢી અને મનસેરામાં લગભગ એક સરખા સ્વરૂપમાં લેવામાં આવ્યા છે. પણ ધૌલી અને જગૌડામાં તે મુખ્ય ચૌદ શિલાલેખોમાંના ૧૧-૧૨-૧૩ એ ત્રણને રદ કરવામાં આવ્યા છે અને તેને સ્થળે બે ભિન્ન શિલાલેખો કોતરવામાં આવ્યા છે. એનું કારણ એ જણાય છે કે ધૌલી-જગૌડા કલીંગની હદમાં આવેલાં છે, અને તેરમું શાસન કલિંગના વિજયને લગતું હોઇ તે કોતરાવવાથી ત્યાંની પ્રજાનાં હૃદય દુભાશે એમ ધારી પ્રિયદર્શિએ તે શાસનને રદ કરવાને તેની પાછળનાં બે શાસન (નં. ૧૧, ૧૨) પણ સાથેસાથ રદ કરી નાંખ્યાં. અને તે ત્રણુ શાસનને સ્થળે, છતાંયલી પ્રજાના મનદુઃખને ઓછું કરવાનો પ્રયત્ન કરતાં બે નવાં શાસનો તૈયાર કરાવ્યાં. (ચૌદમા-અંતિમ શાસનમાં પ્રિયદર્શિએ શાસનોના પરત્વે કરેલો ખુલાસો આ મંતવ્યના ટેકારૂપ બને છે.) અને કલિંગની હદનાં બંને સ્થળો:-ધૌલી અને જગૌડામાં નં. ૧૧-૧૨-૧૩-ને સ્થળે તે બંને શાસન કોતરાવ્યાં. તેમાંથી પહેલું શાસન અહીં, ધૌલીનું રજૂ કરેલ છે અને બીજું જગૌડાનું રજૂ કરેલ છે. ધૌલીના પહેલા શાસન કરતાં જગૌડાના પહેલા શાસનમાં જે નજીવો ફેરફાર છે અને જગૌડાના બીજા શાસન કરતાં ધૌલીના બીજા શાસનમાં જે નજીવો ફેરફાર છે તે મૂળ શાસનોની ફૂટનોટોમાં જોઇ શકાશે, તેમજ મહત્ત્વનો ફેરફાર આ ફૂટનોટોમાં પણ રજૂ થશે.

(૨) જગૌડામાં આ સ્થળે સમાપા છે. તે પરથી એમ માનવાને કારણ મળે છે કે તોસલી અને સમાપા એ બંને કલિંગનાં મહત્ત્વનાં સ્થળો હોવાં જોઇએ. ધૌલીનાં શાસન જ્યાં કોતરાયાં છે તે પ્રદેશ તોસલીની હદમાં આવેલ હોવો જોઇએ અને જગૌડાનાં શાસન જ્યાં કોતરાયાં છે તે પ્રદેશ સમાપાની હદમાં આવેલ હોવો જોઇએ. કટક જીલ્લામાં મળી આવેલા બે તામ્રલેખોના આધારે જાણી શકાય છે કે તોસલી ઉત્તર-તોસલી અને દક્ષિણ-તોસલી એમ બે વિભાગમાં વ્હેંચાયલ હતું.

(૩) આ વાક્ય રાજાની કર્તવ્યપરાયણતાનું સૂચક છે.

(૪) આજના રાજવીઓની જેમ પ્રિયદર્શિ પોતાના અમલદારોને રાજતંત્રને ચાલુ રાખનારું પૂતળાંજ નથી સમજતો, પણ પ્રજાની ઉન્નતિ કરી તે તેમને સાધન બનાવવા ઇચ્છે છે.

(૫) 'પ્રાણ' એ જૈન પારિભાષિક શબ્દ છે. પ્રિયદર્શિ રાજા અમલદારોની નિમણૂક પાછળ કેવળ રાજતંત્રને ચાલુ રાખવાનો નહિ, પણ સર્વેસર્વ પ્રજાની પ્રીતિ સંપાદન કરવાનો પણ આદર્શ લેવે છે.

(૬) આર્ય રાજધર્મનું આ પ્રથમ સૂત્ર છે. રાજાનું સ્થાન પિતા તરીકે છે, અને પ્રજાનું સ્થાન સંતાન તરીકે છે. સંસ્કૃત ભાષામાં બંનેને માટે પ્રજા શબ્દ વપરાય છે. શાકુન્તલમાં કાલિદાસ એ ભાવને સુંદર રીતે વ્યક્ત કરતાં લખે છે प्रजाः प्रजाः स्वा इव तन्त्रयित्वा ...

(૭) દરેક શિલાલેખમાં પ્રિયદર્શિ આ લોક અને પરલોકને સરખું મહત્ત્વ આપે છે, તે તેના હૃદયમાં રમતી જૈનત્વની પરમ ભાવનાનું સૂચક છે.

(૮-૯) પ્રજાના હિતને ખાતર અમલદારોને આવો જાહેર ઉપાલંભ કોઈ વિરલ રાજવીજ આપી શકે છે.

(૧૦) આ નીતિસૂત્રોથી પ્રિયદર્શિ, કાં તો અમલદારોની ફરજને અંગે રાજનીતિશાસ્ત્રોમાં લખાયેલાં પ્રકરણોનું સૂચન કરે છે અથવા તો પછી જેમાં અમલદારોની ફરજ વર્ણવવામાં આવી છે એવાં પોતાનાં પૂર્વનાં શાસનોનો નિર્દેશ કરે છે. તેનો કહેવાનો ભાવાર્થ એ છે કે-'તમારી ફરજો અંગે રાજનીતિનાં પુસ્તકોમાં ઘણું લખાયું છે, અને શિલાલેખોમાં મેં પણ ઘણું સૂચવ્યું છે; છતાં ફરી ધ્યાન આપો કે '...

(૧૧) અહીં પ્રિયદર્શિ, રાજદ્વારી કેદીઓનું સૂચન કરે છે. કલિંગ પર પ્રિયદર્શિએ નવો વિજય મેળવેલો હોઇને હજારો રાજદ્વારી કેદીઓ બંધનમાં હોય એ સ્વાભાવિક છે. તેમને સજા થાય તે પણ સ્વાભાવિક છે. એવી સજા અને કનાગતનાં પરિણામે આજની સુધરેલી જેલોમાં પણ ઘણી વખત એવ

છે તો તે સમગ્રે તેમ બને તે સહજ અને
છે.

(૧૨) મધ્યમ માર્ગથી પ્રિયદસિ એમ સૂચવવા
છે કે કેદીઓને મુક્ત કરી દેવા તે સલાહભર્યું
, તેમ તેમને મોતની હદ સુધી દંડવા એ પણ ઠીક
ી. તેમને કેદમાં સારી રીતે રાખવા જોઈએ. આ
તે કેદ-સુધારણાની પ્રથમ શરૂઆતનું માન પ્રિયદસિને
ળે જાય છે.

(૧૩) અમલદારોને યોગ્ય વર્તન જાળવવામાં
જે દુર્ગુણો એ વખતે નડતરસમા બનતા હતા, તે જ
દુર્ગુણો આજે પણ નડતરરૂપ બને છે. આજના
અમલદાર વર્ગે પણ આ દુર્ગુણોને દૂર કરવા જરૂરી છે.

(૧૪) અહીં પ્રિયદસિ, અમલદારોને આત્મ-
વિચારણાનો ઉપદેશ આપે છે. ઉપરના દુર્ગુણો
તેમનામાં ન પ્રવેશી જાય તે માટે સતત સાવધ રહેવાની
પણ તે તેમને સલાહ આપે છે.

(૧૫) પ્રિયદસિ અહીં પોતાના અમલદારોને
સંચલન, ગતિ અને પ્રગતિ—એમ પુરુષાર્થનાં ત્રણ પગ-
થિયાં દર્શાવે છે. પુરુષાર્થને આટલું મહત્ત્વ જૈન ધર્મમાં
જ અપાયેલું છે. જૈનો પુરુષાર્થ, ભાગ્ય, નિયતિ, સ્વભાવ
ને કાળ—એ પાંચ તત્ત્વોને પ્રગતિના મૂળ તરીકે ઓળ-
ખે છે, પરંતુ તેમાં પણ પુરુષાર્થનું સ્થાન સૌથી
ઊંચું લેખવામાં આવે છે.

(૧૬) આ પરથી જણાય છે કે અમલદારોને
સલાહ આપવાનો અધિકાર પણ વિશિષ્ટ સદ્વર્તનશીલ
પ્રજાજનોને હતો.

(૧૭) પ્રજા-વિકાસની રાજાની યોજનાઓનું
પાલન ન કરનાર અધિકારીઓને તે સમયે સજા થતી
હોવાનું આમાંથી સૂચન નીકળે છે.

(૧૮) ડૉ૦ ભાંડારકર આ બે વાક્યોનો અર્થ
નીચે પ્રમાણે કરે છે—

"મેં (નાંખેલી) આ ફરજનું આ રીતે બે પ્રકા-
રનું પરિણામ આવે છે. તમારા મનમાં શંકા શા માટે
હોય ! તે બરાબર અદા થશે તો તમે સ્વર્ગને મેળવશો
અને મારા પ્રત્યેનું ઋણ ફેડશો."

બુહ્લર અહીં એવો અર્થ કરે છે કે—

"જો કોઈ આ ફરજ પ્રત્યે અસંતોષજનક વલણ
દાખવે તો મારું મન પ્રસન્ન શી રીતે થઈ શકે ?"

વીન્સેન્ટ સ્મીથ અહીં એવો અર્થ કરે છે કે—

"આ ફરજનું ગેરવ્યાજબી પાલન મારી પ્રસન્નતા
ન મેળવી શકે."

(૧૯) આ નક્ષત્ર પવિત્ર મનાય છે. જૈન દૃષ્ટિએ
પણ તેનું ખૂબ જ મહત્ત્વ છે. ભગવાન પાર્શ્વનાથનો
જન્મ (પોષ વદ-૧૦), ભગવાન પાર્શ્વનાથની દીક્ષા
(પોષ વદ-૧૧), ભગવાન મહાવીરસ્વામીની દીક્ષા
(માગસર વદ-૧૧) વગેરે, આ નક્ષત્રની લગભગમાં
થયેલ હોઈ પ્રિયદસિએ તેને અતિ પવિત્ર લેખ્યું છે
અને તે સમયે ધર્મલિપિ શ્રવણ કરવાની તે સૂચના કરે
છે. આ રીતે ધાર્મિક સૂત્ર કે પ્રવચન સાંભળવાની
પ્રથા જૈનોમાં વિશેષ પ્રચારમાં હતી, અને આજે પણ
પર્યુષણાદિ પર્વમાં એ પ્રથાનો અમલ થાય છે.

(૨૦) અઠ્ઠાઈ મહોત્સવ આદિ ધાર્મિક વ્યાખ્યાનો
વાંચવાની અને સાંભળવાની પ્રથા આજે પણ જૈન
સમાજમાં પ્રચલિત છે. વળી પ્રવાસ કે ઉત્સવાદિ પ્રસંગે
એકેક વ્યક્તિને પણ માંગલિક સંભળાવવાની પ્રથા
આજે પણ જૈન સમાજમાં પ્રચલિત છે.

(૨૧) વ્યવસ્થા જાળવવાને જુદાં જુદાં નગરોમાં
નિમાયેલા ન્યાયાધીશો, પ્રજાકલ્યાણ પરત્વે પ્રિયદસિએ
ભિન્ન ભિન્ન શિલાલેખોમાં અને આ શિલાલેખોમાં પણ
(જુઓ ૫)દર્શાવેલ નિયમોનું પાલન કરે અને પ્રજાને કનડ-
ગત થવા ન પામે તે માટે પ્રિયદસિ અહીં જેટલી ઉત્સુકતા
દાખવે છે તે સાથે સરખાવતાં આજના સુધરેલા નૃપતિઓ
પણ સાવ ઝાંખા લાગે છે.

(૨૨) બૌદ્ધ સાહિત્યમાં અશોકની રાજ્ય-
વ્યવસ્થાનું વિગતવાર વર્ણન મળી આવે છે. પણ
તેમાં મહામાત્રાઓને ફેરણીએ મોકલવાના આ
મહત્ત્વના કાર્યનો તો નિર્દેશ જ નથી થયો, જે
વસ્તુસ્થિતિ આ શિલાલેખો અશોકના નથી એ
મંતવ્યને ટેકારૂપ નીવડે છે.

(૨૩) આજે જગતની સર્વ રાજ્યવ્યવસ્થાઓમાં
કાયદાનું કેવળ શાબ્દિક પાલન જ થાય છે. હેતુ તે
ચાલાક વકીલોના પગ નીચે જ કચરાયા કરે છે

તે પોતાની જાત પ્રત્યે જેવી લાગણી ધરાવે છે, એવીજ આપણા પ્રત્યે પણ લાગણી ધરાવે છે. આપણે રાજાને તેનાં સંતાન સમાં છીએ.[૧૦]

(૬) તમને આજ્ઞા આપીને, મારી ઈચ્છા, મારો નિશ્ચય અને મારી અડગ પ્રતિજ્ઞા તમને જણાવીને તેની સાધનાને માટે દરેક પ્રાંતમાં હું અમલદારો ધરાવીશ.[૧૧]

(૭) તેમને ( સરહદવાસીઓને ) આશ્વાસન આપવાની અને તેમનાં આ લોકનાં અને પરલોકનાં હિતસુખ ( જાળવવા )ની તમે યોગ્યતા ધરાવો છો.

(૮) આમ કરવાથી તમે સ્વર્ગને મેળવશો અને મારા ઋણમાંથી મુક્ત પણ થશો.[૧૨]

(૯) માટે, આ હેતુથી આ શાસન અહીં લખાયું છે કે મહામાત્રાઓ સરહદવાસીઓમાં નિરંતર અને ધર્માચરણ ( વધારવા )ને માટે હંમેશાં કર્તવ્યશીલ રહે.

[illegible] આ શાસન પ્રતિ ચાતુર્માસીએ[૧૪] તિષ્ય [નક્ષત્ર]માં સાંભળવું જોઇએ.

[illegible] દિવસે પણ સાંભળી શકાય.

[illegible] એક વ્યકિત પણ સાંભળી શકે.[૧૬]

[illegible] હેતુને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરો.[૨]

# દ્વિતીય ભિન્ન શાસન [જગૌડા]

(क) દેવાનુપ્રિય આ પ્રમાણે કહે છે.

(ख) રાજાજ્ઞાનો અમલ કરાવનારા સમાપાના[1] મહામાત્રાઓને કહેવું કે—

(ग) હું જે કંઇ [ મનથી ] નિહાળું છું તેને અમલમાં મૂકવાની ઈચ્છા સેવું છું અને યોગ્ય સાધનોથી તેની શરૂઆત પણ કરૂં છું.[2]

(घ) તમને સુચનાઓ આપવી એ ઉકત હેતુ સાધવાનું મુખ્ય સાધન છે એમ હું માનું છું.[3]

(ङ) સર્વ મનુષ્યો મારાં સંતાન છે.[4]

(च) જેવી રીતે મારાં સંતાનોની બાબતમાં હું ઈચ્છું છું કે તેઓ આલોક તેમજ પરલોકને લગતાં સર્વ હિતસુખ મેળવે તેવીજ રીતે સર્વ મનુષ્યોની બાબતમાં પણ હું એવુંજ ઈચ્છું છું.[5]

(छ) નહિ જીતાયલા સરહદવાસીઓને એવો વિચાર આવવો સંભવિત છે કે, " રાજા અમારા પાસેથી શાની આશા રાખે છે ? "[6]

(ज) સરહદવાસીઓના વિષયમાં મારી ઈચ્છા એકજ છે, કે તેઓ એ સમજે કે મારી ઇચ્છા એ છે કે તેમણે મારાથી ભયભીત બનવું જોઈએ નહિ. પણ મારામાં વિશ્વાસ મૂકવો જોઇએ. તેઓ મારા તરફથી સુખ મેળવશે, નહિ કે દુ:ખ. વધુમાં તેઓએ જાણવું જોઇએ કે જે ક્ષમ્ય હશે તે રાજા સહી લેશે. મારી મારફતે તેઓને ધર્મ પ્રમાણે આચરણ કરવા વાળવામાં આવશે. અને એથી તેઓ આ લોક અને પરલોક બંનેમાં સુખ પ્રાપ્ત કરશે.[7]

(झ) તમને હું એવા હેતુથી આજ્ઞા આપું છું કે,-તમને એ આજ્ઞા આપીને, મારો અડગ નિશ્ચય અને પ્રતિજ્ઞા જણાવીને હું ઋણમાંથી મુકત થાઉં.[8]

(ञ) તેથી એ પ્રમાણે વર્તીને તમારે તમારી ફરજ[9] બજાવવી જોઇએ અને તેમને એવી ખાત્રી આપવી જોઇએ કે જેથી કરીને તેઓ સમજે કે, ' આપણો રાજા પિતા સમો છે

ગણુત્રીએ આશ્વિન વદ ૦))ના રોજ થયું છે. આ સમયે ગૌતમ ગણુધર પાસેના ગામમાં ઉપદેશ આપવા ગયેલ
પાછા વળતાં ઉપરોક્ત ખેદકારક સમાચાર સાંભળી સંસારની અસારતા વિચારતા માંડેલ ને પ્રાંતે કર્મબંધન
તેમને કાર્તિક શુદ ૧ ના દિવસે કેવળજ્ઞાન ઉપન્યું છે. જેથી ભગવાનના ગોચરથળ પાસેજ ભક્તજનોએ કેવળ
પ્રતીકસમા ભાગંડળ સહિત ગૌતમ ગણધરનું સ્મારક ઊભું કર્યું છે. વિશેષ અધિકાર માટે સાંચી
વર્ણન વાંચો. બીજું ચિત્ર જૈન ધર્મચક્રનું છે અને તે ધર્મચક્રવર્તી એવા તીર્થંકર પરમાત્માનું પ્રતી
વિશેષ સમજૂતિ માટે ધર્મચક્રવર્તી શબ્દનું વર્ણન જુઓ.

પટ નં. ૧૦ માં ચાર દશ્યો છે ને તે સર્વે 'ભારહુત સ્તૂપ' ને લગતાં છે. તેમાંનાં બે મગધપતિ અ
શત્રુએ અને બીજાં બે કોશળપતિ પ્રસેનજીતે ઊભાં કરાવેલાં લેખાય છે. તેની સમજૂતિ માટે પ્રાચભા. પુ. ૧
નં. ૭, પૃ. ૭૭; નં. ૮, પૃ. ૭૯ અને નં. ૪૨, પૃ. ૨૯૬ જુઓ.

પટ નં. ૧૧ માં ઉપરના બે બ્લોકમાં સમ્રાટ સંપ્રતિ અને તેના અનુજોના મળી આવેલ આઠ વિ
૧૬ પાસાં દર્શાવ્યાં છે. તે ઉપરથી જૈનધર્મી રાજાઓ તરફથી વપરાતા ધાર્મિક ચિન્હોનો આછો ખ્યાલ આ
આ ચિન્હોની સમજુતિ માટે પ્રાચભા. પુ. ૨ માં પૃ. ૫૫ થી ૭૨ નું અને સિક્કા માટે તેજ પુસ્તકમાં પૃ. ૧
૧૭૨ સુધીનું વર્ણન જુઓ. છેલ્લુ ચિત્ર ઓરિસ્સા પ્રાંતમાં આવેલા જગવિખ્યાત તીર્થ જગન્નાથપુરીના મં
બિરાજમાન કરેલી ત્રિમૂર્તિનું છે. આ મૂર્તિ સાંચીમાંથી મળી આવેલી તેવીજ મૂર્તિના પ્રતિબિંબરૂપે હો
માન્યતા સર અલેક્ઝાંડર કનિંગહામ તથા જનરલ મેયઝીએ પોતાના પુસ્તકમાં જાહેર કરી છે. તે સર્વ
શોધીને અમે પ્રાચભા. પુ. ૪, પૃ. ૩૧૦ થી ૩૪૩ સુધી વિસ્તૃત વિવેચન કરવા સાથે તે મૂર્તિ જૈનોના એક પ્ર
સ્તવનમાં ગવાતા 'જગન્નાથ–જગનાથ પાર્શ્વનાથ' હોવાની શક્યતા દર્શાવી છે તથા સાંચીસ્તૂપને અંગે
હકીકત આ ત્રીમૂર્તિના સંબંધમાં પૃ. ૨૨૫ તથા ટીકા નં. ૩૧ અને પૃ. ૨૪૦ ઉપર પણ દર્શાવી છે.

———o———

## (ઘ) નકશાઓ

કુલ પાંચ નકશા છે. તેમાંના બે (સાંચી–પ્રદેશવાળો અને ભારહુતનો) વસ્તુ વર્ણનમાં (
ચિત્ર પટ નં. ૫) લેવાઇ ગયા છે. તે સિવાયના ત્રણુની સમજૂતિ નીચે પ્રમાણેઃ–

પહેલામાં સમ્રાટ અશોકનાં, અને બીજામાં સમ્રાટ પ્રિયદર્શીનાં રાજ્યની હદ તથા કૃતિઓ બ
છે ને સામસામા રજૂ કર્યાં છે. જેથી જોતાં વાર સમજી શકાય કે બન્ને ભિન્ન કે એક છે. કૃતિ–
સંબંધીનો સમજૂતિ પણુ સાથે જ આપી છે.

ત્રીજો–સાંચી ગામે જ્યાં મુખ્ય ગણાતા સ્તૂપો ઉભા છે ને જે શ્રી ભગવાન મહાવીરની નિ
કલ્યાણકભૂમિ પુરવાર કરી છે તેમના, તથા અન્ય વિભૂતિઓનાં અવશેષ–સંગ્રહ (સંચયને) લીધે સાં
સાંચી–પુરી કહેવાઇ છે તે સ્થાનનો નકશો છે. કયા સ્થાને કયા અવશેષો છે તેની સમજૂતિ પણુ ત્યાં
છે. ઉપરાંત પરિશિષ્ટ ૪–૫ના વાચનથી પણુ સર્વ સ્થિતિ સ્પષ્ટ થઇ જશે.

તે પોતાની જાત પ્રત્યે જેવી લાગણી ધરાવે છે, એવીજ આપણા પ્રત્યે પણ લાગણી ધરાવે છે. આપણે રાજાને તેનાં સંતાન સમાં છીએ.[૧૦]

(ટ) તમને આજ્ઞા આપીને, મારી ઈચ્છા, મારો નિશ્ચય અને મારી અડગ પ્રતિજ્ઞા તમને જણાવીને તેની સાધનાને માટે દરેક પ્રાંતમાં હું અમલદારો ધરાવીશ.[૧૧]

(ઠ) તેમને (સરહદવાસીઓને) આશ્વાસન આપવાની અને તેમનાં આ લોકનાં અને પરલોકનાં હિતસુખ (જાળવવા)ની તમે યોગ્યતા ધરાવો છો.

(ડ) આમ કરવાથી તમે સ્વર્ગને મેળવશો અને મારા ઋણમાંથી મુક્ત પણ થશો.[૧૨]

(ઢ) વળી, આ હેતુથી આ શાસન અહીં લખાયું છે કે મહામાત્રાઓ સરહદવાસીઓમાં વિશ્વાસ અને ધર્માચરણ (વધારવા)ને માટે હંમેશાં કર્તવ્યશીલ રહે.

(ण) આ શાસન પ્રતિ ચાતુર્માસીએ[૧૪] તિષ્ય [નક્ષત્ર]માં સાંભળવું જોઇએ.

(त) વચગાળાના દિવસે પણ સાંભળી શકાય.

(थ) પ્રસંગોપાત એક જ વ્યક્તિ પણ સાંભળી શકે.[૧૫]

(द) આમ કરીને તમે ઉદ્દેશને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરો.[૧]

---

(૧) ધૌલીમાં આ સ્થળે–'દેવાનુપ્રિયની આજ્ઞાથી કુમાર અને મહામાત્રાને કહેવું કે '– એ પ્રમાણે છે.

(૨) પ્લેટોનો Philosopher-king નો આદર્શ અહીં અમલમાં આવતો જણાય છે. કર્તવ્યને બાજુએ મૂકીને કેવળ ચિન્તન કરનાર માનવી ચિંતક ગણાય ને ચિન્તનને બાજુએ મૂકી ફાવે તેમ આદેશો કરનાર માનવી માનવટુકડીનો સરદાર ગણાય. પણ રાજાનો આદર્શ તો સૂક્ષ્મ ચિન્તન કરવું અને પછી તેમાંથી જે જે યોગ્ય જણાય તેને શક્ય સર્વ સાધનોથી અમલમાં મૂકવું તે છે. પ્રિયદર્સિ એ જ પ્રમાણે વર્તતો જણાય છે.

(૩) આ પરથી જણાય છે કે પ્રિયદર્સિ અમલદારોને કેવળ સ્થાપિત તંત્રના વાહકો તરીકે જ નહિ, પરંતુ નૃપતિની નવીન દૃષ્ટિના પ્રચારકો તરીકે પણ ઉપયોગમાં લેતો હતો.

(૪) આ વાક્ય પ્રથમ ભિન્ન શાસનમાં પણ આવે છે. (જુઓ–કલિંગનું પ્રથમ ભિન્ન શાસન–ह.) છતાં અહીં તેને ફરી રજૂ કરીને પિયદસિ પોતાનો પ્રજા પ્રત્યેનો ઉત્કટ પિતૃભાવ દર્શાવે છે. પ્રજાને સંતાન સમી લેખવી એ આર્ય રાજધર્મનું પ્રથમ લક્ષણ છે. (જુઓ–કલિંગનું પ્રથમ ભિન્ન શાસન. ટી. નં. ૬)

(૫) આ વાક્ય પણ પ્રથમ ભિન્ન શાસનમાં કોતરાયલું છે. (જુઓ કલિંગનું પ્રથમ ભિન્ન શાસન –च તથા તેની ટી. નં. ૭.)

(૬) ડૉ. ભાંડારકર આ સ્થળે નીચેના (જના) પ્રથમ અર્ધ વાક્યને ઉપરના (છ) ની સાથે સાંકળી દઇ આ સ્થળે એવો અર્થ કરે છે કે–

'નહિ છતાયલા સરહદવાસીઓની બાબતમાં રાજા આપણા પાસેથી શાની આશા રાખે છે'–એ જાણવાના હેતુથી, સરહદવાસીઓની બાબતમાં મારી શી ઇચ્છા છે એમ તમે પૂછતા હો તો તેનો જવાબ આ છે કે–તેમણે મારાથી...ઇત્યાદિ.

(૭) અહીં પ્રિયદસિ સરહદી મુલકોમાં એવા નૈતિક વિજયનો આગ્રહ રાખતો જણાય છે કે જે હંમેશાં લશ્કરી વિજયની ભૂમિકારૂપ નીવડે છે. સંભવિત છે કે પ્રિયદસિનો આશય તો ધર્મ અને શાંતિની સ્થાપનાનો જ હોય. આલોક અને પરલોક બંનેને સરખું મહત્ત્વ આપવાની વૃત્તિ જૈન દષ્ટિની સૂચક છે.

(૮) અહીં ઋણનો અર્થ જો જવાબદારી લઇએ તો આ વાક્યનો ભાવાર્થ એ સંભવે કે પ્રત્યેક રાજા પ્રજા પ્રત્યે જે જવાબદારી ધરાવે છે તે જવાબદારીને અદા કરવાને અમલદારોને આજ્ઞા કરીને પ્રિયદસિ પોતે પોતાની ફરજનું પાલન કરે છે. પરંતુ આ કરતાં પણ એક બીજો અર્થ અહીં વધારે સુઘટિત છેઃ પ્રિયદસિએ પોતાના કોઇ ગુરુ (આર્યસુહસ્તી ?) સમક્ષ પ્રજાનાં આલોક–પરલોકનાં હિત–સુખ સાધવાની પ્રતિજ્ઞા લીધી હોય તો તેણે તે અંગે અહોનિશ પ્રયત્નશીલ રહેવું જ જોઇએ અને તેનો એક મુખ્ય માર્ગ એ કે અમલદારોને તે પ્રતિજ્ઞાથી તે માહિતગાર બનાવે, તેના અમલ માટે તેમને આજ્ઞાઓ મોકલાવે અને એમ કરીને તે પ્રતિજ્ઞા અંગેના ઋણમાંથી કંઇક મુક્તિ મેળવી શકે.

(૯) પ્રિયદસિ પોતે પોતાની ફરજોનું પાલન કરે છે. અને અમલદારો પાસે પણ તે તેમની ફરજોના પાલનની તીવ્ર અપેક્ષા સેવે છે. આ રીતે નૃપતિ અને અમલદારો બંને જ્યાં કર્તવ્યશીલ રહે ત્યાં પ્રજા કલ્યાણમાર્ગે સતત પ્રગતિ સાધે એ સ્વાભાવિક છે.

(૧૦) પ્રજામાં આવી ભાવના ઉત્પન્ન કરનાર નૃપતિ જનતાનો એક આદર્શ રાજવી લેખાવો જોઇએ.

(૧૧) આ વાક્યનો અર્થ બે રીતે થઇ શકે છે–

એક તો એ કે–'તમને આજ્ઞા આપીને, મારી ઇચ્છા, મારો નિશ્ચય અને મારી અડગ પ્રતિજ્ઞા તમને જણાવીને, તે ઉદ્દેશની સિદ્ધિને માટે દરેક પ્રાંતમાં હું અમલદારો નીમીશ.'

અને બીજો એ કે–'......તમે પોતેજ મારા તે તે સ્થાનના અમલદારો–પ્રતિનિધિઓ રૂપ બનશો.'

ડૉ. રાધાકુમુદ, હુલ્ઝ વગેરે પ્રથમ અર્થને પસંદગી આપે છે; જ્યારે ડૉ. ભાંડારકર બીજો અર્થ પસંદ કરે છે. અમે ગુજરાતી વાક્ય એ રૂપમાં ઘડયું છે કે જેમાંથી મૂળની જેમ બંને અર્થ તારવી શકાય.

આ સ્થળે સેનાર્ટે–'મારા હુકમોને સક્રિય રીતે અનુવર્તવાને લાયક તમારા જેવા આ કાર્યમાં મને મળી રહેશે.'–એવો અર્થ લીધો છે.

અને બુલરે એવો અર્થ લીધો છે કે–'આ બાબતમાં તો બધા દેશોમાં મારા અવેક્ષકો રહેશે.'

અહીં બુલરે તો '(તુ) ફક' શબ્દ છોડી દઇને દેખીતીજ ભૂલ કરી છે અને સેનાર્ટનો અર્થ પણ રાજ્યશાસનને અનુકૂળ નથી. વાક્યનો ખરો સ્પષ્ટાર્થ તો ઉપરના પ્રથમ વાક્યમાં જ આવી જાય છે.

(૧૨) અથવા અહીં એ અર્થ પણ થઈ શકે કે–'મને મારા ઋણમાંથી મુક્ત કરશો.'

(૧૩) સામ્રાજ્યની સરહદની નજીકના પ્રદેશમાં નિમાયલા મહામાત્રાઓને મુખ્યત્વે બે કામ કરવાનાં છે. એક તો સરહદવાસીઓમાં પ્રિયદસિ પ્રત્યે વિશ્વાસ ઉત્પન્ન કરવો, અને બીજું તેમનામાં ધર્માચરણ વધારવું. ધર્મ–વિજયમાં આ બંનેને પાયારૂપ લેખવામાં આવે છે. એટલે એમ જણાય છે કે આ શાસન કોતરાવતી વેળા પ્રિયદસિએ અર્થ–વિજય અને અસુર-વિજય (જુઓ તેરમા શાસનની ટી. નં. ૧૭) નો સર્વથા ત્યાગ કરી દીધો છે અને ધર્મ–વિજય પર જ તેણે પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

(૧૪) અહીં અનુચાતુમાર્ગ શબ્દ ખાસ ધ્યાનપાત્ર છેઃ કારણ કે તે પ્રિયદસિના ધર્મનો નિર્ણય કરવામાં મદદગાર બની શકે છે.

વૈદિક, બૌદ્ધ ને જૈન—એ ત્રણ આર્યાવર્તના મુખ્ય ધર્મો. વૈદિક દૃષ્ટિએ પતંજલિ ચાતુર્માસીની વ્યાખ્યા કરતાં જણાવે છે કે—ચતુર્ષુ માસેષુ ભવા ચાતુર્માસી—પૂર્ણમાસી (ચાર ચાર મહિને આવતી પૂર્ણિમા તે ચાતુર્માસી). પરંતુ તેમાં ક્યાંય કયા ચાર મહિના તેનો નિર્દેશ થયો નથી. જેમ કાર્તિક, ફાગણ અને આષાડની પૂર્ણિમાઓ ચાતુર્માસી કહેવાય તેમ માગસર, ચૈત્ર અને શ્રાવણની પૂર્ણિમાઓ પણ ચાતુર્માસી કહેવાય છે. તે ઉપરાંત વૈદિક ધર્મ સાથે પ્રિયદર્સિને બહુ સંબંધ પણ નથી. એટલે ચાતુર્માસીના નિર્ણય માટે બૌદ્ધ અથવા જૈન ધર્મમાં જ શોધ ચલાવવી જોઈએ. તેમાં બૌદ્ધોમાં તો ચાતુર્માસીનો ખાસ નિર્દેશ નથી. એટલે જૈન ધર્મ જ તેનો ઉકેલ આપી શકે તેમ છે.

જૈન શાસ્ત્રો કાર્તિક સુદ ચૌદશ, ફાગણ સુદ ચૌદશ ને આષાડ સુદ ચૌદશને ચાતુર્માસી તરીકે ઓળખાવે છે. હંમેશાં તેમજ આ ત્રણ વર્જીને બાકીની નવ ચતુર્દશીએ કરવાની ધાર્મિક ક્રિયાઓ અને આ મહત્ત્વની ત્રણ ચાતુર્માસીએ કરવાની ધાર્મિક ક્રિયાઓમાં પણ તફાવત હોય છે. પાપની આલોચનાને માટે જૈનો પ્રતિક્રમણ કરે છે તેના પાંચ પ્રકાર છે—રાઇ, દેવસી, પક્ખી, ચાઉમાસી ને સંવચ્છરી. તેમાં ચાઉમાસી પ્રતિક્રમણ તો ઉપરોક્ત ત્રણ ચાતુર્માસીની સંખ્યાએ જ થઈ શકે છે. તે ત્રણે ચાતુર્માસીએ જૈન ઉપાશ્રયોમાં ખાસ વ્યાખ્યાન વંચાય છે. તે ત્રણે ચાતુર્માસીમાં જૈનો અઠ્ઠેક અઠવાડિયા લગી સાંસારિક પ્રવૃત્તિમાં ખૂબજ મર્યાદા જાળવે છે. આ ત્રણે દિવસને ધાર્મિક ક્રિયાઓ માટે ખૂબજ પવિત્ર દિવસો તરીકે લેખવામાં આવે છે. એટલે અનુચાતુમાસં શબ્દથી પ્રિયદર્સિ એ જ સૂચવવા માગતો જણાય છે કે પ્રજાએ ઉપરોક્ત ત્રણ દિવસે આ ધર્મલિપિનું શ્રવણ કરવું.

(૧૫) ધૌલીમાં આ સ્થળે 'તિષ્ય નક્ષત્રમાં' એ પ્રમાણે છે. અહીં આખા વાક્યનો અર્થ—'પ્રતિ ચાતુર્માસીએ તિષ્ય (નક્ષત્ર)માં સાંભળવું જોઈએ'—એમ હોવાને બદલે 'પ્રતિ ચાતુર્માસીએ અને [...] નક્ષત્રમાં સાંભળવું જોઈએ'—એમ હોવા વિશેષ [...] છે, કેમકે પ્રતિ ચાતુર્માસીએ કંઇ તિષ્ય નક્ષત્ર [...] શકે. પાંચમો મુખ્ય સ્થંભ—લેખ કે જ્યાં પણ [...] માસી તેમજ તિષ્ય નક્ષત્ર બંનેનો નિર્દેશ થ[...] ત્યાં જણાવ્યું છે કે—'ત્રણ ચાતુર્માસી અને [...] (નક્ષત્ર)ની પુનમના અરસામાં ત્રણ દિવસો—[...] પક્ષની) ચૌદશ-પુનમ તથા (કૃષ્ણ પક્ષની) [...] દરમ્યાન...'

આ પરથી આ વાક્યનો અર્થ 'ત્રણ ચા[...] અને તિષ્ય નક્ષત્ર' એમ જ લેવાવો જોઈએ. [...] ત્રણ ચાતુર્માસી અંગેની નોંધ ઉપર (ટી. નં. [...] આવી ગઇ છે અને તિષ્ય નક્ષત્ર અંગે ખુલાસા [...] જુઓ-કલિંગનું પ્રથમ ભિન્ન શાસનની ટી. નં. [...]

(૧૬) અહીં આ અર્થ હુલ્ઝ અને ડૉ૦ રાધા[...] અનુસરીને લીધો છે. ડૉ૦ ભાંડારકર બંને-(ત) [...] (થ)— વાક્યોને જોડી દઇ નીચે પ્રમાણે [...] કરે છે—

'ખરેખર તિષ્ય-દિવસોમાં દરેક ઉત્સવે [...] (અમલદાર) પણ તે સાંભળે.'

આ બંને વાક્યોના જોડાણથી એક એ[...] પણ નીકળી શકે છે કે—

'પ્રસંગ પડતાં કોઇ એક જ વ્યકિત તિષ્યના [...] ગાળાના દિવસોમાં પણ તે સાંભળી શકે.'

આ રીતે શોકના પ્રસંગે દિલાસા માટે કે ઉ[...] પ્રસંગે ધર્મકાર્ય અંગે ધાર્મિક શ્રવણની પ્રથા પ્ર[...] કાળમાં જૈન સંઘમાં પ્રચલિત હતી. કલ્પસૂત્રનું [...] વાચન પણ એવા જ પ્રસંગને આભારી છે.

(૧૭) પ્રિયદર્સિ પ્રત્યે પ્રજાનો વિશ્વાસ કેળ[...] અને ધર્મનો પ્રચાર કરવો એ ઉદ્દેશનું સ્પષ્ટીકરણ [...] પછી પ્રિયદર્સિ તેની સિદ્ધિના ઉપાય સૂચવે છે [...] અમલદારોને તે માટે સતત પ્રયત્નશીલ રહેવાની સ[...] આપે છે.



# દ્વિતીય પરિચ્છેદ

## ગૌણ શિલાલેખો

સાર—

ગૌણુ શિલાલેખો રૂપનાથ, સહસ્રામ, વૈરાટ, બ્રહ્મગિરિ, સિધ્ધાપુર, જટીંગ-રામેશ્વર, મસ્કી અને કલકત્તા-વૈરાટ એમ આઠ સ્થળે મળી આવે છે. તેમાંથી સહસ્રામ ને વૈરાટના લેખો રૂપનાથની નકલ સમા છે ને સિધ્ધાપુર ને જટીંગ-રામેશ્વરના લેખો બ્રહ્મગિરિની નકલ સમા છે એટલે આ પરિચ્છેદમાં રૂપનાથ, બ્રહ્મગિરિ, મસ્કી અને કલકત્તા-વૈરાટ એ ચાર મૂળ લેખો જ આપવામાં આવ્યા છે અને બાકીના શિલાલેખોમાં જે નજીવો શાબ્દિક ફેરફાર જણાય છે તે નીચે ફૂટનોટોમાં દર્શાવેલ છે.

તેમાંથી રૂપનાથના શિલાલેખમાં પ્રિયદર્શિ એમ જણાવે છે કે, 'અઢી વર્ષ લગી હું નિષ્ક્રિય-સામાન્ય ઉપાસક રહ્યો. પરંતુ એક વર્ષથી મેં સંઘયાત્રાદિ ધર્મપ્રવૃત્તિ આદરી છે. જંબૂદ્વીપમાં સર્વત્ર ધર્મપ્રચારકો મોકલ્યા છે ને ધર્મમંદિરો બંધાવરાવ્યાં છે. ધર્મલિપિઓ સર્વત્ર કોતરાય એવો બંદોબસ્ત કર્યો છે. ને ૨૫૬ મા વર્ષે આ શાસન બહાર પાડું છું.' બ્રહ્મગિરિમાં ઉપરોક્ત વિગત ઉપરાંત તે માતાપિતાદિની સેવા, સત્યવચન, જીવદયા આદિનો ઉપદેશ આપે છે; એ શાસન સુવર્ણગિરિથી ઇસલીના મહામાત્રાઓને ઉદ્દેશીને લખાયું છે. મસ્કીમાં પોતે દેવાનુપ્રિય અશોકની અનુમતિથી ઉપાસક-શ્રાવક બનેલો છે એટલી વિશેષ હકીકત છે. ને કલકત્તા-વૈરાટમાં તે મગધમાં એકત્ર થયેલા બૌધ્ધ સંઘને ધાર્મિક સૂચનો અને સલાહથી ભરેલો શુભેચ્છાનો સંદેશો મોકલાવે છે તે પ્રગટ થયેલ છે. આ બધાં શાસનો પર વિગતવાર નોંધો લખીને આ પરિચ્છેદમાં પુરવાર કરવામાં આવ્યું છે કે આ શાસનોનો કોતરાવનાર નૃપતિ પ્રિયદર્શિ જૈન ધર્મી છે અને તે કેટલાક વિદ્વાનો ધારે છે તે પ્રમાણે અશોક નહિ, પરંતુ જૈન સાહિત્યમાં સંપ્રતિના નામે મશહૂર બનેલો મૌર્ય ગણવી છે.

## रुपनाथ

१ (क) देवानंपिये हेवं[1] आहा (ख) सातिरकेकानि[2] अढतियानि व[3] य सुमि प्रकास सके[4] (ग) नो चु बाढि पकते (घ) सातिळेके चु छवछरे[5] य सुमि हकं सघ उपेते

२ बाढि च पकते (ङ) या इमाय कालाय जंबुदिपसि अमिसा देवा हुसु ते दानि मिसा कटा (च) पकमसि[6] हि एस फले (छ) नो च एसा महतता पापोव वे खुदकेन[7]

३ पि पकममिनेना[8] सकिये पिपुले[9] पा[10] स्वगे आरोधेवे[11] (ज) एतिय अठाय च सावने[12] कटे खुदका च उडाला च पकमतु[13] ति अता पि च जानंतु इय पकरा[14] व

४ किति चिरठितिके सिया (झ) इय हि अठे वढि वढिसिति विपुल च वढिसिति अप-लधियेना दियढिय वढिसत[15] (ञ)[16] इय च अठे पवतिसु लेखापेत वालत (ट) हध[17] च अथि

५ सालाठमे[18] सिलाठंभसि[19] लाखापेतवय त[20] (ठ) एतिना च वयजनेना यावतक तुपक[21] अहाले सवर[22] विवसेतवाय[23] ति (ड) व्युठेना सावने कटे (ढ) २०० ५० ६ स–

६ त विवासा त[24]

---

૧ વૈ. અને બ્ર. માં હેવં નથી. બ્ર. માં આહા ને સ્થળે આણપયતિ છે.

૨ સાતિરેકાનિ જોઈએ. સેનાર્ટ અને બુહ્લર સાતિળેકાનિ વાંચે છે.

૩ વૈ. બ્ર. અને શિ. માં આ સ્થળે વસાનિ, સ. માં સવછલાનિ અને મ. માં વષાનિ છે. તે જોતાં અહીં પણ વષાનિ હોવા સંભવ છે. વ એ કદાચ વષાનિ નું ટૂંકું રૂપ હોય.

૪ મ. ના લેખને અનુસરીને હુલ્ત્ઝ અહીં પ્રકાશ શકે વાંચે છે. પણ તે વાંચન નથી મૂળ સાથે મળતું, નથી બીજા લેખો સાથે મળતું, નથી બુહ્લર વગેરેનાં વાચનો સાથે મળતું. મૂળમાં પાકા સાવકે વંચાય છે. બુહ્લર માને છે કે હકમ્ ને સ્થળે સહેજ ગફલતથી પાકા લખાયલ હોવું જોઈએ. એ જ સ્થળે વૈ. માં હકં ઉપાસકે સ. માં ઉપાસકે સુમિ બ્ર. માં હકં...સકે અને શિ. માં હકં ઉપાસકે છે.

૫ સંવછરે હોવું જોઈએ. બ્ર. અને શિ. માં પણ તેમજ છે.

૬ વૈ ... કમમ. બ્ર. શિ. પકમગ

૭ સેનાર્ટ અને બુલર આની પછી दि અને फ એમ બે અક્ષર વધારે વાંચે છે.

૮ બુલર परममिनेना વાંચે છે. સ. पलकममीनेना વૈ.... कममिनेना બ્ર. पकमि...णेण શિ. प...न

૯ विपुले હોવું જોઇએ. વૈ. સ. બ્ર. ને શિ. માં પણ विपुले છે.

૧૦ वि હોવું જોઇએ. સેનાર્ટ અને બુલર पि વાંચે છે તેમજ વૈ. ને સ. માં પણ पि છે.

૧૧ બુલર आरोधवे વાંચે છે. હોવું જોઇએ आराधेतवे વૈ. आलाधेतवे સ. आला...वे. બ્ર. અને શિ. आराधेतवे મ. अधिगतवे

૧૨ સ. सावाने બ્ર. सावणे सावापिते શિ. सावणे साविते

૧૩ સેનાર્ટ અને બુલર पकमंतु વાંચે છે. સ. पलकमंतु વૈ. पलकमतु બ્ર. पकमेयु શિ. पकमेयु

૧૪ સેનાર્ટ અને બુલર पकमे સૂચવે છે. સ. पलाकमे બ્ર. पक...શિ. पकमे

૧૫ वढिसिति હોવું જોઇએ. વૈ.અને સ. માં वढिसति છે; બ્ર. અને શિ. માં वढिसिति છે.

૧૬ બીજા લેખો અહીંથી સહેજ હેરફેર ને ફેરફાર સાથે ટૂંકાણમાં પૂરા થાય છે—સ. इयं च सवने विवुथेन दुवे सपंना लाति सता विवुथा ति २०० ५० ६ इम च अठं पवतेसु लिखापयाथा य... या अधि हेता सिलाथंभा तत पि लिखापयथ ति

વૈ. તૂટી ગયો છે.

બ્ર. અને શિ. इयं च सावणे सावापिते व्यूथेन २०० ५० ६

૧૭ સેનાર્ટ અને બુલર हिध સૂચવે છે.

૧૮ सिलाथंभे હોવું જોઇએ. બુલર પણ એમજ વાંચે છે.

૧૯ लिखा હોવું જોઇએ. સ. માં પણ તેમજ છે.

૨૦ ति હોવું જોઇએ. સ. માં પણ તેમજ છે.

૨૧ સારનાથની જેમ तुफाकं હોવાનો વિશેષ સંભવ છે.

૨૨ સારનાથની જેમ सवत હોવું જોઇએ.

૨૩ विवासेतविये હોવું જોઇએ.

૨૪ ति હોવું જોઇએ.

## રૂપનાથ

(क) દેવાનુપ્રિય આ પ્રમાણે કહે છે—

(ख) અઢીના કરતાં વધારે વર્ષ લગી હું શ્રાવક[1] હતો.

(ग) પણ (તે દરમિયાન) મેં ખૂબ પરાક્રમ કરેલું નહિ.[2]

(घ) (પરંતુ હવે) ખરેખર, એક વરસ કરતાં વધારે વખતથી હું સંઘની સાથે જોડાયો છું અને મેં ખૂબ પરાક્રમ કરેલું છે.[3]

(ङ) એ મુદ્દત દરમિયાન, જંબૂદ્વીપમાં જે દેવો મિશ્ર થયા ન હતા તેમને મિશ્ર કરવામાં આવ્યા.[4]

(च) પરાક્રમનું ફળ આ છે.

(छ) (તે) માત્ર ઉપલી કોટિના એજ મેળવવાનું નથી, પણ નીચલી કોટિનો પણ ખરેખર પરાક્રમ કરે તો (લોકોને) પુષ્કળ સ્વર્ગીય સુખ અપાવી શકે છે.[5]

(ज) એ હેતુને માટે આ સંદેશ પ્રગટ કરવામાં આવ્યો છે કે–નીચલી કોટિના અને ઉપલી કોટિના–ઉક્ત હેતુને માટે પરાક્રમ કરે સરહદવાસીઓ પણ એ જાણે, અને એ પરાક્રમ ચિરસ્થાયી બને.[6]

(झ) વળી, આ હેતુ વધશે એટલુંજ નહિ, પણ તે પુષ્કળ વધશે, (નિદાન) દોઢ ગણો વધશે.[7]

(ञ) આ બાબત પર્વતોના ઉપર કોતરાવવી.[8]

(ट) અહીં અને દૂર જ્યાં કોઈ શિલાસ્તંભ હોય ત્યાં એ શિલાસ્તંભના ઉપર તે કોતરાવવી.[9]

(ठ) વળી, આ મોઢાના હુકમથી તમે તમારી હદ પહોંચતી હોય ત્યાં સુધી સર્વત્ર ફેરવણીએ નીકળી, પડો.[10]

(ड-ढ) સંવત્સરના ૨૫૬મા વર્ષે આ સંદેશો બહાર પાડવામાં આવ્યો છે.[11]

---

૧ આ શબ્દ પ્રિયદર્શિનના ધર્મનો નિર્ણય કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે, એટલે તેના પર અહીં વિશેષ ચર્ચા જરૂરી છે.

આ સ્થળે મૂળમાં પાકા શાવકે વંચાય છે. પરંતુ પ્રિયદર્શિન બૌદ્ધ હતો એ મંતવ્યને સ્વીકારી લક્ષ્મી ફુલ્ઝ ત્યાં પ્રકાશ શક્ય વાંચે છે. પણ જ્યારે એ

મન્તવ્ય સાચું હોવા વિષે જ શંકા રજૂ કરવાની છે ત્યારે તો મૂળ વાચનને જ ધ્યાનમાં રાખવું જોઈએ. આ જ સ્થળે પે. અને શિ. ના શિલાલેખોમાં हकं उपासके છે અને બ્ર. માં हक...सके તથા स. માં उपासके सुमि છે. બુહ્લર આ બધાં વાંચનોને ધ્યાનમાં લઈ રૂપનાથમાં पाका सावके ને ઠેકાણે हकं सावके સૂચવે છે. મ. માં આ સ્થળે अं सुमि बुपासके છે. ત્યાં પણ પ્રિયદર્શિનને બૌદ્ધ માની લઈને હુલ્ત્ઝ अं सुमि बुपशके વાંચે છે. પણ તે વાચન શંકાસ્પદ હોવાનું તો તે પોતે પણ કબૂલ રાખે છે. આ સંયોગોમાં આ વાક્ય પ્રિયદર્શિનને કોઈ પણ રીતે બૌદ્ધ ઠેરવી શકતું નથી. મૂળ વાંચનના આધારે તેનો અર્થ ફક્ત એટલો જ થાય છે કે, 'અઢીના કરતાં વધારે વર્ષ લગી હું શ્રાવક (અથવા—બીજા શિલાલેખોનાં વાંચનો પ્રમાણે—ઉપાસક) હતો.' બન્ને શબ્દને બૌદ્ધ ધર્મમાં કંઈક સ્થાન છે છતાં અહીં તે જે અર્થમાં વપરાયા છે તે ગણતરીએ તો તે જૈનત્વના જ સંપૂર્ણ સૂચક છે.

૨ જૈનોના મુખ્ય પાંચ આચાર—જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર—માં પાંચમો આચાર પરાક્રમને અનુલક્ષીને છે. તેમાં દરેક શ્રાવકને યથાશક્તિ પરાક્રમ કરવાનું સૂચવેલું છે. તેની વ્યાખ્યા—

अणिगुहि अबल वीरियो परक्कमइ जो जउत माउतो।
जुंजइ अ जहा थामं नायव्यो वीरिया यारो॥

અહીં પ્રિયદર્શી એ જ સ્વરૂપમાં પરાક્રમનો નિર્દેશ કરે છે.

(૩) કેટલાક આ વાક્યનો અર્થ એવો કરે છે કે, 'ખરેખર, એક વરસ કરતાં વધારે વખતથી હું સંઘમાં દાખલ થયો છું અને મેં ખૂબ પરાક્રમ કરેલું છે.' પરંતુ મૂળ ક્રિયાપદ उपेते નો અર્થ દાખલ થવું કે જોડવું એવો થતો નથી પરંતુ ...ની સાથે સમાગમમાં આવવું અથવા પ્રયાણ કરવું એવો થાય છે. અને સંઘમાં દાખલ થવાના વિષયમાં તો ઉપાસક કે શ્રાવક બનવાથી માનવી સ્વાભાવિક રીતે જ સંઘમાં દાખલ થઈ જાય છે. એટલે અહીં તો તે મોટા ખડકલેખોમાંના આઠમા શાસનમાં સૂચવાયા પ્રમાણે ધર્મયાત્રાએ નીકળ્યો હોય એમ જણાય છે. જૈન પ્રથામાં એને સંઘ-પ્રયાણ તરીકે ઓળખાવવામાં આવે છે.



(૪) આ વાક્યનો અર્થ ઘણાખરા સંશોધકોએ ગૂંચવી નાંખ્યો છે. પરદેશી વિવેચકોએ તો એટલું જ જણાવ્યું છે કે, 'દેવોને મનુષ્યની સાથે મેળવવામાં આવ્યા.' પણ તેનો સ્પષ્ટાર્થ તેઓ કરી શકેલ નથી. ડૉ. થોમસ એમ કહે છે કે, 'દેવોથી અણજાણ એવી હિંદની જંગલી જાતિઓને તેણે દેવોનું જ્ઞાન આપ્યું. દેવ પૂજાને માર્ગે વાળી—દેવો સાથે સંમિલિત કરી.' પણ પ્રિયદર્શિને સ્પષ્ટ રીતે જંબૂદ્વીપ શબ્દ વાપર્યો છતાં તેનો અર્થ હિંદ લેવો એ વ્યાજબી નથી, તેમજ મિશ્ર શબ્દ એ અર્થને સુસંગત નથી. ડૉ૦ ભાંડારકર કહે છે કે, 'તેણે લોકોને એટલા બધા પવિત્ર બનાવી મૂક્યા કે તેઓ મરીને સ્વર્ગમાં દેવોની સાથે મિશ્રિત બન્યા.' આવા અર્થની સંભવિતતાના ટેકામાં તેઓ આપસ્તંબીય—ધર્મસૂત્રનું सहदेव—मनुष्या अस्मिंल्लोके पुरा बभूवुः—એ વાક્ય ટાંકે છે. પણ આ અર્થ એટલા ખાતર સંભવિત નથી કે મૂળમાં મિશ્ર કરવાની ક્રિયા અને મિશ્રણ બંને જંબૂદ્વીપમાં જ થયેલ હોવાનું સૂચન છે. ડૉ૦ રાધા કુમુદ એવો અર્થ કરે છે કે તેણે 'ધર્મ—દેવથી દૂર રહેલા માનવોને ધર્મ—દેવ બક્ષ્યા.' પરંતુ આ વાક્યમાં પણ મિશ્ર શબ્દ સુસંગત નથી લાગતો.

આ વાક્યનો સાચો અર્થ તો એ સંભવે છે કે—'જે પ્રદેશમાં અત્યારલગી દેવો (મુનિઓ) વિચરતા નહોતા ત્યાં તેમના વિહારનો પ્રબંધ કરવામાં આવ્યો; એટલે કે જે અનાર્ય પ્રજા આજલગી સાધુઓની સાથે મિશ્ર નહોતી બની અથવા તો સાધુઓ જે પ્રજાની સાથે મિશ્ર નહોતા બન્યા ત્યાં પણ મુનિ—વિહારનો પ્રબંધ કરીને પ્રિયદર્શીએ એ બંને વર્ગને મિશ્ર બનાવ્યા.'

સાથોસાથ એ અર્થ પણ સંભવિત છે કે, 'આજલગી અનાર્ય પ્રજાઓ દેવમંદિરો અને મૂર્તિઓથી અણજાણ—અમિશ્રિત હતી. પરંતુ પ્રિયદર્શીએ સમસ્ત જંબૂદ્વીપને દેવમંદિરો અને અને પ્રભુ પ્રતિમાઓથી અલંકૃત બનાવીને તે ઉણપ દૂર કરી છે. એટલે કે જંબૂદ્વીપની પછાત પ્રજાઓને પણ હવે પ્રભુપૂજનનો લ્હાવો મળે છે.'

બૌદ્ધ ગણતરીએ અશોક અને જૈનગણતરીએ સંપ્રતિ બંનેએ આ કાર્ય કરેલું છે. પરંતુ અશોકે તે પોતાના રાજ્યાભિષેકના અઢારમા વર્ષે અને બૌદ્ધ ધર્મના સ્વીકાર પછી એક દશકો વીતી ગયા પછી કરેલું છે જ્યારે સંપ્રતિએ રાજ્યાભિષેક પછી તરતમાં જ જૈન ધર્મ સ્વીકાર્યો છે અને જૈન ધર્મના સ્વીકાર પછી તરતમાંજ આ પ્રવૃત્તિ હાથ ધરી છે. એટલે ઉપર્યુક્ત વિધાન અશોકના કરતાં સંપ્રતિનું હોવાનો સંભવ વધારે પ્રમાણભૂત બને છે.

(૫) ઉપલી કોટિ અને નીચલી કોટિના અર્થ સંબંધમાં પણ સંશોધકો હજુ સ્પષ્ટ બની શક્યા નથી. કોઇ તેનો અર્થ અમીરવર્ગ અને સામાન્યવર્ગ એમ કરે છે, કોઇ રાજા અને અમલદાર એવો કરે છે. પણ અહીં ધર્મકાર્ય પરત્વેનું પરાક્રમ હોઇ એ ગણના અસ્થાને ઠરે છે. ખરો અર્થ તો એ છે કે જૈન સંઘમાં 'સર્વવિરતિ' અને 'દેશવિરતિ' એવી બે વર્ગ-ગણનાઓ છે. સર્વવિરતિ એટલે સાધુ-સાધ્વી, દેશવિરતિ એટલે શ્રાવક-શ્રાવિકા. સર્વવિરતિ ઉપલી કોટિના ગણાય છે, દેશવિરતિ નીચલી કોટિના ગણાય છે. પ્રિયદર્શિન એમ કહેવા માગે છે કે, 'કેવળ સર્વવિરતિ સાધુ-સાધ્વીઓજ ધાર્મિક-પરાક્રમ કરી શકે એમ નથી, દેશવિરતિ પણ યોગ્ય પરાક્રમ કરીને લોકોને પુષ્કળ સ્વર્ગીય સુખ અપાવી શકે છે.' ને દૃષ્ટાંતમાં તે પોતે દેશવિરતિ હોવા છતાં એવું પરાક્રમ કરી શક્યો છે તેનું, ઉપર જ તેણે સૂચન કરી લીધું છે.

આ વાક્યમાં '...પરાક્રમ કરે તો (લોકોને) પુષ્કળ સ્વર્ગીય સુખ અપાવી શકે છે.' તે અર્થને સ્થળે '...પરાક્રમ કરે તો (તે પોતે) પુષ્કળ સ્વર્ગીય સુખ મેળવી શકે છે.' એ અર્થ પણ સંભવિત છે.

તે ઉપરાંત આ વાક્યમાં પ્રિયદર્શી પુણ્ય અને પરાક્રમના ફળ તરીકે સ્વર્ગીય સુખનો જ નિર્દેશ કરે છે. જૈન દૃષ્ટિએ આત્માનું અંતિમ ધ્યેય મુક્તિ હોવું જોઇએ અને બૌદ્ધ દૃષ્ટિએ અંતિમ ધ્યેય નિર્વાણ હોવું જોઇએ. તો પછી પ્રિયદર્શી સ્વર્ગનો જ નિર્દેશ કેમ કરે ?-બૌદ્ધ દૃષ્ટિ આ પ્રશ્નનો ઉત્તર આપી શકે તેમ નથી. કેમકે તેમ કરવા જતાં નિર્વાણના એના અંતિમ ધ્યેયને હાનિ પહોંચે છે. પણ જૈન દૃષ્ટિએ આ વિધાન સંપૂર્ણ સુસંગત છે.

જૈનો કાળચક્રની બે ગતિ બતાવે છે. એક ઉત્સર્પિણી (ઉર્ધ્વગામી) બીજી અવસર્પિણી (અધોગામી). આ બંને ગતિને ૭ ૭ આરા હોય છે. તેમાંથી અત્યારે કાળચક્રની અવસર્પિણી (અધોગામી) ગતિ ચાલી રહી છે અને તેમાં પાંચમો આરો પ્રવર્તે છે. આ આરો પાપ અને કુટિલતાનો પ્રેરક છે. આ આરામાં છેલ્લામાં છેલ્લી મુક્તિ મેળવનાર મહાપુરુષ શ્રી જંબુસ્વામી હતા. (અવસાન ઇ. સ. પૂર્વે ૪૬૩). તે પછી મુક્તિનાં દ્વાર બંધ થઇ ગયાં છે અને માનવીને માટે સ્વર્ગનો માર્ગ જ ખુલ્લો રહ્યો છે. એટલે જૈન દૃષ્ટિએ આ કાળમાં અંતિમ ધ્યેય તરીકે સ્વર્ગનો નિર્દેશ કરવો તે વ્યાજબી છે, પણ બૌદ્ધ દૃષ્ટિએ તે અસંગત છે.

(૬) ધર્મમાર્ગે શક્તિનો સદુપયોગ તે પરાક્રમ. એ પરાક્રમ કેવળ પોતાની પ્રજામાં જ નહિ, પરંતુ સાથોસાથ સરહદી પ્રજાઓમાં પણ ચિરસ્થાયી બનાવવાની ભાવના દર્શાવીને પ્રિયદર્શી પોતાની વિશ્વ કલ્યાણની મહેચ્છાનું દર્શન કરાવે છે.

(૭) ધાર્મિક પ્રવૃત્તિઓમાં સતત વધારો થતો રહે તે માટે પ્રિયદર્શી વધારા પર ફરીફરીને ભાર મૂકે છે અને ઓછામાં ઓછા દોઢા વધારાની તો તે અપેક્ષા રાખે જ છે.

(૮) આ વાક્ય એવું સૂચન કરે છે કે નાના ખડક-લેખો મોટા ખડક-લેખોની પૂર્વે કોતરાવાયલા છે. આ લેખ શિલા પર પહેલ-પ્રથમ કોતરાવાતો હોઇને પ્રિયદર્શી આ પ્રમાણે સૂચન કરે છે.

(૯) આ વાક્ય એમ સૂચવે છે કે પ્રિયદર્શિનની પૂર્વેના રાજાઓએ પણ સ્થંભો ઉભા કરાવ્યા હતા. ફાહિયાન, હ્યુએન્સંગ આદિ પરદેશી મુસાફરોની નોંધો તેમજ બૌદ્ધ સાહિત્યના નિર્દેશો પરથી આપણે એટલું તો સ્પષ્ટ જોઇ શક્યા છીએ કે આર્યાવર્તમાં સૌથી પ્રથમ સંખ્યાબંધ (૮૪૦૦૦ ?) સ્થંભો અશોકે ઊભા કરાવરાવ્યા હતા. એટલે આ નિર્દેશ પરથી પ્રિયદર્શી સ્વાભાવિક રીતે જ અશોકનો અનુગામી સંપ્રતિ ઠરે છે.

(૧૦) આ વાક્ય પરથી એવો ભાવાર્થ તારવી શકાય છે કે રૂપનાથનો લેખ એ અશોકનું સૌથી પહેલું શાસન છે. કેમકે કેવળ આ એકજ શાસનમાં તે પોતાનાં શાસનોને પર્વતો અને શિલાસ્તંભો પર કોતરાવવાની સૂચના કરે છે અને હજી લગી પોતાનાં શાસનો મૌખિક છે એમ દર્શાવે છે. હવે તે અમલદારોને એ શાસનોના અમલ માટે અને તેમને યોગ્ય સ્થાને કોતરાવવાને ફેર-વણીએ નીકળી પડવાની સૂચના કરે છે.

(૧૧) આ વાક્યે અને ૨૫૬–ના આંકે સંશોધકોને ખૂબ જ મૂઝવણમાં મૂકયા છે. તે આંકની શરૂઆતના ભાગમાં વપરાયલ વ્યુટ શબ્દનો અર્થ કૌટલ્ય 'સંવત્સર, મહિનો, પખવાડિયું અને દિવસ' એ પ્રમાણે કરે છે. બૌધાયન ધર્મસુત્રમાં તેનો અર્થ '( પ્રાર્થનામાં ) ગળાયલી રાત' એ પ્રમાણે દર્શાવાયો છે.

જ્યાંસુધી એમ મનાતું હતું કે પ્રિયદર્શિને નાના ખડકલેખો બીજા લેખોની પછી કોરાવેલા છે અને પ્રિય-દર્શિન એ અશોક એટલે બૌદ્ધ હતો ત્યાંસુધી આ આંકને બુદ્ધ સંવત સાથે સાંકળી દેવામાં આવતો. કેમકે બુ. સં. ૨૧૮ માં અશોકનો રાજ્યાભિષેક થયેલો છે અને ૨૫૬ એટલે તેના રાજ્યાભિષેકનું ૩૮ મું વર્ષ–જે. અર્થ કેટલાક વિદ્વાનો સ્વીકારી લેતા હતા. પરંતુ આ લખના ઝીણવટભર્યા વાંચનથી જણાયું કે તે તો તેનો શરૂઆતનો લેખ છે અને તેના રાજ્યાભિષેકના બારમા વર્ષે કોરાયલા મોટા ખડકલેખો કરતાં પણ પ્રથમ કોરાયલો છે ત્યારે બુદ્ધ સંવતની વાત અસ્થાને ઠરી. બીજી બાજુ પ્રચારક અર્થ સૂચવતો વિવાણ શબ્દ પણ અદ્ધર રહી જતો હતો. એટલે આ વાક્યનો અર્થ–'પર્યટને નીકળેલા રાજાએ ( પર્યટનના ) ૨૫૬ મા દિવસે આ શાસન સંભળાવ્યું ને તેના અમલ માટે પ્રચારકો ફેરવણીએ નીકળ્યા' અથવા 'રાજાએ પોતાના પર્યટન દરમિયાન આ શાસન સંભળાવ્યું અને તેના અમલ માટે ૨૫૬ પ્રચારકો ફેરવણીએ નીકળ્યા' અથવા 'રાજાએ...૨૫૬ વખત આ શાસન સંભળાવ્યું' ઇત્યાદિ કરાયો. પરંતુ આ અર્થો જૈન ગણનાના આધાર લીધા વિના જરા પણ ૨૫૯ બની શકે તેમ નથી.'

આ શાસનમાં લેખો કોતરાવવા વગેરે અંગે ત્વરિત સૂચનાઓ અપાયલી છે તે પરથી એટલું તો ૨૫૯ તારવી શકાય છે કે પ્રિયદર્શિને એ ગાળામાં જ પોતાન ઘણાં ખરાં શાસનો કોતરાવ્યાં છે. અને મોટા ખડકલેખો પરથી આપણે એ પણ જાણીએ છીએ કે તેણે આ પ્રવૃત્તિ પ્રધાનતઃ પોતાના રાજ્યાભિષેકના બારમા વર્ષે આદરેલી છે. જૈન ઐતિહાસિક ગણુતરીએ સંપ્રતિના રાજ્યાભિષેક માટે ત્રણ સાલ મળી આવે છેઃ (૧) મ. સં. ૨૩૭. [ જુઓ પૃ. ૩૫ ]; (૨) મ. સં. ૨૩૫ [જુઓ પૃ. ૩૩–ટી. નં. ૨૬]; (૩) મ. સં. ૨૪૪ [ જુઓ પૃ. ૩૩–ટી. નં. ૨૬ ]. આ ત્રણે સાલ ૨૫૬ ના આ આંક સાથે મળી રહે તેમ છે. કેમકે ૨૪૪ લઇએ તો રાજ્યાભિષેકના બારમા વર્ષે શિલાલેખ કોતરાયો ગણી શકાય, ૨૩૭ લઇએ તો રાજ્યાભિષેકના ઓગણીસમા વર્ષે અને ૨૩૫ લઇએ તો એકવીશમા વર્ષે શિલાલેખ કોતરાયો ગણાય. આમાંથી વધારે સંભવ બારમા વર્ષનો છતાં ઓગણીસમા વર્ષને પણ હજી સ્થાન છે. કેમકે કેટલાક વિદ્વાનો ગૌણ શિલાલેખો કોતરાવાનો સમય મુખ્ય શિલાલેખોની પછીનો ગણે છે ને તે સાચું ને સપ્રમાણ ઠરે તો ગૌણ શિલાલેખો રાજ્યા-ભિષેકના વીશમા વર્ષ લગભગમાં કોતરાય. તે સંયોગોમાં ૨૩૭ની સાથે ૨૫૬ નો સુમેળ સંપૂર્ણતઃ મળી રહે.

અને પર્યટન અર્થ લેવો હોય તો તે પણ જૈન ગણુતરીએ તો મળી જ રહે છે. કેમકે લેખના પૂર્વાર્ધમાં પ્રિયદર્શીએ સ્પષ્ટ જણાવ્યું છે કે અઢી વર્ષ કરતાં વધારે વખત લગી તે ઉપાસક હતો પણ તે દરમિયાન તેણે કંઇ પરાક્રમ કરેલું નહિ, પરંતુ એકાદ વર્ષ કરતાં વધુ વખતથી તેણે સંઘયાત્રાનું પરાક્રમ આદર્યું છે. આ શાસન જાહેર કરવાના દિવસે તેને સંઘયાત્રાની પ્રવૃત્તિ આદર્યાને એક વર્ષ થઇ ગયું છે, અને પોતે સંઘની સાથે યાત્રાએ નીકળી ચૂકયાને ૨૫૬ દિવસ થયા છે.

વ્યુપ શબ્દને ધ્યાનમાં લેતાં અહીં એક અર્થ એ પણ સંભવે છે કે–મ. સં. ૨૩૭ માં નિવૃત્તિ લઇને અને સંપ્રતિને સિંહાસન સોંપીને ૧૯ વર્ષ પછી–મ. સં. ૨૫૬ માં–અશોક અવસાન પામ્યો છે. ૨૫૬ ના આંકથી પ્રિયદર્શી કદાચ તે પ્રસંગનો પણ નિર્દેશ કરવા ઇચ્છતો હોય.

શ્રવણબેલગોલ ઇન્સ્ક્રીપ્શન્સ
શ્રવણબેલગોલ મસ્તકાભિષેક વિશેષાંક
શાકુન્તલ–( કાલિદાસ )
સમવાયાંગ સુત્ર
સિવિલાઇઝેશન ઓફ ધી ઇસ્ટ (રામપ્રસાદ ચંદા)
સુદર્શન વિભાસ
સ્વપ્ન વાસવદત્તા
સંપ્રતિ રાજકથા
સ્થવિરાવલી
સાંચી એન્ડ ઇટ્સ રીમેઇન્સ (જનરલ ઓફ. સી. મેઇઝી
હિસ્ટરી–નૅચરલ–(પ્લીની) પુ. ૬
હિસ્ટોરીકલ ગ્લીનીંગ્ઝ
હિમવત્ થેરાવલી
હિસ્ટરી ઓફ ફાઇન આર્ટ્સ ઇન ઇન્ડીયા એન્ડ સિલો
હિસ્ટરી ઓફ કનોજ
હિંદી વિશ્વકોશ પુ. ૨


—×—

## ટૂંકાક્ષરી

આ ગ્રન્થમાં વાચકવર્ગની સગવડતાને ખાતર ટૂંકા અક્ષરોનો વિશેષ ઉપયોગ કરેલો નથી. વારંવ જે ગ્રન્થોનાં નામ વપરાતાં હોય તેવા માટે કોઇ કોઇ સ્થળે ટૂંકાક્ષર વાપરેલ છે. દા. ત.—જ. રો. એ. સે (J. R. A. S.); ઇ. આઇ. (E. I.); જે. બી. ઓ. આર. એસ. (J. B. O. R. S. આઇ. એ. (I. A.); સી. એ. આઇ. (C. A. I.); સી. આઇ. આર. (C. I. R.), Cor. In Ind.). આ અક્ષરો અનુક્રમે The Journal of the Royal Asiatic Society, Epigraph Indica, The Journal of the Bihar & Orissa Research Society, Indi Antiquary, The Coins of the Andhra dynasty by Rapoon, Corp Inscriptions Indicarum; આદિને સૂચવનારા છે અને એવા ગ્રન્થોનાં નામ ગ્રન્થયાદીમાં આ જાય છે, એટલે ત્યાંથી જોઇ લેવાં.

વિ.સં., મ.સં., બુ.સં., ઇ.સ., પુ., ડૉ., ફૂ.નો., દા.ત., પૃ. વગેરે ટૂંકા અનુક્રમે વિક્રમ સંવત, મહાવીર સંવત, બુધ્ધ સંવત, ઇસ્વીસન, પુસ્તક, ડૉક્ટર, ફૂટ નોટ, દાખલા ત [illegible] વગેરેને સૂચવનારા છે તે સહેજે સમજી શકાય તેમ છે.

[illegible] અંકમાં ફૂટનોટોમાં ગિરનાર–કાલસી આદિને માટે જે ટૂંકાક્ષરો વપરાયા છે તેની સા [illegible] સ્થાનમાં આપી છે.

# ब्रह्मगिरि [1]

१ (क) सुवंणगिरीते[2] अयपुतस महामाताणं च वचनेन इसिलसि महामाता आरो
चवतिया[3] हेवं च ववतिया[4].... .... ...

८ .... .... .... (ड) से हेवं देवाणंपिये

९ आह (ढ) मातापितिसु सुसूसितविये हेमेव गरुसु[5] माणेसु द्रयितव्यं सचं

१० वतवियं से इमे धंमगुणा पवतितविया (ण) हेमेव अंतेवासिना

११ आचरिये अपचायितविये ञातिकेसु च कं य....[6] रहं पवतितविये[7]

१२ (त) एसा पोराणा पकिती दीघावुसे च एस (द) हेवं एस कटिविये[8]

१३ (ध) चपडेन लिखिते[9] लिपिकरेण[10]

---

१ બ્ર. શિ. અને જ.-રા. ના ખડકલેખો સરખા છે. પણ તેમાં જ.-રા. ને શિ. ના વધારે તૂટેલા હોઇ બ્ર. ને પસંદગી આપી છે.

૨ બ્ર. માં સુવંણગિરિતે વંચાય છે પણ શિ. માં સુવંણગિરીતે ચોકખું વંચાતું હોવાથી અને તે જ સાચું લાગતું હોવાથી તે શબ્દને પસંદગી આપી છે.

૩ શિ. માં हेवं च पवतिया એ શબ્દો નથી.

૪ અહીંથી (ખ થી) રૂ. સ. અને વૈ. માં છે તેને સમાંતર ( જુઓ રૂપનાથ લઘુલેખ ) લેખ શરૂ થાય છે અને તે પૂરો [ ચ-ટ-ઠ ને બાદ કરતા ] થઇને આ લેખ આગળ વધે છે. એ લેખની અહીં પુનરાવૃત્તિ ન કરતાં ક થી શરૂ થતો વધારાનો ભાગ જ આપ્યો છે.

૫ બુલર गरुत्वम् વાંચે છે.

૬ यथारहं હોવું જોઇએ. શિ. માં ...थारहं વંચાય છે. અને જ.-રા. માં यथारहं વંચાય છે.

૭ જ.-રા. માં આની પછી हेवं धंमे देवाणंपिय છે.

૮ कटविये હોવું જોઇએ. શિ. માં પણ તેમજ છે.

૯ બુલર लिखितम् વાંચે છે.

૧૦ આ શબ્દ ખરોષ્ઠી લિપિમાં લખાયલ છે.

# બ્રહ્મગિરી

(क) સુવર્ણગિરિમાંના[1] આર્યપુત્રના[2] અને મહામાત્રાઓના વચનથી ઈસિલીના[3] મહામાત્રોને આરોગ્ય પૂછવું અને આમ કહેવું.[4]............

...........................................................................................

(ट) દેવાનુપ્રિય આમ પણ કહે છે—

(ड) માતપિતાની શુશ્રૂષા કરવી, તેમ જ જીવો[5] પ્રત્યેનું સન્માન દૃઢ કરવું જોઈએ,[6] સત્ય બોલવું જોઈએ,– આ ધર્મગુણો આચરવા જોઈએ.

(ण) તેવી જ રીતે શિષ્યે ગુરુને માન આપવું જોઈએ અને ન્યાતીલાઓની સાથે યોગ્ય વર્તન રાખવું જોઈએ.

(त) આ પ્રકૃતિ પુરાણી છે અને તે ચિરસ્થાયી પણ છે.[7]

(थ) તેથી કરીને તેમ કરવું જોઈએ.[8]

(द) લિપિકાર ચપડે લખ્યું.

---

(૧) આ સુવર્ણગિરિ સંબંધમાં સંશોધકોમાં ખૂબજ મતભેદ છે. કોઇ તેને મ્હૈસુરમાં રાયચુરની નજીક આવેલ સોનાની ખાણોવાળો પ્રદેશ ગણે છે, કોઇ તેને રાજગૃહની સમીપના એક ગિરિ તરીકે ઓળખાવે છે તો કોઇ તેને માળવામાંના કોઇ અગત્યના સ્થળ તરીકે ગણાવે છે. પણ જૈન દૃષ્ટિએ આનો ઉકેલ સહેજે મળી જાય તેમ છે

એ તો સ્પષ્ટ છે કે પ્રિયદર્શીએ આ શાસનો પોતાની સંઘ–યાત્રા દરમિયાન બહાર પાડ્યાં છે. યાત્રાએ નીકળેલો સંઘ દેખીતી રીતે જ પ્રત્યેક તીર્થે જાય અને ત્યાં કંઇક થોભે. સુવર્ણગિરિ એ જૈનોનું એક અતિ મહત્ત્વનું તીર્થ છે. તે જાલોરની નજીક આવેલું છે. આજે તો તેની સ્થિતિ સામાન્ય છે પણ પ્રાચીન કાળમાં તેની સમૃદ્ધિ અમરાવતીને પણ શરમાવે એવી હતી. ભગવાન મહાવીર સ્વામીનું ત્યાં 'યક્ષવસતિ' નામે એક અપૂર્વ દહેરાસર હતું. ઈ. સ. ૧૮૨ માં અવંતીની ગાદીએ આવેલા ગર્દભીલવંશી અંતિમ નૃપતિ નાહડના સમયમાં એ ગિરિ પર કેવળ કોટ્યાધિપતિઓ જ વસતા હતા. ગૂર્જરપતિ કુમારપાળે તે ગિરિ પર ભગવાન પાર્શ્વનાથનું એક સુંદર મંદિર બંધાવરાવ્યું હતું. તે પછી તે તીર્થ ધીમે ધીમે ઘસાવા લાગ્યું.

(૨) 'ખંડહાલ જાતક' માં જણાવ્યા પ્રમાણે આર્યપુત્રનો અર્થ રાજકુમાર થાય છે. પ્રાચીન સમયમાં રાણીઓ રાજ્ઞી–પતિને સંબોધતાં હંમેશાં આર્યપુત્ર શબ્દ વાપરતી. એટલે સંભવિત છે કે આ શાસનરાજના નામે રાણીએ મોકલાવ્યું હોય ને તેમાં સ્વાભાવિક રીતે જ રાજ્ઞી–પતિને માટે તેનાથી આર્યપુત્ર શબ્દ લખાયો હોય. અથવા તો સુવર્ણગિરિના સૂબાપદે રાજ-

કુમાર હોય અને ઇસલીનો પ્રદેશ તેના કાબૂ તળે હોય તો, સમ્રાટ પ્રિયદર્શી સુવર્ણગિરિની યાત્રાએ આવી પહોંચતાં તેની આજ્ઞાથી રાજકુમાર ઇસલીના મહામાત્રાને આ સંદેશો પાઠવતો હોય.

( ૩ ) આ નામનો ઉલ્લેખ સાંચી–સ્તૂપમાં પણ આવે છે.

( ૪ ) અહીંથી આગળ જતાં ( ख થી ठ લગી ) રૂપનાથના લેખને સંપૂર્ણતઃ મળતો લેખ શરૂ થાય છે. [ તે માટે જુઓ રૂપનાથનો લેખ ] અને તે પૂરો [ च–ट–ठ ને બાદ કરતાં ] થઇને આ લેખ આગળ વધે છે. એટલે એ લેખની અહીં પુનરાવૃત્તિ ન કરતાં ख થી ठ લગીનો ભાગ રૂપનાથ–અનુસાર વાંચી લેવાની વિનંતી કરીને ड થી શરૂ થતો વધારાનો ભાગ જ અહીં રજૂ કરીએ છીએ.

( ૫ ) મૂળમાં અહીં प्राण શબ્દ છે. તે શબ્દ જૈન પરિભાષિક હોવાનું ડૉ૦ ભાંડારકર પણ માન્ય રાખે છે. જૈનોનું પહેલું મહાવ્રત प्राणातिपात विरमण છે. એ શબ્દ માનવી, પશુ આદિ પ્રત્યેક સજીવ પ્રાણીને માટે વપરાય છે.

( ૬ ) હુલ્ઝ આ વાક્યનો અર્થ એવો કરે છે કે દરેક પ્રાણી પ્રત્યે સન્માન એ સ્થાપિત સિધ્ધાંત હોવો જોઇએ.

( ૭ ) હુલ્ઝ અને ડૉ૦ રાધા કુમુદ આ વાક્યનો અર્થ એવો કરે છે કે, ' આ પોરાણિક ( પરંપરાગત–પ્રાચીન ) આચાર છે અને તે દીર્ધાયુષ્ય બક્ષે છે. '

( ૮ ) તેમ કરવું જોઇએ એટલે તે આચારને અનુસરવું જોઇએ.

## मस्की

१ (क) देवानंपियस असोकस[1]........अढ़ति-
२ ....नि[2] वषानि। अं सुमि बुपासके[3] (ग)....तिरे[4]....
३ ....मि संघं उपगते उढ[5]........मि उपगते (घ) पुरे जंबु
४ ....[6] सि ये अमिसा देवा हुसु ते दानि मिसिभूता (ङ) इय अठे खुद-
५ केन पि[7] धमयुतेन सके अधिगतवे (च) न हेवं दखितविये उडा
६ लके व इम अधिगछेया ति (छ) खुदके च उडालके च वत-
७ विया हेवं वे कलंतं भदके से अ[8] ........तिके च वढि-
८ सिति चा दियढियं हेवं ति

---

૧ આ ( असोकस ) શબ્દની પછી વધુમાં વધુ ચચાર અક્ષરના બે શબ્દ માય એટલી જ જગ્યા છે. સેનાર્ટ એ સ્થળે वचनेन अधिकानि એ બે શબ્દ સૂચવે છે. પણ હુલ્ત્ઝ કહે છે કે, ' वचनेन એ ત્રીજી વિભક્તિનો શબ્દ હોઈ તેની સાથે ક્રિયાપદ જોઈએ. અને ક્રિયાપદ મૂકવા જેટલી જગ્યા ખાલી નથી. માટે હું सावने अधिकानि એ બે શબ્દો સૂચવું છું. ' બંનેમાંથી ગમે તે સૂચનાને માન્ય રાખીએ તો પણ પાછળ આવતું अं એ પુરુષવાચક સર્વનામ જો અશોકને જ લગાડવું હોય તો તેમાં ક્રિયાપદ જોઈએ જ. અને જો अं એ કોઈ બીજી વ્યક્તિનું સર્વનામ માનીએ તો वचनेन (અથવા अनुमत्या) अधिकानि એ શબ્દો વધારે પસંદગીને યોગ્ય છે. પરિણામે આખું વાક્ય—देवानंपियस असोकस वचनेन अधिकानि अढ़तियानि वषानि अं सुमि बुपासके [ હુલ્ત્ઝ बुपसके વાંચે છે. જુઓ ટી. નં. ૩ ] = [ દેવાનુપ્રિય અશોકની અનુમતિથી હું અઢી કરતા પણ કંઈક વિશેષ સમય થયાં ઉપાસક થયો છું. ]

૨ રૂ. માં अढ़तियानि અને બ્ર. ને શિ. મા अढाथियानि છે તે જોતા અહીં પણ તેને સમાનર શબ્દ હોય એ સ્વાભાવિક છે. अढ़ति...नि અક્ષરો સ્પષ્ટ વંચાય છે એટલે મૂળ શબ્દ अढ़तियानि જ હોઈ શકે.

૩ સ. વે. અને શિ. માં આ સ્થળે उपासके છે એ જોતાં અહીં પણ તેને સમાંતર શબ્દ હોવાનો જ વિશેષ સંભવ છે. કૃષ્ણશાસ્ત્રી અહીં बुपाशके વાંચે છે. હુલ્ત્ઝ बुपशके વાંચે છે. પરંતુ હુલ્ત્ઝ પણ એ તો કબૂલેજ છે કે, લખનારનો મૂળ આશય તો उपाशके જ લખવાનો હોવો જોઇએ, કેમકે बुपशके માંનો ब સ્પષ્ટ નથી પણ पा પર છેકભૂંસ કરીને લખાયલો છે. લખનારની મૂળ ઇચ્છા તો उपासके જ લખવાની જણાય છે એમ સેનાર્ટ પણ કબૂલે છે. આ જોતાં અહીં બીજાં વાચનોની જેમ उपासके શબ્દ જ વધારે પસંદગીને યોગ્ય છે. પણ પ્રથમ અક્ષર बु વંચાતો હોઈ મૂળમાં बुपासके લખેલ છે.

૪ બીજા લેખોને અનુસરીને અહીં ખૂટતી જગ્યા પુરીએ તો—संवछरे सातिरेके अं सुमि એ પ્રમાણે થાય.

૫ હુલ્ત્ઝ આ સ્થળે ખૂટતી પંક્તિ માટે उढानं च सुमि उपगत શબ્દો સૂચવે છે, જ્યારે કૃષ્ણશાસ્ત્રી અને સેનાર્ટ बाढं च सुमि उपगते સૂચવે છે. વૈ. માં उपगते ને સ્થાને उपयाते છે. રૂ. માં उपेते છે.

૬ जंबुदीपसि હોવું જોઇએ.

૭ કૃષ્ણશાસ્ત્રી हि વાંચે છે.

૮ અહીં अठ चिरठितिके હોવું જોઇએ.

૯ કૃષ્ણશાસ્ત્રી અહીં दियढिय हेवानि વાંચે છે.

# મસ્કી

(क) દેવાનુપ્રિય અશોકના [1]....

(ख) ... અઢી વર્ષ હું ઉપાસક[2] થયો.[3]

(ग) .... સંઘ–પ્રયાણ....

(घ) પહેલાં જંબુ....માં જે દેવો મિશ્ર થયા ન હતા તેઓ હવે મિશ્ર થયા.[4]

(ङ) ધર્મમાં જોડાયલ સામાન્ય કોટિનો ( માનવી ) પણ આ હેતુને સિદ્ધ કરી શકે છે.

(च) તે માત્ર ઉપલી કોટિનો જ મેળવી શકે એવું નથી.

(छ) સામાન્ય કોટિના અને ઉચ્ચ કોટિના–બંને[5] આ પ્રમાણે વર્તતાં....વધશે....દેઢો....

---

૧ આ શબ્દની પછી વધુમાં વધુ ચચાર અક્ષરના બે શબ્દ સમાય એટલી જગ્યા ખાલી છે. સેનાર્ટ એ સ્થળે वचनेन अधिकानि એ બે શબ્દ સૂચવે છે. પરંતુ હુલ્ઝ કહે છે કે, ' वचनेन એ ત્રીજી વિભક્તિનો શબ્દ હોઇ તેની સાથે ક્રિયાપદ જોઇએ. અને ક્રિયાપદ મૂકવા જેટલી જગ્યા નથી. માટે હું सासने अधिकानि એ બે શબ્દ સૂચવું છું. બંનેમાંથી ગમે તે સૂચનાને માન્ય રાખીએ તો પણ પાછળ આવતું હું એ પુરુષવાચક સર્વનામ જો અશોકને જ લગાડવું હોય તો તેમાં ક્રિયાપદ જોઇએ જ,—જે મૂકવા જેટલી જગ્યા છે જ નહિ, અને જો હું એ કોઇ બીજી વ્યક્તિનું સર્વનામ માનીએ તો वचनेन ( અથવા अनुमत्या ) अधिकानि એ શબ્દો વધારે પસંદગીને યોગ્ય છે. પરિણામે આખું વાક્ય ' દેવાનુપ્રિય અશોકની અનુમતિથી હું અઢી વર્ષ કરતાં પણ કંઇક વિશેષ સમય થયાં ઉપાસક થયો છું.'— એ પ્રમાણે બને. અને અશોક આ શાસનો કોતરાવનારનો મુરબ્બી હોઇને તેણે ઉપાસક બનતાં પૂર્વે અશોકની અનુમતિ લઇ લીધી છે એટલા ઉમેરા સિવાય ઉક્ત વાક્ય રૂપનાથ–આદિ નાના શિલાલેખોની સાથે મળતું આવી રહે છે.

આ રીતે, મસ્કીના શિલાલેખને, બીજા વિદ્વાનો પ્રિયદર્શિન એ અશોક હોવા સંબંધી પુરાવા તરીકે ગણી લે છે તેને બદલે તે લેખ એ વિગતને સ્પષ્ટ કરે છે કે આ શાસનોનો કોતરાવનાર અશોક નથી, પણ અશોક તેનો મુરબ્બી થાય છે અને તેણે અશોક પોતે જે ધર્મ પાળે છે તેનાથી જુદા જ ધર્મમાં પ્રવેશ કરેલો છે. કેમકે તેમ ન હોય તો ઉપાસક બનવા માટે તેને અશોકની અનુમતિની જરૂર જ ન રહે. અશોકનો જે ધર્મ હોય તે ધર્મમાં તો તેનું સ્થાન સ્વાભાવિક રીતે જ ગણી લેવાય. અનુમતિની જરૂર તો બીજા ધર્મમાં પ્રવેશવું હોય તો જ જણાય. આ રીતે મસ્કીનો લેખ તો આ શાસનો અશોકનાં ન હોઇ શકે

એવું મંતવ્ય ધરાવનાર વર્ગને ઉપયોગી થઇ પડે તેવો છે.

૨ ડુલ્સ પ્રિયદર્શિનને બૌદ્ધ માની લઇને અહીં બુધશાકે વાંચે છે અને આખા વાક્યનો અર્થ, 'હું બુદ્ધ-શાક્ય થયો' એ પ્રમાણે કરે છે. પણ સ્પષ્ટ અક્ષરો તો ઉપાશકે વંચાય છે, અને એ શબ્દ બીજાં શાસનો [ બ્રહ્મગિરિ-આદિ નાના ખડક-લેખો ] માં આવતા ઉપાસક શબ્દને સમાંતર હોઇ અહીં ઉપાસક શબ્દ પસંદ કરવો એ જ વધારે યોગ્ય ગણાય.

૩ અહીંથી શરૂ થતાં વાક્યોમાં તૂટતા અક્ષરો-શબ્દોની પુરવણી તેમજ ભાવાર્થના ખ્યાલ માટે મરકીનો મૂળ લેખ ( પૃ. ૧૩૫ ) ને રૂપનાથનો અનુવાદ ( પૃ. ૧૨૮ ) જુઓ.

૪ આ વાક્યના વિશેષાર્થ માટે જુઓ-રૂપનાથ ખડકલેખની ટી. નં. ૪.

૫ આ બંને વિભાગના સ્પષ્ટાર્થ માટે જુઓ-રૂપનાથ ખડકલેખની ટી. નં. ૫.

---

## फलकत्ता-वैराट

१ (क) प्रियदसी लाजा मागधे[1]संघं अभिवादेतूनं[2] आहा अपाबाधतं च फासु विहालतं चा

२ (ख) विदिते वे भंते आवतके हमा बुधसि धंमसि संघसी ति गालवे[3] चं प्रसादे[4] च (ग) ए केचि भंते

३ भगवता बुधेन भासिते सर्वे[5] से सुभासिते वा (घ) ए चु खो खो भंते हमियाये दिसेया हेवं सधंमे

४ चिलठितीके होसती ति अलहामि हकं तं वातवे[6] (ङ) इमानि भंते धंमपलियायानि विनयसमुकसे

५ अलियवसाणि[7] अनागतभयानि मुनिगाथा मोनेयसूते उपतिसपसिने ए चा लाघुलो-

६ वादे मुसावादं अधिगिच्य[8] भगवता बुधेन भासिते एतानि[9] भंते धंमपलियायानि इछामि

७ किंति वहुके भिखुपाये[10] चा भिखुनिये[11] चा अभिखिनं सुनेयु[12] चा उपधालयेयू[13] चा (च) हेवंमेवा उपासका चा उपासिका चा (छ) एतेनि[14] भेतं इमं लिखापयामि अभिमेतं[15] मे जानंतु[16] ति

---

१ सेनार्ट मागधं वांचे छे.
२ सेनार्ट अभिवादनम् वांचे छे.
३ सेनार्ट गल्वे वांचे छे.
४ सेनार्ट पसादे वांचे छे.
५ सेनार्ट सवे वांचे छे.
६ सेनार्ट वतवे वांचे छे. બરૂઆ वितवे वांचे छे.
७ सेनार्ट अलियवसानि वांचे छे.
८ भीयस्सन अधिगिच्य वांचे छे.
९ सेनार्ट एतान. वांचे छे.
१० બરૂઆ भिखुपो ये वांचे छे.
११ सेनार्ट भखुनिये वांचे छे.
१२ सेनार्ट सुनयु वांचे छे
१३ सेनार्ट उपाधाऊयेयु वांचे छे.
१४ एतेना देवुं जोईए.
१५ सेनार्ट अभिहेतम् वांचे छे.
१६ सेनार्ट मा जानंत वांचे छे.

# કલકત્તા—વૈરાટ

(क) મગધનો[1] રાજા પ્રિયદર્શી સંઘને અભિવંદન કહાવે છે અને (સંઘના વિષયમાં) આરોગ્ય તથા સગવડવાળું જીવન ઈચ્છે છે.[2]

(ख) ભદંતો[3]! બુદ્ધને માટે, ધર્મને માટે અને સંઘને માટે મને કેટલાં બધાં માન અને સદ્‌ભાવ[4] છે, તે તમે જાણો છો.

(ग) ભદંતો! ભગવાન્ બુદ્ધે જે કંઇ ભાખેલું છે તે સઘળું સારૂં જ[5] ભાખેલું છે.

(घ) પણ, ભદંતો! સદ્ધર્મ ચિરસ્થાયી થાય તે માટે મેં તેમાંથી જે કંઇ તારવી કાઢેલું છે તે જણાવવાનું હું યોગ્ય ધારૂં છું.[6]

(ङ) ભદંતો, નિમ્નોક્ત ધર્મસૂત્રો છે[7]—વિનયસમુકસે, અલિયવસાનિ, અનાગત-ભયાનિ, મુનિગાથા, મોનેયસૂતે, ઉપતિસપસિને અને અસત્યના સંબંધમાં ભગવાન્ બુદ્ધે રાહુલને કરેલો બોધ. હે ભદંતો! ભિક્ષુકો અને ભિક્ષુણીઓ પૈકીનાં ઘણાંખરાં આ ધર્મસૂત્રોને હંમેશાં સાંભળે તથા વિચારે, એમ હું ઈચ્છું છું.

(च) તે જ પ્રમાણે ઉપાસકોએ અને ઉપાસિકાઓએ પણ (એમ જ કરવું જોઈએ.)

(छ) ભદંતો, આ જ કારણે હું આ લખાવું છું (કે) તેઓ મારી ઈચ્છા[8] જાણે.

---

(૧) આ વાક્યનો અર્થ—'પ્રિયદર્શિ રાજા મગધમાં એકત્ર થયેલા સંઘને અભિવંદન કહાવે છે...' એ પ્રમાણે પણ થઈ શકે છે.

(૨) મગધના કોઈક ભાગમાં બૌદ્ધ સંઘની [પ]રિષદ મળેલી છે અને પ્રિયદર્શી લૌકિક પ્રથાનુસાર [એ] પરિષદ પર શુભેચ્છાનો સંદેશ પાઠવે છે સંદેશાની [શ]રૂઆતમાં તે બૌદ્ધ સંઘને આરોગ્ય અને સગવડતા [સાં]પડે એવી ઇચ્છા દર્શાવે છે. જો પ્રિયદર્શી જાતે [બૌ]દ્ધ ધર્મનો હોય તો દૂરથી આવો શુભેચ્છાનો [સં]દેશો મોકલવાને બદલે તે પોતે સંઘના સેવક તરીકે [સં]ઘની પરિષદમાં હાજરી આપે અને સંઘની સેવા [કર]વા [ત]ત્પરતા અનુક્રમે અભિવંદનના આ સંદેશાનું પ્રથમ વાક્ય પણ જૈન લાક્ષણિકતાનું સૂચક છે. કેમકે તેમાં આરોગ્ય અને સુખશાતાની પૂછગાછ અંગે વપરાયલ અપાબાધતં શબ્દ એવી પૂછગાછ અંગે વપરાતો વિશિષ્ટ જૈન શબ્દ છે.

(૩) અહીં મૂળમાં મંતે શબ્દ છે. તેનું ગુજરાતી રૂપાંતર સંબોધન રૂપમાં 'હે ભગવન્'—'આપ શ્રીમાન્' એવા અર્થમાં થઈ શકે. પરંતુ એ અર્થ એક જ શબ્દમાં સૂચવવો હોય તો તે માટે 'ભદંતો' શબ્દ જ વ્યાજબી લેખાય, એમ લાગવાથી અહીં એ શબ્દ વાપરેલ છે.

(૪) અહીં [illegible] શબ્દ છે પ્રિયદર્શિનને બૌદ્ધ માનો બદને કેટલાકે તેનો અર્થ શ્રદ્ધા કરી


નાંખ્યો છે. પરંતુ પ્રસાદનો અર્થ પ્રસન્નતા, સદ્‌ભાવ કે મહેરબાની થાય. આ પ્રસાદ શબ્દ જ સૂચવે છે કે પ્રિયદર્શી ધર્મે બૌદ્ધ નહોતો, પણ બુધ્ધ પ્રત્યે, બુધ્ધના ધર્મ પ્રત્યે અને બૌધ્ધ સંઘ પ્રત્યે તે મહેરબાની દાખવતો હતો, સદ્‌ભાવ દર્શાવતો હતો.

(૫) પ્રિયદર્શી જો ધર્મે બૌધ્ધ હોય તો તેણે આવું વાક્ય લખવાનું જ ન હોય. કેમકે મંતવ્ય તો તેણે બૌધ્ધ ધર્મનો સ્વીકાર કરવા પૂર્વે જ કેળવી લીધેલું હોય. બુદ્ધમાં સંપૂર્ણ શ્રદ્ધા દર્શાવ્યા પછી જ તે બૌદ્ધ સંઘમાં દાખલ થઈ શકે. પછી બૌદ્ધ સંઘની પરિષદમાં 'બુધ્ધે સઘળું સારૂં જ ભાખેલું છે' એમ કહેવાનો અર્થ શો ? આ વિધાન તો સંદેશો મોકલનાર રાજા પરિષદના ધર્મનો હોય તે કરતાં પોતાના રાજ્યમાં મળેલી ધર્મ-પરિષદ પરત્વે અન્ય ધર્મી રાજા રાજધર્મને અનુસરીને સંદેશ મોકલાવે તેને વધારે મળતું આવે છે.

(૬) એક વખત કહે છે કે, 'બુધ્ધે સઘળું સારૂં જ ભાખેલું છે.' અને પછી ઉમેરે છે કે 'તેમાંથી મેં તો અમુક જ તારવી કાઢેલું છે.' બૌદ્ધ ધર્મી રાજા આ પ્રમાણે ન કહી શકે. અને આગળ જતાં તે પોતાની તારવણી દર્શાવે છે ત્યારે તો તે સ્પષ્ટપણે બૌધ્ધેતર જ જણાય છે. કેમકે બુદ્ધના કથનમાંથી તે બૌદ્ધધર્મનાં મૂળભૂત તત્ત્વો તારવવાને બદલે સામાન્ય નીતિ તારવી કાઢે છે. [ જુઓ નીચે ટી. નં. ૭ ]

(૭) આ ધર્મસૂત્રો દેખીતી રીતે જ બૌધ્ધ છે. પણ તેની ચૂંટણી જ દર્શાવે છે કે તેનો ઉલ્લેખ કરનાર નૃપતિ જાતે બૌદ્ધ નથી કેમકે આ સૂત્રો વિશિષ્ટ સાંપ્રદાયિક ધર્મગ્રન્થો નથી. તેમાં બૌધ્ધોના પ્રથમ મહાસૂત્ર 'ત્રિપિટક' નો ઉલ્લેખ પણ નથી. બૌદ્ધ ધર્મ ગ્રન્થોમાં સાર્વજનિક ઉન્નતિને અનુલક્ષીને જ કંઈ લખાયું છે તેનો જ અહીં નિર્દેશ કરેલો છે. 'વિનયસમુકસે' એ બૌદ્ધ ધર્મગ્રન્થ 'ધમ્મદેસના'માં આવતું વિનય અને નીતિને લગતું પ્રકરણ છે; 'અલિયવસાનિ' એ 'અંગુત્તરસૂત્ર'માં આવતું પવિત્ર અને સાધુ પુરુષોના જીવન નિયમોને લગતું પ્રકરણ છે; 'અનાગત ભયાનિ' એ 'અંગુત્તરસૂત્ર'માં સમાયલું ભવિષ્યના ભયોને સૂચવતું પ્રકરણ છે; 'મુનિગાથા' એ સાચો સાધુ કોણ કહેવાય તે પ્રશ્ન ચર્ચતું અને બૌધ્ધ ધર્મગ્રન્થ 'સુત્ત-નિપાત'માં સમાયલું એક પ્રકરણ છે; 'મોનેયસૂતે' એ સુત્તનિપાત'માંનુ મૌનના ગુણો ચર્ચતું પ્રકરણ છે; 'ઉપતિસપસિને' એ ઉપતિસ્સના નીતિવિષયક પ્રશ્નોનું પ્રકરણ છે; અને છેલ્લું ધર્મસૂત્ર અસત્યના દોષો અને સત્યના ગુણો વર્ણવે છે. આ રીતે બુદ્ધ ધર્મગ્રન્થોમાંથી સર્વસામાન્ય ધાર્મિક ઉન્નતિનાં પ્રકરણો સૂચવીને અને બૌદ્ધ સંપ્રદાયને તેના અભ્યાસની સલાહ આપીને પ્રિયદર્શિન બૌધ્ધ સંઘને તટસ્થ રાજકર્તા તરીકે કિંમતી સલાહ આપે છે.

(૮) આ વાક્ય ખૂબ જ સૂચક છે. પ્રિયદર્શિન આ સંદેશને બુધ્ધના ભક્ત તરીકે નહિ પણ એક રાજ-કર્તા તરીકે પોતે બૌદ્ધ સંઘ પાસેથી કેવી આશાઓ રાખે છે તેની સર્વને જાણ કરવાને માટે કોતરાવે છે. પોતાના રાજ્યની હદમાં ભરાતી ગમે તે ધર્મની પરિષદ્ પર રાજા સંદેશ મોકલાવે અને આધુનિક યુગમાં એ સંદેશ વર્તમાનપત્રોમાં પ્રગટ થાય તે જ ધોરણે કલકત્તા-વૈરાટનો લેખ કોતરાયો છે. પરંતુ શુભેચ્છાના સંદેશનો અર્થ રાજા એ જ ધર્મનો અનુયાયી છે એવો ન કરી શકાય.



# તૃતીય પરિચ્છેદ

## મુખ્ય સ્થંભલેખો

સાર—

મુખ્ય સ્થંભલેખો-શાસનો કુલ સાત છે. અને તે દિલ્હી-ટોપ્રા, દિલ્હી-મીરત, લૌરિય-અરરાજ,
ારિય-નંદનગઢ, રામપૂર્વા અને અલ્હાબાદ કૌશાંબી-એ નામે ઓળખાતા જુદા જુદા ૭ સ્થંભો પર
તરાવેલા છે. તેમાં દિલ્હી-ટોપ્રામાં પાંચમા અને સાતમા શાસનના થોડાક અક્ષરો તૂટેલા છે તે બાદ કરતાં તે
સનો સંપૂર્ણ છે, જ્યારે બીજા સ્થંભો પર તે વિશેષ પ્રમાણમાં ખંડિત કે અધૂરાં છે. એટલે આ પરિચ્છેદમાં
હી-ટોપ્રાનાં જ સાતે શાસન પ્રગટ કર્યાં છે અને અન્ય સ્થંભો પર જે ફેરફાર હોય તે ફૂટનોટોમાં દર્શાવેલ છે.

તેમાંથી પ્રથમ શાસનમાં, તે રાજ્યાભિષેકના છવીસમા વર્ષે કોતરાવેલું છે તે દર્શાવીને ધર્મપ્રેમ,
મપરીક્ષા આદિ પર ભાર મૂકવામાં આવ્યો છે. બીજામાં ધર્મ અને દાનની નોંધ છે. ત્રીજામાં આત્મ-પરીક્ષા
વી છે. ચોથામાં પ્રજાના હિત માટે નીમેલા રજ્જુકો (અમલદારો)ની કાર્યપ્રણાલી દર્શાવી છે.
મામાં અમારી (જીવ-અહિંસા) અને પર્વ દિવસે પુણ્યની નોંધ છે. છઠ્ઠામાં લોકોના હિતસુખને માટે
રાજ્યાભિષેકના બારમા વર્ષથી ધર્મલિપિઓ લખાવવા માંડી છે તે સૂચવીને પ્રિયદર્શિ જણાવે છે કે પોતે
ધર્મોને સન્માન્યા છે પણ પોતાનો ખાસ ધર્મ તો જેમાં પ્રતિક્રમણ થઇ શકે છે તે-જૈન ધર્મ છે. સાતમા
માં પ્રિયદર્શિની બધી ધાર્મિક પ્રવૃત્તિઓની તારવણી આપવામાં આવી છે.

# પ્રિયદર્શીના પોતાના શબ્દો

सव पासंडा पि मे पूजिता विविधाय पूजाया

ए चु इयं अतना पचूपगमने से मे मोख्यमते

[ છઠ્ઠો મુખ્ય સ્થંભ-લેખ ]

બધા ધર્મોને મેં વિવિધ પ્રકારની પૂજાથી પૂજ્યા છે.

પરંતુ મારો પોતાનો મુખ્ય મત (ધર્મ) તો એ છે કે જેમાં આત્માનું પ્રતિક્રમણ (પ્રતિક્રમણ એ જૈન દર્શનની વિશિષ્ટ ધર્મક્રિયા છે) થઈ શકે છે.

*

ते पि च उपासका अनुपोसथं यावु एतमेव सासनं विस्वंसयितवे

अनुपोसथं च धुवाये इकिके महामाते पोसथाये याति

एतमेव सासनं विस्वंसयितवे आजानितवे च

[ સારનાથનો ગૌણ સ્થંભ-લેખ ]

ઉપાસકો (શ્રાવકો) દરેક પૌષધના દિવસે (અષ્ટમી અને ચતુર્દશીએ) પોસહ (પૌષધ એ જૈન દર્શનની વિશિષ્ટ ધર્મક્રિયા છે) કરવાને આવે ત્યારે તેમણે આ ધર્મશાસનથી પરિચિત રહેવું જોઈએ.

(એજ રીતે) પ્રત્યેક પૌષધના દિવસે દરેક મહામાત્ર (અમલદાર) નિયમિત પોષહ કરવાને આવે ત્યારે તેણે પણ એ ધર્મશાસનથી સુપરિચિત રહેવું જોઈએ અને તેને સમજવું જોઈએ.

*

पियदसि राया....महमत आहे भिखुनं च भिखुनिनं नातिपुतस

....तिलिख क...वि सं रि....के ये संघ ममेथति भिखु वा भिखुनि वा उदाता निदुसानि सनंधापयितु अनावा

ससि वासपेतविये इच्छा हि मे कि ति संघ समगे चिलथितिकं सियाति

[ સાંચીનો ગૌણ સ્થંભ-લેખ ]

પ્રિયદર્શી રાજા...ના મહામાત્રો (અમલદાર) ને આમ કહે છે કે—

જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરના ભિક્ષુકો અને ભિક્ષુણીઓ......

...તેમને કહેવું કે-' જે ભિક્ષુકો કે ભિક્ષુણીઓ સંઘને અભેદ્ય રાખવા ઇચ્છતાં હોય તેમણે શ્વેત વસ્ત્રો ધારણ કરવાં અને ઉપાશ્રયોમાં વસવું એવી મારી ઇચ્છા છે. કેમ ? તો કે સંઘની એકતા ચિરસ્થાયી રહે એટલા માટે.'

## प्रथम शासन [ दिल्ही–टोप्रा ][1]

[ ઉત્તર દિશા ][2]

१ ( क ) देवानंपिये पियदसि लाज हेवं आहा ( ख ) सड्वीसति
२ वसअभिसितेन[3] मे इयं धंमलिपि लिखापिता[4]
३ ( ग ) हिदतपालते दुसंपटिपादये अंनत अगाया धंमकामताया
४ अगाय पलीखाया अगाय सुसूयाया[5] अगेन भयेना
५ अगेन उसाहेना ( घ ) एस चु खो मम अनुसथिया
६ धंमापेखा धंमकामता चा सुवे सुवे वढिता वढीसति चेवा
७ ( ङ ) पुलिसा पि च मे उकसा चा गेवया चा मज्हिमा चा अनुविधीयंती
८ संपटिपादयंति चा अलं चपलं समादपयितवे ( च ) हेमेवा अंत–
९ महामाता पि ( छ ) एस हि[6] विधि या इयं धंमेन पालना धंमेन विधाने
१० धंमेन सुखियना धंमेन गोती ति

---

૧ મોટા સ્થંભલેખો કુલ સાત છે અને તે દિલ્હી–ટોપ્રા, દિલ્હી–મિરત, લૌરિય–અરરાજ, લૌરિય–નંદનગઢ રામપુરો, અને અલ્હાબાદ–કૌશાંબી–એ નામે ઓળખાતા જુદા જુદા ૭ સ્થંભો પર કોતરાયલા છે. તેમાં દિ–ટો. સ્થંભ પર પાંચમા અને સાતમા લેખમાં થોડાક અક્ષરો તૂટેલા છે તે બાદ કરતાં તે લેખો સંપૂર્ણ છે જ્યારે બીજા સ્થંભો પર તે વિશેષ પ્રમાણમાં તૂટેલા છે, એટલે આ પરિચ્છેદમાં દિ–ટો. ના લેખો ને જ પસંદગી આપી છે અને બીજે સ્થળે દેખો–ફેરફારો છે તે ફુટનોટમાં સૂચવ્યું છે.

૨ આ શાસનો સ્થંભ પર ચારે બાજુ કોતરાયલાં છે. તેમાંનું આ પહેલું શાસન ઉત્તર દિશાએ કોતરાયલું હોઇને અહીં 'ઉત્તર–દિશા'નું સૂચન કર્યું છે. આ જ રીતે દરેક શાસનની શરૂઆતમાં તે શાસન સ્થંભ પર ક્યા ભાગમાં કોતરાયલું છે તે દર્શાવવામાં આવશે.

૩ લૌ.–અ., લૌ.–નં., રા. અને અ.–કૌ. માં वसाभिसितेन છે.

૪ લૌ.–અ., લૌ.–નં. અને રા. માં लिखापित

૫ લૌ.–અ., લૌ.–નં. અને રા. માં सुसूयाय અને અ.–કૌ. મા सुसूयाया છે.

૬ મેનાર્ટ અને ...

# પહેલું શાસન [ દિલ્હી-ટોપ્રા ][1]

[ ઉત્તર-દિશા ][2]

(क) દેવાનુપ્રિય પ્રિયદર્સિ રાજાએ આમ કહ્યું છે.

(ख) રાજ્યાભિષેકને છવ્વીસ[3] વર્ષ થયે મેં આ ધર્મલિપિ લખાવરાવી હતી.

(ग) અતિશય ધર્મપ્રેમ, અતિશય પરીક્ષા,[4] અતિશય શુશ્રૂષા,[5] અતિશય ભય[6] અને અતિશય ઉત્સાહ વગર આ લોકની અને પરલોકની સિદ્ધિઓ મેળવવી અઘરી છે.[7]

(घ) પરંતુ મારા ઉપદેશથી[8] ખરેખર ધર્મની આ અપેક્ષા અને ધર્મપ્રેમ વધ્યાં છે, અને દિવસે દિવસે વધશે પણ ખરાં.

(ङ) ઉપલા, નીચલા કે મધ્યમ વર્ગના મારા અમલદારો પણ ( ઉક્ત બાબતોને ) અનુસરે છે અને ચપળ મનના લોકોને ધર્મ માર્ગે વાળવાના સંયોગોમાં હોઈને તેઓ તે પણ સિદ્ધ કરે છે.[9]

(च) તે જ પ્રમાણે સરહદી મહામાત્રાઓ પણ કરે છે.[10]

(छ) વિધિ આ પ્રમાણે છે— ધર્મથી પાલન, ધર્મથી અમલ, ધર્મથી સુખસિદ્ધિ, ધર્મથી સંરક્ષણ.[11]

---

(૧) આ સ્થળે દિલ્હી-ટોપ્રાના શાસનને પસંદગી આપવા અંગેના ખુલાસા માટે જુઓ મૂળ શાસનની ટી. નં. ૧.

આ શાસન પ્રિયદર્શીએ મૂળ ખિઝરાબાદ પ્રાંતમાંના ...આ ગામમાં કોતરાવેલ. પરંતુ ઇ. સ. ૧૩૭૫ માં ...રોઝશાહ એ સ્થંભને દિલ્હી લઇ ગયો. અને ...રથી આ સ્થંભ દિલ્હી-ટોપ્રા નામે મશહૂર બન્યો છે. ...ઝશાહ આ સ્થંભ કઇ રીતે દિલ્હી લઇ ગયો તથા ...સ્થંભ તેમજ બાકીના બીજા પાંચે સ્થંભો ...ની વિશેષ માહિતી માટે જુઓ આ ગ્રંથે પૃ ૧૧ ...આગળ.

(૨) આ શબ્દના ખુલાસા માટે જુઓ મૂળ શાસનની ટી. નં. ૨.

(૩) મુખ્ય શિલાલેખો પ્રિયદર્શીએ રાજ્યાભિષેકના બારમા વર્ષે લગભગમાં કોતરાવ્યા છે (જુઓ પૃ. ૫૯ અને ૬૩) જ્યારે સ્થંભલેખો તેણે અહીં દર્શાવ્યું છે તે પ્રમાણે રાજ્યાભિષેકના છવ્વીશમા વર્ષે લગભગમાં કોતરાવ્યા છે. તેના દરેક શિલાલેખો કે સ્થંભલેખો ક્યા ક્યા સમયે કોતરાવ્યા છે તેની વિશેષ માહિતી માટે જુઓ પ્રથમ ખંડ-પરિચ્છેદ પહેલો.

(૪) પરીક્ષા એટલે પોતાના કર્તવ્યોની વિચારણા. આત્મ પરીક્ષા, આત્મચિન્તન, આત્મમંથન વગેરે.

## બીજું શાસન [ દિલ્હી–ટોપ્રા ]

[ ઉત્તર–દિશા ]

(क) દેવાનુપ્રિય પ્રિયદસિ રાજા આમ કહે છે—

(ख) ધર્મ સારો છે. પણ ધર્મ શામાં રહેલો છે ? ( –તેના ઉત્તરમાં કહેવાનું કે )

(ग) અલ્પ આશ્રવ,[1] ઘણું પુણ્ય, દયા, દાન,[2] સત્ય, શુદ્ધતા[3] ( વગેરેમાં ધર્મ રહેલો છે. )

(घ) મેં ઘણી રીતે ચક્ષુદાન આપેલું છે.[4]

(ङ) બેપગાં તથા ચોપગાં પ્રાણીઓને અને પક્ષીઓને તેમજ પાણીમાં રહેતાં પ્રાણીઓને[5] પ્રાણદાન[6] આપવા લગીના ઉપકાર મેં કરેલા છે.

(च) એ જ પ્રમાણે મેં બીજું પણ ઘણું પુણ્ય કરેલું છે.

(छ) એ હેતુથી આ ધર્મલિપિ મેં અહીં લખાવી છે કે ( પ્રજા ) તેને અનુસરે અને તે ચિરસ્થાયી બને.

(ज) જે તેને સારી રીતે અનુસરશે તે સુકૃત્ય કરશે.[7]

---

(૧) અહીં મૂળમાં अपासिनवे શબ્દ છે. अप નો અર્થ સ્પષ્ટ રીતે અલ્પ છે. એટલે બાકીમાં आसिनव શબ્દ રહે છે. પ્રિયદર્શિનને અશોક તેમ જ ધર્મે બૌદ્ધ માનતા સંશોધકોને આ आसिनव શબ્દે ખૂબ જ ગૂંચવણમાં ઉતાર્યો છે. કેમકે પ્રિયદર્શિને જે અર્થમાં आसिनव શબ્દ વાપર્યો છે, તે અર્થમાં તે શબ્દ બૌદ્ધ સાહિત્યમાં મળતો જ નથી. आसिनव એ શબ્દ आस्नु ધાતુ પરથી વ્યુત્પન્ન થયેલો છે અને બૌદ્ધ સાહિત્યમાં તેને સમાંતર आश्रव શબ્દ મળી આવે છે. પણ બૌદ્ધ ધર્મમાં आश्रव ના ત્રણ જ પ્રકાર છે–'काम (રતિ)'भाव(અસ્તિત્વ), અને अविद्या (અજ્ઞાન).' અને કોઈ પ્રસંગે તેમાં 'दित्य (વિધર્મીપણું)' ઉમેરીને ચાર આશ્રવ દર્શાવવામાં આવે છે. જ્યારે પ્રિયદર્શિન પોતાના ત્રીજા સ્થંભલેખમાં आसिनवના પાંચ ભેદ દર્શાવે છે–' ચંદ, નિષ્ઠુરતા ... માન અને ઇર્ષા. ' બૌદ્ધ ધર્મમાં આ દુર્ગુણોને आश्रव કે પાપ માં નહિ પણ ક્લેશમાં સ્થાન આપવામાં આવ્યું છે. એટલે બૌદ્ધ સાહિત્ય પ્રિયદર્શિનના आसिनवનો ઉકેલ આપી શકતું નથી.

પરંતુ જૈન સાહિત્ય આ आसिनव શબ્દનો સ્પષ્ટ ઉકેલ આપી શકે છે. જૈન સાહિત્યમાં પાપના અર્થમાં आस्नु ધાતુ પરથી વ્યુત્પન્ન થયેલા બે શબ્દો મળી આવે છે–(૧) अण्हय (૨) आश्रव. તેમાં હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ–અરતિ, પરપરિવાદ, માયા–મૃષાવાદ, મિથ્યાત્વશલ્ય આદિ અઢાર પાપસ્થાનકોનો સમાવેશ अण्हयમાં થાય છે. જ્યારે आश्रव ના પાંચ ઇન્દ્રિય, ચાર કષાય ( ક્રોધ, માન, માયા, લોભ), પાંચ અવ્રત (હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ),

ત્રણ યોગ ( મન-વચન-કાયા) અને પચીશ ક્રિયાઓ મળીને બેતાળીશ ભેદ છે.

ત્રીજા સ્થંભલેખમાં પ્રિયદર્શી આશ્રવ ( आसिनव ) ના છેદ, નિષ્ઠુરતા, ક્રોધ, ગર્વ, ઇર્ષા વગેરે પ્રકાર દર્શાવે છે. આ પ્રકારોનો સમાવેશ अण्हय અને आश्रवના ઉપરોક્ત ભેદોમાં થઇ જાય છે. એટલે દેખીતી રીતેજ પ્રિયદર્શીએ કરેલો आसिनव શબ્દનો ઉપયોગ જૈન તત્ત્વજ્ઞાનને આભારી છે.

આ ઉપરાંત બૌધ્ધ સાહિત્યમાં पाव અને आश्रव બને શબ્દો એકજ અર્થમાં વપરાય છે. જ્યારે પ્રિયદર્શીએ ત્રીજા સ્થંભલેખમાં તે બંનેને જુદા જુદા અર્થમાં વાપરીને બૌદ્ધ દર્શન સાથેના પોતાના મતભેદનું સૂચન કર્યું છે, અને જૈન દર્શન સાથેની પોતાની એકતા સૂચવી છે. કેમકે એક જૈન દર્શનેજ पाव અને आश्रव એ બંનેને પોતાનાં મૂળભૂત નવ તત્ત્વોમાં પણ ભિન્ન ભિન્ન સ્થાન આપ્યું છે-

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ.

આ પ્રકારે आसिनव શબ્દના સૂક્ષ્મ અભ્યાસ અને વિવેચન પછી બુલર અને ડૉ. ભાંડારકર પણ કબૂલે છે કે-' આ સ્થળે તાત્ત્વિક દૃષ્ટિએ પ્રિયદર્શી બૌદ્ધ કરતાં જૈન વધારે જણાય છે.'

અહીં आश्रव, प्रतिक्रमण [ જુઓ સ્થંભલેખ-૬ ] આદિ શબ્દો; જૈન પર્વો અને તે સમયે પાળવાનાં મતો ( જુઓ સ્થંભલેખ-૫ ) વગેરેના નિરીક્ષણથી એક વસ્તુ એ પણ સ્પષ્ટ બને છે કે શિલાલેખોમાં પ્રિયદર્શીએ સર્વ સામાન્ય રાજધર્મનું આલેખન કર્યું છે પણ સ્થંભલેખોમાં તેણે જૈનત્વને મહત્ત્વનું સ્થાન આપ્યું છે. ભિન્ન ભિન્ન સ્થંભો પર કોતરાયલી ઋષભ, સિંહ આદિ આકૃતિઓ ( જુઓ પૃ.૧૬-૧૭ ) પણ જૈન તીર્થંકરોના લક્ષણની સૂચક છે. આ સંયોગોમાં સ્થંભો વિશેષ પ્રમાણમાં જૈનત્વ સાથે સંકળાયલ હોવાનો સંભવ પ્રમાણભૂત બને છે.

(૨) દાન એટલે કેવળ દ્રવ્ય-દાન જ નહિ પરંતુ અભયદાન (પ્રાણદાન), જ્ઞાનદાન, ધર્મદાન વગેરે. તેમાંથી ચક્ષુદાન, પ્રાણદાન વગેરેનું તો પ્રિયદર્શી નીચેનાં વાક્યોમાં સૂચન પણ કરે છે. આ પ્રકારનાં દાનનાં વિવિધ સ્વરૂપો જૈન દર્શનને આભારી છે. જૈન નમુત્થુણં સ્તવનની સાતમી ગાથામાં દાનનાં એવાં ભિન્ન ભિન્ન સ્વરૂપોનો નિર્દેશ થયેલો છે-अभयदयाणं, चक्खुदयाणं, मग्गदयाणं, सरणदयाणं, बोहीदयाणं, धम्मदयाणं..

(૩) મૂળમાં શુદ્ધતાને સ્થળે सोचये (शौच) શબ્દ છે, અને તેની પૂર્વે સત્ય છે. આ સ્થિતિમાં ધર્મના આ ભેદો ક્રમિક સ્વરૂપમાં જ જૈન દર્શનને અનુસરતા જણાય છે. કેમકે સંવર ( ધર્મ ) ના ભેદ દર્શાવતી નવતત્ત્વ ની ગાથામાં એનો સ્પષ્ટ ક્રમિક ઉલ્લેખ છે:

संतीमद्दव अज्जव मुत्ती तव संजमेअ बोधव्वे ।
सच्चं सोअं अकिंचणं च बंभं च जइ धम्मो ॥

(૪) ચક્ષુદાન એ જૈન પારિભાષિક શબ્દ છે. (ઉપરની ટી. નં. ૨ ) તેના અનેક પ્રકાર હોય છે. જ્ઞાન આપીને માનવીની દૃષ્ટિ ખોલવી તે 'આંતરિક ચક્ષુદાન' કહેવાય છે. આંખોનાં દવાખાનાં ખોલવાં, જેમને આંખો ફોડી નાંખવાની સજા થઇ હોય એવા કેદીઓની સજામાં ઘટાડો કરવો વગેરે ' બાહ્ય ચક્ષુદાન 'નાં સ્વરૂપ છે. પોતે ઘણી રીતે ચક્ષુદાન આપેલું છે એમ દર્શાવતી વખતે પ્રિયદર્શી જૈન પરિભાષાનો જ આશ્રય લેતો જણાય છે.

(૫) દ્વિપદ, ચતુષ્પદ, પક્ષિ, વારિચર ઇત્યાદિ નામો ક્રમિક સ્વરૂપમાં પ્રાચીનમાં પ્રાચીન જૈન આગમોમાં પણ મળી આવે છે-

दुप्पय-चउप्पय-मिय-पसु-पक्खि-सरिसिवाणं

-समवायाङ्ग सूत्र ।

આમ જૈન આગમોમાં જે ક્રમમાં પ્રાણીઓના પ્રકાર દર્શાવીને તેમના પ્રત્યે દયાભાવ રાખવાનું દર્શાવ્યું છે તે જ ક્રમમાં પ્રાણીઓનો નિર્દેશ કરીને પોતે તેમને ઉચિતદાન આપેલું છે એમ સૂચવતી વખતે પ્રિયદર્શી જૈન રાજવી તરીકે નજર સમક્ષ તરી આવે છે.

(૬) प्राण એ જૈન પારિભાષિક શબ્દ હોવાનું તો ડૉ. ભાંડારકર આદિ વિદ્વાનો પણ કબૂલ રાખે છે અને તેમાં પણ ' પ્રાણદાન ' એ તો પૂર્ણતઃ જૈનત્વનું જ સૂચક છે. કેમકે જૈન ધર્મમાં સૌથી ભયંકર પાપ તરીકે प्राणातिपात અને સૌથી શ્રેષ્ઠ પુણ્ય તરીકે प्राणदान ને ઓળખાવવામાં આવેલ છે.

(૭) સારી રીતે એટલે શુધ્ધ ભાવથી અનુસરશે તે સુકૃત્ય કરશે એટલે કે પુણ્યનો ભાગી થશે.

(૫) શુશ્રૂષા એટલે માતપિતા–વડીલો આદિની સેવા–ચાકરી.

(૬) ભય એટલે પરલોકનો અથવા પાપનો ભય. पापभिरुता, परलोकभय વગેરે જૈન સૂત્રોમાં વારંવાર વપરાતા શબ્દો છે.

(૭) અહીં મૂળમાં हिदतपालते दुसंपटिपादये શબ્દ છે. જેનો સામાન્ય ભાવાર્થ–આલોક તેમજ પરલોકને લગતાં સુખ દુષ્પ્રાપ્ય છે. એટલે કે ધર્મપ્રેમ, આત્મ-ચિન્તન, સેવા અને પાપભય વિના આ લોક અને પરલોક બન્ને સ્થળે સુખ મેળવવાનું મુશ્કેલ બને છે. શિલા-લેખોમાં વારંવાર શુભ કાર્યને માટે संप्रतिपत्ती, મુશ્કેલને માટે दुसंप्रतिपत्ती અને ધર્મ વિરુદ્ધ કાર્યને માટે असंप्रतिपत्ती શબ્દ વાપરીને પ્રિયદર્શી પોતાના નામનો આડકતરો નિર્દેશ કરતો હોય એ પણ સંભવિત છે. (વિશેષ માટે જુઓ પૃ. ૬૫)

(૮) મારા ઉપદેશથી એટલે કે મારાં શાસનોથી (अनुसथिया) ધર્મની જિજ્ઞાસા તેમજ ધર્મપ્રેમ વધ્યાં છે, અને હજી વધશે પણ ખરાં. આ વાક્યમાંથી આપ-ણને અનેક સૂચનો મળી શકે છે.

એક તો એ કે રાજ્યાભિષેકના છવીસમા વર્ષ લગીમાં પ્રિયદર્શિને ધર્મવિષયક ઉપદેશ પૂરતો કરી દીધેલો અને તેના પરિણામે પ્રજામાં ધર્મપ્રેમ અને ધર્મજીજ્ઞાસા વધી ચૂકયાં છે અને હજી વિશેષ વધવાની તે આશા સેવે છે. અહીં જો પ્રિયદર્શિને અશોક ગણીએ તો તેની ધાર્મિક પ્રવૃત્તિઓની મુખ્ય શરૂઆત તો રાજ્યાભિષેક ના અઢારમા વર્ષ પછી શરૂ થાય છે. એટલે છવીસમા વર્ષે તે નોંધપાત્ર વિકાસ પામી ચૂકી હોય તે શંકા-સ્પદ ગણાય. પરંતુ રાજ્યાભિષેકના ત્રીજા વર્ષથી જ શરૂ થતી સંપ્રતિની ધાર્મિક પ્રવૃત્તિઓ છવીસમા વર્ષે ચોક્કસ નોંધપાત્ર વિકાસ પામી શકે.

બીજું અહીં પ્રિયદર્શી કહે છે કે પોતાના ઉપદે-શથી ધર્મજિજ્ઞાસા ને ધર્મપ્રેમ વધ્યાં છે. હવે જો પ્રિયદર્શી એ અશોક હોય તો અહીં સાથોસાથ તે એમ પણ શું ન જણાવે કે 'મારા પુત્ર ને પુત્રીએ બૌદ્ધ ધર્મની દિક્ષા પણ લીધી છે.' પોતાની ધાર્મિક પ્રવૃત્તિ અને તેનાં પરિણામ જણાવતાં શું તે પુત્ર–પુત્રીની દીક્ષાને વીસરી જાય એ સંભવિત છે?

ત્રીજું, બાબુ પી. સી. મુકરજી કહે છે કે– 'શિલા-લેખો તો સંપ્રતિના છે પણ સ્થંભલેખો અશોકના હોવા સંભવ છે.'– તે વિધાનને આ વાક્ય ઢીલું બનાવે છે. કેમકે આ સ્થંભલેખોના કોતરાવનારે જ અગાઉ શિલાલેખો રૂપે શાસનો બહાર પાડયાં છે અને પરિ-ણામે પ્રજામાં ધર્મપ્રેમ વધ્યો છે એમ જણાવ્યું છે. એટલે શિલાલેખોની જેમ સ્થંભલેખોનો કોતરાવનાર પણ સંપ્રતિ જ છે.

(૯) આ વાક્યનો ભાવાર્થ એ છે કે મારા અમલ-દારો પ્રજા પર સીધું શાસન ચલાવતા હોઇને તે પ્રજામાં જે લોકો ચપળ–અસ્થિર મનના હોય તેમને ધર્મમાર્ગે વાળી શકે તેમ છે અને તેઓ તે પ્રમાણે તેમને ધર્મ-માર્ગે વાળે પણ છે.

(૧૦) સરહદી મહામાત્રાઓની ધાર્મિક પ્રવૃત્તિઓના ખ્યાલ માટે જુઓ કલિંગનું ભિન્ન શાસન બીજું.

(૧૧) સર્વ કાર્યોને ધર્મયુક્ત બનાવવાની પ્રથા એ જૈન ધર્મનું એક મહત્ત્વનું લક્ષણ છે.

## द्वितीय शासन [ दिल्ही–टोप्रा ]

[ ઉત્તર-દિશા ]

१० ( फ ) देवानंपिये पियदसि लाज

११ हेवं आहा ( ख ) धंमे साधु कियं चु धंमे ति ( ग ) अपासिनवे वहु कयाने

१२ दया[1] दाने सचे सोचये[2] ( घ ) चखुदाने[3] पि मे वहुविधे दिंने ( ङ ) दुपद–

१३ चतुपदेसु पखिवालिचलेसु विविधे मे अनुगहे फटे आ पान–

१४ दाखिनाये[4] ( च ) अंनानि पि च मे वहूनि कयानानी फटानि ( छ ) एताये मे

१५ अठाये इयं धंमलिपि लिखापिता हेवं अनुपटिपजंतु चिलं–

१६ थितिका च होतू ती ति[5] ( ज ) ये च हेवं संपटिपजीसति से सुकटं फछती ति

---

१ સો.-અ., સો.-નં. અને શ. મા દય

२ દિ.-મિ. चखुदाना

३ સો.-અ., સો.-નં. અને ર. ગોખંદે નિ. ૧૯

४ સો.-અ., સો.-નં., ર. અને અ.-કૌ पानदखिनाये

५ દિ.-મિ., સો.-અ., સો.-નં., ર. અને અ.-કૌ होतु ति.

# બીજું શાસન [ દિલ્હી-ટોપ્રા ]

[ ઉત્તર-દિશા ]

(क) દેવાનુપ્રિય પ્રિયદસિ રાજા આમ કહે છે—

(ख) ધર્મ સારો છે. પણ ધર્મ શામાં રહેલો છે? ( —તેના ઉત્તરમાં કહેવાનું કે )

(ग) અલ્પ આશ્રવ,[1] ઘણું પુણ્ય, દયા, દાન,[2] સત્ય, શુદ્ધતા[3] ( વગેરેમાં ધર્મ રહેલો છે. )

(घ) મેં ઘણી રીતે ચક્ષુદાન આપેલું છે.[4]

(ङ) બેપગાં તથા ચોપગાં પ્રાણીઓને અને પક્ષીઓને તેમજ પાણીમાં રહેતાં પ્રાણીઓને[5] પ્રાણદાન[6] આપવા લગીના ઉપકાર મેં કરેલા છે.

(च) એ જ પ્રમાણે મેં બીજું પણ ઘણું પુણ્ય કરેલું છે.

(छ) એ હેતુથી આ ધર્મલિપિ મેં અહીં લખાવી છે કે ( પ્રજા ) તેને અનુસરે અને તે ચિરસ્થાયી બને.

(ज) જે તેને સારી રીતે અનુસરશે તે સુકૃત્ય કરશે.[7]

---

(૧) અહીં મૂળમાં अपासिनवे શબ્દ છે. अप નો અર્થ સ્પષ્ટ રીતે અલ્પ છે. એટલે બાકીમાં आसिनव શબ્દ રહે છે. પ્રિયદર્શિનને અશોક તેમ જ ધર્મે બૌધ્ધ માનતા સંશોધકોને આ आसिनव શબ્દે ખૂબ જ ગૂંચવણમાં ઉતાર્યો છે. કેમકે પ્રિયદર્શિને જે અર્થમાં आसिनव શબ્દ વાપર્યો છે, તે અર્થમાં તે શબ્દ બૌધ્ધ સાહિત્યમાં મળતો જ નથી. आसिनव એ શબ્દ आस्नु ધાતુ પરથી વ્યુત્પન્ન થયેલો છે અને બૌદ્ધ સાહિત્યમાં તેને સમાંતર आश्रव શબ્દ મળી આવે છે. પણ બૌદ્ધ ધર્મમાં आश्रव ના ત્રણ જ પ્રકાર છે—'काम (રતિ)' 'भाव (અરતિરવ), અને अविद्या (અજ્ઞાન).' અને કોઈ પ્રસંગે તેમાં 'दिव्य (વિધર્મીપણું)' ઉમેરીને ચાર આશ્રવ દર્શાવવામાં આવે છે. જ્યારે પ્રિયદર્શિન પોતાના ત્રીજા સ્થંભલેખમાં आसिनवના પાંચ ભેદ દર્શાવે છે—' ચંદ, નિષ્ઠુરતા, ક્રોધ, માન અને ઈર્ષા. ' બૌધ્ધ ધર્મમાં આ દુર્ગુણોને आश्रव કે पाप માં નહિ પણ क्लेशમાં સ્થાન આપવામાં આવ્યું છે. એટલે બૌદ્ધ સાહિત્ય પ્રિયદર્શિનના आसिनवનો ઉકેલ આપી શકતું નથી.

પરંતુ જૈન સાહિત્ય આ आसिनव શબ્દનો સ્પષ્ટ ઉકેલ આપી શકે છે. જૈન સાહિત્યમાં પાપના અર્થમાં आस्नु ધાતુ પરથી વ્યુત્પન્ન થયેલા બે શબ્દો મળી આવે છે—(૧) अण्हय (૨) आश्रव. તેમાં હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ-અરતિ, પરપરિવાદ, માયા-મૃષાવાદ, મિથ્યાત્વશલ્ય આદિ અઢાર પાપસ્થાનકોનો સમાવેશ अण्हयમાં થાય છે. જ્યારે आश्रव ના પાંચ ઇંદ્રિય, ચાર કષાય ( ક્રોધ, માન, માયા, લોભ), પાંચ અવ્રત (હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ),

# ત્રીજું શાસન [ દિલ્હી-ટોપ્રા ]

[ ઉત્તર-દિશા ]

(क) દેવાનુપ્રિય પ્રિયદસિ રાજા આમ કહે છે—

(ख) ( માણસ ) પોતાનાં સારાં કામો જ દેખે છે ( અને વિચારે છે કે ), " આ સારૂં કામ મેં કરેલું છે. "

(ग) કોઇ પણ રીતે તે ( પોતાનાં ) પાપ દેખતો નથી, ( અને પોતાના મનમાં વિચારતો નથી કે ), " મેં આ પાપ કર્યું છે " અથવા " આ તો ખરેખર આશ્રવ છે. "

(घ) પરંતુ, આ આત્મપરીક્ષા[1] અઘરી છે.

(ङ) છતાં પણ આટલું તો દેખવું જ જોઇએ કે —

(च) ' ચંડ, નિષ્ઠુરતા, ક્રોધ, ગર્વ, ઈર્ષા એ આશ્રવ છે,[2] અને તેના કારણે મારે મારી[3] પડતી થવા દેવી ન જોઇએ.

(छ) અને આ તો ખાસ કરીને દેખવું જોઇએ કે—

(ज) ' આ મારે માટે આ લોકમાં હિતકર્તા છે, આ પરલોકમાં હિતકર્તા છે. '

---

૧ મૂળમાં અહીં પચ્ચવેખ શબ્દ છે. અને તે પાલિભાષાના પચ્ચવેક્ખનમ્ શબ્દને મળતો આવે છે. પચ્ચવેક્ખનમ્‌નો અર્થ પ્રતિવેક્ષા અથવા આત્મપરીક્ષા થાય છે. વિશેષ માટે જુઓ પ્રથમ સ્થંભલેખ-શાસનની ટી. નં. ૪

૨ આ શબ્દના વિવેચન માટે જુઓ-બીજા સ્થંભલેખની ટી. નં. ૧.

૩ મારી એટલે મારા આત્માની પડતી થવા ન દેવી જોઇએ.

## तृतीय शासन [ दिल्ही–टोप्रा ]

[ ઉત્તર–દિશા ]

१७. (क) देवानंपिये पियदसि लाज हेवं अहा[1] (ख) कयानंमेव देखति[2] इयं मे
१८ कयाने कटे ति (ग) नो मिन[3] पापं[4] देखति[5] इयं मे पापे[6] कटेति इयं वा[7] आसिनवे
१९ नामा ति (घ) दुपटिवेखे चु खो एसा[8] (ङ) हेवं चु खो एस देखिये (च) इमानि
२० आसिनवगामीनि नाम[9] अथ चंडिये निठूलिये कोधे माने इस्या[10]
२१ कालनेन व हकं मा पलिभसयिसं (छ) एस बाढ देखिये (ज) इयं मे
२२ हिदतिकाये इयंमन मे पालतिकाये

---

१ દિ.–મિ. आहा. લૌ. અ., લૌ.–નં. અને રા. आह. અ.–કે।. आहा
२ લો–અ., લો–નં. અને રા. देखंति
३ દિ.–મિ. मिना
४ અ.–કે।. पापकं
५ લૌ.–અ., લૌ.–નં. અને રા. देखंति
६ અ.–કે।. पापके
७ દિ.–મિ., લૌ.–અ., લૌ.–નં. અને રા. च
८ લૌ.–અ., લૌ.–નં. અને રા. एस
९ „ „ „ „ नामा ति
१० „ „ „ „ इस्य

# ત્રીજું શાસન [ દિલ્હી–ટોપ્રા ]

[ ઉત્તર–દિશા ]

(क) દેવાનુપ્રિય પ્રિયદસિ રાજા આમ કહે છે—

(ख) ( માણસ ) પોતાનાં સારાં કામો જ દેખે છે ( અને વિચારે છે કે ), " આ સારૂં કામ મેં કરેલું છે. "

(ग) કોઇ પણ રીતે તે ( પોતાનાં ) પાપ દેખતો નથી, ( અને પોતાના મનમાં વિચારતો નથી કે ), " મેં આ પાપ કર્યું છે " અથવા " આ તો ખરેખર આશ્રવ છે. "

(घ) પરંતુ, આ આત્મપરીક્ષા[1] અઘરી છે.

(ङ) છતાં પણ આટલું તો દેખવું જ જોઇએ કે —

(च) ' છંદ, નિષ્ઠુરતા, ક્રોધ, ગર્વ, ઈર્ષા એ આશ્રવ છે,[2] અને તેના કારણે મારે મારી[3] પડતી થવા દેવી ન જોઇએ.

(छ) અને આ તો ખાસ કરીને દેખવું જોઇએ કે—

(ज) ' આ મારે માટે આ લોકમાં હિતકર્તા છે, આ પરલોકમાં હિતકર્તા છે. '

---

1 મૂળમાં અહીં पटिवेख શબ્દ છે. અને તે પાલિ- [...]ભાના पच्चवेक्खनम् શબ્દને મળતો આવે છે. पच्चवे- [...]નમ્‌નો અર્થ પ્રતિવેક્ષા અથવા આત્મપરીક્ષા થાય છે. [...]ર માટે જુઓ પ્રથમ સ્થંભલેખ–શાસનની ટી નં. ૪

2 આ શબ્દના વિવેચન માટે જુઓ–બીજા સ્થંભલેખની ટી. નં. ૧.

3 મારી એટલે મારા આત્માની પડતી થવા ન દેવી જોઇએ.

# જે જે પુસ્તકોના આધારો ટાંક્યા છે તેમની નામાવળી

(ગુજરાતી, સંસ્કૃત-પ્રાકૃત અને ઇંગ્રેજી)


ટરી ઑફ ઇન્ડિયા (વિ. સ્મિથ)
સ્ટરી ઑફ ધ વૈષ્ણવ સેક્ટ
ત્ર (ચાણક્ય)
(વિ. સ્મિથ)
(રાધાકુ. મુકરજી)
(મેક ક્રીંડલ)
(ભાંડારકર)
ત્રદાન
ધમ્મલિપિઓ (હરિકૃષ્ણ દેવ)
ાંગસૂત્ર
યપુરાણ
ક સૂત્ર તથા ચૂર્ણિ
ઑલૉજીકલ રીપોર્ટ–મહીસુર
ઑલૉજીકલ સર્વે ઑફ ઇન્ડિયા ૧૯૩૫–૩૬
૧૯૩૬–૩૭
ઑલૉજીકલ સર્વે ઑફ વેસ્ટર્ન ઇન્ડિયા પુ. ૧
ન ઍન્ટીક્વેરી પુ. ૯, ૧૧, ૩૨
નિકન્સ કોર્પસ ઇન્સ્ક્રીપ્શનમ (હુલ્ઝ)
ન હિસ્ટોરીકલ ક્વાર્ટર્લી પુ. ૨
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] પુ. ૨ [illegible]
[illegible] (કનિંગહામ)
[illegible]
[illegible]
[illegible]
[illegible]

એપિગ્રાફિયા ઇન્ડિકા પુ. ૨, ૨૦
કલ્પ કિરણાવળી
ઍન્શ્યન્ટ ઇન્ડિયા ઍઝ ડીસ્ક્રાઇબ્ડ બાય મેગેસ્થીનીસ ઍન્ડ એરિયન (ક્રીન્ડે
ઍન્શ્યન્ટ ઇન્ડિયા ઇન ક્લાસીકલ લીટરેચર (ક્રીન્ડેલ)
કલ્પ દીપિકા
કલ્પ સુખબોધિકા
કલ્પચૂર્ણિ
કામશાસ્ત્ર
કોઇન્સ ઑફ ઍન્શ્યન્ટ ઇન્ડિયા (કનિંગહામ)
કૉઇન્સ ઑફ ધી ઇન્ડિયન મ્યુઝીયમ
કૉઇન્સ ઑફ ધી આંધ્ર ડીનેસ્ટી (રૅપ્સન)
કિતાબ–જૈન તીર્થગાઇડ
ગૃહસૂત્ર
ગૅઝેટીઅર
કેમ્બ્રીજ હિસ્ટરી ઑફ ઇન્ડિયા પુ. ૧
કોન્ફ્લુઅન્સ ઑફ ઑપોઝીટસ
ચંપા–સુવર્ણદ્વીપ (આર સી. મજુમદાર)
ચઉપન્ન મહાપુરુષ ચરિત્ર
ચામુંડરાય પુરાણ
જરનલ, બિહાર–ઓરિસ્સા–રીસર્ચ સોસા. પુ. ૨૦
જરનલ, એશિયાટિક સોસાયટી બેંગાલ પુ. ૭
જરનલ, રૉયલ એશિયા. સોસા. ૧૯૩૩
જૈન તીર્થોનો ઇતિહાસ
જૈન તીર્થોના ટૂંક પરિચય ભા. ૨
જૈન સ્તૂપ ઍન્ડ અધર ઍન્ટીક્વીટીઝ ઑફ મ
(સ્મિ
જૈન ઍન્ટીક્વેરી પુ. ૫, ૬
જૈન સત્યપ્રકાશ (મહાવીર નિર્વાણ વિશેષાંક)
જૈન [illegible] (મુનિશ્રી [illegible]

# चतुर्थ शासन [ दिल्ही टोप्रा ]

[ પશ્ચિમ–દિશા ]

१ (क) देवानंपिये पियदसि लाज हेवं आहा (ख) सडुवीसतिवस–
२ अभिसितेन[1] मे इयं धंमलिपि लिखापिता (ग) लजूका मे
३ बहूसु पानसतसहसेसु जनसि आयता[2] (घ) तेसं ये अभिहाले वा[3]
४ दंडे वा[3] अतपतिये मे कटे किंति लजूका अस्वथ अभीता
५ कंमानि पवतयेवू जनस जानपदसा हितसुखं उपदहेवू
६ अनुगहिनेवु चा[4] (ङ) सुखीयनदुखीयनं जानिसंति धंमयुतेन च
७ वियोवदिसंति जनं जानपदं किंति हिदतं च पालतं च
८ आलाधयेवू ति (च) लजूका पि लघंति पटिचलितवे मं (छ) पुलिसानि पि मे
९ छंदंनानि पटिचलिसंति (ज) ते पि च कानि वियोवदिसंति येन मं लजूका
१० चघंति[5] आलाधयितवे (झ) अथा हि पजं वियताये धातिये निसिजितु
११ अस्वथे[6] होति वियत धाति चघति मे पजं[7] सुखं पलिहटवे[8]
१२ हेवं ममा[9] लजूका कटा जानपदस हितसुखाये (ञ) येन एते अभिता
१३ अस्वथ[10] संतं अविमना[11] कंमानि पवतयेवू ति एतेन मे लजूकानं
१४ अलिहाले व दंडे वा अतपतिये कटे (ट) इछितविये हि एसा किंति
१५ वियोहालसमता च सिय[12] दंडसमता चा (ठ) अव[13] इते पि च मे आवुति
१६ बंधनबधानं मुनिसानं तीलितदंडानं पतवधानं तिंनि दिवसानि मे
१७ योते दिंने (ड) नातिका व कानि निझपयिसंति जीविताये तानं
१८ नासंतं वा निझपयिता[14] दानं दाहंति पालतिकं उपवास व कछंति
१९ (ढ) इछा हि मे हेवं निलुधसि पि कालसि पालतं आलाधयेवू ति (ण) जनस च
२० वढति विविधे धंमचलने संयमे[15] दानसविभागे ति

૧ લૌ.-અ., લૌ.-નં. અને રા. માં सङ्घीसति -पसाभिसितेन

૨ " " " आयत

૩ " " " च

૪ લૌ.-અ., લૌ.-નં. અને રા. માં च

૫ દિ.-મિ....फ चघंति લૌ.-અ., લૌ.-નં. અને રા. लजूक चघंति

૬ લૌ.-અ., લૌ.-નં. અને રા. માં अस्वये

૭ લૌ.-અ. માં पंजं

૮ લૌ.-અ., લૌ-નં. અને રા. માં परिहटवे ति

૯ લૌ.-અ., લૌ.-નં. અને રા. માં मम लजूक फट

૧૦ દિ.-મિ. अस्वय લૌ.-અ. લૌ.-નં. અને રા. अस्पथा

૧૧ લૌ.-અ. अहिमन લૌ.-નં. અને રા. માં अविमन

૧૨ દિ.-મિ. અને અ.-કૌ. માં सिया

૧૩ લૌ.-અ., લૌ.-નં. અને રા. માં आवा

૧૪ " " " निज्हपयितवे

૧૫ લૌ.-અ., લૌ.-નં., રા., અને અ.-કૌ. માં घयमे

# ચોથું શાસન [ દિલ્હી-ટોપ્રા]

[ પશ્ચિમ-દિશા ]

(क) દેવાનુપ્રિય પ્રિયદસિ રાજા આમ કહે છે–

(ख) મારા રાજ્યાભિષેકને છવ્વીશ વર્ષ[1] થતાં મેં આ ધર્મલિપિ લખાવરાવી હતી.

(ग) જ્યાં લાખો જીવો[2] વસે છે એવા ઘણા પ્રદેશો પર[3] મેં રજ્જુકો[4] નીમ્યા છે.

(घ) ન્યાયની અને દંડની બાબતમાં મેં તેમને સ્વતંત્ર બનાવ્યા છે.[5] કેમ ?–તો કે રજ્જુકો વિશ્વાસપૂર્વક અને ભય વગર પોતાની ફરજો બજાવે, પ્રાંતોના[6] લોકોનું હિતસુખ સાધે અને તેમના પ્રતિ અનુગ્રહ દાખવી શકે[7]–તેટલા માટે.

(ङ) તેઓ સુખ અને દુઃખને નીપજાવતાં કારણોને ઓળખશે અને ધર્મયુક્તોની[9] સાથે સાથે પ્રાંતના[8] લોકોને ઉપદેશ આપશે. કેમ ?–તો કે–આ લોકમાં અને પરલોકમાં તેઓ સુખ મેળવે[10] તેટલા માટે.

(च) વળી, રજ્જુકો મારી આજ્ઞાને અનુસરવાને પણ આતુર છે.

(छ) તેથી, તેઓ, મારી ઇચ્છાઓથી પરિચિત એવા પુરુષોની[11] આજ્ઞાઓને માન આપશે.

(ज) વળી, તેઓ ( પુરુષો ) પણ કેટલાકને ઉપદેશ આપશે,[12] જેથી રજ્જુકો મને ખુશી કરવામાં ફળીભૂત બની શકે.

(झ) ખરેખર, જેવી રીતે, હોંશિયાર આયાને પોતાનું સંતાન ભળાવીને ( કોઈ માણસ ) 'હોંશિયાર આયા મારા સંતાનને સારી રીતે સાચવી શકશે'–એવા[13] વિચારથી નિશ્ચિંત બને તેવી જ રીતે પ્રાંતની[14] પ્રજાના હિતસુખ માટે મેં રજ્જુકો નીમ્યા છે.

(ञ) ભય, અવિશ્વાસ અને ગૂંચવણથી[15] મુક્ત બનીને તેઓ પોતાનાં કર્તવ્ય બજાવી શકે તે માટે મેં તેમને ન્યાય અને દંડની બાબતમાં સ્વતંત્ર બનાવ્યા છે.

(ट) ન્યાયની સમતા અને દંડની સમતા ઈચ્છવા યોગ્ય છે.[16]

(ठ) વળી, મારો હુકમ તો એટલે સુધી પણ છે કે, 'જે લોકો બંધનમાં બંધાયલા હોય, જેમની સજાનો ચુકાદો થઈ ચૂક્યો હોય અને જેમનો વધ થવાનો હોય તેમને મારા તરફથી ત્રણ દિવસની મહેતલ[17] આપવી.'

(ઙ) (તે મુદ્દતમાં) કાં તો તેમનાં સગાં સંબંધીઓ તેમની જિંદગી બચાવી લેવાને માટે તેમને (રજ્જુકોને) તેમનો દંડ ઓછો કરવાની વિનંતિ કરશે[૧૮] અને એવી વિનંતિ કરવાને કોઇ ન હોય એવા સંયોગોમાં તેઓ (કેદીઓ) પારલૌકિક હિતને માટે દાન આપશે અથવા ઉપવાસ[૧૯] કરશે.[૨૦]

(ચ) કેમકે મારી ઇચ્છા એવી છે કે મહેતલ પુરી થતાં પહેલાં[૨૧] તેઓ પરલોકના સુખને મેળવવાનો યત્ન કરે અને લોકમાં વિવિધ પ્રકારનાં ધર્માચરણો, આત્મસંયમ અને દાનશીલતા[૨૨] વધવા પામે.

---

(૧) શિલાલેખો અને સ્થંભલેખો કયા કયા સમયે કોતરાયલા છે તેની વિગતવાર માહિતી માટે જુઓ પ્રથમ ખંડ-પરિચ્છેદ પહેલો.

(૨) અહીં મૂળમાં પાન-પ્રાણ શબ્દ છે. તે જૈન પારિભાષિક હોવાનું ડૉ. ભાંડારકરે પણ કબૂલ રાખ્યું છે.

(૩) આ સ્થળે મૂળમાં पानसतसहसेसु जनसि છે. ડૉ. ભાંડારકરે તેનો અર્થ 'સેંકડો અને હજારો જીવો-વાળા જનોના ઉપર'–એ પ્રમાણે કર્યો છે. પરંતુ તે અર્થ કોઇ પણ ભાવને સ્પષ્ટ કરતો નથી. ડૉ. રાધાકુમુદ તેમજ હુલ્ઝે તેનો અર્થ, 'લાખો જીવો પર (Over many hundred thousands lives)' –એ પ્રમાણે કર્યો છે. પણ તે અર્થમાં पान અથવા जनसि બેમાંથી એક શબ્દને પડતો મૂકવો પડે છે. એટલે અમે जनसि નો ભાવાર્થ जनपदसि ગણીને– 'જ્યાં લાખો જીવો વસે છે એવા ઘણા પ્રદેશો (કે પ્રાન્તો) પર' એ અર્થને વધારે યોગ્ય ગણીએ છીએ.

(૪) ત્રીજા મુખ્ય શિલાલેખમાં (જુઓ પૃ. ૫૯) 'રાજુક' નામે જે અધિકારીનો નિર્દેશ થયેલો છે તે જ આ અધિકારી હોવાનો સંભવ છે. 'कुरुधम्म जातक' માં જણાવ્યા પ્રમાણે રજ્જુ (દોરી)નો ઉપયોગ કરીને જમીનની માપણી કરવાનો અધિકાર જેમને સુપ્રત થયેલો તે અમલદારો 'રાજુક' અથવા 'રજ્જુ-ગ્રાહક' ના નામે ઓળખાતા. આ રીતે જમીનની સરહદો નક્કી કરવી તે 'રજ્જુક'ની ફરજ જણાય છે. 'कुरुधम्म जातक' માં તેને 'क्षत्त' કહેલ છે તેથી બુલર એમ માને છે કે તે ખૂબ મોટો અમલદાર હોવો જોઇએ અને હાલના મુલકી ખાતાના મહેસૂલી અધિકારીને મળતો તે હોવો જોઇએ. પ્રાચીન અર્થશાસ્ત્રોના આધારે રજ્જુક એ ન્યાય-ખાતાનો અધિકારી જણાય છે. સંભવિત છે કે મહેસૂલી અને ન્યાય–બંને ખાતાના કેટલાક અધિકારો તેને સંયુક્ત પણે સુપ્રત કરાતા હોય. સ્ટ્રેબોએ આ પ્રકારના અધિકારીઓની નોંધ લેતાં જણાવ્યું છે કે, 'તેઓ નદીઓની સંભાળ રાખે છે તથા મીસરમાં જમીનની માપણી થાય છે તેવી જ રીતે તેઓ જમીનની માપણી કરે છે અને 'જેને જેમ યોગ્ય હોય તેને તેમ ઇનામ આપવાની કે શિક્ષા કરવાની સત્તા ધરાવે છે.' પ્રિયદર્શી જેમને રજ્જુક તરીકે ઓળખાવે છે તે જ આ અધિકારીઓ હોવાનો સંભવ છે. અને ન્યાય તેમ જ મહેસૂલ બંને ખાતાના કેટલાક અધિકારો તેને સુપ્રત થયેલા જણાય છે. 'જ્યાં લાખો જીવો વસે છે એવા પ્રદેશના ઉપરી' તરીકે ઓળખાવીને પ્રિયદર્શી રજ્જુકોને ઘણા મોટા અમલદાર તરીકે વર્ણવે છે.

(૫) રાજ્યસત્તાનાં ત્રણ અંગ હોય છે–૧ કાનૂનનું ઘડતર (Legislation), ૨ ઘડાયલ કાનૂનાનુસાર ન્યાયની વિચારણા અને ચૂકાદો (Judicature) તથા ૩ એ ચુકાદા અનુસાર કાનૂનની બજવણી (Police). આ ત્રણે અંગોના ક્ષેત્રમાં વર્તમાન રાજ્યસત્તાઓ પોતાની પ્રાન્તિક શાખાઓને ઓછા-વધતા અધિકાર આપે છે પણ એકે અંગના વિષયમાં પૂર્ણ સ્વતંત્રતા

નથી બક્ષાતી. જ્યારે પ્રિયદર્શિન ન્યાય (Judicature) અને દંડ (Police) એ બે વિષયમાં રજ્જુકોને સ્વતંત્રતા આપીને અમલદારો પ્રત્યે વિશ્વાસ દાખવે છે એટલું જ નહિ, પણ પ્રાન્તિક તંત્રોને મધ્યસ્થ સત્તાના જડ હાથાઓ બનાવવાને બદલે તેમને પણ તે ન્યાય અને દંડની સ્વતંત્રતાને માર્ગે રાજતંત્ર વિષયક સજ્જતા બક્ષે છે.

(૬) આ 'પ્રાન્તો' શબ્દ પણ ખાસ સૂચક છે. મૂળમાં તે સ્થળે 'जानपद' શબ્દ છે. આ શબ્દ જૈન બૃહત્કાંતિમાં મળી આવે છે, અને તેનો અર્થ 'ગ્રામપ્રજા' અથવા 'પ્રાન્તોની પ્રજા' એવો થાય છે. તેના ઉપયોગમાંથી બે સૂચનો નીકળે છે—એક તો એ કે પ્રિયદર્શિ પર જૈન દર્શનની સંપૂર્ણ અસર છે, અને બીજું એ છે કે રજ્જુકો કદાચ પ્રાન્તના અધિકારીઓ હોય

(૭) અમલદારોને અને નોકરોને જ્યારે દરેક વિષયમાં ઉપરી સત્તાની સૂચનાનુસાર જ વર્તવાનું હોય છે ત્યારે તે અમલદારો કે નોકરોના સ્વતંત્ર વ્યક્તિત્વનો વિકાસ નથી થતો ને તેમના તાબાના વર્તુલ પર તેમનો જરા પણ પ્રભાવ નથી પડતો. આ દૂર કરવાને ખાતર પ્રિયદર્શીએ રજ્જુકો પર સંપૂર્ણ વિશ્વાસ મૂક્યો છે, તેમને ઉપરી સત્તા તરફના ભયથી મુક્ત બનાવ્યા છે અને તેમને જે પ્રદેશ પર અધિકાર સોંપાયો છે ત્યાંની પ્રજા કે હાથ નીચેના અમલદારોને શિક્ષા કરવાની કે ઇનામો આપવાની (અનુગ્રહ દર્શાવવાની) સત્તા સોંપાણી છે અને બદલામાં પ્રિયદર્શી રજ્જુકો પાસેથી એટલી જ આશા રાખે છે કે તેઓ પ્રિયદર્શીની ઇચ્છાનુસાર પ્રજાનું હિતસુખ સાધે.

(૮) અહીં મૂળમાં धंनयुतेन શબ્દ છે. બુહર એનો અર્થ 'ધર્મને અનુસરીને' કરે છે. પરંતુ સાતમા સ્થંભલેખમાં हेवं च हेवं च पलिदेवदाय जन धम्मयुतं —એ પ્રમાણે વાક્ય આવે છે તેને ધ્યાનમાં લેતાં અહીં 'ધર્મયુક્તોની સાથે' એ અર્થ વધારે સુઘટિત છે. રજ્જુકો એ રાજકીય અમલદારો હતા, ધર્મયુક્તો ધાર્મિક અમલદારો હતા. રજ્જુકો પણ સુખ-દુઃ[ખના] તાત્વિક કારણોનો અભ્યાસ કરશે અને પ્ર[જાને] ધર્મનો ઉપદેશ આપવામાં તેઓ ધર્મયુક્તોને સ[હાય] કરશે એવા ભાવાર્થથી આ વાક્ય લખાયે[લું] જણાય છે.

(૯) આ શબ્દના વિશેષાર્થ માટે જુઓ ઉપરની ટી. નં. ૬.

(૧૦) પ્રિયદર્શી આ લોકનો ગમે તેટલો નિર્દેશ કરે પણ પરલોકને તો તે ક્યાંય વિસારતો જ નથી. આ માનસ જૈન દર્શનને આભારી છે. જુઓ તેરમા શિલાલેખની ટી. નં. ૩૭.

(૧૧) સેનાર્ટ અને ડૉ० ભાંડારકર અહીં એવો અર્થ કરે છે કે—'તેથી (તાબાના) અમલદારો પણ મારી ઇચ્છાને અને મારા હુકમોને માન આપશે.' પણ પ્રિયદર્શિનના લેખો પરથી લાગે છે કે રજ્જુકો પ્રાન્તોના અમલદારો હતા. જ્યારે પુરુષો પ્રિયદર્શિન સાથે સીધા સંપર્કમાં રહેનારા હોઇને તેઓ તેની ઇચ્છાથી વધારે પરિચિત હતા. બુલર પુરુષોના વર્ગને છઠ્ઠા મુખ્ય ખડક લેખમાં સૂચવાયલ પ્રતિવેદકો—ખબર લાવી આપનારા ખબરપત્રીઓ—ના વર્ગ સાથે સરખાવે છે. એ ગણતરીએ પણ પુરુષો પ્રિયદર્શિનના જવાબદાર પ્રતિનિધિ સમા ઠરે છે. એટલે અહીં પ્રિયદર્શિનના કથનનો આશય એ જણાય છે કે, 'રજ્જુકો જ્યારે મારી આજ્ઞાને અનુસરવાને આતુર છે, તો તેઓ મારા પ્રતિનિધિ સમા પુરુષોની આજ્ઞાને પણ માન આપશે, અને એ પુરુષો પણ કેટલાકને ધર્મનો ઉપદેશ આપશે જેથી એ માર્ગે મને ખૂશ કરવાનું જે રજ્જુકોનું કાર્ય છે તેમાં તેઓ તેમને મદદગાર નીવડશે.' આ પ્રમાણે રજ્જુકો અને પુરુષોના અરસપરસ કર્તવ્યનું સૂચન થાય છે અને ડૉ० ભાંડારકરના મતે પુરુષોને તાબાના અમલદારો ગણતાં એવો ભાવાર્થ નીકળે છે કે, 'રજ્જુકો પણ જ્યારે મારી આજ્ઞાને અનુસરવાને આતુર છે, ત્યારે તાબાના અમલદારો તો સ્વભાવિકપણે જ એવા આતુર હોય. તેઓ પણ કેટલાકને ઉપદેશ આપશે, જેથી એ માર્ગે મને ખૂશ કરવાના કાર્યમાં તેઓ રજ્જુકોને સહાયભૂત બને.'

આ સ્થળે ' પુરુષો ' શબ્દનો નિર્દેશ એક નવી જ વિચારણાનું દ્વાર ખોલે છે.

ઉપર દર્શાવ્યું તે પ્રમાણે કોઈ કે ' પુરુષો ' શબ્દનો અર્થ પ્રતિવેદકો-ખબરપત્રીઓ કર્યો છે, કોઈએ તેનો અર્થ ઉચ્ચ અમલદારો કર્યો છે તો કોઈકે વળી ' તાબાના અમલદારો ' એવો અર્થ લીધો છે. આવા અર્થો માટે એકે વિદ્વાન વ્યાજબી પ્રમાણ રજૂ કરી શકેલ નથી, એટલું જ નહિ, તેમાંનો એકે અર્થ આ સ્થળે સુસંગત પણ નથી.

રજ્જુકો-પ્રાંતિક સૂબાઓને પણ આજ્ઞા કરવાનો અધિકાર ધરાવનાર, પ્રિયદર્શિનની ઈચ્છાઓથી પૂર્ણતઃ પરિચિત અને ઉપદેશ આપવાની પણ યોગ્યતા ધરાવનાર એવા ' પુરુષો ' ખરેખર નોંધપાત્ર વર્ગ છે.

આ ધર્મલિપિઓને જો અશોકની ગણી લેવાની હોય તો તો આ ' પુરુષ'નો અર્થ અણશોધ્યો જ રહી જશે. કેમકે અર્થશાસ્ત્રો, બૌદ્ધ સાહિત્ય અને અશોકના જીવનમાં તેનો ક્યાંય નિર્દેશ થયેલો નથી. પણ આ ધર્મલિપિઓને અમે પુરવાર કરીએ છીએ તે અનુસાર સંપ્રતિની ગણવાને વિદ્વાન વાચક વર્ગ તૈયાર થાય તો આ ' પુરુષ વર્ગ ' પર પૂરતો પ્રકાશ પાડી શકાય તેમ છે.—

સંપ્રતિએ પોતાના રાજ્યાભિષેક પછી તરતમાં જ અવંતીમાં શ્રી આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તી સમક્ષ જૈન ધર્મ સ્વીકાર્યો. તે પછી તેને એવો વિચાર થયો કે જૈન સાધુઓ આર્ય ભૂમિમાં વિચરીને ત્યાં સર્વત્ર જૈન ધર્મનો પ્રચાર કરી રહ્યા છે. પરંતુ અનાર્ય ભૂમિનું શું ? ત્યાંની પ્રજા શું ધર્મરહિત જ રહેશે ! આ અંગે તેણે પોતાના ગુરુઓને ખુલાસો પૂછ્યો. ત્યારે ગુરુઓએ કહ્યું કે-' અનાર્ય પ્રજાને ધર્મની, સાધુઓના આહાર વિહારની તેમજ આચારની સમજ નથી હોતી. એટલે સાધુઓ ત્યાં વિહરે તે જોખમભર્યું છે.'

તે પ્રસંગે સંપ્રતિએ બનાવટી સાધુઓનો એક વર્ગ ઊભો કર્યો ને તેમને ' પુરુષ'ની સંજ્ઞા આપી. આ પુરુષોને સંપ્રતિએ પોતાની ઈચ્છાથી પરિચિત બનાવ્યા. તેમના વિષયમાં સંપ્રતિની ઈચ્છા એ હતી, કે પુરુષો સાધુના વેશે અનાર્ય ભૂમિમાં પણ વિહાર કરે, ત્યાંની પ્રજાને ઉપદેશ આપીને તેમને ધર્મ, ગુરુ તેમજ દેવના સ્વરૂપથી પરિચિત બનાવે અને આ કાર્યમાં તેઓ તે તે પ્રદેશના અમલદારો પાસેથી જોઈતી બધી જ સહાય મેળવે. પ્રિયદર્શી-સંપ્રતિએ આવા પુરુષો સરહદી રાજ્યોમાં પણ મોકલેલા ને તેમને તેમના કાર્યમાં સર્વ પ્રકારની સગવડતા મળે તે માટે સરહદી રાજાઓ પર પરિપત્ર પાઠવેલા. સંપ્રતિના આ કાર્યક્રમનું વર્ણન निशीथ चूर्णि, कल्पचूर्णि, बृहत्कल्प, पंचकल्प, कल्प किरणावली, भरेश्वरकथावली, परिशिष्टपर्व આદિ પ્રાચીન અને પ્રમાણભૂત જૈન ગ્રન્થોમાં મળી આવે છે. દરેક ગ્રન્થમાં સંપ્રતિએ ધર્મ પ્રચારાર્થે જે કૃત્રિમ સાધુવેષધારી અમલદારો મોકલ્યા તેમને માટે ' पुरुष ' શબ્દ જ મળી આવે છે. તેમજ માંડલિક રાજાઓ પર તેમ જ સૂબાઓ પર આ પુરુષોને સગવડતા આપવા અંગે જે પરિપત્ર મોકલ્યા તે આ સ્થંભલેખમાંના આદેશને સંપૂર્ણતઃ મળતા છે. તે અંગે શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યકૃત परिशिष्टपर्व માંથી રજૂ કરેલાં નિમ્નોક્ત મૂળ અવતરણો યથાસ્થાને નીવડશે.—

> सम्प्रतिश्चिन्तयामास निशीथ समये ऽ न्यदा ।
> अनार्येष्वपि साधूनां विहारं वर्तयाम्यहम् ॥ ८९
> इत्यनार्यानादिदेश राजा दध्वं करं मम ।
> तथा तथास्मत् पुरुषा मार्गयन्ति यथा यथा॥९०
> ततः संप्रतिराजस्य परितोषार्थमुद्यताः ।
> ते तु तत्पुरुषादिष्टमन्वतिष्ठन् दिने दिने ॥ ९४
>
> एकादशम सर्ग
> —परिशिष्टपर्व

[ એકદા મધ્યરાત્રિએ સમ્પ્રતિ રાજા વિચારવા લાગ્યા કે, 'અનાર્ય દેશોમાં પણ સાધુઓનો વિહાર યોજું અને ત્યાં ધર્મ પ્રવર્તાવું.' એમ વિચારીને રાજાએ અનાર્ય દેશના શાસકોને પરિપત્ર મોકલાવ્યો કે— ' હું મારા ( પ્રતિનિધિ સમા ) પુરુષોને ત્યાં મોકલાવું છું. તેઓ જે પ્રકારે કર ( સગવડતા ) માગે તે પ્રમાણે તે તેમને પૂરાં પાડવાં ' ...તે પછી સમ્પ્રતિ

રાજાને સંતુષ્ટ કરવાને આતુર એવા તેઓ ( માંડલિક રાજાઓ, સૂબાઓ–રજ્જુકો વગેરે ) તે પુરુષોના કહ્યા પ્રમાણે પ્રતિદિન આચરણ કરવા લાગ્યા. ]

પુરુષોના આ નવા વર્ગ અંગેનો સ્થંભલેખમાંનો ધ્વનિ અને ઉપરોક્ત શ્લોકોનો ભાવાર્થ પૂર્ણતઃ મળતા છે. સ્થંભલેખમાં પ્રિયદર્સિ કહે છે કે– 'રજ્જુકો વગેરે મારી આજ્ઞાને અનુસરવાને–મને સંતુષ્ટ કરવાને આતુર છે.' શ્લોકમાં પણ એ જ હકીકતનો નિર્દેશ થયો છે. સ્થંભલેખમાં પુરુષોને રજ્જુકો ( શાસન ચલાવનારા અમલદારો ) તેમજ ધર્મયુકતો ( ધાર્મિક દેખરેખ જાળવનારા અમલદારો–ધર્મમહામાત્રાઓ ) થી જુદી જ કોટિના, પ્રિયદર્સિના પ્રતિનિધિ સમા, પ્રિયદર્સિની ઇચ્છાઓથી ( અનાર્યભૂમિમાં પણ સાધુઓને વિહાર કરાવવાને લગતી ) સંપૂર્ણતઃ પરિચિત અને ઉપદેશ આપવાની યોગ્યતા ધરાવતા ( કૃત્રિમ સાધુના વેષમાં હોઇને ) કાર્યકર્તાઓ તરીકે વર્ણવ્યા છે. તેમને રજ્જુકોને આજ્ઞા કરવા લગીના અધિકાર સોંપાયા છે. ઉપરોક્ત શ્લોકોમાં પણ આ જ હકીકત છે. તેઓ શાસન ચલાવનારા અને ધર્મ વિભાગના પ્રચલિત અમલદારોથી જુદી જ કોટીના ( કૃત્રિમ સાધુ ) છે. તેમને આજ્ઞા અને ઉપદેશ આપવાનો અધિકાર સોંપાયો છે. તેઓ સંપ્રતિની ઇચ્છાથી પરિચિત છે ને સંપ્રતિ તેમને પોતાના વિશ્વાસુ માણસો–પ્રતિનિધિઓ તરીકે ઓળખાવે છે.

આ રીતે સ્થંભલેખમાં થયેલો 'પુરુષ વર્ગ' નો નિર્દેશ આપણને પ્રિયદર્શીના સંપ્રતિ તરીકેના વ્યકિતત્વ ઉપર પ્રકાશ પાડવામાં મદદગાર બને છે.

(૧૨) પુરુષો કેટલાકને ઉપદેશ આપશે એટલે કે તેઓ મારા પ્રતિનિધિ તરીકે પ્રજાના અગ્રણીઓને મારી ઇચ્છાથી પરિચિત બનાવી તેમને તે પ્રમાણે વર્તવાનો ઉપદેશ આપશે. સામાન્ય જનસમૂહને ચાલુ ઉપદેશ આપવાનું કામ અમલદારો અને તેમના નોકરો કરતા રહે ને 'પુરુષો' આગેવાનોને સમજાવતા રહે એટલે કાર્ય વધારે સરળ બને.

(૧૩) આ ઉપમા પ્રિયદર્શીના પ્રજા પ્રત્યેના ઉત્કટ પ્રેમભાવની સૂચક છે.

(૧૪) જુઓ ઉપરની ટી. નં. ૬.

(૧૫) અમલદારોને જ્યારે કેવળ ઘડાયલ કાયદાને જ અક્ષરશઃ વળગી રહીને ફરજો બજાવવાની હોય છે ત્યારે હંમેશાં કાયદાના અર્થ–ભાવાર્થ–આશય પરત્વે ગૂંચવણ રહ્યા જ કરે છે. એ ગૂંચવણને દૂર કરવાને ખાતર પ્રિયદર્શી અમલદારોને ન્યાય અને દંડના વિષયમાં સ્વતંત્ર અધિકારો સુપ્રત કરે છે અને એ અધિકારોનો સદુપયોગ કરીને અમલદારો પ્રજાનું હિતસુખ સાધે તેવી તે અપેક્ષા રાખે છે.

(૧૬) સમત્વ એ જૈન ધર્મનું મુખ્ય લક્ષણ છે. તેનો ગુજરાતી ભાવાર્થ 'સમાન દષ્ટિ' એ પ્રમાણે તારવી શકાય. ન્યાય અને દંડ બંને વિષયમાં પ્રિયદર્શી રજ્જુકો પાસે સમદષ્ટિની અપેક્ષા રાખે છે.

(૧૭) અહીં મૂળમાં યોતે છે અને તે રૂપ યૌતક શબ્દની સાથે સંકળાયલ છે. યૌતક નો અર્થ 'પહેરામણીની ભરેલી મહેતલ' નહિ પરંતુ 'હકકની રૂએ મળેલું કંઇક' એવો થાય છે. આ સ્થળે એ શબ્દ વાપરીને પ્રિયદર્શિન એમ સૂચવવા માગે છે કે, 'આ ત્રણ દિવસની જે મહેતલ આપવામાં આવે છે તે મહેરબાનીની નથી પરંતુ મારી રાજ્યવ્યવસ્થામાં, મુકદ્દમાની પુનર્વિચારણા, વિનંતિ કે યોગ્ય દાન–પુણ્યને માટે ત્રણ દિવસની એ મહેતલ પર દરેક કેદીને હકક અપાયલો છે.' કેદીઓ પ્રત્યે પણ આવો સદ્ભાવ દર્શાવનાર રાજવીના હૃદયની વિપુલતા અને તેનો વિશ્વપ્રેમ અકથ્ય હોવાં જોઇએ.

(૧૮) અહીં મૂળમાં નિજ્ઝપયિસંતિ શબ્દ છે. તેનો અર્થ સામાન્ય રીતે દંડ ઓછો કરવાની વિનંતી કરવી, કેદીના લાભમાં મુકદ્દમાની પુનર્વિચારણા માટેની માગણી કરવી, અથવા કેદીના કે તેના કુટુંબના સંજોગો રજૂ કરીને મારી માટે રજ્જુકનું દિલ પીગળાવવું એવો થાય છે. [ કુદ્રજ એમાં દ્રવ્ય આપીને છૂટી શકવાના માર્ગનો પણ સમાવેશ સૂચવે છે. ] જૈન પરિભાષામાં આને જ મળતો 'નિર્યામણા' શબ્દ છે. અને તેનો અર્થ માનવીના જીવનના અંત સમયે ધાર્મિક વિધિવિધાનની વ્યવસ્થા કરી લેવી તેને સમાંતર છે. તે અર્થ પણ આ સ્થળે સુઘટિત બને છે.

(૧૯) પારલૌકિક હિતને ખાતર અંત સમયે દાન અને ઉપવાસ ( અણુશણ ) એ વિશિષ્ઠ જૈન વિધિ છે. બૌદ્ધ ધર્મમાં ઉપવાસને જરા પણ મહત્ત્વ અપાયલું નથી. ઉપવાસના પ્રયોગો કરીને બુદ્ધ ભગવાન કંટાળી ગયેલા ને તેમણે આત્મવિકાસના માર્ગમાં તેમજ પારલૌકિક હિતની સાધનામાં ઉપવાસને બિનજરૂરી ગણાવ્યા. જીવનના અંત સમયે ઉપવાસ પચ્ચખાવી લેવાનું જગતમાં જૈન દર્શન સિવાય અન્ય કોઇજ ધર્મે કહ્યું નથી. એટલે કેદીઓ અંત સમયે પારલૌકિક હિતને ખાતર દાન અને ઉપવાસ કરે એવી ઇચ્છા દર્શાવીને પ્રિયદર્શી આડકતરી રીતે પોતાનું જૈનત્વ પણ સૂચવી દે છે.

( ૨૦ ) આ આખા વાક્યના અર્થ સંબંધમાં કંઇક મતભેદ છે. પહેલાં ડૉ૦ ભાંડારકર તે વાક્યનો એવો અર્થ કરતા હતા કે, " તેમનાં સગાંસંબંધીઓ કેટલાકને પોતાની જિંદગી બચાવવાના હેતુથી ધર્મનો વિચાર કરવાની ફરજ પાડશે અને નષ્ટ થતા ( મનુષ્ય )ને વિચાર કરવાની ફરજ પાડવાને સારૂ તેઓ પરલોકનો વિચાર કરીને દાન આપશે તથા ઉપવાસ કરશે " તે પછી તેમણે જ તે અર્થને સુધારીને નીચે પ્રમાણે અર્થ સૂચવ્યો–" કાં તો ( તેમનાં ) સગાં સંબંધીઓ તેમને જીવાડવાને સારૂ કેટલાક ( રજ્જૂકો ) ને દંડ ઓછો કરવાનું કહેશે, અથવા તો અંતને–એટલે કે આત્મિક વિનાશને–અટકાવવાના હેતુથી તેઓ પરલોકને લગતાં દાન આપશે અને ઉપવાસ કરશે. "

ઉપરોક્ત બંને અર્થમાંથી પહેલા અર્થને તો ડૉ૦ ભાંડારકરે જાતે જ રદબાતલ ઠેરવ્યો છે, એટલે હવે ફક્ત બીજા અર્થ પરત્વે જ વિચારણા કરવી રહે છે. તેમાં બીજા અર્થનો પૂર્વભાગ તો આપણા અર્થને લગભગ મળતો આવે છે. ઉત્તર ભાગમાં નાશંતં શબ્દ છે. તેના બે અર્થ થાય છે. એક–ન હોય તો; બીજો–નાશ પામતો. પહેલો અર્થ લેતાં વાક્યનો ભાવાર્થ એ નીકળે છે કે– 'તે મહેતલ દરમિયાન કેદીના સગાંસબંધીઓ તેની જિંદગી બચાવવાને સારૂ તેનો દંડ ઓછો કરવા વિનવણી કરશે અને એવું કોઇ સગું સંબંધી ન હોય તો તે કેદી પોતાના પારલૌકિક હિતને ખાતર દાન કરશે અથવા ઉપવાસ કરશે. ' બીજો અર્થ લેતાં–' તે મહેતલ દરમિયાન કેદીનાં સગાંસંબંધીઓ તેની જિંદગી બચાવવાને સારૂ તેનો દંડ ઓછો કરવા વિનવણી કરશે અથવા તો તેને ( આત્મિક દૃષ્ટિએ) નાશ પામતો અટકાવવાના હેતુથી તેઓ પરલોકને લગતાં દાન આપશે અને ઉપવાસ કરશે '– આ બંનેમાંથી પ્રથમ અર્થ વધારે બંધબેસતો અને સારો જણાય છે. તેમાં, સજાનો અમલ કરતી વખતે દોષિતના કુટુંબનો પણ વિચાર કરવામાં આવતો હતો તેનું સૂચન છે.

(૨૧) ડૉ. ભાંડારકર આ વાક્યનો અર્થ–' બંધનના સમયમાં પણ' કરે છે. સેનાર્ત તેનો અર્થ ' કેદી તરીકેની મુદતમાં ', બુહ્‌લર ' કેદ દરમ્યાનમાં પણ ' ને હ્યુડર્સ ' મૃત્યુકાળ નક્કી થઇ ચૂક્યો હોવા છતાં પણ ' એ પ્રમાણે અર્થ કરે છે.

(૨૨) આ બંનેને જીવનવિકાસમાં મહત્ત્વનું સ્થાન તો જૈન ધર્મે જ આપેલું છે. જુઓ–दान–शियल–तप–भावना.........

## पंचम शासन–(दिल्ही टोप्रा)

[ દક્ષિણ–દિશા ]

१ (क) देवानंपिये पियदसि लाज हेवं अहा (ख) सड्वीसतिवस—
२ अभिसितेन[1] मे इमानि जातानि अवधियानि[2] कटानि सेयथा[3]
३ सुके सालिका[4] अलुने चकवाके हंसे नंदीमुखे गेलाटे
४ जतूका[5] अंबाकपीलिका[6] दळी[7] अनठिकमछे वेदवेयके
५ गंगापुपुटके संकुजमछे कपटसयके[8] पंनससे सिमले
६ संडके ओकपिंडे पलसते सेतकपोते गामकपोते
७ सवे चतुपदे ये पटिभोगं नो एति न च खादियति (ग) .... ....[9]
८ एळका[10] चा[11] सूकली चा[11] गभिनी व पायमीना व अवधिय[12] पोतके
९ पि च कानि आसंमासिके (घ) वधिकुकुटे नो कटविये (ङ) तुसे सजीवे
१० नो झापेतविये[13] (च) दावे अनठाये वा[14] विहिसाये वा[14] नो झापेतविये[15]
११ (छ) जीवेन जीवे नो पुसितविये (ज) तीसु चातुंमासीसु[16] तिसायं[17] पुंनमासियं
१२ तिंनि दिवसानि चावुदसं पंनडसं[18] पटिपदाये[19] धुवाये चा
१३ अनुपोसथं मछे अवधिये[20] नो पि विकेतविये (झ) एतानि येवा[21] दिवसानि
१४ नागवनसि केवटभोगसि यानि अंनानि पि जीवनिकायानि
१५ न[22] हंतवियानि (ञ) अठमीपख ... ते पंनडसाये[23] तिसाये
१६ पुनावसुने तीसु चातुंमासीसु सु ... खितविये
१७ अजके एडके[24] सूकले ए ... नीलखितविये
१८ (ट) तिसाये पुनावसुने ... गोनसा[25]
... लखने नो कटवि...
अंवाछिकाये पंन...

૧ લૌ.-અ., લૌ. નં.માં सद्वीवतिवसाभिषितस રા. અને અ.-કૌ. માં षड्वीषतिवसाभिषितेन

૨ લૌ.-અ., લૌ.-નં. અને રા.માં अवध्यानि

૩ અ.-કૌ. सेयथ

૪ લૌ.-અ., લૌ.-નં. અને રા. માં सालिक

૫ " " " जतूक

૬ " " " अंबाकपिलिक

૭ બુહ્લર दडी વાંચે છે. લૌ.-અ., લૌ.-નં. અને રા. માં दुळि અ.-કૌ. दुडी

૮ લૌ.-અ., લૌ.-નં. અને રા.માં कपटसेयके

૯ " " " " આ સ્થળે अजका नानि છે એટલે અહીં પણ તે જ શબ્દો હોવાનો વિશેષ સંભવ છે.

૧૦ બુહ્લર અહીં एडका વાંચે છે. દિ.-મિ. માં एळके છે અને લૌ.-અ. તથા લૌ.-નં. માં एडका છે જ્યારે રા. માં एळका છે.

૧૧ લૌ.-અ., લૌ.-નં. અને રા માં च છે.

૧૨ તૂટતો અક્ષર । હોવો જોઇએ, જેથી अवधिया पोतके पि च બને. લૌ.-અ., લૌ.-નં. અને રા. માં अवध्य पोतके च છે.

૧૩ લૌ.-અ., લૌ.-નં. અને રા. માં ष्हापयितविये છે.

૧૪ લૌ.-અ., લૌ.-નં. ને રા. માં च છે.

૧૫ " " " " ज्हापयितविये છે.

૧૬ દિ.-મિ. चातंमासीषु

૧૭ લૌ.-અ. અને રા. માં तिस्यं છે; લૌ.-નં. માં तिसियं

૧૮ લૌ.-અ. અને લૌ.-નં.માં पंनवसं છે.

૧૯ દિ.-મિ. માં पटिपदा છે; ત્યારે લૌ.-અ. લૌ.-નં. અને રા. માં पटिपदं છે.

૨૦ લૌ-અ, લૌ.-નં. અને રા.માં अवध्ये છે.

૨૧ બુહ્લર चेव વાંચે છે. દિ.-મિ., લૌ-અ., લૌ.-નં. અને રા. માં પણ चेव છે.

૨૨ લૌ.-અ., લૌ.-નં. અને રા. માં नो છે.

૨૩ લૌ.-નં. માં पंनवसाये છે.

૨૪ દિ.-મિ., લૌ-અ., લૌ.-નં. અને રા. માં एळके છે.

૨૫. લૌ.-અ., લૌ.,-નં. અને રા. માં थइवस गोनस

૨૬. લૌ. અ. માં यावसड्वीसतिवसाभिसितस છે; જ્યારે લૌ.-નં. અને રા. માં यावसड्वीसति-वसाभिसितेन છે.

જૈન શ્વે. કો. હેરલ્ડ ( મહાવીર સચિત્ર અંક )
જૈન સિધ્ધાંત ભાસ્કર ભા. ૬
જૈન રૌપ્ય મહોત્સવ અંક
જૈન સાહિત્ય સંશોધક અંક ૧
જૈનીઝમ ઇન નોર્થ ઇન્ડિયા
જૈન સ્થવીર ગણના
જૈનીઝમ ઇન સાઉથ ઇન્ડિયા
તત્વાર્થાધિગમસૂત્ર
તિથ્થોગાલી પઇન્ન
તિલોયપન્નતિ
ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર
દશવૈકાલિક સૂત્ર
દીપવંશ
દિવ્યાવદાન
ધર્મપરીક્ષા
નિશીથ ભાષ્ય
નિશીથ ચૂર્ણિ
નેપાળની રાજવંશાવલી
પરિશિષ્ટ પર્વ
પુરૂષાર્થ સિધ્ધ્યુપાય
પોલિટિકલ હિસ્ટરી ઓફ ઇન્ડિયા
પોલ્પિઆઇ ટ્રોગી–નો અનુવાદ; પ્રો. ફ્રિન્ડેલ
પ્રાચીન જૈન તીર્થસ્તવન
પ્રાચીન ભારતવર્ષ ( ત્રિ. લ. ) પુ. ૧ થી ૫
પ્રશ્નવ્યાકરણ સૂત્ર
પ્રજ્ઞાપના સૂત્ર
પંચ કલ્પ
પ્રબંધ ચિંતામણી
પ્રાકૃત કથાવલી ( ભદ્રેશ્વર સૂરિ )
બ્રહ્માંડ પુરાણ
બૃહત્કલ્પ તથા ચૂર્ણિ
બોધિસત્વાવદાન કલ્પલતા
ભારહુત સ્તૂપ–( કનિંગહામ )
ભિલ્સા ટોપ્સ ( „ )
ભગવતી સૂત્ર
મથુરા કલ્પ
મલ્લિનાથ પુરાણ
મહાનિશીથ સૂત્ર
મનુ સ્મૃતિ
મહાવંશ
મત્સ્ય પુરાણ
મહાભારત ( શાંતિપર્વ )
મહાવીર ચરિત્ર ( નેમિચંદ્ર સૂરિ )
„ ( ગુણચંદ્ર સૂરિ )
મૂળાચાર
મુદ્રારાક્ષસ
મેઘદૂત ( કાલિદાસ )
મેમોઇર્સ ઓફ આર્કી. સર્વે ઓફ ઇન્ડિયા
નં. ૫૫ ( એક્સકેવેશન્સ ઓફ પહાડપુર )
નં. ૫૯
મૌર્ય સામ્રાજ્યકા ઇતિહાસ
યુગપ્રધાન પટ્ટાવલી
રામાયણ (બીજો ખંડ)
રાજપૂતાનેકા ઇતિહાસ (ગૌરીશંકર ઓઝા)
રાજતરંગિણી પ્રથમ ગ્રંથ
રિપોર્ટ; ફોર્થ ઓરીએન્ટલ કોન્ફરન્સ (બી.એમ. બરૂઆ)
રેકર્ડઝ ઓફ ધી વેસ્ટર્ન વર્લ્ડ પુ. ૧, ૨
રાજાવલી કથા
રોક એડીક્ટ્સ ( સેનાર્ટ )
લલિત વિસ્તરા
વાયુપુરાણ
વાસુપૂજ્ય ચરિત્ર
વિષ્ણુ પુરાણ
વિવિધતીર્થકલ્પ (અપાપાકલ્પ; પાટલીપુત્ર; મથુરાકલ્પ; ઇ.)
વીર નિર્વાણ સંવત ઓર જૈન કાળગણના
વીરવિહાર મિમાંસા ( વિજયેન્દ્રસૂરિ )
વીર વંશાવળી
વિચારસાર
શિલપ્પદિકારમ્ (તામિલ જૈન મહાકાવ્ય)
શત્રુંજય કલ્પ

# પાંચમું શાસન–[દિલ્હી-ટોપ્રા]

[ દક્ષિણ–દિશા ]

(क) દેવાનુપ્રિય પ્રિયદસિ રાજા આમ કહે છે–

(ख) મારા રાજ્યાભિષેકને છવ્વીશ[1] વર્ષ વીત્યાં ત્યારે આ પ્રાણીઓને[2] અવધ્ય ગણવામાં આવ્યાં હતાં:–જેવાં કે–પોપટા, સારિકાઓ, લાલ[3] ચક્રવાકો, હંસો, નંદીમુખો,[4] સારસો,[5] ચામાચીડિયાં,[6] મોટી કીડીઓ, કાચબીઓ, હાડકાં વગરની માછલીઓ, વેદવેયકા,[7] ગંગાપુપુટકા,[8] શંકુચિઓ,[9] કાચબાઓ અને સાહુડીઓ, મોટી ખીસકોલીઓ,[10] બારશિંગાં,[11] છૂટા મુકાયલા સાંઢ,[12] ઘરની જીવાતો,[13] ગેંડા, ધોળાં કબૂતરો, ગામઠી કબૂતરો અને વપરાતાં[14] કે ખવાતાં ન હોય તેવાં બધાં ચોપગાં પ્રાણીઓ.[15]

(ग) બકરીઓ કે ઘેટીઓ કે ડુક્કરીઓ ગાભણી[16] હોય કે દૂધાળી હોય તો તેમનો વધ ન કરી શકાય, અને છ મહિનાની ઉમ્મર સુધીનાં તેમનાં કેટલાંક બચ્ચાં પણ અવધ્ય છે.

(घ) કૂકડાની ખસી[17] કરવી નહિ.

(ङ) જીવવાળા ચૂલાને[18] બાળવું નહિ.

(च) તોફાનમાં કે જીવહિંસાને માટે જંગલ બાળવાં નહિ.[19]

(छ) જીવને જીવથી પોષવા નહિ.[20]

(ज) ત્રણ ચાતુર્માસી[21] અને તિષ્ય (નક્ષત્ર)[22]ની પુનમના અરસામાં ત્રણ દિવસો (શુકલ પક્ષની) ચૌદશ–પુનમ તથા (કૃષ્ણ પક્ષની) પ્રતિપદા–દરમ્યાન અને ઉપવસના[23] દિવસોમાં માછલીનો વધ[24] તથા વેપાર કરવો નહિ.[25]

(झ) એ જ દિવસોમાં હાથીવનમાં[26] અને માછીમારોના વિસ્તારમાં[27] આ અને બીજાં પણ પ્રાણીઓનો વધ કરવો નહિ.

(ञ) (દરેક) પખવાડિયાના આઠમા, ચૌદમા અને પંદરમા દિવસે,[28] તિષ્ય[29] અને પુનર્વસુના[30] દિવસોએ તથા ત્રણ ચાતુર્માસીએ–(આવા) પવિત્ર દિવસોએ ગોધાની ખસી[31] કરવી નહિ. બકરાં, ઘેટાં, ડુક્કર અને એવાં બીજાં (જે પ્રાણીઓ)ને ખસી કરાય છે તે પ્રમાણે[32] તેમને ખસી કરવી નહિ.

(ट) તિષ્ય અને પુનર્વસુના દિવસોમાં, ચાતુર્માસીએ અને ચાતુર્માસિક પખવાડિયાંમાં[33] ઘોડાઓને અને બળદોને[34] ચિન્હ[35] કરવાં નહિ.

(ठ) મારા રાજ્યાભિષેકને છવ્વીશ વર્ષ વીત્યાં તે ગાળામાં મેં પચીશ બંધનમોક્ષ[36] કર્યા છે.

(૧) પ્રિયદર્શિના દરેક લેખો કયા કયા સમયે કોતરાયા છે તેની વિગતવાર માહિતી માટે જુઓ પ્રથમ ખંડે પરિચ્છેદ-૧

(૨) પ્રિયદર્શિના પ્રથમ શિલાલેખ (જુઓ પૃ. ૫૧) પરથી આપણે એ તો જાણી જ ચૂક્યા છીએ કે રાજ્યાભિષેકના બારમા વર્ષ અગાઉ તેના રસોડામાં બે મોર અને એક હરણ—અને તેમાં પણ હરણ તો નિયમિત નહિ—એમ ત્રણ પ્રાણીઓનો જ વધ થતો હતો અને બારમા વર્ષ પછી તો એ ત્રણ પ્રાણીઓનો વધ પણ અટકાવી દેવામાં આવેલો, એટલે કે પ્રિયદર્શીનું રસોડું બારમા વર્ષથી સંપૂર્ણ શાકાહારી બની ગયું હતું. પરિણામે રાજ્યાભિષેકના છવ્વીશમા વર્ષે પ્રાણીવધ અંગે નીચે જે મર્યાદા મૂકવામાં આવી છે તે હિંસક પ્રજાઓને ધીમે ધીમે અહિંસાના માર્ગે ચડાવવાને ખાતર.

(૩) મૂળમાં અહીં अलुने चक्रवाके છે. કેટલાક તેનો અર્થ અરુણ ( લાલ રંગનું કોઇક પક્ષી ) અને ચક્રવાક એ પ્રમાણે કરે છે. પણ अलुन વિશેષણ હોવાનો વધારે સંભવ છે. એટલે અમે લાલ ચક્રવાક અર્થ લીધો છે.

(૪) કેટલાક 'નંદીમુખ'ને કોઇ જળચર પ્રાણી ગણી લે છે. પરંતુ જૈનોના 'પ્રશ્ન વ્યાકરણ સૂત્ર' ના પ્રથમ અધ્યાયના સાતમા શ્લોકમાં તેની મેના અથવા સારિકાની એક જાત તરીકે સ્પષ્ટ ઓળખ કરાવવામાં આવી છે.

(૫) મૂળમાં અહીં गेलाटे શબ્દ છે. અને તેનો અર્થ સારસ કે બગલો હોવા સંભવ છે.

(૬) મૂળમાં અહીં जतूका શબ્દ છે—જેનો અર્થ ચામાચીડિયું અથવા વડવાગોળ થાય છે. પણ હલકા વર્ણના લોકો વડવાગોળનું માંસ તો ખાય છે, જ્યારે પ્રિયદર્શિને આ લેખના હવે પછીના ભાગમાં જણાવ્યું છે તે પ્રમાણે તેણે વપરાતાં કે ખવાતાં ન હોય તેવાં પ્રાણીઓની નિરર્થક હિંસા સામે જ વધારે પ્રતિબંધ મૂકેલો છે. એટલે અહીં જેનું માંસ ઉપયોગમાં નથી આવતું એવું 'ચામાચીડિયું' વધારે બંધબેસતું છે. મોરીસ जतूका ને ઠેકાણે जतूका વાંચે છે—જેનો અર્થ જળો થાય છે.

(૭) वेदवेयक નું સંસ્કૃત રૂપાંતર વૈદર્વ્ય અથવા વિદર્વી થઇ શકે—જેનો અર્થ 'ફણા વિનાનું' એવો થાય. એટલે બામ—માછલી કે જે સાપના જેવી જ હોય છે પણ તેને ફણા નથી હોતી તે હોવાનો વિશેષ સંભવ છે.

(૮) એ પણ માછલીની જ એક જાત છે.

(૯) સંકોચાઇ શકે એવી માછલી.

(૧૦) મૂળમાં અહીં पंनससे શબ્દ છે, જેનો અર્થ 'ઝાડનાં પાંદડાંમાં રહેતું સસલા જેવું પ્રાણી' એવો થાય. પશ્ચિમઘાટનાં જંગલોમાં એવી મોટી ખીસકોલીઓ મળી આવે છે કે જેમની ચામડી સસલાના જેવી હોય છે. એટલે અહીં એ જ અર્થ હોવાનો સંભવ છે.

(૧૧) અહીં મૂળમાં सिमले શબ્દ છે, જેનું સંસ્કૃત રૂપાંતર શ્રીમર થાય છે. કેટલીય અર્થશાસ્ત્રમાં પણ એ શબ્દ મળી આવે છે અને તેનો અર્થ 'બારશીંગાં' ( હરણ ) થાય છે.

(૧૨) મૂળમાં અહીં संडक શબ્દ છે. અને તેનો અર્થ, 'છૂટો મુકાયલો અને પરિણામે મારી ન શકાય એવો સાંઢ' થાય છે.

(૧૩) અહીં મૂળમાં ओकपिंड શબ્દ છે. જેની વ્યાખ્યા ओके पिंडो येषाम् તે થાય. 'જેને પોતાનો ખોરાક ઘરમાં મળી રહેતો હોય એવાં પ્રાણીઓ.' તેમાં જેમ 'ઘરની જીવાતો'નો સમાવેશ થાય છે તેમ, બુધ્ધઘોષના જણાવ્યા પ્રમાણે, બિલાડીઓ, ઊંદરો, પાટલા ઘો અને નોળિયા છે. સાધુઓના અનાજને ખાઇ જતાં હોઇ તેમને પણ उकपिंड નામે ઓળખવામાં આવે છે.

(૧૪) આ સ્થળે 'વપરાતાં'નો અર્થ 'જેમનું ચામડું, વાળ, પીંછાં વગેરે ઉપયોગ—ઉપભોગ—પરિભોગ—[परिभोग] માં આવતાં હોય તેવાં' એટલે કે 'જે પ્રાણીઓનો કોઇ ને કોઇ ભાગ મનુષ્યને આહાર સિવાયના બીજા* ઉપયોગમાં આવતો હોય તેવાં પ્રાણીઓ.' આ સ્થળે પ્રાણીઓના વિષયમાં परिभोग શબ્દનો નિર્દેશ પણ જૈન પરિભાષાનો સૂચક બને છે. જુઓ—

मज्जंमिअ मंसंमिअ पुप्फेअ फलेअ गंधमल्लेअ।
उवभोग-परिभोगे बीअंमि गुणव्वए निंदे ॥ २० वंदित्तासूत्र

(૧૫) અહીં સૂચવાતા અર્થ પ્રમાણે પ્રિયદર્શિને માંસાહાર પર નહિ, પરંતુ નિરર્થક હિંસા પર પ્રતિબંધ મૂકયો છે. હિંસાના બે પ્રકાર હોય છેઃ એક નિષ્કારણ હિંસા, બીજી સકારણ હિંસા. અહિંસાનો પ્રચાર કરતી વખતે પ્રથમ હંમેશાં નિષ્કારણ હિંસા સામે જ પ્રતિબંધ મૂકી શકાય. એ અનુસાર પ્રિયદર્શિને આ માર્ગ લીધો છે. પણ એનો અર્થ એ નથી કે તે માંસાહારની તરફેણ કરતો હતો. મોટા ખડકલેખોમાંના પહેલા લેખમાં જણાવ્યા પ્રમાણે પોતાના રસોડામાંથી તો તેણે રાજ્યાભિષેકના બારમા વર્ષની પણ પહેલાં માંસાહારને તિલાંજલિ આપી દીધેલી છે. પણ સમાજમાં જે હિંસા ઘર કરી ગઈ હોય તે તો ક્રમે ક્રમે જ દૂર કરી શકાય. જૈન પ્રથામાં માંસને અભક્ષ્ય ગણવામાં આવે છે, છતાં वंदित्तासूत्र ની ' मज्जंमिअ मंसंमिअ ' ગાથાથી જોઈ શકાય છે કે માંસાહારને તજી દેવાનું ધ્યેય હોવા છતાં પણ કેટલાક જૈનો માંસાહાર કરતા હતા. એટલે પ્રિયદર્શિને માંસાહારને ચલાવી લીધો છે એટલા ખાતર તે જૈન હોવા સામે સંદેહ દાખવવામાં આવે તે અસ્થાને છે.

(૧૬) આ બધા નિર્દેશો પ્રિયદર્શિનના હૃદયમાં કેટલી દયા ભરેલી છે તેનું દર્શન કરાવે છે. એક બાજુએ સમાજમાં વ્યાપી ગયેલી છલોછલ હિંસા, બીજી બાજુ પ્રિયદર્શીનો અહિંસા-પ્રેમ ને દયા. છતાં પ્રિયદર્શિન કુનેહથી કામ પાર પાડવાને ખાતર પોતાની ઉત્કટ અહિંસાને આગળ ન ધરતાં ગર્ભવતીને ન મારવી, દૂધાળીને ન મારવી, કૂમળી વયનાં બચ્ચાંને ન મારવાં વગેરે આજ્ઞાઓ ફરમાવીને પ્રજાને ધીમે ધીમે અહિંસાની મહાસિદ્ધિ તરફ દોરી જાય છે.

(૧૭) ખસી કરવાની ક્રિયાને, ખાસ કરીને પ્રાણી માત્રનો જીવન-હક્ક સ્વીકારતું જૈન દર્શન જ વિશેષ પાપભરી માને છે.

(૧૮) ચૂસા (લોટ ચાળતાં ચાળણીમાં જે રોઆત્ર વધે છે તે) માંની જીવાત સુધીનો અહિંસક ભાવ જૈન અહિંસાનું સૂચન કરે છે. કેમકે બૌધ્ધ અહિંસા વધારે સ્થૂલ હોઇને તે એટલી હદે પહોંચી શકતી નથી.

(૧૯) હિંસક યુગમાં હિંદમાં કેવળ આનંદ-તોફાન કે જીવહિંસાને ખાતર જ જંગલો બાળવામાં આવતાં હતાં. અનેક સાહિત્યકૃતિઓમાં એવાં 'વનદહન'નાં વર્ણનો મળી આવે છે. તેની સામે પ્રતિબંધ મૂકીને પ્રિયદર્શિને અહિંસાધર્મની અપ્રતિમ સેવા બજાવી છે તેમજ હિંદની વનસમૃધ્ધિનું રક્ષણ કર્યું છે.

(૨૦) અહીં 'जीवो जीवस्य जीवनम्'- એ સૂત્રની સામે વિરોધ દાખવવામાં આવ્યો છે. એ વિરોધમાં સૌથી અગ્રસ્થાન જૈન દર્શનનું જ છે.

(૨૧) અહીં કેટલાક પતંજલિને અનુસરીને ચાતુર્માસીનો અર્થ પૂર્ણિમા કરે છે. પણ પ્રિયદર્શિનનો આશય એ નથી જણાતો. કેમકે શિલાલેખોમાં થોડાજ શબ્દોમાં વધારે અર્થ સૂચવી દેવાની તેની વૃત્તિ સ્પષ્ટ જણાય છે. છતાં અહીં તે तीसु चातुंमासीसु ( ત્રણ ચતુર્માસીએ ) લખીને तिसायं पुंनमासियं ( તથા તિષ્ય નક્ષત્રની પૂર્ણિમાએ) લખે છે. ત્રણ ચાતુર્માસીની પાછળ તેનો આશય જો ત્રણ ચાતુર્માસી પૂર્ણિમાનું સૂચન કરવાનો હોત તો તિષ્યની સાથે પૂર્ણિમાનો જુદો ઉલ્લેખ ન કરતાં તે ઉપરની પૂર્ણિમાઓ સાથે જ તેનું સૂચન કરી દેત. चातुंमासी અને पुंनमासीનો ધ્વનિ પણ બે જુદી જુદી તિથિઓ [ ચૌદશ અને પુનમ ] નું સૂચન કરે છે. આ ઉપરાંત ચાતુર્માસીની વ્યાખ્યા પતંજલિ-' चतुर्षु मासेषु भवा चातुर्मासी-पूर्णमासी-ચાર ચાર મહિને આવતી પૂર્ણિમા ચાતુર્માસી ' એ પ્રમાણે કરે છે. પણ તેમાં કયા ચાર મહિના એનો ઉલ્લેખ નથી. જેમ કાર્તિક, ફાગણ અને આષાઢની પૂર્ણિમાઓ ચાતુર્માસી કહેવાય તેમ માગસર, ચૈત્ર અને શ્રાવણની પૂર્ણિમાઓ પણ ચાતુર્માસી કહેવાય છે. એટલે પુનમ લેતા જતાં મહિનાના ઉલ્લેખના અભાવે અર્થ સ્પષ્ટ નથી બનતો. જ્યારે જૈન દૃષ્ટિએ આ ચાતુર્માસીનો અર્થ તદ્દન સ્પષ્ટ છે.

જૈન શાસ્ત્રો કાર્તિક સુદ ચૌદશ, ફાગણ સુદ ચૌદશ અને આષાઢ સુદ ચૌદશને ચાતુર્માસી તરીકે ઓળખાવે છે. પ્રતિદિન તેમ જ આ ત્રણ વર્ષને દિવ

એકવીશ ચતુર્દશીએ કરવાની અને આ ત્રણ ચાતુર્માસી ચતુર્દશીએ કરવાની ધાર્મિક ક્રિયાઓમાં પણ તફાવત હોય છે. પાપની આલોચનાને માટે જૈનો પ્રતિક્રમણ કરે છે તેના પાંચ પ્રકાર છે–રાઈ (પ્રત્યેક પ્રભાતમાં કરવાનું પ્રતિક્રમણ), દેવસી ( ચૌદશો અને ભાદરવા સુદ ચોથ સિવાયના દિવસોએ સાંજરે કરવાનું પ્રતિક્રમણ), પકખી ( ત્રણ ચાતુર્માસી ચૌદશો વર્જીને બાકીની ૨૧ ચતુર્દશીએ સાંજરે કરવાનું પ્રતિક્રમણ ), ચાતુર્માસી (આષાડ સુદ–૧૪, કાર્તિક સુદ–૧૪ ને ફાગણ સુદ–૧૪ની સાંજે કરવાનું પ્રતિક્રમણ ) તેમ જ સાંવત્સરિક (ભાદરવા સુદ–૪–સંવત્સરી–ની સાંજરે કરવાનું પ્રતિક્રમણ ). આ રીતે ચાતુર્માસીનું જૈન દર્શનમાં ખૂબ જ મહત્ત્વ છે. ( જુઓ પૃ. ૧૨૪). તે ત્રણે ચાતુર્માસીમાં જૈનો અઠ્ઠાઈ અઠવાડિયા લગી સાંસારિક પ્રવૃત્તિમાં ખૂબ જ મર્યાદા જાળવે છે. આ ત્રણે દિવસને ધાર્મિક ક્રિયા માટે ખૂબ જ મહત્ત્વના દિવસો લેખવામાં આવ્યા છે અને તે દિવસોએ દેવવંદનાદિ ખાસ ધાર્મિક ક્રિયાઓ થાય છે. એટલે ચાતુર્માસી શબ્દથી પ્રિયદર્શી આ ત્રણ ચાતુર્માસીનો નિર્દેશ કરતો હોય એજ વધારે સંભવિત છે.

(૨૨) પ્રિયદર્શી તિષ્ય નક્ષત્રનું વારંવાર સૂચન કરે છે. એટલે કાં તો તે તેના જન્મ કે રાજ્યાભિષેકના સમય સાથે સંકળાયલું હોય, અથવા તો તે પોતાના વડીલ, ધર્મગુરુ કે પૂજ્ય દેવના કોઈક જીવનપ્રસંગ સાથે સંકળાયલું હોય. આ નક્ષત્ર પોષ મહિનાના અરસામાં આવે છે. જૈન ઇતિહાસમાં તે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ભગવાન પાર્શ્વનાથનો જન્મ તેમ જ દીક્ષા તથા ભગવાન મહાવીરની દીક્ષાનો પ્રસંગ આ નક્ષત્રની લગભગમાં બનેલ છે. ( જુઓ પૃ. ૧૧૭). મકરસંક્રાંતિના કારણે હિંદુ દૃષ્ટિએ પણ તે નક્ષત્ર પવિત્ર મનાય છે.

(૨૩) અહીં મૂળમાં अनुपोसथं (अनु–पोसथं) શબ્દ છે. તેનો અર્થ 'પોસથ દિવસો દરમિયાન' એ પ્રમાણે થાય છે. બૌદ્ધ અને વૈદિક મતુનીને અનુસરવા જતાં આ पोसथ શબ્દે પણ ગૂંચવણ ઊભી કરી છે. બૌધ્ધોમાં પવિત્ર દિવસને માટે उपोसथ શબ્દ છે પણ પ્રિયદર્શિને જો તેનું સૂચન કર્યું હોત તો તેણે अनुपोसथं ને બદલે अनूपोसथं અથવા अनूपासथं લખ્યું હોત. તે ઉપરાંત उपोसथ અમુક ચોક્કસ તિથિનો નિર્દેશ પણ નથી કરતો. પરિણામે વિવેચકોએ વૈદિક માન્યતાનો આશ્રય લઈ पोसथ નો અર્થ पर्व કર્યો અને मनुस्मृति તથા विष्णुपुराण માં અષ્ટમી અને પૂર્ણિમા તથા અમાવાસ્યાને પર્વ દિવસો તરીકે ઓળખાવેલ છે એટલે તેમણે પોસથ–દિવસો તરીકે અષ્ટમી, અમાવાસ્યા અને પૂર્ણિમાને માની લીધા. પણ તેમ કરતી વખતે તેમણે એ ધ્યાનમાં પણ ન લીધું કે પ્રિયદર્શિન જૈન હોય કે બૌદ્ધ, પરંતુ તે વૈદિક હોવાનો તો તલપૂર સંભવ નથી, તેમજ पोसथ અને पर्व એ બંને શબ્દો વચ્ચે જરૂરી મળતાપણું પણ નથી. આ ક્ષતિનું કારણ એક જ છે, કે તેમણે જૈન પરિભાષા પ્રત્યે જરા પણ ધ્યાન આપ્યું નથી.

જૈનોમાં એક વિશિષ્ટ ધર્મક્રિયા છે કે જેને પ્રાકૃત ભાષામાં 'પોસહ'ના નામે, સંસ્કૃતમાં 'પોષધ'ના નામે, અને પાલીમાં 'પોસથ' ના નામે ઓળખવામાં આવે છે. ચક્રવર્તી ભરતના પુત્ર સૂર્યયશાના સમયમાં અયોધ્યામાં પ્રત્યેક અષ્ટમીએ અને ચતુર્દશીએ આ ક્રિયા કરવાનો કાનૂન ઘડાયલો. ત્યારથી અષ્ટમી અને ચતુર્દશી 'પોસથ દિવસો' તરીકે જાણીતા બનેલા. પ્રિયદર્શિન अनुपोसथं લખીને એજ દિવસોનું સૂચન કરે છે.

(૨૪) મત્સ્યવધ સામેનો પ્રતિબંધ પણ જૈનત્વનું સૂચન કરે છે. કેમકે બૌધ્ધોમાં મત્સ્યને એટલું મહત્ત્વ આપવામાં નથી આવ્યું. જ્યારે જૈનોમાં વંશપરંપરાથી ચાલી આવતી આ પ્રથા આજે પણ જળવાઈ રહેલી માલમ પડે છે. પર્વના દિવસોમાં જૈનો બની શકે ત્યાં સર્વત્ર માછલાં પકડવા સામે પ્રતિબંધ મૂકાવે છે.

(૨૫) મત્સ્યવધ સામે પ્રતિબંધ મૂકીને પ્રિયદર્શી અહિંસાનો પ્રચાર કરે છે, જ્યારે માછલાંના વેપાર સામે પ્રતિબંધ મૂકીને તે માંસાહારને અટકાવે છે. બૌદ્ધ દૃષ્ટિએ આ પ્રતિબંધ નિરુપયોગી છે. કેમકે બુધ્ધે અહિંસા પર જેટલો ભાર મૂક્યો છે તેટલો ભાર માંસાહારના વિરોધ પર મૂકયો નથી. મરી ગયેલાં માછલાંનો આહાર તો બુધ્ધે ખને કરેલ છે. આજે પણ બધી બૌદ્ધ પ્રજાઓમાં માંસાહાર પ્રચલિત છે.

## છઠ્ઠું શાસન [ દિલ્હી-ટોપ્રા ]

[ પૂર્વ-દિશા ]

(क) દેવાનુપ્રિય પ્રિયદસિ રાજા આ પ્રમાણે કહે છે—

(ख) રાજ્યાભિષેકને બાર વર્ષ[1] વીત્યાં ત્યારથી મેં લોકોના હિતસુખને માટે ધર્મલિપિઓ લખાવવા માંડી છે, તે એવા હેતુથી કે તે તે (લિપિ) નું ઉલ્લંઘન કર્યા વિના[2] (પ્રજા અને અમલદારો) ધર્મવૃદ્ધિને પોષે.

(ग) 'આમાં લોકોનું હિતસુખ (છે)'–(એમ વિચારીને), મારાં સગાં સંબંધીઓની જ માફક, કેટલાકને તો હું સુખ પ્રતિ દોરી શકું એવા આશયથી, હું આઘેનાની તેમજ પાસેનાની પણ તપાસ રાખું છું[3] અને તે અનુસાર વર્તું છું.

(घ) આ રીતે હું બધા વર્ગોની[4] તપાસ રાખું છું.

(ङ) બધા ધર્મોને મેં વિવિધ પૂજાથી પૂજ્યા છે.[5]

(च) પરંતુ મારો પોતાનો મુખ્ય મત (ધર્મ) તો એ છે કે જેમાં આત્માનું પ્રતિક્રમણ[6] થઈ શકે છે.

(छ) મારા રાજ્યાભિષેકને છવ્વીશ વર્ષ થયાં ત્યારે મેં આ ધર્મલિપિ લખાવી છે.

---

(૧) આ પરથી એક વસ્તુ તો નિર્વિવાદ બને છે કે પ્રિયદર્શીએ ધર્મલિપિઓ લખાવવાની શરૂઆત રાજ્યાભિષેકના બારમા વર્ષે કરી દીધી છે. સ્થંભલેખો તો તેણે રાજ્યાભિષેકના છવ્વીશમા વર્ષે લખાવ્યા છે. એટલે દેખીતી રીતેજ બારમા વર્ષે જે ધર્મલિપિઓ તેણે કોતરાવવા માંડી તે શિલાલેખોજ હોવાનો પૂરતો સંભવ છે. મુખ્ય શિલાલેખોમાં તે જણાવે છે કે– 'આ ધર્મલિપિ (પૃ. ૫૦) દેવાનુપ્રિય પ્રિયદસિ રાજાએ (પૃ. ૫૦ વગેરે) રાજ્યાભિષેકના બારમા વર્ષે કોતરાવેલ છે.' અને આ સ્થંભ-(પૃ. ૫૮ ને ૬૩) લેખમાં તે કહે છે કે– 'રાજ્યાભિષેકને બાર વર્ષ વીત્યાં ત્યારથી મેં ધર્મલિપિઓ લખાવવા માંડી છે. એટલે ઉક્ત શિલાલેખો અને આ સ્થંભલેખોનો કોતરાવનાર દેવાનુપ્રિય પ્રિયદસિ રાજવી એકજ છે. અને શ્રી પી. સી. મુકરજી ધારે છે તે અનુસાર શિલાલેખોનો કોતરાવનાર સંપ્રતિ અને સ્થંભલેખોનો કોતરાવનાર અશોક [ Pillar-edicts belong to Asoka and the Rock-edicts to Samprati who was contemporary with the five Yona-kings, of the then divided Greek -Empire. Indian Antiquay-Vol XXXII p. 233 ] એમ બે ભિન્ન રાજવીઓની દલીલ ટકી શકતી નથી. પરંતુ શિલાલેખોનો કોતરાવનાર જે સંપ્રતિ તેણેજ સ્થંભલેખો કોતરાવ્યા છે

એમ પુરવાર થાય છે. શિલાલેખો અને સ્થંભલેખોનો તટસ્થ અભ્યાસ કરતાં સમયની ગણતરીએ તે અશોકના ઉત્તરાધિકારીના વખતમાં કોતરાયલા સિદ્ધ થાય છે, અને ધર્મદષ્ટિએ તેમના પર બૌદ્ધ કરતાં જૈન દર્શનની વધારે અસર છે એટલે તે બંનેનો કોતરાવનાર રાજવી અશોકનો ઉત્તરાધિકારી ને જૈન ધર્માનુયાયી સમ્રાટ સંપ્રતિ છે.

(૨) અહીં મૂળમાં અપહટા શબ્દ છે. તેનું સંસ્કૃત રૂપાંતર અપહૃત્ય અથવા અપહૃત્વા થાય. જેનો અર્થ 'સ્વીકારી લઈને' અથવા 'તજી દઈને' એ પ્રમાણે છે. પહેલા અર્થને અનુસરતાં એવો ભાવાર્થ નીકળે છે કે 'તે તે (લિપિમાંના ઉપદેશ) ને સ્વીકારી લઈને ધર્મ-વૃદ્ધિ પોષે.' બીજા અર્થને અનુસરતાં એવો ભાવાર્થ નીકળે છે કે તે (લિપિમાં જણાવ્યા પ્રમાણેના અઘટિત આચાર ઇત્યાદિ) ને તજી દઈને આ અને તે ધર્મવૃધ્ધિ પોષે.' સેનાર્ટ અને ડૉ. રાધાકુમુદ પહેલો અર્થ સ્વીકારે છે, બુલર અને ડૉ. ભાંડારકર બીજો અર્થ સ્વીકારે છે. પણ આ બંને અર્થ કરતાં ઉપરનો અર્થ વધારે બંધબેસતો લાગે છે. અ+પ્ર+હૃત્વા=ઉલ્લં-ઘન કર્યા વિના. કર્ન અને હુલ્ઝ પણ લગભગ આને જ સમાંતર અર્થ સ્વીકારે છે.

(૩) આ વાકયનો સાદો અર્થ એ છે કે, 'દૂરનાં મજ નજીકનાં (બધી પ્રજા અને બધા સંબંધીઓ) વેની.હું મારા કુટુંબીજનોની જેમજ તપાસ રાખું • શા માટે? તો કહેવાનું કે–તેમાંના કેટલાંકને તો હું પી કરી જ શકું એટલા માટે.'

(૪) અહીં મૂળમાં નિકાય શબ્દ છે. નિકાય નો સામાન્ય અર્થ વર્ગ અથવા સમૂહ થાય છે, પરંતુ બારમા મુખ્ય ખડકલેખમાં પ્રિયદર્શિને નિકાય શબ્દ અમલદારોના બધા વર્ગોના સમૂહને માટે વાપર્યો છે. એટલે સંભવિત છે કે અહીં 'આ રીતે હું બધા વર્ગોની તપાસ રાખું છું' એમ કહેવાની પાછળ પ્રિયદર્શિનનો આશય 'આ રીતે હું અમલદારોના બધા વર્ગો પર દેખરેખ રાખું છું' એમ જણાવવાનો હોય અને એ અર્થ સ્વીકારીએ તો ઉપરના વાકયમાં પણ યથાસ્થાને 'અમલદાર વર્ગ' ધારી શકાય.એટલાજ ખાતર [illegible] વાકયમાં ધર્મવૃદ્ધિને પોષવાના વિષયમાં અંગા[illegible] રહેલા કર્તાને સ્થળે કૌંસમાં 'પ્રજા અને અમલદા[illegible] બંને શબ્દ મૂકેલ છે.

(૫) બધા જ ધર્મોને મેં વિવિધ પ્રકારની પૂજા[illegible] પૂજ્યા છે એટલે કે દરેક ધર્મ પ્રતિ મેં સન્મા[illegible] દર્શાવ્યું છે એટલું જ નહિ, જરૂરી પ્રસંગે તે [illegible] ધર્મોની યોગ્ય કિંમત આંકી છે અને વિવિધ પ્રકા[illegible] પૂજા પણ કરી છે. આ વાકયમાંથી આ ધર્મલિપિઓમાં[illegible] જે થોડુંક બૌદ્ધ તત્ત્વ ભળેલું છે તેનો ઉકેલ મળી રહે છે. મગધમાં બૌદ્ધ સંઘની બેઠક મળે છે ત્યારે પ્રિયદર્શિ[illegible] તેને શુભેચ્છાનો સંદેશો પાઠવે છે વગેરેનો ખુલાસો આમાંથી મળી રહેશે. અને સંપ્રતિના વિષયમાં આ યથાસ્થાને પણ હતું. કેમકે પિતામહે પાળેલા બૌદ્ધ ધર્મનો યોગ્ય આદર તેણે જાળવવો જોઈએ. અને તે જૈન ધર્મનો મહાન નૃપતિ છતાં ધર્માંધ નહોતો. એટલે બીજા ધર્મોનો તે યોગ્ય સત્કાર કરે તે સ્વાભાવિક છે. પરંતુ અશોકના વિષયમાં આ કોઈ રીતે બંધબેસતું નથી. કેમકે તેણે તો બૌદ્ધ સિવાયના બીજા ધર્મોને દબાવેલા છે. આજીવિકોની કતલ ચલાવેલી છે. તેમજ જૈનધર્મમાં તેને રસ નહોતો. એટલે ધર્મલિપિઓ અશોકની ગણવામાં આવે તો ઐતિહાસિક કાળ-ગણનાને બાજુએ મૂકતાં તેમાં જે જૈનધર્મનું તત્ત્વ ઉભરાઈ રહ્યું છે તેનો ઉકેલ પણ મળી શકે તેમ નથી. ત્યારે જો તે સંપ્રતિની ગણીએ તો ઐતિહાસિક કાલ-ગણનાની દૃષ્ટિએ તે સુઘટિત બને છે, તેમાં પથરાયલા જૈન દર્શનનો ઉકેલ મળી રહે છે અને ધર્મલિપિ-ઓમાં જે થોડુંક બૌદ્ધ તત્ત્વ ભરેલું છે તે સંપ્રતિની ધાર્મિક સહિષ્ણુતા તેમજ પિતામહના બૌદ્ધ ધર્મને આપવું જોઈતું સન્માન એ બંનેને આભારી છે.

(૬) પ્રિયદર્શિનના ધર્મનો નિર્ણય કરવામાં આ વાકય પૂરુજ સહાયભૂત થઈ પડે તેમ છે. અહીં તે સ્પષ્ટ કહે છે કે, 'મે બધા ધર્મો પ્રત્યે સન્માન દર્શાવ્યું છે, પરંતુ મારો પોતાનો મુખ્ય મત તો આ...છે.' આ...ને સ્થળે તેણે અત્તના ઉપગમન શબ્દો વાપરેલ છે. [illegible]

બૌદ્ધ દૃષ્ટિએ માછલાંનો વધ કદાચ પાપ ગણાય પરંતુ મરી ગયેલાં માછલાંનું વેચાણુ તો કોઈ પણ સંયોગોમાં પાપ નથી ઠરતું. જૈન દૃષ્ટિએ જ એ વ્યાપાર પાપ ભરેલો છે.

આ વધ તેમજ વેપાર સામે પ્રતિબંધ અંગે પ્રિયદર્શિને ચૂંટેલાં પર્વો પણ એટલી દીર્ઘ સંખ્યામાં છે કે જે પ્રાણીવધ તેમજ માંસાહારને સદંતર અટકાવવામાં સહાયભૂત બની શકે. ચોવીશ આઠમો, ચોવીશ ચૌદશો તથા કાર્તિક, પોષ (તિષ્ય), ફાગણ ને આષાઢની પૂર્ણિમાઓ તેમજ વદ એકમો—એ પ્રમાણે વર્ષમાં ૫૬ દિવસ લગી તે અમારી (અહિંસા) પળાવે છે.

(૨૬) આ શબ્દથી પ્રિયદર્શી હાથીવનોમાં થતા શિકાર સામે પ્રતિબંધ મૂકે છે. અશોકના સમયમાં આવો પ્રતિબંધ મુકાયાનું કોઈ પ્રમાણુ નથી. ઊલટું મહાવંશના પાંચમા અધ્યાયના ૧૫૪ મા શ્લોકમાં અશોકનો નાનો ભાઈ તિસ્સ ઉપરાજ તરીકે શિકારે નિકળતો હોવાનો નિર્દેશ થયેલો છે. ( જુઓ પૃ. ૮૧ ). જ્યારે સંપ્રતિએ તો જૈન દર્શનને અનુસરીને શિકારને સર્વથા તજી દીધો હતો અને ધીમે ધીમે પ્રજામાં પણુ એ દુર્ગુણ દૂર કરવાને તેણે ક્રમિક પગલાં લીધાં હતાં. આ પ્રતિબંધ પણ એમાંનું એક મહત્ત્વનું પગલું છે.

(૨૭) ડૉ૦ ભાંડારકર કેવટભોગસિનો અર્થ 'માછલીનું અથાણું' એ પ્રમાણે કરે છે. પણ ખરી રીતે આ શબ્દથી એ ભાવાર્થ સૂચવાય છે કે 'માછીમારો પોતાના ઉપભોગને માટે જળાશયોમાં અમુક વિસ્તારો નિયત કરે છે ત્યાં પણ.'

(૨૮) આ ત્રણે તિથિઓનું મહત્ત્વ પ્રધાનતઃ જૈન દર્શનમાં જ વિશેષ અંકાયું છે. હિંદુઓ એકાદશી તથા પૂર્ણિમા–અમાવાસ્યાને મહત્ત્વ આપે છે; બૌદ્ધો અ મહત્ત્વ આપે છે. પરંતુ આઠમ, ચૌદશ તથ અમાવાસ્યા એ બધી તિથિઓને તો જૈનોએ આપેલું છે. આજે પણ એ તિથિઓએ જ રીનો ત્યાગ આદિ વ્રતોનું પાલન

(૨૯) જુઓ ...

(૩૦) પ્રિયદર્શિન તિષ્યની પછી પુનર્વસુ નક્ષત્ર વિશેષ મહત્ત્વ આપે છે. એટલે કાં તો તે પોતાના જ અથવા રાજ્યાભિષેકના સમય સાથે સંકળાયલ હો જોઈએ, ને નહિતર તે પોતાના કોઈ વડીલ, ધર્મગુરુ ઉપાસ્ય દેવના કોઈક જીવન–પ્રસંગ સાથે સંકળાય ગણી શકાય.

(૩૧) આ રીતે ચોવીશ અષ્ટમી, ચોવીશ ચૌદશો બાર પુનમો, બાર અમાવાસ્યાઓ, તથા તિષ્ય અ પુનર્વસુની તેમજ કાર્તિક, ફાગણુ ને આષાઢ મહિના વદ એકમો એમ કુલ ૭૭ દિવસોમાં ગોધાની ખસ સામે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ખસી–ક્રિયા ખાસ કરીને જૈનો વિશેષ પાપભરી માને છે.

(૩૨) ડૉ૦ ભાંડારકરે અહીં એવો અર્થ લીધેલો છે કે 'બકરાં, ઘેટાં, ડુક્કર, અને એવાં બીજાં (જે પ્રાણીઓ) ને ખસી કરી હોય તેમને ખસી કરવી નહિ.' પરંતુ એ અર્થ દોષ ભરેલો છે. કેમકે અહીં ખસી કરેલી હોય એને ફરી ખસી ન કરવાનું ફરમાન નથી પણુ ઉપરોક્ત ૭૭ દિવસોમાં ખસી કરવાની પ્રથા ચાલી આવે છે તે બંધ કરવાનું ફરમાન છે.

(૩૩) ગૃહ્યસૂત્ર (૩–૧૦) ના આધારે જણાય છે કે બ્રાહ્મણો બળદને લક્ષણુ કરવાને માટે ફાગણુ મહિનાની અમાવાસ્યા પસંદ કરતા હતા. પરિણામે આખા ચાતુર્માસિક પખવાડિયામાં એ ક્રિયા સામે પ્રતિબંધ મૂકીને પ્રિયદર્શિને પોતાનો હેતુ સિદ્ધ કર્યો છે.

(૩૪) આજે પણ જૈનો પર્વ દિવસોમાં બળદોને ચિન્હ કરવા સામે બની શકે ત્યાં સર્વત્ર પ્રતિબંધ મૂકાવે છે.

(૩૫) મૂળમાં અહીં સ્તાને (સંસ્કૃત સ્થાણ) શબ્દ છે.

(૩૬) રાજ્યાભિષેકના વાર્ષિક દિવસે કેદીઓને જેલમુક્ત કર ... પ્રથા હિંદમાં ઘણા પ્રાચીન સમયથી ચાલી ... પણ તેનો નિર્દેશ કરે છે. તે અનુસર ... ભિષેકના છવ્વીશમા વર્ષ સુધીમાં પ્રિયદ ... કેદીઓને જેલમુક્ત કર્યાનું અહીં

# षष्ठम शासन [ दिल्ही–टोप्रा ]

[ પૂર્વ–દિશા ]

१ (क) देवानंपिये पियदसि लाज हेवं अहा (ख) दुवाडस–
२ वसअभिसितेन[1] मे धंमलिपि लिखापिता लोकसा[2]
३ हितसुखाये से तं अपहटा[3] तं तं धमवढि पापोवा[4]
४ (ग) हेवं लोकसा हितसुखे ति पटिवेखामि अथ इयं
५ नातिसु हेवं पतियासंनेसु[5] हेवं अपकठेसु
६ किंमं[6] कानि सुखं अवहामी[7] ति तथ च विदहामि (घ) हेमेवा
७ सवनिकायेसु पटिवेखामि (ङ) सव पासंडा पि मे पूजिता
८ विविधाय पूजाया (च) ए चु इयं अतना[8] पचूपगमने
९ से मे मोख्यमते[9] (छ) सडुवीसतिवसअभिसितेन[10] मे
१० इयं धंमलिपि लिखापिता

---

૧ લૈ.–અ., અને રા. માં दुवाडसवसाभिसितेन છે; લૈ.–નં. માં दुवाळसवसाभिसितेन છે.

૨ લૈ.–અ., લૈ.–નં., રા. અને અ.–કૈ. માં लोकस

૩ લૈ.–અ., લૈ.–નં. અને રા. માં अपहट

૪ ,, ,, ,, पापोव

૫ લૈ.–અ., લૈ.–નં., રા. અને અ.–કૈ. માં पत्यासंनेसु છે.

૬ લૈ.–અ., લૈ.–નં. ને રા. માં किंमं છે.

૭ ,, ,, ,, आवहामी છે.

૮ બુહ્લર अतुना વાંચે છે. અને લૈ.–અ., લૈ.–નં. ને રા. માં अतन છે. અ.–કૈ. માં अतना છે.

૯ લૈ.–અ. અને અ.–કૈ. માં मुख्यमुते છે; જ્યારે લૈ.–નં. અને રા. માં मोख्यमुते છે.

૧૦ લૈ.–અ., લૈ.–નં. અને રા. માં सडुवीसतिवसाभिसितेन છે.

# છઠ્ઠું શાસન [ દિલ્હી–ટોપ્રા ]

[ પૂર્વ–દિશા ]

(क) દેવાનુપ્રિય પ્રિયદર્સિ રાજા આ પ્રમાણે કહે છે—

(ख) રાજ્યાભિષેકને બાર વર્ષ[1] વીત્યાં ત્યારથી મેં લોકોના હિતસુખને માટે ધર્મલિપિઓ લખાવવા માંડી છે, તે એવા હેતુથી કે તે તે (લિપિ) નું ઉલ્લંઘન કર્યા વિના[2] (પ્રજા અને અમલદારો) ધર્મવૃદ્ધિને પોષે.

(ग) 'આમાં લોકોનું હિતસુખ (છે)'–(એમ વિચારીને), મારાં સગાં સંબંધીઓની જ માફક, કેટલાકને તો હું સુખ પ્રતિ દોરી શકું એવા આશયથી, હું આઘેનાની તેમજ પાસેનાની પણ તપાસ રાખું છું[3] અને તે અનુસાર વર્તું છું.

(घ) આ રીતે હું બધા વર્ગોની[4] તપાસ રાખું છું.

(ङ) બધા ધર્મોને મેં વિવિધ પૂજાથી પૂજ્યા છે.[5]

(च) પરંતુ મારો પોતાનો મુખ્ય મત (ધર્મ) તો એ છે કે જેમાં આત્માનું પ્રતિક્રમણ[6] થઈ શકે છે.

(छ) મારા રાજ્યાભિષેકને છવ્વીશ વર્ષ થયાં ત્યારે મેં આ ધર્મલિપિ લખાવી છે.

---

(૧) આ પરથી એક વસ્તુ તો નિર્વિવાદ બને છે કે પ્રિયદર્શીએ ધર્મલિપિઓ લખાવવાની શરૂઆત રાજ્યાભિષેકના બારમા વર્ષે કરી દીધી છે. સ્થંભલેખો તો તેણે રાજ્યાભિષેકના છવ્વીશમા વર્ષે લખાવ્યા છે. એટલે દેખીતી રીતેજ બારમા વર્ષે જે ધર્મલિપિઓ તેણે કોતરાવવા માંડી તે શિલાલેખોજ હોવાનો પૂરતો સંભવ છે. મુખ્ય શિલાલેખોમાં તે જણાવે છે કે– 'આ ધર્મલિપિ (પૃ. ૫૦) દેવાનુપ્રિય પ્રિયદર્સિ રાજાએ (પૃ. ૫૦ વગેરે) રાજ્યાભિષેકના બારમા વર્ષે (પૃ. ૫૮ ને ૬૩) કોતરાવેલ છે.' અને આ સ્થંભલેખમાં તે કહે છે કે–'રાજ્યાભિષેકને બાર વર્ષ વીત્યાં ત્યારથી મેં ધર્મલિપિઓ લખાવવા માંડી છે. એટલે ઉક્ત શિલાલેખો અને આ સ્થંભલેખોનો કોતરાવનાર દેવાનુપ્રિય પ્રિયદર્સિ રાજવી એકજ છે. અને શ્રી પી. સી. મુકરજી ધારે છે તે અનુસાર શિલાલેખોનો કોતરાવનાર સંપ્રતિ અને સ્થંભલેખોનો કોતરાવનાર અશોક [ Pillar–edicts belong to Asoka and the Rock–edicts to Samprati who was contemporary with the five Yona-kings, of the then divided Greek –Empire. Indian Antiquay–Vol. XXXII p. 233 ] એમ બે ભિન્ન રાજવીઓની દલીલ ટકી શકતી નથી. પરંતુ શિલાલેખોનો કોતરાવનાર જે સંપ્રતિ તેણેજ સ્થંભલેખો કોતરાવ્યા છે,

એમ પુરવાર થાય છે. શિલાલેખો અને સ્થંભલેખોનો તટસ્થ અભ્યાસ કરતાં સમયની ગણતરીએ તે અશોકના ઉત્તરાધિકારીના વખતમાં કોતરાવેલા સિદ્ધ થાય છે, અને ધર્મદૃષ્ટિએ તેમના પર બૌદ્ધ કરતાં જૈન દર્શનની વધારે અસર છે એટલે તે બંનેનો કોતરાવનાર રાજા અશોકનો ઉત્તરાધિકારી ને જૈન ધર્માનુયાયી સમ્રાટ સંપ્રતિ છે.

(૨) અહીં મૂળમાં अपहटा શબ્દ છે. તેનું સંસ્કૃત રૂપાંતર अपहृत्य અથવા अपहृत्वा થાય. જેનો અર્થ 'સ્વીકારી લઈને' અથવા 'તજી દઈને' એ પ્રમાણે છે. પહેલા અર્થને અનુસરતાં એવો ભાવાર્થ નીકળે છે કે 'તે તે (લિપિમાંના ઉપદેશ) ને સ્વીકારી લઈને ધર્મ-વૃદ્ધિ પોષે.' બીજા અર્થને અનુસરતાં એવો ભાવાર્થ નીકળે છે કે તે (લિપિમાં જણાવ્યા પ્રમાણેના અઘટિત આચાર ઇત્યાદિ) ને તજી દઈને આ અને તે ધર્મવૃધ્ધિ પોષે.' સેનાર્ટ અને ડૉ. રાધાકુમુદ પહેલો અર્થ સ્વીકારે છે, બુહ્લર અને ડૉ. ભાંડારકર બીજો અર્થ સ્વીકારે છે. પણ આ બંને અર્થ કરતાં ઉપરનો અર્થ વધારે બંધબેસતો લાગે છે. अ+प्र+हृत्वा=ઉલ્લંઘન કર્યા વિના. કર્ન અને હુલ્ઝ પણ લગભગ આને જ સમાંતર અર્થ સ્વીકારે છે.

(૩) આ વાકયનો સાદો અર્થ એ છે કે, 'દૂરનાં તેમજ નજીકનાં (બધી પ્રજા અને બધા સંબંધીઓ) સર્વેની હું મારા કુટુંબીજનોની જેમજ તપાસ રાખું છું. શા માટે? તો કહેવાનું કે-તેમાંના કેટલાંકને તો હું સુખી કરી જ શકું એટલા માટે.'

(૪) અહીં મૂળમાં निकाय શબ્દ છે. निकाय નો સામાન્ય અર્થ વર્ગ અથવા સમૂહ થાય છે, પરંતુ બારમા મુખ્ય ખડકલેખમાં પ્રિયદર્શિને निकाय શબ્દ અમલદારોના બધા વર્ગોના સમૂહને માટે વાપર્યો છે. એટલે સંભવિત છે કે અહીં 'આ રીતે હું બધા વર્ગોની તપાસ રાખું છું' એમ કહેવાની પાછળ પ્રિયદર્શિનનો આશય 'આ રીતે હું અમલદારોના બધા વર્ગો પર દેખરેખ રાખું છું' એમ જણાવવાનો હોય અને એ અર્થ સ્વીકારીએ તો ઉપરના વાકયમાં પણ પદ.સ્થાને 'અમલદાર વર્ગ' ધારી શકાય. એટલાજ ખાતર બીજા વાકયમાં ધર્મવૃદ્ધિને પોષવાના વિષયમાં અધ્યાહૃત રહેલા કર્તાને સ્થળે કૌંસમાં 'પ્રજા અને અમલદારો' બંને શબ્દ મૂકેલ છે.

(૫) બધા જ ધર્મોને મેં વિવિધ પ્રકારની પૂજાથી પૂજ્યા છે એટલે કે દરેક ધર્મ પ્રતિ મેં સન્માન દર્શાવ્યું છે એટલું જ નહિ, જરૂરી પ્રસંગે તે તે ધર્મોની યોગ્ય કિંમત આંકી છે અને વિવિધ પ્રકારે પૂજા પણ કરી છે. આ વાકયમાંથી આ ધર્મલિપિઓમાં જે થોડુંક બૌદ્ધ તત્ત્વ ભળેલું છે તેનો ઉકેલ મળી રહે છે. મગધમાં બૌદ્ધ સંઘની બેઠક મળે છે ત્યારે પ્રિયદર્સિ તેને શુભેચ્છાનો સંદેશો પાઠવે છે વગેરેનો ખુલાસો આમાંથી મળી રહેશે. અને સંપ્રતિના વિષયમાં આ યથાસ્થાને પણ હતું. કેમકે પિતામહે પાળેલા બૌદ્ધ ધર્મનો યોગ્ય આદર તેણે જાળવવો જોઈએ, અને તે જૈન ધર્મનો મહાન નૃપતિ છતાં ધર્માંધ નહોતો. એટલે બીજા ધર્મોનો તે યોગ્ય સત્કાર કરે તે સ્વાભાવિક છે. પરંતુ અશોકના વિષયમાં આ કોઈ રીતે બંધબેસતું નથી. કેમકે તેણે તો બૌદ્ધ સિવાયના બીજા ધર્મોને દબાવેલા છે. આજીવિકોની કતલ ચલાવેલી છે. તેમજ જૈનધર્મમાં તેને રસ નહોતો. એટલે ધર્મલિપિઓ અશોકની ગણવામાં આવે તો ઐતિહાસિક કાળ-ગણનાને બાજુએ મૂકતાં તેમાં જે જૈનધર્મનું તત્ત્વ ઉભરાઈ રહ્યું છે તેનો ઉકેલ પણ મળી શકે તેમ નથી. ત્યારે જો તે સંપ્રતિની ગણીએ તો ઐતિહાસિક કાલ-ગણનાની દૃષ્ટિએ તે સુઘટિત બને છે, તેમાં પથરાયેલા જૈન દર્શનનો ઉકેલ મળી રહે છે અને ધર્મલિપિ-ઓમાં જે થોડુંક બૌદ્ધ તત્ત્વ ભરેલું છે તે સંપ્રતિની ધાર્મિક સહિષ્ણુતા તેમજ પિતામહના બૌદ્ધ ધર્મને આપવું જોઈતું સન્માન એ બંનેને આભારી છે.

(૬) પ્રિયદર્શિનના ધર્મનો નિર્ણય કરવામાં આ વાકય ખૂબજ સહાયભૂત થઈ પડે તેમ છે. અહીં તે સ્પષ્ટ કહે છે કે, 'મેં બધા ધર્મો પ્રત્યે સન્માન દર્શાવ્યું છે, પરંતુ મારો પોતાનો મુખ્ય મત તો આ...છે.' આ... ને સ્થાને તેણે ...ના ... શબ્દો વાપરેલ છે. [illegible]

# વિષય સંકલના

શ્રવણબેલગોલ ઇન્સ્ક્રીપ્શન્સ
શ્રવણબેલગોલ મસ્તકાભિષેક વિશેષાંક
શાકુન્તલ-( કાલિદાસ )
સમવાયાંગ સૂત્ર
સિવિલાઇઝેશન ઓફ ધી ઇન્ડસ (રામપ્રસાદ ચંદા)
સુદર્શન વિલાસ
સ્વપ્ન વાસવદત્તા
સંપ્રતિ રાજકથા
સ્થવિરાવલી
સાંચી એન્ડ ઇટ્સ રીમેઇન્સ (જનરલ એફ. સી. મેઇઝી)
હિસ્ટરી-નૅચરલ-(પ્લીની) પુ. ૬
હિસ્ટોરીકલ ગ્લીનીંગ્ઝ
હિમવત્ થેરાવલી
હિસ્ટરી ઓફ ફાઇન આર્ટસ ઇન ઇન્ડીયા એન્ડ સિલોન
હિસ્ટરી ઓફ કનોજ
હિંદી વિશ્વકોશ પુ. ૨


---

## ટૂંકાક્ષરી

આ ગ્રન્થમાં વાચકવર્ગની સગવડતાને ખાતર ટૂંકા અક્ષરોનો વિશેષ ઉપયોગ કરેલો નથી. વારંવાર જે ગ્રન્થોનાં નામ વપરાતાં હોય તેવા માટે કોઇ કોઇ સ્થળે ટૂંકાક્ષર વાપરેલ છે. દા. ત.—જ. રો. એ. સો. (J. R. A. S.); ઇ. આઇ. (E. I.); જે. બી. ઓ. આર. એસ. (J. B. O. R. S.); આઇ. એ. (I. A.); સી. એ. આઇ. (C. A. I.); સી. આઇ. આર. (C. I. R.), Cor. Ins. Ind.). આ અક્ષરો અનુક્રમે The Journal of the Royal Asiatic Society, Epigraphia Indica, The Journal of the Bihar & Orissa Research Society, Indian Antiquary, The Coins of the Andhra dynasty by Rapoon, Corpus Inscriptions Indicarum: આદિને સૂચવનારા છે અને એવા ગ્રન્થોનાં નામ ગ્રન્થયાદીમાં આપી જ્યાં છે, એટલે ત્યાંથી જોઇ લેવાં.

વિ.સં., મ.સં., ગુ.સં., ઇ.સ., પુ., ડૉ., ફૂ.નો., દા.ત., પૃ. વગેરે ટૂંકાક્ષરો અનુક્રમે વિક્રમ સંવત, મહાવીર સંવત, ગુપ્ત સંવત, ઇસ્વીસન, પુસ્તક, ડૉક્ટર, ફૂટ નોટ, દાખલા તરીકે અને પૃષ્ઠ વગેરેને સૂચવનારા છે તે સહેજે સમજી શકાય તેમ છે.

પ્રાચીન ખંડમાં ફુટનોટમાં ગિરનાર-કાલ્સી આદિને માટે જે ટૂંકાક્ષરો વપરાયા છે તેની સમજ પૃ. ૪૮ પર આપેલમાં આપી છે.

છે કે, 'ધર્મની જાતે થતી સ્વતંત્ર પસંદગી'. ડૉ. ભાંડારકર पचूपगमनનું સંસ્કૃત રૂપાંતર प्रत्युपगमन કરીને તેનો અર્થ– 'મળવાને અથવા અભિનંદન આપવાને સામા જવું' એવો કરે છે અને આ.ના એવી ક્રિયા કરી શકે તેને પ્રિયદર્શિનના મુખ્ય મત તરીકે ઓળખાવે છે. હુલ્ઝ, પ્રિયદર્શિનના આઠમા મુખ્ય ખડકલેખ (જેમાં ધર્મયાત્રા અને લોકોનાં દર્શનનો ઉલ્લેખ કરેલો છે) ને ખ્યાલમાં રાખી એવો અર્થ કરે છે કે, 'લોકોનાં દર્શને જાતે જવું એ મારો મુખ્ય મત છે.' पचूपगमन (प्रत्युपगमन)નો વ્યુત્પત્તિ–અર્થ ખેંચવા જતાં આ અર્થો કેટલેક દરજ્જે સાચા છે. પણ પ્રિયદર્શિનના આશયને તે નથી સ્પર્શી શકતા. કેમકે પ્રિયદર્શિન તો એમ કહેવા માગે છે કે– 'બધા ધર્મો પ્રત્યે મેં સન્માન દર્શાવ્યું છે, પણ મારો પોતાનો ધર્મ તો આ...છે.' અહીં તે આને સ્થળે કોઇ વિશિષ્ટ સ્થાપિત ધર્મનું સૂચન કરવા માગે છે. લોકોને મળવા જવું અથવા અભિનંદન આપવાને સામા જવું એ કોઇ વિશિષ્ટ કે સ્થાપિત ધર્મ નથી. તેમજ पचूपगमन ની પૂર્વે મૂકાયલ आत्मना શબ્દ સાથે તેને કોઇ સંબંધ નથી. એટલે દૃષ્ટિ બીજેજ દોડાવવી રહે છે.

કરેલાં પાપથી પાછા હઠવાને ખાતર જૈનો હંમેશાં સવાર–સાંજ જે ક્રિયા કરે છે તેને प्रतिक्रमणના નામે ઓળખવામાં આવે છે. આ प्रतिक्रमणના રાઇ, દેવસી, પકખી, ચાઉમાસી અને છંવચ્છરી એમ પાંચ પ્રકાર છે. (જુઓ પૃ. ૧૨૪ અને પૃ. ૧૬૨) તે રસ્તે હંમેશાં અને પર્વે પર્વે પાપની માફી માગવી અને પાપથી પાછા હઠવું એ જૈન આચાર છે. આ વિશિષ્ટ જૈન ક્રિયા હોઇને તે જૈનત્વનું લક્ષણ ગણાય છે. प्रति–क्रमण અને प्रति–उपगमन નો અર્થ એકજ છે. આત્માએ પાપની માફી માગવી અને પાપથી પાછા હઠવું, એટલે કે આત્માએ પોતાના મૂળ ગુણો પ્રત્યે વિકાસ સાધવો. પ્રિયદર્શિન આ શબ્દ વાપરીને એમ કહેવા માગે છે કે, 'બધા ધર્મોને મેં વિવિધ પૂજાથી પૂજ્યા છે, પરંતુ મારો પોતાનો મુખ્ય ધર્મ તો એ છે કે જેમાં 'આત્માનું' પ્રતિક્રમણ' થઇ શકતું હોય.' આ આત્મ–પ્રતિક્રમણ એ વિશિષ્ટ જૈન ક્રિયા છે. તેનું સૂચન કરીને પ્રિયદર્શિન પોતે જૈન ધર્મનો હોવાનું સ્પષ્ટ સૂચન કરે છે.

१४ खानापापितानि निंसिढया[1] च फालापिता (न) आपानानि मे यहुकानि वव व
फालापितानि पटीभोगाये पशुमुनिसानं (प) छ[7]........एस पटीभोगे नाम (फ) विवि-
धाया हि सुखायनाया पुलिमेहि पि लाजीहि ममया च सुखयिते छोके (ब) इमं चु
धंमानुपटीपती अनुपटीपजंतु ति एतदथा मे
१५ एस कटे (भ) देवानंपिये पियदसि हेवं आहा (म) धंममहामाता पि मे ते वहुविधेसु
अठेसु आनुगहिकेसु वियापटासे पवजीतानं चेव गिहिथानं च सव....डेसु[8] पि च
वियापटासे (य) संघठसि पि मे कटे इमे वियापटा होहंति ति हेमेव बाभनेसु
आजीविकेसु पि मे कटे
१६ इमे वियापटा होहंति ति निगंठेसु पि मे कटे इमे वियापटा होहंति नानापासंडेसु
पि[9] मे कटे इमे वियापटा होहंति ति पटिविसिठं पटीविसिठं तेसु तेसु ते[10]........माता
(र) धंममहामाता चु मे एतेसु चेव वियापटा सवेसु च अंनेसु पासंडेसु (ल) देवानं-
पिये पियदसि लाजा हेवं आहा
१७ (व) एते च अंने च वहुका मुखा दानविसगसि वियापटासे मम चेव देविनं च
सवसि च मे ओलोधनसि ते वहुविधेन आकालेन तानि तानि तुठायतनानि
पटी[11]............हिद चेव दिसासु च (श) दालकानं पि च मे कटे अंनानं च देवि-
कुमालानं इमे दानविसगेसु वियापटा होहंति ति
१८ धंमापदानठाये धंमानुपटीपतिये (ष) एस हि धंमापदाने धंमपटीपति च या इयं दया
दाने सचे सोचवे मदवे साधवे च छोकस हेवं वढिसति ति (स) देवानंपिये प[12]....
....स लाजा हेवं आहा (ह) यानि हि कानिचि ममिया साधवानि कटानि तं छोके
अनूपटीपंने तं च अनुविधियंति (ळ) तेन वढिता च
१९ वढिसंति च मातापितिसु सुसुसाया गुलुसु सुसुसाया वयोमहालकानं अनुपटीपतिया
बाभनसमनेसु कपनवलाकेसु आव दासभटकेसु संपटीपतिया (क्ष) देवानंपिय[13]....
....पदसि लाजा हेवं आहा (ज्ञ) मुनिसानं चु या इयं धंमवढि वढिता दुवेहि येव
आकालेहि धंमनियमेन निझतिया च
२० (का) तत चु लहु से धंमनियमे निझतिया व भुये (खा) धंमनियमे चु खो एस ये मे
इयं कटे इमानि च इमानि जातानि अवधियानि (गा) अंनानि पि चु बहुक[14]....
धंमनियमानि यानि मे कटानि (घा) निझतिया व चु भुये मुनिसानं धंमवढि वढिता
अविहिंसाये भुतानं

२१ अनालंभाये पानानं (ञा) से एताये अथाये[15] इयं कटे पुतापपोतिके चंदमसुलियिके होतु ति तथा च अनुपटीपजंतु ति (चा) हेवं हि अनुपटीपजंतं हिदतपालते आलधे होति (छा) सतविसतिवसाभिसितेन मे इयं धंमलिवि लिखापापिता ति (जा) एतं देवानंपिये[16] आहा (झा) इयं

२२ धंमलिवि अत अथि सिलाथंभानि वा सिलाफलकानि वा तत कटविया एन एस चिलठितिके सिया

---

૧ આ સ્થંભલેખ કેવળ દિલ્હી-ટોપ્રા સ્થંભ પરજ મળે છે; બીજા સ્થંભો પર આ પૂર્વેના ૭ લેખોજ મળી આવે છે. અ.-કૌ. સ્થંભ પર આના સ્થળે બીજા બે નાના લેખ મળી આવે છે [ રાણી-દેવી-નો સ્થંભલેખ ને કૌશાંબી-સ્થંભલેખ ]—જે નાના સ્થંભલેખોના વિભાગમાં અપાશે.

૨ अंतलं હોવું જોઇએ. સેનાર્ટ અને બુહર પણ अंतलं વાંચે છે.

૩ पपा पुल्मिका હોવાનો સંભવ છે.

૪ સેનાર્ટ અને બુહર एते વાંચે છે.

૫ धंम सावने હોવાનો સંભવ છે.

૬ બુહર निखिविया વાંચે છે.

૭ [illegible] હોવાનો સંભવ છે.

૮ सपपासंडेसु હોવું જોઇએ.

૯ पि લગભગ पि જેવો વંચાય છે.

૧૦ ते ते महामाता હોવું જોઇએ.

૧૧ બુહર पटिपादयंति વાંચે છે; હુલ્ત્ઝ पटीवेदयंति વાંચે છે; ડૉ॰ રાધાકુમુદ મુકરજી पटीवेदयन्तु ધારે છે.

૧૨ पियदसि હોવું જોઇએ.

૧૩ देवानंपिये पियदसि હોવું જોઇએ.

૧૪ बहुकानि હોવું જોઇએ.

૧૫ બુહર अठाये વાંચે છે.

૧૫-૧૬ अथाये અને देवानंपिये બંને શબ્દો પર કાકપદ છે તે જોતાં લખનારનો એમ સૂચવવાનો આશય જણાય છે કે પાછલી પંક્તિઓ પહેલાની પૂર્વે વાંચવી.

# સાતમું શાસન[1] [ દિલ્હી–ટોપ્રા ]

अ [ પૂર્વ–દિશા ]

(क) દેવાનુપ્રિય પ્રિયદર્સિ રાજા આમ કહે છે—

(ख) ભૂતકાળમાં જે રાજાઓ થઇ ગયા તેમણે આ પ્રમાણે ઇચ્છેલું: 'ધર્મવૃદ્ધિની સાથે સાથે લોકો કેમ કરીને આગળ વધે?'[2] પરંતુ અનુરૂપ ધર્મવૃદ્ધિની સાથે સાથે લોકો આગળ વધ્યા નહિ.[3]

(ग) આ બાબતમાં દેવાનુપ્રિય પ્રિયદર્સિ રાજા આમ કહે છે—

(घ) મને એમ થયું કે[4]—

(ङ) ભૂતકાળમાં રાજાઓએ એમ ઇચ્છેલું કે, 'અનુરૂપ ધર્મવૃદ્ધિની સાથે સાથે લોકો કેવી રીતે આગળ વધે?' પણ અનુરૂપ ધર્મવૃદ્ધિની સાથે સાથે લોકો આગળ વધ્યા નહિ.

(च) તો પછી કેવી રીતે લોકો ( ધર્મને ) અનુસરતા થાય?

(छ) કેવી રીતે લોકો અનુરૂપ ધર્મવૃદ્ધિની સાથે સાથે આગળ વધે?

(ज) ધર્મવૃદ્ધિની સાથે સાથે તેમનામાંના કેટલાકને હું કેવી રીતે ઉન્નત બનાવું?[5]

(झ) આ બાબતમાં દેવાનુપ્રિય પ્રિયદર્સિ રાજા આમ કહે છે—

(ञ) મને આમ સૂઝ્યું કે[6]—

(ट) હું ધર્મશ્રવણો સંભળાવરાવીશ.[7] હું ધર્માનુષ્ઠાન પ્રવર્તાવીશ.[8]

(ठ) લોકો તે સાંભળીને તે પ્રમાણે વર્તશે, ઉન્નતિ પામશે,

ब [ સ્થંભની આસપાસ ]

અને ધર્મવૃદ્ધિની સાથે સાથે ખૂબ આગળ વધશે.[9]

(ड) આવા હેતુથી મેં ધર્મશ્રવણો સંભળાવરાવ્યાં છે,[10] વિવિધ પ્રકારનાં ધર્માનુષ્ઠાનો ફરમાવ્યાં છે.[11] એ જ પ્રમાણે[12] અનેક લોકોના ઉપર નિમાયલા મારા અમલદારો તેનો ઉપદેશ કરશે[13] અને તેને ફેલાવશે.

(ढ) લાખો પ્રાણીના ઉપર રજ્જુકો[14] નિમાયલા છે, તેમને પણ એવી આજ્ઞા કરવામાં આવી છે કે, "ધર્મયુક્ત[15] લોકોને આમ અને આ પ્રમાણે ઉપદેશ કરો."

(ण) દેવાનુપ્રિય પ્રિયદસિ રાજા આમ કહે છે—

(त) આ પ્રમાણે[૧૬] નિહાળીને મેં ધર્મસ્થંભો[૧૭] ઊભા કરાવ્યા છે, ધર્મમહામાત્રાઓ[૧૮] નીમ્યા છે અને ધર્મશાસન[૧૯] લખાવ્યાં છે.

(थ) દેવાનુપ્રિય પ્રિયદસિ રાજા આમ કહે છે—

(द) રસ્તાઓ પર પણ મેં વડનાં ઝાડ રોપાવેલાં છે.[૨૦] તે મનુષ્યોને અને પશુઓને છાંયડો[૨૧] આપશે. મેં આંબાવાડીઓ રોપાવેલી છે.

(ध) અડધા અડધા કોસને અંતરે[૨૨] મેં કૂવા ખોદાવેલા છે અને મેં આરામગૃહો[૨૩] બંધાવરાવેલાં છે.

(न) મનુષ્યોના અને પશુઓના પરિભોગને માટે મેં વિવિધ સ્થળે જળાશયો[૨૪] બંધાવરાવેલાં છે.

(प) પરંતુ આ પરિભોગ[૨૫] ખરેખર સામાન્ય કોટિનો છે.

(फ) કારણ કે આવાં અનેક સુખસાધનોથી તો મારી પહેલાં થઈ ગયેલા રાજાઓએ પણ મારી જ માફક લોકોને સુખી કર્યાં છે.[૨૬]

(ब) પરંતુ મેં આમ એટલા માટે કરેલ છે કે લોકો ધર્મોચિત માર્ગને અનુસરે.[૨૭]

(भ) દેવાનુપ્રિય પ્રિયદસિ રાજા આમ કહે છે—

(म) મારા ધર્મમહામાત્રાઓ પણ અનુગ્રહને[૨૮] લગતાં વિવિધ કાર્યોમાં પરોવાયલા છે.[૨૯] સાધુઓ અને ગૃહસ્થોમાં તથા સર્વ ધર્મોમાં પણ તે કામ કરી રહ્યા છે.[૩૦]

(य) મેં એવી વ્યવસ્થા કરી છે કે તેઓ સંઘના[૩૧] અર્થે કામ કરશે. તેવી જ રીતે મેં એવી વ્યવસ્થા કરી છે કે તેઓ બ્રાહ્મણોમાં[૩૨] અને આજીવિકોમાં[૩૩] પણ કામ કરશે, તેમજ મેં તેમને નિર્ગ્રન્થોમાં[૩૪] કામ કરતા પણ કર્યા છે તથા વિવિધ ધર્મોમાં[૩૫] પણ તેઓ કામ કરશે. વિવિધ મહામાત્રાઓ વિવિધ ( વર્ગોના લોકો )ને માટે અને વિવિધ વિશિષ્ટ કાર્યો ને માટે[૩૬] ( નિમાયા ) છે.

(र) પણ મારા ધર્મમહામાત્રાઓ કેવળ આ તેમજ બીજા બધા ધર્મો ને માટે નીમેલા છે.[૩૭]

(ल) દેવાનુપ્રિય પ્રિયદસિ રાજા આમ કહે છે—

(व) આ અને બીજા ઘણા મુખ્ય અધિકારીઓ[૩૮] મારાં અને દેવીઓનાં[૩૯] દાનની[૪૦] વહેંચણીનું કામ કરે છે, તેમજ અહીંનાં તથા પ્રાન્તોમાંનાં મારાં બધાં અંતઃપુરોમાં[૪૧] તેઓ સંતોષકારક[૪૨] પ્રયત્નોને સફળ[૪૩] બનાવે છે.

(श) વળી, મેં એવી વ્યવસ્થા કરી છે કે ઉમદા ધર્મકાર્યો[૪૪] (ના વિકાસ)ને માટે તેમજ ધર્મસિદ્ધિને[૪૫] માટે મારા પુત્રોનાં[૪૬] અને બીજા દેવીકુમારોનાં[૪૭] દાનની વહેંચણી કરવાનું કામ પણ તેઓ કરશે.

(ष) આ જ ઉમદા ધર્મકાર્ય અને ધર્માનુસરણ છે, જેથી લોકોમાં દયા, દાન, સત્ય, શૌચ, મૃદુતા અને સાધુતા વધશે.[૪૮]

(स) દેવાનુપ્રિય પ્રિયદસિ રાજા આમ કહે છે—

(ह) મેં જે કંઈ સત્કાર્યો કર્યાં છે તેમને લોકો અનુસર્યાં છે અને (ભવિષ્યમાં પણ) તેઓ તેમને અનુસરશે.[૪૯]

(ळ) તેથી કરીને માતપિતાની શુશ્રૂષા, ગુરુની શુશ્રૂષા, વયોવૃદ્ધોનું અનુસરણ તથા બ્રાહ્મણો–શ્રમણો,[૫૦] ગરીબ, દુઃખી,[૫૧] દાસ, નોકર[૫૨] ઇત્યાદિ પ્રત્યે યોગ્ય વર્તન વગેરે બાબતમાં તેઓ આગળ વધ્યા છે અને વધશે પણ ખરા.

(क्ष) દેવાનુપ્રિય પ્રિયદસિ રાજા આમ કહે છે—

(ज्ञ) વળી, લોકોએ આ ધર્મવૃદ્ધિને બે રીતે આગળ વધારી છે—ધર્મનિયમન (દ્રવ્ય)થી અને આત્મમંથન (ભાવ)થી.[૫૩]

(का) તેમાં પણ આવી બાબતોમાં ધર્મનિયમનો નજીવાં છે, અને વધારે તો ભાવનાથી જ સધાયું છે.[૫૪]

(खा) ખરેખર, ધર્મનિયમનો મેં જે કર્યાં છે તે આ છે– (પ્રાણીઓની) અમુક અમુક જાતોનો વધ કરવો નહિ.[૫૫]

(गा) બીજાં પણ ઘણાં ધર્મનિયમનો[૫૬] છે–જે મેં કરેલાં છે.

(घा) પણ ભૂતોની અવિહિંસાની અને પ્રાણો પ્રત્યેની અનારંભની[૫૭] ભાવનાના બળથી મનુષ્યોમાં ધર્મવૃદ્ધિ વધારે આગળ વધી છે.

(ङा) આ (લખાણ) એવા હેતુથી કરેલું છે કે મારા પુત્રો અને પ્રપૌત્રોને માટે તે યાવચ્ચંદ્રદિવાકરૌ નીવડે અને તેઓ તેને અનુવર્તે.[૫૮]

(चा) એવા અનુવર્તનથી આ લોક તેમજ પરલોક સિદ્ધ થાય છે.[૫૯]

(छा) મારા રાજ્યાભિષેકને સત્તાવીશ વર્ષ વીત્યાં[૬૦] ત્યારે મેં આ ધર્મલિપિ લખાવી હતી.

(जा) આના સંબંધમાં દેવાનુપ્રિય આમ કહે છે—

(ફ્ર) આ ધર્મલિપિ જ્યાં જ્યાં શિલાસ્થંભો[૧૧] કે શિલાફલકો[૧૨] હોય ત્યાં ત્યાં કોતરાવવી, કે જેથી તે ચિરસ્થાયી[૧૩] બને.

---

(૧) આ સાતમું શાસન કેવળ દિલ્હી-ટોપ્રા સ્થંભ પર જ કોતરાયલું મળી આવે છે. બીજા સ્થંભો પર આ પૂર્વના ૭ લેખો તો ભાગી-તૂટી સ્થિતિમાં પણ મળી આવે છે, પણ આ સાતમા લેખની કશી નિશાની નથી. અલ્હાબાદ-કૌશાંબી સ્થંભ પર આ સાતમા લેખને સ્થળે બીજાજ બે નાના લેખ (રાણી-દેવીનો સ્થંભલેખ ને કૌશાંબી-સ્થંભલેખ) કોતરાયલા મળી આવે છે—જે નાના સ્થંભલેખોના વિભાગમાં અપાશે.

આ શાસનમાં બીજી નોંધપાત્ર વસ્તુ એ છે કે પૂર્વના ૭ એ સ્થંભલેખો પ્રત્યેક સ્થંભની એકેક દિશામાં જ કોતરાયલ છે જ્યારે આ સાતમા લેખનો થોડોક ભાગ (અ) પૂર્વ દિશામાં અને બાકીનો મોટો ભાગ (બ) સ્થંભ ફરતો ગોળાકાર રૂપમાં કોતરાયલ છે.

(૨) અહીં પ્રિયદર્શી તેની પૂર્વના રાજાઓએ ધર્મ-વૃદ્ધિની સાથોસાથ પ્રજાવિકાસની જે ભાવના સેવેલી તેનો નિર્દેશ કરે છે. 'પૂર્વના રાજાઓ' લખતી વખતે પ્રિયદર્શીના મનમાં મૌર્યવંશી રાજાઓ જ હોય તે સ્વાભાવિક છે, (ને મૌર્યવંશની પૂર્વના નંદવંશી નૃપતિઓએ તો ધર્મવૃદ્ધિની કલ્પના પણ કરેલી નથી.) એટલે આપણે મૌર્યવંશી રાજાઓનાં જીવન પર જ દૃષ્ટિપાત નાંખવાનો રહે છે.

મૌર્યવંશના પ્રથમ બે રાજવીઓ—ચન્દ્રગુપ્ત ને બિન્દુસારે ધર્મ પરત્વે વિશેષ લક્ષ નથી આપ્યું. રાજ-કારણ અને વિજયને જ બંનેએ મહત્ત્વ આપ્યું છે. ઉત્તરાવસ્થામાં ચન્દ્રગુપ્ત જો કે ધર્મપ્રતિ આકર્ષાયો હતો અને તેણે જાતે શ્રુતકેવલી શ્રી. ભદ્રબાહુસ્વામી પાસે દીક્ષા લીધી હતી પરંતુ પ્રજામાં ધર્મવૃધ્ધિ માટે તેણે પ્રયત્ન કર્યો હોય એવી નોંધ ક્યાંય નથી મળતી. બિન્દુસાર અમિત્રઘાત કે દાનમાં આગળ વધેલો પરંતુ ધર્મવૃધ્ધિ માટેના તેના પ્રયત્નનો નિર્દેશ ક્યાંય નથી. મૌર્યવંશમાં ધર્મવૃધ્ધિને માટે સૌથી પ્રથમ પ્રયત્ન અશોકે જ કરેલો છે. બૌધ્ધ ધર્મ સ્વીકાર્યો પછી તેણે પ્રજાને તે ધર્મમાં ખેંચવાને કરેલા વિવિધ પ્રયત્નો-ની નોંધો બૌધ્ધ સાહિત્યમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. એટલે 'ભૂતકાળમાં જે રાજાઓ થઇ ગયા તેમણે આ પ્રમાણે ઇચ્છેલું: "ધર્મવૃદ્ધિની સાથે સાથે લોકો કેમ કરીને આગળ વધે"—એમ કોતરાવતી વખતે પ્રિયદસિ-સંપ્રતિની દૃષ્ટિ સમક્ષ અશોક જ તરવરી રહેલ છે.

(૩) આ અશોકની ધર્મપ્રવૃત્તિની નિષ્ફળતાનું સૂચક છે. અશોકને પરદેશામાં બૌધ્ધ ધર્મના પ્રચારમાં કેટલીક સફળતા સાંપડેલી, પરંતુ તે એટલો ધર્માંધ બની ગયેલો કે લોકોએ ભયથી તેને માન આપ્યું પરંતુ લોકો આગળ ન વધી શક્યા. બૌધ્ધ ધર્મના અતિ મોહમાં તેણે આજીવિકો વગેરે પર અત્યાચાર પણ ગુજાર્યો. પરિણામે બૌધ્ધ ધર્મની વૃધ્ધિ થઈ, પરંતુ પ્રજાવિકાસ ન થયો. 'અનુરૂપ ધર્મવૃધ્ધિની સાથે સાથે લોકો આગળ વધ્યા નહિ.'—એટલે કે 'ધર્મની વૃધ્ધિ થઇ તેને અનુરૂપ (યોગ્ય) પ્રમાણમાં પ્રજા આગળ ન વધી શકી.'

(૪) અહીં પ્રિયદસિ પોતાનું મંથન વ્યકત કરે છે. ઉપરનાં વાક્યોને ફરીથી વિચારતાં તે અશોક પ્રજાનો વિકાસ સાધવામાં નિષ્ફળ કેમ ગયો તેનો ઉકેલ શોધે છે.

(૫) આ વાક્યો પણ પ્રિયદસિ-સંપ્રતિની મંથન-દશાનાં સૂચક છે: 'લોકો ધર્મને અનુસરતા શી રીતે થાય! તેઓ ધર્મવૃધ્ધિની સાથોસાથ આગળ શી રીતે વધે! તેમને હું ઉન્નત શી રીતે બનાવું!' આ બધી પ્રશ્નાત્મક વિચારણાઓ પ્રિયદર્શી પ્રજાના દિન પરત્વે કેટલી કાળજી રાખતો હતો તેનું દર્શ[ન] કરાવે છે.

(૬) ઉપરોક્ત વિચારણાઓ પછી પ્રિયદર્શી '[…] આમ સૂઝ્યું કે…' એમ દર્શાવીને નીચે પ્રમા[…]

( ૨૨ ) અહીં મૂળમાં अडकोसिक्यानि શબ્દ છે. ડૉ. ભાંડારકર અને ફ્લીટ क्रुट નો સમાંતર શબ્દ क्रुर (क्रुट) ગણીને ત્યાં 'આઠ આઠ કોસને અંતરે' એવો અર્થ કરે છે. પણ આઠ કોસ ( ચોવીસ માઇલ ) ના અંતરે કૂવાઓ ખોદાવવા એ કોઇ નોંધપાત્ર ક્રિયા નથી. તેમજ क्रुड એ क्रुट ને બદલે અર્ધને વધારે મળતો આવે છે. એટલે અધો અર્ધા કોસ ( દોઢ માઇલ ) ને અંતરે કૂવા ખોદાવ્યા જણાય. ડૉ. રાધાકુમુદ પણ એ જ અર્થ સ્વીકારે છે.

( ૨૩ ) અહીં મૂળમાં निंसिढिया શબ્દ છે. [ બુલર ત્યાં निंसिडिया વાંચે છે. ] અને એનો અર્થ ધર્મશાળા, આરામગૃહ, ઉપાશ્રય, સ્મૃતિમંદિર ઈત્યાદિ થઇ શકે છે. આ શબ્દ જૈન પારિભાષિક હોવાનો પૂરતો સંભવ છે. જૈનોમાં निसिहि–निसिधि ઇત્યાદિ રૂપે તે શબ્દ પ્રચલિત છે. જૈન સમ્રાટ ખારવેલના શિલાલેખમાં પણ अर्हत निसिदिया समिपे– એ પ્રમાણે વાક્ય મળી આવે છે. નાગાર્જુન ગિરિ–ગુફામાં પણ वाष–निसिदिया શબ્દ મળી આવે છે.

(૨૪) મૂળમાં અહીં आपानानि છે. તેનું ગુજરાતી રૂપાંતર 'જલાશયો' જ સંભવી શકે. તેમાં કૂવા, વાવ, નહેરો, તળાવો આદિનો સમાવેશ થાય. તેમાંથી રાજમાર્ગો પર ખોદાવેલા કૂવાઓને લગતો નિર્દેશ તો ઉપર (ઘ માં) થઇ ગયો છે. એટલે આ સ્થળે પ્રિયદર્શી आपानानि શબ્દથી સુશોભિત વાવો, ભવ્ય સરોવરો આદિનો નિર્દેશ કરવા માગતો જણાય છે.

(૨૫) પ્રજાના આધિભૌતિક કલ્યાણને માટે, પ્રજાનાં સુખ, સગવડતા ને વૈભવને માટે પોતે શું શું કર્યું છે તે બધાનો ઉપર નિર્દેશ કરીને આ વાક્યમાં પ્રિયદર્શી જણાવે છે કે, 'પરંતુ આ પરિભોગ ખરેખર સામાન્ય કોટિનો છે.'

આ સ્થળે પ્રિયદર્શી પૂર્ણતઃ જૈન વિચારશ્રેણીનું દર્શન કરાવે છે. મનુષ્યો અને પશુઓના ઉપભોગ–પરિભોગ–પ્રતિભોગને માટે તેણે રાજધર્મને અનુસરીને વૃક્ષો રોપાવ્યાં છે, જળાશયો ખોદાવરાવ્યાં છે, આરામગૃહો બંધાવ્યાં છે પણ તેનાથી તે પોતાને કૃતકૃત્ય નથી માનતો. કેમકે એ તો બધાં ઉપભોગ–પ્રતિભોગ [ આ શબ્દો જૈન પારિભાષિક છે વિશેષ માટે જુઓ પૃ. ૧૬૧, ટી. નં. ૧૪ ] નાં સાધનો કહેવાય. તેનાથી પુણ્ય ન સાંપડે. તે તો સામાન્ય કોટિનું સાંસારિક કર્તવ્ય કહેવાય. ધર્મવૃદ્ધિ અને આત્મવિકાસ સાથે તેને મહત્વનો સંબંધ નથી.

આ વિચારશ્રેણીને બૌદ્ધ તેમ જ વૈદિક દર્શન સાથે કશો જ સંબંધ નથી. કેમકે તે બન્ને દર્શનોએ તો ઉક્ત કાર્યમાં ધર્મનું નિરૂપણ કરેલું જ છે. ફક્ત જૈન દર્શન જ તેમને પરિભોગનાં સાધનો તરીકે ઓળખાવે છે.

(૨૬) 'મારી પહેલાં થઈ ગયેલા રાજાઓએ'–ચંદ્રગુપ્ત, બિન્દુસાર, અશોક વગેરેએ પણ પરિભોગ–પ્રતિભોગને લગતાં સાધનોની ખીલવણી કરીને તો પ્રજાને સુખ બક્ષ્યું હતું. હું પણ એટલું જ કરીને સંતોષ માનું તો પછી મારી વિશિષ્ટતા શી?–આવી વિચારણા કરીને પ્રિયદર્શી પોતે ખીલવેલાં પરિભોગનાં સાધનો પાછળ પણ પૂર્વકાલીન રાજાઓ કરતાં પોતાનો કેવો ઉચ્ચ અને વિશિષ્ટ આશય સમાયેલો છે અને તદુપરાંત પોતે બીજાં કયા કર્તવ્યો બજાવ્યાં છે તેની વિગત સમજાવે છે.

આ સ્થળે પૂર્વકાલીન રાજાઓએ પરિભોગનાં સાધનોથી તો પ્રજાને પ્રિયદર્શીના જેટલીજ સુખી બનાવેલી એવા નિર્દેશથી એક વસ્તુ સ્પષ્ટ બને છે અને તે એ કે ચન્દ્રગુપ્ત, બિંદુસાર,અશોક ને પ્રિયદર્શી (સંપ્રતિ)–ચારે મૌર્ય રાજવીઓએ જળાશયો, રાજમાર્ગો, ધર્મશાળાઓ, વૃક્ષારોપણ વગેરેને મહત્વ આપેલું અને પરિણામે ભારતને નંદનવન સમું બનાવેલું. તે બાંધકામોમાંથી નોંધપાત્ર ગણાય એવું તો આજે ગિરનારની તળેટીમાં ચંદ્રગુપ્તે બંધાવરાવેલું સુદર્શન તળાવજ અવશેષરૂપે મળી આવે છે.

(૨૭) અહીં પ્રિયદર્શી પરિભોગનાં ઉપરોક્ત સાધનો ખીલવવાની પાછળ પોતાના અને પૂર્વકાલીન રાજાઓના આશયની વચ્ચે રહેલા તફાવતનું સૂચન કરે છે. એ સાધનો ખીલવવાની પાછળ પૂર્વકાલીન રાજાઓનો આશય લોકોની ઉપભોગવૃત્તિને જ સંતોષવાનો હતો જ્યારે પ્રિયદર્શીનો આશય એવાં સાધનો દ્વારા પ્રજાને ધર્મ માર્ગે વાળવાનો છે. આ સ્પષ્ટ રીતે જૈન દર્શનમાં સાંસારિક ક્રિયાઓ કરતી વેળા પણ

આ સ્થળે ધંમયુત શબ્દ જે અર્થમાં વ્યકત થયો છે તેના અભ્યાસ પછી 'ધર્મયુકતો'ને ધાર્મિક વિભાગના અમલદારો માનવાની જરા પણ આવશ્યકતા રહેતી હતી. પ્રજામાંના ધર્મિષ્ઠ પુરુષો એ જ 'ધર્મયુકતો' અને અમલદારોએ ધર્મના પ્રચારમાં તેમનો સહકાર શોધવો તેમજ અમલદારોએ તેમને (ધર્મયુકતોને) પણ 'આમ અને આ પ્રમાણે ઉપદેશ કરવો' એટલે કે ધર્મ-પ્રચારનું સ્વરૂપ સમજાવવું.

(૧૬) 'આ પ્રમાણે નિહાળીને' એટલે કે 'ધર્મવૃધ્ધિ અને પ્રજાની પ્રગતિને માટે મેં' (ઉપર દર્શાવ્યા અનુસાર) કરેલી વ્યવસ્થા તેમજ તેના પરિણામરૂપ ધર્મનો ફેલાવો આદિનું સૂક્ષ્મ નિરીક્ષણ કરીને.'

(૧૭-૧૮-૧૯) પ્રિયદર્શીના વ્યકિતત્વમાં આ વાકય ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. કેમકે અહીં તે ધર્મવૃધ્ધિને ચિરંજીવ બનાવવાને તેણે જે ત્રણ મુખ્ય ઉપાય લીધા તેનો નિર્દેશ કરે છે.

સૌથી પ્રથમ તો તેણે જૈન પ્રથાને અનુસરીને ધર્મના ચિરંજીવ સ્મારક સમા ધર્મસ્થંભો ઊભા કરાવ્યા છે. [ तिलोयपण्णति, मल्लिनाथ पुराण આદિ જૈન શાસ્ત્રોમાં ધર્મના સ્મારક તરીકે ધર્મસ્થંભોની જરૂરિયાત પર ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો છે. અને તે સ્થંભો કેવા હોવા જોઈએ તેનું પણ તેમાં વર્ણન કરવામાં આવ્યું છે. ખૂબીની વાત એ છે કે પ્રિયદર્શીના સ્થંભો જૈન શાસ્ત્રોમાંના એ વર્ણનને સંપૂર્ણતઃ મળતા આવે છે. The Jain Antiquary Vol. V, No. III ] એટલે આ સ્થંભલેખના અંતિમ વાકય (પૃ. ૧૭૫) માં તેમજ રૂપનાથના ખડક લેખ (પૃ. ૧૨૮)માં જે એવો નિર્દેશ થયો છે કે-'આ ધર્મલિપિ જ્યાં જ્યાં શિલાસ્થંભો... હોય ત્યાં ત્યાં કોતરાવવી' તે પરથી, કેટલાક વિદ્વાનો જે એમ ધારતા થયા છે કે ધર્મલિપિઓ સંપ્રતિની હોય તોપણ ધર્મસ્થંભો તો અશોકે જ ઊભા કરાવરાવેલા છે તેમનું મંતવ્ય નિરર્થક બની જાય છે. સંભવિત છે કે અશોકે બૌધ્ધ શાસ્ત્રોમાં જણાવ્યા અનુસાર એક સરખા ૮૪૦૦૦ સ્થંભો ઊભા કરાવ્યા હોય. પરંતુ આજે વિધમાનમાં અદ્વિતીય એવા પ્રિયદર્શીના જે થોડાક સ્થંભો મળી આવે છે તે તો સંપ્રતિએ જ ઊભા કરાવરાવેલા છે.

ધર્મના સ્મારક તરીકે પ્રિયદર્શીએ જેમ ધર્મસ્થંભો ઊભા કરાવ્યા હતા તેમ ધર્મપ્રચારનાં મૂળ ઊંડાં ઉતારવાને તેણે ધર્મમહામાત્રાઓ પણ નીમ્યા હતા. આ ધર્મમહામાત્રાઓની નિમણુંક તેણે પાંચમા મુખ્ય શિલાલેખમાં જણાવ્યું છે (પૃ.૬૯) તે અનુસાર રાજ્યાભિષેકના તેરમા વર્ષે કરી હતી. [ આ ધર્મમહામાત્રાઓની ઓળખ અને તેમના કર્તવ્યના પરિચય માટે જુઓ પાંચમુ શાસન (પૃ. ૬૯) તેમજ તેની ફૂટનોટો. ]

ધર્મશાસનને સ્થળે મૂળમાં ધંમ '1 ··· ' એ પ્રમાણે ખંડિત અક્ષરો છે. બુલર ત્યાં ધંમ સાવને સૂચવે છે. પરંતુ ધર્મશ્રવણનો નિર્દેશ તો ધર્માનુષ્ઠાનની સાથોસાથ ઉપર થઈ ગયો છે તેમજ તે ધર્મસ્થંભો ઊભા કરાવવા અને ધર્મમહામાત્રાઓ નીમવા એ બંને ઐતિહાસિક મહાકાર્યોની સાથે જેનો નિર્દેશ થઈ શકે એવું મહત્ત્વ પણ નથી ધરાવતું. એટલે ઉપરના ખંડિત અક્ષરોને સ્થળે અમે ધંમ સાવને ને બદલે ધંમ સાસને ને વિશેષ પસંદગી આપેલ છે. આ ધર્મશાસનો મુખ્ય શિલાલેખોમાં જણાવ્યું છે તે અનુસાર (પૃ. ૫૮ ને ૬૩) પ્રિયદર્શીએ પોતાના રાજ્યાભિષેકના બારમા વર્ષથી લખાવવા માંડેલ છે.

**આ રીતે પ્રિયદર્શીએ ધર્મના ચિરંજીવ સ્મારક તરીકે ધર્મસ્થંભો ઊભા કરાવ્યા છે, ધર્મવૃત્તિ અને ધર્મપ્રચારનાં મૂળ ઊંડાં ઉતારવાને ધર્મમહામાત્રાઓ નીમ્યા છે અને એ પ્રચારને તેમજ પોતાની ભાવનાઓને હંમેશને માટે અનુકરણીય અને ચિરંજીવ બનાવવાને તેણે ધર્મશાસનો કોતરાવ્યાં છે.**

(૨૦) આ વાકય, હિંદમાં પ્રાચીન સમયથી વૃક્ષારોપણને કેટલું મહત્ત્વ અપાતું આવ્યું છે તેનું સૂચક છે.

(૨૧) પ્રિયદર્શી પોતાના દરેક કાર્યક્રમમાં મનુષ્ય અને પશુ બનેનું-પ્રાણીમાત્રનું હિત વિચારે છે. આ વિચારશ્રેણી જૈન દર્શનને આભારી છે.

# પ્રિયદર્શીના પોતાના શબ્દો

सव पासंडा पि मे पूजिता विविधाय पूजाया
ए चु इयं अतना पचूपगमने से मे मोख्यमते

[ જુઓ મુખ્ય સ્થંભ-લેખ ]

બધા ધર્મોને મેં વિવિધ પ્રકારની પૂજાથી પૂજ્યા છે.
પરંતુ મારો પોતાનો મુખ્ય મત (ધર્મ) તો એ છે કે જેમાં આત્માનું પ્રતિક્રમણ (પ્રતિક્રમણ એ જૈન દર્શનની વિશિષ્ટ ધર્મક્રિયા છે) થઇ શકે છે.

* * *

ते पि च उपासका अनुपोसथं यावु एतमेव सासनं विस्वंसयितवे
अनुपोसथं च धुवाये इकिके महामाते पोसथाये याति
एतमेव सासनं विस्वंसयितवे आजानितवे च

[ સારનાથનો ગૌણ સ્થંભ-લેખ ]

ઉપાસકો (શ્રાવકો) દરેક પૌષધના દિવસે (અષ્ટમી અને ચતુર્દશીએ) પોસહ (પૌષધ એ જૈન દર્શનની વિશિષ્ટ ધર્મક્રિયા છે) કરવાને આવે ત્યારે તેમણે આ ધર્મશાસનથી પરિચિત રહેવું જોઈએ.
(એજ રીતે) પ્રત્યેક પૌષધના દિવસે દરેક મહામાત્ર (અમલદાર) નિયમિત પોસહ કરવાને આવે ત્યારે તેણે પણ એ ધર્મશાસનથી સુપરિચિત રહેવું જોઇએ અને તેને સમજવું જોઇએ.

* * *

पियदसि राया....महमत आहे भिखुनं च भिखुनिनं नातिपुतस
....तिरिव क...वि सं रि....के ये संघ ममेथति भिखु वा भिखुनि वा उदाता निदुसानि सनंधापयितु अनावा
ससि वासपेतविये इच्छा हि मे कि ति संघ समगे चिलथितिकं सियाति

[ સાંચીનો ગૌણ સ્થંભ-લેખ ]

પ્રિયદર્શી રાજા...ના મહામાત્રો (અમલદાર) ને આમ કહે છે કે—
જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરના ભિક્ષુકો અને ભિક્ષુણીઓ......
...તેમને કહેવું કે—' જે ભિક્ષુકો કે ભિક્ષુણીઓ સંઘને અભેદ્ય રાખવા ઇચ્છતાં હોય તેમણે શ્વેત વસ્ત્રો ધારણ કરવાં અને ઉપાશ્રયોમાં વસવું એવી મારી ઇચ્છા છે. કેમ ? તો કે સંઘની એકતા ચિરસ્થાયી રહે એટલા માટે.'

(૨૨) અહીં મૂળમાં अढक्रोसिक्यानि શબ્દ છે. ડૉ. ભાંડારકર અને ફ્લીટ अढ નો સમાંતર શબ્દ अष्ठ (अष्ट) ગણીને ત્યાં 'આઠ આઠ કોસને અંતરે' એવો અર્થ કરે છે. પણ આઠ કોસ (ચોવીસ માઈલ) ના અંતરે કૂવાઓ ખોદાવવા એ કોઈ નોંધપાત્ર ક્રિયા નથી. તેમજ अढ એ अष्ठ ને બદલે અર્ધને વધારે મળતો આવે છે. એટલે અધો અર્ધો કોસ (દોઢ માઈલ) ને અંતરે કૂવા ખોદાવ્યા ગણાય. ડૉ. રાધામુકુદ પણ એ જ અર્થ સ્વીકારે છે.

(૨૩) અહીં મૂળમાં निंसिढया શબ્દ છે. [ બુહ્લર ત્યાં निंसिढिया વાંચે છે. ] અને એનો અર્થ ધર્મશાળા, આરામગૃહ, ઉપાશ્રય, સ્મૃતિમંદિર ઈત્યાદિ થઈ શકે છે. આ શબ્દ જૈન પારિભાષિક હોવાનો પૂરતો સંભવ છે. જૈનોમાં निसिहि-निसिधि ઇત્યાદિ રૂપે તે શબ્દ પ્રચલિત છે. જૈન સમ્રાટ ખારવેલના શિલાલેખમાં પણ अर्हत निसिदिया समीपे-એ પ્રમાણે વાક્ય મળી આવે છે. નાગાર્જુન ગિરિ-ગુફામાં પણ वाप-निषिदिया શબ્દ મળી આવે છે.

(૨૪) મૂળમાં અહીં आपानानि છે. તેનું ગુજરાતી રૂપાંતર 'જલાશયો' જ સંભવી શકે. તેમાં કૂવા, વાવ, નહેરો, તળાવો આદિનો સમાવેશ થાય. તેમાંથી રાજમાર્ગો પર ખોદાવેલા કૂવાઓને લગતો નિર્દેશ તો ઉપર (ઘ માં) થઈ ગયો છે. એટલે આ સ્થળે પ્રિયદર્શી आपानानि શબ્દથી સુશોભિત વાવો, ભવ્ય સરોવરો આદિનો નિર્દેશ કરવા માગતો જણાય છે.

(૨૫) પ્રજાના આધિભૌતિક કલ્યાણને માટે, પ્રજાનાં સુખ, સગવડતા ને વૈભવને માટે પોતે શું શું કર્યું છે તે બધાનો ઉપર નિર્દેશ કરીને આ વાક્યમાં પ્રિયદર્શી જણાવે છે કે, 'પરંતુ આ પરિભોગ ખરેખર સામાન્ય કોટિનો છે.'

આ સ્થળે પ્રિયદર્શી પૂર્ણતઃ જૈન વિચારશ્રેણીનું દર્શન કરાવે છે. મનુષ્યો અને પશુઓના ઉપભોગ-પરિભોગ-પ્રતિભોગને માટે તેણે રાજધર્મને અનુસરીને વૃક્ષો રોપાવ્યાં છે, જળાશયો બંધાવરાવ્યાં છે, આરામગૃહો બંધાવ્યાં છે પણ તેનાથી તે પોતાને કૃતકૃત્ય નથી માનતો. કેમકે એ તો બધાં ઉપભોગ-પરિભોગ [ આ શબ્દો જૈન પારિભાષિક છે. વિશેષ માટે જુઓ પૃ. ૧૬૧, ટી. નં. ૧૪ ] નાં સાધનો કહેવાય. તેનાથી પુણ્ય ન સાંપડે. તે તો સામાન્ય કોટિનું સાંસારિક કર્તવ્ય ગણાય. ધર્મવૃદ્ધિ અને આત્મવિકાસ સાથે તેને મહત્ત્વનો સંબંધ નથી.

આ વિચારશ્રેણીને બૌદ્ધ તેમ જ વૈદિક દર્શન સાથે કશો જ સંબંધ નથી. કેમકે તે બંને દર્શનોએ તો ઉક્ત કાર્યમાં ધર્મનું નિરૂપણ કરેલું જ છે. ફક્ત જૈન દર્શન જ તેમને પરિભોગનાં સાધનો તરીકે ઓળખાવે છે.

(૨૬) 'મારી પહેલાં થઈ ગયેલા રાજાઓએ'-ચંદ્રગુપ્ત, બિન્દુસાર, અશોક વગેરેએ પણ પરિભોગ-પ્રતિભોગને લગતાં સાધનોની ખીલવણી કરીને તો પ્રજાને સુખ બક્ષ્યું હતું. હું પણ એટલું જ કરીને સંતોષ માનું તો પછી મારી વિશિષ્ટતા શી?-આવી વિચારણા કરીને પ્રિયદર્શી પોતે ખીલવેલાં પરિભોગનાં સાધનો પાછળ પણ પૂર્વકાલીન રાજાઓ કરતાં પોતાનો કેવો ઉચ્ચ અને વિશિષ્ટ આશય સમાયેલો છે અને તદુપરાંત પોતે બીજાં કયા કર્તવ્યો બજાવ્યાં છે તેની વિગત સમજાવે છે.

આ સ્થળે પૂર્વકાલીન રાજાઓએ પરિભોગનાં સાધનોથી તો પ્રજાને પ્રિયદર્શીના જેટલીજ સુખી બનાવેલી એવા નિર્દેશથી એક વસ્તુ સ્પષ્ટ બને છે અને તે એ કે ચન્દ્રગુપ્ત, બિંદુસાર, અશોક ને પ્રિયદર્શી (સંપ્રતિ)-ચારે મૌર્ય રાજવીઓએ જળાશયો, રાજમાર્ગો, ધર્મશાળાઓ, વૃક્ષારોપણ વગેરેને મહત્ત્વ આપેલું અને પરિણામે ભારતને નંદનવન સમું બનાવેલું. તે બાંધકામોમાંથી નોંધપાત્ર ગણાય એવું તો આજે ગિરનારની તળેટીમાં ચંદ્રગુપ્તે બંધાવરાવેલું સુદર્શન તળાવજ અવશેષરૂપે મળી આવે છે.

(૨૭) અહીં પ્રિયદર્શી પરિભોગનાં ઉપરોક્ત સાધનો ખીલવવાની પાછળ પોતાના અને પૂર્વકાલીન રાજાઓના આશયની વચ્ચે રહેલા તફાવતનું સૂચન કરે છે. એ સાધનો ખીલવવાની પાછળ પૂર્વકાલીન રાજાઓનો આશય લોકોની ઉપભોગવૃત્તિને જ સંતોષવાનો હતો જ્યારે પ્રિયદર્શીનો આશય એવાં સાધનો દ્વારા પ્રજાને ધર્મ માર્ગે વાળવાનો છે. આ સ્પષ્ટ રીતે જૈન દર્શનમાં સાંસારિક ક્રિયાઓ કરતી વેળા પણ

ધર્મને તો સતત નજર સામેજ રાખવાનો ઉપદેશ અપાયલો છે.

(૨૮) અહીં મૂળમાં ધ્રાનુગહિકેસુ શબ્દ છે. અને તેનો આશય ધર્માનુગ્રહ અથવા ધાર્મિક પરોપકાર જ હોઈ શકે. ડૉ. રાધાકુમુદ તેનો અર્થ ' રાજ–અનુગ્રહના વિષયમાં ' એ પ્રમાણે કરે છે.

(૨૯) ડૉ. ભાંડારકર આ વાકયનો એવો અર્થ કરે છે કે– ' સાધુતાની વિવિધ બાબતોનાં કામે મેં ધર્મ-મહામાત્રાઓને નીમેલા છે. '

(૩૦) ડૉ. ભાંડારકર આ વાકયનો એવો અર્થ કરે છે કે– 'સર્વ ધર્મોમાં–સાધુઓમાં અને ગૃહસ્થોમાં–તેઓ કામ કરી રહ્યા છે.

[ અનુવાદમાં કે ફૂટનોટોમાં જ્યાં જ્યાં ધર્મ શબ્દ વાપરેલ છે ત્યાં ત્યાં મૂળમાં તો બહુધા ' પાસંડ ' શબ્દ જ હોય છે. પરંતુ આજે પાસંડ–પાખંડનો અર્થ કુધર્મ થાય છે, જ્યારે લિપિઓ કોતરાવતી વખતે તે શબ્દ ધર્મ, સંપ્રદાય અથવા મતનું સૂચન કરવાને માટે વપરાતો હતો. પરિણામે આજે અનુવાદમાં એ શબ્દને કાયમ રાખવો તે લિપિ કોતરાવનારના આશયને અન્યાય કરનારૂં થઇ પડે. એટલે અનુવાદમાં અમે 'પાષંડ'ને સમાંતર ' ધર્મ ' શબ્દ જ વાપરવાનું યોગ્ય માનેલ છે.

પ્રિયદર્શિનના શિલાલેખોમાં વપરાયલ ' પાસંડ ' ( ધર્મ )નો અર્થ વખત જતાં જેમ કુધર્મ થયો, તેમ ' દેવાનાંપ્રિય ' (દેવોનો પ્રિય)નો અર્થ ' મૂર્ખ-શિરોમણિ ' બની ગયેલો. પણ ' દેવાનાંપ્રિય ' એ વિશેષનામ સમું વિશેષણ છે, તેમજ મધ્યયુગમાં તે ' મૂર્ખશિરોમણિ 'ના અર્થમાં વપરાયલ તે છાપ પણ વર્તમાન પ્રજાનાં મન પરથી ભૂંસાઈ ગયેલ છે એટલે તે સ્થળે અમે મૂળ શબ્દને જાળવી રાખેલ છે. ]

( ૩૧–૩૫ ) આ વાકયમાં પ્રિયદર્શિન તેના સમયમાં પ્રચલિત જુદા જુદા મુખ્ય ધર્મોને માટે સંઘ,[31] બ્રાહ્મણ,[32] આજીવિક[33] અને નિર્ગન્થ[34] શબ્દ વાપરે છે અને પછી બાકી રહેતા ધર્મોને માટે વિવિધ ધર્મો[35] એમ જણાવે છે. આ નિર્દેશ પ્રિયદર્શીના ધર્મનો અને પરિણામે તેના વ્યક્તિત્વનો નિર્ણય કરવામાં ખૂબ જ મહત્ત્વનો થઇ પડે તેમ છે એટલે તે વિશેષ વિવેચન માગી લે છે. તેમાંથી 'સંઘ' શબ્દનો અર્થ અસ્પષ્ટ છે અને તે બીજાઓના આધારે જ સ્પષ્ટ બની શકે તેમ છે એટલે પ્રથમ બીજાઓનો નિર્ણય કરી લઇએ.

( ૩૨ ) બ્રાહ્મણ એટલે વૈદિક ધર્માનુયાયી. આ ધર્મ પ્રાચીન કાળથી હિંદમાં બહુધા બહુમતિ ધરાવતો આવ્યો છે એટલે પ્રિયદર્શીએ ( પોતાના ધર્મના ) સંઘ પછી તરતજ તેનો નિર્દેશ કર્યો છે.

(૩૩) આ ધર્મની સ્થાપના ઈ. સ. પૂર્વે ૫૫૦ ના અરસામાં ગોશાલાએ કરેલી. ગોશાલો પ્રથમ તો ભગવાન મહાવીરનો શિષ્ય હતો પરંતુ જ્ઞાન પામ્યા પછી તે મહાવીરસ્વામીનો વિરોધી ને પ્રતિસ્પર્ધી બન્યો. તેણે શ્રી મહાવીર પાસેથી મળેલા જ્ઞાનને વિકૃત અર્થમાં વિકસાવ્યું. ભગવાન મહાવીર કાર્યના કારણ તરીકે પુરુષાર્થ, કર્મ, સ્વભાવ, નિયતિ ને કાળ–એમ પાંચ તત્ત્વોને માનતા હતા. તેમાંથી ગોશાળે એક નિયતિ ( કુદરતે નિર્મેલ )ને જ પસંદગી આપી બાકીનાં ચારનો અનાદર કર્યો. અને એ નિયતિવાદ પર આજીવિક સંપ્રદાયની સ્થાપના કરી. તેમાં તેને કેટલાક શ્રીમંતોનો ટેકો મળી જવાથી તેનો સંપ્રદાય વિકસવા માંડેલો.

(૩૪) નિર્ગન્થ એટલે જેઓ વસ્ત્ર નથી ધારણ કરતા તે–દિગંબર જૈન સંપ્રદાય. પ્રાચીન કાળમાં જૈન ધર્મના બે મુખ્ય ફાંટા પડી ગયેલા. ( ૧ ) શ્વેતાંબર ( ૨ ) દિગંબર. તેમાંથી શ્વેતાંબર સમાજ વસ્ત્ર ધારણ કરવાનો હિમાયતી હતો તેમજ તે જૈન ધર્મની પરંપરાને વફાદાર હતો. એટલે તે શ્રીસંઘના નામે ઓળખાતો. જ્યારે દિગંબર સમાજ વસ્ત્રવિરોધી હોઇને તે નિર્ગન્થના નામે ઓળખાતો. પ્રિયદર્શીના સમયમાં તે ધર્મના અનુયાયીઓની સંખ્યા વિપુલ પ્રમાણમાં હતી.

(૩૫) બ્રાહ્મણ (વૈદિક ધર્મ), આજીવિક (ગોશાળા-એ સ્થાપેલો સંપ્રદાય ) તેમજ નિર્ગન્થ ( દિગંબર જૈન

સંપ્રદાય ) એ ત્રણેની વિચારણા થઇ જવાથી હવે આપણને 'સંઘ'નો અર્થ સ્પષ્ટ કરવામાં સરળતા રહેશે.

પ્રાચીનકાળમાં અને તેમાં પણ મૌર્ય યુગમાં તો નિશ્ચિતપણે હિંદમાં ચાર ધર્મો મહત્ત્વનું સ્થાન ધરાવતા હતા. (૧) જૈન (૨) બૌદ્ધ, (૩) વૈદિક ને (૪) આજીવિક. તેમાંથી જૈન ધર્મના બે મુખ્ય વિભાગો પડી જવાથી નોંધપાત્ર સંખ્યા પાંચની બની. તેમાંનો પ્રથમ શ્વેતાંબર વિભાગ શ્રી સંઘના નામે ઓળખાતો, જ્યારે બીજો દિગંબર વિભાગ નિર્ગ્રન્થના નામે ઓળખાતો.

આમાંથી આપણે ઉપર જોયું તે અનુસાર પ્રિયદર્શિને વૈદિક, આજીવિક ને નિર્ગ્રન્થ એ ત્રણેનો તો સ્પષ્ટ નિર્દેશ કરી દીધો છે. હવે બાકીમાં શ્રી શ્વેતાંબર જૈન સંઘ અને બૌદ્ધધર્મ એ બે મહત્ત્વનાં નામ રહી જાય છે. તેમાંથી પ્રિયદર્શિન જો બૌદ્ધ ધર્માનુયાયી અશોક ઠરે તો સંઘનો અર્થ 'બૌદ્ધધર્મ' ગણાય અને પ્રિયદર્શિન એ જો જૈન ધર્માનુયાયી સંપ્રતિ ઠરે તો સંઘનો અર્થ 'શ્રી શ્વેતાંબર જૈન સંઘ' થાય. પ્રથમ અર્થ લેતાં શ્રી શ્વે૦ જૈન સંઘનો સમાવેશ વિવિધ ધર્મોમાં થાય અને બીજો અર્થ લેતાં બૌદ્ધ ધર્મનો સમાવેશ વિવિધ ધર્મોમાં થાય. હવે અહીં કયો અર્થ વધારે સંગત છે તે વિચારી જઇએ.

પ્રિયદર્શિને આ સ્થળે આજીવિકોને મહત્ત્વ આપેલું છે. જ્યારે અશોક તો આજીવિકોનો કાળ હતો, બૌદ્ધ ધર્મગ્રન્થોમાં જણાવ્યા અનુસાર પુંડ્રવર્ધન નગરના આજીવિકોએ બુધ્ધમૂર્તિનું સહેજ અપમાન કરવાથી અશોકે ત્યાં ૧૮૦૦૦ આજીવિકોની કતલ કરાવી હતી તેમજ પાટલીપુત્રના આજીવિકોને પણ તેણે મરાવી નાંખ્યા હતા, અને એવો હુકમ કાઢ્યો હતો કે આજીવિકનું માથું લાવનારને માથાદીઠ એકેક સોનામ્હોર ઇનામ મળશે. [ હિન્દી વિશ્વકોશ ગ્રન્થ ૨. પૃ. ૩૪૪ ] તે ઉપરાંત ઐતિહાસિક કાલગણનાથી પુરવાર થયું છે કે તેરમા મુખ્ય શિલાલેખમાં નિર્દેશાયલ પાંચે યોન રાજવીઓનો સમકાલિક સંપ્રતિ હતો. (પૃ. ૪૩) તેમજ આ ધર્મલિપિઓમાં પણ જૈનદર્શનને જ પ્રાધાન્ય અપાયલ છે. એટલે સંઘનો અર્થ શ્રી શ્વેતાંબર જૈન સંઘજ સંભવે છે.

(૩૫) વિવિધ ધર્મો એટલે બૌદ્ધ, સાંખ્ય આદિ ધર્મો.

(૩૬) ભિન્ન ભિન્ન વર્ગો અને ભિન્ન ભિન્ન કાર્યોને માટે ભિન્ન ભિન્ન પ્રકારના મહામાત્રાઓ નીમાયા છે, એ જોતાં જણાય છે કે પ્રિયદર્શીએ અનેક પ્રકારના મહામાત્રાઓ નીમેલ હોવા જોઇએ. આ નિર્દેશના આધારે મહામાત્રાનો અર્થ મંત્રી અથવા મુખ્ય અધિકારી ગણાય.

(૩૭) વિવિધ મહામાત્રાઓ વિવિધ કાર્યો સંભાળે પણ ધર્મ મહામાત્રાઓએ તો ધર્મને લગતાં જ કાર્ય કરવાનાં છે. આ વાક્ય પર ભાર મૂકીને પ્રિયદર્શી બીજા મહામાત્રાઓ કરતાં ધર્મમહામાત્રાઓની વિશિષ્ટતા દર્શાવે છે. ડૉ૦ ભાંડારકર આ વાક્યનો અર્થ એવો કરે છે કે–' પણ મેં માત્ર આ અને બીજા બધા પાખંડો –ધર્મોને માટે ધર્મમહામાત્રો નીમેલા છે.'

(૩૮) ' આ અને બીજા ઘણા મુખ્ય અધિકારીઓ 'માં 'આ'નો અર્થ ધર્મમહામાત્રાઓજ હોવાનો સંભવ છે. દાનનું કાર્ય એટલું વિપુલ રહેતું હશે કે તેની વહેંચણીમાં ધર્મમહામાત્રાઓ ઉપરાંત બીજા અધિકારીઓ પણ ફરજ બજાવતા હશે.

(૩૯) આ સ્થળે 'દેવીઓ'નો અર્થ 'રાણીઓ' જણાય છે. જ્યારે નીચેનાજ વાક્ય(ચ)માં તે જ્યાં ' મારા પુત્રોનાં અને બીજા દેવીકુમારોનાં' એવો વાક્યપ્રયોગ કરે છે ત્યાં દેવીકુમારો એ તેના પુત્રો કરતાં જુદાજ વર્ગના રાજકુમારો જણાય છે. એટલે દેવી શબ્દ જેમ તેની રાણીનો સૂચક મનાય એ જ રીતે તે રાજવંશિની બધી નારીઓને માટે પણ વપરાતો હોવાનો સંભવ છે. દેવીઓ કેવી રીતે અને કેવાં દાન આપતી હતી તેના દૃષ્ટાંત તરીકે જુઓ 'દેવી–શાસન' (પૃ. ૧૮૫).

(૪૦) જૈન દર્શનમાં દાનને શ્રાવકના મુખ્ય ધર્મ તરીકે લેખવામાં આવેલ છે. (પૃ. ૬૬ ટી. નં. ૭). પ્રિયદર્શીના સમયમાં દાનની વહેંચણી કેવા સ્વરૂપમાં થતી તેના કંઇક ખ્યાલને માટે જુઓ 'દેવી-શાસન' (પૃ. ૧૮૫).

(૪૧) અહીંનાં એટલે પાટનગર પાટલીપુત્રમાં આવેલાં, અને પ્રાંતોમાંનાં એટલે પ્રાંતોનાં પાટનગરોમાં

…ીઓ. અંતઃપુર એટલે રાજકુટુંબની સ્ત્રીઓનું …ાસસ્થાન. અહીં પ્રિયદર્શીના કહેવાનો આશય એ …કે પ્રચલિત પ્રથાનુસાર અંતઃપુરમાં સ્વયં નૃપતિ …વાય અન્ય પુરુષનો પ્રવેશ પણ નથી હોતો, જ્યારે …ં ધર્મવૃદ્ધિ તેમજ દાનની વ્હેંચણીને લગતાં પુનિત …ાર્યોને માટે ધર્મમહામાત્ર આદિ અધિકારીઓને …અંતઃપુર લગીનું કાર્યક્ષેત્ર સોંપ્યું છે.

(૪૨) મૂળમાં અહીં તુષાયતનાનિ શબ્દ છે. બુલર એનો અર્થ 'સંતોષનાં સાધનો' કરે છે. પણ આયતન શબ્દ આયત્ ( યત્ન કરવો ) ધાતુ પરથી વ્યુત્પન્ન થયેલો હોઇને આયતનનો અર્થ 'પ્રયત્ન' વધારે યોગ્ય છે.

(૪૩) મૂળમાં અહીં પટી.........વંચાય છે. તે પટીપાદયન્તિ હોવાનો સંભવ છે. તેનો અર્થ પ્રતિપાદિત કરે છે અથવા સિદ્ધ કરે છે એવો થાય.

(૪૪) મૂળમાં અહીં ધંમપદાનઠાય ધંમાનુપટિપતિયે છે. ડૉ૦ ભાંડારકર તેનો અર્થ 'ધર્મનો વિકાસ કરવાને અને ધર્મને અનુસરાવવાને માટે' એ પ્રમાણે કરે છે.

(૪૫) ધર્મવૃદ્ધિ, ધર્મસિદ્ધિ આદિ જૈન પારિભાષિક શબ્દો છે. વિશેષ માટે જુઓ પૃ. ૯૨ ટી. નં. ૧.૨.૩.૪.

(૪૬) આ ધર્મલિપિ પ્રિયદર્શીએ રાજ્યાભિષેકના સત્તાવીશમા વર્ષે કોતરાવેલ છે. તે વખતે અશોકને નોંધપાત્ર પુત્રોજ નહોતા. મહેન્દ્ર બૌધ્ધ ભિક્ષુક બની ચૂક્યો હતો અને કુણાલ અંધ બની ગયો હતો. બૌધ્ધ સાહિત્યમાં અશોકને બીજા પુત્રો હોવાનો ક્યાંય નિર્દેશ થયો નથી. તે ઉપરાંત સત્તાવીશમા વર્ષે તો અશોકને પુત્રો કરતાં પણ પૌત્ર સંપ્રતિનું વિશેષ મહત્ત્વ હતું. તે જ તેનો યુવરાજ અને સર્વસ્વ હતો. છતાં તેનો આ સ્થળે નિર્દેશ ન થાય એ શું સંભવિત છે !

પણ પ્રિયદર્શીને જો સંપ્રતિ તરીકે સ્વીકારી લઇએ તો આનો ખુલાસો મળી રહે છે. સંપ્રતિને દિવ્યાવદાનના જણાવ્યા પ્રમાણે બૃહસ્પતિ નામે અને પુરાણોના જણાવ્યા પ્રમાણે દશરથ તેમજ શાલિશૂક વગેરે પુત્રો હતા. આ પુત્રોને સંપ્રતિએ મહત્ત્વના અધિકાર પણ સોંપ્યાં હતા.

(૪૭) અહીં દેવીકુમારોને પ્રિયદર્શી પોતાના પુત્રો સિવાયના અન્ય રાજકુમારો તરીકે ઓળખાવે છે. એટલે 'દેવી-શાસન' ( આગળ જુઓ ) માં બીજી દેવીના પુત્ર તરીકે તીવરનો નિર્દેશ થયો છે તે પરથી વિદ્વાનો તીવરને પ્રિયદર્શીનો પુત્ર માની લે છે તે પ્રમાણથી અવળુંજ વિધાન ગણાય.

(૪૮) ડૉ૦ ભાંડારકર અહીં-'દયા, દાન, સત્ય, શુદ્ધતા, મૃદુતા અને સાધુતા જેવાં છે તેવો આ ધર્મનો વિકાસ અને તેવું આ ધર્મને અનુસરવું લોકોમાં વધશે.' —એ પ્રમાણે અર્થ કરે છે.

(૪૯) પ્રિયદર્શીએ અહિંસા, સત્ય, શીલ, દાન, પૂજા આદિ જે સત્કાર્યો કર્યાં છે તેને પ્રજા અનુસરી છે એટલું જ નહિ પણ તે અનુકરણ સતત રહે તે માટે પ્રિયદર્શીએ ધર્મસ્થંભો ઊભા કરાવ્યા છે, ધર્મમહામાત્રાઓ નીમ્યા છે, ધર્મશાસનો લખાવ્યાં છે અને પરિણામે ભાવિ પ્રજા તેને અનુસરશે એવી તે વ્યાજબી આશા રાખે છે.

(૫૦) બ્રાહ્મણો-શ્રમણો એટલે બ્રાંભણો અને શ્રમણો. વિશેષ ખુલાસા માટે જુઓ પૃ. ૫૯. ટી. નં. ૬-૭.

(૫૧) મૂળમાં અહીં कपनवलाकेसु શબ્દ છે. કેટલાક વિદ્વાનો તેનો અર્થ 'હલકાં લોક' કરે છે. પણ 'હલકાં' શબ્દમાં પ્રિયદર્શીનો આશય નથી સચવાતો. કેમકે પ્રિયદર્શી અહીં ગુણ દૃષ્ટિએ હલકાં નહિ પણ સાધન અને સંયોગની ગણતરીએ હલકાં એટલે કે દુઃખી માણસોનો નિર્દેશ કરવા માગે છે.

(૫૨) મૂળમાં અહીં दासभटकेसु શબ્દ છે. તેનો અર્થ દાસ અને ભૃતક=ભૃત્ય એટલે કે નોકર એવો જ હોઇ શકે. દાસ એટલે આ જીવન નોકર-ગુલામ અને ભૃત્ય એટલે પગારદાર નોકર.

(૫૩) મૂળમાં અહીં ધંમનિયમેન-निज्झतिया શબ્દ છે. ડૉ૦ ભાંડારકર તેનો અર્થ 'ધર્મબંધનથી અને (સંપૂર્ણ) બધીથી'—એ પ્રમાણે કરે છે પરંતુ મૂળ શબ્દોમાં બને માર્ગ વચ્ચે વિશિષ્ટ ભેદ બતાવવાની પ્રિયદર્શીની ઇચ્છા સાથે, એ અર્થ બંધબેસતો નથી. વળી निज्झति ને મળતું સંસ્કૃત રૂપ निध्याप्ति છે અને તેનો અર્થ આત્મજાગ્રતિ ( આત્મમંથન-શક્તિ ) છે.

એટલે પ્રિયદર્શિન અહીં એમ કહેવા માગે છે કે–' ધર્મ વૃદ્ધિ બે માર્ગે આગળ વધી છે–એક બાહ્ય ધાર્મિક નિયમનોથી અને બીજું આંતરિક ભાવનાબળથી.' જૈન શાસ્ત્રોમાં ધર્મવૃધ્ધિના બે માર્ગ તરીકે દ્રવ્ય અને ભાવ બતાવવામાં આવ્યા છે તેની સાથે એ સમરૂપ બને છે.

(૫૪) આ સ્થળે પ્રિયદર્શી બાહ્ય નિયમોની નિષ્ફળતા કબૂલે છે. નિયમનો કરતાં ભાવના વધારે કાર્યશીલ નીવડે છે એવો જૈન શાસ્ત્રોનો મત છે અને પ્રિયદર્શી અનુભવથી પણ એજ મતનું પુનરુચ્ચારણ કરે છે. માનવ જીવન અને તત્ત્વવિકાસના સૂક્ષ્મ અભ્યાસ પછી આજના યુરોપીય તત્ત્વજ્ઞાનીઓ પણ એ જ મત ઉચારે છે: The Emotion of the ideal is the supreme principle of Efficiency in the collective struggle of the world– Ridd.

(૫૫) જુઓ શાસન પાંચમું–પૃ. ૧૬૦.

(૫૬) ભિન્ન ભિન્ન શાસનોમાં કરાયલી ભિન્ન ભિન્ન ધાર્મિક આજ્ઞાઓને અનુલક્ષીને આ નિર્દેશ કરાયો છે.

(૫૭) અહીં પ્રિયદર્શિન સ્પષ્ટ રીતે જૈન પરિભાષા વાપરે છે. કેમકે જીવ–ભૂત–પ્રાણ ઇત્યાદિની વિશિષ્ટ વ્યાખ્યાઓ જૈન શાસ્ત્રોમાં જ મળી આવે છે. તેમજ પ્રાણીની સાથે આરંભ શબ્દનો ઉપયોગ પણ જૈન શાસ્ત્રોમાં જ જોવાય છે–

पाणा-भूया-जीवा-सत्ता ।　　आचारांग-सूत्र

सव्वं पाणारंभं पच्चक्खामि अलीयवयणं च-

मूलाचार

(૫૮) ડૉ. ભાંડારકર અહીં એવો અર્થ કરે છે કે–'મારા પુત્રો અને પૌત્રો ચન્દ્ર અને સૂર્ય ચાલુ રહે ત્યાં સુધી ટકી રહે અને એ રીતે (મારા પગલે) અનુવર્તે.' ડૉ૦ રાધાકુમુદ ત્યાં એમ અર્થ કરે છે કે–'તે મારા પુત્રો અને પૌત્રો તેમજ સૂર્ય અને ચન્દ્રની જેમ લાંબા કાળ પર્યન્ત ટકી રહે અને (લોકો) તેને અનુસરે.'


(૫૯) સર્વ સ્થળે, સર્વ નિર્દેશોમાં આલોક અને પરલોકને સરખું મહત્ત્વ આપીને પ્રિયદર્શી પોતાની જૈન દાર્શનિક વિચારશ્રેણીને વ્યક્ત કરે છે.

(૬૦) પ્રિયદર્શીએ મુખ્ય શિલાલેખો રાજ્યાભિષેકના બારમા વર્ષે કોતરાવવા શરૂ કર્યા છે (જુઓ પૃ.૫૯, ૬૩, ૧૬૬); ધર્મમહામાત્રાઓ તેરમા વર્ષે નીમ્યા છે, (જુઓ પૃ. ૬૯); બરાબર–ગિરિના ગુફાલેખ બારમા અને ઓગણીસમા વર્ષે કોતરાવ્યા હતા (જુઓ આગળ); નિગ્લીવનો સ્થંભલેખ ચૌદમા વર્ષે (જુઓ આગળ)ને રુમ્મિન્દેઈનો સ્થંભલેખ વીશમા વર્ષે (જુઓ આગળ) કોતરાવ્યો હતો; મુખ્ય સ્થંભ–લેખો રાજ્યાભિષેકના છવ્વીશમા વર્ષે કોતરાવવા શરૂ કર્યા છે (જુઓ પૃ. ૧૪૩–૧૫૨) અને આ સ્થળે તે જણાવે છે તે અનુસાર આ સાતમો સ્થંભલેખ તેણે રાજ્યાભિષેકના સત્તાવીશમા વર્ષે કોતરાવેલ છે. આ પ્રમાણે અત્યારલગીમાં પ્રિયદર્શિનની મળી આવેલી કૃતિઓમાં આ લેખ તેના રાજ્યકાળની મોડામાં મોડી કૃતિ છે. આ શાસનમાં પ્રિયદર્શીએ પોતાની બધી જ ધાર્મિક પ્રવૃત્તિઓ અને તેનાં પરિણામની તારવણી કરી બતાવી છે તે જોતાં પ્રિયદર્શીએ જાતે પણ આ શાસનને પોતાની અંતિમ ધર્મલિપિ ગણેલ હોવાનો સંભવ છે.

(૬૧–૬૨) શિલાસ્થંભ એટલે પત્થરના સ્થંભો; શિલાફલક એટલે સપાટ શિલાઓ.

'રૂપનાથ' વગેરે ગૌણ શિલાલેખો (પૃ. ૧૨૮)માં પ્રિયદર્શીએ જણાવ્યું છે કે–' આ બાબત (ધર્મલિપિ) પર્વતોના ઉપર કોતરાવવી (તેમજ) અહીં અને દૂર જ્યાં કોઇ શિલાસ્થંભ હોય ત્યાં એ શિલાસ્થંભના ઉપર તે કોતરાવવી.'–તે પરથી વિદ્વાનોએ એમ માની લીધું કે પ્રિયદર્શીએ સૌથી પ્રથમ ગૌણ શાસનો કોતરાવેલ હોવાં જોઇએ, કેમકે તેમાં તે તે શાસનોને શિલાઓ અને સ્થંભો પર કોતરાવવાની આજ્ઞા તો તે ફરમાવે છે. પણ આ સ્થળે એ આજ્ઞા તો તે સત્તાવીશમા વર્ષે કોતરાયલ શાસનમાં પણ ફરમાવે છે. એટલે એ આજ્ઞાના કારણે ઉક્ત શાસનોને શરૂઆતનાં માની લેવાં એ વ્યાજબી નથી.

(૬૩) પ્રિયદર્શી ધર્મલિપિઓ લાંબા સમય સુધી ટકે એ અર્થ સૂચવવાને કેટલેક સ્થળે અહીંની માફક જ ચિરસ્થાયી શબ્દ વાપરે છે (પૃ. ૬૯, પૃ. ૭૪); કેટલેક સ્થળે તે સંવર્તકલ્પ લગી (પૃ. ૬૬) એવો પ્રયોગ કરે છે તો વળી કોઇ સ્થળે યાવચ્ચંદ્ર દિવાકરો (પૃ. ૧૭૪)એ શબ્દનો ઉપયોગ કરે છે.



# ચતુર્થ પરિચ્છેદ

## ગૌણ સ્થંભલેખો અને ગુફા-લેખો

**સાર—**

ગૌણ સ્થંભલેખો છ છે અને તે દેવી-શાસન, કૌશાંબી-શાસન, સારનાથ, સાંચી, રૂમ્મિનદેઈ અને નિગ્લીવ એ નામે જાણીતા બનેલા છે. તેમાંથી પ્રથમના બે લેખો અલ્હાબાદ-કૌશાંબી સ્થંભ પર કોતરાયલા છે જ્યારે બાકીના ચાર તે તે સ્થળોચિત નામથી ઓળખાતા સ્થંભો પર કોતરાયલા છે.

તેમાંથી દેવી-શાસનમાં કેટલાંક દાનોને દેવી ચારુવાકીના નામે ચડાવાયાં છે. કૌશામ્બી, સારનાથ ને સાંચીમાં સંઘના નિયમોનો ભંગ કરનાર ભિક્ષુ-ભિક્ષુણીને સંઘ બહાર મૂકવાની યોજના આલેખાણી છે. રુમ્મિનદેઈમાં લુમ્બિની ગામમાં પ્રિયદર્શીએ બનાવરાવેલા સ્થંભની ને મહેસૂલ-ઘટાડાની તથા નિગ્લીવમાં કોનાક-મુનિના સ્તૂપને વિસ્તાર્યાની હકીકત છે.

ગુફાલેખો ત્રણ છે અને તે બરાબર-ગિરિમાં આવેલા છે. તે ત્રણેમાં આજીવિકોને નિવાસ માટે ગુફાઓ આપ્યાના દાનનો નિર્દેશ છે.

# देवी-शासन

[ અલ્હાબાદ-કૌશાંબી સ્થંભ[1] પર ]

१ (क) देवानंपियपा वचनेना सवत महमता[2]
२ वतविया (ख) ए हेता[3] दुतियाये देवीये दाने
३ अंवावडिका वा आलमे व दानगहे व[4] ए वा पि अंने
४ कीछि गनीयति ताये देविये षे नानि (ग) हेवं....न[5]....
५ दुतीयाये देविये ति तीवलमातु कालुवाकिये

---

(૧) આ સ્થંભ આજે અલ્હાબાદના કિલ્લામાં છે. તેનાં પર પ્રિયદર્શિનના મુખ્ય ૭ સ્થંભલેખો, આ દેવી-શાસન ને હવે પછીનું કૌશામ્બી-શાસન કોતરાયલ છે. પ્રિયદર્શિનના ઉપરોક્ત લેખો ઉપરાંત આ સ્થંભ પર સમ્રાટ સમુદ્રગુપ્ત, બિરબલ વગેરેના લેખો પણ કોતરાયલા મળી આવે છે.

કેટલાક વિદ્વાનોના ધારવા પ્રમાણે આ સ્થંભ પ્રિયદર્શીએ તો કૌશામ્બીમાં ઊભો કરાવેલો પણ ફીરોઝશાહ જેમ ટોપ્રા અને મિરતના સ્થંભો દિલ્હી ખેંચી ગયો ( જુઓ પૃ. ૧૬ ) તેમ અકબર કૌશાંબીના આ સ્થંભને અલ્હાબાદ ખેંચી ગયો ( કેટલાક વિદ્વાનો અકબરને બદલે સમુદ્રગુપ્ત, ફીરોઝશાહ કે જહાંગીર આ સ્થંભને કૌશાંબીથી અલ્હાબાદ ખેંચી ગયા હોય એવી પણ કલ્પના કરે છે ). ને એજ કારણે તે સ્થંભને તેમણે અલ્હાબાદ-કૌશાંબીના નામે ઓળખાવ્યો. પણ ર૯ સા. રી. એસ. કૃષ્ણાસ્વામી ને અમલાનંદ ઘોષ તે વિધાન પર એક વિસ્તૃત ચર્ચાત્મક લેખ લખી(The Journal of the Royal Asiatic Society, Oct. 1935 ) એવો મત દર્શાવે છે પ્રિયદર્શિને જાતે જ આ લેખ અલ્હાબાદમાં ઊભો કરાવરાવેલ હોવો જોઇએ. ને એમ દર્શાવીને તેઓ આ સ્થંભને કેવળ ' અલ્હાબાદ-સ્થંભ ' નામે ઓળખાવે છે.

(૨) સેનાર્ટ અને બુલર મહામતા વાંચે છે.

(૩) સેનાર્ટ અને બુલર हेत વાંચે છે.

(૪) બુલર वा વાંચે છે.

(૫) ક્રિનતિ હોવાનો સંભવ છે.

# દેવી-શાસન[1]

## [ અલ્હાબાદ-કૌશાંબી સ્થંભ પર ]

[ અલ્હાબાદ-કૌશાંબી સ્થંભ પર ]

(ક) દેવાનુપ્રિયના વચનથી સર્વ સ્થળોના મહામાત્રાઓને કહેવું કે-

(ખ) અહીં બીજી દેવીનાં ગમે તે દાન હોય – આંબાવાડી, ફળબાગ, દાનગૃહ અથવા એ દેવીનું ગણી શકાય તેવું જે કંઈ હોય તે – તે સર્વ તે દેવીનાં સમજવાં.

(ગ) તીવરની[2] માતા, બીજી દેવી કારુવાકીની[3] આ વિનંતિ[4] છે.

---

(૧) દિલ્હી-ટોપ્રા સ્થંભ પર સાતમા શાસનમાં પ્રિયદર્શિન એક મહત્ત્વનું સૂચન કરે છે કે, તેનાં પોતાનાં દાનોની માફક દેવીઓનાં અને દેવી-કુમારોનાં દાનોની વહેંચણીનું કામ પણ તેણે ધર્મમહામાત્રાઓને સોંપેલું છે. બીજા સ્થંભો પર એ લેખ નથી મળતો એટલું જ નહિ, આ ( અલ્હાબાદ-કૌશાંબી ) સ્થંભ પર એના સ્થળે બીજો એક એવો લેખ (દેવી-શાસન) મળી આવે છે કે જેમાં રાણી દાનનું વ્યક્તિગત સ્વરૂપ દાખવે છે. આ ખાસ સૂચક છે.

(૨) અહીં તીવરનો નિર્દેશ બીજી દેવી કારુવાકીના પુત્ર તરીકે થયેલો હોઈ વિદ્વાનોએ કારુવાકીને પ્રિયદર્શીની રાણી માની લીધી છે અને તીવરને પ્રિયદર્શીના પુત્ર તરીકે ગણી લીધેલ છે. પરંતુ સાતમા મુખ્ય સ્થંભ-લેખમાં ધનની વહેંચણીના પ્રસંગનો નિર્દેશ કરતાં દેવીકુમારોને તે પોતાના પુત્રો સિવાયના અન્ય રાજકુમારો તરીકે ઓળખાવે છે. [ दालकान पि च मे कटे अंनानं च देविकुमालानं–મારા પુત્રોનાં અને બીજા દેવીકુમારોનાં –પૃ. ૧૭૦ ને ૧૭૪ ]: એટલે બીજી દેવી કારુવાકીનો પુત્ર તીવર એ ઉપર જણાવ્યા પ્રમાણે દેવીકુમાર એટલે કે સમ્રાટપુત્ર કરતાં અન્ય રાજકુમાર હોય તે વધારે સંભવિત જણાય છે.

(૩) કારુવાકીનું સંસ્કૃત ઉચ્ચ ... ની અને. વિદ્વાનોએ તેને પ્રિયદર્શીની રાણી ગણી ... છે પરંતુ સાતમા સ્થંભલેખમાં 'દેવીકુમાર'ને સંબંધ રાજવંશી કુમારો તરીકે ઓળખાવેલ હોઈ દેવીનો અર્થ પ્રિયદર્શીની રાણી કરવો એ જરા વધારે પડતું સાહસ ગણાય. સંભવિત છે કે તે અન્ય રાજરાણી હોય.

(૪) અહીં મૂળમાં हेवं...न...दुतियाये देविये ति तीवलमातु कालुवाकिये એ પ્રમાણે શબ્દો મળી આવે છે. ડૉ૦ ભાંડારકર हेवं...न... અક્ષરોને બાજુએ મૂકી દઈને બીજા શબ્દોને ઉપરના વાક્યમાં મેળવી દઈ સંયુક્ત વાક્યનો એવો અર્થ કરે છે કે–' તે સર્વ તીવરની માતા, બીજી દેવી કારુવાકીના સમજવા.'

न ની બંને બાજુ પર એકેક અક્ષર તૂટેલો છે. તે જોતાં તે શબ્દ विनति હોવાનો પૂરતો સંભવ છે. જેથી ઉપર સ્વીકારેલો અર્થ ઘટી શકે છે. હુલ્ઝ પણ ત્યાં विनति જ ધારે છે, અને ડૉ. રાધાકુમુદ પણ એનો સ્વીકાર કરે છે.

विनति થી પ્રિયદર્શિન એમ સૂચવવા માગતો હોય કે, 'બધાંનાં દાનોની વહેંચણીનું કામ મેં મહામાત્રાઓને સોંપી દીધું છે, પણ તીવરની માતા, બીજી દેવી કારુવાકી પોતાનાં દાનોનો નિર્દેશ કરવાની વિનંતિ કરે છે, એટલે અહીંનાં બધાં દાનો તેનાં છે એમ સમજવું.' અથવા દેવી પોતે એમ કહેતી હોય છે, 'દાનોની વહેંચણી મહામાત્રાઓ મારફત થતી ... થતી નથી. ... અહીંયાં જે ... મારાં દાન છે ... મારાં પોતાનાં સમજવા એમ હું વિનંતિ કરું છું.'

# कौशाम्बी–शासन

[ અલ્હાબાદ–કૌશાંબી સ્થંભપર ]

१ (क) देवानंपिये आनपयति (ख) कोसंबियं[1] महामात[2]
२ · · (ग) · · · · समगे कटे (घ) संघसि नो[3] लहियेे[4]
३ ........(ङ) संघं भाखति[5] भिखु वा[6] भिखुनि वा से पि[7] चा
४ ओदातानि दुसानि सनंधापयितु अनावाससि[8] आवसयिये

તા. ક.

આ સ્થળે કૌશાંબી ( પૃ. ૧૮૬–૧૮૭ ), સારનાથ ( પૃ. ૧૮૮–૧૮૯–૧૯૦ ) અને સાંચી ( પૃ. ૧૯૧–૧૯૨ )ના લેખોમાં મૂળ વાચન અને તેના અર્થ, બીજાં સત્તાવાર પ્રમાણો ન મળવાથી, હુલ્ત્ઝ વગેરે વિદ્વાનોને અનુસરીને કરેલ છે. પણ વિશેષ સંશોધન કરતાં અમને સાંચીની મૂળ નકલ મળી આવી છે અને તેના પરથી કૌશાંબી અને સારનાથનો પણ સુંદર ઉકેલ કરી શકાય છે. આ લેખોનો આશય ઉપર જણાવવામાં આવ્યું છે તેમ સંઘના નિયમોનો ભંગ કરનાર સાધુ–સાધ્વીઓને ધોળાં વસ્ત્ર પહેરાવીને આવાસની બહાર મૂકવાનો નહિ, પરંતુ જે સાધુ–સાધ્વી સંઘની એકતા ઇચ્છતાં હોય તેમને સફેદ વસ્ત્ર પહેરીને ઉપાશ્રયોમાં વસવાની સલાહ આપવાનો છે. ( વિશેષ માટે જુઓ. પૃ. ૨૩૨–૨૩૩–૨૩૪–૨૩૫ ).

---

1 બુહ્લર અને બોયર कोसंबिय વાંચે છે.
2 " " " महामात वांचे छे.
3 " " " न " "
4 બુહ્લર चि चे વાંચે છે.
5 બુહ્લર અને બોયર भोखति વાંચે છે.
6 બુહ્લર व भिखुनी વાંચે છે.
7 બોયર चा ओ વાંચે છે.
8 બુહ્લર आनंदस અને બોયર आनावसवि વાંચે છે.

# કૌશામ્બી–શાસન[1]

## [ અલ્હાબાદ–કૌશાંબી સ્થંભ પર ]

(क) દેવાનુપ્રિય[2] આજ્ઞા કરે છે ( કે )—

(ख) કૌશાંબીના મહામાત્રાઓ.......................

(ग) ...............એકત્ર કરાયલ છે.

(घ) સંઘમાં દાખલ ન કરવું.......................................

(ङ) સંઘને ભગ્ન કરશે[3] તે ભિક્ષુ હોય કે ભિક્ષુણી હોય તોપણ તેને ધોળાં કપડાં પહેરાવવામાં આવશે[4] અને જે ( ભિક્ષુઓનો ) આવાસ ન હોય તેમાં[5] તેને રાખવામાં આવશે.

---

(૧) આ લેખનો કેટલોક ભાગ તૂટેલો છે. એટલે અર્થ સ્પષ્ટ કરવાનું મુશ્કેલ છે. પરંતુ તૂટેલી સ્થિતિમાં પણ જે શબ્દો વાંચી શકાય છે તે પરથી લાગે છે કે આ લેખનો આશય સારનાથ અને સાંચીના નાના સ્થંભ-લેખો ( એ બંને લેખ અનુક્રમે આની પછી લીધા છે. )ની જેમજ—જે ભિક્ષુક કે ભિક્ષુણી વ્રતોનો ભંગ કરીને સંઘનો ધર્મ ચૂકે તેને ધોળાં વસ્ત્ર પહેરાવીને ભિક્ષુઓના આવાસથી અન્ય સ્થળે રાખવાં—એવો છે. આ લેખની વિશિષ્ટતા એ છે કે તે કૌશામ્બીના મહામાત્રાઓને ઉદ્દેશીને લખાયલો હોવા સંબંધીનો નિર્દેશ જળવાઈ રહ્યો છે.

(૨) ચૌદ મુખ્ય શિલાલેખો, સાત મુખ્ય સ્થંભ-લેખો, કલકત્તા–વૈરાટનો ગૌણ શિલાલેખ તેમજ રુમ્મિનદેઈ–નિગ્લીવના ગૌણ સ્થંભલેખોમાં કોતરાવનાર નૃપતિ પોતાને દેવાનાંપ્રિય પ્રિયદર્શિના નામે ઓળખાવે છે, ગુફાલેખોમાં તે પોતાને એકલા પ્રિયદર્સિ નામથી ઓળખાવે છે, બ્રહ્મગિરિના ગૌણ શિલાલેખમાં તે આર્યપુત્રના નામે ઓળખાવે છે જ્યારે બીજા લેખોમાં તે પોતાને કેવળ દેવાનાંપ્રિયના નામે ઓળખાવે છે. નામોની આ ભિન્ન ભિન્ન વપરાશના ખુલાસા અંગે જુઓ પ્રથમ ખંડ–પ્રથમ પરિચ્છેદ.

( ૩ ) સંઘને ભગ્ન કરશે એટલે સંઘના નિયમો તોડશે.

( ૪ ) તે સમયે સંઘની બહાર મુકાતાં સાધુ–સાધ્વીઓને ધોળાં વસ્ત્ર પહેરાવાતાં હશે એમ જણાય છે.

( ૫ ) મૂળમાં અહીં અનાવાસસિ અથવા આનાવાસસિ છે. આવાસનો અર્થ જ્યાં સાધુઓ વસતા હોય એવાં ઉપાશ્રય–વિહાર આદિ જણાય છે. પરિણામે અનાવાસસિનો અર્થ ઉપાશ્રય સિવાયનાં અન્ય સ્થાનોમાં એમ લેવો જોઇને.

# અન્ય વિદ્વાનો શું કહે છે ?

... Rock-edicts belong to ...i, who was contemporary ...e five Yona kings, of the ...vided Greek Empire.

...a the Great, whom I ...y with the Grecian Sandra-...

P. C. Mukharji

...e Assistant to the Director-...l of Archaeology [Ind Ant. ...XXII P. 233-31]

× ×

...e Jains of Bhilsa, though ...ay no reverence to Sanchi ...s, attribute their erection to ...n Raja Chandragupta, of ...tra, 162 years after the death ...havir.

...me of the small sthupas (at ...i) are unquestionably purely ...hist; but others look more Jain ... Buddhist.

...here was (at Sanchi) originally, ...fectly hemi-spherical Sthupa, ...ut anything connected with ...hism.

General F. C. Maisey

...Sanchi and its Remains, P. 16-117)

× × ×

...We cannot, however, decide with ...ainty whether the three Barabar-... [illegible] belong to the same ... (Asoka) or to another member ... the dynasty.

Hultzsch

[illegible] P. [illegible]]

શિલાલેખો સંપ્રતિએ કોતરાવેલા છે કે જે સંપ્રતિ, તે વખતે વ્હેંચાઇ ગયેલા ગ્રીક સામ્રાજ્યના પાંચ યોનપતિઓનો સમકાલિક હતો.

મહાન અશોક કે જેને હું ગ્રીક ઇતિહાસમાં નોંધાયેલા સેન્ડ્રેકોટસ તરીકે ઓળખાવું છું.

પી. સી. મુકરજી

હિંદી સરકારના પુરાતત્ત્વખાતાના આસી. ડાયરેક્ટર જનરલ (ઇન્ડીયન એન્ટીક્વેરી. પુ. ૩૨. પુ. ૨૩૩-૩૧)

× × ×

ભિલ્સાના જૈનો જો કે આજે તો સાંચી-સ્તૂપોની પૂજા નથી કરતા, પરંતુ તે સ્તૂપોનું બાંધકામ મહાવીર સંવત ૧૬૨ માં પાટલીપુત્રના જૈન સમ્રાટ ચન્દ્રગુપ્ત દ્વારા થયેલ હોવાનું જણાવે છે.

સાંચીના કેટલાક નાના સ્તૂપો જો કે નિઃશંક પણે બૌદ્ધ છે; પરંતુ બીજા ( મોટા ) તો બૌદ્ધ કરતાં જૈન તરીકે વિશેષ જણાઇ આવે છે.

શરૂઆતમાં તો ત્યાં ( સાંચીમાં ) સંપૂર્ણ ગુમ્મટાકારનો સ્તૂપ હતો, કે જેમાં બૌદ્ધ ધર્મ સાથે સંબંધવાળું કંઇજ નહોતું.

જનરલ એફ. સી. મેઇસી

(સાંચી એન્ડ ઇટ્સ રીમેઇન્સ પૃ. ૧૬-૧૧૭)

× × ×

આપણે ચોક્કસપણે એ નથી કરી શકતા કે [illegible] ( અશોક ) ના છે કે તેના [illegible] છે.

હુલ્ત્ઝ

[illegible]

## सारनाथ

१ (क) देवा[1]...............

२ ए ल ...............

३ पाट[2].......ये केनपि संघे भेतवे (घ) ए चुं खो

४ भिखू वा भिखुनि वा संघं भाखति[3] से ओदातानि दुसानि संनंधापयिया आनावाससि[4]

५ आवासयिये (ङ) हेवं इयं सासने भिखुसंघसि च भिखुनिसंघसि च विंनपयितविये

६ (च) हेवं देवानंपिये आहा (छ) हेदिसा च इका लिपी तुफाकंतिकं हुवाति संसलनसि निखिता

७ इकं च लिपिं हेदिसमेव उपासकानंतिकं निखिपाथ (ज) ते पि च उपासका अनुपोसथं यावु

८ एतमेव सासनं विस्वंसयितवे अनुपोसथं च धुवाये इकिके महामाते पोसथाये

९ याति एतमेव सासनं विस्वंसयितवे आजानितवे च (झ) आवते च तुफाकं आहाले

१० सवत विवासयाथ तुफे एतेन वियंजनेन (ञ) हेमेव सवेसु कोटविषवेसु एतेन

११ वियंजनेन विवासापयाथा

---

१ પ્રથમ શબ્દ દેવાનંપિય હોવા સંભવ છે.

२ પાટલિપુત્ર હોવા સંભવ છે. બોધર પાટલિપુત્ર મ ઘકિયે કલ્પે છે.

૩ વોગેલ અને સેનાર્ટ ભિખતિ વાંચે છે અને બોધર ભોખતિ વાંચે છે. ભાખતિ—એ વાંચન વેનીસનું છે.

૪ કૌશાંબી અને સાંચીમાં અનાવાસસિ છે.

# સારનાથ

(क) દેવા[1]........

(ख) એ લ[2]........

(ग) પાટ[3]........સંઘને કોઈ પણ ભગ્ન[4] ન કરે.

(घ) જે કોઈ સંઘને ભગ્ન કરશે તે ભિક્ષુ હોય કે ભિક્ષુણી હોય તોપણ તેને ધોળાં કપડાં પહેરાવવામાં આવશે અને તેમને આવાસ સિવાયનાં સ્થાનોમાં રાખવામાં આવશે.

(ङ) આ રીતે આ શાસન ભિક્ષુકસંઘને અને ભિક્ષુણીસંઘને માનપૂર્વક[5] જણાવવું જોઈએ.

(च) દેવાનુપ્રિય આમ કહે છે—

(छ) આવી એક લિપિ તમારી નજીકમાં રહે તેટલા ખાતર વિહારની પડાળીમાં[6] ગોઠવાવી છે. વળી, બીજી એક લિપિ ઉપાસકોના[7] પડોશમાં ગોઠવાવી છે.

(ज) ઉપાસકોએ દરેક પોષધના[8] દિવસે આવીને એવા એ શાસનથી સુપરિચિત[9] રહેવું જોઈએ; અને પ્રત્યેક પોષધના દિવસે દરેક મહામાત્ર નિયમિત પોષધ[10] કરવાને આવે ત્યારે તેણે એ શાસનથી સુપરિચિત રહેવું જોઈએ અને તેને સમજવું જોઈએ.

(झ) અને, જ્યાં લગી તમારી હદ પહોંચતી હોય ત્યાં લગી તમારે આ વચન અનુસાર (આજ્ઞાપત્ર) પહોંચાડવાં[11] જોઈએ.

(ञ) તેજ પ્રમાણે બધાં કિલ્લેબંધીવાળાં નગરો[12]માં અને પ્રાંતોમાં તમારે આ વચન અનુસાર (આજ્ઞાપત્ર) પહોંચડાવવાં[13] જોઈએ.

---

(૧) કૌશામ્બીની જેમ અહીં પણ 'દેવાનુપ્રિય આજ્ઞા કરે છે કે'—હોવાનો સંભવ છે.

(૨) આ પંક્તિમાં બે જ અક્ષરો વંચાતા હોઈને, અને બીજાં શાસનોમાં તેને સમાંતર શબ્દાદિ મળતાં ન હોઈને ચોક્કસ સૂચન મુશ્કેલ છે.

(૩) જેમ આગલો લેખ કૌશામ્બીના મહામાત્રોને ઉદ્દેશીને લખાયો છે, તેમ આ લેખ પાટલીપુત્રના મહામાત્રોને ઉદ્દેશીને લખાયો હોય એમ જણાય છે.

(૪) 'સંઘને...ભગ્ન ન કરે' એનો સ્પષ્ટ આશય એ છે કે, 'સંઘના નિયમોનો કોઈ ભંગ ન કરે.'

(૫) મૂળમાં અહીં विनपयितविये છે. એનું સંસ્કૃત રૂપાંતર विज्ञापयितव्यम् થાય. એનો અર્થ 'જાહેર કરવું' એવો બને, પરંતુ એ ધાતુમાં જ સન્માનનો સમાવેશ રહેલો છે. એટલે અહીં એનો ઉપયોગ કરવા પાછળ

પ્રિયદર્શિનનો આશય 'માનપૂર્વક જણાવવું' એમ કહેવાનો જણાય છે.

(૬) અહીં મૂળમાં संसलनसि રૂપ છે. તેના સંસ્કૃત રૂપાંતર संसरणना અર્થ 'રાજમાર્ગ' અથવા 'સંયોગ કે મેળાપ' વગેરે થાય છે. એટલે આ શબ્દ વાપરવા પાછળ 'જ્યાં બધાં એકત્ર થતાં હોય એવા સ્થળમાં'– એમ જણાવવાનો આશય લાગે છે. ડૉ૰ ભાંડારકર એમ ધારે છે કે આ લેખ અમલદારોને ઉદ્દેશીને લખાયો છે, માટે संसलनसिનો અર્થ—'( જ્યાં બધાં એકત્ર થાય છે—મળે છે એવી ) કચેરી' કરવો જોઈએ. પરંતુ નીચેનું બીજું વાક્ય ઉપાસકોના વિષયમાં લખાયું છે એટલે આ વાક્ય ભિક્ષુકોને અનુલક્ષીને લખાયાનો વધારે સંભવ છે. પરિણામે संसलनसि નો અર્થ 'વિહારના જે ભાગમાં બધાં આવજા કરે છે કે ભેગાં થાય છે એવી પડાળી' કરવો તે વધારે સુઘટિત જણાય છે.

(૭) ઉપાસક એટલે વ્રતધારી શ્રાવક. જૈન સૂત્ર उवासग दसाओ ઉપરથી જણાય છે કે મહાવીર ભગવાનના સર્વશ્રેષ્ઠ દશ ઉપાસકો હતા.

(૮) પોષધ એ મહત્ત્વની જૈન ધર્મક્રિયા છે. વિશેષ માટે જુઓ પૃ. ૧૬૩, ટી. નં. ૨૩.

(૯) મૂળમાં અહીં विस्वंसयितवे શબ્દ છે. ડૉ૰ ભાંડારકર તેનો અર્થ 'ખાત્રી કરી લેવી જોઈએ' એ પ્રમાણે કરે છે. પણ વાક્યનો આશય જોતાં સતત પરિચય રાખવાનું સૂચન હોવાનો વિશેષ સંભવ લાગે છે.

(૧૦) મૂળમાં અહીં पोसथाये याति શબ્દો છે. તેનો સ્પષ્ટ અર્થ 'પોસહ કરવાને આવે ત્યારે' છે. પણ એ જૈન ધાર્મિક ક્રિયા હોઇને અન્ય વિદ્વાનો એનો અર્થ સમજી શકયા નથી. એટલે, ડૉ૰ ભાંડારકરે ત્યાં એવો અર્થ મૂકયો છે કે–'પોતાના વારાએ આવે ત્યારે.' અને ડૉ૰ રાધાકુમુદે આખા વાકયનો એવો અર્થ કર્યો છે કે–'અને પ્રત્યેક પોષધના દિવસે દરેક મહામાત્ર આ શાસનથી સુપરિચિત બનવાને અને તેને સમજવાને પોષધદિનની ધર્મ–ક્રિયામાં પરોવાશે.' પણ મૂળ લેખમાં બંને વખત પોષધ–દિનનો ઉલ્લેખ નથી. પ્રથમ વખત પોષધ–દિન અને પછી પોષધ–ક્રિયાનો ઉલ્લેખ છે. એટલે 'આઠમી–ચતુર્દશીએ પોસહ કરવાને આવે ત્યારે ઉપાશ્રયની પડાળીમાં ભેગાવાસ આ શાસન પણ વાંચી જવું' એવો નિર્દેશ વધારે સ્વાભાવિક લાગે છે.

(૧૧) મૂળમાં અહીં विवासयाथ શબ્દ છે. ડૉ૰ ભાંડારકર તેનો અર્થ 'ફેરવણીએ નીકળવું' એમ સૂચવે છે. પણ તે કરતાં –'આ શાસન માણસ દ્વારા અથવા લખીને તમે તમારી હદમાં સર્વત્ર પહોંચાડો' –એ અર્થ વધારે સુઘટિત છે. કેમકે શાસનોને પહોંચાડવાને માટે મહામાત્રાઓ ફેરવણીએ નીકળે તે કરતાં તેઓ પત્ર કે માણસ દ્વારા પહોંચાડે એ વધારે સંભવિત છે.

(૧૨) આ નિર્દેશ રાજકીય દૃષ્ટિએ પણ મહત્ત્વનો છે. કેમકે તે એવા અર્થનો સૂચક છે કે તે સમયે લગભગ દરેક મોટાં નગરો કિલ્લેબંધ હતાં.

(૧૩) અહીં મૂળમાં विवासापयाथा છે. विवासयाथ નો અર્થ 'પહોંચાડવું' થાય છે, જ્યારે આ રૂપનો અર્થ 'પહોંચડાવવું' એ પ્રમાણે થાય છે.

# सांची

१............
२....या[१] मेत[२] ....(ग)....[३]घे....[४]मगे फटे
३ भिखूनं चा[५]भिखुनीनं चा[६]ति पुतप-
४ पोतिके चंदमसूरियिके (घ) ये संघं
५ भाखति[७] भिखु वा भिखुनि वा ओदाता—
६ नि दुसानि सनंधापयितु अनावा—
७ ससि वासापेतविये (ङ) इछा हि मे किं—
८ ति संघे समगे[८]चिलथितीके सिया ति

---

૧ બુહલર થં વાંચે છે.
૨ બોયર મેદ વાંચે છે. મેતવે હોવું જોઇએ
૩ ઘેવે હોવું જોઇએ.
૪ આ સ્થળે પંક્તિના [illegible] ભાગ ઉડી ગયો હોવા સંભવ છે
૫ બુહલર વા વાંચે છે.
૬ બોયર ચ વાંચે છે; બુહલર વા વાંચે છે.
૭ બુહલર ને બોયર ઓભવતિ વાંચે છે
૮ બુહલર ને બોયર [illegible] વાંચે છે

# સાચી

(क) .........

(ख) ......જે ભગ્ન કરે............

(ग) ભિક્ષુઓ અને ભિક્ષુણીઓનો આ સંઘ, (મારા) પુત્રો-પ્રપૌત્રો (તેમજ) સૂર્ય-ચન્દ્ર (પ્રકાશે) ત્યાં લગીને માટે એકત્ર[1] કરાયો છે.

(घ) જે કોઇ ભિક્ષુક કે ભિક્ષુણી સંઘને ભગ્ન કરે તેને ધોળાં વસ્ત્ર પહેરાવવાં અને આવાસ સિવાયના સ્થાનમાં નિવાસ આપવો.

(ङ) કેમકે મારી ઈચ્છા છે કે સંઘ એકત્ર[3] અને ચિરસ્થાયી રહે.

---

(૧) મૂળમાં અહીં समगे શબ્દ વંચાય છે અને તેની પૂર્વેના અક્ષરો તૂટી ગયા છે એટલે આ શબ્દ બીજાં શાસનો અનુસાર समगे હોવાનો પૂરો સંભવ છે. તે અનુસાર ઉપરના વાક્યનો અર્થ બંધબેસતો કરાયો છે. પણ બુલર ને બોયર ત્યાં मगे જ માને છે અને નીચે પ્રમાણે અર્થ તારવે છે–

'ભિક્ષુઓને અને ભિક્ષુણીઓને માટે માર્ગ કર્યો છે!–સૂર્ય અને ચન્દ્ર ચાલુ રહે ત્યાં સુધી મારા પુત્રો અને પ્રપૌત્રો ચાલુ રહે કે જેથી જે કોઇ ભિક્ષુક કે ભિક્ષુણી સંઘને ભગ્ન કરે તેને ધોળાં કપડાં પહેરાવવામાં આવે અને આવાસ સિવાયનાં સ્થાનમાં રાખવામાં આવે.'

(૨) પ્રિયદર્શી આ સ્થળે તેમજ કેટલાક બીજા લેખોમાં પણ (જુઓ પૃ. ૧૦૧) પુત્રની પછી તરત પ્રપૌત્રનો નિર્દેશ કરે છે તે ખૂબજ સૂચક છે.

(૩) અહીં મૂળમાં ઉપે समगे સ્પષ્ટ વંચાય છે પણ ઉપરોક્ત વાક્યમાં मगे નો સ્વીકાર કરેલ છે. બુલર અને બોયર અહીં પણ સંપથ मगे વાંચે છે અને અર્થ કરે છે કે 'કેમકે મારી ઇચ્છા એવી છે માર્ગે રહીને સંઘ ચિરસ્થાયી બને.'

## रुम्मिन्डेई स्थंभलेख

१ (क) देवानपियेन पियदसिन लाजिन वीसतिवसाभिसितेन
२ अतन आगाच महीयिते हिद बुधे जाते सक्यमुनी ति
३ (ख) सिला विगडभी चा कालापित सिलाथभे च उसपापिते
४ हिद भगवं जाते ति (ग) लुंमिनिगामे उबलिके कटे
५ अठभागिये च

## निग्लीव-स्थंभलेख

१ (क) देवानंपियेन पियदसिन लाजिन चोदसवसाभिसितेन
२ बुधस कोनाकमनस थुबे दुतियं वढिते
३ (ख)............[1]साभिसितेन च अतन आगाच महीयिते
४ ..............[2]पापिते

---

१ રુમ્મિન્ડેઈ પ્રમાણે वीसतिवसाभिसितेन હોવા સંભવ છે.

૨ આ પંક્તિ બુહર નીચે પ્રમાણે કરે છે: सिलाथंभे च उसपापिते

## રૂમ્મિન્ડેઈ-સ્થંભલેખ[1]

(क) દેવાનુપ્રિય પ્રિયદસિ રાજા પોતાના રાજ્યાભિષેકને વીસ વર્ષ વીત્યાં[2] ત્યારે અહીં આવ્યો, અને અહીંયાં શાક્યમુનિ બુદ્ધ જન્મ્યા હતા એટલે પૂજા[3] કરી.

(ख) અહીં ભગવાન બુદ્ધ જન્મ્યા હતા એટલે પત્થરની જબરી દીવાલ[4] ચણાવી અને શિલાસ્થંભ ઊભો કરાવ્યો.[5]

(ग) લુંબિની ગામને ધાર્મિક કરમાંથી મુક્ત કરવામાં આવ્યું,[6] અને ( જમીન મહેસૂલ તરીકે–ઉત્પન્નનો ) આઠમો ભાગ આપવો રહ્યો.[7]

## નિગ્લીવ-સ્થંભલેખ[8]

(क) દેવાનુપ્રિય પ્રિયદસિ રાજાના રાજ્યાભિષેકને ચૌદ વર્ષ વીત્યાં ત્યારે તેણે બુદ્ધ કોનાકમનના[9] સ્તૂપને બીજી વેળાએ[10] વધાર્યો.

(ख) વળી, તેના રાજ્યાભિષેકને ( વીસ )[11] વર્ષ વીત્યાં ત્યારે તેણે અહીં આવીને પૂજા કરી[12] અને[13] ( શિલાસ્થંભ ) ઊભો કરાવ્યો.

---

( ૧ ) પ્રિયદર્શિનને બૌદ્ધ ઠેરવવામાં આ શિલાલેખે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પણ શિલાલેખનું હાર્દ જોતાં તેમ માનવાને કોઈ કારણ નથી. પ્રિયદર્શિન (સંપ્રતિ)ને પોતાના રાજ્યાભિષેકના વીશમા વર્ષે બુદ્ધનું જન્મસ્થાન નિહાળવાનો સમય સાંપડે છે એજ સૂચવે છે કે તે ધર્મે બૌદ્ધ નથી, તેમ જ અહીં યાત્રા નિમિત્તે આવ્યો પણ નથી, પરંતુ જતાં-આવતાં તે અચાનક અહીં આવી ચડ્યો છે અને પોતાના પૂર્વજે બૌદ્ધ ધર્મને અપનાવેલ હોઈ ને બૌદ્ધોના આ યાત્રાસ્થાન પ્રત્યે સન્માન અને પૂજ્યભાવ દર્શાવવાની જરૂરિયાતમાં મુકાયો છે. રાજકર્તાઓ, મંત્રીઓ કે સમાજના અગ્રણીઓ ઘણી વખત આવી ફરજમાં મુકાય [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] મસ્જિદ બંધાવી આપેલી, અકબરે જૈનોનાં યાત્રાસ્થાનો પરનો કર માફ કરી જૈનોને એ યાત્રાસ્થાનો પરનો અધિકાર સોંપેલો, મહમદ તઘલકે ઉપાશ્રય અને જૈનમંદિર બંધાવવામાં મદદ કરેલી, માંડવગઢમાં મુસ્લિમ રાજકર્તાઓ પણ જૈન મંદિરમાં ભેટો મોકલાવતા હતા. પ્રિયદર્શિને આ જ ધોરણે આ યાત્રાસ્થાન પ્રત્યે માન દર્શાવ્યું છે. તે જુદાં જુદાં વાક્યો પરની નીચેની નોંધોથી વધારે સ્પષ્ટ થશે.

(૨) પ્રિયદર્શિન–સંપ્રતિ પોતાના રાજ્યાભિષેકના વીશમા વર્ષે બુદ્ધના જન્મસ્થાન લુમ્બિનીવન ( આજે તે સ્થળ રૂમ્મિન્ડેઈ (?) ના નામે ઓળખાય છે. )માં આવ્યા છે જ્યારે અશોકાવદાન માં જણાવ્યા પ્રમાણે અશોક તો બૌદ્ધ ધર્મ સ્વીકાર્યા પછી તરતમાં ધર્મ[illegible] [illegible] છે અને તેમનો પ્રથમ મુલાકાત

બુદ્ધના જન્મસ્થાનક લુમ્બિનીવનની લીધેલી છે.

(૩) પ્રિયદર્શિન પોતાના છઠ્ઠા મુખ્ય સ્થંભલેખ(પૃ. ૧૬૬)માં સ્પષ્ટ જણાવે છે કે– 'બધા ધર્મોને મેં વિવિધ પ્રકારની પૂજાથી પૂજ્યા છે, પરંતુ મારો પોતાનો મુખ્ય ધર્મ તો એ છે કે જેમાં આત્માનું પ્રતિક્રમણ થઇ શકે છે. [ सव पासंडा पि मे पूजिता विविधाय पूजाया ए चु इयं अतना पचूपगमने से मे मोख्यमते ] આ જ ધોરણે તેણે બુધ્ધના જન્મસ્થાનકે આવી ચડતાંની બુધ્ધની પૂજા કરી હોય તો તેમાં કશું અઘટિત નથી.

(૪) મૂળમાં અહીં सिला विगडभी चा कालापित શબ્દો છે. ડૉ. ભાંડારકર એનું સંસ્કૃત રૂપાંતર शिला विकट-भित्तानि કરીને વાક્યનો અર્થ 'પત્થરની જબરી દીવાલ ચણાવી' એ પ્રમાણે કરે છે. અને તે જ અર્થ વાસ્તવિક જણાતો હોઇને અમે તેનો સ્વીકાર કર્યો છે. પરંતુ કેટલાક વિદ્વાનો તેના ભિન્ન અર્થ સૂચવે છે તે પણ અહીં જોઈ જવા જરૂરી છે—

ડૉ. રાધાકુમુદ અહીં सिला विगड भी चा નું સંસ્કૃત शिला विकट ( विकृत )मृत કરે છે, અને એના પરિણામે આખા વાક્યનો એવો અર્થ તારવે છે કે–' અહીં ભગવાન બુદ્ધ જન્મ્યા હતા એટલે [ તે સ્મૃતિને જાળવી રાખતો ] આકૃતિવાળો પત્થર તૈયાર કરાવવામાં આવ્યો અને શિલાસ્થંભ ઊભો કરાવ્યો.'–[ અને એ સ્થંભ પર ઉક્ત આકૃતિવાળો પત્થર ગોઠવવામાં આવ્યો. ] આ રીતે सिला विगडभी चा कालापित सिलाथभे च उसपापिते એ આખા વાક્યનો અર્થ–' શિલાસ્થંભ ઊભો કરાવવામાં આવ્યો અને એના પર ( સ્મૃતિદર્શક ) આકૃતિવાળો પત્થર ગોઠવવામાં આવ્યો.– ' એ આશયમાં લેવાય છે. કાર્પેન્ટિ-યર विगड ને अगड નું રૂપાંતર ધારી ' ઘોડાની આકૃતિ ગોઠવવામાં આવી ' એ પ્રમાણે અર્થ તારવે છે. અને તેના પ્રમાણ તરીકે યુએનશ્વંગે ઉક્ત સ્થંભ પર ઘોડાની આકૃતિ નિહાળી હતી એ વિધાનને રજૂ કરે છે.

( ૫ ) આ પ્રમાણે અહીં પ્રિયદર્શિને ' દીવાલ ચણાવી અને સ્થંભ ઊભો કરાવ્યો ' અથવા તો ' સ્થંભ ઊભો કરાવીને તેના પર આકૃતિવાળી શિલા ગોઠવાવી ' એવો સ્પષ્ટ અર્થ છે. જ્યારે अशोकावदान માં જણાવ્યા પ્રમાણે અશોકે તો અહીં સ્તૂપ ચણાવ્યો હતો. ચીની પ્રવાસીઓના અહેવાલ પણ अशोकावदान ના એ વિધાનને પુષ્ટિ આપે છે. ઈ. સ. ૭૬૪ માં વુકુંગ નામના ચીની પ્રવાસીએ બુદ્ધના જન્મ-સ્થાનકની મુલાકાત લીધી ત્યારે તેણે તે સ્થળે વિરાટકાય સ્તૂપ નિહાળ્યો હતો. ( Watters. II. 17 ) આ બધી હકીકતો નિહાળતાં એમ વિચારવાને પણ અવકાશ રહે છે કે આ સ્થંભલેખના વાચનમાં અથવા તેનો અર્થ કરવામાં જ ક્યાંક ભૂલ થતી હોવી જોઈએ અને જ્યાં રૂમ્મિન્ડેઇનો સ્થંભ ઊભેલો છે તે સ્થળ કદાચ બુદ્ધનું જન્મસ્થાન ન પણ હોય. વિશેષ માટે જુઓ નીચે ટી. નં. ૭.

(૬) અહીં દર્શાવ્યા પ્રમાણે પ્રિયદર્શિને લુંબિની-ગ્રામને ધાર્મિક કરમાંથી મુક્ત કર્યું છે, તથા જમીન-મહેસુલ પેટે ઉત્પન્નનો આઠમો ભાગ લેવાનું ઠરાવ્યું છે.. આ છૂટછાટ સ્વધર્મી રાજાની ન ગણી શકાય. અને अशोकावदानમાં આ વિગતનો ઉલ્લેખ પણ નથી. ત્યાં તો સ્પષ્ટ જણાવ્યું છે કે અશોકે અહીં લાખ તોલા સોનાનું દાન કર્યું. એટલે બૌદ્ધ કથનના આધારે પણ અશોક અને પ્રિયદર્શિન ભિન્ન ઠરે છે.

(૭) આ લેખને અન્ય વિદ્વાનોએ ઉપર દર્શાવ્યા અનુસાર જે ધોરણે વાંચ્યો છે તે ધોરણને અને વાચનને ખોટું કહીને અહીં વિદ્વાનોના દોષ દર્શાવવાનો અમારો આશય નથી. પણ સાથોસાથ આ લેખ અંગે જે શંકાઓ રજૂ થઇ શકે તેમ છે તેના પર પડદો ઢાળીને અમે સત્યનો દ્રોહ પણ કરી શકતા નથી.

આજે જે સ્થળે રૂમ્મિન્ડેઇનો સ્થંભલેખ ઊભેલો છે તે જ સ્થળ શું બુદ્ધનું જન્મસ્થાન છે ? ललितविस्तार સરખા પ્રમાણભૂત બૌદ્ધ ગ્રન્થમાં બુદ્ધ ભગવાનના જન્મપ્રસંગ અંગે જે વર્ણન લખાયું છે, [ अथ खलु मायादेवी बोधिसत्त्वस्य जन्मकालसमयं ज्ञात्वा वे.वि. महत्वदैव तेजोनुभावेन राज्ञां प्रथम याम राजानमुपगम्य ... पृष्ठ ६ गद्य (१) मायादे... [illegible]-देव

जन्मतन्मे अचिरचिरचिरेणा जात उद्यान बुद्धिः વગેરે ] તે પરથી જણાય છે કે લુમ્બિનીવન (ઉદ્યાન) કપિલવસ્તુની લગોલગ આવેલું હતું. કપિલવસ્તુના રાજમહેલમાં, રાત્રિના પ્રથમ પ્રહરે, પ્રસવકાળને નજીક આવી પહોંચેલો જાણી માયાદેવીએ શુદ્ધોદન રાજની સમીપ જઇને કહ્યું કે 'મારા સંતાનને હું ઉદ્યાનમાં જન્મ આપું એવી મારી ઇચ્છા છે' અને તે પરથી નૃપતિએ માયાદેવીને હાડમારપૂર્વક ઉદ્યાનમાં પહોંચાડવાનો પ્રબંધ કર્યો અને ત્યાં પ્લક્ષવૃક્ષ નીચે માયાદેવીએ બુદ્ધ ભગવાનને જન્મ આપ્યો એ જ બધા બૌદ્ધ ગ્રન્થોના કથનનો સાર છે. એટલે લુમ્બિનીવનને કપિલવસ્તુથી દૂર માનવા માટે કોઇ દલીલ નથી રહેતી. જ્યારે રૂમ્મિન્ડેઇનો સ્થંભલેખ તો કપિલવસ્તુના સ્થાનથી વીશ માઇલ લગભગ છેટે, નેપાળની તરાઇમાં, ભગવાનપુરની બે માઇલ ઉત્તરે, પડરિયા ગામની નજીક રૂપદેહી ગામમાં આવેલો છે. સરકારી અહેવાલો આ ગામને 'રૂમ્મિન્ડેઇ'ના નામે ઓળખાવે છે પણ તે 'રૂપદેહી'નું રૂપાંતર છે. તેને લુમ્બિનીવન સાથે કોઇ સંબંધ નથી.

બીજું અશોકે સૌથી પ્રથમ લુંબિનીવનની યાત્રા કરી હતી અને ત્યાં તેણે એક વિરાટકાય સ્તૂપ ઊભો કરાવીને અઢી લાખ તોલા સોનાનું દાન કર્યું હતું. ઈ. સ. ૭૬૪માં બુદ્ધના જન્મસ્થાનકની યાત્રાએ આવેલા ચીની યાત્રી વુકુંગે પણ અશોકે બંધાવરાવેલા એ સ્તૂપનાં દર્શન કરેલાં પણ ત્યાં સ્થંભ તો તેણે નિહાળ્યો જ નહોતો. હ્યુએન્સાંગ બુદ્ધના જન્મસ્થાનકે સ્થંભ હોવાની નોંધ કરે છે પણ તે સ્થંભ પર તે અશ્વની આકૃતિ હોવાનું જણાવે છે. જ્યારે આ સ્થંભ પર તો સિંહની આકૃતિ છે. સમ્રાટ પ્રિયદર્શિને અહીં આવીને ગામને ધાર્મિક કરમાંથી મુક્ત કર્યું છે ને જમીન-મહેસૂલમાં પણ ઘટાડો કરી નાંખ્યો છે. પ્રિયદર્શિનનું આ કાર્ય અને રૂમ્મિન્ડેઇના સ્થંભનું સ્થાન બૌદ્ધ સાહિત્યમાંના અહેવાલો સાથે જરાયે બંધબેસતું નથી. તે ઉપરાંત આ સ્થંભલેખમાં પ્રિયદર્શિ લુંમિનીગામનો નિર્દેશ કરે છે જ્યારે બુદ્ધનો જન્મ તો લુંબિનીવનમાં થયો હતો. अशोकावदान વગેરે બૌદ્ધ પુસ્તકોમાં અશોકની યાત્રાના વર્ણનમાં પણ અશોક બુદ્ધના જન્મસ્થાનક લુંબિનીવનમાં યાત્રાએ ગયો એવો ઉલ્લેખ છે. પણ ક્યાંય ગામનો સીધો કે આડકતરો નિર્દેશ પણ નથી. એ સ્થાન વન હોઇને અશોક તો ત્યાં કેવળ દાન જ આપી શકે છે. જ્યારે પ્રિયદર્શિનનું યાત્રાસ્થાન લુંમિની તો ગામ છે ને પ્રિયદર્સિ ત્યાંની પ્રજાને કરમુક્ત કરે છે. એટલે સંભવિત છે કે પ્રિયદર્શિન જૈન હોઇને આ સ્થાન કોઇક જૈન પ્રસંગ સાથે સંકળાયું હોય.

અહીં બીજી મહત્ત્વની નોંધપાત્ર બીના એ છે કે ધર્મલિપિઓમાં ક્યાંય 'તથાગત' શબ્દનો નિર્દેશ નથી થતો. બુધ્ધ અને જિન એ બંને શબ્દો એવા છે કે જે બૌદ્ધ તથાગત તથા જૈન તીર્થંકર એ બંનેને માટે વપરાઇ શકે છે. એટલે 'તથાગત' શબ્દના અભાવે કોઇ પણ ધર્મલિપિને બૌધ્ધ ધર્મ સાથે સંબંધ હોવાનું સ્વીકારી લેવાનું મુશ્કેલ બને છે. પરિણામે સંભવિત છે કે 'રૂમ્મિન્ડેઇ'ના સ્થંભલેખને બૌધ્ધ ધર્મ સાથે કશો સંબંધ ન હોય.

ભગવાન મહાવીરે આ ભૂમિમાં વિહાર કરેલો ત્યારે તેમને અનેક સંકટો નડેલાં. તેમાં સંગમદેવે કરેલો શિલાનો ભયંકર ઉપસર્ગ તેમને અત્યારે 'રૂમ્મિન્ડેઇ'નો સ્થંભ છે ત્યાંજ થયેલો. આ સ્થંભ પર સિંહની આકૃતિ છે અને ભગવાન મહાવીરનું લંછન (જૈન તીર્થંકરોની ઓળખ માટેનું ચિન્હ) પણ સિંહ હતું. વાંચનમાં અમુક અક્ષરોના શક્ય એવા સહેજ સુધારાથી આ લેખ એ પ્રસંગ સાથે બંધબેસતો થવાનો સંભવ હોઇ તે મંતવ્ય માટે પણ અવકાશ રહે છે. દા. ત. सिला विगडभी ના અર્થ અંગે અત્યારે વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તે છે. પણ 'અહીં ભગવાન મહાવીરને શિલાના પ્રહારથી વિકૃત-સ્વાભાવિક સ્થિતિથી રહિત, એટલે કે જમીનમાં ઘૂંટણ લગી ઊતરી ગયેલા-બનાવવામાં આવેલા' એ વિધાનને માન્ય રાખતાં અર્થ સ્પષ્ટ બની જાય છે.

(૮) નિગાલી-સાગર નામે સરોવરના કાંઠે ઊભેલ હોવાથી આ સ્થંભને દુહ્રઝ ' નિગાલી-સાગર-સ્થંભ 'ના નામે ઓળખાવે છે.

(૯) ગૌતમ બુદ્ધની પૂર્વેના ત્રીજા બુધ્ધનું નામ આ શબ્દને સમાંતર છે. કદાચ તે 'કનકમુનિ' શબ્દનું રૂપાંતર પણ હોય. પરંતુ અત્યારે તેના પર ઐતિહાસિક દૃષ્ટિએ વધારે પ્રકાશ ફેંકવાનું સંભવિત નથી, અને ત્યાંલગી આ સ્થંભના આધારે કશું વિધાન કરવું તે વ્યાજબી પણ નથી.

(૧૦) મૂળમાં અહીં દુતિયં વઢિતે શબ્દો છે. તેનો સ્વાભાવિક અર્થ ' બીજી વેળાએ વધાર્યો ' એમ થાય પરંતુ નાના ખડકલેખોમાં ' દોઢગણો વધારો ' તે માટે 'દિયઢિયમ્ વઢિસતિ' શબ્દો આવે છે તે જોતાં અહીં પ્રિયદર્શિંનનો આશય કદાચ-' બુધ્ધ કોનાકમનના સ્તૂપને ( એના મૂળ માપ સાથે સરખાવતાં) બમણો વધાર્યો'-એમ કહેવાનો પણ હોઇ શકે છે. નીચેના વાક્યમાં પ્રિયદર્શી જાતે તો અહીં વીશમા વર્ષે આવ્યો હોવાનો નિર્દેશ છે એટલે ચૌદમા વર્ષે સ્તૂપનું આ સમારકામ તો તેણે અમલદારો મારફત જ કરાવ્યું હશે.

(૧૧) મૂળમાં અહીં...સામિસિતેન અક્ષરો વંચાય છે. ત્યાં આખો શબ્દ, રુમ્મિન્ડેઇ સ્થંભલેખની જેમ, વીસતિવસામિસિતેન હોવો જોઇએ એમ ધારીને અહીં 'વીસ' લખેલ છે.

(૧૨) પ્રિયદર્શિંન પોતાના છઠ્ઠા મુખ્ય સ્થંભ-લેખ (પૃ. ૧૬૬)માં સ્પષ્ટ જણાવે છે કે-'બધા ધર્મોને મેં વિવિધ પ્રકારની પૂજાથી પૂજ્યા છે, પરંતુ મારો પોતાનો મુખ્ય ધર્મ તો એ છે કે જેમાં આત્માનું પ્રતિક્રમણ થઇ શકે છે.' આ જ ધોરણે તેણે કોનાકમન બુદ્ધના સ્તૂપને સમરાવ્યો હોય અને તે પછી છ વર્ષ જતાં જ્યારે રાજ્યાભિષેકના વીશમા વર્ષે તે યાત્રાએ નીકળેલો ત્યારે અહીં આવી ચડતાં તેણે પૂજા કરી હોય કે સ્થંભ ઊભો કરાવ્યો હોય તેથી તેના જૈનત્વ અંગે શંકા દર્શાવવાનો કોઇ સંભવ નથી રહેતો.

(૧૩) મૂળમાં અહીં...પાપિતે અક્ષરો વંચાય છે. ત્યાં, રુમ્મિન્ડેઇ સ્થંભ-લેખની જેમ, સિલાથમે ચ ઉસપાપિતે હોવું જોઇએ એમ ધારીને અહીં 'શિલાસ્થંભ' લખેલ છે.

# સમ્રાટ્ પ્રિયદર્શી

યાને ભૂલથી મનાયલા

## મહારાજા અશોક

અથવા

## જૈન સમ્રાટ્ સંપ્રતિ

આજીવિકો પ્રત્યે કોઇએ વધુમાં વધુ ક્રૂરતા દર્શાવી હોય તો તે કેવળ અશોકે છે. બૌદ્ધ ધર્મગ્રન્થોમાં જણાવ્યા પ્રમાણે પુણ્ડ્રવર્ધન નગરના આજીવિકોએ બુદ્ધમૂર્તિનું સહેજ અપમાન કરવાથી અશોકે ત્યાં ૧૮૦૦૦ આજીવિકોની કતલ કરાવી હતી તેમજ પાટલીપુત્રના આજીવિકોને પણ તેણે મરાવી નાંખ્યા હતા અને એવો હુકમ કાઢ્યો હતો કે આજીવિકનું માથું લાવનારને માથાદીઠ એકેક દીનાર ઇનામ મળશે. [ હિન્દી વિશ્વકોષ-ગ્ર. ૨. પૃ. ૬૪૪ ] જ્યારે પ્રિયદર્શિન તો અહીં આજીવિકોને દાન આપે છે, એટલું જ નહિ, અગાઉના સ્થંભલેખોમાં પણ તેણે આજીવિકો પ્રત્યે સમાન મૈત્રીભાવ દર્શાવ્યો છે. આવી ધર્મસમાનતા જૈનધર્મી સંપ્રતિએ જ દાખવેલી છે. એટલે પ્રિયદર્શિન એ સંપ્રતિનું ઉપનામ હોવાના મંતવ્યને આ ગુફાલેખ ટેકો આપે છે. અને બધી જ ધર્મ-લિપિઓને અશોકની જ માનનાર તથા 'देवानांप्रिय प्रियदसि' એ નામ 'અશોકનું' જ છે એવો અભિપ્રાય ધરાવનાર હુલ્ઝ પણ આ ગુફા-લેખો અશોકના હોવા પરત્વે તો શંકા જ દર્શાવે છેઃ [ We cannot however decide with certainty whether the three Barabar Hill-inscriptions belong to the same king (Ashok) or to another member of his dynasty ( Cor. Ins. Ind. intro. p. 29 ]

(૫) સમય જતાં આ શબ્દ પર છેકા મારવામાં આવ્યા છે એટલે 'આજીવિક' શબ્દ અસ્પષ્ટ વંચાય છે.

(૬) મૂળમાં અહીં सुपियं स...दिना-એ પ્રમાણે વંચાય છે. હુલ્ઝ માને છે કે અહીં ઉપરના લેખની જેમ खलतिक पवतसि હોવું જોઇએ. પરંતુ જેક્સન કહે છે કે તૂટેલી જગ્યા વધુમાં વધુ પાંચ અક્ષર સમાઇ શકે એટલી જ છે. માટે ત્યાં ख आजीविकेहि હોવું જોઇએ. જેક્સનની માન્યતા આ ગણતરીએ તો સાચી જણાય છે. કેમકે ઉપરના બંને લેખમાં आजीविकेहि શબ્દ છેકી નાંખવાનો પાછળથી પ્રયાસ થયો છે તે જોતાં અહીં પણ તેવો પ્રયાસ થયો હોય અને તે સફળ નીવડ્યો હોય તે સંભવિત છે. પણ તે અર્થ લેતાં सुपिये-સુપ્રિય વિશેષણ બંધબેસતું નથી થતું એટલે અમે હુલ્ઝના મતને જ માન્ય રાખેલ છે.

(૭) લેખના અંતે સ્વસ્તિક અને ખંજર ને તે બંનેની નીચે માછલી કોતરેલ છે તેમાંથી માછલી એ પાંડ્યનું રાજચિન્હ છે ને ખંજર એ ચેરનું રાજચિન્હ હોવા સંભવ છે. સ્વસ્તિક ચિન્હ કલિંગપતિ ખારવેલના શિલાલેખમાં પણ આદિ ને અંતભાગમાં કોતરાયલ છે. સંભવિત છે કે પ્રિયદર્શીએ કલીંગ, પાંડ્ય ને ચેર પર મેળવેલા વિજયની યાદમાં આ ત્રણે ચિન્હ કોતરાયાં હોય.

# બરાબર-ગિરિ-ગુફા લેખ[1]

## ૧. [ નિગ્રોધ ][2]

પ્રિયદસિ રાજાએ પોતાના રાજ્યાભિષેકને બાર વર્ષ વીત્યાં ત્યારે આજીવિકોને[3] આ નિગ્રોધ-ગુફા આપી હતી.[4]

## ૨. [ ખલતિક ]

પ્રિયદસિ રાજાએ પોતાના રાજ્યાભિષેકને બાર વર્ષ વીત્યાં ત્યારે ખલતિક પર્વતમાંની આ ગુફા આજીવિકોને[5] આપી હતી.

## ૩. [ ખલતિક ? ]

પ્રિયદસિ રાજાએ પોતાના રાજ્યાભિષેકને ઓગણીસ વર્ષ વીત્યાં ત્યારે સુંદર ખલતિક પર્વતમાંની[6] આ ગુફા વૃષ્ટિના આગમન ( સામે બચાવ માટે ) આપી હતી.[7]

---

(૧) ગયાથી પંદર માઇલ ઉત્તરે કેટલીક ટેકરીઓ આવેલી છે. તેમાં બરાબર અને નાગાર્જુન નામે, ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વની, બે ટેકરીઓ છે. બરાબર ગિરિ-ટેકરીમાં ચાર ગુફાઓ છે. નાગાર્જુન ગિરિ-ટેકરીમાં ત્રણ ગુફાઓ છે. આ સાતે ગુફાઓને ઐતિહાસિક મહત્ત્વ વરેલું છે. બરાબરમાંની પહેલી ત્રણ ગુફાઓમાં ( નીચે આપેલા ) પ્રિયદર્શિનના લેખ છે અને ચોથી ( લોમશ ઋષિ-ગુફા ) માં અનંતવર્મન મોખરી ( છઠ્ઠી સદી ) નો લેખ છે તેમજ નાગાર્જુન ટેકરીની ત્રણ ગુફાઓમાં દેવાનાંપ્રિય પ્રિયદસિ-સંપ્રતિના પુત્ર દશરથના લેખ છે.

આ બરાબર-ગિરિ પ્રિયદર્શિનના સમયમાં ખલતિકના નામે ઓળખાયલ છે. પતંજલિ અને કાત્યાયન પણ તેને 'ખલતિક'ના નામે જ ઓળખાવે છે. એ ગિરિના ઉપરના ભાગમાં મળી આવેલા બે લેખોમાંથી એકમાં તેને ગોરથગિરિના નામે ઓળખાવેલ છે, અને બીજામાં ગોરથગિરિના નામે ઓળખાવેલ છે. ખારવેલના શિલાલેખમાં પણ તે ગોરથગિરિના નામે ઓળખાયલ છે. આ જોતાં જૈન સાહિત્યમાંનો ગોરથગિરિ આ ગોરથગિરિ અથવા બરાબરગિરિ જ હોવાનો સંભવ છે. કેટલાક સમય સુધી તે પ્રવરગિરિના નામે પણ ઓળખાયલ છે. તે ગિરિમાંની ત્રણ ગુફાઓમાં પ્રિયદસિનો એકેક દાન-લેખ મળી આવે છે તે નીચે આપેલ છે.

(૨) નીચે પ્રિયદસિએ ગુફાની આગળ નિગ્રોધ નામ વાપરેલ છે. એટલે અહીં એ ગુફાના નામ તરીકે નિગ્રોધ શબ્દ વાપરેલ છે. બાકી, નિગ્રોધનો અર્થ વડ થાય છે એટલે વડ-ગુફા કે વડવાળી ગુફા હોવાનો પણ પૂરતો સંભવ છે.

( ૩ ) સમય જતાં આ શબ્દ પર છેકા મારવામાં આવ્યા છે એટલે 'આજીવિક' શબ્દ અસ્પષ્ટ વંચાય છે.

( ૪ ) પ્રિયદર્શિને આજીવિકોને ગુફાઓનું દાન કર્યું છે તે વિધાન જ અશોક અને પ્રિયદર્શિન વચ્ચેની ભિન્નતા સૂચવી રહે છે. કેમકે ઇતિહાસમાં

...જીવિકો પ્રત્યે કોઈએ વધુમાં વધુ ક્રૂરતા દર્શાવી હોય તે કેવળ અશોકે છે. બૌદ્ધ ધર્મગ્રન્થોમાં જણાવ્યા પ્રમાણે પુણ્ડ્રવર્ધન નગરના આજીવિકોએ બુદ્ધમૂર્તિનું સહેજ અપમાન કરવાથી અશોકે ત્યાં ૧૮૦૦૦ આજીવિકોની કતલ કરાવી હતી તેમજ પાટલીપુત્રના આજીવિકોને પણ તેણે મરાવી નાંખ્યા હતા અને એવો હુકમ કાઢ્યો હતો કે આજીવિકનું માથું લાવનારને માથાદીઠ એકેક દીનાર ઇનામ મળશે. [ હિન્દી વિશ્વકોષ-ગ્ર. ૨. પૃ. ૬૪૪ ] જ્યારે પ્રિયદર્શિન તો અહીં આજીવિકોને દાન આપે છે, એટલું જ નહિ, અગાઉના સ્થંભલેખોમાં પણ તેણે આજીવિકો પ્રત્યે સમાન મૈત્રીભાવ દર્શાવ્યો છે. આવી ધર્મસમાનતા જૈનધર્મી સંપ્રતિએ જ દાખવેલી છે. એટલે પ્રિયદર્શિન એ સંપ્રતિનું ઉપનામ હોવાના મંતવ્યને આ ગુફાલેખ ટેકો આપે છે. અને બધી જ ધર્મ-લિપિઓને અશોકની જ માનનાર તથા ' देवानांप्रिय प्रियदसि ' એ નામ અશોકનું જ છે એવો અભિપ્રાય ધરાવનાર હુલ્ઝ પણ આ ગુફા-લેખો અશોકના હોવા પરત્વે તો શંકા જ દર્શાવે છેઃ [ We cannot however decide with certainty whether the three Barabar Hill-inscriptions belong to the same king (Ashok) or to another member of his dynasty ( Cor. Ins. Ind. intro. p. 29 ]

(૫) સમય જતાં આ શબ્દ પર ઉંકા મારવામાં આવ્યા છે એટલે ' આજીવિક ' શબ્દ અસ્પષ્ટ વંચાય છે.

(૬) મૂળમાં અહીં सुपिये स...दिना-એ પ્રમાણે વંચાય છે. હુલ્ઝ માને છે કે અહીં ઉપરના લેખની જેમ खलतिक पवतसि હોવું જોઇએ. પરંતુ જેક્સન કહે છે કે તૂટેલી જગ્યા વધુમાં વધુ પાંચ અક્ષર સમાઇ શકે એટલી જ છે. માટે ત્યાં ख आजीविकेहि હોવું જોઇએ. જેક્સનની માન્યતા આ ગણતરીએ તો સાચી જણાય છે. કેમકે ઉપરના બંને લેખમાં आजीविकेहि શબ્દ ઉંકી નાંખવાનો પાછળથી પ્રયાસ થયો છે તે જોતાં અહીં પણ તેવો પ્રયાસ થયો હોય અને તે સફળ નીવડ્યો હોય તે સંભવિત છે. પણ તે અર્થ લેતાં સુપિયે-સુપ્રિય વિશેષણ બંધબેસતું નથી થતું એટલે અમે હુલ્ઝના મતને જ માન્ય રાખેલ છે.

(૭) લેખના અંતે સ્વસ્તિક અને ખંજર ને તે બંનેની નીચે માછલી કોતરેલ છે તેમાંથી માછલી એ પાંડ્યનું રાજચિન્હ છે ને ખંજર એ ચેરનું રાજચિન્હ હોવા સંભવ છે. સ્વસ્તિક ચિન્હ કલિંગપતિ ખારવેલના શિલાલેખમાં પણ આદિ ને અંતભાગમાં કોતરાયેલ છે. સંભવિત છે કે પ્રિયદર્શીએ કલીંગ, પાંડ્ય ને ચેર પર મેળવેલા વિજયની યાદમાં આ ત્રણે ચિન્હ કોતરાયાં હોય.

# પરિશિષ્ટ—૧

## તારવણી

[અત્યાર લગી જગત એમ માનતું આવ્યું છે કે પ્રિયદર્શી એ બૌદ્ધ ધર્માવલંબી સમ્રાટ અશોકનું ઉપનામ છે અને પ્રિયદર્શીના નામે કોતરાયેલી ધર્મલિપિઓ બૌદ્ધ દર્શનથી સભર છે, પરંતુ આ ગ્રન્થના પ્રથમ ખંડમાં ઐતિહાસિક પ્રમાણો આપીને આપણે પુરવાર કરી ગયા છીએ કે પ્રિયદર્શી એ જૈન ધર્માવલંબી સમ્રાટ સંપ્રતિનું ઉપનામ છે અને આ ખંડમાં-ધર્મલિપિઓના પરિચ્છેદોમાં આપણે જોઇ ગયા છીએ કે એ ધર્મલિપિઓ જૈન દર્શનથી સભર છે.

ધર્મલિપિઓના પૂરા અભ્યાસને માટે તો એ પરિચ્છેદોમાં અપાયેલી મૂળ ધર્મલિપિઓ, તેના અનુવાદો તથા તે પરની નોંધો વગેરે વાંચી જવું જોઇએ, પરંતુ જે વાચકને એ બધું વાંચી જવાનો અવકાશ ન હોય અથવા એ વાંચી ગયા પછી પણ તેમાં કેટલી હદે જૈનત્વ અને કેટલા પ્રમાણમાં બૌદ્ધત્વ ગુંથાયલું છે તે પર ઊડતો દૃષ્ટિપાત કરવો હોય તેને ઉપયોગી થઈ પડશે એમ માનીને અહીં ધર્મલિપિઓની 'તારવણી'નું આ પરિશિષ્ટ ઉમેરેલ છે. તેમાં પ્રથમ એ ધર્મલિપિઓમાં જૈન દર્શનને સ્પર્શતા જે મુદ્દાઓ રહેલા છે તે ક્રમવાર દર્શાવ્યા છે; અને પછી તેમાં બૌદ્ધ દર્શનને સ્પર્શતા જે મુદ્દાઓ છે તે દર્શાવ્યા છે. તે બંનેના અવલોકન પછી, આ લિપિઓમાં જૈનત્વ પ્રધાનપદે છે કે બૌદ્ધત્વ, તે અંગે વાચક જાતે જ અભિપ્રાય બાંધે એમ ઇચ્છીએ છીએ. કોઈ મુદ્દા પર વિશેષ નિરીક્ષણ જરૂરી જણાય તો જે શાસનમાં તે મુદ્દો સમાયો હોય તે મૂળ શાસન, તેનો અનુવાદ અને તે પરની ફૂટનોટો અવલોકવી.]

### જૈન દૃષ્ટિએ

**શિલાલેખ**

**પ્રથમ શાસન—**

જીવહિંસા સામે પ્રતિબંધ

હિંસક ઉત્સવો-સમાજો-યજ્ઞયાગાદિનો વિરોધ

ધાર્મિક મહોત્સવોને ઉત્તેજન

રાજમંદિરમાં પશુ માંસાહારની બંધી

**દ્વિતીય શાસન—**

મનુષ્યનાં દવાખાનાંની સાથોસાથ દેશ-પરદેશમાં પાંજરાપોળોની સ્થાપના—

**તૃતીય શાસન—**

શ્રમણોને પવિત્ર-નિર્વિકલ્પ દાન

પ્રાણીઓ પ્રતે અનારંભભાવ

અલ્પ વ્યય

અપરિગ્રહ-વગેરેનો ઉપદેશ

**ચતુર્થ શાસન—**

ધર્મઘોષ-અમારી ઘોષણાને અપાયેલું મહત્ત્વ



તીર્થંકરની માતાઓ ગર્ભાધાન સમયે નીરખે છે અને આજે પણ જૈન ઉપાશ્રયોમાં પર્યુષણમાં બતાવાય છે તેવાં હાથી, વિમાન, અગ્નિસ્કંધ વગેરેના પ્રદર્શનની પ્રિયદર્શીને કરેલી શરૂઆતનો નિર્દેશ

પ્રાણનો અનારંભ

ભૂતોની અવિહિંસા

**પંચમ શાસન—**

'કલ્યાણ'નું સ્વરૂપ જૈન શાસ્ત્રોમાંની સર્વ કલ્યાણ કારણની પંક્તિને સમાંતર અર્થમાં જ આલેખાયું છે.

**ષષ્ઠમ શાસન—**

પાંચમા જૈન આચાર-વીર્યાચારને અનુરૂપ અર્થમાં જ પરાક્રમનું મહત્ત્વ અંકાયું છે.

**સપ્તમ શાસન—**

સંયમ અને ભાવશુદ્ધિનું પ્રતિપાદન

રાગ અને દ્વેષનો વિરોધ

અષ્ટમ શાસન–

મૃગયાનો ત્યાગ

તેને સ્થળે ધર્મયાત્રા–સંઘયાત્રાને પસંદગી

નવમ શાસન–

ધર્મમંગલનું આંકેલું મહત્ત્વ

ધર્મદાન–ધર્માનુગ્રહ વગેરેની પ્રશંસા

દશમ શાસન–

પરિગ્રહને અપુણ્ય તરીકે ઓળખાવી તેનો કરેલો નિષેધ

ધર્મમાર્ગમાં પરિત્યાગ અને પરાક્રમનું આંકેલું મહત્ત્વ

એકાદશમ શાસન–

ધર્મદાન, ધર્મસંસ્તવ, ધર્મસંવિભાગ અને ધર્મ-સંબંધની કરેલી પ્રશંસા

પ્રાણીના અનારંભનો ઉપદેશ

દ્વાદશમ શાસન–

દાન અને પૂજાના શ્રાવકધર્મનું પાલન

વચનગુપ્તીની આંકેલી મહત્તા

સમવાયમાં સુંદરતાનું નિરૂપણ

ત્રયોદશમ શાસન–

ધર્મપાલન, ધર્મપ્રેમ ને ધર્મોપદેશની પ્રગતિ

સર્વ ભૂતોની બાબતમાં અહિંસા, સંયમ, સમદૃષ્ટિ ને નમ્રતાની દર્શાવેલી ઇચ્છા

ધર્મવિજય ને ધર્મપ્રીતિની ઝંખના

અનાર્ય ભૂમિમાં પણ ધર્મદૂતોનો વિહાર

પ્રથમ-કલિંગ-ભિન્ન-શાસન–

આ યુગમાં પરલોકના વિષયમાં પ્રાપ્ય તરીકે સ્વર્ગનો જ નિર્દેશ થયો છે.

દ્વિતીય-કલિંગ-ભિન્ન-શાસન–

ધર્મલિપિના શ્રવણને માટે ચાતુર્માસી તેમજ પુષ્ય નક્ષત્ર (પોષ દશમની આસપાસનો સમય)નો નિર્દેશ

રૂપનાથ-સહસ્રામ-વૈરાટ–

અઢી વર્ષ લગી પોતે સામાન્ય-નિષ્ક્રિય-ધાર્મિક પરાક્રમરહિત શ્રાવક–ઉપાસક હોવાનો નિર્દેશ

તે પછી સંઘયાત્રાદિ ધાર્મિક પરાક્રમની શરૂઆત

જંબૂદ્વીપના જે જે ભાગોમાં દેવમૂર્તિઓ નહોતી ત્યાં ત્યાં પણ તે ભરાવી–મિશ્રિત બનાવી હોવાનો ઉલ્લેખ

(મહાવીર સંવત) ૨૫૬ (ના આંક)નો નિર્દેશ

બ્રહ્મગિરિ-સિદ્ધાપુર-જટીંગ રામેશ્વર–

સંઘયાત્રા દરમિયાન સુવર્ણગિરિ તીર્થપર જઇ પહોંચ્યાનો ઉલ્લેખ

મસ્કી–

ઉપાસકપણાનો નિર્દેશ

સંઘયાત્રાનો નિર્દેશ

## સ્થંભલેખ

પ્રથમ શાસન–

ધર્મમાર્ગે પાલન, ધર્મમાર્ગે અમલ, ધર્મમાર્ગે સુખસિદ્ધિ ને ધર્મમાર્ગે સંરક્ષણ

દ્વિતીય શાસન–

ધર્મનાં મુખ્ય અંગો તરીકે અલ્પ આશ્રવ, અતિ પુણ્ય, દયા, દાન, સત્ય ને શૌચની કરાવેલી ઓળખ

ચક્ષુદાનનો નિર્દેશ

પ્રાણીઓના દ્વિપદ, ચતુષ્પદ, પક્ષી, વારિચર વગેરે પ્રકારોનો કરાવેલ પરિચય

તૃતીય શાસન–

પાપ અને આશ્રવ વચ્ચે આંકેલો ભેદ

આશ્રવનાં અંગો તરીકે ચંડ, નિષ્ઠુરતા, ક્રોધ, ગર્વ, ઇર્ષા વગેરેનો થયેલો નિર્દેશ

ચતુર્થ શાસન–

જૈન શાસ્ત્રોમાં જણાવ્યા અનુસાર સંપ્રતિએ 'પુરુષ' સંજ્ઞાથી ઓળખાતા વેષધારી સાધુઓને ધર્મપ્રચારાર્થે અનાર્યભૂમિમાં પણ મોકલ્યા હતા.

આ શાસનમાં પ્રિયદર્શી જણાવે છે કે પે. એવા 'પુરુષ' સંજ્ઞક ઉપદેશકોને ધર્મપ્રચારાર્થે સર્વ મોકલેલા છે.

કેદીઓને મરણ સમયે દાન અને અનુષ્ઠ (આજીવન ઉપવાસ)નો આશ્રય લેવાની અપાયેલી સગ

પંચમ શાસન–

જીવથી જીવનું પોષણ ન કરવાની સલાહ

જીવાતવાળું થૂલું કે જંગલો બાળવા સામે મૂકાયલો પ્રતિબંધ

ખસી-ક્રિયાની મર્યાદા અને પર્વ દિવસોમાં તેની ક્રિયા સામે મૂકાયલો પ્રતિબંધ

પર્વો તરીકે પૌષધ-દિવસો ( અષ્ટમી-ચતુર્દશી ), પૂર્ણિમા, ચોમાસી ચૌદશની આસપાસનાં અઠવાડિયાં, પૌષદશમની આસપાસનો સમય-વગેરેની અપાયલી ઓળખ

એ પર્વદિવસોમાં જીવહિંસા, મત્સ્યવધ તેમજ વ્યાપાર, ખસીક્રિયા, મૃગયા આદિ સામે મૂકાયલો સખત પ્રતિબંધ

**પષ્ઠમ શાસન—**

આ સ્થંભલેખમાં પ્રિયદર્શી પોતાના ધર્મની ઓળખ આપતાં કહે છે કે, 'બધા ધર્મોને મેં વિવિધ પ્રકારની પૂજાથી સન્માન્યા છે, પણ મારો પોતાનો મુખ્ય ધર્મ તો એ છે કે જેમાં આત્માનું પ્રતિક્રમણ થઇ શકે છે.'

**સપ્તમ શાસન—**

ધાર્મિક દાનની સાથોસાથ ધર્માનુષ્ઠાનને પણ આપેલું મહત્ત્વ

રાજધર્મ લેખે પોતે બગીચા, આંબાવાડીઓ, કૂવા, ધર્મશાળાઓ વગેરે પરિભોગનાં સાધનો સર્જાવ્યાં હોવાનું દર્શાવીને પછી એ બધાંની તુચ્છતા સૂચવે છે અને ધર્માનુસરણ પર જ વિશેષ ભાર મૂકે છે.

ધર્મનિયમન અને નિદિધ્યાસન એ ધર્મવિકાસના બે માર્ગ દર્શાવીને પછીથી તેમાં વિશેષ ભાર નિદિધ્યાસન-ભાવ પર મૂકયો છે.

ધર્મવૃદ્ધિના મહામાર્ગ તરીકે ભૂતોની અવિહિંસા અને પ્રાણી પ્રત્યેના અનારંભભાવનો કરેલો નિર્દેશ

**સારનાથ સ્થંભલેખ—**

મહામાત્રાઓ પણ નિયમિત પૌષધ કરતા હોવાનું સૂચન

---

## બૌદ્ધ દૃષ્ટિએ સંભવિત—શિલાલેખ

**અષ્ટમ શાસન—**

આ લેખમાં પ્રિયદર્શી પોતાના રાજ્યાભિષેકના દશમા વર્ષે 'સંબોધિ' ની ધર્મયાત્રાએ ગયાનો નિર્દેશ છે. કેટલાક વિદ્વાનો સંબોધિ એટલે જ્યાં ભગવાન બુદ્ધને જ્ઞાન ઉપજ્યું હતું તે-ગયાનું બોધિવૃક્ષ માની લઇ પ્રિયદર્શીને બૌદ્ધ રાજવી તરીકે ઓળખાવે છે.

**કલકત્તા વૈરાટનો શિલાલેખ—**

આ લેખમાં પ્રિયદર્શીએ કોઇક સ્થળે એકત્ર થયેલા બૌધ્ધસંઘ પર શુભેચ્છાનો સંદેશો મોકલાવરાવેલો તે પ્રગટ થયો છે.

**મસ્કીનો શિલાલેખ—**

આ શિલાલેખમાં પોતે અઢી વર્ષ લગી સામાન્ય ઉપાસક રહ્યો એ દર્શાવવાને પ્રિયદર્શીએ કોતરાવરાવેલો 'ઉપાસક' શબ્દ 'બુપાસક' જેવો વંચાય છે. કેટલાક વિદ્વાનો પ્રિયદર્શી એ અશોક એટલે કે બૌધ્ધ ધર્માવલંબી રાજવી છે એમ પહેલેથી જ માની લઇને 'બુપાસકે' ને સ્થળે 'બુદ્ધશકે' એવો સુધારો સૂચવે છે.

આ શિલાલેખમાં પ્રિયદર્શીએ પોતાના વડીલ તરીકે 'અશોક' નો નિર્દેશ કર્યો છે. પણ એ સંબંધની સ્પષ્ટતા કરતા શબ્દો આ લેખમાં તૂટી ગયેલા છે અને અશોકસ એટલા જ અક્ષરો વંચાય છે. તે પરથી કેટલાક વિદ્વાનો પ્રિયદર્શી એ જ બૌધ્ધ ધર્માવલંબી અશોક એમ માની લે છે.

## સ્થંભલેખ

**કૌશામ્બી-સારનાથ-સાંચી—**

સંઘના નિયમોનો ભંગ કરનાર ભિક્ષુ-ભિક્ષુણીને ધોળાં વસ્ત્ર પહેરાવીને આવાસની બહાર મૂકવામ આવશે એવી દર્શાવેલી ઇચ્છા

**રૂમ્મિન્ડેઈ સ્થંભલેખ—**

બુધ્ધ જન્મસ્થાનકની મુલાકાત લઇ ત્યાં સ્થંભનો કરાવ્યાનો ઉલ્લેખ છે.

**નિગ્લીવ સ્થંભલેખ—**

બુધ્ધ કોનાકમનના સ્તૂપની મુલાકાત લઇ તે સ્થંભ ઊભો કરાવ્યાનો નિર્દેશ છે.

આ રીતે પ્રિયદર્શીના ૧૪ મુખ્ય શિલાલેખ, ૭
મુખ્ય સ્થંભલેખ, ૨ ભિન્ન શિખાલેખ, ૮ ગૌણુ શિલા-
લેખ, ૬ ગૌણુ સ્થંભલેખ તથા ૩ ગુફાલેખ—એમ કુલ
૪૦ લેખોમાંથી ૧૨ મુખ્ય શિલાલેખ, ૭ મુખ્ય સ્થંભ-
લેખ, ૨ ભિન્ન શિલાલેખ, ને ૬ ગૌણુ શિલાલેખ એમ
૨૭ લેખમાં પૂર્ણપણે જૈનત્વને જ પ્રધાનપદ અપાયલું
છે; ૧ ગૌણુ શિલાલેખ ને ૪ ગૌણુ સ્થંભલેખોમાં બૌદ્ધ-
ત્વને પ્રધાનપદ અપાયાનું માનવામાં આવે છે; ને ૧
મુખ્ય શિલાલેખ, ૧ ગૌણુ સ્થંભલેખમાં બંને ધર્મને
સંયુક્ત સ્થાન અપાયું જણાય છે; જ્યારે ચૌદમો મુખ્ય
શિલાલેખ, દેવી-શાસનનો ગૌણુ સ્થંભલેખ ને ત્રણ ગુફા-
લેખમાં ધાર્મિક વિશિષ્ટતા નથી જણાતી. તેમ છતાં
ઐતિહાસિક દૃષ્ટિએ વિચારણા કરીએ તો ત્રણે ગુફા-
લેખો પણ જૈનત્વના જ દ્યોતક ઠરે છે. કેમકે એમાં
પ્રિયદર્શીએ આજીવિકોને ગુફાઓ ભેટ આપ્યાનો ઉલ્લેખ
છે. બૌદ્ધ શાસ્ત્રોમાં જણાવ્યા અનુસાર અશોકે તો આજી-
વિકોની કતલ ચલાવરાવેલી. જ્યારે જૈન ધર્માવલંબી
સંપ્રતિએ તેમના પ્રત્યે સદ્ભાવ દર્શાવેલો હોઈ આ
ગુફાલેખો પણ જૈન ધર્મની સાથે જ સંકળાઇ જાય છે.

આમ દેખીતી રીતે જ પ્રિયદર્શીની ધર્મલિપિઓમાં
જૈનત્વને પ્રાધાન્ય અપાયું છે. તેમાં બૌધ્ધત્વની ક્યાંક
ક્યાંક જે અસર જણાય છે તે પ્રિયદર્શી યાને સંપ્રતિના
પુરોગામી નૃપતિ અશોકે બૌધ્ધધર્મને રાજધર્મ બનાવેલો
તેને આભારી છે. અશોકે બૌધ્ધ ધર્મને જે વિશ્વવ્યાપી
સ્વરૂપ આપ્યું તેને તેની પછી તરત જ ગાદીએ આવનાર
તેનો પૌત્ર સમૂળગું નિર્મૂળ ન બનાવી શકે. પોતે ધર્મ-
પરિવર્તન કરીને જૈન ધર્મ સ્વીકાર્યો છતાં પોતાના
પુરોગામી નૃપતિ અને પિતામહ અશોકના ધર્મ પ્રતિ
યોગ્ય આદર તો તેણે દર્શાવવો જ જોઇએ. રૂમ્મિન્ડેઇ-
નિગ્લીવના ગૌણુ સ્થંભલેખો કે કલકત્તા-વૈરાટના
ગૌણુ શિલાલેખો કેટલેક અંશે એ વસ્તુસ્થિતિને
આભારી છે.

# પરિશિષ્ટ-૨

## ધર્મલિપિઓ કોતરાવવા અંગે સ્થળ-પસંદગી

પ્રિયદર્શીએ ધર્મલિપિઓ કોતરાવવાને માટે જે જે સ્થળો પસંદ કર્યાં છે તે અંગે જુદાં જુદાં મંતવ્યો અત્યારે પ્રચલિત છે. રૂપનાથ વગેરે ગૌણ શિલાલેખોમાં (જુઓ પૃ. ૧૨૮) અને સાતમા મુખ્ય સ્થંભલેખમાં (જુઓ પૃ. ૧૭૫) પ્રિયદર્શીએ જણાવ્યું છે કે-'આ ધર્મલિપિઓ જ્યાં જ્યાં શિલાસ્થંભો કે શિલાફલકો મળે ત્યાં ત્યાં કોતરાવવી.' એ વાક્યોને ખ્યાલમાં રાખીને એક પક્ષ એમ જણાવે છે કે, 'ધર્મલિપિઓ કોતરાવવાનાં સ્થળો અંગેનો નિર્ણય પ્રિયદર્શીએ જાતે કોઈ ખાસ ઉદ્દેશને લક્ષમાં રાખીને કર્યો હોય તે સંભવિત નથી. તેણે જ્યાં જ્યાં સુઘટિત સ્થળ મળી આવે ત્યાં ત્યાં તે કોતરાવવા અંગે અમલદારોને પૂરતી છૂટ આપી દીધી છે. એટલે સ્થળ પસંદગીમાંથી કોઈ ખાસ અર્થ તારવવાને પ્રયત્ન કરવો તે નિરર્થક છે.' જ્યારે ડૉ. ભાંડારકર વગેરે કેટલાક વિદ્વાનો સામ્રાજ્યની વાયવ્ય સરહદમાં શાહબાઝગઢી અને મન્શેરા, પશ્ચિમે ગિરનાર ને સોપારા, દક્ષિણે બ્રહ્મગિરિ, સિધ્ધાપુર ને જટીંગ-રામેશ્વર, અગ્નિકોણમાં ધૌલી-જગૌડા તેમજ ઉત્તરે કાલ્સી વગેરેનો નિર્દેશ કરીને એમ દર્શાવવા પ્રયત્ન કરે છે કે પ્રિયદર્શીએ ધર્મલિપિઓ કોતરાવવાનાં સ્થળ તરીકે સામ્રાજ્યની સરહદો અને પ્રાન્તનાં પાટનગરોને ખાસ ધ્યાનમાં રાખેલ છે. તો પ્રિયદર્શીને અને તેની ધર્મલિપિઓને પૂર્ણપણે બૌદ્ધ ધર્માવલંબી માનતા કેટલાક વિદ્વાનો ઉક્ત સ્થળો બૌદ્ધ ધર્મ સાથે સંકળાયાં હશે એવી કલ્પના કરે છે. હવે આ ત્રણ મંતવ્યોમાં સમાયેલા દોષો પર દૃષ્ટિપાત કરી આપણે સ્થળ-પસંદગી અંગે ઉપરોક્ત ત્રણ કરતાં કોઈ વધારે પ્રમાણભૂત નિર્ણય સંભવિત છે કે કેમ તે વિચારી જઈએ.

પ્રિયદર્શીએ જ્યાં જ્યાં શિલાફલકો કે શિલાસ્થંભો મળે ત્યાં ત્યાં ધર્મલિપિઓ કોતરાવવાની કરેલી સૂચના તો એક ઔપચારિક અને ઉત્સાહ-પ્રેરક આદેશ છે. તેની પાછળ તેના અક્ષરશઃ અમલનો આશય કોઈ પણ સમ્રાટ સેવી ન શકે; કેમકે તેની જો એવી જ ઇચ્છા હોય તો અમલદારો પોતાની અડધી શક્તિ મહારાજ્યમાં હજારો સ્થળે મળી આવતી શિલાઓ પર ધર્મલિપિઓ કોતરવામાં જ ગાળી દે. પ્રિયદર્શીની એવી ઇચ્છા હોઇજ ન શકે, તેમજ ધર્મલિપિઓ પણ અમુક મર્યાદિત સ્થળે જ કોતરાયલી મળી આવે છે. એટલે ધર્મપ્રચાર અને ઉત્સાહ વધારવાને માટે ઉપરોક્ત વાક્યો કોતરાવવા છતાં પ્રિયદર્શીએ ધર્મલિપિઓ ક્યાં ક્યાં કોતરવી તે અંગેનો સ્થળનિર્ણય તો જાતે જ અમુક ઉદ્દેશને લક્ષમાં રાખીને કરેલ હોવો જોઇએ. હવે એ ઉદ્દેશ કયો તે વિચારી જઇએ.

ડૉ. ભાંડારકર એ ઉદ્દેશને રાજકારણ સાથે સાંકળે છે, એટલે કે ધર્મલિપિઓ કોતરાવવાને માટે તેણે સામ્રાજ્યની સરહદો અને પ્રાંતનાં પાટનગરોને લક્ષમાં રાખ્યાં હોય એવો અભિપ્રાય દર્શાવે છે. આવો ઉદ્દેશ સંભવી શકે છે પણ આ ધર્મલિપિઓના વિષયમાં તે સામે મુખ્ય વાંધો એ છે કે કેટલીક સરહદો પર તે છે તો બીજી કેટલીક પર નથી, તો કેટલેક સ્થળે તે તદ્દન નજીક નજીક આવેલી છે તો કેટલાક પ્રદેશોમાં તે સમૂળગી નથી મળતી. બંગાળ, આસામ, પંજાબ અને કાશ્મીર જેવા મૌર્ય સામ્રાજ્યના મહત્ત્વના પ્રદેશોમાં તેનું નામનિશાન નથી જ્યારે શાહબાઝગઢી ને મન્શેરાના મુખ્ય શિલાલેખો સરહદ પ્રાંતમાં નજીક નજીક આવેલા છે; બ્રહ્મગિરિ, સિદ્ધાપુર

ને જટીંગ-રામેશ્વરના ત્રણ ગૌણ શિલાલેખો મ્હેસુર રાજ્યમાં સિદ્દાપુરની આસપાસ પથરાયલા છે અને લૌરિય-અરરાજ, લૌરિય-નંદનગઢ ને રામપૂર્વા એ ત્રણે સ્થંભો ચંપારણ્યમાં નજીક નજીકમાં આવેલા છે. ધર્મલિપિઓનો મોટો ભાગ એકંદરે બિહાર અને સંયુક્ત પ્રાંતોમાં મળી આવે છે. આ સંયોગોમાં લિપિઓના કોતરકામનો સંબંધ સામ્રાજ્યની સરહદો કે તેનાં પાટનગરો સાથે સાંકળવો તે સુઘટિત નથી.

આ ગ્રંથમાં આપણે પુરવાર કરી રહ્યા છીએ કે પ્રિયદર્શી એ જૈન સમ્રાટ સંપ્રતિનું ઉપનામ છે અને પરિણામે તેણે કોતરાવરાવેલી ધર્મલિપિઓને અને તે અંગે પસંદ કરાયલાં સ્થળોને બૌધ્ધ ધર્મ સાથે કોઈ સંબંધ ન હોઈ શકે. તેમ છતાં એ વિધાનને બાજુએ રાખીએ તોપણ ધર્મલિપિઓથી શોભતી શિલાઓ કે સ્થંભો જ્યાં જ્યાં ઊભેલાં છે તેમાંના મોટા ભાગને બૌધ્ધ તીર્થસ્થળો સાથે કોઈ સંબંધ નથી. બૌધ્ધોના પરમ તીર્થસ્થાન બોધિગયાના વૃક્ષની નજીકમાં એકે સ્થંભ કે શિલા નથી. જ્યારે જ્યાં જ્યાં એ શિલાઓ કે સ્થંભો ઊભેલાં છે તે બધાં જ સ્થળો જૈન ધર્મની પવિત્ર તીર્થભૂમિઓ છે.

ચૌદ મુખ્ય શિલાલેખો ગિરનાર, કાલ્સી, શાહબાઝગઢી, મન્શેરા, ધૌલી, જૌગડ ને સોપારા એમ સાત સ્થળે અખંડ કે તૂટેલી હાલતમાં મળી આવે છે. તેમાં ગિરનાર એ મહાન જૈન તીર્થ છે ને બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ ત્યાં નિર્વાણ પામ્યા હતા. જ્યાં કાલ્સીના શિલાલેખ કોતરાયા છે ત્યાં અષ્ટાપદ પર્વતની તલેટી આવેલી હતી અને તે પર્વત ઉપર પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ નિર્વાણ પામ્યા હતા. શાહબાઝગઢી ને મન્શેરા પ્રાચીન ગાંધારના એ ભાગમાં છે કે જ્યાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના પુત્ર બાહુબલીએ શાસન ચલાવ્યું હતું, જ્યાં બાહુબલી અને તેના જ્યેષ્ઠ બંધુ ભરત વચ્ચે યુદ્ધ થયું હતું, જ્યાં ભગવાન શ્રી ઋષભદેવના વિહારની સ્મૃતિને અમર બનાવવાને બાહુબલીએ ધર્મચક્ર અને ચરણ-પાદુકાઓ સ્થાપી તે પર ભવ્ય સ્તૂપ[1] ચણાવરાવ્યો હતો અને જ્યાં, શ્રવણ બેલગોલમાં ગોમટેશ્વરની જે સ્વરૂપમાં મૂર્તિ મળી આવે છે એ જ સ્વરૂપમાં ખડા રહીને બાહુબલીએ મહાતપ કર્યું હતું ને જ્ઞાનપ્રાપ્તિ

---

૧ આ સ્તૂપ, આ લેખો અને આ ભૂમિ જૈન તીર્થસ્થળ હોવાનો અસ્પષ્ટ ખ્યાલ ચીનના બૌધ્ધ યાત્રી હ્યુએન્સંગને પણ હતો તે તેના નીચેના વર્ણન પરથી જણાઈ આવે છે.

' તક્ષશિલાથી ૧૪૦ માઈલ દક્ષિણ પૂર્વે સિંહપુર રાજ્ય છે. તેનો ઘેરાવો ૭૦૦ થી ૭૨૫ માઈલનો છે. રાજધાનીનો ઘેરાવો ૨૫ માઈલ છે. રાજધાનીની ૨૦ માઈલ દક્ષિણ પૂર્વે અશોક (?)-સ્તૂપ છે. તેની નજીકમાં જ જૈનોના મૂળ ભગવાનને જ્ઞાન ઉપજેલું. જ્યાં જ્ઞાન ઉપજેલું ત્યાં તેને લગતો લેખ છે. નજીકમાં જ મંદિર છે. હજારો યાત્રાળુઓ યાત્રા આવ્યા કરે છે. ત્યાં તપ [illegible] થાય છે. આ ભાગ ઘણો જ રમણીય છે. અહીં એકમેક સાથે સંકળાયલાં ૨૦ સરોવરો છે. આસપાસ ઘણા પત્થરો ખડકાયલા છે. કમનો [illegible] છે. નજીકમાં જ બૌધ્ધ સંઘારામ છે પણ ત્યાં એક સાધુયે રહેતા નથી. જુદાના ને [illegible] ઘણાખરા [illegible] મળતા છે, તેમના મોટા સાધુઓ જિન તરીકે ઓળખાય છે, ને સામાન્ય [illegible] તરીકે. એક [illegible] રહે છે, બીજો [illegible] પહેરે છે. [illegible] મૂર્તિ [illegible] મૂર્તિ સાથે [illegible] મળતી જ આવે છે. આ પ્રદેશ પર્વતીય છે. અહીંથી [illegible] દક્ષિણ પૂર્વે ૨૦૦ માઈલના ઘેરાવાનું [illegible] નામે રાજ્ય છે, ને ત્યાંથી ૨૦૦ માઈલ દક્ષિણ પૂર્વે કાશ્મીર છે.'

હ્યુએન્સંગની ઉપરોક્ત નોંધમાં વિશેષણો તેમજ આંકડા-સંખ્યા વિશ્વાસપાત્ર નથી જણાતાં પણ તેણે ભાવે નીરખેલા પ્રમાણ તરીકે સ્તૂપ, લેખ, જૈનોના પ્રથમ તીર્થંકરની જ્ઞાનપ્રાપ્તિ અંગેની કિંવદંતી, તેમજ સ્થળનું વર્ણન વગેરે આ આ સ્થળ અને પ્રસંગ સાથે પ્રધાનતઃ મળતાં આવે છે. બધા જ પરદેશી બૌધ્ધ યાત્રીઓએ ભારતમાંના દરેક સ્તૂપોને અશોકના સ્તૂપ તરીકે માની લીધા છે એ જ પ્રમાણે હ્યુએન્સંગે બાહુબલીના સ્તૂપને અશોક-સ્તૂપ માની લીધેલ હોવાનો સંભવ છે. પ્રથમ જૈન તીર્થંકરને અહીં જ્ઞાન ઉપજેલું એમ નહિ (પણ તેમના પુત્રને આ પ્રદેશમાં જ્ઞાન ઉપજેલું છે) પણ તે અહીં વિહાર કરીને દ્રવ્યાનુદ્રવ્ય [illegible] ત્યારે બાહુબલીએ સ્મૃતિ કાયમ રાખવાને ત્યાં પાદુકાઓ બનાવરાવી, હ્યુએન્સંગે નિર્દેશેલ લેખ જ્ઞાનપ્રાપ્તિને લગતો લેખ તે કરતાં શ્રી ઋષભદેવના વિહારની સ્મરણપ્રાપ્તિ લેખે સંપ્રતિએ કોતરાવેલ શાહબાઝગઢી કે મન્શેરાના લેખોમાંથી એકાદ હોવાનો સંભવ છે.

બાહુબલીએ પ્રતિષ્ઠિત કરેલા ધર્મચક્રના બારેમાં [illegible] જૈન સ્તોત્રોમાં 'ચક્રવર્તિ'ના નામે ઓળખાયું છે:

तक्षशिलायां च धर्मचक्र मथुरा योद्धा प्रतिष्ठानगे

સાધી હતી કે જ્યાં આગળ વિદ્વાનોના મતે જૈન અવશેષ સમાન માણિકયાલનો સ્તૂપ શોભી રહ્યો છે. જ્યાં ધૌલીના શિલાલેખ છે ત્યાં લગી અગાઉ સમ્મેતશિખર પર્વતની તલેટી લંબાયલી હતી અને ઉક્ત પર્વત પર વીશ તીર્થંકરો નિર્વાણ પામ્યા હતા. જ્યાં જગૌડાના શિલાલેખ છે તે ભૂમિ, ખારવેલના શિલાલેખમાં નિર્દેશાયલ કલિંગજિનમૂર્તિના ભવ્ય ઐતિહાસિક મંદિરથી વિખ્યાત બનેલી. કેટલાક સમય લગી તે મૂર્તિ જીરાવલા પાર્શ્વનાથના નામે ઓળખાયલ. પણ બપ્પભટ્ટસૂરિ અને આમરાજાના ઐતિહાસિક વૃત્તાંતમાં આલેખાયું છે તે પ્રમાણે શંકરાચાર્યે તે તીર્થ પર આક્રમણ કરી મૂર્તિ પર ઓલું-ઓળું ચડાવ્યું ને તીર્થને શૈવતીર્થ બનાવી દીધું. આજે તે જગન્નાથપુરીના નામે ઓળખાય છે. સોપારા પ્રાચીન કાળમાં મહત્ત્વનું જૈન તીર્થ હતું. રાજકીય દૃષ્ટિએ તે ભરૂચ કરતાં પણ વિશેષ મશહૂર વ્યાપારી બંદર હતું. ત્યાં પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથનું ભવ્ય જૈન મંદિર હતું. અને જૈન નૃપતિ શ્રીપાળ ત્યાં રાજકુમારી તિલકસુંદરી વેરે પરણેલો. ભગવાન મહાવીરના સમયમાં હિંદમાં આવીને દીક્ષા લેનાર બેબીલોનનો રાજકુમાર આર્દ્રકુમાર આ જ બંદરે ઊતરેલો. તે સ્થળે જૈન મુનિઓનો સતત વિહાર રહેતો અને જ્યાં ઇ. સ. ૫૭ માં ભયંકર દુષ્કાળ પ્રવર્તી રહ્યો હતો, તેનો અંત કેવા સંયોગોમાં આવશે તે ભાખી વજ્રસૂરિ નામના આચાર્યે ગ્રક્ષ પર્વત તરફ પ્રયાણ કર્યું હતું. જૈનોનો શૂર્પારક ગચ્છ તે સ્થળને આભારી છે.

ગૌણ શિલાલેખો રૂપનાથ, સહસ્રામ, વૈરાટ, બ્રહ્મગિરિ, સિદ્દાપુર, જટીંગ-રામેશ્વર ને મસ્કી એમ સાત (કલકત્તા-વૈરાટના નામે ઓળખાતો શિલાલેખ પણ મૂળ તો વૈરાટમાં જ કોતરાયલો એટલે તેને માટે ભિન્ન સ્થળનો નિર્દેશ બિનજરૂરી છે) સ્થળે કોતરાયલ છે. તેમાંથી રૂપનાથ એ બારમા જૈન તીર્થંકર વાસુપૂજ્યની જન્મ તેમજ નિર્વાણ-ભૂમિ છે.[૨] સહસ્રામના સ્થળે પ્રાચીન કાળમાં ભદ્દીલપુર નામે નગરી વસેલી હતી. દશમા જૈન તીર્થંકર શીતળનાથનો ત્યાં જન્મ થયેલો તેમજ દીક્ષા-જ્ઞાન વગેરે પણ ત્યાં જ થયેલ. આજે પણ નજીકના પહાડ પર જૈન મંદિરો, મૂર્તિઓ તેમજ જિનપાદુકાનાં અવશેષ મળી આવે છે. સમ્રાટ અશોકનું મરણ પણ તે જ સ્થળ થયેલ હોવાનો સંભવ છે.[૩] વૈરાટના શિલાલેખનું સ્થળ પ્રાચીન કાળમાં મશહૂર જૈન તીર્થ હતું અને ત્યાં રાવણ-મંદોદરીએ પ્રતિષ્ઠિત કરેલ રાવણ-પાર્શ્વનાથનું ભવ્ય જૈન મંદિર હતું. બ્રહ્મગિરિ, સિદ્દાપુર ને જટીંગ-રામેશ્વરના લેખો મ્હૈસુર રાજ્યના એ ભાગમાં આવેલા છે કે જ્યાં પ્રાચીન કાળમાં જૈનો અપ્રતિમ જાહોજલાલી ધરાવતા હતા. જ્યાંથી બ્રહ્મગિરિનો લેખ મળ્યો છે તે પર્વતશ્રેણિ પ્રાચીનકાળમાં કનકગિરિ અથવા હેમકૂટગિરિ[૪] ના નામે ઓળખાતી હતી અને તે સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથનું વિશ્વવિખ્યાત તીર્થ હતું. ત્યાંથી થોડે છેટે હોલીપટ્ટણ તીર્થમાં પણ પ્રિયદર્શી-સંપ્રતિએ ૧૦૧

---

૨. પ્રાચીન ભારતવર્ષ ભાગ બીજો પૃ. ૩૧૪ ને ભાગ પાંચમો પૃ. ૩૧૯ ની ટીપ.

૩. પ્રાચીન ભારતવર્ષ ભાગ બીજો પૃ. ૩૧૧.

૪ सम्मेते तारके या कुलगिरि शिखरे ऽष्टापदे स्वर्णशैले।
कर्णाटे हेमकूटे विकट तरतरे चक्रकूटे च भोटे॥

પાછળ અમે બ્રહ્મગિરિના શિલાલેખની નોંધમાં (પૃ. ૧૩૩) લેખ લખાવી ગયા છીએ કે-" બ્રહ્મગિરિના શિલાલેખમાં નિર્દેશાયલ 'સુવર્ણગિરિ' એ નહોર નજીકનું સુવર્ણગિરિ હોવું જોઈએ." પરંતુ કર્ણાટક ઉપરોક્ત શ્લોકમાં એ નામને મળતાં બે દીપે (સ્વર્ણશૈલ ને હેમકૂટગિરિ) ની નોંધ લેવાણી છે. તેમાંથી સ્વર્ણશૈલ એ ઝલોરની નજીકના ભગવાન મહાવીરના પ્રાચીન ભવ્ય મંદિરથી શોભતા સુવર્ણગિરિ તીર્થ માટે વપરાયેલ શબ્દ છે, જ્યારે હેમકૂટગિરિ એ રાયચુર નજીકના કનકગિરિ, હેમકૂટગિરિ અથવા સુવર્ણગિરિને માટે વપરાયેલ શબ્દ છે. તે ભગવાન શાંતિનાથના સ્વર્ણિમ મંદિર શોભતું તીર્થ હતું. આજે પણ તે પર્વતશ્રેણી કનકગિરિના નામે ઓળખાય છે. આ પરથી બ્રહ્મગિરિના શિલાલેખમાં નિર્દેશાયેલ સુવર્ણગિરિ સ્થળ તે ઝલોરની નજીકના સુવર્ણગિરિ કરતાં રાયચુર નજીકનું કનકગિરિ-સુવર્ણગિરિ-હેમકૂટગિરિ હોવા વિશેષ સંભવ છે. મૂળ પણ એ જ મંતવ્ય ધરાવે છે.

# અ નુ ક્ર મ

જૈન મંદિરો બંધાવરાવેલાં, જેનાં અવશેષો આજે પણ હયાત છે. મસ્કીનો શિલાલેખ પણ કનકગિરિની ઉત્તરે એ પ્રદેશમાં મળી આવેલ છે કે જે પ્રાચીનકાળમાં પવિત્ર જૈન તીર્થ તરીકે 'કર્ણાટક' ના સમૃદ્ધસૂચક નામથી ઓળખાયલ છે.[૫] આ સમસ્ત પ્રદેશ પ્રાચીન અને મધ્ય કાલીન જૈન તીર્થોના સ્મરણાવશેષ સમો છે. ધારવાડ જીલ્લામાં આવેલા બંકાપુરમાં પ્રાચીન કાળમાં ભવ્ય જૈન વિદ્યાલય હતું અને આજે પણ જૈન મંદિર તેમજ કેટલાક શિલાલેખો ત્યાં મોજુદ છે. લંકુડીમાં પચાસ જિનાલયો અને ૩૫ શિલાલેખો છે. કુંતલગિરિ, માલખેડ, પંઢરપુર વગેરે પણ નોંધપાત્ર જૈન તીર્થો હતાં. દક્ષિણ હૈદરાબાદથી લગભગ ૩૫ માઈલે આવેલ કુલ્પાકજી તીર્થ તો આજે પણ દક્ષિણનું મશહૂર જૈન તીર્થ છે. તે ઉપરાંત લક્ષ્મેશ્વર, હળી, ગદગદ, મુળગુંદ, બાગલકોટ, સતલગી વગેરે સ્થળે મળતા ભવ્ય જૈન અવશેષો મસ્કી, બ્રહ્મગિરિ, સિદ્ધાપુર ને જટીંગ-રામેશ્વર નાં લેખો વાળા કર્ણાટક વિસ્તારમાં પ્રાચીનકાળમાં જૈનોની કેટલી જાહોજલાલી હતી તેના સૂચક છે.

જેના પર મુખ્ય સ્થંભલેખો કોતરાયલ છે તે ૭ સ્થંભો ટોપ્રા, મીરત, કૌશાંબી, અરરાજ, નંદનગઢ ને રામપુર્વા એ સ્થળે ઊભા કરાયલ. તેમાંથી ટોપ્રા અને મીરતના સ્થંભો ફીરોઝશાહ દિલ્હી ઉપાડી ગયો એટલે તે બન્ને અનુક્રમે દિલ્હી-ટોપ્રા ને દિલ્હી-મીરતના નામે ઓળખાય છે. કૌશાંબીનો સ્થંભ અકબર અલ્હાબાદ ઉપાડી ગયો એટલે તે અલ્હાબાદ-કૌશાંબીના નામે ઓળખાય છે. અરરાજ ને નંદનગઢના સ્થંભો લૌરીય ગામની આસપાસમાં હોય તે બન્નેની સાથે લૌરીય નામ સાંકળવામાં આવ્યું છે. ( સ્થંભોના વિશેષ પરિચય માટે જુઓ પૃ. ૧૬-૧૭-૧૮-૧૪૨ ).

દિલ્હી-ટોપ્રા અને દિલ્હી-મિરતના સ્થંભો જ્યાં ઊભા કરાયલા તે સ્થળો અનુક્રમે હસ્તીનાપુર અને કાંપિલ્યપુર નામે પ્રાચીન જૈન તીર્થ-નગરીઓથી શોભતાં હતાં. હસ્તીનાપુર સોળમા, સત્તરમા અઢારમા જૈન તીર્થંકરો શ્રી શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથનાં જન્મ તેમજ દીક્ષા-કલ્યાણકથી જૈનોનું મહાતીર્થ થઈ પડેલ. તે સ્થળની નજીકમાંજ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવની પાદુકા છે. તે પરથી પ્રાચીન પરંપરાથી એમ મનાતું આવ્યું છે કે બાહુબલીના પુત્ર શ્રેયાંસકુમારે ભગવાન ઋષભદેવને શેલડીના રસથી તપનું જે સ્થળે પારણું કરાવરાવેલું તે જ તે સ્થળ હોવું જોઈએ. જૈનોમાં કાંપિલ્યપુરનું મહત્ત્વ પણ હસ્તિનાપુરના જેટલું જ છે. તેરમા જૈન તીર્થંકર શ્રી વિમળનાથનો ત્યાં જન્મ થયેલો. તેમજ 'ઉત્તરાધ્યન સૂત્ર' માં જણાવ્યા પ્રમાણે પ્રાચીન કાળમાં કાંપિલ્યપુરના સંજય નામે રાજવીએ ગર્દભાલિ મુનિવર સમક્ષ દીક્ષા સ્વીકારી હતી.[૬]

અલ્હાબાદ-કૌશાંબીના સ્થંભ વિષે બેમત છે. એક પક્ષ એમ માને છે કે તે મૂળ પ્રિયદર્શિને તો કૌશામ્બીમાં ઊભો કરાવેલો પણ ફીરોઝશાહ, અકબર અથવા જહાંગીર તેને અલ્હાબાદ ખેંચી ગયો. જ્યારે બીજો પક્ષ એમ જણાવે છે કે પ્રિયદર્શિને જાતે જ તે અલ્હાબાદમાં ઊભો કરાવરાવેલો. ( વિશેષ માટે જુઓ પૃ. ૧૭ ). આ બેમાંથી કયો પક્ષ સાચો તેનો નિર્ણય આપવાને આપણા પાસે આજે અમેઘ પ્રમાણો ન હોઈને આપણે એ બન્ને સ્થળો જૈન ધર્મ સાથે કેવાં સંકળાયલાં છે તે જ અવલોકી જઈશું.

આ સ્થંભ પર અગાઉ સિંહાકૃતિ હતી ( જુઓ પૃ. ૧૭ ). પ્રિયદર્શીના જે સ્થંભો પર સિંહાકૃતિ મૂકવામાં આવી છે તે ભગવાન મહાવીરના જીવનપ્રસંગો સાથે સંકળાયલાં સ્થળે ઊભા કરાયલ હોવાનો પૂરતો સંભવ છે અને તેમાં પણ ખાસ કરીને તે સ્થળો જ્યાં ભગવાન મહાવીરને ઉપસર્ગો નડેલા તે હોવાનું જણાય છે.[૭]

---

૫ वन्दे श्री कर्णाटके सिरपुरे नागद्रह माणदे ।

૬ कंपिल्ले नयरे राया...। नामेणं संजये...॥ गद्दभालिस्स भगवओ अणगारस्स अंतिए।
[illegible]

૭ ભગવાન મહાવીરના જીવનના બહુ વિભાગ પડે છે; ત્રીશ વર્ષ સુધી રાજકુમાર તરીકે, પછી બાર વર્ષ પર્યંત તપસ્વી થઈ

કૌશાંબી એ છઠ્ઠા જૈન તીર્થંકર પદ્મપ્રભુની જન્મભૂમિ છે. અહીં રાજકુમારી ચંદનબાળાએ ભગવાન મહાવીરદેવને ૭ મહિનાના ઉપવાસનું પારણું કરાવરાવેલું. ભગવાન મહાવીરની મુખ્ય શિષ્યાઓ ચંદનબાળા અને મૃગાવતીને આ સ્થળે કેવળજ્ઞાન ઉપજેલું. અહીંથી થોડેજ છેટે સુસુમારપુરમાં ભગવાન મહાવીરસ્વામીને ચમરેન્દ્રનો ઉત્પાત નડેલો.

અલ્હાબાદ (પ્રયાગ) માં ભગવાન ઋષભદેવને જ્ઞાન ઉપજેલું. ત્યાંના અક્ષય વડ નીચે ભગવાન ઋષભદેવની પાદુકા હતી. સંવત ૧૬૪૮ માં રાય કલ્યાણે તે પાદુકા ઉથાપી ત્યાં શિવલિંગ સ્થાપેલું પણ તેનો પણ આરંગજેબે નાશ કર્યો. આજે પણ વડ નીચે પાદુકા નજરે ચડે છે.

લોરિય-અરરાજ, લોરિય-નંદનગઢ ને રામપૂર્વાના સ્થંભો બિહારના એ ઉત્તર ભાગમાં આવેલ છે કે જ્યાં પ્રાચીન કાળમાં મગધનું મહારાજ્ય વિસ્તરેલું હતું, જે ભૂમિમાં ભગવાન મહાવીર અને બીજા અનેક જૈન મહાપુરુષોનો જન્મ થયો હતો અને જે ભાગમાં ભગવાન મહાવીરસ્વામીને અનેક ઉપસર્ગો નડ્યા હતા. આમાંના લોરિય-નંદનગઢ ને રામપૂર્વાના સ્થંભો પર ભવ્ય સિંહાકૃતિઓ છે. લોરિય-અરરાજના સ્થંભ પર વી. સ્મીથના જણાવ્યા પ્રમાણે ગરુડાકૃતિ હતી પણ પ્રો. રાધાકુમુદ મુકરજીએ ત્યાં ઝીણવટભરી તપાસ કરી જણાવ્યું છે કે તે સ્થંભ પર પણ સિંહાકૃતિ હતી.

લોરિય-અરરાજનો સ્થંભ જ્યાં ઊભેલો છે ત્યાં પૂર્વે મિથિલા નગરી હતી. ભગવાન મહાવીર અહીં વિચરેલા ને તેમને અહીં કષ્ટો નડેલાં એટલું જ નહિ, પણ ઓગણીસમા જૈન તીર્થંકર શ્રી મલ્લિનાથ ને એકવીશમા જૈન તીર્થંકર શ્રી નમિનાથનાં જન્મ-દીક્ષા-જ્ઞાન વગેરે અહીં થયેલાં.

લોરિય-નંદનગઢનો સ્થંભ જ્યાં ઊભેલો છે ત્યાં પૂર્વે વૈશાલી નગરી હતી અને તે નગરીની નજીકના ક્ષત્રિયકુંડમાં ભગવાન મહાવીરસ્વામીનો જન્મ થયો હતો. વૈશાલીનો નૃપતિ ચેટક ભગવાન મહાવીરસ્વામીનો મામો થતો. આ પ્રદેશમાં ભગવાન મહાવીરે દીક્ષા લીધા પછી પણ વારંવાર વિહાર કર્યો હતો અને તેમને અહીં અનેક ઉપસર્ગો નડેલા. તેમાંનો મુખ્ય ઉપસર્ગ ભગવાનને સાધુજીવનની શરૂઆતમાં જ તેમના પર મૂઢ ગોવાળિયાએ જે હુમલો કર્યો તે નડેલો.

રામપૂર્વાનો સ્થંભ જ્યાં ઊભેલો છે ત્યાં પૂર્વે પૃષ્ઠચંપા નગરી હતી અને ત્યાંના નૃપતિ શાલ-મહાશાલે ભગવાન મહાવીર પાસે દીક્ષા લીધેલી, એટલું જ નહિ, પણ સાધુ-અવસ્થા દરમિયાન ભગવાન મહાવીર પણ આ પ્રદેશમાં વિચરેલા ને તેમણે કષ્ટ સહેલાં. આ પ્રદેશ જૈનત્વથી ભરેલો હોવાનું સૂચવતી અનેક મૂર્તિઓ તેમજ મંદિરો અહીં હતાં પણ બૌદ્ધોએ એ મૂર્તિઓને તળાવમાં પધરાવી પાછળથી બૌધ્ધ મૂર્તિઓ ગોઠવી દીધી છે.

આ ૭ મુખ્ય સ્થંભો ઉપરાંત ચાર વગર કોતરેલા સ્થંભો પણ વિચારણીય છે. તેમાંનો પહેલો સ્થંભ રામપૂર્વામાં સિંહાકૃતિવાળા મુખ્ય સ્થંભની નજીકમાં જ છે અને તેના પર બળદની આકૃતિ છે. આ ભગવાન ઋષભદેવનું લક્ષણ હતું એટલે એ આકૃતિ આ પ્રદેશમાં ભગવાન ઋષભદેવનો વિહાર સૂચવે છે. બીજો સ્થંભ વૈશાલિની નજીકનો બખરાનો છે. તે પર સિંહાકૃતિ છે, જે ભગવાન મહાવીરનું લંછન છે. આ સ્થંભ જ્યાં ઊભેલો તે જ પ્રદેશમાં ભગવાન મહાવીરનો જન્મ થયેલો ને દીક્ષા લીધા પછી એ જ પ્રદેશમાં તેમને પ્રથમ ઉપસર્ગ નડેલો. આ સ્થંભ પ્રિયદર્શિન જૈન હોવાનું અકળ રીતે પુરવાર કરે છે. કેમકે ભગવાન મહાવીરનો અહીં જન્મ થયેલો[૮] ને તેમના લંછન સિંહને સૂચવતી સ્થંભ પર

---

નહીં, ને તે પણ જ્ઞાની નહીં. તેમાં વધારેમાં એ બાર વર્ષનો ગાળો છે તે દરમિયાન તેમને અનેક કષ્ટો વેઠવાં પડેલાં. એવો ભયંકર કષ્ટો ઉપસર્ગ તરીકે ઓળખાય છે.

૮ It is to be observed that this locality was famous in those ancient times as the birthplace of Vardhaman Mahavir, the founder of Jainism, and this might explain the location of this (Bakhra) pillar. Asok (R. Mookerji) P. 85

આકૃતિ પણ મૂકવામાં આવી છે. જ્યારે બૌદ્ધોને આ સ્થળ સાથે કંઇ લાગતું વળગતું નથી. ત્રીજો સ્થંભ સંકીસાનો છે. તેના પર હાથીની આકૃતિ છે. તે જે પ્રદેશમાં આવેલો છે ત્યાં પૂર્વે કાકંદી નામે મોટી નગરી વસેલી હતી, તે મશહૂર જૈન તીર્થ હતું અને ત્યાં નવમા જૈન તીર્થંકર સુવિધિનાથનો જન્મ થયેલો. ચોથો સ્થંભ કોસામ (કૌશાંબી) નો છે. ને કૌશાંબી એ ભગવાન મહાવીર તેમજ જૈન ધર્મ સાથે કેટલું સંકળાયલ છે તે આપણે ઉપર જોઇ ગયા છીએ.

ગૌણ સ્થંભો સાંચી, સારનાથ, રૂમ્મિન-દેઇ ને નિગ્લીવ એમ ચાર નામથી જાણીતા છે. તેમાંનો સાંચી-સ્થંભ મધ્ય હિંદમાં, ભોપાલ રાજ્યમાં આવેલો છે અને તેના પર ચારે બાજુ સિંહની આકૃતિઓ છે. આ સ્થળ ભગવાન મહાવીર અને તેમના અનેક શિષ્યોની નિર્વાણભૂમિ છે. (વિશેષ માટે જુઓ હવે પછીના ખંડમાં સાંચી-સ્તૂપના વર્ણને). સારનાથનો સ્થંભ બનારસની સાડા ત્રણ માઇલ ઉત્તરે આવેલો છે. તેના ઉપરના ભાગમાં ચારે કોર સિંહની આકૃતિઓ છે અને તેની નીચે ચાર ચક્રોની વચ્ચે અનુક્રમે ઋષભ, હાથી, અશ્વ અને સિંહ કોતરાયલ છે. તેમાં ઋષભ એ પહેલા જૈન તીર્થંકર શ્રી આદિનાથનું લક્ષણ છે, હાથી એ બીજા જૈન તીર્થંકર શ્રી અજીતનાથનું લક્ષણ છે, અશ્વ એ ત્રીજા જૈન તીર્થંકર સંભવનાથનું લક્ષણ છે, સિંહ એ ચોવીશમા જૈન તીર્થંકર શ્રી મહાવીરસ્વામીનું લક્ષણ છે. આ સારનાથનો સ્થંભ જ્યાં ઊભેલો છે તેની ચારે કોર ચાર જૈન તીર્થંકરોની જન્મભૂમીઓ આવેલી હતી.

સારનાથના સ્થંભથી બે માઇલ છેટે સિંહપુર નામે નગર વસેલું હતું, જે અગ્યારમા તીર્થંકર શ્રી શ્રેયાંસનાથના જન્મથી પવિત્ર બનેલું અને પરિણામે તે આજ લગી જૈન તીર્થ ગણાતું આવ્યું છે. એ જ રીતે સ્થંભથી દોઢ માઇલ છેટે કાશીનું ભદૈનીઘાટ નામે પરું આવેલું છે, જે સાતમા જૈન તીર્થંકર શ્રી સુપાર્શ્વનાથના જન્મથી મશહૂર બનેલું છે. તે જ રીતે કાશીનું બીજું પરું ભેલુપુર ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથનાં જન્મ-દીક્ષા આદિ કલ્યાણકથી જાણીતું તીર્થ બનેલ છે. સ્થંભથી આઠેક માઇલ છેટે ચન્દ્રપુરી નામે ભવ્ય નગરી હતી, જ્યાં આઠમા જૈન તીર્થંકર ચન્દ્રપ્રભુનો જન્મ થયેલો. તે ઉપરાંત ભગવાન મહાવીરે પણ આ પ્રદેશમાં વારંવાર વિહાર કરેલો, અને તેમને આ પ્રદેશમાં કેટલાક ઉપસર્ગો પણ નડેલા. ભગવાન ઋષભદેવનાં માતા મરુદેવીને આ સ્થળે કેવળજ્ઞાન ઉપજેલું.

રૂમ્મિન્ડેઇનો સ્થંભ નેપાળની તરાઇમાં ભગવાનપુરથી બે માઇલ ઉત્તરે છે. કેટલાક વિદ્વાનો જે લુમ્બિનીના વનમાં ભગવાન બુદ્ધનો જન્મ થયેલો તે આ સ્થળે જ આવેલ હોવું જોઇએ એમ માની આ પ્રદેશને બુદ્ધના જન્મસ્થાનક તરીકે ગણી લે છે અને પરિણામે આ સ્થંભલેખના વાચનમાં એ પુરાતત્ત્વે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આ સ્થંભલેખમાં લુંબિનીગામનો નિર્દેશ છે, જ્યારે બુદ્ધનો જન્મ લુંબિનીવનમાં થયો છે. તે ઉપરાંત જે લુંબિનીવનમાં બુદ્ધ જન્મેલા તે વન તો કપિલવસ્તુની બહારનું ઉદ્યાન હતું, (જુઓ પૃ. ૧૯૫) જ્યારે આ સ્થંભવાળો પ્રદેશ તો કપિલવસ્તુથી કેટલેક છેટે આવેલો છે. તદુપરાંત આ સ્થંભ પર સિંહ છે, તેને પણ બુદ્ધ કે તેમના જન્મસ્થાનક સાથે કોઇ સંબંધ નથી. જ્યારે બીજી બાજુ ભગવાન મહાવીરને સંગમદેવનો જે ભયાનક ઉપસર્ગ નડ્યો તે આ પ્રદેશમાં બનેલો.

નીગ્લીવનો સ્થંભ જ્યાં આવેલો છે તે સ્થળે રામપૂર્વાના સ્થળની જેમ જ પૂર્વે જૈનત્વ જાહોજલાલી ભોગવતું હતું. નેપાળની ભૂમિમાં અનેક જૈન તીર્થો આવેલાં હતાં.[૯] પણ વખત જતાં ધીમે ધીમે ત્યાં બૌદ્ધો પગદંડો જમાવવા ગયા, જૈન તીર્થોને તેમણે નષ્ટ કર્યાં અને દરેક સ્થળે બૌદ્ધત્વને આગળ કર્યું. પરિણામે આજે તે સ્થળે જૈન કરતાં બૌદ્ધ સ્મૃતિઓ વધારે નજરે ચડે છે.

ગુફાલેખો ગયાથી પંદર માઇલ ઉત્તરે બરાબરગિરિમાં કોતરાયલા છે. એ લેખો ઉક્ત ગુફાઓ આજી-

૯ नेपाले मादले वा कुशलयतिकृते सिंहले मेदपाटे वा । श्रीमज्जीरापल्लीकादिसमस्त तत्र चैत्यानि वंदे ॥

વિકોને ભેટ આપ્યાને લગતા હોઈ લેખ કોતરાવવાના સ્થળની દૃષ્ટિએ તેની વિશેષતા ન ગણાય. પણ છતાં એ ગુફાઓ અને લેખોનું સ્થળ પણ પ્રિયદર્શીને જૈન ઠરાવવામાં તો મદદગાર બને જ છે.

જૈન શાસ્ત્રોમાં આ ગિરિ ગોરથગિરિના નામે ઓળખાય છે અને તે ભગવાન મહાવીરદેવના વિહારથી મશહૂર બનેલા વૈભારગિરિની નજીકમાં આવેલો છે. બીજી બાજુએ આ ગુફાઓ બુધ્ધ ગયાની નજીકમાં આવેલી છે. બુધ્ધગયા એ બૌધ્ધોનું મશહૂર તીર્થ છે. તે તીર્થની વધુમાં વધુ નજીક આવેલી ગુફાઓ કોઈ પણ બૌદ્ધ રાજવી આજીવિકોને ભેટ ન આપી શકે. કેમકે બૌધ્ધો અને આજીવિકો વચ્ચે સખત કલહ ચાલતો હતો. તે સંયોગોમાં તે ગુફાઓ આજીવિકોને ભેટ આપવી એ બૌધ્ધ તીર્થને જોખમમાં મૂકવા સરખું ગણાય. જો પ્રિયદર્શી બૌધ્ધ હોય તો ઉક્ત ગુફાઓ આજીવિકોને તે ભેટ ધરવાને બદલે તે તે. બૌધ્ધ ભિક્ષુકોને જ ભેટ આપત. પણ પ્રિયદર્શી એ જૈન રાજવી હોઇને તેને બુધ્ધગયાનું બહુ મહત્ત્વ ન જ હોય, એટલે તે ઉક્ત ગુફાઓ આજીવિકોને સહેજે ભેટ આપી શકે.

આ રીતે ધર્મલિપિઓ કોતરાવવાને માટે જે સ્થળો પસંદ કરાયાં છે તે જૈન ધર્મ અને જૈન ઇતિહાસ સાથે એવાં સંકળાઈ જાય છે,[૧૦] અને બીજી બાજુએ બૌધ્ધ ઇતિહાસથી તે પ્રધાનતઃ એવાં છેટાં રહે છે કે સ્થળ-પસંદગીનો વિષય પણ પ્રિયદર્શીને જૈન ઠેરવવામાં એક મહત્ત્વનું પ્રમાણ થઇ પડે છે.

ધર્મલિપિઓ કોતરાવવાનાં સ્થળો ઉપરાંત સ્તૂપો આદિનાં સ્થળો પણ જૈન ધર્મ સાથે સંકળાયલાં છે. પણ તેનો વિચાર 'અનુકૃતિઓ'ના હવે પછીના ખંડમાં કરવામાં આવશે.

---

૧૦ જેમ જેમ નવાં નવાં ખોદકામો થતાં જાય છે તેમ તેમ અમારા ઉપરોક્ત દૃષ્ટિબિન્દુને વધુ ને વધુ પ્રમાણો સાંપડતાં જાય છે. દા. ત. મસ્કીના શિલાલેખની નજીક આજે જે ખોદકામ ચાલી રહ્યું છે, તેમાં થોડા જ વખત પર તે શિલાલેખની નજીકની ભૂમિના ઊંડાણમાંથી જૈન તીર્થંકરોની સંખ્યાબંધ પ્રાચીન મૂર્તિઓ મળી આવેલી છે.

આકૃતિ પણ મૂકવામાં આવી છે. જ્યારે બૌધ્ધોને આ સ્થળ સાથે કંઇ લાગતું વળગતું નથી. ત્રીજો સ્થંભ સંકીસાનો છે. તેના પર હાથીની આકૃતિ છે. તે જે પ્રદેશમાં આવેલો છે ત્યાં પૂર્વે કાકંદી નામે મોટી નગરી વસેલી હતી, તે મશહૂર જૈન તીર્થ હતું અને ત્યાં નવમા જૈન તીર્થંકર સુવિધિનાથનો જન્મ થયેલો. ચોથો સ્થંભ કોસામ (કોશાંબી) નો છે. ને કોશાંબી એ ભગવાન મહાવીર તેમજ જૈન ધર્મ સાથે કેટલું સંકળાયલ છે તે આપણે ઉપર જોઇ ગયા છીએ.

ગૌણ સ્થંભો સાંચી, સારનાથ, રૂમ્મિન-ડેઇ ને નિગ્લીવ એમ ચાર નામથી જાણીતા છે. તેમાંનો સાંચી-સ્થંભ મધ્ય હિંદમાં, ભોપાલ રાજ્યમાં આવેલો છે અને તેના પર ચારે બાજુ સિંહની આકૃતિઓ છે. આ સ્થળ ભગવાન મહાવીર અને તેમના અનેક શિષ્યોની નિર્વાણભૂમિ છે. (વિશેષ માટે જુઓ હવે પછીના ખંડમાં સાંચી-સ્તૂપના વર્ણને). સારનાથનો સ્થંભ બનારસની સાડા ત્રણ માઇલ ઉત્તરે આવેલો છે. તેના ઉપરના ભાગમાં ચારે કોર સિંહની આકૃતિઓ છે અને તેની નીચે ચાર ચક્રોની વચ્ચે અનુક્રમે ઋષભ, હાથી, અશ્વ અને સિંહ કોતરાયલ છે. તેમાં ઋષભ એ પહેલા જૈન તીર્થંકર શ્રી આદિનાથનું લક્ષણ છે, હાથી એ બીજા જૈન તીર્થંકર શ્રી અજીતનાથનું લક્ષણ છે, અશ્વ એ ત્રીજા જૈન તીર્થંકર સંભવનાથનું લક્ષણ છે, સિંહ એ ચોવીશમા જૈન તીર્થંકર શ્રી મહાવીરસ્વામીનું લક્ષણ છે. આ સારનાથનો સ્થંભ જ્યાં ઊભેલો છે તેની ચારે કોર ચાર જૈન તીર્થંકરોની જન્મભૂમીઓ આવેલી હતી.

સારનાથના સ્થંભથી બે માઇલ છેટે સિંહપુર નામે નગર વસેલું હતું, જે અગ્યારમા તીર્થંકર શ્રી શ્રેયાંસનાથના જન્મથી પવિત્ર બનેલું અને પરિણામે તે આજ લગી જૈન તીર્થ મનાતું આવ્યું છે. એ જ રીતે સ્થંભથી દોઢ માઇલ છેટે કાશીનું ભદેનીઘાટ નામે પરું આવેલું છે, જે સાતમા જૈન તીર્થંકર શ્રી સુપાર્શ્વનાથના જન્મથી મશહૂર બનેલું છે. તે જ રીતે કાશીનું બીજું પરું ભેલુપુર ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથના જન્મ-દીક્ષા આદિ કલ્યાણકથી જાણીતું તીર્થ બનેલ છે. સ્થંભથી આઠેક માઇલ છેટે ચન્દ્રપુરી નામે ભવ્ય નગરી હતી, જ્યાં આઠમા જૈન તીર્થંકર ચન્દ્રપ્રભુનો જન્મ થયેલો. તે ઉપરાંત ભગવાન મહાવીર પણ આ પ્રદેશમાં વારંવાર વિહાર કરેલો, અને તેમને આ પ્રદેશમાં કેટલાક ઉપસર્ગો પણ નડેલા. ભગવાન ઋષભદેવનાં માતા મરુદેવીને આ સ્થળે કેવળજ્ઞાન ઉપજેલું.

રૂમ્મિનડેઇનો સ્થંભ નેપાળની તરાઇમાં ભગવાનપુરથી બે માઇલ ઉત્તરે છે. કેટલાક વિદ્વાનો જે લુમ્બિની વનમાં ભગવાન બુધ્ધનો જન્મ થયેલો તે આ સ્થળે જ આવેલ હોવું જોઇએ એમ માની આ પ્રદેશને બુધ્ધના જન્મસ્થાનક તરીકે ગણી લે છે અને પરિણામે આ સ્થંભલેખના વાચનમાં એ પુરોમંતવ્યે મહત્વનો ભાગ ભજવ્યો છે. આ સ્થંભલેખમાં લુંમ્બિનીગામનો નિર્દેશ છે, જ્યારે બુધ્ધનો જન્મ લુંમ્બિનીવનમાં થયો છે. તે ઉપરાંત જે લુંમ્બિનીવનમાં બુદ્ધ જન્મેલા તે વન તો કપિલવસ્તુની બહારનું ઉદ્યાન હતું, (જુઓ પૃ. ૧૯૫) જ્યારે આ સ્થંભવાળો પ્રદેશ તો કપિલવસ્તુથી કેટલેક છેટે આવેલો છે. તદુપરાંત આ સ્થંભ પર સિંહ છે, તેને પણ બુદ્ધ કે તેમના જન્મસ્થાનક સાથે કોઇ સંબંધ નથી. જ્યારે બીજી બાજુ ભગવાન મહાવીરને સંગમદેવનો જે ભયાનક ઉપસર્ગ નડ્યો તે આ પ્રદેશમાં બનેલો.

નીગ્લીવનો સ્થંભ જ્યાં આવેલો છે તે સ્થળે રામપૂર્વાના સ્થળની જેમ જ પૂર્વે જૈનત્વ જાહોજલાલી ભોગવતું હતું. નેપાળની ભૂમિમાં અનેક જૈન તીર્થો આવેલાં હતાં.[૯] પણ વખત જતાં ધીમે ધીમે ત્યાં બૌધ્ધો પગદંડો જમાવતા ગયા, જૈન તીર્થોને તેમણે નષ્ટ કર્યાં અને દરેક સ્થળે બૌધ્ધત્વને આગળ કર્યું. પરિણામે આજે તે સ્થળે જૈન કરતાં બૌધ્ધ સ્મૃતિઓ વધારે નજરે ચડે છે.

ગુફાલેખો ગયાથી પંદર માઇલ ઉત્તરે બરાબરગિરિમાં કોતરાયલા છે. એ લેખો ઉક્ત ગુફાઓ આઠ

---

૯ नेपाले नाहले वा कुणल्यमिल्ले गिहले केपले वा ।
श्रीमत्पार्श्वदत्तानां प्रतिबिम्बमहं तत्र चैत्यानि वंदे ॥

| | | |
|---|---|---|
| | " " | તેરમા જૈન તીર્થંકરની જન્મભૂમિ-કાંપિલ્યપુર |
| | " " | ઓગણીશમા ને એકવીશમા જૈન તીર્થંકરોની જન્મભૂમિ મિથિલા |
| સિંહ | " " | |
| " | " " | ભગવાન મહાવીરની વિહારભૂમિ, નજીકમાંજ જન્મભૂમિ |
| " | " " | જૈન તીર્થનગરી પૃષ્ઠચંપા |
| " | " " | ભગવાન મહાવીરને ચમરેન્દ્રનો ઉત્પાત નડેલો. |
| | | " " |
| | | " " |
| ચારે બાજુ સિંહ | | ભગવાન મહાવીરની નિર્વાણભૂમિ |
| " " " | | સાતમા, આઠમા, અગ્યારમા ને ત્રેવીશમા જૈન તીર્થંકરોની જન્મભૂમિ |
| સિંહ | વીશમા | ભગવાન મહાવીરને અહીં સંગમદેવનો ઉપસર્ગ નડેલો. બૌદ્ધ દૃષ્ટિએ ભગવાન બુદ્ધની જન્મભૂમિ (?) |
| | " | નેપાળની જૈન તીર્થભૂમિ. બૌદ્ધ દૃષ્ટિએ બુદ્ધ કોનાકમનની બૌધ્ધ તીર્થભૂમિ |
| વૃષભ | | જૈન તીર્થનગરી-પૃષ્ઠચંપા |
| સિંહ | | ભગવાન મહાવીરસ્વામીની જન્મભૂમિ |
| હાથી | | નવમા જૈન તીર્થંકરની જન્મભૂમિ |
| | | ભગવાન મહાવીરની વિહારભૂમિ |
| | બારમા | જૈન તીર્થગિરિ વૈભારગિરિની નજીક |
| | " | " " |
| સ્વસ્તિક, માછલી, ખંજર | ઓગણીશમા | " " |

## પ્રિયદર્શિની

| નં. | ધર્મલિપિનું સ્વરૂપ | સ્થળની ઓળખ | વર્તમાન હાલત |
|---|---|---|---|
| | **મુખ્ય શિલાલેખો** | | |
| ૧ | ગિરનાર- | કાઠિયાવાડમાં ગિરનાર પર્વતની તળેટીમાં | ક્યાંક ક્યાંક ખંડિત – એકંદરે સારી હાલતમાં જળવાઈ રહેલ |
| ૨ | કાલ્સી- | સંયુક્ત પ્રાન્તોમાં દહેરાદુન નજીક | ક્યાંક ક્યાંક ખંડિત |
| ૩ | શાહબાઝગઢી- | પેશાવરની ઈશાન ખૂણે વીશ ગાઉ દૂર-શાહબાઝગઢી ગામમાં | " " " |
| ૪ | માન્શેરા- | સરહદ પ્રાન્તના હઝારા જીલ્લામાં- | " " " |
| ૫ | ધૌલી- | ઓરિસ્સા પ્રાન્તના પુરી જીલ્લામાં- ભુવનેશ્વરની ચાર ગાઉ દક્ષિણે | કેટલોક ભાગ ખંડિત |
| ૬ | જગૌડા- | મદ્રાસ ઇલાકાના ગંજામ પ્રાન્તના જગૌડા ગામમાં | વિશેષ પ્રમાણમાં ખંડિત |
| ૭ | સોપારા- | મુંબઈ નજીક, થાણા જીલ્લાના, વસઈ તાલુકાના સોપારા ગામમાં | કેવળ આઠમા શિલાલેખનો ખંડિત ટુકડો મળી આવેલ. હાલ તે મુંબઈ મ્યુઝિયમમાં છે. |
| | **ગૌણ શિલાલેખો** | | |
| ૮ | રૂપનાથ- | મધ્ય પ્રાન્તોમાં જબલપુરની નજીક | જળવાઈ રહેલ |
| ૯ | સહસ્રામ- | દક્ષિણ બિહારના શાહાબાદ જિલ્લામાં | " " |
| ૧૦ | વૈરાટ- | જયપુર રાજ્યમાં વૈરાટ ગામ નજીક | ખંડિત |
| ૧૧ | કલકત્તા-વૈરાટ- | " | જળવાઈ રહેલ. કલકત્તા મ્યુઝિયમમાં લઈ જવામાં આવેલ છે. |
| ૧૨ | બ્રહ્મગિરિ- | મ્હેસુર રાજ્યમાં બ્રહ્મગિરિ ટેકરી પર | જળવાઈ રહેલ |
| ૧૩ | સિદ્દાપુર- | મ્હેસુર રાજ્યમાં બ્રહ્મગિરિ નજીક, સિદ્દાપુર ગામની ભાગોળે | ખંડિત |
| ૧૪ | જટીંગ-રામેશ્વર- | મ્હેસુર રાજ્યમાં, બ્રહ્મગિરિ નજીક, જટીંગ-રામેશ્વર નામે ટેકરી પર | " |
| ૧૫ | મસ્કી- | નિઝામ રાજ્યમાં, રાયચુર નગરથી ૪૬ માઈલ દક્ષિણ પશ્ચિમે | " |
| | **મુખ્ય સ્થંભલેખો** | | |
| ૧૬ | દિલ્હી-ટોપ્રા- | ખીઝરાબાદ પ્રાન્તમાંના ટોપ્રા ગામમાં હોત-રાવાયલ. ફિરોઝશાહ તેને દિલ્હી લઈ ગયો | જળવાઈ રહેલ. હાલ દિલ્હીમાં છે. |

# ધર્મલિપિઓ

| ચિન્હ | રાજ્યાભિષેકના કયા વર્ષે કોતરાણી | સ્થળ-પસંદગીનું કારણ |
|---|---|---|
| જમણી બાજુ હાથી | બારમા-તેરમા | નેમિનાથ ભગવાનનાં દીક્ષા, જ્ઞાન ને નિર્વાણની ભૂમિ તરીકે |
| " " " | " " | ઋષભદેવ ભગવાનની નિર્વાણભૂમિ |
| | " " | ઋષભદેવ ભગવાનના વિહારની યાદમાં બાહુબલીએ સ્તૂપ બનાવરાવેલ |
| | " " | બાહુબલીની જ્ઞાનભૂમિ |
| જમણી બાજુએ કોતરેલો હાથી | બારમા | વીશ તીર્થંકરોની નિર્વાણભૂમિ-સમ્મેતશિખર પર્વતની તલેટી |
| | બારમા | પાછળથી ઠરાવેલા પાર્શ્વનાથના નામે ઓળખાયલ, ખારવેલના શિલાલેખમાંની કલિંગજિનમૂર્તિનું તીર્થ |
| | | ભગવાન ઋષભદેવનું ભવ્ય જૈન મંદિર |
| | બારમા | બારમા જૈન તીર્થંકર વાસુપૂજ્યસ્વામીની નિર્વાણભૂમિ |
| | " | દશમા જૈન તીર્થંકર શીતળનાથની જન્મભૂમિ |
| | " | રાવણ પાર્શ્વનાથનું જૈન તીર્થ |
| | | " |
| | બારમા | શાંતિનાથ ભગવાનનું મશહૂર જૈન તીર્થ |
| | " | દક્ષિણની જૈન તીર્થભૂમિઓમાંનું એક |
| | " | " " " " |
| | " | વિખ્યાત જૈન તીર્થભૂમિ. હમણાંજ ત્યાં સંખ્યાબંધ જૈન મૂર્તિઓ મળી આવેલ છે. |
| | છવીશ-સત્તાવીશ | સોળમા-સત્તરમા-અઢારમા જૈન તીર્થંકરોની ભૂમિ હસ્તિનાપુર |


| | | | |
|---|---|---|---|
| ૧૭ | દિલ્હી–મિરત– | સંયુક્ત પ્રાંતમાંના મિરત નગરમાં કોતરાયલ, પણ ફીરોજશાહ તેને દિલ્હી લઈ ગયો. | ખંડિત હાલ દિલ્હીમાં છે |
| ૧૮ | લોરિય–અરરાજ– | ઉત્તર બિહાર–ચંપારણ્યમાં લોરિય ગામ ને અરરાજ નામે શિવમંદિરની નજીક | ખંડિત |
| ૧૯ | લોરિય–નંદનગઢ– | ઉત્તર બિહાર–ચંપારણ્યમાં લોરિય ગામ ને નંદનગઢ કિલ્લાની નજીક | " |
| ૨૦ | રામપૂર્વા– | ઉત્તર–બિહાર ચંપારણ્યમાં રામપૂર્વા ગામમાં | " |
| ૨૧ | અલ્હાબાદ–કોશાંબી– | કોશાંબી (?)માં કોતરાયલ | ખંડિત. હાલ અલ્હાબાદના કિલ્લામાં છે. |
| | **ગૌણ સ્થંભલેખો** | | |
| ૨૨ | દેવી–શાસન– | અલ્હાબાદ–કોશાંબીના ઉપરોક્ત સ્થંભ પર કોતરાયલ છે | જળવાઈ રહેલ |
| ૨૩ | કોશાંબી–શાસન– | " " | ખંડિત |
| ૨૪ | સાંચી– | મધ્ય હિંદના ભોપાળ રાજ્યમાં | સહેજ ખંડિત |
| ૨૫ | સારનાથ– | બનારસથી સાડાત્રણ માઈલ ઉત્તરે | " " |
| ૨૬ | રૂમ્મિન્ડેઇ– | નેપાળની તરાઈમાં, ભગવાનપુરની બે માઈલ ઉત્તરે | જળવાઈ રહેલ |
| ૨૭ | નિગ્લીવ | નેપાળની તરાઈમાં, નીગાલી સાગર નામે સરોવરને કાંઠે | સહેજ ખંડિત |
| | **વણકોતરાયલ સ્થંભો** | | |
| ૨૮ | રામપૂર્વા– | ઉત્તર–બિહાર–ચંપારણ્યમાં રામપૂર્વા ગામમાં | |
| ૨૯ | બખરા– | લોરિય–નંદનગઢ, વૈશાલીની નજીક | |
| ૩૦ | સંકીસા– | દક્ષિણ–બિહારમાં | |
| ૩૧ | કોસામ– | કોશાંબીની નજીક | |
| | **ગુફાલેખો** | | |
| ૩૨ | પ્રથમ લેખ– | ગયાથી પંદર માઈલ ઉત્તરે બરાબર ગિરિની ગુફાઓ | જળવાઈ રહેલ |
| ૩૩ | દ્વિતીય લેખ | " " | " " |
| ૩૪ | તૃતીય લેખ | " " | ખંડિત |

# તૃતીય ખંડ

# અન્ય કૃતિઓ

# પ્રથમ ખંડ

# કાળ ગણના



# પ્રથમ પરિચ્છેદ

## સ્તૂપો–સ્થંભો


**સાર—**

આ પરિચ્છેદમાં અનાદિ કાળથી જૈન ધર્મમાં સ્તૂપ, સ્થંભ, ચૈત્ય, નિષિધિ, વિહાર, પૌષધાગાર, ધર્મચક્ર, પદબિંબ, પ્રતિમા, ધર્મવૃક્ષ વગેરેને કેટલું મહત્ત્વ અપાતું આવ્યું છે તે દર્શાવીને પુરવાર કરવામાં આવ્યું છે કે ભારતવર્ષમાં જ્યાં જ્યાં ઉપરોક્ત ધર્મચિન્હો મળે છે તે એક યા બીજી રીતે જૈન ધર્મ સાથે સંકળાયલ છે. અશોક, મેઘવર્મ આદિ કેટલાક બૌદ્ધ નૃપતિઓએ જૈન પ્રથાનું અનુકરણ કરીને ક્યાંક ક્યાંક બૌદ્ધ વિહારો કે સ્તૂપો બંધાવરાવેલ હશે પણ બૌદ્ધ સાહિત્યે તેની સંખ્યા ૮૪૦૦૦ની કલ્પી લીધી છે. પરિણામે પરદેશી બૌદ્ધ પ્રવાસીઓએ અને ઓગણીસમી સદીમાં જૈન ધર્મને બૌદ્ધ ધર્મની જ એક શાખા માનતા પરદેશી વિદ્વાનોએ ભારતવર્ષના લગભગ બધા જ વિહારો, સ્તૂપો, સ્થંભો વગેરે બૌદ્ધ ધર્મ સાથે સાંકળી દીધા છે. સાંચી વગેરે સ્તૂપો સંબંધમાં પણ એમ જ બન્યું હોવાનો સંભવ છે. આ પરિચ્છેદમાં એ બધાની છણાવટ કરી દર્શાવવામાં આવ્યું છે કે પ્રિયદર્શીના સાંચી વગેરે સ્તૂપો જૈન ધર્મ સાથે સંકળાયલા છે; તેમજ તેના વિશ્વવિખ્યાત સ્થંભો પણ જૈન ધર્મના જ દ્યોતક છે.

# તૃતીય ખંડ

## પ્રિયદર્શી યાને સંપ્રતિની–
### ધર્મલિપિઓ ઉપરાંત–
### અન્ય કૃતિઓ

અનુક્રમ



# પ્રથમ પરિચ્છેદ

## સ્તૂપો—સ્થંભો

સાર—

આ પરિચ્છેદમાં અનાદિ કાળથી જૈન ધર્મમાં સ્તૂપ, સ્થંભ, ચૈત્ય, નિષિધિ, વિહાર, પૌષધાગાર, ધર્મચક્ર, પદબિંબ, પ્રતિમા, ધર્મવૃક્ષ વગેરેને કેટલું મહત્ત્વ અપાતું આવ્યું છે તે દર્શાવીને પુરવાર કરવામાં આવ્યું છે કે ભારતવર્ષમાં જ્યાં જ્યાં ઉપરોક્ત ધર્મચિન્હો મળે છે તે એક યા બીજી રીતે જૈન ધર્મ સાથે સંકળાયલ છે. અશોક, મેઘવર્મ આદિ કેટલાક બૌદ્ધ નૃપતિઓએ જૈન પ્રથાનું અનુકરણ કરીને ક્યાંક ક્યાંક બૌદ્ધ વિહારો કે સ્તૂપો બંધાવરાવેલ હશે પણ બૌદ્ધ સાહિત્યે તેની સંખ્યા ૮૪૦૦૦ની કલ્પી લીધી છે. પરિણામે પરદેશી બૌદ્ધ પ્રવાસીઓએ અને ઓગણીસમી સદીમાં જૈન ધર્મને બૌદ્ધ ધર્મની જ એક શાખા માનતા પરદેશી વિદ્વાનોએ ભારતવર્ષના લગભગ બધા જ વિહારો, સ્તૂપો, સ્થંભો વગેરે બૌદ્ધ ધર્મ સાથે સાંકળી દીધા છે. સાંચી વગેરે સ્તૂપો સંબંધમાં પણ એમ જ બન્યું હોવાનો સંભવ છે. આ પરિચ્છેદમાં એ બધાની છણાવટ કરી દર્શાવવામાં આવ્યું છે કે પ્રિયદર્શીના સાંચી વગેરે સ્તૂપો જૈન ધર્મ સાથે સંકળાયલા છે; તેમજ તેના વિશ્વવિખ્યાત સ્થંભો પણ જૈન ધર્મના જ દ્યોતક છે.

### જૈન ધર્મની વિશિષ્ટ લાક્ષણિકતા ભુલાવાથી ઉદ્ભવેલા દોષો

હિંદના ઇતિહાસ-ઘડતરમાં આજે મુખ્યત્વે બે પ્રકારનાં પ્રમાણો ઉપર વધારે વજન મૂકવામાં આવે છે; એક તો યુરોપીય વિદ્વાનોનો મત, અને બીજું પરદેશી પ્રવાસીઓની નોંધો. યુરોપીય વિદ્વાનો વીસમી સદીની શરૂઆત લગી જૈન ધર્મને બૌદ્ધ ધર્મની એક શાખા જ માનતા હતા. એટલે તેમણે ઐતિહાસિક ક્ષેત્રમાં પણ જૈન તત્ત્વોને બૌદ્ધ તત્ત્વો સાથે ભેળવી દીધાં અને ઇતિહાસનું એક એવું ખોખું ઊભું કર્યું કે જેમાં સર્વત્ર બૌદ્ધતત્ત્વજ આગળ તરી આવે. હિંદી વિદ્વાનોએ મૂળ પ્રમાણો તપાસવાને બદલે એ ખોખાને જેવું ને તેવું અપનાવી લીધું. હિંદના પ્રવાસે આવેલા ફાહિયાન, હ્યુએન્સાંગ આદિની નોંધો પણ ઇતિહાસ-ક્ષેત્રમાં એટલી જ મહત્ત્વની ગણાવા લાગી. પણ આ બધા પ્રવાસીઓ ધર્મે બૌદ્ધ હતા. એટલે તેમણે હિંદમાં જે જે કંઈ સારું જોયું તે બધું બૌદ્ધ ધર્મની સાથે સાંકળી દીધું. ફાહિયાન અને હ્યુએન્સાંગે ભારતવર્ષમાં તેમણે નિહાળેલા લગભગ બધા જ સ્તૂપોને, સ્થંભોને બૌદ્ધ ધર્મના ગણી લીધા છે. હિંદનો ઇતિહાસ રચવા નીકળેલા વિદ્વાનોએ એમનાં એ મંતવ્યોને પ્રમાણભૂત માની લીધાં. પણ હવે એવો સમય આવી પહોંચ્યો છે કે જ્યારે એ બધું નવેસરથી વિચારી જવું જોઈએ.

### સ્તૂપનો પ્રાચીન ઇતિહાસ

આજ લગી વિદ્વાનો બહુધા એમ જ માનતા આવ્યા છે કે પ્રાચીન કાળમાં કદાચ નૃપતિઓના અવશેષો પર સ્તૂપો ચણાતા હશે, પરંતુ ધાર્મિક દૃષ્ટિએ તો તે પહેલપ્રથમ ભગવાન ગૌતમબુદ્ધના અવશેષો પર ચણાયલ હોવાનો ઉલ્લેખ મળે છે.[1] પણ આ મંતવ્ય તેમના જૈન સાહિત્યના અજ્ઞાનને આભારી જણાય છે. કેમકે પ્રાચીન અને પ્રમાણભૂત જૈન સાહિત્યમાં જણાવ્યા પ્રમાણે ગૌતમબુદ્ધની તો શું, પણ વૈદિક યુગની પણ પૂર્વે થઇ ગયેલા પ્રથમ જૈન તીર્થંકર શ્રી આદિનાથ, તેમજ તેમનાં સહગામી માનવરત્નોનાં અગ્નિસંસ્કારનાં ત્રણ સ્થાનક પર દેવોએ ત્રણ રત્નમય સ્તૂપો ચણાવ્યા હતા;[2] અને ચક્રવર્તી ભરતે પોતાના પિતા ભગવાન શ્રી. આદિનાથ તેમજ પોતાનાં નવાણું ભાઇના સ્મરણમાં સો સ્તૂપ ચણાવ્યા હતા.[3]

ભગવાન આદિનાથ પછીના શ્રી અજીતનાથ વગેરે તીર્થંકરો, તેમના સહગામીઓ તેમજ તેમના શાસન દરમિયાન મુક્ત થયેલા અનેક જૈન મહાપુરુષોના સ્મરણમાં ભવ્ય સ્તૂપો તેમજ અલૌકિક સ્થંભો ઊભા કરાયલ હોવાની નોંધ શ્રી શિલાંકાચાર્યના 'चउप्पन्नमहापुरुषचरियं' તેમજ શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યના શ્રી त्रिषष्टिशलाकापुरुषचरित्र આદિ પ્રમાણભૂત પ્રાચીન ગ્રન્થોમાં મળી આવે છે.

સાતમા જૈન તીર્થંકર શ્રી સુપાર્શ્વનાથના સ્મરણમાં

---

(1) The earliest reference to the 'stūpa' occurs perhaps in the 'Mahāparinibbāna-suttanta ( Digha-Nikāya, XVI. 5. 11 ) where the Buddha tells his disciple Ananda that a stūpa containing the remains of his body, after it has been burnt on the funeral pyre should be erected for himself.

Archaeological Survey of India
1935-36 p. 62

(२) चितास्थानत्रये देवा रत्नस्तूपत्रयं ततः ।
अष्टापदगिरेर्लब्ध्ये शृंगत्रयमिव व्यधुः ॥ ५११
त्रिषष्टिशलाकापुरुषचरित्र पर्व- १. सर्ग- ६

(३) चैत्यादद्दिर्भगवतः स्तूपमेकमकारयत् ।
भ्रातॄणां नवनवतेः स्तूपांश्च भरतेश्वरः ॥ ६१२
त्रिषष्टिशलाका पु. च. पर्व १. सर्ग ६

### મથુરાનો વોદ્ર સ્તૂપ

મથુરામાં ધર્મઘોષ અને ધર્મઋષિ નામના બે મુનિવરોના ઉપદેશથી દેવી કુબેરાએ સુવર્ણનો રત્નમય સ્તૂપ બનાવરાવેલો. એ સ્તૂપ વોદ્રસ્તૂપના નામે ઇતિહાસમાં મશહૂર બનેલો છે. સમય જતાં એ સ્તૂપ જીર્ણ બન્યો અને ઇ. સ. પૂ. ૯૦૦માં ત્રેવીશમા જૈન તીર્થંકર શ્રી પાર્શ્વનાથના સમયમાં એ સ્તૂપનો ઉદ્ધાર થતાં ઇંટોનો સુંદર મૂળ સ્તૂપ બનાવીને તેની આસપાસ પત્થરનું મંદિર બનાવવામાં આવ્યું.[૪] ઇ. સ. પૂ. ની પહેલી સદી લગી એ સ્તૂપ સુંદર રૂપમાં જળવાઇ રહેલો. કેમકે મથુરાના ખોદકામમાં એ સ્તૂપના જે અવશેષો મળી આવ્યા છે તેમાં ઇ. સ. પૂ. પહેલી સદીનો નિમ્નોક્ત લેખ મળી આવ્યો છે—

"૭૯ વર્ષના વર્ષાઋતુના ચોથા માસના વીશમા દિવસે...ની શ્રી શ્રાવિકા દિના ( દત્તા ) એ ભેટ આપેલી મૂર્તિ દેવોએ બંધાવેલ વોદ્ર-સ્તૂપમાં પધરાવવામાં આવી હતી. "[૫]

આ સ્તૂપ સાતમા જૈન તીર્થંકર સુપાર્શ્વનાથનો હોવાનું પુરવાર થઇ ચૂક્યું છે.[૬] તેમજ ઉપરોક્ત લેખ એમ પણ પણ સૂચવે છે કે ઇ. સ. પૂ ની પહેલી સદી[૭] લગી તે જળવાઇ રહેલો હતો. એટલું જ નહિ, પરંતુ તે સમયે પણ તે પ્રાચીન કાળમાં દેવોએ બંધાવરાવેલ હોવાનું મનાતું હતું.

બારમા જૈન તીર્થંકર શ્રી વાસુપૂજ્યસ્વામીના અવશેષો પર પણ દેવોએ રત્નસ્તૂપ રચીને તે પર ભગવાનના નિર્વાણને લગતો લેખ કોતરાવ્યો હતો.[૮]

એ જ રીતે ચોવીશમા જૈન તીર્થંકર શ્રી મહાવીર પ્રભુના અવશેષો પર પણ સ્તૂપ રચાયેલો, જેનું વર્ણન શ્રી જિનપ્રભસૂરિએ પોતાના અપાપા-કલ્પમાં કરેલું છે.[૯]

આ પ્રમાણે પ્રથમ જૈન તીર્થંકરથી માંડીને અંતિમ ચોવીશમા જૈન તીર્થંકર લગીના લગભગ દરેક તીર્થંકરો, તેમના સહગામીઓ તથા અન્ય જૈન મહાપુરુષોના સ્મરણમાં સ્તૂપો રચાયલા છે. ભગવાન બુદ્ધ તો ચોવીશમા જૈન તીર્થંકરના સમકાલિક હતા. એટલે તેમના અવશેષો પર રચાયલ સ્તૂપને ધાર્મિક દૃષ્ટિએ આદિ સ્તૂપ લેખવો તે કેવળ જૈન ઇતિહાસના અજ્ઞાનનું જ પ્રતિબિંબ છે.

આ રીતે સ્તૂપોની પ્રથા જેમ જૈન ધર્મને આભારી છે તેમ સ્મરણ-સ્થંભોની શરૂઆત પણ જૈન દર્શનને જ આભારી છે.

### સ્થંભનો પ્રાચીન ઇતિહાસ

સ્મરણ-સ્થંભોનો પહેલ પ્રથમ નિર્દેશ પ્રથમ જૈન તીર્થંકર શ્રી આદિનાથના સ્મરણમાં દેવોએ પોતાનાં વિમાનોમાં માનસ્તંભો ઊભા કર્યો હોવા અંગેનો મળી આવે છે.[૧૦] તે પછી તે જ અરસામાં જૈન ધર્મના વિજયની યાદમાં ઠેર ઠેર 'જયસ્તંભો' ઊભા થયેલા હોવાનો નિર્દેશ મળે છે.[૧૧]

બીજા જૈન તીર્થંકર શ્રી અજીતનાથના સ્મરણમાં પણ સુરેન્દ્રાદિએ તેવા જ સ્મૃતિ-સ્તંભો ઊભા કરેલ

---

(૪-૫) Smith, The Jain Stupa and other Antiquities of Mathura.

(૬) Ferguson, History of Indian & Eastern Architecture, Vol. I, P. 110.

(૭) ઉપરોક્ત લેખમાં જે ૭૯ આંકનો નિર્દેશ છે તે કેટલાક વિદ્વાનો શક કે વિક્રમસંવત્સરનો હોવાની કલ્પના કરે છે. પરંતુ અમારા મંતવ્યાનુસાર તે આંક ઈ. સ. પૂ. ૧૫૯ માં શરૂ થયેલ ક્ષહરાત-સંવતનો હોવાનો વિશેષ સંભવ હોઇને ૭૯ આંકને અમે ઈ. સ. પૂ. પહેલી સદીમાં મૂકેલ છે.

(૮) જુઓ વર્ધમાન સૂરિ કૃત શ્રીવાસુપૂજ્યચરિત્ર સર્ગ-૪

(૯) भूयिष्ठाश्चर्यभूमिश्चरमजिनवरस्तूपरम्य स्वरूपा।
साऽपापामध्यमादिर्भवतु वपुरी भूतये यात्रिकेभ्यः ॥
विविधतीर्थकल्पांतर्गत अपापाकल्प-२५

(१०) इन्द्राःस्वविमानेषु सुधर्मायां च पर्षदि।
अपि माणवकस्तंभं वृत्त वज्र समुद्गके ॥ ५६४
त्रिषष्टि शा. पु. च. पर्व १. सर्गः ६

(११) जयस्तंभो दिशि दिशि धर्मणेवाधिरोपितः ॥ ५८३
त्रिषष्टि शा. पु. च. पर्व १. सर्गः ६

હોવાના પ્રાચીન ઉલ્લેખો મળી આવે છે.[૧૨]

તે પછીના યુગમાં પણ ધર્મવિજય કે મહાપુરુષના સ્મારક તરીકે માન–સ્તંભો, ધર્મ–સ્તંભો ઊભા કરાવવાની પ્રથા જૈનોમાં કાયમ રહી છે. બૌદ્ધ ધર્મમાં સ્મારક માટે સ્તૂપ કે વિહારનો નિર્દેશ[૧૩] મળે છે, પણ સ્થંભને મહત્ત્વ નથી અપાયું. પ્રિયદર્શી એ બૌદ્ધ રાજવી છે એવી કલ્પના તળે તેના સ્થંભોને બૌદ્ધ સ્થંભો ગણી લેવામાં આવ્યા છે. પણ આ ગ્રન્થમાં આપણે પુરવાર કર્યું છે કે પ્રિયદર્શી એ તો જૈન સમ્રાટ સંપ્રતિનું ઉપનામ છે. એટલે તેના સ્થંભોને સ્વાભાવિક રીતે જ બૌદ્ધ ધર્મ સાથે ન સાંકળી શકાય. અને પ્રિયદર્શીના એ કહેવાતા બૌદ્ધ સ્થંભોને બાદ કરો તો તે પ્રકારના બૌદ્ધ સ્થંભો ખાસ કયાંય જોવામાં આવતા નથી. જ્યારે જૈનોના પ્રિયદર્શીના સ્થંભોને મળતાજ અનેક સ્થંભો ઠેરઠેર નજરે ચડે છે. દિગંબર જૈન શાસ્ત્રોમાં તો સ્થંભ ઊભા કરાવવાની પ્રવૃત્તિને ખૂબ જ ધર્મફળદાયી માનવામાં આવી છે અને તેમાં સ્થંભોનું જે વર્ણન કરવામાં આવ્યું છે[૧૪] તે પ્રિયદર્શીના સ્થંભોને મળતું જ આવે છે.

આવી રીતે સ્તૂપ અને સ્થંભની શરૂઆત તેમજ તેનો વિકાસ જેમ જૈન દર્શનને આભારી છે તે જ પ્રમાણે ચૈત્યનું નિર્માણ અને તેની ખીલવણી પણ જૈન ધર્મને જ આભારી છે. અને સ્તૂપ તેમજ સ્થંભની જેમ ચૈત્યનું નિર્માણ પણ પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથના યુગમાં થયેલ છે. તે સંબંધમાં એવો ઉલ્લેખ મળે છે કે ભગવાન શ્રી આદિનાથે શત્રુંજય પર્વત પર વિચરીને તેને મહાતીર્થ તેમજ અનેક આત્માઓની સિદ્ધભૂમિ તરીકે ઓળખાવ્યો ત્યારે શ્રી આદિનાથના ચક્રવર્તી પુત્ર ભરતે ત્યાં રત્નશિલામય એક ભવ્ય ચૈત્ય બનાવરાવ્યું.[૧૫] તે પછી તે પ્રવૃત્તિ વધતી જ ચાલી અને ભરતના રાજશાસન દરમિયાનજ અનેક સ્તૂપો તેમજ જિનચૈત્યો બંધાઈ ચૂકેલાં.[૧૬]

### ચૈત્યનો પ્રાચીન ઈતિહાસ

સ્તૂપ, સ્થંભ ને ચૈત્ય સમાં ધર્મ–સ્મારકોનું નિર્માણ જેમ જૈન ધર્મને આભારી છે તેમ નિષિધિ–પ્રયોગ પણ જૈન દર્શનને જ આભારી છે. ભગવાન આદિનાથના અગ્નિ–સંસ્કાર સ્થાને ચક્રવર્તી ભરતે જે પ્રાસાદ બનાવેલો તેને તેણે 'સિંહનિષિધિ' નામ આપેલું;[૧૭] અને ત્યારથી સ્મારક–મંદિરો તેમજ

### નિષિધિનો પ્રાચીન નિર્દેશ

---

(૧૨) जगद्गुरुस्ततो निजनिजं सदनं सुरेंद्राः
मध्येसुधर्ममथ माणवकाभिदेषु ।
स्तंभेषु वज्रमयवृत्तसमुद्गकांत–
र्विन्यस्य साव दर्शिरं जिननाथ दंष्ट्राः ॥ ७८
त्रि. श. पु. च. पर्व २. सर्ग

(१३) दीघनिकाय– १६–५–११

(१४) पडिमाणं अनेवु स्वयर्थमा ... ति ...
... ...

ततोऽन्यत्रिंश ... दिरूत्वा देमन ...
... ...
... ...

रेजुर्मध्येषु वीथीनां मानस्तंभा मनोहरा : ॥
मल्लिनाथ–पुराण

(१५) अथ शत्रुंजयगिरौ चैत्यं रत्नशिलामयम् ।
अकारयन्मेरुचूला प्रस्पर्धि भरतेश्वर. ॥ ४४८
त्रिषष्टि श. पु. च पर्व १. सर्ग : ६

... प्रत्येकं पुरतोऽभरत् । ५४१.
त्रि. श. च. पर्व १. सर्ग:६

... प्रत्युत्ते ।
... प्रथम ॥ ५११
... ।
११०
१. सर्ग ६

સ્મારક સાથે સંકળાયલાં નિવાસ-સ્થાનોને માટે નિષિધિ પ્રયોગ વપરાતો જોવાય છે.

નિષિધિના બે પ્રકાર હોવાનો સંભવ જણાય છે. એક તો જેની નીચે પૂજ્ય સ્મરણીય પુરુષનું અસ્થિ દટાયું હોય તે, અને બીજો અસ્થિ-રહિત. અસ્થિ-રહિત સ્મારકમાં મૂર્તિ ગોઠવાતી હોય એવો સંભવ છે. જૈન સમ્રાટ ખારવેલના શિલાલેખમાં એ બંને પ્રકારની નિષિધિનો ઉલ્લેખ થયેલો છે.[૧૮] જૈન સમ્રાટ સંપ્રતિના ઉત્તરાધિકારી પુત્ર દશરથે આજીવિકોને ભેટ આપેલી ગુફાઓના દાન-લેખમાં પણ એ પ્રયોગ વપરાયલ છે.[૧૯]

**વિહારનો પ્રાચીન ઉલ્લેખ**

સ્તૂપ, સ્થંભ, ચૈત્ય ને નિષિધિની જેમ વિહાર શબ્દ પણ જૈન દર્શનને આભારી છે. જૈન સાધુઓનાં ઉપ-નિવાસ સ્થાનો (ઉપાશ્રયો) તેમજ જૈન મંદિરો બંનેને માટે વિહાર પ્રયોગ વપરાતો. તેનો નિર્દેશ કેવળ પ્રાચીન સાહિત્યમાં જ નહિ, પરતું ચંપા (ફ્રેન્ચ ઈન્ડો ચાઈના) ના શિલાલેખોમાં પણ થયેલો છે.[૨૦] અને પહાડપુરમાંથી તાજેતરમાં મળી આવેલા ગુપ્ત સંવત ૧૫૯ ના દાન-પત્ર લેખમાં પણ તેનો ઉલ્લેખ થયેલો છે.[૨૧]

**પોષધાગારનો પ્રાચીન ઉલ્લેખ**

પોષધાગારનું[૨૨] નિર્માણ પણ જૈન દર્શનને જ આભારી છે. તેનો પ્રાચીન ઉલ્લેખ પ્રથમ જૈન તીર્થંકર શ્રી આદિનાથ અને તેમના ચક્રવર્તી પુત્ર ભરતના સમય સાથે સંકળાયલો છે.[૨૩]

**ધર્મચક્રનો પ્રાચીન ઇતિહાસ**

ધર્મચક્રનો પણ પ્રાચીનમાં પ્રાચીન નિર્દેશ જૈન દર્શન સાથે જ સંકળાયલો છે. ભગવાન શ્રી આદિનાથે ગાંધારભૂમિમાં જ્યારે વિહાર કરેલો ત્યારે ત્યાં શાસન ચલાવતા તેમના પુત્ર બાહુબલીએ પ્રભુએ તક્ષશિલાની સમીપમાં જ્યાં રાતવાસો કરેલો ત્યાં રત્નમય ધર્મચક્ર બનાવરાવેલું.[૨૪] આ ધર્મચક્ર કેટલીક વખતે વિજય-ચક્રના નામે પણ ઓળખાયલું છે. ખારવેલના હાથીગુંફાનાં શિલાલેખમાં તેનો નિર્દેશ થયેલો છે.[૨૫]

**ચરણ-પૂજનનો પ્રાચીન ઇતિહાસ**

પદબિંબ યાને ચરણ-પાદુકાનો પ્રાચીન નિર્દેશ પણ જૈન ધર્મ સાથે સંકળાયલ છે. ભગવાન શ્રી આદિનાથે તક્ષશિલાની નજીકમાં જ્યારે વિહાર કરેલો ને તક્ષશિલાની ભાગોળે જ તે રાતવાસો રહેલા ત્યારે ત્યાંના નૃપતિ ને ભગવાનના સંસારાવસ્થાના પુત્ર શ્રી બાહુબલીએ પ્રભાતમાં ધામધૂમપૂર્વક ભગવાનનાં દર્શન કરવાની

---

(૧૮) पखीण संसितेहि कायनिसीदीयाय याप-
ञावकेहि-पंक्ति-१४

अरहत-निसीदिया समीपे पभारे-पंक्ति-१५

(૧૯) वहियका कुभा दपलथेन देवानंप्रियेना आनंतल्यिं अभिषितेना [ आजीविकेहि ] भदंतेहि याप निषि-धियाये निषिवे ।

(૨૦) विहारौ देवकुले द्वौ द्वे जिनशङ्करयोस्तयोः ।
स्वजनार्थं प्रकुरुते ताड़ति प्रगतरश्मिम् ॥
—શક સંવત ૭૫૧નો બાકુલનો શિલાલેખ

(૨૧) निग्रन्थ श्रमणाचार्य गुहनंदी शिष्य-प्रशिष्य अधिष्ठित विहारे भगवताम् आर्हताम्—

(૨૨) જ્યાં જૈનો 'પોષધ' નામની ધર્મક્રિયા કરે છે તે સ્થાનક. આનો નિર્દેશ પ્રિયદર્શીના 'સારનાથ' ના સ્થંભલેખમાં મળી આવે છે. ( જુઓ પૃ. ૧૮૮-૧૮૯ )

(૨૩) नृपतिः पोषधागारे पोषधं च समाददे । १५१
त्रिषष्टि श. पु. च. पर्व १ सर्गः ४

(૨૪) धर्मचक्रं रत्नमयं तत्र बाहुबलिर्व्यधात् । ३८०
त्रिषष्टि श. पु. च. पर्व १ सर्गः ३

(૨૫) त्रयोदसे च वसे सुपवत-विजयचक्रे कुमारी पवते-पंक्ति १४

યોજના ઘડી. પણ ભગવાન વહેલી પ્રભાતમાં જ વિહાર કરી ગયા. બાહુબલી સવારમાં ત્યાં આવતાં ભગવાનને ન નિહાળીને શોકાતુર બન્યો ને તેણે ભગવાનનાં જ્યાં પગલાં પડેલાં તેની પૂજા કરી.[૨૬] ત્યારથી ચરણ–પાદુકા કે પદબિંબની પૂજા પ્રવર્તી.

પ્રતિમાની પણ વિવિધ રચનાઓ જૈન ધર્મને આભારી છે. ચક્રવર્તી ભરતે જૈન તીર્થંકરોની સમાનકાય રત્નમયી પ્રતિમાઓ બનાવરાવેલી ને પોતાના નવાણું દીક્ષિત ભાઈઓની વિરાટકાય મૂર્તિઓ બનાવરાવેલી.[૨૭] તે પછી વિકાસ પામેલી એ પ્રવૃત્તિના પરિણામ રૂપ કરોડો જૈન પ્રતિમાઓ આજે ભારતમાં ઠેર ઠેર પથરાયલાં જૈન મંદિરોમાં નજરે ચડે છે. ને વિરાટકાય મૂર્તિઓના અનુકરણરૂપ વિરાટ જૈન મૂર્તિઓ પણ ભારતમાં ઠેર ઠેર નજરે પડે છે.

**પ્રતિમાનું પ્રાચીન નિર્માણ**

ધર્મવૃક્ષ–બોધિવૃક્ષને પણ શ્રી આદિનાથના સમયથીજ જૈન દર્શનમાં મહત્ત્વ અપાતું આવ્યું છે. ભગવાન શ્રી આદિનાથે અનેક વાર શત્રુંજય પર વિહાર કરેલો, અને ત્યાં તે રાયણવૃક્ષની નીચે ધ્યાનસ્થ રહેલા. ત્યારથી આજલગી ત્યાં એ વૃક્ષની પૂજા થતી આવી છે. અન્ય તીર્થંકરોના વિષયમાં પણ એ જ રીતે કોઈ ને કોઈ વૃક્ષને મહત્વ વરેલું છે. છેલ્લા તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામીને ઋજુવાલિકા નદીને કિનારે શાલ–વૃક્ષની નીચે જ્ઞાન ઉપજેલું [૨૮] તેથી તેમના વિષયમાં એ વૃક્ષ પ્રધાનપદે રહે છે.

**ધર્મવૃક્ષનો પ્રાચીન ઉલ્લેખ**

આ રીતે સ્તૂપ, સ્થંભ, ચૈત્ય, નિષિધિ, વિહાર, પોષધાગાર, ધર્મચક્ર, ચરણ–પાદુકા, પ્રતિમા, ધર્મ–વૃક્ષ વગેરે અતિ પ્રાચીન કાળથી જૈન ધર્મ સાથે કેવાં સંકળાયલાં છે તે આપણે અવલોકી ગયા. આ અવલોકનનો આશય હિંદમાં સ્થળે સ્થળે મળી આવતાં સ્તૂપ, સ્થંભ ચૈત્ય, ધર્મચક્ર, ચરણ–પાદુકા, પ્રતિમા વગેરે જૈન ધર્મનાંજ છે એમ કહેવાનો નથી, પરંતુ એ બધાની શરૂઆત જૈન દર્શને કરેલી છે[૨૯] અને પછી બીજા ધર્મોએ તેમાંથી કેટલુંક પોતામાં સમાવી દીધું છે. એ નીતિના કારણે, જેમ આજે કેટલાંય જૈન કે હિંદુ મંદિરો મસ્જિદોના રૂપમાં ફેરવાઈ ગયેલાં મળી આવે છે તેમ પ્રાચીન કાળમાં બૌદ્ધ કે હિંદુ સત્તાઓએ પોતાના ઉદયકાળમાં જૈન ધર્મ કે જૈન સ્થાનકો પર આક્રમણ કરીને અનેક સ્તૂપો, સ્થંભો, ચૈત્યો, નિષિધિઓ, વિહાર, પોષધાગાર, ધર્મચક્ર, ચરણ–પાદુકા, પ્રતિમા, ધર્મ–વૃક્ષ આદિને પોતાના ધર્મ સાથે સાંકળી દેવાનો પ્રયત્ન કર્યો છે. પ્રાચીન કાળમાં અવંતિ પાર્શ્વનાથના જૈન મંદિરને શૈવોએ મહાકાલના મંદિરમાં

**ધર્મ સ્થાનકોનું પરિવર્તન**

---

(૨૬) नत्वेति स्वामिनस्तानि पदबिंबानि भक्तितः ।
सोऽथ पुरस्परिवारः पुनरानुत्वपंस्त्व ॥ ६७९
त्रिषष्टि श. पु. च. पर्व १ सर्गः ३

(૨૭) तत्रैव कारयामास दिव्य रत्नशिलामयी ।
भ्रातॄणां नवनवतेः प्रतिमा भरतेश्वरः ॥ ६२०
त्रिषष्टि श. पु. च. पर्व १ सर्गः ६

(૨૮) जम्भकाद्येऽथ ग्रामेऽस्मिन्नपरेऽपि ।
श्यामाक नाम्नो गृहिणः क्षेत्रे शालतरोस्तले ॥ १
त्रिषष्टि श. पु. च. पर्व १० सर्ग ५

(૨૯) '......the worship of Stupas, of sacred trees, of the Wheel of the Law, and so forth, more or less distinct traces of which are found with all sects, as well as their representations in sculptures, were due to one sect alone instead of being heirlooms handed down from remote times before the beginning of the historical period of India.' Buhler

*Epigraphia Indica II, p. 323.*

...નાંખ્યાનો ઉલ્લેખ મળી આવે છે.૩૦ વર્તમાન પણ કેદારનાથ, બદ્રીનારાયણ કે જગન્નાથના નામે ...ણીતાં બનેલાં હિંદુ તીર્થો પ્રાચીન કાળમાં જૈન ...ર્થો હોવાનાં ઐતિહાસિક પ્રમાણો મળી આવે છે.૩૧ ...જ રીતે જૈન સમ્રાટ પ્રિયદર્શીને બૌદ્ધ ગણીને તેણે ...ભા કરાવરાવેલા સ્થંભો, સ્તૂપો આદિને આજે બૌદ્ધ ...ર્શન સાથે સાંકળી દેવામાં આવે છે અને ત્યાં કે અન્ય સ્થળોમાં પાછલા યુગની કોઈક બૌદ્ધ નિશાની મળી આવે તો પૂર્વાપરનો વિચાર કર્યા વિના તેને ઐતિહાસિક દૃષ્ટિએ બૌદ્ધ તરીકે જાહેર કરવામાં આવે છે. આ ગ્રન્થમાં આપણે પુરવાર કર્યું છે કે પ્રિયદર્શી એ જૈન સમ્રાટ સંપ્રતિનું ઉપનામ છે. એટલે સ્તૂપ-સ્થંભ આદિ તેની કૃતિઓ પણ સ્વભાવિક રીતેજ જૈન દર્શન સાથે સંકળાયલી ગણાય. તેમાંથી સ્થંભો પર કોતરાયલી ધર્મલિપિઓ તેમજ તેમનાં નિર્માણ-સ્થાનની ગણતરીએ એ સ્થંભો જૈન દર્શન સાથે કેવા સંકળાયલ છે તે આપણે બીજા ખંડમાં જોઈ ગયા. આ પરિચ્છેદમાં હવે આપણે પ્રિયદર્શીના નામે ચડાવાયલા તેમજ જેનું કર્તૃત્વ હજી અનિશ્ચિત છે એવા બીજા પણ કેટલાક સ્તૂપો, તેમજ તેમાંના અવશેષો સ્થાનદૃષ્ટિએ જૈન દર્શન સાથે કેવા સંકળાયલ છે તે વિચારી જઈએ; તેમજ પ્રિયદર્શીના સ્થંભો રચના, કર્તૃત્વ તેમજ અન્ય જૈન સ્થંભોની સરખામણીએ જૈન દર્શન સાથે કેવા સંકળાયલ છે તે વિચારી જઈએ.

### વર્તમાન સ્તૂપો

હિંદમાં આજે સંખ્યાબંધ સ્તૂપો અધૂરા અથવા પૂરા ખોદાયલા, તેમજ ખંડિત અથવા તો સુંદર રૂપમાં જળવાઈ રહેલા મળી આવે છે. કેટલાકનું ખોદકામ હજી ચાલુ છે પણ જેટલી હદે તે કામ આગળ વધ્યું છે તે પણ વિષય પર પ્રકાશ ફેંકનારૂં નીવડે છે. તેવા સ્તૂપોમાં સાંચી, ભારહૂત, અમરાવતી, માણિકયાલ, મથુરા, સારનાથ, પહાડપુર, નંદનગઢ, પીપરાવા, ભીર, સંકીસા, બોધિગયા, કેસરિયા વગેરે મુખ્ય છે.

આ બધા સ્તૂપો જો કે પ્રિયદર્શીના પોતાના બનાવરાવેલા અથવા તો કેવળ જૈન ધર્મના નથી; પણ તેમાંના કેટલાક પ્રિયદર્શીના હોવા સંભવ છે અને ઘણા ખરા જૈન ધર્મ સાથે સંકળાયલા છે એટલે તે બધા પર દૃષ્ટિપાત કરવો જરૂરી છે. એટલે સુઘટિત ક્રમમાં તેનું નિરીક્ષણ કરી જઈએ.

મથુરા-સ્તૂપ અગાઉના કેટલાક વિદ્વાનોએ પ્રથમ બૌદ્ધનો માની લીધેલો, જો કે બૌદ્ધનો માની લીધેલો, દર્શને ચાલુ પ્રથાનુસાર જો કે બૌદ્ધનો માની લીધેલો, પણ પછી તે જૈન ધર્મનો હોવાનું દરેક વિદ્વાનોએ

(૩૦) અવંતીસુકુમાલ નામના જૈન શેઠીએ અવંતીમાં અવંતી-પાર્શ્વનાથનું મંદિર બંધાવરાવેલું. સમય જતાં ત્યાં જૈન સત્તા નબળી પડી ને શૈવોએ પાર્શ્વનાથની મૂર્તિ પર શિવલિંગનું ખોખું ચડાવી દીધું. વિક્રમાદિત્યના સમયમાં શ્રી સિદ્ધસેન દિવાકરે ચમત્કારિક 'કલ્યાણ મંદિર' સ્તોત્ર રચીને તે ખોખું દૂર કરી તેને જૈન મંદિર તરીકે પુરવાર કર્યું હતું. સિદ્ધસેન-દિવાકરના જીવન પ્રબંધોમાં આ હકીકત આલેખાયલી છે.

(૩૧) કેદારનાથને સ્થળે કેદાર-પાર્શ્વનાથ ને બદ્રીનારાયણને સ્થાને બદ્રી-પાર્શ્વનાથનાં જૈન તીર્થો હતાં. શંકરાચાર્યના સમય પછી તે વૈષ્ણવોના તાબામાં છે. હવા મૂળ ગાદીએ તો હાલ પણ ... "એક તીર્થંકરનીજ મૂર્તિઓ છે. ત્યાંના યાત્રિકો જણાવે છે કે-' એક કાળે સ્વપ્નમાં ૨૪ તીર્થંકરનાં દર્શન થયાં, જેથી ત્યાં દોષ ... ૨૪ મૂર્તિઓ એજ વિભાગમાં હજી મોજુદ છે.' ત્રિ બરોબર કરતાં હાલ પૂજાતી બદ્રીનારાયણની મૂર્તિ મળી આવી. બીજી ... આદિ સંપ્રદાય-મૂળ સંઘની એજ વિભાગમાં વ્યવસ્થા થયેલી, જેથી નગરનું નામ મૂલબદ્રી પડયું હશે એમ જણાય છે. જગન્નાથપુરીનું વર્તમાન હિંદુ તીર્થ અગાઉ ઠરાવેલા પ્રાર્શ્વનાથના નામે જાણીતું જૈન તીર્થ હતું. શંકરાચાર્યના સમયમાં આક્રમણપૂર્વક તેનો કબજો લઈ તેના પર કૃષ્ણ-બળદેવ સુભદ્રાની ત્રિમૂર્તિનું ખોખું ચડાવી દેવામાં આવ્યું. તે ત્રિમૂર્તિમાં એક અસ્થિ જળવાઈ રહેલું છે અને તેને હિંદુઓ કૃષ્ણના અસ્થિ તરીકે ઓળખાવે છે પણ હિંદુઓમાં તો અસ્થિને અસ્પર્શ્ય ગણવામાં આવે છે એટલે તે મૂળમૂર્તિ અન્ય ધર્મની હોવાનું પ્રત્યક્ષ પ્રમાણ મળી રહે છે. જૈનોમાં પૂજ્ય પુરુષોના અસ્થિ જાળવી રાખવાની પ્રથા છે તેમજ ખારવેલના શિલાલેખમાં પણ તે મૂર્તિને 'કલિંગ-જિન-મૂર્તિ' તરીકે ઓળખાવવામાં આવી છે. તે પ્રાચીન સમયમાં જૈનતીર્થ હતું તેની અસર હજી હાલ પણ ત્યાં જાતિ-ભેદ-નિષેધની પ્રથા ચાલુ છે.

# પ્રથમ ખંડ

## કાળ ગણના

### અનુક્રમ

માન્ય રાખ્યું છે, અને ત્યાંથી તે મતને પ્રામાણિત ઠેરવતા શિલાલેખો પણ મળી આવ્યા છે, એટલે આપણે પ્રથમ દૃષ્ટિપાત તે સ્તૂપ પર કરી લઈએ.

**મથુરા-સ્તૂપ**

આ સ્તૂપના અવશેષો મથુરાના જૂના કિલ્લાથી દોઢ માઈલ નૈઋત્યમાં અને કટ્રાથી અર્ધો માઈલ દક્ષિણમાં આવેલી કંકાલી ટીલા નામે ટેકરી પર મળી આવે છે. સ્તૂપ જો કે સુઘ-ટિત રૂપમાં નથી મળી આવતો પણ ત્યાં ભવ્ય દૈવી સ્તૂપની હયાતિ સૂચવતા પ્રાચીન લેખો, જૈન આયાગપટ્ટો, જૈન મૂર્તિઓ, તેમજ જૈનોના અતિહાસિક દૃશ્યો સાથે સંકળા-યલાં કોતરકામો આદિ મળી આવે છે.

જૈન દર્શનમાં મથુરા એ સાતમા જૈન તીર્થંકર શ્રી સુપાર્શ્વનાથના સમયથી મહત્ત્વની તીર્થભૂમિ લેખાતું આવ્યું છે. ત્રેવીશમા જૈન તીર્થંકર પાર્શ્વનાથના સમયમાં ( ઇ. સ. પૂ. ૯૦૦ ) તે જૈન તીર્થભૂમિ તરીકે અપૂર્વ જાહોજલાલી ભોગવતું હતું. શ્રી સુપાર્શ્વ-નાથના સ્મરણમાં દેવી કુબેરાએ એક ભવ્ય સ્તૂપ બંધા-વરાવેલો ને ભગવાન પાર્શ્વનાથના સમયમાં તેનો ઉદ્ધાર થયો. સં. ૭૯ના શ્રાવિકા દત્તાના લેખથી જણાય છે કે ઇ. સ. પૂ. પહેલી સદીમાં તે સ્તૂપ વોદ્ધ સ્તૂપના નામે ઓળખાતો હતો, અને તે સમયે પણ તે દેવ-નિર્મિત મનાતો હતો. ( જુઓ પૃ. ૨૨૧ )

ભગવાન મહાવીરના સમયમાં પણ મથુરા જૈન તીર્થક્ષેત્ર તરીકે એટલુંજ મહત્ત્વ ધરાવતું હતું. તેમના સમય પછી તે વીરતીર્થ તરીકે લેખાવા લાગ્યું. ઇ. સ. પૂ. પહેલી સદીના નૃપતિ ગુપ્તીપુત્રની પત્ની શિવમિત્રાના પૂજન-તકતીના લેખમાં શરૂઆતમાં અર્હંત વર્ધમાનને નમસ્કાર કરવામાં આવ્યો છે.[૩૧] તથા તે જ અરસાના એક કોતરકામમાં હરિણૈગમેષી દેવ દેવાનંદાના ગર્ભમાંથી ભગવાન મહાવીરનું અપહરણ કરીને તેમને ત્રિશલાની કુક્ષિમાં લઇ જઇ રહ્યો છે તે દૃશ્ય કોતરાયું છે.[૩૩] ગુપ્તકાળમાં પણ ત્યાં પ્રતિમાઓ પધરાવાયાના લેખો મળી આવેલ છે.[૩૪] વિક્રમની નવમી સદીમાં શ્રી બપ્પભટ્ટસૂરિએ આમ રાજા મારફત આ તીર્થનો ઉધ્ધાર કરાવ્યો હતો.[૩૫]

મથુરામાં જૈન મૂર્તિઓ, આયાગપટ્ટો તેમજ તોરણોના જે પ્રાચીન અવશેષો મળી આવે છે તે કલા અને ભક્તિનાં અદ્વિતીય પ્રતીકો મનાય છે.

વી. સ્મીથ કહે છે કે, ' ભૌગોલિક દૃષ્ટિએ વાયવ્યમાં ગાંધાર ( તક્ષશિલા-માણિક્યાલ ), અગ્નિમાં અમરાવતી, પૂર્વમાં સારનાથ અને એ ત્રણેની મધ્યમાં મથુરા આવેલું છે.'[૩૬] તેમાંથી મથુરાને જૈન તીર્થધામ તરીકે વિચારી ગયા પછી આપણે હવે તક્ષશિલા (ભીર)-માણિક્યાલ, અમરાવતી અને સારનાથના સ્તૂપો પર દૃષ્ટિપાત કરી લઇએ.

ગાંધારમાં તક્ષશિલાની આસપાસમાં જે ખોદકામો થયાં છે કે આજે ચાલી રહ્યાં છે તેમાં તક્ષશિલાની નજીકના ભીર વગેરે સ્તૂપો, તેમજ માણિક્યાલના વેન્તુરા આદિ સ્તૂપો મુખ્ય છે.

**માણિક્યાલ-સ્તૂપ**

માણિક્યાલ અને વેન્તુરા સ્તૂપ અંગે જનરલ કનીંગહામ ધારે છે કે, ' તે સ્તૂપ મૂળ હુવિષ્ક[...] શાસનકાળ દરમિયા[ન] ઇ. સ. ની શરૂઆત[...] બંધાયલ હોવો જોઇ[એ] [...] પણ આજે તે જે સુંદર રૂપમાં મળી આવે છે તે [...] ઇ. સ. ૭૨૦ લગભગમાં કનોજપતિએ તેનો ઉ[...] કર્યો પછીજ બનેલું.'[૩૭]

સિક્કાઓ તેમજ શિલાલેખોના આધારે આપ[...] તો જાણીએ જ છીએ કે હુવિષ્ક એ જૈન ર[...]

---

(૩૧) Buhler, Epigraphia Indica ii p. 395.

(૩૨) Mathura Sculptures, plate II.

(૩૩) Buhler, Epigraphia Indica i p. 210-211

(૩૫) વિવિધતીર્થકલ્પાન્તર્ગત મથુરાકલ્પ. પૃ. [...]

(૩૬) Smith, History of Fine Art in I[ndia and] Ceylon. p. 132

(૩૭) Indian Antiquary. Vol. IX p. 15[...]

હતો.[૩૮] તેમજ ઇ. સ. ૭૨૦ ના અરસામાં કનોજના સિંહાસને શોભતો યશોવર્મા તથા તેનો પુત્ર અને ઉત્તરાધિકારી આમ્રદેવ બંને જૈનાચાર્ય બપ્પ ભટ્ટસૂરિના ભકત હતા; તેમાં રાજા આમે તો જાહેર રીતે જૈન ધર્મ સ્વીકાર્યો પણ હતો.[૩૯] આ સંયોગોમાં માણિકયાલ-વેન્તુરાના સ્તૂપને જૈન ન માનવાને કંઈ કારણ નથી.

તક્ષશિલાના ભીર-સ્તૂપમાં હજી પણ ખોદકામ ચાલુ છે. છતાં ત્યાંથી જે અવશેષો મળી આવેલ છે તે સ્તૂપને જૈન દર્શાવવાને પૂરતા છે.

**ભીર-સ્તૂપ**

ભીર-સ્તૂપમાંથી એક એવું ચોકઠું મળી આવ્યું છે કે જેની બે બાજુ પર એક માનવ-યુગલ અને બે સિંહ છે; અને બીજી બે બાજુ પર બ્રાહ્મી અને ખરોષ્ઠી લિપિમાં સિધાથસ એવો લેખ છે.[૪૦] આ દશ્ય અને લેખ પરથી એમ માનવાને પૂરતાં કારણ છે કે એ કોરણીમાંનું યુગલ ભગવાન મહાવીરના પિતા સિધ્ધાર્થ અને તેમનાં માતા ત્રિશલા હોય ને તેમની નજીકમાં ભગવાન મહાવીરના લંછન લેખે સિંહ કોરાયા હોય.

બીજું ભીરના સ્તૂપમાંથી પ્રાચીન યુગની એક દેવીમૂર્તિ મળી આવી છે. એ સ્તૂપને બૌદ્ધ-સ્તૂપ ગણી લેતા વિદ્વાનો પણ એ પ્રમાણથી હવે તેને બૌદ્ધ અવશેષ ગણતાં અચકાઈ રહ્યા છે. કેમકે બૌદ્ધ દર્શનમાં ઇ. સ. પૂર્વેના સમયમાં દેવી-મૂર્તિઓને તલપૂર સ્થાન અપાયેલું નથી.[૪૧] જ્યારે જૈન દર્શનમાં શરૂઆતથી દેવ-દેવીઓની મૂર્તિઓને સ્થાન છે અને મથુરાના સ્તૂપ તેમજ આયાગપટ્ટો પર કોતરાયેલ દેવી-મૂર્તિઓ તેનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

**અમરાવતી સ્તૂપ**

અમરાવતી-સ્તૂપ દક્ષિણમાં મદ્રાસ ઇલાકાનાં બેઝવાડા અને વરંગુળ ગામોની નજીક અમરાવતી નામ નાના ગામમાં આવેલો છે.

એક સમયે આ ગામ દક્ષિણનું મહત્ત્વનું નગર લેખાતું હતું. નાનપણમાં દેશાટને નીકળેલા મગધપતિ શ્રેણિકે જે બેન્નાતટ નગરમાં આશ્રય લીધેલો તેની અડોઅડ અમરાવતી આવેલું હતું. એટલે તે પ્રાચીન બેન્નાતટ નગરનું પરૂં હોવા સંભવ છે.

આ સ્તૂપ પર બે ઐતિહાસિક લેખો મળી આવેલા છે. એક વસિષ્ઠપુત્ર સ્વામી શ્રી પુલુમાવીનો, ને બીજો શિવમક શાત ( અક્ષરો ખંડિત હાલતમાં છે ) નો. બેમાંથી એકે પર સાલ નથી મળતી ( ખંડિત છે ) પણ લેખ કોતરાવનાર બંને નૃપતિઓ ઇ. સ. પૂ. ની સદીના આંધ્રપતિઓ જણાય છે. તેમાંના પહેલા લેખમાં અમરાવતી-સ્તૂપને દાન આપ્યાનો નિર્દેશ છે, ને તેમાં તે સ્તૂપને ' મહાચૈત્ય ' ના નામે ઓળખાવાયલ છે.[૪૨] બીજાનો આશય વાંચી શકાતો નથી પરંતુ તેમાં પણ સ્વાભાવિક રીતે દાનનો જ નિર્દેશ હોવા સંભવ છે.

અમરાવતી સ્તૂપને દાન આપનારા આ બંને નૃપતિઓ ધર્મે જૈન હતા. પરિણામે એ સ્તૂપ સ્વાભાવિક રીતે જ જૈન ધર્મ સાથે સંકળાયલ હોવો જોઇએ. એ સ્તૂપના પ્રથમ સંશોધક કર્નલ મેકેન્ઝીએ પણ તે જૈન સ્તૂપ હોવાનો અભિપ્રાય વ્યકત કરેલો.[૪૩] પણ પછી તે સ્તૂપમાંનાં કેટલાંક દશ્યો સાંચી વગેરે સ્તૂપો સાથે મળતાં જણાયાં, અને સાંચીનો સ્તૂપ તો વિદ્વાનો પ્રિયદર્શીને અશોક માનીને બૌદ્ધ ધર્મનો ઠરવી બેઠા હતા, એટલે અમરાવતીને પણ તેમણે બૌદ્ધ સ્તૂપ તરીકે ઓળખાવ્યો. પણ આપણે પ્રિયદર્શી એ જૈન

(૩૮) પ્રમાણો માટે જુઓ પ્રાચીન ભારતવર્ષ-ભાગ ચોથો, ખંડ નવમો, દ્વિતીય પરિચ્છેદ.

(૩૯) History of Kanauj & विविध तीर्थकल्प

(૪૦) Archaeological Survey of India. 1936-37. P. 39

(૪૧) A female deity has no place in the Buddhist pantheon of the] early centuries before Christ. P. 60
Archeological S. of India. 1935-36

(૪૨-૪૩) Archeolcgical Survey in Southern India. Vol. 1. p. 23

આપી છે. તેમાંના *A* સ્તૂપમાં પાછલા યુગની કેટલીક બૌદ્ધ નિશાનીઓ મળે છે પણ બીજા ત્રણ મોટા સ્તૂપોમાં એક પણ બૌદ્ધ નિશાની હાથ ચડી નથી.[૫૧] તે ઉપરાંત આ પ્રદેશને બૌદ્ધ ધર્મ સાથે ખાસ વિશિષ્ટ સંબંધ પણ નથી. જ્યારે બીજી બાજુ જૈન દૃષ્ટિએ આ પ્રદેશ ભગવાન મહાવીરની જન્મભૂમિના કારણે સ્મરણીય અને પૂજનીય તીર્થભૂમિ બનેલો છે. એટલું જ નહિ પણ તે સ્તૂપોમાંથી મથુરાના જેવી પ્રાચીન દેવી–મૂર્તિઓ પણ મળી આવેલ છે[૫૨] જેને પ્રાચીન જૈન કલા–વિધાનમાં પૂરતું સ્થાન છે; જ્યારે પ્રાચીન બૌદ્ધ પ્રથામાં તેને તલપૂર પણ સ્થાન નથી અપાયું.[૫૩]

કેસરિયાનો સ્તૂપ પણ નંદનગઢના સ્તૂપોની નજીકમાં જ આવેલ છે. તે પ્રિયદર્શીને બંધાવરાવેલ હોવાનો પૂરતો સંભવ છે.[૫૪] એટલે ત્યાંથી જ્યાં લગી વિશિષ્ટ બૌદ્ધ અવશેષો ન મળી આવે ત્યાં લગી તેને સ્થળ તેમજ કર્તૃત્વની દૃષ્ટિએ જૈન માનવાને પૂરતાં કારણો રહે છે.

' બોધિ–ગયા'નો સ્તૂપ સ્પષ્ટપણે બૌધ્ધ સ્તૂપ છે. તેની પહોળાઈ ૬૦ ફૂટ ને ઊંચાઈ ૧૬૦ ફૂટ છે. તે ઇ.સ. ની પહેલી સદીમાં બંધાયેલો છે[૫૫] તે જોતાં જણાય છે કે તે ઉપરોક્ત પ્રાચીન જૈન સ્તૂપોના કલા–વિધાનને અનુસરીને બંધાયો હશે. આ સ્તૂપ સંબંધમાં ખાસ નોંધપાત્ર હકીકત તો એ છે કે હુએન્સાંગે આ સ્તૂપનું જે વર્ણન કર્યું છે તેની સાથે એ સ્તૂપ સંપૂર્ણ સુમેળ ધરાવે છે,[૫૬] જ્યારે તેણે બીજા બૌદ્ધ સ્તૂપોનાં જે વર્ણન કર્યાં છે તેની સાથે અન્ય સ્તૂપોમાંથી કોઇનો મેળ મળતો નથી. તે પરથી એમ માનવાને કારણ રહે છે કે હુએન્સાંગે નોંધેલા બૌદ્ધ સ્તૂપોમાંથી બોધિ–ગયાનો આ સ્તૂપ જ બચવા પામ્યો હોય, અને આજે અવશિષ્ટ અથવા અખંડ રૂપમાં બીજા જે સ્તૂપો મળી આવે છે તે જૈન ધર્મના હોઇને હુએન્સાંગે તેની નોંધ ન લીધી હોય.

પીપર્વાનો સ્તૂપ સંયુક્ત પ્રાન્તોના બસતી જિલ્લામાં આવેલો છે, જ્યારે સંકીશા–સ્તૂપ દક્ષિણ–બિહારમાં આવેલો છે. તેમાંનો પીપર્વા સ્તૂપ સંભવિત છે કે બૌદ્ધ હોય. પરંતુ સંકીશાના સ્તૂપમાંથી નોંધપાત્ર બૌદ્ધ અવશેષો મળી આવ્યા નથી, જ્યારે તેમાંથી પ્રાચીન દેવી-મૂર્તિ મળી આવેલી છે[૫૭] જે બૌદ્ધ ધર્મની પ્રાચીન પ્રથાથી વિરૂદ્ધ છે,[૫૮] અને જૈન પ્રાચીન કલાવિધાન સાથે સુસંગત છે.

આ રીતે જુદા જુદા સ્તૂપો પર દૃષ્ટિપાત કર્યા પછી હવે આપણે પ્રિયદર્શીએ બનાવરાવેલા મનાતા બે મુખ્ય સ્તૂપો–સાંચી અને ભારહૂત પર વિચાર કરીએ.

## સાંચી–સ્તૂપ

સાંચીના સ્તૂપો મધ્ય હિંદના ભોપાળ રાજ્યમાં સાંચી[૫૯] અને કન્ખેરા ગામોની નજીકમાં અને ગ્વાલીયર રાજ્યના ભીલસા નગરથી પાંચ માઇલ નૈઋત્યમાં, બેસ અને બેટવા નામની નદીઓની વચ્ચે, ૩૦૦ ફીટ લગભગ ઊંચી ટેકરીઓ પર આવેલા છે.

---

(૫૧) Nothing has been found at B. N. O. that can be said to be indicative of their Buddhist origin.
Archaeological Survey of India. 1935–36. p. 62.

(૫૨) Archaeological S. of India. 1935–36. p. 60.

(૫૩) A female deity has no place in the Buddhist pantheon of the early centuries before Christ.
Archaeological S. of India. 1935–36. p. 60

(૫૪) R. Mookerji-Asoka. 83.

(૫૫–૫૬) History of Indian & Eastern Architecture. Vol. 1, p. 77

(૫૭–૫૮) Archaeological Survey of India. 1935–36. p. 60.

(૫૯) જનરલ મેઇઝી એનો ઉચ્ચાર સાન્ચી ( Sānchi ) સાચી ( Sāchi ) અથવા સાત્ચી ( Sātchi ) કરે છે; જ્યારે ડૉ૦ ભાંડારકર અને તુકા તેનો ઉચ્ચાર સાંચી ( Sāmchi ) કરે છે. આ શબ્દ બૌદ્ધ પુસ્તકોમાં કે ત્યાં મળી આવેલ અવશેષોમાં ક્યાંયે આવેલ નથી, પણ નગરનું નામ આજે સાંચીના નામે ઓળખાય છે તે પરથી અમે તેને પણ એ નામ આપ્યું છે. [illegible] જૈન ગ્રન્થમાં એ શબ્દ વપરાયો છે– ' [illegible] '

**સારનાથ-સ્તૂપ**

સારનાથ-સ્તૂપ બનારસની નજીકમાં આવેલો છે. મથુરાની જેમ બનારસ એ પણ જૈનોની વિશિષ્ટ તીર્થભૂમિ છે. મથુરામાં જેમનો સ્તૂપ બંધાયેલો છે તે સાતમા જૈન તીર્થંકર સુપાર્શ્વનાથની, તેમજ જેમના સમયમાં મથુરાના સ્તૂપનો ઉધ્ધાર થયો તે ત્રેવીસમા જૈન તીર્થંકરની આ જન્મભૂમિ છે. સારનાથની નજીકમાં જ અગ્યારમા જૈન તીર્થંકર શ્રી શ્રેયાંસનાથની જન્મભૂમિ સિંહપુર ને આઠમા જૈન તીર્થંકર ચન્દ્રપ્રભુની જન્મભૂમિ ચન્દ્રપુરી–એ બંને નગરીઓ આવેલી હતી. એટલે મથુરાનો સ્તૂપ જેમ જૈન પુરવાર થયો છે તેમ સમય જતાં આ સ્તૂપ પણ જૈનોનો પુરવાર થાય તો નવાઇ નહિ. આજે તો આ સ્તૂપ હુએન્સાંગના નિર્દેશને આધારે બૌધ્ધ માનવામાં આવે છે. તેનો પરિઘ ૧૫૦ ફીટ, તેમજ ઊંચાઇ ૧૨૮ ફીટ છે. હુએન્સાંગ સારનાથનો સ્તૂપ બુધ્ધ ભગવાનના અવશેષો પર બંધાયલ હોવાનું જણાવે છે, પણ એને લગતું કોઇ પ્રમાણ હજી ત્યાંથી મળ્યું નથી. તેમજ હયાત સ્તૂપ હુએન્સાંગના વર્ણન સાથે મેળ ખાતો પણ નથી.

સારનાથના સ્તૂપને જૈન માનવાનાં મુખ્ય કારણો એ છે કે જ્યારે મથુરા, ગાંધાર ( તક્ષશિલા–માણિક્યાલ વ. ) ને અમરાવતી એ ત્રણ કેન્દ્રોના સ્તૂપો જૈન છે ત્યારે ચોથા કેન્દ્ર સારનાથનો સ્તૂપ પણ જૈન હોવાનો સંભવ રહે. બીજું સારનાથનું કલાવિધાન મહદ્ અંશે મથુરાના સ્તૂપને મળતું લેખાય છે. જે તીર્થંકરના સ્મરણમાં મથુરાનો સ્તૂપ બંધાયો છે એ જ તીર્થંકરની સારનાથ એ જન્મભૂમિ છે.

**પહાડપુર-સ્તૂપ**

બંગાળમાં પહાડપુરનો સ્તૂપ તો દેખીતી રીતે જ જૈન છે, કેમકે ત્યાંથી તીર્થંકરની પ્રતિમા મળેલ છે[૪૮] એટલું જ નહિ પણ ત્યાંથી મળેલા ગુપ્ત સંવત ૧૫૯ના લેખમાં એક બ્રાહ્મણ દંપતીએ ત્યાંના જૈન વિહારમાં આર્હત મંદિરમાં સુખડ, ધૂપ, દીપક વગેરેને માટે દાન આપ્યાનો નિર્દેશ છે.[૪૯] હુએન્સંગે પણ પહાડપુર-પુન્દ્રવર્ધનને જૈન કેન્દ્ર તરીકે ઓળખાવેલ છે.[૫૦]

**ચંપારણ્યના સ્તૂપ**

ભગવાન મહાવીરસ્વામીના જન્મ અને વિહારથી પવિત્ર બનેલા ચંપારણ્યમાં તો સ્થંભો અને સ્તૂપોની હારમાળા પથરાઇ ગઇ છે. તેમાં પ્રિયદર્શીના રામપુર્વાના બે સ્થંભ, ને લૌરિય–અરરાજ, લૌરિય–નંદનગઢ તેમજ વૈશાલી ( બખરા ) એમ પાંચ સ્થંભો તથા નંદનગઢ અને કેસરિયાના સ્તૂપો મુખ્ય છે. તેમાંથી સ્થંભોનો વિચાર આપણે આગળ જતાં કરવાનો છે એટલે અહીં ત્રણ સ્તૂપોનો જ વિચાર કરી જઇએ.

નંદનગઢની નજીકમાં ચાર સ્તૂપો મળી આવેલ છે. પુરાતત્ત્વખાતાએ તેને *A. B. N. O.* એવી સંજ્ઞાઓ

---

(૪૮) Bronze image of Tirthankara standing on a pedestal. Height 3". His hair is gathered into a top-knot and tied. ( Plate. LVIII e )

Memoirs of the Archaeological Survey of India. No. 55. Excavations at Paharpur.

(૪૯) ઉક્ત લેખમાં જણાવવામાં આવ્યું છે કે–' નાથશર્મા નામે બ્રાહ્મણ અને તેની પત્ની રામી પુન્દ્રવર્ધન નગરના ...રકોપી સારૂ અમલદાર પાસે પહોંચ્યા ને અમુક કલ્પના ...ામાં તેમણે કેટલી જમીનની માગણી કરી, જેનો ઉપયોગ જૈન શ્રમણાચાર્ય ગુહનંદીના શિષ્ય-પ્રશિષ્યોથી વિરાજમાન વતગોહાલી વિહારમાં શ્રી જિનેશ્વર ભગવાનના મંદિરમાં સુખડ, ધૂપ, ફૂલ, દીપક વગેરે માટે દાન આપવામાં થવાનો હતો. અમલદારે તે માગણી માન્ય કરી.'

Epigraphia Indica Vol. XX p. 62

(૫૦) પુન્દ્રવર્ધનમાં વધારે પ્રમાણ જૈનોનું છે. જૈન નિર્ગ્રન્થ સાધુઓની સંખ્યા પણ વિપુલ છે. જૈન ચૈત્યો પણ વધારે છે. તેમનાથી બીજે નંબરે ૧૦૦ બ્રાહ્મણોના ચૈત્યો છે. બૌધ્ધ વિહારો ત્યાં ૨૦ છે.

આ વિભાગમાં સાંચી, સતધાર, સોનારી, અંધેર ને ભોજપુર એમ પાંચ ટેકરી આવેલી છે અને તે પાંચે પર થઇ નાના મોટા લગભગ ૭૫ સ્તૂપો,[૧૦] પ્રિયદર્શીના લેખવાળો મશહૂર સ્થંભ [૧૧] પાંચેક બીજા નાના સ્થંભો તેમજ કેટલાંક ચૈત્ય-વિહાર આદિના અવશેષો મળી આવે છે.

સાંચીના આ અવશેષો આજ લગી જનરલ કનિંગહામના મંતવ્યને અનુસરીને બૌદ્ધ લેખાતા આવ્યા છે. પરંતુ આ પરિચ્છેદમાં આપણે પુરવાર કરીશું કે એ અવશેષોમાં પાછલા યુગનાં કેટલાંક બૌદ્ધ દશ્યો કે ચિન્હો નજરે ચડે છે તે મૂળ સ્તૂપને ઘણા સૈકાઓ વીત્યા પછી ઉમેરાયલાં છે અને સાંચીની મૂળ રચના જૈનોને આભારી છે.

સાંચીના અવશેષો સમય ગણતરીએ ચાર વિભાગમાં વ્હેંચાઇ જાય છે. એક તો ઇ. સ. પૂર્વે પાંચમી સદી કે જ્યારે મુખ્ય સ્તૂપ બંધાયલો. બીજો ઇ. સ. પૂ. ત્રીજી સદી કે જ્યારે મુખ્ય સ્તૂપની આસપાસ કઠેરા રચાયા, કેટલાક નાના સ્તૂપો ઉમેરાયા ને સ્થંભો ઊભા કરાયા. ત્રીજો ઇ. સ. પૂ. પહેલી સદી કે જ્યારે તોરણદ્વાર બનાવાયાં. ને ચોથો ઇ. સ. ની પછીનો સમય કે જ્યારે કેટલાક નાના સ્તૂપો ઉમેરાયા, મૂર્તિઓ ઉમેરાણી, દાનો અપાયાં, જેને લગતા લેખો પણ આજે ત્યાં મળી આવે છે. આ સમયક્રમમાં ઇ. સ. પૂ. પહેલી સદી લગી એ સ્તૂપો આદિ સર્વ જૈન ધર્મ સાથે સંકળાયલાં હતાં, પણ તે પછી જેમ ભારહૂત અને અમરાવતીમાં કેટલાંક બૌદ્ધ દશ્યો-ચિન્હો આદિ ઉમેરાયાં છે, તેમ સાંચીમાં પણ કેટલાંક બૌધ્ધ, તેમજ હિંદુ દશ્યો, ચિન્હો, અવશેષો આદિ ઉમેરાયું.

આ અવશેષોમાંનો વધારેમાં વધારે પ્રાચીન, ભવ્ય ને મુખ્ય સ્તૂપ જે ટેકરી પર આવેલો છે તે ટેકરી પણ સાંચીના નામે ઓળખાય છે. મુખ્ય સ્તૂપનો ભોંયતળિયાનો ઘેરાવો ૧૭૫ ફીટ છે અને ૪૨ ફીટની ઊંચાઇએ ઘુંમજનો ઘેરાવો ૫૪ ફીટ છે. એ છત પર ૫૦ ફીટની પહોળાઇ ને ૧૪ ફીટની ઊંચાઇનું ખંડિત શિખર છે. અવશેષના આ માપ પરથી જણાય છે કે એ સ્તૂપ બંધાયો હશે ત્યારે તે અતિ ભવ્ય અને મનોહર હોવો જોઇએ.

વિદ્વાનો આ સ્તૂપના વિષયમાં, તે ઇ. સ. પૂ. ચોથી અથવા પાંચમી સદીમાં બંધાયો હશે એટલું કહીને જ અટકી જાય છે. પરંતુ કોઈ તેનું ચોક્કસ સ્વરૂપ આંકી

---

(૧૦) નાના-મોટા આ ૭૫ સ્તૂપોનું ટેકરીવાર પ્રમાણ નીચે પ્રમાણે છે—

| | મોટા | નાના | |
|---|---|---|---|
| સાંચી ... ... ... ... | ૪ | ૧૦ | } ૭૫ |
| સતધાર ... ... ... ... | ૧ | ૭ | |
| સોનારી ... ... ... ... | ૨ | ૮ | |
| અંધેર ... ... ... ... | ૧ | ૩ | |
| ભોજપુર ... ... ... ... | ૨ | ૩૭ | |
| | ૧૦ | ૬૫ | |

(૧૧) આ સ્થંભ મૂળ તો મુખ્ય સ્તૂપના દક્ષિણ સિંહદ્વાર પાસે ઊભો કરાયલો. પણ આજે તે જંગલમાં ભોંય પર પડયો છે. (Asok. by Hultzsch. intro. p. 20) અઢારમી સદીના મધ્યભાગમાં પ્રીન્સેપ, સર કનીંગહામ, જનરલ મેસી વગેરેએ તેને દક્ષિણના સિંહદ્વાર નજીક જોયેલો. તે વખતે તેના પર કોતરાયલ લેખના કેટલાક અક્ષરો ખંડિત છતાં જણાતા અક્ષરો સ્પષ્ટ હતા. પરંતુ લેખનું ચોક્કસ વાચન થઈ શકેલું નહિ. સર કનીંગહામે એવી કલ્પના કરેલી કે આ લેખ અશોકનો હોવો જોઇએ અને તેમાં સાંચીના સંઘને કંઈક દાન આપ્યાનો નિર્દેશ છે. પણ પછી તે કલ્પના તેમને પ્રમાણરહિત જણાણી અને તેમણે એ મત છોડી દીધો. તે પછી પ્રીન્સેપ અને જનરલ કનીંગહામ બંનેએ સંયુક્તપણે એ લેખ વાંચીને તેમાંથી એટલું જ તાત્પર્ય કાઢયું કે એ લેખમાં સંઘને દાન આપ્યાનો ઉલ્લેખ છે. [ Jour. As. Soc. Beng. VII, p. 565 and 'Bhilsa Topes.' by G. Cunningham. p. 182] પણ તે પછી બુલ્હર, ફ્લીટ, ભાંડારકર આદિએ સારનાથ વગેરેના અસ્પષ્ટ લેખોને ધ્યાનમાં રાખી આ લેખનો અર્થ બંધબેસતો કરવા પ્રયત્ન કર્યો અને આજે એ જ વાચન પ્રચલિત છે. (જુઓ, પૃ. ૧૬૧-૧૬૨) પરંતુ એ લેખની કનીંગહામે ઉતારેલી નકલ તથા આજની સ્થિતિ કરતાં જનરલ મેસીએ ૧૮૫૦ માં ઉતારેલી નકલ વધારે સ્પષ્ટ છે. અને તે નકલ એ લેખને જૈન ધર્મ સાથે સાંકળે છે. તેના વર્ણન માટે આગળ જુઓ.

આપી છે. તેમાંના *A* સ્તૂપમાં પાછલા યુગની કેટલીક બૌદ્ધ નિશાનીઓ મળે છે પણ બીજા ત્રણ મોટા સ્તૂપોમાં એક પણ બૌદ્ધ નિશાની હાથ ચડી નથી. ૫૧ તે ઉપરાંત આ પ્રદેશને બૌદ્ધ ધર્મ સાથે ખાસ વિશિષ્ટ સંબંધ પણ નથી. જ્યારે બીજી બાજુ જૈન દૃષ્ટિએ આ પ્રદેશ ભગવાન મહાવીરની જન્મભૂમિના કારણે સ્મરણીય અને પૂજનીય તીર્થભૂમિ બનેલો છે. એટલું જ નહિ પણ તે સ્તૂપોમાંથી મથુરાના જેવી પ્રાચીન દેવી-મૂર્તિઓ પણ મળી આવેલ છે૫૨ જેને પ્રાચીન જૈન કલા-વિધાનમાં પૂરતું સ્થાન છે; જ્યારે પ્રાચીન બૌદ્ધ પ્રથામાં તેને તલપૂર પણ સ્થાન નથી અપાયું. ૫૩

કેસરિયાનો સ્તૂપ પણ નંદનગઢના સ્તૂપોની નજીકમાં જ આવેલ છે. તે પ્રિયદર્શીને બંધાવરાવેલ હોવાનો પૂરતો સંભવ છે.૫૪ એટલે ત્યાંથી જ્યાં લગી વિશિષ્ટ બૌદ્ધ અવશેષો ન મળી આવે ત્યાં લગી તેને સ્થળ તેમજ કર્તૃત્વની દૃષ્ટિએ જૈન માનવાને પૂરતાં કારણો રહે છે.

'બોધિ-ગયા'નો સ્તૂપ સ્પષ્ટપણે બૌધ્ધ સ્તૂપ છે. તેની પહોળાઈ ૬૦ ફૂટ ને ઊંચાઈ ૧૬૦ ફૂટ છે. તે ઇ.સ. ની પહેલી સદીમાં બંધાવેલો છે૫૫ તે જોતાં જણાય છે કે તે ઉપરોક્ત પ્રાચીન જૈન સ્તૂપોના કલા-વિધાનને અનુસરીને બંધાયો હશે. આ સ્તૂપ સંબંધમાં ખાસ નોંધપાત્ર હકીકત તો એ છે કે હ્યુએન્સાંગે આ સ્તૂપનું જે વર્ણન કર્યું છે તેની સાથે એ સ્તૂપ સંપૂર્ણ સુમેળ ધરાવે છે,૫૬ જ્યારે તેણે બીજા બૌદ્ધ સ્તૂપોનાં જે વર્ણન કર્યાં છે તેની સાથે અન્ય સ્તૂપોમાંથી કોઈનો મેળ મળતો નથી. તે પરથી એમ માનવાને કારણ રહે છે કે હ્યુએન્સાંગે નોંધેલા બૌદ્ધ સ્તૂપોમાંથી બોધિ-ગયાનો આ સ્તૂપ જ બચવા પામ્યો હોય, અને આજે અવશિષ્ટ અથવા અખંડ રૂપમાં બીજા જે સ્તૂપો મળી આવે છે તે જૈન ધર્મના હોઈને હ્યુએન્સાંગે તેની નોંધ ન લીધી હોય.

પીપર્વાનો સ્તૂપ સંયુક્ત પ્રાન્તોના બસતી જિલ્લામાં આવેલો છે, જ્યારે સંકીશા-સ્તૂપ દક્ષિણ-બિહારમાં આવેલો છે. તેમાંનો પીપર્વા સ્તૂપ સંભવિત છે કે બૌદ્ધ હોય. પરંતુ સંકીશાના સ્તૂપમાંથી નોંધપાત્ર બૌદ્ધ અવશેષો મળી આવ્યા નથી, જ્યારે તેમાંથી પ્રાચીન દેવી-મૂર્તિ મળી આવેલી છે૫૭ જે બૌદ્ધ ધર્મની પ્રાચીન પ્રથાથી વિરુદ્ધ છે,૫૮ અને જૈન પ્રાચીન કલાવિધાન સાથે સુસંગત છે.

આ રીતે જુદા જુદા સ્તૂપો પર દૃષ્ટિપાત કર્યા પછી હવે આપણે પ્રિયદર્શીએ બનાવરાવેલા મનાતા બે મુખ્ય સ્તૂપો-સાંચી અને ભારહૂત પર વિચાર કરીએ.

## સાંચી-સ્તૂપ

સાંચીના સ્તૂપો મધ્ય હિંદના ભોપાળ રાજ્યમાં સાંચી૫૯ અને કન્ખેરા ગામોની નજીકમાં અને ગ્વાલીયર રાજ્યના ભીલ્સા નગરથી પાંચ માઈલ નૈઋત્યમાં, બેસ અને બેટવા નામની નદીઓની વચ્ચે, ૩૦૦ ફીટ લગભગ ઊંચી ટેકરીઓ પર આવેલા છે.

---

(૫૧) Nothing has been found at B. N. O. that can be said to be indicative of their Buddhist origin.
Archaeological Survey of India.
1935-35. p. 62.

(૫૨) Archaeological S. of India.
1935-36. p. 60.

(૫૩) A female deity has no place in the Buddhist pantheon of the early centuries before Christ.
Archaeological S. of India.
1935-36. p. 60

(૫૪) R. Mookerji-Asoka. 83.

(૫૫-૫૬) History of Indian & Eastern Architecture. Vol. I, p. 77

(૫૭-૫૮) Archaeological Survey of India.
1935-36. p. 60.

(૫૯) જનરલ મેઈસી એનો ઉચ્ચાર સાન્ચી (Sānchi) સાચી (Sāchi) અથવા સાચ્ટી (Sātchi) કરે છે; જ્યારે ડૉ૦ ભાંડારકર અને સુવ તેનો ઉચ્ચાર સાંચી (Sāmchi) કરે છે. આ શબ્દ બૌદ્ધ પુસ્તકોમાં કે ત્યાં મળી આવેલા અવશેષોમાં નજરે પડતો નથી, પણ નજીકનું ગામ આજે સાંચીના નામે ઓળખાય છે તે પરથી અમે પણ એ નામ આપ્યું છે. जगदिगामणि નામે જૈન રચનામાં એ શબ્દ નજરે પડે છે- 'जयउ वीर सच्चउरी मंडन.'

આ વિભાગમાં સાંચી, સતધાર, સોનારી, અંધેર ને ોજપુર એમ પાંચ ટેકરી આવેલી છે અને તે પાંચે પર થઇ નાના મોટા લગભગ ૭૫ સ્તૂપો,[૧૦] પ્રિયદર્શીના લેખવાળો મથકર સ્થંભ [૧૧] પાંચેક બીજા નાના સ્થંભો તેમજ કેટલાંક ચૈત્ય-વિહાર આદિના અવશેષો મળી આવે છે.

સાંચીના આ અવશેષો આજ લગી જનરલ કનિંગહામના મંતવ્યને અનુસરીને બૌદ્ધ લેખાતા આવ્યા છે. પરંતુ આ પરિચ્છેદમાં આપણે પુરવાર કરીશું કે એ અવશેષોમાં પાછલા યુગનાં કેટલાંક બૌદ્ધ દશ્યો કે ચિન્હો નજરે ચડે છે તે મૂળ સ્તૂપને ઘણા સેકાઓ વીત્યા પછી ઉમેરાયલાં છે અને સાંચીની મૂળ રચના જૈનોને આભારી છે.

સાંચીના અવશેષો સમય ગણતરીએ ચાર વિભાગમાં વ્હેંચાઇ જાય છે. એક તો ઇ. સ. પૂર્વે પાંચમી સદી કે જ્યારે મુખ્ય સ્તૂપ બંધાયલો. બીજો ઇ. સ. પૂ. ત્રીજી સદી કે જ્યારે મુખ્ય સ્તૂપની આસપાસ કઠેરા રચાયા, કેટલાક નાના સ્તૂપો ઉમેરાયા ને સ્થંભો ઊભા કરાયા. ત્રીજો ઇ. સ. પૂ. પહેલી સદી કે જ્યારે તોરણ-દ્વાર બનાવાયાં. ને ચોથો ઇ. સ. ની પછીનો સમય કે જ્યારે કેટલાક નાના સ્તૂપો ઉમેરાયા, મૂર્તિઓ ઉમેરાણી, દાનો અપાયાં, જેને લગતા લેખો પણ આજે ત્યાં મળી આવે છે. આ સમયક્રમમાં ઇ. સ. પૂ. પહેલી સદી લગી એ સ્તૂપો આદિ સર્વ જૈન ધર્મ સાથે સંકળાયલાં હતાં, પણ તે પછી જેમ ભારહુત અને અમરાવતીમાં કેટલાંક બૌદ્ધ દશ્યો-ચિન્હો આદિ ઉમેરાયાં છે, તેમ સાંચીમાં પણ કેટલાંક બૌધ્ધ, તેમજ હિંદુ દશ્યો, ચિન્હો, અવશેષો આદિ ઉમેરાયું.

આ અવશેષોમાંનો વધારેમાં વધારે પ્રાચીન, ભવ્ય ને મુખ્ય સ્તૂપ જે ટેકરી પર આવેલો છે તે ટેકરી પણ સાંચીના નામે ઓળખાય છે. મુખ્ય સ્તૂપનો બાંધતળિયાનો ઘેરાવો ૧૭૫ ફીટ છે અને ૪૨ ફીટની ઊંચાઇએ ઘુંમજનો ઘેરાવો ૫૪ ફીટ છે. એ છત પર ૫૬ ફીટની પહોળાઇ ને ૧૪ ફીટની ઊંચાઇનું ખંડિત શિખર છે. અવશેષના આ માપ પરથી જણાય છે કે એ સ્તૂપ બંધાયો હશે ત્યારે તે અતિ ભવ્ય અને મનોહર હોવો જોઇએ.

વિદ્વાનો આ સ્તૂપના વિષયમાં, તે ઇ. સ. પૂ. ચોથી અથવા પાંચમી સદીમાં બંધાયો હશે એટલું કહીને જ અટકી જાય છે. પરંતુ કોઇ તેનું ચોક્કસ સ્વરૂપ આંકી

---

(૧૦) નાના-મોટા આ ૭૫ સ્તૂપોનું ટેકરીવાર પ્રમાણ નીચે પ્રમાણે છે—

| | મોટા | નાના |
|---|---|---|
| સાંચી ... ... ... ... | ૪ | ૧૦ |
| સતધાર ... ... ... ... | ૧ | ૭ |
| સોનારી ... ... ... ... | ૨ | ૮ |
| અંધેર ... ... ... ... | ૧ | ૩ |
| ભોજપુર ... ... ... | ૨ | ૩૭ |
| | ૧૦ | ૬૫ |

(૭૫)

(૧૧) આ સ્થંભ મૂળ તો મુખ્ય સ્તૂપના દક્ષિણ સિંહદ્વાર પાસે ઊભો કરાયેલો પણ આજે તે જંગલમાં ભોંય પર પડેલો છે. (Asok. by Hultzsch. intro. p. 20) અઢારમી સદીના મધ્યભાગમાં પ્રીન્સેપ, સર કનીંગહામ, જનરલ મેસી વગેરેએ તેને દક્ષિણના સિંહદ્વાર નજીક જોયેલો. તે વખતે તેના પર કોતરાયલ લેખના કેટલાક અક્ષરો ખંડિત છતાં જણાયલ અક્ષરો સ્પષ્ટ હતા. પરંતુ લેખનું ચોકસ વાચન થઇ શકેલું નહિ. સર કનીંગહામે એવી કલ્પના કરેલી કે આ લેખ અશોકનો હોવો જોઇએ અને તેમાં સાંચીના સંઘને કંઇક દાન આપ્યાનો નિર્દેશ છે. પણ પછી તે કલ્પના તેમને પ્રમાણરહિત જણાણી અને તેમણે એ મત છોડી દીધો. તે પછી પ્રીન્સેપ અને જનરલ કનીંગહામ બંનેએ સંયુક્તપણે એ લેખ વાંચીને તેમાંથી એટલું જ તાત્પર્ય કાઢ્યું કે એ લેખમાં સંઘને દાન આપ્યાનો ઉલ્લેખ છે. [ Jour. As. Soc. Beng. VII, p. 565 an[d] 'Bhilsa Topes.' by G. Cunningham. p. 18[...] પણ તે પછી બુલ્હર, ફ્લીટ, ભાંડારકર આદિએ સારનાથ વગેરે અસ્પષ્ટ લેખોને ધ્યાનમાં રાખી આ લેખનો અર્થ બંધબેસ[તો] કરવા પ્રયત્ન કર્યો અને આજે એ જ વાચન પ્રચલિત છે. (જુ[ઓ] પૃ. ૧૬૧-૧૬૨) પરંતુ એ લેખની કનીંગહામે ઉતારેલી [...] તથા આજની સ્થિતિ કરતાં જનરલ મેસીએ ૧૮૫૦ માં [...] નકલ વધારે સ્પષ્ટ છે. અને તે નકલ એ લેખને જૈન ધર્મ સાંકળે છે. તેના વર્ણન માટે આગળ જુઓ.

શકતું નથી. તે સંયોગોમાં આસપાસના પ્રદેશની પરંપરાગત માન્યતા પર આધાર મૂકવો એ વધારે યોગ્ય છે.

ભીલ્સા, સાંચી અને આસપાસનાં બીજાં નગરોમાં વસતી પ્રજા આ મુખ્ય સ્તૂપની રચના સંબંધમાં એવું મંતવ્ય દર્શાવે છે કે તે જૈન ધર્માવલંબી મૌર્ય સમ્રાટ ચન્દ્રગુપ્તે મહાવીર સંવત ૧૬૨ માં બંધાવ્યો હતો.૧૨ બાંધકામની દૃષ્ટિએ૧૩ આ સ્તૂપ એ સમય સાથે સંપૂર્ણ સુમેળ ધરાવે છે, તેમજ તેમાં બૌદ્ધ ધર્મનું એક પણ ચિન્હ નથી,૧૪ એટલે જ્યાં લગી બીજા પુરાવા ન સાંપડે ત્યાં લગી સ્તૂપના નિર્માતા તરીકે જૈન સમ્રાટ ચન્દ્રગુપ્ત જ લેખાવો જોઇએ.

સ્તૂપ–નિર્માણની દૃષ્ટિએ સાંચીના અવશેષો જેમ જૈન ધર્મના દ્યોતક ઠરે છે તેમ સાંચી–સ્થંભના નામે મશહૂર બનેલો જૈન ધર્માવલંબી સમ્રાટ સંપ્રતિ યાને પ્રિયદર્શીનો સ્થંભ પણ આ સ્થળને જૈન ધર્મ સાથે સાંકળે છે.

### સાંચી–સ્થંભ

આજે તો આ સ્થંભ જંગલમાં પડેલો છે અને લેખ પણ ઘસાઇને અસ્પષ્ટ બની ગયો હોઇ તેને ચોક્કસ રૂપમાં વાંચી શકાતો નથી.૧૫ પણ ૧૮૪૯–૫૦ ના ગાળામાં જ્યારે જનરલ મેસીએ આ સ્થળની મુલાકાત લીધી ત્યારે ઉક્ત સ્થંભ મુખ્ય સ્તૂપના દક્ષિણ સિંહદ્વાર નજીક ઊભેલો હતો અને તે સ્થંભ પરના લેખમાંના કેટલાક અક્ષરો તૂટેલા હોવા છતાં અખંડિત અક્ષરો સારી રીતે વાંચી શકાતા હતા. તે વાંચન પ્રમાણે છે–

(૧) .. ह...र य... ... ...म त आ ये
(द) (रा) (या) (हे)

(૨) ...धु नं च मि... ौ नं हा ति पु त...
(णा) (तो)
(मा)
(ना)
(मा)

(૩) ...ति क्खि क...वि सं रि...के ये सय
(ठ)

(૪) म मे य ति भि ख ता भि सि... ौ या उ शा तो
(खु)(वा) (ता)

(૫) नि दु से रि स नं...इ य दु अ ना...
(सा)(दि) (प)(यि) (अं)
(नि)

(૬) स सि या...पे त वि य द च्छा हि मे कि
(ये) (को)
(के)

(૭) ति सि य स म गे चि ल पि ति कं सि पा ति
(सं) (कों)

ઉપરોક્ત વાચનમાં ખંડિત અક્ષરોને પૂરતાં લેખ નીચે પ્રમાણે વાંચી શકાય–

(૧) पियदसि राया [ सचियं ? ] महमत आहे
(૨) भिखुनं च भिखुनिनं नातिपुतस

(૧૨) The Jains of Bhilsa, though they pay no reverence to Sanchi Sthupas, attribute their erection to a Jain Raja Chandragupta, of Patliputra, 162 years after the date of Mahavir.
p. 16. Sanchi and Its Remains
by General F. C. Maisey

(૧૩) આ સ્તૂપના નિર્માણ ૧૧૪૧૦૪૩ ના માપની ઇંટો [illegible] છે, અને તે વખત [illegible] [illegible] [illegible]

(૧૪) There was, originally, a perfec[t] hemi-spherical Sthupa, without anything co[n]nected with Buddhism. p. 117.
Sanchi and Its Remains
by General F. C. Maisey.

(૧૫) સાંચીનો સ્થંભ અત્યારે જે હાલતમાં છે તે હાલતમાં તેના પરનો લેખ વાંચવું અસંભવિત છે. [illegible] [illegible] (જુએ પૃ. ૧૦૧–૧૦૨)

(૩) ...ति ख्खि क...वि संःरि...के ये संघ
(४) मभेधति भिगु वा भिखिनी वा उदाता
(५) नि दुसानि सनंधापयितु भनाया-
(६) सि धासपेतविये इच्छा हि मे कि
(७) ति संघ समगे चिलथितिकं सियाति

આ લેખમાંની ત્રીજી પંક્તિમાંના ખંડિત અક્ષરોને આત્મવિશ્વાસપૂર્વક પૂરવાનું શક્ય ન બનતાં તે પંક્તિને મૂળ પ્રમાણે જ અપૂર્ણ રહેવા દીધી છે પણ સ્થળ, સંયોગો, વ્યક્તિત્વ ને અન્ય ધર્મલિપિઓને સ્મરણમાં લેતાં આખા વાક્યનો ભાવાર્થ નીચે પ્રમાણે હોવાનું સર્વથા સંભવિત જણાય છે—

'પ્રિયદર્શિ રાજા[૬૬] (સાંચીના ?)[૬૭] મહામાત્રાને[૬૮] આમ કહે છે—

'જ્ઞાતપુત્ર[૬૯] ભગવાન મહાવીરનાં જે ભિક્ષુકો કે ભિક્ષુણીઓ આ તીર્થની યાત્રાએ આવે[૭૦] તેમને કહેવું કે—' જે ભિક્ષુઓ કે ભિક્ષુણીઓ સંઘને

---

(૬૬) જનરલ મેસીએ બનાવી રાખેલી નકલમાં આ શબ્દો સ્પષ્ટ રીતે પહેલી પંક્તિના શરૂઆતના શબ્દો છે, પણ પાછળથી ખંડિત ને અસ્પષ્ટ બની ગયેલ લેખનો ઉકેલ મુશ્કેલ હોઇને બુહ્લરે તેને બીજી પંક્તિ ધારી લીધી છે. તેમાં પહેલા બે અક્ષરો સાવ તૂટી ગયા છે પણ ત્રીજો અક્ષર द અથવા ह ના રૂપમાં વાંચી શકાય છે. તે પછી એક અક્ષર તૂટેલો છે અને પાંચમા તથા છઠ્ઠા અક્ષર તરીકે रय અથવા राया સારી રીતે વાંચી શકાય છે. બુહ્લર આટલા અક્ષરોમાંથી કેવળ या વાંચી શકેલ છે, એટલે તેણે બીજો જ સંબંધ કલ્પી લીધો. પણ તેને ત્રીજા અક્ષર તરીકે જો द અને પાંચમા-છઠ્ઠા તરીકે राया વાંચવાનો અવકાશ મળ્યો હોત તો તે ચોક્કસ બીજા લેખોને અનુસરીને આ પંક્તિને પહેલી ગણત અને શરૂઆતના બે શબ્દો તરીકે प्रियदसि राया ગોઠવત.

(૬૭) આ સ્થળે અક્ષરો તૂટી ગયા છે, પણ અન્ય લેખોમાં જ્યાં જ્યાં શરૂઆતની પંક્તિમાં મહામાત્ર શબ્દ આવે છે ત્યાં ત્યાં તેની પૂર્વે ક્યાંના મહામાત્ર તે દર્શાવવાને સ્થળસૂચક નિર્દેશ પણ આવે છે; જેમકે—तोसालियं महमत, समापायं महमत, कोसंबियं महमत વગેરે. તો પછી આ લેખ સાંચીમાં કોતરાયેલ હોઇ ખંડિત અક્ષરોને સ્થળે सांचियं શબ્દની કલ્પના અસ્થાને નથી.

(૬૮) મહામાત્ર એટલે અમલદાર, વિશેષ પરિચય માટે જુઓ પૃ. ૭૦-૧૭૦.

આ સ્થળે मत શબ્દ વંચાય છે અને તેની પૂર્વેના બે અક્ષરો તૂટી ગયા છે. બુહ્લર त ને ઠેકાણે गे અને म ની પૂર્વે स ની કલ્પના કરી समगे શબ્દ ઉપજાવે છે. त નું ઉપરનું પાંખડું સહેજ ખંડિત હોઇ गे વાંચનને માટે પણ અવકાશ રહે છે. પણ मतની પછી આ સ્પષ્ટ વંચાય છે. ને પ્રિયદર્શિનના લેખોમાં પહેલી પંક્તિમાં પહેલો શબ્દ બહુધા आहा કે आहे જ હોય જ છે. समगे શબ્દ પહેલી પંક્તિમાં સંભવિત નથી જ્યાં તેને માન્ય રાખીએ તો પણ તેની પછી બુહ્લરની જેમ फटे શબ્દ જ કલ્પવો જોઇએ અને आ સ્પષ્ટ હોઇને फटेની કલ્પના માટે કશોજ અવકાશ રહેતો નથી.

(૬૯) મૂળમાં અહીં तिपुत સ્પષ્ટ વંચાય છે. તેની પૂર્વનો અક્ષર બહુધા તો डा જેવો જ વંચાય છે; પરંતુ ઉપરનું પાંખડું સહેજ ખંડિત હોવાનો સંભવ હોઇ તેમજ डा મા નીચે જમણી બાજુ પાંખડું ન સંભાવું જોઇએ તે અહીં સંભાયલ હોઇ डा ને સ્થળે णा, या, ना અને मा એ ચાર અક્ષરોમાંથી એકાદને પણ સ્થાન રહે છે. પરંતુ બહુધા डा અને તે પછી णा, या, ना અને मा એ પાંચ સિવાય કોઈ અક્ષરને માટે ત્યાં સ્થાન નથી. એટલે તે શબ્દ डातिपुत, णातिपुत, नातिपुत, यातिपुत અથવા मातिपुत એ પાંચમાંથી એક જ હોઈ શકે. એ પાંચે શબ્દો ભગવાન મહાવીરના नातिपुत અથવા ज्ञातपुत्र નામના સૂચક છે. એટલે તે સ્થળે ભગવાન મહાવીર સૂચક શબ્દ હોવાનો સંપૂર્ણ અને ચોક્કસ સંભવ રહે છે.

બુહ્લરના વાંચન વખતે ઉપરોક્ત અક્ષર વધારે ખંડિત બનેલો હોઇ તેણે डा ને ઠેકાણે મનકાવતો चा ગોઠવી દીધો. અને चातिपुत નો કંઈ અર્થ ન હોઇ તેણે એ શબ્દને चा ति અને पुत એમ ત્રણ વિભાગમાં વહેંચીને લેખના ભાવાર્થને અસ્પષ્ટ બનાવી મૂક્યો.

(૭૦) મૂળમાં અહીં...तिस्खिक...विसंरि... क એટલા (ह) અક્ષરો ૧૮૫૦ની નકલમાં સ્પષ્ટ હતા. તે પછી તેમાંથી કેટલાક અક્ષરો ખંડિત થયા અને તેવી ખંડિત પંક્તિમાંથી બુહ્લર વગેરેએ 'पोतिके चंदमासूरियिके' એવા શબ્દો યોજી કાઢ્યા, અત્યારે મળી આવતા લેખમાં 'ख्खि क वि અને सं એ ચાર અક્ષરો એટલા વિશેષ ખંડિત બની ગયા છે કે તેમના સ્થળે ઇચ્છાનુસાર અક્ષરો કલ્પી શકાય છે. પણ આપણા પાસે મૂળ નકલ હોઇને તેમ કરવું એ ઇતિહાસ-દ્રોહ છે.



# પ્રથમ પરિચ્છેદ

## પ્રિયદર્શિન ઉર્ફે સંપ્રતિ

સાર—

ગ્રીક દંતકથાઓમાં વપરાયલા ‘સેન્ડ્રેકોટસ’ અને ‘પાલીબોથ્રા’ એ બે અસ્પષ્ટ શબ્દોના કાલ્પનિક પાયા પર પરદેશી વિદ્વાનોએ ચણેલો હિંદી ઇતિહાસ, સાચા હિંદી ઇતિહાસને વિકૃત કરીને, ભારતીય કાલગણનામાં કઇ રીતે ૫૫ થી ૬૦ વર્ષનો ગોટાળો ઊભો કરે છે; પરિણામે બુદ્ધ-સંવતની શરૂઆત ઇ. સ. પૂર્વે ૫૪૩ને બદલે ઇ. સ. પૂ. ૪૮૭ માં ને મહાવીરસંવતની શરૂઆત ઇ. સ. પૂર્વે ૫૨૭ને બદલે ઇ. સ. પૂ. ૪૬૭ માં મુકાય છે; અશોકની કારકિર્દી તેની ૬૦ ૧૫ર્ પૂર્વે થયેલા ચન્દ્રગુપ્તના વ્યક્તિત્વમાં અને સમ્રાટ સંપ્રતિની કારકિર્દી અને તેનું પ્રિયદર્શિન નામ તેની પૂર્વે થયેલા અશોકના વ્યક્તિત્વમાં સમાઇ જાય છે. આ કાલ્પનિક ઇતિહાસ સાથે સરખાવતાં સાચા હિંદી ઇતિહાસનાં મૂળ કેવાં અભેદ્ય છે; પ્રિયદર્શિનનું વ્યક્તિત્વ અશોકથી કેટલું જુદું પડે છે અને સંપ્રતિ સાથે કેટલું સુસંગત છે વગેરે સચોટ પ્રમાણોથી સમજાવીને ટુંકમાં પુરવાર કરવામાં આવ્યું છે કે પ્રિયદર્શિન એ અશોકનું નહિ પણ તેના પૌત્ર ને ઉત્તરાધિકારી સંપ્રતિનું નામ છે.

અભેદ [૭૧] રાખવા ઇચ્છતાં હોય તેમણે શ્વેત વસ્ત્રો ધારણ કરવાં અને ઉપાશ્રયોમાં [૭૨] વસવું એવી મારી

---

तिल्खिक ની આસપાસના અક્ષરો આત્મવિશ્વાસ પૂર્વક કલ્પી શકાતા નથી એટલે તે શબ્દને અપૂર્ણ રાખીને અર્થકલ્પનાથી જ સંતોષ માનેલ છે. वि ની પહેલાંનો અક્ષર सु હોય અથવા તો प હોય. रि ને સ્થળે रु વાંચી શકાય છે, અને તેનો છેલ્લો અક્ષર कें છે. બીજી બાજુ સાંચી અને તેની આસપાસની ટેકરીઓ એ જૈનોનાં નામાંકિત તીર્થ गजेन्द्रपद, रुचक, અથવા रथावर्त હોવાનો પૂરતો સંભવ છે. કેમકે ગજેન્દ્રપદ એ સાંચીની જેમ જ વિદિશાની નજીકમાં આવેલું હતું, તેના પર સમ્રાટ સંપ્રતિ યાને પ્રિયદર્શીના એક ગુરુ આર્યમહાગિરિ અનશન પૂર્વક અવસાન પામ્યા હતા અને સાંચીને સોનારીની ટેકરીઓ પરના સ્તૂપોમાંથી તેમના અવશેષો મળી પણ આવ્યાં છે. રથાવર્ત પણ વિદિશાની નજીકમાં હતું, ત્યાં જીવંતસ્વામીનું મંદિર હતું, આર્યમહાગિરિ ત્યાં અનેકવાર યાત્રાએ ગએલા. એટલે બીજી ત્રીજી પંક્તિનો અર્થ. ' જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરના જે ભિક્ષુઓ કે ભિક્ષુણીઓ આ તીર્થની ( રુચકગિરિની ? ) યાત્રાએ આવે તેમને કહેવું કે...' એ પ્રમાણે કરીએ તો તેમાં શંકાને ઘણું ઓછું સ્થાન રહે છે.

(૭૧) મૂળમાં અહીં संघमभेपति શબ્દો સ્પષ્ટ છે. તેનો અર્થ ' સંઘમાં ભાગલા ન પડે એમ ઇચ્છનાર ' થાય, અથવા તો ' સંઘના નિયમોને અભંગ રાખવા ઇચ્છનાર ' એવો પણ થઈ શકે. પણ ' સંઘના નિયમોનો ભંગ કરનાર ' એવો અર્થ તો કોઈપણ સંયોગોમાં સંભવિત નથી. કેમકે संघमभेपति મા संघं अभेपति બન્ને શબ્દો અતિ સ્પષ્ટ છે.

પરંતુ સિત્તેર વર્ષ પછી જ્યારે બુહ્લરે ઉપરોક્ત લેખ વાંચ્યો ત્યારે તેની ચોથી પંક્તિમાંનો પ્રથમ અક્ષર म ખંડિત બની ગયો હતો; અને તેની પછીના અક્ષરો પણ ઘસાઈ ગયા હતા, એટલે તેણે તે સ્થળે સારનાથ અને કોશાંબી શાસનની જેમ संघं भाखति ( भिखती અથવા भोखती ) શબ્દો મૂકી દીધા અને તેનો અર્થ એવો કર્યો કે ' જે ભિક્ષુઓ કે ભિક્ષુણીઓ સંઘના નિયમોનો ભંગ કરે તેમને સફેદ વસ્ત્ર પહેરાવીને અનાવાસમાં મૂકવાં.' કોશાંબી શાસન અને સારનાથનો લેખ તૈયાર કરતી વેળા અશોક પાસે સાંચીની આ મૂળ વાત નહોતી એટલે અમે પણ ત્યાં એ જ અર્થ કરીએ છીએ. (પૃ. ૧૮૭–૧૮૯) પણ સાંચીની આ વાત મળ્યા પછી અને ઉપરોક્ત બન્ને લેખમાં બુહ્લરે સૂચવેલ ફેરફાર સંભવિત મુદ્દાએ જોઈએ.

કોશાંબી-શાસન અને સારનાથ બન્ને લેખે संघं भाखति ( भिखति અથવા भोखति ) એ બે શબ્દો વપરાયા છે. (પૃ. ૧૮૬–૧૮૮ ). તેમાં પણ કોશાંબી–શાસન તો તેના ઉપર નાગરી-લિપિમાં કોતરાયલ બીજા લેખો અને ઘસારો વગેરેથી એવું અસ્પષ્ટ બની ગયું છે કે તેના પર આધાર ન રાખી શકાય એટલે સારનાથના भाखति, भिखति કે भोखति શબ્દોને આધારે જ સાંચી અને કોશાંબીનાં શાસનોમાં એ શબ્દ કલ્પવામાં આવ્યો છે.

પરંતુ સાંચીના ઉપરોક્ત સ્પષ્ટ વાચનથી આપણે હવે એમ કહી શકયા છીએ કે ' સફેદ વસ્ત્ર પહેરવાં અને અનાવાસમાં વાસ કરવો ' એ ભિક્ષુઓને માટે કોઈ દંડ નથી પણ હિતેચ્છુ સલાહ છે. એટલે કોશાંબી અને સારનાથના લેખમાં પણ તે સલાહના રૂપમાં જ હોઈ શકે.

संघं भाखति અથવા संघं भोखति એટલે સંઘની સમક્ષ વ્યાખ્યાન આપનાર; ને संघं भिखति એટલે સંઘમાં ભિક્ષા માગવાને આવનાર. એટલે કે જે ભિક્ષુઓ સંઘમાં ભિક્ષા માગવાને આવે અથવા તો વ્યાખ્યાન આપે તેમણે સફેદ વસ્ત્ર ધારણ કરવાં અને ઉપાશ્રયોમાં રહેવું. આ સલાહનું કારણ નીચેની પરિસ્થિતિના અભ્યાસથી સ્પષ્ટ થશે.

સંપ્રતિના સમયમાં જૈન સાધુ–સમુદાયમાં બે પક્ષ પડી ગયા હતા. એક પક્ષના સાધુઓ નગ્ન રહેતા અને જંગલોમાં, ગુફાઓમાં કે વૃક્ષ નીચે આરામ લેતા. ( આજના દિગંબર સાધુઓના અવલોકનથી એનો સ્પષ્ટ ખ્યાલ આવી શકશે. ) અને બીજા પક્ષના સાધુઓ સામાજિક સભ્યતાના નિયમોને ખ્યાલમાં લઈ સફેદ વસ્ત્ર ધારણ કરતા ને ઉપાશ્રયોમાં વસતા. ( આજના શ્વેતાંબર સાધુઓની જીવન–પ્રણાલિકાના દર્શનથી આ વસ્તુસ્થિતિ ખ્યાલમાં આવશે. ) તેમાં સંપ્રતિ પોતાના ગુરુ આર્ય સુહસ્તીને અનુસરીને શ્વેતાંબરોનો પક્ષકાર બન્યો હતો. એટલે તે કોશાંબી, સાંચી અને સારનાથનાં શાસનો મારફત જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરનાં ભિક્ષુ-ભિક્ષુણીઓને એવી સલાહ આપે છે કે વ્યાખ્યાન અથવા તો ભિક્ષામાર્ગે જે સાધુ–સાધ્વી સંઘની સાથે સંપર્કમાં રહેવા ઇચ્છતાં હોય તેમણે ઉચ્ચ સંઘની એકતા જાળવી રાખવાને ખાતર પણ નગ્નાવસ્થા તજી દઈને સફેદ વસ્ત્રો ધારણ કરવાં અને જંગલો ને ગિરિકન્દરોમાં પડ્યાં રહેવાને બદલે ઉપાશ્રયોમાં રહેવું.

(૭૨) અહીં મૂળમાં अनावासहि શબ્દ છે, આજસુધી વિદ્વાનો તેનો અર્થ ' आवास સિવાયનાં સ્થાનો ' એમ કરતા રહ્યા છે; એટલે કે ભિક્ષુઓ આવાસોમાં વસતા હતા પણ સંઘના નિયમોનો ભંગ કરનારને આવાસ સિવાયનાં-સ્થાનોમાં મૂકવામાં આવશે. પરંતુ ભિક્ષુઓના નિવાસસ્થાનને માટે ઉપાશ્રય–વિહાર આદિ શબ્દો વપરાયા છે, પણ आवास શબ્દ તો ક્યાંય જ નથી વપરાયો.

ઇચ્છા છે. કેમ ? તો કે સંઘની એકતા[૭૩] ચિરસ્થાયી રહે એટલા માટે.'

આ રીતે સાંચીનો મુખ્ય સ્તૂપ અને મુખ્ય સ્થંભ જેમ જૈન ધર્મના દ્યોતક ઠરે છે તે જ પ્રમાણે જેમના અવશેષો પર એ સ્તૂપો ચણાયા છે તેમાંના ઘણાખરા પૂજ્ય પુરુષો પણ જૈન ધર્મના ગણધરો, આચાર્યો વગેરે છે.

સાંચીના મુખ્ય સ્તૂપને ઊંડે લગી ખોદવા છતાં તેમાંથી અવશેષો મળી આવ્યા નથી. પણ મુખ્ય સ્તૂપની નજીકના બીજા નંબરના સ્તૂપમાં ખોદકામ કરતાં સ્તૂપના મધ્યભાગથી સહેજ પશ્ચિમે એક ભૂખરા પથ્થરની પેટી મળી આવેલી. એ પેટીના પૂર્વ દિશાવાળા ભાગમાં નીચે પ્રમાણે લેખ કોતરાયલ મળી આવેલો—

**અવશેષ લેખો**

સવિન વિનાયકાન અરં કાસપ
ગોતન ઉપાદય અરં ચ વાછી
સુવિજયાતન વનાયક

હજી લગી આ લેખનો સ્પષ્ટ અર્થ કોઈ કરી શકેલ નથી. સાંચી સ્તૂપને બૌદ્ધ કલ્પતા જનરલ કનીંગહામ ત્યાં એવો અર્થ કરે છે કે—'બૌદ્ધ સૂત્ર વિનય-પટ્ટીકની બધી જ શાખાઓના શિક્ષક-ઉપાધ્યાય કાશ્યપગોત્રના અર્હંત અને વિનયપટ્ટીકના શિક્ષક વાછી સુવિજ્યત'—આ રીતે વિનાયકને સ્થળે વિનયપટ્ટીક, સુવિજ્યાતન ને સ્થળે સુવિજયત એવો મૂળમાં ફેરફાર કરવા છતાં કનીંગહામ એમના બૌદ્ધ વ્યક્તિત્વને સ્પષ્ટ કરી શકતા નથી. જ્યારે જૈન દૃષ્ટિએ આ શબ્દોનો અર્થ સ્પષ્ટ છે—

'બધા વિનાયકો (ગણધરો) માં અરિહંતનું કાશ્યપ ગોત્ર ધરાવનાર અને જાતે પણ ઉપાધ્યાય તેમજ અર્હંત (એવા) વાચ્છી (વાશિષ્ટ ?) ગોત્રની સુવિજયાના પુત્ર ગણધર.'

અને કનીંગહામની ધારણાનુસાર આ લેખમાં જો બે વ્યક્તિઓનો નિર્દેશ થયેલો હોય તો તે પણ જૈન ગણતરીએ સર્વથા સંભવિત છે—

'બધા વિનાયકો (ગણધરો) માં અરિહંતનું કાશ્યપ ગોત્ર ધરાવનાર અને જાતે પણ ઉપાધ્યાય તેમજ અર્હંત (એવા) અને સુવિજયાના પુત્ર તથા વાશિષ્ટ ગોત્રના અર્હંત ગણધર.'

નીચેની વસ્તુસ્થિતિથી ઉપરના અર્થની સુસંગતતા સમજાશે—

અરિહંત ભગવાન મહાવીરસ્વામી કાશ્યપગોત્રના હતા અને તેમના અગિયાર ગણધરો [ ગણ (સમૂહ) ના ધારણ કરનાર, વિનાયક ] માંના સાતમા ગણધર મૌર્યપુત્રનું ગોત્ર પણ કાશ્યપ હતું. છઠ્ઠા ગણધર મંડિતનું વાશિષ્ટગોત્ર હતું. બંનેની માતાનું નામ સુવિજયા (વિજયદેવા ?) હતું. બંને સાડા ત્રણસો-સાડા ત્રણસો શિષ્યોના ઉપાધ્યાય (અધ્યાપક) હતા. બંનેને કેવળજ્ઞાન ઉપજેલું હોઈ બંને અર્હંતપદે પહોંચ્યા હતા.

પેટી પરના ઉપરોક્ત લેખમાં જો એક વ્યક્તિનો નિર્દેશ થયો છે એમ માનવું હોય તો તે ભગવાન મહાવીરસ્વામીના સાતમા ગણધર મૌર્યપુત્રને લાગુ પડે છે અને બે વ્યક્તિનો નિર્દેશ થયો છે એમ માનવું હોય તો તે સાતમા અને છઠ્ઠા બે ગણધરને લાગુ પડે છે. આટલા વિવરણ પછી વાચકોએ જાતે જ એ નિર્ણય કરી લેવો ઠીક છે કે, મૂળ લેખની સાથે અમારા આ અર્થો વધારે સુસંગત છે કે જનરલ કનીંગહામનો અર્થ.

ઉપરોક્ત પેટીના અંદરના ભાગમાંથી એક અસ્થિની કેટલીક કરચો અને ચાર ડબીઓ મળી આવેલી છે.

---

ખરી વાત તો એ છે કે ભિક્ષુઓ આવાસ-નિવાસના સ્થાનોમાં વસી ન શકે એવો નિયમ છે, એટલે તેમના અસ્થિર વસવાટ-અલ્પ સમયના આશ્રયને માટે સંઘતિએ બંધાવરાવેલા ઉપાશ્રયોને બનાવાય નામ અપાયતું. સમય જતાં બનાવાસ શબ્દ પ્રચારમાંથી લોપ થયો, ને ઉપાશ્રય જળવાઈ રહ્યો છે.

(૭૩) અહીં મૂળમાં સં ઘ સ મ ગે છે, કેટલાક તેનો અર્થ સંઘમ મગે—એટલે સંઘનો માર્ગ કરે છે, પણ તે કરતાં સંઘ સમગે સંઘની સમગ્રતા વધારે યોગ્ય જણાવાથી અમે તે અર્થ લીધો છે.

સિવાય આ લેખનો વિશેષ અર્થ આપી શકેલ નથી. પરંતુ તે બંને વિદ્વાનો કરતાં અમે આ લેખનો વધુ સ્પષ્ટ અર્થ સૂચવી શકીએ તેમ છીએ તે માટે છૂટા અક્ષરોને અમે નીચે પ્રમાણે શબ્દોમાં ગોઠવીએ છીએ.

...हंता काकणा

व तेता रणवदिक या

उपादेया उपाआपिय वा आनां वा आचरिय कुल

तिवा...विन पिति घातिन

(ल)

सघने या सोना

न...वदु चा

श्चरहत घातिन घ ते द

(घ)(नि) सघा घ

व दव घ य कानइ

(दे)

...देवे वज

આ લેખમાં વપરાયલા શબ્દોનો પરસ્પર સંકલિત અર્થ [illegible] માટે પ્રથમ નિમ્નોક્ત વસ્તુસ્થિતિ પર [illegible] કરી લેવો જરૂરી છે.

જૈન [illegible] ભ્રમણના મૂળભૂત કારણ તરીકે આઠ [illegible] માને છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, [illegible], વેદનીય, નામ, ગોત્ર અને આયુ. [illegible] 'ઘાતિકર્મ' કહેવાય છે, એટલે કે [illegible] મૂળ કર્મો એ ચાર [illegible] સંપૂર્ણ રીતે પણ [illegible] હોતી. પેલાં ચાર કર્મો તો [illegible] નષ્ટ બને છે [illegible] ઘાતિકર્મ નાશ [illegible] તે અરિહંત [illegible] ) ને પહોંચે છે. તે [illegible] કર્મો પણ નષ્ટ [illegible]

[illegible] ઉપર [illegible]

ઉપાધ્યાય અને સાધુ લેખાય છે. જૈનોના પરમ પ[illegible] નવકારમંત્રમાં શરૂઆતમાં એ પંચ પરમેષ્ઠિ[illegible] નમસ્કાર કરવામાં આવેલ છે.

ઉપરોક્ત લેખના ઉકેલ માટે દર્શનવિષયક આટલ[illegible] વિચારણા પછી હવે આપણે ઇતિહાસ તેમજ વ્યક્તિ[illegible] દષ્ટિએ કેટલીક વિચારણા કરી લઈએ.

સાંચી અને અંધેરના સ્તૂપોમાંથી 'કાશ્યપ પ્રભાસ'ના અવશેષો મળી આવેલા છે. તેને લગતા લેખોમાં તેમને ગૌતમના અંતેવાસી અને કોડિન્યગોત્રના મહાપુરુષ તરીકે ઓળખાવવામાં આવેલા છે. આ બધાં વિશેષણો ભગવાન મહાવીરના અગ્યારમા ગણધર 'પ્રભાસ'ને લાગુ પડે છે. કેમકે તેઓ કર્કસંક્રાંતમાં જન્મેલા હતા, કોડિન્ય ગોત્રના હતા ને ભગવાન મહાવીરના મુખ્ય અને પ્રથમ ગણધર ગૌતમના અંતેવાસી હતા.

કાશ્યપની પછી બીજું મહત્ત્વનું નામ વજ્રનું છે. તેમનો જન્મ ઈ. સ. પૂર્વે ૩૧ માં અવંતિના તુંબવન નામે નગરમાં થયો હતો. તેમના પિતાનું નામ ધનગિરિ ને માતાનું નામ સુનંદા હતું. નાનપણમાં જ તેમના શરીરનું વજન વજ્ર સમું ભારે હોઈ તેમને વજ્ર નામ અપાયલું. તેમના પિતા ધનગિરિએ તેમના જન્મ પછી તરતજ દીક્ષા લીધી હતી અને વજ્રસ્વામીએ પણ બાલપણમાં તેમના પાસે દીક્ષા અંગીકાર કરી. તેમણે ઉજ્જયિનીમાં દશ પૂર્વ નામે જૈન શાસ્ત્રોનો અભ્યાસ કર્યો ને દશપુરમાં તેમને આચાર્ય પદવી અપાઈ. સોમા નામે બ્રાહ્મણીનો પુત્ર પંડિત આર્યરક્ષિત જૈન દશ પૂર્વનો અભ્યાસ કરવાને જૈન દીક્ષા લઈને તેમની સમક્ષ આવેલો ને તે દશમાંથી સાડાનવ પૂર્વ વગીનો જ અભ્યાસ કરી શકેલો. તે પછી જૈન સંઘની અનેક પ્રકારે સેવા કરીને વજ્રસ્વામી ઈ. સ. ૫૭ માં એક ગિરિ પર અનશન (તપ) પૂર્વક અવસાન પામ[illegible] ત્યાં આવીને ઇન્દ્રે રથમાં બેસીને તે ગિરિની [illegible] આવર્ત (પ્રદક્ષિણા) લેવાથી તે ગિરિ રથાવર્ત[illegible] [illegible] મનાય છે. [illegible] છે કે ઇન્દ્રે ત્યાં તેમની [illegible] અનાવરાવી હોય.

ગોતિપુત્રની ઓળખ પણ ઉપરોક્ત લેખમાં તો વિશેષ આપવામાં નથી આવી. પરંતુ અંધેરગાંથી મળી આવેલા અવશેષ-લેખોમાં તેમને વાશિષ્ટપુત્ર, પ્રભાસ ને મોગલીપુત્રના વિદ્યાગુરુ તરીકે ઓળખાવવામાં આવેલ છે, અને સોનારીમાંથી મળેલા અવશેષ-લેખમાં તેમને હિમવન્ત પ્રદેશમાં ધર્મ ફેલાવનાર તરીકે ઓળખાવેલ છે. જો તેમને બૌદ્ધ દૃષ્ટિએ વિચારીએ તો ઉપરોક્ત ધર્માચાર્યોના ગુરુ તરીકે તેમનું નામ નથી મળતું અને અશોકે હિમાલય પ્રદેશમાં બૌદ્ધ ધર્મનો ફેલાવો કરવાને જે બૌદ્ધાચાર્યો મોકલેલા તેમનાં નામો મહાવંશમાં જળવાઈ રહ્યા છે તેમાં તેમનું નામ નથી મળતું.[૭૪] જ્યારે જૈન દૃષ્ટિએ એ નામ ભગવાન મહાવીરસ્વામીના પ્રથમ અને મુખ્ય ગણધર ઇંદ્રભૂતિ સાથે પૂર્ણતઃ સુસંગત છે. તેઓ ગૌતમ ગોત્રના હતા અને વાશિષ્ટપુત્ર મંડિત, કૌડિન્યગોત્રી પ્રભાસ આદિના તેઓ વિદ્યાગુરુ હતા તથા હિમાલય પ્રદેશમાં વિહરીને ત્યાં તેમણે ધર્મનો ફેલાવો પણ કર્યો હતો.

મોગલિપુત્ર ત્રેવીશમા જૈન તીર્થંકર ભગવાન પાર્શ્વનાથની શિષ્ય પરંપરામાં ઊતરી આવેલા હતા પરંતુ ભગવાન મહાવીરસ્વામીથી રીસાઈને તે બૌદ્ધ ધર્મમાં ચાલ્યા ગયેલા.[૭૫] ભોજપુરના અવશેષલેખમાં તેમને પતિતો તરીકે ઓળખાવવામાં આવેલ છે એટલે દેખીતી રીતે જ આ સ્થળે તે મોગલિપુત્રનો નિર્દેશ થયેલ હોવાનો સંભવ છે.

આ ચારે ડબીઓમાં હાડકાંની ઝીણી કરચો જેવાં અવશેષો મળેલાં.

સાંચીના બીજા સ્તૂપમાંથી મળી આવેલ ઉપરોક્ત પેટીમાંથી જેમ ઉપરોક્ત લેખો-અવશેષો આદિ મળી આવેલ છે તેમ સાંચીના બીજા કેટલાક સ્તૂપોમાંથી પણ કેટલાક અવશેષો મળી આવ્યાં છે. તેમાંથી મહત્ત્વનાનો પ્રસંગોપાત નિર્દેશ ઉપર આવી જાય છે.

આ રીતે મુખ્ય સ્તૂપ, મુખ્ય સ્થંભ અને અવશેષાદિની ગણતરીએ સાંચી જેમ જૈન ઠરે છે, તેમ બીજા કેટલાક પરચુરણ લેખો, ચિન્હો, મૂર્તિ આદિના ખંડિત અવશેષો પણ સાંચીને જૈન ઠરાવવામાં મદદગાર બને છે.

| | સાંચીના મુખ્ય સ્તૂપના પૂર્વદ્વારના સ્થંભ પર |
|---|---|
| નવીન લેખ | બ્રાહ્મી લિપિમાં કોતરાયેલો પ્રાચીન કાળનો નિમ્નોક્ત લેખ મળી આવે છે– |

...द वो का क णा
घ त ता र ण च दि क वा
उ पा द या उ पा आ पि य वा आ नां वा आ च रि य कु ल
ति वा...ति न पि ति घा ति न
(घा)
(घा)
(हा)
(ल)
स का मे या वो मा
न...त दु चा
अ र हा त घा ति न घ ते द
(य)(मे) स पा ध
न द च पा य का न क
(ए)
...रि ये व ज

જનરલ કનીંગહામે તો આ લેખ પ્રત્યે જરા યે ધ્યાન જ નથી આપ્યું. ને જનરલ મેસી પણ તેમાં– ' તોરણ, ઉપાધ્યાય, આચાર્ય, અરિહંત, ઘાતિ (કર્મ) ' આદિ શબ્દોનો નિર્દેશ થયેલો છે એટલા ખુલાસા

---

(૭૪) Gotiputra, "the son of Goti," is not mentioned, at any rate by that appellation, among the missionaries to the Hemvanta enumerated in the Mahāvanso. 110

Sanchi and its Remains

(૭૫) छन्दः श्री वीरनाथस्य तपस्वी मौद्गलायनः ।
शिष्य श्री पार्श्वनाथस्य विदधे बुद्ध दर्शनम् ॥

धर्मपरीक्षा

સિવાય આ લેખનો વિશેષ અર્થ આપી શકેલ નથી. પરંતુ તે બન્ને વિદ્વાનો કરતાં અમે આ લેખનો વધુ સ્પષ્ટ અર્થ સૂચવી શકીએ તેમ છીએ તે માટે છૂટા અક્ષરોને અમે નીચે પ્રમાણે શબ્દોમાં ગોઠવીએ છીએ.

...इवो काकणा

व ततो रणवदिक वा

उपादेया उपाआपिय वा आनां वा आचरिय कुल

तिरा...विन पिति घातिन

(ल)

सकामे या सोमा

न...तदु चा

अरहात घातिन घ ते द

(व)(भे) सपा घ

न दच पा य कानक

(ए)

...रिये वज

આ લેખમાં વપરાયલા શબ્દોનો પરસ્પર સંકલિત અર્થ સમજવાને માટે પ્રથમ નિમ્નોક્ત વસ્તુસ્થિતિ પર દૃષ્ટિપાત કરી જવો જરૂરી છે.

જૈન દર્શનમાં જીવનના મૂળભૂત કારણ તરીકે આઠ કર્મો માનવામાં આવે છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય, વેદનીય, નામ, ગોત્ર અને આયુ. તેમાં પ્રથમનાં ચાર કર્મ ઘાતિકર્મ કહેવાય છે, એટલે કે જીવને મુક્તિ ન મળવા દેનારાં મૂળ કર્મો એ ચાર છે. કાળ કે સમૂહવિષયક પ્રમાણની મજૂરીએ પણ એને કશી મર્યાદા નથી હોતી. છેલ્લાં ચાર કર્મો તો પ્રથમ ચારનો નાશ થતાં પોતા સમયમાંજ નષ્ટ બને છે ને જીવ મુક્તિ વરે છે. પ્રથમનાં ચાર ઘાતિકર્મ નાશ પામતાં માનવીને કેવળજ્ઞાન ઉપજે છે અને તે અરિહંત (ઘાતિકર્મરૂપી દુશ્મનોને હણનાર) પદે પહોંચે છે. તે પછી આયુષ્ય પૂર્ણ થતાં શરીરનાં ચાર કર્મો પણ નાશ બને છે ને એનથી સિદ્ધપદને વરે છે.

જૈન દર્શન પંચ પરમેષ્ઠિને માને છે. તેમાં ઉપર પ્રમાણે અરિહંત અને સિદ્ધની પછી અનુક્રમે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ લેખાય છે. જૈનોના પર... નવકારમંત્રમાં શરૂઆતમાં એ પંચ પરમેષ્ઠિ... નમસ્કાર કરવામાં આવેલ છે.

ઉપરોક્ત લેખના ઉકેલ માટે દર્શનવિષયક ... વિચારણા પછી હવે આપણે ઇતિહાસ તેમજ ... દૃષ્ટિએ કેટલીક વિચારણા કરી લઈએ.

સાંચી અને ભરહુતના સ્તૂપોમાંથી 'કાકણ પ્રભાસ'ના અવશેષો મળી આવેલા છે. તેને લગ... લેખોમાં તેમને ગૌતમના અન્તેવાસી અને કૌડિન્યગોત્ર... મહાપુરુષ તરીકે ઓળખાવવામાં આવેલા છે. આ બધ... વિશેષણો ભગવાન મહાવીરના અગ્યારમા ગણધર 'પ્રભાસ'ને લાગુ પડે છે. કેમકે તેઓ કર્કનક્ષત્રમાં જન્મેલા હતા, કૌડિન્ય ગોત્રના હતા ને ભગવાન મહાવીરના મુખ્ય અને પ્રથમ ગણધર ગૌતમના અન્તેવાસી હતા.

કાકણાવની પછી બીજું મહત્વનું નામ વજ્જ છે. તેમનો જન્મ ઈ. સ. પૂર્વે ૩૧ માં અવંતિના તુંબવન નામે નગરમાં થયો હતો. તેમના પિતાનું નામ ધનગિરિ ને માતાનું નામ સુનંદા હતું. નાનપણમાં જ તેમના શરીરનું વજન વજ્ર સમું ભારે હોઈ તેમને વજ્ર નામ અપાયતું. તેમના પિતા ધનગિરિએ તેમના જન્મ પછી તરતજ દીક્ષા લીધી હતી અને વજ્જસ્વામીએ પણ બાલપણમાં તેમના પાસે દીક્ષા અંગીકાર કરી. તેમણે ઉજ્જયિનીમાં દશ પૂર્વ નામે જૈન શાસ્ત્રોનો અભ્યાસ કર્યો ને દશપુરમાં તેમને આચાર્ય પદવી અપાણી. સોમા નામે બ્રાહ્મણીનો પુત્ર પંડિત આર્યરક્ષિત જૈન દશ પૂર્વનો અભ્યાસ કરવાને જૈન દીક્ષા સ્વીકારી તેમની સમક્ષ આવેલો ને તે દશમાંથી સાડાનવ પૂર્વ લગીનો જ અભ્યાસ કરી શકેલો. તે પછી જૈન સંઘની અનેક પ્રકારે સેવા કરીને વજ્જસ્વામી ઈ. સ. ૫૭ માં એક ગિરિ પર અનશન (તપ) પૂર્વક અવસાન પામ્યા. ત્યાં આવીને ઇન્દ્રે રથમાં બેસીને તે ગિરિની આસપાસ આવર્ત (પ્રદક્ષિણા) લેવરી ને ગિરિ રથાવર્તના નામે મશહૂર બન્યો. સાંભળેલ છે કે ઇન્દ્રે ત્યાં તેમની સુવર્ણ-પાદુકાઓ પણ બનાવરાવી હતી.

શ્રી વજ્રસ્વામીના સ્વર્ગવાસથી જૈન દષ્ટિએ દશમું પૂર્વ તેમજ ચોથું સંઘયણ વિચ્છેદ પામેલ છે.

રથાવર્ત પર્વત અંગે જૈન સાહિત્યમાં એવી નોંધો મળે છે કે તે વિદિશાની નજીકમાં આવેલો હતો. ૭૬ સાંચી-પ્રદેશ પણ વિદિશા ( ભિલ્સા ) ની નજીકમાં જ છે. અને એટલા વિસ્તારમાં સાંચી વગેરે ટેકરીઓ સિવાય અન્ય પર્વતો નથી. એટલે એમ માનવાને પૂરતું કારણ રહે છે કે સાંચી અથવા તેની નજીકની કોઈ ટેકરી એ જ રથાવર્ત પર્વત હોય.

આટલા ખુલાસા પછી આપણે જે ઉપરોકત લેખનો નિમ્નોકત અર્થ કરીએ તો તે વધારે પડતું સાહસ નહિ જ ગણાય—

'અહીં અરિહંત ભગવાને ઘાતિકર્મોનો ક્ષય કરીને......તેથી અહીં પ્રથમ કાકણુવ (પ્રભાસ ગણધર) અને તે પછી ઉપાધ્યાયોના શિરોમણી, આચાર્યકુલ તિલક તથા ઘાતિકર્મઘાતક રણુવદિક......તે પછી સોમાના પુત્રને જ્ઞાન આપનાર અને જેમના સ્વર્ગવાસથી ચતુર્થ સંઘયણ નષ્ટ થયું છે એવા વજ્ર...જેમની સુવર્ણ-પાદુકાઓ અહીં સ્થપાયલી છે.'

સંભવિત છે કે ઉપરોકત અર્થને કેટલાક સત્તાવાર ન પણ લેખે અને તેને અસ્પષ્ટ માને. છતાં આ લેખમાં કાકણુવ ( પ્રભાસ ), રણુવદિક, ઉપાધ્યાય, આચાર્યકુલ, ઘાતિન, સોમા, અરિહંત, પાયકાનકક અને વજ્ર એટલા શબ્દો છે અને તે દર્શનશાસ્ત્ર તેમજ ઇતિહાસની દષ્ટિએ જૈન ધર્મ સાથે સંકળાયલા છે તેની કોઇ ના કહી શકે તેમ નથી.

સાંચીનાં અવશેષોને જૈન ઠેરવવાનાં આ ઉપરાંત બીજાં પણ અનેક પ્રમાણો છે.

**અન્ય જૈન પ્રમાણો**

સાંચીના પૂર્વ દ્વારની નજીકમાં ત્રણ-ચાર ફીટની ઊંચાઇની અનેક ખંડિત પ્રાચીન પ્રતિમાઓ પડેલી છે, જેને કેટલીક હદે પાછળથી બૌદ્ધ રૂપ આપી દેવાયું છે પણ વસ્તુ-સ્થિતિમાં મૂળ રૂપમાં તે જૈન પ્રતિમાઓ જ જણાય છે.૭૭

સાંચીના મંડપમાંના સ્થંભો પણ, સ્થાપત્ય તેમજ ધર્મચિન્હોની દષ્ટિએ જૈન પુરવાર થયા છે. અને બહુધા એ મંડપનું સર્જન પણ જૈનોનેજ આભારી છે.૭૮

સાંચીનો મુખ્ય સ્તૂપ તો આપણે પાછળ પુરવાર કરી ગયા તે પ્રમાણે મૌર્ય સમ્રાટ ચન્દ્રગુપ્તે બંધાવરાવેલો જૈન સ્તુપ જ છે, પણ તે ઉપરાંત ત્યાં જુદા જુદા યુગના જે નાના સ્તૂપો છે તેમાંના કેટલાક જ બૌદ્ધ છે; બાકીના ઘણાખરા તો જૈન જ છે.૭૯

સાંચીના અવશેષોમાં મળી આવતાં અષ્ટમંગલહાર, જૈન ધર્મચક્ર, ત્રિશલાદેવીનું સ્વપ્ન, સ્વસ્તિક આદિ ચિન્હો પણ જૈનત્વનાં જ સૂચક છે.

સાંચીના-ઉત્તર સિંહદ્વારના પ્રથમ સ્તૂપ નજીક એ અષ્ટમંગલહાર કોતરાયલા છે. જનરલ કનીંગહામને આ હારોમાં બૌદ્ધદષ્ટિએ કશી વિશિષ્ટતા ન જણાવાથી તેમણે તેના પ્રત્યે ધ્યાન આપ્યું નથી; પણ સાંચીના

---

(૭૬) वीर निर्वाण संवत और जैन कालगणना-पृ. ६०

(૭૭) Scattered about, in the enclosure, particularly near the eastern entrance, I found several mutilated figures, between three and four feet high; which, though clothed in long robes, which is usually considered to be a Buddhist characteristic, have otherwise a Jaina character. p. 16

Sanchi and its Remains.

(૭૮) There was a small entrance porch; one pillar only of which remained in 1850. The pillars of this porch are..., in fact, of a kind usually found in the entrances of Brahmanical and Jaina temples; and probably, this... porch was added by the Jains. p. 74

Sanchi and its Remains.

(૭૯) Some of the small sthupas are unquestionably purely Buddhist: but others look more Jaina than Buddhist. p. 15.

Sanchi and its Remains.

અવશેષોને બૌદ્ધ ધર્મ સાથે ખાસ સંબંધ ન હોવાનું માનનાર જનરલ મેસીએ એ હારોનાં ચિત્ર પ્રગટ કર્યાં છે તેમજ તેમાં જે મંગલ કોતરાયલાં છે તે અંગે વિગતવાર વર્ણન પણ કરેલું છે.૯૦

આ અષ્ટમંગલહારમાંના એક હારમાં અગ્યાર ચિન્હો છે અને બીજામાં તેર ચિન્હો છે. પણ તે બંનેમાં આજે પણ જૈન અષ્ટમંગલમાં નજરે ચડતાં સિંહાસન, કળશ, દર્પણ, મત્સ્યયુગલ આદિ નજરે ચડે જ છે. તે ઉપરાંત તેમાં એક ખંડગિરિ અને કાર્લેની જૈન ગુફાઓમાં મળી આવતું સિદ્ધશિલાનું દ્રશ્ય પણ છે. અને તીર્થંકરની માતા ગર્ભપ્રવેશ પ્રસંગે જે ચૌદ સ્વપ્નો નીરખે છે તેમાંના સૂર્ય, ચન્દ્ર, રત્નઢગ, ફુલમાળ વગેરે પણ તે હારોમાં કોતરાયલ છે.

સાંચીનો સૌથી મહત્ત્વનો અવશેષ તો જૈન ધર્મચક્ર છે. જૈન ધર્મચક્રના વાહક તરીકે તળિયેના ભાગમાં હંમેશાં બે મૃગ નજરે ચડે છે. તીર્થંકરોની મૂર્તિના નીચેના ભાગમાં પણ ધર્મચક્ર એ જ સ્વરૂપમાં કોતરાય છે. બૌદ્ધો પણ ધર્મચક્રને તો માને જ છે, પણ તેના વાહક તરીકે બહુધા સિંહ અને કેટલીક વખત દેવો ગોઠવાય છે. પણ મૃગ કદાપિ નથી લેવાતા. જ્યારે સાંચીમાં જે પ્રાચીનમાં પ્રાચીન ધર્મચક્રોના અવશેષો મળે છે ત્યાં વાહક તરીકે મૃગને જ સ્થાન અપાયું છે. (જુઓ મન્યાંતનાં ચિત્ર)

તીર્થંકરના ગર્ભપ્રવેશ પ્રસંગનું દ્રશ્ય પણ એટલું જ મહત્ત્વ ધરાવે છે. અમરાવતી અને ભારહુતમાં પણ એવાં જ દ્રશ્યો મળી આવેલ છે.

તે ઉપરાંત સાંચીમાં સ્વસ્તિક કોતરાયલો પણ મળી આવે છે. જેકે એક હજાર વર્ષ થયાં જુદી જુદી પ્રજાઓએ અને જુદા જુદા ધર્મોએ સ્વસ્તિકને પોતાના પવિત્ર ચિન્હ તરીકે અપનાવી લીધો છે, પરંતુ પ્રાચીન કાળનાં તો તેને કેવળ જૈન ધર્મચિન્હ હોવાનું મતે વિદ્વાનોએ માન્ય રાખ્યું છે. એટલે સાંચીમાં પ્રાચીન કાળમાં કોતરાયલો આ સ્વસ્તિક પણ સ્વાભાવિક રીતે જ જૈનધર્મ સાથે સંકળાઈ જાય છે.

આ ચિન્હોની સાથોસાથ જગન્નાથના જેવું ત્રિમૂર્તિનું દ્રશ્ય પણ જૈનધર્મ સાથે સંબંધ ધરાવતું હોવાનું અનેક વિદ્વાનોએ માન્ય રાખ્યું છે. આપણે પણ પુરવાર કરી ગયા છીએ કે જગન્નાથની ત્રિમૂર્તિ એ મૂળમાં જૈન પ્રતિમા છે. (જુઓ પૃ. ૨૨૫) એ ત્રિમૂર્તિના જે જ દ્રશ્ય સાંચીના અવશેષોમાં પણ મળી આવે છે.૯૧ સાંચીના અવશેષોના મશહૂર અભ્યાસી જનરલ મેસી પણ આ ત્રિમૂર્તિમાંની મધ્ય પ્રતિમા જૈન તીર્થંકરની પ્રતિમા અને તેની આસપાસની બે મૂર્તિઓ એ તીર્થંકરોની મૂર્તિની આસપાસ ગોઠવાતી યક્ષપ્રતિમાઓ હોવાનો અભિપ્રાય દર્શાવે છે.૯૨

આ ઉપરાંત સાંચીમાં બીજાં એવાં અનેક દ્રશ્યો છે કે જે સાંચીના મુખ્ય અવશેષોને બૌદ્ધ માની લઈને આજ લગી બૌદ્ધધર્મ સાથે સાંકળી દેવામાં આવેલ છે, પણ સાંચીના મુખ્ય અવશેષોને જૈન ઠેરવતાં જ તેમને જૈનધર્મ સાથે સાંકળી શકાય તેમ છે. દા. ત. ભગવાન મહાવીરના જન્મમહોત્સવનું દ્રશ્ય,૯૩ તેમના દીક્ષામહોત્સવનું દ્રશ્ય,૯૪ ભગવાન મહાવીરનું સંગમદમનનું દ્રશ્ય,૯૫ ભગવાન પાર્શ્વનાથે આગમાંથી સર્પને બચાવેલ તેનું સૂચન કરતું દ્રશ્ય,૯૬ ઈન્દ્રધ્યાનનું દ્રશ્ય,૯૭ પંચ પરમેષ્ઠિનું સૂચન કરતું પંચાંગી દ્રશ્ય,૯૮ મુનિના પ્રવચનનું દ્રશ્ય,૯૯ તીર્થંકર ભગવાનની ચરણ-પાદુકાનું

(૯૦) જુઓ જનરલ મેસીનું 'Sanchi and its Remains' પ્રકરણ ૧ અને પેજ ૩૬.

(૯૧) Plate XXXIX. F. 5. Sanchi and its Remains.

(૯૨) A group which—as I pointed out in my ...ional report—was directly copied, as were, also, ... Jain Tirthankaras and their two Bhairavas. p. 26. Sanchi and its Remains.

(૯૩–૯૪) Plate XVI, Sanchi & its Remains.

(૯૫) Plate XII " " "

(૯૬) Plate XIII " " "

(૯૭) Plate XXXV " " "

(૯૮) Plate XXXI " " "

(૯૯) Plate XXIII " " "

. ૯૦ તેમજ અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ દિવ્ય-
ને, ચામર, આસન, ભામંડલ, દુંદુભિ, છત્ર;૯૧
ી, વૃષભ, સિંહ, લક્ષ્મી, પુષ્પમાળ, ચન્દ્ર,
; ધ્વજા, કલશ, પદ્મસરોવર, ક્ષીરસમુદ્ર, દેવવિમાન,
રાશિ, અગ્નિસ્કંધ;૯૨ કલ્પ-વૃક્ષ,૯૩ રાજલોક-
ચે,૯૪ અશ્વાવબોધ૯૫ તથા અશ્વ, સર્પ, સિંહ
દિ જુદી જુદી આકૃતિઓ૯૬ એક યા બીજા રૂપમાં
ધર્મ સાથે સંકળાયલી છે. તીર્થંકરનો જન્મોત્સવ
જ દીક્ષા આદિના વરઘોડાનાં દશ્ય૯૭ પણ ઠેર ઠેર
રે ચડે છે.

## જૈન ભૌગોલિક નામો

સાંચીના અવશિષ્ટ લેખોમાં ગિરિ શબ્દાંત દશ નામો મળી આવે છેઃ ધમ્મગિરિ, મહાગિરિ, અસગિરિ, દેવગિરિ, ધન-ગિરિ, મલગિરિ, નંદગિરિ, પુસગિરિ, સભાગિરિ ને યશગિરિ. આ દશમાંથી કેટલાંક નામ તો આજે સ્તૂપોથી વિભૂષિત બનેલી ને સાંચીના નામે ઓળખાતી ટેકરીને માટે જ વપરાયલ હોવાનો સંભવ છે.૯૮ તેમાં સૌથી પ્રાચીન નામ ધમ્મગિરિ૯૯ અને તે પછી મહાગિરિ જણાય છે.

---

(૯૦) Plate V, Sanchi and its Remains
આ દશ્ય પગનાં બે તળિયાં અને પ્રત્યેક તળિયાની મધ્યમાં
નું બનેલું છે. અમરાવતીમાં પણ આવું જ દશ્ય મળેલ છે.
ાને બૌદ્ધ ધર્મ સાથે સાંકળતા વિદ્વાનો આ ચક્રોને બૌદ્ધ
ચક્ર તરીકે ઓળખાવે છે, પણ ધર્મચક્ર તળિયાની મધ્યમાં
ી ન શકાય અને ધર્મચક્રની સાથે તેના વાહકની પણ જરૂર
જ એમ જણાવી કેટલાક વિદ્વાનો તેનો ધર્મચક્ર તરીકે સ્વીકાર
તા નથી, પરંતુ ચરણ-પાદુકાનાં આ દશ્ય જૈન કોઈ જૈન
ંકરોના ચરણમાંના ચક્રના સૂચન તરીકે જ તે ચક્રો લેખાવાં
ઇએ.

(૯૧) અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, આસન,
ામંડલ, દુંદુભિ અને છત્ર એ આઠ જૈન તીર્થંકરોના પ્રાતિહાર્ય
ણાય છે, સાંચીના અવશેષોમાં તે આઠે પ્રાતિહાર્ય મળી આવે
. તે આઠેના અવલોકન માટે જનરલ મેસી કૃત ' Sanchi
nd its Remains ' માં અનુક્રમે જુઓ પ્લેટ નં-V
XVI, XXII, XXXV, XXXVI, XXXVI, XL,
XXV, XXXI.

(૯૨) તીર્થંકરના ગર્ભપ્રવેશ સમયે તેમની માતા હસ્તી,
ૃષભ, સિંહ, લક્ષ્મી, પુષ્પમાળ, ચન્દ્ર, સૂર્ય, ધ્વજ, કળશ,
દ્મસરોવર, ક્ષીરસમુદ્ર, દેવ-વિમાન, રત્નરાશિ અને અગ્નિસ્કંધ
એ ચૌદ સ્વપ્નો નિહાળે છે, સાંચીમાં એ ચૌદે સ્વપ્ન મળી આવે
છે. તે ચૌદેના અવલોકન માટે જનરલ મેસીકૃત 'Sanchi and
its Remains ' માં અનુક્રમે જુઓ પ્લેટ નં. IV-XVII,
XXXIX, XIX XXXIII, V, V, XXXIX,
XXXIX, XXXV, XXXIX, XIII, XII, XXI,
XXXIX, XIII.

(૯૩) જૈન ધર્મમાં આ વૃક્ષને ખૂબ જ મહત્ત્વ અપાયલું છે.
Plate VI, Sanchi & its Remains

(૯૪) આમાં જૈન દષ્ટિએ બ્રહ્માંડનું સ્વરૂપ અને સ્થળદર્શક વિકાસની એણી આલેખાય છે. જુઓ Plate XI, Sanchi and its Remains

(૯૫) Plate XXVII Sanchi and its Remains

(૯૬) જૈનો ચોવીસ તીર્થંકરને માને છે અને તેમના લંછનો અનુક્રમે વૃષભ, હસ્તી, અશ્વ, વાનર, ક્રૌંચ, પદ્મ, સ્વસ્તિક, ચન્દ્ર, મગર, શ્રીવત્સ, ગેંડો, પાડો, ભૂંડ, સીંચાણો, વજ્ર, મૃગ, બકરો, નંદાવર્ત, કુંભ, કાચબો, નીલકમળ, શંખ, સર્પ અને સિંહ છે, સાંચીના અવશેષોમાં લગભગ આ ચોવીશે લંછનો મળી આવે છે. તેમના અવલોકન માટે જનરલ મેસીકૃત Sanchi and its Remains માં XXXIX, IV, XVII, XV, IX, XIII, XXXIX, XXXV, XXVI આદિ નંબરની પ્લેટો અવલોકવી.

(૯૭) આ દશ્યના અવલોકન માટે જુઓ જનરલ મેસીકૃત Sanchi and its Remains માં XVI-XVIII વગેરે નંબરની પ્લેટો.

(૯૮) There are ten names eding in 'Giri,' or ' Hill, ' some, at least, of which, must, I think be held to allude to the place itself. P. 104. Sanchi and its Remains.

(૯૯) The Sanchi votive inscriptions contain numerous names eding in ' Giri, ' or ' Hill, ' some of which, and notably Dhama Giri, or the ' Hill of Dharma ' may reasonably be held to represent the most ancient name of the place.
P. 4. Sanchi and its Remains;

ધમ્મગિરિ અને મહાગિરિ બંને નામ જૈન દર્શન સાથે સંકળાયલાં છે. ભગવાન મહાવીર આ સ્થળે નિર્વાણ પામેલા ૧૦૦ તેમજ સાંચી ટેકરી પર તેમના અવશેષો ઉપર ભવ્ય સ્તૂપ ચણાયો અને તે પછી તેમના ગણધરો, પ્રધાન આચાર્યો વગેરેના અવશેષો પણ અન્ય સ્થળેથી અહીં લાવીને તે પર સ્તૂપો ચણાયા. એટલે આ ટેકરી દર્શનીય ગિરિ સમી થઈ પડી ને તેને ધર્મગિરિનું ઉપનામ મળ્યું. તે પછી ઇ. સ. પૂર્વે ૨૮૨ માં સમ્રાટ સંપ્રતિના વડીલ ગુરુ શ્રી આર્યમહાગિરિ આ ટેકરી પર અનશનપૂર્વક સ્વર્ગવાસ પામતાં પાછળથી તે ટેકરી 'મહાગિરિ'ના નામે પણ ઓળખાવા લાગી.

જેમ સાંચીનાં ઉપરોક્ત બંને પ્રાચીન નામ જૈન ધર્મ સાથે સંકળાયલ છે તેમ બાકીનાં આઠ નામમાંથી ઘણાંખરાં, પણ જૈનતીર્થસ્થળો તરીકે જાણીતાં છે. ૧૦૧

'ગિરિ' શબ્દાંત ઉપરોક્ત દશ નામો ઉપરાંત સાંચીના લેખોમાં મધુવન, કુજર (કાજુરાહી), કુ(ંડલ) (કુંડલ), કુરર, કેકતેય, કાખેજ (કાંખેજ), ચ-ટિકય (ચક્રતીર્થ), ભોગવઢન (ભોગવર્ધન), નવગા-પદ્દેનકયિક, પાડુકુલિકાય, પટિયાન (પ્રતિષ્ઠાન), પોકરય (પુષ્કર), સંઘલ (સિંહલ), ઉજે-(ઉજ્જયિની), વહિલ, વિદિશા, વેજ્જ (વજ્જ) આદિ ભૌગોલિક નામો મળી આવે છે અને તેમાંનાં ઘણાંખરાં જૈન તીર્થો તરીકે જાણીતાં છે. ૧૦૨

સ્થળ-દર્શક નામો ઉપરાંત, સાંચીમાં વપરાયલા અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, ભિખ્ખુ, શ્રમણ, ધર્મ આદિ દર્શન-વિષયક શબ્દો પણ જૈન ધર્મ સાથે જ વધારે ગાઢ સંબંધ ધરાવે છે.

સાંચીનો મુખ્ય સ્તૂપ ચણાવનાર સમ્રાટ ચન્દ્રગુપ્ત જેમ જૈન હતો તેમ ત્યાં સુંદર સ્થંભો ઊભા કરાવનાર અને સ્તૂપોની આસપાસ કલામય કઠેરાઓ બનાવનાર

(૧૦૦) ભગવાન મહાવીરસ્વામીની નિર્વાણભૂમિ અત્યારે બિહારમાં માનવામાં આવે છે. પરંતુ તે ઇ. સ. પૂર્વે બીજી સદીમાં પુષ્યમિત્ર ને પતંજલિએ શ્રમણ (જૈન-બૌદ્ધ) સંસ્કૃતિ સામે આદરેલી જેહાદ અને તે પછી પણ પશ્ચિમ ને મધ્યહિંદમાં પ્રવર્તેલી અંધાધૂંધીમાંથી તીર્થકેન્દ્રોને બચાવી લેવાને ખાતર જ ત્યાં ફેરવવામાં આવેલી હોવાનો પૂરતો સંભવ છે. કેમકે ભગવાન મહાવીરસ્વામીના વિશિષ્ટ જીવન-પ્રસંગો ઉજ્જયિનીની નજીકમાં આવેલા 'મહાસેન' વન સાથેજ સંકળાયલા છે અને તે જ વનમાં તેમણે સંઘની સ્થાપના કરેલી ને ત્યાં જ તે નિર્વાણ પામેલા. તે વન વર્તમાન સાંચીના અવશેષોની નજીકમાં પથરાયલ હોવાનો સંભવ છે. સાંચીના મુખ્ય સ્તૂપનો પાયો પણ તેમના નિર્વાણ-સમય (ઇ. સ. પૂર્વે ૫૨૭) ની લગભગમાં જ પૂરાયલો. તે પછી જૈન નૃપતિઓ—ચંદ્રગુપ્ત ને પ્રિયદર્શી (સંપ્રતિ) એ સ્તૂપને ભવ્ય બનાવ્યા, તોરણ કરાવ્યા, ગણધર આદિના અવશેષો ત્યાં આણી તે પર સ્તૂપ ચણાવ્યા, અને સ્થંભ શિરે ઉભા કરાવ્યા—એનું વર્ણન આગળે પાછળનાં પૃષ્ઠોમાં આલેખી ગયા છીએ, અને હવે પછી પણ [illegible] વિવેચન કરીશું. અને આ પ્રદેશ જ ભગવાન મહાવીરની નિર્વાણભૂમિ છે તેને વધતું ટેકો [illegible] આ પરિચ્છેદમાં જ કર્યું, પરંતુ તે અંગે એકૂદરની [illegible] વધારે વિવેચન [illegible] ભગવાન મહા-વીરના પરિચ્છેદમાં કરવામાં આવશે.

(૧૦૧) कौशाम्ब्यां कोशलायां कनकपुरवरे देवगिर्यां
[ च काशां
श्रीमाले मालवे वा मलय ज विन्धे
[ मेखले पीच्छले वा।
चौजन्यचैत्य नंदे रतिकरदचके कुच्छे
[ मानुषगे।

प्राचीन जैन तीर्थस्तवन

(૧૦૨) મધુવન એ જે પર્વત પર વીશ જૈન તીર્થંકરો નિર્વાણ પામેલા છે તે સમેતશિખરની તળેટીનું નામ છે અને આજે પણ તે જૈન તીર્થભૂમિ લેખાય છે. કાજુરાહિ એ મશહૂર જૈન તીર્થ હતું અને આજે પણ ત્યાં અનેક જૈન મંદિરો ઊભાં છે [ Kajurahi near Chattarpur, in Bundelkhand where there are some fine Brahmanical and Jain ruins—Sanchi and its Remains P. 101 ] કુંડલ એ પણ ચમત્કારિક જૈન તીર્થ હતું [ वैताढ्ये मेरुशृंगे रुचकगिरिवरे कुंडले हस्तिदंते—प्राचीन जैन तीर्थ-स्तवन ] કુરર એ મશહૂર જૈન સમ્રાટ ખિમ્મસિંહ(?) ઓની ભવ્ય [illegible] તે માટે હોવાનો સંભવ છે. કેકતેય એ પ્રાચીનકાળમાં [illegible] કોશલ, કુંડલ આદિ એ જૈન તીર્થો છે તેમાંથી [illegible] [illegible]

...ટ પ્રિયદર્શી પણ જૈન હતો. એટલે કર્તૃત્વની દૃષ્ટિએ ... સાંચી જૈન દર્શનનું દ્યોતક છે.

આ રીતે સાંચી એ જૈન દર્શનાવલંબી હોવાનાં ...માણો આપણે વિચારી ગયા. હવે તેને બૌદ્ધ દર્શનાવ...બી કયાં કારણોએ માનવામાં આવે છે અને તે કારણો ...ટલાં અસ્પષ્ટ ને લૂલાં છે તે વિચારી જઇએ.

## બૌદ્ધ દૃષ્ટિએ અસંગતિ

બૌદ્ધ ગ્રન્થોમાં તો સાંચી કે સાંચી-સ્તૂપનો નિર્દેશ મળી આવતો નથી. ' મહાવંશ ' આદિ કેટલાક બૌદ્ધ ગ્રન્થોમાં એવો ઉલ્લેખ થયેલો છે કે ' અશોકની રાણી દેવીએ વિદિશામાં ચૈત્યગિરિ પર એક સ્વર્ગીય બૌધ્ધ વિહાર બંધાવરાવ્યો હતો અને અશોકનાં સંતાન, મહેન્દ્ર ને સંઘમિત્રા, સિલોનની યાત્રાએ જતી વેળા માતાને મળવાને જ્યારે આવ્યાં ત્યારે તેઓ એ વિહારમાં રહ્યાં હતાં.' જનરલ કનીંગહામ વગેરે કેટલાક વિદ્વાનો એ ઉલ્લેખના આધારે સાંચીના અવશેષોને ઉક્ત ચૈત્યગિરિ-વિહાર સાથે સાંકળે છે અને પરિણામે તેને બૌદ્ધ ધર્મનાં દ્યોતક ગણે છે. પરંતુ ' મહાવંશ ' માં નિર્દેશાયલ ચૈત્ય-ગિરિ-વિહારને સાંચીના સ્તૂપ સાથે સંબંધ હોવાનો કોઈ જ સંભવ નથી. કેમકે સાંચીનો મૂળ સ્તૂપ ઇ. સ. પૂ. પાંચમી સદીમાં ચણાયલો છે, જ્યારે ચૈત્યગિરિ-વિહાર તો અશોકની રાણીએ ઇ. સ. પૂ. ત્રીજી સદીમાં બંધાવરાવેલો હતો. બૌદ્ધ ગ્રન્થોમાં ચૈત્યગિરિ-વિહારનું જે વર્ણન આવે છે તેની સાથે સાંચીના અવશેષો જરા પણ મેળ ખાતા નથી.[૧૦૩] તેમજ આપણે પાછળ જોઇ ગયા તેમ સાંચીના અવશેષો તેના મૂળ કર્તૃત્વની દૃષ્ટિએ બૌદ્ધ કરતાં જૈન દર્શન સાથે વધારે સંબંધ ધરાવે છે.

ઇ. સ. ની પાંચમી સદીની શરૂઆતમાં ભારતવર્ષની મુલાકાત લેનાર ફાહિયાન તેમજ ઇ. સ. ની સાતમી

---

સંભવ છે. કંબોજ નો ઉલ્લેખ જૈન સમ્રાટ પ્રિયદર્શીના લેખોમાં પણ થયેલો છે. ભગવાન આદિનાથના સ્મરણમાં બાહુબલીએ જ્યાં ધર્મચક્ર બનાવરાવેલું તે પ્રદેશ પાછળથી ચક્રતીર્થના નામે ...ઓળખ આપવાનું ...મની ચોક્કસ ઓળખ આપવાનું ... ઓગ્રવર્ધનની ચોક્કસ ઓળખ આપવાનું કઠણ બન્યું છે. ઓગ્રવર્ધનની ... ની અને વર્ધમાનપુર એ બંનેના ...ણીતો બન્યો છે. સોમાવતી નદી અને વર્ધમાનપુર એ બંનેના મુકેલ છે પણ સોમાવતી નદી ... નામે ઓળખાતું હોય તો તે સંયોગથી હાલનું વડવાણ શહેર, એ નામે ઓળખાતું હોય તો તે ... ભગવાન મહાવીરસ્વામીના વિહારથી અસંભવિત નથી. તે પ્રદેશ ભગવાન મહાવીરસ્વામીના વિહારથી ... એ ઉલ્લેખનું જ કોઇક પડ હોવાનો મથુરા બનેલો, નવમાંશ એ ઉલ્લેખનું જ કોઇક પર્વ હોવાનો સંભવ છે.પદ્નેકપિક અસ્પષ્ટ છે પણ તે મથુરા જૈનતીર્થ પન્નગેન્દ્ર [ पाताले पन्नगेन्द्र स्फुरमणिकिरणे-प्राचीन जैन तीर्थ स्तवन ] હોઈ શકે. પાંડુકુલિકાય એ પાંડવોની સાથે સંકળાય કોઇ ગામ જણાય છે. પ્રતિષ્ઠાન એ મથુરા જૈન સમ્રાટ શાલીવાહનની રાજધાની હતી, એટલું જ નહિ પરંતુ જૈન સ્તોત્રોમાં એક વિશિષ્ટ જૈન તીર્થ તરીકે તેની સ્તુતિ કરવામાં આવી છે. [चम्पाराजगृहे च चक्र मथुरा जोढा प्रतिष्ठानगे-प्राचीन जैन तीर्थ-स्तवन]. અજમેરની નજીકમાં આવેલું પુષ્કર આજે તો હિંદુ તીર્થ તરીકે જાણીતું છે પરંતુ પ્રાચીન કાળમાં તે જૈન તીર્થ હોવાનો સંભવ છે. અવંતિપતિ નરવાહન ક્ષહરાટ ના જમાઈ અને નૃપતિ ઋષભદત્ત શકે પોતાનો અભિષેક ત્યાં ઉજવેલો. ચિંદલ પણ જૈન તીર્થ તરીકે જાણીતું હતું. [ नेपाले नाहले वा कुमलयतिलके सिंहले मेपले वा प्राचीन जैन तीर्थ-स्तवन] ઉજ્જયિનિ પણ પવિત્ર જૈન તીર્થ મનાતું હતું. [ चंपायां चन्द्रमुख्यां गजपुर मथुरा पत्तने चौजयिन्यां-प्राचीन जैन तीर्थ-स्तवन ]. જનરલ કનીંગહામના ધારવા પ્રમાણે વદીશ એ ભિલ્સાને માટે વપરાયલ શબ્દ છે [ The Bhilsa Topes. 243]. વિદિશા એ પ્રાચીન જૈન તીર્થ હતું અને ત્યાં જીવંતસ્વામીનું મંદિર આવેલું હતું. [ अण्णया आयरिया धतीदिसं जिय पदिमं वंदिया गता-निशीथचूर्णि ] અને વજ્રભૂમિના ઉલ્લેખ ભગવાન મહાવીરસ્વામીએ ત્યાં કરેલા વિહારને અનુલક્ષીને હોવાનો સંભવ છે કે જે પ્રદેશ ઉપર કલિંગપતિ સમ્રાટ ખારવેલના વંશના મૂળપુરુષ મહામેઘવાહન કરંડુ મહારાજાનું આધિપત્ય જામેલું હતું ને ઉત્તરોત્તર ખારવેલને તે પ્રદેશ વારસામાં મળ્યો હતો.

(૧૦૩) There is no trace at Sānchi, or at an... neighbouring place, of any large building, su... as could have merited the description given... Buddhist works of the "magnificent vihāra... erected at Chetiya Giri, by the wife of Aso... and occupied by their son Mahindo, be... Mahendra, during his visit to his mother, be... his deputation as a missionary to Ceylon.

Sanchi and its Rem...

**કાલ્પનિક પરદેશી પાયો.**

ભારતીય ઇતિહાસના આલેખનમાં જ્યારથી પરદેશી વિદ્વાનો પ્રમાણભૂત મનાવા લાગ્યા ત્યારથી ભારતીય ઇતિહાસની વિકૃતિને કશી હદ નથી રહી. જગતની કોઈપણ પ્રજા પાસે હોય તે કરતાં ભારતવર્ષ પાસે વધુમાં વધુ પ્રાચીન ગ્રન્થો છે; ભારતવર્ષના ત્રણે મહાન ધર્મો—વૈદિક, જૈન ને બૌદ્ધ—વિપુલ પ્રાચીન સાહિત્ય ધરાવે છે; ભારતીય પ્રજાએ જ્ઞાન પ્રત્યે એટલો પૂજ્ય ભાવ દર્શાવ્યો છે કે પ્રાચીન ગ્રન્થો પણ આજે એક અક્ષરના પણ વધારા, ઘટાડા કે ફેરફાર વિના મૂળ સ્થિતિમાં મળી આવે છે; પ્રાચીન સિક્કા, શિલાલેખો, તામ્રપત્રો આદિ પણ વધુમાં વધુ પ્રમાણમાં ભારતભૂમિમાંજ જળવાઈ રહ્યાં છે. આમ છતાં પરદેશી વિદ્વાનોએ ઇતિહાસ-આલેખનમાં એ ભારતીય પ્રમાણોના સૂક્ષ્મ અભ્યાસ કે સમન્વયને બાજુએ મૂકી પરદેશી પ્રમાણોને જ આગળ ધર્યાં, અને એ પ્રમાણોથી ઘડાયેલો ઇતિહાસ ભારતના મૂળ ઇતિહાસની કેવી અવહેલના કરે છે તેની કશી પરવા ન કરી. ગ્રીક ઇતિહાસમાં તેમણે વાંચ્યું કે—'મેસીડોનિયાના અલેકઝાંડરે ઈ. સ. પૂર્વે ૩૨૬ માં હિંદ પર આક્રમણ કર્યું હતું. ત્યાં તેણે વિજય મેળવ્યો હતો અને તે પ્રસંગે પંજાબમાં તેને સેન્ડ્રોકોટસ[1] નામે પ્રાસી (મગધ) નો રાજકુમાર મળ્યો હતો....અલેકઝાંડરના મરણ પછી તેના સૂબા સેલ્યુકસ નીકેટોરે હિંદ પર ફરી આક્રમણ કર્યું. તે સમયે ઉક્ત સેન્ડ્રોકોટસ મગધના સિંહાસને હતો અને સેલ્યુકસ સાથેના યુદ્ધમાં તે જ્યારે સમર્થ નીવડતાં સેલ્યુકસે તેની સાથે ઈ. સ. પૂર્વે ૩૦૪ માં સંધિ કરી, પોતાની પુત્રી સેન્ડ્રોકોટસને પરણાવી અને સેન્ડ્રોકોટસના દરબાર પાટલિપુત્રમાં મેગેસ્થનિસ નામે એલચી મોકલ્યો.' આ વિજયના અનુસંધાનમાં પરદેશી વિદ્વાનોએ ગ્રીક લેખકોને આધારે, જેનું જરા નોંધી, ને એ બળી ગયેલ અને પ્રાંતે વિનાશને પામેલી એવી રહી સહી નોંધના ટુકડાઓ પરથી મેસર્સ સ્ટ્રેબો, જસ્ટીન, આદિએ ઉપજાવી કાઢેલી નોંધો તપાસી અને એ નોંધોના આધારે અથવા એના નામ નીચે કે દંતકથાના સ્વરૂપમાં, ગ્રીક ગ્રન્થોમાં સેન્ડ્રોકોટસ, પાલીબોથ્રા અથવા હિંદ વિષે જે કંઈ લખાયું તે બધાને પ્રમાણભૂત માની લઈ, હિંદી ઇતિહાસ સાથે તેના અંકોડા મેળવવા માંડ્યા. તેના પરિણામમાં સર વીલિયમ જોન્સે શોધી કાઢ્યું કે—'સેન્ડ્રોકોટસ એટલે ચન્દ્રગુપ્ત અને પાલીબોથ્રા એટલે પાટલીપુત્ર'; આ વિધાનને ભારતીય ઇતિહાસનો પાયો બનાવીને તેના પર પરદેશી વિદ્વાનોએ ભારતીય ઇતિહાસની રચના કરી. અને આ રચના સ્વતંત્ર ભારતીય પ્રમાણો સાથે કેટલી અસંગત છે, તેને તૈયાર કરવામાં જે ગ્રીક વિધાનોને પ્રમાણભૂત માનવામાં આવ્યાં છે, તે વિધાનોના સંબંધમાં કેટલો મતભેદ છે અને સમર્થ ભારતીય વિદ્વાનો તેના પ્રત્યે કેટલો વિરોધ ધરાવે છે તેની પરવા કર્યા વિના, ગોરી પ્રભુતાના બળે તેનો પ્રચાર કરવામાં આવ્યો અને તેને અભ્યાસગ્રન્થોમાં દાખલ કરીને સર્વસામાન્ય અને રૂઢ બનાવી દેવામાં આવી. પરિણામે ભારતીય ઇતિહાસનાં અનેક અંગો એકબીજા સાથે ગૂંચવાઈ ગયાં. તેમાં સૌથી મોટા ગૂંચવાડો એ થયો છે કે મહાન ભારતીય નૃપતિ સંપ્રતિનું પ્રભાવશાળી વ્યક્તિત્વ અશોકની છાયામાં ઢંકાઈ ગયું છે અને સંપ્રતિએ, પોતાના પ્રિયદર્શિન નામ નીચે કરેલાં સત્ય કાર્યો, અશોકના નામે ચડાવી દેવાયાં છે. આપણે અહીં એ ગૂંચવાડો દૂર કરીને સંપ્રતિના વ્યક્તિત્વને પ્રકાશિત કરવાનું કાર્ય હાથ ધર્યું છે, એટલે પરદેશી વિદ્વાનોએ ઊભા કરેલી ભ્રમણા ગૂંચો, તેના કારણો અને તેના પરિણામનું નિરીક્ષણ કરી લેવું જરૂરી છે.

---

[1] [illegible]

[illegible]

સદીમાં યાત્રાર્થે આવેલો ચીની મુસાફર હુએન્સાંગ—બંને બૌદ્ધ યાત્રિકોએ હિંદની ભૂમિ પર પથરાયલા સેંકડો બૌદ્ધ સ્તૂપો અને વિહારોનાં વર્ણન કર્યાં છે છતાં બેમાંથી એકાદે પણ સાંચી કે ભારહૂતનો તો નિર્દેશ સરખો પણ નથી કર્યો. હુએન્સાંગે તો લગભગ ૮૦ બૌદ્ધ સ્તૂપોનું વિગતવાર વર્ણન કર્યું છે તેમજ તેણે માળવાની અને મધ્યહિંદની મુલાકાત પણ લીધી છે છતાં સાંચી અંગે તો તે મૌન જ જાળવે છે. એ પરથી એમ માનવાને કારણ મળે છે કે આ બંને બૌદ્ધ યાત્રિકો ભારતવર્ષની મુસાફરીએ આવ્યા ત્યાં લગીમાં સાંચી—ભારહૂતના સ્તૂપો બૌદ્ધ સ્વરૂપમાં ફેરવાઇ ગયા નહોતા.

પણ હિંદની બધી જ પ્રાચીન જાહોજલાલી મૃતપ્રાયઃ બનેલા બૌદ્ધ દર્શન સાથે સાંકળી લેવાને ટેવાયલા પરદેશી વિદ્વાનોએ સાંચી અને ભારહૂતના સ્તૂપો પણ બૌદ્ધ દર્શનાવલંબી હોવાનું જણાવ્યું અને એ મતને જાહેરાત મળી.

ખાસ સૂચવવાનું છે કે સાંચી અને ભારહૂતમાં ક્યાંક ક્યાંક 'બુધ' શબ્દ વપરાયલ છે. પણ એ શબ્દને ભગવાન તથાગત ગૌતમબુદ્ધ સાથે સંબંધ હોવાનો સંભવ બહુ ઓછો છે. 'તીર્થંકર' એ જેમ કેવળ જૈન દર્શનવાચક શબ્દ છે, એમ કેવળ બૌદ્ધ દર્શનવાચક શબ્દ તો તથાગત છે. બાકી તો 'બુદ્ધ' અને 'અર્હંત' એ બંને પ્રયોગો તીર્થંકર[૧૦૪] તેમજ તથાગત બંનેને માટે વપરાય છે. તે ઉપરાંત સાંચી અને ભારહૂતના લેખોમાં સર્વ સ્થળે 'બુધ' શબ્દ જ વપરાયલ છે, જ્યારે તથાગતનું વિશેષણ[૧૦૫] તો 'બુદ્ધ' છે. એટલે સંભવિત છે કે 'બુધ' શબ્દ તથાગત ગૌતમબુદ્ધ કરતાં જૈન તીર્થંકરને વધારે લાગુ પડતો હોય.

ભારહૂતમાં 'બુધ' કરતાં 'ભગવતો' શબ્દ વધારે પ્રમાણમાં વપરાયલ જોવાય છે. અને જનરલ કનીંગહામે 'બુધ' ની જેમ, એ શબ્દને બૌદ્ધ દર્શન સાથે સાંકળી લીધેલ છે. પણ ભગવત શબ્દને બૌદ્ધ કરતાં જૈન દર્શન સાથે વધારે સંબંધ છે. કેમકે બૌદ્ધ દર્શનમાં જ્ઞાનને જ વધારે પ્રાધાન્ય છે જ્યારે જૈન દર્શનમાં જ્ઞાનની સાથોસાથ વીર્યને પણ સ્થાન છે એટલે તેજ અને વીર્યદર્શક 'ભગવત' શબ્દ બૌદ્ધ કરતાં જૈન દર્શન સાથે વધારે ઘટી શકે.

જેમ શબ્દોમાં આવો અર્થભેદ થયો છે, તેમ અક્ષરમંત્રોમાં પણ એવી જ સ્ખલનાઓ પ્રવેશી છે.

## અક્ષરમંત્રો

સાંચીના અવશેષોમાં બે સ્થળે म અને क એ અક્ષરોની સંયુતિ સમું ચિન્હ છે. આ બંને અક્ષરોમાંથી કશો અર્થ ન શોધી શકવાથી કેટલાક વિદ્વાનોએ क ના ઊભા પાંખડામાં र નો પણ સમાવેશ થઇ જાય છે એમ જણાવી ત્યાં मकर શબ્દ સૂચવ્યો અને એ શબ્દ બૌદ્ધ દર્શનમાં પણ મળી આવે છે એમ જણાવી ઉપરોક્ત ચિન્હને બૌદ્ધ દર્શન સાથે સાંકળ્યું. પણ ઉપરોક્ત ચિન્હમાં म અને क બંને અક્ષરો સ્પષ્ટ રૂપે જોડાયા છે. તેમાં સર્પાકારની લાઇન સમા र અક્ષરને માટે કશું સ્થાન નથી. ને પરાણે એને સ્થાન આપવામાં આવે તોપણ मकर શબ્દ તો જૈન, બૌદ્ધ ને વૈદિક ત્રણે દર્શનમાં મળી આવે છે. એટલે તેને કેવળ બૌદ્ધ દર્શન સાથે સાંકળવાનો પ્રયત્ન તો પક્ષપાત જ કહેવાય. બીજી બાજુ જૈન દષ્ટિએ કાંઇ એ ભગવાન મહાવીરસ્વામીની કલ્યાણક—(મુક્તિ) ... છે. એટલે म + क નો અર્થ મહાવીરલોક-કલ્યાણક ... લઇએ તો તે અન્ય વિદ્વાનોની ઉપરોક્ત કલ્પના ...

---

(૧૦૪) બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિત બુદ્ધિબોધાત્ ।
ભક્તામર સ્તોત્ર

(૧૦૫) Throughout the Sanchi inscriptions, as also at Bharhut, and, I believe, in the only rock-edict (at Bhabra near Jaipur) in which it appears, the word is spelt with a single ... Budha, whereas in Buddhist books, and ... (later) inscriptions which are, manifestly, ... connected with the Buddhism of Sakya, the ... used is 'Buddha' with the double d. ...

Sanchi and Its Remains

સાથે સરખાવતાં વધારે અઘટિત તો નહિ જ જણાય.

બીજા એક ચિન્હમાં स અને म અક્ષરો જોડાયલા છે. કેટલાક વિદ્વાનો તેને સુમેરુ + મન ના સૂચક માને છે. પરંતુ આ અર્થમાં કશી સ્પષ્ટતા નથી. જ્યારે બીજી બાજુ सच्चउरीमंडण મહાવીર (સાંચીના આભૂષણ સમા ભગવાન મહાવીર) એ ઉકેલ સ્પષ્ટ અને સાર્થક છે.

આશા રાખીએ છીએ કે સાંચીના અવશેષો અંગે આટલા વિવેચન પછી વાચકોને ખાત્રી થઇ હશે કે સાંચીના અવશેષોમાં બૌદ્ધત્વ કરતાં જૈનત્વ વધારે વ્યાપક રૂપમાં પથરાયલું છે. હવે આજનો જૈન સમાજ કે જે ભગવાન મહાવીરની નિર્વાણભૂમિ તરીકે બિહારમાં આવેલા વર્તમાન પાવા + પુરી ગામને લેખે છે તેને અનુલક્ષીને પણ કંઇક કહેવું અહીં જરૂરી છે.

જૈન સાહિત્યમાં ભગવાન મહાવીરના વિહારક્રમ અંગે કંઇક મતભેદ પ્રવર્તે છે. એક પક્ષ એમ માને છે કે ભગવાનનો વિહાર મગધ અને તેની આસપાસના પ્રદેશમાં જ મર્યાદિત રહ્યો છે અને તેમણે પશ્ચિમ હિંદ બાજુ વિહાર કર્યો જ નથી.[૧૦૬] જ્યારે બીજો પક્ષ તેમણે પશ્ચિમ હિંદમાં-ગુજરાત-કાઠિયાવાડ-મારવાડ અને માલવભૂમિમાં વિહાર કરેલ હોવા અંગેનાં અનેક પ્રમાણો રજૂ કરી શકે છે.[૧૦૭] આજ લગી આ બધાં પ્રમાણો સાહિત્યિક અને દંતકથામય હોવાથી તેને પ્રથમ નંબરના પક્ષકારો અવગણી કાઢતા હતા પણ હવે મુંડસ્થલના મંદિરમાં તે અંગેનો લેખ[૧૦૮] મળી આવતાં તેઓ હવે ઢીલા પડ્યા છે અને જૈન અભ્યાસીઓનો મોટો વર્ગ હવે ભગવાન મહાવીરે પશ્ચિમ હિંદમાં પણ વિહાર કરેલ હોવાના મતને માન્ય રાખે છે.[૧૦૯]

આ રીતે પ્રાચીન સમયથી ભગવાન મહાવીરસ્વામીના વિહારક્ષેત્ર અંગે જૈન સાહિત્ય અને સમાજમાં મતભેદ ચાલ્યો આવે છે, પરંતુ તેમણે પશ્ચિમહિંદમાં વિહાર કરેલ હોવા અંગેનાં પ્રમાણો જેમ જેમ વધુને વધુ

---

(૧૦૬) જુઓ-વિજયેન્દ્ર સૂરિ કૃત શ્રીવીર-વિહાર મીમાંસા, પૃ. ૧૮

(૧૦૭) જૈન કવિવર વીરવિજયજી પોતાના સ્તવનમાં જણાવે છે કે-

'નેમ વિના ત્રેવીશ પ્રભુ આવ્યા વિમલ ગિરીંદ.'

જે પંક્તિ ભગવાન મહાવીરસ્વામી સૌરાષ્ટ્રમાં શત્રુંજય (વિમલગિરિ) તીર્થ પર પધાર્યા હોવાની સૂચક છે.

કાઠિયાવાડમાં આવેલ વઢવાણમાં મહાવીર પ્રભુને શુલપાણી યક્ષનો ઉપસર્ગ નડેલો. જૂની જૈનેતર કાવ્યોમાં પણ ભગવાન મહાવીરે ત્યાં કરેલા વિહારની સ્મૃતિ જળવાઈ રહી છે:

...વઢવાણ, ભાગોળે નદી ભોગવની છે...

...મહાવીર પધાર્યો જાણી, સતી થઈ રાણક રાણી.

બ્રાહ્મણવાડા અને નાંદિયામાં પણ મહાવીર પ્રભુના વિહાર અંગેની અનેક સ્મૃતિઓ જળવાઈ રહી છે. કેટલાકના મતે ચંડકૌશીય નાગનો ઉપસર્ગ પ્રભુને બ્રાહ્મણવાડાની આસપાસના પ્રદેશમાં નડયો હતો. અને તેમને કાનમાં ખીલા નાંખવાનો ઉપસર્ગ નાંદિયાની આસપાસમાં નડેલો.' તેના સંસ્મરણમાં ત્યાં ભગવાન મહાવીરનું મંદિર બંધાયલું અને સમ્રાટ સંપ્રતિ વર્ષમાં ચાર વાર તે તીર્થની યાત્રાએ આવતો. જે કનકખલ નામે આશ્રમે પ્રભુ વીર પધાર્યા હતા તે આબૂ ઉપરનો આજે પણ કનખલના નામે ઓળખાતો આશ્રમ હોવાનો પૂરતો સંભવ છે.

લાટમાં પણ ભગવાન મહાવીરે વિહાર કર્યાની નોંધો મળી આવે છે.

માળવામાં પણ ભગવાન મહાવીરે વિહાર કરેલો. દશાર્ણના નૃપતિ દશાર્ણભદ્રે ભગવાન મહાવીર પાસે દીક્ષા લીધેલી અને તે દેશની રાજધાની વિદિશા [ स्थायी हंसा दशार्णाः तेषां दिक्षु प्रथित विदिशा लक्षणां राजधानी ] માં વિહારના સ્મરણમાં જીવતસ્વામીનું મંદિર બંધાવાયલું. સંપ્રતિ મહારાજા શત્રુંજય, ગિરનાર, નાંદિયા વગેરેની જેમ, વર્ષમાં ચાર ચાર વાર વિદિશાની પણ, યાત્રાએ જતા. તેમના એક ગુરુ આર્ય મહાગિરિ વારંવાર વિદિશાના એ મંદિરની યાત્રાએ જતા હોવાના પ્રાચીન ઉલ્લેખો મળે છે [ अण्णया आयरिया वतीदिसं जियपडिमं वंदिया गता. निशीथचूर्णि ]

(૧૦૮) (૧) पूर्वे छद्मस्थकाले ऽर्बुद भुवि यमिनः कुर्वतः सद्विहारं

(૨) सप्तत्रिंशे च वर्षे वहति भगवतो जन्मतः कारितार्हंच ।

(૩) श्री वीर जन्म ३७

(૧૦૯) જુઓ 'જૈન સત્ય પ્રકાશ' મહાવીર નિર્વાણ વિશેષાંક, પૃ. ૩૪૨.

વિપુલ પ્રમાણમાં મળી આવે છે તેમ તેમ કેવળ પૂર્વ હિંદનો પક્ષ ધરાવનાર પક્ષ નબળો પડતો જાય છે.

મહાવીરપ્રભુએ પશ્ચિમ હિંદમાં વિહાર કરેલો તે મંતવ્યને તો હવે જૈન સમાજનો મોટો વર્ગ સ્વીકાર્ય લેખતો બન્યો છે. પરંતુ

### ભગવાન મહાવીરની નિર્વાણભૂમિ

આ સ્થળે અમે જે પુરવાર કરવા માગીએ છીએ તે એ છે કે મહાવીર પ્રભુનું નિર્વાણ પણ મધ્ય-પશ્ચિમ હિંદમાં થયેલું અને આજે પૂર્વમાં જે નિર્વાણભૂમિ મનાય છે તે તો સ્થાપના છે. તેનાં કારણો વિચારણીય છે.

ભગવાન મહાવીરના દીક્ષિત જીવનમાં મહત્ત્વના પ્રસંગો ત્રણ છે. એક તો કોઇ ગોવાળિયાએ તેમના કાનમાં ખીલા ઓઘી દીધેલા તે કાઢતી વેળા તેમને થયેલું મહાકષ્ટ; બીજો ઋજુવાલિકા નદીને કાંઠે જંભિય ગામમાં પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી તરત વિહાર કરીને તેમણે કરેલી સંઘસ્થાપના અને ત્રીજો તેમનું નિર્વાણ. આ રીતે કર્ણકષ્ટ, સંઘસ્થાપના ને નિર્વાણના ઉપરોક્ત ત્રણે પ્રસંગો એક જ સ્થળે બન્યા છે અને તે મધ્યમ-અપાપા નગરીમાં અને તે નગરીને અડીને આવેલા મહાસેન વનમાં. ૧૧૦ હવે આપણે જો એ નગરી અને મહાસેન વનનો સ્થળ-નિર્ણય કરી શકીએ તો ભગવાન મહાવીરના જીવનના ઉપરોક્ત ત્રણે પ્રસંગોનો સ્થળ-નિર્ણય પણ કરી શકાય.

મધ્યમ-અપાપા એ ભંગ અથવા ભંગી દેશની રાજધાની હતી[૧૧૧] અને ભગવાન મહાવીરના નિર્વાણ સમયે તે નગરીનો રાજા હસ્તિપાળ હતો.[૧૧૨] ભગવાન મહાવીર સંઘની સ્થાપના કરવાને માટે જ્યારે મહાસેન વનમાં પધાર્યા ત્યારે મધ્યમ અપાપામાં સોમિલ નામના એક ધનાઢ્ય દ્વિજના આમંત્રણથી તે સમયના ગૌતમાદિ મહાન વિદ્વાન બ્રાહ્મણ પંડિતો મહાયજ્ઞ કરવાને પધાર્યા હતા. [જે અગ્યારે પંડિતો પાછળથી ભગવાન મહાવીરના શિષ્ય-ગણધરો બન્યા.] આ રીતે મધ્યમ અપાપાનો નિર્ણય કરવાને માટે આપણા પાસે મહાસેન વન, ભંગદેશ, હસ્તિપાળ રાજા અને પવિત્ર યજ્ઞોને યોગ્ય ભૂમિ એટલા મૂળ મુદ્દાઓ એકત્ર થાય છે. તે અનુક્રમે વિચારી જઇએ.

સમગ્ર ભારતીય સાહિત્યમાં ' મહાસેન ' નામ બે વસ્તુઓને અનુલક્ષીને વપરાયલ છે. તેમાં એક નૃપતિ અને બીજું વન. ભગવાન મહાવીરનો સમકાલિક અને તેમના પ્રત્યે ભક્તિભાવ ધરાવનાર અવંતિપતિ ચંડ-પ્રદ્યોત ' મહાસેન 'ના નામે ઓળખાતો હતો.[૧૧૩] અને જ્યાં તેમણે સંઘની સ્થાપના કરી તે ભૂમિ ' મહાસેન ' વનના નામે ઓળખાતી હતી.[૧૧૪] એ મહાસેનવનનું વર્ણન કરતાં જૈન શાસ્ત્રો તેને અતિ રમણીય અને હેમવર્ણો વન તરીકે ઓળખાવે છે. બીજી બાજુ મહાકવિ કાલિદાસ મધ્ય અવંતીનું વર્ણન કરતાં જણાવે છે કે—' વત્સરાજ ( ઉદયન ) અહીં પ્રદ્યોત રાજાની પ્રિય દુહિતા ( વાસદત્તા )નું હરણ કરી ગયો હતો. અને આ જ ભૂમિમાં તે રાજાની માલિકીનું અને તેનું ( પ્રદ્યોત-મહાસેન ) નામ ધરાવતું તાલનું હેમવર્ણું વન હતું.'[૧૧૫] આ પરથી આપણે

(૧૧૦) ...इत्यादिव धर्म धर्म देवोद्योत [illegible] गमन मामागमत् मध्यमापां, महासेनवने [illegible] कल्पसूत्र थी अपापा महापूर्या... ।

(૧૧૧) महुरा च सूरसेणा, पावा भंगी य [illegible] प्रज्ञापनासूत्र १. प पुरिवाा ।

मधुरा [illegible] पावया । ६७१

भंग्या नाम पुरीरत्नं... । ६७२

त्रिषष्टि शलाका पु. चरित्र

(૧૧૨) स्वामिनं समवसृतं ज्ञात्वा पापापुरी पतिः हस्तिपालः समागत्य नत्वा च [illegible] त्रिषष्टि श. पु. १०-१२-२

(૧૧૩) જુઓ મહાવિ [illegible] ' [illegible]

(૧૧૪) જુઓ ઉપરનો ટી. નં. ૧૧૦

(૧૧૫) प्रद्योतस्य प्रियदुहितरं [illegible] तस्यैव [illegible] हैम ताल द्रुम वनमभूदत्र [illegible] १६-पूर्व[illegible]

એમ માનવાને ચોક્કસ કારણ રહે છે કે મહાસેનાન મધ્ય અવંતિ–મધ્ય હિંદમાં આવેલું હતું.

ભંગી દેશનો ચોક્કસ સ્થળ–નિર્ણય કરતાં પહેલાં આપણે કેટલીક ભૌગોલિક સ્થિતિ વિચારી લેવી જોઇએ.

પ્રાચીનકાળમાં ભારતવર્ષમાં જૈન દૃષ્ટિએ સાડા પચીશ આર્યદેશ હતા. અતિ પ્રાચીન કાળનું પ્રજ્ઞાપના-સૂત્ર તેમજ શ્રીમદ્ હેમચન્દ્રાચાર્ય કૃત ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર આ બંને ગ્રન્થોમાં તે દેશોનાં તેમજ તેમની રાજધાનીઓનાં નામ એક સરખાં મળી આવે છે,[૧૧૧] એટલે તે અંગે મતભેદને કશું સ્થાન નથી જણાતું. પણ ઉપરોક્ત સાડા પચીશ નામોમાં અવંતીનો નિર્દેશ નથી એ ખાસ વિચારણીય છે. તેનો ખુલાસો આપણે શોધી કાઢવો જ જોઇએ.

અવંતી એ જૈન, બૌદ્ધ અને વૈદિક દૃષ્ટિએ આર્ય દેશ હતો તે વિષયમાં તો શંકાને કોઇજ સ્થાન નથી. વૈદિક દૃષ્ટિએ તે ભારતવર્ષનાં આઠ મહાતીર્થોમાંનું એક તીર્થ હતું અને ત્યાં જ્યોતિર્લિંગ પ્રગટેલું. જૈન દર્શનમાં પણ અવંતીની અતિ પ્રાચીન કાળથી તીર્થ તરીકે જ ગણના થતી આવી છે. તેમજ બૌદ્ધ દર્શને પણ અવંતીને ધર્મભૂમિ તરીકે ઓળખાવેલ છે. એટલે સાડા પચીશ આર્ય દેશોમાં તેની ગણના ન થાય એ તદ્દન અસંભવિત છે.

સાચી વાત તો એ છે કે ધર્મગ્રન્થોમાં જે સાડા પચીશ આર્ય દેશોની ગણના કરવામાં આવી છે તે આર્યાવર્તના મુખ્ય પ્રાન્તો–દેશોનાં જ નામ નથી, પણ પેટાપ્રાન્તોનો પણ તેમાં નિર્દેશ થયેલો છે. અને અવંતી એ આર્યાવર્તનો એક વિશિષ્ટ અને વિશાળ પ્રાન્ત હોઇને તેનો સમૂહવાચક અવંતીનામે નિર્દેશ ન કરતાં તેનાં પ્રાન્તોનાં નામ તેમાં સૂચવાયાં છે. બીજું એક કારણ એ પણ હોઇ શકે કે પ્રાચીન કાળમાં અવંતીનો દક્ષિણ ભાગ આર્યાવર્તની સરહદની બહાર[૧૧૭] લેખાતો હોઇને અખિલ અવંતીને આર્યાવર્તમાં ન લેખવામાં આવ્યું હોય, પણ ઉત્તર અવંતીના દશાર્ણ (પૂર્વ), ભંગ (મધ્ય) ને માસ (પશ્ચિમ) એ ત્રણ પ્રાન્તોનો આર્ય પ્રાન્તો તરીકે નિર્દેશ થયો હોય. સાહિત્યગ્રન્થોમાં પણ પૂર્વાપરાકારાવન્તી એ પ્રયોગ વારંવાર નજરે ચડે છે તે પરથી પણ જણાય છે કે અવંતીના પૂર્વ, પશ્ચિમ, મધ્ય આદિ વિભાગો પડી ગયેલા.

ભગવાન મહાવીરસ્વામીના સમયમાં સમસ્ત અવંતીનું પાટનગર ઉજ્જયિની હતું અને અખિલ અવંતીનો સમ્રાટ ચંડપ્રદ્યોત હતો. તે અવંતીદેશના પૂર્વ, મધ્ય ને પશ્ચિમ એમ ત્રણ વિભાગ પડી ગયેલા. પૂર્વનો પ્રદેશ દશાર્ણના નામે ઓળખાતો, મૃતિકાવતી યાને વિદિશા તેનું પાટનગર હતું અને ત્યાંનો નૃપતિ દશાર્ણભદ્ર હતો. મધ્ય અવંતીનો પ્રદેશ ભંગના નામે ઓળખાતો, તેનું પાટનગર શ્રીવિશાલાપુરી યાને શ્રી અપાપાપુરી હતું અને ત્યાંનો નૃપતિ હસ્તિપાળ હતો. અને પશ્ચિમ અવંતીનો પ્રદેશ માસના નામે ઓળખાતો ને તેનું પાટનગર પુરિવર્તા હતું.

આમાંથી પૂર્વનો ભાગ દશાર્ણ નામ ધરાવતો હતો અને તેનું પાટનગર વિદિશા હતું તે અંગે તો શંકાને

---

(૧૧૧) દેશ–મગધ ( રાજધાની–રાજગૃહ ); અંગ (ચંપાનગરી ); બંગ ( તામ્રલિપ્તિ ); કલિંગ ( કાંચનપુર ); કાશી ( વાણારસી ); કોશલ ( સાકેતપુર ); કુરૂ ( ગજપુર ); કુશાવર્ત ( સૌરીપુર ); પાંચાલ ( કાંપિલ્યપુર ); જંગલ ( અહિચ્છત્રા ); સૌરાષ્ટ્ર ( દ્વારામતી ); વિદેહ ( મિથિલા ); વત્સ ( કૌશંબી ); શાંડિલ્ય ( નંદીપુર ); મલય ( ભદ્દિલપુર ); મત્સ્ય ( વૈરાટ નગરી ); વરણદેશ ( અચ્છાપુરી ); દશાર્ણ ( મૃત્તિકાવતી ); ચેદી ( શુક્તિમતિ ); સિંધુ–સૌવિર ( વિતભયપત્તનનગર ); શૂરસેન ( મથુરા ); ભંગ ( પાવાપુરી ); માસ ( પુરિવર્તા નગરી ); કુણાલ ( શ્રાવસ્તિ ); લાટ ( કોટિવર્ષ ); અને અર્ધ આર્યદેશ કેકય ( શ્વેતાંબિકા નગરી ). [આ પ્રમાણે સર્વ નામનો વિગતવાર નિર્દેશ પ્રાચીન ભારતવર્ષ પુ. ૧ પૃ. ૪૭–થી ૪૯ સુધીમાં કરેલ છે].

(૧૧૭) ...आयन्त्यं दक्षिणापथं...गत्वेतान् कामतो देशान्...पतेत् द्विजः ।

आदित्य पुराण

કશું જ સ્થાન નથી. જૈન શાસ્ત્રોમાં દશાર્ણના પાટનગર તરીકે દશાર્ણનગર અથવા મૃતિકાવતી નગરી નામ મળે છે.[૧૧૮] પરંતુ કાલિદાસ તેને વિદિશા નામે ઓળખાવે છે[૧૧૯] એટલે સહેજે એમ અનુમાન બાંધી શકાય છે કે મૃતિકાવતી, દશાર્ણનગર, વિદિશા અને ભીલ્સા એ ચારે નામ સાંચીની નજીક આવેલા દશાર્ણ (પૂર્વ–અવંતી) ના પાટનગરને માટે વપરાયલ છે.

ભંગી દેશનો પ્રશ્ન ખૂબ જ ગૂંચવણ ભરેલો છે. એ દેશના પાટનગર શ્રીઅપાપામાં ભગવાન મહાવીરસ્વામી નિર્વાણ પામેલા અને ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણતીર્થ તરીકે અત્યારે બિહારમાં આવેલા પાવાપુરી ગામને લેખવામાં આવે છે તે પરથી ઘણા ખરા વિદ્વાનો અને સમાજનો મોટો વર્ગ ભંગી દેશની સરહદ પણ ત્યાં જ ગણવાને લલચાયલ છે. પરંતુ છેલ્લાં ત્રણસો વર્ષ પહેલાંના કોઇપણ ગ્રન્થમાં પાવાપુરી પૂર્વમાં આવેલ હોવાનો નિર્દેશ નથી મળતો. વર્તમાન પાવાપુરીમાં ત્યાં ભગવાનના નિર્વાણને સૂચવતા કોઇ પ્રાચીન અવશેષો નથી મળતા. એટલે આજની પાવાપુરીને જ પ્રાચીન કાળની શ્રીઅપાપા માની લેતાં અચકાવું પડે છે. બીજી બાજુ ભંગી દેશને મધ્ય અવંતી તરીકે ગણતાં અને તેના પાટનગર શ્રીવિશાલાને શ્રીઅપાપા ગણતાં અનેક પ્રશ્નોના ઉત્તર સાંપડી રહે છે.

દરેક જૈન શાસ્ત્રમાં જણાવ્યા અનુસાર ભગવાન મહાવીરસ્વામીએ સંઘની સ્થાપના મધ્યમ અપાપામાં મહાસેન વનમાં કરી હતી, અને તેમના કાનમાંથી ખીલા કઢાવાનો પ્રસંગ તેમજ નિર્વાણ બને મહાસેન વનની નજીકમાં મધ્યમ અપાપામાં બનેલાં. આ મહાસેન વનનું નામ અવંતીપતિ ચંડપ્રદ્યોતના નામ પરથી પડ્યું હતું અને તે મધ્ય અવંતીમાં આવેલું હતું તે આપણે પાછળ જોઇ ગયા.

મહાકવિ કાલિદાસ પોતાના અમર કાવ્યરત્ન 'મેઘદૂત 'માં યક્ષદ્વારા મેઘને સંદેશ આપતાં તેને દશાર્ણનું પાટનગર વિદિશા નિહાળ્યા પછી પશ્ચિમે વળવાની સલાહ આપે છે અને ત્યાં સિંધુ નદી વટાવ્યા પછી અવંતી પ્રદેશમાં સ્વર્ગવાસીઓના શેષ પુણ્યથી વસેલ સ્વર્ગના જ એક તેજસ્વી ખંડ સમી શ્રીવિશાલાનાં દર્શન કરવાની સલાહ આપે છે.[૧૨૦] તે નગરી અતિ વિશાલ હોઇને શ્રીવિશાલા કહેવાતી અને તે પુણ્યભૂમિ હોઇને શ્રીઅપાપા નામે ઓળખાતી. ભગવાન મહાવીરસ્વામી ત્યાં નિર્વાણ પામવાથી પાછળથી તે પાવાના નામે ઓળખાઇ.

બૌદ્ધ ગ્રન્થોમાં જણાવેલું છે કે સુસુમાર પર્વત પાસે ભગ્ગ જાતિ રહેતી હતી અને પાવામાં મલ્લ જાતિ વસતી હતી.[૧૨૧] જૈન ગ્રન્થોમાં જણાવ્યા અનુસાર ભગવાન મહાવીરસ્વામીની નિર્વાણભૂમિ પાવામાં પણ મલ્લજાતિ જ વસતી હતી. કેમકે ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણ પછી કાશી–કોશલના નૃપતિઓ તેમજ નવ મલ્લજાતિના અને નવ લીચ્છવી જાતિના

(૧૧૮) ...क्रमेण विहरन् प्राप दशार्णविषयं प्रभु ।
दशार्णपुरमित्यस्ति नाम्ना तत्र महापुरम्...।
१–२, १०, १०
त्रिषष्टि श पु च.

मत्तियावई दसण्णा—
प्रज्ञापनासूत्र १. प.

(૧૧૯) ......स्थानी [illegible] दशार्णाः । २४
[illegible] सिंधु [illegible] विदिशा [illegible]
[illegible] । २६
पूर्व मेघदूत

(૧૨૦) वेणीभूत प्रतनु सलिला तामतीतस्य सिन्धुः ।
... ... ... ...
प्राप्यावन्तीनुदयन कथाकोविद [illegible]
पूर्वो [illegible] श्री विशाल
विशाल
स्वल्पीभूते सुचरित फले स्वर्गिणां [illegible]
शेषैः पुण्यैर्हृतमिव दिवः कान्तिमत् [illegible]
पूर्व

(૧૨૧) [illegible]
[illegible] પૃ. ૩૧૫
Political History of India. p. 93

નૃપતિઓએ ભગવાન મહાવીરસ્વામીરૂપી ભાવદીપક બુઝાવતાં દ્રવ્યદીપકરૂપે દીપોત્સવી પર્વની શરૂઆત કરી. આમાંથી કાશી-કોશલના નૃપતિઓ જાણીતા છે. લીચ્છવી નૃપતિઓ પણ ભગવાન મહાવીરના મામા અને વૈશાલીના લીચ્છવી જાતિના નૃપતિ ચેટકના સામંતો હતા. પણ મલ્લ જાતિના નૃપતિઓ તો પાવાનિવાસી મલ્લજાતિના જ નૃપતિઓ હોવાનો સંભવ છે. આ પરથી પાવામાં મલ્લ જાતિ વસતી હોવા સંબંધમાં જૈન અને બૌદ્ધ બંને મતો પરસ્પરના પૂરક લેખાય. અને ભગ્ગ જાતિના નિર્દેશ પરથી એમ અનુમાન બાંધવાને કારણ રહે છે કે કાં તો ભંગ દેશના નામ પરથી જાતિને એ નામ મળ્યું હોય અથવા જાતિના ભગ્ગ નામ પરથી એ દેશ ભંગના નામે ઓળખાયલ હોય. આ પ્રદેશની સીમા ઉપર જણાવ્યા અનુસાર બૌદ્ધ ગ્રન્થોમાં સ્પષ્ટપણે સુસુમાર પર્વતની પાસે જણાવવામાં આવી છે. અને સુસુમાર પર્વતનું સ્થાન દક્ષિણ વત્સમાં નિશ્ચિત છે. આ વસ્તુસ્થિતિ પણ ભંગ દેશની સીમા પૂર્વમાં ખેંચવાને બદલે મધ્યહિંદમાં ખેંચી જાય છે.

જૈન શાસ્ત્રોમાં જણાવેલું છે કે જ્યારે ભગવાન મહાવીરસ્વામીએ મહાસેન વનમાં સંઘની સ્થાપના કરી ત્યારે કૌશાંબીમાં રહેલી ચંદનબાળાને તરત ત્યાં પહોંચાડવામાં આવી અને ભગવાને તેને પોતાની પટ્ટશિષ્યા બનાવી.[૧૨૨] આ પરથી પણ એમ માનવાને કારણ મળે છે કે મહાસેન વન કૌશાંબીની નજીક-મધ્ય હિંદમાં આવેલું હતું.

જૈન શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે મહાવીર પ્રભુ સંઘની સ્થાપના કરવાને જ્યારે મહાસેન વનમાં પધાર્યા ત્યારે શ્રી અપાપાપુરીમાં સોમિલ નામના દ્વિજે મહાયજ્ઞ કરાવવાને માટે ભારતભરના વધુમાં વધુ વિદ્વાન અને મહાન એવા અગ્યાર બ્રાહ્મણોને આમંત્ર્યા હતા[૧૨૩] અને પ્રભુ જ્યારે મહાસેન વનમાં વિરાજ્યા ત્યારે તે બ્રાહ્મણ પંડિતોએ અપાપામાં યજ્ઞવિધિની શરૂઆત કરી હતી. આ પરથી એટલું પુરવાર થાય છે કે વૈદિક દૃષ્ટિએ શ્રી અપાપા એ યજ્ઞકાર્યને યોગ્ય પવિત્ર ભૂમિ લેખાતી હતી. બીજી બાજુએ વૈદિક શાસ્ત્રો પર નજર કરતાં જણાય છે કે પ્રાચીન સમયમાં તેઓ વિવાહ, શ્રાદ્ધ, યજ્ઞ આદિ ક્રિયાઓ માટે નર્મદાની ઉત્તરે અને સિંધુની દક્ષિણે આવેલ એટલા સપ્તસિંધુના અને પૂર્વ, પશ્ચિમ અને મધ્યમ એમ ત્રણ વિભાગમાં વ્હેંચાયલા ઉત્તર અવંતિના પ્રદેશને યોગ્ય લેખતા હતા અને બાકીના બધા જ પ્રાન્તો [ અંગ, વંગ, મગધ, કલિંગ, કાંચી, સૌરાષ્ટ્ર, દક્ષિણ-અવંતી આદિ] ને યજ્ઞાદિ ક્રિયાને માટે અયોગ્ય લેખતા હતા.[૧૨૪] એ સંયોગોમાં મહાયજ્ઞની ક્રિયા પૂર્વના પ્રદેશોમાં કરવામાં આવે તે સાવ અસંભવિત જણાય છે. એટલે પવિત્ર યજ્ઞભૂમિસમું શ્રી અપાપા એ પૂર્વ હિંદની પાવાપુરીને બદલે ઉત્તર અવંતિના મધ્ય પ્રદેશમાં આવેલ શ્રી વિશાલા હોવાનો વિશેષ સંભવ છે.

ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણથી શરૂ થતી જૈન કાલગણના હંમેશાં અવંતીને આશ્રયીને જ ગણવામાં આવે છે. જે રાત્રિએ ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા તે જ રાત્રિએ અવંતિપતિ ચંડ પણ મૃત્યુ પામ્યો અને

---

(૧૨૨) इतश्च चंदना तत्र शतानीक गृहे स्थिता ।
परयन्ती यान्तमायान्तं दिविषज्जनमंबरे ॥१६१॥
स्वामिन: केवलोत्पत्तिनिश्चयाद्व्रतकांक्षिणी ।
त्रिदशैरदवीयोभिर्निन्ये श्री वीरपर्षदि ॥१६२॥

१०-६ त्रिषष्टि श० पु० च०

(१२३) विप्र: पुर्यामपापायां यज्ञकामोऽथ सोमिल: ।
आनिनाय धप्पया तान् यज्ञकर्मविचक्षणान् ॥६१॥

१०-५ त्रिषष्टि श० पु० च०

(१२४) अंगवंगकलिंगाश्च लाटमालविका (=દક્ષિણ અવંતી -आवन्त्यं दक्षिणापथं) स्तथा ।
नर्मदादक्षिणे यच्च सिंधोरुत्तरमेव च ॥
पौंड्राश्चैव सुराष्ट्राश्च येयामागधिकास्तथा ।
न विवाहं तथा श्राद्धं यज्ञं चैव समाचरेत् ॥

आदित्य पुराण

અંતિના સિંહાસને તેનો પુત્ર પાલક બેઠો.' ૧૨૫_ ના વાક્ય સાથે જ પ્રત્યેક જૈન ગ્રન્થમાં જૈન કાલ-ગણનાની શરૂઆત થાય છે. આ પરથી એમ માનવાને કારણ મળે છે કે ભગવાનનું નિર્વાણ ચંડના પ્રદેશમાં જ થયું હોય અને કદાચ ચંડ પણ અંતિમ સમયે પ્રભુ પાસે દીક્ષા લઈ અનશનપૂર્વક પ્રભુની સાથે સહગમન કર્યું હોય.

પાવાપુરીના નૃપતિ તરીકે જૈન ગ્રન્થોમાં હસ્તિપાળ રાજાનો વૃત્તાંત આવે છે. જ્યારે ભગવાન છેલ્લા પાવાપુરીમાં પધારે છે ત્યારે તે પ્રભુની પાસે જાય છે અને રાત્રે પોતે સ્વપ્નમાં નિરખેલાં આઠ દશ્યોનો ભાવાર્થ પૂછે છે. પ્રભુ તેને અર્થ સમજાવે છે. પછી હસ્તિપાળ તરત જ દીક્ષા ગ્રહણ કરે છે. આ હસ્તિપાળ કોણ તે વિષે યોગ્ય ખુલાસો ક્યાંય નથી મળી શકતો. તે પરથી એમ માનવાને કારણ રહે છે કે કદાચ ચંડપ્રદ્યોત એ જ હસ્તિપાળ હોય. ચંડ હાથીઓનો ખૂબજ શોખીન હતો અને તેનો 'નલગિરિ' હાથી તો ધાર્મિક તેમજ રસસાહિત્યમાં અમર બની ગયો છે ૧૨૬ તે પરથી કદાચ તેને હસ્તિપાળનું વિશેષણ પણ સાંપડયું હોય. સમસ્ત અવંતિનો સમ્રાટ હોઈને તે શ્રી વિશાલા—શ્રી અપાપાનો નૃપતિ તો સહેજે જ લેખાય. આ સંયોગોમાં જો ચંડને હસ્તિપાળ તરીકે સ્વીકારી લઈએ તો ભગવાન મહાવીરસ્વામીનું નિર્વાણ મધ્ય અવંતીમાં અફર બને છે.

વર્તમાન પાવાપુરી એ ભગવાન મહાવીરસ્વામીની સાચી નિર્વાણભૂમિ ન હોતાં સ્થાપના છે તેમ માનવાને બીજું એક મહત્ત્વનું કારણ એ પણ છે કે ત્યાં નિર્વાણ-સ્થળ તરીકે જલમંદિરને ઓળખાવવામાં આવે છે અને તેની અડધો માઈલ પૂર્વમાં આવેલા સ્તૂપને કેવળ-જ્ઞાનના સ્તૂપ તરીકે ઓળખાવવામાં આવે છે૧૨૭. હવે જૈન શાસ્ત્રોમાં જણાવ્યા અનુસાર મહાવીરપ્રભુને જ્યાં કેવળજ્ઞાન ઊપજ્યું [ જંભીય ગામમાં, ઋજુપાલિકા નદીને તીરે, શામક નામના ગૃહસ્થના ક્ષેત્રમાં, શાલતરુની નીચે ] અને જ્યાં તેમનું નિર્વાણ થયું તે બંને સ્થળો વચ્ચે બાર યોજનનું અંતર હતું૧૨૮. આ પરથી એમ માનવાને સ્પષ્ટ કારણ રહે છે કે જ્યાં સાંચીના અવશેષો જળવાઈ રહ્યા છે તે ભગવાનનું નિર્વાણક્ષેત્ર હોય અને સાંચીના અવશેષોથી બાર યોજન દૂર જ્યાં ભારહુત સ્તૂપના અવશેષો નજરે ચડે છે તે ભગવાનને કેવળજ્ઞાન ઉપજ્યાનો પ્રદેશ હોય.

અત્યારે પાવાપુરીમાં જે જલમંદિર છે તે મધ્યકાલીન બાંધણીનું છે અને તેનું બાંધકામ પ્રાચીન સ્તૂપ કરતાં ચૈત્ય કે ધર્મશાળાના બાંધકામ સાથે વધારે મળતું આવે છે. જ્યારે ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણસ્થળ

(૧૨૫) જં રયણિં કાલગઓ અરિહા તિત્થંકરો મહાવીરો।
तं रयणिमवंतिवई अहिसित्तो पालओ राया ॥
तित्थोगाली पइन्नय

(१२६) अनिर्मीदरपो देवी शिवा नलगिरिः करी।
लोहजंघो लेखवाहो राज्ये रत्नानि तस्य तु ॥
१०२-११-१० त्रिषष्टि श० पु० च.
प्रद्योतस्य प्रिय नलगिरि स्तंभमुन्मूल्य दर्पात्।
पूर्व मेघदूत

(૧૨૭) મુનિ શ્રી [illegible] 'જૈન તીર્થોનો ઈતિહાસ' પૃ. ૬૬.

(१२८) मज्झिमपावाए पुरीए अपापापुरि ति नाम आसि। तेणं देवेहिं पावापुरी ति नामं कयं जेण इत्थ महावीरसामी कालगओ। इत्थेव य पुरिए महसेणउज्जाणे ... ठिओ। इओ [illegible] जंभियगामाओ इति बारस जोअणाणि। ... पुव्वण्हदेसकाले महासेणवने भगवया गोयमाई ... खंडिअगण परिवेसा दिक्खिआ पहुणा।
विविध तीर्थ कल्पांतर्गत अपापा कल्प

स्फुटं माने दिन इव केवलोद्योतेन निरवधि।
द्वादश योजनाध्वानं मध्यमायां ... ॥
१०-५-१० त्रिषष्टि श० पु० च०

...निरयनाहो दुवालसजोअणेहिं ... ... [ महावीर ... ]

श्री गुणचन्द्र कृत- श्री महावीर चरियं

इओ य बारसेहिं जोयणेहिं ... ... [ आव. आवश्यक चूर्णि. १. ...

પર તો ભવ્ય સ્તૂપ ચણાયલો અને તેરમી સદીમાં થી જિનપ્રભસૂરિ પણ તે સ્થળે રમ્ય સ્તૂપ હોવાની નોંધ લે છે[૧૨૯].

ભગવાન મહાવીરસ્વામીને દીક્ષાજીવનના બારમા વર્ષે પણમાનિ ગામમાં કાનમાં ખીલા નંખાવાનો ઉપસર્ગ નડ્યો અને તે પછી મધ્યમ અપાપામાં તે ખીલા ખેંચતાં મહા કષ્ટ નડયું. તે પછી થોડા જ સમયમાં જંભિયગામમાં તેમને કેવળજ્ઞાન ઉપજ્યું અને ત્યાંથી બાર યોજન દૂર મધ્યમ અપાપા પહોંચી તેમણે સંઘની સ્થાપના કરી. તે પછી ઓગણત્રીશમું ચોમાસું તેમણે રાજગૃહીમાં કર્યું. ચોમાસા પછીનો થોડો સમય પણ તેમણે રાજગૃહીમાં જ ગાળ્યો. તે પછી છેલ્લું ચોમાસું તેમણે શ્રી અપાપામાં કર્યું અને તે ચોમાસા દરમિયાન મધ્યમ અપાપામાં તેઓ નિર્વાણ પામ્યા.

મધ્યમ અપાપામાં બનેલા ઉપરોક્ત ત્રણ પ્રસંગોમાંથી છેલ્લો પ્રસંગ તો મધ્યમ અપાપાનો સ્થળનિર્ણય કરવામાં આપણને મદદગાર બની શકે તેમ નથી, કેમકે ઓગણત્રીશમું ચોમાસું રાજગૃહીમાં અને ત્રીશમું મધ્યમ અપાપામાં, એ બેની વચ્ચેના ભગવાનના વિહારક્રમનો ચોક્કસ ઇતિહાસ સાંપડતો નથી. એટલે મધ્યમ અપાપા રાજગૃહથી ગમે તેટલું છેટું કે ગમે તે દિશામાં હોય તો પણ પ્રભુ ત્યાં પહોંચી શકે છે. પણ મધ્યમ અપાપામાં બનેલો કર્ણકષ્ટ અને સંઘસ્થાપનાનો પ્રસંગ અપાપાના સ્થળનિર્ણયમાં આપણને મદદગાર બની શકે તેમ છે.

ભગવાને અગ્યારમું ચોમાસું વિશાલા નગરીમાં કર્યું. ત્યાંથી ચોમાસાની પૂર્ણાહુતિ પછી વિચરેલા પ્રભુ અનેક ગામો અને અનેક નગરો વટાવીને સુસુમારપુર આવ્યા. સુસુમારપુરમાં થોડોક સમય ગાળ્યા પછી પ્રભુ અનુક્રમે ભોગપુર, નંદીપુર, મેઢક અને કૌશાંબી નગરીએ પધારે છે. કૌશાંબીમાં તેઓ પોષ વદ એકમે મહાઅભિગ્રહ તપ આદરે છે અને ૭ મહિનામાં ઉણા પાંચ દિવસ રહી જેઠ સુદ અગ્યારશે ચંદનબાળાને હાથે તે તપનું પારણું કરે છે. ત્યાંથી પ્રભુ અનુક્રમે સુમંગળ, સત્ક્ષેત્ર અને પાલક ગામે થઇ અષાડ સુદ તેરશના અરસામાં ચંપા પહોંચે છે અને ત્યાં બારમું ચોમાસું કરે છે. ત્યાંથી માગસર વદ એકમના અરસામાં વિહાર કરી તેઓ જંભિય અને મેઢક ગામ વટાવી પણમાનિ ગામે ગયા. ત્યાં એક ગોવાળે તેમના કાનમાં ખીલા ઠોકી દીધા. પ્રભુ ત્યાંથી મધ્યમ અપાપા પધાર્યા. ત્યાં સિદ્ધાર્થ વણિકના મિત્ર ખરક વૈદ્યે તે ખીલા ખેંચી કાઢ્યા. ત્યાંથી પ્રભુ જંભિય ગામે આવ્યા. ત્યાં તેમને વૈશાખ માસની શુકલ દશમીએ ઋજુવાલિકા નદીને તીરે કેવળજ્ઞાન ઉપજ્યું. પ્રભુ ત્યાંથી રાતોરાત બાર યોજનનો વિહાર કરીને પાછા મધ્યમ અપાપા પહોંચ્યા ને ત્યાં તેમણે સંઘની સ્થાપના કરી.

ઉપરોક્ત વિહારક્રમનું પૃથક્કરણ કરતાં આપણને જણાશે કે મહાવીરપ્રભુ માગસર વદ એકમના અરસામાં વિશાલાથી વિહાર કરીને પોષ વદ એકમે કૌશાંબી આવી પહોંચે છે. અને એ એક મહિનાના ગાળાનો પણ મોટો ભાગ તો વિશાલા ને સુસુમારપુર વચ્ચે પસાર થાય છે. એટલે સુસુમારપુર, ભોગપુર, નંદીપુર ને મેઢક એ ચારે ગામ સ્વાભાવિક રીતે જ કૌશાંબીની નજીકમાં હોવાં જોઇએ અને તેમાં પણ મેઢક ગામ તો કૌશાંબીની લગભગ અડોઅડ હોવું જોઈએ. ભગવાનનો આ વિહારક્રમ પૂર્વથી પશ્ચિમ તરફનો ગણાય.

કૌશાંબીમાં ૭ મહિના વીતાવી પ્રભુ સુમંગળ, સત્ક્ષેત્ર અને પાલક ગામે થઇ થોડાજ સમયમાં ચંપા પહોંચે છે અને ત્યાં બારમું ચોમાસું કરે છે. ચંપા અફરપણે કૌશાંબીની પૂર્વમાં આવેલી છે[૧૩૦] એટલે પ્રભુનો આ વિહારક્રમ પશ્ચિમથી પૂર્વનો ગણાય.

---

(૧૨૯) भूयिष्ठाश्चर्यभूमिश्चरमजिनवरस्तूप रम्य स्वरूपा।
पाऽपापा मध्यमादिर्भवतु वरपुरी भूतये यात्रि-
[ केभ्यः ॥ विविध तीर्थ कल्प २५

(૧૩૦) આજે ચંપાનું સ્થાન બંગાળના ભાગલપુર જિલ્લામાં કલ્પવામાં આવે છે, પણ તે નવી ચંપા હોવાનો સંભવ છે, કેમકે અંગ દેશ અને તેની રાજધાની સમી પ્રાચીન ચંપા તો કૌશાંબીની નજીકમાં આવેલાં હતાં.

ભગવાન મહાવીરસ્વામીના વિહારક્રમમાં આપણે ઉપર અવલોકી ગયા તે પ્રમાણે ચંપા કૌશાંબીની નજીકમાં જણાય છે.

ચંપામાં બારમું ચોમાસું વીતાવ્યા પછી પ્રભુ જંભિય અને મેઢક ગામ વટાવી પણમાનિ ગામે પહોંચે છે. આપણે ઉપર જોઈ ગયા કે મેઢક ગામ કૌશાંબીની અડોઅડ આવેલું હતું. એટલે મેઢક ગામ પહોંચવાને માટે પ્રભુએ ચંપાથી પશ્ચિમ બાજુ વિહાર કરેલો હોવો જોઈએ, અને તે પણ કૌશાંબીની અડોઅડના પ્રદેશમાં થઈને. મેઢક ગામથી પ્રભુ કૌશાંબીમાં ન જતાં પણમાનિ બાજુ વિહાર લંબાવે છે. આ પરથી પણમાનિ કૌશાંબી-ની સહેજ પશ્ચિમમાં અને ઉત્તર અથવા દક્ષિણ દિશાએ આવેલું હોવું જોઈએ. પણ મેઢક ગામ પહોંચતા પહેલાં પ્રભુએ જંભિય ગામ પસાર કરી દીધું છે અને જંભિય ગામ ઋજુવાલિકા નદીને તીરે આવેલું હતું. આ ઋજુવાલિકા નદી શોણ ( હિરણ્યરેખા-હિરણ્યબાહુ ) નદીની એક શાખા છે[૧૩૧] અને તે કૌશાંબીની દક્ષિણે

---

'પ્રબંધ ચિન્તામણિ'માં જણાવ્યું છે કે, રાજા કોણિકે પિતાના અકાલ અવસાનથી રાજગૃહમાં વસવાનું મુશ્કેલ માની કૌશાંબી પાસે ચંપા વસાવી તેને પોતાની રાજધાની બનાવી.

મહાવીર ચરિત્રને વર્ણવતાં લગભગ દરેક જૈન શાસ્ત્રમાં જણાવ્યું છે કે કૌશાંબીપતિ શતાનિક રાજાએ જ્યારે ચંપા પર આક્રમણ કર્યું ત્યારે તે એક રાતમાં જ નાવ માર્ગે કૌશાંબીથી ચંપા જઈ પહોંચ્યો હતો. તે માટે નિમ્નોક્ત પ્રમાણો પૂરતાં થઈ પડશે—

इओ य सयाणियो चंपं पहाविओ दधिवाहणं गेण्हामि
नावाकडएणं गतो एगाते रत्ती ते ।
आवश्यक सूत्र. पृ. २१३

इओ य सयाणिओ चंपं पधाविओ दधिवाहणं गेण्हा-
मिति, नावा कडएण गतो एगाए रत्तीए अचिन्तिया चेव
नगरी वेढिया, तत्थ दधिवाहणो पलातो ।
आवश्यक चूर्णि पूर्व भाग. पृ. ३१८

इतश्च पूर्व नौसैन्यैः शतानिको निशाकया ।
गत्वा कृतत् पुरी चंपां संपारामसमागमः ॥ ६१६-१०-१०
त्रिषष्टि श.पु.च.

दधिवाहणगहणत्थं चम्पं वेढइ सयाणियो राया ।
एगाए रत्तीए नावाकडेण गंतूणं ॥
श्री नेमिचन्द्रसूरिकृत प्रा. महावीर चरित्र. पृ. ५४

[illegible] राया [illegible], अन्नो य नावासु, तओ [illegible]
[illegible]
[illegible]
प्रा. महावीर चरित्र पृ. २४२

[illegible] આ બધાં પ્રમાણો પરથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે કે ચંપા [illegible] કૌશાંબીથી [illegible] એક રાતમાં પહોંચી શકાય એટલું હતું. [illegible]
[illegible] દક્ષિણે હતું [illegible]

આજની ચંપા તો કૌશાંબીથી ૫૦૦ માઈલ દૂર આવેલી છે. વત્સપતિ શતાનિકે પોતાના પાટનગર કૌશાંબીથી એક રાતમાં અંગના પાટનગર ચંપા જઈ પહોંચી તે નગરીને ઘેરી લીધેલ છે તે પરથી સ્પષ્ટ થાય છે વત્સ અને અંગની સરહદ એકબીજાને અડોઅડ હોવી જોઈએ અને ચંપા નગરી કૌશાંબીની નજીકમાં અંગાથી સહેજ દક્ષિણે વસેલી હોવી જોઈએ.

અંગપતિ દધિવાહન રાજા પોતાની રાણી પદ્માવતી સાથે હાથી પર બેસીને ક્રીડા કરવા જતાં એક અટવીમાં જઈ ચડે છે, તે પ્રસંગે આસપાસનાં સ્થળોના વર્ણનમાં દંતપુર, કલિંગદેશ, વંશ (વત્સ) દેશ આદિ નામો મળી આવે છે. આ પરથી પણ એમ માનવાને કારણ રહે છે કે અંગ દેશ વત્સ અને કલિંગની વચમાંના મુલકમાં આવેલો હોવો જોઈએ.

અર્જુનની સામે હરીફાઈમાં ઉતરવા કર્ણને અર્જુન જ્યારે પોતાના સમોવડિયા રાજપુત્ર તરીકે લેખવાની ના પાડે છે ત્યારે [illegible] દુર્યોધન તત્ક્ષણ કર્ણને અંગનો રાજમુગટ અર્પણ કરી દે છે. [illegible] પરથી પણ પૂરવાર થાય છે કે અંગનું રાજ્ય હસ્તિનાપુર [illegible] નજીકમાં આવેલ હોવું જોઈએ. કેમકે મગધાદિ પૂર્વદિશા[illegible] સમ્રાટ તો તે પ્રસંગે જરાસંધ છે. દુર્યોધન તો હસ્તિનાપુર [illegible] તેની આસપાસના પ્રદેશનો નૃપતિ છે, તેનું રાજ્ય કંઈ મગધ [illegible] પૂર્વ અને પશ્ચિમ એમ બન્ને દિશાએ તો નજ પથરાયું [illegible] શકે. એટલે ઉપરોક્ત પ્રસંગની દૃષ્ટિએ પણ અંગ હસ્તિના[illegible] નજીકમાંજ આવેલ હોવાનો સંભવ છે.

આ બધાં પ્રમાણો પરથી સહેજે સમજી શકાશે કે અંગ[illegible] વત્સ અને કાશીની વચમાંના પ્રદેશમાં અંગની દક્ષિણે [illegible] કલિંગની ઉત્તરે પથરાએલો પડ્યો હતો અને તેનું પાટનગર [illegible] કૌશાંબીની નજીકમાં અંગાને દક્ષિણ કાંઠે આવેલું હતું.

(૧૩૧) [illegible] દક્ષિણ-પૂર્વમાં [illegible] [illegible] દૂર આવે આઠ [illegible] નદી વહે છે તેને [illegible] [illegible] ને ઓળખાવે છે અને તેનાથી બે માઈલ દૂર આવેલ [illegible] [illegible] થાય છે, પણ તે વિધાન તો અંગ, બંગ, [illegible] આદિ સ્થળોને અતિ પૂર્વમાં ખસેડી દીધા બાદ [illegible]

પ્રદેશમાં વહે છે એટલે પ્રભુનો વિહાર ચંપાથી પશ્માનિની દક્ષિણમાં પશ્ચિમે આગળ વધતો ગણાય. પરિણામે પશ્માનિનું સ્થાન કૌશાંબીની દક્ષિણ-પશ્ચિમે સંભવી શકે.

પશ્માનિથી પ્રભુ મધ્યમ અપાપાએ પધારે છે, ને ત્યાંથી જંભિય ગામે જાય છે. જંભિયમાં તેમને કેવળજ્ઞાન ઉપજે છે અને તે પ્રસંગે મધ્યમ અપાપામાં ગૌતમાદિ અગ્યાર પંડિતો મહાયજ્ઞ આદરી રહ્યા છે તે જાણતાં તેમને પ્રતિબોધવાને પ્રભુ રાતોરાત બાર યોજનનો વિહાર કરી પાછા મધ્યમ અપાપામાં પધારે છે. ત્યાં સંઘની સ્થાપના કરે છે અને પંડિતોને યજ્ઞકર્મથી નિવૃત્ત કરી તેમને પોતાના શિષ્ય બનાવે છે.

આપણે ઉપર જોઈ ગયા તે પ્રમાણે મધ્યમ અપાપા ઉત્તર-મધ્ય અવંતીમાં આવેલ હોવું જોઇએ. પણ એ વિધાનને બાજુએ રાખીએ તોપણ તે જંભિયગામથી બાર યોજન છેટે આવેલું હતું; ઉપરાંત જંભિય ગામથી ત્યાં જતાં, રસ્તે કૌશાંબીની અડોઅડનું મેંઢક ગામ અને તે પછી પશ્માનિ ગામ આવતાં હતાં તે પણ નિશ્ચિત છે. એટલે મધ્યમ અપાપા એ જંભિય ગામથી બાર યોજન દક્ષિણ-પશ્ચિમે આવેલું ગણાય. અમે જેને મહાવીર ભગવાનની નિર્વાણભૂમિ તરીકે ઓળખાવીએ છીએ તે મધ્ય-ઉત્તર અવંતીની રાજધાની શ્રીવિશાળા યાને શ્રીઅપાપા કે જ્યાં આજે સાંચીના અવશેષો પથરાયલા પડ્યા છે તે સ્થળ એ જ અંતરે આવેલું છે અને અમે જેને ભગવાન મહાવીરની કેવળજ્ઞાન ભૂમિ લેખીએ છીએ તે ભારહૂત સ્તૂપના અવશેષો વાળો પ્રદેશ પણ જંભિયગામના સ્થળ પર-કૌશાંબીની સહેજ દક્ષિણ-પશ્ચિમે આવેલો છે.

'ભગવતીસૂત્ર'માં પણ સિંહમુનિના આક્રંદને લગતું જે વર્ણન મળી આવે છે તે પરથી એવો સ્પષ્ટ ખ્યાલ બાંધી શકાય તેમ છે કે આપણે ઉપર જે મેંઢક (મેંઢિય) ગામને જંભીયગામ અને મધ્યમ અપાપા (સાંચી-શ્રીવિશાલા)ની વચ્ચે, કૌશાંબીની દક્ષિણ-પશ્ચિમે પૂરવાર કરી ગયા છીએ તે ગામ ભગવાન મહાવીરની નિર્વાણભૂમિ પાવાની નજીકમાં જ આવેલું હતું[૧૩૨].

ટોલેમી પણ ઉજ્જયિની અને તેની ત્રીશ માઈલ પૂર્વે આવેલા આગરનું વર્ણન કરતાં સાથોસાથ પાવાનગર (પાવાપુરી)નું પણ વર્ણન કરે છે. તે પરથી એમ માનવાને કારણ રહે છે કે ટોલેમીએ પણ ઉજ્જયિનીથી સહેજ પૂર્વે-મધ્ય અવંતીમાંજ પાવાપુરી નિહાળેલ હોવી જોઇએ[૧૩૩].

આ રીતે જ્યાં મહાવીરપ્રભુએ સંઘની સ્થાપના કરી અને જ્યાં તેમનું નિર્વાણ થયું તે મધ્ય અપાપા મધ્ય હિંદમાં સાંચીના અવશેષોને સ્થળે આવેલી હતી.

સાંચી એ ભગવાન મહાવીરસ્વામીનું નિર્વાણક્ષેત્ર હોવાનાં અનેક કારણો છે.

એક તો ઉપર દર્શાવ્યું છે તે પ્રમાણે ભગવાન મહાવીરસ્વામીની નિર્વાણભૂમિ શ્રી અપાપાનું સ્થાન ભૌગોલિક તેમજ વિહારક્રમની દૃષ્ટિએ મધ્ય અવંતીમાં હોવાનો પૂરતો સંભવ છે. અને સાંચીના અવશેષો પણ એ જ વિભાગમાં આવેલા છે.

ઉપર આપણે જણાવી ગયા છીએ કે અષ્ટાપદ, સમ્મેત શિખર, ગિરનાર, ચંપાપુરી અને શ્રીઅપાપા-એ તીર્થંકરોનાં પાંચ નિર્વાણક્ષેત્રમાં પ્રિયદર્શીએ જ્યાં લેખો કોતરાવ્યા છે ત્યાં તેણે પોતાના રાજચિન્હ સમી અને

---

ઉપરોક્ત સ્થાનો જ્યારે મધ્ય હિંદની નજીકમાં આવે છે ત્યારે સ્વાભાવિક રીતે જ ઋજુવાલિકા નદી પણ એટલામાં જ હોવી જોઇએ અને તે ભારહૂતના અવશેષોની આસપાસ પથરાયલી હિરણ્યબાહુની અનેક શાખાઓમાની એક હોવાનો પૂરતો સંભવ છે.

(૧૩૨) 'मेंढियगाम पावा के पास ही होगा'
वीर निर्वाण संवत् और
जैन काल-गणना
तथा
भगवतीसूत्र-१५-६८६

(૧૩૩) Bammogoura:—In yule's map this is identified with Pavangarh
Ptolemy-Ancient India. Mc. Crindle-154

પરદેશી વિદ્વાનોએ કરેલી આ ગૂંચનું પ્રથમ કારણ,
રતીય ગ્રન્થસ્થ વિધાનો પ્રત્યેની તેમની અશ્રદ્ધા છે.

બીજું કારણ ભારતના ત્રણે મહાન
ધર્મોનાં સાહિત્યમાં અને શાસ્ત્રોમાં
જે વિપુલ ઐતિહાસિક સામગ્રી

**તેનાં કારણો**

નથી મળી;
પડેલી છે તેના સૂક્ષ્મ અભ્યાસની તેમને તક નથી મળી;
એટલું જ નહિ પણ, કેટલીક સામગ્રી તો હજી લગી પણ
તેમની નજર બહાર જ રહી છે. એટલે તે દર્શનની
પારિભાષિક તેમજ ઐતિહાસિક ઘટનાને સુસંગત કરી
તપાસી જોવાથી તેઓ દૂર જ રહ્યા છે. ત્રીજું કારણ,
ભારતીય ભાષાઓ અને શૈલીના અધૂરા જ્ઞાનને લીધે
તેઓ કેટલીક વખત અવળા અર્થ કરી બેસે છે અને
તેમના અનુગામીઓ એ અર્થને સુધારવાની ઇચ્છા નથી
ધરાવતા. ચોથું કારણ, એક રાષ્ટ્રજનને નીતિ, રીતિ,
ભાષા, સંસ્કૃતિ, ઇતિહાસ આદિનું વંશપરંપરાગત અને
સ્વાનુભવ સંકલિત જે જ્ઞાન મળે તેનાથી તેઓ વંચિત
છે. અને સૌથી છેલ્લું છતાં મહત્ત્વનું કારણ એ છે કે
યુરોપીય જાતિ ગર્વ ( superiority complex )ના
કારણે તેઓ પ્રાચીન યુરોપીય કૃતિઓમાં મળી આવતાં
વિધાનો, યુરોપીય રાજવીઓના કહેવાતા વિજયો,
પુરોગામી યુરોપીય સંશોધકોનાં મંતવ્યો આદિ પર વધારે
ભાર મૂકે છે. એટલું જ નહિ પણ તે સર્વને બંધબેસતાં
કરવાને તેઓ મનગમતો સુધારાવધારો પણ કરે છે.
રેખાગે સ્વતંત્ર ભારતીય ઇતિહાસનું સાચું સ્વરૂપ
ત્રેમ ઇતિહાસના પડ નીચે ઢંકાઇ જાય છે. જોકે એ
ગ્યું છે કે વિપુલ સાધન-સામગ્રી, અસરકારક
નિરૂપણ પદ્ધતિ અને સત્તાની મદદના પરિણામે એ
ઇતિહાસ વિશ્વભરમાં પ્રચાર પામે છે; પરંતુ તેનો અર્થ
એ નથી કરવાનો કે એ સાચો ઇતિહાસ છે. એ ઇતિહાસે
પરંપરાગત અને પવિત્ર ભારતીય મંતવ્યોને ક્યાં સુધી
નાંખ્યાં છે તેની નોંધ લેવી અહીં અસ્થાને થઇ પડશે.

પરદેશી વિદ્વાનોએ ભારતવર્ષના ઇતિહાસના પાયા
તરીકે ચન્દ્રગુપ્ત અને એલેક્ઝાંડ-
રની સમકાલિકતાને સ્થાપી દઇ

**પરિણામ**

ચન્દ્રગુપ્તના રાજ્યાભિષેક તરીકે
ઇ. સ. પૂર્વે ૩૨૦ થી ૩૨૬ ની સાલ ઠેરવી છે, જ્યારે
સ્વતંત્ર ભારતીય પ્રમાણોથી મગધના સિંહાસને ચન્દ્રગુપ્તનો
રાજ્યાભિષેક ઇ. સ. પૂર્વે ૩૭૨ માં થયો હોવાનું અને
નાના પ્રદેશના રાજવી તરીકે રાજતિલક તો તેને ઇ. સ. પૂર્વે
૩૮૨ માં થઇ ચૂકેલ હોવાનું પુરવાર થાય છે [ જુઓ
આગળ ઉપર 'સંપ્રતિ-કાલનિર્ણય'નું પ્રકરણ]. પરિણામે
સ્વતંત્ર ભારતીય કાલગણના અને પરદેશી વિદ્વાનોએ
સ્થાપેલી ભારતીય કાલગણનાવચ્ચે ૫૦ થી ૬૦ વર્ષનો
આંતરો આવે છે, જે ભારતીય ઇતિહાસના એકેએક
અંગને વિઘાતક અસર પહોંચાડે છે.

પરંપરાનુગત અને સાચા બુદ્ધ સંવત્સરની
શરૂઆત ઇ. સ. પૂર્વે ૫૪૩-૪૪ માં થાય છે; જ્યારે
પરદેશી વિદ્વાનો તેની શરૂઆત ઇ. સ. પૂર્વે ૪૮૭ થી
કરે છે. [ આ પરદેશી વિદ્વાનોની બહુમતીએ સ્વીકારેલો
નિર્ણય છે. બાકી ભિન્ન ભિન્ન મતોનો તો પાર નથી.
તે માટે 'કાલનિર્ણય' નું પ્રકરણ જુઓ. ]

પરંપરાગત અને સાચા મહાવીર સંવત્સરની
શરૂઆત ઇ. સ. પૂર્વે ૫૨૭ માં થાય છે; જ્યારે પરદેશી
વિદ્વાનોનો એક વર્ગ તેની શરૂઆત ઇ. સ. પૂર્વે ૪૬૭થી
ગણે છે. [ અને જે બીજો વર્ગ ઇ. સ. પૂર્વે ૫૨૭
સાલ માન્ય રાખે છે તે એલેક્ઝાંડર અને ચન્દ્રગુપ્તની
સમકાલિકતાના મૂળને તો વળગી જ રહે છે, અને આખરી
પરિણામે તો તે પછીના ઐતિહાસિક પ્રસંગોમાં તે વર્ગ
ઊલટો વધારે હાસ્યાસ્પદ ગૂંચવાડો ઊભો કરે છે. ]

ચન્દ્રગુપ્ત, મહાવીર સંવત ૧૫૫ ( ઇ. સ. પૂર્વે
૩૭૨ ) માં સમ્રાટ બન્યો તે ગાથાઓના અર્થને મચડીને
અભિનવ વિદ્વાનોએ તે મહાવીર સંવત ૨૧૫ ( ઇ. સ.
પૂર્વે ૩૧૨ ) માં સમ્રાટ બન્યો એમ દર્શાવવા પ્રયાસ
કર્યો છે [ જુઓ-' કાલનિર્ણય ' નું પ્રકરણ ]. પણ
શ્રી ભદ્રબાહુસ્વામી મ. સં ૧૭૦ ( ઇ. સ. પૂર્વે ૩૫૭ )
માં સ્વર્ગવાસ પામ્યા એ વિષે જૈન શાસ્ત્રો અને
સાહિત્યમાં પ્રવર્તતા એકમતમાં તેઓ શંકા ઉઠાવી શકતા
નથી. સાધિસ્થાય શ્રી ભદ્રબાહુસ્વામી ચન્દ્રગુપ્તના
વિદ્યમાન ગુરુ હતા અને ચન્દ્રગુપ્ત દીક્ષા લઇને ભદ્રબાહુ
સ્વામીની સાથે દક્ષિણમાં ગયા તે વિધાનને તો તેઓ

તીર્થંકરોના ગર્ભપ્રવેશ પ્રસંગે તીર્થંકરોની માતાઓએ નિહાળેલાં ચૌદ સ્વપ્નોમાં પ્રથમ નંબરનું સ્થાન ધરાવતી હસ્તિની આકૃતિ કોતરેલી છે. તેમાંથી કાલ્સી (અષ્ટાપદ), ધૌલી ( સમેતશિખર ), ગિરનાર, ને રૂપનાથ (ચંપાપુરી) એ ચાર જગ્યાએ તો લેખોની સાથે હાથીની આકૃતિઓ મળી આવ્યાનું આપણે આ ગ્રન્થમાં ઉપર ( પૃ. ૨૦૫ થી ૨૧૪ ) અવલોકી ગયા છીએ અને ' પ્રાચીન ભારતવર્ષ ' ભાગ બીજા ( પૃ. ૩૬૩ થી ૩૬૫ )માં પણ તેની વિગતવાર નોંધ લઈ ચૂકયા છીએ. એજ પ્રમાણે ભગવાન મહાવીરના નિર્વાણસ્થળ સમા આ સાંચી તીર્થમાં પણ પર્વતની તલેટીમાં શિલા પર બે હાથી કોતરેલા મળી આવ્યા છે૧૩૪. તલેટીમાં પ્રિયદર્શીના લેખ જો કે નથી મળી આવ્યા પણ ટેકરી ઉપર ઊભા કરાયેલા સ્થંભપર તો પ્રિયદર્શીનો લેખ આપણે અવલોકી ગયા ( પૃ. ૨૩૨–૩૪ ) છીએ. એટલે પ્રિયદર્શીએ તીર્થંકરોની નિર્વાણભૂમિ પર કોતરાવેલા હસ્તિની દૃષ્ટિએ પણ સાંચી, ભગવાનની નિર્વાણભૂમિ ઠરે છે.

હવે દરેક નિરીક્ષકના દિલમાં ઉદ્ભવી શકે એવો સૌથી મહત્ત્વનો પ્રશ્ન તો એ છે કે, જો સાંચી એ ભગવાનની ખરી નિર્વાણભૂમિ છે તો પછી જૈન સમાજમાં પરંપરાથી તેની પૂજા કેમ નથી થતી આવતી ? ને સાંચીને બદલે વર્તમાન પાવાપુરી ભગવાનની નિર્વાણભૂમિ તરીકે કોણે, ક્યારે અને કેમ ઠેરવી દીધી ?– આ પ્રશ્નનો ખુલાસો નીચેના વર્ણનમાંથી સાંપડી રહેશે.

ઇ. સ. પૂ. ૫૨૭ માં ભગવાન સાંચીમાં નિર્વાણ પામ્યા. તે સમયે તેમના નિર્વાણસ્થળપર સ્તૂપ બંધાવાયો ને સાંચીમાંથી જ દીપોત્સવીના દિવા પ્રગટાવવાની શરૂઆત થઈ. ઇ. સ. પૂ. ૩૧૪ ( મ. સં. ૧૬૨–૩ )માં જૈન સમ્રાટ ચન્દ્રગુપ્ત મૌર્યે સાંચીના ઉપર્યુક્ત સ્તૂપને ભવ્ય અને કલાત્મક રૂપ આપ્યું. તે સમયે તે જૈનોનું પવિત્ર યાત્રાધામ લેખાતું જ હતું.

તે પછી સમ્રાટ પ્રિયદર્શીના સમયમાં તે મૂળ સ્તૂપની આસપાસ કઠેરા કરાવવામાં આવ્યા, ને ભવ્ય સ્થંભો બનાવવામાં આવ્યા. સાથેસાથ ભગવાન મહાવીરના ગણધરોના તેમજ અન્ય મશહૂર જૈન મુનિવરોના અવશેષો અન્ય છૂટાં છવાયાં સ્થળે સચવાયેલા તે મંગાવીને મૂળ સ્તૂપની આસપાસ ભંડારવામાં આવ્યા ને તેના પર ૭ નાના સ્તૂપો બંધાયા. આ રીતે સાત સ્તૂપો અને સંખ્યાબંધ ભવ્ય સ્થંભોથી સાંચી વિશિષ્ટ જૈન તીર્થ તરીકે શોભવા લાગ્યું. સમ્રાટ પ્રિયદર્શી યાતે સંપ્રતિ વર્ષમાં ચાર વાર તે તીર્થની યાત્રાએ આવતા હતા. તે પરથી એમ માનવાને કારણ રહે છે કે તે સમયે સાંચી એ જૈન સંઘને માટે ભવ્ય યાત્રાધામ બનેલ હોવું જોઈએ.

પણ મૌર્ય સામ્રાજ્યના વિલય પછી શુંગોએ શ્રમણ ( જૈન ને બૌદ્ધ ) સંસ્કૃતિ સામે ભયાનક જેહાદ આદરી; તેમણે જૈન–બૌદ્ધ તીર્થોને હિંસાથી ભ્રષ્ટ બનાવ્યાં, મુનિઓની કતલ આદરી૧૩૫. સાંચીને પણ ખેદાનમેદાન કરીને ત્યાં તાંત્રિક અને શૃંગારિક કોતરણીઓ ઉમેર્યાં. આ જુલ્મ જહાંગીરી ચલાવનાર પુષ્યમિત્ર–અગ્નિમિત્ર જૈન સાહિત્યમાં કલ્કીના નામે ઓળખાયેલ

(૧૩૪) The sixth inscription is undated. It is cut on a flat piece of rock, at the foot of the Sânchi hill; and contains, so far as I could make out, the words Srima, Saktayah, Saktih, and Mitrânandasya : which seem to point to a mixed Tantric and Mithraic worship : while the rude carving below it, is of a Buddhist character. This is a mere out line sketch; representing two rather well-drawn elephants, each with a mahâvat, and a monkey holding on behind. They support with their trunks, a seat or throne above which, but seated in the air, is a cross-legged, long-eared figure, with hands in his lap.

p. 107
Sanchi and its Remains

(૧૩૫) पुष्यमित्रो राजा श्रमणादीनां ऽ वधकः, तस्य 'मुनिहत' इति एवा ख्यातिर्जाता—

दिव्यावदान ૪. ૪૧૮

…યુગમાં જેમ યવનોના ત્રાસથી અનેક તીર્થોમાં … થઈ ગયો; મૂર્તિઓના સ્થાનપલટા કરવામાં …ા, તેમ કલ્કીના ત્રાસયુગમાં અનેક તીર્થોમાં પરિ… થયું. અને અનેક પવિત્ર સ્મરણકેન્દ્રોને પાટલીપુત્ર … અવંતીથી દૂર ખસેડવામાં આવ્યાં. મુનિઓ પણ …ન્ય પ્રદેશોમાં વિચરવા લાગ્યા[૧૩૭].

સંભવિત છે કે આ અરસામાં ભગવાન મહાવીરના નિર્વાણસ્થાનકને સાંચીથી ફેરવીને પાવાપુરીમાં તેની સ્થાપના કરવામાં આવી હોય. આમ માનવાને મુખ્ય કારણો બે છે–એક તો એ કે–સાંચીના મુખ્ય સ્તૂપની આસપાસના નાના સ્તૂપોમાંથી અવશેષાદિ મળી આવ્યાં છે પણ મુખ્ય સ્તૂપને ઊંડે લગી ખોદવા છતાં તેમાંથી અવશેષો હાથ લાગ્યા નથી[૧૩૮]. એ પરથી એમ કલ્પવાને અવકાશ રહે છે કે આફતના સમયે અન્ય નાના સ્તૂપોને જેમ ને તેમ રહેવા દઈ મુખ્ય સ્તૂપમાં જળવાયલા ભગવાન મહાવીરના અવશેષોને અન્ય સ્થળે (વર્તમાન પાવાપુરીમાં ?) ખસેડી દેવામાં આવ્યા હશે. અને. બીજું એ કે વિદિશાની પ્રજા આજે એ સ્તૂપની પૂજા નથી કરતી, છતાં તેણે વંશપરંપરાથી એટલો ઇતિહાસ તો જાળવી જ રાખ્યો છે કે પ્રાચીન સમયમાં આ સ્થળ જૈન તીર્થ હતું અને જૈન સમ્રાટ ચન્દ્રગુપ્ત મૌર્યે મ. સં. ૧૬૨–૩ (ઇ. સ. પૂ. ૩૬૪)માં મુખ્ય સ્તૂપ બનાવરાવ્યો હતો. આ પરથી એમ કલ્પવાને અવકાશ રહે છે કે જ્યાં લગી આ તીર્થ ભગવાન મહાવીરના અવશેષોથી પ્રતિષ્ઠિત હતું ત્યાં લગી વિદિશાના અને ભારતભરના જૈનો તેની પૂજા કરતા હતા પણ જ્યારે તે તીર્થને ખાલી કરીને અવશેષોની અન્ય સ્થળે સ્થાપના કરવામાં આવી ત્યારે તીર્થ ભ્રષ્ટ થયેલ માની; પૂજનને વિધિસર અટકાવી દેવામાં આવ્યું અને સાંચી એ રીતે જૈન તીર્થ તરીકે અટકી જતાં વૈદિકોએ અને બૌદ્ધોએ ત્યાં પોતાનાં ચિન્હો ઉમેરવા માંડયાં.

આ વિષયમાં એક જ નિર્ણય આપવાનું કામ મુશ્કેલ છે અને તે એ કે ઉપર વર્ણવ્યા પ્રમાણેનું તીર્થપરિવર્તન ઇ. સ. પૂ. પહેલી સદીમાં શુંગયુગમાં થયું હશે કે તેરમી–ચૌદમી સદીના મુસ્લિમ આક્રમણના પ્રસંગે ? શુંગોએ શ્રમણ સંસ્કૃતિ પર અત્યાચારો તો અનેક ગુજારેલા પણ તેમના સમયમાં કદાચ તીર્થ પરિવર્તન ન પણ થયું હોય એમ માનવાને મુખ્ય કારણ એ છે કે સાંચીમાં સાતમી–આઠમી સદી લગીના પણ જૈન લેખો, અવશેષો આદિ મળી આવે છે, જે તે સમયે પણ તે તીર્થ જૈન તીર્થ તરીકે જાહોજલાલી ભોગવતું હોવાનાં પ્રમાણ તરીકે ગણી શકાય. શ્રી જિનપ્રભસૂરિ પણ ભગવાન મહાવીરની નિર્વાણભૂમિ મધ્યમ અપાપામાં ભવ્ય રમણીય–સ્તૂપ હોવાનું વર્ણન કરે છે. એટલે એમ માનવાને કારણ રહે છે કે શુંગયુગમાં સાંચીના જૈન તીર્થને કેટલીક મુશ્કેલીઓ નડી હશે. એ મુશ્કેલીઓના પરિણામે, (આજે જેમ શત્રુંજય તીર્થ પર અંગારશા પીરની કબર ઉમેરાણી છે તેમ), તે તીર્થ પર કેટલાંક વૈદિક તેમજ બૌદ્ધિક ચિન્હો ઉમેરાયાં હશે પણ તીર્થપલટો તો અલ્લાઉદ્દીને મધ્ય હિન્દમાં ચલાવેલી ખૂનરેજીના વખતમાં જ થયો હશે.

(૧૩૭) गोयमा होही दूरं तपंतं लक्खणो अद्धंऽणे रोरे चंदे पयंडे उगापयंदंडे निम्मेरे निक्किवे निग्घिणे निर्तिसे कूरपरपावमई अणारियमिच्छदिट्ठी कक्की नाम रायाणे से णं पावे पाहुडियं समाढिउकामे सिरि समणसंघस्सत्थेज्जा।

महानिशीथ ५–४६.
दीपालि–कल्प

(૧૩૮) The principal sthupa at sanchi yielded no relics : nor could we find any trace of a cell for their deposit : though we sank a shaft, five feet square, through the central brick-work, down to a point below the level of the basement terrace. p. 108

Sanchi and its Remains

સાંચીનો સ્તૂપ ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણ-
ક લેખે ખડો કરાયો છે તે આપણે ઉપર અવલોકી ગયા. તેમાં સાંચીના મૂળ સ્તૂપનું ભવ્ય ઘડતર જૈન સમ્રાટ

**ભારહુત સ્તૂપ**

ચંદ્રગુપ્ત મૌર્યને આભારી હોવા છતાં સાંચીના સ્થંભો, સંખ્યાબંધ સ્તૂપો, મૂળ સ્તૂપની આસપાસના રમણીય કઠેરાઓ આદિ સમ્રાટ પ્રિયદર્શિને આભારી છે તે વિષે વિદ્વાનોમાં બેમત નથી. એજ પ્રમાણે ભારહુતના સ્તૂપનું ભવ્ય નિર્માણ પણ સમ્રાટ પ્રિયદર્શિને કાળે નોંધાયલ છે૧૩૯. અને આપણે ઉપર પૂરવાર કરી ગયા તે પ્રમાણે પ્રિયદર્શી એ જૈન સમ્રાટ સંપ્રતિનું ઉપનામ છે એટલે સ્વાભાવિક રીતે જ તેણે બનાવરાવેલો ભારહુતનો સ્તૂપ સાંચીના સ્તૂપની પેઠે જ જૈન સ્મારક સાથે સંકળાયલો હોય; અને જ્યારે ભગવાન મહાવીરસ્વામીનો ગર્ભ-પ્રવેશ આદિ દશ્યો પણ સાંચીની જેમજ ભારહુતમાં કોતરાયલાં છે અને ભારહુતનું ઘણુંખરું ઘડતર સાંચીને મળતુંજ આવે છે ત્યારે એમ માનવાને કારણ રહે છે કે ભારહુતનો સ્તૂપ પણ સાંચીની જેમજ ભગવાન મહાવીરસ્વામીની કોઈક સ્મૃતિ સાથે સંકળાયલ હશે. તેમાં ભગવાન મહાવીરનો જન્મ તેમજ તેમની દીક્ષાનાં પ્રસંગો તો વૈશાલીની નજીક ક્ષત્રિયકુંડમાં બનેલા. અને જન્મ તેમજ દીક્ષાનાં સ્થાનો પર સ્તૂપો ચણાવવાની તો જૈનોમાં પ્રથા પણ નથી. એટલે સ્વાભાવિક પણેજ આપણી નજર ભગવાન મહાવીરસ્વામીની કેવળજ્ઞાન-ભૂમિ પર ઠરે છે. કેમકે તીર્થંકરોના સ્મારક તરીકે કેવળજ્ઞાનના અને નિર્વાણના સ્થળેજ સ્તૂપો ઊભા કરાવવાની જૈનોમાં પ્રથા છે. તેમાંથી નિર્વાણ–સ્મારક તો સાંચીનો સ્તૂપ છે. એટલે ભારહુત એ કેવળજ્ઞાનનું સ્મારક હોવાનોજ સંભવ છે. અને ભારહુતના સ્તૂપના અવશેષો પણ ભગવાનને જ્યાં કેવળજ્ઞાન ઉપજેલું તે ભૂમિ પર જ જ્યારે પથરાયલા છે ત્યારે તો તે વિષયમાં શંકાને કશું સ્થાન જ નથી રહેતું.

આપણે આ જ પરિચ્છેદમાં પૂરવાર કરી ગયા છીએ કે ભગવાનને જ્યાં કેવળજ્ઞાન ઉપજ્યું તે જંભીય ગામ કોશાંબીની દક્ષિણે શોણ (સુવર્ણ–હિરણ્યરેખા) નદીની એક શાખા ઋજુપાલિકા નદીને તીરે આવેલું હતું. ભારહુત સ્તૂપના અવશેષો પણ એજ સ્થળે મળી આવે છે. પ્રાચીન ભૌગોલિક દષ્ટિએ તે સ્તૂપ ઉત્તરે કોશાંબી ને શ્રાવસ્તિ, પૂર્વે પાટલીપુત્ર અને દક્ષિણ-પશ્ચિમે ઉજ્જૈન ને વિદિશાના રાજમાર્ગો પર આવેલો હતો. તેનું વર્તમાન સ્થાન અલ્હાબાદથી જબલપુરને માર્ગે ૧૨૦ માઇલ દક્ષિણ–પશ્ચિમે આંકી શકાય.

જેમ સાંચીમાં બન્યું છે તેમ ભારહુતમાં પણ મધ્ય કાલીન યુગનાં કેટલાંક બૌદ્ધ ચિન્હો કે બૌદ્ધ દશ્યો મળી આવવાથી તે સ્તૂપ અંગે વિસ્તૃત ગ્રન્થ લખનાર જનરલ કનીંગહામે આ અવશેષોને સાંચીની જેમ જ બૌદ્ધ ધર્મ સાથે સાંકળી દીધા છે.

---

(૧૩૯) The archaeological inference ascribes to Asoka (? Priyadarshi) the great stupa at Sanchi (forming the nucleus of the structure built round it a century later and to be seen now) as also a stupa at Bharhut with elaborately carved railing bearing inscriptions in Asokan (? Priyadarshi's) script. Asoka by R. Mookerji p. 81.

આ [illegible]

[illegible] પૂર્વેની કૃતિ ગણાય છે તેમ હવે ભારહુત [illegible] સંબંધમાં પણ એવોજ અભિપ્રાય દર્શાવવામાં આવે છે—

These (Bharhut) topes must be relegated to a post As'okan time. B. M. Barua Report of the Fourth Oriental Conference p. 600.

—એ પરથી એમ માનવાને કારણ રહે છે કે [illegible] ભારહુતનો પણ મૂળ સ્તૂપ તો ભગવાન મહાવીર [illegible] બંધાયો હશે, પણ [illegible] [illegible] જ [illegible] [illegible] [illegible]

હૂતનાં પ્રાચીન ઐતિહાસિક દૃશ્યોમાં મુખ્ય બે
ક નૃપતિ અજાતશત્રુ ભગવાનને વાંદે છે તે અને
કોશલપતિ પ્રસેનજીત ભગવાનને વાંદવાને જાય
પહેલાં દૃશ્યની નીચે अजातशत्रु भगवतो वंदवे
લેખ છે, અને બીજાની નીચે राज पसेनजी कोसलो
લેખ છે.

રાજા અજાતશત્રુ અને પ્રસેનજીત જૈન શાસ્ત્રાનુ-
ર તો જૈન હતા જ પરંતુ બૌદ્ધ શાસ્ત્રો પણ તેમને
ન તરીકે જ ઓળખાવે છે. મહાવંશ, દીપવંશ આદિ
બૌદ્ધ ગ્રન્થો અજાતશત્રુ, ઉદયન આદિ શ્રેણિકના વંશ-
જોને પિતૃઘાતક બિરુદ આપી તેમના પ્રત્યે બેહદ તિર-
સ્કાર દર્શાવે છે, એટલુંજ નહિ પણ અજાતશત્રુ પર
તો બૌદ્ધ શાસ્ત્રો તેણે ભગવાન મહાવીરની સાથે મળીને
ભગવાન બુદ્ધના ઘાતનો પ્રયત્ન કર્યો હતો એવો આરોપ
મૂકે છે. આ સંયોગોમાં અજાતશત્રુને બૌદ્ધ શી
રીતે ગણવામાં આવે છે તે નથી સમજાતું.

કોસલપતિ પ્રસેનજીત સંબંધમાં જૈન શાસ્ત્રોમાં
જો કે વિસ્તૃત હકીકત નથી મળતી, છતાં ભગવાન
મહાવીરસ્વામી જ્યારે પાવાપુરીમાં નિર્વાણ પામ્યા ત્યારે
દીપોત્સવી પર્વની શરૂઆત કરનાર નૃપતિઓમાં કોશલ-
પતિનું નામ મળે છે[૧૪૦] તે પરથી પ્રસેનજીતને જૈન
માનવાને પૂરતું કારણ રહે છે.

આ રીતે ભારહૂતના બે ઐતિહાસિક લેખો તો તે
શૈલોને બૌદ્ધ ધર્મ સાથે સાંકળવાને બદલે ઊલટા
તે જૈન ધર્મ સાથે સાંકળવામાં મદદગાર બને છે.

ભારહૂતના તોરણદ્વાર પર ધનભૂતિ નામે રાજકુમાર
ા નિમ્નોક્ત પ્રશસ્તિલેખ મળી આવે છે–

सुगानाम् राजे राञो गागीपुतस विसदेवस
पौतेन गोतीपुतस अगराजस पुतेण
वाच्छीपुतेन धनभुतिन कारितम् तोरणम्
शिला कम्मत च उपन

' શુંગોના શાસનકાળમાં ગાર્ગીપુત્ર (માતૃપક્ષે)
નૃપતિ વીસદેવના પૌત્ર ને ગૌતમીપુત્ર (માતૃપક્ષે) નૃપતિ
અગરાજના પુત્ર એવા વાચ્છીપુત્ર (માતૃપક્ષે) (વાશિ-
ષ્ઠિ પુત્ર ?) ધનભૂતિએ શિલા તોરણાદિ બનાવરાવેલ છે.

ધનભૂતિનો ઐતિહાસિક પરિચય આપવાનું મુશ્કેલ
છે, છતાં ગોત્રોને જો પ્રમાણ તરીકે લેખીએ તો ગાર્ગી
ગોત્ર એ બ્રાહ્મણ ગોત્ર છે, ગૌતમગોત્ર એ પણ બ્રાહ્મણ
ગોત્ર છે પણ તે ગોત્રના ગૌતમ, અગ્નિભૂતિ, વાયુભૂતિ
અંકપિત આદિ નરપુંગવોએ જૈન ધર્મ અપનાવ્યો
હતો. ને વાચ્છાગોત્રનો નિર્દેશ સાંચીના જૈન અવશેષ
લેખોમાં મળી આવે છે એટલુંજ નહિ પણ પંદરમી સદીમાં
ઇડરમાં વાચ્છાગોત્રના વણિકે લખાવરાવેલા ધર્મગ્રન્થની
પ્રશસ્તિ પરથી તે ગોત્ર જૈનોમાં પંદરમી સદી લગી
પ્રચારમાં હોવાનું પ્રમાણ સાંપડી રહે છે.

સાંચી, અમરાવતી અને ગાંધારના એક સ્તૂપ પ
ગર્ભપ્રવેશનું જેવું દૃશ્ય છે એવું જ અહીં ભારહૂત
છે અને તેની પર भगवतो रूकदन्ति ( दन्त ) એ
લેખ છે. જનરલ કનીંગહામ આ દૃશ્યને ભગ..
બુદ્ધના ગર્ભપ્રવેશ સાથે સાંકળે છે છતાં
તેઓ પણ એટલું તો કબૂલે જ છે[૧૪૧] કે આ દૃશ્ય
શાસ્ત્રવર્ણનની દૃષ્ટિએ વિચારતાં મહાવીર પ્રભુના ગર્ભ
પ્રવેશ સાથે વધારે મળતું આવે છે. કારણ કે બુદ્ધના
ગર્ભપ્રવેશ પ્રસંગે તેમની માતા માયાદેવીએ જે સ્વપ્ન–

---

(૧૪૦) नव मल्लई नव लेच्छई कासी कोसलगा अट्ठारसवि गणरायाओ । भगवतीसूत्र–२००

(૧૪૧) In corroboration of this reading, I may quote the parallel account of the Jains' of the first object seen by queen Trisala in her dream. This is described as an "elephant with four tusks, looking like radiant drops of dew, or a heap of pearls, or the sea of milk, possessing a radiance like the moon, huge as the silvery mountain Vaitadhya, while from his temples oozed out the sweet liquid that attracts the swarms of bees. Such was the incomparably stately elephant, equal to Airavat himself, which queen Trisala saw while uttering a fine deep sound, with his trunk filled with water, like thunder. Stupa of Bharhut. p. 83-84

નિહાળ્યું તેમાંના હાથીને છ દંતૂશળ હતા અને તેની સૂંઢમાં કમળ હતું જ્યારે આ હાથીને બે જ દંતૂશળ છે અને સૂંઢમાં કમળ પણ નથી; તેમજ હાથીને ગર્જતો દર્શાવવામાં આવ્યો છે, જે સંયોગ બુદ્ધ કરતાં મહાવીરના ગર્ભપ્રવેશ સાથે વધારે મળતો આવે છે.

નામાંકિત બૌદ્ધ પ્રવાસીઓ ફાહિયાન તેમજ હુએન્સાંગ હિંદમાં પથરાયલા બૌદ્ધ સ્તૂપો, વિહારો, ચૈત્યો, મઠો, સ્થંભો ને અન્ય સ્મરણ-ચિન્હોની અતિરેક ભરી નોંધ લે છે, છતાં બેમાંથી એક પણ યાત્રિકે સાંચીની જેમ ભારહૂતનો પણ બૌદ્ધ સ્તૂપ તરીકે નિર્દેશ નથી કર્યો, તે પરથી એમ માનવાને કારણ રહે છે કે સાતમી સદી લગી તો એ બંને સ્તૂપો વિશુદ્ધ રૂપમાં પૂર્ણતઃ જૈન હતા; પણ પાછળથી અંધાધૂંધી તેમજ બૌદ્ધોના પુનરોદયના યુગમાં સાંચી અને ભારહૂતમાં પણ બૌદ્ધ ચિન્હાદિ ઉમેરી દેવાયાં હશે. અને આપણે ઉપર જણાવી ગયા તેમ અમરાવતી, પહાડપુર, નંદનગઢ, મથુરા, માણિકયાલ અને સાંચી સમા ભવ્ય સ્તૂપો જ્યારે જૈન ધર્મના દ્યોતક છે ત્યારે તે બધાની જોડમાં ઊભો રહેતો અને દશ્યોમાં અનેક પ્રકારની સમાનતા ધરાવતો ભારહૂતનો સ્તૂપ પણ જૈન ધર્મ સાથે સંકળાયલ હોય એમાં સંશય લાવવાને કોઇ કારણ નથી રહેતું.

સ્થંભો

સ્થંભો પ્રિયદર્શીએ ક્યાં ક્યાં અને કેમ ઊભા કરાવ્યા છે તથા તેના પર કઇ કઇ ધર્મલિપિઓ કોતરાવલી છે તે આપણે બીજા ખંડના તૃતીય પરિચ્છેદમાં વિચારી ગયા છીએ. તે પછી સાંચીનો સ્થંભ તેમજ તેના પર કોતરાયલા લેખનું નવીન વાંચન આપણે આ જ પરિચ્છેદમાં નિહાળી ગયા. હવે સ્થાપત્ય તેમજ સ્થંભોના સ્વરૂપ અને તેના પરની આકૃતિઓના આધારે ઉદ્ભવતાં સૂચનો તથા પરદેશી પ્રવાસીઓની નોંધો પર ઊડતો દૃષ્ટિપાત કરી લઇએ.

વિદ્વાનોએ આજલગીમાં પ્રિયદર્શીનાં નામે કુલ ચૌદ સ્થંભો ચડાવ્યા છે. તેમાંથી પહેલા છ—જેમના પર મુખ્ય સ્થંભલેખો કોતરાયા છે તે—દિલ્હી–ટોપ્રા, દિલ્હી–મિરત, લૌરિય–અરરાજ, લૌરિય–નંદનગઢ, રામપૂર્વા ને અલ્હાબાદ–કોશાંબીના નામે મશહૂર બનેલા છે. ચાર—જેમના પર ગૌણ સ્થંભલેખો કોતરાયા છે તે—સાંચી, સારનાથ, રૂમ્મિન્ડેઇ ને નિગ્લીવના નામે જાણીતા છે. અને રામપૂર્વા, બખરા, સંકીસા ને કોસામના નામે ઓળખાતા ચાર સ્થંભો પર એકે લેખ મળી આવે નથી, પણ તેમના ભવ્ય ઘડતર તેમજ પ્રિયદર્શીના અન્ય સ્થંભો સાથેના મળતાવડાપણાના કારણે તે પ્રિયદર્શીના નામે ચડાવાય છે.

આ ચૌદ ઉપરાંત બીજા પણ કેટલાક સ્થંભો પ્રિયદર્શીને આભારી હોવાનો સંભવ છે. દા. ત. સાંચીમાં એક લેખયુક્ત સ્થંભને જ પ્રિયદર્શીના નામે ચડાવાયલ છે પણ તે લેખયુક્ત સ્થંભ ઉપરાંત બીજા પણ ત્યાં સંખ્યાબંધ પ્રાચીન સ્થંભો ઊભેલા છે અને તેમાંના ઘણાખરા પ્રિયદર્શીએ જ ઊભા કરાવેલ હોવાનો સંભવ છે. એમાંના એક સ્થંભ પર તો ગૌતમસ્વામીની મૂર્તિ પણ નજરે ચડે છે. ૧૪૨ એ જ રીતે ભારહૂત સ્તૂપની નજીકના સ્થંભોમાંના કેટલાક પણ પ્રિયદર્શીના

(૧૪૧) [illegible] આ મૂર્તિ [illegible] [illegible] છે. [ Cunningham had noticed forty of such pillars at Sanchi. But the best of these was that crowned by a human figure one of the finest specimens of sculpture, supposed by Cunningham to be the figure of Asoka himself ] p. 50 f. n. ] —ASOKA by R. Mookerji [illegible]

( [illegible] ) કોતરાયલું હોય તે મૂર્તિ કોઈ નૃપતિની હોવાનો સંભવ નથી. [illegible] [illegible]

હાવાનો પૂરતો સંભવ છે.

પ્રિયદર્શીના સ્થંભોની સરેરાશ ઊંચાઇ ૫૦ ફીટ છે, સરેરાશ ઘેરાવો ૫૦ ઇંચ છે અને સરેરાશ વજન ૫૦ ટન છે. લોરિય-નંદનગઢનો સ્થંભ કે જે મૂળ રૂપમાં જળવાઇ રહ્યો છે તેના મૂળમાં ખોદકામ કરતાં જણાઇ આવ્યું છે કે પ્રિયદર્શીના સ્થંભો સરેરાશ ⅘ ભાગ જમીનની ઉપર એ રૂપમાં જમીનની અંદર અને ⅕ જમીનની ઉપર એ રૂપમાં ઊભા કરાયલા. સ્થંભને દશ ફૂટ જેટલો જમીનની અંદર રાખવા છતાં તેની નીચે પણ પાયામાં પત્થરના ભવ્ય ચોરસા પથરાયલા છે. સ્થંભોના મૂળમાંથી મૌર્ય સમ્રાટના પ્રતીક સમી મોરની આકૃતિ મળી આવે છે.[૧૪૩]

આ બધા સ્થંભોના મથાળે આકૃતિઓ બેસાડવામાં આવેલી છે. તેમાં મોટા ભાગે તો સિંહની આકૃતિઓ જ નજરે ચડે છે છતાં રામપૂર્વાના વણુકોતરાયલા સ્થંભ પર હસ્તિ પર વૃષભ, સંકીસાના વણુકોતરાયલા સ્થંભને મથાળે સિંહની આકૃતિઓ અને સારનાથના સ્થંભને મથાળે સિંહની છતાં તેની અધવચમાં વૃષભ, હસ્તિ, અશ્વ અને સિંહની આકૃતિઓ છે. મી. રામપ્રસાદ ચંદાના કથન અનુસાર પણ આ આકૃતિઓને બૌધ્ધ ધર્મ સાથે કોઈ સંબંધ નથી,[૧૪૪] ત્યારે જૈન દૃષ્ટિએ તે સંપૂર્ણ સુસંગત છે.

આપણે ઉપર પુરવાર કરી ગયા તે પ્રમાણે સાંચી એ ભગવાન મહાવીરસ્વામીની નિર્વાણભૂમિ છે અને ત્યાં જે સંખ્યાબંધ સ્થંભો મળી આવે છે તેના પર એકેક અથવા ચારચાર સિંહની આકૃતિઓ મુકાયલી નજરે ચડે છે. એ જ રીતે ભગવાન મહાવીરસ્વામીની જન્મભૂમિ ક્ષત્રિયકુંડમાં ઊભા કરાયલા બખરા, વૈશાલી અથવા કોલુહા સ્થંભ પર પણ સિંહની આકૃતિ બેસાડવામાં આવેલી છે. એ જ રીતે ભગવાન મહાવીરસ્વામીની મહત્ત્વની જીવનસ્મૃતિઓ સાથે પણ બીજાં જે જે સ્થાન સંકળાયલાં છે અને જે સ્થાનકો પર પ્રિયદર્શીએ લોરીય-અરરાજ, લોરીય-નંદનગઢ, રામપૂર્વા ને અલ્હાબાદ-કોશાંબીના સ્થંભો ઊભા કરાવેલા છે તેના પર પણ સિંહની આકૃતિઓ બેસાડવામાં આવેલી છે. અને સિંહ એ ભગવાન મહાવીરસ્વામીનું લંછન છે એ તો જગજાણીતી વાત છે.

જ્યાં સારનાથનો સ્થંભ ઊભો કરાયલો છે તેની નજીકમાં સાતમા જૈન તીર્થંકર શ્રી સુપાર્શ્વનાથ, આઠમા શ્રી ચંદ્રપ્રભુ, અગ્યારમા શ્રી શ્રેયાંસનાથ ને ત્રેવીશમા શ્રી પાર્શ્વનાથની જન્મભૂમિઓ આવેલી હતી. તે સ્થંભ પર ચારે કોર સિંહની આકૃતિઓ બેસાડવામાં આવેલી છે, જે તે પ્રદેશમાં ભગવાન મહાવીરસ્વામીને નડેલા ઉપસર્ગોની સૂચક છે. સ્થંભની અધવચમાં ચારે દિશાએ અનુક્રમે વૃષભ, હસ્તિ, અશ્વ ને સિંહની આકૃતિઓ શોભે છે જે અનુક્રમે પહેલા જૈન તીર્થંકર શ્રી ઋષભદેવ, બીજા શ્રી અજીતનાથ, ત્રીજા શ્રી સંભવનાથ અને ચોવીશમા શ્રી મહાવીરસ્વામીનાં લંછનો છે.

આ પરિચ્છેદની શરૂઆતમાં આપણે જોઇ ગયા તે પ્રમાણે ધર્મસ્મારકો તરીકે સ્થંભોનું નિર્માણ જૈન દર્શનને જ આભારી છે, અને બૌદ્ધ ધર્મ સાથે તેને કશો જ સંબંધ નથી. છતાં બુધ્ધના નિર્વાણ પછી, સંભવિત છે કે, બૌદ્ધોએ પણ જૈન દર્શનનું અનુકરણ કરીને બૌદ્ધ સ્મારકો તરીકે નાના સ્થંભો ઊભા કરવા માંડ્યા હોય. અને સમય જતાં કદાચ મોટા સ્થંભોની કલા પણ તેમણે હસ્તસાધ્ય કરી હોય. પણ પ્રિયદર્શીના નામે ચડાવાયલા સ્થંભો તો કોઈ પણ સંયોગોમાં બૌદ્ધ દર્શનના દ્યોતક નથી. કેમકે તે સ્થંભોનું સ્થાપત્ય તેમજ પ્રચલિત સ્વરૂપ સાથે પ્રમાણ જૈન સ્મારક-સ્થંભોના સાથે તે સંપૂર્ણ સુમેળ ધરાવે છે, જ્યારે બૌદ્ધ સ્થંભો સાથે તે વિરોધાભાસ ધરાવે છે એટલું જ નહિ પણ વિખ્યાત ચીની મુસાફરો ફાહિયાન અને હુએન્સાંગના વૃત્તાંત

(૧૪૩) A little further down was discovered the figure of a peacock, 4 inches in length, which is no doubt symbolical of the Mayura ensign of the so called imperial house of the Moriyas or Mauryas. ASOKA R. Mookerji—

(૧૪૪) The civilization of the East. p. 83

સાથે પણ તે જરા ય મેળ ખાતું નથી.

આપણે ઉપર જોઇ ગયા તે પ્રમાણે આજે ચૌદ સ્થંભો તો સત્તાવાર રીતે પ્રિયદર્શીના નામે ચડાવાઇ ચૂક્યા છે તેમાંના લૌરિય

**બૌધ્ધ યાત્રિકોની નોંધો સાથેની અસંગતિ**

—અરરાજ, લૌરિય—નંદનગઢ, રામપુર્વા (૨) ને બખરા એ પાંચ સ્થંભો ઉત્તર-બિહારમાં ચંપારણ્યમાં ઊભા કરાયલા છે; અલ્હાબાદ—કોશાંબી અને કોસામ એ બે સ્થંભો કોશાંબીની નજીક ઊભા કરાયલા; રૂમ્મિન્ડેઇ અને નિગ્લીવ એ બે સ્થંભો નેપાળની તરાઇમાં ખડા થયેલા છે. દિલ્હી—ટોપ્રા સ્થંભ ખીઝરાબાદ પ્રાંતમાંના ટોપ્રા ગામમાં અને દિલ્હી—મિરત સ્થંભ સંયુક્ત પ્રાંતમાંના મિરત નગરમાં ઊભો કરાયલ. તથા સાંચી—સ્થંભ ભોપાળ રાજ્યમાં સાંચીના સ્તૂપ નજીક, સારનાથ—સ્થંભ બનારસની પાસે ને સંકીસા—સ્થંભ દક્ષિણ—બિહારમાં ઊભા કરાયલા છે. સ્થળ તેમજ સ્થાપત્યની દૃષ્ટિએ પ્રિયદર્શીના સ્થંભોનું આ સ્વરૂપ બૌદ્ધ દર્શન સાથે કેટલું અસંગત અને જૈન દર્શન સાથે કેટલું સુસંગત છે તે આપણે વિચારી ગયા છીએ. હવે ફાહિયાન તેમજ હ્યુએન્સાંગ સમા બૌદ્ધ યાત્રિકોનાં વૃત્તાંત ઉપરોક્ત સ્વરૂપ સાથે કેટલાં અસંગત છે તે આપણે વિચારી જઇએ.

બૌદ્ધ સાહિત્યમાં અશોકે ૮૪૦૦૦ બૌદ્ધ વિહારો બંધાવ્યા હોવાનું વર્ણન મળી આવે છે, પરંતુ તેણે સ્થંભો ઊભા કરાવ્યા હોવાનો નિર્દેશ ક્યાંય પણ નથી મળતો. પરંતુ પાછળથી હિંદની મુસાફરીએ આવેલા બૌદ્ધ યાત્રિક ફાહિયાને પોતાના યાત્રાવર્ણનમાં ૭ સ્થંભો અશોકના નામે ચડાવ્યા છે, અને તેની પછી આવેલા બીજા મુસાફર હ્યુએન્સાંગે પંદર સ્થંભો અશોકના નામે વર્ણવ્યા છે તે પરથી અશોક અને પ્રિયદર્શીને એક માનતા વિદ્વાનોએ આજે મળી આવતા પ્રિયદર્શીના સ્થંભોને ફાહિયાન—હ્યુએન્સાંગે વર્ણવેલા અશોકના સ્થંભો સાથે સાંકળવાનો પ્રયત્ન કર્યો છે. પણ તે પ્રયત્ન કેટલો નિષ્ફળ ગયો છે તે નિમ્નોક્ત હકીકત પરથી જણાઇ આવશે.

ચૌદ સ્થંભો તો સત્તાવાર રીતે સમ્રાટ પ્રિયદર્શીના નામે ચડાવાઇ ચૂક્યાનું આપણે ઉપર જણાવી ગયા છીએ. તે ઉપરાંત સાંચીના સંખ્યાબંધ સ્થંભો, ભારહૂત—સ્થંભ, બનારસની નજીકનો લાટ—ભૈરવ સ્થંભ, તક્ષશિલા—સ્થંભ, ગાઝીપુર—સ્થંભ, બકૌર—સ્થંભ, ઉદયગિરિ—સ્થંભ આદિ મૌર્યકાલીન સ્થંભોમાંના[૧૪૪] જૈન ધર્મ અને જૈન તીર્થભૂમિઓ સાથે સંકળાયલા ઘણા—ખરા સ્થંભો પ્રિયદર્શીના જ હોવાનો સંભવ છે. આ રીતે આજે પણ પ્રિયદર્શીના સંખ્યાબંધ સ્થંભો મળી આવે છે તે જોતાં મુસ્લિમ—ભાંગફોડની પૂર્વે આવેલા બૌધ્ધ યાત્રિકોના સમયમાં તો તે આજ કરતાં પણ વિશેષ હોવાનો સંભવ સ્વાભાવિક ગણાય. પણ પાંચમી સદીમાં યાત્રાએ આવેલો ફાહિયાન અશોકના નામે ૭ સ્થંભો નોંધે છે અને સાતમી સદીમાં આવેલો હ્યુએન્સાંગ પંદર સ્થંભો નોંધે છે, અને એ નોંધો આજે મળતા પ્રિયદર્શીના સ્થંભો સાથે જરા પણ મળતી આવતી નથી છતાં આશ્ચર્ય છે કે વિદ્વાનો અશોક અને પ્રિયદર્શીને એક ધારી લે છે.

ફાહિયાને નીચે પ્રમાણે ૭ સ્થંભો નિહાળેલા—

(૧–૨) શ્રાવસ્તિના જેતવન વિહારના દ્વારની બંને બાજુ પર એકેક. પહેલા પર ધર્મચક્ર ને બીજા પર બળદની આકૃતિ. બંને સિત્તેર સિત્તેર ફૂટની ઊંચાઇ ધરાવતા.

(૩) સંકાશ્યમાં એંશી ફીટ ઊંચો સ્થંભ. મથાળે સિંહની આકૃતિ ને ચારે બાજુ ચમકતી બુદ્ધની

(૧૪૪)—the pillar discovered by Cunningham at Bakror near Buddha Gaya.—Cunningham saw two other similar and uninscribed pillars one at Taxila and the other "with an eight-lion capital" at Lauriya near Gházipur, while he also saw "the capitals of six other large pillars still lying at Sankisa, Bhilsa, Sanchi & Udayagiri" (near Bhuvanesvara, Orissa) [ Corpus, p. ] ]

*Asoka.*

પ્રતિમાઓ.

(૪) કુશીનગરથી વૈશાલી જતાં માર્ગમાં. તેના પર ફાહિયાનના જણાવ્યા પ્રમાણે, 'ભગવાન બુધ્ધે પોતાના પરિનિર્વાણ (મૃત્યુ)ના પ્રસંગે તેમની પાછળ મરવાને તૈયાર બનેલા લિચ્છવીઓને પાછા ફરવાની શિખામણ આપેલી' તે પ્રસંગને વર્ણવતો લેખ હતો.

(૫) પાટલીપુત્રમાં પચીશ ફીટના ઘેરાવાવાળો ને પચાશ ફીટની ઊંચાઇ ધરાવતો સ્થંભ. તેના પર, 'અશોકે બૌદ્ધ ભિક્ષુકોને અખિલ જંબૂદ્વીપ ભેટ આપી દીધેલો ને પછી તે દ્રવ્ય આપીને છોડાવ્યો; તે પ્રમાણે તેણે ત્રણ વખત કર્યું.' તે પ્રસંગને લગતો લેખ હતો.

(૬) પાટલીપુત્રની નજીકમાં ત્રીશ ફીટ ઉપરાંતની ઊંચાઇ ધરાવતો અને ટોચ પર સિંહાકૃતિવાળો સ્થંભ.

આમાંનો એક પણ સ્થંભ સ્થાપત્ય, લેખ, ઘેરાવો, સ્થાન કે ઊંચાઇની દૃષ્ટિએ આજે મળી આવતા પ્રિયદર્શીના સ્થંભો સાથે મેળ ધરાવતો નથી તે વાચક જાતે પણ પ્રિયદર્શીના સ્થંભોના વર્ણન સાથે ફાહિયાનના આ વર્ણનની સરખામણી કરીને જોઇ શકે તેમ છે.

હુએન્સાંગે વર્ણવેલા પંદર સ્થંભોમાંથી કેટલાક ફાહિયાનના ઉપરોકત વર્ણન સાથે મેળ ધરાવે છે પણ આજે મળી આવતા પ્રિયદર્શીના સ્થંભો સાથે તો તેમાંથી પણ એકેનો મેળ બેસતો નથી.

હુએન્સાંગે નીચે પ્રમાણે પંદર સ્થંભો નિહાળેલા—

(૧-૨) શ્રાવસ્તિના જેતવન વિહારના પૂર્વદ્વારની બંને બાજુ પર એકેક. પહેલા પર ધર્મચક્ર ને બીજા પર ઋષભની આકૃતિ. બંને સિત્તેર સિત્તેર ફીટની ઊંચાઇ ધરાવતા.

(૩) સંકાશ્યમાં. મથાળે સિંહની આકૃતિ ને ચારે બાજુ ઘસાયલી પ્રતિમાઓ.

(૪) પાટલીપુત્રમાં. ત્રીશ ફીટ ઉપરાંતની ઊંચાઇનો. તેના પર 'અશોકે બૌધ્ધ ભિક્ષુકોને અખિલ જંબૂદ્વીપ ભેટ આપી દીધેલો ને પછી તે દ્રવ્ય આપીને છોડાવ્યો; તે પ્રમાણે તેણે ત્રણ વખત કર્યું.' તે પ્રસંગને લગતો ઘસાયલો લેખ હતો.

(૫) પાટલીપુત્રમાં. કેટલાક દશક ફીટની ઊંચાઇનો. અશોકના નર્કાગારના સ્થળે ઊભો કરાયલો.

(૬) રાજગૃહીમાં. પચાશ ફીટની ઊંચાઇનો, મથાળે હસ્તિની આકૃતિ ધરાવતો લેખયુકત સ્થંભ.

(૭) કપીલવસ્તુની નજીકમાં ત્રીશ ફીટ ઉપરાંતની ઊંચાઇનો સ્થંભ. આ સ્થંભ પ્રાચીન બુધ્ધ કકુછંદના સ્મરણમાં ઊભો કરાયલો. તેના મથાળે સિંહની આકૃતિ હતી અને આજુબાજુ કકુછંદ બુધ્ધના મરણ[ની] હકીકત હતી.

(૮) કપીલવસ્તુની નજીકમાં પ્રાચીન બુધ્ધ કનકમુનિના સ્મરણમાં ઊભો કરાયલો. તેના મથાળે સિંહની આકૃતિ હતી અને આજુબાજુ કનકમુનિ બુધ્ધના મરણની હકીકત હતી.

(૯) લુંબિનીવનમાં. મથાળે અશ્વની આકૃતિ હતી પણ તે વીજળી પડવાથી મધ્યમાં ખંડિત બનેલી.

(૧૦) કુશીનારમાં, બુધ્ધના મરણની હકીકત વર્ણવતા લેખવાળો સ્થંભ.

(૧૧) કુશીનારમાં, બુધ્ધના અવશેષો આઠ જાતિમાં વહેંચી દેવાયા તે હકીકત વર્ણવતા લેખવાળો સ્થંભ.

(૧૨) સારનાથ જતાં માર્ગમાં ચકમકતો સ્થંભ.

(૧૩) સારનાથમાં સિત્તેર ફીટ ઉપરાંતની ઊંચાઇનો સ્થંભ.

(૧૪) વૈશાલીની નજીક મથાળે સિંહની આકૃતિવાળો સ્થંભ. તેના પર 'બુધ્ધે કેટલાક માનવભક્ષક જંગલીઓને કેવી રીતે સુધાર્યા હતા' તે પ્રસંગને વર્ણવતો લેખ હતો.

(૧૫) વૈશાલી નજીક પચાસ ફીટની ઊંચાઇનો સિંહાકૃતિવાળો અને કંઇપણ લેખ વિનાનો સ્થંભ.

ઉપર નિર્દેશાયલા[૧૪૬] પંદર સ્થંભોમાંથી એ પણ સ્થંભ પ્રિયદર્શીના વર્તમાન સ્થંભો સાથે મે

(૧૪૬) ફાહિયાન તેમજ હુએન્સાંગના આ સ્થંભ-વર્ણનોનાં મૂળ પ્રમાણો માટે જુઓ Records of the Western World —Watters; Legge's translation તેમજ Classical Literature of the world.

ખાતો નથી. છતાં કેટલાક વિદ્વાનો તેમાંના પાંચેક સ્થંભોને પ્રિયદર્શીના વર્તમાન સ્થંભો સાથે બંધબેસતા કરવાનો પ્રયત્ન કરે છે, તે પ્રયત્ન કેટલો લૂલો છે તે વિચારી જઇએ.

કનીંગહામે ફાહિયાન અને હુએન્સાંગ બંનેએ સંકાશ્યમાં નિહાળેલા, મથાળે સિંહાકૃતિ અને આસપાસ બુધ્ધની પ્રતિમાઓ ધરાવતા, સ્થંભને આજે સંકીશામાં મળી આવતા પ્રિયદર્શીના સ્થંભ સાથે સરખાવવાનો પ્રયત્ન કર્યો છે. પણ સંકીશા–સ્થંભ પર તો મથાળે હાથીની આકૃતિ છે અને તેના પર બુદ્ધપ્રતિમાઓનું નામનિશાન પણ નથી. વીન્સેન્ટ સ્મીથ પણ કનીંગહામની આ સરખામણીને ભૂલભરેલી જણાવે છે.૧૪૭

કેટલાક વિદ્વાનો હુએન્સાંગે કપીલવસ્તુની નજીક નિહાળેલા કનકમુનિ બુદ્ધના સ્થંભને પ્રિયદર્શીના નિગ્લીવ-સ્થંભ સાથે સરખાવે છે, પરંતુ નિગ્લીવ–સ્થંભ પર કંઇ આકૃતિ નથી, જ્યારે કનકમુનિ સ્મારક–સ્થંભ પર હુએન્સાંગે સિંહની આકૃતિ નિહાળેલી. તે ઉપરાંત હુએન્સાંગના જણાવવા પ્રમાણે તે સ્થંભ પર કનકમુનિના મૃત્યુને લગતો લેખ હતો, જ્યારે પ્રિયદર્શીના નિગ્લીવ–સ્થંભ પર તો તેણે કોનાકમનના સ્તૂપને બીજી વખત વિસ્તારેલ હોવાનોજ નિર્દેશ છે.

હુએન્સાંગે નિહાળેલા લુંબિનીવન–સ્થંભને કેટલાક વિદ્વાનો પ્રિયદર્શીના રૂમ્મિન્-ડેઇ–સ્થંભ સાથે સરખાવે છે. પણ લુંબિનીવન–સ્થંભ પર હુએન્સાંગે અશ્વની આકૃતિ નિહાળેલી, જ્યારે રૂમ્મિન્-ડેઇ–સ્થંભ પર તો સિંહની આકૃતિ છે; તેઉપરાંત હુએન્સાંગે નિહાળેલા લુંબિનીવન–સ્થંભ પર લેખનું નામનિશાન નહોતું, જ્યારે રૂમ્મિન્-ડેઇ સ્થંભ પર તો સ્પષ્ટ લેખ છે.

હુએન્સાંગે નિહાળેલા સારનાથ–સ્થંભને કેટલાક વિદ્વાનો પ્રિયદર્શીના સારનાથ–સ્થંભ સાથે સરખાવે છે. પણ હુએન્સાંગે નિહાળેલા સારનાથ સ્થંભની ઊંચાઇ સિત્તેર ફીટ કરતાં પણ વધારે હતી, જ્યારે પ્રિયદર્શીના સારનાથ સ્થંભની ઊંચાઇ તો ૩૭ ફીટ છે.૧૪૮

હુએન્સાંગે વૈશાલીમાં નિહાળેલા ૫૦ ફીટની ઊંચાઇવાળા સિંહાકૃતિવાળા સ્થંભને કેટલાક વિદ્વાનો પ્રિયદર્શીના બખરા (વૈશાલી–કોલુહા)–સ્થંભ સાથે સરખાવે છે. આ સરખામણી સામે બીજો ખાસ વાંધો કશો નથી, પણ તે સ્થંભ ભગવાન મહાવીરના જન્મ સ્થાનક પર ઊભેલો છે,૧૪૯ જ્યારે બૌદ્ધ દર્શનને તે સ્થાન સાથે કશો સંબંધ નથી. એટલે એમ માનવાને કારણ રહે છે કે આ સ્થંભ ભગવાન મહાવીરના જન્મસ્થાન પર ઊભો તો સમ્રાટ પ્રિયદર્શીને કરાવરાવેલો હશે, પણ હુએન્સાંગે લેખના અભાવે તે સ્થંભને અશોકનો કલ્પી લીધો હશે.

હુએન્સાંગે ઉપરોકત પંદર સ્થંભો ઉપરાંત બુદ્ધગયાની ઉત્તરપૂર્વે બે ભિન્ન સ્થંભો પણ નીરખેલા.૧૫૦ તે તેમાંથી એક જ્યાં બુદ્ધ કાશ્યપ ધ્યાનમાં બેઠા હતા તે સ્થાનકે ઊભો કરાયલો અને બીજો સ્થંભ તીર્થિક (જૈન) દર્શન સાથે સંકળાયલો હતો. જૈન દર્શન સાથે સંકળાયલો આ બીજો સ્થંભ પ્રિયદર્શીએ મગધમાં ઊભા કરાવરાવેલા સંખ્યાબંધ સ્થંભોમાંનો જ એક સ્થંભ હોવા સંભવ છે. બહુધા તો તે પ્રિયદર્શીનો સંકીશા અથવા તો ઉદયગિરિ–સ્થંભ હોવાનો સંભવ છે.

આ રીતે ફાહિયાન અને હુએન્સાંગ સમા બૌદ્ધ યાત્રિકોની નોંધો પણ પ્રિયદર્શીના સ્થંભોને અશોકના સ્થંભો સાથે સાંકળવાને બદલે તેની વિરુદ્ધનાં પ્રમાણો તરીકે ઊભી રહે છે.

---

(૧૪૭) Watters II 333.

(૧૪૮) Asoka, 55 [illegible] R. Mookerji

(૧૪૯) It is to be observed that the locality was famous in those ancient times as the birth [illegible] Vardhamana Mahavira the founder of Jainism ASIR 1903-4, p. 83

(૧૫૦) Before coming to Rajagriha, to the east of the Bodhi tree across the Nairanjana river, Yuan Chwang had noticed two pillars one "erected where the Buddha Kasyapa had sat in meditation," and the other associated with a Tirthika. Watters. II. 113



# દ્વિતીય પરિચ્છેદ

## સંપ્રતિએ ભરાવરાવેલ મૂર્તિઓ, ચણાવરાવેલ મંદિરો ને કોતરાવેલ વિરાટકાય મૂર્તિઓ

**સાર—**

ઉપરના પરિચ્છેદોમાં સમ્રાટ સંપ્રતિએ પ્રિયદર્શીના નામે જે કૃતિઓ સર્જાવી તેનો ઇતિહાસ આલેખાયો છે. પણ હવે આ પરિચ્છેદમાં તેણે સંપ્રતિ નામ નીચે જે કર્યું છે અને જેનો ઇતિહાસ પ્રાચીન-મધ્યકાલીન જૈન સાહિત્યમાં જળવાઇ રહ્યો છે તે મૂર્તિઓ તથા મંદિરો તેમજ તેણે કોતરાવરાવેલી વિરાટકાય મૂર્તિઓનો ઇતિહાસ આલેખવામાં આવેલ છે.

જૈન સાહિત્યના કથનાનુસાર સંપ્રતિએ સવા કરોડ જિનમૂર્તિઓ ભરાવરાવેલી છે, સવા લાખ નવાં જિનમંદિરો બનાવરાવ્યાં છે ને ૩૬૦૦૦ જિનમંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે. તે ઉપરાંત તેણે ગોમ્મટેશ્વર જેવી સંખ્યાબંધ પ્રચંડકાય વિરાટમૂર્તિઓ પણ કોતરાવરાવેલી છે. આ પરિચ્છેદમાં તે સર્વની પાછળની ભૂમિકા અને તેનો ઇતિહાસ આલેખીને આજે પણ સંપ્રતિની તે કૃતિઓમાંની કઇ કઇ, ક્યાં ક્યાં મળી આવે છે અને મધ્યયુગમાં કઇ કઇ, ક્યાં ક્યાં મળી આવતી હતી ઇત્યાદિ હકીકત વર્ણવવામાં આવી છે.

# સમ્રાટ્ પ્રિયદર્શીં

યાને ભૂલથી મનાયલા

# મહારાજા અશોક

અથવા

# જૈન સમ્રાટ્ સંપ્રતિ

( અનેક ચિત્રો, સિક્કાપ્લેટ તથા નકશાઓ સાથે )


લેખક

( ઇ. સ. પૂ. ૯૦૦ થી ઇ. સ. ૧૦૦ સુધીના એક હજાર વર્ષના ઇતિહાસ રૂપે, ગુજરાતીમાં પ્રાચીન ભારતવર્ષનાં પાંચ પુસ્તકો અને ઇંગ્રેજીમાં એન્સ્યન્ટ ઇન્ડિયાનાં ચાર પુસ્તકો લખનાર )

**ત્રિભુવનદાસ લહેરચંદ શાહ**

એલ. એમ. એન્ડ એસ.

એમ. આર. એ. એસ.


સારાયે ભારતમાં પથરાઇ રહેલા મજકુર સમ્રાટના ૨૬ લેખોના કરાયલા અર્થો, તે વખતના ધર્મશાસ્ત્રીય ગ્રંથોના તેમજ પ્રખ્યાત ઇતિહાસવેત્તાઓનાં કથન સાથે અત્યાર સુધી જે બંધબેસતા થતા નથી, તે સર્વેના અર્થગાંભીર્યને આધારપૂર્વક જુદી જ રીતે સમજાવીને હવે સંપૂર્ણતઃ મેળ ધરાવતા કરવામાં આવ્યા છે.




પ્રકાશકો

શશિકાન્ત એન્ડ કાં.

[illegible]. વડોદરા

મૂલ્ય રૂા. ૬-૦-૦

કબૂલ રાખે જ છે.[૨] છતાં ઈ. સ. પૂર્વે ૩૫૭ માં સ્વર્ગવાસ પામનાર મુનિવર પાસે, ઈ. સ. પૂર્વે ૩૨૨ માં સિંહાસને આવનાર રાજવી દીક્ષા લે એવું સચોટ વિધાન તો પાશ્ચાત્ય વિદ્વાનો અને તેમનો અનુયાયી વર્ગ જ કરી શકે !

પાશ્ચાત્ય વિદ્વાનો અશોકના રાજ્યનું અંતિમ વર્ષ ઇ. સ. પૂર્વે ૨૩૨ જણાવે છે, જ્યારે અશોકના ઉત્તરાધિકારી સંપ્રતિએ સિંહાસને આવ્યા પછી, જેમની રુણરૂમાં જૈનધર્મ સ્વીકાર્યો તે મુનિવર આર્ય મહાગિરિનો સ્વર્ગવાસ ઇ. સ. પૂર્વે ૨૮૨ ( મ. સં. ૨૪૫ ) માં થયો હોવા સંબંધમાં જૈન શાસ્ત્રો એકમત છે.

આની રીતે પાશ્ચાત્ય કાલગણનાએ જૈન ઐતિહાસિક કાલગણનામાં ૫૦ થી ૬૦ વર્ષની ગૂંચ ઊભી કરી છે, એટલું જ નહિ, પણ તેના પરિણામે બૌદ્ધ અને પૌરાણિક ગણનામાં પણ એટલાં જ વર્ષની ગૂંચ ઊભી થવા પામી છે. [ વિશેષ માટે જુઓ—' કાલનિર્ણય ' નું પ્રકરણ. ] એ સર્વનું પરિણામ એ આવ્યું છે કે ભારતવર્ષના ઇતિહાસની રચનામાં સ્વતંત્ર ભારતીય પ્રમાણોની કશી કિંમત રહી નથી.[૩]

**ગ્રીક દંતકથાઓ**

મધ્યકાલીન ગ્રીક ઇતિહાસમાં ગુંથાયલ અલેકઝાંડરનું રોમાંચક જીવનચરિત્ર અને તેની ભવ્ય વિજયગાથાઓ, એ તેજસ્વી જીવનચરિત્રકાર પ્લુટાર્ક, એન્ત્રીઅ આદિની કલ્પનાસૃષ્ટિનાં પ્રતિબિંબ છે. તેમણે ભાટાઈ કર-

(૨) Early History of India by V. Smith P. 144

(૩) ઇ. સ. પૂર્વે ૬૫ ના અરસામાં અવંતીમાં ગર્દભિલ્લ રાજા રાજ્ય કરતો હતો; તેણે અનાચારના આશયથી એક સાધ્વીને કેદ કરતાં તે સાધ્વીના ભાઇ અને જૈનાચાર્ય શ્રી કાલિકાચાર્યે તેને ઇ. સ. પૂર્વે ૬૨ માં શકોની મદદથી હરાવીને નસાડી મૂક્યો. તે પછી ચાર વર્ષ શકોએ રાજ્ય કર્યું. પણ ઇ. સ. પૂર્વે ૫૭ માં ઉક્ત ગર્દભિલ્લના પુત્ર વિક્રમે શકોને હરાવીને સિંહાસન પાછું મેળવ્યું અને પોતાનો સંવત્સર શરૂ કર્યો.'— આ વિધાન અનેક ઐતિહાસિક ગ્રંથોમાં મળી આવે છે એટલું જ નહિ પણ ઇ. સ. પૂર્વે ૫૭–૫૬ માં શરૂ થતો વિક્રમ સંવત્સર આજે પણ ચાલુ છે, અને અનેક પ્રાચીન શિલાલેખોમાં એ સંવત્સરનો ઉલ્લેખ થયો છે. પણ પાશ્ચાત્ય વિદ્વાનો આ ભારતીય પ્રમાણોને માન્ય નથી રાખતા. અને તેનું એક કારણ એ પણ છે કે તેમને પ્રાચીન ગણનામાં ઊભી કરેલી ૫૦ થી ૬૦ વર્ષની ગૂંચ નડી રહી છે. [illegible]

[illegible]

વિદ્વાન એવા મંતવ્ય સાથે બહાર નથી પડવાનો, ત્યાં સુધી તો ઈ. સ. પૂર્વે ૫૭ માં અવંતીના સિંહાસને આવનાર ગર્દભિલ્લવંશી અને શકવિજેતા મહાન વિક્રમનું વ્યક્તિત્વ, તેની કારકિર્દી, તેનો યશ, તેનાં નવરત્નો, તેનો સુવર્ણયુગ, તેનો સંવત્સર આદિ ઈ. સ. ૩૭૫ માં ગાદીએ આવનાર ગુપ્તવંશી અને ક્ષત્રપવિજેતા ચન્દ્રગુપ્તને શિરે જ રહેવાનાં છે. પાશ્ચાત્ય વિદ્વાનોએ ભારતીય પ્રમાણો પર પડદો ઢાંકીને કહ્યું કે—' ઇ. સ. પૂર્વે ૫૬–૫૭ માં અવંતીમાં વિક્રમ નામે કોઇ રાજા થયો નથી. પણ ઈ. સ. ૩૭૫ માં ગાદીએ આવનાર ગુપ્તવંશી ચન્દ્રગુપ્ત ' વિક્રમ ' બિરુદ ધરાવતો હતો ખરો. [ કેમ જાણે હિંદુસ્તાનમાં " વિક્રમ " બિરુદ ધરાવનાર એક જ રાજવી પેદા થયો હોય ! ] માટે વિક્રમ સંવત્સરની શરૂઆત તેણે જ કરી છે, કાલિદાસ આદિ નવરત્નો તેના જ સમયમાં થયાં છે.' ને ભારતીય ઇતિહાસકારોએ તેમના આ કથનને સ્વીકારી લીધું. પણ કે ઈએ તેમને એમ ન કહ્યું કે—' તમે ભલે ના પાડો, પણ અમારા સાહિત્યમાં તો અવંતીમાં ઈ. સ. પૂર્વે ૫૬ માં વિક્રમ થઈ ગયો હોવાનાં પુરતાં પ્રમાણો મળી આવે છે. અને તમે જે વિક્રમ બિરુદધારી ચન્દ્રગુપ્તને વિક્રમ સંવત્સરનો સ્થાપક ગણો છો તે તો વિક્રમ સંવત ૪૩૨ માં ગાદીએ આવ્યો છે. પોતાનો સંવત્સર શું તેણે ૪૩૨ વર્ષ પહેલાંથી શરૂ કર્યો ! વિક્રમ સંવત્સરનો પ્રવર્તક ગર્દભિલ્લવંશી હતો [ઇતિહાસમાં વિક્રમ સંવત આજે પણ ખર (ગર્દભ) સંવતના નામે જ ઓળખાય છે], જ્યારે તમારો ચન્દ્રગુપ્ત તો ગુપ્તવંશી છે, વિક્રમ સંવત્સરનો સ્થાપક શકવિજેતા હતો [ અંબ ... વિક્રમને ... બિરુદ ... ] જ્યારે ગુપ્તવંશી ચન્દ્રગુપ્ત તો ક્ષત્રપવિજેતા ... છે. [illegible] અને વિક્રમની તારીખમાં [illegible]

**આ પરિચ્છેદનું ઐતિહાસિક લક્ષણ**

આ ગ્રન્થના પ્રથમ ખંડમાં આપણે ઐતિહાસિક દૃષ્ટિએ સમ્રાટ સંપ્રતિ યાને પ્રિયદર્શીનું વ્યક્તિત્વ વિચારી ગયા. બીજા ખંડમાં આપણે તેની ધર્મ-લિપિઓનું નિરીક્ષણ કર્યું. અને ત્રીજા ખંડના પ્રથમ પરિચ્છેદમાં સ્તૂપો અને સ્થંભો સમી તેની વિશ્વવિખ્યાત અમર કૃતિઓ પર દૃષ્ટિપાત કરી ગયા. તે બધા આલેખનમાં પ્રધાનપદે તો ઐતિહાસિક દૃષ્ટિબિન્દુ અને શિલાલેખીય પ્રમાણો જ રહેલાં; પણ આ પરિચ્છેદમાં આપણે જે વિષયનું અવલોકન કરવાના છીએ તેમાં સાહિત્યિક અને ધાર્મિક પ્રમાણો જ પ્રધાનપદે રહેશે. કેમકે જૈન સાહિત્યના કથનાનુસાર સંપ્રતિએ સવા કરોડ જિનમૂર્તિઓ ભરાવરાવેલી છે, સવા લાખ નવાં જિનમંદિરો બંધાવ્યાં છે ને ૩૬૦૦૦ જિનમંદિરોનો ઉદ્ધાર કરાવરાવ્યો છે. છતાં તે યુગમાં મૂર્તિઓ પર શિલાલેખો કોતરાવવાની પ્રથા પડેલી ન હોઈને આજે ઉપરોક્ત વિધાનો સંબંધમાં એક શિલાલેખીય પ્રમાણ સાંપડતું નથી. પણ એવું પ્રમાણ ન સાંપડે તેથી વિષયને પડતો તો ન જ મૂકી શકાય. કેમકે સમ્રાટ સંપ્રતિ અને પ્રિયદર્શી એ એકજ વ્યક્તિ છે એમ પુરવાર કર્યા પછી સંપ્રતિના વ્યક્તિત્વના કોઈ પણ અંગને જો અસ્પૃશ્ય રાખીએ તો એટલે દરજ્જે પ્રિયદર્શીનું વ્યક્તિત્વ પણ અધૂરું જ આલેખાયું લેખાય. અને અનેક સાહિત્યકૃતિઓ જ્યાં એકમત થતી હોય ત્યાં ઐતિહાસિક દૃષ્ટિબિંદુ તેની અવગણના પણ નથી કરી શકતું. સાથોસાથ આ પરિચ્છેદમાં આપણે શક્ય હશે ત્યાં શિલાલેખીય પ્રમાણોને પણ ઉપયોગમાં લઈશું, એટલે આ પરિચ્છેદને પહેલેથી જ ઐતિહાસિક દૃષ્ટિએ ભિન્નમહત્ત્વનો ન લેખી લેવો જોઈએ.

**શિલાલેખીય પ્રમાણ**

પ્રિયદર્શીના ગૌણ શિલાલેખોમાં આલેખાયું છે કે- 'એ મુદ્દત દરમિયાન જંબૂદ્વીપમાં જે દેવો મિશ્ર થયા ન હતા તેમને મિશ્ર કરવામાં આવ્યા. [ या इमाय कालाय जंबुदिपसि अमिसा देवा हुसु ते दानि मिसा क्टा ]' પ્રિયદર્શીને બૌધ્ધ ધર્માવલંબી અશોક માનતા વિદ્વાનો આ વાક્યનો કશો જ અર્થ તારવી શકતા નહોતા. પણ પ્રિયદર્શી એટલે સંપ્રતિ એ મત જેમ જેમ દૃઢ થતો જાય છે તેમ તેમ ઉપરોક્ત વાક્ય સંપૂર્ણ સાર્થક બનતું જણાય છે.

સંપ્રતિએ આ વાક્યને અનુરૂપ અર્થમાં બે પ્રકારની પ્રવૃત્તિઓ કરેલી છે: એક તો તેણે જંબૂદ્વીપમાં જે અનાર્યાદિ પ્રજાઓ દેવો (મુનિવરો)ના સંસર્ગથી રહિત હતી તેમને તેણે તેમના સંસર્ગવાળી બનાવી; એટલે કે તેણે અખિલ પૃથ્વી પર મુનિવરોના વિહારની વ્યવસ્થા કરી. અને બીજી એ કે જંબૂદ્વીપમાં જે પ્રજાઓ (દેવમૂર્તિઓ-મંદિરો)ના દર્શનથી રહિત રહેતી હતી તેમને તેણે દર્શનની સાનુકૂળતા કરી આપી એટલે કે પૃથ્વીને તેણે જિનચૈત્યોથી મંડિત કરી.—જો ઉપરોક્ત વાક્યનો આ બીજો અર્થ લઈએ તો સંપ્રતિએ 'અખિલ પૃથ્વીને-વૈતાઢ્ય પર્વત લગીના ભરતક્ષેત્રના ત્રણે ખંડોને જિન-ચૈત્યોથી મંડિત કર્યા'[૧]—એવા પ્રાચીન જૈન ધર્મ-શાસ્ત્રોના મતને સંપ્રતિ-પ્રિયદર્શીનું પોતાનું કોતરાવેલું શિલાલેખીય પ્રમાણ સાંપડી રહે છે.

'કલ્પસૂત્ર'ની 'સુબોધિકા' ટીકામાં જણાવાયું છે કે-' સંપ્રતિએ સવા લાખ નવાં જિનમંદિર બંધાવરાવ્યાં ને ૩૬૦૦૦ નો જીર્ણોદ્ધાર કરાવ્યો તથા તેણે સવા કરોડ પત્થરનાં જિનબિંબ ભરાવરાવ્યાં અને ૯૫૦૦૦ પિત્તળની જિનમૂર્તિઓ ભરાવરાવી.'[૨]

---

(૧)· आर्येतरार्य प्रकाशात्मः [illegible] ...
[illegible] जिनायतन मंडिते ॥ ११ सर्ग-११
परिशिष्ट पर्व

(२) ...[illegible] ... [illegible] ...

... [illegible] ...
... नवीन [illegible] ...
... प्रतिमा ... 
[illegible] ॥
[illegible] सुबोधिका ११।

'વીર વંશાવલી' ઉપરના વિધાન સાથે સહેજ મતભેદ દર્શાવતાં એમ જણાવે છે કે, 'સંપ્રતિએ સવા લાખ નૂતન જિનપ્રાસાદ બનાવરાવ્યા; સવા કરોડ જિનબિંબ ભરાવરાવ્યાં જેમાં ૯૫૦૦૦ ધાતુની ( પિત્તળની ) પ્રતિમાઓ અને શેષ રાતા, પીળા, શ્વેત, શ્યામ આદિ રંગના પત્થરોની હતી; અને ૩૬૦૦૦ મંદિરોનો જીર્ણોધ્ધાર કરાવરાવ્યો.'[3]

શ્રી શુભશીલગણિના અપ્રગટ 'કથાકોશ'નું વિધાન પણ 'વીરવંશાવલી'ના ઉપરોક્ત વિધાન સાથે જ લગભગ મળતું આવે છે. તેમાં જણાવાયું છે કે, 'સંપ્રતિ નૃપતિએ સવા કરોડ જિનબિંબ બનાવરાવ્યાં અને સવા લાખ જિન પ્રાસાદ બંધાવરાવ્યા. સિંધ દેશના મરોટ ગામમાં આજે પણ ( ઉપરોક્ત સવા કરોડ પ્રતિમાઓમાંની ) ૯૫૦૦૦ પિત્તળની પ્રતિમાઓ છે'[4].

'કલ્પ કિરણાવલી'માં પણ 'કલ્પ સુબોધિકા'ની જેમજ પત્થરનાં જિનબિંબોની સંખ્યા સવા કરોડ, ( તે ઉપરાંત ) પિત્તળનાં જિનબિંબોની સંખ્યા ૯૫૦૦૦, ને જીર્ણોધ્ધૃત મંદિરોની સંખ્યા ૩૬૦૦૦ આપવામાં આવી છે. પણ તેમાં નવાં જિનમંદિરોની સંખ્યા સવા લાખને બદલે સવા કરોડ નિર્દેશવામાં આવી છે[5].

**મૂર્તિઓ અને મંદિર આદિની સંખ્યા**

'ઉપદેશ તરંગિણી' માં જીર્ણોધ્ધારના પરિચ્છેદમાં દર્શાવવામાં આવ્યું છે કે– 'સંપ્રતિ રાજાએ ૩૬૦૦૦ જીર્ણ મંદિરોનો ઉધ્ધાર કરાવ્યો હતો'[6].

કેટલાક અર્વાચીન ગ્રન્થોમાં સંપ્રતિ દ્વારા જીર્ણોધ્ધૃત મંદિરોની સંખ્યા ૯૯૦૦૦ ની પણ જણાવવામાં આવે છે[7].

જીર્ણોધ્ધારના વિષયમાં, આ પાંચમા આરામાં શત્રુંજય મહાતીર્થનો પ્રથમ ઉધ્ધાર સંપ્રતિએ કરાવરાવેલો છે[8] એ પણ નોંધપાત્ર છે.

આ પ્રમાણે જુદા જુદા નિર્દેશોનું સમગ્રાવલોકન કરતાં આપણને સંપ્રતિએ બનાવરાવેલાં નવાં જિનમંદિરોની ઓછામાં ઓછી સંખ્યા સવા લાખની મળે છે, ને વધુમાં વધુ સવા કરોડની મળે છે. તેને ભરાવરાવેલાં પત્થરનાં જિનબિંબોની ઓછામાં ઓછી સંખ્યા એક કરોડ ચોવીશલાખ પાંચ હજારની મળે છે, ને વધુમાં વધુ સવા કરોડની મળે છે. તેણે ભરાવરાવેલી પત્થરની જિનમૂર્તિઓની સંખ્યા એકમતે ૯૫૦૦૦ ની છે. ને તેણે જીર્ણોધ્ધૃત કરેલાં મંદિરોની ઓછામાં ઓછી સંખ્યા ૩૬૦૦૦ની ને વધુમાં વધુ ૯૯૦૦૦ ની મળે છે.

આમાંથી નવા જિનમંદિરોના વિષયમાં સવા કરોડની સંખ્યા નોંધતો 'કલ્પ કિરણાવલી'નો ઉલ્લેખ લહીયાની યા સંપાદકની શરતચૂકને આભારી જણાય છે. તેના કારણ તરીકે એ સંખ્યા અસંભવિત છે એટલું જ નહિ પણ 'કલ્પ કિરણાવલી' ના આધારે જ રચાયલી 'કલ્પસુબોધિકા' તેમજ અન્ય ગ્રન્થોમાં એકમતે એ સંખ્યા સવા લાખની જણાવવામાં આવી છે.

---

(૩) जैन साहित्य संशोधक–खंड–१ अंक–२

(४) संप्रतिभूपेन सपादकोडि जैन प्रतिमाः कारिताः सपादलक्षा जैन प्रासादाः कारिताः सिंधदेश मध्ये मरोट ग्रामे ९५ सहस्र प्रतिमाः पित्तलमया अद्यापि सन्ति।

३०६ कथाकोश

(५) ...त्रिखण्ड भोक्ता सम्प्रति नामा भूपतिभूत् स ...सपादकोटि बिम्ब सपादकोटि नवीन जिनभवन षट्त्रिंशत् सहस्र जीर्ण प्रासादोद्धार पञ्चनवति सहस्र पित्तलमय प्रतिमा ऽनेक सत सहस्र सत्र शालादिभिर्विभूषितां त्रिखण्डामपि महिमकरोत्। १६४

कल्प किरणावलि

(१) जीर्णोद्धारे त्वष्ट गुणं पुण्यं। —

३६ प्रासादकारक श्री संप्रति। २११.

उपदेश तरंगिणी

(७) મહાન સંપ્રતિ યાને જૈન ધર્મનો દિગ્વિજય. પૃ. ૩૦૪

(૮) संपई–विक्रम–बाहड–हाल–पालित–दत्तरायाई।
जं उद्धरिहिंति तयं सिरि शत्रुंजय महातित्थं ॥

शत्रुंजय कल्प

એટલે સંપ્રતિએ બંધાવરાવેલાં નવાં જિનમંદિરોની સંખ્યા આપણે સવા લાખની આંકીએ તો તે સત્યની વધુમાં વધુ નજીક ગણાશે.

જિનબિંબોની કુલ સંખ્યા સવા કરોડની હોય અથવા તો ૯૫૦૦૦ પિત્તળની જુદી જિનપ્રતિમાઓ મળીને તે સંખ્યા ૧૨૫૯૫૦૦૦ ની પણ ગણી શકાય.

જીર્ણોદ્ધારના વિષયમાં ૩૬૦૦૦ નો મત વિશેષ વજનદાર જણાય છે, એટલે તેની સંખ્યા આપણે ૩૬૦૦૦ ની જ આંકવી જોઇએ.

આ પ્રમાણે સંપ્રતિના સર્જન તરીકે આપણે સવા લાખ નવાં જિનમંદિરો, સવા કરોડ જિનબિંબો ને ૩૬૦૦૦ જીર્ણોદ્ધૃત મંદિરો ઠેરવી શકીએ છીએ. 'નિશીથચૂર્ણિ', 'કલ્પચૂર્ણિ', 'બૃહત્ કલ્પચૂર્ણિ', 'વિવિધ તીર્થ કલ્પ', 'ભદ્રેશ્વર કથાવલી' 'ઋષિમંડલ-સ્તોત્ર,' 'ઉપદેશપદ' તથા 'પરિશિષ્ટ પર્વ' આદિ પ્રાચીન ગ્રન્થોમાં જો કે ઉપરોક્ત સંખ્યાનો નિર્દેશ ન કરતાં કેવળ એટલું જ જણાવવામાં આવ્યું છે કે, 'સંપ્રતિએ વૈતાઢ્ય પર્વત લગીની ત્રિખંડ ભરત-ભૂમિને જિનમંદિરોથી મંડિત કરી દીધી'[૯] –પણ એ નિર્દેશ કોઇ પણ રીતે ઉપરોક્ત સંખ્યાની વિરૂધ્ધમાં તો નથી જ જઇ શકતો. એટલે જ્યાં લગી પ્રબળ વિરૂધ્ધ પ્રમાણ ન સાંપડે ત્યાં લગી આપણે ઉપરોક્ત સંખ્યાને સાચી તરીકે સ્વીકારવી જ જોઇએ.

હવે મુખ્ય પ્રશ્ન એ રહે છે કે જો સંપ્રતિએ સવા કરોડ જિનબિંબ ભરાવરાવ્યાં છે, સવા લાખ નવાં જિનમંદિર બંધાવરાવ્યાં છે અને ૩૬૦૦૦ મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે તો પછી સંપ્રતિ અંગેના પ્રાચીન સાહિત્યમાં તે સંખ્યાનો નિર્દેશ કેમ નથી થયો અને એટલી બધી વિપુલ સંખ્યા છતાં તેમાંથી આજે એક પણ શિલાલેખીય પ્રમાણ કેમ નથી સાંપડતું ?

આ પ્રશ્નના ઉત્તર એક નહિ પણ અનેક પ્રકારે આપી શકાય તેમ છે. પ્રાચીન કાળમાં મૂર્તિઓ પર લેખો લખવાની પ્રથા વિશેષ પ્રચારમાં નહોતી. કીર્તિના આશયથી કદાચ કોઇકે લેખ કોતરાવ્યા હશે, પણ બહુધા તો મૂર્તિઓ લેખ વિનાજ પ્રતિષ્ઠાપિત થતી હતી. દશમી સદીમાં ગચ્છભેદની શરૂઆત થતાં ચૈત્યોની માફક ગચ્છોની ઓળખાણ રહેવા માટે મૂર્તિઓ નીચે લેખો કોતરાવવાની પ્રવૃત્તિ વિશેષ પ્રમાણમાં ચાલુ થઇ. તે સમય પૂર્વેની મૂર્તિઓ પર લેખ જવલ્લે જ મળી આવશે. આ સંયોગોમાં સંપ્રતિ સમો મહાન સમ્રાટ કીર્તિના આશયથી મૂર્તિ પર પોતાના કર્તૃત્વનો લેખ લખાવે તે તદ્દન અસંભવિત છે. છતાં સંપ્રતિની ભરાવરાવેલી મૂર્તિઓની ઓળખ માટે મૂર્તિઓની કોણીપર ડટાકારે સહેજ ઉપસેલો ભાગ રાખવામાં આવતો એવી પરંપરાગત માન્યતા જૈન સંઘમાં પ્રચલિત છે અને આજે પણ જ્યાં જ્યાં લેખ વિનાની પ્રાચીન મૂર્તિઓ મળે છે તેના પર બહુધા એવું ચિન્હ હોય છે.

ચોવીશે જૈન તીર્થંકરોનાં ભિન્ન ભિન્ન લંછનો છે અને પ્રાચીન કાળથી કઇ મૂર્તિ કયા તીર્થંકરની છે તે દર્શાવવાને તેની નીચે તે તીર્થંકરનું લંછન કોતરાવવું આવ્યું છે. પણ કોણી નીચે ડટાકાર ધરાવતી સંપ્રતિની મૂર્તિઓ પર એવાં લંછન પણ બહુધા નજરે નથી ચડતાં. એટલે સ્વાભાવિક રીતે જ એમ માનવાને કારણ રહે છે કે એ મૂર્તિઓ લંછન કોતરવાની શરૂઆત થઇ તેની પણ પૂર્વેના સમયની એટલે કે ઇ. સ. પૂ. બીજી-ત્રીજી સદીમાં ભરાવાયલી હશે. સંપ્રતિનો સમય પણ એજ છે.

---

(૯) [illegible]
[illegible]
૧૮૦ ઋષિમંડલ સ્તોત્ર
[illegible]
[illegible]

[illegible]
૧૯૦ શ્રી હરિભદ્રસૂરિકૃત ઉપદેશપદ-ટીકા
[illegible]
[illegible]
[illegible] ૧૧ પરિશિષ્ટ પર્વ

સંપ્રતિની મૂર્તિઓની પાછળ કેટલીક વખતે ઘસારા જેવાં લાગતાં પણ ઝીણવટથી નિહાળતાં બ્રાહ્મી લિપિના ઘસાઇ ગયેલા અક્ષરોનો ભ્યાસ કરાવતાં ચિત્રામણો નજરે ચડે છે. એ પરથી એમ માનવાને કારણ રહે છે કે કદાચ સંપ્રતિની કોઇક શિલામય મૂર્તિઓ પર કોઇક અર્થને સૂચવતા લેખો કોતરાયા પણ હોય. પણ કમભાગ્યે હજી લગી એવા એકે લેખને ઉકેલવામાં સફળતા નથી સાંપડી.

સંપ્રતિએ ભરાવરાવેલી મૂર્તિઓ કે ચણાવરાવેલ મંદિરોની સંખ્યા વિષે સંશય લાવવાનું કોઈ જ કારણ નથી. ઉપર જણાવ્યું તે પ્રમાણે મૂર્તિઓ પર લેખો કોતરાવવાની પ્રાચીન કાળમાં પ્રથા નહોતી, અને છતાં કેટલીક મૂર્તિઓ પર તેણે લેખો કોતરાવ્યા હોય તો પણ હજી લગી સ્પષ્ટ વાચન અને યોગ્ય રૂપમાં લેખ ધરાવતી મૂર્તિ મળી આવતી નથી. પ્રાચીન કાળમાં શૃંગોનાં અને મધ્યકાળમાં મુસ્લિમોનાં ભયાનક આક્રમણોએ લાખો મંદિરો અને મૂર્તિઓ ખેદાનમેદાન કરી નાંખેલ છે. તે પ્રસંગે અનેક મૂર્તિઓ ભંડારી દેવામાં આવેલી. આમ છતાં અનેક સ્થળે આજે સંપ્રતિનાં ચિન્હ ધરાવતી મૂર્તિઓ મળી આવે છે અને નવાં ખોદકામોમાં પણ એવી અનેક મૂર્તિઓ હાથ ચડે છે.

આ સામે કોઇ એવી દલીલ કરે તે સંભવિત છે કે–' પ્રાચીન કાળમાં મૂર્તિઓ પર લેખો નહિ કોતરાવાતા હોય, પણ મંદિરો પર તો કોતરાવાતા હતા. તો સંપ્રતિનો લેખ ધરાવતું એકે મંદિર કાં નથી મળી આવતું ? '–આનો ઉત્તર પણ અનેક પ્રકારે આપી શકાય તેમ છે. એક તો એકે પ્રાચીનકાળમાં ધર્મમંદિરો પર લેખો કોતરાવાતાજ હતા તેનું સ્પષ્ટ પ્રમાણ નથી. બીજું શુંગોનાં અને મુસ્લિમોનાં આક્રમણોને બાજુએ રાખીએ તો પણ કુદરતી ક્રમે પણ સવા બે હજાર વર્ષ લગી મંદિરોનું ટકી રહેવું અસંભવિત છે. થોડાક સ્તૂપોના કે પીરામીડોના ભગ્નાવશેષોને બાદ કરીએ તો જગતભરમાં આજે બે હજાર વર્ષ પૂર્વેની કોઇ ઇમારતો મળી નથી આવતી એટલે શું પ્રાચીન કાળમાં ઇમારતો ઊભી જ નહોતી થતી એમ માની લેવું ? એજ પ્રમાણે સંપ્રતિએ લાખો મંદિરો ચણાવરાવ્યાં હોય પરંતુ કુદરતી પરિવર્તન અને આક્રમણોની સંહારલીલાએ તેમાંના મોટા ભાગનો ભોગ લઇ લીધો હોય એટલે સંપ્રતિએ મંદિરો બંધાવરાવ્યાની હકીકતનો જ ઇન્કાર કરી દેવો ?–ને તેમ છતાં ઇતિહાસના પડતરમાં હંમેશાં ઉપયોગી નીવડતાં પરંપરાગત મંતવ્યો, ઓળખચિન્હો અને નિર્માણકાળની દૃષ્ટિએ આજે પણ ઠેર ઠેર સંપ્રતિએ ભરાવરાવેલી મૂર્તિઓ કે અવશેષરૂપ મંદિરો નજરે ચડે છે. અહીં તે સર્વ પર દૃષ્ટિપાત કરવો સસ્થાને થઇ પડશે.

ઉપર વર્ણવ્યા પ્રમાણેની સંપ્રતિની મૂર્તિઓ આજે વધુમાં વધુ પ્રમાણમાં માળવા દેશનાં જીર્ણશીર્ણ મંદિરોમાં મળી આવે છે. ભવાનીમંડીના નવા મંદિરની પ્રતિમામાં એ બધાં જ લક્ષણો જળવાઇ રહેલા નજરે ચડે છે. તે સિવાય બીજાં પણ અનેક સ્થળે સંપ્રતિની મૂર્તિઓ મળી આવે છે.

પાટણમાં મોતીચંદ ધરમચંદ નામે શ્રાવકના ઘરદહેરાસરમાં બ્રાહ્મીલિપિમાં કોરાયલા ઘસાયલા લેખવાળી પિત્તળની મૂર્તિ છે. તે સંપ્રતિની મૂર્તિ હોવાની પરંપરાગત માન્યતા ચાલી આવે છે. લિપિનું સ્વરૂપ નિહાળતાં તે માન્યતા અસ્થાને નથી જણાતી.

વિ. સં. ૧૫૦૯માં શ્રી શુભશીલગણીએ સિંધના મરોટ ગામમાં સંપ્રતિની ભરાવરાવેલી ૯૫ હજાર પિત્તળની પ્રતિમાઓ નિહાળેલી. [૧૦] તેમાંથી મહાવીરસ્વામી ભગવાનની સૌથી મોટી પ્રતિમા સમય જતાં આબૂના ખરતરવસહીના મંદિરમાં સ્થાપવામાં આવી જે આજે પણ ત્યાં વિદ્યમાન છે.

શ્રી ગિરનાર પર્વત પર વસ્તુપાળ–તેજપાળની ટૂંક પાસે એક પત્થરમાં ડુંગરની ૩૧૦૦ ફીટની ઊંચાઇનો લેવલનો આંક કોતરાવેલ છે. તેની પાસે સમ્રાટ સંપ્રતિની ટૂંક નજરે ચડે છે. સંપ્રતિ રાજાએ આ ટૂંક

(૧૦) सिंध देश मध्ये मरोट ग्रामे ९५ सहस्र प्रतिमाः पित्तलमया अद्यापि सन्ति–३०६ कथाकोश

ર પાંચ ભવ્ય જિનપ્રાસાદો બંધાવરાવેલા. તેમાંનો પહેલો પ્રાસાદ ટૂંકના મધ્ય ભાગમાં હતો અને તેના પુરાતન ભવ્ય બાંધકામ પર આજ લગીના અનેક મુસાફરોએ મુગ્ધતા દાખવી છે.[૧૧] બીજો પ્રાસાદ આજે અંબિકાદેવીના મંદિર તરીકે ઓળખાઇ રહ્યો છે. ત્રીજું મંદિર દામોદર કુંડ પર હતું. ચોથું મંદિર સંગીવાવ પર હતું, જેને સ્થળે આજે મસ્જિદનું દૃશ્ય નજરે ચડે છે. પાંચમું મંદિર મારી ગઢેચીની જગ્યામાં હતું. આ ભૂમિનું ખોદકામ કરતાં ત્યાંથી સંખ્યાબંધ મધ્યકાલીન મૂર્તિઓ મળી આવેલી. સંપ્રતિની આ ટૂંક પરનાં અવશેષરૂપ મંદિરમાં સંપ્રતિની યાદીનાં અનેક શેષ ચિન્હો અને સંપ્રતિએ ભરાવરાવેલી સંખ્યાબંધ પ્રતિમાઓ મળી આવે છે.[૧૨] બર્જેસે પણ પોતાના અહેવાલમાં તેની નોંધ લીધી છે. આ પરથી એમ માનવાને સહેજે કારણ રહે છે કે મૌર્યકાળમાં ગિરનાર એ અતિ મહત્ત્વનું જૈન તીર્થ હતું અને એજ કારણે પ્રિયદર્શી (સંપ્રતિ) એ જેમ ગિરનારના ગઢ ઉપર ટૂંક બંધાવરાવેલી તેમ તલેટીમાં તેણે શિલાલેખો કોતરાવ્યા. મૌર્યસમ્રાટ ચન્દ્રગુપ્તે પણ અહીં તળાવ બંધાવરાવીને આ તીર્થનું મહત્ત્વ સ્વીકારેલું.

મધ્યકાલીન જૈન સાહિત્યમાં જણાવ્યા પ્રમાણે સમ્રાટ સંપ્રતિએ અનેક તીર્થોના ઉદ્ધાર કરાવરાવેલા પણ તેમાં શ્રી શત્રુંજય[૧૩] તથા ભરૂચમાં શકુનિકાવિહાર[૧૪] એ બે તીર્થોના ઉદ્ધાર ખૂબ જ નોંધપાત્ર ગણાતા હતા. વળી વર્ષમાં ચચ્ચાર વાર તે શ્રી રૈવતગિરિ, સિદ્ધાચલ, શંખેશ્વર, નાંદિયા, બ્રાહ્મણવાડા આદિ તીર્થોએ સંઘ સાથે યાત્રાએ જતો.[૧૫] એટલે ત્યાં પણ તેણે મંદિરો ચણાવરાવ્યાં હોય અને મૂર્તિઓ પ્રતિષ્ઠાપિત કરી હોય તે સ્વાભાવિક છે. તે ઉપરાંત તેણે દક્ષિણમાં ઇલોરગિરિના શિખરે મંદિર બંધાવરાવી ત્યાં ભગવાન નેમિનાથના જિનબિંબની સ્થાપના કરેલી. ઉત્તરદિશામાં મરૂધરમાં ધંધાણિ નગરે પદ્મપ્રભસ્વામીનો પ્રાસાદ કરાવેલો. પાવકાચલમાં શ્રી સંભવનાથનું તથા હમીરગઢમાં શ્રી પાર્શ્વનાથનું જિનમંદિર બંધાવરાવેલું. પશ્ચિમે દેવપટ્ટન તથા ઇડરગઢમાં ભગવાન શાંતિનાથનાં મંદિર બંધાવરાવ્યાં. પૂર્વે રોહિસગિરિમાં શ્રી સુપાર્શ્વનાથનો પ્રાસાદ બંધાવરાવ્યો. બીજાપુર પાસે પણ જિનમંદિર બંધાવ્યાં. બ્રહ્માણીનગરે હમીરગઢમાં શ્રી પાર્શ્વનાથનું મંદિર ચણાવરાવ્યું.[૧૬] તે ઉપરાંત અન્ય સ્થળોએ પણ તેણે લાખો મંદિરો ચણાવરાવીને અને મૂર્તિઓ પ્રતિષ્ઠાપિત કરીને ભરતખંડને જિનમંદિરોથી મંડિત કરી દીધો. [૧૭] આ સર્વમાંથી જે જે અવશેષો હાથ લાગે છે તે નિહાળી લેવા જોઇએ.

રૈવતગિરિ (ગિરનાર) ઉપરનાં સંપ્રતિનાં મંદિરો અને મૂર્તિઓની વિચારણા આપણે ઉપર કરી ગયા. શ્રી શત્રુંજય તેમજ શંખેશ્વમાં સંપ્રતિના યુગ પછી એટલા જીર્ણોદ્ધારો કરાયલા છે કે ત્યાં સંપ્રતિના અવશેષોની આશા રાખવી એ અસ્થાને જ ગણાય. પણ નાંદિયા, નાડોલ, બ્રાહ્મણવાડા આદિ સ્થળે સંપ્રતિનાં શેષચિન્હો આજે પણ નજરે ચડે છે.

---

(૧૧) છત્રપતિ મહારાજ સંપ્રતિ કા બનાયા હુઆ જિન-મંદિર જિસકી મંદિર બડી લાગતકા ઔર પુરાના હૈ। ઉસકી શિલ્પ-કારીગરી પર આજ બિલકુલ બેકરવાર હો રહી હૈ।

૮૫. તપાગચ્છ-તીર્થ-ગિરનાર

[illegible]

પૃ. ૬૦. જૈન રૈખ્ય મહોત્સવાંક. [illegible]

(૧૨) [illegible]

[illegible] મૂકવામાં આવેલ છે; કેટલીકમાં સંપ્રતિના વખતની નિશાનીઓ સ્પષ્ટ દેખાય છે. કેટલીકની સુંદરતા અને ગંભીર દેખાવ અસાધારણ છે.

પૃ. ૬૦. જૈન રૈખ્ય મહોત્સવાંક. [illegible]

(૧૩) સંપ્રતિ-વિક્રમ-બાહડ-હાલ-પાલિત્ત-દત્તરાયાદ।
ज उद्धरिहिति तयं सिरि सत्तुंजय महातित्थं ॥
शत्रुंजय कल्प

(૧૪-૧૫-૧૬) શ્રી જૈન સાહિત્ય સંશોધક-ત્રૈમાસિક
[ ખંડ-૧. અંક-૧. પૃ. ૮.

(૧૭) [illegible]

નાંદિયામાં ભગવાન મહાવીરસ્વામીનું અદ્ભુત ભવ્ય પ્રાચીન મંદિર છે. તેમાંની પ્રતિમાઓ પર મૌર્યકાલમાં લખાયલા પણ વિશેષ પ્રમાણમાં ઘસાવાથી વાંચનને માટે અશક્ય સ્થિતિમાં મુકાયલા લેખો છે. પણ અસ્પષ્ટ અક્ષરોમાં પણ મૌર્યકાલીન લિપિનું સ્પષ્ટ સ્વરૂપ તો જણાઇ જ આવે છે.[૧૮] એટલે સ્વાભાવિક રીતે જ તે મૂર્તિઓ સંપ્રતિની હોવાનો સંભવ ગણાય. તે ઉપરાંત ગામની નજીકના ખડકોમાં ભગવાન મહાવીરની એક પહાડમાંથી જ કોરાયલી મૂર્તિ છે.[૧૯] આવી મૂર્તિઓ કોતરાવવાનો યશ સંપ્રતિના જ ફાળે નોંધાયેલો છે.

નાડોલમાં પદ્મપ્રભુના જૈન મંદિરમાં મૂળનાયકપદે વિરાજતી પ્રતિમા પણ સંપ્રતિની ભરાવેલી છે.[૨૦]

બ્રાહ્મણવાડામાં પણ ભગવાન મહાવીરસ્વામીનું ભવ્ય મંદિર તેના મૂળ રૂપમાં પ્રાચીનકાળમાં કદાચ સંપ્રતિના કર્તૃત્વ સાથે સંબંધ ધરાવતું હશે. કેમકે તે મંદિરની સામે હાથી કોતરાયલો છે[૨૧] અને આપણે ઉપર જોઇ ગયા તે પ્રમાણે સમ્રાટ પ્રિયદર્શી (સંપ્રતિ)ના જીવનમાં હસ્તિની આકૃતિ ખૂબજ મહત્તા ધરાવે છે.

'શકુનિકા વિહાર'ના નામે ઓળખાતું ભરુચનું બાવન જિનાલય યુક્ત પ્રાચીન ભવ્ય જિન-મંદિર રામાયણયુગમાં સિંહલદ્વીપના નૃપતિ ચન્દ્રરાજની પુત્રી સુદર્શનાએ બંધાવ્યું હતું, અને તેમાં તેણે તે યુગના તીર્થપતિ વીશમા જૈન તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમાને પ્રતિષ્ઠિત કરેલી હોઇ તે મંદિર મુનિસુવ્રત સ્વામીના મંદિરને નામે પણ જાણીતું બન્યું. સમય જતાં તેના ઉદ્ધાર થતા રહ્યા, પણ તેમાં સૌથી શ્રેષ્ઠ ઉદ્ધાર સંપ્રતિનો નીવડ્યો. કરોડોના ખર્ચે પણ તેણે એ પ્રાસાદને મૂળના જેવું જ રૂપ આપ્યું. કલા, કોરણી અને ભવ્યતામાં તે અજોડ નીવડ્યો. પણ તે અદ્ભુત પ્રાસાદનો નાશ કાં તો શુંગયુગ અને નહિતર તે પછીના બૌદ્ધયુગમાં થએલ હોવો જોઇએ. સંભવિત છે કે તેનું અંતિમ પતન શરૂઆતનાં મુસ્લિમ આક્રમણોના પ્રસંગે થયું હોય, પણ તેની શરૂઆત તો શુંગો અથવા બૌધ્ધોના હાથે જ થયેલી હોવી જોઇએ. કેમકે તે મંદિરના સ્થળે તેનાજ અવશેષોમાંથી બંધાયલી ભરૂચની જુમ્મામસ્જિદ પરના લેખમાં જણાવ્યા પ્રમાણે તે મસ્જિદ હીજરી સંવત ૪૫૮ (ઇ.સ. ૧૦૬૯) માં બંધાયલી અને તેના પરના ઘુમટો હીજરી સન ૮૨૧ (ઇ.સ. ૧૪૩૨) માં લગાડવામાં આવેલ છે. આ મસ્જિદના નિરીક્ષણથી પણ સંપ્રતિએ જીર્ણોધ્ધૃત કરેલા મૂળ મંદિરનો ખ્યાલ આવી શકે છે.[૨૨] સંવત ૧૨૨૦ માં મહામંત્રી ઉદયનના પુત્ર આંબડે ભરૂચમાં શકુનિકા

(૧૮) આ પ્રદેશમાં મહાવીર પ્રભુનું મહાત્મ્ય ઘણું છે-હતું. એ વાતની તે નાંદિયાના મંદિરમાં મૌર્યકાલીન લેખવાળી જિન-પ્રતિમાઓ સાક્ષી પૂરે છે.

શ્રી જૈન સત્ય પ્રકાશ-મહાવીર નિર્વાણ વિશેષાંક પૃ. ૩૪૬

(१९) गांव नादिया के बहार एक छोटी पहाडी की खोहमें तीर्थंकर महावीरस्वामी की मूर्ति पाहाड में उकेरी हुई— किताब-जैन-तीर्थ-गाईड, पृ. १३४

(२०) ...नाडोलमें...तीर्थंकर पद्मप्रभुका शिखरबंद मंदिर निहायत पुराना और मूर्ति इसमें राजा-संप्रति की बनाइ हुइ तख्तनशीन हैं।

किताब-जैन-तीर्थ-गाईड, पृ. १३७

(२१) मंदिर के सामनें पथरका एक हाथी-मानिंद असली हाथी के-बना हुवा खडा है।

किताब-जैन-तीर्थ-गाइड, पृ. १३३

(૨૨) ...ભરૂચની કેટલીક મસ્જીદો જે હમણાં મોજુદ છે તે મુળથી દેરાસરો હતાં, તેમાં ભરૂચની જુમ્મામસ્જીદ પણ છે, કે જે ખરેખર સુંદર શીખરબંધો, આબુજીની શૈલીમાં કોતરેલ છજાંઓ, કાર્તિમુખ દેવીઓની પંક્તિઓ ઇત્યાદિ શણગારોથી શોભીત વિશાલ મંડપો, ઉદુંબર અને કિર્તિમુખવાળા મંડારકો, મંગલમૂર્તિઓ વિગેરે શૈલીની, જો કે અર્ધી બગાડેલી છતાં, સ્પષ્ટ નિશાનીઓથી ભરેલ છે. આખું મકાન એક ઊંચા માચડા પર બાંધેલ હોવાથી પંદર પગથીયાંવાળી એક પત્થરની સીડી વાટે ઉપર ચડવું પડે છે. અહીંયાં તો હવે બાવન જિનાલય નથી દેખાતું. બાદેરના દરવાજા ઉપર અરેબીક અક્ષરોમાં એક શિલાલેખ કોતરેલ છે. જેમાં દૂરથી વાંચી શકાય છે કે આ મસ્જિદ હિજરી સં. ૪૫૮માં બાંધવામાં અને તેના ઘુમટો હિજરી સં. ૮૨૧માં લગાડવામાં આવેલ છે, અર્થાત્ આ મકાન મૂળથી જ, લોકો જેમ કહે છે તેમ ખરેખર શ્રી મુનિસુવ્રતસ્વામીના જુના દેરાસરના અવશેષો હોય તો તે દેરાસર ઇ. સ. થી પહેલાં તોડી નાખવામાં આવ્યું હતું, એમ અનુમાન થાય છે.

પૃ. ૧૦૬, જૈન રોપ્ય મહોત્સવાંક, બીજા કૈ.ડે

વિહારની યાદમાં ભગવાન મુનિસુવ્રતસ્વામીનું નવું મંદિર બંધાવ્યું તે પરથી પણ એમ માનવાને કારણ રહે છે કે સંપ્રતિએ જીર્ણોધ્ધૃત કરેલા શકુનિકા વિહારનો તે સમયની પૂર્વે પૂર્ણ નાશ જ થઇ ગયેલો હોવો જોઇએ, અને તેના સ્થાને મસ્જિદ ઊભી થઇ ગયેલી હોવી જોઇએ. જો તેમ ન હોત તો આંબડ નવો પ્રાસાદ બંધાવવાને બદલે જૂના શકુનિકા વિહારનો જ ઉદ્ધાર કરાવત, કેમકે જૈન દર્શનમાં નવા મંદિર કરતાં પણ જીર્ણોદ્ધારનું વિશેષ મહત્ત્વ આંકવામાં આવ્યું છે.[૨૩]

બીજાપુર બે છેઃ એક દક્ષિણમાં અને બીજું મારવાડમાં. દક્ષિણનું બીજાપુર એ સહસ્રફણા પાર્શ્વનાથનું તીર્થ છે. ત્યાંથી કેટલેક છેટે આવેલા હોલીપટ્ટન તીર્થમાં સંપ્રતિ રાજાએ ૧૦૧ જિનાલયો બંધાવ્યાની નોંધ મળે છે. તે મંદિરો આજે હયાત નથી, પણ પ્રાચીન મંદિરોના અવશેષો ત્યાં વેરાયલા પડ્યા છે.[૨૪] મારવાડનું બીજાપુર એ હાલ મહાવીર તીર્થ તરીકે જાણીતું છે. તેની નજીકમાં જ હમીરગઢ તીર્થ આવેલું છે. આ સ્થળોએ મૌર્યકાલીન અવશેષો ઠેર ઠેર વેરાયલા નજરે ચડે છે.

રાણકપુરનાં નાનાં મંદિરોમાં પણ અનેક સ્થળે સંપ્રતિની ભરાવરાવેલી મૂર્તિઓ નજરે ચડે છે.[૨૫]

ઓશિયામાં ભગવાન મહાવીરસ્વામીનું મંદિર પણ સંપ્રતિએ બનાવરાવેલ હોવાનો સંભવ છે. આજે તો તે મંદિરનો સં. ૧૦૩૩ માં જીર્ણોધ્ધાર થયો એટલીજ નોંધ ત્યાં મળે છે પણ તે મંદિરમાં મૂળનાયકપદે વિરાજતી ભગવાન મહાવીરની મૂર્તિ તથા રંગમંડપમાં બંને બાજુએ શોભતી ભગવાન ઋષભદેવની પ્રતિમાઓ સંપ્રતિની ભરાવરાવેલી છે,[૨૬] એટલે આ સ્થળે પ્રાચીન કાળમાં સંપ્રતિનું મંદિર હોવું જોઇએ એમ માનવાને સહજ કારણ રહે છે.

કલોલ (અમદાવાદ)થી ચાર ગાઉ છેટે વામજ તીર્થમાં સંપ્રતિએ ભરાવરાવેલી ચાર ફૂટ ઊંચી શ્રી શાંતિનાથની મૂર્તિ, ચાર કાઉસગ્ગીયા અને ઇંદ્ર-ઇંદ્રાણીનાં બે જોડલાં છે.[૨૭]

તળાજાની ટેકરી પર ત્રણ શિખરવાળા ભગવાન પાર્શ્વનાથના મંદિરમાં મૂળનાયકજીની પ્રતિમા પણ સમ્રાટ સંપ્રતિએ ભરાવરાવેલી મૂર્તિઓનાં લક્ષણથી યુક્ત છે,[૨૮] અને એ જ ટેકરી પર સાચા દેવના નામે ઓળખાતા દહેરાસરમાં મૂળનાયક શ્રી કુંથુનાથજીની પ્રતિમા પણ સંપ્રતિના સમયનાં જ લક્ષણોથી યુક્ત છે.[૨૯]

ચંપામાં ભગવાન વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા પણ સંપ્રતિની ભરાવરાવેલી મનાય છે.[૩૦]

આ રીતે સંપ્રતિએ ભરાવરાવેલી મૂર્તિઓ અને મંદિરોના અવશેષો હિંદમાં ઠેર ઠેર પથરાયલા પડ્યા છે અને જેમ જેમ સમય વિતતો જશે અને નવાં

---

(૨૩) जीर्णोद्धारे त्वष्टगुणं पुण्यं । २११.

उपदेश तरंगिणी

(૨૪) જૈન તીર્થોનો ટૂંક પરિચય ભાગ-૨ પૃ. ૨૩

(૨૫) यहां जिनालयोंमें पर जगह बहुत करके राजा संप्रति की बनाई मूर्तियें ही पाई जाती हैं। १५२

किताब-जैन-तीर्थ गाईड

(૨૬) ओसीया नगरमें...पूर्व तीर्थंकर महावीरस्वामी की...जो कि राजा संप्रति की बनाई हुई है और अब भी मौजूद है...रंगमंडपमें दोनों तर्फ तीर्थंकर जिनदेव भगवानकी मूर्तियें दो दो हाथ बडी राजा संप्रति की तामिर कीई हुई पाई जाती हैं। १५२

किताब-जैन-तीर्थ-गाईड

(૨૭) જૈન તીર્થોનો ઇતિહાસ પૃ. ૪૨.

(૨૮-૨૯) પૃ. ૬૪ જૈન રૌપ્ય મહોત્સવાંક. [illegible]

(૩૦) मंदिर तीर्थंकर वासुपूज्यस्वामी का शिखरबंद किसी पुख्ता बना हुआ और इस में तीर्थंकर वासुपूज्यस्वामी की मूर्ति करीब डेढ हाथ बडी राजा संप्रति की बनाई हुई दर्शनीय है, वैसी निशानात बने हैं जैसे राजा संप्रति की बनाई हुई मूर्तियों पर होते हैं। पृ. १०१-१०१

किताब-जैन-तीर्थ-गाईड

ખોદકામો થતાં જશે તેમ તેમ વીશેષ મૂર્તિઓ મળ્યા જ કરશે ને સંભવ છે કે એવી નવીન પ્રાપ્તિઓમાં નક્કર શિલાલેખીય પુરાવાઓ પણ સાંપડી જાય.

સંપ્રતિએ ભરાવરાવેલ મૂર્તિઓ અને ચણાંવરાવેલ મંદિરોના સિંહાવલોકન પછી હવે આપણે તેણે કોતરાવેલ વિરાટકાય મૂર્તિઓ પર દૃષ્ટિપાત કરી જઈએ.

ભારતવર્ષમાં અને તેની સરહદો પર આજે પર્વતમાંથી કોરી કઢાયલી સંખ્યાબંધ પ્રાચીન અને પ્રચંડકાય મૂર્તિઓ મળી આવે છે.

**વિરાટકાય મૂર્તિઓ.**

તેમાંની કેટલીક પ્રત્યે હજી પૂરતું ધ્યાન નથી અપાયું, પણ ગોમ્મટેશ્વર જેવી ગણીગાંઠી મૂર્તિઓ પ્રત્યે ધ્યાન અપાયું છે. તેમનો સર્જનકાળ જે સમયે તે મૂર્તિઓ કોતરાણી ત્યારનો નહિ પણ જ્યારથી તે વિશેષ પ્રકાશમાં આવી ત્યારનો ધારી લેવામાં આવે છે. પણ તે માન્યતા ઇતિહાસને ખૂબ જ અન્યાય કરનારી છે. એટલે તેના યોગ્યાયોગ્ય પ્રમાણની વિચારણા આ સ્થળે જરૂરી છે.

મ્હૈસુર રાજ્યના હાસન જીલ્લામાં, ચેન્નરાયપટ્ટણ તાલુકામાં, વિન્ધ્યગિરિ અને ચન્દ્રગિરિ નામે બે ટેકરીઓ આવેલી છે. એ બે ટેકરીઓની વચ્ચે રૂપેરી પાણીથી ચમકતું સરોવર આવેલું છે. અને તે સરોવરની ચારે કોર શ્રવણ બેલગોલ ( જૈન મુનિવરોનું ધવલ સરોવર ) નામે નગર વસેલું છે.[૩૧] વિન્ધ્યગિરિ ટેકરી ગામની દક્ષિણ દિશાએ છે. તેની ઊંચાઇ સમુદ્રતટથી ગણતાં ૩૩૪૭ ફીટ અને નીચેની તલેટીથી ગણતાં ૪૭૦ ફીટ વધારે છે. ગોમ્મટેશ્વરની વિરાટકાય પ્રતિમા આ ટેકરી પર ઊભેલી છે.

આ પ્રતિમાની ઊંચાઇ કેટલાક સંશોધકોએ ૭૦ ફીટ ૩ ઇંચ ધારી લીધી છે પણ તેનું ચોક્કસ માપ આંકતાં તે ૫૭ ફીટ ઊંચી જણાય છે.[૩૨] એ પ્રતિમા કમળના આકારના જે સિંહાસન પર ખડ્ગાસન રૂપમાં ઊભેલી છે તેના પર ૩ફુ ફીટનું માપ કોરાવલું છે અને તેની નીચે જણાવેલું છે કે 'આ માપને ૧૮ થી ગુણતાં પ્રતિમાની ઊંચાઇ નીકળશે.' તે ગણતરીએ પ્રતિમાની ઊંચાઇ ૬૦ ફીટની ગણી શકાય.

આ પ્રતિમા નગ્નરૂપમાં ઉત્તરાભિમુખ ઊભેલી છે. તેના વાળ ગૂંચળિયા, કાન લાંબા અને મોટા, છાતી પહોળી, કમર સહેજ પાતળી અને હાથ ઘૂંટણ લગી લાંબા લટકતા છે, અને હાથના અંગુઠા સહેજ બહાર પડતા છે. પ્રતિમાનું મુખ શાંતિ, કાંતિ, ધ્યાન અને પ્રભાવનો સુમેળ દાખવે છે. પ્રતિમાના સાથળ લગીના ભાગમાં જાણે રાફડાઓ બાઝી ગયા હોય અને તેમાંથી સર્પ નીકળતા હોય એવું દૃશ્ય કોતરાયું છે. ત્યાં લગીના ભાગને પહાડની શિલાઓનો સહેજ ટેકો રહે છે પણ તેની ઉપરનો ભાગ કશા પણ ટેકા વિના ખુલ્લા આકાશમાં શોભી રહ્યો છે. પ્રતિમાના પગ અને બાહુ પર માધવી–

(૩૧) આ સરોવર તેમજ નગર મૌર્ય સમ્રાટ ભાસ્કર (સંપ્રતિ–દિગંબર જૈન સાહિત્યમાં સંપ્રતિ ભાસ્કરના નામે ઓળખાયલ છે ) જ્યારે અહીં યાત્રાએ આવેલો ત્યારે તેણે બંધાવરાવેલ છે. પોતાના પ્રપિતામહ મૌર્ય સમ્રાટ ચન્દ્રગુપ્ત અને ગુરુવર્ય શ્રી ભદ્રબાહુસ્વામી આ સ્થળે સ્વર્ગવાસ પામેલ હોઈ તેણે તેને તીર્થભૂમિ ગણેલી અને તે સંઘ સાથે અહીં યાત્રાએ આવેલો. તે પ્રસંગે તેણે અહીં સરોવર બંધાવ્યું, નગર વસાવ્યું, ભદ્રબાહુસ્વામીની ભવ્ય મૂર્તિ બનાવરાવી, ચન્દ્રગુપ્તના પગલાં સ્થાપ્યાં ને જે ટેકરી પર ચન્દ્રગુપ્તે નિવાસ કરેલો તેને ચન્દ્રગિરિ નામ આપ્યું અને ચન્દ્રગુપ્ત–ભદ્રબાહુસ્વામીના દક્ષિણ-વિહારને વર્ણવતો લેખ કોતરાવ્યો, જે આજે પણ મળી આવે છે અને સમ્રાટ ભાસ્કરના શિલાલેખને નામે ઓળખાય છે. દિગંબર વિદ્વાનોના મતે આ સરોવર તેમજ નગરને શ્વેત (ધવલ–બેલ) નામ આપવાની પાછળ સંપ્રતિનો આશય આ તીર્થમાં શ્વેતાંબરીનું સ્મારક જાળવવાનો હતો. ( Or, could it be that, the attendants of king Bhaskara who were 'Swotambaras' had by this way tried to make it peculiarly their own, leaving behind a memorial of that fact to later ages in the 'White lake' of the village? The Jaina Antiquary Vol. V, No. IV. ]

(૩૨) The one at Sravan Belgola 70 feet 3 inches high ( according to some, but by actual measurement 57 ) ......509 Mysoro, Vol. 1. Lowis Rice.

લતાઓ વીંટળાઇ વળેલી જણાય છે. પ્રતિમાનું ભવ્ય સ્વરૂપ વાતાવરણને પણ ભવ્યતા અર્પે છે અને અહીં જાણે માનવીએ અને કુદરતે સર્જનકલાની હરીફાઇ આદરી હોય એવું દશ્ય ખડું કરે છે.

કેટલાક સંશોધકો આ પ્રતિમાનું કર્તૃત્વ મ્હૈસુરના ગંગવંશી શાસક રાયમલ્લ ચોથાના મહામંત્રી ચામુંડરાયના નામે ચડાવે છે. પણ તે વિધાન કેટલું અસ્થાને છે તે નિમ્નોક્ત હકીકતના વાચન પરથી સહેજે જણાઇ આવશે.

ઇ.સ.ની દશમી સદીમાં મ્હૈસુર પર શાસન ચલાવતા ગંગવંશી રાજા રાયમલ્લનો મહામંત્રી ચામુંડરાય જૈન ધર્માવલંબી હતો. તેણે અને તેની માતાએ શાસ્ત્રશ્રવણ પ્રસંગે સાંભળ્યું કે ચક્રવર્તી ભરતે પોદનપુરમાં ૫૨૫ ધનુષ્ય પ્રમાણની બાહુબલીની ભવ્ય પ્રતિમા બનાવરાવી હતી ત્યારે તે બંનેમાં એ પ્રતિમાનાં દર્શન કરવાની ઊર્મિ પ્રગટી નીકળી અને બંને પોદનપુરની યાત્રાએ ચાલ્યાં. પણ રસ્તે તેમણે સાંભળ્યું કે ભરતે ભરાવરાવેલી બાહુબલીની પ્રતિમાનાં દર્શન તો આજે અસંભવિત છે, પણ શ્રવણ બેલગોલ નજીકની પહાડીઓમાં ૧૮ ધનુષ્યની એક ભવ્ય જૈન પ્રતિમા હોવાનું મનાય છે, જેનાં દર્શન જો થઇ શકે તો બાહુબલીની પ્રતિમાનાંજ દર્શન કર્યા સરખું લેખાય. એ જ પ્રસંગે પદ્માવતીદેવીએ ચામુંડરાય અને તેની માતાને સ્વપ્નમાં દર્શન દઇ કહ્યું કે, 'આ પહાડીઓમાં એક ભવ્ય પ્રાચીન પ્રતિમા છે અને તું જો નાની ટેકરી પર અમુક સ્થિતિમાં ઊભો રહીને સામેની મોટી ટેકરી પર સુવર્ણનું બાણ છોડે તો તે જે સ્થળે અટકાશે ત્યાં તને એ ભવ્ય પ્રતિમાનાં દર્શન થશે.' ચામુંડરાયે એ સ્વપ્નાનુસાર બાણ છોડતાં તે વિન્ધ્યગિરિના જે ભાગમાં આજે ગોમ્મટેશ્વરની પ્રતિમા ઊભેલી છે ત્યાં અટકાયું. ચામુંડરાયે બાણની નજીક પહોંચી આસપાસ નજર ફેંકતાં તેની દષ્ટિએ ગોમ્મટેશ્વરની પ્રતિમાનું મસ્તક નિહાળ્યું. તે પછી કિંમતી સાધનોથી શિલાઓને તોડીને દૂર કરતાં ગોમ્મટેશ્વરની વિરાટકાય પ્રતિમા નજરે ચડી.[૩૩] ચામુંડરાયે વિક્રમ સંવત ૧૦૩૮ ના ચૈત્ર સુદ પાંચમ ને રવિવારે[૩૪] તે મૂર્તિની પ્રતિષ્ઠા કરી, ત્યારથી તે વિરાટકાય પ્રતિમા બાહુબલીની પ્રતિમાના નામે ઓળખાવા લાગી.

ઉપરોક્ત વિધાનમાં ક્યાંય પણ એવો નિર્દેશ નથી જણાતો કે જેથી એમ માનવાને કારણ રહે કે આ મૂર્તિનો કોતરાવનાર જ ચામુંડરાય હતો. ફક્ત બોપણ કવિએ એક નાના પ્રશસ્તિકાવ્યમાં એ વિરાટકાય પ્રતિમાનું કતૃત્વ ચામુંડરાયના ફાળે ચડાવ્યું છે; અને તેના આધારે અનેક સંશોધકો એમ ધારી બેઠા છે કે એ મૂર્તિ ચામુંડરાયે જ કોતરાવી હતી. તેઓ ઉપર જણાવ્યા અનુસાર સંખ્યાબંધ ગ્રન્થોમાં નોંધાયલી ગુપ્ત મૂર્તિના પ્રગટીકરણની હકીકત માનવાને આનાકાની કરે છે. પણ ચામુંડરાયની પૂર્વે પણ એ મૂર્તિ હયાત હોવાનાં અને શ્રવણ બેલ્ગોલ એ વિખ્યાત તીર્થ હોવાનાં નિમ્નોક્ત ઐતિહાસિક પ્રમાણો અવલોક્યા પછી, આશા છે કે, તેઓ પોતાનો મત ફેરવશે.

ઇ. સ. ૯૭૮ માં ચામુંડરાયે જાતે રચેલા 'ચામુંડરાય પુરાણ' માં બાહુબલીનું સવિસ્તર ચરિત્ર આલેખાયું છે, પણ તેમાં પોદનપુરમાં ભરતે ભરાવરાવેલી બાહુબલીની વિરાટકાય પ્રતિમા, એની પ્રતિમાના દર્શન માટેની પોતાની ઉત્કંઠા કે ગોમ્મટેશ્વરની પ્રતિમા કોતરાવવાની પોતાની ઇચ્છાનો તલપૂર નિર્દેશ પણ નથી.

---

(૩૩) આ વૃત્તાંત્ત્ત [illegible] ગ્રંથો માટે જુઓ પંચબાણ કૃત 'ભુજબલી ચરિત', દોડ્ડય્ય કૃત 'ભુજબલી શતક', અનંત કવિ કૃત 'ગોમ્મટેશ્વર ચરિત', દેવચંદ્ર કૃત 'રાજાવલી કથા' આદિ ગ્રંથો.

(૩૪) श्री विक्रम संवत १०३८ शकाब्द ९०३ चैत्र शुक्ल पंचमी रविवार घडी ५६, पल ५८, रोहिणी नाम नक्षत्र, २२ घडी, १५ पल, तदुपरांत प्रतिष्ठा के समय मृगशिर नक्षत्र २५ घडी, ४८ पल, आयुष्मान् योग १८ घडी, ४६ पल इसके बाद प्रतिष्ठासमय में सौभाग्य योग २१ घडी ४६ पल...१३ मार्च, ई. स. ९८१...

जैन-सिद्धांत-भास्कर भा. ६, कि. [illegible]

જ્યારે ઇ. સ. ૯૮૧ ના માર્ચમાં તો ગોમ્મટેશ્વરની પ્રતિમાની પ્રતિષ્ઠા પણ થઇ જાય છે, અને તે પછી તરતમાં રચાયલા 'ગોમ્મટ-સાર' આદિ ગ્રન્થોમાં તેની નોંધો મળે છે. એ સંયોગોમાં આ પ્રતિમા જો ચામુંડરાયે કોતરાવી હોય તો તે કોતરાવવાની શરૂઆત ઈ. સ. ૯૭૮ પહેલાંજ થઇ ચૂકેલી હોવી જોઇએ. પરંતુ તે સમયની કૃતિઓમાં તો તેનો અસ્પષ્ટ નિર્દેશ પણ નથી. એટલે એમજ માનવું રહે છે કે આ પ્રતિમા ચામુંડરાયને ઇ. સ. ૯૭૮ અને ૯૮૧ ના ગાળામાં અચાનક મળી આવેલી હોવી જોઇએ. અને ઇ. સ. ૯૭૮ પૂર્વે પણ એ પ્રતિમાની હયાતિ સૂચવતાં અને તે અંગે શ્રવણ બેલ્ગોલ પણ મહાતીર્થ લેખાતું હોવાનાં અનેક પ્રમાણો સાંપડી રહે છે.

**ગોમ્મટેશ્વરની પ્રતિમાનો પ્રતિષ્ઠા-સમય**

ગોમ્મટેશ્વરની મૂર્તિની પ્રતિષ્ઠાનો સમય કેટલાક વિદ્વાનો ઇ.સ. ૯૮૧ કરતાં મોડો પણ ધારે છે,[૩૫] પણ વિદ્વાનોના મોટા વર્ગે એ મૂર્તિના પ્રતિષ્ઠા-દિન તરીકે ઇ.સ. ૯૮૧ માર્ચની ૧૩ મી તારીખને માન્ય રાખેલ છે[૩૬] એટલે આપણે એ મતને પ્રમાણભૂત લેખવો રહે છે. 'ચામુંડરાય પુરાણ'નો રચનાસમય પણ કેટલાક વિદ્વાનો ઇ.સ. ૯૭૬ ધારી લે છે[૩૭] પણ મોટા ભાગના વિદ્વાનો એ પુરાણના અંતિમ રચના-દિન તરીકે ઇ. સ. ૯૭૮ ના ફેબ્રુઆરીની ૧૮ મી તારીખ ને સોમવારને માન્ય રાખે છે,[૩૮] તેમજ 'ચામુંડરાય પુરાણ' ની અંતિમ પ્રશસ્તિ પણ એ જ દિન સૂચવે છે[૩૯]. એટલે આપણે એજ મતને વજનદાર ગણવો જોઇએ. હવે આ સમયને ભૂમિકા તરીકે ગણીને આપણે ગોમ્મટેશ્વરની પ્રતિમા અને શ્રવણ બેલ્ગોલના પ્રાચીન ઉલ્લેખો પર દૃષ્ટિપાત કરી જઇએ.

**ગોમ્મટેશ્વરની પ્રતિમા ચામુંડરાયની પૂર્વે પણ હયાત હોવાનાં પ્રમાણો**

રન્નકૃત 'અજીતનાથ પુરાણ' કે જેનો અંતિમ શ્લોક ઇ. સ. ૯૯૩ના ઓકટોબરની ૨૬ મીએ રચાયલો છે, તેમાં જણાવવામાં આવ્યું છે કે 'શ્રી અત્તિમબે('અજીતનાથ-પુરાણ' માંનું, એક પાત્ર)એ ગોમ્મટેશ્વરની ભવ્ય પ્રતિમાનાં દર્શન કર્યાં.' એ સ્થળે ગોમ્મટેશ્વરના ઉલ્લેખ પ્રસંગે ચામુંડરાયનો નિર્દેશ થયેલો નથી. હવે જો ગોમ્મટેશ્વરની મૂર્તિનો પ્રતિષ્ઠા-સમય ડૉ. શામ-શાસ્ત્રી ધારે છે તેમ ઇ. સ. ૧૦૨૮ ના માર્ચની ત્રીજી તારીખ ગણીએ તો તેની પૂર્વે પણ મૂર્તિની હયાતિ સૂચવવામાં ઉપરનો નિર્દેશ એક ઐતિહાસિક પ્રમાણ તરીકે જ ગણી શકાય. પણ મૂર્તિનો પ્રતિષ્ઠા-સમય આપણે ઉપર ઠેરવ્યું છે તે પ્રમાણે ઇ. સ. ૯૮૧ ગણીએ તોપણ ઇ. સ. ૯૯૩માં રચાયલ શાસ્ત્રીય ગ્રન્થમાં-પ્રાચીન કથાનકોનાં પાત્રોના યાત્રા-વર્ણનમાં ગોમ્મટેશ્વરનો નિર્દેશ કરવામાં આવે છે તે તે સમયે ઉક્ત મૂર્તિ ચામુંડરાયના સમય પૂર્વેની મનાતી હતી તેનું સૂચન તો કરે જ છે.

ઇ. સ. ૯૧૦ ના ચિક્ક હનાસોગેના શિલાલેખમાં આ પૃથ્વી પરના સ્થાવર તીર્થ તરીકે શ્રી ગોમ્મટેશ્વરને ઓળખાવવામાં આવેલ છે અને જંગમ તીર્થ તરીકે

---

(૩૫) The date of the consecration of the image of Gommatesvara would tally with Sunday, 3rd March 1028.

- Mysore Archaeological Report-1923.

(૩૬) भारतीय ज्योतिष के अनुसार 'बाहुबलि चरित्र' में गोम्मट-मूर्ति की स्थापना की जो तिथि, नक्षत्र, लग्न, संवत्सर आदि दिये गये हैं वे उस तिथि में अर्थात् १३ मार्च सन् ९८१ में ठीक घटित होते हैं।

२६० श्री जैन-सिद्धांत-भास्कर-

[ श्रवण-बेल्गोल-मस्तकाभिषेक-विशेषांक ]

(૩૭-૩૮) The Jain Antiquary Vol. V, No. IV. p. 108.

(૩૯) नव शत पंचये धागे शककाल सर्म नेगल्द-

[ ईश्वराब्दद ।

-ईश्वरमागे फाल्गुण सिताष्टमी रोहिणी सोमवार में।

चामुंडराय-पुराण

સામાં કશી મણા નથી રાખી.[૪] અને તેમાં કદાચ સત્યનો કંઈ અંશ હોય, મેગેસ્થીનીસની નોંધપોથીનાં ખાણી ખપેલ પાનાં પરથી લખાયલી નવી નોંધો ભારોભાર સત્યભરી હોય, તોપણ સેન્ડ્રેકોટસ એટલે ચન્દ્રગુપ્ત અને પાલીબોથ્રા એટલે પાટલીપુત્ર હોઈ શકે, એવી ઉચ્ચાર–સમાનતાના નામ નીચે રજૂ થતી સમજૂતી તો સર વીલિયમ જોન્સની એક કલ્પના જ છે. એ કલ્પનાને સાચી ઠેરવવાને, પછીના પાશ્ચાત્ય સંશોધકોએ ગ્રીક ઇતિહાસના નામ નીચે અનેક નવી વિગતોને ઉમેરી દઈ તેને ચન્દ્રગુપ્ત સાથે બંધબેસતી કરવા પ્રયાસ કર્યો છે; પણ તે પાછલા યુગની દંતકથાઓ છે,[૫] એટલું જ નહિ પણ, તે પ્રયાસ બંધબેસતો આવે છે એ મત પણ ભ્રમ ભરેલો[૬] છે. સ્વતંત્ર ઐતિહાસિક પ્રમાણો ધરાવતા ભારતવર્ષના ઇતિહાસની રચના, પરદેશની મધ્યકાલીન દંતકથાઓ, પરદેશી વિદ્વાનોની કલ્પનાઓ કે તેમના ભ્રમ પર ન થઈ શકે.

---

એ રીતનાં અસંખ્ય ભારતીય પ્રમાણો હોવા છતાં, કેવળ પાશ્ચાત્ય વિદ્વાનોના આગ્રહથી તેનું પ્રભાવશાળી વ્યક્તિત્વ ગ્રીકવંશી ચન્દ્રગુપ્તમાં સમાવી દેવામાં આવે છે. એ જ પ્રમાણે એ વિદ્વાનોની વિચિત્ર કાલગણના, ભારતીય કાલગણના કરતાં ૫૦ થી ૬૦ વર્ષ અલગ પડીને અશોકની કેટલીક કારકિર્દિને મૌર્ય ચન્દ્રગુપ્તમાં સમાવી દે છે, અને સમ્રાટ સંપ્રતિ સમી મહાન વ્યક્તિને ઉડાવી દઈ, તેનું ખરું નામ જે પ્રિયદર્શિન હતું તે અશોકનું બીજું નામ હતું એમ ઠરાવીને પ્રિયદર્શિનની મહત્ત્વની કારકિર્દિને અશોકના નામે ચડાવી દે છે.

(૪) Dr. Anville's account of Alexander's progress in the Punjab is extremely erroneous. His conquests in India by no means deserve the credit vulgarly attached to them. The intention of conquering the Prasii i. e. the great kingdom of Magadh on the Ganges, with which tradition has credited him, is a later legend; for he knew nothing of the Ganges or Magadh.

C. Rollin [President of the French Academy] Ancient History Vol. II. P. 190–191 F. N.

(૫) આ ગ્રીક દંતકથાઓ કેટલી પોકળ ને પરસ્પરવિરોધી છે તેની ખાત્રી વિશ્વ વિખ્યાત ફ્રેંચ ઇતિહાસકાર સી. રોલીનના 'Ancient History Vol. II' માં પૃ. ૧૧૦ થી ૨૨૦ માં સુંદર રીતે કરવામાં આવી છે.

(૬) ડીયોડોરસની નોંધ પ્રમાણે પુરુરાજે (પોરસે) અલેક્ઝાંડરને એમ કહ્યું હતું કે, 'મગધપતિ હલકો જન્મનો છોકરો છે અને તે લોકમાં પ્રિય નથી.' —તે ઉપરાંત પ્લુટાર્ક, જસ્ટીન, એરિયન વગેરેએ અલેક્ઝાંડર, સેન્ડ્રેકોટસ, સેલ્યુકસ નીકેટોર વગેરે સંબંધમાં જે નોંધ કરી છે તેનો સાર નીચે પ્રમાણે છે.—

'જ્યારે અલેક્ઝાંડરે ફેગમને કાંઠે પડાવ ... એક હિંદી સરદારે તેને સમાચાર આપ્યા કે ગંગ... ના વમની ગંગેરીડી અને પ્રાસી પ્રજાના રાજાનું નામ ઍન્ડ્રેમસ અથવા અગ્રમસ હતું. તે પોતાના નીચ કુળ અને હલકા સ્વભાવના કારણે લોકમાં અપ્રિય થઈ પડ્યો હતો. તેનો પિતા હજામ હતો પણ રાજરાણીના પ્રેમિક બનીને તેણે વિદ્યમાન રાજવી અને તેના કુમારોનાં મરણ નીપજાવ્યાં હતાં પછી તેણે પોતાના સહવાસથી રાજરાણીને પેટે અવતરેલા કુમારને ગાદીએ બેસાડ્યો. એ અલેક્ઝાન્ડરના આક્રમણ વખતે રાજ્ય કરતો હતો.

'અલેક્ઝાંડરના મરણ પછી તેના સેનાપતિઓએ સામ્રાજ્યના ભાગલા પાડી નાખ્યા. તેમાંના એક સેનાપતિ સેલ્યુકસ નીકેટોરે બેબીલોન અને બેક્ટ્રીયા જીતીને હિંદ પ્રતિ આક્રમણ કર્યું. હિંદી પ્રજાએ તે સમયે ગુલામીની ધૂંસરી ફગાવી દઈને અલેક્ઝાંડરે નિમેલા સરદારોની કતલ કરી નાખેલી હતી. તેમનો સરદાર સેન્ડ્રેકોટસ હતો. પ્રથમ તો તે મુક્તિદાતા તરીકે સન્માનાપાત્ર પણ પછી જે પ્રજાને તેણે મુક્તિ અપાવી હતી તેને તેણે દબાવી દીધી ને જુલમ ગુજાર્યો અને પરિણામે તેનું મુક્તિદાતાનું બિરુદ ભૂંસાઈ જવા પામ્યું. તેનો જન્મ સામાન્ય સ્થિતિમાં થયો હતો. પણ શુભ શુકનથી ઉત્તેજાઈને તેનામાં સિંહાસને ચડવાની મહત્ત્વાકાંક્ષા ખીલી હતી, કેમકે જ્યારે પોતાના ઉદ્ધત વર્તનથી તેણે 'નંદ્રસ'(?) રાજાનું અપમાન કર્યું ત્યારે તે 'નંદ્રસે' તેને મરણની સજા ફરમાવતાં તે નાસી છૂટેલો અને એક પ્રસંગે જ્યારે તે જંગલમાં સૂતો હતો ત્યારે તેની નજીક આવેલો એક વન્ય સિંહ તેના અંગમાંથી નીકળતો પરસેવો ચાટવા લાગ્યો અને સેન્ડ્રેકોટસ જાગતાં તે સિંહ શાંતિથી ચાલ્યો ગયો. આ શુભ શુકન પછી સેન્ડ્રેકોટસે ટોળી જમાવી અને હિંદીઓને રાજકર્તા વર્ગ સામે ઉશ્કેર્યા. ને પછી જ્યારે તે અલેક્ઝાંડરના સરદારો સામે ઝુમતો લઈ ગયો ત્યારે એક જંગલી હાથીએ તેની સમીપ આવીને પોતાની સૂંઢથી ઉંચકી લઈને તેને પોતાની પીઠ પર બેસાડ્યો. આ રીતે સેન્ડ્રેકોટસે અલેક્ઝાંડરના સરદારોને માર્યા ...

કલ્નેલા દેવને દર્શાવવામાં આવ્યા છે.૪૦ આ કલ્નેલા દેવ એ એલાચાર્યના શિષ્ય અને દક્ષિણમાં જૈન ધર્મના મહાન પ્રચારક તપસ્વી મુનિવર હતા. તેમનો યશકાલ દશમી સદીના પહેલા ચરણમાં ગણવામાં આવે છે.૪૧ આ વિધાન પણ ગોમ્મટેશ્વરની પ્રતિમાને ચામુંડરાયના સમય પૂર્વેની ઠેરવે છે.

દંતકથાઓ અનુસાર ચામુંડરાયે મૂર્તિની પ્રતિષ્ઠાના પ્રસંગે જ્યારે ગોમ્મટેશ્વરના મસ્તકે દૂધની ધારા કરી ત્યારે તે દૂધ મૂર્તિને સ્પર્શ્યા વિના રેલાઈ જવા લાગ્યું એ જોઈ સર્વે નિરાશ થઈ ગયાં. તે પ્રસંગે ત્યાંથી ગુડિકાયા નામે એક ભરવાડણ નીકળી. તે વિન્ધ્યગિરિની ટેકરીઓમાં વસતી હતી અને પરંપરા–વર્ષોથી ગોમ્મટેશ્વરની પ્રતિમા પ્રત્યે ભક્તિભાવ ધરાવતી હતી. તેણે પાસે પડેલી નાળિયેરની એક કાચલીમાં પોતાના સ્તનનું દૂધ ભરી તે ચામુંડરાયને મોકલાવ્યું અને ગોવાળણનાં ભાવ અને ભક્તિથી ભરેલું તે દૂધ મૂર્તિને સ્પર્શ્યું, એટલું જ નહિ પરંતુ પછી તો બીજાં દૂધ પણ સ્પર્શવા લાગ્યાં. ચામુંડરાયે તરત જ ગુડિકાયા ગોવાળણની મૂર્તિ કરાવી તેને ગોમ્મટેશ્વરની નજીકમાં ગોઠવી અને આજે પણ હાથમાં કાચલી સાથે તે ત્યાં શોભી રહી છે.

આ દંતકથા પરથી પણ એમ જણાય છે કે ગોમ્મટેશ્વરની મૂર્તિ ચામુંડરાયની પૂર્વેની હતી, વિન્ધ્યગિરિની કોતરોમાં વસનારાંઓ વર્ષો થયાં તેના પ્રત્યે ભાવભક્તિ ધરાવતાં હતાં, વિદ્વાન મુનિવરો એ મૂર્તિના અસ્તિત્વથી માહિતગાર હતા–ચામુંડરાયે તો સૈકાઓ થયાં તે વિસારે પડીને દટાઈ ગઈ હતી તેને ખુલ્લી કરીને જગત સમક્ષ મૂકી ને તેની પ્રતિષ્ઠા કરી.

શ્રવણ બેલ્ગોલનું તીર્થસ્વરૂપ પણ ગોમ્મટેશ્વરની પ્રતિમાને આભારી છે. અને શ્રવણ બેલ્ગોલમાંથી જે ૫૦૦ લગભગ શિલાલેખો મળી આવે છે તેમાંના મહત્ત્વના શિલાલેખો તો ચામુંડરાયની પૂર્વેના છે. તેમાં સૌથી જૂનો શિલાલેખ સમ્રાટ સંપ્રતિ (ભાસ્કર) નો છે. તેમાં અનેક મુનિવરો સાથે શ્રી ભદ્રબાહુસ્વામી અને મુનિશ્રેષ્ઠ પ્રભાચન્દ્ર ( સમ્રાટ ચન્દ્રગુપ્ત ) ના દક્ષિણ વિહારની હકીકત આપીને જણાવવામાં આવ્યું છે કે 'જ્યારે તે સર્વે અહીં ( કટવપ્ર–શ્રવણ બેલ્ગોલ ) આવી પહોંચ્યા ત્યારે આચાર્યે ( ભદ્રબાહુસ્વામીએ ) પોતાનો કાળ નજીક નિહાળી પ્રભાચન્દ્ર સિવાયના સર્વેને વિદાય કરી દીધા ને પછી તે અનુક્રમપૂર્વક સ્વર્ગવાસ પામ્યા.'૪૨ તે પછીનો શિલાલેખ (શિલાલેખ નં. ૧)૪૩ શક સંવત ૫૨૨ ( ઈ. સ. ૬૦૦ ) નો છે અને તેમાં ભગવાન મહાવીરસ્વામીના કેવળજ્ઞાનની હકીકત અપાયેલી છે. તે પછીના શક સંવત ૫૭૨ ના શિલાલેખો (શિલાલેખ નં. ૧૭–૧૮) માં જણાવ્યું છે કે–'જે જૈન ધર્મ શ્રી ભદ્રબાહુસ્વામી અને ચન્દ્રગુપ્તના તેજથી પ્રભાવ પામેલો તે સહેજ ક્ષીણ થતાં શ્રી શાન્તિસેન મુનિએ તેનો પ્રભાવ ફરી વિસ્તાર્યો.'

---

(૪૦) स्थावर–जंगम तीर्थं मानिसि पेल्दागल्लोरदे [ गोम्माट देवर ।
स्थावर तीर्थं, कल्नेले देवर मुख्य दोल्गाय तीर्थम् ॥
ઈ. સ. ૬૧૦ નો ચિક્ક હનાસિગેનો શિલાલેખ

(૪૧) See Indranandi's Jvala Malini Kalpa was written after Elacarya, and in the times of Rastrakuta Krishna III ( 939–968 A. D. ) there is nothing to prevent Elacarya and Kalnele deva being assigned to 930 A. C.
The Jain Antiquary Vol. V. No. IV. p. 114

(૪૨) अत: आचार्यः प्रभाचन्द्रेणामवनितलललामभूते ऽस्मिन् कटवप्रनाम.........पृथुतुंगशृंगे शिखरिणि जीवितशेषम् अल्पतरकालम् आयुरध्यात्मनः सुचरितः तपस्समाधिमाराधयितुम् आपृच्छ्य निरवशेषेण संघं विसृज्य शिष्येणैकेन पृथुलास्तीर्णतलासु शिलासु शीतलासु स्वदेह संन्यस्याराधितवान् ।
सम्राट् भास्कर ( संप्रति ) नो शिलालेख

(૪૩) શ્રવણ બેલ્ગોલના શિલાલેખોના આ નંબર 'Sravana Belgola Inscriptions' નામે ગ્રંથમાં એ શિલાલેખોને જે અનુક્રમ નંબર આપવામાં આવ્યા છે તે અનુસાર આપેલા છે.

શક સંવત ૬૨૨ (ઇ. સ. ૭૦૦ ) ના શિલાલેખો તો ત્યાં વિપુલ પ્રમાણુમાં મળી આવે છે. તેમાં શિલાલેખ નં. ૩, ૭, ૮, ૨૦, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૨, ૩૩ આદિ મુખ્ય છે. આ શિલાલેખોમાં મુખ્યત્વે જૈન આચાર અને તત્ત્વજ્ઞાનનું દર્શન કરાવવામાં આવ્યું છે અને ખૂબી એ છે કે, આજે આ તીર્થ દિગંબરોનું મનાય છે છતાં, ઉપરોક્ત શિલાલેખોમાં જે આચાર અને તત્ત્વનું આલેખન થયું છે, તે દિગંબર કરતાં શ્વેતાંબર મંતવ્ય સાથે વધારે મળતું આવે છે. શિલાલેખ નં. ૪૨ (ઇ. સ. ૧૧૧૭) ને શિલાલેખ નં. ૧૦૫ (ઇ. સ. ૧૩૯૮) માં પણુ 'તત્ત્વાર્થાધિગમ' સૂત્રના કર્તા ઉમાસ્વાતી વાચકની જ્ઞાન-મહત્તા અને ચારિત્ર-મહત્તા વર્ણવવામાં આવી છે. ઉમાસ્વાતી વાચકને અને તેમના 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' ને જો કે દિગંબરો પણુ માન તો આપેજ છે, પણુ તે કૃતિ તેમજ તેના કર્તાનું વિશેષ માન તો શ્વેતાંબર સંપ્રદાયમાંજ જળવાઇ રહ્યું છે.

સમયની દૃષ્ટિએ આપણે ઇ. સ. ૭૦૦ લગીના શિલાલેખો પર ઉપર દૃષ્ટિપાત કરી ગયા. તે પછી પણુ ઉત્તરોત્તર સમયના સંખ્યાબંધ શિલાલેખો મળી જ આવે છે અને ઇ. સ. ૯૮૧ લગીમાં તો તેની સંખ્યા સેંકડે પહોંચે છે. એટલે ગોમ્મટેશ્વરની મૂર્તિના કારણે તીર્થસ્વરૂપ બનેલા આ સ્થળે, ઇ. સ. ૯૮૧ માં ચામુંડરાયે ગોમ્મટેશ્વરની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી, ત્યાર પહેલાંના લેખો પણુ વિપુલ પ્રમાણુમાં જળવાઇ રહ્યા છે, જે આ તીર્થ અને મૂર્તિની વિશેષ પ્રાચીનતા સૂચવે છે.

હવે મુખ્ય પ્રશ્ન એ રહે છે કે જો ગોમ્મટેશ્વરની આ પ્રતિમાની ચામુંડરાયે તો કેવળ પ્રતિષ્ઠા જ કરી છે અને મૂર્તિ ચામુંડરાયના સમય કરતાં વધારે પ્રાચીન છે તો પછી તે કોતરાવરાવી કોણે ?—અને એનો ઉત્તર આપણુને સહેજે સાંપડી શકે તેમ છે.

શ્રી ભદ્રબાહુસ્વામી અને પ્રભાચન્દ્ર (ચન્દ્રગુપ્ત) અહીં આવી ચઢ્યા તે પૂર્વે આ ભૂમિ કશું પણુ ઐતિહાસિક કે ધાર્મિક મહત્ત્વ ધરાવતી નહોતી.[૪૪] તેઓ કેવળ અકસ્માતથી અહીં આવી ચઢ્યા અને પોતાનો અંતકાળ નજીક નિહાળી શ્રી ભદ્રબાહુસ્વામી પ્રભાચન્દ્રની સાથે ત્યાં જ ઠેરી ગયા. હવે ભદ્રબાહુસ્વામીનો સ્વર્ગવાસ. મ. સં. ૧૭૦ (ઇ. સ. પૂ. ૩૫૭) નક્કી છે. એટલે ગોમ્મટેશ્વરની પ્રતિમાનો સમય ઇ. સ. ૩૫૭ ની પછી જ આંકવો રહે છે.

**સંપ્રતિની શ્રવણ-બેલ્ગોલ યાત્રા**

શ્રી ભદ્રબાહુસ્વામી અને ચન્દ્રગુપ્તની પછી આ સ્થળની મુલાકાત લેનાર બીજી મહત્ત્વની વ્યક્તિ ચન્દ્રગુપ્તનો પ્રપૌત્ર ભાસ્કર (સંપ્રતિ) છે. દિગંબર જૈન સાહિત્યમાં જણાવ્યા પ્રમાણે—'પોતાના મહાગુરુ અને પ્રપિતામહ આ સ્થળે સ્વર્ગવાસ પામ્યા છે એમ જાણીને ભાસ્કર અહીં શ્વેતાંબરોના સંઘ સાથે યાત્રાએ આવ્યો. તેના આગમન પૂર્વે આ સ્થળ કટવપ્રના નામે ઓળખાતું હતું. પણુ તેણે બે ટેકરીઓની વચ્ચે એક સુંદર સરોવર બનાવરાવી તેની આસપાસ નગર વસાવ્યું અને શ્વેતાંબરોની યાદમાં તેને શ્રવણુ બેલ્ગોલ (જૈન મુનિવરોનું શ્વેત-સરોવર અથવા શ્વેતાંબર જૈન મુનિવરોનું સરોવર) એ નામ આપ્યું. કટવપ્રની ટેકરીને તેણે ચન્દ્રગિરિ નામ આપ્યું. ભદ્રબાહુસ્વામી અને ચન્દ્રગુપ્તનાં સ્મરણુ-સ્થાને તેણે ચૈત્યો બંધાવરાવ્યાં, પાદુકાઓ સ્થાપી.'[૪૫] આ રીતે દિગંબરો પણુ શ્રવણુ બેલ્ગોલનું કર્તૃત્વ, ત્યાંનાં ચૈત્યો આદિને શ્વેતાંબર જૈન નૃપતિ

---

(૪૪) There was nothing in the place at that time for any body to visit or notice it. It was only by an accident that that great sage Bhadrabahu happened to stay away there with his single disciple Prabhachandra (Chandragupta Maurya). Tho Jain Antiquary Vol. V. No. IV

(૪૫)...The hill was known in those old times as 'Katavapra' and it came to be a memorial hill enshrining the remains of the last of the sritakevalis, Bhadrababu, of the Jain Sampra-

ભાસ્કરના ફાળે તો ચડાવે જ છે. ફક્ત તીર્થના આભૂષણ સમી ગોમ્મટેશ્વરની પ્રતિમાના કર્તૃત્વ પર જ તેઓ પડદો ઢાળી રાખે છે. પણ ઐતિહાસિક સાધનોથી આપણે તે પડદો સહેજે ઊંચકી શકીએ તેમ છીએ.

ઉપર જણાવ્યું તે પ્રમાણે દિગંબરો પણ એટલું તો માન્ય રાખેજ છે કે શ્વેતાંબર જૈન સમ્રાટ ભાસ્કર (સંપ્રતિ), ભદ્રબાહુસ્વામી અને ચન્દ્રગુપ્તની અવસાન–ભૂમિ લેખે આ સ્થળની યાત્રાએ આવ્યો હતો અને તેણે અહીં ચૈત્યો સ્મારકો આદિ ખડાં કરીને આ સ્થળને તીર્થ તરીકે પ્રવર્તાવ્યું. આ સંયોગોમાં આપણે આ સ્થળે શોભતાં ચૈત્યાદિનું નિરીક્ષણ કરી જઈએ તો તે ગોમ્મટેશ્વરના કર્તૃત્વના નિર્ણયમાં આપણને મદદગાર બનશે.

આ સ્થળ ત્રણ વિભાગમાં વ્હેંચાયલું છે. એક તો જેના પર ગોમ્મટેશ્વરની વિરાટકાય પ્રતિમા ઊભેલી છે તે મોટી ટેકરી વિન્ધ્યગિરિ, બીજું અગાઉ કટવપ્રના નામે ઓળખાતી પણ ચન્દ્રગુપ્તની યાદગીરીમાં ચન્દ્રગિરિ નામ પામેલી નાની ટેકરી ચન્દ્રગિરિ અને ત્રીજું તે બંને ટેકરીઓની વચ્ચે શ્વેત–સરોવરની આસપાસ પથરાયલું ગામ શ્રવણ બેલ્ગોલ.

વિન્ધ્યગિરિની ટેકરી તલેટીથી ૪૭૦ ફૂટ ઊંચી છે અને શિખર પર પહોંચવાને માટે ૫૦૦ પગથિયાં કોતરાયલાં છે. શિખર પર મોટું સપાટ મેદાન છે અને તેની ચારે કોર પ્રાકૃતિક શિલાઓથી ગોઠવાયલી પ્રચંડ દિવાલ છે. મેદાનની લગભગ વચ્ચોવચ્ચ ગોમ્મટેશ્વરની વિરાટકાય મૂર્તિ છે. તે મૂર્તિની બંને બાજુ પર ચમ્મરધારી યક્ષ અને યક્ષિણીની મૂર્તિઓ છે. તેની નજીકમાં જ નવેક ફૂટ ઊંચી એક સામાન્ય માનવમૂર્તિ અને બીજી એક હાથમાં નાળિયેરની કાચલી સાથેની ગોવાળણ ગુડિકાયાની મૂર્તિ છે. તેમાંની ગોવાળણ ગુડિકાયાની મૂર્તિ આપણે ઉપર જણાવી ગયા તે અનુસાર ચામુંડરાયે ઊભી કરાવેલી છે. પણ યક્ષ–યક્ષિણી તેમજ અન્ય માનવ–પ્રતિમા તો ગોમ્મટેશ્વરની મૂળ મૂર્તિ સાથે જ કોરાયલ હોવાનો સંભવ છે. નવ ફૂટની માનવ–પ્રતિમા કદાચ એમ સૂચવવાને કોતરાણી હોય કે ગોમ્મટેશ્વરની મૂળ ઊંચાઈ તો આટલીજ હતી, પણ અહીં તેને વિશિષ્ટ ભવ્યતા અર્પવાને વિરાટરૂપ આપવામાં આવ્યું છે.

ગોમ્મટેશ્વરની મૂર્તિની સન્મુખ, સુંદર છતોથી શોભતો મંડપ છે. તેમાંની આઠ છતો પર અષ્ટ દિક્પાલોની મૂર્તિઓ છે અને નવમી છત પર ગોમ્મટેશ્વરના અભિષેક માટે હાથમાં કળશ સાથે શોભતી ઇન્દ્રની મૂર્તિ છે.

ગોમ્મટેશ્વરની વિરાટકાય પ્રતિમા અને મંડપની આસપાસ મેદાનમાં સંખ્યાબંધ ખંડિત–અખંડિત મંદિરો પથરાયલાં પડ્યાં છે. તેમાં કેટલાંક અતિ પ્રાચીન છે અને તેમાંનાં કેટલાંક શ્વેતાંબરોનાં હોવાનો પણ સંભવ છે. આ ઉપરાંત વિન્ધ્યગિરિ પર સિદ્ધરબસ્તી, અખંડ બાગિલુ, સિદ્ધરગુંડુ, ગુલ્લ કાયજ્જિ બાગિલુ, ત્યાગદ બ્રહ્મદેવ સ્થંભ, ચેન્નણ્ણ બસ્તી, ઓદેગલ બસ્તી, ચોવીશ તીર્થંકર બસ્તી આદિ સ્મારકો પણ નોંધપાત્ર છે.

વિન્ધ્યગિરિ ઘણી વખત દોડ્ડબેટ્ટ (મોટી ટેકરી) અથવા ઇન્દ્રગિરિના નામે ઓળખાય છે તેમ ચન્દ્રગિરિ કટવપ્ર, કલ્બપ્પુ, તીર્થગિરિ, ઋષિગિરિ, ચિક્કબેટ્ટ (નાની ટેકરી) આદિ નામે પણ ઓળખાય છે. વિન્ધ્યગિરિની ઊંચાઈ સમુદ્રતટથી ૩૩૪૭ ફીટ છે, જ્યારે ચન્દ્રગિરિની ઊંચાઈ ૩૦૫૨ ફીટ છે. આ ટેકરી પર પાર્શ્વનાથ બસ્તી, કત્તલે બસ્તી, ચન્દ્રગુપ્ત બસ્તી, શાંતિનાથ બસ્તી, સુપાર્શ્વનાથ બસ્તી, ચન્દ્રપ્રભ બસ્તી,

---

days. From its also having been the shrine of the remains of Prabhachandra ( Emperor Chandragupta ) the single disciple of Bhadrabahu, it came to be visited by King Bhaskar Maurya, his grandson, who built Chaityalayas over it and

a white lake in the village at the bottom of these hills and that he built even the village also and named it Belugola.

The Jain Antiquary Vol. V. No. IV.

ચામુંડરાય બસ્તી, શાસન બસ્તી, મજ્જિગણ્ણ બસ્તી, એરડુકટ્ટે બસ્તી, સવતિગંધવારણ બસ્તી, તેરીન બસ્તી, શાંતીશ્વર બસ્તી તથા ઇરૂવે બ્રહ્મદેવ બસ્તી વગેરે ચૌદ નોંધપાત્ર મંદિરો છે. તેમાંનાં પ્રથમ તેર મંદિરો એકજ ટૂંક પર આવેલાં છે, જ્યારે ચૌદમું જુદું પડી જાય છે. મંદિરો ઉપરાંત આ ટેકરી પર કૂગે બ્રહ્મદેવ સ્તંભ, મહાનવમી મંડપ, ભરતેશ્વરમૂર્તિ, કંચિનદોણ્ણે કુંડ, લક્કિદોણ્ણે કુંડ, ચામુંડરાય-શિલા તેમજ ભદ્રબાહુ-ગુફા આદિ નોંધપાત્ર છે. ભદ્રબાહુની ગુફામાં ચન્દ્રગુપ્તની ચરણ-પાદુકાઓ છે અને એમ મનાય છે કે ચન્દ્રગુપ્ત આ જ ગુફામાં સમાધિમરણ પામ્યા હતા.

શ્રવણ બેલ્ગોલમાં ભંડારી બસ્તી, અક્કન બસ્તી, સિદ્ધાંત બસ્તી, દાનશાલે બસ્તી, નગર જિનાલય, મંગાયી બસ્તી, જૈન મઠ આદિ જૈન ચૈત્યો છે. તે ઉપરાંત કલ્યાણિ સરોવર, જક્કિકટ્ટે સરોવર, ચૈન્નણ્ણ કુંડ આદિ પણ દર્શનીય છે.

વિન્ધ્યગિરિ, ચન્દ્રગિરિ અને શ્રવણ બેલ્ગોલનાં આ સ્થાનકોમાં ક્યાં ક્યાં સંપ્રતિને આભારી છે અને કેટલાં પાછળથી બનેલાં છે તેનું માપ કાઢવું મુશ્કેલ છે: જીર્ણશીર્ણ બનેલાં અતિ પ્રાચીન ચૈત્યોમાંથી ક્યાંક તો સંપ્રતિને આભારી હોવાનો પૂરતો સંભવ છે.

### ગોમ્મટેશ્વરની પ્રતિમાનો કોતરાવનાર સંપ્રતિ

વિન્ધ્યગિરિ અને ચન્દ્રગિરિ બને ટેકરીઓ પર સંપ્રતિએ ચૈત્યો બનાવરાવેલ હોવાની હકીકતને તો દિગંબરો પણ માન્ય રાખે છે. હવે વિન્ધ્યગિરિના શિખર પર ખડકમાંથી કોતરાઇને ચોગાનની વચ્ચો-વચ્ચ ઊભેલી ગોમ્મટેશ્વરની વિરાટકાય પ્રતિમાનું વિહંગાવલોકન કરતાં જણાય છે કે આ ટેકરી પર સૌથી પ્રથમ આ પ્રતિમાજ ઊભી કરાયલી હોવી જોઇએ. કેમકે જો મંદિરો પહેલાં ચણી દેવાય તો મેદાનની વચ્ચોવચ્ચ આવી વિરાટકાય પ્રતિમા કોતરીને ઊભી કરવાનું એ મંદિરોને નષ્ટ કર્યા વિના કોઇ પણ સંયોગોમાં ન બની શકે. એટલે એમ માનવાને કારણ રહે છે કે આ પ્રતિમા મૂળ તો અહીં સંપ્રતિએ જ કોતરાવીને ઊભી કરાવરાવેલી હોવી જોઇએ, અને તેની આસપાસ મંડપ, ચૈત્યો આદિ બનાવરાવીને તથા તલેટીમાં નગર સ્થાપીને તેણે આ સ્થળને તીર્થભૂમિ તરીકે મશહૂર બનાવ્યું હોય. પણ વખત જતાં, શુંગોના કે અન્ય આક્રમણોના પરિણામે એ પ્રતિમા દટાઇને વીસારે પડી ગઇ હોય. ચામુંડરાયે દંતકથાઓ અથવા સ્વપ્નના આધારે દોરવાઇને તે પ્રતિમાને શોધી કાઢીને તેની પુનઃપ્રતિષ્ઠા કરેલી હોવી જોઇએ. તે વખતે અથવા તે પછી તરતના ગાળામાં સંપ્રતિનાં સમયનાં જીર્ણશીર્ણ મંદિરોનો પણ ઉદ્ધાર થયેલો હોવો જોઇએ.

આ પ્રતિમા સંપ્રતિએ કોતરાવરાવેલી હોય તેમ માનવાને મુખ્ય કારણો ટૂંકમાં નીચે પ્રમાણે છે—

૧. કેટલાક સંશોધકો આ પ્રતિમાનું કર્તૃત્વ ચામુંડ-રાયના કાળે ચડાવે છે. પણ આપણે અનેક પ્રમાણોથી ઉપર પુરવાર કરી ગયા તે પ્રમાણે ચામુંડરાયે તો આ વીસારે પડેલી પ્રતિમાને શોધી કાઢીને તેને પુનઃ પ્રતિષ્ઠિત કરી છે. એટલે દેખીતી રીતે જ તે ચામુંડરાયની પૂર્વેના કોઇ જૈન નરવીરે બનાવરાવેલી હોવી જોઇએ.

૨. ગોમ્મટેશ્વરની પ્રતિમા જો ચામુંડરાયની પૂર્વે બનેલી હોવાનું માન્ય રાખીએ તો તે પ્રાચીન કાળમાં બનેલી હોવી જોઇએ. કેમકે દશમી સદીના પૂર્વાર્ધ સુધી તો તે સાવ વીસારે પડી ગઇ હતી અને ગિરિ-ગવ્હર-નિવાસી વન-માનવો કે ઇતિહાસજ્ઞ મુનિવરો સિવાય અન્ય કોઇને તો તેના અસ્તિત્વનો ખ્યાલ પણ નહોતો. એ દૃષ્ટિએ શ્રવણ બેલ્ગોલ નગરના વસાવનાર તેમજ વિન્ધ્યગિરિ અને ચન્દ્રગિરિને તીર્થસ્થાનકો તરીકે સ્થાપનાર જૈન સમ્રાટ ભારકરે જ તે કોતરાવી હોય તે વિશેષ સંભવિત છે.

૩. સમ્રાટ ભારકર શ્વેતાંબર જૈન સાહિત્યમાં સંપ્રતિના નામે મશહૂર છે, અને ઇતિહાસક્ષેત્રમાં તે પ્રિયદર્શીના નામે વિખ્યાત છે. કાળનો પ્રવાહ જેને સહેજ પણ ઇજા ન પહોંચાડી શકે એવી પચાશ પચાશ ફીટ કે તેકરતાં પણ વિશેષ ઊંચાઇની શિલામય કૃતિઓ

ઊભી કરાવવાનો યશ તેનાજ ફાળે જાય છે. તેણે ઊભા કરાવરાવેલા સ્થંભો સિવાય આટલી ઊંચાઇની બીજી કોઇ પ્રાચીન કૃતિઓ વિશ્વમાં આજે સાંપડતી નથી. પ્રિયદર્શીના સ્થંભોની જેમ જ ગોમ્મટેશ્વરની પ્રતિમા અખંડ શિલારૂપમાં છે, પ્રિયદર્શીના સ્થંભોની જેમ જ તે ૫૦–૬૦ ફીટની ઊંચાઇ ધરાવે છે, પ્રિયદર્શીના સ્થંભોની જેમ જ આજે હજારો વર્ષથી તે અણનમ ઊભેલી છે અને પ્રિયદર્શીના સ્થંભોને જેમ વરસાદ, વાવાઝોડાં, તાપ કે કાળનો પ્રવાહ ઘસારો પહોંચાડી શકેલ નથી તેમ આ મૂર્તિને પણ કુદરતનું તાંડવ સ્પર્શી શકેલ નથી. જે કારીગરી પ્રિયદર્શીના સ્થંભોમાં દર્શન દે છે એજ કારીગરી આ પ્રતિમામાં વ્યકત થાય છે.

૪. સંપ્રતિની પૂર્વે આ પ્રતિમા કોતરાઇને અહીં ખડી કરાયલ હોવાનો તો કોઇ સંભવ નથી. કેમકે ભદ્રબાહુસ્વામી અને પ્રભાચંદ્ર (ચંદ્રગુપ્ત) ના નિવાસથીજ આ ભૂમિની પ્રથમ સ્મરણીયતા અંકાણી છે અને સંપ્રતિએ તેની તીર્થ તરીકે સ્થાપના કરી છે. અને ચામુંડરાયે મૂર્તિ કોતરાવરાવી નથી, પણ તેની પુનઃ પ્રતિષ્ઠા જ કરી છે તે તો આપણે ઉપર અવલોકી ગયા. એટલે જો મૂર્તિ સંપ્રતિએ કોતરાવરાવી નથી એમ કહેવું હોય તો તે સંપ્રતિની પછીના અને ચામુંડરાયની ખૂબજ પૂર્વેના કોઇ જૈન નરવીરે કોતરાવરાવી છે એમ કહેવું જોઇએ. પણ વિન્ધ્યગિરિ, ચન્દ્રગિરિ અને શ્રવણ બેલગોલ સાથે સંબંધ ધરાવતા જૈન નૃપતિઓમાં અથવા તો આવી વિરાટકાય પ્રતિમા કોતરાવી શકે તેવા નરવીરોમાં સંપ્રતિની પછી ચામુંડરાયનું જ નામ મળે છે. એટલે તે મૂર્તિ સંપ્રતિને જ આભારી જણાય છે.

૫. કલા–કોતરણીમાં ભારતના મધ્યકાલીન કારીગરો પ્રાચીન કારીગરો સાથે હરીફાઇ કરી શકે છે. પણ શિલ્પકામ કૃતિઓમાં તેઓ એવી કુશળતા દાખવી હોય નહીં. ભારતવર્ષની પ્રાચીન ભવ્ય કૃતિઓ મૌર્ય સામ્રાજ્યને જ આભારી છે. મધ્યકાળમાં મૌર્યકાલીન સ્થાપત્યનું અનુકરણ થયું છે, પણ તેમાં મૌલિકતા અને [illegible] ઓછી થતી જાય છે. તે [illegible] સામ્રાજ્યનું [illegible] અને મનોહર કલાના ત્રિવેણીસંગમ સમી ગોમ્મટેશ્વરની પ્રતિમા સર્જવાનું કાર્ય મૌર્યકાલ પછીના કારીગરોને માટે અસંભવિત છે.

આ સંયોગોમાં ગોમ્મટેશ્વરની પ્રતિમાનું સર્જન આપણે જો સંપ્રતિના ફાળે નોંધીએ તો તે પ્રમાણરહિત નહિ જ ગણાય.

હવે જો ગોમ્મટેશ્વરની પ્રતિમા સંપ્રતિએજ કોતરાવરાવેલી છે એ વિધાનને આપણે સ્વીકારી લઇએ તો પછી એ પ્રતિમા સંપ્રતિએ કોના સ્મરણમાં કોતરાવરાવી હશે એ પણ વિચારી લેવું જોઇએ.

આજે આ પ્રતિમાને ભગવાન ઋષભદેવના પુત્ર બાહુબલીની પ્રતિમા તરીકે માનવામાં આવે છે. પણ એ મંતવ્યની પાછળની મુખ્ય ભૂમિકા એ છે કે ચામુંડરાય પોદનપુરમાં ભરતે ભરાવરાવેલી બાહુબલીની ૫૨૫ ધનુષ્ય ઊંચી પ્રતિમાનાં દર્શન કરવાને નીકળ્યો હતો, પણ ત્યાં પહોંચવાનું અસંભવિત બન્યું અને માર્ગમાં તેને દૈવયોગથી અથવા અકસ્માતથી ૧૮ ધનુષ્ય ઊંચી આ પ્રતિમા મળી આવી. એટલે આ પ્રતિમાને બાહુબલીની કલ્પી લેવામાં આવી. પરંતુ સંપ્રતિએ મૂર્તિ કોતરાવતી વખતે તે ભગવાન ઋષભદેવના પુત્ર બાહુબલી લેખેજ કોતરાવી હશે કે કોઇ અન્યની ગણતરીએ તે વિચારી લેવું જોઇએ.

### ગોમ્મટેશ્વરની પ્રતિમા ભદ્રબાહુસ્વામીની હોવાનાં કારણો

શિલાલેખોમાં અને દિગંબર જૈન શાસ્ત્રોમાં આ પ્રતિમાને માટે 'ભુજબલી,' 'ગોમ્મટેશ્વર,' અને 'દક્ષુટેશ્વર'એ ત્રણ નામ મળી આવે છે. તેમાં 'ભુજબલી' એ નામ બાહુબલીનું સૂચક છે એમ માનીને વિદ્વાનો આ પ્રતિમાને ભગવાન ઋષભદેવના પુત્ર બાહુબલીની પ્રતિમા કલ્પી લે છે. પણ બીજી બાજુ સન ૧૧૨૮ ના ૫૪ નંબરના શિલાલેખમાં 'ભુજબલી'–યાને 'બાહુબલી' એ વિશેષણ શ્રી ભદ્રબાહુસ્વામીને માટે પણ વપરાયેલ નજરે પડે છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે–'મોહમલ્લને હણવામાં બળવાન બાહુ ધરાવતા (Stout of arm in subduing the pride of the great wrestler igno-

rance–The Jain Antiquary Vol. V. No. IV) એવા શ્રી ભદ્રબાહુસ્વામીનો મહિમા અવર્ણનીય છે.'૪૬

ગોમ્મટેશ્વરની પ્રતિમાની પુનઃ પ્રતિષ્ઠા કરનાર વીરમંત્રી ચામુંડરાયને તેના વિવિધ સદ્ગુણો અને શકિતના કારણે 'વીરમાર્તંડ,' 'રણરંગસિંહ,' 'ત્રિભુવન વીર,' 'વૈરી-કુલકાલદંડ,' 'ભુજવિક્રમ,' 'ચલદંકગંગ,' 'સમર-પરશુરામ', 'પ્રતિપક્ષ રાક્ષસ,' 'ભટમારિ,' 'ગુણવં-કાવ,' 'સમ્યકત્વ રત્નાકર,' 'શૌચાભરણ,' 'સત્ય યુધિ-ષ્ઠિર,' 'સુભટચુડામણિ,' 'કવિજન શેખર' તથા 'ગોમટ' (કામદેવ) આદિ ઉપાધિઓ મળી હતી. વિન્ધ્યગિરિની વિરાટકાય મૂર્તિનું 'ગોમટેશ્વર' નામ ચામુંડરાયની આ 'ગોમટ' ઉપાધિને આભારી હોવા વિશેષ સંભવ છે.૪૭ કેમકે અકસ્માતથી પ્રતિમા મળી આવવાથી તે કોની ..તિમા છે તે તરત નિશ્ચિત ન થઇ શક્યું હોય અને રણામે તે પ્રતિમાને 'ગોમ્મટેશ્વર' (ગોમટ–ચામુંડરાયના ષર) નામ બક્ષાયું હોય,

આ વિરાટકાય પ્રતિમા ઘણા સમય લગી જંગલમાં અણજાણ પડી રહી. પરિણામે તેની આસપાસ અનેક રાફડા લાગી ગયા. એ પ્રદેશમાં કુક્કુટ સર્પો વિશેષ પ્રમાણમાં હોઇને તે પ્રતિમાની આસપાસ ફરવા લાગ્યા. પરિણામે પ્રતિમા 'કુક્કુટેશ્વર'ના નામે પણ ઓળખાવા લાગી.૪૮

આ રીતે 'ભુજબલી,' 'ગોમ્મટેશ્વર' અને 'કુક્કુટેશ્વર' એ ત્રણમાંથી એકે નામ આ પ્રતિમા બાહુબલીની છે એમ પુરવાર કરવામાં મદદગાર બનતું નથી. ઊલટું કેટલીક હદે તે એની વિરૂદ્ધમાં ઊભાં રહે છે. પ્રતિમાનું 'ગોમ્મટેશ્વર' નામ એમ સૂચવે છે કે એ પ્રતિમા કોની છે તે નિશ્ચિત ન હોઇને તેને 'ગોમ્મટેશ્વર' (ગોમટના ઇશ્વર) એ નામ અપાયું હશે. એજ રીતે 'કુક્કુટેશ્વર' નામ એમ સૂચવે છે કે એ પ્રતિમા ઘણા સમય લગી જંગલમાં અપૂજ સ્થિતિમાં દટાઇ રહેવાથી તેની આસપાસ કુક્કુટ. સર્પો ફરી વળ્યા હતા. અને ચામુંડરાયના સમયથી તો તે પ્રતિમા સતત પુજાતી આવી છે. એટલે આ શબ્દ તેને ચામુંડરાયના સમય પૂર્વેની પુરવાર કરવામાં મદદગાર બને છે. અને 'ભુજ-બલી' વિશેષણ તો જેમ ભગવાન ઋષભદેવના પુત્ર બાહુબલીનું છે તેમ અંતિમ શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામી પણ એ વિશેષણથી ઓળખાતા હતા.

ઉપરોકત દલીલો પછી વાચકોના દિલમાં એક પ્રશ્ન ઊઠે તે સાવ સ્વાભાવિક છે; અને તે એ કે ' આ પ્રતિમા બાહુબલીની નથી તો કોની છે ? ' અહીં તેનો ઉત્તર આપવો જ જોઇએ.

આ પ્રતિમા ચામુંડરાયે નહિ પણ સંપ્રતિએ કોતરાવરાવેલી છે તે તો આપણે ઉપર પુરવાર કરી ગયા છીએ. હવે સંપ્રતિએ જે સંયોગોમાં આ પ્રતિમા કોતરાવરાવી તે શું સૂચવે છે તે પણ આપણે વિચારી જઇએ.

કટવપ્ર (ચન્દ્રગિરિ) પર શ્રી ભદ્રબાહુસ્વામી અને ચંદ્રગુપ્ત મૌર્ય સ્વર્ગે સિધાવ્યા હોવાથી સમ્રાટ સંપ્રતિ (ભાસ્કર) એ પ્રદેશની યાત્રાએ આવેલ છે. ચન્દ્રગુપ્ત તેનો પ્રપિતામહ છે; ભદ્રબાહુસ્વામી એ પ્રપિતામહના ગુરુ અને જૈન ધર્મના અંતિમ શ્રુત કેવલી છે. સંપ્રતિ તે બંનેની મૃત્યુભૂમિને તીર્થ તરીકે સ્થાપી ત્યાં સરોવર૪૯

(૪૬) ચરણેદ્ર કૂપન્નુ મહિમા માન મદ્રવાહોર। મ્નોદોદ–મલ્લ–મદ–મર્દન–વૃત્ત–વાહોદ્। શ્રવણ બેલ્ગોલ–શિલાલેખ નં–૫૪ ઇ. સ. ૧૧૧૮

(૪૭) ચામુણ્ડરાય કા દૂસરા નામ 'ગોમટ' થા, ઇસ લિયે ઇસ મૂર્તિ કા નામ 'ગોમ્મટેશ્વર' પડા। જૈન–સિદ્ધાંત–ભાસ્કર [ શ્રવન–બેલ્ગોલ– મસ્તકાભિષેક–વિશેષાંક ]

(૪૮) The region around the image having become infested with innumerable Kukkuta-sa pas ( fowls with serpent heads ) the statue ca to be known as Kukkutesvara. The Jain Antiquary Vol. V. No

(૪૯) યાત્રિકોની સગવડ જાળવવાને માટે તીર્થભૂમિમાં સરોવરો બંધાવવાની પ્રથા અતિ પ્રાચીન કાળથી ચાલી આ સમ્રાટ ચન્દ્રગુપ્ત મૌર્યે ગિરનાર પર્વતની તળેટીમાં આવું બંધાવરાવેલું, જે ' સુદર્શન સરોવર ' ના નામે પ્રસિદ્ધ છે અને એના શિલાલેખયુક્ત અવશેષો આજે પણ મળી

સંપ્રતિએ બનાવરાવેલા સ્તૂપો, ઊભા કરાવરાવેલા સ્થંભો, ભરાવરાવેલી જિનમૂર્તિઓ, ચણાવરાવેલા જિન-પ્રાસાદો ને કોતરાવરાવેલી વિરાટકાય મૂર્તિઓ આદિનું આપણે ઉપરના પરિચ્છેદોમાં અવલોકન કરી ગયા. હવે એ કૃતિઓ ઉપરાંત તેણે નગરો, ધર્મશાળાઓ, દાનશાળા, પાંજરાપોળો, દવાખાનાં, વાવ, કૂવા, સરોવરો, ગુફાઓ, રાજમાર્ગો આદિ બાંધકામોમાં જે હિસ્સો નોંધાવરાવેલો છે તેના પર દૃષ્ટિપાત કરી લઈએ.

સંપ્રતિએ નગરો તો અનેક બંધાવ્યાં હશે, પણ આજે તો તેમાંથી શ્રવણ બેલ્ગોલ, શ્રીનગર અને દેવપટ્ટણ એ ત્રણના જ પુરાવાઓ સાંપડે છે; એટલે આપણે તે ત્રણના અવલોકનથી જ સંતોષ માનવો પડશે.

### સંપ્રતિએ સ્થાપેલાં ત્રણ નગરો

શ્રવણ બેલ્ગોલ એ મ્હૈસુર રાજ્યના હાસન જીલ્લામાં, ચેન્નરાયપટ્ટણ તાલુકામાં, વિન્ધ્યગિરિ અને ચન્દ્રગિરિ નામે બે ટેકરીઓની વચ્ચે આવેલું નગર છે. અંતિમ શ્રુતકેવલી શ્રીભદ્રબાહુસ્વામી અને સમ્રાટ ચન્દ્રગુપ્તે આ ટેકરીઓ પર પોતાના અંતિમ દિવસો ગાળેલા એટલે આ સ્થળને તીર્થભૂમિ ગણીને સમ્રાટ સંપ્રતિ અહીં યાત્રાએ આવેલો. અને તીર્થભૂમિ તરીકે જ આ સ્થળને અમર બનાવવાને તેણે અહીં નગર વસાવ્યું[1], સરોવર ખોદાવરાવ્યું, સેંકડો ચૈત્યો બનાવરાવ્યાં, ને પોતાના આગમનને લગતો લેખ કોતરાવ્યો. તેમાંથી નગર, સરોવર, લેખ આદિ આજે હયાત છે અને તે નગરનાં સંખ્યાબંધ મંદિરોમાંનાં કેટલાંકમાં તેના સમયનાં અવશેષો અથવા સ્મૃતિઓ નજરે પણ ચડે છે.

આજે આ નગરમાં ભંડારી બસ્તી, અક્કન બસ્તી, સિધ્ધાન્ત બસ્તી, દાનશાલે બસ્તી, નગર જિનાલય, મંગાયિ બસ્તી, જૈન મઠ આદિ જૈન સ્થાનકો નોંધપાત્ર છે. તેમાંથી સિદ્ધાન્ત બસ્તી સંબંધમાં એમ કહેવાય છે કે પ્રાચીન કાળમાં ત્યાં જૈન સિદ્ધાંત-ગ્રન્થો સચવાતા હતા એટલે તેનું નામ સિદ્ધાંત બસ્તી રખાયું[2]. દાનશાલે બસ્તીનું નામ પણ સંપ્રતિએ ત્યાં શરૂ કરેલી દાનશાળાને આભારી હોવા સંભવ છે.

કાશ્મીરના ઇતિહાસમાં જણાવાયા પ્રમાણે, 'ધર્માશોકે કાશ્મીરમાં જૈન ધર્મનો પ્રભાવ ફેલાવ્યો; તેણે શ્રીનગરની સ્થાપના કરી અને ત્યાં ૫૦૦ જિનચૈત્યો અને બીજાં અનેક જૈન સ્મારકો બનાવરાવ્યાં.'[3] આપણે આ ગ્રન્થના પ્રથમ ખંડમાં પુરવાર કરી ગયા (પૃ. ૩૯ ફૂ. નો. ૩૫-૩૬) તે પ્રમાણે ધર્માશોક એ સંપ્રતિનું જ ઉપનામ છે. તેણે જ કાશ્મીરમાં જૈન ધર્મનો ફેલાવો કરેલો. એટલે સ્વાભાવિક રીતે જ આજ લગી પણ કાશ્મીરના પાટનગર તરીકે જળવાઈ રહેલા અને વિશ્વનું નંદનવન લેખાતા શ્રીનગરનો વસાવનાર સંપ્રતિ ઠરે છે.

---


(૧) ...it came to be a memorial hill enshrining the remains of the last of the srutakevalis, Bhadrabahu of the Jain Sampradaya. From its also having been the shrine of the remains of Prabhachandra (Emperor Chandragupta), this single disciple of Bhadrabahu, it came to be visited by King Bhaskar (Samprati) Maurya, his grandson (the attendants of King Bhaskar were Swetambaras), who built Chaityalayas over [illegible] in the village at the bottom of these hills and that he built even the village also and named it Belugola.

The Jain Antiquary Vol. V, No. IV

(૨) सिद्धान्तग्रन्थ यहीं रखे जाने के कारण पूर्वोक्त बस्ति का नाम सिद्धान्त बस्ति पड़ा तथा पीछे यहीं से वे ग्रन्थ मूडबिद्री गये।

जैन सिद्धांत भास्कर [ श्रवण-बेल्गोल-शिलालेख विशेषांक ] पृ. १०१

(૩) [illegible]



# તૃતીય પરિચ્છેદ

## નગરો, ધર્મશાળાઓ, દાનશાળાઓ, પાંજરાપોળો, વાવ, કૂવા, સરોવરો, ગુફાઓ, રાજમાર્ગો આદિ બાંધકામો

સાર—

આ પરિચ્છેદમાં સંપ્રતિએ બંધાવરાવેલાં શ્રવણ બેલ્ગોલ, શ્રીનગર ને દેવપટ્ટણ એ ત્રણ નગરોની હકીકત આપવામાં આવી છે. તેણે બંધાવરાવેલી લાખો ધર્મશાળાઓ, દાનશાળાઓ, દવાખાનાં અને પાંજરાપોળોનાં સાહિત્યિક તેમજ શિલાલેખીય પ્રમાણો આપવામાં આવ્યાં છે; એ જ રીતે તેણે ચણાવરાવેલ હજારો વાવ–કૂવાઓનાં સાહિત્યિક તેમજ શિલાલેખીય પ્રમાણો રજૂ કરાયાં છે; તેણે બંધાવરાવેલ શ્વેત–સરોવર અને કુણાલ–સરોવરની વિગત વર્ણવવામાં આવી છે. ને અંતમાં તપસ્વીઓના નિવાસને માટે તેણે બનાવરાવેલી ગુફાઓ ને પ્રવાસીઓની સવલતને માટે તૈયાર કરાવરાવેલા વૃક્ષહારયુક્ત ભવ્ય રાજમાર્ગોનો ઈતિહાસ વર્ણવીને પુરવાર કરવામાં આવ્યું છે કે સ્થંભો ઊભા કરાવવામાં, મૂર્તિઓ ભરાવવામાં, મંદિરો ચણાવવામાં અને વિરાટકાય મૂર્તિઓ કોતરાવવામાં સંપ્રતિ (પ્રિયદર્શી) જેમ ઇતિહાસમાં અજોડ છે તેમ આ બધાં કાર્યોમાં પણ તે ભવ્યતા તેમજ વિપુલતાની દૃષ્ટિએ હજી લગી તો ઇતિહાસભરમાં અજોડ છે.

સમ્રાટ ભાસ્કરે (સંપ્રતિએ) બંધાવ્યું હતું એ જ રીતે નગરની મધ્યમાંનું શ્વેત સરોવર પણ તેણે બંધાવરાવેલું છે.[17] આ સ્થળે સરોવર બંધાવવાની પાછળ આશય એ હતો કે અહીંની ટેકરીઓ પર અંતિમ જૈન શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામી અને સંપ્રતિના પ્રપિતામહ સમ્રાટ ચન્દ્રગુપ્ત સ્વર્ગવાસ પામેલા, તેમના સ્મરણમાં સંપ્રતિએ આ સ્થળની તીર્થભૂમિ તરીકે સ્થાપના કરી અને યાત્રિકોની સગવડતાને ખાતર, તેના પ્રપિતામહ ચન્દ્રગુપ્તે જેમ ગિરનારની તલેટીમાં સરોવર બંધાવ્યું હતું તેમ, તેણે વિન્ધ્યગિરિની તલેટીમાં આ સરોવર બંધાવ્યું. એ સરોવર, સરોવરની આસપાસ નગર અને નગરની બંને બાજુ ટેકરીઓનું દૃશ્ય એટલું સુરમ્ય છે કે આ સ્થળે પ્રકૃતિ અને ઇતિહાસનો અદ્ભુત સુમેળ સધાતો જણાય છે.

સંપ્રતિએ હિમાલય-પ્રદેશમાં પણ એક સરોવર ખોદાવેલું, અને તેને પોતાના પિતાની યાદમાં કુણાલ નામ આપેલું. તે સરોવરની નોંધો 'અંગુત્તર નિકાય' (પુ. ૪, પૃ. ૧૦૧); 'મનોરથ પૂરણી' (પુ. ૨, પૃ. ૭૫૯) તથા 'પરમાથ્થજોતિક' (પુ. ૨, પૃ. ૪૪૩) આદિ શાસ્ત્રીય ગ્રન્થોમાં મળી આવે છે.

સંપ્રતિએ ખોદાવરાવેલી નહેરોની ચોક્કસ હકીકતો સાંપડતી નથી. પરંતુ ખારવેલના શિલાલેખથી જણાય છે કે નંદ તેમજ મૌર્ય(?)યુગમાં નહેરો ખોદાવવાની પ્રથા પ્રચારમાં હતી. તે સંયોગોમાં મૌર્ય રાજવંશના મુગટ-મણિ સમા સમ્રાટ પ્રિયદર્શીએ નહેરો ખોદાવી હોય તે અસ્વાભાવિક નથી જણાતું.

### ગુફાઓ

સંપ્રતિએ કુલ ગુફાઓ કેટલી કોતરાવરાવી હશે તેનો ચોક્કસ આંક કાઢવાનું મુશ્કેલ છે પણ ગયાની નજીકમાં, બરાબર અને નાગાર્જુન ટેકરીઓમાં આજે જે મૌર્યકાલીન સાત ગુફાઓ મળી આવે છે તે તો સંપ્રતિની હોવાનો પૂરતો સંભવ છે. એ સાતમાંની ચાર ગુફાઓ બરાબર ટેકરીમાં આવેલી છે અને ત્રણ નાગાર્જુન ટેકરી પર શોભે છે. બરાબર ગિરિની ચાર ગુફાઓમાંથી ત્રણમાં તો સંપ્રતિના પોતાના લેખો છે અને તેમાં તે આજીવિકોને ભેટ આપ્યાની હકીકત છે. (જુઓ પૃ. ૧૯૮-૯૯) ચોથી ગુફા પ્રથમની ત્રણને મળતી જ જણાય છે પણ તેમાં એકે મૌર્યકાલીન લેખ નથી. નાગાર્જુન ગિરિની ત્રણે ગુફાઓમાં દેવાનાંપ્રિય (પ્રિયદર્શી-સંપ્રતિ)ના ઉત્તરાધિકારી ને પુત્ર દશરથના લેખો મળી આવે છે અને તેમાં પણ તે ત્રણે ગુફાઓ આજીવિકોને ભેટ આપ્યાની વિગત છે.

આ સાતે ગુફાઓ સખત પત્થરમાંથી કોતરી કાઢેલી છે. તેમાંની સૌથી મોટી ગુફા નાગાર્જુન ટેકરી પર આવેલી છે અને તે ગોપિકા ગુફાને નામે ઓળખાય છે. તે ચાળીશ ફીટ પાંચ ઈંચ લાંબી, સત્તર ફીટ બે ઈંચ પહોળી અને સાડા ૭ ફીટ ઊંચી છે.

બરાબર-ગિરિમાંની પહેલી ગુફા કર્ણ-ચોપર-ગુફાના નામે ઓળખાય છે અને તે સાડા તેત્રીશ ફીટ લાંબી, ચૌદ ફીટ પહોળી અને ૭ ફીટ એક ઈંચ ઊંચી છે. બીજી ગુફા સુદામા-ગુફાના નામે ઓળખાય છે અને તેમાં એક બહારનો અને બીજો અંદરનો એમ બે ખંડ આવેલા છે. તેમાં બહારનો ખંડ પોણા તેત્રીશ ફીટ લાંબો, સાડા ઓગણીસ ફીટ પહોળો ને પોણા સાત ફીટ ઊંચો છે. આ બંને ગુફાઓમાં પ્રિયદર્શીના લેખો મળી આવે છે. ત્રીજી ગુફા લોમશ-ઋષિ ગુફાના નામે ઓળખાય છે. તેમાં પ્રિયદર્શિનો લેખ નથી મળતો પણ મધ્યકાલીન નૃપતિ મૌખરી અનંતવર્મનનો લેખ મળી આવે છે. ચોથી ગુફા વિશ્વામિત્ર-ગુફાના નામે ઓળખાય છે અને તેમાં પણ બહારનો અને અંદરનો એવા બે ખંડ છે. તેમાં સમ્રાટ પ્રિયદર્શિનો લેખ છે પણ બંને ખંડ કંઈક અપૂર્ણ દશામાં જણાય છે.

આ સાત ગુફાઓમાંથી નાગાર્જુન ટેકરી પરની ત્રણ ગુફાઓ કદાચ સંપ્રતિના પુત્ર દશરથના નામે ચડાવીએ તો પણ બરાબરગિરિ પરની ચારે ગુફાઓ તો સંપ્રતિની હોવા સંબંધમાં શંકાને કશું જ સ્થા

---

(૧૭) King Bhaskara built the 'White lak in the village at the bottom of these hills.

ભારતીય ગણનાનુસાર હિંદના ઇતિહાસનો ખરો પાયો

ભગવાન બુદ્ધ અને મહાવીરના નિર્વાણ પછી મગધના સિંહાસને અજાતશત્રુ (કોણિક) અને ઉદયને રાજ્ય કર્યું. (તે સર્વેના સમયની ચર્ચા માટે જુઓ આ જ પુસ્તકમાં 'કાલનિર્ણય'નું પ્રકરણ).

તે પછી મગધનું રાજ્ય નંદોના હાથમાં ચાલ્યું ગયું. નંદોએ સો વર્ષ લગી રાજ્ય કર્યું. તેમાં છેલ્લો નંદ (મહાનંદ અથવા ધનનંદના નામે ઓળખાયલો નંદ નવમો) ઇ. સ. પૂર્વે ૪૧૫ માં મગધના સિંહાસને બેઠો. ધનનંદને શકટાળ નામે મહામંત્રી હતો. દુશ્મનોની ભંભેરણીથી ધનનંદ પોતાના એ વફાદાર મંત્રી પ્રત્યે

---

રાજ્યનો હતો. તેની સાથે સેલ્યુકસને યુદ્ધ થયું અને તેમાં સેલ્યુકસને જ સંધિ કરવી પડી, તેણે પોતાની પુત્રી સેંડ્રેકોટસ વેરે પરણાવી. સંધિ અનુસાર વ્યવસ્થા સ્થાપી અને પછી એન્ટીગોનસ સામેની તકરાર પતાવવાને તે સ્વદેશ પાછો ફર્યો.'

ઉપરના વૃત્તાંતમાં એવું કોઇ જ વિશિષ્ટ તત્ત્વ નથી કે જેથી સેન્ડ્રેકોટસ એટલે ચન્દ્રગુપ્ત મૌર્ય એમ માનવાને કારણ મળે. આક્રમણકારી સેનાપતિઓ કે નૃપતિઓને ઉદ્દેશીને તેમની સમક્ષ આક્રમણનો ભોગ બનેલ દેશોના રાજવીઓ, પ્રજા, સંસ્કૃતિ વગેરે સંબંધમાં ચિત્રવિચિત્ર અહેવાલો રજૂ કરવામાં આવે છે એ વાત જાણીતી છે. બીજી બાજુ પ્રસિદ્ધ ઇતિહાસકાર સી. રોલીન આદિનું એમ માનવું છે કે—હિંદમાં એમ વિક્રમ સંબંધમાં અનેક વાતો પહેલી વખતમાં આવી છે તેમ 'મધ્યયુગના ગ્રીસમાં એલેક્ઝાંડર [illegible] અનેક દંતકથાઓ જોડી કાઢવામાં આવી છે. બાકી તો તપે હિંદમાં [illegible] વિજય મેળવ્યો નથી અને મગધ કે સંઆનની હયાતિ વિષે તો તેને કંઇ ખ્યાલ પણ નહોતો.' અને હિંદી સાહિત્યમાં એલેક્ઝાંડર જેવા કોઇ નામ નથી મળતી તે જોતાં સી. રોલીનનો આ મત સાચો હોવાનો પૂરેપૂરો સંભવ છે.

એ ઉપરની દંતકથાને એક વખત પ્રામાણિક માની લઇએ તો પણ તેમાં ઐતિહાસિક તત્ત્વ શું છે? [illegible] પાલીબોથ્રાનો રાજા કહ્યો છે અને [illegible] 'સન્ડ્રોકોટસ' શબ્દ છે તે પરથી [illegible] સન્ડ્રોકોટસ એટલે ચન્દ્રગુપ્ત અને પાલીબોથ્રા [illegible] એટલે પાટલીપુત્ર એમ બેસાડી દેવો છે પણ તે વિષેનો [illegible] પુરાવો [illegible] સમર્થન આપતો નથી.

[illegible] 'ઝન્ડ્રુસ' શબ્દ 'Pompei Trogus' [illegible] પણ [illegible] 'એલેક્ઝાંડર' શબ્દ [illegible] 'Alexandrum' [illegible] The [illegible]

[illegible]

ઝાંડરના આક્રમણ વખતે પ્રાસી (મગધ)નો જે રાજા હતો તેને ગ્રીક દંતકથાઓમાં જ ઝેન્ડ્રુમસ અથવા અગ્રમ્મસ તરીકે ઓળખાવેલ છે, અને ભારતીય સાહિત્યાધારે પણ નંદનું અપમાન ચાણક્યે કર્યું હતું. ચન્દ્રગુપ્ત સાથે તેને કંઇ સંબંધ નથી. અને ઉપરનો પ્રસંગ જેટલી હદે નંદ અને ચન્દ્રગુપ્ત સાથે બંધબેસતો કરાય છે, તે કરતાં પણ સુસીમ અને સંપ્રતિ-અશોક વચ્ચે વધારે બંધબેસતો થઇ શકે છે, કેમકે બિન્દુસારના બે મહત્ત્વના પુત્રો—સુસીમ અને અશોક—માં યુવરાજ સુસીમ હતો અને નાનો છતાં તેજસ્વી પુત્ર અશોક સામાન્ય કન્યાને પેટે જન્મ્યો હતો. ['અશોકાવદાન' ને 'દિવ્યાવદાન' માં જણાવ્યા પ્રમાણે—ચંપાનગરના એક જ્યોતિષી બ્રાહ્મણને પોતાની પુત્રીના ભાગ્યમાં રાજરાણી અને રાજમાતાનું પદ જણાતાં તેણે તેને દાસી તરીકે બિન્દુસારના અન્તઃપુરમાં મોકલાવી. તેનું રૂપ જોઇને રાણીઓને ઇર્ષા આવી અને તેમણે તેને હલકી ગણાવી. એક દિવસે બિન્દુસારની હજામત કરતાં તેણે પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું ને તેના રૂપ પર મોહેલા બિન્દુસારે તેને રાણી બનાવી. તે બિન્દુસારની પ્રિય રાણી બની. અશોકનો જન્મ તે રાણીના પેટે થયો હતો.] પણ શુભ શુકનથી ઉત્તેજને તેનામાં સિંહાસનની તમન્ના જાગી. પરિણામે બિન્દુસારના મરણ પછી જ્યારે સુસીમે રાજ્યની તમામ હાથમાં લીધી ત્યારે અશોકે તેને ઉથલાવી પાડવાની પેરવી કરી. સુસીમે હરાવીને તેને [illegible] કરમાવી. અશોક પાટલીપુત્રથી નાસી ગયો અને પંજાબમાં [illegible] કરના આક્રમણ પ્રસંગે પ્રગટેલી અશાંતિ દબાવીને તેણે પોતાની પ્રતિભા દર્શાવી. પછી સુસીમને ઉથલાવીને તેણે સિંહાસન કબજે કર્યું અને પ્રજા પર દાબ બેસાડવાને તેણે એવો ત્રાસ વર્તાવ્યો કે તેને 'ચંડ' બિરુદ મળ્યું ને તે [illegible] સી.બી.ડી. તે ઉપરાંત ગ્રીક દંતકથા એલેક્ઝાંડરના સમકાલિન [illegible] પ્રાંતના [illegible] તરીકે ઓળખાવે છે ત્યારે ભારતીય [illegible] પુત્ર તરીકે [illegible]

[illegible]

નથી. કેમકે એ ચારે ગુફાઓના કોતરકામમાં મૌર્ય-કાલીન કુશળતા નજરે ચડે છે. અને પહેલી, બીજી અને ચોથી એ ત્રણ ગુફાઓમાં તો સંપ્રતિ (પ્રિયદર્શી)ના લેખો પણ મળી આવે છે. એટલે ત્રીજી ગુફા પણ સ્વાભાવિક રીતે જ તેણે કોતરાવેલી મનાય.

**રાજમાર્ગો**

મૌર્યકાલમાં ભારતનાં પાટનગરોને એકમેક સાથે સાંકળતા રાજમાર્ગો સંખ્યાબંધ બંધાયલા છે. તેમાં સંપ્રતિએ પણ મહત્ત્વનો ફાળો અવશ્ય નોંધાવેલ હોવો જોઈએ. જૈન સાહિત્યમાં સંપ્રતિનાં એવાં સાંસારિક કાર્યોની નોંધ નથી જળવાણી, પણ પોતાના બીજા મુખ્ય શિલાલેખ તેમજ સાતમા મુખ્ય સ્થંભલેખમાં સંપ્રતિ જણાવે છે કે તેણે રાજમાર્ગો પર વૃક્ષો રોપાવ્યાં, અડધા અડધા કોસને અંતરે કૂવાઓ ખોદાવ્યા, ધર્મશાળાઓ ઊભી કરાવી ને આંબાવાડીઓ રોપાવી[૧૮] તે જોતાં જણાય છે કે તેણે રાજમાર્ગ બંધાવેલ હોવા જ જોઈએ. કેમકે ચન્દ્રગુપ્ત અને અશોકે બંધાવરાવેલા રાજમાર્ગો પર તો મહદ્ અંશે એ બધી સગવડતાઓ હતી. સંપ્રતિએ ઉપરોક્ત સગવડતાઓ નવા બંધાવરાવેલા રાજમાર્ગો પર જ સ્થાપેલ હોવી જોઈએ. પરંતુ રાજમાર્ગોના કર્તૃત્વનો સમાવેશ, બંને બાજુ વૃક્ષહારો રોપાવવી, અડધા અડધા કોસને અંતરે કૂવાઓ ખોદાવવા, ધર્મશાળાઓ બનાવવી તથા આંબાવાડીઓ રોપાવવી આદિ સગવડતાઓના ઉલ્લેખમાં થઈ જતો હોઈને તેણે તેનો જુદો ઉલ્લેખ નથી કર્યો.

અને સંપ્રતિની આ બધી કૃતિઓ પર દૃષ્ટિપાત કરતાં જણાય છે કે જેમ ધર્મ અને પરોપકારને લગતાં ઉપરોક્ત બાંધકામોમાં તે અજોડ જણાય છે તેમ રાજમહેલો વગેરે બાંધકામોમાં પણ તેણે અનુપમ ફાળો નોંધાવ્યો જ હશે.

---

(૧૮) [illegible] ... पृ. ११ [illegible] ... । [illegible]

[illegible] ... , पृ. ११०-[illegible]



# ચતુર્થ પરિચ્છેદ

## સિક્કા

સાર—

મૌર્યકાલીન ભારતીય ઇતિહાસની કાલગણનામાં ૫૫ વર્ષની ક્ષતિ દાખલ કરીને પાશ્ચાત્ય વિદ્વાનોએ મૌર્યકાલના સમગ્ર ઇતિહાસને અવ્યવસ્થિત બનાવી મૂકયો છે, ને તે ૫૫ વર્ષની ઉણપ પૂરવાને તેમણે ૫૪ વર્ષ લગી સામ્રાજ્યનું સિંહાસન શોભાવનાર મહાન સંપ્રતિના વ્યક્તિત્વને ઢાંકી દીધું છે. પરિણામે સંપ્રતિની કૃતિઓ ને તેના વ્યક્તિત્વમાંથી કેટલોક ભાગ સંપ્રતિના પુરોગામી અશોક કે તેના અનુગામી દશરથના નામ પર ચડાવી દેવામાં આવ્યો છે ને બાકીના પર પડદો ઢળી જાય છે. એ સંયોગોમાં સંપ્રતિના નામયુક્ત સિક્કાઓ મળવા છતાં પણ તેના પ્રત્યે જોઈતું ધ્યાન અપાયું નથી.

પણ આ ગ્રન્થનો આશય સંપ્રતિના વ્યક્તિત્વ ને તેની કૃતિઓ પર સંપૂર્ણ પ્રકાશ ફેંકવાનો છે. તેમાં સિક્કા, મહોર આદિ પણ મહત્ત્વનો ભાગ ભજવી શકે તેમ છે. એટલે આ પરિચ્છેદમાં, આજે મૌર્ય સમ્રાટોના જે વિવિધ સિક્કાઓ ને મહોરો મળી આવે છે તે સર્વનું સ્પષ્ટ વૃત્તાંત સિધ્ધ કરીને તેમાંથી જે કાંઈ સંપ્રતિનું છે તેની હકીકત વર્ણવવામાં આવી છે.

આ ગ્રન્થના પ્રથમ ખંડમાં આપણે મૌર્ય સમ્રાટ ચન્દ્રગુપ્ત ઇ. સ. પૂ. ૩૭૨ માં મગધના સિંહાસને વિરાજ્યો એ હકીકત તો અનેક શાસ્ત્રીય પ્રમાણોથી પુરવાર કરી ચૂક્યા છીએ. તે જ સાથે આપણે એ પ્રણ જણાવી ગયા છીએ કે કેટલાક પાશ્ચાત્ય ઇતિહાસકારો એ પ્રમાણોની અવગણના કરીને, પરદેશી પ્રવાસીઓની અસ્પષ્ટ નોંધો ને 'સેન્ડ્રેકોટસ' શબ્દના કાલ્પનિક ઉચ્ચાર પર વધારે વજન મૂકી ચન્દ્રગુપ્તને સિકંદરનો સમકાલિક ઠરવે છે અને તેનો રાજ્યાભિષેક ઇ. સ. પૂ. ૩૨૭ થી ૩૨૨ ના ગાળામાં મૂકે છે. પરિણામે મૌર્ય શાસનકાળમાં ૫૫ વર્ષની ઉણપ આવે છે. આ ઉણપ પૂરવાને કેટલાક વિદ્વાનો ૫૪ વર્ષ લગી મૌર્ય સામ્રાજ્યનું સિંહાસન શોભાવનાર સમ્રાટ સંપ્રતિના ઐતિહાસિક વ્યક્તિત્વ પર જ પડદો ઢાંકી દે છે, તો બીજા કેટલાક વિદ્વાનો સંપ્રતિને અખંડ ભારતનો સમ્રાટ ન ગણતાં એમ જણાવે છે કે અશોકની પછી મૌર્ય સામ્રાજ્ય પશ્ચિમ ને પૂર્વ એમ બે વિભાગમાં વ્હેંચાઇ ગયું; તેમાં પશ્ચિમનો શાસક સંપ્રતિ બન્યો ને પૂર્વ ભાગ દશરથને સોંપાયો. ને આ રીતે એકની પછી બીજો એ પ્રમાણે સિંહાસને આવેલા સંપ્રતિ ને દશરથને સમકાલિક ગણી લઇને તેઓ ૫૪-૫૫ વર્ષની ખોટ પૂરે છે. પરિણામે પહેલા પક્ષને સંપ્રતિના વ્યક્તિત્વને પ્રકાશિત કરવાનું જ નથી રહ્યું, જ્યારે બીજા પક્ષને તે અખંડ ભારતનો સમ્રાટ હતો તે વિધાન બંધ બેસતું નથી થતું. એટલે એ બંને પક્ષ સંપ્રતિના પ્રભાવશાળી વ્યક્તિત્વ પર પ્રકાશ ફેંકવામાં પૂરતો રસ નથી દાખવી શકતા. પણ આ ગ્રન્થમાં આપણે તો કોઇ પણ પ્રકારના પૂર્વગ્રહ વિના સંપ્રતિના વ્યક્તિત્વને તેના પૂર બહારમાં દાખવવાનું અને તેની કૃતિઓને સવિસ્તર વર્ણવવાનું કામ હાથ ધર્યું છે એટલે જે કંઇ સંપ્રતિના નામે નોંધાયું હોય તે સર્વની વિચારણા આ પરિચ્છેદોમાં કરી લેવી જોઇએ. તેમાંથી ચાલુ પરિચ્છેદને માટે આપણે સિક્કા-મહોર આદિનો વિષય પસંદ કરેલ છે.

મૌર્ય રાજવંશમાં અનુક્રમે ચન્દ્રગુપ્ત (ઇ. સ. પૂ. ૩૭૨ થી ૩૫૮); બિન્દુસાર (ઇ. સ. પૂ. ૩૫૮ થી ૩૩૦); અશોકવર્ધન (ઇ. સ. પૂ. ૩૩૦ થી ૨૮૯); સંપ્રતિ ઉર્ફે પ્રિયદર્શી (ઇ. સ. પૂ. ૨૮૯ થી ૨૩૫); દેવવર્મન (ઇ. સ. પૂ. ૨૩૫ થી ૨૨૬); વૃષભસેન[1] (ઇ. સ. પૂ. ૨૨૬ થી ૨૧૯); પુષ્યધર્મા (ઇ. સ. પૂ. ૨૧૯ થી ૨૧૩) શતધન્વા (ઇ. સ. પૂ. ૨૧૩ થી ૨૦૬) અને બૃહદ્રથ ઉર્ફે બૃહસ્પતિમિત્ર (ઇ. સ. પૂ. ૨૦૬ થી ૨૦૪) આદિ રાજાઓ થયા છે.

---

(૧) સંપ્રતિ પછીના રાજવીઓ સંબંધમાં જુદા જુદા [illegible] [ इंद्रपालित ... बृहस्पति पुत्रो वृषसेन ... ] [illegible] दिव्यावदान—अ. २९ ] [illegible] [ संप्रति ... इन्द्रपालित, तस्य ... पुत्रो ... ] — मत्स्य पुराण अ. २७२ ] [illegible]

[illegible] [ J. B. O. R. S. Vol. XX. pts. III-IV—p. 279 ]. [illegible] [ Early History of India ] [illegible] [ J. B. O. R. S. Vol. XX. pts. III-IV ] [illegible]

આ બધા મૌર્ય રાજવીઓમાંથી ઘણાખરાના સિક્કા–મહોરો આદિ મળી આવે છે. અહીં તે સર્વ પર દૃષ્ટિપાત કરીને તેમાંથી જે કાંઇ સંપ્રતિનું છે તે જુદું તારવી લઇ તેનું વર્ણન કરવાની ઇચ્છા છે.

**મૌર્યકાલીન રાજચિન્હો**

ગિરિચન્દ્ર (A Hill with Crescent અથવા Moon–on–Hill), હસ્તિ, સ્વસ્તિક અને મોર એ ચાર મૌર્ય રાજવંશનાં પ્રધાન ચિન્હો છે. તેમાંથી ગિરિચન્દ્ર ચિન્હનો ઉપયોગ મૌર્ય રાજવંશના બધા જ નૃપતિઓએ કરેલો છે, છતાં તેની શરૂઆત અને તેનો વિશેષ ઉપયોગ તો ચન્દ્રગુપ્તના જ કાળે જાય છે.૨ હસ્તિ અને સ્વસ્તિકને કેટલાક વિદ્વાનો સમગ્ર મૌર્ય રાજવંશનાં ચિન્હો ગણે છે,૩ પણ આજ લગી જે પ્રમાણો મળી આવે છે તેના પર દૃષ્ટિપાત કરતાં તો તે સમ્રાટ પ્રિયદર્શી યાને સંપ્રતિનાં જ વિશિષ્ટ ચિન્હો હોવાનું જણાઇ આવે છે. ગિરનાર, ધૌલી, કાલ્સી આદિ સ્થળે મુખ્ય શિલાલેખોના અંતમાં સમ્રાટ પ્રિયદર્શીએ હસ્તિ કોતરાવેલ છે.૪ પ્રિયદર્શીના બરાબર–ગિરિના ગુફાલેખના અંતમાં સ્વસ્તિક મળી આવે છે,૫ એટલું જ નહિ પરંતુ સંપ્રતિના સિક્કા પર પણ સ્વસ્તિક મળી આવે છે.૬ આ જોતાં એમ જણાય છે કે હસ્તિ અને સ્વસ્તિકનો વિશિષ્ટ ઉપયોગ તો સમ્રાટ પ્રિયદર્શી યાને સંપ્રતિને જ આભારી છે, પછી તેના ઉત્તરાધિકારી નૃપતિઓએ કદાચ તે ચિન્હોનો પ્રસંગોપાત ઉપયોગ કર્યો હોય, ને તેને મૌર્ય રાજવંશનાં ચિન્હો ગણી લેવાયાં હોય. મોર એ સમગ્ર મૌર્ય રાજવંશનું ચિન્હ છે અને મોટા ભાગના મૌર્ય નૃપતિઓની કૃતિઓ સાથે તે સંકળાયલું છે.૭

---

પુત્રની ગાદીએ દશરથ બેઠા અને અવંતિની ગાદીએ વૃષભસેન બેઠા એ મતને અમે વિશેષ વજનદાર ગણેલ છે.

પરંતુ ઉપરોક્ત મતમાં હવે અમને સહેજ ફેરફાર કરવા જેવો અવકાશ રહેતો હોવાનાં કારણો મળી આવેલ છે. ઉપર જણાવ્યા અનુસાર વૃષભસેન યાને સુભાગસેનનો સમય ઇ. સ. પૂ. ૨૩૫ થી ૨૧૬ નો છે. પણ હવે આ વૃષભસેન યાને સુભાગસેનના સિક્કાઓ મળી આવે છે અને તે ઇ. સ. પૂ. ૨૨૩ થી ૧૯૫ લગી શાસન ચલાવનાર સીરિયનપતિ એન્ટીયોકસ ત્રીજાનો સમકાલિક હોવાના પુરાવાઓ પણ મળી આવે છે. (J. B. O. R. S. Vol. XX, pts. III–IV) એટલે 'દિવ્યાવદાન'ના મતને અનુસરીને અમે એમ માનવાને પ્રેરાયા છીએ કે કદાચ સંપ્રતિની પછી અવંતિની ગાદીએ બૃહસ્પતિમિત્ર આવ્યો હોય અને તેના સાત વર્ષના શાસનકાળ પછી વૃષભસેન યાને સુભાગસેન ઇ. સ. પૂ. ૨૨૮ માં સિંહાસને આવ્યો હોય. તેનો શાસનકાળ ઇ. સ. પૂ. ૨૨૮ થી ૨૧૬ લગીનો ગણી શકાય અને તે એન્ટીયોકસ ત્રીજા–ની સાથે સંપૂર્ણ મેળ ખાય છે.

(૨)...a Hill with Crescent on the top, has been shown by Mr. Jayaswal from an examination of more than a thousand Cast coins found at Patna (the ancient Pataliputra), and from a number of coins of the Mauryan Dynasty, found at other places in Northern India, to be the distinctive personal mark (rajanka) of Chandragupta, and adopted as a distinctive Mark on his coins throughout the empire, and continued by all his successors.

Memoirs of the Archaeological Survey of India 34–No. 59

...the Moon–on–Hill, which I have identified as the monogram of Chandragupta Maurya (E. I. XXI, and my Barcda speech).

K. P. Jayaswal.
J. B. O. R. S. Vol. XX, pt. 1

(૩) The symbols are Mauryan, the hill–with–crescent, elephant with tusks and svastika. p. 282.

J. B. O. R. S. Vol. XX, pts. III–IV.

(૪) જુઓ પૃ. ૧૧. ૯૯.

(૫) જુઓ પૃ. ૧૯૮

(૬) The Journal of the Bihar and Orissa Research Society. Vol. XX, pts. III–IV, plate–I.

(૭) કુમ્હારના મૌર્યકાલીન શિલાસ્તંભના નીચેના ભાગમાં મોરની કલગી સાથે ગરૂડની આકૃતિ કોતરાયલી છે. પ્રિયદર્શીના સ્થંભોના ઊંટાણમાંથી પણ મોરની આકૃતિ મળી આવે છે. (જુઓ પૃ. ૨૫૯. ટી. નો. ૧૪૩) એ જોતાં જણાય છે કે મૌર્ય રાજવંશે પોતાના એક વિશિષ્ટ રાજચિન્હ તરીકે કદાચ મયૂરને પસંદગી આપી હોય.

આ રીતે ચિન્હો પર દૃષ્ટિપાત કરી લીધા પછી હવે આપણે સિક્કાઓના સ્વરૂપની વિચારણા કરી લઈએ.

પ્રાચીન સિક્કાઓમાં મુખ્યત્વે ચાર પ્રકાર જણાઇ આવે છે: (૧) પંચ-માર્કડ સિક્કા (Punch-marked coins); (૨) ઢાળેલા સિક્કા (Cast coins); (૩) અડી મારેલ સિક્કા (Die-struck coins); અને (૪) ટંકશાળમાં પાડેલ સિક્કા (Minted coins).

**પ્રાચીન સિક્કાઓના પ્રકાર**

આમાં સૌથી જૂનામાં જૂના સિક્કા પંચ-માર્કડના જણાય છે. સિક્કાના વિકાસક્રમમાં તેનું પ્રાથમિક રૂપ નિહાળતાં તે ઇ. સ. પૂર્વે છઠ્ઠીથી પાંચમી સદીના ગાળામાં વપરાતા હોવાનું જણાય છે. એ પ્રકારના સિક્કા જો કે મૌર્યકાળમાં પણ વપરાતા જણાયા છે પણ તે સમયે તે ધીમે ધીમે ઢાળેલ (Cast) અને અડી મારેલ (Die-struck) રૂપમાં ફેરવાઇ રહ્યા હતા. વ્યવસ્થિત ટંકશાળની શરૂઆત વિક્રમાદિત્યના સમયમાં અવંતીમાં થયેલ હોવાનું જણાય છે.

જે ધાતુના સિક્કા પાડવા હોય તેના પતરાના ગોળ અથવા ચોખંડા કકડા બનાવીને તેને અક્ષરનોંધક પકડમાં દબાવવાથી તે કકડા પર જોઇતી છાપ ઊઠી આવે એ રીતે સિક્કા પાડવાની અતિ પ્રાચીન ઢબથી તૈયાર થયેલા સિક્કા આજે પંચ-માર્કડ સિક્કાના નામે ઓળખાય છે. અતિ પ્રાચીન પંચ-માર્કડ સિક્કાઓમાં એ છાપ એક જ બાજુએ ઊઠતી, પણ પછી વખત જતાં પાછળથી બન્ને બાજુ છાપ પાડવાની પદ્ધતિ પણ શોધી કઢાઇ.

તે પછી ધાતુને ગાળીને તેને માટીમાં બનાવી રાખેલ ખાનખાં કે બીબાં-આકારના ખાડામાં રેડીને સિક્કાઓ બનાવવાની પ્રથા અમલમાં આવી. જે અક્ષરો સિક્કા પર પાડવા હોય તે માટીનાં બીબાંમાં કોતરાવવા હોય. પછી રસ પડતાં રસ પર તરત તેની છાપ ઊઠી આવે. પછી રસ ઠરી જતાં માટી દૂર કરવામાં આવે. આ પ્રકારના સિક્કાને આજે ઢાળેલ સિક્કા ( Cast coins ) તરીકે ઓળખવામાં આવે છે.

પરંતુ વિપુલ પ્રમાણમાં સિક્કા પાડવા હોય ત્યારે તો આ પદ્ધતિ પણ અગવડકર્તા જ નીવડતી. એટલે જે અક્ષરો સિક્કા પર પાડવા હોય તેને અવળા સ્વરૂપમાં લોખંડના સ્થિર ખીલા પર કોતરીને તેને ધાતુના તપાવેલા ગોળ કે ચોખંડા કકડાઓ પર દબાવવાની પ્રથા શોધી કઢાણી. આ ઢબથી છાપ સારી ઊઠતી, એટલું જ નહિ પરંતુ સિક્કાઓ પણ ઝડપથી તૈયાર થતા. આ પ્રકારના સિક્કાઓને અડી મારેલ ( Die-struck ) સિક્કાઓ તરીકે ઓળખાવાય છે.

પણ જેમ જેમ સિક્કાઓનો વપરાશ વધતો ગયો તેમ તેમ અડી મારવાની પ્રથા પણ ઉણપભરી ભાસવા લાગી. એટલે એક કરતાં વિશેષ અડીઓને એકી સાથે યંત્રમાં ગોઠવીને તેની મદદથી એકીસાથે સંખ્યાબંધ સિક્કાઓ પાડવાની પ્રથા અમલમાં આવી. આજે પણ કેટલીક યાંત્રિક સુધારા-વધારા થવા છતાં સૈદ્ધાંતિક દૃષ્ટિએ તો આ જ પ્રથા ચાલુ છે. આ રીતે તૈયાર થયેલા સિક્કાઓ ટંકશાળગત ( Minted ) સિક્કાઓ તરીકે ઓળખાય છે.

આ ચારમાંથી પ્રથમના ત્રણે પ્રકારના સિક્કાઓ મૌર્ય શાસનકાળ દરમિયાનના ગણી આવે છે. પણ તેમાં ઢાળેલ ( Cast coins ) સિક્કાઓનું પ્રમાણ વધારે છે તે જોતાં જણાય છે કે મૌર્ય શાસનકાળની શરૂઆતમાં થોડોક સમય લગી પંચ-માર્કડ સિક્કાઓ બહાર પડતા હશે, પણ પછી તરતજ તેમાં સુધારો થયો હશે ને ચન્દ્રગુપ્તના સમયમાં જ ઢાળેલ સિક્કાઓની પદ્ધતિ અમલમાં આવી ગઇ હશે. ચાણક્યના અર્થશાસ્ત્રમાં મહેસૂલ-મંત્રીની ફરજો વર્ણવતા પ્રકરણમાં 'રૂપિકા' શબ્દનો નિર્દેશ થયેલો છે, એટલું જ નહિ પરંતુ એ જ અર્થશાસ્ત્રના ૨૫મા પ્રકરણમાં સરકારી કચેરીઓ અને ટંકશાળ, નગરની દક્ષિણ-પશ્ચિમમાં આવેલી હોવાનું જણાવ્યું છે, અને ટંકશાળના અધિકારીની ફરજો વર્ણવવામાં આવી છે. એ જોતાં ચન્દ્રગુપ્તના સમયમાં સિક્કાનો સ્થિર સ્વરૂપની કલામાં પ્રવેશ થયો હોવાનું જણાય છે.

બિન્દુસાર અને અશોકના સમયમાં સિક્કાઓ ઢાળવામાં જ આવતા હશે એમ જણાય છે. પણ સંપ્રતિના સમયમાં ઠડી મારવાની પદ્ધતિ પણ અમલમાં આવેલી જણાય છે. કેમકે શરૂઆતના મૌર્ય-કાલીન સિક્કાઓ સાથે સરખાવતાં સંપ્રતિ, દશરથ અને સુભાગસેનના સિક્કાઓ વધુ સ્પષ્ટ અને સુંદર જણાય છે.

સંપ્રતિના સમયમાં પાટલીપુત્રની ટંકશાળ પણ વધુ વ્યવસ્થિત અને ભવ્ય બનેલી જણાય છે. તેનું સ્થાન તો જો કે ચન્દ્રગુપ્તના સમયની જેમ નગરના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં જ હોવાનો સંભવ છે, કેમકે સંપ્રતિના યુગના સિક્કાઓનો મોટો જથ્થો એ ભાગમાંથી જ-બુલન્દીબાગમાંથી જ-મળી આવે છે,[૮] પરંતુ સંપ્રતિએ તેને વિસ્તારીને ભવ્ય બનાવરાવેલી હોવી જોઈએ.

## મૌર્ય ટંકશાળ

આ રીતે સંપ્રતિના સમયમાં પાટનગરમાં ટંકશાળ ખીલેલી હોવા છતાં અને ઢાળેલ સિક્કાઓ ( Cast coins ) અને ઠડી મારેલ સિક્કાઓ ( Die- struck coins ) બહાર પડતા હોવા છતાં તે યુગમાં પણ પ્રાન્તોમાં પંચ-માર્કડ સિક્કાઓ વપરાતા હોવાનું જણાઈ આવે છે. ઇ. સ. પૂ. ૨૫૦ના ગાળામાં એવા સંખ્યાબંધ સિક્કાઓ મળી આવેલ છે. તેના પર ગિરિચન્દ્રનું ચિન્હ છે. મૌર્ય કાલગણનામાં ૬૦ વર્ષની ઉણપ ચલાવનારા વિદ્વાનો ઇ. સ. પૂ. ૨૫૦ના ગાળાના એ સિક્કાઓને અશોક કે દશરથના મનાવવા પ્રયત્ન કરે છે.[૧૦] પરંતુ આપણે તે કાલગણનાને વ્યવસ્થિત બનાવીને આ ગ્રન્થના પ્રથમ ખંડમાં પુરવાર કરી ગયા

---

(૮)...at the very place numerous cast coins were found and several pieces so found were in crude stages-unseparated, and unused. The direction in the AS (Artha Shastra) for the location of the royal store-houses and works in the capital fortress (Dakshina-paschima, ch. 25) would agree for the mint having been at Bulandibagh. 3, J. B. O. R. S. Vol. XX, pt.I

(૯) ગિરિચન્દ્ર (Moon-on the Hill) ને જો કે સમગ્ર મૌર્ય રાજવંશનું પ્રધાન ચિન્હ ગણવામાં આવે છે, [...the most prominent Maurya symbol, the moon-on-hill. p. 286 J. B. O. R. S. Vol. XX pts. III-IV] છતાં ઇતિહાસ તેમજ દર્શનશાસ્ત્રની ગણતરીએ એ આકાર જૈન ધર્મ સાથે વધુ સુસંગત છે, અને તેનો વિશેષ ઉપયોગ સમ્રાટ ચન્દ્રગુપ્ત અને સંપ્રતિએ જ કરેલ હોવાનો સંભવ છે. જૈન દર્શનમાં જીવનનું અંતિમ લક્ષ્ય મુક્તિ-સિધ્ધશિલા ગણવામાં આવે છે, તેનું સ્વરૂપ 'જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપી ત્રિરત્ન ગિરિપર ચન્દ્ર'એ આકારનું હોય છે. ઐતિહાસિક દૃષ્ટિએ પણ આ ચિન્હ એટલું જ સૂચક છે. મૌર્ય સમ્રાટ ચન્દ્રગુપ્ત મવણુ બેલગોલમાં કટવપ્ર (પાછળથી ચન્દ્રગિરિ) નામે ટેકરી પર સ્વર્ગવાસ પામેલ; અને સમ્રાટ સંપ્રતિએ ત્યાં જઈ તે ટેકરીને ચન્દ્રગિરિ નામ આપ્યું, ત્યાં બેલગોલ નામે નગર વસાવ્યું અને શ્વેત સરોવર બંધાવરાવ્યું; તે જોતા સંભવિત છે કે ગિરિચન્દ્ર ચિ- ...સંપ્રતિએ ગિરિ પર અવસાન પામેલા સમ્રાટ ચન્દ્રગુપ્તના સ્મરણમાં અપનાવ્યું હોય. ગમે તેમ, પણ આ ચિન્હ જૈન દર્શન સાથે અને મૌર્ય રાજવંશમાં થઈ ગયેલા બે મહાન જૈન સમ્રાટો-ચન્દ્રગુપ્ત અને સંપ્રતિ સાથે વિશેષ સંબંધ ધરાવે છે.

(૧૦) The present (Punch-marked) coins (with a Mark-a Hill with a Crescent on the top), from their date, would therefore be Provincial coins of Asoka or of Dasaratha, his grandson and successor, whose date Mr. Jayaswal fixes at 240 B. C.

The Mark, Hill-with-Crescent does not occur on any coins of the Older (Punch-marked) Class, but it is a prevailing Mark on the later Class of coins, both as an Obverse Mark and also of a smaller size as a Reverse Mark and it appears in both these forms on a great number of the British Museum-coins of the Later Class. It also occurs as a distinguishing Obverse Mark on 32 of the Gorho Ghat coins, and as a Reverse Mark on five other of those coins.

Punch-Marked coins-Memoirs of the Archaeological Survey of ... No. 59.

છીએ કે ઇ. સ. પૂ. ૨૫૦ માં ભારતના સિંહાસને સંપ્રતિ વિરાજતો હતો. એટલે ઉપરોકત સિક્કાઓ સંપ્રતિના શાસનકાળ દરમિયાન જ પ્રાન્તોમાં બહાર પડેલા હોવાનું જણાઇ આવે છે.

પંજાબ અને કાબુલના પ્રદેશમાંથી કેટલાક એવા સિક્કા મળી આવે છે કે જેની એક બાજુ હાથી અને બીજી બાજુ સિંહનાં ચિન્હ છે. ( જુઓ ગ્રન્થાંતે અપાયેલા સિક્કા-ચિત્રો )

**સંપ્રતિના સિક્કા**

તેમાંથી હાથી એ મૌર્ય રાજવંશનું વિશિષ્ટ ચિન્હ છે[11] એટલું જ નહિ, પરંતુ આપણે ઉપર પુરવાર કરી ગયા તે પ્રમાણે તેની વિશેષતા સંપ્રતિને જ આભારી છે. ઉપરોક્ત સિક્કાઓમાં એક બાજુએ જ્યારે હાથી સમું સંપ્રતિનું વિશિષ્ટ ચિન્હ મળી આવે, ને બીજી બાજુ જૈન ધર્મના અંતિમ તીર્થંકર ભગવાન મહાવીરસ્વામીનું લંછન-સિંહ મળી આવે ત્યારે તે સિક્કાને સંપ્રતિનો ન માનવાને કોઇ ખાસ કારણ રહેતું નથી.

સમય દષ્ટિએ મૌર્યયુગના જણાતા પોટીન ધાતુના પણ સંખ્યાબંધ સિક્કાઓ મળી આવે છે. તેમાંના ગોળાકાર પર હસ્તિનું ચિન્હ છે અને તે સંપ્રતિના હોવાનો પૂરતો સંભવ રહે છે. તેમાંના કેટલાક સિક્કાઓ પર સર કનિંગહામના કથન પ્રમાણે સંવતનો નિર્દેશ છે, અને તેને મહાવીર સંવત ગણતાં તે સંપ્રતિના સમય સાથે સંપૂર્ણ મેળ ધરાવે છે.[12]

બ્રિટિશ-મ્યુઝિયમ તેમજ પટના-મ્યુઝિયમમાં પણ સંપ્રતિના કેટલાક સિક્કાઓ છે. તેમાંથી 'સંપ્રતિ મૌર્ય' નામ તથા મૌર્ય રાજવંશનાં વિશિષ્ટ ચિન્હોથી યુક્ત એવા બે સિક્કાઓ ( જુઓ ગ્રન્થાંતે અપાયેલાં સિક્કા-ચિત્રો )નો વિગતવાર પરિચય કરાવતાં પંડિત જાયસ્વાલ જણાવે છે કે—

" કનીંગહામના 'પ્રાચીન ભારતવર્ષના સિક્કાઓ ( Coins of Ancient India )' ની બીજી પ્લેટ પર તક્ષશિલાના વીશ નંબરના સિક્કા પર એવાંજ ચિન્હો છે, જેવાં પાટલીપુત્રના ઢાળેલા સિક્કાઓ પર અને પાટલીપુત્રના કિલ્લામાંથી મળી આવેલી ચૈનિકોની પેટીઓ પર છે—એટલે કે પાંખડાંરહિત પોલો સ્વસ્તિક ( તેનો અર્થ ચાતુરન્ત એટલે કે અખિલ ભારતીય સામ્રાજ્ય હોવા સંભવ છે ), ગિરિચન્દ્ર અને સ્વસ્તિક. દશરથના સિક્કાઓ ઘસાઈ ગયેલ હોવા છતાં તેના પર પાંખડાંરહિત પોલો સ્વસ્તિક અને ગિરિચન્દ્ર સ્પષ્ટ જણાય છે. દશરથનો એ સિક્કો અને કનીંગહામનો ઉપરોકત સિક્કો એકજ રાજવંશના હોવા સંબંધમાં ચંકાને કોઇજ સ્થાન નથી. આ સિક્કા પર ખરોષ્ઠી લિપિમાં રાનો ઇંત $\left[\begin{matrix} \text{णो} & [\text{रा}] \\ \text{प्र} & \text{सं} \end{matrix}\right]$ અક્ષરો વંચાય છે. આ અક્ષરો હિંદી-ગ્રીક સિક્કાઓ પરના અક્ષરોને મળતા છે.

---

(11) ...the elephant which is almost a constant emblem on Maurya coins. J. B. O. R. S. Vol. XX, pts. III-IV.

(12) [illegible]

(13) Cunningham's C. A. I. ; Pl. II ( Taxila ) [illegible] has the same symbols as the cast coins of [illegible] Pataliputra and the [illegible] found in [illegible] Pataliputra [illegible] Coins [illegible] Dasaratha's coins are worn, still the hollow cross and the moon-on-hill are clear on them. There is no doubt that Dasaratha's and this coin belong to one and the same dynastic series. In Kharoshthi the legend reads : [ ra ] no (1 1) Sampra [illegible] (1 2). The letters are of the type of the Indo-Greek coin legends.

The coin reproduced here on plate I [illegible] has the name in [illegible] Sapa (1.1) [illegible] (1.2). The coin is at the Patna Museum ( [illegible] ) [illegible]

પટણા-મ્યુઝિયમમાં, ફુલ્ઝના સંગ્રહમાં જળવાયેલા બીજા સિક્કા પર બ્રાહ્મી લિપિમાં सप तिस [ सप / तिस ] એ અક્ષરો છે.

ઉપરના બંને સિક્કાઓ પર બ્રાહ્મી લિપિમાં મૌર્ય્ય [ र्य्य / मौ ] એવું સંયુક્તાક્ષર-ચિન્હ (*monogram*) કોતરાયલ છે. (વિશાખદેવ તેમજ ફલ્ગુમિત્રના સિક્કાઓ પર પણ આવી જ રીતે નીચેથી ઉપર એ શૈલીમાં સંયુક્તાક્ષર-ચિન્હ કોતરાયલ છે.) "

આ રીતે, કેવળ ચિન્હોની મદદથી જ ઓળખવાના સિક્કાઓને બાજુએ રાખીએ તો પણ, બે સિક્કાઓ તો એવા છે કે જેના પર સંપ્રતિનું સ્પષ્ટ નામ છે. તેમાંનો પહેલો સિક્કો કનીંગહામના 'પ્રાચીન ભારતવર્ષના સિક્કાઓ [C. A. I. pl. II, (Taxila) no. 20]' ના સંગ્રહમાં મળી આવે છે અને બીજો પટના-મ્યુઝિયમમાં ફુલ્ઝના સંગ્રહમાં મળી આવે છે. તેમાંથી પહેલા સિક્કા પર એક બાજુએ र्यं / मौं અને બીજી બાજુએ णो (ता) / प्र सं એવા અક્ષરો છે; અને બીજા સિક્કા પર એક બાજુએ र्यं / मौ અને બીજી બાજુએ स प / ति स એ અક્ષરો છે; પહેલા સિક્કા પર સ્વસ્તિક અને તેની ઉપર જ્ઞાન-દર્શન અને ચારિત્રરૂપ ત્રિરત્નગિરિ ઉપર ચન્દ્ર, એ દર્શનોની[14] સાથોસાથ ડાબી બાજુએ સાંચીમાં છે તેવું ત્રિરત્નનું ચિન્હ પણ છે. બીજા સિક્કા પર સ્વસ્તિક અને તેની ઉપર જ્ઞાન-દર્શન ને ચારિત્રરૂપ ત્રિરત્નગિરિ ઉપર ચન્દ્ર, એ દર્શનોની[15] સાથોસાથ ડાબી બાજુએ અખિલ ભારતના ચક્રવર્તીત્વનું સૂચક એવું પાંખડાંરહિત પોલા સ્વસ્તિકનું ચિન્હ છે. આ રીતે અંકિત ચિન્હો અને અક્ષરો સ્પષ્ટપણે આ સિક્કાઓને જૈન ધર્માવલંબી સમ્રાટ સંપ્રતિના પુરવાર કરે છે. [ આ બંને સિક્કાઓના અવલોકન માટે જુઓ ગ્રન્થાંતે અપાયલાં સિક્કા-ચિત્રો. ]

## સંપ્રતિની પાસપોર્ટ-પદ્ધતિ

બુલન્દીબાગ (પટના)ના ખોદકામમાં મુદ્રાઓ (પાસપોર્ટ) તૈયાર કરવાનું મૌર્યકાલીન એક બીબું પણ મળી આવેલું. તેમાં નીચે ગિરિચન્દ્ર અને તેની ઉપર, અંગ ગરૂડનું અને માથે કલગી મોરની, એવું સંયુક્ત પક્ષી-ચિન્હ કોતરાયલ છે. બીબાનું માપ ૨$\frac{3}{4}$×૨$\frac{7}{8}$ ઈંચનું છે અને આજે તે પટના-મ્યુઝિયમમાં જળવાઈ રહેલ છે. ગિરિચન્દ્ર, ગરૂડ અને મોર આ ત્રણે ચિન્હોનો સંયુક્ત ઉપયોગ મૌર્ય રાજવંશમાં કેવળ સંપ્રતિએ જ કર્યો છે. તેમાંના ગિરિચન્દ્રનું અવલોકન આપણે ઉપર કરી ગયા. ગરૂડની આકૃતિ પ્રિયદર્શીના લોરિય-અરરાજ સ્થંભ પર હોવાનું વીન્સેન્ટ સ્મીથ સ્પષ્ટ જણાવે છે. અને મોર તો પ્રિયદર્શીના લોરીય-નંદનગઢ

---

up of Brahmi letters Mau-ryya [ For this system compare the monograms on the coins of Visakhadeva ( C. A. I. IX, 7 re. where letters visa-kha are combined ) and Phalgunimitra ( Rapson, I. C. III, 16, where letters Pha-l-g-n are combined ). On these too the letters are read from bottom upwards as in Samprati's ( Mau-ryya र्य / मौ )

K. P. Jayaswal
J. B. O. R. S. Vol. XX, pts. III-IV

(૧૪-૧૫) આ દશ્ય સ્પષ્ટ રીતે જૈન દર્શનનું સૂચક છે. આજે પણ જૈનો, મંદિરમાં સૌથી નીચે સ્વસ્તિક, તેના પર ત્રણ ઢગલીઓ અને તે ઢગલીઓ પર ચન્દ્રાકારનું ચિન્હ—એ પ્રકારે ચોખાની મદદથી આકૃતિઓ દોરે છે. આનો દાર્શનિક અર્થ એ છે કે પ્રત્યેક જીવ ચાર (દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી) ગતિમાં ભમ્યા કરે છે. [સ્વસ્તિકની મૂળ ચાર લિટિઓ ચાર ગતિની સૂચક છે અને ચાર પાંખડાં તેનું ભ્રમણ સૂચવે છે.] પરંતુ એ સ્વસ્તિકની ઉપર ત્રણ ઢગલીઓ રૂપે સૂચવાયલ જ્ઞાન, દર્શન અને ચારિત્ર-રૂપી ત્રિરત્નની મદદથી, તે જીવ એ ભ્રમણમાંથી બચી શકે છે અને એ રીતે બચીને તે, તે ત્રણ ઢગલીઓની ઉપર ચન્દ્રાકારે દોરાયલ સિદ્ધશિલા-એ-મુક્તિમાં પહોંચી શકે છે.

સ્થંભના ઊંડાણમાં ખોદકામ કરતાં મળી આવેલ છે. આ સંયોગોમાં ઉપરનું બીજું સંપ્રતિનું હોવાનો પૂરતો સંભવ રહે છે. એ બીબાની છાપને ધાતુના પતરા પર પાડી પાસપોર્ટ અપાતા હોવાનો સંભવ છે.

સંપ્રતિના યુગની કેટલીક રાજમુદ્રાઓ ( શાહી ફરમાનો પર સહી કરવાને માટે વપરાતી અથવા તો અંગુલી પર શોભા

**સંપ્રતિની રાજમુદ્રાઓ ( મહોરો )**

અર્થે પહેરવાની ) પણ નોંધપાત્ર છે. તેમાંની ત્રણ વૈવિધ્યતાદર્શક વીંટીઓ પર દૃષ્ટિપાત કરી જઈએ.

તેમાંની પહેલી વીંટી પટના-મ્યુઝિયમના ૧૯૧૬ ના સંગ્રહમાં ૧૭ B નંબરની છે. તેનો પરિઘ સવા ઈંચ લગભગ છે અને વજન ૬૦½ ગ્રેઇનનું છે. તે શુદ્ધ કંચનની બનેલી છે.

આ વીંટી શાહી ફરમાનો પર સહી કરવા માટેની રાજમુદ્રા[૧૬] સમી જણાય છે. તેના પર સામસામી દિશાએ મોં ધરાવતા બે મગરનું ચિન્હ છે. સોનાની સપાટી પર ઝીણાં ઝીણાં ટપકાંથી આ ચિન્હ બનાવવામાં આવ્યું છે.

પટનાના મ્યુઝિયમમાં જ જળવાયલી (નં. ૩૬૬) બીજી એક નાની વીંટી પણ મૌર્યકાલીન રાજમુદ્રા જણાય છે. તેનું વજન ૧૯¾ ગ્રેઇન છે અને તેના પર પણ મગરનું ચિન્હ છે. આ વીંટી પટનાના વિભાગમાં-બુલંદીબાગમાં મૌર્યકાલીન ટંકશાળ હોવાનું મનાય છે ત્યાંથી જ મળી આવેલી. આ વીંટીની ખાસ ખૂબી એ છે કે તેના પરનું મગરનું ચિન્હ આબેહૂબ રૂપમાં સાંચી-સ્થંભ પરના મગરની આકૃતિને મળતું છે.[૧૭] તે પરથી એમ માનવાને કારણ રહે છે કે આ વીંટી તેમજ સાંચીનો મગર-સ્થંભ એકજ નૃપતિ પ્રિયદર્શી યાને સંપ્રતિને આભારી હોવાં જોઈએ. આ વીંટી પર જો કે મગરની રાજમુદ્રા અંકિત થયેલી છે પણ વીંટીનું ઘડતર એટલું નાજુક છે કે તે રાણીની હોવાનો સંભવ રહે છે.

સાંચીની નજીકના બેસનગરમાંથી પણ ઉપરની રાજમુદ્રાઓને મળતીજ એક ત્રીજી મૌર્યકાલીન વીંટી મળી આવેલી છે.[૧૮] ફેર એટલો છે કે ઉપરની બે વીંટીઓ પર મગરની રાજમુદ્રા છે, જ્યારે આ વીંટી પર મુદ્રા નથી એટલે એમ જણાય છે કે આ વીંટી સહી કરવા માટે નહિ પરંતુ આંગળી પર શોભાને માટે પહેરવાની હશે. પરંતુ ત્રણે વીંટીઓની કારીગરી એકજ પ્રકારની છે.

આ રીતે સંપ્રતિના સિક્કા, પાસપોર્ટ, રાજમુદ્રાઓ (મહોરો) આદિ પર દૃષ્ટિપાત કરી લીધા પછી હવે આપણે બીજા મૌર્યકાલીન નૃપતિઓના સિક્કા વગેરે પર ઊડતો દૃષ્ટિપાત કરી લઈએ.

---

(૧૬) ફરમાનો પર સહીને માટે આવી વીંટીઓ મૌર્ય રાજ્યકાળમાં વપરાતી [illegible] પ્રમાણ [illegible] અર્થશાસ્ત્રના [illegible] [illegible]

[illegible] 'અપિવતા' ને સ્થને અ પર [illegible] 'અપિવતા' [illegible]. [illegible] કુમાર [illegible] રાજમુદ્રાના આધારે તેને [illegible] [illegible]

(૧૭) The figure here is a conventional Makara of the dragon type, like the one at Sanchi.

J. B. O. R. S. p. 4, Vol. XX, [illegible]

[illegible]

(૧૮) A. R. S. 1915 [illegible] J. B. O. R. S. [illegible] XX, [illegible]

મૌર્યયુગમાં સંપ્રતિના પુરોગામીઓના સિક્કાઓ તો 'ગિરિચન્દ્ર' વગેરે ચિન્હોની મદદથીજ ઓળખવાના હોય છે. એટલે ચંદ્રગુપ્ત, બિન્દુસાર કે અશોકના સિક્કાઓનો સ્પષ્ટ પરિચય કરાવવાનું કાર્ય મુશ્કેલ છે.

**સંપ્રતિના અનુગામીઓના સિક્કા**

પરંતુ સંપ્રતિ અને તેના ઘણાખરા અનુગામીઓના સિક્કાઓ પર તો નામ તેમજ ચિન્હ બંને મળી આવે છે. તેમાંથી સંપ્રતિના સિક્કાઓનું અવલોકન આપણે ઉપર કરી ગયા. હવે તેના અનુગામીઓના સિક્કા પર દૃષ્ટિપાત કરી લઈએ.

'વિષ્ણુપુરાણ' દશરથને સંપ્રતિનો ઉત્તરાધિકારી અને પુત્ર જણાવે છે,[૧૯] દશરથનો પોતાનો નાગાર્જુન–ગિરિનો ગુફાલેખ પણ તેને દેવાનાંપ્રિય પ્રિયદર્શી (સંપ્રતિ)ના ઉત્તરાધિકારી તરીકે ઓળખાવે છે.[૨૦] અને વર્તમાન વિદ્વાનોનો મોટો ભાગ એમ માને છે કે અશોકની પછી મૌર્ય સામ્રાજ્યના બે ભાગ પડી ગયા, તેમાં પશ્ચિમ હિંદનો સમ્રાટ સંપ્રતિ બન્યો ને પૂર્વ હિંદ દશરથને સોંપાયું, એટલે કે સંપ્રતિ અને દશરથ બંને સમકાલિક હતા.[૨૧] ગમે તેમ પણ સંપ્રતિની પછી તરત જ દશરથનું સ્થાન હોવા સંબંધમાં સર્વે એકમત છે.

દશરથના ચારેક સિક્કા મળી આવે છે. તેમાંનો પહેલો સિક્કો કનીંગહામના 'પ્રાચીન ભારતવર્ષના સિક્કાઓ' (C. A. I. pl. III no. 5) નામક ગ્રન્થમાં પ્રગટ થયેલ છે. બીજો કલકત્તાના હિંદી મ્યુઝિયમ (C. I. M. Taxila no. 34 p. 158) માં છે. ત્રીજો–ચોથો બ્રિટીશ મ્યુઝિયમમાં છે. આ સિક્કાઓ પર राणो दशरथस मुर्यस એવા અક્ષરો છે અને ગિરિચન્દ્ર, હસ્તિ, અશ્વ આદિ ચિન્હો છે. આમાંથી ગિરિચન્દ્ર અને હસ્તિ બંને સ્પષ્ટ રીતે સંપ્રતિનાં ચિન્હ છે. દશરથે પોતાના પુરોગામીનાં એ બંને ચિન્હ વાપરવા ઉપરાંત પોતાના તરફથી અશ્વ ઉમેરેલ લાગે છે, અને અશ્વને પાછળથી શુંગોએ પોતાનું રાજચિન્હ બનાવ્યું.

બૃહસ્પતિમિત્રને 'દિવ્યાવદાન' સંપ્રતિના પુત્ર તરીકે ઓળખાવે છે[૨૨] તથા આપણે પણ ઉપર (પૃ. ૨૮૮ ફૂ. નો. ૧) પુરવાર કરી ગયા કે બૃહસ્પતિમિત્રનો સમય સંપ્રતિની પછી તરત અને વૃષભસેન યાને સોભાગસેનની તરત પૂર્વે છે. એટલે દશરથની પછી અનુક્રમે બૃહસ્પતિમિત્ર અને સોભાગસેનને સ્થાન આપવું જોઈએ.

બૃહસ્પતિમિત્રના સિક્કા પર અવળી બાજુ મૌર્ય રાજવંશનું સૂચક 'ગિરિચન્દ્ર'નું ચિન્હ છે. તેની નજીકમાં જ વૃષભનું ચિન્હ છે. અને સિક્કાની સવળી બાજુ 'महसिमितस' એ અક્ષરો છે.

સોભાગસેન યાને વૃષભસેનનો અખંડ સિક્કો કનીંગહામના 'પ્રાચીન ભારતવર્ષના સિક્કાઓ' (C. A. I. pl. III no–7) માં પ્રગટ થઈ ચૂકેલ છે અને આજે તે બ્રિટિશ મ્યુઝિયમમાં જળવાઈ રહેલ છે. તેની અવળી બાજુ પર મૌર્ય રાજવંશનું સૂચક 'ગિરિચન્દ્ર'નું ચિન્હ છે અને તેની નજીકમાંજ ત્રિશુલ કોતરાયલ છે. સવળી બાજુ પર सोभागसेनस એવા અક્ષરો છે.

કનીંગહામના 'પ્રાચીન ભારતવર્ષના સિક્કાઓ (C. A. I.)' એ ગ્રન્થમાં મૌર્ય નૃપતિ દેવધર્મન (દેવવર્મન)ના બે સિક્કાઓ પ્રગટ થયેલ છે. તેમાંના પહેલા સિક્કાને કનીંગહામ કોસામ–ટંકશાળના સિક્કા તરીકે ઓળખાવે છે અને તે ઉપરોક્ત ગ્રન્થમાં પાંચમી પ્લેટ પર નં. ૧૦ તરીકે પ્રગટ થયેલ છે. બીજા સિક્કાને કનીંગહામે અયોધ્યા–ટંકશાળના સિક્કા તરીકે ઓળખાવેલ છે અને તે ઉપરોક્ત ગ્રન્થમાં નવમી પ્લેટ પર નં. ૫ તરીકે પ્રગટ થયેલ છે. કનીંગહામ પહેલા સિક્કા પર सुदेवस એ અક્ષરો વાંચે છે, અને બીજા પર वायुदेवस એ પ્રમાણે વાંચે છે; પરંતુ પંડિત જયસ્વાલ પહેલા પર राणो देवस અને બીજા પર मौर्य देवस -

(૧૯-૨૦-૨૧-૨૨) જુઓ પૃ. ૨૮૮ ફૂ. નો. ૧.

વહેમે ભરાયો. શકટાળને એ સમાચાર અગાઉથી મળી ચૂક્યા અને એ પ્રતિભાશાળી પુરુષ તરતજ સમજી ગયો કે જો પોતે પોતાનું બળિદાન નહિ આપે તો ધનનંદ પોતાના સમગ્ર કુટુંબનો નાશ કરી નાખશે.

શકટાળને લક્ષ્મીવતી નામે પત્ની, સ્થુલિભદ્ર અને શ્રીયક નામે બે પુત્રો અને યક્ષા, યક્ષદત્તા, ભૂતા, ભૂતદત્તા, સેણા, વેણા અને રેણા નામે સાત પુત્રીઓ હતાં. તેમાં જ્યેષ્ઠ પુત્ર સ્થુલીભદ્ર તો કોશ્યા નામે ગણિકાને ત્યાં પડ્યો પાથર્યો રહેતો. પરિણામે શકટાળે શ્રીયકને પરિસ્થિતિ સમજાવી અને કહ્યું કે—' સમગ્ર કુટુંબને બચાવી લેવાને ખાતર તારે રાજા પ્રત્યે વિરલ વફાદારી બતાવવી જોઈએ, અને તેમ કરવાને ભરસભામાં મારો વધ કર્યા વિના બીજો કોઈ માર્ગ નથી.'

શ્રીયકે પિતાની આજ્ઞાનો અમલ કરતાં નંદને તેની વફાદારીમાં અપૂર્વતા જણાણી. તેણે શ્રીયકને મહામંત્રીનું પદ સંભાળી લેવા સૂચના કરી. પણ શ્રીયકે કહ્યું કે—'આ વંશપરંપરાગત પદનો અધિકાર મારા વડીલ ભાઈ સ્થુલિભદ્રને છે.'

સ્થુલિભદ્રને રાજસભામાં બોલાવીને વસ્તુસ્થિતિ સમજાવવામાં આવી. તે કોશ્યાની સાથેના વિલાસથી કંટાળી તો ગયો હતો, તેમાં રાજકીય જીવનનું આ પરિણામ નિહાળ્યું એટલે ભગ્નરત બન્યો. તેણે તરતજ સંસાર તજીને દીક્ષા સ્વીકારી. [ મ. સં. ૧૪૫=ઇ. સ. પૂર્વે ૩૮૨ ] તે જ વખતે શ્રીયકે મહામંત્રીનું પદ સંભાળી લીધું. [ તે પિતાનો વધ કરનાર હોઇને બ્રાહ્મણોએ તેને 'રાક્ષસ' નું ઉપનામ આપ્યું ને પરિણામે બ્રાહ્મણ-ગ્રન્થો તેમજ ' મુદ્રારાક્ષસ ' નાટક તે 'રાક્ષસ મંત્રી' ના નામે ઓળખાવાય છે.] તે પ પિતાના સઘળા ગુપ્ત દુશ્મનોને શોધીશોધીને તેણે તેમ જડમૂળ ઉખેડી નાખ્યું.

શકટાળનો દેખીતો વધ ભલે શ્રીયકે કર્યો, પ ખરી રીતે તો તે કુટુંબને બચાવી લેવાને ખાતર શ ટાળે કરેલો આપઘાત જ હતો અને તેનું કારણ કા કાળનો નંદ હતો એ છાનું રહી શકે તેમ નહોતું. એ લોકપ્રિય મહામંત્રી શકટાલના વધની જવાબદારી ન પરજ જઇ પડી. તે ઉપરાંત નંદ શુદ્રકુળમાં જન્મેલો હતો અને અતિલોભના કારણે તેણે પ્રજાને જ્યા લૂંટી ખાધી હતી. એટલામાં તેના રાજદરબારે ચાણ નામે એક ક્રોધી બ્રાહ્મણનું અપમાન થયું. પરિણ ચાણક્યે ચન્દ્રગુપ્ત નામના એક બાળકુમારને રાજનિ કરીને તેને મગધનું સિંહાસન અપાવવાની યોજના ઘ તે પછી તે બંનેએ નંદ સામે સતત આક્રમણ આદ અને તેમાં હિમવત્કૂટ પ્રદેશના રાજવી પર્વતકનો તે સાથ મળતાં તેઓ વિજયી નીવડ્યા. ને એ રીતે ઇ. પૂર્વે ૩૭૨ ( મ: સં. ૧૫૫-વિશેષ માટે જુઓ પછી ' કાલ નિર્ણય' નું પ્રકરણ ) માં નંદવંશનો અ આણીને ચન્દ્રગુપ્ત મગધનો સમ્રાટ બન્યો. પર્વ એક વિષકન્યાના મોહમાં પડીને અકાળ મ પામવાથી સમગ્ર મહારાજ્ય ચન્દ્રગુપ્તના કાબૂ આવ્યું. ચન્દ્રગુપ્તે ધનનંદની પુત્રી વેરે લગ્ન કર

નંદ હારવા છતાં, મહામંત્રી શ્રીયકે ચન્દ્રગુપ્ત શાસન સ્વીકારવાની ના કહી. તેણે તો ચન્દ્રગુપ

મેગેસ્થીનીસે વર્ણવેલા પાલીબોથ્રાને પાટલીપુત્ર તરીકે સ્વીકારી લેવાનું પણ કોઇ કારણ નથી. ઊલટું સામા પક્ષે એમ કહી શકાય કે મેગેસ્થીનીસ પાલીબોથ્રાને ગંગા અને યમુનાના સંગમ પર આવેલા નગર તરીકે ઓળખાવે છે. જ્યારે પાટલીપુત્ર તો ગંગા અને શોણ નદીના સંગમ પર આવેલું છે. મેગેસ્થીનીસ પાલીબોથ્રાના વસાવનાર તરીકે શ્રીકૃષ્ણને ઓળખાવે છે, જ્યારે પાટલીપુત્ર તો શ્રીકૃષ્ણની પછી કેટલાય હજાર વર્ષે થયેલા ઉદયને વસાવ્યું હતું અને મેગેસ્થીનીસના સમયે તે નગર વસ્યાને ફક્ત સો વર્ષ જ થયાં હતાં.

ઇ. સ. ૧૯૧૭-૧૮ માં પ્રાચીન પાટલીપુત્રના ખોદકામ વખતે તે ખોદકામના મુખ્ય અધિકારી શ્રી. પી. સી. મુકરજીને પાક વિદ્વાનોએ ભારતીય ઇતિહાસના વિષયમાં કરેલો ગૂંચવાડો સમ ઇને અને તેમણે જાહેર કર્યું કે-'ગ્રીક દંતકથાઓનો સેન્ડ્રો એ ચન્દ્રગુપ્ત નહિ પણ ચંડાશોક છે. પ્રિયદર્શિનના શિલાલેખ સૂચવાયેલા પાંચ પૈકી રાજાઓનો સમકાલિક સંપ્રતિ હતો શિલાલેખો પણ તેણેજ કોતરાવેલા છે.' [Indian Antiqu Vol. XXXII P. 231—233]—આ સર્વ પરથી એ જણાઇ આવશે કે સેન્ડ્રોકોટસ એટલે ચન્દ્રગુપ્ત એ ઐતિહા ભૂમિકા વિનાની કેવળ કલ્પના છે.

એ પ્રમાણે વાંચે છે, અને એ બંને સિક્કાઓ મૌર્ય નૃપતિ દેવવર્મનના હોવાનું જણાવે છે.૨૩ આમાં જયસ્વાલજીનો મત વિશેષ આદરપાત્ર જણાય છે. કેમકે આ સિક્કાઓ પર પણ ગિરિચન્દ્ર, હસ્તિ, સ્વસ્તિક આદિ મૌર્ય રાજવંશનાં-સંપ્રતિએ વિકસાવેલાં-ચિન્હો છે.

નૃપતિ શતધન્વાના પણ ત્રણેક સિક્કાઓ મળી આવે છે. તેમાંનો પ્રથમ સિક્કો વીન્સેન્ટ સ્મીથના 'Coins of Indian Museum'માં ઓગણીસમી પ્લેટ પર નં. ૨૦ તરીકે પ્રગટ થયેલ છે અને બીજો-ત્રીજો સિક્કો રેપ્સનના 'Coins of Andhra dynasty' માં પ્રથમ પ્લેટ પર પ્રગટ થયેલ છે. સિક્કાઓ પર પ્રથમ શબ્દ શાત અથવા શાત વંચાય છે અને તેની પછી ધર, ધર્મન્, ધનુ, અથવા ધન્વ એ રીતે વંચાય છે. આ સિક્કાઓ પર પણ મૌર્ય રાજવંશનાં ગિરિચન્દ્ર, હસ્તિ, સ્વસ્તિક આદિ ચિન્હો છે.

શાલિશુકના સિક્કાઓ ( C.A.I.pl. IX no. 10–11 ) જોતાં તે પણ નોંધપાત્ર મૌર્ય નૃપતિ જણાય છે; કેમકે સિક્કાઓ પર એક બાજુ શાલિશુકસ એવા અક્ષરો વંચાય છે, જ્યારે બીજી બાજુ ગિરિચંદ્ર પ્રતિ આગળ વધી રહેલા હસ્તિનું ચિન્હ છે, જે સ્પષ્ટ રીતે મૌર્ય રાજવંશનું સૂચક છે.

મૌર્ય રાજવંશનાં આ ચિન્હો સહેજ ફેરફાર સાથે તેમના ખંડિયા નૃપતિઓના સિક્કાઓ પર પણ નજરે ચડે છે, જેમાં આંધ્ર રાજવંશના શાતકર્ણી વગેરે મુખ્ય છે. .

આ રીતે ગિરિચન્દ્ર ચિન્હની શરૂઆત કદાચ ચંદ્રગુપ્તને આભારી લેખીએ તો પણ તેની ખીલવણી તથા હસ્તિ અને સ્વસ્તિકની તો શરૂઆત પણ સંપ્રતિએ જ કરેલી છે. અને તે ત્રણે ચિન્હો સંપ્રતિના અનુગામી નૃપતિઓના સિક્કાઓ પર બહુધા નજરે ચડે છે, તે જોતાં જણાય છે કે મૌર્ય નૃપતિઓને પોતાના આદિ નૃપતિ તરીકે જેટલું માન ચન્દ્રગુપ્ત પ્રતિ હતું, તેટલું જ માન પોતાના રાજવંશના મહાન પ્રભાવશાળી નૃપતિ તરીકે સંપ્રતિ યાને પ્રિયદર્શી પ્રત્યે હતું.



# પ્રથમ પરિચ્છેદ

## મૌર્ય ઉષા

સાર—

આ પરિચ્છેદમાં અંતિમ નંદ નૃપતિના હાથે અપમાનિત બનેલા બ્રાહ્મણવીર ચાણક્યે નંદો પર વેર લેવાને નવા રાજવંશની સ્થાપના કરવાની કરેલી પ્રતિજ્ઞા; તેની સાથે ચન્દ્રગુપ્તનો સમાગમ; ચાણક્યે ચન્દ્રગુપ્તને રાજતિલક કરી અન્ય રાજવીઓની મદદ સાથે મગધપતિ નંદ સામે આદરેલું આક્રમણ; મગધમાં બાર વર્ષનો ભયાનક દુષ્કાળ; નંદોનો પરાભવ; રાજ્ય ને ધનની પ્રાપ્તિ માટે ચાણક્યની યુક્તિઓ; દુષ્કાળની ઘાતક અસરો દૂર કરવાને ચન્દ્રગુપ્ત ને ચાણક્યે લીધેલા ઉપાય; દુષ્કાળના અંતે જૈન શાસ્ત્રોનું એકીકરણ ને તેમાં ચન્દ્રગુપ્તનો ફાળો; જૈન મુનિવરો–શ્રી ભદ્રબાહુસ્વામી ને સ્થૂલિભદ્ર પ્રત્યે ચન્દ્રગુપ્તનો ભક્તિભાવ; મહારાજ્યને સુદૃઢ બનાવવાને ચાણક્ય–ચન્દ્રગુપ્તે લીધેલાં પગલાં; ચાણક્યની કૃતિઓ; ચન્દ્રગુપ્ત પર ભદ્રબાહુસ્વામીનો પ્રભાવ; ભાવી દુષ્કાળની ગણત્રીથી શ્રી ભદ્રબાહુસ્વામીએ હજારો મુનિવરો સાથે કરેલો દક્ષિણ–વિહાર; ચન્દ્રગુપ્તે દીક્ષા સ્વીકારી તેમની સાથે આદરેલું પર્યટન; કટવપ્રમાં ચન્દ્રગુપ્તનો સ્વર્ગવાસ. મગધના સિંહાસને વિરાજેલ બિન્દુસારે ચાણક્યને બરતરફ કરતાં ઢીલો પડેલો સામ્રાજ્યનો પાયો; પરદેશી આક્રમણનો વધેલો ભય; તક્ષશિલા ને પંજાબમાં બળવો; બિન્દુસારના જ્યેષ્ઠ પુત્ર સુસીમને તે સમાવવામાં મળેલી નિષ્ફળતા; નાના પુત્ર અશોકે તેમાં સફળતા મેળવી, એટલું જ નહિ, પરંતુ પરદેશી આક્રમણકર્તા સિકંદરને પાછો કાઢયો; તેની કીર્તિનો ઝગમગતો કળશ અને તેનામાં જાગેલો રાજ્યમોહ—આદિ હકીકતો સમાવવામાં આવી છે.

# ચતુર્થ ખંડ

---

## પ્રિયદર્શી યાને સમ્રાટ સંપ્રતિનું જીવન-ચરિત્ર

[ અન્ય મૌર્ય સમ્રાટો અને મૌર્યકાલીન માનવરત્નોનાં અંતર્ગત જીવનચરિત્ર સાથે ]

---

**નંદવંશનું પતન**

આ રીતે દરેક પ્રકારે સજ્જ બનીને ચાણક્યે ચારે બાજુથી મગધ પર આક્રમણ કર્યું. નંદ અને મહામંત્રી રાક્ષસે અંત લગી પરાક્રમપૂર્વક બચાવ કર્યો પરંતુ આ વખતે ચાણક્યની જાળમાંથી છૂટવાનો કોઇ માર્ગ નહોતો. એટલે નંદે ચાણક્ય પાસે સમાધાનની માગણી મૂકી. ચાણક્યે એક રથમાં જે કંઇ ઊંચકી જઇ શકાય તેટલું લઇને નંદે તરત પાટલીપુત્ર છોડી જવું એ શરતે તેને જીવતો જવા દેવાની હા ભણી.

**ચન્દ્રગુપ્તની પ્રિયતમા**

દશે બાજુથી ઘેરાયલા નંદને માટે સામનાનો કોઇ માર્ગ નહોતો. એટલે ચાણક્યની સૂચનાનુસાર પાટલીપુત્ર છોડી જવાની તેણે તત્પરતા દર્શાવી. એક રથમાં પોતાની બે પત્નીઓ, કુંવરી અને શક્ય સમૃદ્ધિ ગોઠવીને તે પાટલીપુત્રની બહાર નીકળ્યો; રસ્તામાં તેના વિજેતા ચન્દ્રગુપ્તના રથની સાથે ભેટો થયો. વિજયી ચંદ્રગુપ્તના થનગનતા યૌવનને નિહાળી નંદની કન્યા તેના પર મોહિત બની અને તેની આંખોમાંથી પ્રેમ નીતરવા લાગ્યો. નંદે પુત્રીની આ દશા નિહાળી તેને કહ્યું, " બેટા, રાજકન્યાઓ હંમેશાં સ્વયંવરા હોય છે. અને ક્ષત્રિયકન્યાઓને માટે એજ યોગ્ય છે. એટલે તું પણ જો તારા યથેષ્ટ વરને પસંદ કરી ચૂકી હોય તો, તેની સાથેનો તારા પિતાનો સંબંધ ન વિચારતાં, તું ખુશીથી પિતાના રથથી નીચે ઊતરીને તારા જીવનસાથીની સમીપ ચાલી જા. એ બહાને આ સંયોગોમાં તારે માટે યોગ્ય વર શોધવાની જવાબદારીમાંથી મને પણ મુક્તિ મળશે. "

પિતાની આ પ્રમાણે અનુમતિ મળતાં નંદપુત્રી તરતજ પિતાના રથમાંથી ઊતરીને સામે આવતા ચન્દ્રગુપ્તના રથ પર ચડવા લાગી. તે સમયે તેના વજનથી ચન્દ્રગુપ્તના રથના નવ આરા તૂટી પડ્યા. ચન્દ્રગુપ્તે આ સંયોગને અપશુકન માની નંદપુત્રીને રથમાં ચડતાં અટકાવવા માંડી. તે પ્રસંગે ચાણક્યે કહ્યું, " વત્સ, તે કન્યા અવગણનાને નહિ, પરંતુ સત્કારને પાત્ર છે. તેના આગમનથી નવ આરા તૂટી ગયા તે અપશુકન નથી, પરંતુ તેનાથી એમ સૂચવાય છે કે તારો વંશ નવ પુરુષો લગી ઉત્તરોત્તર વૃદ્ધિ પામશે. માટે તારે એ કન્યાનો સત્કાર કરવો ઘટે. "

ચન્દ્રગુપ્તે ચાણક્યની સલાહને અનુસરીને નંદપુત્રીને પોતાની પ્રિયતમા તરીકે આવકારી લીધી.

આ રીતે નંદવંશને ઉથાપીને પોતાને અનુકૂળ નવો રાજવંશ સ્થાપવાનું ચાણક્યનું એક કાર્ય તો સિદ્ધ થયું. પણ હવે આ નવા રાજવંશને સ્થિર કરવો, ચન્દ્રગુપ્તને યોગ્ય ને કર્તવ્યદક્ષ મંત્રીમંડળ ચૂંટી આપવું, પ્રજાને દુષ્કાળની ભયાનક ચૂડમાંથી બચાવવી, રાજ્યની તિજોરીને તર કરવી, સેનાને અજેય બનાવવી, મગધભૂમિને દુશ્મનોના આક્રમણમાંથી ભયમુક્ત કરવી અને એવા સિદ્ધાંતગ્રન્થો રચવા કે જેના અભ્યાસથી પ્રજાની સ્થાયી મહત્તા અને સ્વાતંત્ર્ય જળવાઇ રહે—વગેરે કર્તવ્યો પાર પાડવાનાં હતાં. ચાણક્યે અજબ કુનેહ અને ધીરજપૂર્વક એ કાર્યોને સિદ્ધ કરવા માંડ્યાં.

**ભાગીદારનો અંત**

સૌથી પ્રથમ પ્રશ્ન મહારાજ્યના ભાગલાનો હતો. હિમવંતપતિ પર્વતકે નંદ સામેના આક્રમણમાં ચન્દ્ર—ગુપ્ત—ચાણક્યને એ શરતે સાથ આપ્યો હતો કે વિજય પછી પ્રાપ્તિનો અર્ધો હિસ્સો પોતાને આપવામાં આવશે. એ શરત અનુસાર પર્વતકને મગધ મહારાજ્યનો અડધો ભાગ મળવો જોઇએ. પરંતુ ચાણક્ય સમા સામ્રાજ્યવાદી રાજનીતિજ્ઞને મહારાજ્યના ભાગ પાડવાની એ નીતિ ન રુચે તે સ્વાભાવિક હતું. તેણે પર્વતકના સ્વભાવનો નબળો ખૂણો શોધીને તેને કોઈ પણ ઉપાયે માર્ગમાંથી દૂર કરવાનો નિશ્ચય કર્યો.

ચાણક્ય કૂટ રાજનીતિનો બાહોશ દ્રષ્ટા હતો. નવા રાજવંશને સ્થાપતાં કઇ કઇ શક્તિઓ ને કેવા કેવા પ્રપંચોનો સામનો કરવો પડશે તે તે સમજતો હતો. તેણે વિચાર્યું કે નંદે પાટલીપુત્રમાંથી વિદાય લેતાં લેતાં પણ પાછળથી ચન્દ્રગુપ્તના નાશને માટે કોઇ ને કોઇ પગલાં

ચાણક્ય પ્રખર પુરુષાર્થવાદી હતો અને તરંગી કલ્પનાઓ કે દૈવ પરની કેવળ શ્રદ્ધાને તે હસી કાઢતો હતો. દ્રવ્ય પ્રાપ્તિને માટે ચિત્રવિચિત્ર આશાઓ સેવવાને બદલે તેણે પોતાનું

**ધાતુવાદ**

ધ્યાન ધાતુ–વિજ્ઞાન પાછળ પરોવ્યું. અનેક રાસાયણિક પ્રયોગોના પરિણામે હલકી ધાતુઓને કિંમતી ધાતુઓમાં ફેરવવાની કલા તેણે સિદ્ધ કરી. તેની મદદથી તે વિપુલ સંપત્તિ મેળવવામાં સફળ થયો.

દ્રવ્ય પ્રાપ્ત કર્યા પછી તેણે પોતાનું બધું જ ધ્યાન ચન્દ્રગુપ્ત પાછળ પરોવ્યું. તેને તેણે રાજકુમારને યોગ્ય કેળવણી આપી; શસ્ત્રાસ્ત્રના વિવિધ ઉપયોગ અને યુદ્ધની તાલીમ આપી. તે પછી તે ચન્દ્રગુપ્તને સાથે લઈને નંદ નૃપતિ સામે બહારવટે ચડ્યો.

દ્રવ્યની મદદથી તેણે કેટલુંક સૈન્ય એકત્ર કર્યું અને એક પ્રસંગે તક જોઈને પાટલીપુત્ર પર છાપો માર્યો. પણ નંદની વિરાટ સેનાએ તેની નાની સેનાના ભુક્કા ઉડાવી દીધા. ચાણક્ય

**નાસભાગ**

ચન્દ્રગુપ્તને લઈને મુશ્કેલીએ ભાગીને નાસી છૂટ્યો. એ નાસભાગમાં તેણે અનેક વખત ચન્દ્રગુપ્તની પરીક્ષાઓ કરી અને દરેક પ્રસંગે ઊગતા સૂર્ય સમું રાજતેજ અને પોતા પ્રત્યેની શ્રદ્ધા—એમ બંનેમાં ચન્દ્રગુપ્ત સફળ નીવડતાં ચાણક્ય બમણા ઉત્સાહથી પોતાના કાર્ય પાછળ મંડ્યો.

એક પ્રસંગે ચાણક્ય ચન્દ્રગુપ્ત સાથે ભિક્ષાર્થે એક નાના ગામમાં જઈ ચડ્યો. ફરતો ફરતો તે એક વૃદ્ધાના ઘર પાસે જઈ પહોંચ્યો. તે વૃદ્ધાએ પોતાના પુત્રની થાળીમાં ગરમ ખીચડી દીધી અને ક્ષુધાતુર પુત્ર ખાવા માટે થાળીની વચ્ચે હાથ નાખતાં દાઝી ગયો. પુત્રને સંબોધીને વૃદ્ધા તરત બોલી ઊઠી, "બેટા, તું પણ ચાણક્યના જેવો મૂર્ખ બને છે."

તે પ્રસંગે ત્યાં ઊભેલા ચાણક્યે પૂછ્યું – "માજી આપના પુત્રના આ કાર્ય સાથે ચાણક્યની કઈ મૂર્ખતા સંબંધ ધરાવે છે ?"

**વૃદ્ધાની સલાહ**

"ભાઈ" વૃદ્ધાએ શાંતિથી કહ્યું, "ચાણક્ય જેમ મગધ મહારાજ્યની સરહદો પર આક્રમણ કરવાને બદલે સીધો પાટનગર પાટલીપુત્ર પર ધસી ગયો અને પરિણામે માર ખાઈને પાછો પડ્યો તેમ મારો આ પુત્ર થાળીની કિનારે ઠારી ઠારીને રાબ ખાવાને બદલે થાળીની વચ્ચે હાથ નાંખવા જતાં દાઝી ગયો છે."

ચાણક્યને વૃદ્ધાનો આ તર્ક વાજબી જણાયો અને તેણે મહારાજ્યનો મધ્ય ભાગ છોડીને પોતાનું કાર્યક્ષેત્ર સરહદો પર ગોઠવ્યું, ને નંદના દુશ્મન નૃપતિઓ સાથે મિત્રાચારી કેળવવા માંડી.

આ અરસામાં (ઇ. પૂ. ૩૦૯ માં) મગધમાં બાર વર્ષના ભયંકર દુષ્કાળનાં મંડાણ થયાં. પહેલાં ત્રણેક વર્ષ તો અનાજ વગેરેના જૂના સંગ્રહના કારણે ખાસ અસર ન જણાઈ,

**બાર વર્ષનો દુષ્કાળ**

પણ પછી ચારે બાજુ અનાજની તાણ જણાતા લાગી ને સામાન્ય તેમજ ગરીબ વર્ગમાં ભૂખમરો સ્વાભાવિક થઈ પડ્યો. રાજનીતિજ્ઞ ચાણક્યે આ તકનો પૂરો લાભ ઉઠાવ્યો. એક બાજુએ તેણે એવી લોકવાયકાને ઉત્તેજી કે આ દુષ્કાળ નંદનાં પાપોને આભારી છે. બીજી બાજુ દુષ્કાળના કારણે જે લડાયક વર્ગોમાં ભૂખમરો પ્રવેશતો હતો તેમને તે વિપુલ દ્રવ્ય આપીને પોતાની સેનામાં રોકી લેતો. ને ત્રીજી બાજુ તેણે મગધમાં અસંતોષ ને ભૂખમરો પ્રવર્તે છે ને મગધના મોટા ભાગના લડાયક વર્ગો ચન્દ્રગુપ્ત સાથે ભળી ગયા છે, એવી વાતો ફેલાવીને ભારતના જુદાજુદા નૃપતિઓને ચન્દ્રગુપ્ત સાથે સંધિ કરવાને સમજાવ્યા. એ પ્રસંગે હિમવંતપતિ પર્વતક આદિ સંખ્યાબંધ નૃપતિઓએ ચાણક્યે ખેલેલા દાવમાં ફસાઈને ચન્દ્રગુપ્ત સાથે સંધિ કરી ને તેને નંદ સામે લશ્કરી મદદનું વચન આપ્યું.

ચાર્ય સંભૂતિવિજય પાસે દીક્ષા સ્વીકારી લીધી. પરિણામે નંદે મંત્રીપદ શ્રીયકને સોંપ્યું. શ્રીયકને હાથે પિતાનો વધ થયેલ હોઇ તે રાક્ષસમંત્રીના નામે પણ ઓળખાયલ છે.

શકટાળ ખૂબજ લોકપ્રિય મંત્રી હતો. તેનો દેખીતો વધ ભલે શ્રીયકના હાથે થયો પરંતુ તેનું મુખ્ય કારણ રાજાનો વહેમી સ્વભાવ હતો તે જાણીતું હતું. એટલે પ્રજામાં ધનનંદ પ્રત્યેની ભક્તિ ધીમે ધીમે ઘટવા માંડી.

બીજી બાજુ નંદરાજાનો લોભ પણ ધીમે ધીમે સીમા વટાવી રહ્યો હતો. તેણે પ્રજા પાસેથી અતુલ સમૃદ્ધિ એકત્ર કરીને તેને જમીનમાં દાટીને તેના રક્ષણ માટે ઉપર સ્તૂપો ચણાવરાવેલા. મગધની મહાન પ્રજાને નૃપતિની આ લોભવૃત્તિ ખૂંચતી હતી.

**ચાણક્યની પ્રતિજ્ઞા**

એ અરસામાં ચાણક્ય નામે એક મહાવિદ્વાન તથા રાજનીતિજ્ઞ પણ દ્રવ્યરહિત ગર્વિષ્ઠ યુવાન બ્રાહ્મણ પોતાની પત્નીના આગ્રહને વશ બનીને દાનની આશાથી નંદની રાજસભામાં આવ્યો. તે સમયે નૃપતિ નંદ સભામાં આવ્યો નહોતો એટલે નંદને માટે ગોઠવાયલા અગ્ર આસન ઉપર તે ગર્વિષ્ઠ બ્રાહ્મણ બેસી ગયો. તે પ્રસંગે દાસીએ તેને બીજા આસન પર વિરાજવાની વિનંતિ કરતાં તે ઊઠ્યો નહિ, ને બીજા આસન પર પોતાનું કમંડલ ગોઠવ્યું. તેની આ વર્તણુકથી ખીજાઇને નંદના રાજપુરુષોએ તેને લાત મારીને ઉઠાડી મૂકયો. તે પ્રસંગે ચાણક્યનાં અંગેઅંગ કોપથી પ્રજવળી ઊઠ્યાં. પોતાની શિખાને બાંધતાં તે બોલ્યો, " બ્રાહ્મણનું અપમાન કરનાર આ નૃપતિનો સર્વનાશ કર્યો વિના મારી આ શિખા ઘટશે નહિ. "

ઉપર પ્રમાણે પ્રતિજ્ઞા કરીને ચાણક્ય તેની સિદ્ધિ માટે ઉપાયો શોધવા લાગ્યો. પોતે બ્રાહ્મણ હોઇને સિંહાસનને ચડવાની મહત્ત્વાકાંક્ષા સેવવાનું તો યોગ્ય નહોતું. એટલે તે એવા ક્ષત્રિય પુરુષની શોધમાં પડયો કે જેને તે રાજા બનાવી શકે ને જે તેની આજ્ઞા મુજબ વર્તે.

**ચન્દ્રગુપ્ત મૌર્ય**

એક પ્રસંગે તે ફરતો ફરતો નંદરાજાના મયૂરરક્ષકોના ગામમાં જઇ ચડયો. આ મયૂરપોષકો એ વિશિષ્ટ પ્રાચીન ક્ષત્રિય જાતિના વારસો હતા અને તેઓ નંદ નૃપતિઓને માટે મોરોનું[1] પાલન કરતા હતા. તે જાતિના અગ્રણીની પત્ની મુરા ગર્ભવતી હતી અને તેને ચંદ્રનું પાન કરવાનો દોહદ ઉત્પન્ન થયો હતો. ચાણક્યને આ દોહદની પાછળ ગર્ભની વિશિષ્ટ મહત્તા દેખાઇ. તેણે તૃણની ઝૂંપડી પર કાણું પાડીને નીચેના જળપાત્રમાં ચન્દ્રનું પ્રતિબિંબ પડવા દીધું અને મુરા જેમ જેમ એ પાત્રમાંનું જળ પીતી ગઇ તેમ તેમ ઉપરનું કાણું પુરાવી તેણે મુરાના મન પર તે પોતેજ ચન્દ્રને પી ગઇ હોય એવી છાપ પાડી. તે પછી ચાણક્ય ત્યાંથી ચાલી નીકળ્યો ને વખત જતાં મુરાએ એક કાંતિમાન પુત્રને જન્મ આપ્યો. ચન્દ્રપાનના દોહદના કારણે તેનું નામ ચન્દ્રગુપ્ત રખાયું. તેની જાતિ તેમજ માતાના નામના આધારે તે મૌર્યવંશનો લેખાયો.

ચાણક્ય દૂરથી તેના ઉછેર પર નજર રાખવા લાગ્યો. અને જેમ જેમ ચન્દ્રગુપ્તના સ્વભાવ અને તેનાં લક્ષણોમાં રહેલાં રાજવંશી તત્ત્વો ખૂલતાં ગયાં તેમ તેમ ચાણક્ય ખુશ થતો ગયો.

આ રીતે નંદવંશને ઉખેડીને તેમના સિંહાસને સ્થાપવાને માટે ચાણક્યે યોગ્ય પુરુષરત્ન તો શોધી કાઢ્યું. પણ હજી સ્થાપિત સત્તાને તોડવાને માટે દ્રવ્ય અને શસ્ત્રસજ્જ સેનાની જરૂર હતી. તેમાં જો દ્રવ્ય, પૂરતા પ્રમાણમાં મળી રહે તો સેના તો પછી જોઇએ તેટલી મળી શકે એમ નિહાળીને ચાણક્યે પોતાનું બધું ધ્યાન વિપુલ ધનપ્રાપ્તિ પાછળ પરોવ્યું.

(૧) આ પરથી જણાય છે કે પ્રાચીન નૃપતિઓ મોરોના સંવર્ધનમાં વિશેષ રસ લેતા હતા. પ્રિયદર્શીના પ્રથમ મુખ્ય શિલાલેખમાં રાજરસોડામાં બે મોરોના વધની જે છૂટનો નિર્દેશ થયો છે તેનો ઉકેલ આમાંથી સાંપડી રહેશે.

ચાણક્ય પ્રખર પુરુષાર્થવાદી હતો અને તરંગી કલ્પનાઓ કે દૈવ પરતી કેવળ શ્રદ્ધાને તે હસી કાઢતો હતો. દ્રવ્ય પ્રાપ્તિને માટે ચિત્રવિચિત્ર આશાઓ સેવવાને બદલે તેણે પોતાનું ધ્યાન ધાતુ-વિજ્ઞાન પાછળ પરોવ્યું. અનેક રાસાયણિક પ્રયોગોના પરિણામે હલકી ધાતુઓને કિંમતી ધાતુઓમાં ફેરવવાની કલા તેણે સિદ્ધ કરી. તેની મદદથી તે વિપુલ સંપત્તિ મેળવવામાં સફળ થયો.

**ધાતુવાદ**

દ્રવ્ય પ્રાપ્ત કર્યા પછી તેણે પોતાનું બધું જ ધ્યાન ચન્દ્રગુપ્ત પાછળ પરોવ્યું. તેને તેણે રાજકુમારને યોગ્ય કેળવણી આપી; શસ્ત્રાસ્ત્રના વિવિધ ઉપયોગ અને યુદ્ધની તાલીમ આપી. તે પછી તે ચન્દ્રગુપ્તને સાથે લઈને નંદ નૃપતિ સામે બહારવટે ચડ્યો.

દ્રવ્યની મદદથી તેણે કેટલુંક સૈન્ય એકત્ર કર્યું અને એક પ્રસંગે તક જોઈને પાટલીપુત્ર પર છાપો માર્યો. પણ નંદની વિરાટ સેનાએ તેની નાની સેનાના ભુક્કા ઉડાવી દીધા. ચાણક્ય ચન્દ્રગુપ્તને લઈને મુશ્કેલીએ બચીને નાસી છૂટ્યો. એ નાસભાગમાં તેણે અનેક વખત ચન્દ્રગુપ્તની પરીક્ષાઓ કરી અને દરેક પ્રસંગે ઝગતા સૂર્ય સમું રાજતેજ અને પોતા પ્રત્યેની શ્રદ્ધા—એમ બંનેમાં ચન્દ્રગુપ્ત સાંગ નીવડતાં ચાણક્ય બમણા ઉત્સાહથી પોતાના કાર્ય પાછળ મંડ્યો.

**નાસભાગ**

એક પ્રસંગે ચાણક્ય ચન્દ્રગુપ્ત સાથે ભિક્ષાર્થે એક નાના ગામમાં જઈ ચડ્યો. ફરતો ફરતો તે એક વૃદ્ધાના ઘર પાસે જઈ પહોંચ્યો. તે વૃદ્ધાએ પોતાના પુત્રની થાળીમાં રાબ પીરસી હતી અને ક્ષુધાતુર પુત્ર ખાવા માટે રાબની વચ્ચે હાથ નાખતાં દાઝી ગયો. પુત્રને ઠપકો આપીને વૃદ્ધા તરત બોલી ઊઠી, "બેટા, તું પણ ચાણક્ય જેવો મૂર્ખ લાગે છે."

તે સાંભળીને ત્યાં ઊભેલા ચાણક્યે સહસા પૂછ્યું, "માજી આપના પુત્રના આ કાર્ય સાથે ચાણક્યની કઈ મૂર્ખતા સંબંધ ધરાવે છે?"

**વૃદ્ધાની સલાહ**

"ભાઈ" વૃદ્ધાએ શાંતિથી કહ્યું, "ચાણક્ય જેમ મગધ મહારાજ્યની સરહદો પર આક્રમણ કરવાને બદલે સીધો પાટનગર પાટલીપુત્ર પર ધસી ગયો અને પરિણામે માર ખાઈને પાછો પડ્યો તેમ મારો આ પુત્ર થાળીની કિનારે ઠારી ઠારીને રાબ ખાવાને બદલે થાળીની વચ્ચે હાથ નાંખવા જતાં દાઝી ગયો છે."

ચાણક્યને વૃદ્ધાનો આ તર્ક વ્યાજબી જણાયો અને તેણે મહારાજ્યનો મધ્ય ભાગ છોડીને પોતાનું કાર્યક્ષેત્ર સરહદો પર ગોઠવ્યું, ને નંદના દુશ્મન નૃપતિઓ સાથે મિત્રાચારી કેળવવા માંડી.

આ અરસામાં (ઇ. પૂ. ૩૦૯ માં) મગધમાં બાર વર્ષના ભયંકર દુષ્કાળનાં મંડાણ થયાં. પહેલાં તરોક વર્ષ તો અનાજ વગેરેના જૂના સંગ્રહના કારણે ખાસ અસર ન જણાઈ, પણ પછી ચારે બાજુ અનાજની તાણ જણાવા લાગી ને સામાન્ય તેમજ ગરીબ વર્ગમાં ભૂખમરો સ્વાભાવિક થઈ પડ્યો. રાજનીતિજ્ઞ ચાણક્યે આ તકનો પૂરો લાભ ઉઠાવ્યો. એક બાજુએ તેણે એવી લોકવાયકાને ઉત્તેજી કે આ દુષ્કાળ નંદનાં પાપોને આભારી છે. બીજી બાજુ દુષ્કાળના કારણે જે લડાયક વર્ગોમાં ભૂખમરો પ્રવેશ્યો હતો તેમને તે વિપુલ દ્રવ્ય આપીને પોતાની સેનામાં રોકી લેતો; ને ત્રીજી બાજુ તેણે મગધમાં અસંતોષ ને ભૂખમરો પ્રવર્તે છે ને મગધના મોટા ભાગના લડાયક વર્ગો ચન્દ્રગુપ્ત સાથે ભળી ગયા છે, એવી વાતો ફેલાવીને ભારતના જુદાજુદા નૃપતિઓને ચન્દ્રગુપ્ત સાથે સંધિ કરવાને સમજાવ્યા. એ પ્રસંગે હિમવંતપતિ પર્વતક આદિ સંખ્યાબંધ નૃપતિઓએ ચાણક્યે યોજેલા કાર્યમાં ઝુકાવી ચન્દ્રગુપ્ત સાથે સંધિ કરી ને તેને નંદ સામે લડાઈ મદદનું વચન આપ્યું.

**બાર વર્ષનો દુષ્કાળ**

**નંદવંશનું પતન**

આ રીતે દરેક પ્રકારે સજ્જ બનીને ચાણક્યે ચારે બાજુથી મગધ પર આક્રમણ કર્યું. નંદ અને મહામંત્રી રાક્ષસે અંત લગી યશસ્વી બચાવ કર્યો પરંતુ આ વખતે ચાણક્યની જાળમાંથી છૂટવાનો કોઇ માર્ગ નહોતો. એટલે નંદે ચાણક્ય પાસે સમાધાનની માગણી મૂકી. ચાણક્યે એક રથમાં જે કંઇ ઊંચકી જઇ શકાય તેટલું લક્ષ્મી નંદે તરત પાટલીપુત્ર છોડી જવું એ શરતે તેને જીવતો જવા દેવાની હા ભણી.

દશે બાજુથી ઘેરાયલા નંદને માટે સામનાનો કોઇ માર્ગ નહોતો. એટલે ચાણક્યની સૂચનાનુસાર પાટલીપુત્ર છોડી જવાની તેણે તત્પરતા દર્શાવી. એક રથમાં પોતાની બે પત્નીઓ, કુંવરી અને શક્ય સમૃદ્ધિ ગોઠવીને તે પાટલીપુત્રની બહાર નીકળ્યો; રસ્તામાં તેના વિજેતા ચન્દ્રગુપ્તના રથની સાથે ભેટો થયો. વિજયી ચંદ્રગુપ્તના થનગનતા યૌવનને નિહાળી નંદની કન્યા તેના પર મોહિત બની અને તેની આંખોમાંથી પ્રેમ નીતરવા લાગ્યો. નંદે પુત્રીની આ દશા નિહાળી તેને કહ્યું, "બેટા, રાજકન્યાઓ હંમેશાં સ્વયંવરા હોય છે. અને ક્ષત્રિયકન્યાઓને માટે એજ યોગ્ય છે. એટલે તું પણ જો તારા યથેષ્ટ વરને પસંદ કરી ચૂકી હોય તો, તેની સાથેનો તારા પિતાનો સંબંધ ન વિચારતાં, તું ખુશીથી પિતાના રથથી નીચે ઊતરીને તારા જીવનસાથીની સમીપ ચાલી જા. એ બહાને આ સંયોગોમાં તારે માટે યોગ્ય વર શોધવાની જવાબદારીમાંથી મને પણ મુક્તિ મળશે."

**ચન્દ્રગુપ્તની પ્રિયતમા**

પિતાની આ પ્રમાણે અનુમતિ મળતાં નંદપુત્રી તરતજ પિતાના રથમાંથી ઊતરીને સામે આવતા ચન્દ્રગુપ્તના રથ પર ચડવા લાગી. તે સમયે તેના વજનથી ચન્દ્રગુપ્તના રથના નવ આરા તૂટી પડ્યા. ચન્દ્રગુપ્તે આ સંયોગને અપશુકન માની નંદપુત્રીને રથમાં ચડતાં અટકાવવા માંડી. તે પ્રસંગે ચાણક્યે કહ્યું, "વત્સ, તે કન્યા અવગણનાને નહિ, પરંતુ સત્કારને પાત્ર છે. તેના આગમનથી નવ આરા તૂટી ગયા તે અપશુકન નથી, પરંતુ તેનાથી એમ સૂચવાય છે કે તારો વંશ નવ પુરુષો લગી ઉત્તરોત્તર વૃદ્ધિ પામશે. માટે તારે એ કન્યાનો સત્કાર કરવો ઘટે."

ચન્દ્રગુપ્તે ચાણક્યની સલાહને અનુસરીને નંદપુત્રીને પોતાની પ્રિયતમા તરીકે આવકારી લીધી.

આ રીતે નંદવંશને ઉત્થાપીને પોતાને અનુકૂળ નવો રાજવંશ સ્થાપવાનું ચાણક્યનું એક કાર્ય તો સિધ્ધ થયું. પણ હવે આ નવા રાજવંશને સ્થિર કરવો, ચન્દ્રગુપ્તને યોગ્ય ને કર્તવ્યદક્ષ મંત્રીમંડળ ચૂંટી આપવું, પ્રજાને દુષ્કાળની ભયાનક ચૂડમાંથી બચાવવી, રાજ્યની તિજોરીને તર કરવી, સેનાને અજેય બનાવવી, મગધભૂમિને દુશ્મનોના આક્રમણમાંથી ભયમુક્ત કરવી અને એવા સિદ્ધાંતગ્રન્થો રચવા કે જેના અભ્યાસથી પ્રજાની સ્થાયી મહત્તા અને સ્વાતંત્ર્ય જળવાઇ રહે—વગેરે કર્તવ્યો પાર પાડવાનાં હતાં. ચાણક્યે અજબ કુનેહ અને ધીરજપૂર્વક એ કામોને સિદ્ધ કરવા માંડ્યાં.

**ભાગીદારનો અંત**

સૌથી પ્રથમ પ્રશ્ન મહારાજ્યના ભાગલાનો હતો. હિમવંતપતિ પર્વતકે નંદ સામેના આક્રમણમાં ચન્દ્ર–ગુપ્ત–ચાણક્યને એ શરતે સાથ આપ્યો હતો કે વિજય પછી પ્રાપ્તિનો અર્ધો હિસ્સો પોતાને આપવામાં આવશે. એ શરત અનુસાર પર્વતકને મગધ મહારાજ્યનો અડધો ભાગ મળવો જોઇએ. પરંતુ ચાણક્ય સમા સામ્રાજ્યવાદી રાજનીતિજ્ઞને મહારાજ્યના ભાગ પાડવાની એ નીતિ ન રુચે તે સ્વાભાવિક હતું. તેણે પર્વતકના સ્વભાવનો નબળો ખૂણો શોધીને તેને કોઈ પણ ઉપાયે માર્ગમાંથી દૂર કરવાનો નિશ્ચય કર્યો.

ચાણક્ય કૂટ રાજનીતિનો બાહોશ દ્રષ્ટા હતો. નવા રાજવંશને સ્થાપનાં કઇ કઇ શક્તિઓ ને કેવા કેવા પ્રપંચોનો સામનો કરવો પડશે તે તે સમજતો હતો. તેણે વિચાર્યું કે નંદે પાટલીપુત્રમાંથી વિદાય લેતાં લેતાં પણ પાછળથી ચન્દ્રગુપ્તના નાશને માટે કોઇ ને કોઇ પગલાં

તો ચોક્કસજ યોજેલાં હોવાં જોઈએ. એટલે તેણે ચંદ્રગુપ્તને પોતાની સતત દેખરેખ નીચે રાખ્યો. તેને કોઈ ઝેર આપી ન શકે, ને કદાચ આપી દે તોપણ ચન્દ્રગુપ્ત પર તેની વિઘાતક અસર ન થાય તે માટે તેણે ચંદ્રગુપ્તને પ્રતિદિન સહેજ સહેજ અફીણ આપીને તેને ઝેર જીરવવાની ટેવ પડાવી. નંદે અને તેના વફાદાર સેવકોએ ચન્દ્રગુપ્તના નાશને માટે યોજેલા અનેક યાંત્રિક ઉપાયોને તેણે પોતાની કુનેહથી આવી જ રીતે નિષ્ફળ બનાવ્યા.

એક પ્રસંગે ચાણક્યની નજર રાજમહેલમાં ફરતી એક અતિ રૂપવતી કન્યા પર ઠરી. તે કન્યાનાં નયન અને તેના હલનચલનનું અવલોકન કરતાં જ ચાણક્યને જણાઈ ગયું કે તે કન્યામાં એક યા બીજા રૂપે પણ કોઈ ને કોઈ વિકૃતિ ચોક્કસ પ્રવેશેલી છે. ચાણક્યને તે કન્યાનું લાવણ્ય અનુપમ તથા અણસ્પર્શ્યું અને કૌમાર્ય અખંડ જણાયું. તેણે તે કન્યાને શંકાની નજરે નિહાળી અને થોડા જ સમયમાં તેને જણાઈ ગયું કે તે કન્યા વિધનું પધ્ધતિપૂર્વક સેવન કરાવીને ઉછેરેલી વિષકન્યા છે; યોગીને પણ લલચાવી દે એટલું તેનામાં આકર્ષક તત્ત્વ ખીલવવામાં આવ્યું છે, તથા વિષસેવનથી તેનામાં એવી ઘાતક શક્તિ ખીલેલી છે કે જે પુરુષ તેનો સહવાસ કરે કે તેનો પસીનો પણ જેના અંગને સ્પર્શે તે તરત જ મૃત્યુ પામે. ચાણક્ય તરત જ પામી ગયો કે નંદ આ લાવણ્યવતી કન્યાને રાજમહેલમાં એવા આશયથી ઉછેરતો હોવો જોઈએ કે તે યુવાન ચન્દ્રગુપ્તને (આગળ ચન્દ્રગુપ્ત પોતાનો જમાઈ જ બનવાનો છે, એવી કલ્પના પણ તેને ક્યાંથી જ આવી હોય!) મોહિત બનાવીને તેના મોતનું કારણ બનશે. ચાણક્યે નંદની આ યુક્તિને પોતાના જ લાભમાં પરિણમાવવાનો નિશ્ચય કર્યો.

તેણે ચન્દ્રગુપ્તને વિષકન્યાની નજરથી પણ દૂર રહેવાની સૂચના કરી અને પોતે એ કન્યા વિષે કોઈ જાણે પણ ન હોય એ રીતે તેણે તે કન્યા પર્વતકની સાથે પરણાવવા માટે એવી યોજના ઘડી. ચાણક્યની ધારણા અનુસાર પર્વતક તે કન્યા પર ઝટપટ મોહી પડ્યો અને તેણે તે કન્યા સાથે લગ્ન કરવાની ઈચ્છા દર્શાવી. ચાણક્યે આવું કન્યારત્ન પર્વતકને ફાળે ચાલ્યું જાય તે અંગે કંઈક આનાકાની કરતાં પર્વતકે તે કન્યાને માટે પોતાનો રાજ્યભાગ પણ જવા દેવાની તત્પરતા દર્શાવી. ચાણક્યે પર્વતકના આવા વિરલ પ્રેમની પ્રશંસા કરી તેનાં ત્વરિત લગ્નની તૈયારી કરી.

લગ્ન વેળાએ હોમાગ્નિના તાપથી કન્યાનાં અંગમાંથી પસીનો ઝરવા લાગ્યો અને તે કન્યાને અડીને બેઠેલા પર્વતકનાં અંગમાં સંક્રમિત થતાંજ પર્વતક પર ઝેરની અસર વ્યાપવા માંડી. તેનાં અંગ શિથિલ બની ગયાં ને જીભ સુકાવા લાગી. તેણે અસ્વસ્થ બનીને ચન્દ્રગુપ્તને વૈદ્યને બોલાવવાની સૂચના કરી. ચન્દ્રગુપ્તે વૈદ્ય અને પરિચારકોને બોલાવવાને બૂમાબૂમ આદરી. તે પ્રસંગે ચાણક્યે ચન્દ્રગુપ્તને કહ્યું, " રાજ્યમાં અડધો ભાગ પડાવનાર મિત્રને જે નાશ નથી પામવા દેતો તે સ્વયં નાશ પામે છે. " ચન્દ્રગુપ્ત ચાણક્યની સલાહથી મૌન રહ્યો અને પર્વતક ઝેરની અસર વધારે તીવ્ર બનતાં ત્યાંજ મરણ પામ્યો.

આ રીતે પર્વતક મરણ પામતાં જ ચન્દ્રગુપ્ત મગધ મહારાજ્યનો અખંડ સ્વામી બન્યો અને ઈ. સ. પૂ. ૩૨૨માં તેનો

ચન્દ્રગુપ્તનો રાજ્યાભિષેક રાજ્યાભિષેક ઉજવાયો.

અને દુશ્મનોનું જોડાણ પર્વતકનું મૃત્યુ અને ચન્દ્રગુપ્તના અખંડસ્વામીત્વના

સમાચાર બહાર પડતાં જ ચન્દ્રગુપ્ત તેમજ પર્વતક બન્નેના મિત્રરાજવીઓમાં ચાણક્ય પ્રતિ વહેમ પ્રસર્યો. પાટલીપુત્ર તજીને વનમાં જઈ વસેલા નંદના મહામંત્રી રાક્ષસે આ તકનો પૂરેપૂરો લાભ લેવાનો નિર્ણય કર્યો. તેણે પર્વતકના પુત્રને પિતાનું વેર લેવાને ઉશ્કેર્યો. તેની સાથે પર્વતકના બીજા પણ કેટલાક મિત્રરાજવીઓ અને ચાણક્યની રાજનીતિથી નારાજ બનેલા કેટલાક બાના નરપતિઓ જોડાયા. તે સર્વેએ રાક્ષસની દોરવણી નીચે નવ સુલતાનને ઉથલાવી પાડવાને કમર કસી.

રાક્ષસની કર્તવ્યદક્ષતાથી ચાણુક્ય સંપૂર્ણ પરિચિત હતો. સંગ્રામક્ષેત્ર પર રાક્ષસથી દોરવાતી સંયુક્ત સેનાઓને પરાજય આપવાનું કાર્ય અતિ કઠિન હતું. તે ઉપરાંત ચાણુક્યનું કાર્ય, રાક્ષસને ને તેના મિત્રનૃપતિઓને હાર આપવાથી જ સમાપ્ત નહોતું થતું, પરંતુ વંશપરંપરાગત મંત્રીપદના પોતાના સિધ્ધાંતને અનુસરીને તેમજ ચન્દ્રગુપ્તને અને નવા રાજવંશને મગધના તેવા મહામંત્રીની સેવાઓનો લાભ મળે એ આશયથી તે રાક્ષસમંત્રી પાસે ચન્દ્રગુપ્તના મહાઅમાત્યનું પદ સ્વીકરાવવા માગતો હતો અને તેના મળતિયા નૃપતિઓને ચન્દ્રગુપ્તના આશાંકિત મિત્રરાજવીઓ બનાવવા ઇચ્છતો હતો. આ કાર્યોની સિધ્ધિને માટે ...ને યુધ્ધ કરતાં જાસૂસી કુનેહનો માર્ગ વધારે ...ર્યસાધક જણાયો.

રાક્ષસમંત્રીએ ચન્દ્રગુપ્તના મહેલમાં જે જે જાસૂસો ગોઠવેલા તેમનાથી સંપૂર્ણ પરિચિત છતાં ચાણુક્યે અજાણપણાનો ડોળ કર્યો તેમજ પોતાની અને ચન્દ્રગુપ્તની વચ્ચે કૃત્રિમ અથડામણો ઊભી કરીને તેના સમાચાર રાક્ષસમંત્રીને પહોંચવા દીધા. રાક્ષસે ચન્દ્રગુપ્તને મેળવવાને માટે જે જે પ્રયત્નો કર્યા તે બધાને નિર્વિઘ્ને આગળ વધવા દઇ ચાણુક્ય તે સર્વ પર ઝીણી નજર રાખવા લાગ્યો ને પ્રયત્નોને પોતાના લાભમાં ફેરવવા લાગ્યો. એજ પ્રમાણે ચન્દ્રગુપ્તના નાશને માટે રાક્ષસે જે જે યુક્તિઓ અજમાવી તે સર્વને ચાણુક્ય પોતાની જાળમાં ખેંચવા લાગ્યો.

**ચાણુક્યની યુક્તિઓ**

આ રીતે એક બાજુ ચાણુક્યે રાક્ષસમંત્રીની જાસૂસી પ્રવૃત્તિઓને નિષ્ફળ બનાવી એટલુંજ નહિ, ...તે બધી પ્રવૃત્તિઓને તેણે પોતાના લાભમાં ફેરવી નાંખી ...ી બીજી બાજુ પોતાના ચાલાક જાસૂસોને રાક્ષસમંત્રી ...મજ તેના મળતિયા નૃપતિઓની સમીપમાં ગોઠવીને ...મની વચ્ચે કુસંપનાં બીજ વાવવા માંડયાં. રાક્ષસ...ંત્રીની કુશાગ્ર બુદ્ધિ પણ, મિત્ર અને દુશ્મન વચ્ચેનો ...ા ભેદ નિહાળી ન શકી, તો પછી તેના મળતિયા નૃપતિઓનું તો ચાણુક્યે કેળવેલા જાસૂસોની જાળમાંથી છૂટવાનું શું ગજું ! ચાણુક્ય કેટલીક વખત તો પોતાના જાસૂસોને અમુક સૂચનાઓ સાથે દુશ્મનના પક્ષમાં મોકલતો, તેઓ દુશ્મનના હિતસ્વી મિત્ર બનવાનો ઢોંગ કરીને તેમને હિતદાયીની લાગે એવી કેટલીક સલાહો આપતો, ચાણુક્ય તેમને દુશ્મનોના દેખતાં જ મોતની સજા કરાવતો, પરિણામે દુશ્મનોના મનમાં તેમણે આપેલી સલાહ પર વિશ્વાસ ચોટતો; જ્યારે ખરી રીતે તો તે સલાહ ચાણુક્યની સૂચનાનુસારની જ થએલી હોવાથી બહારથી તે ચન્દ્રગુપ્તના પક્ષ માટે હાનિકારક જણાતી હોવા છતાં પરિણામે તો ચન્દ્રગુપ્ત–ચાણુક્યને જ લાભદાયી નીવડતી.

ચાણુક્યની આ જાસૂસી પ્રપંચલીલાએ રાક્ષસમંત્રીને મૂઝવી નાંખ્યો. તેના મિત્રનૃપતિઓ એકમેકથી વિખૂટા પડવા મંડયા. ચાણુક્યે દુશ્મન પક્ષમાં પડેલા આ માનસિક ભંગાણુનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો. જાસૂસોની મદદથી તેણે બધા જ નૃપતિઓના મન વિહ્વલ બનાવ્યાં અને પછી પોતાની સેનાની મદદથી એક પછી એક નૃપતિઓની ખબર લેવા માંડી. થોડાક નૃપતિઓ પોતાની સેનાના કેટલાક ભાગ સાથે નાસી છૂટયા, જ્યારે તેમના મોવડી સમો પર્વતકનો પુત્ર ચાણુક્યના હાથમાં કેદ પકડાયો.

રાક્ષસમંત્રીએ પોતાના પક્ષની આ દશા નિહાળી આપઘાત માટે તૈયારી કરી. પરંતુ તેની એ વલણુને પહેલેથી જ પારખી ચૂકેલા ચાણુક્યે તેની આસપાસ ગોઠવેલા જાસૂસો મારફત રાક્ષસમંત્રીને સમાચાર પહોંચાડયા કે ચાણુક્યે રાક્ષસમંત્રીને માટે સર્વસ્વનું બલિદાન દેનાર મિત્રોને કેદ કરીને તેમને એવી તાકીદ આપેલી છે કે જો અમુક ગાળામાં તેઓ રાક્ષસમંત્રી તેમજ તેના કુટુંબને ચાણુક્યની સમક્ષ હાજર નહિ કરી શકે તો તેમનો વધ કરવામાં આવશે. રાક્ષસને માથે ભયંકર ધર્મસંકટ આવી પડ્યું. તે માટે યોગ્ય ઉપાય વિચારીને તેનો તાત્કાલિક અમલ કરવાને ને પાટલીપુત્ર ચાલ્યો. જાસૂસો મારફત રાક્ષસ પર સતત દેખરેખ રાખતો ચાણુક્ય આ સમાચાર મળતાં જ ચન્દ્રગુપ્તની

દર્શાવીને નંદવંશની પુનઃસ્થાપના કરવાની તમન્ના સેવી. તે માટે તેણે પર્વતકના પુત્રની સરદારી નીચે સંખ્યાબંધ રાજાઓને એકત્ર કર્યા અને સતત હુમલાથી ચન્દ્રગુપ્તને તોબા પોકરાવી. પણ ચાણક્યની વિચક્ષણ બુદ્ધિજાળમાં તે સપડાઇ ગયો અને પોતાના પક્ષમાં ભળેલાં નિર્દોષ માનવીઓને બચાવી લેવાને ખાતર તેને ચન્દ્રગુપ્તનું નૃપતિપદ કબૂલવું પડયું અને વંશપરંપરાથી ચાલ્યું આવતું મગધપતિના મહામંત્રીનું પદ સ્વીકારી લેવું પડયું. તે પછી શ્રીયક અને ચાણક્યની મદદથી ચન્દ્રગુપ્તે સામ્રાજ્યની ખીલવણી કરી.[૭]

ચન્દ્રગુપ્ત સિંહાસને ચડયો ત્યારે કેવળ મગધમાંજ નહિ, પરંતુ ભારતખંડના મોટા ભાગમાં ભયાનક દુકાળ ચાલતો હતો. [આ દુકાળની શરૂઆત મ. સં. ૧૪૮ (ઇ. સ. પૂ. ૩૭૯) માં થયેલી અને તે બાર વર્ષ સુધી ચાલીને મ. સં. ૧૬૦ (ઇ. સ. પૂર્વે ૩૬૭) માં પૂર્ણ થયેલો.] ચન્દ્રગુપ્તને મળેલા વિજયમાં એ દુકાળે પણ મહત્ત્વનો ભાગ ભજવેલો, કેમકે પ્રજા અને લશ્કર ભૂખે મરતાં હતાં અને દુકાળનું કારણ તેઓ નંદના પાપને લેખતાં હતાં. ચન્દ્રગુપ્તે એ દુકાળના વેગને ઓછો કરવા ઘણા ઉપાય લીધા. દુકાળની પૂર્ણાહુતિ પછી વર્ષાના આગમન સાથે જ તેણે, ભવિષ્યમાં દુકાળનો પ્રસંગ પડતાં પાણીની તાણ ન પડે એવા આશયથી, ઠેર ઠેર ભવ્ય સરોવરો બંધાવ્યાં. તેમાંથી અવશેષ રૂપે આજે તો ગિરનારનું સુદર્શન તળાવ જ મળી આવે છે જેના પર ચન્દ્રગુપ્તે પિતાના સૈરાષ્ટ્રના સૂબા વૈશ્યગુપ્ત મારફત બંધાવ્યું હોવાનો લેખ મળી આવે છે.[૮]

તે સમયમાં પુસ્તકો લખવાની પ્રથા ન હોવાથી [illegible] બાર વર્ષના દુકાળ દરમિયાન તેમાંનાં ઘણાંખરાં શાસ્ત્રો ભૂલી જવાયાં હતાં. એટલે મ. સં. ૧૬૦ (ઇ. સ. પૂર્વે ૩૬૭) માં પાટલીપુત્રમાં જૈનોનું સંઘ-સંમેલન મળ્યું અને તેમાં શ્રી ભદ્રબાહુસ્વામી, સ્થુલિભદ્ર આદિ મહામુનિવરોના પ્રયત્નથી શાસ્ત્રો બચાવી લેવાયાં. તે સમયે ચન્દ્રગુપ્ત ભદ્રબાહુ સ્વામી, સ્થુલિભદ્ર આદિ મુનિવરોના સંપર્કમાં આવ્યો. અને તે શ્રી ભદ્રબાહુ સ્વામીનો ભકત બન્યો.

ચાણકયે ચન્દ્રગુપ્તના વડીલનું, સલાહકારનું, રાજગુરુનું સ્થાન શોભાવ્યું. તેની અમર કૃતિઓમાં 'અર્થશાસ્ત્ર', 'કામશાસ્ત્ર' આદિ નોંધપાત્ર છે.

ચન્દ્રગુપ્તને કોઇ ઝેર ખવરાવીને મારી ન નાંખે તે ખાતર ચાણકયે તેને ઝેરનો ગડાવરો પાડવાને ખોરાક સાથે ધીમું ધીમું ઝેર ખવરાવવા માંડેલું. એક દિવસે એ પ્રક્રિયાથી અજ્ઞાત ચન્દ્રગુપ્તની ગર્ભવતી રાણી અચાનક ચન્દ્રગુપ્તની સાથે જમવા બેસી ગઇ. ચાણક્ય ત્યાં આવી પહોંચતાં જ તે ભયાનક પરિણામ જોઇ ગયો અને રાણીના પેટમાં ઊતરેલું ઝેર, ગર્ભમાંના બાળકને સ્પર્શે તે પહેલાં જ રાણીનું ઉદર ચીરીને તેણે ગર્ભ કાઢી લીધો. તે બાલકુમારના કપાળમાં ઝેરનું એક બિન્દુ સ્પર્શી ગયેલું તે પરથી ચાણક્યે તેને "બિન્દુસાર" નામ આપ્યું. ને ચન્દ્રગુપ્ત જ્યારે મ. સં. ૧૬૯ (ઇ. સ. પૂર્વે ૩૫૮) માં રાજગાદી તજીને ભદ્રબાહુ સ્વામી સાથે દક્ષિણમાં શ્રવણ બેલગોલ ચાલ્યો ગયો[૯] ત્યારે ઉક્ત બિન્દુસાર મગધના સિંહાસને આવ્યો.

બિન્દુસાર મહા દાનેશ્વરી હતો. પરંતુ અપક્વ અને અકલ્પ્ય સંજોગોમાં તેનો જન્મ થયેલો હોઇને તેનાં મન તેમ જ શરીરની સંપૂર્ણ ખીલવણી નહોતી થઇ શકી. એ સ્થિતિનો લાભ સાવિતેના પુત્રોએ અંદરો અંદર કલહ આદર્યો.

---

(૭) [illegible]

(૮) [illegible]

સાથે નગરની ભાગોળે જઇ પહોંચ્યો ને ત્યાં ગુપ્તવેશમાં ભમતા રાક્ષસમંત્રી સમક્ષ મગધના મહામંત્રીપદની તલવાર ધરતાં બોલ્યો, “ કાં તો આ તલવાર સ્વીકારો, નહિતર મિત્ર તેમજ કુટુંબનો વધ નજરે નિહાળો.”

ચાણક્યે ચારે બાજુએ એવી જાળ બિછાવી હતી કે રાક્ષસને માટે છૂટકારાનો કોઇ જ માર્ગ નહોતો. એટલે તેને નિરુપાયે પણ ચન્દ્રગુપ્તનું મહામંત્રીપદ સ્વીકારવું જ પડયું. એ પદ સ્વીકાર્યા પછી તરત જ તેણે પર્વતકના પુત્રને કેદમાંથી મુક્તિ અપાવી. ને ચાણક્ય આ રીતે મહામંત્રીપદ તેમજ નવા યોગ્ય મંત્રીમંડળની રચનાની જવાબદારી મગધના વંશપરંપરાગત મહામંત્રી રાક્ષસને સોંપીને પોતાનાં બીજાં કર્તવ્યોને માટે સ્વતંત્ર થયો.

રાજકારણમાંથી સહેજ નિવૃત્તિ મળતાં જ ચાણક્યે પોતાનું ધ્યાન રાજ્યની આર્થિક દશાની વિશેષ સુધારણા તેમજ દુષ્કાળમાંથી પ્રજાને રાહત આપવા પાછળ પરોવ્યું.

**આર્થિક સુધારણા**

રાજ્યની તિજોરી તર કરવાને તેણે બે વર્ગો પર ધ્યાન કેન્દ્રિત કર્યું. એક તો જેઓ પોતાની સંપત્તિનો દુરુપયોગ કરતા હોય તેઓ અને બીજા જેઓ અઢળક દોલતને કશા પણ ઉપયોગ વિના જમીનમાં કે ખજાનાઓમાં ભંડારી બેઠા હોય તેઓ. પહેલા વર્ગ પાસેથી ધન ખેંચવાને તેણે કેટલાક ચાલાક પુરુષોને જુગારની કળામાં નિષ્ણાત બનાવ્યા ને તેમને ચારે બાજુ જુગારના ગુપ્ત કે જાહેર અખાડાઓમાં મોકલીને તેમની મારફત જુગાર મારફતે મળી શકતું બધું જ દ્રવ્ય ખેંચવા માંડયું. ચાણક્યને હાથે તૈયાર થયેલા જુગારીઓ એ કળામાં એટલા પાવરધા બની ચૂકેલા હતા કે તેમની સાને રમતમાં ઊતરનારા ગમે તેવા અનુભવી દ્યુતપ્રેમીઓ પણ ખોટાં ખાલી કરીને જ ઘેર જતા. આ પ્રયોગથી ચાણક્યને બમણો લાભ થવા લાગ્યો. એક તો મગધમાં અને પાટલીપુત્રમાં મોટા પાયે ચાલતી જુગારની લત ઓછી થવા લાગી અને બીજું રાજ્યની તિજોરીને ઠીક ઠીક ધન મળતું થયું.

બીજી બાજુ રાજ્યના ગૂઢ શ્રીમંતોને મિજબાનીઓમાં ન્હોતરીને ચાણક્ય તેમણે માદક પીણાં પીવરાવવા લાગ્યો ને પછી તેમને નાચરંગના તાનમાં ચઢાવીને કોના પાસે કેટલી નિરુપયોગી સમૃદ્ધિ ક્યાં દટાયલી પડી છે તે જાણી લેવા લાગ્યો. નંદોના અતિ લોભથી ભયત્રસ્ત બનેલા રાજ્યના શ્રીમંતોએ નાણાંને ફરતું રાખવાને બદલે તેને સંતાડી દેવાની વલણ કરી હતી. ચાણક્યની ઇચ્છા આ ખધાજ નાણાંને પુનઃ ફરતું બનાવવાની હતી. એટલે કોના પાસે કેટલું નાણું ક્યાં દટાયલું પડયું છે તે જાણી લેવાનું જરૂરી હતું. ઉપરોક્ત માર્ગે દટાયલ નાણાંની પરિસ્થિતિનો અભ્યાસ કર્યા પછી ચાણક્યે યુક્તિપુરસ્સર તે નાણાંને ફરતું બનાવવા માંડયું. અને જે શ્રીમંતોએ ચાણક્યને આ સુધારણામાં સાથ આપવાની અનિચ્છા દર્શાવી તેમના નાણાંનો કેટલોક ભાગ રાજધર્મની મર્યાદામાં રહીને યોગ્યદંડનીતિના આશ્રયપૂર્વક રાજ્યની તિજોરીમાં પધરાવવા લાગ્યો.

આ રીતે દ્રવ્યના બંને પ્રવાહોને રાજ્યની તિજોરીને માર્ગે વાળી ચાણક્યે પ્રજાની આર્થિક સુધારણા તેમજ દુષ્કાળમાંથી પ્રજાને રાહત આપવાના પ્રશ્નોને હાથ ધર્યો.

**દુષ્કાળ–રાહત**

નંદોના પતન સમયે મગધમાં દુષ્કાળ પ્રવર્તતો હતો અને ચાણક્યે વિજય પછી તરતજ તેની ઘાતક અસર ઓછી કરવાના શક્ય માર્ગો અજમાવ્યા હતા. પણ હવે વિપુલ દ્રવ્યની મદદથી તેણે દુષ્કાળમાં પીડાતી પ્રજાને સ્થાયી રાહત આપવાનાં પગલાં લીધાં

તેણે ખેડૂતોને ખેતીમાં રાહત આપી. કૂવાઓનાં ખોદકામને ઉત્તેજન આપી તેણે જમીનનું પાણી પણ ખેતીના ઉપયોગમાં આવી શકે એવી વ્યવસ્થા કરી. મોટાં મોટાં નગરોને વિશાળ રાજમાર્ગોથી જોડીને તેણે વ્યવહારના માર્ગને સરળ બનાવ્યો; ખાદ્યપદાર્થોની ચીજને એક સ્થળેથી બીજે સ્થળે તરત પહોંચાડી શકાય તેવી વ્યવસ્થા કરી અને એ રીતે અનાજની વહેંચણીને કામ આપ્યું. ઠેર ઠેર સરોવરો ખોદાવડાવીને તેણે નદીઓનાં

પાણી તેમાં વળાવ્યા. દુષ્કાળમાં રાહત તેમજ યાત્રિકોની સગવડતા-બંને આશયથી ગિરનારની તળેટીમાં ખોદાવાયેલું સુદર્શન સરોવર આજે પણ તે ચન્દ્રગુપ્તે પોતાના સૌરાષ્ટ્રના સુબા પુષ્પગુપ્ત મારફત ખોદાવેલ હોવાના લેખ સાથે અવશેષ રૂપે મળી આવે છે. વિશાળ નદીઓમાંથી નાની નાની ન્હેરો ખોદાવીને તેણે કેટલાય વિસ્તારોને જળ પૂરું પાડયું.

ઈ. સ. પૂ. ૩૭૯થી ઈ.સ. પૂ. ૩૬૭ સુધીનો આ આ ભયંકર દુષ્કાળ મગધને માટે એક ભયાનક શ્રાપ અને અકલ્પ્ય કસોટી સમો હતો. ચન્દ્રગુપ્ત-ચાણક્યના સંયુક્ત પ્રયત્નો ન હોત તો આ દુષ્કાળે મગધને બેહાલ બનાવી દીધું હોત. આ દુષ્કાળમાં અનેક સાધુઓ અને ભિક્ષુકો મગધ છોડી ગયા. મગધની સાંસ્કારિક પ્રવૃત્તિઓ સ્થગિત બની ગઈ. મગધની સામાન્ય પ્રજા ભૂખમરાનો ભોગ બનીને પીડાવા લાગી.

પ્રાચીન તેમજ મધ્યકાલીન જૈન સાહિત્યમાં આ દુષ્કાળમાં સાધુઓની દશા વિષે એક નોંધપાત્ર પ્રસંગ મળી આવે છે–

દુષ્કાળના વિકટ સંયોગો નિહાળીને જૈન સાધુઓનો મોટો ભાગ પાટલીપુત્ર તેમજ મગધ છોડીને દૂર દૂર વિહરવા લાગ્યો. પણ સુસ્થિત નામે એક આચાર્ય પોતાની વય તેમજ જવાબદારીને વિચારીને પાટલીપુત્રમાંજ રહ્યા. તેમણે પોતાના બધા શિષ્યોને દેશાંતરમાં મોકલી દીધા, પરંતુ બે શિષ્યો દેશાંતરથી તરતજ પાછા ફરી ગયા અને ગમે તેવા સંયોગોમાં પણ તેમણે ગુરુસેવાને માટે ગુરુની સમીપ રહેવાનોજ આગ્રહ દર્શાવ્યો. આચાર્યે તેમને ન છૂટકે ત્યાં રહેવાની સંમતિ આપી.

સમય જતાં દુષ્કાળની અસર વધારે તીવ્ર બની અને બંને સાધુઓને ન જેવી જ ભિક્ષા મળવા લાગી. તે પ્રસંગે તે બંને સાધુઓએ માનવીને અદૃશ્ય બનાવતા રાસાયણિક પ્રયોગની મદદથી અદૃશ્ય બનીને ભોજનની ચિંતા દૂર કરવાની ઇચ્છા સેવી. અદૃશ્ય બનીને શ્રીમંતના કે રાજકુટુંબના રસોડેથી ભોજન ચોરી લાવવાનું તો અયોગ્ય ગણાય. એટલે તેમણે સમ્રાટ ચન્દ્રગુપ્ત જમવાને બેસે ત્યારે અદૃશ્યરૂપે તેની સાથે જ ભોજન કરવાનો પ્રબંધ કર્યો.

સમ્રાટ ચન્દ્રગુપ્ત પોતાની થાળીમાંથી ભોજન ઓછું થાય છે તે જોઈ શક્યો પણ માનુષિક દૃષ્ટિએ તેનો તે ઉકેલ ન શોધી શક્યો, ને શરમનો માર્યો તે કોઈને કંઈ કહી ન શક્યો. પરંતુ ચાણક્યે તરતજ તેના પાસેથી વસ્તુસ્થિતિ જાણી લીધી અને તે સમજી ગયો કે આ દુષ્કાળના સમયમાં અદૃશ્યવિદ્યા જાણતો કોઈ માનવીજ ચન્દ્રગુપ્તની થાળીમાંથી ભોજન ઉઠાવી લેતો હોવો જોઈએ. તે બધી વિદ્યાઓનો જાણકાર હોઈને સમજતો હતો કે આંખમાં રાસાયણિક અંજન આંજીનેજ અદૃશ્ય બનાય છે એટલે તેણે ચન્દ્રગુપ્ત ભોજન કરવા બેઠા તે પ્રસંગે ભોજનખંડમાં ધુમાડો કરાવરાવ્યો. તે સમયે ચન્દ્રગુપ્ત સાથે ભોજન કરતા બંને સાધુઓની આંખમાંથી સખ્ત ધુમાડાના કારણે અશ્રુ ટપકવા લાગ્યાં અને તેની સાથે જ તેમની આંખમાંનું અંજન ઓગળી ગયું. તેમ થતાં જ બંને સાધુઓ સર્વની નજર સમક્ષ ખુલ્લા થઈ ગયા.

ચન્દ્રગુપ્ત તેમજ અન્ય રાજપુરુષો સાધુઓ પર એકદમ ખીજાઈ ઊઠયા. પરંતુ બ્રાહ્મણશ્રેષ્ઠ ચાણક્ય ધર્મે જૈન હોઈને જૈન સાધુઓને હલકા પાડવાનું તેને વ્યાજબી ન જણાયું. તેણે ચન્દ્રગુપ્તને સમજાવ્યું કે સાધુઓ ધારે તો પોતાની અદૃશ્યવિદ્યાના બળથી રસોડામાંથી ભોજન ઉઠાવી જઈ શકે છે. પણ વિદ્યાનો ઉપયોગ ચોરીમાં ન કરતાં તેઓ રાજાની સાથે કેવળ ભોજન જ કરી જાય છે. વળી સાધુઓ સાથે ભોજન કરવાથી રાજા ભ્રષ્ટ નહિ, પરંતુ ભાગ્યશાળી બન્યો છે; કેમકે સાધુઓ ઘેરથી ભિક્ષા લઈ જાય તેને પણ સદ્ભાગ્યની નિશાની માનવામાં આવે છે ત્યારે આ તો સાથે જમવાનું અભૂતપૂર્વ સદ્ભાગ્ય ગણાય.

ચન્દ્રગુપ્તને ચાણક્યના ખુલાસાથી સંતોષ થયો, અને ધીમે ધીમે તે જૈન ધર્મ પ્રતિ આકર્ષાતો ગયો.

બીજી બાજુએ ચાણક્યે સુસ્થિત આચાર્ય પાસે જઈ બંને શિષ્યોના રાજા સાથેના ભોજનની વાત કહી ને શિષ્યોને તેણે ઠપકો આપ્યો. ત્યારે આચાર્યે

ચાણક્યને વળતો ઠપકો આપતાં કહ્યું કે, " જ્યાં તમારા સમા રાજકૃપાધારી શ્રાવકશ્રેષ્ઠો ઉદરંભરી બનીને ભિક્ષુઓને વીસરી જાય ત્યાં આવા પ્રસંગો બને તે સહજ છે. "

તે પછી ચાણક્યે દુષ્કાળમાં ભિક્ષુકવર્ગને માટે પણ ભોજનની રાહતનો પ્રબંધ કર્યો.

ચાણક્ય વર્ણથી બ્રાહ્મણ હોઇ કેટલાક તેને વૈદિક ધર્માનુયાયી ગણી લે છે. પરંતુ તે મત ભૂલભરેલો જણાય છે. કેમકે ઉપ-

**ચાણક્યનો ધર્મ**

રોક્ત પ્રસંગ પરથી ચાણક્ય જૈન ધર્માનુયાયી હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે. તે ઉપરાંત તેના બાળપણ સાથે સંકળાયલી પ્રસંગ-કથાઓ પણ જૈન ધર્મની સૂચક છે.

પ્રાચીન કાળમાં જૈન ધર્મ આજની જેમ વણિક જાતિમાં જ મર્યાદિત નહોતો બની ગયો. ચારે વર્ણની પ્રજાઓ વર્ણાશ્રમ વ્યવસ્થાને માન આપતે છતે જૈન ધર્મનું પાલન કરી શકતી. એ ધોરણે ચાણક્યનો પિતા ચણી અને તેની માતા ચણેશ્વરી બન્ને વર્ણે બ્રાહ્મણ હોવા છતાં જન્મથી જ શ્રાવક ધર્મનું પાલન કરતાં હતાં. ગોલ્લ દેશના ચણક ગામમાં વસતું એ યુગલ જૈન મુનિઓના સતત સંપર્કમાં પોતાનું અહોભાગ્ય સમજતું હતું.

સમય જતાં ચણેશ્વરીએ એક પુત્રને જન્મ આપ્યો તેને જન્મથી જ મોંમાં બે દાંત હતા. ચણીએ એ પુત્ર સાધુઓને બતાવી તેમને દાંતનું ફળ પૂછ્યું. જ્ઞાની મુનિઓએ કહ્યું, " આ બાળક આગળ જતાં મહાન રાજા બનશે "

બહુને સ્વરે જોઈને પિતા હોત તો પુત્ર થાત. પણ અભિમાન ... ને પોતાનો પુત્ર રાજા બને એ ન રુચ્યું. એટલે તેણે પુત્રના દાંત ઘસી નાંખ્યા. તે પછી તેણે મુનિરાજને પોતાના એ કાર્યનો વૃત્તાંત જણાવ્યો. મુનિરાજે ઉત્તરમાં કહ્યું, " બહુજ સંભવતઃ આપ ... દાંત ઘસી નાંખ્યા છે, તેથી તે બાહ્ય રીતે રાજા બનતો અટકશે પણ તેથી તેનું રાજ્યભાગ્ય નહિ ભુંસાય. હવે તે મુગટધારી રાજા નહિ બને, પણ મુગટધારી રાજાને પણ દોરનાર બિંબાતરિક રાજવી ( King-maker ) બનશે. "

તે પછી જૈન મુનિવરે ભાખેલા ભવિષ્ય અનુસાર જ ચાણક્ય તે યુગની સર્વ વિદ્યાઓમાં નિષ્ણાત બન્યો, અને રાજનીતિમાં તો તેના પુરોગામીઓ કે સમકાલિકો કરતાં પણ વધારે નિપુણ બન્યો. તે હકીકત ઇતિહાસ પ્રસિદ્ધ છે.

તે અકિંચ સ્વભાવનો હોઇ કદી ભિક્ષા માગતો નહોતો. પરંતુ પત્નીનો આગ્રહ થતાં તે યોગ્ય દાનની આશાથી નંદની સભામાં ગયો. અને ત્યાં પોતાનું અપમાન થતાં તેણે કેવી પ્રતિજ્ઞા લીધી, કઇ રીતે નંદવંશને તેણે ઉખેડી નાંખ્યો અને ચન્દ્રગુપ્તને સિંહાસને સ્થાપી તેણે કેવી યુક્તિથી મૌર્ય રાજ્યવંશનાં મૂળ વિકસાવ્યાં તે આપણે ઉપર જોઇ ગયા. આ રીતે એક સામાન્ય ભિક્ષુક બ્રાહ્મણની સ્થિતિમાંથી તે મૌર્ય સમ્રાટના મહામાત્યને પદે પહોંચ્યો છતાં જૈન ધર્મ પ્રત્યેનો તેનો પ્રેમ તો, આપણે ઉપર જોયું તે પ્રમાણે, સુંદર રૂપમાં જળવાઇ રહેલો; એટલું જ નહિ, પણ તે ઉપરાંત તેણે ચન્દ્રગુપ્તને પણ જૈન ધર્મની અસર નીચે લાવવાના પ્રયત્નો કર્યો.

ઇ. સ. પૂ. ૩૦૮ માં શરૂ થયેલા દુષ્કાળે નંદવંશના પતનમાં મહત્ત્વનો ફાળો નોંધાવ્યો છે. કેટલાક તેને

**પાટલીપુત્રની જૈન વાચના**

નંદોના પાપનું ફળ માનતા, તો પ્રજાનો સામાન્ય વર્ગ એ દુષ્કાળની પાછળ અસરોમાંથી પોતાને બચાવી લેવાની નંદની અશક્તિથી ચન્દ્રગુપ્તના પક્ષમાં જોડેલો. ચન્દ્રગુપ્ત-ચાણક્યે ઉપર જણાવ્યા પ્રમાણે પ્રજાના જુદા જુદા વર્ગને દુષ્કાળ તેમજ દુર્ભિક્ષમાંથી બચાવી લીધા તે દરમિયાનમાં રસ રોપ્યાં. આ આવી અનેક યુક્તિઓથી જૈનોને કેન્દ્રિત કરીને રાજ્યનો પાયો પણ સ્થાપ્યો.

ઉક્ત દુષ્કાળ દરમિયાન મગધની અનેક સાંસ્કારિક પ્રવૃત્તિઓ અટકી પડેલી. ઇ. સ. પૂ. ૩૬૭ માં વૃષ્ટિ થતાં બીજાજ વર્ષથી તે બધી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી. ચન્દ્રગુપ્ત–ચાણક્યે તેની ખીલવણીમાં મહત્ત્વનો ફાળો નોંધાવ્યો. આ બધી પ્રવૃત્તિઓમાં પાટલીપુત્રની જૈન વાચના ખૂબ જ નોંધપાત્ર છે.

તે યુગમાં શાસ્ત્રોને પુસ્તકો પર લખવાની રૂઢિ નહોતી. એટલે અંગાદિ જૈન સૂત્રોને જૈન સાધુઓ મોઢે જાળવી રહ્યા હતા. એની અભ્યાસ પરંપરા ચાલુ રહેતી અને સાધુમંડળીઓ બધાં જ શાસ્ત્રોને સંપૂર્ણ શુદ્ધિ પૂર્વક ગોખી રાખતી. આ પ્રથાથી બધાં જ સૂત્રો સુંદર રૂપમાં જળવાઇ રહેતાં હતાં. પણ આ ભીષણ દુષ્કાળ દરમિયાન સાધુઓ વેરવિખેર થઇ ગયા. એટલે અભ્યાસ પરંપરા તૂટી ગઇ. અને શાસ્ત્રજ્ઞાન અવ્યવસ્થિત બની રહ્યું. દુષ્કાળ દૂર થતાં જ મગધના જૈન સંઘે એ જ્ઞાનને વ્યવસ્થિત બનાવવાને પગલાં લીધાં. આ પ્રવૃત્તિ પાટલીપુત્રની વાચનાને નામે મશહૂર બનેલી છે.

આ કાર્યક્રમમાં જૈન સંઘના અગ્રણી સભ્યોને તેમજ અભ્યાસી સાધુઓને પાટલીપુત્ર ન્હોતરવામાં આવ્યા. અને જ્ઞાન કેવા સ્વરૂપમાં કેટલી હદે જળવાઇ રહ્યું છે તેની તપાસ કરવામાં આવી. તે વખતે જણાયું કે અગ્યાર અંગનું જ્ઞાન અખંડ રૂપમાં જળવાઇ રહ્યું છે. પરંતુ દૃષ્ટિવાદ નામે બારમા અંગનું જ્ઞાન ઘણુંજ અધૂરું અને અવ્યવસ્થિત બની રહ્યું છે. એટલે એનું સંપૂર્ણ શુદ્ધ જ્ઞાન ક્યાંયથી શક્ય છે કે કેમ તેની ચર્ચા કરવામાં આવી. તેમાં જણાયું કે દુષ્કાળ દરમિયાન નેપાળમાં જઇ વસેલા શ્રી ભદ્રબાહુસ્વામી બારે અંગનું સંપૂર્ણ શુદ્ધ અને સાર્થ જ્ઞાન ધરાવે છે. એટલે મગધના સંઘે શ્રી ભદ્રબાહુસ્વામીને પાટલીપુત્ર પધારવાનું આમંત્રણ મોકલાવ્યું.

પાટલીપુત્રના સંઘના એ આમંત્રણના જવાબમાં શ્રી ભદ્રબાહુસ્વામીએ કહાવ્યું કે તેમણે બાર વર્ષની મુદતના મહાપ્રાણ ધ્યાનનો આરંભ કરેલો છે અને તે ધ્યાન સંપૂર્ણ થતાં પહેલાં તેઓ પોતાનું સ્થાન છોડી શકે તેમ નથી.

પાટલીપુત્રનો સંઘ શ્રી ભદ્રબાહુસ્વામીના આ જવાબથી મૂંઝવણમાં મુકાયો. તે શ્રી ભદ્રબાહુસ્વામીના સંયોગો સમજી શકતો હતો પણ બીજી બાજુએ જ્ઞાન-રક્ષાનો પ્રશ્ન હતો. એટલે તેમણે બે કુશળ સાધુઓને બધા સંયોગોથી માહિતગાર બનાવીને શ્રી ભદ્રબાહુ-સ્વામીની પાસે મોકલ્યા. તેમણે શ્રી ભદ્રબાહુ સમક્ષ જઇ તેમને વાંદીને વિનયપૂર્વક કહ્યું, "સંઘ, આપને પાટલી-પુત્ર પધારવાની આજ્ઞા કરે છે."

"સંઘની આજ્ઞાને અમાન્ય કરી જ ન શકાય." શ્રી ભદ્રબાહુસ્વામીએ શાંતિથી કહ્યું, "પરંતુ બીજી બાજુએ મારાથી આરંભેલા ધ્યાનનો ભંગ પણ કરી શકાય તેમ નથી."

"તો પછી શ્રી સંઘ આપના પાસેથી એ જાણવા માગે છે કે જે શ્રી સંઘની આજ્ઞાને ન માની શકે તેને શાસ્ત્રાનુસાર શી સજા ઘટે?" મુનિઓએ અજબ શાંતિથી પૂછ્યું.

"તેને સંઘ બહાર મૂકવો જોઇએ."

"આપને શ્રી સંઘ એ સજાને પાત્ર માને છે." મુનિઓએ વ્યથાપૂર્વક કહ્યું.

"શ્રી સંઘ મારા સંયોગોને વિચારીને મારા પરત્વે એ સજાનો અમલ ન કરતાં, મારા પર અનુગ્રહ કરીને જો યોગ્ય શિષ્યોને અહીં મોકલે તો હું તેમને ધ્યાનમાંથી મળતા અવકાશમાં વાચના આપીશ અને એ રીતે મારો તેમજ શ્રી સંઘનો ઉદ્દેશ પાર પડશે" શ્રી ભદ્રબાહુસ્વામીએ વિકટ સંયોગોમાંથી ઉપરોક્ત માર્ગ સૂચવ્યો.

શ્રી સંઘે ભદ્રબાહુસ્વામીની સુચનાને માન્ય રાખી. અને સ્થૂલિભદ્ર આદિ ૫૦૦ મુનિવરોને શ્રી ભદ્રબાહુ-સ્વામી સમક્ષ મોકલ્યા. તેમાંથી શ્રી સ્થૂલિભદ્ર સિવાયના અન્ય મુનિઓ તો અભ્યાસની ઢબથી કંટાળીને ચાલ્યા ગયા. પરંતુ શ્રી સ્થૂલિભદ્ર ખંતપૂર્વક અધ્યયનમાં ગૂંથાયા. આ પ્રસંગે શ્રી ભદ્રબાહુસ્વામી તેમજ સ્થૂલિભદ્રનાં પ્રભાવશાલી વ્યક્તિત્વને વધારે પ્રકાશમાં આણ્યાં. અને સમ્રાટ ચન્દ્રગુપ્ત પણ તેમના પ્રત્યે આકર્ષાયો.

**ચાણુક્યનો કર્તવ્યધર્મ**

ચન્દ્રગુપ્તને જૈન ધર્મ પ્રત્યે વાળ્યા પછી ચાણુક્યનું આગળનું કામ સામ્રાજ્યને સુદૃઢ બનાવી મૌર્ય રાજવંશની કીર્તિ વધારવાનું હતું.

ઉપર આપણે જોઈ ગયા છીએ કે નંદવંશનો નાશ કર્યા પછી ચાણુક્યે મહામંત્રીનું પદ અનેક યુક્તિઓ પૂર્વક ઉચ્ચા નંદના મહામંત્રી શ્રીયક યાને રાક્ષસના હાથમાં સોંપ્યું હતું, અને પોતે તો ચન્દ્રગુપ્તનો રાજગુરુ અને મુરબ્બી સલાહકાર જ બની રહ્યો હતો. શ્રીયકે થોડાક સમય સુધી તો કુનેહ પૂર્વક શાસન ચલાવ્યું અને નંદવંશની આથમતી પ્રભુતાનું અવશિષ્ટ તેજ મૌર્ય વંશમાં મેળવી દીધુ. પણ પિતાનો વધ તેને ડંખતો હતો. એટલે થોડા જ સમયમાં તેણે સંસાર તજીને દીક્ષા સ્વીકારી અને રાજધુરા વહન કરવાની સમગ્ર બધી જ જવાબદારીઓ ચાણુક્યના શિરે આવી પડી.

ચાણુક્યે એક પછી એક ખાતાંઓ પોતાને હસ્તક લઈને તેમને સખત હાથે સુધારવા માંડયાં. દરેક વિભાગના અધિકારીપદે તેણે પ્રભાવશાળી અને કડક અમલદારની નિમણુક કરી. તેમા નગરના કોટવાળની નિમણુકના એકજ પ્રસંગ પરથી તેની રાજ્યવ્યવસ્થાનો ખ્યાલ આવી જશે.

એક દિવસે ચાણુક્ય કોટવાળના પદને માટે યોગ્ય પુરુષની શોધમાં ફરતો ફરતો એક કોળીના ઘેર જઈ ચડ્યો. કોળી તે વખતે મંકોડાના દરમાં અગ્નિ નાખતો હતો. ચાણુક્યે એ જોઈ પૂછ્યું: 'આમ કેમ કરે છે!' ત્યારે કોળીએ કહ્યું કે, 'મારા પુત્રને ઉપદ્રવ કરનાર આ દુષ્ટ મંકોડાઓનું મૂળમાંથી ઉન્મૂલન કરું છું. કેમકે દુષ્ટોને તો સમૂળગી હિંસા જ ઉચિત છે.' ચાણુક્યે દુષ્ટોને [illegible] કોળીની [illegible] તેમજ [illegible] જોયું કે કોળીની [illegible] તરત જ તે કોળીને [illegible] [illegible] કોટવાળના પદ [illegible] [illegible] તેમજ [illegible] [illegible] [illegible]

એજ રીતે ચાણુક્યે લશ્કરને વ્યવસ્થિત તાલિમ આપીને તેને સુસજ્જ બનાવ્યું અને ભારતનાં બીજાં રાજ્યો પર મગધ સામ્રાજ્યની છાપ પાડવાને લશ્કરમાં સતત વધારો કરવા માંડયો. દુષ્ટોને અને દ્રોહીઓને સખતમાં સખત સજા અને નિર્દોષોને સંરક્ષણ એ ચાણુક્યનું નીતિસૂત્ર બની રહ્યું. પ્રજાની નૈતિક શક્તિ વધારવાને તેણે વ્યભિચારીઓ, ચોરો, દ્રોહીઓ વગેરેને ભયંકર યાતનાપૂર્વક મૃત્યુદંડની સજા ફરમાવતા કાયદાઓ ઘડયા. રાજનીતિમાં તેણે દંડને ખૂબજ પ્રાધાન્ય આપ્યું.

**ચાણુક્યનાં નામ અને કૃતિઓ**

ભિન્ન ભિન્ન સાહિત્યગ્રન્થોમાં ચાણુક્યને માટે ચાણુક્ય, વાત્સાયન, કૌટિલ્ય, કૌટલ્ય, વિષ્ણુગુપ્ત, મલ્લનાગ, દ્રામિલ, અંગુલ, પાક્ષિલસ્વામી આદિ નામો મળી આવે છે. પણ તેમાં ચાણુક્ય, કૌટલ્ય, વાત્સાયન અને વિષ્ણુગુપ્ત એ ચાર નામ ખૂબ જાણીતાં છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ—પુરુષાર્થના એ ચાર પ્રકારનો ચાણુક્ય વિશિષ્ટ પ્રણેતા હતો, અને એ ચારે પુરુષાર્થ પર તેણે ભિન્ન ભિન્ન નામે અમૂલ્ય ગ્રન્થો લખેલા છે.

નીતિશાસ્ત્ર અથવા ધર્મશાસ્ત્ર તેણે ચાણુક્યના નામે લખેલું છે અને પ્રાચીન કાળમાં અભ્યાસક્રમમાં એને મહત્વનું સ્થાન અપાતું. અર્થશાસ્ત્ર તેણે કૌટલ્યના નામે રચેલું છે અને આજે જગતભરમાં રાજનીતિના એક અખંડ—અપ્રતિમ ગ્રન્થ તરીકે તેની ગણના થાય છે. કામશાસ્ત્ર તેણે વાત્સાયનના નામે રચેલું છે અને શૃંગારશાસ્ત્રમાં એ ગ્રન્થનું અદ્વિતીય સ્થાન છે. વિષ્ણુગુપ્તના નામે તેણે મોક્ષ પુરુષાર્થ પર કોઈ એવો જ અદ્ભુત ગ્રન્થ લખેલ હોવાનો સંભવ છે પણ હજી એ ગ્રન્થ પ્રાપ્ય નથી.

તેનું ચાણુક્ય નામ જેમ તેનાં માતાપિતા અને [illegible] નામને આભારી છે તેમ તેનું કૌટલ્ય નામ [illegible] [illegible] તેની જન્મભૂમિ અથવા તેના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

કવિવર બાણે, હિંસક પ્રતિકાર અને યુક્તિઓથી ભરેલા તેના અર્થશાસ્ત્રને કુટિલ નીતિનું ઉપદેશક માનીને ચાણક્યના કૌટલ્ય નામને તિરસ્કારમાં કૌટિલ્ય એટલે કુટિલ નીતિના પ્રતીક તરીકે ઓળખાવ્યું છે. પરંતુ શ્રીમદ્ હેમચન્દ્રાચાર્ય તેમજ કેશવસ્વામી આદિ બીજા અનેક પ્રમાણભૂત ગ્રન્થકારોએ એ નામ તેના 'કુટલ' અથવા 'કોટલ' ગોત્રને આભારી હોવાનું જણાવ્યું છે. કામંદકનો અભિપ્રાય એવો છે કે કોઠારમાં અનાજ ભરી રાખે તે કુટલા કહેવાય અને તેમનો વંશજ તે કૌટલ્ય.

ચાણક્યનું સ્થાન ભારતના જ નહિ, પરંતુ જગતભરના ઇતિહાસમાં અજોડ છે. તે ઋષિ છતાં યુદ્ધનો પ્રણેતા હતો. પોતાને માટે કશી પણ કામના વિના તેણે એક વિશાળ સામ્રાજ્ય સર્જાવ્યું. રાજકારોભારમાં સતત પરોવાયલ રહેવા છતાં તેણે ધર્મશાસ્ત્ર લખ્યું. ભિન્ન ભિન્ન વિષયો પર જેટલું પ્રભુત્વ તેણે ધરાવ્યું છે તેવું પ્રભુત્વ જગતમાં બીજા કોઈએ ભાગ્યેજ ધરાવ્યું હશે. તે જેવો સૂક્ષ્મ વિચારક હતો એટલોજ મહાન કાર્યદક્ષ હતો. ધર્મે તે જૈન હતો, વર્ણથી બ્રાહ્મણ હતો, કર્તવ્યથી આર્ષદ્રષ્ટા ઋષિ અને મહાન રાજનીતિજ્ઞ હતો.

**બિન્દુસારનો જન્મ**

ચન્દ્રગુપ્તની પટરાણી દુર્ધરા ચન્દ્રગુપ્ત પર ઊંડો પ્રેમ ધરાવતી હતી, અને ચન્દ્રગુપ્તની થાળીમાં જમવાને તે હંમેશાં ઉત્સુકતા ધરાવતી હતી. પણ ચન્દ્રગુપ્તને કોઈ ઝેર આપે તો તે ઘાતક ન નીવડે એવા આશયથી ચાણક્ય ચન્દ્રગુપ્તને ઝેરનો મહાવરો પાડવાને હંમેશાં ખોરાકમાં ઝેર ખવરાવતો હતો, એટલે તેણે ચન્દ્રગુપ્તની સાથે જમવાની સર્વને મના કરી હતી. પણ એક દિવસે ગર્ભવતી દુર્ધરા ચાણક્યની ગેરહાજરીનો લાભ લઈ ચન્દ્રગુપ્ત સાથે જમવા બેસી ગઈ. ચાણક્ય અચાનક ત્યાં આવી પહોંચ્યો ને એક પળમાં પ્રસંગ કળી ગયો. ઝેરી ખોરાક ખાવાથી દુર્ધરાનું મરણ તો નિશ્ચિત થઈ ચૂક્યું હતું. પણ ગર્ભને એ અસરમાંથી બચાવી લેવાને ચાણક્યે તરતજ દુર્ધરાનું ઉદર ચીરી તેમાંથી ગર્ભને બચાવી લીધો. તે સમયે ગર્ભના કપાળ પર ઝેરનું એક બિન્દુ સ્પર્શી ચૂક્યું હતું એટલે ચાણક્યે તેને બિન્દુસાર નામ આપ્યું ને કાળજીપૂર્વક તેના ઉછેરની વ્યવસ્થા કરી.

ચન્દ્રગુપ્ત ચાણક્યને પિતા, મહામંત્રી ને રાજપુરોહિત સમાન લેખતો હતો. પણ સાચા ધર્મગુરૂ તરીકે તો તેની નજર શ્રી ભદ્રબાહુસ્વામી પરજ સ્થિર બની હતી. ભદ્રબાહુસ્વામીનાં દર્શનમાં અને તેમનો ઉપદેશ સાંભળવામાં તે કૃતકૃત્યતા અનુભવતો. તે વારંવાર તેમનાં દર્શને જતો. એક વખતે ચન્દ્રગુપ્તને સોળ સ્વપ્ન આવ્યાં. તેણે શ્રી ભદ્રબાહુસ્વામી સમીપ તે સ્વપ્નો વર્ણવીને તેનું ફળ પૂછ્યું. ત્યારે શ્રી ભદ્રબાહુસ્વામીએ કહ્યું કે મગધમાં ફરીથી બાર વર્ષનો ભયંકર દુષ્કાળ પડશે. ચન્દ્રગુપ્તે આ વખતે દુષ્કાળની ઘાતક અસરમાંથી પ્રજાને બચાવી લેવાને ચાણક્યની સહાયથી પૂરતાં પગલાં લેવા માંડ્યાં.

**ભદ્રબાહુસ્વામી અને ચન્દ્રગુપ્ત**

જગતમાં અનેક દીર્ઘજીવી સામ્રાજ્યો ઊગ્યાં અને આથમ્યાં છે; પણ ઊગતાં જ જેની પ્રતિભાએ વિશ્વને આંજી નાંખ્યું હોય અને દોઢ સૈકા લગી જેની પ્રતિભા દિનપ્રતિદિન વિકસતીજ રહી હોય એવું તો એક મૌર્ય સામ્રાજ્ય જ છે. ચાણક્યના અર્થશાસ્ત્રમાં અને બીજી અનેક સાહિત્યકૃતિઓમાં ચન્દ્રગુપ્તના એ સામ્રાજ્યની આછી રૂપરેખા અંકાયલી મળી આવે છે. ગિરનારના તળાવની પ્રશસ્તિથી જણાય છે કે ચન્દ્રગુપ્તનું સામ્રાજ્ય પશ્ચિમે ઠેઠ ગિરનાર લગી ફેલાયલું હતું. દક્ષિણે તેની હદ કૃષ્ણા નદીના તટ લગી પથરાયલી હતી. તેના પાસે ૭ લાખ પાયદળ, ત્રીશ હજાર ઘોડેસ્વાર, નવ હજાર ગજારોહી અને આઠ હજાર રથારોહી એમ લગભગ સાડા ૭ લાખનું સૈન્ય હતું, અને એ સૈન્યના ટકાવ પાછળ વાર્ષિક ૩૬,૫૦,૫૮,૦૦૦ પણનો ખર્ચ કરવામાં આવતો હતો. સામ્રાજ્યની કાર્યવાહીનાં દરેક અંગ પર ચાણક્યે એવા કર્તવ્યશીલ અમલદારો નીમેલા કે સામ્રાજ્યનો

**ચન્દ્રગુપ્તનું સામ્રાજ્ય**

## શ્રી ભદ્રબાહુસ્વામી

પ્રતિષ્ઠાનપુરમાં ભદ્રબાહુ અને વરાહમિહિર નામે બે દરિદ્ર બ્રાહ્મણ ભાઈ વસતા હતા. તે બંનેએ પોતાની દરિદ્રતાથી કંટાળીને શ્રી યશોભદ્રસૂરિ પાસે દીક્ષા લીધી. દીક્ષા પછી બંનેએ તીવ્ર અધ્યયન આદર્યું અને થોડાજ સમયમાં તેઓ મશહૂર વિદ્વાન બન્યા. તે બંનેમાં શ્રી ભદ્રબાહુસ્વામીને વધારે લાયક નિહાળી યશોભદ્રસૂરિએ તેમને આચાર્ય પદવી આપી. તેઓ જૈન શાસ્ત્રોના સંપૂર્ણ જ્ઞાતા બન્યા. તેમણે કલ્પસૂત્ર, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, દશાશ્રુતસ્કંધ, વ્યવહારસૂત્ર, આવશ્યકસૂત્ર, સૂર્યપ્રજ્ઞપ્તિ, સૂયગડાંગસૂત્ર, આચારાંગસૂત્ર અને ઋષિભાષિત એ દશ સૂત્રો પર નિર્યુક્તિઓ રચી. તે ઉપરાંત તેમણે 'ભદ્રબાહુસંહિતા'ના નામે જાણીતો બનેલો જ્યોતિષ વિષયક સ્વતંત્ર ગ્રન્થ રચ્યો. જૈન શાસ્ત્રોના તેઓ ઉંડા સંપૂર્ણ જ્ઞાતા હોઈને જૈન સાહિત્યમાં તેઓ અંતિમ શ્રુતકેવલી તરીકે ઓળખાય છે.

શ્રી ભદ્રબાહુસ્વામીને આચાર્ય પદ મળવાથી વરિષ્ઠ વરાહમિહિરના હૃદયમાં ક્રોધ જન્મ્યો. તેણે પોતાને પણ આચાર્ય પદ મળે એવો આગ્રહ દર્શાવ્યો પણ એવો પદમોહ દાખવનારને આચાર્યપદ આપવું એ વ્યાજબી નહોતું. એ સંયોગમાં વરાહમિહિરે રોષથી જૈન દીક્ષા તજી દીધી અને દીક્ષાવસ્થા દરમિયાન પોતાને મળેલા જ્ઞાનના આધારે 'વારાહી સંહિતા' વગેરે કેટલાક જ્યોતિષ વિષયક ગ્રન્થો લખી તે નામાંકિત બન્યો. પ્રતિષ્ઠાનના નૃપતિ જીતશત્રુએ તેને પોતાનો રાજ્યપુરોહિત બનાવ્યો. વરાહમિહિર હવે પોતાને મળેલા પદનો લાભ લઈ પ્રસંગોપાત્ત જૈન સંઘને કનડવા લાગ્યો.

પ્રતિષ્ઠાનપુરના જૈન સંઘે આ કનડગતથી બચવાને શ્રી ભદ્રબાહુસ્વામીને પ્રતિષ્ઠાનપુર આમંત્ર્યા. શ્રી ભદ્રબાહુસ્વામી સંઘના આમંત્રણને માન આપી પ્રતિષ્ઠાનપુર આવ્યા અને પોતાના જ્યોતિષ વિષયક અપૂર્વ જ્ઞાનથી તેમણે વરાહમિહિરની કીર્તિને ઢાંકી દીધી.

એકવાર પ્રસંગે તો તેમણે વરાહમિહિરને તેના ભવિષ્યકથનમાં જાહેરમાં ખોટો પાડીને તેના ગર્વને પણ તોડી નાંખ્યો ને એ રીતે દક્ષિણમાં તેમણે જૈન સંઘની આબરૂને જાળવી લીધી. તે પછી તેઓ મગધ બાજુ વિહરવા લાગ્યા. તે અરસામાં મગધમાં દુષ્કાળનું આગમન નિહાળીને તેઓ નેપાળમાં જઈ રહ્યા. ને ત્યાં તપ, ધ્યાન, ચિંતનમાં મગ્ન રહેવા લાગ્યા. દુષ્કાળની પૂર્ણાહુતિ વખતે તેઓ મહાપ્રાણ ધ્યાનમાં હોઈને તેમને માટે મગધ આવવાનું અસંભવિત બન્યું ત્યારે સ્થૂલિભદ્રાદિને અધ્યયન માટે તેમની સમક્ષ મોકલવામાં આવ્યા તે આપણે ઉપર જોઈ ગયા.

## શ્રી સ્થૂલિભદ્ર

શ્રી સ્થૂલિભદ્ર મગધપતિ નવમા નંદના મહામંત્રી શકટાળના પુત્ર હતા અને શકટાળના વધ પછી તેમણે કેવા સંજોગોમાં દીક્ષા લીધી તે આપણે ઉપર જોઈ ગયા છીએ. જૈન મુનિવરો ચોમાસાના ચાર મહિના એક જ સ્થળે રહીને તપ, ધ્યાન અને અધ્યયનમાં મગ્ન રહે છે. સામાન્યતઃ આ રીતે ચાતુર્માસ ગાળવાને મુનિઓ ઉપાશ્રયો કે નિર્જીવ એકાંત સ્થળો પસંદ કરતા. પરંતુ શ્રી સ્થૂલિભદ્રે દીક્ષાપછીનું ચોમાસું પોતાની આગલી પ્રિયતમા કોશાની ચિત્રશાળામાં ગાળવાની ઇચ્છા દર્શાવી. તેમના ગુરુએ તેમનું પવિત્ર વ્યક્તિત્વ નિહાળી તેમને તે માટે અનુમતિ આપી. શ્રી સ્થૂલિભદ્ર ચાર મહિના લગી કોશાને બહેન માનીને તેની ચિત્રશાળામાં રહ્યા અને તેમને મોહિત કરવાના કોશાના બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા. સ્થૂલિભદ્રની આ પવિત્રતાએ કોશાના દિલ પર ઊંડી અસર કરી અને તે પણ જીવનશુદ્ધિને માર્ગે ચડી. શ્રી સ્થૂલિભદ્રના આ ચારિત્ર્યબળે તેમની વિશુદ્ધ કીર્તિમાં ઉમેરો કર્યો. બીજે વર્ષે શ્રી સ્થૂલિભદ્રના ઈર્ષાના ભોગી બનીને એક બીજા મુનિએ પણ કોશાની ચિત્રશાળામાં ચોમાસું ગાળવાનો આગ્રહ સેવ્યો. તે મુનિ તો અતિ ઝડપથી કોશાના મોહમાં અંજાઈ ગયા, નૃપતિ નંદે પણ કોશાએ તેમને સન્માર્ગે વાળ્યા. કોશાની સમક્ષ મોકલેલા એક કલાકારને પણ કોશાએ સન્માર્ગે વાળ્યો.

શ્રી સ્થૂલિભદ્રને જીવનશુદ્ધિથી જેટલો યશ મળ્યો
એટલો જ તેમની અધ્યયનશક્તિએ પણ એ યશમાં ફાળો
નોંધાવ્યો. તેમણે દુષ્કાળ સમયમાં પણ શક્ય સંપૂર્ણ
જ્ઞાન સંપાદિત કરી લીધું. તેમની યક્ષા, યક્ષદત્તા, ભૂતા,
ભૂતદત્તા, સેણા, વેણા અને રેણા આદિ સાતે બહેનોએ
દીક્ષા અંગીકાર કરી. તેમના નાના ભાઇ અને મહામંત્રી
શ્રીયક પણ સમય જતાં દીક્ષા અંગીકાર કરી. આ
રીતે અંતિમ નંદના મહામંત્રી શકટાળના વધ પછી
તેના સમસ્ત કુટુંબે ધીમે ધીમે જૈન દીક્ષાને વધાવી
લીધી અને શ્રી સ્થૂલિભદ્ર તેમાં કલગીની જેમ શોભવા
લાગ્યા. અગ્યાર અંગના તે જ્ઞાતા બન્યા અને તેમાં તો
બીજા મુનિવરો પણ થોડે ઘણે અંશે તેમની જોડમાં
ઊભા રહી શકે તેમ હતા. પરંતુ જ્યારે દષ્ટિવાદ નામે
મોટામાં મોટા બારમા અંગનું જ્ઞાન શ્રી ભદ્રબાહુસ્વામી
પાસેથી મેળવી લઇ તેને જાળવી રાખવાનો પ્રશ્ન
આવ્યો ત્યારે સેંકડો મુનિવરો તેમની સાથે જોડાવા
છતાં ખંતીલા અધ્યયનમાં તો તે એક જ ટકી રહ્યા.
પરિણામે શ્રી ભદ્રબાહુસ્વામી અને સ્થૂલિભદ્ર બંને
મગધભરમાં સન્માનનો વિષય બન્યા અને સમ્રાટ ચન્દ્ર-
ગુપ્ત પણ તેમના પ્રત્યે આકર્ષાયો.

શ્રી ભદ્રબાહુસ્વામીના મહાપ્રાણ ધ્યાનની જ્યારે
પૂર્ણાહૂતિ થઇ ત્યારે શ્રી સ્થૂલિભદ્ર બારમા અંગનાં

**ચમત્કાર**

લગભગ દશેક પૂર્વનું જ્ઞાન
લઇ ચૂકયા હતા. તે પછી
શ્રી ભદ્રબાહુસ્વામી સ્થૂલિ-
ભદ્ર આદિ મુનિવરો સાથે વિહાર કરતા કરતા પાટલીપુત્ર
આવ્યા. તે વખતે શ્રી સ્થૂલિભદ્રની બહેનો ભાઇને વંદન
કરવાને આવી પહોંચી. તે પ્રસંગે પોતાના જ્ઞાનનો
ચમત્કાર દાખવવાને શ્રી સ્થૂલિભદ્રે સિંહનું રૂપ ધારણ
કર્યું. જ્ઞાનને ચમત્કારમાં વાપરીને પોતાની છાપ પાડવાની
શ્રી સ્થૂલિભદ્રની આ વૃત્તિથી શ્રી ભદ્રબાહુસ્વામીને,
દુઃખ થયું અને તેમણે હવે પછી સ્થૂલિભદ્રને વધુ જ્ઞાન
ન આપવાનો નિર્ણય કર્યો. તેમના એ નિર્ણયથી શ્રી
સ્થૂલિભદ્રને અતિ વ્યથા ઉપજી અને તેમણે
માટે ક્ષમા માગી. શ્રી સંઘે પણ

પોતાનો નિર્ણય ફેરવવાની અરજ કરી. ઉત્તરમાં
શ્રીભદ્રબાહુસ્વામીએ કહ્યું, " પ્રજ્ઞ ઉત્તરોત્તર ક્ષીણ
બની રહી છે. શ્રી સ્થૂલિભદ્ર સમા મુનિ જ્યારે જ્ઞાનનો
આવો ઉપયોગ કરવાને લલચાયા ત્યારે હવે પછીના
સામાન્ય સાધુઓ એવી લાલચથી બચી શકશે એમ
શી રીતે મનાય ? છતાં સ્થૂલિભદ્ર એ ભૂલની ક્ષમાને
પાત્ર છે. એટલે બાકીનાં ચાર પૂર્વોનાં મૂળ સૂત્ર હું
એમને શીખવીશ. પણ જે મન એક વખત પણ ચમ-
ત્કાર દર્શાવવાનો અપરાધ કરવાને લલચાયું તેને એ
ચાર પૂર્વોના અર્થ તો નહિ જ મળે. અને જે મૂળ ચાર
પૂર્વ હું એમને શીખવીશ એના અંતિમ અભ્યાસી
એ જ રહેશે. તેઓ બીજા કોઇને એ શીખવશે નહિ
એવી પ્રતિજ્ઞા તેમણે લેવી પડશે." શ્રી સ્થૂલિભદ્ર શેષ
પૂર્વોનું જ્ઞાન કોઇને ન આપવાના અભિગ્રહ સાથે ચૌદ
પૂર્વના જ્ઞાની બન્યા.

શ્રી ભદ્રબાહુસ્વામી તેમજ શ્રી સ્થૂલિભદ્ર પાટલી-
પુત્ર આવ્યાના સમાચાર મળતાં સમ્રાટ ચન્દ્રગુપ્ત

**ચન્દ્રગુપ્ત સાથે સમાગમ**

તેમનાં દર્શન માટે લલ-
ચાયો. બંનેની કીર્તિથી
તે માહિતગાર હતો, અને
તેમાં અદ્ભુત ચમત્કારોની
શક્તિ છતાં તેને ગોપવી રાખવાની જ્ઞાનનિમંળતાની
ઉપરોક્ત હકીકત સાંભળતાં તે વધારે આકર્ષાયો
ચાણક્યની પ્રેરણાથી પાટલીપુત્રમાં જૈન સૂત્રોના એક
કરણની પ્રવૃત્તિમાં તો પોતાથી બનતી બધી જ તે મ
આપી ચૂક્યો હતો. હવે તે સર્વ સૂત્રોના જ્ઞાતા-જ્ઞા
મૂર્તિ શ્રી ભદ્રબાહુસ્વામી અને તેમના કીર્તિશાળી શિ
શ્રી સ્થૂલિભદ્રના દર્શન માટે ઉત્સુક બન્યો.

એક દિવસે તે ચાણક્યની સાથે શ્રી ભદ્રબાહુસ્વા
તેમજ સ્થૂલિભદ્રનાં દર્શને ગયો. ભદ્રબાહુસ્વામીએ ત
ઘટિત આદર કરી જૈન દર્શનની વિશિષ્ટતા સમજા
ચન્દ્રગુપ્ત પ્રથમ દર્શને જ ભદ્રબાહુસ્વામીનો શિ
બની રહ્યો. અને તે પછી રાજકારણની અનેક
ઘડીઓમાંથી પણ થોડોક સમય તારવીને
ભદ્રબાહુસ્વામીનો ઉપદેશ સાંભળવા

ચન્દ્રગુપ્તને જૈન ધર્મ પ્રત્યે વાળ્યા પછી ચાણક્યનું આગળનું કામ સામ્રાજ્યને સુદૃઢ બનાવી મૌર્ય રાજવંશની કીર્તિ વધારવાનું હતું.

**ચાણક્યનો કર્તવ્યધર્મ**

ઉપર આપણે જોઈ ગયા છીએ કે નંદવંશનો નાશ કર્યા પછી ચાણક્યે મહામંત્રીનું પદ અનેક યુક્તિઓ પૂર્વક છેલ્લા નંદના મહામંત્રી શ્રીયક યાને રાક્ષસના હાથમાં સોંપ્યું હતું, અને પોતે તો ચન્દ્રગુપ્તનો રાજગુરુ અને મુરબ્બી સલાહકાર જ બની રહ્યો હતો. શ્રીયકે થોડાક સમય સુધી તો કુનેહ પૂર્વક શાસન ચલાવ્યું અને નંદવંશની આથમતી પ્રભુતાનું અવશિષ્ટ તેજ મૌર્ય વંશમાં મેળવી દીધુ. પણ પિતાનો વધ તેને ડંખતો હતો. એટલે થોડા જ સમયમાં તેણે સંસાર તજીને દીક્ષા સ્વીકારી અને રાજધુરા વહન કરવાની લગભગ બધી જ જવાબદારીઓ ચાણક્યના શિરે આવી પડી.

ચાણક્યે એક પછી એક ખાતાંઓ પોતાને હસ્તક લઈને તેમને સખત હાથે સુધારવા માંડ્યાં. દરેક વિભાગના અધિકારીપદે તેણે પ્રભાવશાળી અને કડક અમલદારની નિમણુંક કરી. તેમાં નગરના કોટવાળની નિમણુંકના એકજ પ્રસંગ પરથી તેની રાજ્યવ્યવસ્થાનો ખ્યાલ આવી જશે.

એક દિવસે ચાણક્ય કોટવાળના પદને માટે યોગ્ય પુરુષની શોધમાં ફરતો ફરતો એક કોળીના ઘેર જઈ ચડ્યો. કોળી તે વખતે મંકોડાના દરમાં અગ્નિ નાખતો હતો. ચાણક્યે એ જોઈ પૂછ્યું: 'આમ કેમ કરે છે?' ત્યારે કોળીએ કહ્યું કે, 'મારા પુત્રને ઉપદ્રવ કરનાર આ દુષ્ટ મંકોડાઓનું જગમાંથી ઉન્મૂલન કરું છું. કેમકે દુષ્ટોને તો પ્રાણદંડની શિક્ષા જ ઉચિત છે.' ચાણક્યે જોયું કે કોળીની બુદ્ધિ તેમજ કર્તવ્ય બન્નેમાં આગનો પ્રભાવ ભરેલો છે. તેણે તરત જ તે કોળીને રાજ્યની [illegible] અપાવીને તેને કોટવાળના પદે નિયુક્ત કર્યો. તે કોળીએ ચોર, લુંટારાઓ તેમજ છૂપવેશે ફરતા નંદના પક્ષકારોને વીણી વીણીને મારી નાખ્યા.

એજ રીતે ચાણક્યે લશ્કરને વ્યવસ્થિત તાલિમ આપીને તેને સુસજ્જ બનાવ્યું અને ભારતનાં બીજાં રાજ્યો પર મગધ સામ્રાજ્યની છાપ પાડવાને લશ્કરમાં સતત વધારો કરવા માંડ્યો. દુષ્ટોને અને દ્રોહીઓને સખતમાં સખત સજા અને નિર્દોષોને સંરક્ષણ એ ચાણક્યનું નીતિસૂત્ર બની રહ્યું. પ્રજાની નૈતિક શક્તિ વધારવાને તેણે વ્યભિચારીઓ, ચોરો, દ્રોહીઓ વગેરેને ભયંકર યાતનાપૂર્વક મૃત્યુદંડની સજા ફરમાવતા કાયદાઓ ઘડ્યા. રાજનીતિમાં તેણે દંડને ખૂબજ પ્રાધાન્ય આપ્યું.

ભિન્ન ભિન્ન સાહિત્યગ્રન્થોમાં ચાણક્યને માટે ચાણક્ય, વાત્સાયન, કૌટિલ્ય, કૌટલ્ય, વિષ્ણુગુપ્ત, મલ્લનાગ, દ્રામિલ, અંગુલ, પાક્ષિલસ્વામી આદિ નામો મળી આવે છે. પણ તેમાં ચાણક્ય, કૌટલ્ય, વાત્સાયન અને વિષ્ણુગુપ્ત એ ચાર નામ ખૂબ જાણીતાં છે.

**ચાણક્યનાં નામ અને કૃતિઓ**

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ–પુરુષાર્થના એ ચાર પ્રકારનો ચાણક્ય વિશિષ્ટ પ્રણેતા હતો, અને એ ચારે પુરુષાર્થ પર તેણે ભિન્ન ભિન્ન નામે અપૂર્વ ગ્રન્થો લખેલા છે.

નીતિશાસ્ત્ર અથવા ધર્મશાસ્ત્ર તેણે ચાણક્યના નામે લખેલું છે અને પ્રાચીન કાળમાં અભ્યાસક્રમમાં એને મહત્ત્વનું સ્થાન અપાતું. અર્થશાસ્ત્ર તેણે કૌટલ્યના નામે રચેલું છે અને આજે જગતભરમાં રાજનીતિના એક અખંડ–અપ્રતિમ ગ્રન્થ તરીકે તેની ગણના થાય છે. કામશાસ્ત્ર તેણે વાત્સાયનના નામે રચેલું છે અને શૃંગારશાસ્ત્રમાં એ ગ્રન્થનું અદ્વિતીય સ્થાન છે. વિષ્ણુગુપ્તના નામે તેણે મોક્ષ પુરુષાર્થ પર કોઈ એવો જ અનેરો ગ્રન્થ લખેલ હોવાનો સંભવ છે પણ હજી એ ગ્રન્થ પ્રાપ્ય નથી.

તેનું ચાણક્ય નામ જેમ તેનાં માતાપિતા અને ગામના નામને આભારી છે તેમ તેનું કૌટલ્ય નામ તેની જન્મભૂમિ અથવા તેના ગોત્રનામને આભારી હોય સંભવ છે. વૈદિક સંસ્કૃતિની છાયા નીચે ઉછરેલા

કવિવર ખાણે, હિંસક પ્રતિકાર અને યુક્તિઓથી ભરેલા તેના અર્થશાસ્ત્રને કુટિલ નીતિનું ઉપદેશક માનીને ચાણક્યના કૌટલ્ય નામને તિરસ્કારમાં કૌટિલ્ય એટલે કુટિલ નીતિના પ્રતીક તરીકે ઓળખાવ્યું છે. પરંતુ શ્રીમદ્ હેમચન્દ્રાચાર્ય તેમજ કેશવસ્વામી આદિ બીજા અનેક પ્રમાણભૂત ગ્રન્થકારોએ એ નામ તેના 'કુટલ' અથવા 'કોટલ' ગોત્રને આભારી હોવાનું જણાવ્યું છે કામંદકનો અભિપ્રાય એવો છે કે કોઠારમાં અનાજ ભરી રાખે તે કુટલા કહેવાય અને તેમનો વંશજ તે કૌટલ્ય.

ચાણક્યનું સ્થાન ભારતના જ નહિ, પરંતુ જગતભરના ઇતિહાસમાં અજોડ છે. તે ઋષિ છતાં યુદ્ધનો પ્રણેતા હતો. પોતાને માટે કશી પણ કામના વિના તેણે એક વિશાળ સામ્રાજ્ય સર્જાવ્યું. રાજકારોબારમાં સતત પરોવાયલ રહેવા છતાં તેણે ધર્મશાસ્ત્ર લખ્યું. ભિન્ન ભિન્ન વિષયો પર જેટલું પ્રભુત્વ તેણે ધરાવ્યું છે તેવું પ્રભુત્વ જગતમાં બીજા કોઇએ ભાગ્યેજ ધરાવ્યું હશે. તે જેવો સૂક્ષ્મ વિચારક હતો એટલોજ મહાન કાર્યદક્ષ હતો. ધર્મે તે જૈન હતો, વર્ણથી બ્રાહ્મણ હતો, કર્તવ્યથી આર્યદ્રષ્ટા ઋષિ અને મહાન રાજનીતિજ્ઞ હતો.

## બિન્દુસારનો જન્મ

ચન્દ્રગુપ્તની પટરાણી દુર્ધરા ચન્દ્રગુપ્ત પર ઊંડો પ્રેમ ધરાવતી હતી, અને ચન્દ્રગુપ્તની થાળીમાં જમવાને તે હંમેશાં ઉત્સુકતા ધરાવતી હતી. પણ ચન્દ્રગુપ્તને કોઇ ઝેર આપે તો તે ઘાતક ન નીવડે એવા આશયથી ચાણક્ય ચન્દ્રગુપ્તને ઝેરનો મહાવરો પાડવાને હંમેશાં ખોરાકમાં ઝેર ખવરાવતો હતો, એટલે તેણે ચન્દ્રગુપ્તની સાથે જમવાની સર્વને મના કરી હતી. પણ એક દિવસે ગર્ભવતી દુર્ધરા ચાણક્યની ગેરહાજરીનો લાભ લઇ ચન્દ્રગુપ્ત સાથે જમવા બેસી ગઇ. ચાણક્ય અચાનક ત્યાં આવી પહોંચ્યો ને એક પળમાં પ્રસંગ કળી ગયો. ઝેરી ખોરાક ખાવાથી દુર્ધરાનું મરણ તો નિશ્ચિત થઇ ચૂક્યું હતું. પણ ગર્ભને એ અસરમાંથી બચાવી લેવાને ચાણક્યે તત્કાલ દુર્ધરાનું ઉદર ચીરી તેમાંથી ગર્ભને બચાવી લીધો. તે સમયે ગર્ભના કપાળ પર ઝેરનું એક બિન્દુ સ્પર્શી ચૂક્યું હતું એટલે ચાણક્યે તેને બિન્દુસાર નામ આપ્યું ને કાળજીપૂર્વક તેના ઉછેરની વ્યવસ્થા કરી.

## ભદ્રબાહુસ્વામી અને ચન્દ્રગુપ્ત

ચન્દ્રગુપ્ત ચાણક્યને પિતા, મહામંત્રી ને રાજપુરોહિત સમાન લેખતો હતો. પણ સાચા ધર્મગુરુ તરીકે તો તેની નજર શ્રી ભદ્રબાહુસ્વામી પરજ સ્થિર બની હતી. ભદ્રબાહુસ્વામીનાં દર્શનમાં અને તેમનો ઉપદેશ સાંભળવામાં તે કૃતકૃત્યતા અનુભવતો. તે વારંવાર તેમનાં દર્શને જતો. એક વખતે ચન્દ્રગુપ્તને સોળ સ્વપ્ન આવ્યાં. તેણે શ્રી ભદ્રબાહુસ્વામી સમીપ તે સ્વપ્નો વર્ણવીને તેનું ફળ પૂછ્યું. ત્યારે શ્રી ભદ્રબાહુસ્વામીએ કહ્યું કે મગધમાં ફરીથી બાર વર્ષનો ભયંકર દુષ્કાળ પડશે. ચન્દ્રગુપ્તે આ વખતે દુષ્કાળની ઘાતક અસરમાંથી પ્રજાને બચાવી લેવાને ચાણક્યની સહાયથી પૂરતાં પગલાં લેવા માંડ્યાં.

## ચન્દ્રગુપ્તનું સામ્રાજ્ય

જગતમાં અનેક દીર્ઘજીવી સામ્રાજ્યો ઊગ્યાં અને આથમ્યાં છે; પણ ઊગતાં જ જેની પ્રતિભાએ વિશ્વને આંજી નાંખ્યું હોય અને દોઢ સૈકા લગી જેની પ્રતિભા દિનપ્રતિદિન વિકસતીજ રહી હોય એવું તો એક મૌર્ય સામ્રાજ્ય જ છે. ચાણક્યના અર્થશાસ્ત્રમાં અને બીજી અનેક સાહિત્યકૃતિઓમાં ચન્દ્રગુપ્તના એ સામ્રાજ્યની આછી રૂપરેખા અંકાયલી મળી આવે છે. ગિરનારના તળાવની પ્રશસ્તિથી જણાય છે કે ચન્દ્રગુપ્તનું સામ્રાજ્ય પશ્ચિમે ઠેઠ ગિરનાર લગી ફેલાયલું હતું. દક્ષિણે તેની હદ કૃષ્ણા નદીના તટ લગી પથરાયલી હતી. તેના પાસે ૭ લાખ પાયદળ, ત્રીસ હજાર ઘોડેસ્વાર, નવ હજાર ગજારોહી અને આઠ હજાર રથારોહી એમ લગભગ સાડા ૭ લાખનું સૈન્ય હતું, અને એ સેનાના ટકાવ પાછળ વાર્ષિક ૩૬,૫૦,૫૮,૦૦૦ પણનો ખર્ચ કરવામાં આવતો હતો. સામ્રાજ્યની કાર્યવાહીનાં દરેક અંગ પર ચાણક્યે એવા કર્તવ્યશીલ અમલદારો નીમેલા કે સામ્રાજ્યનો

પોતાનો પ્રભાવ પાથરવા માંડ્યો. એ રીતે તેણે સ્વદેશમાં અને પરદેશમાં કરેલા ધર્મપ્રચારની અમર સ્મૃતિઓ સમા શિલાલેખો અને સ્તંભલેખો આજે પણ હયાત છે. એ લેખોમાં તેના ધર્મપ્રચારનો ઇતિહાસ મળી આવે છે એટલું જ નહિ, પણ તે લેખો સંપ્રતિના ધર્મનું ચોક્કસ સ્વરૂપ સમજવામાં, તેનો સમય ઠેરવવામાં અને તેનું વ્યક્તિત્વ સમજવામાં પણ અતીવ ઉપયોગી થઇ પડે છે.

**શિલાલેખો અને તેનો કોતરાવનાર**

આ શિલાલેખો નથી સીધા[૧૪] 'સંપ્રતિના નામે કોતરાયા, તેમ નથી સ્પષ્ટ[૧૫] અશોકના નામે કોતરાયા. કોતરાવનાર રાજવીના નામ તરીકે તેમાં તો દેવાનાંપ્રિય પ્રિયદર્સિ એ બે શબ્દો મળી આવે છે. આજ સુધીના મોટા ભાગના વિદ્વાનોએ એ શબ્દો અશોકના નામે ચડાવી દીધા છે પણ આપણે અત્યારસુધી પુરવાર કરી ગયા અને હજી પણ આ નામોના અન્યત્ર મળી આવતા ઉલ્લેખો, સમકાલિક રાજવીઓનો સમય, ધર્મનું સ્વરૂપ આદિ પ્રમાણોથી પુરવાર કરીશું કે એ નામ સંપ્રતિનું છે અને સઘળા લેખો પણ સંપ્રતિના છે.

નાગાર્જુની ગુફાના લેખમાં નૃપતિ દશરથે પોતાને દેવાનાંપ્રિયના પુત્ર અને ઉત્તરાધિકારી તરીકે ઓળખાવેલ છે,[૧૬] અને 'મત્સ્ય પુરાણ' એ દશરથને સંપ્રતિના પુત્ર તરીકે ઓળખાવે છે.[૧૭] આ પરથી સ્પષ્ટ થાય છે કે સાહિત્યકૃતિઓમાં સંપ્રતિના નામે મશહૂર બનેલા રાજવીએ શિલાલેખોમાં પોતાને માટે દેવાનાંપ્રિય અને પ્રિયદર્સિ નામો પસંદ કર્યાં છે.

તેરમા મુખ્ય શિલાલેખમાં પાંચ સમકાલિક યોનપતિઓનાં નામનો ઉલ્લેખ થયો છે [ તેમના સમય અને પરિચય માટે જુઓ 'કાલનિર્ણય' નું પ્રકરણ. ] તે પાંચે સંપ્રતિના સમકાલિક હોવાનું તો મશહૂર સંશોધકો પણ કબૂલ રાખે છે.[૧૮] પરિણામે દેખીતી રીતે જ એ શિલાલેખોનો કોતરાવનાર સંપ્રતિ હોવાનું પુરવાર થાય છે.

કોઇ પણ સ્થળે શિલાલેખોમાં સંપ્રતિના નામનો સ્પષ્ટ ઉલ્લેખ નથી થયો, એટલે કેટલાક તો તેના અસ્તિત્વ વિષે પણ શંકા ધરાવે છે. પણ ખરી વાત એ છે કે શિલાલેખોમાં તો સંપ્રતિ 'દેવાનાંપ્રિય' અથવા 'પ્રિયદર્સિ,' અથવા તો 'દેવાનાંપ્રિય પ્રિયદર્સિ' ના નામે વ્યક્ત થયેલ છે. સંપ્રતિ એ તો સાહિત્યિક

---

ताहे तेण संपइणा उज्जेणीआइं काउं दक्खिणावहो सव्वो तत्थ ठिण्ण वि अज्जावितो। कल्प चूर्णि

(૧૪) શિલાલેખોમાં સંપ્રતિના નામનો સીધો ઉલ્લેખ નથી થયો, પણ સર્વે શિલાલેખોમાં જ્યાં જ્યાં કંઇ સારા કામનો ઉલ્લેખ થયો હોય ત્યાં संप्रतिप्रति અને ખરાબ કામનો ઉલ્લેખ થયો હોય ત્યાં असंप्रतिप्रति શબ્દ વપરાયા છે. [ देवानंप्रियस प्रियदसिनो राञो धंमानुसस्टिया अनारंभो प्राणानं अविहीसा भूतानं मातिनं **संपटिपती** ब्रह्मणसमणानं **संपटिपती** मातरि पितरि सुस्रुसा थेरसुस्रुसा ॥ अतिकातं अंतरं बहूनि वाषशतानि वढितो एव प्राणारंभो विहिंसा च भूतानं मातीसु: ब्राह्मणस्रमणानं **असंप्रतिपती** ] વેખા . [ વિશેષ માટે જુઓ મુખ્ય શિલાલેખો ]

(૧૫). શિલાલેખમા અશોક નામનો ઉલ્લેખ થયો છે, પણ તે ... તો કોતરાવનાર અશોક કરતા કોઇ બીજો જ રાજવી છે એ મંતવ્યને પુષ્ટી આપે છે. કેમકે ત્યાં અશોક શબ્દ 'અશોકની અનુમતિથી મેં આમ કર્યું' એવા આશયમાં વપરાયો છે. ( વિશેષ માટે જુઓ 'મસ્કી'નો મૂળ શિલાલેખ અને તેનો અનુવાદ )

(૧૬) वहियका कुभा दपलथेन देवानंपियेना आनंतलियं अभिषितेना......

(૧૭) षट् त्रिंशत्तु समा राजा भविताऽशोक एव च।
सप्ततिर्दश वर्षाणि तस्य नप्ता भविष्यति ॥ २३ ॥
राजा दशरथोऽष्टौ तु तस्य पुत्रो भविष्यति।

—मत्स्यपुराण अ. २७२।

(૧૮) Samprati who was contemporary with the five yona kings, of the then divided Greek Empire. P. C Mukharji

Indian Antiquary Vol XXXII, P. 233

જેમ વિસ્તાર વધતો ગયો તેમ તેમ તેની વ્યવસ્થા અને દઢતા પણ વધવા લાગ્યાં.

**ચન્દ્રગુપ્તની દીક્ષા અને દક્ષિણ-વિહાર**

એ અરસામાં બીજા દુષ્કાળે દેખાવ દીધો. ચન્દ્રગુપ્ત અને ચાણક્યે એ દુષ્કાળની ઘાતક અસરમાંથી પ્રજાને બચાવી શકાય તે માટે શક્ય સર્વ ઉપાય યોજ્યા પણ અનાજની તંગીને સર્વથા નિવારવાનું તો શક્ય નહોતું. એટલે ભિક્ષુકોનાં સંખ્યાબંધ ટોળાંઓ મગધની બહાર વિહાર કરવા લાગ્યાં. શ્રી ભદ્રબાહુસ્વામીએ પણ પોતાના સમુદાયના હજારો સાધુઓ સાથે દક્ષિણમાં વિચરવાનો નિશ્ચય કર્યો.

ચન્દ્રગુપ્ત કોઇ પણ સંયોગોમાં શ્રી ભદ્રબાહુસ્વામીનો વિરહ સહી શકે તેમ નહોતું. તેમજ કેટલાંય વર્ષ થયાં તે જાતે પણ નિવૃત્ત બનીને દીક્ષા સ્વીકારવાનો વિચાર કરી રહ્યો હતો. એટલે આ તક તેને અનુકૂળ જણાઇ. તેણે બિંદુસારના તેમજ ચાણક્યના હાથમાં રાજ્યશાસન સોંપીને તરતજ દીક્ષા સ્વીકારી લીધી. તેને પ્રભાચન્દ્ર નામ અપાયું ને તેઓ ભદ્રબાહુસ્વામી તથા તેમના સમુદાય સાથે દક્ષિણમાં વિહાર કરી ગયા.

**ચન્દ્રગુપ્તનો સ્વર્ગવાસ**

અનેક ગામો અને જંગલો વટાવતો સાધુ સંઘ કેટલોક સમય જતાં દક્ષિણમાં કટવપ્ર નામે ટેકરી પર જઇ પહોંચ્યો. ત્યાં શ્રી ભદ્રબાહુસ્વામીએ પોતાનું મૃત્યુ નજીક નિહાળી પ્રભાચન્દ્ર સિવાયના અન્ય સર્વ સાધુઓને વિદાય કરી દીધા અને પછી તેઓ અનશનપૂર્વક મ. સં. ૧૭૦ માં [illegible] ત્યાર પછી પ્રભાચન્દ્ર પણ તેજ ટેકરી [illegible] સ્વર્ગવાસ પામ્યા. સમ્રાટ [illegible] અનશનપૂર્વક [illegible] ચન્દ્રગિરિ નામ [illegible] ટેકરી [illegible] ચન્દ્રગિરિ [illegible] [illegible]

વિરાટકાય પ્રતિમા ઊભી કરી. આજે એ પ્રતિમા ગોમ્મટેશ્વરના નામે વિશ્વવિખ્યાત બનેલી છે અને ચન્દ્રગિરિ પરની જે ગુફામાં ચન્દ્રગુપ્ત સ્વર્ગવાસ પામ્યો તે ગુફા ભદ્રબાહુ-ગુફાના નામે ઓળખાય છે.

**ચાણક્યની વિદાય**

ચન્દ્રગુપ્તની નિવૃત્તિ પછી મગધના સિંહાસને આવેલા બિન્દુસારે કેટલોક સમય લગી તો શાંતિથી શાસન ચલાવ્યું. પણ તેનો જન્મ ઉપર જણાવ્યા અનુસાર વિચિત્ર સંયોગોમાં અને અધૂરા માસે થયેલો હોઇ તેનો શારીરિક તેમજ માનસિક વિકાસ પરિપક્વ સ્વરૂપમાં થઇ શક્યો નહોતો. એટલે ઇર્ષાળુઓએ તેની નિર્ણયાત્મક શક્તિની કચાશનો લાભ લઇ પોતાના સ્વાર્થ સાધવાને કાવત્રાં રચવાં માંડ્યાં. રાજતંત્રમાં સૌથી વિશેષ સત્તા ચાણક્ય ધરાવતો હતો. એટલે સત્તાભૂખ્યા અધિકારીઓને તેની ઘણી ઇર્ષા આવે તે સહજ હતું. બિન્દુસારને પોતાને પણ ચાણક્યની પ્રતિભા ખૂંચતી હતી. એટલે સુબંધુ નામના એક મંત્રીએ જ્યારે ચાણક્યે બિન્દુસારની માતાનું ઉદર ચીરી નાંખ્યું હતું એ પ્રસંગને આગળ ધરી ચાણક્ય વિરુદ્ધ બિન્દુસારના સતત કાન ભંભેરવા માંડ્યા ત્યારે બિન્દુસાર ચાણક્ય સામે કંઇક કોપદ્રષ્ટિ દાખવવા લાગ્યો

ચાણક્યે જોયું કે હવે રાજ્યતંત્રમાં વધારે ગૂંથાઇ રહેવામાં કશો લાભ નથી. એટલે સ્વમાનરક્ષાને ખાતર તે રાજ્યતંત્રમાંથી છૂટો પડી ગયો. બિન્દુસારને પાછળથી પશ્ચાતાપ થયો પણ હવે ચાણક્યના નિર્ણયમાં ફેરફાર થવાનો કોઇ સંભવ નહોતો. તેણે તપપૂર્વક જીવનનો અંત આણવાનો નિશ્ચય કર્યો હતો.

**અપકારીને શિક્ષા**

પણ મરતાં મરતાં સુબંધુ પર વેર લેવાની ફરજ તે વીસરી ન શક્યો. વળી તેની [illegible] [illegible]

તે સંપત્તિ લેવાને પોતાના મરણ પછી પોતાના ઘરની ઝડતી લેશે જ એ ચાણક્ય સારી રીતે સમજતો હતો. એટલે તેણે એક દાબડામાં એવી માદક સુગંધી ફેરાવતા રાસાયણિક પદાર્થો ભર્યા કે જે સૂંઘ્યા પછી માણસ જો બ્રહ્મચર્યનો ભંગ કરે તો તે રીબાઇને ભીષણ દશામાં મૃત્યુ પામે. વળી દાબડાની અંદર તેણે સુબંધુને ઉદ્દેશીને લખેલો એક પત્ર પણ મૂક્યો. તેમાં તેણે જણાવ્યું હતું કે-" તું આ દાબડો તપાસીશ એ વિષે મને જરાય શંકા નથી. જે લાલસા સંતોષવાને તું એ દાબડો તપાસીશ તે લાલસા તો સંતોષાવાની નથી તે નથી. પરંતુ મેં તને મંત્રીપદે નીમીને તારા પર જે ઉપકાર કર્યો તે વીસરીને તું મારા પર અપકાર કરી રહ્યો છે તેનો બદલો પણ તને મળવોજ જોઇએ. આ દાબડો ઉઘાડતાંજ તું એવી માદક સુગંધ અનુભવીશ કે જે અનુભવ્યા પછી તું જો કોઇ પણ પ્રકારનો ઉપભોગ કરીશ તો રીબાઇ રીબાઇને ભીષણ મૃત્યુ પામીશ. તારે માટે આ સજાજ વધુમાં વધુ યોગ્ય છે. કેમકે જે ઉપભોગને ખાતર તેં આ પાપ કર્યું છે તે ઉપભોગો તારી નજર સામે હોવા છતાં તારે માટે તો તે ભીષણ આગ સમા જ નીવડશે.'

ઉપર્યુકત દાબડો જાણે પોતાની અમૂલ્ય સંપત્તિ હોય તેમ ચાણક્યે તેને કિંમતી અને સુરક્ષિત મંજુષાની અંદર ગોઠવ્યો. અને પછી સંસારથી સંપૂર્ણ નિવૃત્તિ સ્વીકારી તે નગરની બહાર પર્ણકુટિમાં તપપૂર્વક વસવા લાગ્યો.

**રાજાના કાચા કાનનું પરિણામ**

બિન્દુસારે ચાણક્યને દૂર કરી સુબંધુના હાથમાં સત્તા તો સોંપી પણ સુબંધુ ચાણક્ય સમી દક્ષતા દાખવી ન શક્યો. બીજી બાજુ બિન્દુસારને પણ ચાણક્યની મહત્તા સમજવા લાગી. તેની ધાવ માતાએ તેને સમજાવ્યું કે ચાણક્યે દુર્ધરાનું ઉદર ચીર્યું હતું તે તેના પ્રત્યેના કોઇ વેરભાવથી નહિ, પણ દુર્ધરા ઝેર ખાઇ ચૂકી હતી એટલે તેના બચવાનો તો કોઇ સંભવ જ નહોતો, પણ તત્કાળ જો ઉદર ચીરવામાં આવે તો તેમાંનો ગર્ભ બચી જઇ શકે તે વિચારથી તેણે તે સાહસિક કાર્ય કર્યું હતું. એ ગર્ભ બચીને આજે રાજા બન્યો હતો. અને આ રીતે એ રાજાનું અસ્તિત્વ જ ચાણક્યના જે કાર્યને આભારી હતું તે જ કાર્યને માટે રાજા ચાણક્ય સમા મહા પુરુષની અવગણના કરી બેઠો હતો, તે ખરેખર મૌર્ય રાજવંશની કીર્તિને માટે હીણપદજનક હતું.

ધાવમાતાના ઉપદેશથી અને સુબંધુની અલ્પતાથી બિન્દુસારનું મન ચાણક્ય પ્રતિ ખેંચાવા લાગ્યું અને તેણે નિવૃત્ત ચાણક્યને પુનઃ શાસન સંભાળવા વિનંતિ કરી. પણ ચાણક્યે હવે સંસારમાં પાછા ફરવાની પોતાની અશકિત દર્શાવી. પરિણામે બિન્દુસાર ચાણક્ય પાસેથી રાજનીતિનો ઉપદેશ સાંભળવાને અને તેનાં દર્શનને અર્થે તેની પર્ણકુટિએ જવા લાગ્યો. બિન્દુસારને અનુસરીને સુબંધુ પણ ચાણક્યની પર્ણકુટિએ જવા લાગ્યો. અને ચાણક્ય જીવતો હશે તો કદાચ રાજકાર્યમાં પાછો ફરવાને લલચાશે એવા ભયથી સુબંધુએ એક દિવસે ચાણક્યની પર્ણકુટિને આગ લગાવી દીધી. આ રીતે અલ્પ માનવોની દોરવણી અને કાચા કાન ધરાવનાર એક નૃપતિની ભૂલથી મૌર્ય રાજવંશને માથે પોતાની કીર્તિનાં મૂળ રોપનાર મહાપુરુષના અકાળ મોતની જવાબદારી નોંધાઈ.

**અંતિમ બદલો**

ચાણક્યના અવસાન પછી સુબંધુ ભયરહિત બન્યો અને તેણે બિન્દુસાર પર પોતાનો પ્રભાવ જમાવવા માંડયો. નિર્બળ બિન્દુસારે પણ હવે સુબંધુને જ ચાણક્યના ઉત્તરાધિકારી તરીકે સ્વીકારી લીધો. એક પ્રસંગે તક જોઇ સુબંધુએ બિન્દુસાર પાસે પોતાના નિવાસસ્થાન માટે ચાણક્યના મકાનની માગણી કરી. બિન્દુસારે એ માગણીને માન્ય કરી સુબંધુને ચાણક્યનું મકાન સોંપી દીધું. સુબંધુ ત્વરાએ ત્યાં રહેવાને ગયો અને ખૂણે ખાંચરે તેણે ચાણક્યના ગુપ્ત ખજાનાની શોધ આદરી. તેની નજર તરત જ સુરક્ષિત મંજુષા પર ચોંટી. તેણે તે પેટી તોડાવી ને મહીંથી સુંદર દાબડો નીહાળતાંજ તેની

લોભી દૃષ્ટિ તે દાબડામાંનું ઝવેરાત ઝડપી લેવાને ઉત્સુક બની. તેણે તત્ક્ષણ દાબડો ખોલી નાંખ્યો ને તેમાંથી નીકળતી માદક સુગંધ પર તે ક્ષણભર મોહી રહ્યો. તે દાબડામાંના કાગળ પર નજર જતાં જ તેણે માન્યું કે તેમાં ચાણક્યના ગુપ્ત ભંડારની માહિતી લખેલી હોવી જોઇએ. એટલે તેણે ઝડપથી તે કાગળ ખોલીને વાંચવા માંડ્યો. પણ તે કાગળ વંચાઇ રહેતાંજ તેના પગ ધ્રૂજવા માંડ્યા. જે વિલાસને ખાતર તેણે અનેક અપકૃત્ય કર્યાં હતા તેનાથી હવે પોતાને વિમુખ બનવું પડશે એ વિચારથી તે ગભરાઇ ઊઠ્યો. ચાણક્યની રાસાયણિક શક્તિથી તે પરિચિત હતો. એટલે તે કાગળમાં લખેલી હકીકત ખોટી માનવાને તેને કંઇ કારણ નહોતું. છતાં તેણે પ્રયોગને ખાતર એક વિલાસી માણસને દાબડામાંનું દ્રવ્ય સુંઘાડ્યું. અને કાગળમાં જણાવ્યા પ્રમાણે જ્યારે એ માણસ રીબાઇ રીબાઇને મૃત્યુ પામ્યો ત્યારે સુબંધુને માટે ભોગવિલાસ, ઉપભોગ, સંસાર વગેરે ઝેર સમાં બની રહ્યાં. પરિણામે તેનામાં ઘેલછા પ્રવેશી અને તે રખડીરવડીને મરણ પામ્યો. આ રીતે ચાણક્યે મૃત્યુ પછી પણ પોતાના દુશ્મનને ગોજ્ર બદલો આપ્યો.

**ચાણક્યની મહત્તા** નંદકૃત અપમાનથી શરૂ થઇને સુબંધુની અવદશા લગી પહોંચતી ચાણક્યની દંડનીતિ ઘણાંને અકારી લાગે છે અને તેઓ એ મહાપુરુષને કુટિલનીતિના પ્રચારક તરીકે ઓળખાવે છે. પણ ખરી રીતે તે આત્મશુદ્ધિ ધર્મનિષ્ઠ હતો. તેણે જોયું કે કલિયુગનો કલિયુગને પચાવ્યો હતો. તેણે જોયું કે કલિયુગને [illegible] પ્રત્યે સ્નેહ નથી, કંઇ [illegible] કરવું નથી [illegible] [illegible]

[illegible] સ્વ આપ્યું. ચાણક્યની પ્રતિમા અને મૌર્ય સામ્રાજ્યની કીર્તિ ચાણક્યે જે નીતિને અનુસર્યો તેનેજ આભારી છે. તે સમર્થ રાજપુરુષ છતાં મહાન યોગી હતો, શૃંગારશાસ્ત્રનો નિષ્ણાત છતાં તપસ્વી હતો. ત્રેતાયુગના અંતે ભારતીય પ્રજાને જેમ શ્રીકૃષ્ણે નવજીવન બક્ષ્યું તેમ કલિયુગના ભરતીકાળમાં ચાણક્યે ભારતીય પ્રજાના જીવનનાવને યોગ્ય દિશા બક્ષી છે.

ચાણક્યના અંત પછી મૌર્ય સામ્રાજ્યના પાયા ધ્રૂજવા માંડ્યા. ચાણક્ય અને ચન્દ્રગુપ્તની સમર્થ જોડીએ એ સામ્રાજ્યના પાયા પૂર્યા હતા એટલે સામ્રાજ્ય તૂટી તો ન પડ્યું પણ તે હચમચી તો જરૂર ઊઠ્યું જ.

**બિન્દુસારનું વ્યક્તિત્વ** બિન્દુસારનો બાંધો પહેલેથી જ નબળો હતો. તેની વૃત્તિ કંઇક દાન તરફ ઢળેલી હતી તે હંમેશાં સાઠ હજાર બ્રાહ્મણોને ભોજન કરાવતો. પણ તેનું વ્યક્તિત્વ પ્રતાપ રહિત હતું. ચન્દ્રગુપ્ત અને ચાણક્યની પ્રચંડ તેજસ્વિતાથી તે વંચિત હતો તેને સુખચેનમાં જીવવાનું વિશેષ ગમતું. સામ્રાજ્યનું સંગઠન જાળવતી સાત્વિક નીતિ અને સરકારી વ્યવસ્થાઓમાં તે ઘણું ઓછું ધ્યાન આપતો. પરિણામે સામ્રાજ્યના જુદા જુદા ભાગોમાં બળવાના તણખા ઊડવા માંડ્યા તેમાં પંજાબનો બળવો ખૂબ જાણીતો છે.

**પંજાબનો બળવો** ઇ. સ. પૂર્વે ૩૩૨ના ગાળામાં મેસીડોનિયાના નૃપતિ ફીલીપનો યુવાન પુત્ર સિકંદર વિશ્વવિજય સાધવાનાં સ્વપ્ન સેવી રહ્યો હતો. એ સ્વપ્નને સિદ્ધ કરવાને તે વિશ્વવિજય પ્રસ્થિની વાટાએ નીકળ્યો. તેણે એશિયાના મધ્યપૂર્વના પ્રજાઓના દેશો પર વિજય મેળવ્યો અને ઇ. સ. પૂ. ૩૨૭ [illegible] માં તે [illegible] પર આવી પહોંચ્યો. તેને [illegible] [illegible]

બળવાખોર પ્રવૃત્તિઓને વેગ અપાયો. આ બળવાને ઉત્તેજવા પાછળ મુખ્યત્વે બે કારણો રહેલાં હતાં. એક તો પંજાબનો અને લગભગ અખંડ ભારતવર્ષનો મૌર્ય સમ્રાટ ઇરાનના નૃપતિને કશી મદદ ન કરી શકે, તેની સેના વ્યવસ્થા સ્થાપવામાંજ રોકાઇ જાય; અને બીજું ઇરાનમાં પોતે સફળતા મેળવે અને આ બળવો વધારે ઉગ્ર બને તો ભારત પર આક્રમણ કરતી વેળા એ સંયોગો ખૂબજ મદદગાર થઇ પડે. એટલે ઇરાનની લુંટમાં સાંપડતી અઢળક સંપત્તિનો મોટો ભાગ તે હિંદી બળવાને ઉત્તેજવા પાછળ ખર્ચવા લાગ્યો.

બિન્દુસાર તો આ વખતે માંદગીને બિછાને હતો. એટલે પંજાબનો બળવો શમાવી દેવાને તેણે પોતાના વડીલ પુત્ર સુસીમને મોકલ્યો. પરંતુ નરમ હૈયાનો સુસીમ, બળવો શમાવવામાં નિષ્ફળ નીવડયો. એટલે બિન્દુસારે તે વખતે ઉજ્જયિનીમાં સૂબાપદે રહેલા પોતાના દ્વિતીય પુત્ર અશોકને બળવો શમાવવાને પંજાબ મોકલ્યો અને ઉજ્જયિનીનો કારભાર સુસીમને સોંપ્યો. અશોકે પંજાબમાં પ્રચંડ હાથે કામ લઇને બળવાખોર માંડલિકોને દબાવી દીધા અને ત્યાં શાંતિની સ્થાપના કરીને તે પાટલીપુત્ર પાછો ફર્યો.

પાટલીપુત્રમાં એ પ્રસંગે બિન્દુસાર મોતને બીછાને પડયો હતો. તેનો પાટવીકુમાર તો સુસીમ હતો, પરંતુ

**બિન્દુસારનું કુટુંબ અને અશોકની મહત્ત્વાકાંક્ષા**

બિન્દુસાર અને સુસીમ બંનેની નિર્બળતા નિહાળી અશોકમાં સિંહાસનના સ્વામી બનવાની મહત્ત્વાકાંક્ષા ખીલી નીકળી. બિન્દુસારને સંખ્યાબધ રાણીઓ હતી. અને બૌધ્ધ ગ્રન્થોમાં જણાવ્યા અનુસાર સો રાજકુમારો હતા. તેમાં અશોકની માતા સુભદ્રાંગી અથવા ધર્મા, ચંપાની બ્રાહ્મણ કન્યા હતી. તે કન્યા વિષે નાનપણમાં એમ કહેવાતું હતું કે તે રાજરાણી અને રાજમાતા બનશે. એટલે તે કન્યાના પિતાએ તેને બિન્દુસારના અંતઃપુરમાં મોકલાવેલી અને ત્યાં બંને વચ્ચે પ્રેમ થતાં તેમનાં લગ્ન થયા. તે રાણીથી બિન્દુસારને અશોક અને વીતશોક અથવા તિષ્ય નામે બે પુત્ર થયા. તેમાં તિષ્યનું મન તો ધર્મ અને નિવૃત્તિ તરફ વિશેષ ઢળેલું હતું. એટલે અશોકના મનમાં પોતે નૃપતિ બનશે તે વિષે પાકી ખાત્રી થઇ ચૂકી હતી. અને પંજાબનો બળવો શમાવ્યા પછી તો પોતાને મળેલી કીર્તિથી તે પોતાને જ બિન્દુસારના યુવરાજ તરીકે લેખવા લાગ્યો હતો.

સમય જતાં બિન્દુસાર મૃત્યુ પામ્યો (ઇ. સ. પૂર્વે ૩૩૦). અશોકે તરતજ પોતાને બિન્દુસારના

**અશોકને રાજતિલક અને ભાઇઓનો ઘાત**

ઉત્તરાધિકારી તરીકે જાહેર કરી પોતે રાજતિલક કરાવ્યું. કેટલાક અમીર-ઉમરાવો કે અમલદારો અશોકના પક્ષમાં ભળ્યા. પરંતુ ન્યાય અને નીતિપ્રિય માનવોએ સુસીમના હક્ક પર ત્રાપ મારવામાં સાથ આપવાની ના કહી. તિષ્ય સિવાયના સર્વે ભાઇ પણ સુસીમના પક્ષમાં જ ઊભા રહ્યા. સુસીમ પોતે પણ બિન્દુસારની ગંભીર માંદગીના સમાચાર સાંભળી સેના સાથે ઉજ્જયિનીથી પાટલીપુત્ર આવવાને નીકળી ચૂકયો હતો. રસ્તે તેને બિન્દુસારના મરણના અને અશોકે રાજતિલક કરાવ્યાના સમાચાર મળતાં તે બમણી ઝડપે પાટલીપુત્ર પ્રતિ આગળ વધ્યો. અશોકને આ સમાચાર મળતાં જ તેણે પાટલીપુત્રમાંના સુસીમના બધાજ પક્ષકારોની કતલ કરાવી તેમાં તિષ્ય સિવાયના તેના ૯૭ ભાઇનો પણ વધ થઇ ચૂકયો. અને પછી પોતાની વફાદાર સેના સાથે તે સુસીમની સામે ચાલ્યો. સુસીમ અશોકના વેગ સામે ટકી ન શકયો. અશોકે તેની સેનાને છિન્નભિન્ન કરી નાંખીને સુસીમને આગની ખાઇમાં ફેંકી તેને જીવતો જલાવી દીધો. આ કારમી કતલે તેને ચંડાશોકનું ઉપનામ અપાવ્યું.

પોતાની ભીષણ શકિતની છાપ પાડવાને તેણે પાટલીપુત્રમાં એક વધાગાર ખોલ્યું અને પોતાના સઘળા વિરોધીઓને કે વધાગાર પાસેથી પસાર થવાની હિંમત કરનારાઓને પણ તે વધાગારમાં ઉપાડી જઇ ત્યાં ઉકળતા તેલમાં નાંખવાની કે આગની જ્વાળાઓમાં હોમી દેવાની યોજના ઘડી. આ વધાગારમાં હજારો નિર્દોષ મનુષ્યો પણ

હોમાવા લાગ્યાં ને અશોક એક પ્રચંડ ને દાનની રાજકર્તા લેખાવા લાગ્યો.

આ રીતે પોતાના વિરોધીઓને દબાવી દઇ તેણે પોતાનો રાજ્યાભિષેક ઉજવવાની તૈયારી કરી. પણ એટલામાં સિકંદરે હિંદ પર આક્રમણ કરવાને સિંધુ નદી ઓળંગ્યાના (ઇ. સ. પૂ. ૩૨૭) અને તક્ષશિલાનો નૃપતિ આંભી, સિકંદર સાથે મળી ગયો હોવાના સમાચાર આવ્યા. અશોકે પંજાબના નૃપતિઓ પર સિકંદરનો સામનો કરવાના પત્ર લખાવ્યા અને પોતે રાજ્યાભિષેકને મુલતવી રાખી તરતજ પ્રચંડ મૌર્ય સેના સાથે સિકંદરની સામે જવાને તૈયાર થયો. સિકંદર, આંભીની મદદથી માંડલિક રાજાઓને હરાવતો હરાવતો જેલમ અને ચિનાબ બે નદીઓ ઓળંગી ગયો અને મહાન નૃપતિ પોરસને હરાવી તેણે રાવીને કાંઠે પડાવ નાંખ્યો. સિકંદરની સેના પોરસ સાથે લડીને એવી ગભરાઇ ગઇ હતી કે જ્યારે તેણે પોરસ કરતાંય મહાન મૌર્ય સમ્રાટની સેના પોતાની સામે આવતી હોવાના સમાચાર સાંભળ્યા ત્યારે તે વિશેષ ગભરાઇ ગઇ અને તેણે સ્વદેશ પાછા ફરવાનો આગ્રહ સેવ્યો. સિકંદરે તેને ઘણી સમજાવી પણ સેનામાં વિરોધ જણાતાં તે તરત પાછો ફરી ગયો. અસંતુષ્ટ સેના સાથે મૌર્ય સૈન્યનો સામનો કરવાની તેની તાકાત નહોતી. એટલે જીતેલા પ્રદેશમાં સૂબાઓ નીમીને તે ઝડપથી પાછો ફર્યો. તેમાં તેને બેહદ હાડમારીઓ સહન કરવી પડી અને તેની સેનાનો મોટો ભાગ જડ્રોસીયન રેગિસ્તાનોનાં હવિવારો અને કુદરતી આફતોનો ભોગ થઇ પડ્યો.

**સિકંદરની આગેકૂચ અને દોડભાગ**

અશોક જ્યારે પોતાની સેના સાથે સતલજ કાંઠે આવી પહોંચ્યો ત્યારે તેને એક બાજુએ સિકંદર પાછો ફરી ગયાના અને બીજી બાજુએ મગધમાં હજી પણ અસંતોષ પ્રવર્તતો હોવાના સમાચાર મળ્યા. તેણે ઝડપથી પાટલીપુત્ર પાછા ફરવાનો નિર્ણય કરી દીધો. નાસતા સિકંદરનો પીછો પકડવાથી ખાસ વિશેષ લાભ નહોતો; જ્યારે તેમ કરતાં પોતાને મગધથી વધારે દૂર ચાલ્યા જવું પડે તો, સુસીમના છૂટાછવાયા પક્ષકારો બળવો કરીને હજી પણ ગુપ્ત રીતે બચી ગયેલા સુસીમના બાળપુત્રને સિંહાસને સ્થાપી દે તે સંભવિત હતું. બિન્દુસારના મરણ પછી પોતે ગાદી તો પચાવી પાડી હતી પણ હજી તેનો વિધિસર રાજ્યાભિષેક થયો નહોતો. એટલે ખરું જોતાં પોતે સાચો અને સત્તાવાર નૃપતિ બની ચૂક્યો નહોતો. તેથી તેણે એવો નિર્ણય કર્યો કે સિકંદરને નાસી જવા દેવો અને પોતે પાટલીપુત્ર પાછા ફરવું તથા સુસીમના પક્ષકારોનો જડમૂળથી નાશ કરી પોતાનો રાજ્યાભિષેક ઉજવવો; અને તે પછી પંજાબમાં સિકંદરે નીમેલા સૂબાઓને હાંકી કાઢીને સિકંદરના વિજયોને નિષ્ફળ બનાવી મૂકવા. આ પ્રમાણે નિર્ણય કરીને તે પોતાની અખંડ સેના સાથે મગધ પાછો ફર્યો.

**રાજ્યાભિષેકની તૈયારી**

અશોકનું નામ સાંભળતાંજ મગધની પ્રજા કંપી ઊઠી ને બળવાની ચિનગારીઓ મૂળમાંથી જ દબાઇ ગઇ. અશોકે હવે સદંતર શાંતિ અખત્યાર કરીને પ્રજાને મનાવી પણ લીધી. વિશ્વવિજયી સિકંદર પોતાનું નામ સાંભળીનેજ ભાગી ગયો હતો એવા સમાચાર વહેતા મૂકી તેણે ધીરેધીરે પ્રજાનો પ્રેમ જીતવા માંડ્યો. રહ્યાસહ્યા વિરોધીઓનો તેણે નાશ કરાવી નાંખ્યો અને આ રીતે પોતાના સઘળા માર્ગોને નિષ્કંટક બનાવી તેણે રાજ્યાભિષેકની તૈયારી આદરી.



# દ્વિતીય પરિચ્છેદ

## ચંડાશોક અને બૌદ્ધ ધર્મનો દિગ્વિજય

**સાર—**

આ પરિચ્છેદમાં—અશોકનો જીવન વિકાસ અને તેનો રાજ્યાભિષેક; તેને મળેલું ચંડાશોક યાને સેન્ડ્રેકોટસનું ઉપનામ; બૌદ્ધ ધર્મ સામે તેણે દાખવેલો દ્વેષ પરંતુ મોહ તેમજ ચમત્કારના પરિણામે તેનું પરિવર્તન; પંજાબમાંના બેકાબૂ પરદેશી સૂબાઓ પર તેણે મેળવેલો વિજય; તેની મહત્તાસૂચક ચમત્કારી પ્રસંગો; રાણી તિષ્યરક્ષિતાનું સ્ત્રીચરિત્ર; તેના મોહાંધ ક્રોધે હણેલા યુવરાજ કુણાલનાં ચક્ષુ; મહેન્દ્ર–સંઘમિત્રાએ સ્વીકારેલી બૌદ્ધ દીક્ષા ને તેમનો લંકાવિહાર; અશોકની ધર્મયાત્રા ને બૌદ્ધ સ્મારકો; બૌદ્ધ સાધુઓના અનાચારથી કંટાળી અશોકે આમંત્રેલી ત્રીજી બૌદ્ધ પરિષદ અને બૌદ્ધ સંઘનો કડક બંદોબસ્ત; ઠેર ઠેર બૌદ્ધ ધર્મનો પ્રચાર; લંકા સાથેનો અશોકનો વિશિષ્ટ સંબંધ; બૌદ્ધેત્તર ધર્મો સામેની તેની કડકાઈ; સેલ્યુકસ સાથેનું અશોકનું યુદ્ધ અને સેલ્યુકસની કુંવરી સાથે તેનું પાણીગ્રહણ; ગ્રીક એલચી મેગેસ્થીનીસ અને તેની નોંધના પરિણામે પાશ્ચાત્ય જગતમાં ચંડાશોકને સેન્ડ્રેકોટસના નામે મળેલી ખ્યાતિ; તથા અશોકનું કુટુંબ અને તેનું સામ્રાજ્ય આદિ હકીકતો સમાવવામાં આવી છે.

ઉપર આપણે કયા સંયોગોમાં અશોકમાં સિંહાસનની મહત્ત્વાકાંક્ષા જાગી અને એ મહત્ત્વાકાંક્ષાએ તેના પાસે કેવાં પાપ કરાવ્યાં તે ટૂંકમાં અવલોકી ગયા. હવે આપણે અશોકના વ્યકિતત્વનો પૂર્ણ અભ્યાસ કરવાને તેનો જન્મ, જીવન વિકાસ અને રાજ્યાભિષેક પર અનુક્રમે નજર કરી જોઇએ

**અશોકનો જન્મ અને જીવન-વિકાસ**

ચંપાના કોઇ બ્રાહ્મણની સ્વરૂપવતી કન્યા વિષે એક જ્યોતિષીએ એવું ભવિષ્ય ભાખ્યું હતું કે એ કન્યા રાજરાણી અને રાજમાતા બનશે. તે પરથી ઉક્ત બ્રાહ્મણે પોતાની કન્યા યુવાન બનતાં તેને મગધપતિ બિન્દુસારના અંતઃપુરમાં મોકલાવી. અંતઃપુરની રાણીઓ તે કન્યાનું રૂપ જોઇને ઇર્ષ્યાથી જળવા લાગી અને તેમણે તેને બિન્દુસારની મોહનજરથી દૂર રાખવાને અંતઃપુરમાં જીર્ણશીર્ણ વસ્ત્રધારી હજામડીના પદે સ્થાપી. પરંતુ એક સમયે તે બ્રાહ્મણકન્યાનું સાચું સ્વરૂપ બિન્દુસારની નજરે ચડી ગયું અને તેણે તેને પોતાની રાણી બનાવી. તે રાણીથી બિન્દુસારને અશોક અને વીતશોક અથવા તિષ્ય એમ બે પુત્ર થયા.

અશોકના જન્મ અગાઉ બિન્દુસારને પોતાની પટરાણીના પેટે સુસીમ નામે પુત્ર થઇ ચૂકયો હતો તથા બીજી રાણીઓથી પણ તેને કેટલાક પુત્ર થયા હતા. તેમજ માતૃપક્ષે અશોક સામાન્ય કુળનો હતો. એટલે તેને માટે સિંહાસન પ્રાપ્તિનો કોઇ સંભવ નહોતો. જ્યાં નાનપણથી અશોક ભવ્ય મહત્ત્વાકાંક્ષાઓ દર્શાવતો અને સુસીમ વગેરે રાજકુમારો પ્રત્યે તે તિરસ્કારની નજરે જોતા હતો. બિન્દુસારે અશોકના આ સ્વભાવથી કંટાળી તેને ચોદ વર્ષની વયે જ (ઇ. સ. પૂ. ૩૩૮) અવંતીના સૂબા તરીકે મોકલી આપ્યો.

આ પત્નીથી કુણાલ નામે પુત્રની પ્રાપ્તિ થઇ. એજ અરસામાં અશોકે તિષ્યરક્ષિતા નામે એક બીજી રૂપવતી કન્યા સાથે લગ્ન કર્યાં. તેનાથી તેને મહેન્દ્ર નામે પુત્ર અને સંઘમિત્રા નામે પુત્રી થઇ. આ રીતે કૌટુંબિક સુખચેન અને વૈભવમાં મહાલતો અશોક કુનેહપૂર્વક શાંતિથી અવંતીનું શાસન ચલાવવા લાગ્યો.

તે પ્રસંગે, આપણે ઉપરના પરિચ્છેદમાં વર્ણવી ગયા તેમ, પંજાબમાં બળવો થયો અને તે બળવો સમાવવામાં યુવરાજ સુસીમ નિષ્ફળ જવાથી બિન્દુસારે અશોકને પંજાબ મોકલ્યો અને અવંતીનું શાસન સુસીમને સોંપ્યું. અશોકે કડક હાથે પંજાબનો બળવો દાબી દીધો અને તેનામાં સૂતેલી સિંહાસનની મહત્ત્વાકાંક્ષા ફરી જાગી ઊઠી. સુસીમને અવંતીમાં જ રહેવા દઇ તે પાટલીપુત્ર પહોંચ્યો અને પોતાના કુટુંબને પણ તેણે ત્યાં બોલાવી લીધું. તે અરસામાં બિન્દુસાર મૃત્યુ પામ્યો અને સુસીમની ગેરહાજરીનો લાભ લઇ અશોકે પોતે રાજતિલક કરાવ્યું. સુસીમના સઘળા પક્ષકારો અને તિષ્ય સિવાયના બીજા ભાઇઓનો અશોકે નાશ કર્યો અને સુસીમ અવંતીથી પાટલીપુત્ર પર ચડી આવતાં અશોકે પોતાની વફાદાર સેનાથી તેનો પણ નાશ કર્યો. તે પછી પોતાની છાપ પાડવાને તેણે સખત હાથે કામ લીધું. એ અરસામાં સિકંદરનું હિંદ પર આક્રમણ થતાં અશોક તેની સામે ગયો. તે પ્રસંગે એક વખતે તે જંગલમાં સુતો હતો ત્યારે એક સિંહ આવીને તેના આખા શરીરને જીભથી ચાટવા લાગ્યો. અશોક જાગતાં તે આ પ્રસંગને પામી ગયો અને એવા આકસ્મિક શુભ શુકનથી તેની મહત્ત્વાકાંક્ષા વધારે તીવ્ર બની. તે સિકંદરને હરાવવાને તલપાપડ બની રહ્યો. પણ સિકંદર અધવચથી જ પાછો ફરી જતાં અશોક પોતાનો રાજ્યાભિષેક ઉજવવાને અને મગધમાં પોતાની અખંડ આણ સ્થાપવાને પાટલીપુત્ર પાછો ફર્યો.

[illegible] વર્ષ પણ અશોક [illegible] કુનેહપૂર્વક અવંતીનો [illegible] તેને વિદિશા [illegible] પુત્રી [illegible]

ઇ. સ. પૂ. ૩૨૬માં [illegible] સિકંદર જ્યારે પોતાની [illegible] પંજાબ [illegible] તે જ વખતે અશોક પાટલીપુત્રમાં [illegible] સુસીમના [illegible]

તેણે એવા ભીષણ માર્ગો અખત્યાર કર્યાં હતા અને હજી પણ તેનો એ કાર્યક્રમ ચાલુ હતો એટલે પ્રજાએ તેને ચંડનું ઉપનામ આપ્યું. પરિણામે ઇતિહાસમાં તે ચંડાશોકના નામે મશહૂર બન્યો. પંજાબમાં દુશ્મનોને કચરી નાંખીને પણ તે એ બિરુદને લાયક બન્યો હતો. એટલે પ્રાચીન યુગમાં અવંતીમાં થઇ ગયેલા મહાન વિજેતા શાસક પ્રદ્યોતને અર્પાયેલું 'ચંડ' બિરુદ તેને પ્રિય થઇ પડ્યું અને તેણે પોતાનો રાજ્યાભિષેક પણ એ જ નામે ઉજવવાનો નિશ્ચય કર્યો.

**રાજ્યાભિષેક**

ઇ. સ. પૂ. ૩૨૬ની સાલ રાજ્યાભિષેકની તૈયારીઓ પાછળ વીતી. શામ, દામ, દંડ અને ભેદ ચારે નીતિનો ઉપયોગ કરી અશોકે પોતાના વિરોધીઓને કચરી નાંખ્યા અને પોતાના પક્ષકારોને આગળ આણ્યા. તેના વિજયો પર મોહી પડેલા મગધના વીર પુરુષો પણ તેના પક્ષમાં ભળ્યા. એટલે ઇ. સ. પૂ. ૩૨૬–૨૫ ના ગાળામાં જ્યારે તેણે દબદબાપૂર્વક પોતાનો રાજ્યાભિષેક ઉજવાવ્યો ત્યારે તેની સામેનો વિરોધ હતો નહતો બની ગયો અને તે મગધનો કાયદેસર સમ્રાટ ગણાવા લાગ્યો. પોતાનો રાજ્યાભિષેક તેણે ચંડાશોકના નામે ઉજવાવેલો હોઇ ઇતિહાસમાં તેમજ રાજકીય વ્યવહારોમાં તે ચંડાશોકના નામે ઓળખાયો છે. પરદેશોમાં તે શબ્દનું રૂપાંતર 'સન્ડ્રાશોકસ' બન્યું અને સમય જતાં તે રૂપ 'સેન્ડ્રેકોટસ' ઉચ્ચારમાં પરિણમ્યું. પરિણામે પરદેશી ઇતિહાસોમાં તે સેન્ડ્રેકોટસના નામે ઓળખાય છે.

**બૌદ્ધ ધર્મ પ્રત્યે દ્વેષ !**

બૌદ્ધ સાહિત્યગ્રન્થો જણાવે છે કે પોતાના શાસનકાળની શરૂઆતમાં અશોકે બૌદ્ધ ધર્મ સામે બેહદ દ્વેષ દર્શાવેલો છે. આનું સ્પષ્ટ કારણ ક્યાંય દર્શાવાયું નથી, પરંતુ બિન્દુસારના યુવરાજપુત્ર સુસીમનો બાલપુત્ર નિગ્રોધ, નાની વયમાંજ બૌદ્ધ દીક્ષા સ્વીકારીને કુમારવયે તો તે બૌદ્ધાચાર્ય બને છે તે પરથી સંભવિત છે કે સુસીમના વધ વખતે તેની ગર્ભવતી રાણી જ્યારે નાસી છૂટી ત્યારે બૌદ્ધ ભિક્ષુકોએ તેને અશોકની વિરુદ્ધ આશ્રય આપ્યો હોય અને તે પરથી અશોક બૌદ્ધ ધર્મ પ્રત્યે ખીજાયો હોય અથવા તો, સમય જતાં અશોકે બૌદ્ધ ધર્મ પ્રત્યે જે પક્ષપાત દર્શાવ્યો તે અશોકની મહેરબાનીને આભારી નહિ, પરંતુ બૌદ્ધ ધર્મની ચમત્કારિક મહત્તાને આભારી હતો એમ પ્રજાના મન પર ઠસાવવાને ખાતર બૌદ્ધાચાર્યોને અશોક પૂર્વાવસ્થામાં બૌદ્ધ ધર્મનો દ્વેષી અને વિરોધી હતો પરંતુ વિશિષ્ટ ચમત્કારોના પરિણામે તેને બૌદ્ધ ધર્મની મહત્તા સ્વીકારવી પડી હતી એમ લખવાનું ધર્મપ્રચારની દૃષ્ટિએ વધારે લાભદાયી જણાયું હોય. ગમે તેમ, પણ ભિન્ન ભિન્ન બૌદ્ધ સાહિત્યકૃતિઓમાં અશોકે શરૂઆતમાં બૌદ્ધ ધર્મ પ્રત્યે દ્વેષ દર્શાવ્યાનાં અને પરિણામે થયેલા ચમત્કારોથી તે બૌદ્ધ ધર્મ પ્રત્યે અંજાયો હોવાનાં વિવિધ દૃષ્ટાંતો મળી આવે છે.

ઉત્તરના બૌદ્ધ ગ્રન્થો જણાવે છે કે—

**ચમત્કારો**

અશોકે પોતાના શાસનકાળની શરૂઆતમાં સુસીમના પક્ષકારોનો નાશ કરવાને અને પોતાની ક્રૂરતાની છાપ પાડવાને પાટલીપુત્રમાં એક વધાગાર ખોલેલું. એ વધાગારમાં માનવીને આગની ભઠ્ઠીમાં પટકીને બાળી નાંખવાના, ઉકળતા તેલની કડાઈમાં નાંખીને તેને તળી નાંખવાના કે ક્રૂર શસ્ત્રોથી તેના કકડા કરવાના આવશ્યક સાધનો રાતદિવસ તૈયાર રહેતાં. તે વધાગારના ઉપરી તરીકે તેણે ચંડગિરિક નામે એક ક્રૂર સ્વભાવના ચાંડાલ–પુરુષની નિમણુક કરી હતી. અશોકના વિરોધીઓ કે સુસીમના પક્ષકારોને તો વધાગારમાં ખતમ કરી નાંખવાની તેને સંપૂર્ણ છૂટ અપાઇ હતી. વળી તે ઉપરાંત એ વધાગારની નજીકથી જે પસાર થાય તે સર્વેને પણ વધાગારમાં ખેંચી જઇને મારી નાંખવાની ચંડગિરિકને અનુમતિ મળી હતી. આ છૂટનો લાભ લઇ ચંડગિરિક હજારો માનવોનો સંહાર કરી નાંખતો હતો.

એક વખતે ઉપગુપ્ત નામે એક બૌદ્ધાચાર્ય તે વધાગારની નજીકથી પસાર થતો હતો. ચંડગિરિકના સેવકોએ તેને પણ ચાલુ ક્રમ પ્રમાણે પકડી લીધો અને

વધાગારમાં લઇ જઇ તેને ચંડગિરિકની અનુમતિપૂર્વક ઉકળતા તેલના તાવડામાં નાંખ્યો. પણ એ ઉકળતું તેલ ઉપગુપ્તને દઝાડવાને અસમર્થ નીવડયું. ઉકળતા તેલના તાવડામાં પણ ઉપગુપ્ત દેવી પુરુષની જેમ પૂર્ણ સ્વસ્થતાથી ઊભો રહ્યો. ચંડગિરિકના મન પર એની ચમત્કારિક પ્રતિભાએ ઊંડી અસર નીપજાવી. તેણે સમ્રાટ અશોકને આ ચમત્કારના સમાચાર પહોંચાડયા. અશોક એ ચમત્કાર નજરે નિહાળવાને તરતજ ત્યાં આવી પહોંચ્યો. તેનું દિલ પણ ઉપગુપ્ત પ્રત્યે આકર્ષાયું પરંતુ આ ચમત્કારથી પણ તેનું દિલ વધાગાર બંધ કરવાને તો નજ લલચાયું. પણ ચંડગિરિકનું બિનકેળવાયલ કઠોર મન આ ચમત્કારથી દ્રવી ગયું. એટલે અશોક જ્યારે વધાગાર બંધ કરવાની આજ્ઞા આપ્યા વિના જ ત્યાંથી પાછો ફરવા લાગ્યો ત્યારે ચંડગિરિક તેની સમક્ષ પહોંચી કહ્યું–

"દેવ, આપ હવે પાછા નહિ ફરી શકો."

"કેમ ?" અશોકે ચમકીને પૂછ્યું.

"વધાગારની નજીકથી પસાર થતા કે વધાગારમાં પ્રવેશતા કોઇ પણ માણસને વગર તપાસે વધાગારમાં હોમી દેવાની આપે મને અનુમતિ આપેલી છે. તે નિયમ આપને પણ લાગુ પડે છે."

મૃત્યુને સમીપ નિહાળતાં જ અશોકનું મન દ્રવી ગયું. વધાગારની રચના કેટલી ક્રૂર અને અમાનુષિક છે તેનો તેને ખ્યાલ આવ્યો. તેણે તરત જ વધાગાર બંધ કરવાની ઈચ્છા દર્શાવી. અને ઉપગુપ્તના ચરણે નમીને તે બૌદ્ધ ધર્મનો ઉપાસક બન્યો.

હ્યુએન્સાંગ આદિ પરદેશી પ્રવાસીઓ અશોકના ધર્મ પરિવર્તન સંબંધમાં જણાવે છે કે–

રાજ્યાભિષેકની શરૂઆતમાં અશોક બૌદ્ધ ધર્મનો કટ્ટર વિરોધી હોવાથી તેણે બુદ્ધ ભગવાન બોધિવૃક્ષને જમીનમાંથી ઉખેડી તેને બાળી નાખવાની આજ્ઞા કરી. પણ જ્યારે એ વૃક્ષની રાખમાંથી નવું બોધિવૃક્ષ ફાલી નીકળ્યું ત્યારે અશોક તે વૃક્ષને દેખતાં બૌદ્ધ ધર્મને પ્રસન્ન બન્યો, અને દિવસો બોધિવૃક્ષની સમીપ જ વસવા લાગ્યો. તેની એક રાણીએ તેની આ ધર્મઘેલછામાંથી રાજકાર્યમાં પાછો વાળવાને બોધિવૃક્ષને છેદાવી નાંખ્યું, પણ તે ફરી ઊગી નીકળ્યું જેથી અશોક બૌદ્ધ ધર્મ પર વધારે શ્રધ્ધાવાન બન્યો.

દક્ષિણના બૌદ્ધ ગ્રન્થો અશોકના ધર્મ પરિવર્તન સંબંધમાં જણાવે છે કે–

અશોકે જ્યારે પોતાના ભાઇઓનો વધ કર્યો ત્યારે યુવરાજ સુસીમની ગર્ભવતી રાણી ત્યાંથી નાસી છુટી અને જંગલમાં તપસીઓના આશ્રયે વસવા લાગી. સમય જતાં તેને નિગ્રોધ નામે પુત્ર થયો. નિગ્રોધના જીવનમાં બાળપણથી જ બૌદ્ધ ધર્મ ઓતપ્રોત થઇ ગયેલ જેથી તેણે બૌદ્ધ દીક્ષા સ્વીકારી. એક સમયે તે અશોકના રાજમહેલની નજીકથી પસાર થતો ત્યારે અશોકની દૃષ્ટિ તેના પ્રત્યે આકર્ષાણી. નિગ્રોધના નિર્મળ–તેજસ્વી વ્યકિતત્વે તેના દિલ પર ઊંડી અસર નીપજાવી. બૌદ્ધ ધર્મના પ્રતાપે માનવી બાલવયમાં પણ કેવો વિકાસ સાધી શકે છે તે જોઇ તે તે ધર્મ પ્રત્યે આકર્ષાયો. તેણે નિગ્રોધના જીવનવિકાસ વિષે તપાસ કરાવરાવી. અને તે પોતાના મૃત ભાઇ સુસીમનો પુત્ર છે એમ જાણતાં તેનું દિલ વધારે ખેંચાયું. તેણે નિગ્રોધને પોતાના લઘુભાઇ અને ધર્મગુરુ સમાન લેખ્યો. અને નિગ્રોધના સહવાસથી તે બૌદ્ધ ધર્મનો ઉપાસક બન્યો.

વ્યકિતત્વનો પ્રભાવ

બૌદ્ધેતર ગ્રન્થો અશોકના ધર્મપરિવર્તન સંબંધમાં જણાવે છે કે :—

અશોકની રૂપવતી રાણી તિષ્યરક્ષિતા બૌદ્ધ ધર્મમાં અનુરાગ ધરાવતી હતી. વિશિષ્ટ બૌદ્ધાચાર્ય પ્રત્યે તે આસક્તિ ધરાવતી હતી. તે જેટલી કુટિલ હતી, એટલી જ પ્રભાવશાળી પણ હતી. સતત સહવાસથી તેણે અશોકનું મન બૌદ્ધ ધર્મ પ્રત્યે વાળ્યું. રાણીના રૂપમાં મોહિત અશોક સમા

બૌદ્ધ

સારાસારના વિવેકને વીસરી ગયો અને તે રાણીની સલાહ અનુસાર જ વર્તવા લાગ્યો. પરિણામે તે બૌદ્ધ ધર્મનો ઉપાસક બન્યો. અશોકના આ મોહથી અને તિષ્યરક્ષિતાની કુટિલતાથી વ્યથિત બનેલી અશોકની પટરાણી અને કુણાલની માતા દેવી પોતાને પિયર વિદિશામાં જ રહેવા લાગી. અશોકે તેને ત્યાં મહેલ બંધાવી આપ્યો અને પાટલીપુત્રમાં તિષ્યરક્ષિતાને પટરાણી બનાવી. દેવીની અનિચ્છા છતાં કુણાલને તો અશોક પાટલીપુત્રમાં પોતાની સમીપ જ રાખવા લાગ્યો.

અશોકના ધર્મપરિવર્તન અંગે ઉપર દર્શાવેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ કારણ વાસ્તવિક હોય યા નહિ, પરંતુ ગાદીએ બેઠા પછીના પાંચ-૭ વર્ષના ગાળામાંજ અશોકે બૌદ્ધ ધર્મ સ્વીકારેલ હોવાની વાત નિર્વિવાદ છે. પછી તે નિગ્રોધના પ્રભાવથી સ્વીકાર્યો હોય, બૌદ્ધાચાર્યના કે બોધિવૃક્ષના ચમત્કારથી સ્વીકાર્યો હોય અથવા તો રાણી તિષ્યરક્ષિતા પ્રત્યેના મોહથી સ્વીકાર્યો હોય.

ઇ. સ. પૂ. ૩૨૬-૨૫ ના ગાળામાં સિકંદર જ્યારે હિંદમાંથી પાછો ફરી ગયો ત્યારે તેણે સિંધુપ્રદેશ તેમજ પંજાબમાં જીતેલા મુલકની નીચે પ્રમાણે વ્યવસ્થા કરી હતી:-

**સિકંદરની વ્યવસ્થા**

જ્યાં પંજાબની નદીઓ સિંધુમાં ભળે છે ત્યાં સુધીના સિંધ-પ્રદેશની હકુમત તેણે એગેનોરના પુત્ર પિથોનને સોંપી.

આ પ્રદેશની ઉત્તરે જીતેલા મુલક પર તેણે ફીલીપને અધિકારી બનાવ્યો.

તક્ષશિલાનો પ્રદેશ તેણે તેના મૂળ માલિક આંભી પાસે રહેવા દઇ તેના પર દેખરેખનું કામ ફીલીપને સોંપ્યું.

જેલમ ને ચિનાબની વચગાળાનો પ્રદેશ તેના મૂળ નૃપતિ પોરસ પાસેજ રહેવા દીધો અને ગ્રીક સાર્વભૌમત્વ સ્વીકારવાના બદલામાં તેને આસપાસનો બીજો પણ કેટલોક પ્રદેશ સોંપ્યો.

આંભી અને ફીલીપના પ્રદેશની વાયવ્યમાં પેરોપનીસીડાઇ નામનો પ્રાંત આવેલો હતો. તેનો અધિકાર અલેકઝાંડરે પોતાના સસરા ઓગ્ઝીઆર્ટસને સોંપ્યો.

જીતાયલ હિંદી પ્રદેશોની આ રીતે વ્યવસ્થા કરી સિકંદર ઇ. સ. પૂ. ૩૨૫માં બેબીલોનને પન્થે પડ્યો. રસ્તે તેને ફીલીપનું ખૂન થયાના સમાચાર મળતાં તેની જગ્યાએ તેણે યુડેમોસની નિમણૂક કરી.

ઇ. સ. પૂ. ૩૨૩ માં બેબીલોનમાં અલેકઝાંડરનું મરણ થતાં સામ્રાજ્યની વ્યવસ્થા માટે તેના સરદારોની કાઉન્સીલ મળી. તેમણે હિન્દી પ્રાંતોનો વહીવટ, ઉપર દર્શાવેલા અધિકારીઓને હસ્તક કાયમ રાખ્યો. પણ ઇ. સ. પૂ. ૩૨૧ માં તે વ્યવસ્થામાં કેટલોક ફેરફાર થતાં પિથોનને સિંધુ-પ્રદેશને બદલે પેરોપેનીસીડાઇની પૂર્વના પ્રદેશ પર નીમવામાં આવ્યો.

આ સમય દરમિયાન સમ્રાટ અશોક પોતાના સામ્રાજ્યને સુદૃઢ બનાવવામાં ગૂંથાયો હતો અને સિંધુ-પંજાબ પ્રદેશના ઉપરોક્ત અધિકારીઓ પોતાના પ્રદેશ પર કુનેહ અને શાંતિપૂર્વક શાસન ચલાવતા હોઇ અશોકને તેમના પર આક્રમણ કરવાને જોઇતી તક મળી નહોતી.

**પંજાબનો બળવો**

પણ ઇ. સ. પૂ. ૩૨૦ પછી હિન્દમાંના ગ્રીક સૂબાઓ અને પોરસ વગેરે ભારતીય નૃપતિઓ વચ્ચે ખટરાગ જાગ્યો. તેજસ્વી સ્વભાવનો પોરસ અહોનિશ ગ્રીક આધિપત્યને સ્વીકારી લેવાને તૈયાર નહોતો. જ્યારે લશ્કરી સ્વભાવનો ગ્રીક અધિકારી યુડેમોસ હિન્દી નૃપતિઓને ગુલામ લેખતો હતો. પરિણામે પોરસ અને યુડેમોસ વચ્ચે વિગ્રહનાં મૂળ રોપાયાં. પરંતુ પોરસની સામે ખુલ્લા યુધ્ધમાં ઊભા રહેવાની તો યુડેમોસની તાકાત નહોતી. એટલે ઇ. સ. પૂ. ૩૧૭માં યુડેમોસે પોરસનું ખૂન કરાવી નાંખ્યું

પોરસનું ખૂન થતાં જ પંજાબમાં બળવો ફાટી નીકળ્યો. આંભી વગેરે રાજવીઓ તો ગ્રીકોના ગુલામ હતા. એક પોરસે જ દાઝો છતાં પણ હિંદનું

સમય વગેરે માટે જુઓ 'કાલ નિર્ણય'નું પ્રકરણ) નામના બે જૈન મુનિવરો પર નજર પડતાંજ તેને પોતાનો કંગાલ પૂર્વભવ સાંભરી આવ્યો અને એ કંગાલિયતમાંથી આ બન્ને મુનિવરોએ પોતાને બચાવ્યો હતો તે પ્રસંગ (વિશેષ માટે જુઓ આગળ ઉપર ચરિત્ર-વિભાગ) યાદ આવતાં તે તે મુનિવરોના ચરણમાં ઢળ્યો ને તેમની સમીપ જૈન ધર્મ સ્વીકાર્યો. [મ. સં. ૨૪૦= ઇ. સ. પૂર્વે ૨૮૬.]

જૈન ધર્મ સ્વીકાર્યા પછી તેણે તરતજ અનાર્ય દેશોમાં પણ સાધુઓના વિહારની સગવડતા કરી અને ત્યાં પણ તે ધર્મનો પ્રચાર આદર્યો.

તે અરસામાં અવંતીમાં દુકાળ પડ્યો. તે પ્રસંગે સાધુઓને ભિક્ષામાં પડતી હાડમારી નિવારણાને સંપ્રતિએ તેમને સહજમાં ભિક્ષા મળી રહે એવી વ્યવસ્થા કરી. આર્યસુંદરતીએ આ ચલાવી લીધું પણ શ્રી આર્ય મહાગિરિએ સાધુઓ આ રીતે રાજકૃપાથી જીવનનિર્વાહ ચલાવે તે સામે વિરોધ દર્શાવ્યો. અને તે આર્યસુંદરતીથી છૂટા પડી ગયા. પણ પછીથી આર્યસુંદરતીએ પોતાની ભૂલ સુધારી તેમની ક્ષમા માગી. તે પછી આર્યમહાગિરિ તેમને યુગપ્રધાન[૧૨] પદવી આપી (મ. સં. ૨૪૫=ઇ. સ. પૂ. ૨૮૨) અણુશણ (તપશ્ચર્યા)પૂર્વક સ્વર્ગે સિધાવ્યા. (મ. સં ૨૪૫=ઇ. સ. પૂ. ૨૮૨)

ગાદીએ આવ્યા પછી સંપ્રતિએ તરતજ સૌરાષ્ટ્ર, આંધ્ર, દ્રમિલ અને કલિંગ ઉપર આક્રમણ કર્યું અને ત્યાં વિજય મેળવ્યો.[૧૭] એ રીતે તે સમસ્ત ભરતખંડનો નૃપતિ બન્યો. તે પછી તેણે ભરતખંડની બહાર પણ

---

અમિત્રોકેડ્સ ( Amitrochades ) હતું. મૌર્યવંશમાં આ ઉપનામને મળતાં ઉપનામ બે રાજવીઓ ધરાવતા હતા : (૧). બિન્દુસાર, (૨). સંપ્રતિ. બિન્દુસારનું ઉપનામ અમિત્રઘાત હતું અને સંપ્રતિ ઊર્ફે પ્રિયદર્શિનનું ઉપનામ અમિત્રકેતુ હતું. [illegible] અમિત્રોકેડ્સ એ 'અમિત્રકેતુ' કરતાં 'અમિત્રઘાત' [illegible] છે. [illegible] બિન્દુસારને વધારે [illegible]

[illegible]

ઉપરોક્ત અમિત્રઘાતે સીરિયન રાજવી એન્ટિયોકસ પહેલા ( ઇ. સ. પૂર્વે ૨૮૦ થી ઇ. સ. પૂ. ૨૬૧ ) પર એક પત્ર લખીને તેના પાસે સૂકાં અંજીર આદિ મંગાવેલ. [ Dried figs were so eagerly desired by all men...that even Amitrochates, the king of the Indians, wrote to Antiochus asking him, says Hegesander, to purchase and send him sweet wine, dried figs, and a sophist; and that Antiochus wrote back: 'We shall send you dried figs and sweet wine; but it is not lawful in Greece to sell a sophist. ]

[illegible]

[illegible]

નાક બાળવી રાખ્યું હતું. એટલે તે પ્રજાને પ્રિય થઇ પડ્યો હતો. તેનું ખૂન થતાં હિંદના અને તેમાં પણ મુખ્યત્વે પંજાબના લડાયક વર્ગો ગ્રીકોની સામે હથિયાર સજવા લાગ્યા. અશોકને આ સંયોગોમાં સાનુકૂળ તક સાંપડી ગઇ. જ્યાં સુધી મહાન નૃપતિ પોરસ ગ્રીક સાર્વભૌમત્વને વહન કરી રહ્યો હતો ત્યાં સુધી વચ્ચે પડવામાં તેને લાભ નહોતો જણાતો. પણ હવે પોરસનું ખૂન થતાં અશોકે પોરસનો પક્ષ લીધો અને તે ગ્રીક–વિરોધીઓની મદદે આવી પહોંચ્યો.

**પંજાબમાં વિજય**

પંજાબના લડાયક વર્ગોમાં જાગેલ ઉશ્કેરાટને લીધે મૌર્ય સમ્રાટ અશોક તેમની મદદે આવતો હોવાના સમાચાર મળતાં જ ગ્રીક અધિકારીઓ ગભરાઇ ઊઠ્યા. કેટલાકે વિગ્રહની તૈયારી કરવા માંડી, જ્યારે યુડેમોસ તક્ષશિલા યદિને નાસી ગયો.

આ વખતે અશોક ગ્રીક સેનાને સુંદર બોધપાઠ ભણાવવાનો નિર્ણય કરીને જ પાટલીપુત્રથી નીકળ્યો હતો. પંજાબમાં જ્યારે તે ગ્રીક સરદારોને દબાવવાને યુદ્ધે ચડતો હતો ત્યારે એક જંગલી હાથીએ તેને સૂંઢ વતી ઊંચકીને પોતાની પીઠ પર બેસાડ્યો. અગાઉ પણ જ્યારે તે અલેકઝાંડરની સામે યુદ્ધે આવતો હતો ત્યારે પણ એક જંગલી સિંહ તેનું શરીર ચાટી ગયેલો. આવાં શુભ શુકનથી ઉત્તેજાઇને અશોક દર્પભેર આગળ વધ્યો. ગ્રીક સેના હારવા કે કપાવા લાગી. ગ્રીક સરદારોનો મોટો ભાગ કપાઇ ગયો ને થોડાક નાસી છૂટ્યા. હિન્દી લડાયક વર્ગો તેને ઠેર ઠેર મદદ કરવા લાગ્યા ને થોડાક સમયમાં અશોકે સમસ્ત પંજાબ પર પુનઃ મૌર્ય અધિકાર સ્થાપી દીધો. આ રીતે એક વર્ષના ગાળામાં સિકંદરના વિજયોને ધૂળધાણી કરીને અશોક ઇ. સ. પૂ. ૩૨૧ માં પાટલીપુત્ર પાછો ફર્યો. હિન્દમાં ગ્રીક સેના અને સરદારોને મળેલા આ પરાજયને પરદેશમાં રહેલા ગ્રીક નૃપતિઓ શાંતિથી સાંખી નહિ લે તે અશોક સારી રીતે જાણતો હતો એટલે તેણે સિંધ અને પંજાબમાં મોટી પ્રચંડ લશ્કરી વ્યવસ્થા કરી રાખી હતી કે અલેકઝાંડરના મુખ્ય સેનાપતિ અને સીરિયાના ગ્રીક નૃપતિ સેલ્યુકસ નીકેટોરે હિન્દમાં ગ્રીક સત્તાની પુનઃ સ્થાપનાને માટે વારંવાર આક્રમણો કરવા માંડ્યા છતાંયે વર્ષો લગી તે એક તસુ પણ આગળ ન વધી શક્યો.

આ રીતે મળેલા લશ્કરી વિજયોએ અશોકની કીર્તિ તો વધારી. પણ તેનાથી તેના સુખમાં વધારો ન થઇ શક્યો. ઇ. સ. પૂ. ૩૨૧ માં જ્યારે તે પંજાબમાં મૌર્ય ધ્વજ રોપીને પાટલીપુત્ર પાછો ફર્યો ત્યારે પ્રજાએ તેને મોતીથી વધાવી લીધો પણ તેના કુટુંબજીવનમાં તેને મોતી ન સાંપડ્યાં.

**તિષ્યરક્ષિતાની અનાચારલીલા**

રાણી તિષ્યરક્ષિતાએ અશોકની ગેરહાજરી દરમિયાન બૌદ્ધાચાર્યો સાથેનો પોતાનો સંબંધ વધારી દીધો હતો. કુમાર કુણાલ પર પણ તેની નજર હતી. કેટલાક ગ્રન્થો એમ કહે છે કે કુણાલનાં વિશાળ ચક્ષુએ તેણીને મોહાંધ બનાવી હતી અને તેણીએ કુણાલ પાસે પ્રેમની ભિક્ષા માગી હતી; પરંતુ કુણાલે તેનો અસ્વીકાર કરતાં તે તેનાં ચક્ષુ ફોડાવી નાંખવાને તત્પર બની હતી. તો બીજા કેટલાક ગ્રન્થો એમ કહે છે કે પોતાના પુત્ર મહેન્દ્રને સિંહાસનનો અધિકારી બનાવવાને તે યુવરાજ–પુત્ર કુણાલને અધિકારભ્રષ્ટ બનાવવાને અથવા તો મરાવી નાંખવાને તત્પર બની હતી. ગમે તેમ, પણ અશોક જ્યારે પંજાબથી પાછો ફર્યો ત્યારે તેના કુટુંબજીવન પર કાળાં વાદળ ઘેરાઇ રહ્યાં હતાં.

**કુણાલની અંધતા**

અશોકને યુવરાજ કુણાલ સામે કોઇ કાવતરું રચાતું હોવાની ગંધ તરત આવી ગઇ, એટલે તેણે તેને સૂબો બનાવીને અવંતી મોકલી આપ્યો. પણ તેમ કરવાથી તિષ્યરક્ષિતાએ કુણાલનો કેડો ન મૂક્યો. બૌદ્ધાચાર્યો પણ તેને આ કાર્યમાં સતત પ્રેરણા આપતા હતા. તેમનું એમ માનવું હતું કે કુણાલ જૈન ધર્મનો પૂરો [illegible]

હોઇને તેના અમલ દરમિયાન જૈનોને પ્રાધાન્ય મળી જશે, જ્યારે મહેન્દ્ર તિષ્યરક્ષિતાને હાથે કેળવાયલ હોઇ તે રાજા બને તો સર્વ સત્તા બૌદ્ધાચાર્યોને હસ્તક જ રહે. એટલે તેમણે તિષ્યરક્ષિતાને કોઇ પણ રીતે કુણાલને પદભ્રષ્ટ કરાવવાનો ઉપદેશ સતત આપ્યા કર્યો.

એક સમયે અશોકે અવંતિના અધિકારીઓ પર પત્ર લખતાં તેમાં કુણાલના અધ્યયન અંગે કેટલીક સૂચનાઓ મોકલાવી. તેમાં 'अधीयउ' પ્રયોગ વપરાયો હતો. આ પત્ર અકસ્માતથી તિષ્યરક્ષિતાના જોવામાં આવ્યો. તેની કુટિલ બુદ્ધિએ તરત જ તેને પોતાની ધ્યેયપ્રાપ્તિનો માર્ગ બતાવી આપ્યો. તેણે 'अधीयउ' પ્રયોગમાંના अ પર અનુસ્વાર ઉમેરી 'अंधीयउ' પ્રયોગ બનાવ્યો એટલે તેનો અર્થ અધ્યયન કરાવવાની સૂચનાને બદલે આંધળો બનાવવાની સૂચનાના રૂપમાં ફેરવાઇ ગયો. અશોકે છેલ્લી વેળાએ એ પત્ર વાંચ્યા વિના જ તેને પરબીડિયામાં બીડી દીધો અને તે અવંતી મોકલાવી આપ્યો. એ પત્ર અવંતીમાં પહોંચતાં જ અધિકારીઓમાં હાહાકાર પ્રવર્તી ગયો. તેઓ તરત જ સમજી ગયા કે આ સૂચના શરતદોષ અથવા તો કોઇ કાવત્રાને આભારી હશે. એટલે તેમણે વિગતવાર તપાસ માટે પાટલીપુત્ર ફરી પૂછાવવાનો વિચાર કર્યો. પણ યુવરાજ કુણાલે ઉપરોક્ત સૂચનાને તરત જ અમલમાં મુકવાનો આગ્રહ દર્શાવ્યો. તેણે જણાવ્યું કે, "શાસ્ત્રવચન અનુસાર પણ નરેન્દ્રની આજ્ઞાનો કદાપિ ભંગ ન કરી શકાય [आज्ञाभंगो नरेन्द्राणां अशस्त्र वध उच्यते], ત્યારે આ તો પ્રજાજન તરીકે મારા નરેન્દ્ર છે, પુત્ર તરીકે મારા પિતા છે અને સુબા તરીકે મારા ઉપરી શાસક છે. ત્રણે સંબંધથી હું તેમની ગમે તેવી આજ્ઞાનું ત્વરિત પાલન કરવાને બંધાયેલો છું, પછી ભલે તે આજ્ઞા શરતદોષ અથવા કાવત્રાને આભારી હોય. આજ્ઞાની કડકાઇ જોઇને તેને ભૂલનું પરિણામ માની જો પુત્ર તેના પાલનમાં ઢીલ કરે તો બીજાઓ પણ એમ કરતાં શીખશે અને એક બેડી આજ્ઞાથી બચવા જતાં અનેક ખરી આ લોપ અપાશે. માટે રાજાજ્ઞાનો તરત અમલ તૈયારી કરાવો." કુણાલનો આવો અભિપ્રાય સાંભળવા છતાં અધિકારીઓ જ્યારે સંકોચાવા લાગ્યા ત્યારે કુણાલે જાતે સળિયા તપાવીને તે પોતાની આંખોમાં ખોસી દીધા.

કુણાલની અંધતાના સમાચાર પાટલીપુત્રમાં પહોંચતાંજ પાટનગરમાં હાહાકાર પ્રવર્તી ગયો. અશોકને પોતાની ભૂલ માટે અપાર દુઃખ થયું પણ હવે એ ભૂલ સુધારવાનો કોઇ માર્ગ નહોતો.

**મહેન્દ્રને યુવરાજપદ**

રાજનીતિ અનુસાર અંધ પુરુષ સિંહાસન પર ચડી ન શકે એટલે અંધ બનતાની સાથેજ કુણાલ સિંહાસન પરનો પોતાનો અધિકાર ગુમાવી બેસતો હતો. અને કુણાલને એકે પુત્ર નહોતો. એટલે સ્વાભાવિક રીતેજ યુવરાજનું પદ અશોકના બીજા પુત્ર મહેન્દ્રને ફાળે જતું હતું. પરિણામે કુણાલની અનુમતિપૂર્વક અશોકે મહેન્દ્રને મૌર્ય સિંહાસનના યુવરાજ તરીકે જાહેર કર્યો.

કુણાલની અંધતાના સમાચાર મળતાં અશોકને એવો તીવ્ર આઘાત થયેલો કે શરૂઆતમાં તો પત્રમાંની ભીષણ સૂચનાને તે પોતાની જ ભૂલનું પરિણામ માની બેઠો.

**તિષ્યરક્ષિતા સ્થાનભ્રષ્ટ**

પણ સહેજ શાંતિ વળતાં અને નિરીક્ષણ માટે ઉક્ત પત્ર પોતાને હાથ આવતાં તેને શંકા આવવા માંડી. પોતાને હાથે આવી ભૂલ થાય તે તેને અસંભવિત જણાયું. તેને એ સૂચનામાં કાવત્રાની ગંધ આવવા લાગી. એટલે તેણે ઊંડી તપાસ આદરી. તિષ્યરક્ષિતા પર તે એટલો મોહાંધ બનેલો હતો કે તેને તરત તેના પર શંકા ન ગઇ. પણ ધીમે ધીમે વિચાર કરતાં તે સાચી વસ્તુસ્થિતિ સમજતો ગયો. તરતજ તિષ્યરક્ષિતા પરથી તેનો રાગ ઉતરી ગયો. તેને તેણે પટરાણીપદેથી દૂર કરી કેદીની જેમ એકાંતવાસમાં રાખી.

કદંબની આ દશા અને કુણા

અશોક એટલો વ્યથિત બની ગયો હતો કે શાંતિ માટે તે મનોહર ધાર્મિક સ્થળોનાં

**અશોકની ધર્મયાત્રા**

પર્યટને જવા ઇચ્છતો હતો. પોતાની આ ઇચ્છા તેણે બૌદ્ધાચાર્યને દર્શાવી. બૌદ્ધાચાર્ય તો એટલું ઇચ્છતાજ હતા. તેમણે અશોક સમક્ષ બૌદ્ધ તીર્થસ્થળોની મહત્તા વર્ણવવા માંડી. અને ક્યાં ક્યાં તીર્થો જીર્ણોદ્ધારને પાત્ર છે તેનો અહેવાલ રજૂ કર્યો. અશોકે એ બધાં તીર્થોના સમારકામ માટે પ્રબંધ કર્યો અને પછી મહેન્દ્રને તેમજ મંત્રીમંડળને શાસન ભળાવી તે બૌદ્ધ તીર્થોની યાત્રાએ ઉપડયો.

સૌથી પ્રથમ તે લુંબિનીવનની યાત્રાએ ગયો. આ વન ભગવાન બુદ્ધના જન્મસ્થાનક તરીકે બૌદ્ધ સાહિત્યમાં ખૂબજ મશહૂર બનેલું છે. આ સ્થળે અશોકે એક વિરાટકાય સ્તૂપ ઊભો કરાવરાવ્યો અને અઢી લાખ તોલા સોનાનું દાન કર્યું.

ત્યાંથી તે બુદ્ધગયાના બોધિમૂલ–બોધિવૃક્ષની યાત્રાએ ગયો. એ વૃક્ષ ભગવાન બુદ્ધના જ્ઞાનપ્રાપ્તિ-સ્થાનક તરીકે મશહૂર બનેલું છે. એ સ્થળે પણ અશોકે દાન દીધું અને સ્તૂપ ઊભો કરાવરાવ્યો.

એજ પ્રમાણે બીજાં પણ દરેક બૌધ્ધ તીર્થ સ્થળોએ અશોક યાત્રાએ ગયો અને દરેક સ્થળે ઊચિત દાન દીધું અથવા સ્તૂપ બંધાવરાવ્યા.

એક સમયે અશોકે બૌદ્ધાચાર્યને બુદ્ધભગવાને કેટલાં ધર્મસૂત્રો પ્રરૂપ્યાં છે તે અંગે પ્રશ્ન કર્યો અને તેનો ઉત્તર ૮૪૦૦૦

**બૌદ્ધ સ્મારકો**

મળતાં અશોકે ૮૪૦૦૦ સ્તૂપો ચણાવવાનો નિશ્ચય કર્યો અને એ નિશ્ચયને તેણે અમલમાં પણ મૂકેલ. બૌદ્ધ સાહિત્યમાં નોંધાયું આ કથન એ કે રપ૮ રીતે અતિશયોક્તિ ભર્યું છે જ્યાં ફાહિયાન–હુએન્સાંગ તથા [illegible] મુસાફરોએ પણ તેવી નોંધ કરેલી છે ને [illegible] એમ માનવું [illegible] રહે છે કે અશોકે [illegible] સ્તૂપ બંધાવેલ હશે એમ ફાહિયાન અને હુએન્સાંગની નોંધ પરથી જણાય છે કે અશોકે બૌધ્ધ સ્મારકો તરીકે થોડાક સ્થંભ પણ ઊભા કરાવરાવેલ હશે. પણ તે સ્થંભોને આજે સમ્રાટ પ્રિયદર્શીના જે લેખયુક્ત સ્થંભો મળી આવે છે તેની સાથે કશોજ સંબંધ હોવાનો સંભવ નથી.

અશોક ધર્મયાત્રાએ જતો હતો એટલે મહેન્દ્રે રાજકાર્યની જવાબદારી સ્વીકારી લીધી, પરંતુ તેનું દિલ સંસાર પરથી ઊઠી

**મહેન્દ્ર–સંઘમિત્રાની દીક્ષા**

ગયું હતું. જે સિંહાસનને માટે પોતાની માતાએ યુવરાજ કુણાલનાં ચક્ષુ હર્યાં તે સિંહાસન તેને ઝેર સમાન થઇ પડ્યું. પોતાની માતાનું દુશ્ચરિત્ર ખુલ્લું થઇ ગયેલું હોય પોતાના નામને પણ તે કલંકિત ગણવા લાગ્યો. તિષ્યરક્ષિતાના પુત્ર તરીકે ઓળખાવા કરતાં બૌધ્ધ ભિક્ષુક તરીકે ઓળખાવું તેને વધુ યોગ્ય જણાવા લાગ્યું. એટલે તેણે બનતી ઝડપે બૌધ્ધ દીક્ષા સ્વીકારવાનો નિર્ણય કર્યો. તેની બહેન સંઘમિત્રાએ પણ તેને આ કાર્યમાં સાથ આપવાની ઇચ્છા દર્શાવતાં મહેન્દ્રનો ઉત્સાહ વધારે તીવ્ર બન્યો અને માતાના ઓચરિત્રથી દીક્ષાપાત્ર બનેલાં એ ભાઇ બહેને ભિક્ષુક બનીને મગધ સામ્રાજ્યથી અતિ દુર ચાલ્યા જવાનો નિશ્ચય કર્યો.

અશોક ધર્મયાત્રાએથી પાછો ફરતાંજ મહેન્દ્ર-સંઘમિત્રાએ તેની સમક્ષ પોતાની ઇચ્છા ખુલ્લી કરી. મગધસામ્રાજ્યનો યુવરાજ આ રીતે ભિક્ષુક બની જાય તે અશોકને મનથી ઠીક ન રુચ્યું પરંતુ ભાઇ–બહેનની મનોદશા તે સારી રીતે સમજી શકયો. કુણાલનાં ચક્ષુ તિષ્યરક્ષિતાના કાવત્રાથી હણાયાં હતાં તે તો હવે સમસ્ત જનતાની જેમ અશોક પણ માનતો થયો હતો પરંતુ તિષ્યરક્ષિતાએ કુણાલ પર પ્રેમની ભિક્ષા માગી હતી અને બૌદ્ધાચાર્ય સાથે તે અપવિત્ર સંબંધ ધરાવતી હતી તે વાત પણ પુરવાર થતી ગઈ હતી. [illegible] માતાના નામ સાથે સામ્રાજ્યને નિષ્કલંક કરવા મહેન્દ્ર–સંઘમિત્રા ભિક્ષુ બનીને દૂર ચાલ્યા જાય તે અશોકને પણ [illegible] જણાયું. [illegible]

મહેન્દ્ર-સંઘમિત્રાને દીક્ષા સ્વીકારવાની અનુમતિ આપી. મહેન્દ્ર-સંઘમિત્રાએ વિદિશા જઈ, ત્યાં રહેતી કુણાલની માતા દેવીને* વંદન કરી લંકા જવાની ઇચ્છા દર્શાવી. અશોકે તેમને તે પ્રકારની મુસાફરી માટે વ્યવસ્થા કરી આપી અને લંકામાં મહેન્દ્ર-સંઘમિત્રાનું યોગ્ય માન જાળવવા અંગે લંકાપતિ પર પત્ર લખ્યો.

જેમ મહેન્દ્ર-સંઘમિત્રાનું સંસાર પરથી મન ઊઠી ગયું હતું તેમ અશોક અને તેના ભાઇ તિષ્યને પણ સંસારમાં રસ નહોતો રહ્યો. તેમાં અશોક તો યોગ્ય વારસના હાથમાં

**તિષ્યની દીક્ષા**

સામ્રાજ્ય સોંપ્યા સિવાય નિવૃત્ત બની શકે તેમ નહોતું; પરંતુ તિષ્ય વર્ષો થયાં નિવૃત્તિ સેવી રહ્યો હતો અને ગૃધ્રકુટ પર્વતની ગુફામાં વસીને તે શાંતિ, ચિંતન અને તપશ્ચર્યામાંજ જીવન ગાળતો હતો. ભાઇના વધ અને તિષ્યરક્ષિતાનું સ્ત્રીચરિત્ર નિહાળી તેને સંસાર ઝેર સમો થઇ પડયો હતો. તેણે પણ અશોકની અનુમતિ પૂર્વક દીક્ષા સ્વીકારી.

આ રીતે અશોકને માટે સંસાર દાવાનળ સમો બની રહ્યો. તેણે તેનું કારણ શોધવાનો પ્રયત્ન કર્યો. પોતાના દુઃખના મૂળ તરીકે તેણે તિષ્યરક્ષિતાના સ્ત્રી-ચરિત્રને નિહાળ્યું ?

**બૌધ્ધ પરિષદ**

। એ સ્ત્રીચરિત્રને પ્રેરનાર કોણ ? ને તેની નજર ધ ભિક્ષુકો પર પહોંચી. બૌધ્ધ ભિક્ષુકોએ જ તેના ચારને પોષ્યો હતો, તેનામાં મહેન્દ્રને સિંહાસને ચડાવવાની મહત્ત્વાકાક્ષા ઉત્તેજી હતી, કુણાલને સ્થાન ભ્રષ્ટ બનાવવાની વૃત્તિ ખીલવી હતી; જો ત્યાગી સાધુવર્ગનું કર્તવ્ય સંસારમાં ઉન્માર્ગે વળેલાંને સન્માર્ગે દાખવવાનું લેખાય તે જ સાધુઓ જો ઉન્માર્ગને પોષે તો સંસાર સ્વાભાવિક રીતે જ દાવાનળ બની રહે. આ વસ્તુસ્થિતિને વિચારી અશોકે બૌધ્ધ ભિક્ષુક-સંઘને સુધારવાની પ્રવૃત્તિ હાથ ધરી.

આ કાર્યમાં તેણે યુવાન બૌધ્ધાચાર્યો પ્રત્યે ઉપેક્ષા દર્શાવી અને ૭૨ વર્ષની વયના બૌધ્ધ સ્થવિર મોગલીપુત્ર તિસ્સને પોતાના મુખ્ય સલાહકાર બનાવ્યા. તિસ્સે ત્રીશ વર્ષની વયે દીક્ષા સ્વીકારી હતી અને ૪૨ વર્ષ થયાં તે નિર્મળ ચારિત્રનું સેવન કરી રહ્યા હતા. બૌધ્ધ સંઘમાં તેમના પ્રત્યે પ્રશસ્ય આદરભાવ દર્શાવાતો હતો. તેમના સમક્ષ અશોકે પોતાનું હૃદય ખોલીને બૌધ્ધ ભિક્ષુકોને સુધારવાની વાત મૂકી.

અશોકની જેમ મોગલીપુત્ર તિસ્સ પણ બૌદ્ધાચાર્યોની તેમજ બૌદ્ધ ભિક્ષુકોની શિથિલ દશાથી માહિતગાર હતા. તેઓ વર્ષો થયાં એ દશાને સુધારવાની અને ભારતભરમાં બૌધ્ધ ધર્મનો ફેલાવો કરવાની, અને બને તો જગત સમસ્તને એ ધર્મ પ્રત્યે વાળવાની ભાવના સેવી રહ્યા હતા. અશોકે તેમની આ ભાવનાને ફળિ-ભૂત કરવાને પોતાનાથી બનતું બધું જ કરવાની તત્પરતા દાખવી. પરિણામે મોગલીપુત્રે પાટલીપુત્રમાં બૌધ્ધ પરિષદ આમંત્રવાની યોજના ઘડી.

અત્યારલગી આવી બે બૌદ્ધ પરિષદો ભરાઇ ચૂકી હતી. એક ભગવાન બુધ્ધના પરિનિર્વાણ પછી તરત જ બૌદ્ધ સંઘની વ્યવસ્થાને માટે ભરાયલી અને બીજી બુદ્ધ સંવત ૧૦૦ માં બૌદ્ધ સંઘની પુનર્વ્યવસ્થાને માટે મગધપતિ કાલાશોકના આશ્રયે ભરાયલી. મોગલીપુત્ર તિસ્સે હવે પોતાના પ્રમુખપદે અને મગધપતિ ચંડા-શોકના આશ્રયે બુધ્ધ સંવત ૨૩૫ માં અને ચંડાશોકના રાજ્યાભિષેકના સત્તરમા વર્ષે એવી જ ત્રીજી બૌદ્ધ પરિષદ ભરવાની આમંત્રણપત્રિકાઓ મોકલાવી.

બૌધ્ધ ઇતિહાસમાં આ પરિષદને ખૂબ જ મહત્ત્વ અપાયલું છે; કેમકે આ પરિષદમાં બૌદ્ધ ભિક્ષુકસંઘને સુધારીને સંઘની પુનર્વ્યવસ્થા કરવામાં આવી હતી, એટલું જ નહિ પરંતુ પરિષદની પૂર્ણાહુતિ વખતે સમસ્ત વિશ્વમાં બૌદ્ધ ધર્મનો ફેલાવો કરવાને ઠેર ઠેર બૌદ્ધ ભિક્ષુકો મોકલવાની યોજના પણ વિચારાણી હતી.

---

* એકમતે કુણાલની માતા આઠેક વર્ષ ઉપર મરણ પ હતી.

આ નિષ્ફળતાઓથી કંટાળીને સેલ્યુકસ હવે પોતાની સઘળી સેના અને લશ્કરી સામગ્રીથી સજ્જ બનીને હિંદ પર છેલ્લું આક્રમણ લઈ આવ્યો. આ વખતે તે એવી સજ્જડ તૈયારી કરીને આવ્યો હતો અને તેના વારંવારના હુમલાથી અશોક પણ એવો કંટાળી ગયો હતો કે આ વેળાએ સેલ્યુકસ ફરી ઊભો જ ન થઇ શકે એવો તેને સખત પરાજય આપવાને ખાતર તેણે જાતે જ તેની સામે જવાની તૈયારી કરવા માંડી. આ આક્રમણમાં અશોકની પશ્ચિમ સરહદ વીંધવામાં જો કે સેલ્યુકસને કેટલીક સફળતા સાંપડી પરંતુ જ્યારે તેણે એ હરોળ વીંધીને પંજાબમાં આગળ વધવા માંડયું ત્યારે એક બાજુએથી અશોક મૌર્યસામ્રાજ્યની વિશાળ સેના સાથે પોતાની સામે ધસી આવતો હોવાના અને બીજી બાજુએ પોતાની તેમજ સ્વ સેનાની ગેરહાજરીથી સીરિયામાં આંતરવિગ્રહ સળગ્યો હોવાના સમાચાર સેલ્યુકસને મળ્યા. સેલ્યુકસ ગૂંચવાઇ ગયો. જો તે અશોકની સામે સંગ્રામે ચડે તો તે સંગ્રામનો અંત આવતાં વર્ષો વીતી જાય. ઉપરાંત તે ગાળામાં તે સીરિયામાં ફરી મદદ મોકલાવી ન શકે. પરિણામે, ત્યાં પોતાનો કાબૂ જાળવી રાખવા માટે કશી સાધનસામગ્રી ન હોઇને તે ત્યાંનું સિંહાસન જ ગુમાવી બેસે. તેના છાંટા પોતાની સાથેના સૈન્ય પર ઊડતાં અહીં પણ વિદ્રોહનો ભય ઊભો થાય. અને જો અશોક પોતાના ધાર્યા કરતાં વધારે બળવાન નીકળે ને પોતાને સીરિયાથી વધુ લશ્કરી કે આર્થિક મદદ મંગાવવી પડે તો તેવી મદદ ત્યાંથી મળવાનો સંભવ પણ ઓછો રહેતો હતો. આ સંયોગોમાં અશોકની સાથે સંગ્રામનું જોખમ ખેડવું તે આગની ખાઇમાં કૂદવા જેવું હતું. બીજી બાજુ તે જો અશોકને યુદ્ધ આપ્યા વિના અલેક્ઝાંડરની જેમ ઝડપથી પાછો ફરી જાય તો આ વખતે અશોક તેનો પીછો પકડ્યા વિના રહે નહિ અને પોતાના હાથ [illegible] આ રીતે અલેક્ઝાંડર કરતાં [illegible] કરીને [illegible] સાથે [illegible] અને તે [illegible] અશોકની [illegible] [illegible] [illegible]

અશોકની અંતરેચ્છા તો આ વખતે સેલ્યુકસ સાથે મહાસંગ્રામ ખેલીને તેને સખ્ત પરાજય આપવાની હતી.

**સેલ્યુકસ સાથે સંધિ અને તેની પુત્રી એથેના સાથે અશોકનું પાણીગ્રહણ**

પરંતુ એક તો ભારતીય રાજનીતિશાસ્ત્રને અનુસાર દુશ્મનનૃપતિ સુલેહની માગણી કરતો આવે તો તેનો ઇન્કાર ન કરી શકાય અને બીજું તેના કુટુંબમાં અશાંતિની આગ જળતી હતી તથા બૌદ્ધ ધર્મના પ્રચારની ધૂનથી સામ્રાજ્યમાં ઠેર ઠેર પ્રગટેલા ધાર્મિક કલહો હજી ઓલવાયા નહોતા. એટલે અશોકની હાજરી સંગ્રામમાં જેટલી કીર્તિદાયક નીવડવાનો સંભવ હતો એટલી જ પાટનગરમાં તેની હાજરી આવશ્યક પણ હતી. તેથી સેલ્યુકસના સુલેહના દૂતનો તેને સત્કાર કર્યો. સેલ્યુકસ અશોકની સાથે સંગ્રામ ખેલ્યા વિના જ એક અર્ધપરાજિત નૃપતિ તરીક સમાધાન કરવાને તત્પર બની ગયો હતો, એટલે અશોકને તો વગર જોખમે જ કીર્તિ મળતી હતી. પરિણામે સુલેહની શરતો ઝડપથી નક્કી થઇ ગઇ. સેલ્યુકસે અશોકને હિંદમાંના બધા ગ્રીક પ્રદેશો સોંપી દીધા અને વધારામાં પોતાની પુત્રી એથેના તેને પરણાવી. બદલામાં અશોકે સેલ્યુકસના માનને ખાતર તેને પાંચસો હાથી ભેટ આપ્યા. આ રીતે ઇ. સ. પૂ. ૩૦૪ માં સમાધાન કરી સેલ્યુકસ સીરિયાનો પ્રશ્ન પતાવવા ઝડપથી પાછો ફરી ગયો. પોતાની પુત્રીના માનમરતબાને ખાતર તે અશોકના દરબારમાં મેગેસ્થીનીસ નામે એક એલચીને મૂકતો ગયો.

એથેના સાથેનું અશોકનું લગ્ન ભારતીય રાજકારણમાં ખૂબ જ ચર્ચાનો વિષય થઇ પડયું કેમકે હજી સુધી કોઇ પણ ભારતીય સમ્રાટે પરદેશી રાજકન્યાઓ સાથે લગ્ન કર્યાં નહોતાં. ભારતના ધર્મશાસ્ત્રો, અર્થશાસ્ત્રો અને રાજનીતિશાસ્ત્રો તથા કૌ.નું સાપેક્ષતાના [illegible] [illegible] અર્થશાસ્ત્ર પણ [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

સાથેના લગ્નને માન્ય રાખ્યું અને તેને પ્રસંગાનુસાર અશોકની ભિક્ષુણી બનેલી પુત્રી સંઘમિત્રાને મળતું જ 'અસંઘિમિત્રા' એવું નામ આપ્યું. બૌદ્ધ સાહિત્યમાં એથેના એ જ નામે ઓળખાઇ છે.

સેલ્યુકસે અશોકના દરબારમાં મૂકેલો એલચી મેગેસ્થીનીસ એક સમર્થ વિદ્વાન, સૂક્ષ્મ નિરીક્ષક અને શાંત પ્રકૃતિનો પુરુષ હતો.

**મેગસ્થીનીસની નોંધ અને પાશ્ચાત્ય જગતમાં ચંડાશોકને સેન્ડ્રેકોટસના નામે મળેલી ખ્યાતિ**

તે સેલ્યુકસની કન્યાનો માન-મરતબો જાળવવાને અને તેને વિદેશી વાતાવરણમાં એકલતા ન લાગે તેટલા ખાતર અને સાથોસાથ મૌર્ય સમ્રાટ સાથેની ...ત્રતાના સૂચક પ્રતિનિધિ તરીકે નીમાયો હતો. પરંતુ ...તાની એ ફરજો બજાવવા ઉપરાંત તેણે તત્કાલીન ...રતીય પરિસ્થિતિ અંગે એક નોંધ પણ લખેલી, જેના ...ાંક અવશેષો આજે પણ મળી આવે છે.

મેગેસ્થીનીસ પોતાની નોંધમાં મગધને 'પ્રાસી'ના નામે, પાટલીપુત્રને 'પાલીબ્રોથા'ના નામે અને નૃપતિ ચન્ડાશોકને 'સેન્ડ્રેકોટસ'ના નામે ઓળખાવે છે.

પાટલીપુત્રનું વર્ણન કરતાં મેગેસ્થીનીસ જણાવે છે કે, 'તે નગર સવાનવ માઇલ લાંબુ અને પોણા બે માઇલ પહોળું હતું. તેની આસપાસ લાકડાની ભવ્ય દિવાલ ચણાયલી હતી અને તીરો ફેંકવાને તે દિવાલમાં માટે કાણાં પાડેલાં હતાં. તે દીવાલની આસપાસ ગામના ...ાળકુવાનું પાણી ઠાલવવાને માટે તેમજ પ્રાસંગિક ...વને માટે એક ઊંડી ખાઈ ખોદાયલી હતી. ...ઇ ૬૦૦ ફીટ પહોળી અને ૪૫ ફીટ ઊંડી હતી. ...ર ૫૭૦ બૂરજ હતા, અને નગરને ૬૪ ...'

...ન કરતાં મેગેસ્થીનીસ જણાવે છે ...નિઓ પોતાના ગુરુઓ તરીકે ...ટસ તે માન શ્રમણો ...ો તેના પ્રત્યે

ખીજાયલા રહે છે. તે શિકારે જાય છે ત્યારે સાથે મોટો રસાલો હોય છે. દરરાત્રે તે પોતાનું નિવાસસ્થાન બદલતો રહે છે. તે પોતાને 'પાટલીપુત્રપતિ'ના નામે પણ ઓળખાવે છે.

જુદાં જુદાં રાજ્યનાં લશ્કરી બળો અને હિંદની રાજકીય, સામાજીક, ભૌગોલિક, તેમજ રોમાંચક પરિસ્થિતિ વર્ણવતાં મેગેસ્થીનીસ જણાવે છે કે– 'પ્રાસી (મગધ) રાજ્ય પાસે છ લાખ પાયદળ, ત્રીસ હજાર ઘોડેસ્વાર ને નવ હજાર હાથીઓનું સૈન્ય છે. એન્ડરે (આંધ્ર) રાજ્ય પાસે એક લાખ પાયદળ, બે હજાર ઘોડેસ્વાર ને એક હજાર હાથીનું સૈન્ય છે તથા તે રાજ્યમાં ત્રીશ કિલ્લેબંધ નગરો ને સંખ્યાબંધ ગામડાં આવેલાં છે. કલિંગ પાસે સાઠ હજારનું પાયદળ, એક હજાર ઘોડેસ્વાર ને સાતસો હાથીનું સૈન્ય છે. ઓટોમેલા (વલ્લભી–ચોલા ?) રાજ્ય પાસે દોઢ લાખ પાયદળ, પાંચ હજાર ઘોડેસ્વાર ને સોળસો હાથીનું સૈન્ય છે. પાંડ્ય પાસે દોઢ લાખ પાયદળ ને પાંચસો હાથીનું સૈન્ય છે. આ રાજ્યમાં ૩૦૦ કિલ્લેબંધ નગરો આવેલાં છે અને રાજ્યનો કારભાર સ્ત્રીઓને હસ્તક છે........હિંદમાં દાદે પ્રદેશમાં સોનું વધારે પાકે છે અને સાત પ્રદેશમાં ચાંદી પુષ્કળ પેદા થાય છે....હિંદમાં ગુલામીની પ્રથા નથી......હિંદમાં કેટલેક સ્થળે એવા સાપ પેદા થાય છે કે જે આખલાને ગળી જાય છે......વગેરે.'

હિંદના મુખ્ય ધર્મો તરીકે મેગેસ્થીનીસ બ્રાહ્મણ, જૈન અને બૌદ્ધ એ ત્રણ ધર્મને જણાવે છે અને હિંદી પ્રજા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્ર એ ચાર વર્ગમાં વ્હેંચાયલી હતી તેને બદલે તેને આ પ્રજા, તત્ત્વજ્ઞાનીઓ, ખેડુતો, કલાકારો, ક્ષત્રિયો, નિરીક્ષકો અને રાજપ્રકરણી તથા ન્યાયવિષયક સલાહકારો એમ સાત વિભાગમાં વહેંચાયલી હોવાનું જણાવે છે.

મેગેસ્થીનીસની પોતાની લખેલી અખંડ નોંધ તો આજે જો કે સાંપડતી નથી, પરંતુ પ્રાચીન લેખકોએ તેની નોંધમાંથી જે અવતરણો લીધેલાં તેના આધારે મેગેસ્થીનીસની નોંધનાં કેટલાંક પૃષ્ઠો વ્યવસ્થિત કરવામાં

## ભિક્ષુકસંઘની સુધારણા

અનાચારી બૌદ્ધ ભિક્ષુકવર્ગે શરૂઆતમાં તો આ પદ પ્રત્યે ખૂબ જ ઊહાપોહ ઉઠાવ્યો. આચારશિથિલ બૌધ્ધાચાર્યોએ તેમને ઉત્તેજન આપ્યું. પરંતુ અશોક તેમજ મોગલીપુત્ર ખૂબ જ કડક હાથે કામ લેવા માંડ્યું. ભિક્ષુકોના આચારનું જેઓ સંપૂર્ણ પાલન ન કરી શકે તેમને સંઘ બહાર મૂકવાનો ઠરાવ કરવામાં આવ્યો. એ ઠરાવનો તરત અમલ થયો. અને અશોકના રાજદંડથી ડરેલા હજારો અનાચારી બૌદ્ધ ભિક્ષુકોને સંઘમાંથી બહાર નીકળવું પડ્યું.

## બૌધ્ધ ધર્મનો પ્રચાર

આ રીતે ભિક્ષુકસંઘને સુધારીને બીજું કાર્ય વિશ્વના જુદા જુદા વિભાગોમાં બૌદ્ધ ધર્મના પ્રચારને માટે બૌદ્ધાચાર્યોને વિદેશમાં મોકલવાનું હાથ ધરવામાં આવ્યું. તે અનુસાર કાર્તિક માસમાં કાશ્મીર, ગાંધાર, મહિષમંડલ (મ્હૈસુર), વનવાસ, અપરાન્તક, ચોન, મહારઠ ( મહારાષ્ટ્ર ), હિમવન્ત (હિમાલય), સુવર્ણભૂમિ (પેગુ-મુલમીન), લંકા ઇત્યાદિ સ્થળે ધર્મપ્રચારાર્થે મશહૂર બૌદ્ધ થેરાઓ મોકલવામાં આવ્યા. તેમાંથી લંકાની જવાબદારી મહેન્દ્ર-સંઘમિત્રાને માથે મૂકવામાં આવી. તે બન્ને વિદિશામાં કુણાલની માતા દેવીને* વંદન કરીને, પોતાની માતાના દેતો માટે તેની ક્ષમા માગીને, એ જ અરસામાં લંકા જઈ પહોંચ્યાં હતાં. એટલે તેમણે હર્ષપૂર્વક પોતાની જવાબદારી સ્વીકારી લીધી.

## લંકાધિપનો અશોકનો વિશિષ્ટ સંબંધ

મહેન્દ્ર-સંઘમિત્રા જ્યારે લંકા જઈ પહોંચ્યાં ત્યારે શિલોનપતિ મુટાશિવ અવસાન પામી ચૂક્યો હતો અને વર્તમાન વારસના અભાવે સિંહાસનનો પ્રશ્ન ચાલતો હતો. એ પ્રશ્ને ભારતપતિનાં પુત્ર-પુત્રી લંકા આવતાં સિંહાસનના ભિન્ન ભિન્ન હક્કદારોએ તેમની સાથે સંપર્ક કેળવવા માંડ્યો. તેવા હક્કદારોમાં તિસ્સ નામે રાજકુમાર બૌદ્ધ ધર્મ પ્રત્યે વિશેષ ભક્તિભાવ ધરાવતો હતો એટલે મહેન્દ્ર-સંઘમિત્રાને તે વધુ રુચિ ગયો. તેમણે તિસ્સને સિંહાસનની પ્રાપ્તિમાં અશોકના સહકારનું વચન આપ્યું અને બદલામાં તિસ્સે લંકાને બૌદ્ધ ધર્મનું કીર્તિમંદિર બનાવવાની ઉમેદ દર્શાવી. મહેન્દ્ર-સંઘમિત્રાએ એ ઉમેદમાં લંકામાં ધર્મવિજય સાધવાની પોતાની ભાવનાની સિદ્ધિનાં બીજ નિહાળ્યાં. તેમણે બૌદ્ધ સંઘ તેમજ મૌર્ય સમ્રાટનાં પ્રતિનિધિ તરીકે તિસ્સનો પક્ષ લીધો. પરિણામે તિસ્સને માટે સિંહાસનનો માર્ગ વધુ મોકળો બન્યો, ને અન્ય પક્ષો નબળા પડવા માંડ્યા. એ સંયોગનો લાભ લઈ તિસ્સે પોતાને લંકાપતિ તરીકે જાહેર કર્યો અને ઈ. સ. પૂ. ૩૦૭ માં દેવાનાંપ્રિયના ઇલકાબ સાથે પોતાનો ભવ્ય રાજ્યાભિષેક ઉજવવાની તૈયારી કરવા માંડી.

બૌદ્ધ સાહિત્યમાં આ રાજ્યાભિષેકને ખૂબ જ મહત્ત્વ અપાયલું છે. કેમકે તેમાં બૌદ્ધ સંઘનાં મહાન ભિક્ષુક-ભિક્ષુણી મહેન્દ્ર-સંઘમિત્રાએ અને બૌદ્ધ સમ્રાટ અશોકે મહત્ત્વનો હિસ્સો નોંધાવેલો છે અને તે રાજ્યાભિષેક પ્રસંગે બુદ્ધગયાના બોધિવૃક્ષની એક ડાળ લંકા મોકલવામાં આવેલી, જેનું ત્યાં દૈવી સન્માન થયું ને રાજ્યાભિષેક પ્રસંગે તેનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું, જેમાંથી સમય જતાં લંકાનું બોધિવૃક્ષ ફાલી નીકળ્યું. અશોકે આ રાજ્યાભિષેક પ્રસંગે બોધિડાળની સાથોસાથ પોતાનો ખાસ પ્રતિનિધિ મોકલ્યો અને તેની મારફત શુભેચ્છાનો અને મિત્રતાનો સંદેશ મોકલાવ્યો. આ રીતે લંકાપતિ અશોકનો મિત્ર બની દેવાનાંપ્રિય તિસ્સના નામે ઇતિહાસમશહૂર બન્યો. અને અશોકના ધર્મપ્રચારને લંકામાં શરૂઆતમાં જ રાજ્યાશ્રય મળી જવાથી તે દેશમાં બુદ્ધ-ધર્મનાં ઊંડાં મૂળ રોપાયાં. મહેન્દ્ર-સંઘમિત્રાએ એ મૂળને વિકસાવીને ત્યાં દેવ્યા... મહત્ત્વનો હિસ્સો નોંધાવ્યો. ...અંતર બનાવામાં ... સિંહાસનની પ્રાપ્તિને ... દેવાનાંપ્રિય તિસ્સે ... રાજદરબારમાં ...

---

* કુણાલની માતા

મૈત્રી હંમેશાં મુરબ્બીવટમાં પરિણમે છે તે તે વીસરી ગયો. એ મૈત્રીના પરિણામે લંકા મૌર્ય સામ્રાજ્યના આડકતરા પ્રભુત્વ નીચે મૂકાયું. અશોકે તો, જો કે લંકા એ પોતાના ધર્મવિજયનું કેન્દ્ર હોઈને તેમજ લંકાપતિને પોતે મિત્ર તરીકે સન્માનેલ હોઈને તે દેશ પર સીધું આક્રમણ ન કર્યું પણ આ મૈત્રીએ ભાવિ મૌર્ય સમ્રાટોને માટે લંકા પર વિજયપ્રાપ્તિનો માર્ગ મોકળો બનાવ્યો.

લંકામાં મળેલા ધર્મવિજયે અશોકને અન્ય સ્થળોએ પણ એવોજ ધર્મવિજય મેળવવાને માટે ઉત્તેજ્યો. પણ

### બૌદ્ધેતર ધર્મો સામેની અશોકની કડકાઇ

સર્વત્ર લંકા જેવી સાનુકૂળ પરિસ્થિતિ નહોતી. લંકામાં અન્ય ધર્મોએ હજી ઊંડા મૂળ નહોતાં રોપ્યાં એટલે રાજકીય સહાયના પરિણામે બૌદ્ધ ધર્મને ત્યાં સહેજે પ્રભુત્વ સાંપડી ગયું. પરંતુ ભારતના બીજા ભાગોમાં તો જૈન, વૈદિક, આજીવિક વગેરે ધર્મો સૈકાઓ થયાં પ્રભુત્વ મેળવી ચૂક્યા હતા. એટલે એવા પ્રદેશોમાં પણ જ્યારે બૌદ્ધ થેરાઓએ રાજકીય આશ્રયના બળે બળજબરીપૂર્વક બૌદ્ધ ધર્મને ખીલવવાના પ્રયત્નો આદર્યા ત્યારે અન્ય ધર્માનુયાયીઓએ તેનો સામનો કર્યો અને તેમાં આજીવિકોએ અગ્ર ફાળો નોંધાવ્યો.

પુન્ડ્રવર્ધન નગરમાં જૈન તેમજ આજીવિક સંપ્રદાય અતિ જોરમાં હતા. તેમણે તે પ્રદેશમાં બૌદ્ધ ધર્મને પ્રવેશતો અટકાવવા તે ધર્મની હલકાઈઓ વર્ણવવા માંડી અને જિનપ્રતિમાના ચરણમાં બુદ્ધમૂર્તિ આંકવા માંડી. અશોકને આ સમાચાર મળતાં તે ખૂબજ ખીજાઈ ગયો. તેમાં જૈનોનો તો મૌર્ય સામ્રાજ્યની સ્થાપના અને તેની ખીલવણીમાં મહત્ત્વનો હિસ્સો હતો તેમજ તેમનું પ્રભુત્વ ભારતભરમાં સ્થપાઈ ચૂકેલું હતું એટલે તેમને તો અશોક કંઈ કરી શકે તેમ નહોતો પરંતુ આજીવિકોને કડક પાઠ ભણાવવાનો તેણે નિર્ણય કર્યો. પુન્ડ્રવર્ધનમાં જે જે આજીવિકોએ બૌદ્ધ ધર્મનું કે બુદ્ધમૂર્તિનું અપમાન કરવામાં સીધો કે આડકતરો ફાળો નોંધાવ્યો હતો તે સર્વને તેણે મોતની સજા કરી. બૌદ્ધ લેખકોના જણાવ્યા અનુસાર આ પ્રસંગે પુન્ડ્રવર્ધનના ૧૮૦૦૦ આજીવિકોની કતલ થઈ હતી.

અશોકે આશા રાખી હતી કે પુન્ડ્રવર્ધનમાં પોતે જો સખત હાથે કામ લેશે તો ભારતભરમાં તેની અસર થશે, આજીવિકો કચરાઈ જશે અને જૈનો તેમજ વૈદિકો પણ ડરતા રહેશે. પરંતુ પુન્ડ્રવર્ધનની કતલની અશોકે ધારી હતી તેનાથી ઉલટી જ અસર થઈ. જૈન તેમજ વૈદિક ધર્માનુયાયીઓએ બૌદ્ધ ધર્મ સામેનો પોતાનો વિરોધ કાયમ રાખ્યો અને પાટલીપુત્રના આજીવીકોએ તો પુન્ડ્રવર્ધનની કતલના વિરોધમાં બુદ્ધમૂર્તિનું અપમાન કર્યું. પરિણામે અતિ ખીજવાયલા અશોકે પાટલીપુત્રના સઘળા આજીવિકોની કતલ કરાવી નાંખી અને કોઈ એક આજીવિકનું માથું લાવનારને માટે એકેક દીનારનું ઇનામ જાહેર કર્યું. આ પગલાના પરિણામે ભયંકર કત્લગીરી ચાલી અને તેમાં આજીવિક સંપ્રદાય કચરાઈ ગયો. પરંતુ જૈન તેમજ વૈદિક ધર્મની એ દશા કરવાનું અશોકમાં સામર્થ્ય ન હોઈને તે ધર્મના અનુયાયીઓએ બૌદ્ધ ધર્મને ઉથલાવી પાડવામાં મહત્ત્વનો ફાળો નોંધાવ્યો.

### સેલ્યુકસ સાથે સંગ્રામ

અશોક આ રીતે જ્યારે મગધમાં કૌટુમ્બિક તેમજ ધાર્મિક પ્રશ્નોમાં સંડોવાઈ ગયો હતો ત્યારે સીરિયાનો ગ્રીક નૃપતિ અને અલેકઝાંડરનો સેનાધિપતિ સેલ્યુકસ નિકેટોર ભારતમાંના ગ્રીક પ્રદેશોને પાછા મેળવવાને અને અશોકને હાથે નમી ચૂકેલા ગ્રીક કીર્તિધ્વજની પુનઃ સ્થાપનાને માટે હિંદની પશ્ચિમ સરહદ પર વારંવાર હુમલા કરી રહ્યો હતો. આ રીતે ઈ. સ. પૂ. ૩૧૬ થી ઈ. સ. પૂ. ૩૦૫ ના ગાળામાં તેણે ૧૧ થી ૧૮ લગભગ હુમલા કર્યા પણ એકેમાં તેને જોઈતો વિજય ન સાંપડ્યો. અશોકે પશ્ચિમ સરહદને એવી સુરક્ષિત બનાવી હતી કે ખડકની સાથે અથડાઈને સાગરનાં પાણી પાછાં ફરે એમ ગ્રીક સેનાઓ અશોકની રક્ષણહરોળો ભેદવામાં નિષ્ફળ નીવડીને પાછી ફરતી હતી.

...ા નિષ્ફળતાઓથી કંટાળીને સેલ્યુકસ હવે પોતાની ... સેના અને લશ્કરી સામગ્રીથી સજ્જ બનીને ... પર છેલ્લું આક્રમણ લઈ આવ્યો. આ વખતે ...વી સજ્જડ તૈયારી કરીને આવ્યો હતો અને તેના ...વારના હુમલાથી અશોક પણ એવો કંટાળી ગયો ...ા કે આ વેળાએ સેલ્યુકસ ફરી ઊભો જ ન થઈ શકે ...વો તેને સખત પરાજય આપવાને ખાતર તેણે ...જાતે જ તેની સામે જવાની તૈયારી કરવા માંડી. આ આક્રમણમાં અશોકની પશ્ચિમ સરહદ વીંધવામાં જો કે સેલ્યુકસને કેટલીક સફળતા સાંપડી પરંતુ જ્યારે તેણે એ હરોળ વીંધીને પંજાબમાં આગળ વધવા માંડ્યું ત્યારે એક બાજુએથી અશોક મૌર્યસામ્રાજ્યની વિશાળ સેના સાથે પોતાની સામે ધસી આવતો હોવાના અને બીજી બાજુએ પોતાની તેમજ સ્વ સેનાની ગેરહાજરીથી સીરિયામાં આંતરવિગ્રહ સળગ્યો હોવાના સમાચાર સેલ્યુ-કસને મળ્યા. સેલ્યુકસ ગૂંચવાઈ ગયો. જો તે અશોકની સામે સંગ્રામે ચડે તો તે સંગ્રામનો અંત આવતાં વર્ષો વીતી જાય. ઉપરાંત તે ગાળામાં તે સીરિયામાં કશી મદદ મોકલાવી ન શકે. પરિણામે, ત્યાં પોતાનો કાબૂ જાળવી રાખવા માટે કશી સાધનસામગ્રી ન હોઈને તે ત્યાંનું સિંહાસન જ ગુમાવી બેસે. તેના છાંટા પોતાની સાથેના સૈન્ય પર ઊડતાં અહીં પણ વિદ્રોહનો ભય ઊભો થાય. અને જો અશોક પોતાના ધાર્યા કરતાં વધારે બળવાન નીકળે ને પોતાને સીરિયાથી વધુ લશ્કરી કે અધિક મદદ મંગાવવી પડે તો તેવી મદદ ત્યાંથી મળવાનો સંભવ ઘણો ઓછો રહેતો હતો. આ સંજોગોમાં અશોકની સાથે સંગ્રામનું જોખમ ખેડવું તે આગની ખાઈમાં કૂદવા જેવું હતું. બીજી બાજુ તે જો અશોકને યુદ્ધ આપ્યા વિના અલેકઝાંડરની જેમ પાછો ફરી જાય તો આ વખતે અશોક તેનો પીછો પકડ્યા વિના રહે નહિ અને પોતાના હાથ [illegible] વિના રહે નહિ [illegible]. આ રીતે [illegible] કરતાં [illegible] સેલ્યુકસે અશોક સાથે [illegible] કરીને [illegible] અશોકની [illegible]

અશોકની અંતરેચ્છા તો આ વખતે સેલ્યુકસ સાથે મહાસંગ્રામ ખેલીને તેને સખ્ત પરાજય આપવાની હતી.

**સેલ્યુકસ સાથે સંધિ અને તેની પુત્રી એથેના સાથે અશોકનું પાણીગ્રહણ**

પરંતુ એક તો ભારતીય રાજનીતિશાસ્ત્રને અનુસાર દુશ્મનનૃપતિ સુલેહની માગણી કરતો આવે તો તેનો ઇન્કાર ન કરી શકાય અને બીજું તેના કુટુંબમાં અશાંતિની આગ જળતી હતી તથા બૌદ્ધ ધર્મના પ્રચારની ધૂનથી સામ્રાજ્યમાં ઠેર ઠેર પ્રગટેલા ધાર્મિક કલહો હજી ઓલવાયા નહોતા. એટલે અશોકની હાજરી સંગ્રા-મમાં જેટલી કીર્તિદાયક નીવડવાનો સંભવ હતો એટલી જ પાટનગરમાં તેની હાજરી આવશ્યક પણ હતી. તેથી સેલ્યુકસના સુલેહના દૂતનો તેણે સત્કાર કર્યો. સેલ્યુકસ અશોકની સાથે સંગ્રામ ખેલ્યા વિના જ એક અર્ધપરા-જિત નૃપતિ તરીકે સમાધાન કરવાને તત્પર બની ગયો હતો, એટલે અશોકને તો વગર જોખમે જ કીર્તિ મળતી હતી. પરિણામે સુલેહની શરતો ઝડપથી નક્કી થઈ ગઈ. સેલ્યુકસે અશોકને હિંદમાંના બધા ગ્રીક પ્રદેશો સોંપી દીધા અને વધારામાં પોતાની પુત્રી એથેના તેને પરણાવી. બદલામાં અશોકે સેલ્યુકસના માનને ખાતર તેને થોડાક હાથી ભેટ આપ્યા. આ રીતે ઇ. સ. પૂ. ૩૦૪ માં સમાધાન કરી સેલ્યુકસ સીરિયાનો પ્રશ્ન પતાવવા ઝડપથી પાછો ફરી ગયો. પોતાની પુત્રીના માનમરતબાને ખાતર તે અશોકના દરબારમાં મેગેસ્થીનીસ નામે એક એલચીને મૂકતો ગયો.

એથેના સાથેનું અશોકનું લગ્ન ભારતીય રાજકારણ-માં ખૂબ જ ચર્ચાનો વિષય થઈ પડ્યું કેમકે હજી સુધી કોઈ પણ ભારતીય સમ્રાટે પરદેશી રાજકન્યાઓ સાથે લગ્ન કર્યાં નહોતાં. ભારતના ધર્મશાસ્ત્રો, અર્થશાસ્ત્રો અને રાજનીતિશાસ્ત્રો તથા મૌર્ય સામ્રાજ્યના સ્થાપક [illegible] અર્થશાસ્ત્ર પણ આવા [illegible] સાથે પ્રતિબંધ મૂકતું હતું. પરંતુ [illegible] કરવા [illegible] પ્રતિબંધ નહોતો એટલે [illegible]



# તૃતીય પરિચ્છેદ

સાર—

## કાકિણી

આ પરિચ્છેદમાં—અંધ બનેલા કુણાલની મનોવ્યથા; અશોકે તેને માટે કરેલી વ્યવસ્થા; તેની માતા અને ધાવમાતાનું તેના પ્રત્યેનું વાત્સલ્ય; કુણાલે જ્ઞાન અને કલા પ્રત્યે વાળેલું મન; સંગીત પર તેણે મેળવેલું પ્રભુત્વ; માતા અને ધાવમાતાના આગ્રહથી તેણે કંચનમાળા નામે રાજકન્યા સાથે કરેલાં લગ્ન; કંચનમાળાનું વિશુદ્ધ શીલ ને તેની અપૂર્વ પતિભક્તિ; સમય જતાં પુત્રજન્મ; તેને માતાએ બક્ષેલું પ્રિયદર્શી નામ; તેજસ્વી પુત્રને નિહાળતાં માતાના દિલમાં પ્રગટેલી મહેચ્છા; તેણે કુણાલને રાજ્યપ્રાપ્તિ માટે કરેલી પ્રેરણા; કુણાલનું પાટલીપુત્ર પ્રતિ પ્રયાણ; તેણે અંધ ગવૈયા તરીકે નગરપ્રજાને સંગીતથી વશ કરવી; અશોકને કાને પહોંચેલી તેની કીર્તિ; તેણે તેનું સંગીત સાંભળી, તેનાથી મોહ પામી વરદાન માગવાનું કહેવું; કુણાલે કાકિણી (રાજ્ય-રત્ન)ની કરેલી માગણી; અશોકે પૂછેલો તેનો ખુલાસો; ખૂલેલો ભેદ; અશોકનું પુત્રને ભેટી પડવું; તેણે રાજ્ય માગવાનું પૂછેલું કારણ; કુણાલે તેને પોતાને ત્યાં થયેલા પુત્રજન્મની હકીકત કહેવી; અશોકે પુત્ર ક્યારે જન્મ્યાનું પૂછતાં કુણાલે 'સંપ્રતિ' (હમણાં) એવો ઉત્તર આપવો; પરિણામે તે પુત્ર સંપ્રતિના નામે પણ ઓળખાયો; અશોકે તરત જ તેને પોતાના યુવરાજ તરીકે જાહેર કરી ઉજ્જયિનીથી પાટલીપુત્ર તેડાવ્યો; સંપ્રતિ-પ્રિયદર્શીનું ભવ્ય સ્વાગત; અશોકે તેનો રાજ્યાભિષેક ઉજવી સ્વીકારેલી નિવૃત્તિ અને તેનું અવસાન—આદિ હકીકતો સમાવવામાં આવેલી છે.

...નાનો પ્રભાવ પાથરવા માંડયો. એ રીતે તેણે સ્વદેશમાં અને પરદેશમાં કરેલા ધર્મ પ્રચારની અમર સ્મૃતિઓ સમા શિલાલેખો અને સ્તંભલેખો આજે પણ હયાત છે. એ લેખોમાં તેના ધર્મ પ્રચારનો પ્રતિહાસ મળી આવે છે એટલું જ નહિ, પણ તે લેખો સંપ્રતિના ધર્મનું ચોક્કસ સ્વરૂપ સમજવામાં, તેનો સમય ઠેરવવામાં અને તેનું વ્યક્તિત્વ સમજવામાં પણ અતીવ ઉપયોગી થઇ પડે છે.

શિલાલેખો અને તેના કોતરાવનાર

આ શિલાલેખો નથી સીધા[૧૪] સંપ્રતિના નામે કોતરાયા, તેમ નથી સ્પષ્ટ[૧૫] અશોકના નામે કોતરાયા. કોતરાવનાર રાજવીના નામ તરીકે તેમાં તો દેવાનાંપ્રિય પ્રિયદર્સિ એ બે શબ્દો મળી આવે છે. આજસુધીના મોટા ભાગના વિદ્વાનોએ એ શબ્દો અશોકના નામે ચડાવી દીધા છે પણ આપણે અત્યારસુધી પુરવાર કરી ગયા અને હજી પણ આ નામોના અન્યત્ર મળી આવતા ઉલ્લેખો, સમકાલિક રાજવીઓનો સમય, ધર્મનું સ્વરૂપ આદિ પ્રમાણોથી પુરવાર કરીશું કે એ નામ સંપ્રતિનું છે અને સઘળા લેખો પણ સંપ્રતિના છે.

નાગાર્જુન ગુફાના લેખમાં નૃપતિ દશરથે પોતાને દેવાનાંપ્રિયના પુત્ર અને ઉત્તરાધિકારી તરીકે ઓળખાવેલ છે.[૧૬] અને 'મત્સ્ય પુરાણ' એ દશરથને સંપ્રતિના પુત્ર તરીકે ઓળખાવે છે.[૧૭] આ પરથી સ્પષ્ટ થાય છે કે સાહિત્યકૃતિઓમાં સંપ્રતિના નામે મશહૂર બનેલા રાજવીએ શિલાલેખોમાં પોતાને માટે દેવાનાંપ્રિય અને પ્રિયદર્શિ નામો પસંદ કર્યાં છે.

તેરમા મુખ્ય શિલાલેખમાં પાંચ સમકાલિક યોનપતિઓનાં નામનો ઉલ્લેખ થયો છે [ તેમના સમય અને પરિચય માટે જુઓ 'કાલનિર્ણય'નું પ્રકરણ. ] ને પાંચે સંપ્રતિના સમકાલિક હોવાનું તો મશહૂર સંશોધક પણ કબૂલ રાખે છે.[૧૮] પરિણામે દેખીતી રીતે જ એ શિલાલેખોનો કોતરાવનાર સંપ્રતિ હોવાનું પુરવાર થાય છે.

કોઇ પણ સ્થળે શિલાલેખોમાં સંપ્રતિના નામનો સ્પષ્ટ ઉલ્લેખ નથી થયો, એટલે કેટલાક તો તેના અસ્તિત્વ વિષે પણ શંકા ધરાવે છે. પણ ખરી વાત એ છે કે શિલાલેખોમાં તો સંપ્રતિ 'દેવાનાંપ્રિય' અથવા 'પ્રિયદર્સિ,' અથવા તો 'દેવાનાંપ્રિય પ્રિયદર્સિ' ના નામે વ્યક્ત થયેલ છે. સંપ્રતિ એ તો સાહિત્યિક

---

ताहे तेण संपइणा उज्जेणीआई काउं दक्खिणावहो सव्वो तत्थ ठिण्ण वि अज्जावितो। कल्प चूर्णि

(૧૪) શિલાલેખોમાં સંપ્રતિના નામનો સીધો ઉલ્લેખ નથી થયો. પણ સર્વે શિલાલેખોમાં જ્યાં જ્યાં કંઇ સારા કામનો ઉલ્લેખ થયો હોય ત્યાં સંપ્રતિપ્રતિ અને ખરાબ કામનો ઉલ્લેખ થયો હોય ત્યાં અસંપ્રતિપ્રતિ શબ્દ વપરાયા છે. [ देवानंप्रियस प्रियदसिनो राञो धंमानुसस्टिया अनारंभो प्राणानं अविहीसा भूतानं ञातिनं संपटिपती ब्रह्मणसमणानं संपटिपती मातरि पितरि सुसुसा थैरसुसुसा ॥ अतिकातं अंतरं बहूनि वाससतानि वढितो एव प्राणारंभो विहिंसा च भूतानं ञातीसु असंप्रतिपती ब्राह्मणश्रमणानं असंप्रतिपती ] ते ખાસ સૂચક છે. [ વિશેષ માટે જુઓ મુખ્ય શિલાલેખો ]

(૧૫) 'મસ્કી'ના શિલાલેખમાં અશોક નામનો ઉલ્લેખ થયો છે. પણ તે શિલ્દ શિલાલેખ નો કોતરાવનાર અશોક કરતા કોઇ બીજો જ રાજવી છે એ મંતવ્યને પુષ્ટી આપે છે. કેમકે ત્યાં ... 'અશોકની અનુમતિથી મેં આમ કર્યું.' એ... અશોક શબ્દ ... આશયમાં વપરાયો છે. ( વિશેષ માટે જુઓ 'મસ્કી'નો ... શિલાલેખ અને તેનો અનુવાદ )

(૧૬) वहियका कुभा दपलथेन देवानंपियेना आनंत... अभिषितेना......

(૧૭) षड् त्रिंशत्तु समा राजा भविताऽशोक एव ... सप्ततिर्दश वर्षाणि तस्य नप्ता भविष्यति ॥ ... राजा दशरथोऽष्टौ तु तस्य पुत्रो भविष्यति ...

—मत्स्यपुराण अ. २७२

(૧૮) Samprati who was contempora... the five yona kings, of the then divided... Empire.

P. C Mukharji

Indian Antiquary Vol XXXI...

આવ્યાં છે. એટલે તેના પર વધારે વિશ્વાસ મૂકી શકાય તેમ નથી છતાં પણ તત્કાલીન બીજી નોંધો સાથે સરખાવવાને અને ઇતિહાસના કેટલાક તૂટતા અંકોડાઓ મેળવવાને એ પૃષ્ઠો ઉપયોગી થઇ પડે તેમ છે.

**અશોકનું કુટુંબ અને તેનું સામ્રાજ્ય**

સૌથી પ્રથમ અશોક જ્યારે અવંતીમાં સુબાપદે હતો ત્યારે વિદિશાના શ્રેષ્ઠીની પુત્રી દેવી વેરે તે પરણ્યો હતો એમ આપણે ઉપર જોઇ ગયા. તે દેવી પદ્માવતીના નામે પણ ઓળખાય છે. તેનાથી તેને કુણાલ અથવા સુયશા નામે પુત્ર થયો, જેને અપરમાતા તિષ્યરક્ષિતાના કાવત્રાથી પોતાનાં ચક્ષુ ગુમ વવાં પડ્યાં. અશોકની બીજી રાણી તિષ્યરક્ષિતા. તેનાથી તેને મહેન્દ્ર—સંઘમિત્રા નામે પુત્રપુત્રી થયાં, પણ માતાના ઓછચરિત્રથી લજવાઇને તે બંનેએ બૌધ્ધ દીક્ષા સ્વીકારી. તે પછી અશોકે સેલ્યુકસની પુત્રી એયેના અથવા અસંધિમિત્રા સાથે લગ્ન કર્યું પણ તે ત્રણેક વર્ષમાંજ ગુજરી જતાં તેણે એયેનાની રૂપવતી દાસી સાથે લગ્ન કર્યાં. અપરમાતાને પેટે જન્મેલા ભાઇઓનો તો અશોકે વધ કરી નાંખ્યો હતો એટલે તેને તિષ્ય અથવા વીતશોક નામે એકજ ભાઇ બાકી રહેલો અને તેણે પણ બૌધ્ધ દીક્ષા સ્વીકારી. ભ્રાતૃવધ વેળાએ વડીલ ભાઇ સુસીમની ગર્ભવતી વિધવા નાસી છૂટેલી. તેણે સમય જતાં નિગ્રોધ નામે પુત્રને જન્મ આપ્યો. પરંતુ તેણે પણ બાલવયમાં દીક્ષા લીધી. સંભવિત છે કે અશોકને આ ઉપરાંત બીજી પત્નીઓ અને બીજો પરિવાર હોય, પરંતુ એકંદરે કુટુંબદૃષ્ટિએ તે દુઃખી હતો. ઉત્તરાવસ્થામાં કેવળ અસંધિમિત્રાની દાસીજ તેનું પ્રિય પાત્ર હતી.

ચન્દ્રગુપ્તના સમયમાં મગધ—સામ્રાજ્યની સરહદ ચારે તરફ ખૂબ વિસ્તરેલી પરંતુ બિન્દુસારના સમયમાં તે કંઇક સંકુચિત બની ગઇ હતી. પંજાબનો કેટલોક ભાગ ગ્રીક સત્તાના હાથમાં ચાલ્યો ગયો હતો. અશોકે એ ભાગ જીતી લીધો. એ વિજય વખતે તેને ઉત્તરમાં પણ કેટલાક વિજયો સાંપડેલા પરંતુ તેની હદ કાશ્મીર લગી તો નહોતી જ લંબાતી. પૂર્વ—પશ્ચિમ તેનું સામ્રાજ્ય ગુજરાત—સૌરાષ્ટ્રથી આસામ લગી લંબાયલું હતું પણ દક્ષિણનો મોટો ભાગ તેના મહારાજ્યની બહાર હતો. દક્ષિણે કલિંગ, આંધ્ર, લંકા વગેરે સ્વતંત્ર હતાં. અશોકની આ પ્રદેશો જીતવાની મહત્વાકાંક્ષા હતી, પણ કૌટુંબિક અને ધાર્મિક કલહોના પરિણામે તે મહત્વાકાંક્ષા પૂરી ન થઇ શકી. દેવાનાંપ્રિય તિસ્સ સાથેની મૈત્રીથી એક ખંડ પર તેણે પોતાનો આડકતરો પ્રભાવ વિસ્તાર્યો, પરંતુ બીજા પ્રદેશો તેના સામ્રાજ્યની બહાર રહી ગયા.



## તૃતીય પરિચ્છેદ

### કાકિણી

**સાર—**

આ પરિચ્છેદમાં—અંધ બનેલા કુણાલની મનોવ્યથા; અશોકે તેને માટે કરેલી વ્યવસ્થા; તેની માતા અને ધાવમાતાનું તેના પ્રત્યેનું વાત્સલ્ય; કુણાલે જ્ઞાન અને કલા પ્રત્યે વાળેલું મન; સંગીત પર તેણે મેળવેલું પ્રભુત્વ; માતા અને ધાવમાતાના આગ્રહથી તેણે કંચનમાળા નામે રાજકન્યા સાથે કરેલાં લગ્ન; કંચનમાળાનું વિશુદ્ધ શીલ ને તેની અપૂર્વ પતિભક્તિ; સમય જતાં પુત્રજન્મ; તેને માતાએ બક્ષેલું પ્રિયદર્શી નામ; તેજસ્વી પુત્રને નિહાળતાં માતાના દિલમાં પ્રગટેલી મહેચ્છા; તેણે કુણાલને રાજ્યપ્રાપ્તિ માટે કરેલી પ્રેરણા; કુણાલનું પાટલીપુત્ર પ્રતિ પ્રયાણ; તેણે અંધ ગવૈયા તરીકે નગરપ્રજાને સંગીતથી વશ કરવી; અશોકને કાને પહોંચેલી તેની કીર્તિ; તેણે તેનું સંગીત સાંભળી, તેનાથી મોહ પામી વરદાન માગવાનું કહેવું; કુણાલે કાકિણી (રાજ્ય-રત્ન)ની કરેલી માગણી; અશોકે પૂછેલો તેનો ખુલાસો; ખૂલેલો ભેદ; અશોકનું પુત્રને ભેટી પડવું; તેણે રાજ્ય માગવાનું પૂછેલું કારણ; કુણાલે તેને પોતાને ત્યાં થયેલા પુત્રજન્મની હકીકત કહેવી; અશોકે પુત્ર ક્યારે જન્મ્યાનું પૂછતાં કુણાલે 'સંપ્રતિ' (હમણાં) એવો ઉત્તર આપવો; પરિણામે તે પુત્ર સંપ્રતિના નામે પણ ઓળખાયો; અશોકે તરત જ તેને પોતાના યુવરાજ તરીકે જાહેર કરી ઉજ્જયિનીથી પાટલીપુત્ર તેડાવ્યો; સંપ્રતિ-પ્રિયદર્શીનું ભવ્ય સ્વાગત; અશોકે તેનો રાજ્યાભિષેક ઉજવી સ્વીકારેલી નિવૃત્તિ અને તેનું અવસાન—આદિ હકીકતો સમાવવામાં આવેલી છે.

**અંધ કુણાલની મનોવ્યથા**

રાજાના અને પિતૃઆજ્ઞાને માન આપવાને ખાતર કુણાલે હસ્તે મુખે એક ક્ષણના પણ વિલંબ વિના સ્વહસ્તે પોતાનાં ચક્ષુ તો તપાવેલ સળિયાથી ફોડી નાંખ્યાં, પરંતુ તેનું પરિણામ હાસ્યમય ન નિવડી શક્યું. અશોકને કાને આ સમાચાર પહોંચતાં જ તે બેહોશ બની ગયો. અને પોતાની ગફલત પર આંસુ સારવા લાગ્યો. તિષ્યરક્ષિતાને ક્ષણભર આ સમાચારથી આનંદ થયો પરંતુ તેના પરિણામે જ્યારે તે અશોકનો પ્રેમ ગુમાવી બેઠી, તેના પુત્ર–પુત્રી મહેન્દ્રસંઘમિત્રા તેને તજીને ભિક્ષુક બની ગયાં અને સર્વત્ર તેના નામ પર ફીટકાર વર્ષવા લાગ્યો ત્યારે તે પણ પસ્તાવા લાગી. પ્રજાના દિલમાં આ પ્રસંગથી કુણાલ પ્રત્યેનું માન વધ્યું, પરંતુ સાથેજ મૌર્ય રાજકુટુંબ પ્રત્યેનાં માન અને ભક્તિમાં ઓટ આવી.

કુણાલની પોતાની પરિસ્થિતિ પણ શોચનીય બની ગઇ. આંખોમાં સતત વેદનાના કારણે તેના રાજવંશી શરીરની પ્રફુલ્લતા કરમાવા લાગી. વિશાલ ચક્ષુથી શોભતી તેની કામદેવ સમી કાન્તિ હવે સૂર્ય—ચન્દ્ર વિનાના આકાશ સમી ભાસવા લાગી. તેણે રાજાના અને પિતૃઆજ્ઞાને ચરણે પોતાનું બલિદાન દીધું હતું, પરંતુ એ બલિદાનથી એક કાવત્રાને જ પોષણ મળ્યું હતું તે સંયોગો તેની વ્યથામાં ઉમેરો કરતા હતા. તેની પવિત્ર માતા દેવીના સંતાપને હદ નહોતી. ગઇકાલે તે વિશ્વભરમાં અજોડ એવા મૌર્ય સામ્રાજ્યનો ભાવિ સ્વામી હતો, આજે તેની દશા તે સામ્રાજ્યમાના દુઃખીમાં દુઃખી માનવી કરતાં પણ વધુ દુઃખભરી હતી.

**અશોકે કરેલી કુણાલની વ્યવસ્થા**

અશોકનું દિલ કુણાલનું યુવરાજપદ મહેન્દ્રને સોંપવા કોઇ રીતે માનતું નહોતું. પરંતુ ભારતીય રાજનીતિ અનુસાર અને વ્યવહાર દ્રષ્ટિએ પણ અંધ કુમાર સિંહાસન પર ન બિરાજી શકે એટલે [illegible] વારે પણ [illegible] યુવરાજ પદે મહેન્દ્રને અભિષિક્ત [illegible] પરંતુ હવે સિંહાસન અને રાજ્યભાર [illegible] કુણાલને માટે પણ યોગ્ય વ્યવસ્થા કરવી તે પણ તેની ફરજ હતી. એટલે તેણે ઉજ્જયિનીનો પ્રદેશ કુણાલને ખર્ચ તેમજ ભોગવટા માટે દીધો. તેનું શાસનતંત્ર મૌર્ય સમ્રાટના હાથમાં રહે, વહીવટ અધિકારીઓ ચલાવે પણ તેનું સ્વામીત્વ અને આવકનો અધિકાર કુણાલને હસ્તક રહે. સિંહાસન ગુમાવ્યા પછી આવા કોઇ હક્કની લાલસા કુણાલને રહી નહોતી, પરંતુ પિતાની ઇચ્છાને માન આપવાને તેણે આ વ્યવસ્થાને માન્ય રાખી. તેની ધાવમાતા તો વર્ષો થયાં તેની સાથે જ રહેતી હતી. પણ હવે તેની માતા દેવી પણ પુત્રની શુશ્રૂષાને માટે સતત તેની પાસે વસવા લાગી. કુણાલે પોતાનું જીવન હવે વિદિશા અને ઉજ્જયિનીમાંજ વીતાવવાનો નિર્ણય કર્યો.

**માતા અને ધાવમાતાનું વાત્સલ્ય**

કુણાલની માતા પદ્માવતીનું બીજું નામ દેવી હતું, અને તે ખરેખર દેવીનો અવતાર હતી. તેણે યુવાવયે કુમાર અશોકની સાથે લગ્ન કર્યાં હતાં, અને થોડા સમય લગી તે અશોકની હૃદયરાણી તરીકે રહી હતી. તેનું લાવણ્ય જેટલું મોહક હતું, એટલાજ તેનામાં આકર્ષક ગુણો હતા. એટલે અશોકનું ધ્યાન તેના પરજ કેન્દ્રિત રહ્યું પરંતુ પદ્મ(?) ગર્ભાવસ્થા દરમિયાન તે અશોકના સંપર્કથી દૂર રહેતાં તિષ્યરક્ષિતા નામે યુવતીને અશોકનું મન કબજે કરવાની તક મળી ને થોડાજ સમયમાં અશોકે તિષ્યરક્ષિતાની સાથે લગ્ન કર્યાં. દેવીએ આ લગ્ન પ્રત્યે અરુચિ તો ન હતી(?), પરંતુ જ્યારે તિષ્યરક્ષિતાના વ્યક્તિત્વમાં સમાયેલાં છળ(?) અને કુટિલતાનાં તત્વો તેની નજરે ચડ્યાં ત્યારે તેણે પ્રપંચોથી ભરેલાં રાજકુટુંબમાં વસવાને બદલે વિદિશામાં નિર્મલ જીવન ગાળતાં પિતાને ઘેરજ શાંતિથી વસવાનું પસંદ કર્યું. પદ્માવતીના નિર્મળ ચારિત્રથી માહિતગાર અશોકે તેને તે રીતે વસવાની અનુમતિ આપી, પરંતુ કુમાર કુણાલને તેણે પોતાની સમીપ રાજધાનીમાં રાખ્યો અને તેનો આદર રાખી કે પુત્ર-સ્નેહથી આકર્ષાઇને [illegible] [illegible]

સિંહાસન પચાવી પાડવાને ભાઈઓનો વધ કર્યો ત્યારે પદ્માવતીનું મન તેના પરથી પાછું ખેંચાઈને પ્રભુ પર કેન્દ્રિત બન્યું અને તેણે આજીવન નિવૃત્તિ સ્વીકારી. પણ તિષ્યરક્ષિતાની ઈર્ષ્યા અને સ્વાર્થાન્ધતાએ જ્યારે કુમાર કુણાલના ચક્ષુ હર્યા ત્યારે તેનું માતૃહૃદય તટસ્થ રહી ન શક્યું ને તે પુત્રની સમીપ રહેવા લાગી. કુમાર કુણાલ પોતાની માતાનો વિદિશા પ્રત્યેનો સ્નેહ જાણતો હતો એટલે તે પણ કેટલીક વખતે માતાને સાથે લઈને વિદિશા જઈને રહેવા લાગ્યો.

અંધ કુણાલના જીવનમાં જેટલું મહત્વનું સ્થાન પદ્માવતીના વાત્સલ્યને પ્રાપ્ત થયેલું છે એટલું જ મહત્ત્વનું સ્થાન તેની ધાવમાતાના વાત્સલ્યનું પણ છે. કુણાલના જન્મ પછી થોડા જ સમયમાં અશોક અને પદ્માવતી જુદા વસવાથી તથા અશોકે પોતાના પ્રથમ પુત્રને પોતાની સમીપ જ રાખવાનો આગ્રહ દર્શાવવાથી કુણાલ નાની વયમાં જ માતાથી વિખૂટો પડી ગયો હતો અને તેની ધાવમાતાએ જ તેને ઉછેરીને મોટો કર્યો હતો. તે ધાવમાતાને કુણાલ પોતાના પુત્રથીયે વિશેષ વહાલો હતો. તે તેને પોતાથી કદી અળગો ન કરતી. અશોક સમ્રાટ બનતાં કુણાલ યુવરાજ બન્યો ને તેનું મહત્ત્વ અનેક ગણું વધી ગયું. તેનું જીવન મહા કિમતી અને અનેકની ઈર્ષ્યાનો વિષય ગણાવા લાગ્યું. તેવા સંયોગોમાં અશોકે કુણાલની સલામતી માટે કેવળ તેની ધાવમાતા પરજ વિશ્વાસ રાખ્યો અને પાટલીપુત્રમાં જ્યારે કુણાલની સલામતી જોખમમાં જણાઈ ને અશોકે તેને ઉજ્જયિની મોકલાવી આપવાનો પ્રબંધ કર્યો ત્યારે પણ કુણાલની સંભાળ રાખવાને તેણે ધાવમાતાને સાથે મોકલાવી. ઉજ્જયિનીમાં ધાવમાતાએ કુણાલને અનેક કાવત્રાંમાંથી બચાવી લીધો. પરંતુ કુમાર કુણાલે પાટલીપુત્રમાં રચાયેલા કાવત્રાને વશ થઈ જ્યારે પોતાનાં ચક્ષુ ફોડી નાંખવાનો નિર્ણય કર્યો ત્યારે ધાવમાતા નિરુપાય બની આંસુ સારતી રહી. તેના આંસુ કર્તવ્યમગ્ન કુણાલના હૃદયને હલાવવામાં નિષ્ફળ નીવડયાં ને કુણાલ અંધ બન્યો. તેની એ દશામાં ધાવમાતા પોતાના માતૃહૃદય સાથે તેની સમીપ દોડી આવી ને કુણાલને પોતાના ખોળામાં લીધો. જ્યારે સ્વાર્થી માનવો અંધ યુવરાજને છોડીને એક પછી એક વિખૂટા પડવા માંડ્યાં ત્યારે ધાવમાતા તેની શુશ્રૂષા પાછળ દિલ હાલવી રહી. ને તેણે તથા પદ્માવતીએ મળીને કુણાલના નષ્ટ જીવનને સ્નેહભર બનાવ્યું.

**કલા-ઉપાસના**

અંધ કુણાલે થોડાજ સમયમાં જીવનને સુવ્યવસ્થિત બનાવ્યું અને માતા તેમજ ધાવમાતાની સ્નેહછાયામાં તે શાંતિથી જીવન વીતાવવા લાગ્યો. પરંતુ તેના ચક્ષુવિહીન વ્યક્તિત્વને ઉલ્લાસ અને મનને સભર રાખવાને કોઈ ખાસ સાધનની જરૂર હતી. તે સંબંધમાં માતા અને ધાવમાતાનું ધ્યાન જ્ઞાન અને કલા પ્રત્યે વળ્યું. તેમણે જુદા જુદા વિદ્વાનો અને કલાકારોને આમંત્ર્યા અને તેમને પોતપોતાને માર્ગે કુણાલનું મન સભર રાખવાની સૂચના કરી. કુમાર કુણાલ દરેક વિષયમાં રસ લેવા લાગ્યો. તેણે જ્ઞાન-વિજ્ઞાનની ભિન્ન ભિન્ન શાખાઓ પર પ્રભુત્વ મેળવ્યું. તત્કાલીન સર્વ ધર્મોનો તે ઊંડો અભ્યાસી બન્યો. જુદી જુદી કલાઓ પ્રત્યે પણ તે એટલીજ અભિરુચિ દાખવવા લાગ્યો. પણ તેમાં સંગીતે તેના મનને હરી લીધું. સંગીતના સર્વ અંગો પર તેણે પ્રભુત્વ પ્રાપ્ત કર્યું. વાંસળીમાં તે ગોપીવલ્લભ કૃષ્ણને વીસરાવવા લાગ્યો ત્યારે વીણામાં તે ઉજ્જયિનીમાંથી વીણાના બળે વાસવદત્તાને હરી જનાર ઉદયનની યાદ દેવરાવવા લાગ્યો.

**કુણાલની ભાવી પત્ની**

આ રીતે કુણાલે અલ્પ સમયમાંજ જ્ઞાન અને કલા પર પ્રભુત્વ પ્રાપ્ત કરતાંજ માતા અને ધાવમાતાને તેની અંધતા પાછળ પણ છુપાયલા મહત્તર વ્યક્તિત્વની ઝાંખી થઈ અને તે બંને અવનવી આશાઓ સેવવા લાગી. પદ્માવતીને મન કુણાલ એ મૌર્ય રાજવંશનું ઝળહળતું રત્ન અને પોતાના પ્રભાવશાળી ચારિત્ર્યનું પ્રતિબિંબ હતો. તેનામાં માનવસહજ બધાજ

ગુણોનો સંગમ થયો હતો. તે સંતાનરહિત દશામાં મરી જાય તે કેવળ દેવીને માટે કે મૌર્ય રાજવંશને માટેજ નહિ, પરંતુ ભારત ભરને માટે શોચનીય વિષય હતો. તેમણે કોઇ પણ સંયોગોમાં કુણાલને પરણાવવાનો નિશ્ચય કર્યો.

કુમાર કુણાલની ભાવિ પત્ની તરીકે તેમની નજર કંચનમાળા નામે એક ગુણવતી (સંભવિત છે કે અંવતીની સરહદે આવી રહેલા રાજ્યની—અત્યારનો જયપુરવાળો પ્રદેશ કે જેની રાજધાની કલકત્તા વૈરાટનો શિલાલેખવાળી જગ્યા હતી ત્યાંની) રાજકુમારી પર ઠરી. કંચનમાળા બાહ્ય ભપકા કરતાં આંતરિક ગુણો પ્રત્યે વિશેષ આદરભાવ ધરાવતી હતી. તે શીલ અને પવિત્રતાનું પાલન કરતી હતી એટલીજ હદે એવું પાલન કરનારને પૂજવાની પણ તે ઉત્કંઠા ધરાવતી હતી. જ્યારે કુમાર કુણાલે રૂપગર્વિતા તિષ્યરક્ષિતાની અનુચિત માગણીને ધુત્કારી કાઢી છે એવી ઊડતી લોકવાયકા તેના કાને પહોંચી હતી ત્યારે તેનું દિલ કુણાલ પ્રત્યે ખેંચાયું હતું પરંતુ મૌર્ય સામ્રાજ્યનો યુવરાજ પોતાને પતિ તરીકે સાંપડે એવા ભાગ્યને અસંભવિત માનીને તે ચૂપ રહી હતી. એજ કુણાલે જ્યારે કાવત્રાથી રંગાયલી રાજાજ્ઞાને પિતૃઆજ્ઞાનું પાલન કરતાં પોતાનાં ચક્ષુ કાઢી આપ્યાં ત્યારે કુણાલની અંધતાને બદલે મહત્તાજ તેની નજર સામે તરવરવા લાગી. આજલગી કુણાલ મૌર્ય સામ્રાજ્યનો યુવરાજ હોઇ તેને પોતાને માટે અપ્રાપ્ય માની તે મૂંગી રહી હતી પણ હવે તેણે કુણાલને માટેનો પોતાનો સ્નેહ પ્રકટ કર્યો. અંધનાએ કુણાલના ભાવ પ્રેમને પરાકાષ્ઠાએ [illegible] પણ તેણી તેની અંધતાને પરણવાને બદલે ઉલટી વધી છે તેમ તે વિચારી રહી. આજે બીજી રાજકન્યાઓ કુણાલથી દૂર ભાગી રહી છે ત્યારે તેની નજરે [illegible] પોતાને માટેનો [illegible] બન્યો છે તે જોઇને તેણે પિતા [illegible] સખીઓ દ્વારા પહોંચાડીને પોતાની [illegible] જાણી.

[illegible] કંચનમાળાની [illegible] [illegible] સ્વતંત્રી અને [illegible]

કુણાલ–કંચનમાળાના સંયોગમાં કોઇ મહાભાવિ દર્શન થવા લાગ્યાં. તેમણે તરતજ કુણાલને પોતાના વિચાર જણાવ્યા. કુણાલે આ દશામાં લગ્ન કરીને કોઇ પણ રાજકન્યાના ભાવિજીવનને કોઇ પણ સંયોગોમાં બગાડવાની સ્પષ્ટ ના જણાવી. પટ્ટરાણીને કુણાલના આ ઉત્તરથી દુઃખ થયું પરંતુ તેણે તે ગોપવી રાખ્યું અને કંચનમાળાના સહકારથી કુણાલને ધીમે ધીમે રાહ પર લાવવાનો નિશ્ચય કર્યો.

કંચનમાળાએ જ્યારે કુણાલનો ઉત્તર અને તેનું કારણ જાણ્યાં ત્યારે તે કુણાલ પર ઊલટી વધુ મોહિત બની. તેણે સખીઓ મારફત કુણાલને કહાવ્યું કે પોતે અન્ય કોઇની ઇચ્છાથી નહિ પણ સ્વેચ્છાથી કુણાલની ચરણસેવા વાંછે છે. પોતે વર્ષો થયાં કુણાલનું ધ્યાન ધરી રહી છે પરંતુ પ્રથમ કુણાલ મૌર્ય સામ્રાજ્યનો યુવરાજ હોઇ પોતાને અપ્રાપ્ય માની તે બોલી શકેલી નહિ; અને પછી કુણાલને અંધત્વનો ઘા તાજો હોઇને તેનું જીવન વ્યવસ્થિત બનવાની તે રાહ જોઇ રહી હતી. પરંતુ હવે કુણાલ પોતાને આરાધ્ય દેવ બન્યો છે. કુણાલની અવદશા એ જગતને મન ઉણપો હશે પણ પોતાને મન તો મહત્તા છે. પોતે એટલી હદે કુણાલમય બની ચૂકી છે કે હવે જો કુણાલ ના કહે તો બીજો સ્વામી કરવા કરતાં પોતે દૂરથી કુણાલની પૂજા કરતાંજ સમસ્ત જીવન વીતાવવાની ભાવના સેવે છે.

કુણાલ ધર્મસંકટમાં મુકાયો. કંચનમાળાના અરિસાઓમાં એવી હદયોર્મિઓ ઊભરાતી હતી ? કંચનમાળા કોઇની દોરવણીથી પોતાની સાથે લગ્ન કરવાને તૈયાર થઇ હોય તેમ તેનું દિલ કબૂલી ન શક્યું. અને પોતાની ઊંડી ઇચ્છા પૂર્ણ જો કોઇ રાજકન્યા પોતાને આરાધ્યપુરુષની ભક્તિ કરવા માગતી હોય તો તેને એ ભક્તિથી વંચિત રાખવી તેમાં કુણાલને એક પ્રકારનો અધર્મ જ જણાવા લાગ્યો. એટલે તેણે [illegible] વિચાર કરીને પછી કંચનમાળાને મોકલ [illegible] આપવાનું જણાવ્યું.

એ અરસામાં મહેન્દ્ર–સંઘમિત્રા બૌદ્ધ દીક્ષા સ્વીકારીને લંકા જતાં પદ્માવતી તેમજ કુણાલને વંદન કરવાને અને તેમની ક્ષમા માગવાને વિદિશા આવી પહોંચ્યા. તેમની મારફત

**લગ્ન**

પદ્માવતી–કુણાલને રાજકુટુંબની આંતરિક ખબરો જાણવા મળી. તિષ્યરક્ષિતાના દોષોથી અશોક કેવો કંટાળી ગયો છે, તે કુણાલ અને પદ્માવતીનું કઇ રીતે સતત સ્મરણ કરે છે અને માતાના કલંકમાંથી બચવાને પોતે ભિક્ષુક બનીને કયાં જઇ રહ્યાં છે તે બધી વિગત તેમણે પદ્માવતી–કુણાલને વર્ણવી બતાવી. મૌર્ય સામ્રાજ્યનો સાચો યુવરાજ તો કુણાલ અને કુણાલના અભાવમાં કુણાલનો પુત્ર જ હોઇ શકે એમ જણાવીને મહેન્દ્રે પોતાને એ પદ કેવું વિષમય લાગ્યું છે તેનો અનુભવ કહ્યો. કુણાલના પુત્રની વાત નીકળતાં જ કુણાલના લગ્નની પણ વાત નીકળી. અને જ્યારે મહેન્દ્ર–સંઘમિત્રાએ જાણ્યું કે કુણાલ અન્ધત્વના કારણે લગ્ન નથી કરતો ત્યારે તેમણે તેને ઠપકો દીધો. તેમણે જણાવ્યું કે રાજવંશી મહાપુરુષો કદી આપત્તીથી હારી નથી જતા. કુણાલે ચક્ષુ ગુમાવીને કલંક નહિ પરંતુ મહત્તા પ્રાપ્ત કરી છે. ચક્ષુ ગુમાવવાથી તેણે યુવરાજપદ ભલે ખોયું હોય, પણ તેથી કંઈ પુત્ર જન્માવવાની શકિત નથી ખોવાઇ ગઇ. કુણાલની પત્નિ કદાચ બાહ્ય દૃષ્ટિએ સંપૂર્ણ સુખી ન જણાય તોપણ જો તેના પેટે પુત્ર જન્મે ને સમય જતાં તે મૌર્ય સામ્રાજ્યનો સામ્રાટ બને તો તેની માતાને માટે તે સુખ જગતભરમાં અપ્રતિમ ગણાય. એટલે કુણાલને માટે બધી આશાઓ ખોઇ બેસીને નિરત્તિ સ્વીકારી લેવાને બદલે લગ્ન કરીને ઉજ્જવળ ભાવિની આશા રાખવી એ જ માર્ગ આવકાર્ય છે. તે વસ્તુસ્થિતિ પર પદ્માવતી, ધાવમાતા, મહેન્દ્ર અને સંઘમિત્રા સર્વેએ વિશેષ ભાર મૂકયો. એ દશામાં કુણાલ વધુ વખત ના ન કહી શકયો. તેણે લગ્નની હા ભણી. તરતજ કંચનમાળાને અને તેના પિતાને એ સમાચાર પહોંચાડવામાં આવ્યા. અને થોડાજ સમયમાં કુણાલ–કંચનમાળા લગ્નગ્રન્થિથી જોડાયાં.



કંચનમાળા ખરેખર કંચન સરખી વિશુદ્ધ અને રૂપવતી તેમજ ગુણની વેલ હતી. કુણાલ પ્રત્યે તે વર્ષો થયાં ઉંડો સ્નેહભાવ ધરાવતી હતી. હવે તે પતિ તરીકે સાંપડતાંજ

**કંચનમાળાની પતિભક્તિ**

તેનો તે સ્નેહભાવ વધારે તીવ્ર બન્યો. કુણાલની અંગકાંતિ તો હજી પણ મોહક હતી અને કલા–ઉપાસનાથી તેમાં રસીકતા ઉમેરાણી હતી. ને કુણાલનાં ચક્ષુ પ્રતિ જ્યારે કંચનમાળાની નજર જતી ત્યારે તે ચક્ષુને તેજનષ્ટ નિહાળીને તેના દિલમાં વ્યથા નહોતી પ્રગટતી પરંતુ તે ચક્ષુએ રાજાના અને પિતૃઆજ્ઞાને માન આપવાને ખાતર પોતાનું બલિદાન દીધું છે એ ભાવનાથી તેના અંતરમાં પ્રેમ, માન અને ભક્તિની ઊર્મિઓ ઉછળતી. કુણાલ પ્રત્યેનો કંચનમાળાનો સ્નેહ કુણાલ અંધ છે અને તેને સુખ માટે સ્નેહરાણીની જરૂર છે એવી દયાથી પ્રેરાયલો નહોતો, તેમજ પોતાને પુત્ર થશે તો તે મૌર્ય સામ્રાજ્યનો સમ્રાટ પણ બની શકશે ને પોતાને જગતભરમાં અદ્વિતીય દરજ્જો મળશે એવી સ્વાર્થભાવનાથી રંગાયેલો પણ નહોતો. તે તો કુણાલને, પુરુષવર કુણાલ તરીકે જ પરમ વિશુદ્ધ સ્નેહથી ચાહતી હતી—જે કુણાલ મહાવૈભવી રાજવંશમાં જન્મેલ હોવા છતાં નિર્મળ સ્નેહ ને શાંતિની પ્રતિમૂર્તિ હતો, જેણે અનેક સુંદરીઓની પ્રણયલાલસાને પાછી ઠેલી હતી, અવગુણ જેની સમીપ પણ ન આવી શકતા, જ્ઞાન અને કલા જેના જીવનમાં ઓતપ્રોત થઈ ગયાં હતાં, ઉદાત્ત ભાવનાઓથી જેનું હૃદય સભર રહેતું અને જેને કામદેવ સમુ રૂપ ને સૂર્ય–ચંદ્ર સમા ચક્ષુ મળેલ હોવા છતાં જેણે ફરજને ખાતર એ ચક્ષુનું બલિદાન દીધું હતું.

કંચનમાળાનો કુણાલ પ્રત્યેનો પ્રેમ અને તેની ભક્તિ જેમ અપ્રતિમ હતાં, તેમ તેની શુશ્રૂષા પણ અજોડ હતી. કુણાલને તે પ્રેમના હિંડોળે સતત ઝૂલતો રાખતી અને જ્યારે તે થાકે ત્યારે તેને રમ્ય શાંતિ બક્ષતી. બંને ઉપવનમાં વિહરતાં અને સંગીતના સ્વરો છેડીને પ્રકૃતિને પણ સજીવ બનાવતાં. કુણાલને

પોતે ચક્ષુહીણ છે એમ વિચારવાનો કદી અવકાશ પણ ન મળતો. તે પોતાની અંધતાને પણ આશિર્વાદ ગણવા લાગ્યો, કેમકે કંચનમાળા સમી પ્રિયતમાની પ્રાપ્તિ તેને આભારી હતી, તે દશાએજ તેને એક રમણીના વિશુદ્ધ સ્નેહના દર્શનની તક બક્ષી હતી. જો તે અંધ ન બનતાં યુવરાજ રહ્યો હોત તો મૌર્ય સામ્રાજ્યના સિંહાસને વિરાજ્યો હોત અને યશસ્વી રાજવંશોની અનેક રૂપવતી કન્યાઓ પોતાનાં ચરણ ચૂમતી હોત. પરંતુ તેમાંની કોઈક તિષ્યરક્ષિતાની જેમ પુત્રનાં નયન ફોડતી હોત કે છૂપા અનાચાર ખેલતી હોત, કોઈ સ્વાર્થને ખાતર સ્નેહનું નાટક રમતી હોત, કોઈ ઈર્ષાથી જળીને ખૂની કાવત્રાં ઘડતી હોત, કોઈ પોતાને મૂર્ખ બનાવીને પાછળ હસતી હોત તો કોઈ વિશુદ્ધ સ્નેહ ધરાવતી રમણી અન્યની ઈર્ષાઓનો ભોગ બનીને સંતાપની ભઠ્ઠીમાં જળતી હોત. પણ આ દશામાં તો તેને એક કંચનમાળાજ સાંપડી હતી, જેના ભક્તિમય સ્નેહ–સાગરમાં મળતું સુખ તેને ઈન્દ્રના સિંહાસને પણ ન સાંપડી શકત. આ દશામાં જીવનનો ઉલ્લાસ કુણાલને વધુ ને વધુ આનંદ બક્ષવા લાગ્યો, તેનામાં નવજીવનનું જોમ ખીલવવા લાગ્યો.

પદ્માવતીને અને ધાવમાતાને કુણાલના આ સુખથી અતિ હર્ષ થયો. કુણાલના જીવનને આવું સુવ્યવસ્થિત અને સ્નેહસભર બનેલું જોઈ તેમનામાં અવનવી આશાઓ ઉછળવા લાગી. અને તેમાંની મુખ્ય આશા એ હતી કે કુણાલના પુત્રને નજરે નિહાળવાનું તેમને સદ્ભાગ્ય સાંપડે.

પદ્માવતી અને ધાવમાતાના જેમ એ આશા મેરનાં હતા તેમ કંચનમાળા પણ પોતાના હૃદયમાં એ આશાને પોષી રહી હતી. કુણાલના જીવનમાં એવું પ્રભાવશાળી જોમ પ્રગટ્યું હતું અને તે કુણાલની સાથે એવી [illegible] બની ગઈ હતી કે તે [illegible] સંતાનની નહિ પરંતુ મહાન પુત્રરત્નની [illegible].

**સ્વપ્ન**

એક રાત્રે જ્યારે કંચનમાળા સુખનિદ્રામાં સૂતી હતી ત્યારે પરોઢનો સમય કે જ્યારે ઉષાનાં રક્તરંગી કિરણો પૃથ્વી પર પથરાયલા અંધકારનો સંહાર કરી રહ્યાં હતાં ત્યારે કંચનમાળાએ પોતાના મુખમાં જાણે એક ઉજ્જવળ હસ્તી પ્રવેશ કરી રહ્યો હોય તેવું સ્વપ્ન નિહાળ્યું. આ સ્વપ્ન દર્શન કંચનમાળાને એવું પ્રિય લાગ્યું કે એ સ્વપ્ન જો પુત્રજન્મની આગાહી રૂપ નીવડે તો તે પુત્રને 'પ્રિયદર્શી' નામ આપવાનો તેણે સ્વપ્નમાં જ નિર્ણય કરી લીધો.

પ્રભાતમાં કંચનમાળાએ કુણાલ–પદ્માવતીને પોતાના આ સ્વપ્નની હકીકત કહી. કુણાલે પોતાના અભ્યાસના બળે તરત જ જણાવ્યું કે આ સ્વપ્ન મહાન તેજસ્વી આત્માના ગર્ભપ્રવેશનું સૂચક છે અને તેના પરિણામે કંચનમાળા યોગ્ય સમયમાં અલૌકિક પુત્રરત્નને જન્મ આપશે. પદ્માવતી અને ધાવમાતા આ સ્વપ્નફળ સાંભળીને પુલકિત બન્યાં અને એ ફળની ખાત્રીને માટે તેમણે જોશીઓને આમંત્ર્યા. તેમનો સત્કાર કરીને તેમની સમક્ષ સ્વપ્ન વર્ણવ્યું અને જ્યારે જોશીઓએ પણ કુણાલ સરખો ઉત્તર આપ્યો ત્યારે સર્વે પરમ હર્ષ અનુભવવા લાગ્યાં.

ધીમે ધીમે કંચનમાળા ગર્ભવતી હોવાનું સ્પષ્ટ બન્યું અને પદ્માવતીને ધાવમાતા તેની સારસંભાળમાં પરોવાયાં. કંચનમાળાએ પણ કાળજીપૂર્વક ગર્ભનું જતન કર્યું અને શાસ્ત્રમાં ગર્ભવતી સ્ત્રીને માટે દર્શાવેલા દરેક નિયમોનું તે ચોકસાઈપૂર્વક પાલન કરવા લાગી. કુણાલ પણ તેના મનને હંમેશાં પ્રફુલ્લ રાખવા લાગ્યો. અને સમય જતાં કંચનમાળાએ એક અલૌકિક પુત્રરત્નને જન્મ આપ્યો. કંચનમાળાએ તે પુત્રનું નામ પોતે અગાઉ વિચારી મુજબ 'પ્રિયદર્શી' રાખ્યું.

**પુત્રજન્મ અને પ્રિયદર્શી નામ**

અને જ્યારે પદ્માવતી, ધાવમાતા અને કુણાલને પણ આ સંયોગોમાં જન્મેલા પુત્રને માટે એજ નામ ખૂબ મોહક અને પરમ સુંદર જણાયું ત્યારે તે પુત્ર પ્રિયદર્શીના નામે ઓળખાવા લાગ્યો.

### પ્રિયદર્શીનું સ્વરૂપ અને તેનું બાલપણ

પ્રિયદર્શીનો વર્ણ સંધ્યાનાં કસુંબી વાદળે છંટાતા ચન્દ્રકિરણોના પ્રતિબિંબ સમો હતો. તેની છાતી વિશાળ અને તપ્ત લોહ સમી હતી. તેનું લલાટભવ્ય અને તેજસ્વી હતું. તેની આંખો ભૂરી ને મોહભરી હતી. તેનું મુખ કામદેવ સમું આકર્ષક હતું. તેનું આખું સ્વરૂપ કુણાલના ઓજસ્વી પ્રતિબિંબ સમું હતું. તેનામાં અને કુણાલમાં એટલો જ તફાવત હતો કે કુણાલની આંખો તેજનષ્ટ હતી જ્યારે પ્રિયદર્શીની આંખોમાંથી, જાણે કુણાલના ચક્ષુબલિદાનનો બદલો આપ્યો હોય તેમ, બમણું તેજ ઝરતું હતું.

'પુત્રના લક્ષણ પારણે' એ કહેવત અનુસાર પ્રિયદર્શીએ પારણામાંજ પોતાની રાજવંશી પ્રતિભા અને અલૌકિક વિશિષ્ટતાનાં દર્શન કરાવવા માંડયાં. તેના ઓઇ અને નયનમાંથી હંમેશાં સ્મિત ઝરતું તેની આંખોમાં અમાપ ઊંડાણ હતું જવલ્લેજ તે રડતો અને તે પણ એકાદ ક્ષણ માટે–જાણે કે વિશ્વનાં દુઃખ નિહાળીને દિલ ઉભરાઇ આવતાં કોઇ સંત પુરુષ પળભર રુદન કરતો હોય. પણ બીજીજ પળે તેના મુખ પર તપ્ત તેજ પથરાઇ જતું–જાણે કે વિશ્વનાં દુઃખતિમિરને દૂર કરવાને ખાતર અંબરમાં દિવાકરનું તેજ પથરાઇ રહ્યું હોય.

તેની અંગકાન્તિ જેટલી અલૌકિક હતી તેટલુંજ તેનું સામર્થ્ય અજેય હતું. એક દિવસે અકસ્માતથી નિસરણી પરથી પડી જવા છતાં તે કશી ઇજા પામવાને બદલે અખંડ દેહે હસતો જ રહ્યો. કંચનમાળા, કુણાલ, પદ્માવતી ને ધાવમાતાના ખોળામાં તે ફૂલની જેમ રમવા લાગ્યો. તેમને જાણે તે ઓળખતો હોય તેમ તેમના પ્રત્યે તે પ્રેમ અને ભક્તિભરી નજરે નિહાળવા લાગ્યો. તેનાં અંગ પ્રત્યંગ ને હાવભાવમાં તે એક દુઃખી પિતાને ત્યાં જનમ્યો હોય એવી દીનતા નહિ પણ પોતે કોઇ મહાન રાજવંશી કુટુંબમાં એકના એક પુત્રરત્ન તરીકે જન્મ્યો હોય એવો પ્રભાવ ઓપવા લાગ્યો.

પુત્રમાં આવા રાજવંશી લક્ષણો નિહાળીને માતૃહૃદયો અવનવી આશાઓથી ઉછળવા લાગ્યાં. પદ્માવતીને થયું કે તિષ્યરક્ષિતાની ઇર્ષાએ પોતાના સામ્રાજ્ઞી હૃદયરાજ્ઞી પદને મોહનાં વાદળથી ઘેરી લીધું હતું અને તે જ નારીની કુટિલતાએ પોતાના પુત્રરત્નનાં ચક્ષુ હણીને પોતાના માતૃહૃદયમાં પણ સંતાપની આગ જલાવી હતી. પણ હવે જો પોતાના પૌત્રને તે યોગ્ય પદે પહોંચાડી શકે તો પોતે કૃતકૃત્ય બને અને તિષ્યરક્ષિતાને તેની ઇર્ષાનો અને પોતાને પોતાના સંતાપનો યોગ્ય બદલો મળી રહે, ને રાજમાતામહી તરીકે તે યશસ્વિની બને. ધાવમાતાને થયું કે પ્રિયદર્શીને જો સિંહાસન સાંપડે તો મૌર્ય રાજવંશની સેવામાં પોતે સમર્પેલું જીવન લેખે લાગે. અને કંચનમાળા– કઇ રાજવંશિની નારીનું હૃદય પુત્રને સિંહાસને વિરાજેલો નિહાળવાને તલપતું ન હોય?– આમ કુણાલના ગૃહમંદિરની ત્રણે દેવીઓની આશા પ્રિયદર્શીને સિંહાસન પર શોભતો નિહાળવાના એક જ લક્ષ પર કેન્દ્રિત બની.

### કુણાલને પ્રેરણા

કુણાલ પોતે તો રાજપ્રપંચોથી એટલો કંટાળી ગયો હતો અને કંચનમાળા સાથેના એકાંત જીવને તેને એવું પરમ સુખ બક્ષ્યું હતું કે કુણાલને તો પ્રિયદર્શી રાજમંદિરમાં વિલસતો કે સિંહાસને વિરાજતો હોય તે કરતાં તે ગૃહમંદિરમાં જીવનવિકાસ સાધીને કોઇ ગુણવતી કન્યાના હૃદયદેવ તરીકે ઉપવનમાં સજોડે વિહરતો હોય તે જોવાનું ગમે તેમ હતું. પરંતુ પદ્માવતીએ તેને સતત શિખામણ આપવા માંડી. સપત્નીની કુટિલતાએ તેને પતિનો વિરહ બક્ષ્યો, પુત્રનાં ચક્ષુ હણ્યાં, હવે શું પૌત્રને પણ તેના હકકથી વંચિત રહેલો નિહાળશે? વર્ષો થયાં તેણે પતિસુખ ગુમાવ્યું, મહિનાઓ થયાં સ્વાસ્થ્ય ગુમાવ્યું. હવે તો તે મૃત્યુના દ્વારે જઇ ઊભી હતી. પણ એકજ આશા તેને સુખે મરતાં રોકતી હતી, અને તે એકે પોતે રાજમહિષી તરીકે ન દપી શકી, રાજમાતા પણ ન બની શકી, પરંતુ મરતાં મરતાં તેને રાજમાતામહીનું બિરુદ

મળે ? તિષ્યરક્ષિતાનો ગુણવાન પુત્ર મહેન્દ્ર પણ ઇચ્છતો હતો કે કુણાલનો હક્ક નષ્ટ થતાં કુણાલનો પુત્રજ મગધ સામ્રાજ્યનો યુવરાજ બની શકે. ત્યારે શું પિતાની શરત-ચૂકભરેલી આજ્ઞાને ખાતર પોતાનાં ચક્ષુનું બલિદાન દેનાર પોતાનો પુત્રજ તેની માતાની સ્વાભાવિક ઇચ્છાને પણ નહિ સંતોષે ? મરતાં મરતાં પ્રિયદર્શીને સિંહાસન-ની સમીપ પહોંચેલો નિહાળવાની પોતાની ઇચ્છા શું અધુરી રહી જશે ?

ધાવમાતાનો આગ્રહ તો પદ્માવતીની આગ્રહભરી શિખામણને પણ વટી જતો હતો. તેણે કુણાલને જીવનમાં પ્રથમ જ વાર લાક્ષણિક ઠપકો આપતાં કહ્યું કે ઇતિહાસ શું કુણાલની આ મનોદશા નિહાળીને એમ નહિ કહે કે કુણાલ રાજવંશી માતાના ખોળાને બદલે તેની ધાવમાતાના ખોળામાં ઉછર્યો એટલે તેની મહત્ત્વાકાંક્ષા મરી ચૂકી હતી, અને તેનું રાજતેજ આથમી ગયું હતું ? મૌર્ય યુવરાજની પોતે કરેલી સેવા-શુશ્રૂષાનું પરિણામ શું એજ આવવાનું હતું કે એ યુવરાજ અંધ અને અણજાણ રહે, યુવરાજની માતા આંસુ સારતી રહે, તેની પત્નીને કોઇ પિછાણે નહિ ને તેનો તેજસ્વી પુત્ર પોતાના હક્કથી વંચિત રહે ! મૌર્ય રાજવંશીના જીવનમાં એવી કઈ નિર્માલ્યતા પ્રવેશી હતી કે જે તેની પ્રભુત્વવાંછનાને પણ ચૂસી રહી હતી ? જે અશોકે સિંહાસનને માટે લાખોનાં લોહી રેડાવ્યાં તે અશોકનો પુત્ર શું એટલો નિર્બળ બની ગયો હતો કે પોતાની પાસેથી ઝુંટવાઇ ગયેલું સિંહાસન પોતાના પુત્રને પાછું અપાવવાની તક સાંપડી હતી ત્યારે તે તકની સિદ્ધિ માટે કશો પ્રયત્ન કરવાને બદલે બેસી રહીને તે સિંહાસનનું પ્રભુત્વ ક્ષુદ્ર વેરી-ઓને જ ભોગવવા દેશે !

કાંચનમાલા મોઢેથી કશું નહોતી બોલતી પરંતુ તેનાં નયન મૂક ભાવે પતિને મદદે પુત્રને તેનો હક અપાવવાની વિનંતિ કરી રહ્યાં હતાં. કુણાલને શિખા-મણ આપવાની કે આગ્રહ કરવાની વૃત્તિથી તે દૂર હતી પરંતુ તે એટલું જરૂર વાંછતી હતી કે પતિના હસ્તે પુત્રને તેનો હક અપાવવાની પ્રેરણા જાગે.

આ ત્રિવિધ પ્રેરકબળોએ કુણાલની સૂતેલી મહેચ્છાને જાગૃત કરી તેનું દબાઇ રહેલું ક્ષાત્રતેજ ઝળહળી ઊઠ્યું. એકાંત જીવનની પોતાની ભાવનામાં તેણે નિવૃત્તિ પરાયણ માનસનું પ્રતિબિંબ નિહાળ્યું. વિશ્વની સંગ્રામભૂમિ પર કાવત્રાં કે પ્રપંચોથી ભયભીત શા માટે બનવું ? જે કાવત્રાએ પોતાના પાસેથી યુવરાજપદ અને ચક્ષુ છીનવી લીધાં હતાં તે કાવત્રાને કુદરતે પોતાને ત્યાં પુત્રરત્ન જન્માવીને પડકાર કર્યો હતો. હવે એ પુત્રને સિંહાસન અપાવીને તે કાવત્રાને નિષ્ફળ અને નષ્ટ બનાવવું તે ફરજ પોતાની હતી. એ ફરજથી વંચિત શા માટે બનવું ? કોને ખાતર માતાને આંસુ સારતી ને પત્નીને વ્યથિત બનાવવી ? શું પ્રિયદર્શી સિંહાસન પર સુખી નહિ થઇ શકે એવા પોતાના મંતવ્યને ખાતર ?–કુણાલને લાગ્યું કે એવું મંતવ્ય સેવીને પોતે પ્રિયદર્શીની રાજવંશી પ્રભુતાને, તેની અલૌકિક પ્રભાવ શક્તિને અન્યાય કરી રહ્યો હતો. પ્રિયદર્શીને પોતાનું કાયદેસર સિંહાસન અપાવવું તે આજે કુણાલની ફરજ હતી. અને પછી તેને મહાન ગણીને યશકીર્તિથી પ્રકાશમાન બનાવવું કે અપ ગણીને તજી દેવું તે વિચારવાનું કામ પ્રિયદર્શીનું હતું. આ વિચારમંથનના પરિણામે કુણાલે પ્રિયદર્શીને સિંહાસન અપાવવાને માટે પોતાથી શક્ય સર્વ પ્રયત્નો કરવાનો નિર્ણય કર્યો. તેના એ નિર્ણયે સર્વેને હર્ષિત બનાવ્યાં.

સિંહાસન પ્રાપ્તિને માટે પ્રયત્ન આદરવાનો વિચાર કરવો એ એક વસ્તુ હતી, અને એ વિચારને અમલમાં મૂકવો તે બીજી વસ્તુ હતી.

**પાટલીપુત્ર પ્રતિ પ્રયાણ**

વિચાર પરનો એકાંત ખૂણે કરવાનો હતો, પરંતુ તેના અમલમાં અનેક સાહસો ખેડવાં પડે તેમ હતાં. કુણાલ જો ચક્ષુવિહીન ન હોત તો સાહસ, એ એને માટે રમત ગણાત. પણ અંધકાર તેના કર્તવ્ય પંથને મર્યાદિત બનાવી રહી હતી.

પ્રિયદર્શીને સિંહાસન અપાવવાને માટે મુખ્ય બે કાર્ય કરવાનાં હતાં. એક તો કુણાલને ત્યાં પુત્ર જન્મેલ હોવાના સમાચાર અશોકને કાને પહોંચાડવા, અને બીજું એ પુત્રને પોતાના યુવરાજ તરીકે સ્થાપવાની તેને પ્રેરણા કરવી. મહેન્દ્રના સંસારત્યાગ પછી અશોકે પોતાના એક અન્ય સામાન્ય પુત્રને યુવરાજ તરીકે સ્વીકારી લીધો હતો. એ યુવરાજ પોતાના સ્વાર્થને ખાતર અશોકની આસપાસ પોતાનું મંડળ જમાવી દે અને તેને કાને કુણાલ અંગેના કોઇજ મહત્ત્વના સમાચાર ન પહોંચવા દે તે સ્વાભાવિક હતું. એટલે આખા માળવા કે મગધમાં પણ પ્રિયદર્શીના જન્મના સમાચાર પહોંચી જાય, તો પણ તે અશોકના કાને પહોંચવાનો કોઇ સંભવ નહોતો. અને કદાચ સંયોગવશાત્ અશોકના કાને એ સમાચાર પહોંચી જાય તો પણ તે હવે કુણાલના પુત્રને યુવરાજ તરીકે સ્વીકારી લેવાને સહજે પ્રેરાય એ મુશ્કેલ હતું. તે માટે તો તેને યોગ્ય સ્થાનેથી તીવ્ર પ્રેરણા મળવી જોઇએ.

કુણાલ એક વિગતવાર પત્રમાં બધી હકીકત વર્ણવીને કોઇ સંદેશવાહક મારફત તે અશોકને પહોંચાડે એ પણ એટલુંજ મુશ્કેલ હતું. કેમકે તે પત્ર ભાગ્યવશાત્ જો દુશ્મનોના હાથમાં જઇ ચડે તો બધી આશાઓ પર પાણી ફરી વળે એટલુંજ નહિ, પરંતુ કાવત્રાંઓના પરિણામે સર્વેની જિંદગી પણ જોખમમાં મૂકાઇ જાય. જો પદ્માવતી કે ધાવમાતાને અશોકની મુલાકાતે મોકલવામાં આવે તો દુશ્મનો સ્વાભાવિક રીતેજ તેમનો ઉદ્દેશ કળી જાય અને કોઇ પણ સંજોગોમાં તે મુલાકાત થવા ન પામે. એ જ રીતે કુણાલ રસાલા સાથે જો અશોકની સમક્ષ પહોંચવા ઇચ્છે તો તે પહોંચી શકે કે પ્રિયદર્શીને યુવરાજ તરીકે સ્વીકારવા અશોકને પ્રેરી શકે એ બંને અસંભવિત હતાં. તેણે જો પોતાની યોજનાને સફળ બનાવવી હોય તો કોઇને પણ તેની ઇચ્છાની ગંધ પણ આવી શકે તે પૂર્વેજ ગુપ્તરીતે તેણે અશોક સમક્ષ પહોંચી જવું જોઇએ.

અને આ વખતે કુણાલને પોતાની સંગીતસિદ્ધિ યાદ આવી. જો તે અંધ ગવૈયાના વેશે પાટલીપુત્ર લગી પહોંચી જાય અને પોતાની ગાયનકળાની કીર્તિથી અશોકનું ધ્યાન આકર્ષી શકે તો અશોકને સંગીતથી રીઝવીને તેના પાસેથી વચન મેળવી લેવું કે પ્રગટ થઇને પુત્રને માટે તેનો હક્ક માગવો એ તેને માટે સહેલું હતું. આ પ્રમાણે વિચારીને અંધ ગવૈયાના ગુપ્ત વેશે તેણે પાટલીપુત્ર પહોંચવાનો નિર્ણય કર્યો. અને એકના એક ઉપાય તરીકે સર્વેએ આ નિર્ણયને સંમતિ આપી.

બીજે દિવસે કુણાલે પાટલીપુત્ર પહોંચવાની વિગતવાર યોજના વિચારી લીધી; માતા, પ્રિયતમા ને પુત્રની સાથે પ્રેમમાં દિવસ વીતાવ્યો. સંધ્યાએ તે પાછલે બારણેથી અંધ ગવૈયાના ગુપ્તવેશે બહાર નીકળી પડયો. ને તેની ગેરહાજરી જણાઇ ન આવે તે માટે તે એકાંત ધ્યાનમાં પરોવાયલ હોવાના સમાચાર બહાર પાડવામાં આવ્યા.

પાટલીપુત્રમાં કુણાલ દેવપુત્રની જેમ ઉછર્યો હતો. ઉજ્જયિનીમાં તે રાજવંશી સૂબાપદે હતો, તે અંધ બન્યા પછી પણ પ્રજા તેના પત્યે દેવ સરખું માન ધરાવતી હતી; ફરજનો આવેગ ઊતરી ગયા પછી તેણે થોડાક સમય લગી જો કે અંધત્વનો સંતાપ અનુભવેલો પણ પછી ધીમે ધીમે વ્હાલસોયી માતાના ખોળામાં અને ભક્તિસભર પ્રિયતમાની સોડમાં તે તે સંતાપને વીસરી ગયેલો. અને પુત્ર જન્મ્યા પછી તો તેના આનંદને સીમા નહોતી. પ્રિયદર્શીને ખોળામાં રમાડતાં તે અનહદ સુખ અનુભવતો. માતા, પત્ની વગેરે પણ તેના સુખને ખાતર પોતાનું જીવન સમર્પી દેવાને પણ તૈયાર હતાં. તે ઉજ્જયિનીની આવક તેના ગમે તેવા ખર્ચાઓને પહોંચી વળે તેમ હતી.

પણ આજે તે અંધ ગવૈયો—ભિક્ષુક હતો. કુદરતની એ અકળ લીલા હતી કે તેણે વિશ્વભરમાં અજોડ સામ્રાજ્યના કામદેવ સમા યુવરાજને અંધ બનાવીને તેને પોતાનીજ પ્રજાના બારણે બારણે સારંગી વગાડતા ભિખારીની દશામાં મૂકયો હતો. કુણાલ કુદરતની એ લીલાને વિચારી રહ્યો ને તેનું અંતર દ્રવી ઊઠયું. આજે પાટલીપુત્ર પ્રતિ આગળ વધવાને માટે તેના પાસે કેવળ કોમળ રાજવંશી પગ, ઓષ્ઠ પર સારંગી

સુમાત્રા, બ્રહ્મદેશ, ચંપા (ફ્રેન્ચ હિંદી ચીન) વગેરે દેશોમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર થયો હોવાના અનેક પુરાવાઓ[22] મળી આવે છે, જ્યારે શિલાલેખોમાં તેમાંના એક પણ પ્રદેશનું નામ નથી. બૌદ્ધ સાહિત્યમાં પણ અશોકે પોતાના રાજ્યાભિષેકના અઢારમા વર્ષે ધર્મ-પ્રચારાર્થે જે જે પ્રદેશોમાં થેરાઓ (બૌદ્ધ ભિક્ષુકો) મોકલ્યા તે તે પ્રદેશોનાં નામ મળી આવે છે[23] પણ તે શિલાલેખોમાંનાં નામ સાથે સુસંગત નથી. એટલે શિલાલેખોનો કોતરાવનાર નૃપતિ અશોક કરતાં કોઈ જુદી જ વ્યક્તિ છે.

પોતાના તેરમા મુખ્ય શિલાલેખમાં પ્રિયદર્શિન જણાવે છે કે—તેણે રાજ્યાભિષેકના આઠમા વર્ષે કલિંગ પર વિજય મેળવ્યો. એ આક્રમણમાં દોઢ લાખ માણસો કેદ પકડાયા અને એક લાખ હણાયા. આ ભયાનક હિંસા માટે પ્રિયદર્શિન ખેદ વ્યક્ત કરે છે. બૌદ્ધ સાહિત્યમાં અશોકે એવું કોઈ આક્રમણ કર્યાનો નિર્દેશ નથી. જ્યારે પ્રાચીન જૈન સાહિત્યમાં સંપ્રતિના દક્ષિણ-વિજય અંગેના સ્પષ્ટ ઉલ્લેખો મળી આવે છે.[24] તે ઉપરાંત પશ્ચાત્તાપ વ્યક્ત કરતા ઉક્ત લેખમાંથી એ સાર નીકળે છે કે પ્રિયદર્શિને પોતાના સમગ્ર જીવનમાં એક જ પાપ કર્યું હતું અને તે કલિંગ પરનું આક્રમણ. આ વિધાન સંપ્રતિને લાગુ પડી શકે છે. પણ તે અશોકને તો કોઈ પણ સંજોગોમાં લાગુ પડી શકે તેમ નથી. કેમકે સંપ્રતિની જેમ અશોકનું જીવન નિષ્કલંક નથી. બૌદ્ધ સાહિત્યમાં પણ તેણે પોતાની પૂર્વાવસ્થામાં અનેક ભયાનક પાપો કર્યાં હોવાને લીધે

ચંડનું વિશેષણ મળ્યું હતું. તે કબૂલ રાખવામાં આવ્યું છે. પોતાના ૯૯ બંધુઓનો વધ કરીને અશોક ગાદીએ આવ્યો હતો એવા 'મહાવંશ'ના અને બીજા પણ બૌદ્ધ ગ્રન્થોના વિધાનને બાજુએ મૂકીએ તો પણ, તે પોતાના વડીલ બંધુ અને કાયદેસર વારસ સુસીમનો વધ કરીને સિંહાસને ચડ્યો હતો તે તો ઐતિહાસિક સત્ય છે.

તે ઉપરાંત તેણે પુંડ્રવર્ધન નગરના ૧૮૦૦૦ આજીવિકોને મરાવી નાંખ્યા હતા અને પછી પાટલીપુત્રના બધાજ આજીવિકોને મરાવી નાંખી એવો હુકમ કાઢ્યો હતો કે આજીવિકનું માથું લાવનારને દીનાર ઇનામમાં મળશે.[25] વળી પાટનગરમાં તેણે એક વધાગાર ખોલ્યું હતું અને વધાગારના અમલદાર ચંડગિરિકને એવી સૂચના આપેલી કે વધાગારની નજીકથી પસાર થતા દરેક માણસનો વધ કરી નાંખવો.[26] પૂર્વાવસ્થામાં આવાં ભયાનક પાપો કરનાર માનવી ઉત્તરાવસ્થામાં એક કલિંગ પરના આક્રમણનોજ જાહેર પશ્ચાત્તાપ તો કેમ વ્યાજબી ગણાય? અને તે પણ જીવનમાં એક કલિંગ પરના આક્રમણ સિવાય બીજું કોઈ જ પાપ નથી કર્યું એવું તો સંપ્રતિ–પ્રિયદર્શિન એ આક્રમણનો પશ્ચાત્તાપ કરે એ સર્વથા સુઘટિત છે.

વળી, બરાબર–ગિરિના ગુફાલેખથી જણાય છે કે પ્રિયદર્શિને આજીવિકોને આપવા માટે ત્રણ ગુફાઓ ભેટ ધરી છે. અશોક આજીવિકો પ્રત્યે કેટલો ક્રૂર હતો તે તો આપણે ઉપર જ જોઈ ગયા છીએ. એટલે આ ભેટ આપનાર રાજવી અશોક કરતાં કોઈ જુદી જ વ્યક્તિ[27]

(૨૨) [illegible]

(૨૩) [illegible]

(૨૪) [illegible]

(૨૫) દિવ્યા. [illegible]

(૨૬) દિવ્યા. [illegible]

(૨૭) [illegible] ("We cannot, however, [illegible] Barabar [illegible]")

ને હૃદયમાં પુત્રને તેનું સિંહાસન અપાવવાની પોતાની ફરજની તમન્ના એટલાં જ સાધન હતાં. પોતાની પાસે નાણું નિહાળતાં કદાચ કોઈને વહેમ આવે તે ભયે તેણે સાથે પૂરતા પૈસા પણ લીધા નહોતા. સંગીતની સહાયથીજ પોષણ ને પ્રેરણા પામતાં પાટલીપુત્ર લગી પહોંચી જવાની તેને ઉમેદ હતી. ને તેની એ ઉમેદ કુદરતે પુરી પણ પાડી. થોડાજ દિવસમાં તે, સંગીતથી પ્રજાને રીઝવતો ને સગવડતા પામતો સેંકડો માઈલની મજલ કાપીને પાટલીપુત્રને દ્વારે જઈ પહોંચ્યો.

અહીંજ તેનાં વિદ્યા, કલા અને વ્યક્તિત્વની ખરી કસોટી હતી. પાટલીપુત્રની પ્રજાને સંગીતમાં એવી મોહમુગ્ધ બનાવવાની હતી કે જેની કીર્તિના પડઘા દિગંતમાં ગર્જીને અશોકના કાને અથડાય અને અશોક પોતાને અંધ ગવૈયા તરીકેજ આમંત્રે. આ પ્રકારે પોતાનું કર્તવ્ય વિચારીને કુણાલે પાટલીપુત્રમાં પ્રવેશ કર્યો. સંગીતની ઉપાસના અને શાંતિમય જીવનના કારણે તેના ભવ્ય કંઠસ્વરમાં મૃદુતા અને માધુર્ય તો ઉમેરાઈ ચૂક્યાં હતાં પણ પાટલીપુત્રની પ્રજા ચહેરાથી પોતાને પિછાણી ન લે તે ખાતર તેણે તેમાં શક્ય પરિવર્તન કરી નાંખ્યું. ને કંગાલ અંધ ગવૈયાના વેશે તે પાટલીપુત્રની શેરીએ શેરીએ ફરવા લાગ્યો.

### અંધ ગવૈયો

થોડાજ દિવસમાં પાટલીપુત્રની પ્રજા તેના સંગીતમાં મંત્રમુગ્ધ બની ગઈ. બાળકોનાં અને મૃગોનાં ટોળેટોળાં તેની પાછળ ભમવા લાગ્યાં. પાટલીપુત્રની કલાપ્રિય સુંદરીઓ તેનો કિન્નરની જેમ સત્કાર કરવા લાગી; તેનાં અંધત્વને વીસરી જઈને તેઓ તેના ચરણે પોતાનાં હૈયાં ઝુકાવવા લાગી; તેના અંધ ચક્ષુને પોતાનાં નયન-[illegible] તેજોમય બનાવવાની વેદના સેવવા લાગી. નામાંકિત કે અકિંચન નરનારીઓ પણ પોતાને સ્થાને [illegible]ને તેના મધુર સંગીત પ્રવાહનું પાન કરવા લાગ્યાં. અનેક અધિકારીઓએ તેને પોતાને ઘેર પધારવાનાં આમંત્રણ મોકલ્યાં. પણ એ આમંત્રણનો અસ્વીકાર કરતાં તેણે ઉત્તર વાળ્યો કે, 'પોતે કલાનો વેપારી નહિ પણ ઉપાસક છે; પોતાની કલા એ કે[ાઈ] બજારૂ ગણિકા નથી કે જેનાં તેનાં આમંત્રણનો સ્વીકા[ર] કરી લ્યે; તે તો એક એવી દેવી છે કે જે જીવનમ[ાં] એકાદ જ પ્રસંગે કોઈ પુરુષવરના આમંત્રણનો સ્વીકાર કરે; બાકીના જગતને તો તેના પ્રત્યે પ્રેમ કે ભક્તિ હોય તો પૂજનને માટે તેના ચરણે આવવું જોઈએ.' કુણાલના આ ઉત્તરે પાટલીપુત્રની પ્રજાનાં હૈયાં હરી લીધાં. અનેક માનવો તેને પાટલીપુત્રની પુણ્યવાન પ્રજાને રીઝવવાને માટે સ્વર્ગમાંથી ઊતરી આવેલો દેવ માનવા લાગ્યા.

થોડા જ સમયમાં અંધ ગવૈયાની કીર્તિ અશોકના કાને જઈ પહોંચી. તેણે અધિકારીઓને પાઠવેલા ઉત્તરે તેનામાં ઉત્સુકતા જન્મી. ગવૈયાએ પોતાના સરખા પુરુષવરનું આમંત્રણ તો સ્વીકારવું જ જોઈએ એવો તેનામાં ગર્વ જન્મ્યો. એટલે તેણે એક અંગત સંદેશ-વાહક મારફત અંધ ગવૈયાને રાજમહેલમાં પધારવાનું આમંત્રણ મોકલાવ્યું. ને કુણાલે પણ અશોકને પુરુષ-વર તરીકે ઓળખાવી તે આમંત્રણનો સહર્ષ સ્વીકાર કર્યો. ગવૈયાના આ વર્તનથી અશોકને તેના પ્રત્યે સદ્‌ભાવ જન્મ્યો.

બીજે દિવસે રાજમહેલમાં અંધ ગવૈયાના સંગીતનો જલસો ગોઠવવામાં આવ્યો. પાટલીપુત્રની પ્રજા પોતાના માજી યુવરાજને ભલે ન પિછાણી શકી પરંતુ અશોક તો પોતાના પુત્રને પ્રથમ નજરે જ ઓળખી કાઢત. પણ આ વખતે અંધત્વ કુણાલની મદદે આવ્યું. કેમકે નૃપતિ અંધ માનવીનું મોં ન નિહાળી શકે એ રાજસૂત્રનું પાલન કરવાને તેની અને અશોકની વચ્ચે એક રેશમી પડદો ગોઠવવામાં આવ્યો હતો. અને સંગીતની ઉપાસના તથા શાંતિમય જીવને કુણાલના કંઠસ્વરને એવો મૃદુલ અને મધુર બનાવી દીધો હતો કે અવાજથી અશોક કુણાલને ઓળખી કાઢે એ મુશ્કેલ હતું.

### અશોકના રાજમહેલમાં

અશોક પોતાના સંગીતથી અતિ પ્રસન્ન બન્યા પૂર્વેજ પોતાને પિછાણી લે એ કુણાલને ઇષ્ટ ન

રીતે પસંદ નહોતું. કેમકે તેમ થાય તો પોતાને ત્યાં પુત્ર જન્મ્યાના સંયોગો વર્ણવીને તેને માટે વડીલ પુત્ર તરીકે સિંહાસનની યાચના કરવાનો જ પ્રસંગ આવે. પણ કુણાલને સિંહાસન ભીખથી નહિ, પરંતુ વરદાનથી મેળવવું હતું અને પછી તે પર પ્રિયદર્શીનો હક્ક સાબિત કરવો હતો. એટલે તેણે યોગ્ય તક મળ્યા પહેલાં જ પોતાનું વ્યક્તિત્વ પ્રગટ ન થઈ જાય તે માટે પૂરતી કાળજી રાખીને સંગીતના સ્વર છેડવા માંડયાં.

બે પાંચ પળમાં જ વાતાવરણ સંગીતના પ્રાણથી સજીવ બની ગયું. આસપાસ જાણે તેજનાં વર્તુલ ભમતાં હોય અને તેમાંથી હૃદય–આલ્હાદક ખૂશબો નીતરતી હોય એવો સર્વને અનુભવ થવા લાગ્યો. બ્રહ્માંડભરમાં મધુર સંગીત સમી આલ્હાદક વસ્તુ અન્ય કોઇ જ ન હોઇ શકે એ વિષે રાજવંશી શ્રોતાઓ પણ એકમત બન્યા. અશોક તો જાણે અમૃતસાગરમાં સ્નાન કરતો હોય એવી આનંદતૃપ્તિ અનુભવવા લાગ્યો. કર્ણમાર્ગે હૃદયમાં ઊતરતા સંગીતસ્વરો તો તેની જેમ અન્યને પણ આહ્લાદ બક્ષતા હતા પરંતુ તેની સાથે સાથે કુણાલના પુત્રહૃદયમાંથી પ્રગટતો ધ્વનિ અશોકના વ્યથિત પિતૃહૃદયને વાત્સલ્યનાં અમૃતકિરણોથી નવજીવન બક્ષી રહ્યો હતો. અશોકને થયું કે આવી આનંદસમાધિ સતત મળતી હોય તો તેની આગળ બૌધ્ધોની નિર્વાણ–પ્રાપ્તિ કશી વિસાતમાં નથી.

સંગીતના સ્વર અટકતાંજ, મધુર સ્વપ્નમાંથી જાગતાં માનવીની જેમ સર્વે આનંદસમાધિમાંથી જાગૃત થયાં. અશોક હર્ષથી કંપતા સ્વરે એકાએક બોલી ઊઠયો.

" સંગીતદેવ! તારી ઇચ્છામાં આવે તે માગી લે. મગધનો સમ્રાટ તારી કોઇ પણ માગણીને સંતોષવાને તત્પર ઊભો છે."

" મારે કાકિણી જોઇએ. " કુણાલ પોતાના ભવ્ય સ્વરે બોલી ઊઠયો.

"કાકિણી?" સમીપમાં બેઠેલા મંત્રીઓ સામે જોઇને અશોક બોલી ઊઠયો," એ શબ્દ કઇ વસ્તુ સૂચવે છે? શું રત્નો? કે રાજ્ય?"

" દેવ," મહામંત્રીએ વિનયપૂર્વક કહ્યું, "કાકિણી શબ્દ જો કે રત્નોનો પણ સૂચક છે. પણ બહુધા તો તે શબ્દ રાજ્યનો જ પર્યાયવાચી શબ્દ છે, અને આ ગવૈયાનો આશય પણ એ શબ્દથી રાજ્યની જ માગણી કરવાનો જણાય છે."

" રાજ્ય!" અશોકે વિસ્મય દર્શાવતાં પૂછયું, "અંધ ગવૈયો રાજ્યને શું કરશે?"

" રાજન્," કુણાલે ભાવવાહી સ્વરે કહ્યું, "અત્યારે તો હું અંધ ગવૈયા તરીકે જ ઓળખાઉં છું, પરંતુ એક દિવસે જગત મને મહાન ચન્દ્રગુપ્તના પ્રપૌત્ર, બિન્દુસારના પુત્ર અને યશસ્વી અશોકના યુવરાજ પુત્ર તરીકે સન્માનતું હતું."

અશોકનાં નયન સામે જાણે વીજળી પ્રગટી હોય તેમ તે પળભર સ્તબ્ધ બની ગયો. પણ બીજી જ પળે વચ્ચે ઝૂલતા રેશમી પડદાને ચીરી નાંખીને કુણાલને ભેટી પડતાં તે બોલ્યો, " બેટા!"

કુણાલના મુખમાંથી પણ 'પિતાજી' એટલો જ શબ્દ નીકળ્યો અને પળભર તે અશોકની છાતી સરસો ચંપાઇ રહ્યો. થોડીવારે અશોકના ભૂજયુગલમાંથી છૂટયા પછી તેના ચરણે માથું નમાવતાં તે બોલ્યો, " કુણાલ આપને વંદન કરે છે."

અશોક થોડીક ક્ષણ સુધી અંધ પુત્રને સ્તબ્ધભાવે નિહાળી જ રહ્યો. પોતાની ભૂલથી કુણાલ અંધ બન્યો છે એ તેણે કાને સાંભળ્યું હતું, પણ ચક્ષુવિહીન પુત્રને નજરે નિહાળવાની તેની હિંમત નહોતી ચાલી. આજે તેને એ દશામાં પહેલ પ્રથમ જોતાં તેનાં નયન ભીનાં બન્યાં. કડવાં–મીઠાં અનેક સ્મરણો તેના મનને ઘેરી વળ્યાં. થોડીવારે મનને સ્વસ્થ બનાવી તે બોલ્યો,

" બેટા, રાજ્યને તું શું કરીશ? થોડાંજ વર્ષો પૂર્વે તું મૌર્ય મહારાજ્યનો યુવરાજ હતો, વિશ્વભરના ઉપભોગો તારે ચરણે રમતા હતા. પણ મારી ભૂલભરી આજ્ઞાને માન આપવાને ખાતર તેં એ સર્વને તો પહેલેથી જ ફગાવી દીધેલ છે. તો હવે એ રાજ્ય માગવાને આટલો શ્રમ કેમ ઉઠાવવો પડયો?"

બીજે દિવસે પ્રભાતમાં પ્રિયદર્શીની સ્વારી શુભ મુહૂર્તે પાટલીપુત્રમાં પ્રવેશી. અશોકે પ્રિયદર્શીને પોતાના ખોળામાં લઇ લીધો હતો અને કુણાલ, કંચનમાળા, ધાવમાતા વગેરે અશોકને વીંટળાઇને બેઠાં હતાં. પાટલીપુત્રની પ્રજાએ પોતાના સાચા યુવરાજને મોતી, ફૂલ, અક્ષત ને કંકુથી વધાવી લીધો. પ્રિયદર્શીના હાથીની બંને બાજુ પર ઉત્સાહી માનવમેદનીનાં પૂર ઊલટવા લાગ્યાં. એ સર્વેને વટાવીને પ્રિયદર્શીનો હાથી રાજમંદિરમાં પહોંચ્યો.

અશોકે પ્રિયદર્શીને યુવરાજ તરીકે તો અગાઉથી જ જાહેર કરી દીધો હતો, એટલે તે પદે તો તેનો અભિષેક કરવામાં કશું વિચારવાનું નહોતું. એટલે નગરપ્રવેશ પછી તરતજ તેને યુવરાજપદે અભિષિકત કરવામાં આવ્યો. પરંતુ પ્રિયદર્શીને નજરે નિહાળ્યા પછી અશોકમાં એક નવી ભાવના પ્રગટી હતી. અને તે એ કે પોતાને પ્રિયદર્શી સમો અલૌકિક પૌત્ર સાંપડ્યો છે તો પછી તેને સિંહાસન સોંપીને પોતે નિવૃત્તિને પંથે કાં ન વળવું? એ ખરું કે પ્રિયદર્શી હજી નાનો છે અને કુણાલ ચક્ષુવિહીન છે એટલે પ્રિયદર્શી ઉંમરલાયક થતાં લગી પોતાને રાજ્યકારભાર સંભાળવો પડે, પરંતુ તેમ છતાં તાજના ભારમાંથી તો પોતે છૂટી શકે ને? પ્રિયદર્શી હજી નાનો છે, અને યુવરાજપદ પરનો કુણાલનો હક્ક રદ થવાથી તથા અન્ય સંતાન એ પદે નીમાવાથી પોતાના વારસ અંગેનો પ્રશ્ન એટલો ગૂંચવાડામાં મૂકાયો છે કે પ્રિયદર્શીને યુવરાજ તરીકે અભિષેક કર્યો છતાં પોતે જો તે ઉંમર લાયક બનતાં પહેલાં કે સિંહાસને ચડતાં પહેલાં અકસ્માત્ ગરણ પામે તો પાછળથી અન્ય પુત્રો સિંહાસનને માટે ઝઘડા કર્યા વિના ન રહે. પ્રિયદર્શી ઉંમર લાયક બને ત્યાં લગી જીવવાનું તો પોતાને હસ્તક નહોતું. પરંતુ પોતાની હયાતિ દરમિયાન તેને સિંહાસને ચડાવી દેવાનું પોતાના હાથમાં હતું. એ પ્રમાણે વિચારીને અશોકે બનતી ત્વરાએ પ્રિયદર્શીનો નૃપતિપદે અભિષેક કરીને તે ઉંમર લાયક બને ત્યાં લગી પોતે રાજરક્ષક (Regent) તરીકે રાજ્ય-કારોબાર ચલાવવાની યોજના ઘડી કાઢી.

બીજે દિવસે મંત્રીમંડળમાં આ યોજના વિચારવામાં આવી અને સામ્રાજ્યની ભાવી શાંતિ અને સલામતીની ખાતર પ્રિયદર્શીને તરતજ રાજતિલક થાય અને તેને રાજમુકુટ સોંપવામાં આવે એ વિષયમાં સર્વે સંમત બન્યા. અશોકના એક બે નાના કુંવરોએ યશસ્વી સમ્રાટની હયાતિ દરમિયાનજ ધાવતા બાળકને રાજદંડ સોંપી દેવામાં આવે તે સામે પોતાની અરુચિ દર્શાવી પરંતુ તેથી તો અશોક પોતાના વિચારમાં વધારે મક્કમ બન્યો અને ચાલુ પખવાડિયામાંજ પ્રિયદર્શીનો રાજ્યાભિષેક કરવાની તેણે પોતાની ઇચ્છા દર્શાવી.

સાંજરે જોશીઓને આમંત્રીને તેમને મુહૂર્ત પૂછવામાં આવ્યું અને જોશીઓએ જણાવ્યું કે જો આજથી નવમા દિવસે રાજતિલક કરવામાં આવે તો તે રાજવી ચક્રવર્તીપદ લગી પહોંચી શકે એવો યોગ છે. અશોક તો ઝડપ ઇચ્છતોજ હતો. એટલે તેણે ત્વરિત રાજ્યાભિષેકની તૈયારી કરવા માંડી. અને પ્રિયદર્શી પાટલીપુત્રમાં પ્રવેશ્યાના દશમાજ દિવસે પ્રજાના અપૂર્વ ઉત્સાહ વચ્ચે તેને રાજતિલક કરીને સિંહાસને બેસાડવામાં આવ્યો. આ કાર્યમાં પ્રિયદર્શી પ્રત્યેનો પોતાનો પક્ષપાત ન જણાઇ આવે અને એક બાળક રાજા બનવાથી સામ્રાજ્યની સલામતી જોખમમાં મૂકાઇ છે એમ કોઇ ન માની બેસે એટલા ખાતર પ્રિયદર્શીને ખોળામાં લઇને અશોક પોતે સિંહાસને બેઠા અને પ્રિયદર્શીના માથે રાજમુગટ મૂકતાં બોલ્યો કે સામ્રાજ્યની ભાવી શાંતિને ખાતરજ બાળક પ્રિયદર્શીને રાજતિલક કરવામાં આવ્યું છે. પણ તે ઉંમરલાયક બને ત્યાં લગીને માટે રાજ્યકારોબાર પોતેજ સંભાળશે, રાજદંડ પોતેજ ધારણ કરશે અને રાજતંત્રવાહક રાજ પોતેજ ચલાવશે. અશોકના આ ખુલાસાથી સર્વેને સંતોષ થયો અને તેમણે અશોકની ફરીને અને ફરીને પતાની પ્રશંસા કરી સમ્રાટ અશોક તેમજ નવા નૃપતિ પ્રિયદર્શીની જયજયકાર બોલાવી.

આ રીતે ઈ. સ. પૂ. ૩૦૪માં જન્મીને દશ માસની વયેજ પ્રિયદર્શી ઈ. સ. પૂ. ૩૦૩ માં મૌર્ય સિંહાસનનો સૂર્ય બન્યો. તે પછી ચૌદ વર્ષ લગી સામ્રાજ્યનો શાસક અશોક રહેવા છતાં નૃપતિ તરીકે તો પ્રિયદર્શીનીજ જયજયકાર બોલાતી.

**અશોકની ઉત્તરાવસ્થા**

પૌત્ર જન્મ પછી અશોકના પ્રતિકુળ ગ્રહોએ પણ દિશા બદલવા માંડી હતી. બાર બાર વર્ષ સુધી માર માર કરી રહેલા યવનપતિ સેલ્યુકસે પણ આ અરસામાં સંધિનું કહેણુ મોકલાવ્યું. સેલ્યુકસ સાથેની આ સંધિથી તેની પુત્રી એથેના સાથે અશોક લગ્નગ્રંથિથી જોડાયો હતો. બૌદ્ધ સાહિત્યમાં એથેના અસંધિમિત્રાના નામે ઓળખાયલી છે. તે અતિ રૂપવતી હતી અને અશોક પર તેનો ખૂબ પ્રભાવ પડતો. તેની સલાહથી અશોકે કેટલાક યવનરાજપુરુષોને મૌર્ય શાસનતંત્રમાં ઉચ્ચ દરજ્જા બક્ષ્યા. તેમાંના એક તુષાસ્ફ નામે યવનસરદારને તેણે સૌરાષ્ટ્રનો સૂબો બનાવ્યો. તે સૂબાએ ગિરનારની તલેટીમાં સમ્રાટ ચન્દ્રગુપ્તે બંધાવરાવેલા સુદર્શન સરોવરને અશોકની અનુમતિથી સમરાવીને શોભાયમાન બનાવ્યાનો લેખ આજે પણ મળી આવે છે.

**બે રાજદરબાર ને ડેમેકોસ**

રાજતિલક થયા પછી પ્રિયદર્શી કેટલોક સમય પાટલીપુત્રમાં ગાળતો તો કોઈક વખત તે પિતાની સાથે ઉજ્જયિની પણ જઈ વસતો. બાલવયમાં હોઈને તેનો ઘણોખરો સમય તો અભ્યાસમાં જ પસાર થતો છતાં તે સિંહાસનસ્થ નૃપતિ હોઈને તે જ્યાં હોય ત્યાં રાજદરબાર પણ ભરાતો. એટલે અશોકની ઉત્તરાવસ્થામાં મૌર્ય મહારાજ્યમાં બે રાજદરબાર ભરાવા લાગ્યા. તેમાંથી અશોકના રાજદરબારમાં ગ્રીક એલચી તરીકે જેમ મેગેસ્થીનીસ નીમાયો હતો તેમ હવે પ્રિયદર્શીના રાજદરબારમાં ગ્રીક એલચી તરીકે ડેમેકોસને નીમવામાં આવ્યો.

**કાન-ભંભેરણી**

રાણી અસંધિમિત્રા ત્રણેક વર્ષ પછી મરણ પામતાં અશોકે તેની એક રૂપવતી દાસી વેરે લગ્ન કર્યાં. આ દાસી ખૂબજ મહત્ત્વાકાંક્ષી હતી. તેને એવી ઇચ્છા હતી કે પોતાને પુત્ર થાય અને તે મૌર્ય સામ્રાજ્યનો સ્વામી બને. આવી આશાથી તેણે પ્રિયદર્શીને ઉથલાવી પાડવાને તેની વિરુદ્ધ અશોકના કાન ભંભેરવા માંડયા.

બૌધ્ધાચાર્યો પણ પ્રિયદર્શીને રાજતિલક થવાથી ગભરાઈ ઊઠયા હતા. ને અશોકના નાના કુમારોએ તથા દાસી-રાણીએ તેમની તે ગભરામણમાં ઉમેરો કર્યો. તેમણે સમજાવ્યું કે પ્રિયદર્શી જૈન ધર્મ પ્રત્યે અનુરાગ ધરાવતી પદ્માવતી અને કંચનમાળાને ખોળે ઉછર્યો છે; જૈન ધર્મનાં કેન્દ્ર સમાં વિદિશા અને અવંતીમાં તેનું બાલપણ વીત્યું છે; તેનું મોસાળ ને માતૃભૂમિ જૈન ધર્મથી રંગાયલાં છે; અને તેનો પિતા કુણાલ પોતાને અંધ બનાવનાર કાવત્રાની રચના બૌધ્ધાચાર્યોને આભારી માને છે, એટલે પિતા-પુત્ર બંને બૌદ્ધ ધર્મ પ્રત્યે અપ્રીતિ ધરાવે તે સહજ છે. એટલે બૌદ્ધાચાર્યો જો બૌદ્ધ ધર્મના કીર્તિધ્વજને ફરકતો રાખવા માગતા હોય તો તેમણે ગમે તેમ કરીને પ્રિયદર્શીને ઉથલાવી પાડવો જોઇએ. આ અમાનુષી અને દ્વેષપૂર્ણ કથનને, ધર્મના ઠેકેદાર લેખાતા બૌદ્ધાચાર્યો, " રામ રાખે તેને કોણ ચાખે " વાળી સર્વસામાન્ય ઉક્તિ પણ વિસરી ગયા.

બૌદ્ધાચાર્યોએ હવે પ્રિયદર્શીને ઉથલાવી પાડવાને ખાતર પોતાની કુટિલ બુદ્ધિને કામે લગાડી. જો પોતે પ્રિયદર્શીની વિરુદ્ધ અશોકને કંઈ કહેશે તો તેની ધારી અસર નહિ થાય એમ માનીને તેમણે રાજકર્મચારીઓમાંથી રાધાગુપ્ત નામના મંત્રીને પોતાના-પક્ષમાં ખેંચી લીધો. દ્રવ્યની લાલચે કેટલાક બીજા અધિકારીઓ પણ તેમના પક્ષમાં ભળ્યા. તેમણે અશોક અને પ્રિયદર્શી વચ્ચે બેદિલી ખીલવીને બંનેને ઉથલાવી પાડવાની અને પછી મૌર્ય સિંહાસનને પોતાનું કહ્યું કરતા રાજકુમારનો અભિષેક કરવાની યોજના ઘડી. દાસી-રાણીએ પણ

" પિતાજી," કુણાલે ઊર્મિલ સ્વરે કહ્યું, "આપની સહી સાથેની ગમે તેવી આજ્ઞાને પણ તત્કાલ માન આપવું તે પુત્ર તરીકે, પ્રજાજન તરીકે અને સૂબા તરીકે મારી ફરજ હતી અને છે. એ ફરજનું પાલન કરતાં મેં નયન ગુમાવ્યાં; અને ચક્ષુવિહીન પુરુષ તરીકે મેં રાજ્ય પરનો હક્ક ગુમાવ્યો. પણ તેથી કંઈ આપના પ્રથમ પુત્ર તરીકેનો મારો હક્ક નાબૂદ નહોતો થતો. આજે આ અંધ ગવૈયો આપના પાસે વચનમાં રાજ્ય માગે છે તે અંધ કુણાલને માટે નહિ, પરંતુ આપના નયનરહિત વડીલ પુત્રના નયનસહિત પુત્રને માટે."

" ઓહ ! " અશોક આસપાસ નિહાળીને દર્દમય સ્વરે બોલી ઊઠ્યો, " શું ધનભાગ્ય છે રાજાઓનાં ? કે હજારો સંદેશવાહકો છતાં તેઓ પૌત્રજન્મના સમાચારથી પણ વંચિત રહી જાય છે ! " ને પછી કુણાલને સંબોધીને તેણે પૂછ્યું, " ક્યારે પુત્ર જન્મ્યો ? શું નામ રાખ્યું ? દેખાવે કેવોક છે ? "

" સંપ્રતિ ( હમણાં–તાજેતરમાં જ )–પ્રિયદર્શી ( પ્રિયદર્શી નામ–દેખાવમાં પ્રિય લાગે એવો ) " કુણાલે બે શબ્દમાં જ અશોકના ત્રણે પ્રશ્નોનો ઉત્તર આપ્યો.

**સંપ્રતિ-પ્રિયદર્શી**

કુણાલનો આશય આ બે શબ્દોથી એમ સૂચવવાનો હતો કે પોતાને પુત્ર તાજેતરમાં જ જન્મ્યો છે અને તેનું નામ પ્રિયદર્શી છે તથા દેખાવે પણ તે પ્રિય લાગે તેવો છે. પરંતુ અશોક એમ સમજ્યો કે કુણાલનો પુત્ર તાજેતરમાંજ જન્મેલો છે અને તેનું નામ સંપ્રતિ છે તથા દર્શનમાં તે પ્રિય થઈ પડે તેવો છે. એટલે પૌત્ર અંગેની વાતચીતમાં તેણે સંપ્રતિ શબ્દથીજ વ્યવહાર કરવા માંડ્યો. કુણાલે પાછળથી આ સમાજરેર પર પ્રકાશ ફેંકતાં અશોકે તેમજ અન્ય સર્વેએ કુણાલના પુત્રને પ્રિયદર્શી નામે વંદતો [illegible] અને એજ નામ વંચારે સુંદર ને જેવું [illegible] તેમને જણાવ્યું પણ સમ્રાટ અશોકના [illegible] માટે સમજેરમાં નીકળી ગયેલો 'સંપ્રતિ' શબ્દ અમર બની રહ્યો ને પ્રિયદર્શી શબ્દમાં [illegible] પણ [illegible]. પરિણામે રાજકીય વ્યવહારો તેમજ શિલાલેખોમાં તે પ્રિયદર્શીના નામે ઓળખાયલ હોવા છતાં જૈન સાહિત્યમાં તે સંપ્રતિના લાડકા નામે જ જાણીતો બન્યો છે,

**પ્રિયદર્શીને યુવરાજપદ**

અશોક અંધ ગવૈયાને તેની માગણી સંતોષવાનું વચન આપી ચૂક્યો હતો. એટલું જ નહિ પરંતુ કુણાલનો પુત્ર જ મૌર્ય સામ્રાજ્યનો સાચો વારસ ગણાય એ વસ્તુસ્થિતિ ઝડપથી વિચારી લઈને અશોકે તરત જ પ્રિયદર્શીને પોતાના યુવરાજ તરીકે જાહેર કર્યો અને તેને ઉજ્જયિનીથી પાટલીપુત્ર તેડી લાવવાને કુણાલની સાથે વિશ્વાસપાત્ર મંત્રીઓ રવાના કર્યા. ને કુણાલને થયેલા અન્યાયનો બદલો વાળવાને અશોકે પોતે પ્રિયદર્શીનો સ્વર્ગીય સત્કાર કરવાની અને તેને અપ્રતિમ ધામધૂમપૂર્વક યુવરાજપદે અભિષિક્ત કરવાની તૈયારીઓ કરવા માંડી.

**પદ્માવતીનું અવસાન**

પ્રિયદર્શીના જન્મના સમાચાર પાટલીપુત્ર તરત નહોતા પહોંચી શક્યા પરંતુ અશોકે પ્રિયદર્શીને યુવરાજ તરીકે સ્વીકાર્યાના સમાચાર અતિ ઝડપથી ઉજ્જયિની પહોંચાડી દેવાયા. મોતને બિછાને સૂતેલી પદ્માવતીએ સમાચાર સાંભળીને હર્ષથી પુલકિત બની ઊઠી. તેના મુખ પર અંતિમ સાંધ્યતેજ વરસવા લાગ્યું. ને મંત્રીઓ સાથે કુણાલ ઉજ્જયિની આવી પહોંચતાં જ તેણે પ્રિયદર્શીને છેલ્લી વાર રમાડી લઈ કુણાલના ખોળામાં પોતાના પ્રાણ છોડ્યા.

આ રીતે મૌર્ય રાજકુટુંબની એક પવિત્ર તેજસ્વી દીપિકા ઓલવાઈ ગઈ. ઇતિહાસમાં તેનું અસ્તિત્વ હજી સ્પષ્ટ નથી બન્યું. બૌદ્ધ ગ્રન્થો તેને દેવીના નામે ઓળખાવે છે અને મહેન્દ્ર–સંઘમિત્રાની માતા તે હતી એમ જણાવે છે. બીજી બાજુ એજ બૌદ્ધ ગ્રન્થો કબૂલ રાખે છે કે અશોકે સૌથી પ્રથમ લગ્ન વિદિશાની વૈશ્યકુમારી દેવી–પદ્માવતી વેરે કર્યાં હતાં, તેના જ પેટે અશોકનો પાટલીપુત્ર જન્મ્યો હતો, અને

આ રીતે ઈ. સ. પૂ. ૩૦૪માં જન્મીને દશ માસની વયેજ પ્રિયદર્શી ઈ. સ. પૂ. ૩૦૩ માં મૌર્ય સિંહાસનનો સૂર્ય બન્યો. તે પછી ચૌદ વર્ષ લગી સામ્રાજ્યનો શાસક અશોક રહેવા છતાં નૃપતિ તરીકે તો પ્રિયદર્શીનીજ જયજયકાર બોલાતી.

પૌત્ર જન્મ પછી અશોકના પ્રતિકુળ ગ્રહોએ પણ દિશા બદલવા માંડી હતી. બાર બાર વર્ષ સુધી માર માર કરી રહેલા યવનપતિ સેલ્યુકસે પણ આ અરસામાં સંધિનું કહેણ મોકલાવ્યું. સેલ્યુકસ સાથેની આ સંધિથી તેની પુત્રી એથેના સાથે અશોક લગ્નસંબંધથી જોડાયો હતો. બૌદ્ધ સાહિત્યમાં એથેના અસંધિમિત્રાના નામે ઓળખાયલી છે. તે અતિ રૂપવતી હતી અને અશોક પર તેનો ખૂબ પ્રભાવ પડતો. તેની સલાહથી અશોકે કેટલાક યવનરાજપુરુષોને મૌર્ય શાસનતંત્રમાં ઉચ્ચ દરજ્જા બક્ષ્યા. તેમાંના એક તુષાસ્ફ નામે યવનસરદારને તેણે સૌરાષ્ટ્રનો સૂબો બનાવ્યો. તે સૂબાએ ગિરનારની તળેટીમાં સમ્રાટ ચન્દ્રગુપ્તે બંધાવરાવેલા સુદર્શન સરોવરને અશોકની અનુમતિથી સમરાવીને શોભાયમાન બનાવ્યાનો લેખ આજે પણ મળી આવે છે.

**અશોકની ઉત્તરાવસ્થા**

રાજતિલક થયા પછી પ્રિયદર્શી કેટલોક સમય પાટલીપુત્રમાં ગાળતો તો કોઈક વખત તે પિતાની સાથે ઉજ્જયિની પણ જઈ વસતો. બાલવયમાં હોઈને તેનો ઘણોખરો સમય તો અભ્યાસમાં જ પસાર થતો છતાં તે સિંહાસનસ્થ નૃપતિ હોઈને તે જ્યાં હોય ત્યાં રાજદરબાર પણ ભરાતો. એટલે અશોકની ઉત્તરાવસ્થામાં મૌર્ય મહારાજ્યમાં બે રાજદરબાર ભરાવા લાગ્યા. તેમાંથી અશોકના રાજદરબારમાં ગ્રીક એલચી તરીકે જેમ મેગેસ્થીનીસ નીમાયો હતો તેમ હવે પ્રિયદર્શીના રાજદરબારમાં ગ્રીક એલચી તરીકે ડેમેકોસને નીમવામાં આવ્યો.

**બે રાજદરબાર ને ડેમેક્રોસ**

રાણી અસંધિમિત્રા ત્રણેક વર્ષ પછી મરણ પામતાં અશોકે તેની એક રૂપવતી દાસી વેર લગ્ન કર્યાં. આ દાસી ખૂબજ મહત્ત્વાકાંક્ષી હતી. તેને એવી ઇચ્છા હતી કે પોતાને પુત્ર થાય અને તે મૌર્ય સામ્રાજ્યનો સ્વામી બને. આવી આશાથી તેણે પ્રિયદર્શીને ઉથલાવી પાડવાને તેની વિરુદ્ધ અશોકના કાન ભંભેરવા માંડ્યા.

**કાન-ભંભેરણી**

બૌધ્ધાચાર્યો પણ પ્રિયદર્શીને રાજતિલક થવાથી ગભરાઈ ઊઠ્યા હતા. ને અશોકના નાના કુમારોએ તથા દાસી-રાણીએ તેમની તે ગભરામણમાં ઉમેરો કર્યો. તેમણે સમજાવ્યું કે પ્રિયદર્શી જૈન ધર્મ પ્રત્યે અનુરાગ ધરાવતી પદ્માવતી અને કંચનમાળાને ખોળે ઉછર્યો છે; જૈન ધર્મનાં કેન્દ્ર સમાં વિદિશા અને અવંતીમાં તેનું બાલપણ વીત્યું છે; તેનું મોસાળ ને માતૃભૂમિ જૈન ધર્મથી રંગાયલાં છે; અને તેનો પિતા કુણાલ પોતાને અંધ બનાવનાર કાવત્રાની રચના બૌધ્ધાચાર્યોને આભારી માને છે, એટલે પિતા-પુત્ર બંને બૌદ્ધ ધર્મ પ્રત્યે અપ્રીતિ ધરાવે તે સહજ છે. એટલે બૌદ્ધાચાર્યો જો બૌદ્ધ ધર્મના કીર્તિધ્વજને ફરકતો રાખવા માગતા હોય તો તેમણે ગમે તેમ કરીને પ્રિયદર્શીને ઉથલાવી પાડવો જોઈએ. આ અમાનુષી અને દ્વેષપૂર્ણ કથનને, ધર્મના ઠેકેદાર લેખાતા બૌદ્ધાચાર્યો, "રામ રાખે તેને કોણ ચાખે" વાળી સર્વસામાન્ય ઉક્તિ પણ વિસરી ગયા.

બૌદ્ધાચાર્યોએ હવે પ્રિયદર્શીને ઉથલાવી પાડવાને ખાતર પોતાની કુટિલ બુદ્ધિને કામે લગાડી. જો પોતે પ્રિયદર્શીની વિરુદ્ધ અશોકને કંઈ કહેશે તો તેની ધારી અસર નહિ થાય એમ માનીને તેમણે રાજકર્મચારીઓમાંથી રાધાગુપ્ત નામના મંત્રીને પોતાના-પક્ષમાં ખેંચી લીધો. ધનની લાલચે કેટલાક બીજા અધિકારીઓ પણ તેમના પક્ષમાં ભળ્યા. તેમણે અશોક અને પ્રિયદર્શી વચ્ચે બેદિલી ખીલવીને બનેને ઉથલાવી પાડવાની અને પછી મૌર્ય સિંહાસનને પોતાનું કહ્યું કરતા રાજકુમારનો અભિષેક કરવાની યોજના ઘડી. દાસી-રાણીએ પણ

આ યોજનાને માન્ય રાખી. કેમકે તે એમ માનતી હતી કે જો અશોક સમો સમ્રાટ અને પ્રિયદર્શી સમો કાયદેસર સિંહાસને વિરાજેલો અલૌકિક બાલનૃપતિ દૂર થાય તો પછી તે પોતાના ભાવિ પુત્રને માટે તો સિંહાસનનો માર્ગ સહેજે મોકળો બનાવી શકે.

### અંતિમ દાન

બૌદ્ધાચાર્યોએ હવે અશોકને તેની પૂર્વની એક ઇચ્છાની યાદ દેવરાવીને કહ્યું કે તેણે બૌદ્ધસંઘને એક અબજ સોનામહોરનું દાન કરવાનું પણ લીધેલું છે. પણ તેમાંથી હજી તેણે ૯૬ કરોડ સોનામહોરનું જ દાન કર્યું છે અને ચાર કરોડ સોનામહોરનું દાન બાકી છે. જો પોતાના જીવન દરમિયાન જ તે એ દાન પૂરૂં નહિ કરે તો તેનો આત્મા ધર્મઋણમાંથી મુકત નહિ બની શકે. બીજી બાજુ મંત્રીઓ અને કોશાધ્યક્ષના મોઢે તેમણે પ્રિયદર્શીને જણાવ્યું કે કોશનું તળિયું જણાવા આવ્યું છે છતાં અશોક બૌદ્ધસંઘને બેહદ દ્રવ્યનું દાન કરી રહ્યો છે. કોશની રક્ષા પર રાજ્યની સલામતીનો આધાર રહે છે. એટલે મૌર્ય સામ્રાજ્યની સલામતીની ખાતર પ્રિયદર્શી પોતાની રાજસત્તાનો ઉપયોગ કરીને દાનનો આ અટળક પ્રવાહ અટકાવે એ આવશ્યક છે.

પ્રિયદર્શીને ધર્મના નામે રાજકોશને બરબાદ કરવાની અશોકની આ ધર્મઘેલછા ન રુચી. છતાં પિતામહના માનની ખાતર તે મોન રહ્યો. કોશાધ્યક્ષે આ મોનનો મનફાવતો અર્થ કરી અશોકને કહાવ્યું કે બાલનૃપતિ પ્રિયદર્શી હવે ઉંમર લાયક થયા છે અને તેમણે પોતાએ દાનનો આ વિપુલ પ્રવાહ અટકાવવાની આજ્ઞા ફરમાવી છે એટલે એ આજ્ઞાનું પાલન કરવાની પોતાની ફરજને અનુસરીને પોતે હવે દાનને માટે વિશેષ દ્રવ્ય ન આપી શકવા માટે દિલગીર છે.

કોશાધ્યક્ષનો આ સંદેશો અશોકને પહોંચ્યો ત્યારે અશોકને પ્રિયદર્શીની વિરુદ્ધ ઉશ્કેરવાને માટે રાધાગુપ્ત તૈયાર જ બેઠો હતો. તેણે અશોકને કહ્યું કે, "જે પૌત્ર પિતામહની હયાતિ દરમિયાન જ તેને પોતાના વચનનું પાલન કરતાં રોકે છે તે તેના મરણ પછી શું નહિ કરે? માટે બહેત્તર છે કે આપ યુવાન નૃપતિને પાઠ ભણાવવાને ખાતર વ્યાજબી પગલું લ્યો."

અશોક આ વખતે માંદગીને બિછાને સૂતો હતો. તે રાજપ્રપંચોથી સારી રીતે માહિતગાર હતો. એટલે પોતે કે પ્રિયદર્શી કોઇ કાવત્રાનો ભોગ ન થઇ પડે તે માટે તેણે કોશાધ્યક્ષના ઉપરોક્ત સંદેશ પ્રત્યે નિર્મમત્વ દર્શાવતાં કહ્યું, "મૌર્ય સામ્રાજ્યનો સ્વામી હવે પ્રિયદર્શી છે. તેની આજ્ઞાને સર્વેએ માન આપવું જ જોઇએ. સામ્રાજ્યની સલામતીની ખાતર તેને કોશની રક્ષા જરૂરી જણાતી હોય તો તેની ઇચ્છા વિરુદ્ધ હું તેમાંથી એક પાઇ પણ ન ખર્ચાવી શકું. મારૂં થોડુંક ધર્મઋણ બાકી છે તે વાત સાચી, પણ તે ઋણ હું રાજ્યની તિજોરીમાંથી ન ચૂકવી શકું. મારા પૌત્રને પોતાની ફરજ સમજાય તો ભલે તે ઋણ ચૂકવે. નહિતર મારી ફરજ તો મારી પાસે જે કંઇ છે તે સર્વ સંઘને ચરણે સમર્પી દીધાથી પુરી થાય છે." આ પ્રમાણે કહીને અશોકે પોતાનાં સોનાચાંદીનાં વાસણો, વસ્ત્રાલંકારો વગેરે બૌધ સંઘના વ્યવસ્થાપકોને મોકલાવી આપ્યાં.

### અશોકનું અવસાન

અશોકના પલંગ પાસે હંમેશાં રાધાગુપ્તની જ હાજરી રહેતી. પ્રિયદર્શીના માથે રાજતંત્રની જવાબદારી લાદીને તે બનતાં તેને અશોકના સંપર્કથી દૂર જ રાખતો. એ સંયોગોમાં, થોડોક સમય પછી જ્યારે અશોક અવસાન પામ્યો[1] ત્યારે પણ પ્રિયદર્શી તેનાથી છેટે રહી ગયો.

---

(1) [illegible]

[illegible]

છેવટની પળે બૌધ્ધાચાર્યો, રાધાગુપ્ત અને તેમના પક્ષકારો અશોકના પલંગની આસપાસ વીંટળાઇ વળ્યા. અને તેમણે અશોકનો અંતિમ સંદેશ મનફાવતા સ્વરૂપમાં ગોઠવી કાઢ્યો.

અશોકે પ્રિયદર્શીને અંતિમ પળે સિંહાસનભ્રષ્ટ કર્યો છે એમ જણાવવાની તો તેમની હિંમત નહોતી. પરંતુ તેમણે જાહેર કર્યું કે પ્રિયદર્શીએ અશોકને તેનું ચાર કરોડનું ધર્મઋણ ચૂકવતાં રોકેલો એટલે અશોકે પોતાને હસ્તક રહેલી પૃથ્વી બૌધ્ધ સંઘને દાન કરી દીધેલી છે જેથી કરીને ચાર કરોડ સોના મહોર આપીને તે પૃથ્વીને છોડવ્યા પછી જ પ્રિયદર્શીનો સ્વતંત્ર સમ્રાટ તરીકેનો રાજ્યાભિષેક ઉજવાઇ શકશે. આમ કરવાની પાછળ કાવત્રાંખોરોનો આશય એ હતો કે સ્વમાનશીલ પ્રિયદર્શી આ રીતે બૌદ્ધ સંઘ પાસેથી પૃથ્વી છોડાવવાના માર્ગને માનહાનિભર્યો લેખી કંઇક ઉદ્દામ પગલાં લેશે અને તેમાં પોતાને પ્રિયદર્શીની વિરૂધ્ધના પક્ષને પ્રબળ બનાવવાની તક સાંપડી રહેશે.

**કાવત્રાંખોરોને પ્રિયદર્શીનો ઉત્તર**

પણ પ્રિયદર્શીએ અશોકના આ કહેવાતા પૃથ્વીદાન અંગે બીજે દિવસે રાજસભામાં કહ્યું કે, " અમને રાજતિલક તો પિતામહની હયાતિ દરમિયાન જ થઇ ગયું છે. એટલે હવે તરતમાં ભવ્ય રાજ્યાભિષેકની આવશ્યકતા નથી રહેતી. અત્યારે તો પિતામહના પવિત્ર શબનો સ્વર્ગીય સન્માનપૂર્વક અગ્નિસંસ્કાર કરવો અને તે પછી રાજ્યમાં શોક પળાવવો એ જ આપણી પ્રથમ ફરજ છે. પિતામહની પાછળ છ માસનો શોક પળાવો જ જોઇએ. એટલે તે મુદ્દત વીત્યા પછી અમારો દબદબાભર્યો સ્વતંત્ર–રાજ્યાભિષેક ઉજવાશે. તે દરમિયાન પિતામહનાં સર્વે ધાર્મિક કે સાંસારિક ઋણોને ચૂકવી આપવાની હું વ્યવસ્થા કરીશ. ને પિતામહે જો કે પૃથ્વી કોઇને દાનમાં આપી હોય એ માની શકાય તેવી વસ્તુ નથી, કેમકે પૃથ્વીના નાથ તરીકે તો તેમણે અમને જ સ્વહસ્તે રાજતિલક કરેલું છે છતાં કોઇ એમ માનતું હોય કે પૃથ્વી તેમને દાનમાં મળી છે તો તેમણે સમજવું જોઇએ કે પૃથ્વી કોઇને દાનમાં આપી શકાતી નથી, અને ભિક્ષુકો પાસે તે ટકતી પણ નથી. શાસ્ત્રમાં જણાવ્યા અનુસાર પણ વીરભોગ્યા વસુંધરા–પૃથ્વીના સ્વામી તરીકે તો વીર ક્ષત્રિયો જ શોભે છે. છતાં જો કોઇને એમ લાગતું હશે કે પૃથ્વીના નાથ તેઓ છે તો તેમનું તે નાથપદ આંચી લેવાને માટે મૌર્ય તલવાર હંમેશાં ખુલ્લી જ રહેશે. "

બૌદ્ધાચાર્યોને તો પ્રિયદર્શીનો આ ઉત્તર વિષના ઘૂંટડા સમો લાગ્યો પણ તેમનો તે ગળી ગયે જ છૂટકો હતો. કેમકે જેમના પીઠબળ પર તે કૂદતા હતા તે રાધાગુપ્ત વગેરે મંત્રીઓ તો પ્રિયદર્શીના આ ઉત્તરમાં સમાયેલા રાજતેજને નિહાળીને જ તેના ચરણે ઢળી ચૂક્યા હતા અને તેમણે વફાદારીના સોગંદ લીધા હતા. અશોકના મરણથી હાસીરાણીની પણ પુત્રજન્મની આશા પડી ભાંગી હતી અને તેણે પણ ઊગતા સૂર્ય સમા પ્રિયદર્શીનું શરણ સ્વીકારી લીધું હતું. બીજી બાજુ પ્રિયદર્શીએ આડકતરી રીતે અશોકનું ધર્મઋણ ચૂકવી આપવાની ઇચ્છા પણ દર્શાવી દીધી હતી. એટલે બૌદ્ધ સંઘનું માન પણ જળવાઇ રહેતું હતું. આ સંયોગોમાં બૌદ્ધાચાર્યોએ પ્રિયદર્શીને ઉથલાવી પાડવાની આશાને તજી દઇ તેના સહકારની ઝંખના સેવવા માંડી. પ્રિયદર્શીએ પણ તેમને નરમ પડેલા જોઇ તેમના પ્રતિ મિત્રતાનો હાથ લંબાવ્યો અને પોતાના સામ્રાજ્યમાં બૌદ્ધોને સંરક્ષણની ખાત્રી આપી. આ રીતે પ્રિયદર્શીની આસપાસ પથરાયલાં વિરોધનાં વાદળો વીખરાઇ ગયાં અને મૌર્ય સિંહાસન પર પ્રિયદર્શી તેજસ્વી સૂર્યની જેમ પ્રકાશવા લાગ્યો.

**અશોકનો અગ્નિસંસ્કાર**

અશોકના અગ્નિસંસ્કાર માટેની રાજવંશી વિધિઓ પુરી થતાં અને તેની સ્મશાનયાત્રામાં ભાગ લેવાને દૂર દૂરનાં રાજ્યોના પ્રતિનિધિઓ આવી પહોંચતાં અશોકની ભવ્ય સ્મશાનયાત્રા કાઢવામાં આવી. માઇલોના માઇલો લગી પથરાયલી માનવમેદની એ મહાન સમ્રાટની પાછળ આંસુ સારી રહી પણ જ્યારે એ મેદનીની નજર યુવાન

નૃપતિ પ્રિયદર્શી પર ઠરતી ત્યારે ઉજ્જવળ ભવિષ્યની આશાએ એ આંસુની સાથે હર્ષની લાગણીઓ પણ સંમિશ્રિત બનતી.

અશોકની અગ્નિસંસ્કારવિધિ-પૂરી થતાં પ્રિયદર્શીએ તેની પાછળ સામ્રાજ્યમાં છ મહિનાનો શોક જાહેર કર્યો. ને તેણે પોતે પણ જલસાઓ કે ઉત્સવોમાં ભાગ લેવાનું છોડી દીધું.

આ છ મહિનાના ગાળામાં પ્રિયદર્શીએ અશોકનાં ધાર્મિક કે સામાજિક ઋણ ચૂકવી આપ્યાં; રાજ્યવહીવટનાં બધાં ખાતાંઓથી તે માહિતગાર બન્યો અને અવ્યવસ્થા જણાઇ ત્યાં વ્યવસ્થા આણી; અશોકની વૃદ્ધાવસ્થાનો લાભ લઇ જે સ્વાર્થી રાજપુરુષો રાજ્યસત્તા કે દ્રવ્યનો ઉપયોગ અંગત હિતો પાછળ કરી રહ્યા હતા તેમને ઉચિત દંડ દઇને તેણે સંયમમાં આણ્યા; રાજકોષને તર બનાવ્યો; સામ્રાજ્યના ખૂણેખૂણા લગી તેણે પોતાનો પ્રભાવ વિસ્તાર્યો. ને પછી તે રાજ્યાભિષેકની તૈયારીમાં પરોવાયો.

કુણાલ, કંચનમાળા ને ધાવમાતા પ્રિયદર્શીને રાજતિલક થયા પછી તરત ઉજ્જયિની પાછાં ફરી ગયાં હતાં. તે પછી પ્રિયદર્શી પણ થોડોક સમય પાટલીપુત્રમાં તો કેટલોક વખત ઉજ્જયિનીમાં રહેતો. પણ અશોકની બિમારી પછી તેને પાટલીપુત્રમાં જ રહેવાનું થયું હતું. એટલે કુણાલ–કંચનમાળાએ પણ તેનો રાજ્યાભિષેક ઉજવાઇ રહેતાં લગી પાટલીપુત્રમાં રહેવાનું ઠરવ્યું હતું. તેઓ પણ રાજ્યાભિષેકની તૈયારીમાં મદદ કરવા લાગ્યાં.

**પ્રિયદર્શીનો રાજ્યાભિષેક**

પાટલીપુત્રમાં તો ઘેરઘેર જાણે લગ્નની તૈયારીઓ થતી હોય એવો દેખાવ થઇ રહ્યો. આખું પાટનગર અમરાપુરીની જેમ શોભવા લાગ્યું. સામ્રાજ્યના એકેએક ભાગમાંથી શ્રીમંતો, સત્તાધીશો, પ્રજાના પ્રતિનિધિઓ અને માંડલિક નૃપતિઓ પાટલીપુત્ર આવવા લાગ્યા. દૂર દૂરનાં સ્વતંત્ર રાજ્યોએ પણ પોતાના પ્રતિનિધિઓ મોકલ્યા. મેગેસ્થીનીઝ તો એથેનાના મરણ પછી થોડાજ સમયમાં ગ્રીસ પાછો ચાલ્યો ગયો હતો પણ ડૅમેકાસ પ્રિયદર્શીના દરબારમાં જ હતો અને ગ્રીક એલચી તરીકે તે ઊભો રહ્યો. અને એ રીતે અપૂર્વ સમારંભપૂર્વક ઇ. સ. પૂ. ૨૮૯ માં પ્રિયદર્શીનો સ્વતંત્ર રાજ્યાભિષેક ઉજવાયો. ને બાલનૃપતિ પ્રિયદર્શી મૌર્ય સામ્રાજ્યનો સમ્રાટ બન્યો.



# ચતુર્થ પરિચ્છેદ

## સદ્ધર્મને માર્ગે

સાર :—

આ પરિચ્છેદમાં–રાજ્યાભિષેક પછી પ્રિયદર્શીની કર્તવ્યશીલતા; સામ્રાજ્ય ભરમાં તેનો વિસ્તરેલો પ્રભાવ; સામ્રાજ્યમાં પર્યટને નીકળતાં તેનું અવંતી જઇ પહોંચવું; ત્યાં રથયાત્રાનો ઉત્સવ અને રથયાત્રાના વરઘોડામાં ફરતા શ્રી આર્ય મહાગિરિ અને શ્રી આર્યસુહસ્તી નામે બે જૈનાચાર્યોના દર્શનથી પ્રિયદર્શીને ઉપજેલું જાતિસ્મરણજ્ઞાન; તે જ્ઞાનના બળે એ આચાર્યોએ તેના ઉપર પૂર્વભવમાં કરેલા ઉપકારની તાજી બનેલી સ્મૃતિ; તેણે આચાર્યોને વંદન કરી તેમના ચરણે ધરેલું સામ્રાજ્ય; આચાર્યોએ સામ્રાજ્ય પ્રત્યે નિસ્પૃહા દર્શાવી પ્રિયદર્શીને કરેલો જૈન ધર્મનો બોધ; પ્રિયદર્શીએ કરેલો જૈન ધર્મનો સ્વીકાર; રથયાત્રાદિ ઉત્સવોમાં તેણે લેવા માંડેલો રસ; તેની માતાને થયેલો હર્ષ; પ્રિયદર્શીએ માંડલિક નૃપતિઓને સમજાવેલું જૈન ધર્મનું મહત્ત્વ તથા તે પ્રત્યે સદ્ભાવ ને અનુરાગ દાખવવાની તેણે તેમને આપેલી સલાહ; કુણાલ–કંચનમાળાનું અવસાન ને મૌર્ય રાજવંશમાં તેમનું સ્થાન; તથા પ્રિયદર્શીનું કુટુંબ વગેરે વિગતો સમાવવામાં આવી છે.

અને તે પણ જૈન હોવાનો સંભવ છે. કેમકે આજીવિક મતનો સ્થાપક ગોશાલો એક સમયે ભગવાન મહાવીરનો ભક્ત હતો એટલું જ નહિ, પણ તેણે મરતી વખતે પણ ભગવાન મહાવીરની ક્ષમા માગી લીધી હતી, એટલે જૈનો આજીવિકો પ્રત્યે સદ્‌ભાવ રાખતા હતા. અને ઉપર આપણે જોતા ને પુરવાર કરતા આવ્યા છીએ કે 'પ્રિયદર્શિન' એ જૈન નૃપતિ સંપ્રતિનું બીજું નામ છે. આ વિધાન પણ તેને ટેકારૂપજ નીવડે છે.

પાંચમા સ્થંભલેખમાં પ્રિયદર્શિને કયા કયા દિવસોએ અમુક પાપો ન કરવાં તેનું સૂચન કરતાં અષ્ટમી અને ચતુર્દશીને માટે 'अनुपोसथ' શબ્દ વાપરેલ છે. બૌધ્ધ સાહિત્યમાં પર્વને માટે ઉપાસથ શબ્દ મળી આવે છે, પણ તે પોષધ ને મળતો નથી, તેમજ તે કોઇ ખાસ વિશિષ્ટ તિથિનું પણ સૂચન નથી કરતો. જ્યારે જૈનોમાં ભગવાન આદીશ્વરના પૌત્ર સૂર્યયશાના સમયથી અષ્ટમી અને ચતુર્દશી બંને તિથિ પૌષધ (પોષધ)-દિન તરીકે જાણીતી છે. (વિશેષ માટે જુઓ પાંચમો સ્થંભલેખ)

બીજા મુખ્ય શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે પ્રિયદર્શિને ઠેર ઠેર પશુઓનાં દવાખાનાં–પાંજરાપોળોની વ્યવસ્થા કરી હતી. આ કાર્ય બૌદ્ધ કરતાં જૈન ધર્માનુયાયીને વધારે બંધ બેસતું છે.

'બ્રહ્મગિરિનું' શાસન પ્રિયદર્શિને પોતાની યાત્રા દરમિયાન સુવર્ણગિરિથી બહાર પાડેલું છે. આ સુવર્ણગિરિને બૌદ્ધ ધર્મ સાથે તલપૂર સંબંધ નથી, જ્યારે જૈનોનું તે એક પવિત્ર તીર્થધામ છે. (જુઓ 'બ્રહ્મગિરિ' નો શિલાલેખ)

મી. રામપ્રસાદ ચંદ પણ માને છે(૨૮) કે જે સ્થંભો ઉપર ઋષભ, હાથી, સિંહ, ગરૂડ, વગેરે ચિન્હો છે. તે કોઈપણ સંયોગોમાં અશોકના ન હોઇ શકે, કેમકે એ ચિન્હો કોઈપણ સંયોગોમાં બૌધ્ધ ધર્મનાં સૂચક બનતાં નથી. જ્યારે બીજી બાજુ જૈન દૃષ્ટિએ તે તીર્થંકરોનાં લંછન હોઇને સંપૂર્ણતઃ જૈનત્વના પ્રતીક છે. એટલે જૈન નૃપતિ સંપ્રતિ દ્વારા તેમનું આરોપણ સર્વથા સુસંગત છે.

(૨૮) The civilization of the East, P. 88.

અશોકના કુટુંબનું અને તેનાં કાર્યોનું બૌદ્ધ પુરત
વિસ્તાર વર્ણન કરે છે; તે કાયદેસર યુવરાજ ન છ
નિરતબળીથી અને ભાઇઓની કતલ કરીને સિંહાસનન
સ્વામી બની બેઠો; પૂર્વાવસ્થામાં તેણે ખૂબ જ ઉપ
દર્શાવી. પદ્માવતી, અસંધિમિત્રા, તિષ્યરક્ષિતા વગેર
તેની મુખ્ય રાણીઓ હતી અને મહેન્દ્ર ને કુણાલ તેના
નામાંકિત રાજકુમાર હતા. તેના પુત્ર મહેન્દ્ર અને પુત્રી
સંઘમિત્રાએ બૌદ્ધ ધર્મની દીક્ષા લીધી અને બંનેએ
લંકા જઇ ત્યાં બૌધ્ધ ધર્મ ફેલાવ્યો. તેના યુવરાજ પુત્ર
કુણાલે સાવકીમાતાના દ્વેષને પરિણામે આંખો ગુમાવી.
તે પછી કુણાલને સંપ્રતિ નામે પુત્ર થયો અને તેને
અશોકે યુવરાજ બનાવ્યો. રાજ્યાભિષેકના અઢારમા
વર્ષે અશોકે ત્રીજી બૌધ્ધ પરિષદ ભરી અને તેમાં બૌધ્ધ
ભિક્ષુકસંઘમાં શુધ્ધિ જાળવવા માટે કડક વ્યવસ્થા કર-
વામાં આવી. અને બૌધ્ધ ધર્મના પ્રચાર માટે ઠેરઠેર
બૌધ્ધ ભિક્ષુકો રવાના કરવામાં આવ્યા. તે જ વર્ષમાં
દેવાનાંપ્રિય તિસ્સ લંકાના સિંહાસને બેઠો અને અશોકે
ત્યાં બોધિવૃક્ષની ડાળ મોકલાવી.

આમાંનો એક પણ પ્રસંગ પ્રિયદર્શિનના શિલાલેખો સાથે સુસંગત નથી. શિલાલેખોમાં પ્રિયદર્શિન પોતાની રાણી 'ચારુવાકી' અને રાજકુમાર 'તિવર' ના નામનો નિર્દેશ કરે છે. અગાધ બૌદ્ધ સાહિત્યનો ઘણો ખરો ભાગ અશોકના જીવનથી જ ભરેલો છે, પણ તેમાં ઉપરનાં નામ ક્યાંય પણ મળતાં નથી. જ્યારે જૈન સાહિત્યમાં સંપ્રતિ અંગે જે ટૂંકી પણ નોંધ થયેલી છે–ગાદીએ આવ્યા પછી તરતમાં તે શ્રાવક બન્યો; અનાર્ય દેશોમાં પણ સાધુઓના વિહારની વ્યવસ્થા કરીને તેણે ત્યાં ધર્મનો પ્રચાર કર્યો; દક્ષિણે તે ભયાનક આક્રમણ લઇ ગયો; તેણે સંઘ–યાત્રા કાઢી, દાનશાળાઓ સ્થાપી હતી, પ્રજાને ધર્મ પ્રત્યે આસક્ત કરી હતી. રાજાઓ ઉપર જીત મેળવી તેમને પુનઃ તેમના સ્થાને જ સ્થાપન કરી પોતે ઉપદેશેલ ધર્મ પ્રજામાં ફેલાવવાની આશા કરતો–ઈ. ઈ. હકીકત સાથે શિલાલેખો પૂર્ણપણે મળતા આવે છે. જૈન સાહિત્યમાં સંપ્રતિના કુટુંબ અંગે કંઇ લખાયું નથી. નહિતર તેમાંથી તિવર અને ચારુવાકીનાં નામ જરૂર મળી આવત.

રાજ્યાભિષેકની વિધિ પતી જતાં અને વિશ્વભરમાં પ્રિયદર્શીનો મૌર્ય સામ્રાજ્યના બિનહરીફ સમ્રાટ તરીકે સ્વીકાર થતાં પ્રિયદર્શીએ સ્વતંત્રપણે મૌર્ય કારોબારની લગામ પોતાના હાથમાં લીધી અને સામ્રાજ્યના રથને વિજય તેમજ કીર્તિને માર્ગે આગળ ધપાવવાનો નિર્ણય કર્યો.

**પ્રિયદર્શીની કર્તવ્યશીલતા**

સૌથી પ્રથમ તેણે વ્યવસ્થાનું અંગ હાથમાં લીધું. ઉત્તરાવસ્થામાં અશોકે પોતાની શક્તિનો મોટો ભાગ મૌર્ય સામ્રાજ્યને બદલે બૌદ્ધ સંઘની પાછળ ખર્ચ્યો હતો. અને પરિણામે રાજતંત્રનાં અનેક અંગોમાં શિથિલતા પ્રવેશવા માંડી હતી. અશોકના ઉત્તેજનથી વિરાટ સ્વરૂપમાં વિસ્તરેલો બૌદ્ધ સંઘ સામ્રાજ્યને સહાયક બનવાને બદલે ઊલટું રાજકારણની લગામ પોતાના હાથમાં રાખવાને માટે ફાંફાં મારી રહ્યો હતો. અનેક સ્થળે સત્તાની ચાવી સામ્રાજ્ય હિતચિંતક રાજપુરુષોને બદલે બૌદ્ધ ભિક્ષુકોના હાથમાં રમતી હતી. પરિણામે વખતો વખત રાજસત્તા અને ધર્મસત્તા વચ્ચે ઘર્ષણ જામતું અને અનેક પ્રસંગે રાજસત્તાનાં હિતો જોખમમાં મુકાતાં.

પ્રિયદર્શીએ આ પરિસ્થિતિનું સૂક્ષ્માવલોકન કર્યું અને બૌદ્ધ સંઘને પોતાની ધાર્મિક મર્યાદાઓ જાળવી રાખવાની ને રાજસત્તા સાથે અથડામણમાં ન ઊતરવાની સલાહ આપી. પ્રિયદર્શીના પ્રભુત્વશીલ વ્યક્તિત્વથી અભિભૂત બનીને બૌદ્ધ સંઘને ધીમે ધીમે પોતાની મર્યાદાઓ સ્વીકારવી પડી અને પરિણામે રાજતંત્ર વધારે નિર્મળ અને સ્વહિતતત્પર બન્યું.

અશોકનો એક મંત્રી રાધાગુપ્ત અશોકની માંદગી વેળા બૌદ્ધ સંઘ સાથે મળી જઈને પ્રિયદર્શીને ઉવેખવાની બાબતને તત્પર બન્યો હતો પણ અશોકના મરણ પછી પ્રિયદર્શીનું પ્રભુત્વ નિહાળી તેણે પ્રિયદર્શીનું શરણ સ્વીકાર્યું હતું તે આગળ ઉપર જોઈ ગયા છીએ. અને બીજો મંત્રી મહાવીર તો પદભ્રષ્ટ જ થઈને રાજતંત્રને બહાર રહ્યો હતો. આ બન્ને મંત્રીઓના હાથમાં યોગ્ય સત્તા સોંપીને પ્રિયદર્શીએ મહારાજ્યની આંતરિક સુધારણા આદરી.

સૌથી પ્રથમ સામ્રાજ્યના દરેક વિભાગોમાં વહીવટીતંત્રમાં સુધારણા કરીને અધિકારીપદ યોગ્ય પુરુષોના જ હાથમાં રહે એવી વ્યવસ્થા કરવામાં આવી. તે રાજપુરુષો દરેક રાજાજ્ઞાનું ઝડપી અને સંપૂર્ણ પાલન કરે એવો બંદોબસ્ત કરવામાં આવ્યો. આ રીતે સામ્રાજ્યના સંચાલની દરેક કળો કાર્યતત્પર બનતાં સામ્રાજ્યનો પાયો વધારે સુદૃઢ બન્યો જેથી તેની ગતિ સુસ્થિર અને વેગવાન બની. આ વ્યવસ્થામાં કશી ખામી ન રહે તે માટે પ્રિયદર્શીએ ગુપ્તચરોની નિમણૂંક કરી. પરિણામે અશોકના સમયમાં જે અનેક કાવત્રાંઓ ઘડાતાં અને કેટલીયે મહત્ત્વની વિગતોથી અશોક બિનમાહિતગાર રહેતો તથા ઘણી વખત તેની આજ્ઞાઓનું પૂરું પાલન પણ ન થતું તેવું પ્રિયદર્શીના શાસનમાં થઈ શકે એ અસંભવિત બન્યું.

અશોકની ઘણીખરી શક્તિ બૌદ્ધ ધર્મના વિકાસમાં વપરાઈ જવાથી અનેક મહત્ત્વનાં રાજકીય કર્તવ્યોમાં ઉણપો રહી જવા પામી હતી. સામ્રાજ્યવિસ્તાર અને વિજયની મહત્ત્વાકાંક્ષા તો વર્ષો થયાં વિસારે પડી ગઈ હતી, પરંતુ એટલું જ નહિ પણ આંતરિક ખીલવણીનાં અનેક ક્ષેત્રો પ્રત્યે પણ ઉપેક્ષા સેવાણી હતી. પ્રિયદર્શીએ એ બધાં કાર્યો ક્રમે ક્રમે હાથ ધર્યાં.

તેણે જીર્ણ રસ્તાઓ સમરાવ્યા અને મોટાં નગરોને સાંકળતા સંખ્યાબંધ નવા રાજમાર્ગો બંધાવરાવ્યા. માર્ગોની બંને હાર પર તેણે વૃક્ષો રોપાવ્યાં અને સ્થળે સ્થળે વાવ, કૂવા, સરોવરો આદિ જળાશયો બંધાવરાવવાનો બંદોબસ્ત કર્યો. ધર્મશાળા, મંદિરો, દવાખાનાં, પાઠશાળા, આશ્રયસ્થાનો આદિ જાહેર હિતને લગતી ઇમારતો જ્યાં જીર્ણ બની ગઈ હતી ત્યાં તે સમરાવવાનો અને આવશ્યક સ્થાનોએ તે નવી ઊભી કરાવવાનો તેણે બંદોબસ્ત કર્યો. તેણે અનેક નવાં કારખાનાં બનાવરાવ્યાં. આર્થિક—નૈતિક અને ધાર્મિક—એમ સર્વ માર્ગે પ્રજાને ઉન્નત બનાવવાના તેણે સર્વ શક્ય ઉપાયો કર્યા.

તેની આ કર્તવ્યશીલતાથી, જોહુકમીને તેણે રાજકારણમાંથી આપેલી વિદાયથી અને અધિકારીઓ પરના તેના અપ્રતિમ વર્ચસ્વથી સામ્રાજ્યના ખૂણેખૂણા લગી તેનો પ્રભાવ ફેલાયો. કર્તવ્યભ્રષ્ટ અધિકારીઓ કે દુષ્ટ પ્રજાજનો તેનાથી ધ્રૂજવા લાગ્યા. સન્માર્ગી માનવોએ તેને પોતાના જીવનસંરક્ષક મહાપુરુષ તરીકે વધાવી લીધો.

આ રીતે સામ્રાજ્યભરમાં પોતાની સત્તા અને પ્રભુતાને અચળ બનાવીને અને નિપુણ એલચીઓ મારફત પરદેશોમાં પણ મિત્રતાનાં બીજ વાવીને પ્રિયદર્શી પોતાના મહારાજ્યમાં પર્યટને નીકળ્યો.

પર્યટનમાં તેણે સૌથી પ્રથમ લક્ષ અવંતી પ્રતિ દોડાવ્યું. કેમકે સામ્રાજ્યમાં પાટલીપુત્રથી બીજે જ નંબરે અવંતીનું સ્થાન હતું. પાટલીપુત્ર જેમ મગધનું હૃદય ગણાતું તેમ ઉજ્જયિની–અવંતી એ માલવ–અવંતી પ્રદેશનું મુકુટ-મણિ ગણાતું. તે ઉપરાંત પ્રિયદર્શીનાં માતાપિતાએ એ પ્રદેશમાં જ પોતાનું જીવન વીતાવ્યું હતું, પ્રિયદર્શીનો પોતાનો જન્મ પણ ત્યાંજ થયો હતો અને રાજ્યાભિષેક પછી કુણાલ–કંચનમાળા પણ ત્યાંજ જઈ રહ્યાં હતાં; એટલે માતપિતાનાં દર્શનની દષ્ટિએ પણ ત્યાં પ્રથમ જવું આવશ્યક હતું. આ બધા સંયોગોનો વિચાર કરીને પ્રિયદર્શી ભવ્ય રસાલા સાથે અવંતીને માર્ગે ચાલ્યો.

**પર્યટન**

રસ્તે જે જે ગામ કે નગરો આવ્યાં ત્યાં ત્યાં પ્રિયદર્શીને પ્રજાના હૃદયેશ્વર અને યશસ્વી સમ્રાટ સમું માન મળ્યું. પ્રિયદર્શીથી ક્યાંય વિશેષ થોભી શકાય તેમ નહોતું છતાં વિસામાનો જે કંઈ અલ્પ સમય મળ્યો તેમાં પણ તેણે પ્રજાના પ્રતિનિધિઓને મુલાકાતો આપી તેમની જરૂરિયાતો જાણી લીધી, અધિકારીઓને એ જરૂરિયાતો સંતોષવાની અને કર્તવ્યશીલ બનવાની પ્રબોધ–સૂચનાઓ આપી, વૃદ્ધ અને ધર્મીષ્ઠ પુરુષોનાં પગે દર્શન કર્યાં, અને ભિક્ષુકો, અનાથો તથા વૃદ્ધોને તેણે ઉચિત દાન દીધું. આ રીતે પ્રજાના હૃદય સિંહાસન પર પોતાના સ્થાનને અમર બનાવતો પ્રિયદર્શી થોડા સમયમાં અવંતી જઈ પહોંચ્યો.

અવંતીની પ્રજાએ પોતાના બાલ રાજકુમાર અને પ્રિયતમ સમ્રાટનું ભાવભીનું સ્વાગત કર્યું. પ્રિયદર્શીએ જ્યારે યુવરાજપદે અભિષેક પામવાને પાટલીપુત્ર જવા માટે આ નગરની વિદાય લીધેલી તે પ્રસંગના અને આજના સમારંભમાં એટલું જ અંતર હતું કે જેટલું અંતર વિદેશ સિધાવતા પોતાના કાન્તને કોઈ પ્રિયતમા ભાવ છલકતી વિદાય આપે અને વર્ષો પછી એ કાન્ત પાછો ફરતાં તેને તે ઉમળકાથી વધાવી લે એ બે પ્રસંગની વચ્ચે હોય છે. પ્રજાના એવા સન્માનસાગરમાં ઝુલતો પ્રિયદર્શી થોડા સમયમાં રાજમંદિરમાં પહોંચ્યો અને માતપિતાના ચરણુમાં નમ્યો.

બીજે દિવસે પ્રિયદર્શીએ રાજદરબાર ભર્યો અને નગરશેઠ આદિ પ્રજાના સન્માનિત પુરુષોએ તેના ચરણે નજરાણું ધર્યાં. પ્રિયદર્શીએ પોતે પણ કર્તવ્યશીલ રાજપુરુષો અને પ્રજાજનોને યોગ્ય ભેટોથી નવાજ્યા. આ વખતે પ્રિયદર્શીએ પોતાના પ્રભાવશીલ વ્યક્તિત્વનો જે પ્રભાવ દર્શાવ્યો અને પ્રજાના સર્વતોમુખી વિકાસની જે ભાવનાઓ વ્યક્ત કરી તેના પ્રવાહમાં અવંતીનાં હૃદયો તેના ચરણે આવી ઠલવાયાં.

એ યુગમાં અવંતી એ જૈનોનું પરમ ધામ હતું. ભગવાન મહાવીર એ પ્રદેશમાં જ નિર્વાણ પામ્યા હતા અને મહાન સમ્રાટ ચંડપ્રદ્યોતે અવંતીમાંથી જ વિજયડંકો વગડાવ્યો હતો. અવંતી એ અનેક જૈન મહાપુરુષોની પુણ્યભૂમિ હતી. ત્યાંની જૈન પ્રજા પ્રાણવાન અને ધર્મીષ્ઠ હતી. વખતો વખત ત્યાં ભવ્ય જૈન ઉત્સવો ઉજવાતા.

**રથયાત્રાનો વરઘોડો**

આજે પણ એવો જ એક સ્વર્ગીય ઉત્સવ ઉજવાતો હતો. અવંતીમાં વર્ષોવર્ષ જીવંતસ્વામીની રથયાત્રા નીકળતી અને આજે તેને લગતો વરઘોડાનો દિવસ હતો. જીવંતસ્વામીને વાંદવાને અને આ ઉત્સવમાં ભાગ લેવાને થોડાક સમય થયાં અવંતીમાં પધારેલા બે મહાન

જૈનાચાર્ય શ્રી આર્યમહાગિરિ અને શ્રી આર્યસુહસ્તી પણ આ વરઘોડામાં ભાગ લેનાર હોઇ અવંતીની જૈન પ્રજામાં અજબ ઉત્સાહ ખીલી નીકળ્યો હતો.

રથયાત્રાનો વરઘોડો જ્યારે ફરતો ફરતો રાજમહેલની સમીપથી પસાર થવા લાગ્યો ત્યારે મહેલના ઝરૂખામાં બેઠેલા સમ્રાટ પ્રિયદર્શીની નજર એ વરઘોડા પ્રતિ આકર્ષાણી. વરઘોડાની કલામય ભવ્યતાને તે

**પ્રિયદર્શી અને તેનો પૂર્વભવ**

પ્રશંસનીય નજરે નિહાળી રહ્યો એટલામાં તેની દૃષ્ટિ તે વરઘોડાની આગળ ચાલતા બે અલૌકિક મુનિવરો પર ઠરી. તેમને અવલોકતાં વેંત તેની સ્મૃતિ વધારે ઊંડી ઊતરવા લાગી અને તેને થયું કે પોતે કોઇક પ્રસંગે આ બેમાંથી એક મુનિવરના ગાઢ સંપર્કમાં આવેલો છે. એ વિચાર સાથે જ તે આત્મમંથન અનુભવી રહ્યો અને તેમ કરતાં તેને પૂર્વજન્મનું જ્ઞાન ઉપજ્યું. એ જ્ઞાનના બળે તેણે જોયું કે પૂર્વજન્મમાં પોતે એક રંક ભિક્ષુક હતો પણ એ મુનિવરના પ્રતાપે જ ધર્મમાર્ગે વળી તેના બળે આ જન્મમાં સમ્રાટપદ પામ્યો હતો. આ પ્રમાણે તેની જ્ઞાનદૃષ્ટિ પૂર્વભવ સાથે સંકળાવાથી પળભર તે બેહોશ બની ગયો. પરિચારકોએ તરત જ આવી પહોંચી તેને સચેત બનાવ્યો. તે સચેત બનતાં જ પ્રિયદર્શીની નજર સામે મુનિવરોનું અલૌકિક વ્યક્તિત્વ તરવરવા લાગ્યું. તેની સ્મૃતિ ઝડપથી વર્તમાનકાળમાં પાછી ફરી. તેણે રાજમહેલ પાસેથી પસાર થઇ રહેલો વરઘોડો અને તેની આગળ વિચરતા મુનિવરો પ્રતિ દૃષ્ટિ દોડાવી. તે પૂર્વજન્મ અને આ જન્મનો સંબંધ વિચારી રહ્યો. તરત જ તેને મુનિવરો પ્રત્યેની પોતાની ફરજ યાદ આવી. તે તત્કાળ રાજમંદિરમાંથી નીચે ઊતર્યો. સમ્રાટને નીચે આવ્યા નિહાળી વરઘોડો પળભર થોભી રહ્યો. પ્રિયદર્શી ઝડપથી વરઘોડાની આગળ જઇ પહોંચ્યો અને શ્રી આર્યસુહસ્તીના ચરણમાં માથું નમાવતાં બોલ્યો, "હે ભગવન્! જૈન ધર્મની આરાધનાથી કેવું ફળ પ્રાપ્ત થાય!"

"રાજન્!" શ્રી આર્યસુહસ્તી મહારાજે શાંત વદને ઉત્તર આપ્યો, "જૈન ધર્મની આરાધનાથી સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે."

પ્રિયદર્શીએ ફરી પૂછ્યું, "દેવ! સામાયિકનું શું ફળ મળે?"

"નૃપતિ!" શ્રી આર્યસુહસ્તીએ પ્રિયદર્શીના ચહેરા પર નજર ઠેરવતાં કહ્યું, "અવ્યક્ત સામાયિકના બળે રાજ્યાદિકની પ્રાપ્તિ થાય છે; જ્યારે વ્યક્ત સામાયિકથી મોક્ષ પણ પ્રાપ્ત થઇ શકે છે."

"સાચી વાત; આપ કહો છો તે અક્ષરશઃ યથાર્થ છે." પ્રિયદર્શી શ્રી આર્યસુહસ્તી સ્વામીને ઉદ્દેશીને મોટેથી બોલ્યો. અને પછી મનમાં વિચારી રહ્યો કે, "મને આ જે રાજ્ય પ્રાપ્ત થયું છે તે પૂર્વજન્મમાં આ ગુરુદેવે મને કરાવેલી સામાયિકની આરાધનાને જ આભારી હોવું જોઇએ."–પછી તે મોટેથી બોલ્યો, "ગુરુદેવ! આપ મને ઓળખો છો?"

"મૌર્ય સામ્રાજ્યના સ્વામીને કોણ ન ઓળખે!" શ્રી આર્યસુહસ્તીએ શાંતિથી ઉત્તર દીધો.

"એમ નહિ." પ્રિયદર્શીએ ભક્તિભાવે કહ્યું. "કોઇક બીજા સંબંધે."

"બીજો સંબંધ પૂર્વભવનો" શ્રી આર્યસુહસ્તીએ પ્રિયદર્શીના ચહેરા પર હૃદયમાં ઊતરી જાય એવી સૂક્ષ્મ, તેજોમય ને નિર્મળ નજર ઠેરવતાં કહ્યું.

"શું આપ મારો પૂર્વભવ જાણો છો!" પ્રિયદર્શીએ ભક્તિમય ઉત્સુકતાથી પૂછ્યું.

"કેમ નહિ!" શ્રી આર્યસુહસ્તીએ લોકોત્તર સ્વરે ઉત્તર દીધો. અને પછી તેજોમય વાણીમાં બોલ્યા.

"પૂર્વે શ્રી આર્યમહાગિરિ આચાર્યની સાથે વિચરતાં વિચરતાં અમે એક પ્રસંગે ગચ્છ સહિત કૌશાંબી જઇ પહોંચ્યા; અને સ્થાનના સંકોચથી અમે આચાર્ય જુદી જુદી વસ્તીમાં રહેલા. એટલામાં ત્યાં ભયંકર દુષ્કાળ પડ્યો; પરંતુ ત્યાંની ધર્મપ્રિય પ્રજા અમારા પ્રત્યેની ભક્તિથી અમને અન્નપાનાદિક વહોરાવ- સમયમાં ભારી વિકટ ઉપકારી બની. એક દિવસે અમારા

શિષ્યો ભિક્ષાને માટે એક શેઠને ઘેર ગયા. ત્યાં તેમની પાછળ કોઈ રંક પુરુષ આવ્યો. તે રંકના દેખતાં મુનિઓએ ગૃહસ્થના આગ્રહથી મોદકાદિકની ભિક્ષા લીધી. તે ભિક્ષા વહોરીને વસતી તરફ આવતા સાધુ-ઓની પાછળ આવી પેલો રંક બોલ્યો, " હે ભગવન્ ! મને ભોજન આપો." તે પ્રસંગે અમારા શિષ્યોએ ઉત્તર દીધો કે, ' ગુરુની આજ્ઞા વિના અમારાથી કશું જ ન બની શકે. ' તે સાંભળીને તે રંક તેમની પાછળ પાછળ અમારી સમીપ આવી પહોંચ્યો ને દીન થઈ અમારા પાસે ભોજન માગ્યું. અમે ભાવિ સુકૃત્યોની પરંપરા અવ-લોકીને કહ્યું, " ભાઈ, આ ભિક્ષા દીક્ષિત મુનિઓને વહોરાવવામાં આવી છે. એટલે સાધુ વિના અન્ય કોઈથી એનો ઉપયોગ ન થઈ શકે. જો તું દીક્ષા લે તો જ તને એમાંથી ભોજન મળી શકે. " એ સાંભળીને તે રંક વિચારવા લાગ્યો કે, " આજીવન કષ્ટ તો હું વેઠતો આવ્યો છું. તેની સાથે સરખાવતાં આ વ્રતનું કષ્ટ સહેલું ગણાય. કેમકે તેમાં છેવટે સુંદર ભોજનનો તો લાભ મળે જ છે. " આમ વિચારીને, તે રંકે તરત જ અમારા પાસે દીક્ષા લીધી. પછી અમે તેને તેની ઇચ્છાનુસાર ભોજન આપ્યું. પણ તેણે ઘણા દિવસે મીષ્ટ પદાર્થો નિહાળ્યા હોઈ તેનું કંઠપર્યન્ત ભોજન કર્યું. પરિણામે અતિશય આહારથી શ્વાસ રોકાઈ જતાં તે જ રાત્રિએ તે મરણ પામ્યો. પરંતુ મધ્યસ્થ ભાવે રહેતાં તે સાધુ અવ્યક્ત સામાયિકના બળે મૌર્ય યુવરાજ કુણાલના પુત્ર તરીકે અવતરીને મૌર્ય સામ્રાજ્યનો સ્વામી બન્યો છે."

પ્રિયદર્શી શ્રી આર્યસુહસ્તી મહારાજના આ વાણી-પ્રવાહને એક ચિત્તે સાંભળી રહ્યો. અને તેમનું વર્ણન પોતે નિહાળેલા પૂર્વજન્મના દશ્ય સાથે સંપૂર્ણ મળતું આવતાં તે પોતાના ઉપકારી ગુરુદેવને ફરીફરીને નમ્યો. ગુરુવર્યની સમીપ ઊભેલા તેમના વડીલ ગુરુભાઈ શ્રી આર્યમહાગિરિને પણ તેણે વંદન કર્યું અને પછી શ્રી આર્યસુહસ્તી આચાર્યને સંબોધીને બોલ્યો, " દેવ ! આપના જ પ્રસાદથી હું આ પદવી પામ્યો છું. આપે તે પ્રસંગે મને દીક્ષા ન આપી હોત તો હું, રંક ભિક્ષુક તરીકે જ રહ્યો હોત અને કેવીયે ગતિ પામત. એટલે મારા સામ્રાજ્યના સાચા સ્વામી તો આપ જ છો. પૂર્વભવે જેમ આપ મારા ગુરુ હતા, તેમ આ ભવે પણ આપ જ મારા ગુરુ છો. હું તો આપનો આજ્ઞાંકિત શિષ્ય લેખાઉં."

" રાજન્ " શ્રી આર્યસુહસ્તી સ્વામીએ શાંત સ્વરે કહ્યું, " અમારા નિસ્પૃહી જીવનને સામ્રાજ્યો સાથે

### સદ્ધર્મને માર્ગે

કશો જ સંબંધ ન હોઈ શકે. તે વિષયમાં અમારું કર્તવ્ય તો સામ્રાજ્યના સ્વામીઓ સદ્ધર્મને માર્ગે વળે ત્યાં જ પૂરું થાય છે. "

" તો પછી આપ મને એ સદ્ધર્મનો પ્રધાન માર્ગ દર્શાવો. "

" હે રાજન્ ! " શ્રી આર્યસુહસ્તી સ્વામીએ પ્રેરક વાણીમાં કહ્યું, " આલોક અને પરલોકના સુખને માટે તું જૈન ધર્મનો સ્વીકાર કર. તે ધર્મમાં માનવી પ્રતિક્રમણના યોગે પાપથી પાછો હઠી શકે છે. તે ધર્મના ઉપાસકો પરલોકમાં સ્વર્ગ અને મોક્ષ પામે છે અને આ લોકમાં હસ્તી, અશ્વ અને કોશાદિકની ઉત્તરોત્તર વૃદ્ધિગત સંપત્તિ પામે છે."

રાજાએ તરત જ તે સ્થળે જૈન ધર્મનો સ્વીકાર કરતાં કહ્યું કે–' શ્રી જિનેશ્વર ભગવંત દેવ, સુસાધુ ગુરુ અને અર્હંત્ પ્રણિત ધર્મ જ મારે પ્રમાણ છે. " ને એ પ્રમાણે સમકિતના ઉચ્ચારપૂર્વક સમ્રાટ પ્રિય-દર્શીએ તરત જ ઉપાસક–શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કર્યાં.

પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત ને ચાર શિક્ષાવ્રત–એમ બાર વ્રત સાચા જૈન–શ્રાવક–ઉપાસકનાં આવશ્યક

### શ્રાવકનાં બાર વ્રત

લક્ષણો ગણાય છે. તેમાં પ્રાણાતિપાત વિરમણ યાને અહિંસા, મૃષાવાદ વિરમણ યાને સત્ય, અદત્તાદાન વિરમણ યાને અસ્તેય, મૈથુન વિરમણ યાને શીલ ને પરિગ્રહપરિમાણ યાને દ્રવ્યમર્યાદા ( અપરિગ્રહ ) એ પાંચ અણુવ્રત ગણાય છે. દિગ્-પરિમાણ યાને દેશાટનાદિની મર્યાદા, ભોગોપભોગ

વિરમણ યાને ભોગ-ઉપભોગનાં અમર્યાદિત સાધનોથી નિવૃત્તિ ને અનર્થદંડ વિરમણ યાને નિરર્થક હાનિ અને તેનાં સાધનોથી નિવૃત્તિ એ ત્રણ ગુણવ્રત લેખાય છે. ને સામાયિક, દેશાવગાસિક, પૌષધોપવાસ ને અતિથિ-સંવિભાગ એ ચાર શિક્ષાવ્રત મનાય છે. આ બારે વ્રતોનો સ્વીકાર કરીને સમ્રાટ પ્રિયદર્શી યાને સંપ્રતિ સાચો જૈન-શ્રાવક-ઉપાસક બન્યો.

**ધર્મપરિવર્તનની અસર**

કુણાલ-કંચનમાળાને પ્રિયદર્શીનું આ સ્વૈચ્છિક ધર્મપરિવર્તન ખૂબ જ રુચિકર નીવડયું. કેમકે જૈન ધર્મ પ્રત્યે તેઓ અનુરાગ ધરાવતાં હતાં એટલું જ નહિ, પરંતુ બૌદ્ધ ધર્મ પ્રત્યે તેઓ અરુચિ પણ ધરાવતાં હતાં. એ ધર્મે જ તેમને અવનતિને માર્ગે ધકેલ્યાં હતાં. એ ધર્મના આચાર્યોએ અને બૌદ્ધ રાણી તિષ્યરક્ષિતાએ મળીને કુણાલની આંખો ફોડાવી હતી, તેને યુવરાજપદેથી પદભ્રષ્ટ કરાવ્યો હતો અને કુણાલની માતા પદ્માવતીને પતિનો આજીવન વિરહ કરાવ્યો હતો. પ્રિયદર્શી બૌદ્ધ ધર્મ પ્રત્યે જો કે અનુરાગ નહોતો ધરાવતો પણ જ્યાં લગી તે જાહેર રીતે ધર્મ-પરિવર્તન ન કરે ત્યાં લગી અશોકના પૌત્ર તરીકે તે બૌદ્ધ સંઘનો જ સભ્ય ગણાતો હતો, અને કુણાલ-કંચનમાળાને માટે તે અતિ દુઃખનો વિષય હતો. પ્રિયદર્શી એ વસ્તુસ્થિતિ સમજતો હતો, પરંતુ તે ધર્મપરિવર્તનને માટે યોગ્ય તકની રાહ જોઈ રહ્યો હતો. સામ્રાજ્યભરમાં પોતાનો પ્રભાવ પથરાયા પૂર્વે કે પાટલીપુત્રમાં, જો તે તેમ કરવા જાય તો બૌદ્ધ સંઘ તેને ઉથલાવી પાડવાને માટે અનેક કાવત્રાંઓ રચવાનું સામર્થ્ય ધરાવતો હતો. એટલે તેણે આજથી ધર્મવિષયમાં તટસ્થ રહીને કેવળ બૌદ્ધોના વર્ચસ્વને જ રાજતંત્રમાંથી ઓછું કરવાનું કાર્ય કર્યું હતું. પણ હવે ધર્મપરિવર્તન માટે સમય, પ્રજા અને અધિકારીઓની અનુકૂળતા સાંપડતાં જ તેણે તે તક ઝડપી લીધી. ને તે પ્રજાના પૂર્ણ ભાવ પરમ ઉપકારી ગુરુદેવ શ્રી આર્ય-સુહસ્તિ ઉપદેશથી શ્રાવક-જૈન બન્યો.

આ પ્રમાણે આભારની લાગણીથી પ્રેરાઈને પોતે કરેલા ધર્મપરિવર્તનની સામ્રાજ્યભરમાં શી અસર થાય છે તેના અવલોકન માટે થોડાક સમય લગી પ્રિયદર્શી અવંતીમાં જ રહ્યો અને સર્વ ધર્મો પ્રત્યે સમભાવથી નીરખવા લાગ્યો. જૈન મંદિરોમાં દર્શન-પૂજા કે આર્ય-સુહસ્તી આદિ જૈન મુનિવરોને વંદન વગેરે ધાર્મિક ક્રિયાઓમાં તે જૈન ધર્મને અનુસરતો હતો, પણ રાજકીય વિષયમાં તેણે ધાર્મિક તટસ્થતા જાળવી રાખી.

પ્રિયદર્શીના આ ધર્મપરિવર્તનથી બૌદ્ધ સંઘ શરૂઆતમાં તો ચોંકી ઊઠયો, ને તેણે પ્રિયદર્શીને ઉથલાવી પાડવા માટે કાવત્રાંઓની શક્યતા વિચારી. પરંતુ સામ્રાજ્યના સ્વામી તરીકે પ્રિયદર્શીનું સ્થાન એવું અચળ થઈ ચૂકયું હતું અને પ્રજામાં તે એવો અપૂર્વ પ્રેમ ધરાવતો હતો કે જો કાવત્રાંઓ નિષ્ફળ જાય તો બૌદ્ધ સંઘને માટે તો સર્વનાશની નોબત જ વાગે તેમ હતું. બીજી બાજુ પ્રિયદર્શીનું આ ધર્મ-પરિવર્તન જૈન યુક્તિપ્રયુક્તિથી નહિ પરંતુ આભારની લાગણીને અનુસરીને સ્વાભાવિક સંયોગોમાં થયું હતું અને પ્રિયદર્શી જૈન ધર્મ પ્રત્યે ધાર્મિક દૃષ્ટિએ જ રસ ધરાવતો હતો જેથી બૌદ્ધ સંઘને વિશેષ ગભરામણનું કારણ નહોતું. એટલે બૌદ્ધ સંઘે પ્રિયદર્શીએ કરેલા બૌદ્ધ ધર્મના ત્યાગ પ્રત્યે દુઃખદ લાગણી દર્શાવીને જ સંતોષ માન્યો. અને બૌદ્ધ સંઘને બાદ કરતાં અન્ય પ્રજા અને અધિકારી વર્ગો તો બૌદ્ધ વર્ચસ્વથી એટલા કંટાળી ગયા હતા કે તેમણે તો પ્રિયદર્શીના આ ધર્મ-પરિવર્તનને હર્ષભેર વધાવી લીધું. પ્રિયદર્શીને વૈદિક ધર્મ પ્રત્યે આકર્ષવા ઇચ્છતા વૈદિક ધર્માનુયાયીઓ પ્રિયદર્શીના આ ધર્મપરિવર્તનથી કંઈક કચવાયા પરંતુ તેમણે એમ વિચારીને સંતોષ માન્યો કે જો પ્રિયદર્શી બૌદ્ધ દર્શનમાં જ કાયમ રહ્યો હોત તો બૌદ્ધ ધર્મ ભારતભરમાં સર્વવ્યાપી અને અમર બની જાત જ્યારે હવે જૈન અને બૌદ્ધ બંને પરસ્પર સાથે અથડાઈને પોતાના માર્ગને મોકળો કરશે; ને આ વિચારથી તેઓ પણ આ ધર્મ-પરિવર્તન પ્રત્યે તટસ્થ રહ્યા.

પ્રિયદર્શીએ પોતાના ધર્મપરિવર્તનની સામ્રાજ્ય-ભરમાં થયેલી આ અસરનું થોડાક સમય લગી તટસ્થ ભાવે નિરીક્ષણ કર્યું અને જ્યારે તેણે જોયું કે એ પરિવર્તનથી વિરોધી કરતાં સહાયક બળોને વધારે વેગ મળ્યો છે ત્યારે તે જૈન ધર્મમાં વધુને વધુ રસ દાખવવા માંડ્યો.

**પ્રિયદર્શીએ જૈન ધર્મમાં લેવા માંડેલો વધુ રસ**

તે પ્રતિદિન શ્રી આર્યસુહસ્તી આચાર્યના વંદને જવા લાગ્યો તેમજ મહત્ત્વની દરેક ધાર્મિક ક્રિયાઓમાં હાજરી પણ આપવા લાગ્યો. અને તેને અનુસરીને અવંતીની પ્રજા પણ ધાર્મિક ક્રિયાઓમાં વધુ રસ લેવા લાગી.

આ પ્રમાણે થોડા જ સમયમાં ધર્મપરિવર્તનની શુભ અસરો નીપજાવીને પ્રિયદર્શીએ પોતાનું અધૂરું સામ્રાજ્ય-પર્યટન ફરી શરૂ કર્યું.

**સામ્રાજ્ય-પર્યટન**

ને તેણે અવંતીથી નીકળીને તક્ષશિલા આદિ સામ્રાજ્યનાં મહત્ત્વનાં કેન્દ્રોની મુલાકાત લીધી. સ્થળે સ્થળે તેનું ભવ્ય સ્વાગત થયું. જૈનોએ તેને પોતાના નૃપતિ તરીકે વધાવી લીધો, બૌધ્ધોએ તેને ભયથી સન્માન્યો, વૈદિક ધર્માનુયાયીઓએ તેને શુભેચ્છાની આશાથી પ્રેરાઈને સત્કાર્યો. તેણે સર્વ ધર્મોને સંરક્ષણની ખાત્રી આપી; અધિકારીઓને વધુ કર્તવ્યશીલ અને પ્રજાહિતતત્પર બનવાની શિખામણ દીધી. ભિક્ષુકોને, બ્રાહ્મણોને, શ્રમણોને, દરિદ્રોને, અશક્તોને, અનાથોને, વૃધ્ધોને તેણે ઉચિત દાન દીધું. જ્યાં જ્યાં નહેરો, વાવ, કુવા, આંબાવાડી, ઉદ્યાનો આદિની આવશ્યકતા હતી ત્યાં ત્યાં તે બનાવરાવવાનો તેણે પ્રબંધ કર્યો. પ્રજાજનોને મળીને તેણે તેમનાં દુઃખ સાંભળ્યાં અને તે દુઃખ બનતી ઝડપે નિવારવાની તેણે વ્યવસ્થા કરી. આ પ્રમાણે ભિન્ન ભિન્ન પ્રજાઓનાં હૃદયસિંહાસને પોતાનું અમર સ્થાન અંકિત કરીને તે થોડા સમયમાં પાટલીપુત્ર પાછો ફર્યો અને રાજતંત્રનું સુકાન પોતાના હાથમાં સંભાળી લીધું.

પોતાની ગેરહાજરી દરમિયાન મંત્રીઓએ ચલાવે રાજકારોબારનું નિરીક્ષણ કરીને તેણે તે પ્રત્યે સંતો વ્યક્ત કર્યો અને જ્યાં જ્યાં સુધારાની આવશ્યકત જણાઈ ત્યાં ત્યાં તેણે તે દાખલ કર્યાં. પોતાની પ્રજ આલોક અને પરલોક બંને સ્થળે સુખ પ્રાપ્ત કરે એવા આશયથી તેણે પ્રજાની આધ્યાત્મિક, નૈતિક ને ભૌતિક— ત્રણે શક્તિઓને વિકસાવવાના સર્વ શક્ય ઉપાય અજમાવ્યા.

આ પ્રમાણે તે પ્રજાવિકાસના માર્ગો ખીલવી રહ્યો હતો એટલામાં અવંતીથી કુણાલની માંદગીના સમાચાર આવ્યા. એક તો પ્રિયદર્શીને અવંતી પ્રત્યે નૈસર્ગિક આકર્ષણ હતું, અને તેમાં પ્રેમાળ પિતાની માંદગીના સમાચાર આવ્યા. એટલે તે ત્વરાએ અવંતી પહોંચવાને રવાના થયો અને થોડા જ દિવસમાં માતા-પિતાને જઈ નમ્યો.

પુત્રને સિંહાસને ચડાવવાની પત્નીની મહેચ્છા સંતોષ્યા પછી કુણાલને જીવનમાં ખૂબ રસ નહોતો રહ્યો.

**કુણાલની માંદગી**

કંચનમાળાની ભક્તિ તેના જીવનને રસમય અને આનંદપૂર્ણ બનાવી રહી હતી, પણ સામ્રાજ્યનું યુવરાજપદ ભોગવી ચૂકેલા પ્રભાવશાળી પુરુષરત્નને માટે નયનનો અભાવ અને કેદીના જેવું એકાંત જીવન એ ઓછા વિષાદનો વિષય નહોતો. યુવાનીમાં તેણે જ્ઞાન અને કલાને ચરણે પોતાનું જીવન સમર્પેલું પણ હવે તો એ ભૂખ પણ સંતોષાઈ ચૂકી હતી. એટલે પ્રૌઢ વયમાં પ્રવેશ્યા પૂર્વે પણ તેના જીવનમાં વૃદ્ધાવસ્થાની છાયા ઊતરી રહી હતી. તેના દેહપરથી રાજવંશી પ્રભા આથમી રહી હતી અને અંગેઅંગ ઉપર ઓલવાતા જીવનની કરચલીઓ પણ પથરાઈ ચૂકી હતી. તેની આંતરિક વ્યથા દિનપ્રતિદિન વધી રહી હતી. કંચનમાળા તેની સતત શુશ્રૂષા કરતી પણ તેની અસર ન જોવી થતી. એટલે પ્રિયદર્શીને તેની માંદગીના સમાચાર પહોંચાડવામાં આવ્યા હતા.

...

પોતાની વ્યથાઓ, આશાઓ

રી. તેણે જણાવ્યું કે પોતે હવે

જીવનસંધ્યાને આરે આવી ઊભો છે. પોતે અને કંચનમાળાએ જૈન ધર્મ પ્રત્યે આજીવન અનુરાગ સેવ્યો છે અને બૌદ્ધ કાવત્રાંઓએ તેમના જીવન પ્રકાશનો ભોગ લીધો છે. એટલે તેઓ પુત્ર પાસેથી સહેજે એવી આશા રાખે છે કે તે બૌદ્ધ કાવત્રાંખોરીને દાબી દઈને જૈન ધર્મનો પ્રભાવક-પ્રચારક પુરુષરત્ન બને. અને જો તેઓ પોતાના આથમતા જીવનની પળોમાં પુત્રને હાથે પોતાની એ મહેચ્છાનાં મંગલાચરણ થતાં નિહાળી શકે તો તેમને અતિહર્ષ થશે. પ્રિયદર્શી માત-પિતાની કોઈ પણ ઈચ્છા સંતોષવાને તૈયાર હતો. જ્યારે આ તો તેને મનગમતી જ વસ્તુ હતી. એટલે તેણે પોતાની પ્રભાવક શક્તિનો માતપિતાને પરિચય કરાવવાનો નિર્ણય કર્યો.

થોડા જ દિવસ પછી જીવંતસ્વામીની રથયાત્રાનો ઉત્સવદિન આવતો હતો, અને તે દિવસે પ્રિયદર્શીએ જૈન ધર્મનો સ્વીકાર કર્યાને એક વર્ષ પણ પૂરું થતું હતું. એટલે આ વખતે એ ઉત્સવને એવા અલૌકિક સ્વરૂપમાં ઉજવવાનો પ્રિયદર્શીએ નિશ્ચય કર્યો કે જેવા સ્વરૂપમાં કોઈ ઉત્સવ ત્રણે લોકમાં કોઈ કાળમાં પણ ઉજવાયો ન હોય. ને તે ઉત્સવના અંતે તેણે જૈન ધર્મના દિગ્વિજયની ઘોષણા પ્રગટાવવાની ભાવના સેવી.

### રથયાત્રાનો ભવ્ય મહોત્સવ

પ્રિયદર્શીએ ધર્મપરિવર્તન કર્યા પછી થોડાક સમય સુધી બૌદ્ધ ક્ષેત્રમાં જે સહેજ અસ્થિરતા આવી હતી તે પણ હવે તો શમી ગઈ હતી, અને સામ્રાજ્યના સર્વે વિભાગોમાં પ્રિયદર્શીનું ધર્મ પરિવર્તન સન્માનને પાત્ર બન્યું હતું. એટલે હવે પ્રિયદર્શી જૈન ધર્મનો પ્રચાર વિસ્તારવાને ગમે તે પગલાં લે તો પણ તેના અનુચિત પ્રત્યાઘાતનો કોઈ સંભવ નહોતો.

તેણે રથયાત્રાનો આગામી ઉત્સવ ભવ્ય સ્વરૂપમાં ઉજવવાને માટે જૈન સંઘને રાજમંદિરમાંથી ધન અને સાધન-સામગ્રીની પૂરતી મદદ આપી, શ્રી આર્યસુહસ્તી સૂરિજી, શ્રી આર્યમહાગિરિ વગેરે નામાંકિત આચાર્યોને તેણે એ ઉત્સવમાં ભાગ લેવાને આમંત્ર્યા એ જ રીતે સામ્રાજ્યના માંડલિક રાજવીઓને પણ તેણે આ ઉત્સવમાં ઝડપથી આવી પહોંચવાનાં આમંત્રણો મોકલાવ્યાં. ને ભારતભરના જૈન સંઘોને પણ તેણે એ આશયની આમંત્રણ-પત્રિકાઓ મોકલાવી.

પ્રિયદર્શીના આમંત્રણનો ક્યાંય પણ અસ્વીકાર ન થયો. લગભગ બધા જ માંડલિક નૃપતિઓ ઉત્સવમાં ભાગ લેવાને અવંતી આવી પહોંચ્યા. શ્રી આર્યસુહસ્તી, આર્યમહાગિરિ વગેરે નામાંકિત આચાર્યો પણ ગત વર્ષની જેમ આ વર્ષે પણ જીવંતસ્વામીને વાંદવાને અને રથયાત્રાના ઉત્સવમાં ભાગ લેવાને અવંતી આવી પહોંચ્યા. એ જ રીતે માળવાની ધર્મિષ્ઠ જૈન પ્રજાનાં ટોળેટોળાં અવંતી પ્રતિ ઊલટ્યાં. માળવા બહારની ભક્તિવંત પ્રજામાંથી પણ જેઓ પહોંચી શકે તેમ હતાં તેઓ અવંતી બાજુ દોડ્યાં. અનેક અધિકારીઓ અને જૈનેતર વર્ગો પણ ઉત્સુકતાના પ્રેર્યા ઉત્સવ નિહાળવાને અવંતી આવી પહોંચ્યા.

ઉત્સવનો દિન આવી પહોંચતાં જીવંતસ્વામીના મંદિરમાંથી રથયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો. એ વરઘોડાની ભવ્યતા ઇન્દ્રની સ્વારીને પણ વીસરાવી દે એવી હતી ભારતભરના માંડલિક નૃપતિઓ, અધિકારીઓ, નામાંકિત નરરત્નો ને માળવાની ભક્તિવંત પ્રજા પોતાનાં રંગબેરંગી વસ્ત્રાલંકારોથી વાતાવરણમાં અપાર્થિક પ્રભુતા ફેલાવી રહ્યાં હતાં. અવંતીમાં આનંદ, ભક્તિ અને પવિત્રતાનો અદ્દભુત ત્રિવિધ સંગમ થયો હતો. અર્હત્ પ્રતિમા એ વરઘોડાનો પ્રાણ હતી, મહાન તપસ્વી અને જ્ઞાની મુનિવરો તેની શોભા હતા અને સમ્રાટ પ્રિયદર્શી અલૌકિક પુજારી સમો ભાસતો હતો.

પ્રભુની પ્રતિમાથી શોભતો રથ સૂર્યના રથ સમાન લાગતો અને સુવર્ણ ને માણિક્યની પ્રભાથી તે દિશાઓને પણ દેદિપ્યમાન કરી રહ્યો હતો. વિધિને જાણનારા મહર્દ્ધિક શ્રાવકો એ રથમાં બિરાજિત પ્રતિમાની સ્નાત્ર, વિલેપન, પુષ્પ, ધૂપ આદિથી અનુક્રમે પૂજા કરવા લાગ્યા. પૂજનના અંતે આરતી ઉતારવામાં આવી અને વરઘોડો આગળ વધ્યો. ભક્તિવંત પ્રજાજનો પ્રભુના રથને અને જ ખેંચવા લાગ્યા.

માર્ગમાં રથની આગળ કલાપ્રિય નાગરિક રમણીઓ પરસ્પર તાલપૂર્વક રાસડા લેતી હતી, ચતુર્વિધ વાદ્યના નાદ સાથે સુંદર નાટક થઇ રહ્યું હતું, અને ચારે બાજુ કોકિલકંઠી શ્રાવિકાઓ ધવલમંગલ ગાઇ રહી હતી. કુંકુમ અને સુગંધી જળના અતિશય છંટકાવથી જમીન નવપલ્લવિત રક્તવર્ણી શરમાળ વધૂની જેમ મઘમઘી રહી હતી. એ જમીન પર ચાલતી ભક્તિવંત માનવમેદની વાતાવરણને પ્રાણ, પ્રકાશ, રંગ, સુગંધને સંગીતના પંચાંગી સંગમથી અભિષિક્ત કરીને તેમાં અલૌકિક આલ્હાદ પુરી રહી હતી. એવી રીતે ચાલતો અને પ્રત્યેક મંદિરને મકાન પાસે ઊભો રહીને વિવિધ પ્રકારની પૂજાને ગ્રહણ કરતો રથ થોડા જ સમયમાં સમ્રાટ પ્રિયદર્શીના રાજમહેલના પ્રવેશદ્વારે જઇ થોભ્યો.

**કંચનમાળાને થયેલો હર્ષ**

રાજમાતા કંચનમાળા આ દૃશ્યથી અપૂર્વ આનંદ અનુભવવા લાગી. તે સ્વર્ગમાંથી ઊતરતી કોઇ દેવીની જેમ પ્રભુ પૂજનને માટે રાજમહેલની અટારીએથી નીચે ઊતરી આવી. ચક્ષુવિહીન કુણાલ માંદો માંદો પણ પ્રભુ પૂજનને માટે ને સંઘની ચરણરજ લેવાને રથની સમીપ આવી પહોંચ્યો. સમ્રાટ પ્રિયદર્શી માતપિતાની સમીપ ઉભો રહીને પરમ શ્રાવકની જેમ વિવિધ પ્રકારે પ્રભુની પૂજા કરવા લાગ્યો. કંચનમાળાની પૂજન સામગ્રી તો ઐશ્વર્યમાં ઇન્દ્રાણીને પણ શરમાવે એવી હતી. તેણે પ્રભુના રથને અને સંઘને સાચા મોતીથી વધાવી લીધો. પ્રભુપ્રતિમાની તેણે વિવિધ પ્રકારની સાધનસામગ્રી અને ભાવભક્તિથી પૂજા કરી. ને પછી પુત્રને ઉદ્દેશીને તે બોલી, " બેટા, આજે અમારૂં જીવન સફળ થયું છે. હવે તો ફક્ત એક જ આશા બાકી રહી છે."

" કઇ ? " પ્રિયદર્શીએ પ્રેમ અને ભક્તિભર્યો સ્વરે પૂછ્યું.

" જેવો તેં અવંતીમાં આજે જૈન ધર્મનો પ્રભાવ ફેલાવ્યો છે," માતા અફાટ જનસમૂહ પર નજર નાંખતાં બોલી, "એવો જ તેનો પ્રભાવ તું વિશ્વભરમાં વિસ્તારે."

" એ તો તમે મારી જ ઇચ્છા કહી. " પ્રિયદર્શીએ ભાવભરી વાણીમાં કહ્યું. " એ ભવ્ય ભાવનાની સિદ્ધિને માર્ગે પ્રથમ વિરાટ પગલું માંડવાને માટે તો મેં આજે માંડલિક નૃપતિઓને આમંત્ર્યા છે. તેમની મારફત હું પ્રથમ સામ્રાજ્યભરમાં જૈન ધર્મનો પ્રભાવ ફેલાવવા માગું છું. તે પછી દેશ અને વિદેશમાં લાખો જૈન મંદિરો ચણાવવાં, અસંખ્ય મૂર્તિઓ ભરાવરાવવી, ભવ્ય સ્મારકો ઊભાં કરવાં, દેશેદેશ ધર્મપ્રચારકો મોકલવા, તીર્થોના ઉદ્ધાર કરાવવા અને ભવ્ય સંઘો કાઢવા ઇ. ઇ.—ને એ રીતે વિશ્વભરમાં જૈન ધર્મનો વિજયડંકો વગડાવવો એ મારી ભાવના છે. "

**પ્રિયદર્શીએ માંડલિક નૃપતિઓને કરેલો જૈન ધર્મનો ઉપદેશ**

પુત્રના આ ભાવનાદર્શનને માતા પ્રશંસાપૂર્ણ નેત્રે અવલોકી રહી. પ્રિયદર્શીએ એ જ ક્ષણે માંડલિક નૃપતિઓને પોતાની સમક્ષ બોલાવ્યા અને તેમને ઉદ્દેશીને તે ભાવભક્તિસભર તેજસ્વી કંઠે બોલ્યો, " હે સામંતો, જો તમે મને તમારો સાચો સમ્રાટ માનતા હો અને મારી રાજકીય આજ્ઞાઓની જેમ મારી આધ્યાત્મિક સલાહને પણ માનની નજરે નિહાળતા હો તો તમે જૈન ધર્મ પ્રત્યે અહોનિશ આદર ધરાવતા બનો, અને શક્ય હોય તો સુવિહિત એવા શ્રમણોના ઉપાસકો—શ્રાવકો થઇ જાઓ. તમે મને આર્થિક ખંડણી આપો તે કરતાં મારી ધાર્મિક સલાહને અનુસરો એ મને વધારે પ્રિયકર છે. "

સમ્રાટ પ્રિયદર્શીની આ ધર્મપ્રેમભરી વાણીની માંડલિક નૃપતિઓ પર ઊંડી અસર થઇ. અને તેમાંના ઘણાખરાએ શ્રી આર્યસુહસ્તી આચાર્યની સમીપ જ જૈન ધર્મ સ્વીકારી લીધો. અને ઉત્સવની પૂર્ણાહુતિ પછી પોતપોતાને દેશ સિધાવતાં તે માંડલિક નૃપતિઓ ત્યાં સ્વામીભક્તિ અને શ્રમણોની ઉપાસના કરવા લાગ્યા અને ભવ્ય રથયાત્રાઓ પ્રવર્તાવીને જૈન ધર્મનો પ્રભાવ ફેલાવવા લાગ્યા. જેઓ આંતરિક કારણોને અનુસરીને જૈન ધર્મનો સ્પષ્ટ સ્વીકાર ન કરી શક્યા તેઓ પણ

સમ્રાટની ઇચ્છાને અનુસરીને જૈન ધર્મનો પ્રભાવ ફેલાવવામાં આડકતરી સહાય તો કરતા જ થયા. આ રીતે પ્રિયદર્શીના ૧૬૦૦ માંડલિક નૃપતિઓમાંથી ઘણુખરા જૈન ધર્મના પ્રચારકો બની રહ્યા અને એ રીતે ભારતભરમાં જૈન ધર્મનો વિજયડંકો વાગવા લાગ્યો.

પોતાની બધી ઉમેદો અને તેને સિદ્ધ કરવાની શકિત પુત્રમાં કેન્દ્રિત થયેલાં જોઇને કુણાલ–કંચનમાળા કૃતકૃત્યતા અનુભવવા લાગ્યાં.

**કુણાલ–કંચનમાળાનું અવસાન અને મૌર્ય રાજવંશમાં તેમનું સ્થાન**

તેમને પોતાનું જીવન સાર્થક થયું જણાયું. તેમના હૃદયમાં અસંતોષ કે અતૃપ્તિનો એકે અંશ ન રહ્યો કુણાલને પોતાની અંધતાનો અને કંચનમાળાને ચક્ષુવિહીન પુરુષના કંઠમાં વરમાળ આરોપ્યાનો બદલો મળી ગયો જણાયો. બંને પ્રૌઢ વયમાં જો કે હજી હવે પ્રવેશવાનાં હતાં. છતાં યુવાનીમાં ભોગવેલી અકથ્ય વ્યથાઓએ તેમના જીવનનું નૂર ચૂસી લીધું હતું. એટલે બંને જીવન-સંધ્યાને આરે આવી ઊભાં હતાં. એ સંધ્યાને પ્રિયદર્શીએ પોતાના પ્રભાવથી પ્રકાશવતી કરી હતી. હવે કુણાલ–કંચનમાળા ઇચ્છતાં હતાં કે એ પ્રકાશના આનંદમાં જ તેમના જીવન–દીપ પૂરા થાય.

ને ભાગ્યજોગે તેમની એ ઇચ્છા પણ સંતોષાઇ. કુણાલ મહિનાઓ થયાં માંદગીને બિછાને પડ્યો હતો. રથયાત્રાના મહોત્સવ વખતે તેણે થોડું ઘણું પ્રાણતેજ દાખવ્યું પણ પછી માંદગીએ ફરી ઉથલો ખાધો. કંચનમાળા પણ ઘોડાક સમયથી પતિની સાથે સહગમન કરવાને આકરી તપશ્ચર્યાઓ કરી રહી હતી. પ્રિયદર્શીએ બંનેને બચાવવાને અનહદ પ્રયત્નો કર્યા. પણ બંનેની ઇચ્છાદૃષ્ટિ પરલોક સાથે સંકળાઇ ચૂકી હતી એટલે થોડા જ દિવસમાં બંને સજોડે સ્વર્ગમાં ચાલ્યાં ગયાં.

મૌર્ય રાજવંશના ઇતિહાસમાં અંધ યુવરાજ ને કલાકાર તરીકે કુણાલનું નામ જળવાઇ રહ્યું છે અને અંધ પુરુષની વફાદાર પ્રિયતમા તરીકે કંચનમાળા માનની નજરે નિરખાય છે પણ હજી તે બંનેને તેમને ઉચિત સ્થાન તો નથી જ મળ્યું. મૌર્ય રાજવંશનો સાચો શિરતાજ તો કુણાલ છે. પોતાની પૂર્વેના અને પછીના સામ્રાજ્યસ્વામીઓને એણે સુવર્ણની દોરીએ ગૂંથી લીધા છે. ને કંચનમાળા અંધ પુરુષની પ્રિયતમા તરીકે જેટલા સન્માનને પાત્ર છે એથી યે વિશેષ તો પ્રતિકૂળ સંયોગોમાં પણ વિશ્વના એક મહાન સમ્રાટને વિરલ સંસ્કાર પાનાર જનની તરીકે સન્માનને પાત્ર છે. તેનું અખંડ જીવન, પ્રેમ, સુંદરતા અને તપશ્ચર્યાના ત્રિવિધસંગમ સમું છે.

મૌર્ય રાજવંશના સાચા સ્વરૂપ ઉપર હજી કેટલીક તિમિર છાયા પથરાયેલી છે. અને તે જેટલી હદે ઇતિહાસના અધૂરા અથવા વિકૃતદર્શનને આભારી છે તેટલીજ હદે તેને રાજવંશની વ્યક્તિઓનાં વિવિધ નામોના વાસ્તવિક પૃથ્થકરણના અભાવને પણ આભારી છે. જૈન, બૌધ્ધ ને પૌરાણિક ગ્રન્થો તથા વર્તમાન સંશોધનના ચતુર્મુખી પ્રવાહમાં કેટલાંક નામો એક-બીજાની સાથે એવી વિચિત્ર રીતે સંકળાઇ ગયાં છે કે જેની નીચે એકબીજાનું વ્યકિતત્વ પણ ઢંકાઇ જાય છે.

ગ્રીકોએ વાપરેલો 'સેન્ડ્રેકોટસ' શબ્દ ચન્દ્રગુપ્તને નહિ પણ ચંડાશોકને લાગુ પડે છે તે આપણે ઉપર અવલોકી ગયા છીએ. એ જ રીતે શિલાલેખોમાં વપરાયલો 'પ્રિયદર્શી' શબ્દ ચંડાશોકને નહિ પરંતુ સંપ્રતિ યાને ધર્માશોકને લાગુ પડે છે તે પણ આપણે અનેક પ્રમાણોથી પુરવાર કરી ગયા છીએ. આ સંશોધન ચન્દ્રગુપ્ત, ચંડાશોક ને સંપ્રતિના વ્યક્તિત્વ પર શુદ્ધ પ્રકાશ ફેંકવામાં ખૂબ મદદગાર બને તેમ છે. અહીં કુણાલના વ્યક્તિત્વની સ્પષ્ટતાને ખાતર મૌર્ય રાજવંશની વિવિધ વ્યક્તિઓનાં વિવિધ નામો પર દૃષ્ટિપાત કરી લઇએ.

**મૌર્ય રાજવંશીઓનાં વિવિધ નામ**

સમ્રાટ ચન્દ્રગુપ્ત તેના રાજવંશી જીવનમાં ચન્દ્રગુપ્તના નામે જ ઓળખાયો છે, ને દીક્ષા લીધા પછી તેને 'પ્રભાકર' નામ અપાયું. બિન્દુસારનાં ઉપનામોમાં સિંહસેન, ભાસ્કર,

વારિસાર અને અમિત્રકેતુ એટલા શબ્દ મળે છે. અશોક ચંડાશોકના નામે ઓળખાયલ છે અને ગ્રીકોએ તેને માટે 'સેન્ડ્રેકોટસ' શબ્દ વાપરેલ છે. ઉત્તરના બૌદ્ધ ગ્રન્થો અનુસાર અશોકની માતાનું નામ સુભદ્રાંગી હતું અને દક્ષિણના ગ્રન્થો અનુસાર ધર્મા હતું તે પરથી લાગે છે કે અશોકની માતા પણ સુભદ્રાંગી અને ધર્મા એમ બે નામે ઓળખાતી હશે. અશોકના મોટા ભાઈ સુસીમ અને તેના પુત્ર નિગ્રોધનાં વિશેષ નામો જણાતાં નથી. અશોકનો નાનો ભાઈ તિષ્ય વીતશોકના નામે પણ ઓળખાયલ છે. મોટાભાગના ગ્રન્થો તો મહેન્દ્રને અશોકના પુત્ર તરીકે ઓળખાવે છે પણ હ્યુએનસંગ તેને અશોકનો ભાઈ કહે છે. પાલીગ્રન્થો મહેન્દ્રને તિષ્યના નામે, દિવ્યાવદાન તેને વીતશોકના નામે અને ચાઇનીઝ ગ્રન્થો તેને સુદત્ત કે સુગાત્રના નામે ઓળખાવે છે. આ નામોએ અશોકના ભાઈ તિષ્ય અને પુત્ર મહેન્દ્રના વ્યક્તિત્વને ગૂંચવી નાંખ્યું છે પણ લંકા પહોંચનાર મહેન્દ્ર અશોકનો પુત્ર હતો, જ્યારે ગુફાઓમાં નિવૃત્તિજીવન ગાળતો તિષ્ય અશોકનો ભાઈ હતો. અશોકની પ્રથમ રાણી અને કુણાલની માતા પદ્માવતી 'દેવી'ના ઉપનામથી પણ ઓળખાયલ છે. અશોકની બીજી રાણી અને મહેન્દ્ર-સંઘમિત્રાની માતા તિષ્યરક્ષિતાનું બીજું નામ જણાતું નથી. પણ અશોક સેલ્યુકસની પુત્રી એથેનાને પરણ્યો તે બૌદ્ધ ગ્રન્થોમાં અસંધિમિત્રાના નામે ઓળખાયલ છે. દિવ્યાવદાનમાં કુણાલનું નામ ધર્મવિવર્ધન મળે છે અને દક્ષિણના કેટલાક બૌદ્ધ ગ્રન્થો ને રાજાવલીકથા તેને ચન્દ્રગુપ્તના ઉપનામથી પણ ઓળખાવે છે. કુણાલની પત્ની ને સંપ્રતિ-પ્રિયદર્શીની માતા કંચનમાળાનું અન્ય ઉપનામ જણાતું નથી.

કુણાલના વ્યક્તિત્વને સ્પષ્ટ કરવાને માટે તેના પુરોગામી મૌર્ય રાજવંશીઓનાં અને તેનાં પોતાનાં વિવિધ નામોનું નિરીક્ષણ જેટલી હદે જરૂરી છે એટલી જ હદે તેના વ્યક્તિત્વ પર સુંદર પ્રકાશ ફેંકવાને માટે અશોકના વારસો અને તેમનાં વિવિધ નામો તથા પ્રિયદર્શીની કૌટુંબિક પરિસ્થિતિ પર દષ્ટિપાત કરી જવો આવશ્યક છે.



દિવ્યાવદાનના જણાવ્યા પ્રમાણે અશોકની પછી અનુક્રમે સંપ્રતિ અને દશરથ, ભાગવતના જણાવ્યા પ્રમાણે સુયશા અને સંગત, બ્રહ્માંડપુરાણના જણાવ્યા પ્રમાણે કુશાલ અને બંધુપાલિત, વાયુપુરાણના જણાવ્યા પ્રમાણે કુણાલ અને બંધુપાલિત અને વિષ્ણુપુરાણના જણાવ્યા પ્રમાણે સુયશા અને દશરથ સિંહાસને આવ્યા. જૈન ગ્રન્થો એટલું જ જણાવે છે કે અશોકની પછી કુણાલ મૌર્ય સિંહાસનનો સ્વામી બનવાનો હતો; પરંતુ તે અંધ બનવાથી તેણે સિંહાસન પરનો અધિકાર ગુમાવ્યો અને અશોકે તેને અવંતીનું રાજ્ય સોંપ્યું; અને કુણાલને સંપ્રતિ યાને પ્રિયદર્શી નામે પુત્ર થતાં તેને પોતાનો ઉત્તરાધિકારી બનાવ્યો. સંપ્રતિના અનુગામીનું નામ જૈન ગ્રન્થોમાં નથી નોંધાયું, કેટલાંક પુરાણોમાં સંપ્રતિના લગભગ સમયમાં શાલિશૂક નામે મૌર્ય રાજવંશી સૌરાષ્ટ્રમાં સૂબાપદે નિમાયલ હોવાની અને પછી તે મગધ ગયો હોવાની હકીકત મળી આવે છે. મૌર્ય રાજવંશમાં કુણાલ અને પ્રિયદર્શી યાને સંપ્રતિના ચોક્કસ સ્થાનની સમજને માટે આ બધી વ્યક્તિઓ અને આ બધાં નામોનું સ્પષ્ટીકરણ જરૂરી છે.

**અશોકના અનુગામીઓ**

કુણાલનાં ધર્મવિવર્ધન અને ચન્દ્રગુપ્ત એ બે ઉપનામો તો આપણે ઉપર અવલોકી ગયા છીએ. તે ઉપરાંત બ્રહ્માંડપુરાણનું કુશાલ અને વિષ્ણુ-ભાગવતનું સુયશા નામ પણ કુણાલને માટે જ વપરાયલાં જણાય છે. એટલે કુણાલનાં કુશાલ, સુયશા, ચન્દ્રગુપ્ત અને ધર્મવિવર્ધન એ ચાર ઉપનામો થયાં. અને મોટા ભાગના પૌરાણિક ગ્રન્થો અશોકના ઉત્તરાધિકારી તરીકે ઓળખાવે છે.

આમ તો જૈન અને બૌધ્ધ ગ્રન્થો પણ અશોકના યુવરાજ તરીકે કુણાલને જ ઓળખાવે છે; પરંતુ વધારામાં તેઓ એમ જણાવે છે કે અપરમાતાના કાવત્રાથી કુણાલ અંધ બન્યો અને તેણે સિંહાસન પરનો અધિકાર ગુમાવી દીધો. પણ સમય જતાં

પ્રથમ આવૃત્તિ
પ્રત ૧૦૦૦

વિક્રમ સંવત (કાર્તિક) ૧૯૯૯
મહાવીર સંવત (કાર્તિક) ૨૪૬૯
ઇસવીસન (નવેંબર) ૧૯૪૨

પ્રકાશક — [illegible] વડોદરા
મુદ્રક — [illegible]

સુમાત્રા, બ્રહ્મદેશ, ચંપા (ફ્રેન્ચ હિંદી ચીન) વગેરે દેશોમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર થયો હોવાના અનેક પુરાવાઓ[૨૨] મળી આવે છે, જ્યારે શિલાલેખોમાં તેમાંના એક પણ પ્રદેશનું નામ નથી. બૌદ્ધ સાહિત્યમાં પણ અશોકે પોતાના રાજ્યાભિષેકના અઢારમા વર્ષે ધર્મ-પ્રચારાર્થે જે જે પ્રદેશોમાં થેરાઓ (બૌદ્ધ ભિક્ષુકો) મોકલ્યા તે તે પ્રદેશોનાં નામ મળી આવે છે[૨૩] પણ તે શિલાલેખોમાંનાં નામ સાથે સુસંગત નથી. એટલે શિલાલેખોનો કોતરાવનાર નૃપતિ અશોક કરતાં કોઇ જુદીજ વ્યક્તિ છે.

પોતાના તેરમા મુખ્ય શિલાલેખમાં પ્રિયદર્શિન જણાવે છે કે—તેણે રાજ્યાભિષેકના આઠમા વર્ષે કલિંગ પર વિજય મેળવ્યો. એ આક્રમણમાં દોઢ લાખ માણસો કેદ પકડાયા અને એક લાખ હણાયા. આ ભયાનક હિંસા માટે પ્રિયદર્શિન ખેદ વ્યક્ત કરે છે. બૌદ્ધ સાહિત્યમાં અશોકે એવું કોઇ આક્રમણ કર્યાનો નિર્દેશ નથી. જ્યારે પ્રાચીન જૈન સાહિત્યમાં સંપ્રતિના દક્ષિણ-વિજય અંગેના સ્પષ્ટ ઉલ્લેખો મળી આવે છે.[૨૪] તે ઉપરાંત પશ્ચાતાપ વ્યક્ત કરતા ઉક્ત લેખમાંથી એ સાર નીકળે છે કે પ્રિયદર્શિને પોતાના સમગ્ર જીવનમાં એક જ પાપ કર્યું હતું અને તે કલિંગ પરનું આક્રમણ. આ વિધાન સંપ્રતિને લાગુ પડી શકે છે. પણ તે અશોકને તો કોઇ પણ સંયોગોમાં લાગુ પડી શકે તેમ નથી. કેમકે સંપ્રતિની જેમ અશોકનું જીવન નિષ્કલંક નથી. બૌદ્ધ સાહિત્યમાં પણ તેણે પોતાની પૂર્વાવસ્થામાં અનેક ભયાનક પાપો કર્યાં હોવાને તેને ચંડનું વિશેષણ મળ્યું હતું. તે કબૂલ રાખવામાં આવ્યું છે. પોતાના ૯૯ બંધુઓનો વધ કરીને અશોક ગાદીએ આવ્યો હતો એવા 'મહાવંશ' ના અને બીજા પણ બૌદ્ધ ગ્રન્થોના વિધાનને બાજુએ મૂકીએ તો પણ, તે પોતાના વડીલ બંધુ અને કાયદેસર વારસ સુસીમનો વધ કરીને સિંહાસને ચઢ્યો હતો તે તો ઐતિહાસિક સત્ય છે.

તે ઉપરાંત તેણે પુંડ્રવર્ધન નગરના ૧૮૦૦૦ આજીવિકોને મરાવી નાંખ્યા હતા અને પછી પાટલી-પુત્રના બધાજ આજીવિકોને મરાવી નાંખી એવો હુકમ કાઢ્યો હતો કે આજીવિકનું માથું લાવનારને દીનાર ઇનામમાં મળશે.[૨૫] વળી પાટનગરમાં તેણે એક વધાગાર ખોલ્યું હતું અને વધાગારના અમલદાર ચંડગિરિકને એવી સૂચના આપેલી કે વધાગારની નજીકથી પસાર થતા દરેક માણસનો વધ કરી નાંખવો.[૨૬] પૂર્વાવસ્થામાં આવાં ભયાનક પાપો કરનાર માનવી ઉત્તરાવસ્થામાં જો એક કલિંગ પરના આક્રમણનોજ જાહેર પશ્ચાતાપ કરે તો તે હાસ્યાસ્પદ ન ઠરે ? પણ જીવનમાં જેણે દક્ષિણ પરના આક્રમણ સિવાય બીજું કોઇજ પાપ નથી કર્યું તે સંપ્રતિ-પ્રિયદર્શિન એ આક્રમણનો પશ્ચાતાપ કરે એ સર્વથા સુઘટિત છે.

વળી, બરાબર-ગિરિના ગુફાલેખથી જણાય છે કે પ્રિયદર્શિને આજીવિકોને આશ્રય માટે ત્રણ ગુફાઓ ભેટ ધરી છે. અશોક આજીવિકો પ્રત્યે કેટલો ક્રૂર હતો તે તો આપણે ઉપર જ જોઇ ગયા છીએ. એટલે આ ભેટ આપનાર રાજવી અશોક કરતાં કોઇ જુદીજ વ્યક્તિ[૨૭]

(૨૨) [illegible] 'Champa'-Suvarnadvipa' [illegible]

(૨૩) [illegible]

મહાવંશ પ્ર. ૧૨

(૨૪) [illegible] —જૈન મુનિ

(૨૫) હિન્દી વિશ્વકોષ-[illegible]

(૨૬) હિન્દી વિશ્વકોષ-[illegible]

(૨૭) [illegible] [We cannot, however, decide with certainty whether the three Barabar Hill inscriptions belong to the same king (Asoka) or to another member of his dynasty. (Cor. Ins. Ind. [illegible] P. [illegible])]

તેને સંપ્રતિ નામે પુત્ર થવાથી અશોકે તેને પોતાનો ઉત્તરાધિકારી બનાવ્યો. આ હકીકતને પૌરાણિક ગ્રન્થો સાથે મેળવતાં એટલો જ સાર તારવી શકાય કે કુણાલ પોતાની ભૂલથી અંધ બનેલ હોઈ અશોકે તેને સાવ પદભ્રષ્ટ નહિ કર્યો હોય પરંતુ અવંતીનું રાજ્ય સોંપી દીધું હશે. એટલે પુરાણોએ અશોકની પછી નૃપતિ તરીકે તેનું નામ પણ જાળવી રાખ્યું હશે. આ વિધાન જૈન ગ્રન્થો સાથે પણ મેળ ખાય છે. કેમકે પરિશિષ્ટ પર્વ વગેરે જૈન ગ્રન્થો કુણાલને અવંતિપતિ તરીકે જ ઓળખાવે છે.

"પરંતુ મૌર્ય તાજ ધારણ કરનાર સમ્રાટોની પરંપરામાં તો અશોકની પછી સંપ્રતિ યાને પ્રિયદર્શીનું જ નામ આવે. અને તેથી જ મત્સ્ય પુરાણ તથા જૈન તેમજ બૌદ્ધ સાહિત્ય અશોકની પછી સંપ્રતિનું નામ દર્શાવે છે."

મૌર્ય રાજવંશમાં કદાચ વધુમાં વધુ નામો પ્રિયદર્શીને ફાળે જતાં હશે. તેના સંબંધમાં દેવાનાંપ્રિય, પ્રિયદર્શી, સંપ્રતિ, સંપતિ, સંપ્રદિ, સપ્તતિ, સંગત, બંધુપાલિત, ઇન્દ્રપાલિત, ધર્માશોક, ભાસ્કર અને અમિત્રઘાત વગેરે નામો વપરાયલાં જોવાય છે.

**પ્રિયદર્શીનાં વિવિધ નામ અને તેનું કુટુંબ**

તેમાં દેવાનાંપ્રિય અને પ્રિયદર્શી અથવા દેવાનાંપ્રિય પ્રિયદર્શી એ નામ બહુધા તેના પોતાના શિલાલેખોમાં વપરાયલું છે. જૈન અને બૌદ્ધ સાહિત્ય તેને મોટે ભાગે સંપ્રતિના નામે ઓળખાવે છે, પુરાણો તેને માટે સંપ્રતિ, સંપ્રદિ, સંપતિ, સપ્તતિ, સંગત, બંધુપાલિત, ઇન્દ્રપાલિત વગેરે નામો વાપરે છે. તિબેટ અને કાશ્મીરના ઐતિહાસિક ગ્રન્થોમાં તે ધર્માશોકના નામે ઓળખાયેલ છે. પરદેશી સાહિત્યમાં તે અમિત્રઘાત (Amitrochates) ના નામે જાણીતો બનેલ છે. અને ખરજુરાહોના શિલાલેખમાં તે ભાસ્કરના નામે ઓળખાય છે.

આ નામોમાંથી પ્રિયદર્શી અને સંપ્રતિ એ બે શબ્દો ઘણા શિલાલેખો અને ગ્રન્થોમાં હોઈ તે અમારે ઉપર આપેલી વ્યાખ્યાનો, સંપ્રદિ, સંપતિ, સપ્તતિ, સંગત વગેરે શબ્દો સંપ્રતિ શબ્દનાં જ રૂપાંતરો છે. બંધુપાલિત અથવા ઇન્દ્રપાલિત શબ્દો તેના વિશિષ્ટ ઉછેરને આભારી જણાય છે. ધર્માશોક નામ સંબંધમાં એમ જણાય છે કે વિક્રમ કે ભોજની જેમ પ્રાચીન કાળમાં મગધપતિઓને માટે અશોક નામ સર્વસામાન્ય થઈ પડેલું. અને તે અશોકની આગળ, તે નૃપતિના સ્વભાવ પ્રમાણે વિશેષણ મૂકાતું. ઈ. સ. પૂ. ૪૫૦ લગભગમાં મગધના સિંહાસને વિરાજતો અશોક પોતાની અતિ ક્રૂરતા અને કાળા કૃત્યોથી કાળાશોકના નામે ઓળખાયલો. ઈ. સ. પૂ. ૩૨૬ માં મગધનો સમ્રાટ બનેલો અશોક તેની ક્રૂરતા અને પ્રચંડ વિજયોને અનુસરીને ચંડાશોકના નામે ઓળખાયલો. તેમ ઈ. સ. પૂર્વે ૨૮૯ માં મગધપતિ બનેલો પ્રિયદર્શી પોતાની ધાર્મિક વૃત્તિને લીધે ધર્માશોકના નામે ઓળખાવાનો પૂરતો સંભવ છે. અમિત્રઘાત નામ તેણે પાછળથી દુશ્મન માત્રનો નાશ કરવામાં દાખવેલા સાહસને આભારી જણાય છે અને ભાસ્કર નામ તેના સૂર્ય સમા પ્રતાપને આભારી હોવાનો સંભવ છે.

આમાંથી ધર્માશોક અને પ્રિયદર્શી એ બે નામ ઘણી વખત ચંડાશોકની સાથે સાંકળી દેવામાં આવે છે; જ્યારે અમિત્રઘાત કેટલીક વખતે બિન્દુસારના નામ સાથે જોડી દેવામાં આવે છે. પણ ધર્માશોક અને પ્રિયદર્શી એ બન્ને સંપ્રતિનાં ઉપનામ છે તે તો આપણે આ આખા ગ્રન્થમાં પુરવાર કરતા આવ્યા છીએ. જ્યારે બિન્દુસારનું ઉપનામ અમિત્રઘાત નહિ પણ અમિત્રોચ્છ હતું. આ અમિત્રઘાતે ઈ. સ. પૂ. ૨૮૦ થી ઈ. સ. પૂ. ૨૬૧ સુધી શાસન ચલાવનાર સીરિયન નૃપતિ એન્ટીઓકસ પહેલાને એક પત્ર લખ્યો હતો અને એ જ અમિત્રઘાતના દરબારમાં ઈ. સ. પૂ. ૨૮૫ થી ઈ. સ. પૂ. ૨૪૭ સુધી શાસન ચલાવનાર ઈજીપ્તનરેશ ટોલેમી ફીલાડેલ્ફસ બીજાએ ડાયોનિસિયસ નામે એલચી મોકલ્યો હતો. આ સમય કોઈ પણ રીતે બિન્દુસારની સાથે મેળ ખાય તેમ નથી, કારણ કે તેનો શાસનકાળ તો ઈ. સ. પૂ. ૩૫૮ થી ૩૩૦ નો છે. પણ ઈ. સ. પૂ. ૨૮૯ થી ઈ. સ. પૂ. ૨૩૧ સુધી શાસન ચલાવનાર પ્રિયદર્શી સાથે એ સમય સંપૂર્ણ મેળ ખાય છે. એટલે અમિત્રઘાત એ ઉપનામ પણ સંપ્રતિનું છે.

આ પ્રમાણે પ્રિયદર્શીનાં ઉપનાગોનો નિર્ણય કરી લીધા પછી આપણે તેની કૌટુંબિક સ્થિતિ પણ વિચારી લઈએ.

કુણાલના અવસાન વખતે પ્રિયદર્શીને કયા નામની અને કેટલી રાણીઓ હતી તેનો નિર્ણય કરવો મુશ્કેલ છે, પરંતુ રાજ્યાભિષેક પહેલાં તેનાં લગ્ન થઈ ચૂક્યાં હતાં અને તે પછી પણ પ્રસંગોપાત તે નવી રાજકન્યાંઓ પરણતો રહ્યો હોય તે સ્વાભાવિક છે. દિવ્યાવદાન તેના પુત્ર તરીકે બૃહસ્પતિમિત્રને ઓળખાવે છે, મત્સ્યપુરાણ દશરથને જણાવે છે, રાજતરંગિણી જાલૌકને ઓળખાવે છે, અને શિલાલેખોમાં તીવર નામે રાજકુમારનું નામ મળે છે. આમાંથી બૃહસ્પતિમિત્ર, જેણે ઓદ્રકના દસમા વર્ષે કોશાંબીથી બે માઈલ દૂર રહેલી પભોષા ગુફા જૈન સાધુઓને ચરણે ધરેલી અને અહિછત્રાના નરેશ આષાઢસેનનો ભાણેજ છે તેજ ન ઠરે તો સંપ્રતિની એક મુખ્ય રાણી ગોપાલી ગણાય. જાલૌકની માતા તરીકે 'રાજતરંગિણી ઈશાનદેવી–ઈશ્વરાદેવી નામથી ઓળખાવે છે. અને તીવરની માતાને શિલાલેખમાં ચારુવાકીના નામે ઓળખાવવામાં આવી છે. નેપાળનરેશ દેવપાળની પત્ની ચારુમતી ધર્માશોકની પુત્રી હોવાની નેપાળના ઇતિહાસમાં નોંધ મળે છે. તે ચારુમતી બનતાં લગી રાણી ચારુવાકીની જ પુત્રી હશે.

ઉપર જણાવેલા પુત્રોમાંથી દશરથને, તીવરને તેમજ જાલૌકને હાલના વિદ્વાનો ચંડાશોકના પુત્રો તરીકે ઓળખાવે છે અને ચારુમતીને પણ અશોકની પુત્રી કહે છે અને પરિણામે ચારુવાકી તેમજ ઇશાનદેવીને અશોકની રાણીઓ તરીકે ઓળખાવે છે. પરંતુ આ ભૂલ શિલાલેખો સંપ્રતિના નહિ પણ અશોકના છે અને દેવાનાંપ્રિય પ્રિયદર્શી તથા ધર્માશોક એ ઉપનામો સંપ્રતિનાં નહિ પણ અશોકનાં છે એ મંતવ્યને આભારી છે. પણ તે મંતવ્ય ભૂલભરેલું ઠરતાં જ ઉપરોક્ત કુટુંબ પ્રિયદર્શીને ફાળે જાય છે.

શાલિશૂકને કેટલાક ગ્રન્થો સંપ્રતિના વંશજ તરીકે ઓળખાવે છે જ્યારે બીજા કેટલાક ગ્રન્થો અને વિદ્વાનો તેને પ્રિયદર્શી યાને સંપ્રતિના નાના ભાઈ તરીકે ઓળખાવે છે. તે ગણત્રીએ તો બંધુપાલિત (ભાઈથી પળાયલો) શાલિશૂકનું અને ઈંદ્રપાલિત સંપ્રતિનું પોતાનું ઉપનામ ઠરે છે ને તેમનાં જીવનચરિત્ર જોતાં તે ઉપનામો વ્યુત્પત્તિસત્ય ઠરે છે. જો બીજું વિધાન સાચું હોય તો કુણાલ–કંચનમાળાના યુગલે પ્રિયદર્શી ઉપરાંત શાલિશૂક નામે એક બીજા પુત્રને પણ જન્મ આપેલો ગણાય કેમકે કુણાલે, કંચનમાળા ઉપરાંત બીજી રાણી તો પરણ્યો નહોતો. કેટલાક જૈન ગ્રંથો સંપ્રતિની માતાનું નામ સરદશ્રી હોવાનું જણાવે છે. તે પરથી સંભવિત છે કે, કંચનમાળાનું બીજું નામ સરદશ્રી પણ હોય; તે પતિની સાથે સ્વર્ગે સિધાવી હતી. એ રીતે મૌર્ય રાજવંશનાં બે ઝળહળતાં રત્નો પૃથ્વી પરથી અદૃશ્ય થયાં હતાં.

પ્રિયદર્શીએ ભારે દિલે માતપિતાનો અગ્નિસંસ્કાર કર્યો.



## પંચમ પરિચ્છેદ

# ધર્મયાત્રા અને અનાર્યભૂમિમાં પણ ધર્મવિજય


સાર—

આ પરિચ્છેદમાં-માતા પિતાના અવસાન પછી પ્રિયદર્શીની શોકમગ્ન સ્થિતિ અને તેનું ધર્મ માર્ગે પરિવર્તન; પ્રિયદર્શીએ દેશવિદેશમાં બંધાવરાવેલાં લાખો મંદિરો ને ભરાવરાવેલી ઠેરઠેર મૂર્તિઓ; અનાર્ય ભૂમિમાં પણ જૈન ધર્મના પ્રચારને માટે તેણે મોકલેલા સાધુવેષધારી રાજપુરુષો અને પછી સાચાસાધુઓ મોકલી ત્યાં સાધેલો ધર્મવિજય; પરદેશો સાથેનો પ્રિયદર્શીનો સંબંધ; પુત્ર-જન્મ; રાજ્યાભિષેકના ત્રીજા વર્ષે તેણે સુવર્ણગિરિ, ગિરનાર, શત્રુંજય, ભરુચ, કટવપ્ર આદિ તીર્થો પ્રતિ આદરેલી ધર્મયાત્રા-સંઘયાત્રા; તેણે કરાવરાવેલા સંખ્યાબંધ તીર્થોદ્ધાર-તેમાં શત્રુંજય અને ભરુચના મુખ્ય ઉદ્ધારો તથા ગિરનારમાં તેણે બંધાવરાવેલી ટૂંક; કટવપ્રને ચન્દ્રગિરિ નામ આપી ત્યાં તેણે વસાવેલું શ્રવણ-બેલગોલ નગર અને ગોમ્મટેશ્વરની તેમજ તેના સરખી અન્ય વિરાટકાય મૂર્તિઓ ઘડાવવાની તેની યોજના; તેણે બંધાવરાવવા માંડેલી હજારો ધર્મશાળાઓ-દાનશાળાઓ; તે દાનશાળાઓમાં સાધુઓને આહાર વહોરવા સંબંધમાં શ્રી આર્યમહાગિરિ અને શ્રી આર્યસુહસ્તી આચાર્ય વચ્ચે પડેલો મતભેદ; શ્રી આર્યસુહસ્તીએ ભૂલ માટે માગેલી ક્ષમા ને બન્ને આચાર્યોનું સંમિલન; અંતે આર્યસુહસ્તીને ગચ્છનો ભાર સોંપી આર્ય મહાગિરિએ સ્વીકારેલું એકાકીપણું; ગજેન્દ્રપદ તીર્થે તેમનો સ્વર્ગવાસ અને શ્રી આર્યસુહસ્તી યુગપ્રધાનપદે; તેમણે સંપ્રતિની મદદથી શ્વેતાંબર જૈન સંઘને અપાવેલો ભવ્ય વિજય; તેમજ સ્થવિરકલ્પનો વિકાસમાર્ગ—વગેરે હકીકતો સમાવવામાં આવી છે.

**માતાપિતાના અવસાનની પ્રિયદર્શી પર થયેલી અસર**

કુણાલને માથે મૌર્ય સામ્રાજ્યનો તાજ ભલે ન મૂકાયો હોય, પણ પ્રિયદર્શિનિ મન તો કુણાલ પોતાનો અને મૌર્ય રાજવંશનો પણ શિરતાજ હતો. ને કુણાલ જેટલો ભવ્ય અને દેવાંશી હતો એટલી જ કંચનમાળા પવિત્ર અને અમૃતમયી હતી. તે બંનેએ મૌર્ય રાજવંશને અપૂર્વ યશ, બલિદાનની સોનેરી ભાવના અને અલૌકિકતા બક્ષ્યાં હતાં. અશોકની પછી મૌર્ય સામ્રાજ્ય છિન્ન ભિન્ન ન થઇ ગયું તે તેમના કર્તવ્યપ્રેમને આભારી હતું. પિતાની અસ્વાભાવિક આજ્ઞાને પણ માન આપીને પોતાના નયનતેજને ઓલવી નાંખનાર, નયનનું બલિદાન દીધા પછી ઋષી સમી શાંતિ–નિવૃત્તિ જાળવનાર, મહેન્દ્ર દીક્ષિત બનતાં મૌર્ય સિંહાસનને સાચો અને પ્રતાપી વારસ બક્ષવાને એ દશામાં પણ શ્રમ કરનાર, પુત્રને તાજ પહેરાવવાને અંધ ગવૈયાના વેશે પાટલીપુત્રનો પ્રવાસ ખેડનાર અને યોગ્ય તાલીમપૂર્વક પુત્રમાં પ્રભુતા પ્રગટાવનાર કુણાલ ન હોત, તેમજ અનેક નૃપતિઓ અને રાજકુમારોને બાજુએ મૂકી સ્થાનભ્રષ્ટ અંધ મહાપુરુષના ગળામાં વરમાળ પરોવનાર ને પતિ તેમજ પુત્રની પાછળ જીવનનું નૂર નીચોવી નાંખનાર કંચનમાળા ન હોત તો આજે મૌર્ય સામ્રાજ્ય વિશેષ ભવ્ય અને દીર્ઘજીવી બનવાને બદલે પતનને માર્ગે ધકેલાયું હોત. એ બંને કેવળ સન્માનને જ નહિ, પરંતુ સ્મરણ, પૂજન અને ભક્તિને પણ પાત્ર હતાં. પ્રિયદર્શિનિ તેમનો વિરહ હૃદયમાં શૂળની જેમ સાલવા લાગ્યો. તેણે સામ્રાજ્યભરમાં તેમનો શોક તાજધારી રાજયુગલની પાછળ પળાતા શોકની ઢબે જ પળાવવાનો પ્રબંધ કર્યો ને તે પોતે પણ તેમનું સતત સ્મરણ કરવા લાગ્યો.

પ્રિયદર્શી યુવાન હતો, સામ્રાજ્યનો સ્વામી હતો, અનેક રૂપવતી રમણીઓનો ભરથાર હતો; છતાં માતાપિતાના વિરહને–શોકને વીસરવાનું તો તેને માટે દુઃશક્ય જ બન્યું. તે પ્રસંગે શ્રી આર્યસુહસ્તી મહારાજે તેને સમજાવ્યું કે મરણ પામેલાંની પાછળ અતિ શોક દર્શાવવો તે લાગણીનો ઊભરો છે અને તે સદ્‌ગુણ ગણાતો હોય તો પણ તે ક્રિયારહિત અને કર્તવ્યચ્યૂત 'સદ્‌ગુણ' છે. સ્નેહીની પાછળ સાચો શોક તો એ ગણાય કે તેને જે કર્તવ્યો પ્રિય હોય તેને નવજીવન આપીને આગળ ધપાવવાં. પ્રિયદર્શિનિ આ સલાહ સાચી લાગી. તેણે માતાપિતાના સ્મરણને તેમને પ્રિય એવા કર્તવ્યોની પ્રગતિ સાથે ગૂંથી લેવાનો નિશ્ચય કર્યો.

**શોકનું ધર્મમાર્ગે થયેલું પરિવર્તન**

કંચનમાળાને પવિત્રતા, પૂજા, ભક્તિ, ધર્મ વગેરે પ્રિય હતાં, અને કુણાલને ફરજ, રાજવંશનું ગૌરવ, વિજય, પ્રગતિસહી શાંતિ, ધર્મ, નીતિ, જ્ઞાન, કલા આદિ પ્રિય હતાં. બંનેમાં ધર્મ મુખ્ય હતો, અને પોતાને પણ એજ પ્રિય હતો એટલે પ્રિયદર્શીએ ધર્મને પ્રધાનપદે રાખીને પોતાનાં કર્તવ્યો અને માતપિતાની કર્તવ્યભાવનાઓને સક્રિય રૂપમાં આગળ ધપાવવાનો નિર્ણય કર્યો.

જૈન ધર્મ, તીર્થંકરની મૂર્તિઓ અને જિનમંદિરો જેટલી હદે કુણાલ કંચનમાળાને પ્રિય હતાં, એટલીજ હદે તે સંપ્રતિને પણ વહાલાં હતાં. એટલે સંપ્રતિએ સૌથી પ્રથમ પૃથ્વીને જિનમૂર્તિમય મંદિરોથી મઢી લેવા-ની અને પછી જગતભરમાં જૈન ધર્મનો વિજયધ્વજ ફરકાવવાની ભાવના સેવી. તેણે પોતાની એ ભાવના આર્ય-સુહસ્તી આચાર્યને દર્શાવી અને આચાર્યે તેને સહર્ષ ટેકો આપ્યો. પ્રિયદર્શીએ તરતજ તેના સક્રિય અમલની યોજના વિચારી કાઢી અને માતપિતાના શોકને કર્તવ્ય પ્રેમ સાથે સાંકળી દઇને તે પાટલીપુત્ર પાછો ફર્યો.

પાટલીપુત્રમાં થોડાક દિવસ તેણે રાજમહેલ પાટનગરની ને સામ્રાજ્યની પરિસ્થિતિનું સૂક્ષ્મ અવલોકન કર્યું અને ધીમે ધીમે રાજ્યતંત્રની બાગડોર પોતાને હસ્તક લીધી તેણે જોયું કે રાજમહેલમાં ચાલીઓ પોતાને હસ્તક લીધી તેણે જોયું કે રાજ રચાતાં બધાંજ ષડ્યંત્રો નિર્મૂળ થઇ ગયાં છે. રાજ ની દરેક વ્યક્તિ પોતાનાં પ્રત્યે સન્માન, પ્રેમ અને ની લાગણી ધરાવે છે; મંત્રીઓ અને અધિ

પોતાની બધીજ આજ્ઞાઓનું અક્ષરશઃ પાલન કરે છે; અને સામ્રાજ્યની શક્તિ, ભક્તિ અને ગૌરવ પોતાના પ્રભુત્વશીલ વ્યક્તિત્વમાં કેન્દ્રિત થઇ ચૂક્યાં છે. આ સંયોગોમાં પોતાની કોઇ પણ ઇચ્છાનો સામનો થાય એ તેને અસંભવિત લાગ્યું. એટલે તેણે ધીમે ધીમે પોતાની યોજનાઓને બહાર મૂકવા માંડી.

સૌથી પ્રથમ તેણે મંત્રીઓને જણાવ્યું કે પોતે મગધમાં, ભારતવર્ષમાં અને તેની બહાર પણ જ્યાં જ્યાં પોતાનો અધિકાર કે લાગવગ પહોંચી શકે ત્યાં ત્યાં સર્વત્ર ગામેગામ, નગરે-નગર અને શેરીએ શેરીએ ભવ્ય, કલામય અને સુંદર જિનમંદિરો બંધાવવા ઇચ્છે છે; જ્યાં જ્યાં મંદિરો જીર્ણ થયાં હોય ત્યાં ત્યાં સર્વત્ર તે મંદિરો સમરાવવાની તેની ભાવના છે; અને આ નવાં-જૂનાં સર્વ મંદિરોને માટે સુંદર જિનમૂર્તિઓ ભરાવવાની તેની મહેચ્છા છે. અને આ મહેચ્છાની સફળતાને માટે તેણે એવું વ્રત લીધું છે કે બીજા મહિનેથી પ્રત્યેક પ્રભાતે ઓછામાં ઓછા એક નવા જિનમંદિર પર ધ્વજ ચડ્યાના સમાચાર આવ્યા પહેલાં પોતે દાતણ નહિ કરે.

**વિશ્વભરમાં લાખો જિનમંદિરો બંધાવવા અંગે પ્રિયદર્શિનું વ્રત**

મંત્રીઓ પ્રિયદર્શીની આ વિરાટ યોજના સાંભળીને આશ્ચર્યચકિત થઇ ગયા. આ યોજનાની સિદ્ધિને માટે પ્રતિ વર્ષે લાખો સોનામહોરોના ખર્ચની જોગવાઇ કરવી પડે તેમ હતું. પણ બીજી બાજુ સમ્રાટની ઇચ્છાની વિરુદ્ધ એક અક્ષર પણ બોલવો તે તેમની ફરજની બહારની વાત હતી; પ્રિયદર્શીનું વ્રત આકરું હતું; તેમ આ યોજનાને સફળ બનાવવાને માટે મૌર્ય રાજ્યભંડારમાં પૂરતું દ્રવ્ય પણ હતું. સંયોગાધીન ભૌતિક તેમજ રાજકીય દૃષ્ટિએ આ મહાન સામ્રાજ્યનાં કરોડો માનવોને સર્વપ્રકારે સુખી કરી તેમનામાં જ્ઞાન, ભક્તિ, ધર્મપ્રેમ ને નીતિની ભાવનાઓ વધારે તેમ હતું. વળી તેનાથી દ્રવ્ય અને કાર્યનાં સુભગ મેળ અને તેની વ્યવસ્થાના કાર્યો સહજ રીતે સિદ્ધ થતાં હતાં. એટલે મંત્રીઓએ આ યોજનાને સમ્રાટ પ્રત્યેની ફરજને ખાતર તેમજ ધાર્મિક, આર્થિક, રાજકીય, નૈતિક, સામાજિક તથા ભૌતિક સર્વ દૃષ્ટિએ વધાવી લીધી.

બીજે જ દિવસે પાટલીપુત્રમાં અને તેની આસપાસનાં ગામોમાં એવાં સેંકડો જિનમંદિરોનાં બાંધકામની તૈયારી થવા માંડી કે જેથી એક મહિનાની મુદત વીતતાં પ્રતિદિવસે એકેક નવું મંદિર તૈયાર થઇ શકે. આ રીતે પાટલીપુત્ર અને તેની આસપાસના પ્રદેશની વ્યવસ્થા કરીને મંત્રીઓએ સમ્રાટની અનુમતિથી જુદા જુદા પ્રદેશના અધિકારીઓને પ્રિયદર્શીની ઉપરોક્ત મહેચ્છાથી માહિતગાર બનાવ્યા અને દરેક અધિકારી પોતાના અમલ તળેના પ્રદેશમાં વધુમાં વધુ કેટલાં નવાં જિનમંદિરો બંધાવી શકે તેમ છે, કેટલાં જીર્ણ મંદિરોના ઉદ્ધાર કરાવી શકે તેમ છે અને કેટલી સુંદર મૂર્તિઓ ભરાવરાવી શકે તેમ છે, તેના અહેવાલ મંગાવ્યા. આ અહેવાલો તૈયાર થઇ આવે તે દરમિયાન મંત્રીઓએ માંડલિક નૃપતિઓ, મિત્રરાજાઓ ને પરદેશોના શાસકો સાથે તેમના રાજ્યમાં જિનમંદિરો બંધાવવા અંગે પ્રિયદર્શીની મહેચ્છા તેમજ તે અંગે તેણે લીધેલું ધાર્મિક વ્રત આદિની વિગતોથી ભરેલો મૈત્રીસભર પત્રવ્યવહાર ચલાવ્યો.

થોડા જ સમયમાં અધિકારીઓ તરફથી અહેવાલો આવવા લાગ્યા અને તેમાં સમ્રાટની મહેચ્છા અને તેના વ્રત પ્રત્યે પ્રશંસક ભક્તિભાવ દાખવીને તેઓએ પોતાના પ્રદેશમાં કેટલાં મંદિરો જીર્ણ છે, કેટલાં નવાં બાંધી શકાય તેમ છે અને પોતે કેટલી મૂર્તિઓ ભરાવરાવી શકે તેમ છે તેની વિગતો જણાવી.

**જિનમંદિરો બંધાવવાની પ્રિયદર્શિની મહેચ્છાને સર્વત્ર મળેલો આવકાર**

આ વિગતોનો અભ્યાસ કરીને મંત્રીઓ નવાં મંદિરો બંધાવવા અંગે, જૂનાં સમરાવવા અંગે અને મૂર્તિઓ ભરાવરાવવા અંગે [illegible] આજ્ઞાઓ મોકલાવવા લાગ્યા. આ યોજનાને સુંદર સ્વરૂપમાં સિદ્ધ કરવાના આશયથી મુખ્ય વહીવટ તેમજ યુવરાજની આગેવાની માટે પાટલીપુત્રમાં ખાસ નિષ્ણાત અમલદારો રોકવામાં

...ા અને પ્રિયદર્શી તેમની કાર્યવાહી પર જાતે ...રેખ રાખવા લાગ્યો.

અધિકારીઓની જેમ માંડલિક નૃપતિઓ, મિત્ર...જવીઓ અને પરદેશના શાસકોએ પણ પોતાના ...તરમાં પ્રિયદર્શીની મહેચ્છા અને તેના વ્રત પ્રત્યે પ્રશંસક સન્માન દાખવતાં પોતાના રાજ્યમાં તે મહેચ્છાની પૂર્તિ માટે શું શું થઇ શકે તેમ છે તેનો હેવાલ મોકલાવ્યો. આ પ્રમાણે વિશ્વભરમાંથી આવેલા પ્રત્યુત્તરો અવલોકી ગયા પછી મંત્રીઓને જણાયું કે સમ્રાટ પ્રિયદર્શીની મહેચ્છા ધાર્યો કરતાં પણ સુંદર સ્વરૂપમાં સિદ્ધ થઇ શકશે એટલું જ નહિ પરંતુ તેનાથી મૌર્ય રાજવંશને અપૂર્વ કીર્તિ સાંપડશે, તેમજ સામ્રાજ્યની સઘળી પ્રજાઓમાં અને સામ્રાજ્ય બહારના વિશ્વમાં પણ ધર્મ, ભક્તિ અને કર્તવ્યનું નિર્મળ ઝરણુ સતત વહેતું રહેશે; પરિણામે પ્રિયદર્શી વિશ્વભરના ઇતિહાસમાં વિરાટ ધાર્મિક યોજનાને સિદ્ધ કરનાર મહાન નૃપતિ તરીકે પોતાનું નામ સુવર્ણાક્ષરે અમર બનાવી જશે.

**વિશ્વભરમાં ચાલતું ધાર્મિક ઘડતર**

થોડા જ સમયમાં વિશ્વના વિવિધ પ્રદેશોમાં જીર્ણ ...દેરો સમરાવા માંડ્યાં, નવાં બંધાવા માંડ્યાં અને સુંદર મૂર્તિઓ ઘડાવા લાગી. વિશ્વભરમાં જાણે ચેતનનો ફુવારો ઊડતો હોય તેમ અપૂર્વ ઉત્સાહપૂર્વક ઝડપથી આ કાર્ય આગળ ધપવા લાગ્યું. આ બધી પ્રગતિનું નિરીક્ષણ કરતાં પ્રિયદર્શીને અને તેના મંત્રીઓને જણાયું કે પ્રિયદર્શીએ જીવનમાં પ્રતિદિન ઓછામાં ઓછા એકેક મંદિર પર ધ્વજ ચડ્યાના સમાચાર સાંભળ્યા પછી દાતણ કરવાનું જે વ્રત લીધું છે તેને બદલે કદાચ દશ દશ મંદિર પર ધ્વજ ચડ્યાના સમાચાર સાંભળ્યા પછી દાતણ કરવાનું વ્રત લીધું હોત તો પણ તેનું તે વ્રત જળવાઇ રહેત.

**પાટલીપુત્રના પ્રથમ મંદિર પર પ્રિયદર્શીએ ચડાવેલો ધ્વજ**

થોડા જ દિવસમાં પાટલીપુત્રનું પ્રથમ મંદિર બંધાઈને તૈયાર થયું અને પાટનગરની પ્રજા એક મહિના કરતાં પણ ઓછા ગાળામાં બંધાયેલા એ ભવ્ય મનોહર મંદિરને અવાચક નજરે નિહાળી રહી. આ પ્રસંગે પ્રતિષ્ઠા-મહોત્સવમાં ભાગ લેવાને પ્રિયદર્શીના આગ્રહભર્યા આમંત્રણને માન આપી શ્રી આર્યમહાગિરિ અને શ્રી આર્યસુહસ્તી આચાર્ય પાટલીપુત્ર પધાર્યા હતા. પ્રિયદર્શીએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું અને તેમની નિશ્રામાં વ્રતના પ્રથમ દિવસે તેણે મંદિરમાં મૂર્તિની પ્રતિષ્ઠા કરીને મંદિર પર ધ્વજ ચડાવ્યો. પાટલીપુત્રની ભક્તિવંત પ્રજા પોતાના પ્રિય સમ્રાટના આ અદ્દભુત ધર્મપ્રેમને હર્ષભરી નજરે નિહાળી રહી. પાટલીપુત્રમાં પૂર્વે કદી ન ઉજવાયો હોય એવો ભવ્ય પ્રતિષ્ઠામહોત્સવ ઉજવાયો. પ્રિયદર્શીએ ખર્ચમાં કશી મણા ન રાખી.

આ રીતે પ્રિયદર્શીના જીવનકાળ દરમિયાન વિશ્વભરમાં મંદિરોનું બાંધકામ, સમારકામ ને મૂર્તિઓનું ઘડતર સતત ચાલુ રહ્યું.

**મંદિરો અને મૂર્તિઓની સંખ્યા**

પ્રત્યેક પ્રભાતે સંખ્યાબંધ મંદિરો પર ધ્વજ ચડવાના સમાચારો સામ્રાજ્યના જુદા જુદા પ્રદેશોમાંથી આવવા લાગ્યા. આ રીતે શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યના શબ્દોમાં પ્રિયદર્શીએ ત્રિખંડ ભરતભૂમિને જિનમંદિરોથી શોભાયમાન બનાવી [ત્રિખંડં ભરતક્ષેત્રં જિનાયતન મંડિતં] અને આ રીતે, અનેક પ્રાચીન –પ્રમાણભૂત ગ્રન્થોમાં નોંધાયું છે તે પ્રમાણે પ્રિયદર્શીએ પોતાના આયુષ્યકાળ દરમિયાન સવા લાખ નવાં જિનમંદિરો બંધાવ્યાં, ૩૬૦૦૦ જીર્ણમંદિરોના ઉદ્ધાર કરાવ્યા અને સવા કરોડ પત્થરની અને ૯૫૦૦૦ ધાતુની જિનમૂર્તિઓ ભરાવરાવી.

પ્રિયદર્શીના આ સર્જન સંબંધમાં આજે પૂરતા પ્રમાણમાં સ્પષ્ટ શિલાલેખીય પ્રમાણો સાંપડતા નથી એટલે કેટલાક તેના આ વિરાટ કર્તૃત્વ અંગે શંકા સેવે છે. પણ આ ગ્રન્થના ત્રીજા ખંડના દ્વિતી... પરિચ્છેદમાં આપણે પુરવાર કરી ગયા તે પ્રમાણે ...

શંકા અસ્થાને છે. કેમકે તે યુગમાં મૂર્તિઓ પર લેખો કોતરાવવાની પ્રથા પ્રચારમાં નહોતી. કીર્તિના આશયથી કદાચ કોઇ મહત્ત્વાકાંક્ષી પુરુષે લેખ કોતરાવ્યા હશે, પણ બહુધા તો મૂર્તિઓ લેખ વિના જ પ્રતિષ્ઠાપિત થતી હતી. દશમી સદીમાં–ગચ્છભેદની શરૂઆત થતાં મૂર્તિઓ પર લેખો કોતરાવવાની પ્રવૃત્તિ વિશેષ પ્રમાણમાં ચાલુ થઇ સંભવે છે. તે પૂર્વેની મૂર્તિઓ પર લેખ ક્વચ્લેજ મળી આવે છે. એટલે આજે જુદા જુદા પ્રદેશોમાં લેખ વિનાની જે લાખો મૂર્તિઓ મળી આવે છે અને પ્રાચીન ખોદકામોમાં પણ ઘણી વખત જે લેખરહિત મૂર્તિઓ મળી આવે છે તેમાંની ઘણીખરી સંપ્રતિએ ભરાવરાવેલી હોવાનો સંભવ છે.

જૈન સમાજમાં એવી પરંપરાગત માન્યતા ચાલી આવે છે કે સંપ્રતિએ ભરાવરાવેલી મૂર્તિઓની કોણી નીચે ટટ્ટાનો ઉપસેલો આકાર હોય છે. આવી મૂર્તિઓ ગિરનાર, નાંદીયા, નાડોલ, પાટણ, ભવાનીમંડી, ભરૂચ, રાણકપુર, બ્રાહ્મણવાડા, ઓશિયા, વામજ, તળાજા, હોલીપટ્ટન, ચંપા ઇત્યાદિ સ્થળે મળી આવે છે. આ મૂર્તિઓ અતિ પ્રાચીન હોવાનું બીજું એક પ્રમાણ એ છે કે બીજી–ત્રીજી સદીમાં જિનમૂર્તિઓ પર તે કયા તીર્થંકરની મૂર્તિ છે તેની ઓળખ માટે તે તે તીર્થંકરનાં લંછનો કોતરવાની પ્રથા શરૂ થયેલી પણ ઉપરોક્ત મૂર્તિઓ પર એવાં લંછન પણ નજરે ચડતાં નથી.

પ્રિયદર્શીનાં મંદિરો આજે વિપુલ પ્રમાણમાં નથી મળી આવતાં તે અંગે તો મુખ્ય દલીલ એ છે કે બે હજાર વર્ષો સામે ગમે તેવી મજબૂત ઇમારતો પણ ટકી ન શકે તો પછી લાખો મંદિરોમાંના મોટા ભાગનાં ખંડિયેર કાળક્રમે તૂટી પડ્યાં હોય તો તે અસંભવિત નથી. ઉપરાંત પરદેશી અને મુસ્લિમ આક્રમણોએ ભારતવર્ષનાં દેવમંદિરો અને મૂર્તિઓનો નાશ કરવામાં કચાશ નથી રાખી. એટલે સંપ્રતિનાં મંદિરો ને મૂર્તિઓનો મોટો ભાગ એ આક્રમણોનો ભોગ બન્યો હોય તો તે અસ્વાભાવિક નથી. છતાં અનેક સ્થળે સંપ્રતિનાં મંદિરો અને મૂર્તિઓ તો અવશ્ય જ રહ્યાં છે અને કેટલેક સ્થળે તેનાં મંદિરોનો જીર્ણોદ્ધાર થયાની હકીકત પણ સાંપડે છે. પરદેશોમાં ચાલતાં ખોદકામોમાં પણ વખતોવખત જિનમૂર્તિઓ કે મંદિરો મળી આવે છે તે પ્રિયદર્શીની કૃતિઓ હોવાનો જ સંભવ છે. ગિરનાર, ઓશિયા, બ્રાહ્મણવાડા, હોલીપટ્ટન, ભરૂચ આદિ સ્થળે સંપ્રતિએ બંધાવરાવેલાં મંદિરોનાં અવશેષો આજે પણ મળી આવે છે.

જિનમંદિરો અને મૂર્તિઓથી વિશ્વને અલંકૃત કરવાની યોજના થાળે પડી ગયા પછી પ્રિયદર્શીએ ભારતની અને પરદેશોની જૈનેતર પ્રજાને જૈન દર્શન, જૈન આચાર–વિચાર અને જૈન વિશિષ્ટતાનો પરિચય કરાવવાની અને ધીમે ધીમે તે પ્રજાઓને જૈન ધર્મ પ્રતિ વાળવાની ભાવના સેવવા માંડી. પણ આ કાર્ય ગૃહસ્થો કરતાં સાધુ ઉપદેશકો દ્વારા વિશેષ સફળતાને વરી શકે. અને જૈન શ્રમણોના આચારવિચારના ને તેમની જીવનચર્યાના દર્શન વિના જૈનેતર પ્રજાઓ જૈન વિશિષ્ટતાને સમજી પણ ન શકે. વળી જૈન દર્શનની સાચી મહત્તા શ્રમણ સંસ્થાને જ આશ્રયીને રહેલી છે. એટલે ઇતર પ્રજાઓને જૈન ધર્મ પ્રતિ આકર્ષવી હોય તો તેમને જૈન શ્રમણોના સંપર્કમાં જ મૂકવી જોઇએ. પણ અનાર્ય પ્રજાઓ જૈન શ્રમણોના આહારવિહારથી ભિન્ન માહિતગાર હોઇ સાચા શ્રમણોને માટે તેમના પ્રદેશમાં વિહાર કરવો અસંભવિત જ મનાય. એટલે પ્રિયદર્શીએ હજારો રાજસેવકોને જૈન સાધુનો કૃત્રિમ વેશ પહેરાવ્યો. તેમને જરૂરી સાધન–સામગ્રી અને પ્રમાણપત્રો પૂરાં પાડ્યાં. અને તેમને અનાર્ય ભૂમિમાં પાર પાડવાના કર્તવ્યની દિશા સમજાવી તેમને વિશ્વના ભિન્ન ભિન્ન પ્રદેશોમાં રવાના કર્યા.

### કૃત્રિમ સાધુઓ

આ કૃત્રિમ સાધુઓનું મુખ્ય કાર્ય અનાર્ય પ્રજાઓને સાચા જૈન શ્રમણોના આહાર વિહારથી માહિતગાર બનાવવાનું હતું. જેથી સાચા જૈન સાધુઓ વિપ્લવમાં નિર્ભયપણે વિહાર કરી શકે અને પ્રજાઓને જૈન ધર્મનો સહેજ સંપર્ક થાય. આ હકીકતને વિષે કર-

વાને કૃત્રિમ સાધુઓ સ્થળે સ્થળે પથરાઇ ગયા અને પોતાનું કાર્ય આગળ ધપાવવા લાગ્યા.

આ કૃતિમ સાધુઓ પ્રિયદર્શીના પુરૂષો તરીકે ઓળખાતા અને પ્રિયદર્શીએ તેમને અનાર્ય રાજાઓ અને અધિકારીઓ પર આજ્ઞામૂલક ભલામણ પત્રો લખી આપ્યા હતા. સાથોસાથ તે રાજાઓને સિધો સંદેશ મોકલાવતાં પણ તેણે લખ્યું કે, "અમારા પુરૂષો ત્યાં આવ્યા છે; તેઓ જે પ્રકારે કર માગે તે પ્રકારે તમારે તેમને કર આપવો." દ્રવ્યરૂપ કરની તો ખાસ આવશ્યકતા નહોતી. એટલે અનાર્ય નૃપતિઓ અને પ્રજાઓને આ રાજપુરૂષો વધારે રુચવા લાગ્યા. તેઓ અનાર્ય પ્રજાઓને શિખામણ આપવા લાગ્યા કે–" તમારે અમારા જેવા પુરૂષોને આ આ પ્રકારના બેતાળીશ દોશ રહિત વસ્ત્ર, પાત્ર, અન્ન અને પાનાદિક આપવાં, ને અમુક અમુક પ્રકારે બોલવું. તેમ કરવાથી સંપ્રતિ રાજા તમારા પર સંતુષ્ઠ થશે અને તેમ નહિ કરો તો તે કોપાયમાન થશે."

**અનાર્ય પ્રજાઓનું માનસ-પરિવર્તન**

અનાર્ય પ્રજાઓ સંપ્રતિના પુરુષોની આ શિખામણને સહર્ષ અનુસરવા લાગી. કેમકે ભૂતકાળમાં જે જે શહેનશાહોએ તેમના પર વિજય મેળવેલો તે તે શહેનશાહના રાજપુરુષો જ્યારે ફરવાને નીકળતા ત્યારે તેઓ પ્રજાઓ પાસે દ્રવ્યની સતત માગણી કરતા ને તેમને લૂટતા, કનડતા, સજા કરતા અને પ્રસંગોપાત રૂપવતી રમણીઓને ઉપાડી જતા. પરાજિત નૃપતિઓને પણ તેઓ એટલી જ હદે કનડતા હતા. પણ સંપ્રતિના આ પુરુષો તો સર્વની સાથે મમતાથી વર્તતા હતા અને ત્યાગી મુનિવરો પ્રત્યે કેમ વર્તવું ને તેમને કયા પ્રકારની ભિક્ષા આપવી તે અંગેની શિખામણ આપીને જ સંતોષ માનતા હતા. તેઓ દ્રવ્ય ને મોજશોખ પ્રત્યે નિસ્પૃહી હતા. એટલે અનાર્ય પ્રજાઓ તેમના પ્રત્યે સન્માનની નજરે નિરખવા લાગી, ને તેમની એકેએક શિખામણનું અક્ષરશઃ પાલન કરવા લાગી. પરિણામે થોડા જ સમયમાં તેઓ સાધુઓના આહાર-વિહારથી માહિતગાર બની ગઇ, અને તેમનું માનસ ધર્મ પ્રત્યે ઢળવા લાગ્યું. આ રીતે પોતાનો ઉદ્દેશ સિદ્ધ થતાં કૃત્રિમ સાધુઓએ પ્રિયદર્શિને સફળતાના સમાચાર મોકલાવ્યા.



એ સમાચાર મળતાં જ પ્રિયદર્શીએ શ્રી આર્યસુહસ્તી મહારાજ સમક્ષ જઇ તેમને પૂછ્યું, "દેવ! આ શ્રમણો કેવળ ધાર્મિક પ્રજાઓથી અલંકૃત આર્ય ભૂમિમાં જ કેમ વિહરે છે! અનાર્ય ભૂમિમાં તેઓ કેમ નહિ વિચરતા હોય? ત્યાં જાય તો અનેક ધર્મરહિત પ્રજાઓને તેઓ સુધર્મનો માર્ગ દાખવી શકે.

"રાજન્" શ્રી આર્યસુહસ્તીસૂરિએ ભાવભર્યા સ્વરે કહ્યું, "તમારી ભાવના સુંદર છે. પરંતુ અનાર્ય દેશોમાં અજ્ઞાન વિશેષ હોવાથી તેમજ ત્યાંની પ્રજાઓ સાધુઓના આહાર-વિહારથી બિનમાહિતગાર હોઇને શ્રમણોને માટે ત્યાં જ્ઞાન-દર્શન-ચારિત્રની વૃદ્ધિ સાધવાનું દુષ્કર થઇ પડે."

"દેવ," રાજાએ પ્રેરક વાણીમાં કહ્યું, "આપ એક વખત ત્યાં શ્રમણોને મોકલીને તે પ્રજાઓની ગુણગ્રાહીતા અને તેમના આચારની ચતુરાઇનું નિરીક્ષણ તો કરી જુઓ. મને લાગે છે કે છેલ્લા થોડાક સમયમાં તેમણે સુંદર માનસ-પરિવર્તન સાધ્યું છે."

**અનાર્ય પ્રજાઓમાં શ્રમણ-વિહાર અને તે પ્રજાઓ પણ સુધર્મના માર્ગે**

શ્રી આર્યસુહસ્તી મહારાજે પ્રિયદર્શીની આ સલાહને માન્ય રાખી શરૂઆતમાં દક્ષિણ-ભારતના આંધ્ર-દ્રમિલ વગેરે દેશોની ધર્મરહિત પ્રજાઓમાં વિચરવાની ને ત્યાં ધર્મનો ઉપદેશ કરવાની શ્રમણોને અનુમતિ આપી. પરિણામે સેંકડો ઉત્સાહી સાધુઓ તે પ્રદેશોમાં જઇ પહોંચ્યા. ત્યાં પ્રજાઓએ તેમનું સુંદર સ્વાગત કર્યું ને તેમના આહાર-વિહારની સંપૂર્ણ જોગવાઇ સાચવી. અનાર્ય પ્રજાઓના આ વર્તને શ્રમણોના ઉત્સાહને બેવડું જોમ બક્ષ્યું. તેઓ પોતાના વિશુદ્ધ અને મર્યાદિત આહાર-વિહાર તથા નિર્મળ ચારિત્રથી પ્રજાઓના મન પર જૈન ધર્મની વિશિષ્ટ છાપ પાડવા લાગ્યા

ને ધીમે ધીમે પ્રજાઓને જૈન ધર્મનાં સૂત્રો સમજાવવા લાગ્યા. આ શાંત પ્રગતિક્રમથી અનાર્ય પ્રજાઓનો મોટો ભાગ ધર્મમાર્ગે આકર્ષાઇને જૈન ધર્મનો સ્વીકાર કરવા લાગ્યો.

આંધ્ર-દ્રમિલ ગયેલા શ્રમણોએ જ્યારે પાટલીપુત્ર પાછા ફરીને આર્યસુહસ્તી મહારાજને ત્યાંની પ્રજાઓનો માનસ-પરિવર્તનનો ઇતિહાસ વર્ણવી સંભળાવ્યો ત્યારે આચાર્યે શ્રમણોને દૂર દૂરના અનાર્ય પ્રદેશોમાં અને પશ્ચિમે તો હિંદની બહાર પણ ચીન, કંબોજ, ગંધાર, ઇરાન, અરબસ્તાન, સીરિયા, ઇજીપ્ત, ગ્રીસ વગેરે અનાર્ય દેશોમાં પણ વિચરવાની છૂટ આપી. પૂર્વના પ્રદેશોમાં જળમાર્ગ ને વિકટ ગિરિમાળાઓના ભૌગોલિક અંતરાયો નડતા હતા તથા અશોકે એ દેશોમાં બૌધ્ધ ધર્મનો પ્રચાર કર્યો હતો, ને અત્યારે પ્રિયદર્શી માટે પોતાના પિતામહે સાધેલા બૌધ્ધ ધર્મવિજયને ઉથલાવવું કે બૌદ્ધ સંઘની સાથે અથડામણમાં ઊતરવાનું યોગ્ય ન હોતું એટલે શ્રી આર્યસુહસ્તી આચાર્ય તથા પ્રિયદર્શી બંને એ દૂર પૂર્વમાં જૈન શ્રમણોને મોકલવાનું મુલતવી રાખ્યું. તેથી અશોકે પૂર્વ અને ઉત્તરના સુવર્ણભૂમિ (પેગુ-મુલમીન) ચીન, હિંદીચીન, કમ્બોડિયા, હિમવન્ત, વનવાસ, અપરાન્તક, યુનાન વગેરે જે જે પ્રદેશોમાં બૌદ્ધ ધર્મવિજય સાધ્યો હતો તેમને બાજુએ રાખી પ્રિયદર્શીએ દક્ષિણ અને પશ્ચિમના આંધ્ર, દ્રમિલ પ્રદેશ, ચોલ, પાંડ્ય, સતિયપુત્ર, કેરલપુત્ર, ચીન, કંબોજ, ગાંધાર, ઇરાન, સીરિયા, ઇજીપ્ત, ગ્રીસ, મેસીડોનિયા, સીરીન, એપીરસ, વગેરે દેશોમાં જૈન ધર્મવિજયનું પોતાનું બીજ પાથરવાની ઇચ્છા સેવી. ઉત્તરે કાશ્મીર તથા દક્ષિણે લંકા એ બે દેશો એવા જણાય છે કે જ્યાં અશોકે બૌદ્ધ ધર્મનો પ્રચાર કર્યો હતો અને સંપ્રતિદ્વારા ત્યાં જૈન ધર્મનો વિજય પણ સધાયો છે. પરંતુ આ કાર્ય ધર્મસ્પર્ધાને આભારી નહિ પણ અશોકે કાશ્મીર અને લંકામાં નિશ્ચય કેવળ વિજય ધર્મપ્રચાર કર્યો હતો જ્યારે પ્રિયદર્શીએ ત્યાં રાજકીય વિજય મેળવી તેના આધારે ધર્મપ્રચાર કર્યો હતો. એટલે આ બન્ને દેશોપર રાજકીય વિજય પ્રાપ્ત કર્યો એમાં પ્રિયદર્શીએ ત્યાં જૈન શ્રમણોના વિહારનો પ્રબંધ કર્યો હોય તે સંભવિત નથી જણાતું.

આ રીતે, આર્યાવર્તની દક્ષિણે અને પશ્ચિમે પ્રિયદર્શીએ કરી આપેલી વિહારની સાનુકૂળતાથી જૈન મુનિવરો તે તે અનાર્ય પ્રદેશોમાં પણ ચાલુ વિહાર કરવા લાગ્યા,

**અનાર્યભૂમિમાં ધર્મવિજય**

અને પોતાના ચારિત્રના પ્રભાવથી અનાર્ય પ્રજાઓનું ચારિત્ર ઘડવા લાગ્યા. પોતાના આહારવિહારની અસરથી તે પ્રજાઓમાં અભક્ષ્યનિષેધ અને આચારવિચારની મર્યાદા આણવા લાગ્યા. તેમજ પોતાના અપૂર્વ સંયમથી તેઓ તે પ્રજાઓ પર જૈન ધર્મનો પ્રભાવ પાડવા લાગ્યા. અને ધર્મોપદેશથી તે પ્રજાઓને જ્ઞાન અર્પીને તેમને જૈન ધર્મનો પ્રભાવ પાડવા લાગ્યા, એટલે ધર્મોપદેશથી તે પ્રજાઓને જ્ઞાન અર્પીને તેમને જૈન ધર્મ પ્રત્યે વાળવાનું ઘણું સુતર બન્યું. આ રીતે અનાર્ય પ્રદેશોમાં એક બાજુએ મૂર્તિઓનાં ઘડતર ને મંદિરોનાં બાંધકામ તેમ બીજી બાજુએ સંયમી મુનિવરોનાં દર્શન અને તેમના ઉપદેશનો પ્રવાહ સતત ચાલુ રહેતાં, અનાર્ય પ્રજાઓનો મોટો ભાગ જૈન ધર્મ પ્રત્યે વળ્યો અને સંપ્રતિએ ત્યાં પોતાનો વહાલો ધર્મવિજય સાધ્યો. આથીજ પોતાના તેરમા મુખ્ય શિલાલેખમાં તે આવા ધર્મવિજય પ્રત્યેની પોતાની પ્રીતિ વ્યક્ત કરે છે અને પોતાના 'રૂપનાથ' વગેરે ગૌણ શિલાલેખોમાં તે શ્રાવકપદના ત્રીજા વર્ષમાં પોતે સમસ્ત જંબૂદ્વીપની અનાર્ય પ્રજાઓને પણ દેવમૂર્તિઓ અને મુનિવરોનાં સંપર્કમાં લાવ્યો હોવાની ખાસ નોંધ છે તે યથાયોગ્ય છે.

સમય જતાં અશોક અને પ્રિયદર્શીના આ ધર્મવિજયના પ્રચંડ પ્રત્યાઘાતો થયા. તેમાં બૌદ્ધ ધર્મને હિંદમાંથી દેશવટો મળ્યો. પરિણામે બૌદ્ધ ધર્મની બધી હસ્તિઓ ચીન,

**ધર્મવિજયનાં અવશેષો**

જાપાન, યુનાન, હિંદીચીન, અફઘાન, લંકા વગેરે આર્યાવર્તની બહારના જે જે પ્રદેશોમાં અશોકે બૌધ્ધ

ધર્મને વિજય અપાવ્યો હતો ત્યાંજ પથરાઇ ગઇ અને પરિણામે બૌદ્ધધર્મ ત્યાં વિશેષ સ્થિર બન્યો. જ્યારે પશ્ચિમ અને દક્ષિણના જે પ્રદેશોમાં પ્રિયદર્શિએ જૈન ધર્મને વિજય અપાવ્યો હતો ત્યાં પાછળથી રાજકીય કારણો સર ઘર્ષણ જામતાં જૈન ધર્મને વેઠવું પડ્યું. છતાં જૈન ધર્મ તેની ભારતીય કેન્દ્રભૂમિમાં અચળ રહેવાથી તેની મૂળભૂત શક્તિઓને બહાર આશ્રય શોધવાનું કારણ ન રહ્યું. જો કે પશ્ચિમના પ્રદેશોમાં યહૂદી, ખ્રિસ્તી અને મુસ્લિમ ધર્મો તથા યુરોપીય સંસ્કૃતિનાં પૂર ફરી વળવાથી જૈન ધર્મ ત્યાં નામશેષ બની રહ્યો છે. તેમ છતાં પૂર્વ અને ઉત્તરના પ્રદેશોમાં ચાલતાં ખોદકામોમાં જેટલાં બૌદ્ધ અવશેષો મળી આવે છે, એટલાં જ પશ્ચિમ અને દક્ષિણનાં ખોદકામોમાં જૈન અવશેષો પણ સાંપડે છે. વળી દક્ષિણમાં તો ગોમ્મટેશ્વર સમી સંખ્યાબંધ મૂર્તિઓ, ચન્દ્રગિરિ સમા પર્વતો, સંખ્યાબંધ ગુફાઓ અને અનેક વિહારો–મંદિરોમાં તો પ્રિયદર્શિના ધર્મવિજયની સ્મૃતિઓ અખંડ રૂપમાં પણ જળવાઇ રહેલી નજરે ચડે છે.

પ્રિયદર્શિએ પરદેશોમાં સાધેલા ધર્મવિજયનું અવલોકન કરતાં સાથોસાથ પરદેશો સાથેના તેના સંબંધો વિચારી જવાનું પણ સસ્થાને થઇ પડશે.

**પરદેશો સાથેનો પ્રિયદર્શિનો સંબંધ**

સમ્રાટ અશોકે સેલ્યુકસ સાથે કરેલી સંધિ પછી મૌર્ય રાજવંશે સીરિયા, ગ્રીસ ને મેસીડોનિયા સાથે મિત્રતાનો સંબંધ જાળવી રાખ્યો હતો. સીરિયાનો નૃપતિ એન્ટીયોકસ પહેલો પ્રિયદર્શિને ચંડાશોક કરતાં પણ વધુ માન આપતો હતો અને તેની ઇચ્છાઓને શહેનશાહની આજ્ઞાઓની જેમ વધાવી લેતો. એટલે પ્રિયદર્શિએ તેના પ્રદેશમાં જ્યારે દવાખાનાંઓ અને પાંજરાપોળો ખોલવાની તથા મંદિરો બંધાવવાની ને શ્રમણોના વિહારની અનુમતિ માગી ત્યારે એન્ટીયોકસે એવી અનુમતિ આપી એટલું જ નહિ પરંતુ પ્રિયદર્શિની એ ઇચ્છાઓની સિદ્ધિમાં તેણે પોતાનાથી બનતો ફાળો પણ નોંધાવ્યો. સંપ્રતિ–પ્રિયદર્શી–અમિત્રઘાતે આ એન્ટીયોકસ પર લખેલો એક પત્ર અને તેનો ઉત્તર હેગેસેન્ડરની નોંધના આધારે એથેનસની કૃતિઓમાં જળવાઇ રહ્યો છે જેમાં અમિત્રઘાત એન્ટીયોકસ પાસે સૂકાં અંજીરો અને દ્રાક્ષાસવ મંગાવે છે અને એન્ટીયોકસ તે મોકલાવી આપવાની તત્પરતા દાખવે છે. પ્રિયદર્શીએ પોતાના બીજા અને તેરમા શિલાલેખમાં આ એન્ટીયોકસની પોતાના સામ્રાજ્યની સરહદો પરના આજ્ઞાંકિત યોનપતિ તરીકે ઓળખ આપી છે અને તેના મુલકમાં પોતે સાધેલા ધર્મવિજયની હકીકત પણ જણાવી છે. આ એન્ટીયોકસના એલચી તરીકે પ્રિયદર્શીના દરબારમાં ડેમેકસ જ કાયમ રહેલો. તે ગ્રીક એલચી તરીકેની પણ ફરજ બજાવતો હતો. આ એન્ટીયોકસનો શાસનકાળ ઇ. સ. પૂ. ૨૮૦ થી ૨૬૧ લગી ચોક્કસ છે. અને સંપ્રતિનો સમય ઇ. સ. પૂ. ૨૮૯ થી ૨૩૫ નો છે. બંને નૃપતિઓનો આ સમય અને ઉપરોક્ત હકીકતો વિચારતાં સંપ્રતિ–પ્રિયદર્શી બાને અમિત્રઘાતની એન્ટીયોકસ સાથેની સમકાલિકતા અફર બની રહે છે.

પ્રિયદર્શીના સમયમાં મેસીડોનિયામાં એન્ટીગોનસ (ઇ. સ. પૂ. ૨૭૬ થી ૨૩૯ ), ઇજીપ્તમાં ટોલેમી ફીલાડેલ્ફસ બીજો (ઇ. સ. પૂ. ૨૮૫ થી ૨૪૭), સાઇરીનમાં મગ (ઇ. સ. પૂ. ૩૦૦ થી ૨૫૦ ) ને ઇપીરસમાં અલેકઝાંડર ( ઇ. સ. પૂ. ૨૭૨ થી ૨૫૫ ) નું શાસન ચાલતું હતું. પ્રિયદર્શીએ પોતાના તેરમા શિલાલેખમાં આ નૃપતિઓને એન્ટીયોકસના પડોશીઓ અને પોતાના સામ્રાજ્યની સરહદો પરના આજ્ઞાંકિત રાજવીઓ તરીકે ઓળખાવ્યા છે અને તેમના પ્રદેશમાં પોતે સાધેલા ધર્મવિજયની હકીકત પણ વર્ણવી છે. આમાંના ટોલેમી [illegible] પ્રીલાડેલ્ફસ બીજાએ પ્રિયદર્શીના દરબારમાં ડાયોન[illegible] સિયસ નામે એલચીને મૂકેલો અને એ એલચી[illegible] ગ્રીક એલચી મેગેસ્થીનીસની જેમ પોતાનાં ભારત[illegible] સંસ્મરણોની નોંધ લખેલી. ગ્રીક ઇતિહાસકાર પ્લીન[illegible] જણાવ્યા પ્રમાણે તેણે એ નોંધ જોઇ હતી પણ [illegible] ભાગ્યે આજે તે નોંધ નથી મળતી. જો એ નોંધ [illegible] આવે તો સંપ્રતિ–પ્રિયદર્શી–અમિત્રઘાતના વ્ય[illegible] પર સુંદર પ્રકાશ ફેંકી શકાય.

અને તે પણ જૈન હોવાનો સંભવ છે. કેમકે આજીવિક મતનો સ્થાપક ગોશાલો એક સમયે ભગવાન મહાવીરનો ભક્ત હતો એટલું જ નહિ, પણ તેણે મરતી વખતે પણ ભગવાન મહાવીરની ક્ષમા માગી લીધી હતી, એટલે જૈનો આજીવિકો પ્રત્યે સદ્‌ભાવ રાખતા હતા. અને ઉપર આપણે જોતા ને પુરવાર કરતા આવ્યા છીએ કે 'પ્રિયદર્શિન' એ જૈન નૃપતિ સંપ્રતિનું બીજું નામ છે. આ વિધાન પણ તેને ટેકારૂપ જ નીવડે છે.

પાંચમા સ્થંભલેખમાં પ્રિયદર્શિને કયા કયા દિવસોએ અમુક પાપો ન કરવાં તેનું સૂચન કરતાં અષ્ટમી અને ચતુર્દશીને માટે 'અનુપોસથ' શબ્દ વાપરેલ છે. બૌધ્ધ સાહિત્યમાં પર્વને માટે ઉપાસથ શબ્દ મળી આવે છે, પણ તે પૌષધ ને મળતો નથી, તેમજ તે કોઇ ખાસ નિશ્ચિત તિથિનું પણ સૂચન નથી કરતો. જ્યારે જૈનોમાં ભગવાન આદીશ્વરના પૌત્ર સૂર્યયશાના સમયથી અષ્ટમી અને ચતુર્દશી બને તિથિ પૌષધ (પૌષધ)-દિન તરીકે જાણીતી છે. (વિશેષ માટે જુઓ પાંચમો સ્થંભલેખ)

બીજા મુખ્ય શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે પ્રિયદર્શિને ઠેર ઠેર પશુઓનાં દવાખાનાં–પાંજરાપોળોની વ્યવસ્થા કરી હતી. આ કાર્ય બૌદ્ધ કરતાં જૈન ધર્માનુયાયીને વધારે બંધ બેસતું છે.

ખલગિરિનું શાસન પ્રિયદર્શિને પોતાની યાત્રા દરમિયાન સુવર્ણગિરિથી બહાર પાડેલું છે. આ સુવર્ણગિરિને બૌદ્ધ ધર્મ સાથે તલપૂર સંબંધ નથી, જ્યારે જૈનોનું તે એક પવિત્ર તીર્થધામ છે. ( જુઓ 'ખલગિરિ' નો શિલાલેખ )

મી. રામપ્રસાદ ચંદ પણ માને છે[૨૮] કે જે [...]ભો ઉપર ઋષભ, હાથી, સિંહ, ગરૂડ, વગેરે [ચિ]ન્હો છે. તે કોઈપણ સંયોગોમાં અશોકના ન હોઇ [...], કેમકે એ ચિન્હો કોઈપણ સંયોગોમાં બૌધ્ધ [ધ]ર્મનાં સૂચક બનતાં નથી. જ્યારે બીજી બાજુ જૈન [...]એ તે તીર્થંકરોનાં લંછન હોઇને સંપૂર્ણતઃ જૈન[...] પ્રતીક છે. એટલે જૈન નૃપતિ સંપ્રતિ દ્વારા [...]નું આરોપણ સર્વથા સુસંગત છે.

અશોકના કુટુંબનું અને તેનાં કાર્યોનું બૌદ્ધ પુસ્તકો વિસ્તવાર વર્ણન કરે છે; તે કાયદેસર યુવરાજ ન છતાં જોરતલબીથી અને ભાઇઓની કતલ કરીને સિંહાસનનો સ્વામી બની બેઠો; પૂર્વાવસ્થામાં તેણે ખૂબ જ ઉગ્રતા દર્શાવી. પદ્માવતી, અસંધિમિત્રા, તિષ્યરક્ષિતા વગેરે તેની મુખ્ય રાણીઓ હતી અને મહેન્દ્ર ને કુણાલ તેના નામાંકિત રાજકુમાર હતા. તેના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાએ બૌદ્ધ ધર્મની દીક્ષા લીધી અને બનેએ લંકા જઇ ત્યાં બૌધ્ધ ધર્મ ફેલાવ્યો. તેના યુવરાજ પુત્ર કુણાલે સાવકીમાતાના દ્વેષને પરિણામે આંખો ગુમાવી. તે પછી કુણાલને સંપ્રતિ નામે પુત્ર થયો અને તેને અશોકે યુવરાજ બનાવ્યો. રાજ્યાભિષેકના અઢારમા વર્ષે અશોકે ત્રીજી બૌધ્ધ પરિષદ ભરી અને તેમાં બૌધ્ધ ભિક્ષુકસંઘમાં શુધ્ધિ જાળવવા માટે કડક વ્યવસ્થા કરવામાં આવી. અને બૌધ્ધ ધર્મના પ્રચાર માટે ઠેરઠેર બૌધ્ધ ભિક્ષુકો રવાના કરવામાં આવ્યા. તે જ વર્ષમાં દેવાનાંપ્રિય તિસ્સ લંકાના સિંહાસને બેઠો અને અશોકે ત્યાં બોધિવૃક્ષની ડાળ મોકલાવી.

આમાંનો એક પણ પ્રસંગ પ્રિયદર્શિનના શિલાલેખો સાથે સુસંગત નથી. શિલાલેખોમાં પ્રિયદર્શિન પોતાની રાણી ' ચારુવાકી ' અને રાજકુમાર ' તિવર ' ના નામનો નિર્દેશ કરે છે. અગાધ બૌદ્ધ સાહિત્યનો ઘણો ખરો ભાગ અશોકના જીવનથી જ ભરેલો છે, પણ તેમાં ઉપરનાં નામ ક્યાંય પણ મળતાં નથી. જ્યારે જૈન સાહિત્યમાં સંપ્રતિ અંગે જે ટૂંકી પણ નોંધો થયેલી છે–ગાદીએ આવ્યા પછી તરતમાં તે શ્રાવક બન્યો; અનાર્ય દેશોમાં પણ સાધુઓના વિહારની વ્યવસ્થા કરીને તેણે ત્યાં ધર્મનો પ્રચાર કર્યો; દક્ષિણે તે ભયાનક આક્રમણ લઇ ગયો; તેણે સંઘ–યાત્રા કાઢી, દાનશાળાઓ સ્થાપી હતી, પ્રજાને ધર્મ પ્રત્યે આસકત કરી હતી. રાજાઓ ઉપર જીત મેળવી તેમને પુનઃ તેમના સ્થાને જ સ્થાપન કરી પોતે ઉપદેશેલ ધર્મ પ્રજામાં ફેલાવવાની આજ્ઞા કરતો–ઈ. ઈ. હકીકત સાથે શિલાલેખો પૂર્ણપણે મળતા આવે છે. જૈન સાહિત્યમાં સંપ્રતિના કુટુંબ અંગે કંઇ લખાયું નથી. નહિતર તેમાંથી તિવર અને ચારુવાકીનાં નામ જરૂર મળી આવત.

[૨૮] The civilization of the East, P. 88.

પ્રિયદર્શી ઉપર પ્રમાણે પરદેશોમાં જ્યારે ધર્મવિજય સાધી રહ્યો હતો ત્યારે તેના રાજમહેલમાં તેની બે રાણીઓએ બે પુત્રોને જન્મ આપ્યો. તેમાંથી પહેલા પુત્રનું નામ બૃહસ્પતિમિત્ર અને બીજાનું નામ દશરથ રખાયું.

**પુત્ર-જન્મ**

જિનમંદિરો, જિનમૂર્તિઓ ને જૈન શ્રમણોના વિહારથી દેશ-પરદેશમાં સાધવાના ધર્મવિજયનું કાર્ય ચાલે પડી જતાં પ્રિયદર્શીએ હવે જાતેજ પોતાની દર્શનશુદ્ધિને માટે તેમજ જૈન ધર્મનો પ્રભાવ ફેલાવવાને માટે ધાર્મિક કાર્યક્રમોમાં અગ્ર ભાગ લેવાનો નિશ્ચય કર્યો. આ કાર્યની સિદ્ધિને માટે સારામાં સારો માર્ગ તેને સંઘ-યાત્રાનો જણાયો. તેમાં ભવ્ય સંઘો કાઢીને તીર્થયાત્રાએ જવું; જ્યાંથી સંઘ નીકળે ત્યાંની ભક્તિવંત પ્રજા સંઘમાં જોડાય એટલું જ નહિ પણ જ્યાં જ્યાંથી સંઘ પસાર થાય તે તે પ્રદેશની પ્રજાઓ પણ તેમાં જોડાઇ શકે; સ્થળે સ્થળે ઉચિત દાન દેવાય; આવશ્યક સ્થળોએ મંદિરો-ઉપાશ્રય-ધર્મશાળાઓ વગેરે બંધાવાય, મૂર્તિઓ ભરાવાય, પાંજરાપોળો બનાવાય કે પાઠશાળાઓ સ્થપાય; પ્રજાની પરિસ્થિતિનાં દર્શન કરીને યોગ્ય સુધારાનો પ્રબંધ કરાય વગેરે ઉદ્દેશો સિદ્ધ થઇ શકે. આ ધાર્મિક ઉદ્દેશો ઉપરાંત આર્થિક, સામાજિક અને રાજકીય દૃષ્ટિએ આ કાર્યક્રમોથી દ્રવ્યનો પ્રવાહ સતત વહેતો રહે; પ્રજાની ઉત્પાદનશક્તિ સુધરે અને ખરીદશક્તિ વધે; વધેલા ઉત્પાદનનો નિકાલ થાય; પ્રજાની રસવૃત્તિ તેમજ શ્રમ અને ખીલવણીનો અવકાશ મળે; વિવિધ પ્રજાઓ એકમેકના સંપર્કમાં આવે; નૃપતિ અને રાજતંત્ર પ્રત્યે પ્રજાનો અધિકાધિક વિશ્વાસ પામે અને માનવો અને [illegible] મેળો [illegible] સતત કાર્યશીલ રહેવાને રાજકીય રીતે સંગઠ્ઠત્વ બને પણ આવી [illegible] હતું. તેથી પ્રિયદર્શીએ સંઘ-યાત્રા [illegible] [illegible] [illegible] રહેતા [illegible] [illegible].

**સંઘ-યાત્રા**

આ સંઘોમાં પાટલીપુત્રની અને મગધની પ્રજા ઉપરાંત ભારતના અન્ય પ્રદેશોની ભક્તિવંત પ્રજાઓ પણ જોડાવા લાગી. પ્રિયદર્શીએ ખર્ચની કશી હદ નહોતી રાખી. પ્રજાઓના હિતાર્થે તે તિજોરીનું બધુંજ નાણું ખર્ચી નાંખવાને તૈયાર હતો. જિનમૂર્તિઓ, મંદિરો ને શ્રમણ-વિહારના કાર્યક્રમોમાં વિપુલ દ્રવ્ય ખર્ચાઇ રહ્યું હતું પણ તે આખરે તો પોતાની પ્રજાને જ સંપત્તિમાન બનાવતું હતું અને એ ઉદ્દેશને આગળ ધપાવવાને હજી પણ મૌર્ય તિજોરી પાસે પુષ્કળ નાણું હતું. પ્રિયદર્શીની આર્થિક કુનેહ સાગર સરીખી હતી. ઉનાળામાં સાગર પોતાના પાણીને શોષાવા દે પણ આખરે તો તે પાણી વૃષ્ટિરૂપે પૃથ્વીને અને પ્રાણીઓને પોષીને સરિતાઓના માર્ગે સાગરમાં જ પાછું ફરે છે. તેમ પ્રિયદર્શી જેમ જેમ વિશેષ દ્રવ્ય ખર્ચતો તેમ તેમ રાજ્યની આવકમાં વિશેષ ને વિશેષ વધારો થતો જતો.

સંપ્રતિના આ સંઘો તેમની ભવ્યતા અને અલૌકિકતાને માટે જૈન ઇતિહાસમાં અમર બની ગયા છે. તેમાં લાખોની માનવમેદની જોડાતી અને કરોડોનો ખર્ચ થતો. સંઘ ચાલતો હોય ત્યારે જાણે ઇંદ્ર પોતાની અમરાવતી સાથે પૃથ્વીની યાત્રાએ નીકળ્યો હોય તેમ જણાતું. હાથીઓ, અશ્વો, ગાડાંઓ, રથો, ઊંટ વગેરે સંખ્યાનો પાર નહોતો. સંખ્યાબંધ ફરતાં મંદિરો સંઘની સાથે રહેતાં. રસોઇયાની સંખ્યા કે ભોજન સામગ્રીની હદ નહોતી. સંઘ એવી વ્યવસ્થાપૂર્વક આગળ વધતો કે લાખોની મેદની હોવા છતાં ખાધાખોરાકી કે આગ-જળ ના કારણે કોઇ ગામને, કોઇ પ્રજાજનને કે કોઇ સંઘ યાત્રીને નુકશાન ન પહોંચતું. સાથે હાથીઓ, રથો અને અશ્વો વિપુલ પ્રમાણમાં હોવા છતાં સંપ્રતિ મહારાજા મુનિવરોની સાથે પગે જ ચાલતો. સંપ્રતિના પહેલાવહેલા સંઘોમાં શ્રી આર્યસુહસ્તી મહારાજ હાજર રહેતા.

આ રીતે ભવ્ય સંઘો કાઢીને પ્રિયદર્શી વખતો વખત સિદ્ધાચલ, ગિરનાર, શત્રુંજય, સમેતશિખર, વૈભારગિરિ, નંદિયા, અષ્ટાપદ વગેરે તીર્થોની યાત્રાએ જતો [illegible] અને [illegible] [illegible] અનેક આત્માં

પુણ્ય કરવા લાગ્યો. સામ્રાજ્યની પ્રજા પણ તેને અનુસરીને પુણ્યના માર્ગે વળી.

પ્રિયદર્શીએ ઉપરોક્ત તીર્થોમાં આવશ્યકતા અનુસાર તીર્થોદ્ધાર કે જીર્ણોદ્ધાર કરાવેલા ને યોગ્ય સ્થાનકે નવાં જિનમંદિર પણ બંધાવરાવેલાં. તેમાં તેણે કરાવેલો શત્રુંજય મહાતીર્થનો ઉદ્ધાર, ગિરનાર પર્વત પર તેણે બંધાવરાવેલી ટૂંક અને ભરુચમાં 'શકુનિકા વિહાર' નામે અલૌકિક જિનમંદિરનો તેણે કરાવેલો જીર્ણોદ્ધાર મુખ્યત્વે નોંધપાત્ર છે.

**જીર્ણોદ્ધાર**

શ્રી શત્રુંજય એ પ્રથમ જૈન તીર્થંકર શ્રી આદિનાથના સમયથી જૈનોનું મહાતીર્થ લેખાતું આવ્યું છે અને શ્રી આદિનાથથી માંડીને ચોવીસમા જૈન તીર્થંકર શ્રી મહાવીર સ્વામી પર્યન્તના યુગોના ગાળા દરમિયાન શ્રી ભરત ચક્રવર્તી આદિ નરવીરો દ્વારા તેનો વખતોવખત ઉદ્ધાર થતો રહ્યો છે. પણ શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ પછી થયેલા ઉદ્ધારોમાં તો સૌથી પ્રથમ ઉદ્ધાર સંપ્રતિનો છે.

તે તીર્થનો ઉદ્ધાર થયાને સંપ્રતિના સમયે કેટલીએ સદીઓ વીતી ગઇ હતી. વળી ત્યાંના અનેક મંદિરો જીર્ણશીર્ણ થયાં હતાં એટલે અખિલ તીર્થ પુનર્રચનાની આવશ્યકતામાં મૂકાયું હતું. સંપ્રતિએ અપૂર્વ ઉત્સાહપૂર્વક એ વિરાટ કાર્ય હાથ ધર્યું. અલ્પ નુકશાન પામેલાં મંદિરોને તેણે સમરાવ્યાં, જીર્ણ થયેલાં નવેસરથી બંધાવ્યાં અને તે પવિત્ર પર્વત પર જ્યાં જ્યાં નવાં મંદિર બાંધવાને યોગ્ય ખુલ્લી જગ્યા જણાઇ ત્યાં ત્યાં તેણે નવાં ભવ્ય જિનમંદિરો ચણાવ્યાં. આ રીતે તે તીર્થને રમણીય મંદિરોના મહાનગર સમું દેદિપ્યમાન બનાવીને તે સંઘ સાથે તીર્થદર્શને ગયો અને શ્રી આર્યસુહસ્તી મહારાજને હાથે તે તીર્થની પુનઃપ્રતિષ્ઠા કરાવી.

પ્રિયદર્શી વખતોવખત ગિરનાર તીર્થનાં દર્શને જતો. ત્યાં તેણે ૩૨૦૦ ફીટની ઊંચાઇએ પર્વત જાણે પૃથ્વીના અંકમાં ઝુલી રહ્યો હોય એવું મનોહર દૃશ્ય ઉપજાવતું એક રમ્ય એકાંત સ્થળ નિહાળ્યું. તે સ્થળે જો
સુંદર મંદિરો બંધાવ્યાં હોય તો તે રમણીના
શોભતી મોતીની માળાની જેમ દીપી ઊઠે એમ વિચા
તેણે ત્યાં પાંચ ભવ્ય મનોહર મંદિરો ચણાવ્યાં. અ
તો તે મંદિરોના ભગ્નાવશેષો જ નજરે ચડે છે.

ભરૂચમાં 'શકુનિકા વિહાર' ના નામે ઓળખા
એક બાવન જિનાલય યુક્ત અલૌકિક પ્રાચીન મં
હતું. તે મંદિર મૂળ રામાયણયુગમાં સિંહલદ્વીપના નૃપ
ચન્દ્રરાજની પુત્રી સુદર્શનાએ બંધાવ્યું હતું, અને તેમ
તેણે તે યુગના તીર્થપતિ વીશમા જૈન તીર્થંકર શ્રી મુનિ
સુવ્રતસ્વામીની પ્રતિમાને પ્રતિષ્ઠિત કરેલી હોઇ તે મંદિર
મુનિસુવ્રતસ્વામીના મંદિરને નામે પણ જાણીતું હતું.
સમય જતાં વખતો વખત તેના ઉદ્ધાર થતા રહ્યા,
છતાં સંપ્રતિના સમયમાં તે પુનઃ જીર્ણ દશામાં
પ્રવેશી રહ્યું હતું. સંપ્રતિએ આ મંદિરનો જીર્ણોદ્ધાર
કરાવવાનો નિશ્ચય કર્યો એટલું જ નહિ, પરંતુ તેણે તેને
સુદર્શનાના મૂળ મંદિરની પણ તે સરસાઈ કરે એવું
ભવ્ય અને અલૌકિક બનાવવાની ભાવના સેવવા માંડી.
ને દ્રવ્ય, સત્તા ને સગવડતાના બળે તેણે એ ભાવનાને
સિદ્ધ પણ કરી. આજે તો એ મંદિર ફરી જીર્ણ
થઇને જુમ્મામસ્જિદના રૂપમાં પલટાઇ ગયું છે પરંતુ
તે મસ્જિદમાં નજરે ચડતા શીઘરસ્થંભો, આબૂજીની
શૈલીમાં કોતરેલ છજાંઓ, કીર્તિમુખ દેવીઓની
પંક્તિઓ ઇત્યાદિ શણગારોથી શોભિત વિશાળ મંડપો,
ઉદુંબર અને કીર્તિમુખવાળા મંડારકો, મંગલ મૂર્તિઓ
તથા અવશેષરૂપે પણ હૃદયને આકર્ષતી રમણીયતા
પ્રિયદર્શીએ સમરાવેલા એ મંદિરની અપૂર્વતાની ઝાંખી
કરાવે છે.

આ રીતે હયાત તીર્થોની યાત્રા અને તેમના જીર્ણોદ્ધારનો પ્રબંધ કરીને કુદરતે પોતાને શીરે લાદેલું ઋણ

**સંઘ સાથે દક્ષિણ-પ્રયાણ**

ફેડવા માટે પ્રિયદર્શીએ જાતે એક નવું તીર્થ સર્જવવાની મહેચ્છા સેવવા માંડી એટલેજ તેની નજર જ્યાં અંતિમ શ્રુતકેવળી ... ચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામી

અને તેમના શિષ્ય પ્રભાચન્દ્ર યાને પૂર્વાવસ્થામાં મૌર્ય સામ્રાજ્યની સ્થાપના કરનાર ને મૌર્ય રાજવંશના આદિ પુરુષ અને પોતાના પ્રપિતામહ સમ્રાટ ચન્દ્રગુપ્ત સ્વર્ગવાસ પામ્યા હતા ત્યાંની કટવપ્રની ટેકરી પર ઠરી. આ સ્થળ દક્ષિણે મહિષમંડલ (મ્હેસુર)માં આવેલું હતું અને પ્રકૃતિના ક્રીડાંગણ સમું તે રમણીય હતું. તે સ્થળની પ્રાકૃતિક રમ્યતાની સાથે ધાર્મિક સંસ્મૃતિઓ, ઐતિહાસિક પ્રસંગો ને ભવ્ય માનવકૃતિઓને સાંકળી દઇને પ્રિયદર્શીએ તેટલા પ્રદેશને અમર વિશ્વતીર્થ બનાવવાની આશાઓ સેવવા માંડી. આ આશાઓને સિદ્ધ કરવાને તે સંઘ સાથે દક્ષિણે ચાલ્યો.

પ્રિયદર્શી જ્યારે સંઘ સાથે કટવપ્ર જઇ પહોંચ્યો ત્યારે તે સ્થળ કેવળ પ્રકૃતિનાં વિવિધ રૂપોની લીલાભૂમિ સમું ભાસતું હતું. કટવપ્રની

### શ્રવણબેલ્ગોલનું નૂતન તીર્થ

ટેકરી પર શ્રી ભદ્રબાહુસ્વામી અને પ્રભાચન્દ્રનાં અવસાનની નહીં જેવી સ્મૃતિઓ જળવાઇ રહી હતી. તે ટેકરીની તલેટીમાં મેદાન હતું અને તે મેદાનની સામી બાજુ વિન્ધ્યગિરિ પર્વત પથરાએલો પડ્યો હતો. વિન્ધ્યગિરિની ઊંચાઇ તલેટીના મેદાનથી ૪૭૦ ફીટ, અને ચન્દ્રગિરિની ઊંચાઇ ૧૭૫ ફીટ હતી. પરંતુ તલેટીનું મેદાનજ સમુદ્રતટથી ૨૮૭૭ ફીટની ઊંચાઇએ આવેલું હતું એટલે પથરાવલી એકાદ પર્વતશ્રેણીનાં સામસામાં બે શિખરો સમી ઉપરોક્ત બંને ટેકરીઓ જણાતી. ઉન્નત સ્તનોવાળી કોઇની સુંદરીના કંઠમાં કોઇ વીર મોતીની માળા પરોવે તેમ ઉન્નત શિખરોવાળી કોઇની આ ભૂમિને પ્રિયદર્શીએ અમરતાથી અંકિત કરવાની યોજના વિચારી કાઢી.

અને શ્રી આર્યસુહસ્તી આચાર્ય સંઘની સાથે હોઇ તેણે આ વિષયમાં તેમની સલાહ પૂછી.

શ્રી આર્યસુહસ્તી મહારાજ આ વખતે સ્થવિરકલ્પના* પ્રભાવનાં બીજ વાવીને શ્વેતાંબર જૈન સંઘની

### સ્મરણતીર્થ ને સંગમસ્થાન

પ્રભુતા ખીલવી રહ્યા હતા. તેમ છતાં જિનકલ્પ પ્રત્યે રુચિ ધરાવનાર વડીલ ગુરુબન્ધુ શ્રી આર્યમહાગિરિ પ્રત્યે પણ તેમને એટલું જ સન્માન હતું. એટલે તેમણે પ્રિયદર્શીને આ નૂતન તીર્થને શ્રી ભદ્રબાહુસ્વામી અને સમ્રાટ ચન્દ્રગુપ્તના સ્મારકક્ષેત્ર ઉપરાંત તેને સ્થવિરકલ્પના અને જિનકલ્પના સોનેરી સંગમસ્થાન સમું તેમજ શ્વેતાંબર સંઘના અમર નામ સાથે સંકલિત બનાવવાની સલાહ આપી. પ્રિયદર્શીને આ સલાહ રુચી ગઇ અને તેણે તે અનુસાર કામ હાથ ધર્યું.

બે ટેકરીઓની વચ્ચેના મેદાનમાં તેણે એક સુંદર સરોવર બંધાવ્યું અને તેને બેલ્ગોલ (બેલ=સફેદ, ધવલ, શ્વેત–શ્વેતાંબર; ગોલ=

### શ્વેતાંબર-સ્મારક

સરોવર. બેલ્ગોલ=શ્વેત–શ્વેતાંબર સરોવર) નામ આપ્યું. આ સરોવરનું પાણી પણ સ્વચ્છ રૂપેરી રંગનું હોઇને તેને માટે બેલ્ગોલ શબ્દ જેટલો કુદરતી જણાતો હતો તેટલો જ શ્વેતાંબર નામની સાથે તે સંકલિત પણ બની જતો હતો. આ સરોવરની આસપાસ તેણે એક ભવ્ય મનોહર નગર વસાવવાની યોજના ઘડી અને તે નગરને તેણે શ્રમણ-બેલ્ગોલ (શ્રમણ=જૈન સાધુ-શ્રમણ; બેલગોલ=શ્વેત સરોવર. શ્રમણબેલ્ગોલ= શ્વેત–શ્વેતાંબર જૈન શ્રમણોનું સરોવર-વિહારભૂમિ)

---

* [illegible]

[illegible]

નામ આપ્યું. આ રીતે મેદાનનાં સરોવર ને નગરને શ્વેતાંબર નામ સાથે સાંકળી પ્રિયદર્શીએ ત્યાં સંખ્યાબંધ વિહારો અને ચૈત્યો બંધાવ્યાં.

કટવપ્રની જે ટેકરી પર શ્રી ભદ્રબાહુસ્વામી અને સમ્રાટ ચન્દ્રગુપ્ત યાને પ્રભાચન્દ્ર અવસાન પામ્યા હતા તે ટેકરીને તેણે ચન્દ્રગુપ્તના સ્મરણમાં ચન્દ્રગિરિ નામ આપ્યું; વળી જે ગુફામાં શ્રી ભદ્રબાહુસ્વામીએ સમાધિમરણ પ્રાપ્ત કર્યું હતું તે ગુફાને તેણે ભદ્રબાહુ–ગુફા નામ આપ્યું અને ગુંફામાંના જે સ્થળે ચન્દ્રગુપ્તે છેલ્લો શ્વાસ લીધો હતો તે સ્થળ ઉપર તેણે ચન્દ્રગુપ્તની સુવર્ણ પાદુકાઓ સ્થાપી. આ ઉપરાંત તે ટેકરી પર તેણે ચન્દ્રગુપ્ત–વસહી આદિ વિહારો બંધાવ્યા.

તીર્થના મોટા ભાગને આ રીતે શ્વેતાંબર સંઘ અને સ્થવિરકલ્પની સાથે સાંકળ્યા બાદ પ્રિયદર્શીએ જિનકલ્પના સ્મારકને માટે પણ દૃષ્ટિ દોડાવી. આ અંગે તેની નજર વિન્ધ્યગિરિની નક્કર ટેકરી પર ઠરી. વિચાર કરતાં તેને લાગ્યું કે, એ ટેકરીની વિરાટ શિલાઓમાંથી જો એક ભવ્ય અને અપૂર્વ પ્રતિમા કોરી કાઢવામાં આવે તો આ તીર્થ પણ એક અમર વિશ્વતીર્થ બની જાય તેથી આ તીર્થને તેણે શ્રી ભદ્રબાહુની સ્મૃતિ સાથે સાંકળવાને એ પ્રતિમાને ભદ્રબાહુના નામથી અંકિત કરવાની તેમજ આ તીર્થમાં જિનકલ્પનો સંગમ સાધવાને તે પ્રતિમાને પ્રકૃતિગત નગ્ન સ્વરૂપમાં જ કોરાવવાની ગણતરી બાંધી.

પોતાની આ વિચારણા અંગે તેણે રાજશિલ્પીઓની સલાહ પૂછી. શિલ્પીઓએ વિન્ધ્યગિરિનું સૂક્ષ્મ નિરીક્ષણ કરીને જણાવ્યું કે એ ટેકરીમાંથી પ્રિયદર્શીની ભાવનાનુસાર એક સુંદર વિરાટકાય પ્રતિમા કોરી કાઢી શકાય તેમ છે. પ્રિયદર્શીએ તરત તેમને કામે લાગી જવાની આજ્ઞા આપી. સરોવર, નગર અને પ્રતિમાના કાર્યની પ્રગતિ પર દેખરેખ રાખવાને તેણે એક મંત્રીની નિમણૂક કરી. અને ... વર્ષે પોતે સંઘ સાથે પુનઃ આ તીર્થની યાત્રાએ ... ત્યારે સરોવર પાણીથી છલકાઈ રહ્યું હોય, નગર ...ની વસ્તીથી ઊભરાઈ રહ્યું હોય, વિરાટકાય પ્રતિમા પ્રતિષ્ઠાને માટે તૈયાર થઈ ચૂકી હોય એ ગણતરીએ કામમાં આગળ વધવાની અધિકારીઓ તેમજ કાર્યવાહકોને સૂચના આપીને તે પાટલીપુત્ર પાછો ફર્યો.

પ્રિયદર્શીના મંત્રીની આજ્ઞાનુસાર સરોવર, નગર અને ચૈત્યાદિનાં બાંધકામો ઝડપથી આગળ વધ્યાં. થોડાજ સમયમાં સરોવર રૂપેરી પાણીથી છલકાવા લાગ્યું. નગર વસવાને માટે તૈયાર થઈ ગયું ને ચૈત્યાદિનાં બાંધકામો પણ પૂરાં થવાં આવ્યાં. મંત્રીએ વિવિધ ભક્તિવંત પ્રજાઓને આ નગરમાં વસવાને આમંત્રી અને અનેક સગવડતાઓથી પ્રેરાઈને આગવા તીર્થભૂમિથી આકર્ષાઈને પ્રજાઓના ટોળેટોળાં તે નગર પ્રતિ ધપવાં લાગ્યાં.

મૌર્ય સામ્રાજ્યના કુશળ કારીગરો અને શિલ્પીઓ વિરાટકાય પ્રતિમા કોતરવાની પ્રિયદર્શીની ભાવનાને સિદ્ધ કરવાને દિવસો લગી વિન્ધ્યગિરિની ટેકરી પર ફરતા રહ્યા અને આખરે

### વિરાટકાય પ્રતિમા

તેમણે ટેકરીના મથાળે સર્વ આશાઓ લગભગમાં ફળે એવી એક સાઠ ફીટ લાંબી વિરાટકાય શિલા શોધી કાઢી. આ શિલામાંથી તેમણે ૫૬ થી ૫૯ ફીટ લગભગની ઊંચાઈની એક ભવ્ય પ્રતિમા કોરી કાઢીને વિશ્વ ને એક અલૌકિક કૃતિ ભેટ ધરવાના મનોરથ સેવવા માંડયા.

યોગ્ય મુહૂર્તે પ્રતિમાનું કોતરકામ હાથ ધરવામાં આવ્યું. અને કુશળ કારીગરોના અથાગ પ્રયાસથી થોડાજ મહિનામાં વસુધાસુંદરીના આભૂષણ સમી એક ભવ્ય પ્રતિમા ઘડાઈને તૈયાર થઈ તે પ્રતિમાના મુખ પર શાંતિ, કાંતિ અને ચિંતનનો ત્રિવિધસંગમ અંકાયો હતો. તે પ્રતિમાના માથાના વાળ ગૂંચળિયા, કાન લાંબા અને મોટા, અને છાતી પહોળી, કમર સહેજ પાતળી, હાથ ઘૂંટણ લગી લાંબા લટકતા અને હાથના અંગૂઠા સહેજ બહાર પડતા હતા. પ્રતિમાનો નીચેનો ભાગ એવી રીતે કોરવામા આવ્યો કે જાણે એ પ્રતિમા કમળના સિંહાસન પર ખડ્ગાસન રૂપમાં ઊભેલી હોય. શ્રી. ભદ્રબાહુસ્વામીની ધ્યાનસ્થ દશા સૂચવવાને જાણે પ્રતિમાના સાથળ લગીના ભાગમાં રાફડાઓ બાઝી ગયા હોય અને તેમાંથી સર્પ નીકળતા હોય એવું દશ્ય કોતરાયું પ્રતિમાના પગ

અને બાહુ પર માધવી લતાઓ વીંટાળાઇ વળી હોય એવો દેખાવ કોતરવામાં આવ્યો. ૫૭ ફીટ ઉપરાંત સહેજ ઊંચી એ પ્રતિમાના સાથળ લગીના ભાગને પહાડની શિલાઓનો સહેજ ટેકો રહેતો પણ તેની ઉપરનો ભાગ કશા પણ ટેકા વિના ખુલ્લા આકાશમાં શોભી રહ્યો હતો. પોતાના ચરણથી પૃથ્વીને પાવન કરતા ને પોતાના મસ્તક પર અંબરનો ભાર વહતા કોઇ વિચાર પુરુષરત્ન સમી ભાસતી આ પ્રતિમા તેના નિરખનારને માટે વિસ્મિત ભક્તિનું સાધન થઇ પડી. પ્રિયદર્શીના મંત્રીએ તે પ્રતિમાની સન્મુખ મેદાનમાં ભવ્ય મંડપ બંધાવ્યો, શિખરના વિશાળ મેદાન ફરતો કોટ બંધાવ્યો ને તે ગિરિ પર પણ કેટલાંક સુંદર ચૈત્યો બનાવરાવ્યાં.

થોડાક સમય પછી પ્રિયદર્શી જ્યારે સંઘ સાથે ચંદ્રગિરિની પુનઃ યાત્રાએ આવ્યો ત્યારે તે રૂપેરી જલથી છલકાતું સરોવર, પચરંગી વસ્તીથી ઊભરાયલું નગર ને બન્ને ટેકરીઓ પરનાં ચૈત્યાદિ જોઇને સંતોષ પામ્યો. પણ વિરાટકાય પ્રતિમાને નજરે નિહાળીને તો તેનાં નયનમાંથી આનંદ, ભક્તિ અને કૃતકૃત્યનાં કિરણો છૂટવા લાગ્યાં. અપૂર્વ મહોત્સવપૂર્વક તેણે એ પ્રતિમા અને ચૈત્યાદિની પ્રતિષ્ઠા કરી. પ્રતિમાના ઘડનાર શિલ્પીઓને તેણે બાદશાહી ઇનામો આપ્યાં અને દક્ષિણમાં જ્યાં જ્યાં આવી વિરાટકાય પ્રતિમાઓ ઘડવાને માટે શિલાઓની જોગવાઇ મળે ત્યાં ત્યાં તેવી પ્રતિમાઓ ઘડવાનું તેમણે કામ સોંપ્યું. તેના પરિણામે આજે પણ સાતપુડા, મઢ, ભંગઢ, ત્રિપુર, કારકુલ, ગ્વાલિયર ઇત્યાદિ સ્થળે નજરે ચડતી ભવ્ય પ્રતિમાઓ ઘડાવા પામી.

સમય જતાં શ્રવણ-બેલગોલના તીર્થમાં અનેક પરિવર્તનો થયાં, પરંતુ સંપ્રતિએ ઘડાવેલી એ વિરાટકાય પ્રતિમા તો આજ લગી એને એ રૂપમાં ઊભેલી છે. સમયે સમયે [illegible] એ પ્રતિમાને વિવિધ નામે ઓળખાવતા આવ્યા અને [illegible] "[illegible]" નામ [illegible] હતું. તદુપરાંત એ પ્રતિમાની આસપાસ કુકુંટ સર્પો રહેતા હોવાને તે પ્રતિમા 'કુકુંટેશ્વર' ના નામે તેમજ એ પ્રતિમા [illegible] સૌથી સુંદર જણાતી હોઇ તે "ગોમ્મટ- [illegible] અને [illegible] આજે એ [illegible] છે.

સંપ્રતિએ તો આ પ્રતિમા અને શ્રવણ-બેલગોલના તીર્થને જિનકલ્પ ને સ્થવિરકલ્પના સોનેરી સંગમસ્થાન સમાં અને શ્વેતાંબર સંઘના અમર નામ સાથે સંકલિત બનાવ્યાં હતાં. પણ વખત જતાં શ્વેતાંબરોએ પોતાનું બધું ધ્યાન ઉત્તરમાંજ કેન્દ્રિત કર્યું, અને પરિણામે દક્ષિણમાં દિગંબરોને જોર જમાવવાની તક મળી. તે તકનો લાભ લઇ તેમણે દક્ષિણનાં બીજાં અનેક શ્વેતાંબર તીર્થોની જેમ શ્રવણ-બેલગોલનું તીર્થ પણ પોતાને કબજે કર્યું. ગોમ્મટેશ્વરની પ્રતિમા જિનકલ્પના સુંદર પ્રતીક તરીકે નગ્ન રખાયલી હોઇને તે તો તેમને પોતાના ઉદ્દેશમાં સહાયક થઇ પડી અને તીર્થોધ્ધારના નામે તેમણે ચૈત્યાદિમાંથી શ્વેતાંબર સ્મારકોને દૂર કર્યાં. અને ઇ. સ. ૯૮૬ માં મ્હૈસુરના મહામંત્રી દિગંબર વીર ચામુંડરાયે આ પ્રતિમાની પુનઃ પ્રતિષ્ઠા કરી અને ચૈત્યાદિનો ઉધ્ધાર કરાવ્યો ત્યારથી શ્રવણ-બેલગોલનું તીર્થ અખંડ દિગંબર તીર્થ તરીકે ઓળખાતું આવ્યું છે.

પણ દિગંબરો મળ ઐતિહાસિક પ્રમાણોને સર્વથા તો લુપ્ત નથી જ કરી શક્યા તેઓ સંપ્રતિને ભાસ્કરના નામે ઓળખાવે છે અને તેને ચંદ્રગુપ્ત મૌર્ય યાને પ્રભાચંદ્રનો પ્રપૌત્ર જણાવે છે. ભાસ્કર આ તીર્થમાં સંઘસાથે યાત્રાએ આવ્યા હોવા અંગેનો લેખ હજી પણ જળવાઇ રહ્યો છે. દિગંબરો આ તીર્થ સાથે નૃપતિ ભાસ્કર અને શ્વેતાંબરોના સંબંધ અંગે આજે પણ એટલું તો કબુલ રાખેજ છે કે—પોતાના મહાગુરુ અને પ્રપિતામહ આ સ્થળે સ્વર્ગવાસ પામ્યા છે એમ જાણીને નૃપતિ ભાસ્કર અહીં શ્વેતાંબરોના સંઘ સાથે યાત્રાએ આવ્યો. તેના આગમન પૂર્વે આ સ્થળ કટવપ્રના નામે ઓળખાતું હતું. પણ તેણે એ ગિરિઓની તળેટીમાં એક સુંદર સરોવર બનાવરાવી તેની આસપાસ નગર વસાવ્યું અને શ્વેતાંબરોની ભાષામાં તેને [illegible] ( જૈન અને શ્વેતાંબર જૈન મુનિ મુનિવરોનું શ્વેત-સરોવર [illegible] [illegible] સરોવર-[illegible] ) નામ આપ્યું [illegible] તેને [illegible] ભાષામાં [illegible] નામ આપ્યું

શ્રી ભદ્રબાહુસ્વામી અને ચન્દ્રગુપ્તનાં સ્મરણુરયાને તેણે ચૈત્યો બંધાવરાવ્યાં ને પાદુકાઓ સ્થાપી.'

આ રીતે દિગંબરો ગોમ્મટેશ્વરની પ્રતિમા સંપ્રતિએ બનાવરાવેલી છે એ વિગતને ગોપવી રાખવા છતાં શ્રવણુબેલગોલ તીર્થનાં બીજાં બધાં અંગો નૃપતિ ભાસ્કર (સંપ્રતિ-પ્રિયદર્શી) તેમજ શ્વેતાંબર સંઘ સાથે સંકળાયલાં છે તે વિગતને તો નથીજ છૂપાવી શકતા.

ઉપર પ્રમાણે સંઘયાત્રાદિ કાર્યક્રમોને વ્યવસ્થિત બનાવ્યા પછી પ્રિયદર્શીએ ધર્મશાળાઓ અને દાનશાળાઓ પ્રતિ વિશેષ ધ્યાન આપવા માંડયું.

**ધર્મશાળાઓ-દાનશાળાઓ**

પૂર્વભવની પોતાની રંક દશાથી તે માહિતગાર બન્યો હતો. એટલે ગરીબોને અન્ન, વસ્ત્ર કે નિવાસસ્થાનના અભાવે કેવાં કેવાં દુ:ખ વેઠવાં પડે છે તેનો તેને સ્પષ્ટ ખ્યાલ હતો. એટલે તેણે યાત્રિકો, પ્રવાસીઓ, ગરીબો ઇત્યાદિના નિવાસને માટે વિવિધ ધર્મશાળાઓ બંધાવવા માંડી. તેમના ભોજનના પ્રબંધને માટે હજારો દાનશાળાઓ બનાવરાવવા માંડી. તે દાનશાળાઓમાંથી ગરીબોને વસ્ત્રાદિ મળી રહે એવી તેણે વ્યવસ્થા કરી. તેમજ પ્રવાસીઓ, જનસમૂહ અને પ્રાણીઓના હિતને ખાતર પણ તેણે હજારો જળાશયો બંધાવવાં માંડયાં.

જૈન સાધુઓને દરેક પ્રકારની સગવડતા પૂરી પાડવાને સંપ્રતિ ખૂબજ આતુર હતો. પરંતુ શાસ્ત્ર નિયમાનુસાર જૈન સાધુઓથી રાજપિંડ (રાજા કે રાજ્ય તરફથી મળતી ભિક્ષા) સ્વીકારી ન શકાય, એટલે તે નિરુપાય હતો. છતાં જૈન મુનિઓના ઉતારાને માટે મોટાં જિનમંદિરોની સમીપમાં તેણે બે હજાર ધર્મશાળાઓ-ઉપાશ્રયો બંધાવ્યાં અને જૈન સાધુઓને વિશેષ ઉપયોગી થઇ પડવાની તકની તે રાહ જોવા લાગ્યો.



એટલામાં મગધમાં મોટો દુષ્કાળ પડયો અને સાધુઓ સીધી રીતે રાજભિક્ષા સ્વીકારે એ તો અસંભવિત હતું. એટલે

**ઔદારિક રાજપિંડ**

પ્રિયદર્શીએ દાનશાળાઓમાં ગરીબોને ખવરાવતાં વધેલાં ભોજનાદિ રસોઇયાઓ લઇ જાય એવી જે પ્રથા હતી તેને પલટાવતાં રસોઇયાઓને કહ્યું કે-' દાનશાળાઓમાં ગરીબોને ખવરાવતાં જે ભોજનાદિ વધે, તે હવે પછી તમારે ન લઇ જવું પણ સાધુઓને વહોરાવવું. અને તેનાં યોગ્ય નાણાં તમને રાજભંડારમાંથી ચૂકવાશે.' રસોઇયાઓને તો આ ફેરફાર લાભદાયી થઇ પડયો એટલે તેઓ વધેલાં ભોજનાદિ ઉત્સાહપૂર્વક સાધુઓને વહોરાવવા લાગ્યા.

એ જ રીતે રાજાએ નગરના કંદોઇ, તેલી, ઘી-દૂધ-દહીંના વેપારીઓ તેમજ કાપડિયાઓ ઇત્યાદિને પોતાની સમક્ષ બોલાવી કહ્યું કે, " સાધુઓને જે કંઇ જોઇએ તે તમારે તેમને આપવું અને તેના મૂલ્ય અંગે તેમના સાથે કશી વાતચીત ન કરતાં તમારે તે મારા પાસેથી લઇ જવું." રાજાનો આવો આદેશ મળવાથી વેપારીઓ પણ ઉત્સાહપૂર્વક સાધુઓને જોઇતી ચીજો પૂરી પાડવા લાગ્યા. આમ થવાથી સાધુઓને આહાર-પાણી-વસ્ત્રાદિ સહેજે પ્રાપ્ત થવા લાગ્યાં અને તેમને કશી ખોટ ન રહી.

શ્રી આર્યમહાગિરિ અને શ્રી આર્યસુહસ્તી મહારાજ બંને આચાર્ય સાધુઓને મળતી આ સગવડતા રાજકૃપાને આભારી છે તે જાણતા હતા, અને તે પ્રકારનાં આહાર, પાણી કે વસ્ત્રાદિ સાધુઓને ન કલ્પે તે પણ તેઓ સમજતા હતા. પણ તે બંનેમાં નિયમપાલનમાં આર્યમહાગિરિ વધારે દૃઢ હતા. એટલે તેમણે તરત જ પોતાના શિષ્યોને રાજકૃપાથી મળતી ભિક્ષા સ્વીકારવાની મના કરી. જ્યારે શ્રી આર્યસુહસ્તી મહારાજ શિષ્યો ઉપરના અનુરાગથી મનમાં લિપ્ત થઇને સાધુઓની એ શિથિલતા ચલાવી લેતા હતા.

**શ્રી આર્યમહાગિરિ અને શ્રી આર્યસુહસ્તી વચ્ચે મતભેદ**

શ્રી આર્યમહાગિરિએ થોડાક સમય સુધી તો સાધુઓની આ શિથિલતા અટકાવવાને શ્રી આર્યસુહસ્તી સ્વયં કંઇક પગલાં લેશે એવી આશામાં રાહ જોઇ. પણ છેવટે શ્રી આર્યસુહસ્તીને એ વિષયમાં મૌન જાળવતા નિહાળી એક દિવસે શ્રી આર્યમહાગિરિએ શ્રી આર્યસુહસ્તીને પૂછ્યું, "તમે જાણો છો કે કેટલાક સમય થયાં સાધુઓને જે ભિક્ષા સહેજે પ્રાપ્ત થઇ રહી છે તેનું મૂલ્ય રાજા ચૂકવે છે ? "

" સંભવિત છે. " શ્રી આર્યસુહસ્તીએ શાંત સ્વરે કહ્યું, " પણ તે કરતાં મને વિશેષ સંભવિત તો એ જણાય છે કે ' યથા રાજા તથા પ્રજા ' ના ધોરણે પ્રજા રાજાનું અનુકરણ કરીને સ્વેચ્છાએ જ સાધુઓને ભિક્ષા વહોરાવતી હોય. "

શ્રી આર્યમહાગિરિ શ્રી આર્યસુહસ્તી મહારાજના આ સત્યશિથિલ ઉત્તરથી કોપાયમાન થઇને બોલ્યા, " પાપ શાંત થાઓ. તમે સારી રીતે જાણો છો કે સાધુઓને જે ભિક્ષા સહેજે પ્રાપ્ત થઇ રહી છે તેનું મૂલ્ય રાજા ચૂકવે છે. અને તમે એ પણ સમજો છો કે જૈન શાસ્ત્રાનુસાર સાધુઓને માટે એ પ્રકારની ભિક્ષા અનુચિત છે. છતાં તમે કાં તો શિષ્યમોહથી અથવા તો શિથિલતાથી તે સામે આંખ આડા કાન કરી રહ્યા છો. હું આ પ્રકારની શિથિલતાને ચલાવી શકું એમ નથી. એટલે હવે પછી આપણો આહારાદિકનો વ્યવહાર ભિન્ન રહેશે; કેમકે સમાચારીમાં સમાન એવા સાધુઓ સાથે રહેવું યુક્ત છે. સમાચારીમાં વિભિન્ન એવા તમારો માર્ગ મારાથી ભિન્ન હોઇને મારે તેમજ મારા શિષ્યસમુદાયે તમારી સાથે રહેવું યુક્ત નથી. "

**ક્ષમા અને સંમિલન**

પછી આર્યસુહસ્તી આચાર્યે શ્રી આર્યમહાગિરિના આ નિશ્ચયથી સંઘમાં ભયંકર ભંગાણના ભયે કંપી ઉઠ્યા. અને તેમણે તરતજ સમાચારીમાં શ્રી આર્યમહાગિરિને અનુસરવાનો નિર્ણય કરી વંદન નિમિત્તે તરતજ નજીક જઇને શ્રી આર્યમહાગિરિના ચરણમાં વંદન કરીને તે અંજલિ પૂર્વક બોલ્યા, " હે ભગવન્ ! હું અપરાધી છું, મને મિથ્યા દુષ્કૃત થાઓ; મારો અપરાધ ક્ષમા કરો. હવેથી હું કદાપિ આવી શિથિલતા નહિ ચલાવી લઉં."

તરતજ શ્રી આર્યમહાગિરિ શ્રી આર્યસુહસ્તી આચાર્યને ક્ષમા બક્ષતાં બોલ્યા, " એમાં તમારો દોષ નથી; કેમકે પૂર્વે ભગવંત મહાવીરસ્વામીએ કહ્યું છે કે–' શ્રી સ્થૂલભદ્રમુનિ પછી મારા શિષ્યસંતાનમાં સાધુઓની સમાચારી અતિ શિથિલ થતી જશે. ' શ્રી સ્થૂલિભદ્ર મુનિ પછી આપણે શ્રમણસંઘના મોવડી અને તીર્થપ્રવર્તક થયા; તેથી ભગવંતનું તે વચન તમે સત્ય કરી બતાવ્યું છે. "

આમ કહીને શ્રી આર્યમહાગિરિ શ્રી આર્યસુહસ્તી આચાર્યની સાથે પુનઃસંમિલિત બન્યા, ને મગધમાં વિહરવા લાગ્યા. પણ સાધુઓમાં આ રીતે શિથિલતા ઉકેલું કરી જાય તે જેમ તેમને રુચતું નહોતું તેમ બીજી બાજુ તે એ એ પણ જોઇ શક્યા કે

**શ્રી આર્યસુહસ્તીને ગચ્છનો ભાર સોંપી શ્રી આર્યમહાગિરિએ સ્વીકારેલું એકાકીપણું**

આ શિથિલતા કાળબળનુંજ પરિણામ હતું. તેને રોકવી તે માનવ સામર્થ્યની બહારનું કામ હતું. પોતાના શિષ્યો પણ અંતરમાં તો શ્રી આર્યસુહસ્તીના શિષ્યોના માર્ગ-નેજ પસંદ કરી રહ્યા હતા. પોતે ભલે જિનકલ્પમાં રાચે પણ સાધુસમુદાયનો મોટો ભાગ તો સ્થવિરકલ્પને જ ઝંખી રહ્યો હતો. શ્રી મહાવીરપ્રભુએ પણ એજ ભવિષ્ય ભાખ્યું હતું. એ દૃષ્ટિએ શ્રી આર્યસુહસ્તી આચાર્ય શિથિલાચારને પોષનાર નહિ પણ યુગદ્રષ્ટા હતા. આ પ્રમાણે વિચાર કરતાં શ્રી આર્યમહાગિરિ શ્રી આર્યસુહસ્તી મહારાજની વિશિષ્ટતા સમજી શક્યા અને પોતાના શિષ્યસમુદાયની જવાબદારી પણ શ્રી આર્યસુહસ્તી મહારાજને સોંપીને તે જિનકલ્પની ભાવનામાં એકાકીપણે વિચરવા લાગ્યા.

પોતાનો ભાર શ્રી આર્યસુહસ્તી મહારાજને સોંપ્યા પછી શ્રી આર્યમહાગિરિ આચાર્ય ગજેન્દ્ર

એકાંત વિહાર જ કરવા લાગ્યા અને ધ્યાન-ચિંતન ને તપમાં જ મગ્ન રહેવા લાગ્યા. ક્વચિત તે આર્યસુહસ્તી આચાર્યને મળતા પરંતુ સાધુસમુદાય તેમજ સંઘની બધી જવાબદારી તેમણે તેમને સોંપી દીધેલી હોઇ તેઓ શ્રી આર્યસુહસ્તી મહારાજની ભવ્ય યોજનાઓમાં માથું ન મારતા. પરંતુ ક્વચિત્ ક્વચિત્ તટસ્થ ભાવે જ તેનું નિરીક્ષણ કરતા ને તીર્થદર્શન આદિ વિષયોમાં રસ દાખવતા.

**શ્રી આર્ય મહાગિરિનો સ્વર્ગવાસ ને શ્રી આર્યસુહસ્તી આચાર્ય યુગપ્રધાનપદે**

એક પ્રસંગે શ્રી આર્યમહાગિરિ તથા શ્રી આર્યસુહસ્તી આચાર્ય બંને પાટલીપુત્રથી સાથે વિચરતા વિચરતા વિદિશા પહોંચ્યા અને ત્યાં શ્રી જીવિત પ્રતિમાને વંદન કરી શ્રી આર્યસુહસ્તી આચાર્ય અવંતીને માર્ગે વળ્યા અને શ્રી આર્યમહાગિરિ દશાર્ણપુરના ગજાગ્રપદ તીર્થનાં દર્શને ગયા. ત્યાં પ્રકૃતિ અને ધર્મનું પ્રફુલ્લ વાતાવરણ જોઇ તથા પોતાના આયુષ્યનો સાંધ્યકાળ નજરે નિહાળી તેમણે અણશણ (આજીવન તપ) સ્વીકાર્યું ને થોડા જ દિવસમાં જીવનનું તેજ આથમી જતાં તે સ્વર્ગવાસી બન્યા.

આ રીતે જૈન શાસ્ત્રાનુસાર મહાવીર સંવત ૨૪૫ (ઇ. સ. પૂ. ૨૮૨) માં શ્રી આર્યમહાગિરિ સ્વર્ગે સિધાવ્યા અને તેમની પછી શ્રી મહાવીર પ્રભુની પટ્ટ-પરંપરામાં શ્રી આર્યસુહસ્તી આચાર્ય યુગપ્રધાન-પટ્ટધર-તીર્થ પ્રવર્તક થયા.

**સ્થવિરકલ્પ અને શ્રી શ્વેતાંબર સંઘનો વિજય-ધ્વજ**

શ્રી આર્યસુહસ્તી મહારાજ શ્રમણ-સંઘના શિરોમણિ બનતાંજ તેમણે સ્થવિરકલ્પ અને શ્વેતાંબર-સંઘની વિશિષ્ટતાને મહત્ત્વ આપ્યું. અને તેમાં તેમને પ્રિયદર્શીની મદદથી અભૂતપૂર્વ વિજય સાંપડ્યો. પ્રિયદર્શીએ સર્વે જૈન શ્રમણોને શ્વેતાંબર જૈન સંઘના નિયમો સ્વીકારવાની આગ્રહભરી વિનંતિ કરતો રાજ-ઢંઢેરો બહાર પાડતાં જણાવ્યું કે—

'પ્રિયદસિ રાજા મહામાત્રા (મંત્રી-સૂબો-અધિકારી) ને આમ કહે છે કે—

'જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરના ભિક્ષુકો અને ભિક્ષુણીઓને કહેવું કે—" જે ભિક્ષુઓ અને ભિક્ષુણીઓ સંઘને અભેદ્ય રાખવા ઇચ્છતાં હોય તેમણે શ્વેત વસ્ત્રો ધારણ કરવાં અને ઉપાશ્રયોમાં વસવું એવી મારી ઇચ્છા છે. કેમ ? તો કે સંઘની એકતા ચિરસ્થાયી રહે એટલા માટે."

પ્રિયદર્શીના આ શાસનની એક નકલ આજે પણ તેના સાંચી-સ્થંભ ઉપર નજરે ચડે છે.



# ષષ્ઠમ પરિચ્છેદ

## મૌર્ય મધ્યાન્હ—વિજયયાત્રા અને સમ્રાટપદ

**સાર—**

આ પરિચ્છેદમાં—પ્રિયદર્શીની ધાર્મિક વૃત્તિના પરિણામે પ્રતિસ્પર્ધી અને માંડલિક નૃપતિઓમાં તેની આક્રમણ શક્તિવિષે પ્રગટેલી શંકા ને તેમણે મૌર્ય સત્તા પ્રત્યે દાખવવા માંડેલી ઉપેક્ષા; કેટલાકે ખંડણી આપવાની પણ પાડેલી ના; અને પરિણામે પ્રિયદર્શીએ સેનાને સુસજ્જ કરી હાથમાં લીધેલી તલવાર; તેની વિરાટ લશ્કરી શક્તિ; તેણે અવંતીથી સેના સાથે પશ્ચિમે આદરેલું પ્રયાણ ને આનર્ત—સૌરાષ્ટ્ર ઉપર વિજય મેળવી દક્ષિણે અપરાંત, આંધ્ર, દ્રમિલ, પલ્લિક, અનૂપ, મહિષમંડલ વગેરે દેશો પ્રતિ કરેલી કૂચ અને ત્યાં જય મેળવી પાટલીપુત્રને માર્ગે તે પાછા વળેલ; પાટલીપુત્રમાં સેનાને પુનઃ સુસજ્જ કરી તેણે મગધની આસપાસ ને મધ્યપૂર્વ હિંદના ગૌડ, વિદેહ, વંગ, કામરૂપ, પ્રાગજ્યોતિષ, પુંડ્ર, કાશી, કોશલ, કૌશાંબી, અંગ, ચેદી, પુલિંદ, અટવી વગેરે દેશો પર મેળવેલો વિજય ને ત્યાંથી ઉત્તરે હસ્તિનાપુર, મત્સ્ય, શૂરસેન, કુરુ, પાંચાલ, મદ્ર, બ્રહ્માવર્ત, કાશ્મીર તિબેટ—ખોતાન, નેપાલ—ભૂતાન, વગેરે દેશો પર વિજય મેળવી ઉત્તર—પશ્ચિમે આર્યાવર્ત,

ચોન, કંબોજ, ગાંધાર, પઠાણ, શક-પારસ, અરબસ્તાન, એશિયાઇ તુર્કી, સીરયા, ગ્રીસ લગી તેની વિજયકૂચ ને ત્યાંથી પાછા ફરતાં તારકંદ, સમરકંદ, સિંધ-સૌવીર વગેરે જીતી તેના પાટલી-પુત્રમાં વિજય-પ્રવેશ; તેની વિજયકૂચમાંથી ચીનને બચાવી લેવાને ચીનના શહેનશાહ શી હયુવાંગે બંધાવેલી ભવ્ય દીવાલ; તે પછી પ્રિયદર્શીએ દક્ષિણના ઉત્કલ-કલીંગ, ચોલ, પાંડય, સત્યપુત્ર, કેરલપુત્ર, તામ્રપર્ણી વગેરે દેશો પ્રાંત ઠરેલી કૂચ પણ કલીંગનાં લાખો માનવોનો થયેલો સંહાર; આ સંહારથી પ્રિયદર્શીના ધર્મપ્રિય હૃદયને ઉપજેલી ગ્લાનિ ને સાથોસાથ બાકીનાં રાજ્યોમાં પ્રગટેલી ભીતિ; તેઓએ વિનાયુદ્ધે જ સ્વીકારી લીધેલું નૃપતિ પ્રિયદર્શીનું પ્રભુત્વ—આ રીતે સાધેલા મહાવિજયથી સિદ્ધ થયેલું પ્રિયદર્શીનું સ્વયં સમ્રાટપદ; તેના હજારો માંડલિક નૃપતિઓ અને તેમાંના કેટલાકની કુંવરીઓ સાથે તેનાં લગ્ન; મગધ, અવંતી, ગાંધાર, સૌરાષ્ટ્ર, કાશ્મીર, નેપાળ, કૌશાંબી, તિબેટ, સુવર્ણગિરિ, તોસલી ઇત્યાદિ સ્થળે તેણે નીમેલા રાજવંશી સૂબાઓ; તેનું વ્યક્તિત્વ, તેના સિક્કા, તેની ન્યાયઘંટા ને તેની મંત્રી-પરિષદ; તેના રાજતંત્રના યુક્ત, રજ્જૂક, પ્રાદેસિક, મહામાત્રા, ધર્મમહામાત્રા, અંત-મહામાત્રા, ધર્મયુક્ત, વ્રજભૂમિક, પુરુષ, સ્ત્રી-અધ્યક્ષ, નગર-વિયોહાલકા આદિ આધિકારીઓ તથા તે અધિકારીઓની સત્તા તેમજ તેમની જવાબદારીઓ—વગેરે હકીકતો સમાવવામાં આવી છે.

કૃતિઓ છે. રૂમ્મિનદેઇ ૩૧ અને નિગ્લીવ બંને લેખો નેપાળની તરાઇમાં આવેલા છે. તેમાંનો પ્રથમ ભગવાનપુરથી બે માઇલ ઉત્તરે છે અને બીજો નીગાલીસાગર નામે સરોવરને કાંઠે આવેલો છે. ત્રણ ગુફાલેખો ગયાની નજીકમાં બરાબર ટેકરીની ગુફાઓમાં કોતરાયલા છે.

આ રીતે ગિરનાર, કાલસી, શાહબાઝગઢી, મન્શેરા, સોપારા, ધૌલી, અને જૌગડ, એમ સાત સ્થળે મળીને ચૌદ મુખ્ય શિલાલેખો (Major Rock-Edicts) મળી આવે છે [ તેમાંથી ધૌલી અને જૌગડ એમ બે સ્થળે નં. ૧૧, ૧૨ ને ૧૩ એ ત્રણ શાસનોને રદ કરીને તેને સ્થળે બે જુદાં જ શાસનો કોતરાયાં છે તે બે ભિન્ન શાસનો (Separate Rock Edicts) ઉમેરતાં કુલ સોળ શિલાલેખ ]: રૂપનાથ, સહસ્રામ, વૈરાટ, ટકકતા-વૈરાટ, મસ્કી, બ્રહ્મગિરિ, સિદ્દાપુર, અને જટીંગ-રામેશ્વર-એમ આઠ સ્થળે ગૌણ ચાર ભિન્ન શિલાલેખ [રૂપનાથ, સહસ્રામ ને વૈરાટના લેખો લગભગ સરખા છે, તેમજ બ્રહ્મગિરિ, સિદ્દાપુર ને જટીંગ-રામેશ્વરના લેખો પણ સરખા છે] મળી આવે છે: દિલ્હી-તોપ્રા, દિલ્હી-મીરત, લૌરિય-અરરાજ, લૌરિય-નંદનગઢ, રામપુર્વા અને અલ્લાહાબાદ-કોસાંબી એ નામથી જાણીતા બનેલા છ સ્થંભો ઉપર [illegible] મુખ્ય સ્થંભલેખો કોતરાયલા મળે છે: દેહલી-ટોપ્રા, [illegible] સાંચી, સારનાથ, રૂમ્મિનદેઇ ને કોસાંબી-શાસન, [illegible] ગૌણ સ્થંભલેખો [illegible] મુખ્ય સ્થંભ ઉપર [illegible] [illegible]

ગુફાઓમાં કોતરાયલા છે. આ રીતે ૨૮ સ્થળે થઇ ૩૨ વિવિધ પ્રકારના ૩૬ લેખો મળી આવે છે.

આ રીતે શિલાલેખો જ્યાં જ્યાં કોતરાયા છે તેના સ્થાન પરથી તેમ જ બીજા (પૃ. ૫૬), પાંચમા (પૃ. ૬૯) અને તેરમા (પૃ. ૧૦૧) શાસનમાં થયેલા નિર્દેશ પરથી આપણે પ્રિયદર્શીના સામ્રાજ્યની સરહદો નીચે પ્રમાણે આંકી શકીએ છીએ.

ઉત્તર-પશ્ચિમે તેના સામ્રાજ્યની સરહદ યોન, કંબોજ, અને ગાંધાર લગી લંબાયલી છે જ્યારે તેણે ધર્મવિજય તો ઠેઠ સીરિયા, મેસીડોનિયા, ઇજીપ્ત, કીરિસ, સાયરીન, અને ગ્રીસ પર્યન્ત મેળવ્યો હતો. દક્ષિણ-પશ્ચિમે તેની સરહદો રીષ્ટીક-પેતેણિક [ ઓળખ માટે જુઓ-પાંચમા શાસનની ટી. નં. ૬. પૃ. ૭૦] લગી હતી. દક્ષિણે તેની સરહદ ચોડ, પાંડય, સતિયપુત્ર અને કેતલપુત્રથી આગળ વધીને ઠેઠ તામ્રપર્ણી (લંકા) પર્યન્ત પહોંચતી હતી. ઉત્તરે હિમાલયની પણ પેલે પાર નાભિકપુર (પૃ. ૧૦૭ ટી. નં. ૩૦) લગી અને પૂર્વે મહાસાગર લગી તેનું સામ્રાજ્ય વિસ્તરેલું હતું.

અશોકનું સામ્રાજ્ય આટલો વિસ્તાર પામ્યું જ નહોતું. મહાવંશના પાંચમા અધ્યાયના ૨૮૦થી આગળના અને દીપવંશના આઠમા અધ્યાયના ૧થી ૧૧ લગીના શ્લોકોમાં જણાવ્યા પ્રમાણે-'અશોકે પોતાના રાજ્યાભિષેકના સત્તરમા વર્ષે, ત્રીજી બૌદ્ધ પરિષદના અંતે કાશ્મીર, ગાંધાર, મહિષમંડળ (મૈસુર), વનવાસ,

[illegible]

પ્રિયદર્શીએ જ્યારે ઉપર જણાવ્યા અનુસાર પોતાનું બધું ધ્યાન ધર્મવિજયમાંજ કેન્દ્રિત કર્યું હતું ત્યારે

**પ્રિયદર્શીની આક્રમણ-શકિત વિષે પ્રગટેલી શંકા**

મૌર્ય રાજવંશના પ્રતિસ્પર્ધી નૃપતિઓ અને માંડલિક રાજાઓ તેની દરેક યોજનાનું બારીક નિરીક્ષણ કરી રહ્યા હતા. મૌર્ય સામ્રાજ્યનું બધું સામર્થ્ય અને મૌર્ય રાજકોશનું દ્રવ્ય ધાર્મિક પ્રવૃત્તિઓની પાછળ ખર્ચાતું જોઈ તેઓ હર્ષ પામતા હતા, અને મનમાં એવી આશા સેવી રહ્યા હતા કે આ પ્રવૃત્તિઓથી થોડાજ સમયમાં વિશાળ મૌર્ય સામ્રાજ્યનું રક્ષણ કરી શકવાની પ્રિયદર્શીની શકિત ચૂસાઈ જશે અને પરિણામે પોતે સ્વતંત્ર બની શકશે, મૌર્ય સામ્રાજ્યની લૂંટમાં પોતાનો હિસ્સો નોંધાવી શકશે. આ ગણતરીથી જેમ જેમ પ્રિયદર્શી ધાર્મીક પ્રવૃતિઓમાં વધુ ને વધુ ઊંડો ઉતરતો ગયો તેમ તેમ તેઓ મૌર્ય તાજ પ્રત્યેની વફાદારીમાં શિથિલ બનવા લાગ્યા. મૌર્ય રાજવંશની વિશ્વવ્યાપી પ્રભુતા પ્રત્યેની ઉપેક્ષા દર્શાવવા લાગ્યા ને કેટલાક ઉગ્ર મહત્ત્વાકાંક્ષી સ્વભાવના માંડલિક નૃપતિઓ તો ખંડણી આપવામાં પણ આનાકાની કરવા લાગ્યા. ઘણાખરા નૃપતિઓ તો એમજ માનવા લાગ્યા કે મૌર્ય રાજવંશની આક્રમણશકિત તો શું પણ બચાવ કરવાની શક્તિ પણ અશોક અને પ્રિયદર્શીની ધાર્મિક પ્રવૃત્તિઓના પ્રવાહમાં તણાઈ ગઈ છે અને મૌર્ય સામ્રાજ્યને પીંખી ખાવાની તક વધુ નજીક આવી રહી છે.

પ્રિયદર્શીએ કેટલોક સમય લગી તો પલટાતા સંયોગોનું સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું અને બની શકે તો વિદ્રોહનાં

**પ્રિયદર્શીએ હાથમાં લીધેલી તલવાર**

બીજને શાંતિથી જ દાબી દેવાનો પ્રયત્ન કર્યો. પરંતુ પ્રતિસ્પર્ધી નૃપતિઓ તેની શાંતિમય નીતિને નબળાઈનું લક્ષણ જ સમજવા લાગ્યા અને તાજ પ્રત્યે વધુ ને વધુ બિનવફાદાર બનવા લાગ્યા. પ્રિયદર્શીએ જોઈ લીધું કે પોતાની શાંતિમય નીતિથી હવે મૌર્ય [illegible] અને મૌર્ય સામ્રાજ્યનું અસ્તિત્વ પણ જોખમાઈ રહ્યાં છે, ત્યારે આ વિચારદર્શન સાથેજ તેનો પ્રભુત્વશીલ સ્વભાવ તપ્ત સૂર્યની જેમ પ્રકાશી ઊઠ્યો. તેને લાગ્યું કે પોતાનાં યશ અને તાજની રક્ષા હવે તો કેવળ તલવારની ધારથીજ શક્ય છે એટલે તેણે ધર્મદંડને બાજુએ મૂકી હાથમાં ઝળહળતું ખડ્ગ લીધું. પ્રતિસ્પર્ધી નૃપતિઓ ધારતા હતા તેમ તેણે પોતાની ધાર્મિક પ્રવૃત્તિઓની પાછળ સામ્રાજ્યની લશ્કરી શક્તિને ક્ષીણ નહોતી બનવા દીધી. પરંતુ તેને કેન્દ્રિત કરવાને બદલે ફરતી અને ગમે તે સ્થળે એકત્ર કરી શકાય એવા સંયોગોમાં રાખી હતી. બીજી બાજુ મૂર્તિઓનાં ઘડતર, મંદિરો–ધર્મશાળાઓ આદિનાં બાંધકામ, જળાશયોનાં ખોદકામ તથા સંઘ–યાત્રાદિનાં પર્યટનથી પ્રજા સતત પ્રવૃત્તિશીલ, દ્રવ્યવાન અને ધર્મપ્રિય બની હતી અને પરિણામે તેનામાં લશ્કરી શક્તિના પ્રાણુસમાં કૌવત અને નીતિબળ ભવ્ય સ્વરૂપમાં વિકાસ પામ્યાં હતાં. એટલે પ્રિયદર્શીની ચાલુ લશ્કરી શક્તિ તો અપૂર્વ અને અજય્ય હતી જ. ઉપરાંત તેનું પુરવઠાનું બળ પણ અકલ્પ્ય બન્યું હતું. તે ધારે તો વિશ્વભરના સમસ્ત નૃપતિઓને એક પછી એક તો શું પણ એકી સાથે પણ હરાવી શકે તેમ હતો.

જૈન ગ્રન્થોના જણાવ્યા અનુસાર આક્રમણના પ્રસંગે સંપ્રતિની લશ્કરી તાકાત પચાસ હજારનું

**પ્રિયદર્શીની વિરાટ લશ્કરી શક્તિ**

હસ્તીદળ, નવ લાખનું રથ-દળ, એક કરોડનું અશ્વદળ ને સાત કરોડના પાયદળ જેટલી હતી. શાંતિયુગમાં કે યુદ્ધજિત પ્રજાઓનાં મનમાં કોઈ પણ સમ્રાટની આટલી લશ્કરી શક્તિ વિષે શંકા જન્મે તે સહજ છે. પરંતુ આજે યુદ્ધમાં ઊતરેલા યુરોપના એક એક દેશ પાસે કરોડોની સેનાઓ હોવાની વિગતે જ્યારે આપણે વાંચીએ છીએ અને બીજી બાજુ એક[illegible] તથા અમેરિકા વચ્ચે ખેલાયેલા સંગ્રામમાં થયેલો [illegible] કરોડ ને એંશી લાખ માનવોનો સંહાર, મેગેસ્થનીસના પ્રત્યક્ષ વચને શાંતિયુગમાં પણ મગધ પાસે નવ હજાર હસ્તીદળ, ત્રીસ હજારનું અશ્વદળ ને છ લાખ

પાયદળની ખડી લશ્કરી તાકાત; ત્રણ કરોડનું પાયદળ, એક કરોડનું અશ્વદળ, ચાર લાખનું નૌકાદળ ને ૨૪૪૦૦નું હસ્તીદળ ધરાવતી મહાન વિક્રમાદિત્યની લશ્કરી શક્તિ; કનોજપતિ હર્ષનું સાઠ હજારનું હસ્તીદળ; એક ખાલાઘાટ ઉપરના આક્રમણ વખતે જ સુલતાન મહમદ તઘલકે મેદાનમાં ઊતારેલું આઠ લાખનું અશ્વદળ; રાયચુર ઉપરના આક્રમણ વખતે કૃષ્ણદેવે મેદાનમાં ઊતારેલું સવાસાત લાખનું પાયદળ; ઇ. સ. ૧૫૪૭ માં ખંભાતના નાનકડા નૃપતિ પાસે સવા ચાર લાખનું પાયદળ ને એક લાખનું અશ્વદળ; એજ અરસામાં વિજયનગર રાજ્ય પાસે અગ્યાર લાખનું પાયદળ ને બે લાખ લગભગના અશ્વદળની ખડી સેના વગેરેને લગતી ઐતિહાસિક નોંધો આપણે જ્યારે અવલોકીએ છીએ ત્યારે પ્રિયદર્શી સમા ચક્રવર્તી સમ્રાટની ઉપરોક્ત લશ્કરી તાકાત વિશે શંકાને સ્થાન નથી રહેતું. તે ઉપરાંત પ્રિયદર્શી પોતે પણ પોતાના તેરમા શિલાલેખમાં જણાવે છે તે પ્રમાણે ' એક કલીંગ સાથેના યુદ્ધમાંજ કલીંગના એક લાખ માણસો હણાયાં હતાં, દોઢ લાખ કેદ થયાં હતાં અને તેનાથી અનેકગણાં મરી ગયાં હતાં ' તે જોતાં કલીંગ જેવા અનેક દેશોને સંગ્રામમાં હરાવનાર પ્રિયદર્શી પોતાના માંડલિક નૃપતિઓના સહકાર સાથે ઉપર જણાવેલી લશ્કરી તાકાત ધરાવતો હોય તો તેમાં વિસ્મય પામવા જેવું કંઇજ નથી.

પ્રિયદર્શીને જ્યારે શાંતિને માર્ગે મૌર્ય સામ્રાજ્યની પ્રભુતાનું રક્ષણ અસંભવિત જણાયું ત્યારે તેણે પોતાની ઉપરોક્ત લશ્કરી તાકાતના

**પ્રિયદર્શીએ અવંતીથી આદરેલી વિજયયાત્રા**

મોટા ભાગને અવંતીમાં એકત્ર કર્યો ને હાથમાં સંગ્રામદંડ લીધો. માંડલિક નૃપતિઓની વફાદારીનું માપ આંકવાને તેણે મૌર્ય મહારાજ્યના દરેક માંડલિક નૃપતિને વખતસર ખંડણી મોકલાવી આપવાનાં ને પોતે આદરેલા સંગ્રામમાં સેના સાથે મદદે આવી પહોંચવાનાં આજ્ઞાપત્ર મોકલાવ્યાં. તે પછી તરતજ તે અવંતીથી પ્રચંડ સેના સાથે વિજયયાત્રાએ* નીકળી પડયો પ્રતિસ્પર્ધી નૃપતિઓ અને માંડલિક રાજવીઓ પોતે જેને ધર્મઘેલો અને શાંતિપ્રિય રાજર્ષિ માની બેઠા હતા તેના આ ભવ્ય વિજય-પ્રસ્થાનથી ધ્રુજી ઊઠયા. પ્રિયદર્શીનો સામનો કરવાને તેમને એકત્ર બનવાની તક જ ન સાંપડી. એટલે કેટલાક માંડલિક નૃપતિઓ તેના ઉલ્લા આજ્ઞાપત્રને માન આપીને દ્રવ્ય અને સેના સાથે તેની મદદે આવી પહોંચ્યા તો કેટલાક પ્રતિસ્પર્ધી નૃપતિઓ વિનાયુધ્ધે જ પ્રિયદર્શીના ચરણમાં નમી પડવાની વેતરણમાં પડયા, જ્યારે થોડાક તેની સાથે સંગ્રામ ખેલવાની તૈયારીમાં ગૂંથાયા.

---

* પ્રિયદર્શીએ પોતાના જીવનમાં ધર્મવિજય અને સંગ્રામ વિજય બન્ને વિજયો સિદ્ધ કર્યા હતા તે વિષે તો શંકાને સ્થાન છેજ નહિ, પણ બેમાંથી તેણે પ્રથમ ધર્મવિજય સાધ્યો કે સંગ્રામ-વિજય તે પ્રશ્ન હજી વિવાદાસ્પદ છે. કેમકે જૈન શાસ્ત્રોના જણાવ્યા અનુસાર તેની મહાખરી ધાર્મિક પ્રવૃત્તિઓ શ્રી આર્ય મહાગિરિ આચાર્યની હયાતિમાંજ એટલે કે ઇ. સ. પૂ. ૨૮૨ પહેલાં (રાજ્યાભિષેક પછીનાં સાત વર્ષના ગાળા દરમિયાન) હાથ ધરી દેવામાં આવી હતી. તદુપરાંત તેણે રાજ્યાભિષેક પછી તરતમાં જ જૈન ધર્મ સ્વીકાર્યો છે અને પોતાના 'રૂપનાથ' વગેરે નાના ખડકલેખોમાં તે જણાવે છે તે પ્રમાણે તેણે શ્રાવક-ઉપાસક બન્યા પછી થોડો વર્ષ તો ધાર્મિક નિષ્ક્રિયતામાં ગાળ્યું હતું ને તે પછી તરતજ તેણે વિશ્વભરમાં સાધુઓ અને દેવમૂર્તિઓ ફેલાવવાની પ્રવૃત્તિ હાથ ધરી હતી. આ પ્રમાણે સાધકપણાને અઢી વર્ષ વતાં સંઘ-ધાર્મિક પ્રવૃત્તિમાં પણ તે જોડાઇ ગયો છે. એટલે કે તેણે પોતાના મહાખરા ધર્મવિજયો રાજ્યાભિષેક પછીનાં પાંચ-છ વર્ષમાં હાથ ધરી લીધા છે અને સાતમા વર્ષે તો વિજયયાત્રા શરૂ કરીને તે પોતાના તેરમા શિલાલેખમાં જણાવે છે તે પ્રમાણે આઠમા વર્ષે તો તેણે કલીંગ પર વિજય મેળવ્યો પણ છે. પરંતુ બીજી બાજુ પોતાના આઠમા શિલાલેખમાં તે પોતે રાજ્યાભિષેકના દશમા વર્ષે ધર્મયાત્રાએ નીકળ્યાની હકીકત વર્ણવે છે. એટલે કેટલાક એમ ધારે છે કે તેણે પ્રથમ દિગ્વિજય સાધીને પછી ધર્મવિજયની પ્રવૃત્તિ શરૂ કરી છે. પણ અમને લાગે છે કે દશમા વર્ષે વર્ણવાયલી તેની ધર્મયાત્રા તેની પહેલીજ યાત્રા નથી. તેણે પ્રથમ ધાર્મિક પ્રવૃત્તિઓ શરૂ કરી પછી તે સંગ્રામના સંયોગોમાં જકડાયો અને પછી તેણે વિશ્વવ્યાપ ધર્મવિજય સાધ્યો. એ ક્રમ ઐતિહાસિક તેમજ ચરિત્રપ્રવાહન દૃષ્ટિએ વધારે બંધબેસતો જણાય છે એટલે અમે અહીં ચરિત્રવર્ણનમાં તેજ ક્રમ ગ્રહણ કર્યો છે.

પ્રિયદર્શીએ પોતાનું પ્રથમ ધ્યાન આનર્ત અને સૌરાષ્ટ્ર પ્રતિ દોડાવ્યું અને ત્યાં વિજય મેળવી દક્ષિણે સાગરકાંઠે કાંઠે આગળ વધતાં અપરાંત, આંધ્ર, દ્રમિલ, પલ્લિદસ, અનૂપ, મહિષ્મંડલ વગેરેને નમાવી, સેના સાથે પાટલીપુત્ર ચાલ્યા જવાની મજલુતરી બાંધી.

**વિજય-માર્ગ**

આમ કરવાની પાછળ તેના અનેક ઉદ્દેશો હતા. એક તો આ પ્રદેશોમાંના નૃપતિઓએ મૌર્ય રાજવંશ પ્રત્યેની વફાદારીમાં વધારે ક્ષતિ દાખવી હતી. તે જ્યારે ભરુચ, ગિરનાર, સિદ્ધાચલ, સોપારા, કદંબગિરિ આદિ તીર્થોની યાત્રાએ ગયેલો ત્યારે તે તે ક્ષેત્રોમાં રાજકીય અધિકારો ધરાવનાર ઉપરોક્ત પ્રદેશોના નૃપતિઓની પોતાના પ્રત્યે ઉત્કટ ભક્તિ દાખવવાની ફરજ છતાં તેમણે કેટલીક ઉપેક્ષાવૃત્તિ સેવી હતી. બીજું પોતાને પ્રિય તીર્થોનો મોટો ભાગ આ પ્રદેશોમાં આવેલો હોઈ ત્યાં પોતાનું અબાધિત રાજકીય વર્ચસ્વ સ્થપાય એ ધાર્મિક દૃષ્ટિએ આવશ્યક હતું. ત્રીજું આ પ્રદેશો અવંતીની આસપાસમાં આવેલા હતા અને એક આંધ્ર સિવાયનાં બીજાં રાજ્યો ઓછું ઓછું લશ્કરી સામર્થ્ય ધરાવતાં હતાં કે તે તેમને અતિ ઝડપે જીતી લઈ શકે તેમ હતું. ચોથું ગિરનાર આદિ સ્થળે બ્રાહ્મણોનું ધાર્મિક પ્રભુત્વ હોઈ તેઓ યજ્ઞયાગાદિના નામે ભયંકર હિંસા કરતા હતા તેને તે રોકવા માગતો હતો. પાંચમું વારંવારની સંઘ-યાત્રાના કારણે તે તેમજ તેના સદકાર્યકરો આ બધા પ્રદેશોના માર્ગોથી પરિચિત હતા એટલે તેમને વિજયપ્રાપ્તિમાં કશી જ કોઈ જાતની મુશ્કેલી નડે તેમ નહોતું. અને સૌથી ઉપરનો તેમજ મહત્ત્વનો ઉદ્દેશ એ હતો કે મગધમાં બૌદ્ધો પોતાનું પ્રભુત્વ જમાવવાનો પુનઃ પ્રયત્ન કરી રહ્યા હતા, એટલે જો તે અવંતીથી વિજયકૂચ આદરીને ઝડપી વિજયો પ્રાપ્ત કરી સૈન્ય સાથે પાટલીપુત્ર જલદી પહોંચે તો બૌદ્ધો સમજીને દબાઈ જાય અને બીજા માંડલિક નૃપતિઓ અનુકૂળ બની રહે.

આમ અવંતીથી પ્રિયદર્શીએ આનર્ત અને સૌરાષ્ટ્ર પર પ્રથમ આક્રમણ કર્યું. ત્યાંના નૃપતિઓ પ્રિયદર્શીની વિરાટ સેના સામે એક અઠવાડિયું પણ ટકી ન શક્યા; અલ્પ યુદ્ધ ખેલાયું ન ખેલાયું ને આનર્ત-સૌરાષ્ટ્રના બધાજ નૃપતિઓ પ્રિયદર્શીને ચરણે નમતા આવ્યા.

**આનર્ત-સૌરાષ્ટ્ર પર વિજય અને ગિરનારમાં શાલિસૂકની નિમણુક**

પ્રિયદર્શીએ તેમાંના કેટલાકની કન્યાઓ સાથે લગ્ન કર્યાં ને થોડાક વિદ્રોહીઓ પાસેથી આવશ્યક દંડ લીધો.તે પછી વ્યાજબી ખંડણી ઠરાવીને તે બધાને તેણે તેમના સ્થાને પુનઃ સ્થાપિત કરી પોતાના માંડલિક નૃપતિઓની શ્રેણીમાં દાખલ કર્યા ને તેમને મૌર્ય રાજવંશ પ્રત્યે વફાદારીના સોગંદ લેવરાવ્યા. વિદ્રોહીઓના ધામ સરીખા ગિરનારમાં તેણે પોતાના ભાઈ શાલિસૂકને સૂબા તરીકે નીમ્યો. તે પછી ગિરનાર, સિદ્ધાચલ, ભરુચ વગેરે તીર્થોની યાત્રા કરીને સુરત-દમણની સાગરપટ્ટી જીતતો જીતતો અપરાંત પહોંચ્યો. ડૉ૰ ભાંડારકર ધારે છે તેમ પ્રિયદર્શીના શિલાલેખોમાંના રાષ્ટ્રિક, પેતેનિક અને ભોજ-પેતેનિક પ્રયોગો આ અપરાંતને અનુલક્ષીને જ થયેલા છે.

અપરાંતમાં ત્વરિત વિજય મેળવીને તેમજ ત્યાં ખંડણીની વ્યવસ્થા કરીને તે આંધ્રમહારાજ્યમાં ધસી ગયો.

**અપરાંત-વિજય**

આંધ્રના સાતકર્ણી નૃપતિએ પ્રિયદર્શીનો સામનો કર્યો, પરંતુ પ્રિયદર્શીની વિરાટ સેના સામે તે જરાય ટકી ન શક્યો. તે તરતજ પ્રિયદર્શીના વિશાલ-શરણે આવ્યો. પ્રિયદર્શીએ તેની રૂપ-ગુણવતી બહેન વેરે લગ્ન કર્યાં ને નજીવી ખંડણી ઠરાવીને તેને મૌર્ય રાજવંશના પ્રથમ પંક્તિના માંડલિક નૃપતિઓની કોટિમાં દાખલ કર્યો. તે પછી તેણે નજીકનાં દમિલ-પલ્લિદસ રાજ્યો જીતી લઈ ત્યાંના નૃપતિઓ પાસે પણ ખંડણી કબૂલાવી ને તેમને પણ માંડલિક રાજવીઓની શ્રેણીમાં દાખલ કર્યા. આ પ્રો

**આંધ્ર-દ્રમિલ વિજય ને સાતકર્ણિની બહેન વેરે લગ્ન**

સમાં સંપ્રતિએ સેંકડો ભવ્ય જિન-મંદિરો બંધાવ્યાં, જેના અવશેષો આજે પણ હાલીપટ્ટન આદિ સ્થળે જળવાઇ રહ્યાં છે.

ત્યાંથી દક્ષિણે આગળ વધતો પ્રિયદર્શી મહિષ્મંડલના વિશાળ રાજ્ય પર કુદી પડયો. આજે મ્હેસુર રાજ્યની હદ છે તે કરતાં પણ તે વખતના મહિષ્મંડલ (મ્હેસુર) પ્રદેશની હદ જો કે ઘણી મોટી હતી પણ ત્યાંનો નૃપતિ પ્રિયદર્શી સામે ટક્કર ઝીલી શકે તે મુશ્કેલ હતું. પ્રિયદર્શી સંઘ સાથે અહીં વખતોવખત ચન્દ્રગિરિની યાત્રાએ આવ્યો હતો તથા તેણે શ્રવણ-બેલગોલ નગર વસાવ્યું હતું એટલે પ્રજામાં તે પ્રિય થઇ પડયો હતો અને રાજ્યના બધા જ સંયોગો તેમજ માર્ગોથી તે માહિતગાર હતો. ત્યાંના નૃપતિને પ્રિયદર્શીની સામે થવાની ઇચ્છા પણ નહોતી. અને વિદ્રોહી માંડલિક નૃપતિઓએ તેને કુનેહથી પોતાની જાળમાં જો સપડાવ્યો ન હોત તો, તે તો હંમેશાં પ્રિયદર્શીની સેવા કરવાને જ આતુર હતો. એટલે જેવા તેણે પ્રિયદર્શીએ પોતાના રાજ્યમાં સેના સાથે પ્રવેશ કર્યાના સમાચાર સાંભળ્યા કે યુદ્ધનો વિચાર પડતો મૂકી પ્રિયદર્શીને તે સત્કારવાને સામે ગયો. પ્રિયદર્શીએ તેને તેની ભૂલ માટે ક્ષમા બક્ષી અને ન જેવી ખંડણી ઠરવી તેને પ્રથમ પંક્તિના માંડલિકોની કોટિમાં દાખલ કર્યો. મ્હેસુરપતિએ પોતાની લાવણ્યવતી પુત્રી પ્રિયદર્શીને પરણાવી તથા કન્યાદાનમાં કેટલોક પ્રદેશ પણ આપ્યો. પ્રિયદર્શીએ તે પ્રદેશો (સુવર્ણગિરિ-તોસલી!) પર પોતાના રાજવંશી સૂબાઓ નીમ્યા. ત્યાંથી શ્રવણ-બેલગોલના યાત્રાધામ ને ગોમ્મટેશ્વરની વિરાટ પ્રતિમાનાં દર્શન કરી તે ઉત્તરે વળ્યો.

**મહિષ્મંડલ-વિજય અને રાજવંશી સૂબાઓની નિમણુક**

ઉત્તરે પાટલીપુત્ર જતાં માર્ગમાં આવતા અનૂપ (વરાડ વગેરે) પ્રદેશ પર તેણે વિજયધ્વજ ફરકાવ્યો અને અનૂપના નૃપતિને નમાવી, તેના પાસે ખંડણી કબૂલાવી. તેને પણ માંડલિક નૃપતિની શ્રેણીમાં દાખલ કરી પ્રિયદર્શી સેના સાથે પાટલીપુત્રને માર્ગે ચાલ્યો.

**અનૂપ-વિજય**

થોડાજ સમયમાં તે પોતાની ભવ્ય વિજયી સેના સાથે પાટલીપુત્રને આંગણે આવી પહોંચ્યો.

પાટલીપુત્રની પ્રજાએ પોતાના વિજયી સમ્રાટનો ભાવભીનો સત્કાર કર્યો. ઉત્સાહી અને વહાલસોયી કુમારિકાઓએ તેને ફૂલહાર ને મોતીએ વધાવી લીધો. મંદિરોમાં સુંદર ઉત્સવો ઉજવવા લાગ્યા. નગર-સુંદરીઓએ પોતાના નૃપતિને શુભેચ્છાની ભાવનાથી વિવિધ મંગલો (શ્રીફળ, કુંકુમ, સાકર, અક્ષત, કેસર, ગોળ-ધાણા, ધૂપ, દીપ ઇત્યાદિની મદદથી કરાતી માંગલિક ક્રિયાઓ) કર્યાં. સૂર્યના પ્રકાશમાં તારા અંજાય તેમ મંત્રીઓ સમ્રાટના પ્રતાપમાં અંજાવા લાગ્યા. વિદ્રોહી બાજ્યો પણ પ્રિયદર્શીના ત્વરિત વિજયોથી ચમકી ઊઠયા અને પળભર કાવત્રાંઓને વીસરી જઇ તેમણે પણ તેને સન્માનથી નવાજ્યો. રાજમંદિરમાં તો પ્રિયદર્શી દેવની જેમ સન્માન-પૂજાને પાત્ર બન્યો.

**પાટલીપુત્રમાં વિજેતા સમ્રાટનો સુંદર સત્કાર**

પ્રિયદર્શીએ પોતાની વિજયી સેનાને થોડાક દિવસનો આરામ આપ્યો. મગધના મધ્ય ભાગમાં આવે આનંદ-પ્રમોદનાં વિવિધ સ્થળોએ વિહરવાની સૈનિકોને છૂટ આપી, પરંતુ તેણે સેનાને વીખેરી નજ નાંખી. ઊલટું મગધના જે મહત્વાકાંક્ષી પુરુષો પ્રિયદર્શીના યશસ્વી ધ્વજ નીચે સંગ્રામ ખે આતુર હોય તેમને સૈન્યમાં દાખલ કરવાની તેણે સેનાપતિઓને આજ્ઞા ફરમાવી. યુદ્ધનાં સ ઉત્પાદન તેને વધવા દીધું ને આ રીતે સંપૂર્ણ રહીને તે મંત્રીઓ દ્વારા ચાલતા રાજકારો પોતાના વિજયોની શી અસર થાય છે તે નિરીક્ષણ કરવા લાગ્યો.

બૌદ્ધ કાવત્રાખોરોએ હજી પોતાના પ્ર નહોતા મૂક્યા. મગધમાં તેમનાં પંચત્રાં

**બૌદ્ધ ષડ્યંત્ર**

ન રહેતાં તેઓ મગધની આસપાસનાં રાજ્યોમાં પથરાઈ વળ્યા અને જુદા જુદા નૃપતિઓને વિવિધ દલીલોથી ઉશ્કેરવા લાગ્યા. તેમના જણાવ્યા અનુસાર દક્ષિણ-પશ્ચિમે પ્રિયદર્શીને સાંપડેલા વિજયો તેની આક્રમણ શક્તિને આભારી નહિ, પરંતુ પ્રિયદર્શી પ્રત્યેનો ત્યાંની બહુધા જૈન પ્રજાઓનો પક્ષપાત, ધાર્મિક પ્રવૃત્તિઓના બહાને તે રાજ્યોમાં પ્રિયદર્શીએ અગાઉથી જમાવેલો પગદંડો અને ત્યાંના નૃપતિઓની એકત્ર થઈને સખત સામનો કરવાની અણઆવડતથી જ પ્રિયદર્શી ત્યાં સસ્તો વિજય વરી ગયો હતો. પણ જો મગધની આસપાસના બળવાન નૃપતિઓ એકત્ર થઈને પ્રિયદર્શીને યુદ્ધ આપે તો હિંદભરની બૌદ્ધ પ્રજા તેમને મદદ કરવાને તૈયાર હતી અને પ્રિયદર્શી તે બંને શક્તિઓ સામે ટકી શકે તે કોઈ પણ રીતે સંભવિત નહોતું.

મહત્ત્વાકાંક્ષી નૃપતિઓ બૌદ્ધોની આ લાલચમાં સહેલાઈથી ઝડપાઈ ગયા. તેમણે વિચાર્યું કે પ્રિયદર્શીની લશ્કરી તાકાત ગમે તેવી અપૂર્વ હોય પણ તેણે છેલ્લાં કેટલાંક વર્ષ થયાં જૈન ધર્મનો જે વિશ્વવ્યાપી પ્રભાવ ફેલાવવા માંડ્યો છે તે સામે ભારતભરના બૌદ્ધો દ્વેષ ધરાવે છે. એટલે તેમને અંદરથી અને બહારથી વિપુલ મદદ મળી રહેશે; જેથી જુદાં જુદાં રાજ્યોની સંયુક્ત લશ્કરી તાકાત તે મદદના બળે સહેજે પ્રિયદર્શીને ઉથલાવી શકશે. આવી વિચારણા સાથે મગધની આસપાસના નૃપતિઓ પોતાની લશ્કરી શક્તિને સયોજિત કરવા માંડ્યા.

વિવિધ રાજ્યોની પ્રવૃત્તિઓ પર સૂક્ષ્મ નજર રાખી રહેલો પ્રિયદર્શી તરત જ આ યોજનાથી માહિતગાર બની ગયો અને તેને જણાયું કે હવે શાંતિ અને વાટાઘાટનો માર્ગ ઉપાય ગયો છે. એટલે પોતાની તેમજ મૌર્ય સામ્રાજ્યની કીર્તિનું અને મૌર્ય સામ્રાજ્યનું જો હવે રક્ષણ કરવું હોય તો પ્રતિસ્પર્ધી નૃપતિઓમાંના કોઈને પણ પોતાના એકત્ર થઈ શકે તે પહેલાં જ એક પછી એક હરાવી દેવા જોઈએ. કારણ કે તેમ એ પણ જણાયું કે નૃપતિ ગમે તેટલો મહાન હોય અને સામ્રાજ્ય ગમે તેવું મોટું હોય તો પણ લશ્કરી વિજયો વિના તેમના પ્રભુત્વ પ્રત્યે હંમેશા શંકા જ દાખવવામાં આવે છે.

**વિશ્વવ્યાપી વિજયની ભાવના**

આ વિચાર સાથે જ તેનામાં વિશ્વવ્યાપી લશ્કરી વિજય સાધવાની અને દરેક પ્રતિસ્પર્ધી તેમજ વિરોધી રાજ્યોને મૌર્ય વિજયધ્વજ નીચે આણવાની ભાવના ખીલી નીકળી.

**મગધની આસપાસ ને મધ્યપૂર્વ હિંદમાં રોપેલો વિજયધ્વજ**

તેણે તરત જ પોતાની સેનાને પુનઃ એકત્ર કરી અને ઝડપથી તે મગધની આસપાસનાં ને મધ્યપૂર્વ હિંદના ગૌડ, વિદેહ, વંગ, કામરૂપ, પ્રાગ્જ્યોતિષ (આસામ), પુંડ્ર, કાશી, કોશલ, કૌશાંબી, અંગ, ચેદી, મદ્ર, પુલીંદ, અટવી વગેરે દેશો પર એક પછી એક તે તૂટી પડ્યો ને થોડા જ સમયમાં એ પ્રદેશોના નૃપતિઓને પરાજય આપી ત્યાં પોતાનો વિજયધ્વજ રોપ્યો. તે નૃપતિઓએ ક્ષમા માગતાં, પ્રિયદર્શીએ તેમને વ્યાજબી દંડ અને યોગ્ય ખંડણી ઠરાવીને માંડલિક નૃપતિઓની શ્રેણીમાં દાખલ કર્યા અને તેમાંના કેટલાકની કન્યાઓ સાથે પોતે લગ્નપણ કર્યાં. વળી આ નૃપતિ-સમુદાય પર નજર રાખવાને તેણે કૌશાંબીમાં પોતાના પુત્ર તીવરને સૂબાપદે નીમ્યો.

હવે પોતાની દિગ્વિજય યાત્રા પૂરી કર્યા પહેલાં પાટલીપુત્ર પાછા ફરવાની પ્રિયદર્શીની ઇચ્છા જ નહોતી.

**ઉત્તર-ભારતમાં રોપેલો વિજયધ્વજ**

એટલે તેણે મધ્યભાગનો વિજય પૂરો થતાં સેનાને ઉત્તરે દોરી ને હસ્તિનાપુર, મત્સ્ય (વૈરાટ), શૂરસેન, કુરુ, પાંચાલ, બ્રહ્માવર્ત (શિલાલેખોમાં નાભક-નાભપંક્તિના નામે ઓળખાતો પ્રદેશ), નેપાળ, ભૂતાન, તિબેટ, ખોતાન, કાશ્મીર વગેરે દેશોના નૃપતિઓને હરાવ્યા,

નમાવ્યા, તેમના પાસેથી દંડ ને ખંડણી પણ વસૂલ કર્યાં. ઉપરાંત કેટલાકને માંડલિક નૃપતિઓની કોટિમાં દાખલ પણ કર્યા. આમાંથી નેપાળના યુવાન નૃપતિ દેવપાળની સાહસિક વૃત્તિ તેમજ યુદ્ધકુનેહ પર તે એટલો ખુશ થયો કે તેણે દેવપાળનો દંડ માફ કરીને તેને પ્રથમ પંક્તિના માંડલિકોની કોટિમાં મૂક્યો. ને વખત જતાં રાજકુમારી ચારૂમતી સાથે તેના લગ્ન કરાવી આપ્યાં.

**રાજવંશી સૂબાઓની નિમણુક**

આમાંનાં ઘણાંખરાં રાજ્યો તો તેણે માંડલિક નૃપતિઓને હસ્તક જ રહેવા દીધાં. પણ તેમના પર દેખરેખ રાખવાને તેમજ કેટલાક પ્રદેશો પર શાસન ચલાવવાને તેણે રાજવંશી સૂબાઓની નિમણુક કરી. તેમાંથી કાશ્મીરનો અધિકાર તેણે પોતાના પુત્ર જાલોકને સોંપ્યો ને તિબેટ ઉપર કુસ્થનની નિમણુક કરી. સમય જતાં તે બંનેના વારસો, સૂબાઓ મટીને તે તે પ્રદેશના સ્વતંત્ર નૃપતિઓ ગણાતા થયા.

**ચીનની દીવાલ**

આ રીતે વિજેતા પ્રિયદર્શી જ્યારે અલૌકિક ઝડપે ની વિરાટ સેના સાથે ઉત્તર–ભારતમાં આગળ વધવા લાગ્યો ત્યારે ચીન ઇત્યાદિ મધ્ય–ઉત્તર એશિયાના મુલકો તો તેના ામથી કંપવા લાગ્યા. તેમાં ચીનના શહેનશાહ શી હુવાંગે તેની વિજયી સેનાની અબાધિત કુચમાંથી પોતાના પ્રદેશને બચાવી લેવાને એક ભવ્ય દીવાલ બંધાવરાવી; જે આજે પણ વિશ્વની એક અજાયબી તરીકે જળવાઈ રહી છે.

**ઉત્તર-પશ્ચિમે પ્રયાણ**

આ રીતે આર્યાવર્તમાં વિજયધ્વજ ફરકાવ્યા પછી પ્રિયદર્શીએ પોતાની નજર ઉત્તર–પશ્ચિમના સરહદી પ્રદેશો અને તેની પેલે પારના શક-પારસ, સીરિયા આદિ મુલકો પર દોડાવી. અશોકે જેમ દૂર પૂર્વમાં અને ઉત્તરે બૌદ્ધ ધર્મની વિજયપતાકા ફરકાવી હતી તેમ પ્રિયદર્શીએ પશ્ચિમે ઠેઠ ગ્રીસ–એથેન્સ લગી જૈન ધર્મનો અને મૌર્ય રાજવંશનો વિજયવાવટો ફરકાવવાની મહેચ્છા સેવવા માંડી. અગાઉ તો તેણે આ પ્રદેશોમાં યુદ્ધવિજય સાધ્યા વિના જ ધર્મવિજય સિદ્ધ કરવાની ભાવના સેવી હતી અને તે અનુસાર તેણે ત્યાં ઘણીખરી પ્રવૃત્તિઓ હાથ ધરી પણ દીધી હતી. પરંતુ ધીમે ધીમે તેને જણાવા લાગ્યું કે એ પ્રદેશોના નૃપતિઓએ પોતાની ધાર્મિક પ્રવૃત્તિઓને જે આવકારી હતી તે ધર્મપ્રેમથી પ્રેરાઈને નહિ, પરંતુ મૌર્ય સમ્રાટ પ્રત્યેના ભયયુક્ત ભાવથી દોરવાઈને તેઓ તેમ કરી રહ્યા હતા. પણ જેમ જેમ તે ધર્મમાં વિશેષ રસ લેવા લાગ્યો ને હૃદયની કુમાશને ખીલવવા લાગ્યો તેમ તેમ નૃપતિઓમાં ભયની લાગણી ઓછી થવા માંડી હતી, તથા ચાલુ ધાર્મિક પ્રવૃત્તિઓ પ્રત્યે તેઓ ઉપેક્ષાવૃત્તિ દાખવવા લાગ્યા હતા; એટલે તક મળતાં મૌર્ય સામ્રાજ્ય પર તૂટી પડવાની મહત્ત્વાકાંક્ષા પણ સેવતા હતા. તેથી આ મુલકોમાં ધર્મવિજયનો માર્ગ વધારે મોકળો બનાવવાને યુદ્ધ વિજય જેટલો આવશ્યક હતો તેટલો જ તે મૌર્ય સામ્રાજ્યના રક્ષણને માટે અનિવાર્ય પણ હતો. એટલે પ્રિયદર્શીએ ઉત્સાહથી થનગનતી પોતાની વિજયી સેનાને ઝડપથી ઉત્તર–પશ્ચિમે દોરી.

આ દિશાએ સરહદ પરના વિસ્તારમાં યોન કંબોજ, ગાંધાર, બાલ્હિક વગેરે દેશો મુખ્ય હત તેમાંથી ગાંધારમાં તો વર્ષો થયાં મૌર્ય મહારાજ્ય પ્રભુત્વ સ્થપાઈ ચૂક્યું હતું. આજે પણ તે દેશ સમ્રાટના સીધા કાબૂ તળે હતો અને ત્યાં રાજ સૂબો શાસન ચલાવતો હતો. એટલે ગાંધારમાં પ્રિયદર્શીને સુંદર સન્માન મળ્યું, ને તેની સેનાને થવાનો અવકાશ મળ્યો.

**પરદેશોમાં ફરકાવેલો વિજયધ્વજ**

અહીં પ્રિયદર્શીએ પશ્ચિમના એક પછી એ પર ત્વરિત વિજય સાધવાની ઝીણવટભરી યોજ કાઢી. આર્યાવર્તમાં ગેરહાજરી દરમિ કારોબાર ચાલ્યા કરે તે સૂચનાઓ લખી કાઢી, આવશ્યક લશ્કરી

વ્યવસ્થા કરી, ક્યાં ક્યાં પોતાને સંગ્રામ ખેલવો પડશે અને ક્યા ક્યા નૃપતિઓ વિનાયુધ્ધે જ પોતાનું પ્રભુત્વ સ્વીકારી લેશે તેની તેણે ચોક્કસ ગણતરી બાંધી અને પછી તે ચીન, કંબોજ, બાલ્હિક, પઠાણ (અફઘાનિસ્તાન), શક–પારસ (ઇરાન), અરબસ્તાન વગેરે દેશોમાં એક પછી એક વિજયધ્વજ રોપવા લાગ્યો. તેની લશ્કરી વ્યવસ્થા એટલી કુનેહભરી હતી કે સંહારની દૃષ્ટિએ સ્વપક્ષ તેમજ પરપક્ષ બંનેને ઓછામાં ઓછું નુકશાન પહોંચાડીને તે વિજય પ્રાપ્ત કરી લેતો. વિજિત દેશોની પ્રજાને નિરર્થક હાનિ ન પહોંચે તેની તે કાળજી રાખતો. પરાજિત નૃપતિઓ પ્રત્યે પણ તે સન્માનની દૃષ્ટિએ નિહાળતો. ઓછામાં ઓછો દંડ ને સામાન્ય ખંડણી ઠેરવીને તે તેમને જતા કરતો. તેઓ પોતાના ધર્મવિજયમાં સહકાર આપે, નિયમિત ખંડણી ભર્યા કરે અને મૌર્ય સમ્રાટ પ્રત્યે સતત વફાદારી દાખવે એટલી જ પ્રિયદર્શી તેમના પાસે આશા રાખતો અને ભયભીત નૃપતિઓને તેમાં ગુમાવવા જેવું ઘણું ઓછું હતું. એટલે મોટા ભાગના નૃપતિઓ પ્રિયદર્શીના વિશાલ હૃદયનું તરતજ શરણ સ્વીકારી લેતા. કેટલાકે તેનો જબરી સામનો કર્યો પરંતુ આખરે તો તેમને પણ નમતા આવવું પડયું. પ્રિયદર્શીએ તેમના પ્રદેશોમાંથી વિદ્રોહનાં ભયસ્થાનોને નાબૂદ કર્યાં, તેમની લશ્કરી શક્તિને મર્યાદિત બનાવી, કેટલાકને તેણે અરસપરસ સંબંધની સાંકળે ગૂંથ્યા, તો કેટલાકના પુત્રોને કે એલચીઓને તેણે મૌર્ય રાજદરબારમાં આમંત્યાં તો કેટલાકને તેમના પોતાના સ્થાને પુનઃસ્થાપિત કર્યો.

આ રીતે પ્રિયદર્શી જ્યારે મધ્ય એશિયાને વ્યવસ્થિત કરવામાં ગૂંથાયો હતો ત્યારે સીરિયામાં અચાનક

**સીરિયામાં સ્થપાયલું પ્રભુત્વ**

અંધાધૂંધી ફેલાયલ હોવાના તેને સમાચાર મળ્યા. ત્યાં કેટલાક સેનાપતિઓ અને બીજ રાજપુરુષો સિંહાસન પ્રાપ્ત કરવાને મહાવિકટ મેદાનની તૈયારી કરી રહ્યા હતા. તેમાંથી એંટિયોકસ નામના સેનાપતિએ પ્રિયદર્શીની મદદ માગી. પ્રિયદર્શીએ તત્કાળ મંત્રિત મહારાજ્યમાં પોતાનો પ્રભાવ વિસ્તારવાની આ તક ઝડપી લીધી. તેણે એંટિયોકસને સંપૂર્ણ સહાય કરી તેના પક્ષને અજય્ય બનાવ્યો. બદલામાં એંટિયોકસે પ્રિયદર્શીને ઇજીપ્ત, ગ્રીસ–એથેન્સ, સાયરીન, કોરીંથ, ઇપીરસ ને મેસીડોનિયા લગી પોતાનું પ્રભુત્વ વિસ્તારવાની સાનુકૂળતા કરી આપી તથા તે પોતે મૌર્ય સમ્રાટના માંડલિક અને મિત્રનૃપતિ સમો બની રહ્યો. તેણે પ્રિયદર્શીને વિશ્વવ્યાપી ધર્મવિજય સાધવામાં સંપૂર્ણ મદદ કરવાનું વચન આપ્યું. તે પછીના પ્રિયદર્શી અને એંટિયોકસ વચ્ચેના સંબંધો અવલોકતાં જણાઇ આવે છે કે એંટિયોકસ મૌર્ય સમ્રાટને અંત લગી વફાદાર રહ્યો છે.

ગ્રીસમાં પ્રિયદર્શીને સંગ્રામ ખેલવો પડયો કે કેમ તે ચોક્કસ નથી થઇ શકતું, પરંતુ હંગરીના એક ગ્રામક્ષેત્રમાંથી પરિકરસહિત જે એક ભવ્ય પાષાણ જીનબિંબ મળી આવ્યું છે તે જોતાં તેમજ શિલાલેખમાં

**ગ્રીસમાં રોપાયલો વિજયધ્વજ**

લેખાયેલી નીચેની હકીકતનો વિચાર કરતાં જણાય છે કે ત્યાં પણ તેનો વિજયધ્વજ તો રોપાયો જ હતો. પોતાના શિલાલેખોમાં ગ્રીસના અલેક્ઝાંડર, એન્ટીગોનસ, મક વગેરે નૃપતિઓને તે પોતાના મિત્ર–માંડલિક નૃપતિઓ તરીકે ઓળખાવે છે અને તેમના રાજ્યોમાં પોતે ધર્મવિજય સાધ્યાની હકીકત વર્ણવે છે. આ ઉપરાંત ગ્રીક તત્ત્વજ્ઞાન ઉપર જૈન તત્ત્વજ્ઞાનની અસર,[1] મહાન ગ્રીક તત્ત્વજ્ઞાની પીરોએ જૈનાચાર્યો પાસે કરેલો તત્ત્વજ્ઞાનનો અભ્યાસ[2] તથા એથેન્સમાં મળી આવેલી જૈનાચાર્યની સમાધિ[3] વગેરે પણ પ્રિયદર્શીએ ગ્રીસમાં સાધેલા

---

1. Greek philosophy do betray Jain influence. **Confluence of Opposites.**

2. The Greek philosopher Pyrrho studied near the Jain sramanas and preached his doctrine in Greece. **Historical Gleanings** p. 42

3. A naked sramanacharya (Jain preacher) went to Greece and his samadhi spot was found marked at Athens. J. H. O. Vol II, p. [illegible]

ધર્મ વિજયની સાક્ષી પૂરે છે.

ગ્રીસની જેમ ઉત્તર અને પૂર્વ આફ્રિકામાં પણ પ્રિયદર્શીએ વિજયધ્વજ રોપ્યો હતો અને ત્યાં ધર્મવિજય સાધ્યો હતો. પૂર્વ–આફ્રિકામાં મળી આવતાં ગીઝ્યાબ્વેનાં પ્રાચીન ખંડિયેરોમાં જે જૈન સ્મારકો નજરે ચડે છે તે પ્રિયદર્શીનેજ આભારી જણાય છે. ઇજીપ્ત અને એબીસીનિયામાં પણ એવાંજ અનેક જૈન સ્મૃતિ ચિન્હો મળી આવે છે. તેમાં ઇજીપ્તના તત્ત્વજ્ઞાન ઉપર તો જૈન તત્ત્વજ્ઞાનની મોટી અસર છે.[૪] ઇજીપ્તના નૃપતિ ટોલેમી ફીલાડેલ્ફસ બીજાને પ્રિયદર્શી પોતાના તેરમા શિલાલેખમાં માંડલિકમિત્ર નૃપતિ તરીકે ઓળખાવે છે અને તેના મુલકમાં પોતે સાધેલા ધર્મવિજયની હકીકત વર્ણવે છે. વળી ઐતિહાસિક પ્રમાણોથી એ પણ પુરવાર થઇ ચૂક્યું છે કે ટોલેમી ફીલાડેલ્ફસ બીજાએ અમિત્રઘાત (પ્રિયદર્શી–સંપ્રતિ) ના રાજદરબારમાં ડાયોનીસિયસ નામે એલચીને મોકલ્યો હતો. તે ઉપરાંત પ્રાચીન ગ્રીક નોંધોના અવલોકનથી જણાય છે કે ઇથોપિયા–એબીસીનિયામાં પ્રવાસ કરતા ગ્રીકોએ ત્યાં વિચરતા જૈન શ્રમણોનાં દર્શન કર્યાં હતાં.[૫] તે ઉપરથી ઉત્તર અને પૂર્વ–આફ્રિકામાં પ્રિયદર્શીએ સાધેલા ધર્મવિજય અંગે શંકાને જરાય સ્થાન નથી રહેતું.

**ઉત્તર અને પૂર્વ–આફ્રિકામાં ધર્મવિજય**

આ રીતે આર્યાવર્તની બહાર પણ એશિયા, યુરોપ અને આફ્રિકાના મહત્ત્વના પ્રદેશો પર વિજયધ્વજ ફરકાવીને પ્રિયદર્શી પાછો ફર્યો; અને પુનરાગમનનો માર્ગ સહેજ ઉત્તરે યોજીને તેણે રસ્તામાં તારકંદ–સમરકંદ વગેરે જીતી લીધાં, ને પોતાની વિજયી સેના સાથે તે ગાંધારની રાજધાની તક્ષશિલામાં આવી પહોંચ્યો. તક્ષશિલાની પ્રજાએ તેનો વિજયપ્રવેશ ઉજવ્યો અને તેને વિજેતા દેવની જેમ વધાવી લીધો. ત્યાં થોડાક દિવસ ઠરી તે દક્ષિણે આગળ વધ્યો ને માર્ગમાં સિંધ–સૌવિર વગેરે જીતી તેણે અવંતીમાં પ્રવેશ કર્યો.

**પુનરાગમન ને સત્કાર**

અવંતીની પ્રજા પોતાના બાલ–કુમારને વિજેતા સમ્રાટ તરીકે નીરખીને હર્ષઘેલી બની ગઇ. તેમાં પણ જૈન પ્રજાના આનંદને તો સીમાજ નહોતી. પ્રિયદર્શીને અને તેની વિજયી સેનાને અવંતીમાં પુષ્પવૃષ્ટિનો અનુભવ થયો. રૂપની હરીફાઇમાં રતિની, કલામાં સરસ્વતીની, કંઠમાં કિન્નરીની ને શીલ–ગુણમાં સતીઓની સ્પર્ધા કરતી લાવણ્યવતી કુમારિકાઓએ પ્રિયદર્શીને સાચાં મોતીએ વધાવી લીધો. નગર–સુંદરીઓએ અનેક મંગલો કર્યાં. વીરોએ પ્રિયદર્શીને પોતાના આદર્શ તરીકે લેખ્યો. રાજકન્યાઓએ પોતાને પ્રિયદર્શી સમો સ્વામી મળે તે માટે તપશ્ચર્યાઓ આદરી.

અવંતીમાં મૌર્ય સમ્રાટના રાજવંશી સૂબા તરીકે નીમાઇને શિક્ષણ પામતો પ્રિયદર્શીનો બાલ–યુવરાજપુત્ર બૃહસ્પતિમિત્ર પિતાની સામે આવીને તેના ચરણમાં નમ્યો. પ્રિયદર્શીએ તેને પોતાના બંને હાથમાં ઊંચકી લીધો ને તે પ્રજાના સન્માન–સાગર ઝીલતો ઝીલતો રાજમંદિરમાં પહોંચ્યો. પ્રિયદર્શીની ધણીખરી રાણીઓ તો અવંતીના અંતઃપુરમાં રહેતી હતી એટલે ત્યાં થોડાક દિવસ રોકાઇને તે આગળ વધ્યો.

પ્રિયદર્શીની ઇચ્છા તો દક્ષિણમાં બાકી રહેલાં કલિંગ, ચોલ, પાંડ્ય, કેરલપુત્ર (ચેર), સત્યપુત્ર (ત્રાવણકોર) અને લંકાનાં મહારાજ્યોને જીતી [illegible] પછીજ વિશ્વવિજેતા તરીકે પાટલીપુત્રમાં પ્રવેશ [illegible] હતો. પણ તેની સેનાનો કેટલોક ભાગ ઉત્તર–પ[illegible] યુધ્ધોમાં હણાઇ ગયો હતો અને બાકીનું સૈન્ય સ[illegible] સંગ્રામો ખેલીને થાકી ગયું હતું, જ્યારે કલિંગ વગ[illegible]

---

૪. The Egyptian philosophy do betray Jain influence. **Confluence of Opposites.**

૫. Ancient Greeks found the sramans, who should be Jains, traversing the countries of E[illegible] hopia and Abyssinia.

*Asiatic Researches Vol. III, p.* [illegible]

મહારાજ્યો તેની સાથે મહાસંગ્રામ ખેલવાને વર્ષો થયાં તૈયાર થઈ રહ્યાં હતાં અને એકમેકની મદદે ઊભાં રહેવાના કરારથી બંધાયાં હતાં. બીજી બાજુ પાટલીપુત્રમાં પોતાના બાલપુત્ર દશરથને સૂબા તરીકે નીમીને પોતે દિગ્વિજયયાત્રાએ નીકળ્યો હતો, એટલે લાંબા સમયની ગેરહાજરી પછી ત્યાંની પરિસ્થિતિનું ત્વરિત અવલોકન આવશ્યક બન્યું હતું. ધર્માંધ બૌધ્ધો પોતાના ગમે તેવા વિજયોથી પણ ન ગભરાતાં પોતાની વિદ્રોહી ચળવળ ચાલુ રાખે તેમ હતા. દક્ષિણના અવિજિત દેશોની યુદ્ધની તૈયારી પાછળ તેમનોજ હાથ લાગતો હતો. એટલે પ્રિયદર્શીએ બનતી ત્વરાએ પાટલીપુત્ર પહોંચીને ત્યાંના રાજકારોબારને પુનર્જીવન બક્ષવાનો અને પછી નવી સૈન્ય ભરતી સાથે દક્ષિણમાં તૂટી પડવાનો નિર્ણય કર્યો.

થોડાજ સમયમાં તે પાટલીપુત્ર જઈ પહોંચ્યો. પ્રજાએ તેને અગાઉની જેમજ વધાવી લીધો. મંત્રીઓએ તેને પોતાની ભક્તિ અને કુનેહનાં દર્શન કરાવ્યાં. રાજકારોબારનું નિરીક્ષણ કરતાં પ્રિયદર્શીને તેમાં ખાસ ક્ષતિઓ ન જણાઈ. એટલે તેણે સેનાને સુસજ્જ બનાવવામાં જ પોતાનું ધ્યાન પરોવ્યું ને અલ્પ સમયમાં તે ઉદ્દેશ સિદ્ધ કરીને તે કલિંગ પર તૂટી પડ્યો.

આ વખતે પ્રિયદર્શી રાજાના રાજ્યાભિષેકને આઠ વર્ષ પૂરાં થયાં હતાં અને નવમું વર્ષ ચાલતું હતું.

**કલિંગનું મહાયુદ્ધ**

અત્યારસુધીના યુધ્ધોમાં પ્રિયદર્શીએ રહેમદિલી દાખવી હતી, પરંતુ અનુભવે તેને શિખવ્યું હતું કે યુદ્ધમાં દયાને સ્થાન આપવાથી જોઈતી અસર નથી નીપજતી. વીતેલાં આઠ વર્ષમાં તે અપૂર્વ ધર્મવિજયો અને અન્ય સંગ્રામવિજયો સાધીને દક્ષિણ વિજેતા બન્યો હતો; છતાં દક્ષિણનાં રાજ્યો તેની સામે સંગ્રામમાં ઊતરવાનું સાહસ ખેડતાં હતાં, કેમકે તેમને તેની રહેમદિલી પર વિશ્વાસ હતો. યુદ્ધમાં જે વિજય સાંપડે તો તેઓ તેને લાભ ગણતા માનતા હતા, અને જો પરાજય થાય તો પ્રિયદર્શીની રહેમદિલીના આશ્રયે જતાં હતાં જાતની આશા સેવતા હતા. એટલે આ વખતે પ્રિયદર્શીએ દયાને ક્ષણભર બાજુએ મૂકી અને અત્યાર લગી દરેક યુદ્ધમાં ધર્મની મર્યાદા જાળવતી સેનાને તેણે બેફામપણે હુમલો કરવાની અનુમતિ આપી.

થોડાક દિવસ લગી તો દક્ષિણનાં અન્ય રાજ્યોની મદદથી કલિંગની સેનાએ ટક્કર ઝીલી. પરંતુ પ્રિયદર્શીની વિશ્વવિજયી સેનાએ જ્યારે પોતાના પ્રચંડ સ્વરૂપમાં આક્રમણ આદર્યું ત્યારે કલિંગની સેના ઘાસની જેમ કપાવા માંડી. કલિંગની સમસ્ત પ્રજાએ ત્રાસની ધ્રુજારી અનુભવી અને પ્રિયદર્શી પોતાના તેરમા શિલાલેખમાં જણાવે છે તે પ્રમાણે આ સંગ્રામમાં કલિંગનાં એક લાખ માણસો હણાયાં, દોઢ લાખ કેદ પકડાયાં અને તેનાથી અનેકગણાં યુદ્ધના દાવાનળમાં ઝડપાઈને મરણને શરણ થયાં. અને આ રીતે રક્તસરિતાઓની વચ્ચે કલિંગ પર પ્રિયદર્શીનો વિજયધ્વજ ચડ્યો.

પ્રિયદર્શીએ રાજનીતિને અનુસરીને થોડાક સમય માટે તો દયાને બાજુએ મૂકી, પરંતુ આ કત્લગીરી નિહાળતાં તેનું મહાન હૃદય કંપી ઊઠયું. હવે બાકીનાં રાજ્યોમાં આ પ્રમાણે રક્તસાગરમાં સ્નાન કરવાની તેનામાં હિંમત ન રહી. પણ બીજી બાજુએ ચોલ, પાંડ્ય, સત્યપુત્ર, કેરલપુત્ર, તામ્રપર્ણી ( લંકા ) વગેરે મહારાજ્યો પણ કલિંગના સંગ્રામથી કંપી ઊઠયાં હતાં. લાખોની સેનાઓનો ત્વરિત નાશ કરવાની તાકાત ધરાવતા પ્રિયદર્શીના સૈન્ય સામે સંગ્રામમાં ઊતરવાની તેમની હિંમત ન રહી. કલિંગની કત્લથી કંપી ઊઠેલી તેમની પ્રજાઓએ પણ તેમને સમાધાન માટે આગ્રહ કર્યો. પરિણામે તે તે પ્રદેશના નૃપતિઓએ પ્રિયદર્શીને પોતાની રૂપવતી પુત્રીઓ પરણાવી ને તેની સાથે સંબંધ સાંધવાની, તેને હિંમતી ભેટોથી નવાજી તેનું આધિપત્ય પ્રભુત્વ માન્ય રાખવાની ને પોતાના મુલકમાં પ્રિયદર્શીની ધર્મિક પ્રવૃત્તિઓમાં સહકાર આપવાની તેની મૈત્રી મિત્રતા બાંધવાની યોજના ઘડી. અને તે અનુસાર તેમણે પોતાના એલચીઓને કીંમતી ભેટો આપી તેમને પ્રિયદર્શીની હજુરમાં મોકલ્યા.

પ્રિયદર્શી પોતે પણ હવે યુદ્ધથી કંટાળી ગયો હતો, અને કલિંગની કત્લ નિહાળીને તો તેનું હૃદય કંપી ઊઠ્યું હતું એટલે તેણે દક્ષિણના નૃપતિઓની માગણીને માન આપ્યું અને તેમને પોતાના મિત્ર નૃપતિઓની શ્રેણીમાં દાખલ કર્યા. આ રીતે પ્રિયદર્શીને વિના યુધ્ધે જ ચોલ, પાંડય, કેરલપુત્ર (ત્રાવણકોર) ને લંકામાં ધર્મવિજયની સાનુકૂળતા મળી.

**ચોલ, પાંડય, સત્યપુત્ર, કેરલપુત્ર, લંકા આદિ રાજ્યોમાં સધાયેલો ધર્મ વિજય**

કેટલાક વિદ્વાનો લંકામાં બૌદ્ધ ધર્મનું સાતત્ય નિહાળી એમ માને છે કે જૈન ધર્મને બીજે બધે સ્થળે ભલે વિજય સાંપડ્યો હોય, પરંતુ લંકામાં તો તેમને પ્રવેશ નથીજ મળ્યો. પરંતુ જ્યારે આપણે પ્રિયદર્શીના સમકાલિક લંકાપતિએ પોતાના રાજ્યમાં ભવ્ય જૈન વિહાર બંધાવ્યાની ઐતિહાસિક નોંધ અવલોકીએ છીએ[૧] ત્યારે લંકામાં પણ ફેલાયેલા જૈન ધર્મના પ્રભાવ વિષે શંકાને સ્થાન નથી રહેતું.

**ઓજસ્વી સમ્રાટ અને તેના માંડલિક નૃપતિઓ**

આ રીતે વિશ્વવિજય સાધીને પ્રિયદર્શીએ જ્યારે પાટલીપુત્રમાં પ્રવેશ કર્યો ત્યારે તેની આસપાસ ફરતી નૃપતિઓની હારમાળાઓ પ્રિયદર્શિનિ પૃથ્વી પરના સૂર્યસમો શોભાવી રહી હતી. અશોક તેને વારસામાં સિંહાસન સોંપી ગયો હતો, પરંતુ આજે પ્રિયદર્શી વિશ્વવિજય સાધીને એ સિંહાસનનો સ્વયં વિધાતા, વિજેતા અને યશસ્વી સમ્રાટ બન્યો હતો. વિશ્વભરમાં તેનો કોઇ પ્રતિસ્પર્ધી નહોતો રહ્યો. હજારો માંડલિક નૃપતિઓ [ સત્તાવાર જૈન ગ્રન્થો પ્રિયદર્શીના માંડલિક નૃપતિઓની સંખ્યા ૧૬૦૦ની જણાવે છે, તો કેટલેક સ્થળે તે સંખ્યા ૮૦૦૦ની પણ નોંધવામાં આવી છે. ] તેની સેવા માટે હરિફાઇ કરી રહ્યા હતા. તે માંડલિક નૃપતિઓની રૂપવતી કન્યાઓ પોતાના અંતઃપુરને પ્રાણ, પ્રેમ, પ્રકાશ, સુરભિ અને પૂજનથી શોભાવી રહી હતી.

પોતાના આઠમા શિલાલેખમાં પ્રિયદર્શી જણાવે છે કે–'આ રીતે દેવાનુપ્રિય પ્રિયદસિ રાજાના રાજ્યનો બીજો ભાગ અતિ સુખમય બને છે.' આ બીજા ભાગની શરૂઆત અશોકના અવસાન પછી પ્રિયદર્શિનો સ્વતંત્ર સમ્રાટ તરીકે રાજ્યાભિષેક થાય છે ત્યારથી ગણવામાં આવી છે કે ઉપર પ્રમાણે વિશ્વવિજય સાધીને રાજ્યાભિષેક દશમા વર્ષે તેણે સ્વયંસમ્રાટ પદ સિદ્ધ કર્યું ત્યારથી ગણવા–વીષે તેનો ચોક્કસ નિર્ણય બાંધવાનું મુશ્કેલ છે. પરંતુ પ્રિયદર્શીના રાજ્યના કાળદૃષ્ટિએ બે ભાગ જરૂર પડે છે. એક તો અશોકને આભારી પૂર્વ ભાગ, અને બીજો પોતાની શક્તિને આભારી ઉત્તર ભાગ.

**પ્રિયદર્શીનું વ્યક્તિત્વ**

આ રીતે વિશ્વવિજયી બનેલા પ્રિયદર્શીનું વ્યક્તિત્વ અજોડ અને અજય્ય હતું. તેનાં નયનમાંથી, તેના લલાટમાંથી, તેનાં અંગેઅંગમાંથી તેજકિરણો છૂટતાં. તેની છાતી પહોળી ને કપાળ ભવ્ય હતું. તેની કાંત તપ્ત તામ્ર અને સુવર્ણના મિશ્રણ સમી હતી. તેની ભૂજાઓ લાંબી અને મુખ મોહક હતું. તેની ઊંચાઇ નવથી દશ ફુટ લગભગ હતી.[૭]

**તેના સિક્કા**

પોતાના સિક્કાઓમાં તે પોતાના વ્યક્તિત્વની સાથોસાથ ધર્મ અને મૌર્ય રાજવંશને પણ વિશિષ્ટ સ્થાન આપતો હતો તે આપણે સિક્કાઓના પ્રકરણમાં તેણે ચન્દ્રગિરિ, સ્વસ્તિક, હસ્તી, ગરૂડ, મોર, વગેરે ચિન્હોને આપેલી પસંદગીથી અવલોકી ગયા છીએ.

---

૧. The ruling monarch of Ceylon built a vihar and a monastery for Nigranthas in 3rd century B.C. On the Indian sect of Jains, p. 15

૭. પ્રાચીન ભારતવર્ષ–ભાગ બીજો, પૃ. ૨૬૫.

લોરિય-અરરાજ', લોરિય-નંદનગઢ અને રામપૂર્વા એ ત્રણ સ્થંભો ઉત્તર બિહારમાં-ચંપારણમાં આવેલા છે. તેમાંનો પ્રથમ સ્થંભ કેસરિયાથી વીશ માઇલ ઉત્તર-પશ્ચિમે લોરિય નામના ગામે અને અરરાજ નામના શિવ-મંદિરની નજીકમાં આવેલો છે ને તે સ્થંભ પર વીન્સેન્ટ સ્મીથના જણાવ્યા પ્રમાણે, ગરૂડાકૃતિ હતી. બીજો સ્થંભ લોરિય ગામ અને નંદનગઢ નામના જીર્ણશીર્ણ કિલ્લાની નજીકમાં આવેલો છે અને તેના પર સિંહની આકૃતિ છે. ત્રીજો સ્થંભ બેટિયાથી સાડા બત્રીશ માઇલ ઉત્તરે રામપૂર્વા ગામમાં આવેલો છે અને તેના પર સિંહની આકૃતિ છે. અલ્લાહાબાદ કોશાંબીનો સ્થંભલેખ મૂળ કોશાંબીમાં કોતરાયલ, પણ ઘણું કરીને અકબર-બાદશાહ, ફીરોઝશાહની જેમ એ સ્થંભ અલ્લાહાબાદ ખેંચી ગયો અને આજે તે અલ્લાહાબાદના કિલ્લામાં ઊભેલો છે.[૩૦] આ સ્થંભ ઉપર મુખ્ય સ્થંભલેખો ઉપરાંત 'દેવી-શાસન' અને 'કોશાંબી શાસન'ના નામે જાણીતા બનેલા બે ગૌણ સ્થંભલેખો પણ કોતરાયલા છે. સાંચી સ્થંભ-લેખ મધ્ય હિંદમાં, ભોપાલ રાજ્યમાં આવેલો છે ને તેના પર ચારે કોર સિંહની આકૃતિઓ છે. સારનાથનો સ્થંભલેખ બનારસની ૩½ માઇલ ઉત્તરે મળી આવેલ છે અને તે સ્થંભ ઉપર પણ ચારે કોર

---

'મોંગોલ આક્રમણમાંથી પરવાર્યા પછી સુલતાન ફીરોઝ દિલ્હીની પડોશમાં વારંવાર આવજા કરતો. તે પ્રસંગે તે પ્રદેશમાં તેણે અનાયાસે ઉપલબ્ધ એવા બે ભવ્ય સ્થંભો નિહાળ્યા. [ પ્રિયદર્શિનના સ્થંભોની સરેરાશ લંબાઇ ૫૦૦ થી ૬૦૦ તસુ છે અને જાડાઇ ૩૬ તસુની છે.] તેમાંનો પ્રથમ સ્થંભ ડુંગરોની વચ્ચેમાં આવેલા સધોરા અને ખીઝરાબાદ પ્રાંતમાંના ટોપ્રા ગામમાં હતો અને બીજો સ્થંભ મીરત ગામની નજીકમાં હતો. ફિરોઝશાહે એ બન્ને સ્થંભોને સ્મરણચિન્હો તરીકે સંભાળપૂર્વક દિલ્હી લઇ જવાનો નિશ્ચય કર્યો.

'તે (ટોપ્રાના) પ્રદેશના સર્વ પ્રજાજનોને અને રાજ્યની સેનાને તેણે સ્થંભની આસપાસ એકત્ર કર્યાં, અને સુંદર હથિયારો સાથેના અસંખ્ય કારીગરોએ સ્થંભનું ખોદકામ શરૂ કર્યું. ફીરોઝશાહે સેંમલ (રેશમના જેવું મુલાયમ ?)ની ગાંસડીઓ મંગાવીને તેમાંનું ? સ્થંભની ચારે કોર ઢગલાબંધ પાથરી દીધું. સ્થંભ જમીન પર ઢળી ગયા પછી ધીમે ધીમે ફની પથારી ખેંચી લેવામાં આવી. સ્થંભના પાયાની તપાસ કરતાં તળિયેથી એક ભવ્ય ચોરસ પત્થર મળી આવ્યો.

'પછી તે સ્થંભને નુકશાન ન થાય એ આશયથી તેની આસપાસ રોડાં અને કાચાં ચામડાં વીંટાળી દેવામાં આવ્યાં. સ્થંભને અનેક દોરડાં બાંધવામાં આવ્યાં ને ભારે જહેમતના પરિણામે તે સ્થંભ ૪૨ પૈડાની ગાડીમાં ગોઠવાયો. ગાડીના દરેક પૈડાને એકેક અલગ દોરડું બાંધવામાં આવ્યું અને એકેક દોરડે વીશ વીશ માણસ—એ પ્રમાણે ૮૪૦૦ માણસોથી ખેંચાતી તે ગાડી યમુના—કિનારે પહોંચી. ત્યાં સુલતાન સ્થંભના નિરીક્ષણે આવ્યો. જેથી સાત હજાર મણ વજન ખેંચતાં સંખ્યાબંધ વહાણોને એકત્ર કરવામાં આવ્યાં. ઉક્ત સ્થંભને તે વહાણો પર ચાલાકીથી સુવાડી દેવામાં આવ્યો. ત્યાંથી તે કાળજીપૂર્વક ફીરોઝાબાદ ને કુશ્કમાં લઇ જવાયો. ઠેરઠેર તે સ્થંભનો અદ્ભુત સત્કાર થયો. સુલતાનના કાબેલ સ્થપતિઓએ એકેક પગથિયું ચણીને સ્થંભને આવશ્યક ઊંચાઇએ પહોંચાડયો. પછી અનેક પ્રકારની યુક્તિઓથી તેને ધીમે ધીમે ઊભો કરવામાં આવ્યો. પછી તળિયાના ભવ્ય ચોરસ પત્થરને નીચે ગોઠવી દેવામાં આવ્યો.'

૩

(૩૦) આ સ્થંભ પર પ્રિયદર્શીના ૭ મુખ્ય સ્થંભલેખો ઉપરાંત તેના ગૌણ સ્થંભલેખોમાંથી 'દેવી-શાસન' અને 'કોશાંબી-શાસન' પણ કોતરાયલ છે તથા પાછળથી તે સ્થંભ પર સમ્રાટ સમુદ્રગુપ્ત, બીરબલ વગેરેના લેખો પણ કોતરાયલા મળી આવે છે.

કેટલાક વિદ્વાનો આ સ્થંભને અકબર કૌશાંબીથી અલ્હાબાદ ખેંચી ગયો એમ માને છે તો કેટલાક વળી અકબરને બદલે સમ્રાટ સમુદ્રગુપ્ત, ફીરોઝશાહ કે જહાંગીરનું નામ સૂચવે છે. છેલ્લે રા. સા. રી. એસ. કૃષ્ણસ્વામી ને અમલાનંદ ઘોષ તે વિવિધ મંતવ્યો પર એક વિસ્તૃત ચર્ચાત્મક લેખ લખી ( The Journal of the Royal Asiatic Society. Oct. 1935 ) એવો મત દર્શાવે છે કે પ્રિયદર્શિને જાતેજ આ સ્થંભ અલ્હાબાદમાં ઊભો કરાવરાવેલ હોવો જોઇએ, ને એમ દર્શાવીને તેઓ આ સ્થંભને 'અલ્હાબાદ-કૌશાંબી' સ્થંભને બદલે કેવળ 'અલ્હાબાદ-સ્થંભ'ના નામે ઓળખાવે છે.

આ સ્થંભ ઊપર મૂળ સિંહાકૃતિ હતી એવી દંતકથાના આધારે ઇ. સ. ૧૮૩૮ માં કેપ્ટન સ્મીથ નામે એન્જિનિયરને તે સ્થંભ ઊપર બીજા સ્થંભો અનુસાર નવી આકૃતિ બનાવવાનું કામ સોંપ્યું. પણ તે કામ, જનરલ કનીંગહામના શબ્દોમાં જ 'સોનાની થાળીમાં લોખંડની મેખ' જેવું થયું છે.

**તેની ન્યાયઘંટા**


કેટલાક જૈન ગ્રન્થોના જણાવ્યા પ્રમાણે મધ્યયુગમાં સમ્રાટ જહાંગીરે પ્રત્યેક ફરિયાદીને ન્યાય આપવાને માટે જે ન્યાયઘંટાની પદ્ધતિ અમલમાં મૂકી હતી તેની શરૂઆત કરવાનું માન પ્રિયદર્શિને ફાળે જાય છે. તેના રાજમહેલની નીચે મોટો ઘંટ બાંધેલો રહેતો અને તે ઘંટ વાગતાંજ પ્રિયદર્શી ગમે તેવા કામને પણ પડતું મૂકી છજામાં આવતો અને ફરિયાદીને ન્યાય ચૂકવ્યા પછીજ તે મહેલમાં પાછો ફરતો. આ પદ્ધતિથી સામાન્યમાં સામાન્ય માનવીને પણ ન્યાય મળતો અને લાંચ-રૂશ્વતથી ન્યાયનો નિર્મળ પ્રવાહ મુક્ત રહેતો.

**તેની મંત્રી-પરિષદ**

પોતાના ત્રીજા શિલાલેખમાં તે પોતાની મંત્રી-પરિષદ અને પોતાનાં શાસનો તેમજ રાજસૂત્રો અનુસાર 'યુક્ત' વગેરે અધિકારીઓને આજ્ઞાઓ આપવાની અને કામના ઝડપી નિકાલની તે પરિષદની કાર્યપ્રણાલીનું જે વર્ણન કરે છે તે જોતાં જણાય છે કે તેની મંત્રી-પરિષદ મોટી હોવી જોઈએ અને પ્રિયદર્શીએ તેને બહોળી સત્તાઓ સુપ્રત કરી હશે.

**તેના અધિકારીઓ અને તેની ફરજો**

આ ઉપરાંત તેના શિલાલેખોમાં તેના રાજતંત્રના યુક્ત ( ખજાનચી ), રજ્જૂક ( ન્યાયાધીશ ), પ્રાદેશિક ( મહેસુલી અધિકારી ), ધર્મયુક્ત ( ધાર્મિક પ્રવૃત્તિઓ પાછળના ખર્ચની વ્યવસ્થા જાળવનાર અધિકારી ), મહામાત્ર (મંત્રી), ધર્મમાત્રા (ધાર્મિક પ્રવૃત્તિઓ અંગેના મંત્રી), અંત-મહામાત્રા ( સરહદ પરના મંત્રીઓ ), વ્રજભૂમિક ( પશુ અને ખેતીવાડી ખાતાનો અધિકારી અથવા જંગલી કે અર્ધઅનાર્ય ભૂમિમાં ફરતા ધર્મોપદેશકો ), પુરુષ ( ધર્મપ્રચારકો ), સ્ત્રીઅધ્યક્ષ (સ્ત્રીઓના પ્રશ્નોના નિકાલ અને સ્ત્રી-ઉન્નતિ પર દેખરેખ રાખનાર અધિકારી) તેમજ નગરવિયોહાલકો ( નગરપતિઓ ) આદિ જે અધિકારીઓનું વર્ણન કરે છે તે જોતાં જણાય છે કે તેણે ધર્મને પ્રાધાન્ય આપીને નક્કર રાજતંત્ર ઘડ્યું હતું અને તેમાં વિવિધ અધિકારીઓ પોતાની ફરજ બજાવતા હતા. આ અધિકારીઓને તેણે વિશિષ્ટ સત્તાઓ સુપ્રત કરી હતી અને પાંચ પાંચ વર્ષે ફેરવણીએ નીકળવાની તેમના પર જવાબદારી લાદવામાં આવી હતી. આમાંના ધર્મમહામાત્રાઓ નામના અધિકારીઓની વિવિધ ધાર્મિક અને નૈતિક ફરજોનું તેણે પોતાના પાંચમા શિલાલેખમાં વર્ણન કર્યું છે તે જોતાં જણાય છે કે પ્રિયદર્શીએ પોતાના અધિકારીઓને કર્તવ્યશીલ બનાવીને પોતાના સામ્રાજ્યને સ્વર્ગસમું સુંદર અને સામ્રાજ્યની પ્રજાને દેવો સરખી સુખી તથા ધર્મપ્રેમી બનાવી હતી.



# સપ્તમ પરિચ્છેદ

## અમર કૃતિઓ

**સાર—**

આ પરિચ્છેદમાં–પ્રિયદર્શીએ અગાઉ હાથ ધરેલાં મૂર્તિઓ, મંદિરો, ધર્મશાળાઓ, ઉપાશ્રયો, દાનશાળાઓ, પાંજરાપોળો, દવાખાનાં, તીર્થોદ્ધાર, જળાશયો, રાજમાર્ગો આદિ સર્જન-કાર્યો પર પ્રથમ દૃષ્ટિપાત કરીને, આ બધી ધાર્મિક અને સાંસારિક કૃતિઓનાં સર્જન પાછળ પ્રિયદર્શી ધર્મપ્રગતિનો કેવો મહાન ઉદ્દેશ ધરાવે છે તે શિલાલેખીય પ્રમાણોથી દર્શાવવામાં આવ્યું છે. તે પછી ગોમ્મટેશ્વર આદિ વિરાટકાય મૂર્તિઓનું ઘડતરકામ સંપૂર્ણ થયા પછી પ્રિયદર્શીએ હાથ ધરેલું ભવ્ય સ્થંભો ઊભા કરાવવાનું કાર્ય; તેમાંથી આજે જળવાઈ રહેલા દશ લેખયુક્ત અને કેટલાક લેખરહિત સ્થંભો; રાજ્યાભિષેકના બારમા વર્ષથી સત્તાવીશમા વર્ષ લગી તેણે શિલાઓ તેમજ સ્થંભો ઉપર કોતરાવેલી સંખ્યાબંધ ધર્મલિપિઓ; તેણે દાનમાં દીધેલી સુંદર ગુફાઓ ને નેપાળ જતાં માર્ગમાં આવતાં રૂમ્મિન્ડેઈ–નિગ્લીવનાં બૌદ્ધ (?) યાત્રાસ્થાનો પ્રત્યે પણ તેણે દાખવેલી સન્માનવૃત્તિ; નેપાળમાં તેની પુત્રી ચારુમતીએ દેવપાળ વેરે કરેલાં લગ્ન ને વસાવાયલું લલિતપટ્ટણ નગર; ત્યાં પ્રિયદર્શીએ બનાવરાવેલ કેટલાક સ્તૂપો; ત્યાંથી તે કાશ્મીરના પર્યટને; તેણે કાશ્મીરમાં વસાવેલી શ્રીનગર નામે નવી રાજધાની ને બંધાવેલાં ૫૦૦ ચૈત્યો, સ્તૂપો, સ્મારકો વગેરે; ત્યાંથી પાછા ફરીને તેણે માળવા–મગધમાં પણ હાથ ધરેલું ભવ્ય સ્તૂપોનું બાંધકામ ને પરિણામે સર્જાયલા સાંચી, બારહૂત, કેસરિયા આદિ અમર સ્તૂપો; તેણે દક્ષિણે શ્વેત–સરોવર ઉપરાંત ઉત્તરે બંધાવરાવેલું કુણાલ–સરોવર ને ગિરનારના મશહૂર સુદર્શન–સરોવરનું કરેલું સમારકામ; તેમજ અવંતી અને પાટલીપુત્રની તેણે કરેલી પુનર્રચના ને ત્યાં બંધાવેલા સંખ્યાબંધ અપૂર્વ મહેલો–વગેરે હકીકતો સમાવવામાં આવી છે.

**મૂર્તિઓ, મંદિરો, ધર્મશાળાઓ, પાંજરાપોળો, જળાશયો આદિ હાથ ધરાઇ ચૂકેલાં સર્જનકામો પર દૃષ્ટિપાત**

પ્રિયદર્શીએ મૂર્તિઓનાં ઘડતરકામ તેમજ મંદિરો-ધર્મશાળાઓ વગેરેનાં બાંધકામોનું મંગલાચરણ તો જો કે વિશ્વવિજય સાધ્યા પૂર્વેજ કરી દીધું હતું, પરંતુ તેમાં ખરો વેગ તો વિજયની પાછળજ આવ્યો છે. હવે તેના સત્તા અમર્યાદિત બની હતી, મૌર્ય રાજકોશ દ્રવ્યથી ઉભરાઇ રહ્યો હતો ને હવે તેના ઉદ્દેશો કે તેણે હાથ ધરેલાં કાર્યોની આડે આવવાની અખિલ પૃથ્વી પર કોઇની તાકાત નહોતી. એટલે હવે વિશ્વભરમાં મૂર્તિઓનું ઘડતરકામ વધારે સ્ફૂર્તિથી આગળ વધવા માંડ્યું. તેમજ મંદિરો, ધર્મશાળાઓ, ઉપાશ્રયો, દાનશાળાઓ, પાંજરાપોળો, દવાખાનાં, તીર્થોદ્ધાર, જળાશયો, રાજમાર્ગો આદિ બાંધકામોમાં વિશેષ વિપુલતા અને વધારે ઝડપ આવી. અગાઉ જણાવ્યા મુજબ સવા કરોડ મૂર્તિઓ, કેટલીક વિરાટકાય પ્રતિમાઓ, સવા લાખ નવાં જિનમંદિરો, ૩૬૦૦૦ મંદિરોના જીર્ણોદ્ધાર, શત્રુંજય-ભરુચના તીર્થોદ્ધાર, ગિરનારની ટૂંક, શ્રવણબેલગોલ નગરની પ્રગતિ, ચન્દ્રગિરિ-વિન્ધ્યગિરિ પર કેટલાંક નવાં ચૈત્યો ને વિહારો, બે હજાર ઉપાશ્રયો, તેર હજાર જળાશયો તેમજ હજારો દાનશાળાઓ, ધર્મશાળાઓ, પાંજરાપોળો, દવાખાનાં, રાજમાર્ગો વગેરે પ્રિયદર્શીની કૃતિઓનું સર્જનકાર્ય વિશ્વભરમાં જાણે પોતાની અલૌકિક શક્તિથી પૃથ્વીને સ્વર્ગમાં પલટાવી રહ્યો હોય એવા અન્ય ઉત્સાહમય વેગથી આગળ વધવા લાગ્યું.

પોતાના બીજા મુખ્ય શિલાલેખમાં પ્રિયદર્શી જણાવે છે કે–'દેવાનુપ્રિય પ્રિયદર્શિ રાજાના રાજ્યમાં સર્વત્ર, તેમજ સરહદ પર તામ્રપર્ણી સુધીના ચોડ, પાંડ્ય, સતિયપુત્ર, કેરલપુત્ર વગેરે રાજાઓના મુલકમાં, અંતિયક (એંટિઓક) નામક યોન રાજાના તેમજ તેના અંતિયોકસ પડોશી છે તેમના રાજ્યમાં સર્વત્ર દેવાનાંપ્રિય પ્રિયદર્શિ રાજાએ બે પ્રકારની ચિકિત્સાઓ સ્થાપેલી છે. મનુષ્ય-ચિકિત્સા (દવાખાનાં) અને પશુ-ચિકિત્સા (પાંજરાપોળો-ઢોરોનાં દવાખાનાં) તથા જ્યાં જ્યાં મનુષ્યોના ઉપયોગની અને પશુઓના ઉપયોગની ઔષધીઓ નથી નીપજતી ત્યાં ત્યાં તે મંગાવીને રોપવામાં આવી છે. મૂળ અને ફળ જ્યાં જ્યાં નથી થતાં ત્યાં ત્યાં તે મંગાવીને રોપવામાં આવેલ છે. ધોરી માર્ગો પર પશુઓ અને મનુષ્યોના ઉપયોગને માટે કુવાઓ ખોદાવવામાં આવ્યા છે અને વૃક્ષો રોપાવવામાં આવ્યાં છે.'

**કૃતિઓ પાછળનો પ્રિયદર્શિનો ઉદ્દેશ**

આગળ જતાં પોતાના સાતમા મુખ્ય સ્થંભલેખમાં તે જણાવે છે કે–'રસ્તાઓ પર મેં વડનાં ઝાડ રોપાવેલાં છે. તે મનુષ્યોને અને પશુઓને છાંયડો આપશે. મેં આંબાવાડીઓ રોપાવેલી છે. અડધા અડધા કોસને અંતરે મેં કુવા ખોદાવેલા છે અને મેં નિષિધિઓ (આરામગૃહો-ધર્મશાળાઓ) બંધાવરાવેલ છે. મનુષ્યોના અને પશુઓના પરિભોગને માટે મેં વિવિધ સ્થળે જળાશયો બંધાવરાવેલાં છે. પરંતુ આ પરિભોગ ખરેખર સામાન્ય કોટિનો છે. કારણ કે આવાં અનેક સુખસાધનોથી તો મારી પહેલાં થઇ ગયેલા રાજાઓએ પણ મારી જ માફક લોકોને સુખી કર્યાં છે. પરંતુ મેં આમ એટલા માટે કરેલ છે કે લોકો ધર્મોચિત માર્ગને અનુસરે.'

પોતે ધાર્મિક કૃતિઓની સાથેસાથ કેવી કેવી સાંસારિક કૃતિઓમાં પણ રસ લીધો છે તે વર્ણવીને તે કૃતિઓ પાછળના પોતાના ઉદ્દેશની પ્રિયદર્શીએ આ પ્રમાણે કરેલી સ્પષ્ટતાથી તે દરેક કર્તવ્યોની પાછળ કેવી નિર્મળ ધર્મદૃષ્ટિ ધરાવતો હતો તેનો સહેજે ખ્યાલ આવી શકશે.

**વિરાટકાય પ્રતિમાઓ**

ગોમટેશ્વરની વિરાટકાય પ્રતિમાનું સર્જનકાર્ય પૂર્ણ થયા પછી પ્રિયદર્શીએ તે પ્રતિમા ઘડનાર કુશળ કારીગરોને દક્ષિણમાં જ્યાં જ્યાં એવી પ્રતિમાઓ સર્જાવવાનું શક્ય હોય ત્યાં ત્યાં તે કામે લાગી જવાની સૂચના કરી દીધી. તે

નુસાર તે કલા–કોવિદ્ શિલ્પીઓએ આજે સાતપુડા, ઢ, ભંગઢ, ત્રિપુર, કારકુલ, ગ્વાલિયર ઇત્યાદી સ્થળોને ભાવી રહેલી ભવ્ય પ્રતિમાઓ ઘડી હતી અને હવે ઓ પ્રિયદર્શી પાસેથી નવા અમર કાર્યની આશા ખી રહ્યા હતા.

**સ્થંભો ઊભા કરાવવાની પ્રિયદર્શીને મળેલી પ્રેરણા**

પ્રિયદર્શીએ હવે પોતાનું ધ્યાન સ્થંભો પ્રતિ વાળ્યું. દક્ષિણ–ભારતને તેણે જેમ વિરાટકાય મૂર્તિઓથી શોભાવ્યું હતુ તેમ હવે ઉત્તર–ભારતને તે ભવ્ય અમર સ્થંભોથી શણગારવાની ભાવના સેવવા લાગ્યો. તેણે શ્રી આર્યસુહસ્તી મહારાજ આદિ જૈનાચાર્યો પાસે વ્યાખ્યાનમાં વખતોવખત સાંભળ્યું હતું કે પૂર્વે તીર્થંકરોના સ્મરણમાં ભવ્ય માનસ્થંભો ઊભા કરાતા હતા. પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ અને બીજા તીર્થંકર શ્રી અજીતનાથના સ્મરણમાં સુરેન્દ્રાદિએ ભવ્ય રત્નમય માણુકસ્થંભો ઊભા કરાવેલા. એજ રીતે જૈન ધર્મના દિગ્વિજયની યાદમાં સ્થળે સ્થળે જયસ્થંભો પણ ઊભા કરાતા હતા. પ્રિયદર્શીએ આચાર્યો પાસેથી આવા સ્થંભોની રચનાનો વિગતવાર અભ્યાસ કર્યો. અને પછી તેણે આર્યાવર્તનાં જૈન સ્મરણસ્થાનો પર એવા ભવ્ય સ્થંભો ઊભા કરાવવાની યોજના ઘડી કાઢી.

પ્રિયદર્શીની પૂર્વે અશોક વગેરેએ કેટલાક નાના સ્થંભો કરાવ્યા હતા પરંતુ તે સ્થંભોને ભવ્યતા, અમરતા અને મનોહરતાનાં તત્ત્વો સ્પર્શી શકયાં નહોતાં. એટલે પ્રિયદર્શીએ પોતાના કુશળ કારીગરોને સ્થંભો વિષેની પોતાની ભાવનાથી સવિગત માહિતગાર બનાવ્યા અને તેઓ પોતાની કલ્પનાનુસાર અમર, મોહક, ભવ્ય અને ભક્તિપ્રેરક સ્થંભો સર્જાવી શકશે કે કેમ તે વિષે તેમનો અભિપ્રાય પૂછ્યો. ગોમ્મટેશ્વરની પ્રતિમાના ઘડનાર કારીગરોએ એવા સ્થંભો સર્જાવાની પોતાની શક્તિ વિષે પ્રિયદર્શીને ખાત્રી આપી.

થોડાજ દિવસમાં શ્રી આર્યસુહસ્તી મહારાજની સલાહથી કયાં કયાં સ્થંભો ઊભા કરવા તેનો નિર્ણય કરવામાં આવ્યો. અને તે અનુસાર આર્યાવર્તમાં સંખ્યાબંધ સ્થળોએ અમર સ્થંભો ઘડાવા લાગ્યા.

આ સ્થંભો કયારે, કેવી રીતે અને કેટલી સંખ્યામાં ઘડાયા તેનો ચોક્કસ ઇતિહાસ આજે સાંપડતો નથી. પરંતુ આજે પ્રિયદર્શીના જે સ્થંભો મળી આવે છે તે પરથી તેનો કંઇક ખ્યાલ બાંધી શકાય છે.

**પ્રિયદર્શિના સ્થંભો**

આજે હિંદમાં મળી આવતા સંખ્યાબંધ સ્થંભોમાં દિલ્હી–ટોપ્રા, દિલ્હી–મિરત, લોરિય–અરરાજ, લોરિય–નંદનગઢ, રામપૂર્વો અને અલ્હાબાદ–કૌશાંબી એ નામે ઓળખાતા ૭ સ્થંભો પર તો પ્રિયદર્શીના પોતાના લેખો છે અને ભવ્યતા તેમજ મનોહરતામાં તે એવા અજોડ છે કે તે પ્રિયદર્શીની કૃતિઓ હોવા અંગે શંકાને જરાય સ્થાન નથી. તે ઉપરાંત રામપૂર્વો, બખરા, સંકીસા ને કોસામના નામે ઓળખાતા ચાર લેખરહિત ભવ્ય–મનોહર સ્થંભો પણ પ્રિયદર્શીના પુરવાર થઇ ચૂકયા છે. તે ઉપરાંત સાંચી, સારનાથ, રૂમ્મિન્-ડેઇ ને નિગ્લીવના નામે ઓળખાતા ચાર સુંદર સ્થંભો પર પ્રિયદર્શીના પોતાના પ્રશીર્ણું લેખો કોતરાયા હોઇ તે પણ નિર્વિવાદ પણે પ્રિયદર્શીના ઠરે છે. આ રીતે ચૌદ સ્થંભો તો અચળ રીતે પ્રિયદર્શીના નામે ચડી ચૂકયા છે. અને વિશેષમાં સાંચીના સંખ્યાબંધ સ્થંભો, બારહુત–સ્થંભ, બનારસની નજીકનો લાટ–ભૈરવ સ્થંભ, તક્ષશિલા–સ્થંભ, ગાઝીપુર–સ્થંભ, બકોર–સ્થંભ અને ઉદયગિરિ–સ્થંભ આદિ મૌર્યકાલીન સ્થંભોમાંના જૈન ધર્મ, જૈન તીર્થભૂમિઓ અને જૈન સ્મારક–સ્થાનો સાથે સંકળાયેલા તથા વિશિષ્ટ જૈન ચિન્હોથી યુક્ત ઘણાખરા સ્થંભો પ્રિયદર્શીનાજ હોવાનો સંભવ છે.

તેમાંથી દિલ્હી–ટોપ્રા સ્થંભ સોળમા, સત્તરમા ને અઢારમા જૈન તીર્થંકરોની જન્મભૂમિ હસ્તિનાપુરના સ્થાને, ખીઝરાબાદ પ્રાંતમાંના ટોપ્રા ગામમાં ઊભો કરાયલ પણ ત્યાંથી ફીરોજશાહ સુલતાન તેને અયાગ્ર અમે દિલ્હી લઇ ગયો તેથી તે દિલ્હી–ટોપ્રાના નામે ઓળખાય છે. દિલ્હી–મિરતનો સ્થંભ તેરમા જૈન

તીર્થંકરની જન્મભૂમિ કાંપિલ્યપુરના સ્થાને, સંયુક્ત-પ્રાંતમાંના મિરત નગરમાં ઊભો કરાયલ પરંતુ ટોપ્રાના સ્થંભની જેમ આ સ્થંભ પણ ફીરોજશાહ દિલ્હી લઇ ગયેલ જેથી તે દિલ્હી–મિરતના નામે ઓળખાય છે. લોરિય–અરરાજ સ્થંભ ઉત્તર–બિહારમાં ઓગણીશમા અને એકવીશમા જૈન તીર્થંકરોની જન્મભૂમિ મિથિલાના સ્થાને ઊભો થયેલ; લોરિય–નંદનગઢનો સ્થંભ એ જ પ્રદેશમાં ભગવાન શ્રી મહાવીરની વિહારભૂમિના સ્મારક લેખે ઊભો થયેલ અને રામપૂર્વાના બન્ને સ્થંભો જૈન તીર્થનગરી પૃષ્ઠચંપાના સ્થાને ને ભગવાન મહાવીર-દેવના વિહારથી પવિત્ર બનેલી ભૂમિમાં ઊભા કરાયલ; અલ્હાબાદ–કૌશાંબીનો સ્થંભ મૂળ તો જ્યાં શ્રી મહાવીર-સ્વામીને ચમરેન્દ્રનો ઉત્પાત નડયો ને જ્યાં તેમણે દીર્ઘ તપશ્ચર્યાનું પારણું કર્યું તે કૌશાંબીમાં ઊભો કરાયલ પરંતુ પાછળથી સમ્રાટ સમુદ્રગુપ્ત, ફીરોજશાહ, અકબર અથવા જહાંગીર તેને અલ્હાબાદ લઇ ગયા અને આજે પણ તે અલ્હાબાદના કિલ્લામાં શોભી રહ્યો છે, એટલે તે અલ્હાબાદ–કૌશાંબીના સંયુક્ત નામે ઓળખાય છે. બખરાનો સ્થંભ શ્રી મહાવીર પ્રભુના જન્મસ્થાનકે, સંકીસાનો સ્થંભ શ્રી સુવિધિ-નાથના જન્મસ્થાનકે અને કોસામનો સ્થંભ શ્રી મહાવીર પ્રભુના ઉપસર્ગ અને પારણાથી તીર્થસ્વરૂપ બનેલી કૌશાંબીમાં રોપાયલ. સાંચીનો સ્થંભ મહાવીર પ્રભુની નિર્વાણભૂમિ, મધ્ય હિંદના ભોપાળ રાજ્યમાં સાંચી–સ્તૂપને અડીને ઊભો કરાયલ; સારનાથનો સ્થંભ સાતમા, આઠમા, અગ્યારમા અને ત્રેવીશમા જૈન તીર્થંકરોની જન્મભૂમિ બનારસની સમીપ ઊભો કરાયલ, ધાઉ–ભૈરવ સ્થંભ પણ એ જ પવિત્ર સ્થાનકે રોપાયલ. તસૂહિયા–સ્થંભ ભગવાન પાર્શ્વદેવના વિશિષ્ટ વિહાર-સ્થાને અને ભારહુત–સ્થંભ ભગવાન મહાવીરની જ્ઞાન પ્રાપ્તિના સ્થાને ઊભો કરાયલ. આ પ્રમાણે પ્રિયદર્શીના બધા ય સ્થંભો જૈન તીર્થભૂમિઓ કે સ્મારકસ્થાનોએ ઊભા કરાયલા છે. જેના જેના ઉપર સિંહાકૃતિ નજરે પડે છે–કે મૂળ [illegible] ઘણે સ્થાને શ્રી મહાવીરના જીવન પ્રસંગો સાથે સંકળા-યલ હોવાની દલીલ વિશેષ મજબૂત બને છે. આ સ્પષ્ટી-કરણ ઉપરાંત એમ પણ સમજવું રહે છે કે રૂમ્મિન્ડેઇ અને નિગ્લીવના સ્થંભોનાં સ્થાનો બહુધા બૌદ્ધ જણાય છે પરંતુ આપણે તે સ્થંભ–લેખોની ફૂટનોટોમાં પુરવાર કરી ગયા તેમજ આગળ ઉપર વર્ણવીશું તે પ્રમાણે નેપાળ–યાત્રાએ જતા પ્રિયદર્શીને આ સ્થાનેથી પસાર થવું પડતાં તેણે અહીં સ્વધર્મની ભાવનાથી પ્રેરાઇને નહિ પણ સર્વ ધર્મ પ્રત્યે સન્માનવૃત્તિના રાજધર્મને અનુસરીને આ બે સ્થંભ ઊભા કરાવેલા. એ જ પ્રમાણે તેણે આજીવિકોને પણ ત્રણ સુંદર ગુફાઓ ભેટ આપેલી.

પ્રિયદર્શીના સ્થંભોની સરેરાશ ઊંચાઈ ૫૦ ફીટ, ઘેરાવો ૫૦ ઇંચ અને વજન ૫૦ ટન જણાય છે. તે ઉપરથી આ અમર કૃતિઓની ભવ્યતાનો સહેજે ખ્યાલ આવી શકશે. લોરિય–નંદનગઢનો સ્થંભ કે જે આજે પણ મૂળ સ્વરૂપમાં જળવાઇ રહ્યો છે તેના મૂળમાં ખોદકામ કરતાં જણાઇ આવ્યું છે કે પ્રિયદર્શીના સ્થંભો સરેરાશ કે જમીનની અંદર અને કે જમીનની ઉપર, એ સ્વરૂપમાં ઊભા કરાયલા. સ્થંભને લગ ૧૯ જેટલો જમીનની અંદર રાખવા છતાં તેની નીચે પણ પાયામાં પથ્થરના ભવ્ય ચોરસા પથરાયલા છે. આ ઉપરથી પોતાની કૃતિઓને કાળનાં તોફાનો સામે અજરામર રાખવાની પ્રિયદર્શીના કારીગરોની બુદ્ધિમતાનો ખ્યાલ આવી શકશે. સ્થંભોના મૂળમાંથી મૌર્ય સમ્રાટના પ્રતીક સમી મોરની આકૃતિ મળી આવે છે, જે મૌર્ય રાજવંશ પ્રત્યેનો પ્રિયદર્શીનો ઊંડો સ્નેહભાવ સૂચવે છે. આ સ્થંભોનું દાર્શનિક સ્વરૂપ આજે પણ ભવ્ય, દેદિપ્યમાન, મનોહર અને ભક્તિપ્રેરક છે. તે જોતાં બે હજાર વર્ષ પૂર્વે જ્યારે તે ઊભા કરાયા હશે ત્યારે તે કેટલા અલૌકિક હશે તેની તો કલ્પના જ કરી રહે છે.

આ બધા સ્થંભોના મથાળે આકૃતિઓ બેસાડ-વામાં આવેલી છે. તેમાં મોટે ભાગે તો અંતિમ જૈન તીર્થંકર અને વર્તમાન તીર્થસ્વામી શ્રી મહાવીર સ્વામીના લંછનસિંહની જ એકમુખી, ચતુર્મુખી અથવા અષ્ટ-મુખી આકૃતિઓ નજરે પડે છે. જ્યાં રામપૂર્વાના લેખરહિત સ્થંભ ઉપર પ્રથમ જૈન તીર્થંકર શ્રી ઋષિ-

નાથનું લંછન વૃષભ, સંકીસાના લેખરહિત સ્થંભ ઉપર બીજા જૈન તીર્થંકરનું લંછન હસ્તી અને સારનાથના સ્થંભને મથાળે સિંહની ચતુર્મુખી આકૃતિઓ છતાં તેની અધવચમાં અનુક્રમે પહેલા, બીજા, ત્રીજા અને ચોવીશમા જૈન તીર્થંકરોનાં લંછનરૂપ વૃષભ, હસ્તિ, અશ્વ અને સિંહની આકૃતિઓ છે. સાંચી નજીકના એક લેખરહિત સ્થંભ પર નવમા જૈન તીર્થંકરનું લંછન મગરમચ્છ છે તો બીજા પર ચોદમા જૈન તીર્થંકરનું લંછન ક્રૌંચ પક્ષી છે. સાંચીના એક સ્થંભ પર ગણધરવર શ્રી ગૌતમસ્વામી સમી પ્રતિમા પણ નજરે ચડે છે. આ બધામાંથી લૌરિય-નંદનગઢનો અખંડ સ્થંભ અને બીજા વિવિધ આકૃતિઓવાળા સાત સ્થંભોના ટોચના ભાગનાં ચિત્રો આ ગ્રન્થની પાછળના ચિત્રપટોમાં આપવામાં આવ્યા છે તે ઉપરથી પ્રિયદર્શીના સ્થંભોનો યથાસ્થિત ખ્યાલ આવી શકશે.

આ સ્થંભોમાંના દિલ્હી–ટોપ્રા; દિલ્હી–મિરત, લૌરીય અરરાજ, લૌરીય-નંદનગઢ, રામપુર્વા ને અલ્હાબાદ–કૌશાંબી નામથી જાણીતા

**વિવિધ ધર્મલિપિઓ** છ મુખ્ય સ્થંભો ઉપર પ્રિયદર્શીએ 'મુખ્ય સ્થંભલેખો' ના નામે મશહુર બનેલી પોતાની સાત ધર્મલિપિઓની એકેક નકલ કોતરાવી છે. તદુપરાંત અલ્હાબાદ–કૌશાંબીના સ્થંભ ઉપર તેણે દેવી–શાસન ને કૌશાંબી–શાસનના નામે જાણીતા બે ગૌણ–સ્થંભલેખો પણ કોતરાવ્યા છે. આ બધી ધર્મલિપિઓ તેણે રાજ્યાભિષેકના છવ્વીશમા–સત્તાવીશમા વર્ષે કોતરાવેલી. સાંચી અને સારનાથના સ્થંભો ઉપર તેણે જૈન ભિક્ષુક–ભિક્ષુણીઓને શ્વેત વસ્ત્રો ધારણ કરવાની સલાહ આપતા લેખો કોતરાવ્યા છે. આ બંને શાસનો મુખ્ય સ્થંભલેખોથી એકાદ બે વર્ષ મોડે કોતરાયાં હશે એમ જણાય છે. રૂમ્મિનદેઇ ને નિગ્લીવના સ્થંભો તેણે બૌદ્ધ તીર્થસ્થાનો પ્રત્યેની પણ પોતાની સન્માન દૃષ્ટિ દાખવવાને રાજ્યાભિષેકના વીશમા વર્ષે ઉભા કરાવેલા અને તે જ વર્ષમાં તે સ્થંભો ઉપર તેણે તે અંગેના નાના સ્મારક લેખ કોતરાવ્યા. તે ઉપરાંત વિવિધ સ્થળે શિલાઓ કે પર્વતો ઉપર તેણે 'મુખ્ય શિલાલેખો'ના નામે જાણીતી બનેલી પોતાની ચૌદ ધર્મલિપિઓની એકેક નકલ કોતરાવી, જેમાંથી ગિરનાર, કાલ્સી, શાહબાઝગઢી, મન્શેરા, ધૌલી, જગૌડા ને સોપારા એ સાત સ્થળે આજે પણ એ ધર્મલિપિઓ અખંડ અથવા ખંડિત હાલતમાં મળી આવે છે. વિશેષમાં રૂપનાથ, સહસ્રામ, વૈરાટ, કલકત્તા–વૈરાટ, બ્રહ્મગિરિ, સિધ્ધાપુર, જટીંગ–રામેશ્વર ને મસ્કી એ આઠ સ્થળે તેના ગૌણ શિલાલેખો મળી આવે છે. તેમાંથી કલકત્તા–વૈરાટના શિલાલેખમાં તેણે બૌદ્ધ સંઘને મોકલાવેલો શુભેચ્છાનો સંદેશ છે, મસ્કીમાં પોતે અશોકની અનુમતિથી ઉપાસક બન્યાની હકીકત છે, અને બાકીના શિલાલેખોમાં પોતે શ્રાવક બન્યા પછી દોઢ વર્ષે ધર્મપ્રવૃત્તિમાં પરોવાયો, અઢી વર્ષે સંઘયાત્રામાં જોડાયો ને તે દરમિયાન તેણે વિશ્વભરમાં (સાધુઓ–દેવમૂર્તિઓ) ફેલાવ્યા તે વર્ણવવા સાથે નૈતિક ફરજોનું આલેખન કરવામાં આવ્યું છે. આ બધા શિલાલેખો બહુધા તેના રાજ્યાભિષેકના બારમા–તેરમા વર્ષે કોતરાયા છે.

**ગુફાઓ** સાધુ–ભિક્ષુકને નિવાસ માટે તેણે અનેક સુંદર ગુફાઓ પણ ભેટ આપી જણાય છે. તેમાં સર્વ ધર્મ સન્માનવૃત્તિમય પોતાના સ્વભાવને અનુસરીને તેણે જૈનેતરોને પણ કેટલીક ગુફાઓ ભેટ આપી જણાય છે. તેમાં આજીવિકોને તેણે ભેટ આપેલી ત્રણ ગુફાઓમાં તો આજે પણ શિલાલેખીય પ્રમાણો સાંપડે છે. આ ત્રણે ગુફાઓ ગયાથી પંદર માઇલ ઉત્તરે બરાબરગિરિમાં આવેલી છે. આ ગુફાઓને કોરાવીને તેને વસવાટને યોગ્ય સુંદર બનાવવાનું કાર્ય પ્રિયદર્શીનું જ જણાય છે. એ ત્રણ ગુફાઓમાંની પહેલી ગુફા પ્રિયદર્શીએ પોતાના રાજ્યાભિષેકના બારમા વર્ષે, બીજી ગુફા વીશમા વર્ષે અને ત્રીજી ગુફા ઓગણીસમાં વર્ષે આજીવિકોને ભેટ આપી હતી. એ જ પ્રમાણે પ્રિયદર્શીના પુત્ર દશરથે પણ બરાબરગિરિ નજીકની નાગાર્જુન ટેકરીમાં આવેલી ત્રણ ગુફાઓ આજીવિકોને

ભેટ આપ્યાનાં શિલાલેખીય પ્રમાણો સાંપડે છે. તે જોતાં જણાય છે કે પ્રિયદર્શીની સર્વધર્મસન્માન દૃષ્ટિ તેના વારસોમાં પણ ઊતરી આવી હતી.

રાજ્યાભિષેકને પંદરેક વર્ષ વીતતાં પહેલાં તો પ્રિયદર્શી આર્યાવર્ત અને દક્ષિણનાં લગભગ બધાંજ તીર્થોની સંઘયાત્રા કરી ચૂકયો હતો;

**રૂમ્મિન્ડેઇ-નિગ્લીવ**

અને પ્રસંગોપાત તે ત્યાં ફરી ફરીને પણ દર્શને જતો. કેટલાંક તીર્થોની તો પ્રતિ વર્ષે યાત્રા કરવાનું તેણે વ્રત લીધું હતું. પણ હજી લગી વિરલ તીર્થોનાં અમર ધામ સમાં નેપાળ ને કાશ્મીરની સંઘયાત્રા–ધર્મયાત્રાએ જવાની તક તેને નહોતી સાંપડી. તે બંને દેશોમાં પોતાની સેના સાથે તે વિજયયાત્રાએ ગયો હતો, તે બંને દેશોનાં પાટનગર પર તેણે પોતાના વિજયધ્વજ ફરકાવ્યા હતા અને બંને દેશોમાં તેણે યશસ્વી યુદ્ધવિજય પ્રાપ્ત કર્યો હતો, પરંતુ તેનું પ્રધાન ધ્યેય યુદ્ધ વિજયનું નહિ પણ ધર્મવિજયનું હતું. પોતાના તેરમા મુખ્ય શિલાલેખમાં તે જણાવે છે કે—'ધર્મવિજય એજ દેવાનુપ્રિયનો મુખ્ય વિજય છે.' નેપાળ અને કાશ્મીરમાં આ વિજય હજી સંપૂર્ણ સિદ્ધ નહોતો થયો. એટલે રાજ્યાભિષેકના વીશમા વર્ષે તે નેપાળની સંઘયાત્રા–ધર્મયાત્રાએ ચાલ્યો.

માર્ગમાં રૂમ્મિન્ડેઇ (લુંબિનીવન[1]) ને નીગ્લીવ (નિગાલી–સાગર) નામક બે બૌધ્ધ તીર્થસ્થળો આવતાં હતાં. તેમાંના પહેલા સ્થાને હેલ્લા બુદ્ધ ગૌતમ શાકયમુનિ જન્મ્યા હતા ને બીજું સ્થળ ગૌતમબુદ્ધની પૂર્વેના ત્રીજા બુદ્ધ કનકમુનિનું સ્મારકતીર્થ હતું. પ્રિયદર્શી સર્વ ધર્મો પ્રત્યે સન્માનભાવ ધરાવતો હતો અને તેમાં પણ બૌદ્ધ ધર્મને તો તેના પિતામહે રાજધર્મ તરીકે સ્થાપ્યો હતો એટલે તે ધર્મ પ્રત્યે શકય હદે કૃપાદૃષ્ટિ દાખવવી તે તેની ફરજ હતી. એ ફરજને અનુસરીને તેણે પોતાના રાજ્યાભિષેકના ચૌદમા વર્ષે જ્યારે કોનાકમન (કનકમુનિ) બુદ્ધનો સ્તૂપ જીર્ણ થઇ ગયેલો ત્યારે બૌધ્ધ સંઘની વિનંતિને માન આપી તેણે તે સ્તૂપને સમરાવીને બેવડો મોટો બનાવેલો. આજે તે નિગાલી સાગરની નજીક આવેલા કોનાકમન બુદ્ધનો સ્મારકસ્તૂપ તેમજ ગૌતમબુદ્ધના જન્મસ્થાનક લુંબિનીવનની નજીકથી પસાર થતાં તે, એમ બંને સ્થળે સ્થંભો ઊભા કરાવ્યા અને પોતાના આઠમા મુખ્ય શિલાલેખમાં તે ધર્મયાત્રા દરમિયાન પોતાની મુખ્ય પ્રવૃત્તિઓ તરીકે જે દર્શન, દાન, ધર્મોપદેશ ને ધર્મચર્ચાનો નિર્દેશ કરે છે તે અનુસાર કેટલુંક દાન દીધું.

આ ધર્મયાત્રામાં પ્રિયદર્શીની સાથે તેનાં મહત્ત્વના સંબંધીઓમાં તેની પ્રિય પુત્રી ચારુમતી પણ હતી. તેઓ બધાં થોડા સમયમાં નેપાળમાં જઇ પહોંચ્યાં.

નેપાળમાં તે વખતે વૃદ્ધ રાજપિતા સ્થુંકો અને યશસ્વી પુત્ર દેવપાળનું શાસન ચાલતું હતું. રૂપગુણમાં દેવપાળ તે યુગના કોઇપણ

**દેવપાળ–ચારુમતીનાં લગ્ન**

રાજકુમારની સરસાઇ કરી શકે તેવો હતો, અને તેના શૌર્યની તો નેપાળ પરના આક્રમણ પ્રસંગે પ્રિયદર્શીએ સ્વયં પ્રશંસા કરી હતી. પ્રિયદર્શીએ તેને પોતાના પ્રથમ દરજ્જાના માંડલિક અને મિત્રનૃપતિની પંક્તિમાં ગણીને તેના પ્રભાવશાળી વ્યક્તિત્વને ઉચિત સન્માન પણ આપ્યું હતું.

પ્રિયદર્શી નેપાળમાં ધર્મયાત્રાએ આવતો હોવાના સમાચાર મળતાં સ્થુંકો અને દેવપાળ તેનો સત્કાર કરવા સામે ગયા. પ્રિયદર્શીનું તેમણે રાજરાજેન્દ્રને યોગ્ય

---

[1] [illegible] ... નં. ૪ માં પૃ. ૧૦ માં ... નં. ૫ માં આપી છે ... [illegible] ... [illegible] ... પૃ. ૧૧૮–૧૦૫–૧૦૬–૧૧૦ ... [illegible]

• [illegible]

ભવ્ય સ્વાગત કર્યું. પ્રિયદર્શીએ તેમની સાથે ફરીને નેપાળમાં વિરલ ધર્મ તીર્થોની યાત્રા કરી.

— એક પ્રસંગે પ્રિયદર્શીની પુત્રી ચારુમતીએ ત્યાં એક રમણીય પ્રદેશમાં બાણુવિદ્યા અજમાવવાને પોતાના ભવ્ય ધનુષ્યમાંથી દૂર તાકીને બાણુ છોડયું. તે બાણુ ક્યાં પહોંચ્યું છે તેની તપાસ કરાવતાં તેને જણાયું કે તે બાણુ એકાદ માઇલ છેટે એક જંગી વૃક્ષમાં ઊતરી ગયું છે; પરંતુ સાથે જ તે લોખંડનું બાણુ પત્થરના રૂપમાં ફેરવાઇ ગયું છે. ચારુમતીએ જાતે તપાસ કરી અને તેને આ ચમત્કારની ખાત્રી થતાં તે આશ્ચર્યચકિત બની ગઇ. તે આ પ્રદેશને દેવભૂમિ માની બેઠી અને તેણે આજીવન ત્યાં જ વસવાની અફર ભાવના દર્શાવી. પ્રિયદર્શીએ જોયું કે પુત્રી પોતાના નિશ્ચયમાં ફરે તેમ નથી એટલે તેણે તરતજ દેવપાળ વેરે ચારુમતીનાં લગ્ન કરી નાંખ્યાં અને ચારુમતી હંમેશાં આ રમણીય પ્રદેશમાં વસી શકે તે માટે તેણે ત્યાં એક ભવ્ય નગર વસાવવાની યોજના ઘડી.

તે યોજનાના અમલમાં દેવપાળ અને ચારુમતીએ મહત્ત્વનો ફાળો નોંધાવ્યો. દેવપાળે પોતાની રાજધાની આ નવા નગરમાં ફેરવવાની તત્પરતા દર્શાવી, જ્યારે ચારુમતીએ નગરની રચના પર જાતિ દેખરેખ રાખીને તેને ભવ્ય મનોહર અને કલામય બનાવવાની ભાવના સેવી. આ રીતે પ્રિયદર્શી, ચારુમતી અને દેવપાળના સંયુક્ત પ્રયત્નથી નેપાળની નવી લલિત રાજધાની લલિતપટ્ટણનો જન્મ થયો. દેવપાળે આપેલી ભૂમિની સગવડતા, પ્રિયદર્શીએ આપેલી દ્રવ્યની સાનુકૂળતા અને ચારુમતીના લલિત દર્શનથી થોડાજ સમયમાં લલિતપટ્ટણ અમરાવતીની જેમ શોભવા લાગ્યું. પ્રિયદર્શીએ ત્યાં કેટલાંક ચૈત્યો, સ્તૂપો, અને વિહારો બંધાવ્યાં. તેનું બાંધકામ એવા કુશળ કલાકારોને હાથે થયું કે બબે હજાર વર્ષો વીતવા છતાં આજે પણ એ સ્તૂપોનાં ભવ્ય મનોહર અવશેષો વિશ્વના પ્રવાસીઓને આકર્ષી રહ્યાં છે.

**લલિતપટ્ટણની સ્થાપના અને ભવ્ય સ્તૂપો-ચૈત્યો-વિહારોનું બાંધકામ**

ત્યાંથી પ્રિયદર્શી કાશ્મીરની યાત્રાએ ચાલ્યો. કાશ્મીરમાં તે સમયે તેનો કુમાર જાલૌક સૂબાપદે હતો. તે પિતાને સત્કારવાને સામે આવ્યો. પ્રિયદર્શી તેને સ્નેહથી ભેટી પડ્યો. ત્યાં પ્રિયદર્શીએ પુત્રની સાથે કાશ્મીરના મનોહર રમણીય પ્રદેશોમાં ફરીને સુંદર તીર્થોની યાત્રા કરી.

**કાશ્મીરમાં શ્રીનગરની સ્થાપના અને સુંદર સ્તૂપો, ચૈત્યો, વિહારો તેમજ સરસ્વતી-મંદિરનું સર્જન**

ખીણના અલૌકિક વિસ્તારમાં તેણે જાલૌકને માટે એક મનોહર પાટનગર વસાવવાની ભાવના સેવી. અને તે ભાવનાનુસાર આજ લગી પણ કાશ્મીરની રાજધાની તરીકે જળવાઇ રહેલા શ્રીનગરની સ્થાપના થઇ. પછી તો પ્રિયદર્શીના અલૌકિક પ્રભાવથી તે નગરનું બાંધકામ અતિ ઝડપે આગળ વધ્યું. પ્રિયદર્શીએ ત્યાં ૫૦૦ સુંદર જિનચૈત્યો તેમજ કેટલાક ભવ્ય સ્તૂપો અને વિહારો બંધાવ્યા. તે ઉપરાંત શ્રીનગરમાં તેણે ભારતીય વિદ્યાના કેન્દ્ર સમા સરસ્વતી-મંદિરની સ્થાપના કરી. તે પછી તે સરસ્વતી-મંદિર સૈકા લગી ભારતીય વિદ્વાનો અને પરદેશી પ્રવાસીઓનું યાત્રધામ રહ્યું. સરસ્વતીનો નિવાસ એ મંદિરમાં જ મનાવા લાગ્યો. પ્રિયદર્શીએ વિશ્વભરની અલૌકિક વિદ્યાઓ, અલભ્ય ગ્રન્થો અને સુંદર કલા-સાહિત્ય સામગ્રીનો ત્યાં સંગ્રહ કરાવ્યો. પરિણામે એ સરસ્વતી-મંદિરની કીર્તિ વિશ્વભરમાં પથરાઇ વળી અને તે મંદિરનાં દર્શન ન કર્યાં હોય એવો પુરુષ કવિ, વિદ્વાન કે પંડિતના બિરુદને પણ અપાત્ર ગણાવા લાગ્યો. ત્યાં પ્રિયદર્શીએ સ્થાપિત કરેલી સરસ્વતીની મૂર્તિ જ્ઞાન અને કલાના પ્રતીક તરીકે મનાવા લાગી. કાલિદાસ સમા કવિવરોને પણ એ મંદિરનાં દર્શને દોડવું પડ્યું હતું. શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યને જ્યારે સિદ્ધહેમ વ્યાકરણની રચના કરવી હતી ત્યારે તેમને જોઇતી સાહિત્ય-સામગ્રી આ મંદિરમાંથી જ મળી આવી હતી. આ રીતે ભારતીય કલા, સાહિત્ય, સંસ્કાર,

સંસ્કૃતિ ને વિદ્યાના ધામ સમું એ સરસ્વતી–મંદિર સૈકાઓ લગી વિશ્વને જ્ઞાન કલાનો નિર્મળ પ્રકાશ અર્પતે મુસ્લિમ આક્રમણ કર્તાઓને હાથે નષ્ટ બન્યું. આજે તો પ્રિયદર્શિનું એ સરસ્વતી–મંદિર તથા તેના સ્તૂપો, ચૈત્યો, વિહારો આદિના ભગ્નાવશેષો જ નજરે ચડે છે.

કાશ્મીરથી પાછા ફરીને પ્રિયદર્શીએ માળવા અને મગધમાં પણ ભવ્ય અમર સ્તૂપો બંધાવવાનું કામ હાથ ધર્યું. આ કાર્યક્રમમાં તેણે કેટલા સ્તૂપો બંધાવ્યા તેનો ચોક્કસ આંક કાઢવો મુશ્કેલ છે, પરંતુ ભગવાન મહાવીરની જન્મભૂમિમાં નંદનગઢ–કેસરિયાના સ્તૂપો, તેમને જ્યાં કેવળજ્ઞાન ઉપજ્યું તે સ્થાન પરનો ભારહુત-સ્તૂપ અને ભગવાન મહાવીરનું નિર્વાણ થયું તે સ્થળનો સાંચી–સ્તૂપ તો પ્રિયદર્શીની કૃતિઓના અમર અલૌકિક અવશેષો તરીકે આજે પણ પુરાતત્ત્વવિદોને આકર્ષી રહ્યા છે. આ ઉપરાંત સંભવિત છે કે જે બીજા પણ મૌર્યકાલીન સ્તૂપોના અવશેષો જે આજે મળી આવે છે તે પહાડપુર આદિ સ્તૂપો પણ પ્રિયદર્શીની કૃતિઓ હોય. વળી બનવા યોગ્ય છે કે તેના કેટલાય સ્તૂપો કાળબળે નષ્ટ થયા હોય ને કેટલાકના અવશેષો આજ લગી પણ ન મળી આવ્યા હોય.

**પહાડપુર–સ્તૂપ**

પહાડપુર–પુન્નુવર્ધન એ અતિ પ્રાચીન કાળથી જૈન પ્રજાનું કેન્દ્ર લેખાતું આવ્યું છે. અશોકે ત્યાં બુદ્ધ મૂર્તિનું અપમાન કરવા માટે આજીવિકોની કતલ કરાવી હતી, અને સંભવિત છે કે તેમાં જૈનોનો પણ કેટલોક ભોગ લેવાયો હોય. તે જૈનોનું મહત્ત્વનું યાત્રાધામ મનાતું હતું. ચીની બૌદ્ધ પ્રવાસી હુએન્સાંગ પણ કબૂલે છે કે—'પુન્નુવર્ધનમાં વધારે પ્રમાણ જૈનોનું છે. જૈન–નિગ્રન્થ સાધુઓની સંખ્યા પણ વિશેષ છે. જિનચૈત્યો પણ વધારે છે. તેમનાથી બીજે નંબરે એ બ્રાહ્મણોનાં ચૈત્યો છે. બૌદ્ધ વિહારો તો ૨૦ છે.'

આવા મહત્ત્વના જૈન કેન્દ્રમાં પ્રિયદર્શી સ્તૂપ બંધાવવાને આકર્ષાય તે સહજ છે. તાજેતરમાં તે સ્તૂપનું ખોદકામ થતાં * તેમાંથી ભિન્ન ભિન્ન યુગનાં અનેક અવશેષો મળી આવેલ છે પરંતુ મૂળ બાંધકામની દૃષ્ટિએ તો તે મૌર્યકાલીન જૈન સ્તૂપ જણાય છે. તેમાંથી ત્રણ ફીટ ઊંચી, ચરણ–પીઠિકારૂઢ તીર્થંકરની પ્રતિમા મળી આવેલ છે. તેમજ પાછલા યુગના (ગુપ્ત સંવત ૧૫૯) એક લેખમાં એક બ્રાહ્મણ–દંપતીએ ત્યાંના જૈન વિહારમાં, આર્હત મંદિરમાં સુખડ, ધૂપ, દીપક વગેરેને માટે દાન આપ્યાનો નિર્દેશ છે.

ભગવાન મહાવીરની જન્મભૂમિ ક્ષત્રિયકુંડની આસપાસમાં તો સ્તૂપો અને સ્થંભોની હારમાળ પથરાઈ ગઈ છે. તેમાંની મોટા ભાગની કૃતિઓ તો પ્રિયદર્શિની જ આભારી છે. તેમાંથી તેના પાંચ સ્થંભો (લૌરિય–અરરાજ, લૌરિય–નંદનગઢ, રામપૂર્વાના બે અને બખારા) નું અવલોકન તો આપણે ઉપર કરી ગયા. છીએ હવે નંદનગઢ તેમજ કેસરિયાના સ્તૂપો પર દૃષ્ટિપાત કરી લઈએ.

**નંદનગઢ–કેસરિયાના સ્તૂપો**

નંદનગઢની નજીકમાં ચાર સ્તૂપો મળી આવેલ છે. તે સ્તૂપોનું ખોદકામ થતાં તેમાંથી ભિન્ન ભિન્ન યુગનાં અનેક અવશેષો મળી આવ્યાં છે પરંતુ મૂળ બાંધકામની દૃષ્ટિએ તો તે મૌર્યકાલીન જૈન સ્તૂપો જણાય છે. આ પ્રદેશ ભગવાન મહાવીરસ્વામીના જન્મ અને વિહારથી પવિત્ર બનેલો હોઈ પ્રિયદર્શી અહીં સંખ્યાબંધ સ્તૂપો બંધાવવાને આકર્ષાય તે સ્વાભાવિક છે.

નંદનગઢના ઉપર દર્શાવેલ ચાર સ્તૂપોમાંથી એક નાના સ્તૂપમાં પાછલા યુગની કેટલીક બૌદ્ધ નિશાનીઓ મળે છે, પણ તેને બાદ કરતાં આ સ્તૂપોમાં જૈન લક્ષણો જ પ્રધાનપદે રહે છે. આ સ્તૂપોમાંથી મથુરાના જૈન સ્તૂપમાં મળી આવે છે એવી પ્રાચીન દેવી–મૂર્તિઓ પણ મળી આવેલી છે. એટલે આ સ્તૂપોને જૈન ધર્મના તેમજ તે મૌર્યકાલીન હોઈને પ્રિયદર્શીની કૃતિઓ ગણીએ તો તેમાં અસંભવિત જેવું કંઈ નથી.

---

*આ સંબંધમાં વિસ્તૃત અહેવાલ 'Memoirs of the Archaeological Survey of India No. 55. Excavations at Paharpur' માંથી મળી શકે છે.

રિયાનો સ્તૂપ પણ નંદનગઢના સ્તૂપોની નજીકમાં
ાવ્યો છે. આ સ્તૂપને શ્રી રાધાકુમુદ મુકરજી સમા
એ પણ પ્રિયદર્શીની કૃતિ તરીકે માન્ય રાખેલ છે.
પ્રિયદર્શીના ઉપરોક્ત સ્તૂપો જેમ ભગવાન
રસ્વામીની જન્મભૂમિ સાથે સંકળાયલા છે તેમ
ત અને સાંચીના તેના વિશ્વવિખ્યાત સ્તૂપો
ાનની જ્ઞાનભૂમિ અને નિર્વાણભૂમિ સાથે સંકળાયલ
ાનો પૂરતો સંભવ છે.

ભારહૂત-સ્તૂપનાં અવશેષો અલ્હાબાદથી જબલ-
રને માર્ગે ૧૨૦ માઇલ ઉત્તર-પૂર્વે પથરાયલા

**ભારહૂત-સ્તૂપ**

પડયા છે. આપણે આ ગ્રન્થના ત્રીજા ખંડના પ્રથમ પરિચ્છેદમાં પુરવાર કરી ગયા તેમ આ સ્થળની લગભગમાં જ ભગવાન મહાવીરસ્વામીને કેવળજ્ઞાન ઉપજ્યું હતું. એટલે સંભવિત છે કે મહાવીરસ્વામીની જ્ઞાનપ્રાપ્તિ પછી તરતના યુગમાં જ તે સ્મરણીય સ્થળે સ્તૂપ ચણાયો હોય. પણ તે સ્તૂપને, આજે પણ જેનાં સુંદર અવશેષો વિશ્વના કલાપ્રેમીઓને આકર્ષી રહ્યા છે એવો ભવ્ય, અમર, મનોહર ને કલામય સ્તૂપ બનાવવાનું માન તો પ્રિયદર્શિને ફાળે જ નોંધાય છે.

સાંચી વગેરે જૈન સ્તૂપોની જેમ આ સ્થળે પણ ભગવાન મહાવીરસ્વામીના ગર્ભપ્રવેશનું દશ્ય કોતરાયલું છે અને અજાતશત્રુ આદિ જૈન નૃપતિઓ ભગવાન મહાવીરસ્વામીને વાંદવા જઇ રહ્યા છે એવા ભાવાર્થનાં લેખયુક્ત દશ્યો પણ ત્યાં મળી આવે છે. સ્તૂપની નજીકમાં જ જ્ઞાનભૂમિના અમર સ્મારક તરીકે એક માનસ્થંભ ઊભો કરાયલો છે, જે આજે ભારહૂત-સ્થંભના નામે ઓળખાય છે.

આશ્વિની અમાવાસ્યાની રાત્રે ભગવાન મહાવીર-સ્વામી મધ્યમ અપાપામાં જ્યારે નિર્વાણ પામ્યા ત્યારે

**સાંચી સ્તૂપ**

વિશ્વના ભાવદીપક સમા તે દેવને આ પૃથ્વી પરથી આથમી ગયા માની કાશી-કોશલના અઢાર નૃપતિઓએ તેમના સ્મરણમાં દ્રવ્યદીપક પ્રગટાવ્યા ને ત્યારથી દીપોત્સવી પર્વની શરૂઆત થઇ. ધીમે ધીમે તે પર્વ માળવાથી આગળ વધીને અખિલ ભારતવર્ષનું મહાપર્વ બન્યું. તે પછી મ. સં. ૧૫૫માં સિંહાસને આવેલો મૌર્ય સમ્રાટ ચન્દ્રગુપ્ત જ્યારે એ સ્મરણીય પુનિત સ્થાનનાં દર્શને આવ્યો ત્યારે તેણે તે નાના સુંદર સ્તૂપને જીર્ણ થયેલો નિહાળી તે સ્થળે મ. સ. ૧૬૨ માં ભવ્ય અમર સ્તૂપ ચણાવ્યો, જેનાં અવશેષો આજે પણ જળવાઇ રહ્યાં છે. આ રીતે સાંચીના મૂળ ભવ્ય સ્તૂપનું માન સમ્રાટ ચન્દ્રગુપ્તને ફાળે જાય છે. પરંતુ તેને ભવ્ય સ્થંભો, કલામય કઠેરાઓ, રમણીય કોતરકામો ને પ્રવેશદ્વારનાં તોરણો તથા નાના નાના મનોહર સ્તૂપોની હારમાળાથી અલંકૃત કરીને અલૌકિક બનાવવાનો યશ તો સમ્રાટ પ્રિયદર્શીના જ ફાળે આવે છે.

શ્રી આર્યમહાગિરિ અને આર્યસુહસ્તી આચાર્ય જ્યારે આ સ્થળનાં પ્રથમ દર્શને જાય છે ત્યારે તેનો નિર્દેશ 'વિદિશા' નામથી જ થયેલો છે. તે પરથી એમ માનવાને કારણ રહે છે કે પ્રિયદર્શીએ આ સ્તૂપને અલંકૃત કર્યો પૂર્વે તે વિદિશાની નજીકમાં જ આવેલો હોઇ વિદિશા-સ્તૂપના નામે ઓળખાતો હશે. પણ જ્યારે પ્રિયદર્શીએ એ મુખ્ય સ્તૂપનો જીર્ણોધ્ધાર કરાવી તેની આસપાસ કલામય કઠેરાઓ અને ભવ્ય સ્થંભોથી શોભતાં સિંહદ્વારો બનાવરાવ્યાં, મુખ્ય સ્તૂપમાં જેમ શ્રી મહાવીરસ્વામીનાં અવશેષો જળવાઇ રહ્યાં હતાં તેમ તેમના ગણધરો અને પ્રધાન શિષ્યોનાં ભસ્માવશેષો ભિન્ન ભિન્ન સ્થળેથી એકત્ર-સંચિત કરી તે પર ફરતા સ્તૂપો બનાવરાવ્યા; મનોહર મૂર્તિઓ અને અપૂર્વ ચૈત્યોથી તેણે તે સ્થળને શોભાયમાન બનાવ્યું ત્યારે તે સ્થળ સાંચી-સંચય-સમ્મઉરીના નામે ઓળખાવા લાગ્યું.

પ્રિયદર્શિને બૌધ્ધ ધર્માવલંબી અશોક માનત કેટલાક વિદ્વાનો સાંચીના અવશેષોને બૌધ્ધ ઠરાવવા પ્રયત્ન કરે છે પરંતુ આ ગ્રંથમાં આપણે પુરવાર ક રહ્યા છીએ તેમ પ્રિયદર્શી એ બૌધ્ધ ધર્માવલંબી અશો નહિ પરંતુ જૈન ધર્માવલંબી સંપ્રતિનું ઉપનામ છે સાંચીની સમગ્ર કૃતિઓ પણ જૈન ધર્મની જ દ્યોતક

તેના પુરાવા રૂપે પ્રિયદર્શી જૈન સમ્રાટ હતો એટલું જ નહિ, પરંતુ આપણે ત્રીજા ખંડના પ્રથમ પરિચ્છેદમાં વર્ણવી ગયા તે પ્રમાણે ત્યાંથી મળી આવતી સંખ્યાબંધ જિનમૂર્તિઓ, સ્પષ્ટપણે જૈન જણાતા કેટલાક સ્તૂપો, જિનચૈત્યોનાં અવશેષો, ઐતિહાસિક જૈન પ્રસંગો સાથે સંકળાયલાં કોતરકામો, લેખોમાંના જૈન પારિભાષિક શબ્દો, જૈન અવશેષ-લેખો, પ્રિયદર્શીએ જ્ઞાતપુત્રના ભિક્ષુઓ અને ભિક્ષુણીઓને શ્વેત વસ્ત્રો ધારણ કરવાની વિનંતિ રૂપે મુખ્ય સ્થંભ પર કોતરાવેલો શ્વેતાંબર સંઘનો વિજયલેખ, ભિન્ન ભિન્ન લેખોમાં મળી આવતાં અનેક જૈન ધર્મવીરોનાં નામો, તથા તે સ્તૂપ મૂળ સ્વરૂપમાં જૈન હોવાની પરંપરાગત પ્રાચીન માન્યતા આદિ પ્રમાણો, પ્રિયદર્શીથી સ્વતંત્રપણે પણ આ સ્તૂપને જૈન ઠરવવાને પૂરતાં થઇ પડે તેમ છે. ફાહિયાન અને હુએન-સાંગ સમા નામાંકિત ચીની બૌદ્ધ પ્રવાસીઓએ પોતાની નોંધોમાં ભારતવર્ષના બધા જ બૌદ્ધ સ્તૂપોનો વિગતવાર પરિચય કરાવ્યો છે પણ તેમાં સાંચી અને ભારહુતનું નામ નથી નોંધાયું તે જોતાં જણાય છે કે આ બંને સ્તૂપો સદીઓ લગી જૈન સ્તૂપો તરીકે ઓળખાયલા. પરંતુ જૈન અને બૌદ્ધ વિશિષ્ટતાઓનું વર્ગીકરણ કરવાને અશક્ત યુરોપીય સંશોધકોએ જૈન ધર્મને જેમ બૌદ્ધ ધર્મના એક પેટા ભાગ રૂપે ઠરવી દીધેલો તેમ અનેક જૈન અવશેષોને પણ તેમણે બૌદ્ધ ધર્મ સાથે સાંકળી દીધેલા. પણ હવે તેઓ જેમ બૌદ્ધ ધર્મથી સ્વતંત્રરૂપે જૈન ધર્મનું અસ્તિત્વ સ્વીકારતા થયા છે તેમ વખત જતાં તેમને પ્રિયદર્શી અને તેની કૃતિઓનું જૈનત્વ પણ માન્ય રાખવું જ પડશે છે.

પ્રિયદર્શીએ બંધાવેલાં અન્ય સરોવરોમાં તો આજે દક્ષિણમાં શ્રવણબેલગોલનું શ્વેત-સરોવર અને ઉત્તરે હિમાલયનું કુણાલ-સરોવર એ બે જ સરોવરોની નોંધ મળે છે. સુદર્શન

સરોવરો

સિવાય ગિરનાર તળેટીમાં મૌર્ય સમ્રાટ ચન્દ્રગુપ્તે બંધાવેલ અને અશોકે અધૂરૂં મૂકેલા વિશ્વવિખ્યાત સુદર્શન સરોવરનું સમારકામ પણ તેને હાથે થયું છે. ખૂબીની વાત એ છે કે આ ત્રણે સરોવરો તીર્થ-પર્વતોને અડીને આવેલાં છે.


શ્રવણબેલગોલનું શ્વેત-સરોવર વિન્ધ્યગિરિ અને ચન્દ્રગિરિ નામે ટેકરીઓની વચ્ચે શ્રવણ-બેલગોલ નગરની મધ્યમાં આવેલું છે. આ ટેકરીઓ પર અંતિમ જૈન શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામી તેમજ તેમના શિષ્ય પ્રભાચન્દ્ર ( મૌર્ય સમ્રાટ ચન્દ્રગુપ્ત ) પંચત્વ પામેલા હોઇ પ્રિયદર્શીએ આ ટેકરીઓને તીર્થનું સ્વરૂપ આપ્યું, ત્યાં ચૈત્યો બંધાવ્યાં, ગોમ્મટેશ્વર આદિ પ્રતિમાઓ સ્થાપી, બંને ટેકરીઓની વચ્ચે નગર વસાવ્યું અને તે નગરની મધ્યમાં આ સરોવર બંધાવરાવ્યું. સરોવરનું પાણી સ્વચ્છ રૂપેરી રંગનું હોઇને તેમજ તે સરોવરની સાથે શ્વેતાંબર સંઘનું અમર નામ સંકલિત કરવાની પ્રિયદર્શીની ઇચ્છા હોઇને તેણે તે સરોવરને શ્વેત-સરોવર નામ આપ્યું.

પ્રિયદર્શીએ હિમાલય-પ્રદેશમાં બંધાવરાવેલા કુણાલ-સરોવરની ચોક્કસ ઓળખ આપવી મુશ્કેલ છે પરંતુ તે સરોવરની નોંધો 'અંગુત્તર નિકાય', 'મનોરથ પૂરણી' તથા 'પરમાર્થ દીપિકા' આદિ શાસ્ત્રીય ગ્રન્થોમાં મળી આવે છે. પ્રિયદર્શીએ પોતાના પિતાની યાદમાં તે સરોવરને કુણાલ-સરોવર નામ આપેલું.

સુદર્શન-સરોવરની પ્રશસ્તિના પૂર્વભાગમાં તેનું સમારકામ કરાવનાર મહાન નૃપતિનું નામ તો કોતરી ગયું છે પરંતુ તે પ્રશસ્તિમાં ઉપરાંતમાં વિગતો, તે નૃપતિની અહિંસા વૃત્તિ, તેના પુરોગામીઓ તેમજ તેણે મેળવેલા દિગ્વિજય અને ધર્મવિજય આદિના તેમાં ઘણા નિર્દેશનું અવલોકન કરતાં જણાય છે કે એ સરોવર મૌર્ય સમ્રાટ ચન્દ્રગુપ્તે બંધાવરાવ્યું હતું, અશોકના સમયમાં તે અપૂર્ણ બન્યું હતું અને અતિવૃષ્ટિથી તેનો બાંધ તૂટી જતાં પ્રિયદર્શીએ તે સમરાવરાવ્યું હતું.

**પાટલીપુત્ર-અવંતીની શોભા**

વસુધાપટને અમર કૃતિઓથી અલંકૃત કરનાર નૃપતિએ પોતાના સામ્રાજ્યની કીકીઓ સમાં પાટલીપુત્ર અને અવંતીને અમરાવતીની જેમ શણગાર્યો હોય તેમાં નવાઇ પામવા જેવું કંઇજ નથી. તેના શિલાલેખોમાં વિવિધ સ્થળનાં તેના અંતઃપુરોનો નિર્દેશ થયેલો છે તે જોતાં જણાય છે કે તેણે અનેક નગરોમાં સુંદર મહેલો બંધાવરાવ્યા હશે. તે જોતાં પાટલીપુત્ર અને અવંતીના મહેલોની કેવળ કલ્પના જ કરવી રહે છે. આજે પણ પાટલીપુત્ર-ઉજ્જયિનીનાં ખોદકામોમાં જે મૌર્યકાલીન અવશેષો મળી આવે છે તે પ્રિયદર્શીનાં અદ્‌ભુત મહેલો અને મનોહર ચૈત્યોનું વિહંગ-દર્શન કરાવે છે. પાટલીપુત્રમાંથી તો તેની ભવ્ય ટંકશાળનાં અવશેષો પણ મળી આવે છે. પાટલીપુત્ર તેના સામ્રાજ્યનું શીશ હતું, અને અવંતી તેનું હૃદય હતું. એ બંનેની સુંદરતા પર તેના સામ્રાજ્યની શોભા અવલંબેલી હતી. એટલે એ બંને નગરોને તેણે જે મનોહર કૃતિઓથી શણગાર્યાં હશે તેનું સ્પષ્ટ દર્શન આપણે અમરાવતીની કલ્પનામાંથી જ મેળવી શકીએ. જ્યાંસુધી મૌર્ય સામ્રાજ્ય પૂર્વ હિંદમાં જ વિસ્તરેલું હતું ત્યાં લગી તેના પાટનગર તરીકે પાટલીપુત્ર સુઘટિત હતું. પરંતુ તે સામ્રાજ્ય વસુધાના મોટા ભાગ પર પથરાઇ વળતાં પાટનગરને ભારતના હૃદય સમા અવંતીમાં ફેરવવાનું આવશ્યક બન્યું હતું. ધાર્મિક દૃષ્ટિએ પણ અવંતીજ કેન્દ્ર હતું. એટલે પ્રિયદર્શી પાટનગરને ત્યાં ફેરવવાની ભાવના સેવી રહ્યો હતો તે મહુતરીએ તેણે અવંતીને તો અમરાપુરી જ બનાવી દીધી. તેની પછી અઢીસો વર્ષે થયેલો મહાકવિ કાલિદાસ એ અલૌકિક નગરીનું જે મુગ્ધ વર્ણન કરે છે તે જોતાં જણાય છે કે પ્રિયદર્શીના અવંતીની જગતમાં જોડ નહોતી, એટલું જ નહિ પરંતુ પ્રિયદર્શીની પછી પણ કોઇ નૃપતિ એની જોડ જન્માવી શક્યો નથી અને હવે પછી જન્માવશે કે કેમ તે પણ એક શંકા છે.



# અષ્ટમ પરિચ્છેદ

## ધર્માશોક અને વિશ્વકલ્યાણ

સાર—

આ પરિચ્છેદમાં—મગધના નૃપતિઓની અશોક શબ્દ પ્રત્યેની અભિરુચિ અને સંપ્રતિ-પ્રિયદર્શીનું ધર્માશોક બિરુદ; ભારતના અઠ્ઠાવીશ વિવિધ સ્થળે રહી, આજે મળી આવતી તેની છત્રીશ ખંડિત-અખંડિત વિવિધ ધર્મલિપિઓ; તે ધર્મલિપિઓનું સ્વરૂપ; તે ધર્મલિપિઓમાં વ્યક્ત થએલ અહિંસા, સત્ય, શીલ, વિવેક, ભાવશુદ્ધિ, વચનગુપ્તી, દાન, શુશ્રૂષા, સેવા, ધર્મસહિષ્ણુતા આદિ ધર્મોપદેશ; ધર્મપ્રચારના પ્રિયદર્શીએ અપનાવેલા વિવિધ માર્ગો; તેના ધર્મમહામાત્રાઓ અને તેમની ફરજો; દેશીઓ પ્રત્યેની પ્રિયદર્શીની ઉદાર વલણ; તેના ધર્મવિજયનું વિશિષ્ટ સ્વરૂપ; પ્રિયદર્શીની ધર્મયાત્રા-સંઘયાત્રા; ધર્મવૃદ્ધિને માટે તેણે ફરમાવેલાં નિયમનો; પ્રજામાં ધર્મસહિષ્ણુતા કેળવવાની તેની ઉત્સુકતા; તેની વિશ્વકલ્યાણકારી ભાવના, ધર્મલિપિઓમાં વ્યક્ત થયેલી પ્રિયદર્શીની પોતાની, તેના રાજકર્મચારીઓની, મંત્રી-પરિષદની, પ્રજાની અને પ્રિયદર્શીના વંશજોની ફરજો; દાન, વૃત્તિઓ અને કર્મોનો નિર્દેશ; ધર્મલિપિઓમાં વિવિધ પ્રકારે વ્યક્ત થતો પ્રિયદર્શીનો જૈન ધર્મ; પ્રિયદર્શીએ પાટલીપુત્રથી અવંતીમાં કરેલી પાટનગરની ફેરબદલી; દીપોત્સવી-પર્વનો મહિમા; સાંચી-સ્તૂપમાં દીપોત્સવ દ્વારમાળા; અવંતી-સુકુમાલ અને અવંતી-પાર્શ્વનાથનું મંદિર—આદિ હકીકતો ક્રમવાર આપી છે.

દક્ષિણના કેટલાક બૌદ્ધ ગ્રન્થોને અનુસરીને ઘણા ખરા વિદ્વાનો 'ધર્માશોક' એટલે બૌદ્ધ સમ્રાટ 'ચંડાશોક' એમજ માની બેઠા છે.

### ધર્માશોક

પણ આપણે જો અશોક શબ્દ પર સર્વગ્રાહી નજર દોડાવીશું તો આપણને સહેજે જણાઇ આવશે કે 'ધર્માશોક' એ સંપ્રતિ યાને પ્રિયદર્શીનું ઉપનામ છે.

પાછલા યુગમાં અવંતીપતિઓએ જેમ 'વિક્રમાદિત્ય' નામને પસંદગી આપેલી તેમ પ્રાચીનકાળમાં મગધપતિઓ 'અશોક' નામને પસંદગી આપતા હતા, અને ગ્રન્થકારો એક અશોકની બીજા અશોક સાથેની ભિન્નતા દર્શાવવાને ખાતર તે અશોક શબ્દની આગળ, તે તે નૃપતિના સ્વભાવને યોગ્ય વિશેષણ મૂકતા હતા. આ રીતે બુદ્ધ સંવત ૧૦૦ (ઇ. સ. પૂ. ૪૪૩) માં મગધના સિંહાસને વિરાજતો અશોક પોતાનાં કુટિલ અને કાળાં કૃત્યોને કારણે 'કાળાશોક'ના નામે ઓળખાયો છે. બુદ્ધ સંવત ૨૧૮ (ઇ. સ. ૩૨૬)માં મગધના સિંહાસને ચડનાર 'અશોક' પોતાની પ્રચંડ તાકાત અને ક્રૂર સ્વભાવના કારણે 'ચંડાશોક' ના નામે મશહૂર બન્યો છે, અને તે પરથી પરદેશી નોંધોમાં તે 'સેન્ડ્રેકોટસ' ના નામે ઓળખાયો છે. એ જ રીતે ચંડાશોકની પછી મગધનો તાજ ધારણ કરનાર સંપ્રતિ–પ્રિયદર્શીએ 'અશોક' ના પરંપરાગત નામને પસંદગી આપી હોય ને તે પોતાની ધાર્મિક વૃત્તિના પરિણામે 'ધર્માશોક' ના નામે ઓળખાયો હોય તો તે સહજ છે.

કેટલાક બૌદ્ધ ગ્રન્થો એમ જણાવે છે કે, "અશોક પોતાની પૂર્વાવસ્થામાં ક્રૂર સ્વભાવના કારણે 'ચંડાશોક'ના નામે ઓળખાયલો, પરંતુ બૌદ્ધ ધર્મનો સ્વીકાર કરીને તે ધર્મમાર્ગે વળતાં ઉત્તરાવસ્થામાં તેને 'ધર્માશોક' નું બિરુદ મળ્યું." પરંતુ એકજ નૃપતિને માટે પરસ્પર વિરોધી એ વિશેષણો જેમ અસંગત ગણાય તેમ કાશ્મીર અને તિબેટની ઐતિહાસિક નોંધો પણ આ બૌદ્ધ વિધાનને ખોટું ઠરવે છે. કાશ્મીરના મશહૂર ઐતિહાસિક ગ્રન્થ 'રાજતરંગિણી'માં જણાવેલું છે કે, "ધર્માશોકે શ્રીનગરની સ્થાપના કરીને ત્યાં ૫૦૦ જિનચૈત્યો બંધાવ્યાં." તેમજ તિબેટીયન ઇતિહાસકાર તારાનાથ જણાવે છે કે "મગધપતિ અશોકે ૫૪ વર્ષ શાસન ચલાવ્યું" આ બંને વિધાનો બૌદ્ધ સમ્રાટ ચંડાશોકને લાગુ નહિ પરંતુ જૈન સમ્રાટ સંપ્રતિ યાને પ્રિયદર્શીને લાગુ પડે છે. આ સંયોગોમાં આપણે એ સહેજે સ્વીકારી લેવું જોઇએ કે 'ધર્માશોક' એ સંપ્રતિ યાને પ્રિયદર્શીનું બિરુદ છે. અને તે તેનાં વિવિધ ધર્મકાર્યો અને ઊંડી ધર્મવૃત્તિને આભારી છે.

ઉપરનાં કારણોમાં વર્ણવી ગયા મુજબ ધર્મ[illegible] સાધવાને માટે તેમજ વિશ્વની સમસ્ત પ્રજાઓ[illegible] કલ્યાણને માટે તેણે આ[illegible]

### ધર્મલિપિઓ

રેલ ધર્મયાત્રા–તીર્થયાત્રા; સંઘયાત્રાની પ્રવૃત્તિ; [illegible] મૂર્તિઓનું ઘડતરકામ; જિનમંદિરો, ઉપાશ્રયો, ધર્મશાળાઓ, સ્તૂપો આદિનું બાંધકામ તથા અનાર્ય દેશોમાં પણ ધર્મપ્રચારને માટે સાધુઓનો [illegible] વગેરે તેનાં ધર્મકાર્યો તો અલૌકિક ઝડપે આગળ વધી જ રહ્યાં હતાં, અને પૃથ્વીને સ્વર્ગીય સૌન્દર્ય, પ્રભુતા અને ભક્તિથી અલંકૃત કરી રહ્યાં [illegible] પરંતુ સાથોસાથ તેણે ઉપરોક્ત બધાં કાર્યો કે કૃતિ[illegible] કાળબળે કદાચ નષ્ટ થાય કે વીસરાઇ જાય તો કાળનો પ્રવાહ જેને ભૂંસી ન શકે એવી ધર્મલિપિઓ કોતરાવવાની શરૂઆત કરી. આ ધર્મલિપિઓ [illegible] કોતરાવવાની શરૂઆત કરી. આ ધર્મલિપિઓ [illegible]દર્શીએ ક્યાં અને કેટલી કોતરાવરાવી હશે [illegible] ચોક્કસ નિર્ણય બાંધવો મુશ્કેલ છે, પરંતુ [illegible] જુદાં જુદાં ૨૮ સ્થળે થઇ તેની ભિન્ન ભિ[illegible] પ્રકારની ૩૬ ધર્મલિપિઓ મળી આવે છે તેનું [illegible]લોકન કરતાં જણાય છે કે પ્રજાઓનાં કલ્યા[illegible] ખાતર પ્રિયદર્શીએ ભારતના ખૂણેખૂણામાં સુધ[illegible] ધર્મશાસનો કોતરાવરાવ્યાં હતાં. આ ધર્મલિપિઓ[illegible] જળવાઇ રહેલા સમયનિર્દેશ પરથી જણાય છે રાજ્યાભિષેકના બારમા વર્ષે તેણે ધર્મલિપિઓ કો[illegible]વવાની શરૂઆત કરી હતી અને આજે મળી[illegible] તેનું ઊભું ધર્મશાસન રાજ્યાભિષેકના સત્તાવીસ[illegible]

વર્ષે કોતરાયલ હોય, તેની તે પ્રવૃત્તિ ઓછામાં ઓછી પંદર વર્ષ લગી તો ચાલુ હતી.

તેની ૩૬ ધર્મલિપિઓમાં ૧૪ મુખ્ય શિલાલેખો, ૨ ભિન્ન શિલાલેખો, ૪ ગૌણ શિલાલેખો, ૭ મુખ્ય સ્થંભલેખો, ૬ ગૌણ સ્થંભલેખો ને ૩ ગુફાલેખો છે. આમાંના ચૌદ મુખ્ય શિલાલેખોની ખંડિત–અખંડિત નકલો ગિરનાર, કાલ્સી, શાહબાઝગઢી, મન્શેરા, સોપારા, ધૌલી અને જગૌડા એમ સાત સ્થળે મળી આવે છે. આ ચૌદ મુખ્ય શિલાલેખોમાંના તેરમા લેખમાં કલિંગ પરના વિજયનું વર્ણન હોઇને કલિંગની હદમાં આવેલાં ધૌલી-જગૌડાનાં સ્થળે મુખ્ય શિલાલેખોમાંથી નં. ૧૧–૧૨–૧૩ રદ કરીને તેને સ્થળે બીજા બે ભિન્ન શિલાલેખો કોતરાવવામાં આવ્યા છે. ગૌણ શિલાલેખો રૂપનાથ, સહસ્રામ, વૈરાટ, કલકત્તા–વૈરાટ, મસ્કી, બ્રહ્મગિરિ, સિદ્દાપુર અને જટીંગ–રામેશ્વર એમ આઠ સ્થળોચિત નામે ઓળખાય છે પણ તેમાંથી રૂપનાથ, સહસ્રામ ને વૈરાટના લેખો એકબીજાને મળતા આવે છે તથા બ્રહ્મગિરિ, સિદ્દાપુરને જટીંગ–રામેશ્વરના લેખો એકમેકને સમાન છે એટલે વિવિધતાની દૃષ્ટિએ તો ગૌણ શિલાલેખો ચાર જ ગણાય. સાત મુખ્ય સ્થંભલેખોની નકલો દિલ્હી–ટોપ્રા, દિલ્હી–મીરત, લૌરીય–અરરાજ, લૌરીય–નંદનગઢ, રામપુર્વાને અલ્હાબાદ–કૌશાંબી એ છ સ્થળોચિત નામક સ્થંભો પર મળી આવે છે અને તેમાંથી દિલ્હી–ટોપ્રા સિવાયના અન્ય સ્થંભો પરના લેખો બહુધા ખંડિત છે. રાણી–શાસન, કૌશાંબી–શાસન, સાંચી, સારનાથ, રૂમ્મિન–દેઈ ને નિગ્લીવ એ નામે જાણીતા ધરેલા ૭ ગૌણ સ્થંભલેખોમાંના પ્રથમ બે અલ્હાબાદ–કૌશાંબીના મુખ્ય સ્થંભ પર કોતરાવેલા છે અને બાકીના ચાર તે તે સ્થળસૂચક સ્થંભ પર કોતરાયા છે. ત્રણ ગુફાલેખો બરાબરગિરિની ત્રણ ગુફાઓમાં કોતરાવેલા છે.

આ ધર્મલિપિઓમાં પ્રિયદર્શીએ ધર્મોપદેશ, ધર્મપ્રચાર, ધર્મવિજય, ધર્મયાત્રા, ધર્મમંગલ, ધર્મનિયમનો, ધર્મસ્થિતિ, ધર્મમંગલ, દાન, અહિંસા–પશુપક્ષીની વિવિધ વિષય બેલાની, ચિકિત્સા, રાજનીતિ, રાજકર્મચારીઓની અને પ્રજાની ફરજો આદિનું ધર્મશાસનના સ્વરૂપમાં દિગ્દર્શન કરાવ્યું છે.

**ધર્મોપદેશ**

પ્રિયદર્શીની પ્રત્યેક ધર્મલિપિમાં એક યા બીજા પ્રકારનો ધર્મોપદેશ પ્રધાનપદે રહે છે. પહેલા શિલાલેખમાં તે હિંસક મેળાઓ સામે પ્રતિબંધ મૂકીને પ્રજાને ધર્મોત્સવો ઉજવવાની સલાહ આપે છે. ત્રીજા શિલાલેખમાં તે અપરિગ્રહના ઉપદેશ સાથે બ્રાહ્મણો, ગુરુજનો, વડીલો શ્રમણો આદિ પ્રત્યે સન્માન અને ઔદાર્ય દાખવવાની સલાહ આપે છે. ચોથા શિલાલેખમાં તે અહિંસા, શીલ, વિવેક આદિની વૃદ્ધિ પર ભાર મૂકે છે, તો સાતમામાં તે સંયમ, ભાવશુદ્ધિ, અનાસક્તિ કૃતજ્ઞતા ને દૃઢભક્તિની આવશ્યકતા વર્ણવે છે. દશમામાં તે ત્યાગ અને ધર્મપરાક્રમનો ઉપદેશ આપી પ્રજાને પરિશ્રમથી બચવાની સલાહ આપે છે તો અગ્યારમામાં તે અહિંસા, દાન, સેવા, શુશ્રૂષા, ધર્મસંસ્તવન આદિ પર ભાર મૂકે છે. બ્રહ્મગિરિના ગૌણ શિલાલેખમાં તે સત્ય, સેવા, શુશ્રૂષાને મહત્ત્વ આપે છે. પ્રથમ સ્થંભલેખમાં તે સર્વ ક્રિયાઓ ધર્મમાર્ગે આદરવાની શિખામણ આપે છે. બીજા સ્થંભલેખમાં તે દયા, દાન, સત્ય, શૌચ, અલ્પાશ્રવ આદિ પર ભાર મૂકે છે. ત્રીજા સ્થંભલેખમાં તે આત્મપરીક્ષા–હૃદયમંથનનો ઉપદેશ આપે છે, અને આશ્રવથી બચવાની શિખામણ આપે છે. ચોથામાં તે દાન અને તપ પર ભાર મૂકે છે તો સાતમામાં ભાર અને દ્રવ્યને માર્ગે વિવિધ પ્રકારે ધર્મવૃદ્ધિ થાયવાનો ઉપદેશ આપે છે.

**ધર્મપ્રચાર અને ધર્મમહામાત્રાઓની ફરજ**

ધર્મપ્રચારને માટે પ્રિયદર્શીએ બીજા માર્ગો પણ વાપર્યા છે. ચોથા મુખ્ય શિલાલેખમાં તે વિમાન, હાથી, અગ્નિસ્કંધ આદિ દિવ્ય રૂપોનાં પ્રજાને દર્શન કરાવીને તેને ધર્મમાર્ગે આકર્ષવાનો કાર્યક્રમ વર્ણવ્યો છે. તે પ્રથમમાં તેણે રાજ્યનિયુક્ત તેમાં જ ધર્મપ્રચારને માટે નીમેલા 'ધર્મમહામાત્રો' નામના

વિશિષ્ટ અધિકારીઓનો પરિચય કરાવીને તે શિલાલેખમાં તેમજ સાતમા મુખ્ય સ્થંભલેખમાં તેમની ફરજો વર્ણવે છે. પ્રિયદર્શી અધિકારીઓ પાસેથી કેવી રીતે કામ લેતો હતો અને ધર્મપ્રચાર માટે તે કેટલો ઉત્સુક હતો તથા તેના હૃદયમાં વિશ્વકલ્યાણની કેવી મંગલ ભાવના વિકસેલી હતી તેનો પરિચય આપણને આ તેના વિશિષ્ટ અધિકારીઓની ફરજનું અવલોકન કરવાથી સહેજે આવી શકશે. પ્રિયદર્શી જણાવે છે કે :—

'પૂર્વે ઘણા વખતથી ધર્મના મહામાત્રાઓ નીમાતા નહોતા. મારા રાજ્યાભિષેકને તેર વર્ષ થતાં મે ધર્મમહામાત્રાઓ નીમ્યા. તેમને ધર્મ સ્થાપવાને માટે, ધર્મ વધારવાને માટે અને યોન, કંબોજ, ગાંધાર કે પશ્ચિમ સરહદના બીજા પ્રદેશોમાં પણ રહેલા ધર્મિષ્ઠ માનવોનાં હિતસુખને માટે સર્વ પાખંડો (ધર્મો) માં કામે લગાડેલા છે. તેઓ નોકરી કરતા બ્રાહ્મણો અને વૈશ્યોના તથા અનાથો અને વૃધ્ધોનાં હિતસુખનું તેમજ ધર્મિષ્ઠ લોકોને બંધનમાંથી મુક્ત કરવાનું કામ કરી રહ્યા છે. તેઓ, કેદીઓ જો સંતાનવાળા હોય તો તેમને નાણાંની મદદ આપવાનું, તેમને (કેદીઓને) કનડગત થતી હોય તો બંધનમુક્ત કરવાનું અને તેઓ (કેદીઓ) જો વૃદ્ધ હોય તો તેમને છોડી મૂકવાનું કાર્ય કરે છે. તેઓ અહીં અને બીજાં સર્વ નગરોમાં, મારા ભાઇ, ભગિની કે સગાંઓનાં અંતઃપુરમાં સર્વત્ર જોડાયલા છે. તેઓ, મારા રાજ્યમાં સર્વત્ર જે ધર્મિષ્ઠ માણસો ધર્મના જિજ્ઞાસુ કે દાનશીલતાવાળા હોય તેની સાથે જોડાયલા છે. મારા ધર્મમહામાત્રાઓ પણ અનુગ્રહને લગતાં વિવિધ કાર્યોમાં પરોવાયલા છે. સાધુઓ અને ગૃહસ્થોમાં તથા સર્વ ધર્મોમાં પણ તે કામ કરી રહ્યા છે.'

કેદીઓ પ્રત્યેનું પ્રિયદર્શીનું વલણ આજની પ્રગતિશીલ રાજસત્તાઓ કરતાં પણ વધારે ઉદાર જણાય છે.

**કેદીઓ પ્રત્યેની ઉદાર વલણ**

ઉપર ધર્મમહામાત્રાઓની ફરજોમાં કેદીઓ પ્રત્યેના સદ્વર્તનનો સમાવેશ થાય છે તે ઉપરાંત પોતાના ચોથા મુખ્ય સ્થંભલેખમાં તે જણાવે છે કે—'આપની સમતા અને દંડની સમતા ઇચ્છવા યોગ્ય છે. વળી મારો હુકમ તો એટલે સુધી પણ છે કે જે લોકો બંધનમાં બંધાયલા હોય, જેમની સજાનો ચુકાદો થઇ ચૂક્યો હોય અને જેમનો વધ થવાનો હોય તેમને મારા તરફથી ત્રણ દિવસની મહેતલ આપવી. તે મુદ્દતમાં કાંતો તેમનાં સગાં સંબંધીઓ તેમની જિંદગી બચાવી લેવાને માટે તેમને (અધિકારીઓને) તેમનો દંડ ઓછો કરવાની વિનંતિ કરશે અને એવી વિનંતિ કરવાને કોઇ ન હોય એવા સંયોગોમાં તેઓ (કેદીઓ) પારલૌકિક હિતને માટે દાન આપશે અથવા ઉપવાસ કરશે. કેમકે મારી ઇચ્છા એવી છે કે મહેતલ પુરી થતાં પહેલાં તેઓ પરલોકના સુખને મેળવવાનો યત્ન કરે અને લોકમાં વિવિધ પ્રકારનાં ધર્માચરણો, આત્મસંયમ અને દાનશીલતા વધતાં પામે.'

સાતમા સ્થંભલેખમાં ધર્મપ્રચારને માટે પોતે ધર્મસ્થંભો ઊભા કરાવ્યા છે, ધર્મમહામાત્રાઓ નીમ્યા છે અને ધર્મશાસનો લખાવ્યાં છે તે વર્ણવીને તે ધર્મવૃદ્ધિને માટે ધર્મશ્રવણો (જ્ઞાન) અને ધર્માનુષ્ઠાન (ક્રિયા) ના માર્ગ સૂચવે છે અને તેની ખીલવણીમાં પોતે નોંધાવેલો ફાળો વર્ણવે છે.

પ્રિયદર્શીએ રાજવંશની કીર્તિ અને સામ્રાજ્યના રક્ષણને ખાતર જો કે વિશ્વવિજય તો સાધ્યો છે, પરંતુ

**ધર્મવિજય**

તે વિશેષ મહત્ત્વ તો ધર્મવિજયને જ આપે છે. તેરમા શિલાલેખમાં કલિંગ પર યુદ્ધવિજય મેળવતાં ત્યાં થયેલ સંહાર અને હાનિને પરિણામે પોતાને ઉપજેલ ગ્લાનિ વર્ણવીને જણાવે છે કે, 'ધર્મવિજય એ જ દેવાનુપ્રિયનો મુખ્ય વિજય છે.' અને આગળ જતાં પોતે એવો વિજય ક્યાં ક્યાં પ્રાપ્ત કર્યો છે તે સૂચવીને અધિકારીઓને કલિંગની પ્રજા પ્રત્યે પિતાની જેમ વર્તવાની અને બાહ્ય વિજય કરતાં ધર્મવિજયને પ્રાધાન્ય આપવાની સલાહ આપે છે.

પ્રિયદર્શી પોતાના ચોથા સ્થંભલેખમાં જણાવે છે તેમ તેણે ધર્મપ્રચાર અને ધર્મવિજયને માટે ધર્મમહા-

...માત્રાઓ ઉપરાંત 'પુરુષ' સંજ્ઞાવાચક અધિકારીઓની પણ નિમણુક કરી હતી અને રૂપનાથ આદિ ગૌણ શિલાલેખોમાં તે જણાવે છે તે પ્રમાણે તેણે સમસ્ત જંબૂદ્વીપની પ્રજાઓમાં દેવો (સાધુઓ)ના વિહારની વ્યવસ્થા કરી હતી.

**ધર્મયાત્રા-સંઘયાત્રા**

પ્રિયદર્શી પોતાના ધર્મલિપિઓમાં ધર્મવિજયના માર્ગમાં ધર્મયાત્રા–તીર્થયાત્રા–સંઘયાત્રાનું પણ મહત્ત્વ આંકે છે. રૂપનાથ વગેરે ગૌણ શિલાલેખોમાં તે શ્રાવક બન્યા પછી અઢી વર્ષે સંઘયાત્રાદિ પ્રવૃત્તિમાં જોડાયાનો નિર્દેશ કરે છે જ્યારે આઠમા મુખ્ય શિલાલેખમાં તે રાજ્યાભિષેકના દસમા વર્ષે પોતે કરેલી તીર્થયાત્રા–સંઘયાત્રા–ધર્મયાત્રાનું વર્ણન કરતાં માર્ગમાં પોતે કઈ રીતે દાન, દર્શન, ધર્મોપદેશ, ધર્મચર્ચા આદિ પ્રવૃત્તિઓને અનુસરતો તેનો ખ્યાલ કરાવે છે.

**ધર્મનિયમનો**

પોતાના હાથમાં રાજસત્તા હોઈ પ્રિયદર્શીએ ધર્મવિજયની સિદ્ધિને માટે કેટલાંક ધર્મનિયમનો પણ કરેલાં. તેમાં પહેલા મુખ્ય શિલાલેખમાં વર્ણવ્યા પ્રમાણે રાજ્યાભિષેકના બારમા વર્ષે તેણે પ્રાણીવધ, માંસાહાર, હિંસક મેળાઓ વગેરે પર અંકુશ મૂક્યો હતો જ્યારે પાંચમા સ્તંભલેખમાં તે જણાવે છે તેમ રાજ્યાભિષેકના છવ્વીસમા વર્ષે તેણે અનેક પ્રાણીઓને અભયદાન આપી તેમના વધ સામે પ્રતિબંધ મૂક્યો હતો અને અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા આદિ પર્વદિવસોએ સંપૂર્ણ અહિંસાપાલનનો કાયદો કર્યો હતો.

**ધર્મ-સહિષ્ણુતા**

પ્રજામાં ધાર્મિક સહિષ્ણુતા કેળવવાને માટે પણ પ્રિયદર્શીએ પોતાની ધર્મલિપિઓમાં મહત્ત્વનો ફાળો નોંધ્યો છે. [illegible] બારમા મુખ્ય શિલાલેખમાં તેણે અન્યને ધાર્મિક સહિષ્ણુતા કેળવવાને માટે વિવિધ પ્રકારે ઉપદેશ દીધો છે [illegible]

" અસ્થાને પોતાના ધર્મની પ્રશંસા કે પારકા ધર્મની નિન્દા ન કરવી જોઈએ, અથવા તે તે પ્રસંગે માધ્યસ્થ્ય જાળવવું જોઈએ... દરેક પ્રસંગે પારકા ધર્મનું સન્માન જાળવવું જોઈએ... દેવાનુપ્રિયની ઇચ્છા આમ છે કે બધા ધર્મો બહુશ્રુત અને કલ્યાણ સાધક બને." કલકત્તા–બૈરાટના શિલાલેખમાં તેણે બૌદ્ધ સંઘને મોકલાવેલો શુભેચ્છાનો સંદેશો પણ તેની ધાર્મિક સહિષ્ણુતાની સાક્ષી પૂરે છે. પોતાના સાતમા મુખ્ય સ્તંભલેખમાં પણ તેણે ભારતના વિવિધ ધર્મો અને ધાર્મિક સહિષ્ણુતાનો નિર્દેશ કર્યો છે.

પ્રિયદર્શી પોતાના ત્રીજા, પાંચમા અને છઠ્ઠા મુખ્ય શિલાલેખમાં, કલિંગના દ્વિતીય શિલા શાસનમાં, ચોથા મુખ્ય સ્તંભ-લેખમાં તેમજ સારનાથ આદિ ગૌણ સ્તંભલેખોમાં પોતાની, રાજકર્મચારીઓની અને મંત્રી-પરિષદની વિવિધ ફરજોનું વર્ણન કરે છે.

**રાજા, રાજકર્મચારીઓ અને મંત્રી-પરિષદની ફરજો**

પોતાની ફરજોમાં પ્રજાનું આલોક-પરલોકનું હિત વિચારવું અને ગમે તે સંયોગોમાં પણ પ્રજાકીય અને રાષ્ટ્રીય સંયોગોથી પ્રતિક્ષણ માહિતગાર રહેવું અને દરેક કામોના સુંદર ઉકેલની યોગ્ય વ્યવસ્થા કરવી આદિ કર્તવ્યોનો સમાવેશ થાય છે. મંત્રી-પરિષદની ફરજોમાં રાજાજ્ઞાઓનું યોગ્ય પાલન કરાવવું, કામનો ઝડપી નિકાલ લાવવો, અધિકારીઓને ઉચિત આજ્ઞાઓ મોકલાવી આપવી વગેરેનો સમાવેશ થાય છે. તેમજ રજ્જુક, પ્રાદેશિક, યુક્ત, ધર્મયુક્ત, મહામાત્ર, ધર્મમહામાત્ર, અંત-મહામાત્ર, વ્રજભૂમિક, પુરુષ, સ્ત્રી-અધ્યક્ષ, નગરવ્યાવહારક આદિ અધિકારીઓની ફરજોમાં પાંચ પાંચ વર્ષે પોતાના વિભાગમાં [illegible] નીકળવું-પ્રવાસ [illegible] ધર્મદર્શન [illegible] ધર્મનું [illegible] કરવાં, ધર્મસહિષ્ણુતા કેળવવી અને ન્યાય તેમજ [illegible] [illegible] સમાવેશ થાય છે.

**પ્રજાની અને વંશજોની ફરજો**

પ્રિયદર્શીએ પોતાની ધર્મલિપિઓનો મોટો ભાગ ઊગતી પ્રજાની વિવિધ નૈતિક ફરજો વર્ણવવામાં રોકયો છે. તેમાં તેણે માતાપિતાની સેવા, ગુરુ-બ્રાહ્મણ-શ્રમણ આદિ પ્રત્યે સન્માન ને ઉદારતા, પ્રાણીઓ પ્રત્યે દયા, નાનાંઓ પ્રત્યે વાત્સલ્ય, શીલ, સત્ય આદિ પર ભાર મૂકેલ છે. પોતાના વંશજો પણ પોતાની ધર્મલિપિઓનું ઘટિત પાલન કરાવે તે અંગે પણ તે જુદાં જુદાં શાસનોમાં વારંવાર નિર્દેશ કરે છે.

**ધર્મલિપિઓમાં દાન અને કૃતિઓનો નિર્દેશ**

પોતાની આ ધર્મલિપિઓમાં પ્રિયદર્શી પોતાની વિવિધ કૃતિઓ, કાર્યો અને દાનોનો પણ ઉલ્લેખ કરે છે. તેમાં દવાખાનાં ને પાંજરાપોળોની સ્થાપના; વૃક્ષારોપણ; સઘળી પ્રજાઓમાં દેવમૂર્તિઓ ને મંદિરોની સ્થાપના; વિશ્વભરમાં ધર્મપ્રચાર; રાજમાર્ગો, જળાશયો, ધર્મશાળાઓ વગેરેનાં બાંધકામ; આંબાવાડીઓની રચના; તેમજ ધર્મસ્થંભોનું ઘડતર આદિનો સમાવેશ થાય છે. તદુપરાંત પોતાની રાણીઓ અને કુમારોનાં વિવિધ દાનોનો પણ તે નિર્દેશ કરે છે.

આ રીતે પ્રિયદર્શીની સઘળી ધર્મલિપિઓમાં વિશ્વની સમસ્ત પ્રજાઓનાં કલ્યાણની ભાવના વ્યક્ત થઇ છે.

પ્રિયદર્શીની આ ધર્મલિપિઓમાં જેમ વિશ્વકલ્યાણની ભાવના વ્યક્ત થઇ છે તેમ તે લિપિઓમાંના કેટલાક નિર્દેશો અને સંખ્યાબંધ પારિભાષિક શબ્દો જૈન ધર્મ સાથેની તેની એકતા દાખવવામાં પણ મદદગાર બને છે.

**ધર્મલિપિઓ અને પ્રિયદર્શીનો ધર્મ**

પોતાના છઠ્ઠા સ્થંભલેખમાં તે જણાવે છે કે-'બધા ધર્મોને મેં વિવિધ પૂજાથી પૂજ્યા છે;પરંતુ મારો પોતાનો મુખ્ય મત (ધર્મ) તો એ છે કે જેમાં આત્માનું પ્રતિક્રમણ થઇ શકે છે.' સાંચી વગેરે ગૌણ સ્થંભલેખોમાં તે જ્ઞાતપુત્ર (ભગવાન મહાવીર)ના ભિક્ષુઓ અને ભિક્ષુણી-



ઓને શ્વેત વસ્ત્રો ધારણ કરીને ઉપાશ્રયોમાં વસવાની અને એ રીતે શ્વેતાંબર સંઘને અપનાવવાની સલાહ આપે છે તથા સારનાથ વગેરે ગૌણ સ્થંભલેખોમાં તે પોતાના અધિકારીઓને અષ્ટમી-ચતુર્દશીએ પૌષધ કરવાની સૂચના આપે છે. નવમા શિલાલેખમાં તે અહિંસા, સંયમ, દાન, વિવેક (તપ) આદિને ધર્મમંગલ તરીકે ઓળખાવે છે. તથા વિવિધ ધર્મલિપિઓમાં તે પોતાની સંઘયાત્રા, અનાર્ય પ્રજાઓમાં પણ ધર્મપ્રચારાર્થે તેણે મોકલેલા 'પુરુષ' નામક ધર્માધિકારીઓ, સઘળી પ્રજાઓને તેણે કરાવેલા દેવમૂર્તિઓ, દેવમંદિરો ને સાધુઓના પરિચય આદિનું જે વર્ણન કરે છે તે જૈન સમ્રાટ સંપ્રતિનાં કર્તવ્યો સાથે સંપૂર્ણ સુમેળ ધરાવે છે. એટલે પ્રિયદર્શી એ જૈન છે એટલું જ પુરવાર કરીને ધર્મલિપિઓ અટકી નથી જતી પણ જૈન સાહિત્યમાં વર્ણવાયલાં સમ્રાટ સંપ્રતિનાં કાર્યોને તે શિલાલેખીય પ્રમાણો પુરાં પાડે છે.

તદુપરાંત ધર્મલિપિઓમાં વપરાયલા અહિંસા, સત્ય, શૌચ, શીલ, અપરિગ્રહ, પ્રાણારંભ, દાન-શીલ-તપ-ભાવના, ધર્મમંગલ-અહિંસા, સંયમ, તપ, ઉપવાસ, ભાવશુદ્ધિ, પ્રાણદાન, અભયદાન, ચક્ષુદાન, ધર્મદાન, ધર્મવૃદ્ધિ, ધર્મવિજય, ધર્માનુષ્ઠાન, દ્વિપદ-ચતુષ્પદ-પક્ષી-વારિચર, ઉપભોગ, પરિભોગ, પરિત્યાગ, પચ્ચૂપગમન, અનારંભ, નિર્લુપ્ય, કલ્પ, શ્રાવક, ઉપાસક, શ્રમણ, અપવ્યય, પાપ, આશ્રવ, પરિશ્રવ, વેદનીય, દાન-પૂજા, નિષિધિ, ચાતુર્માસી, પોષહ, સમચરિયં, કલ્યાણ, જીવનિકાય, વચનગુપ્તી, સમવાય, એકદેશ-આદિ શબ્દો કે શબ્દસમુચ્ચયો પણ જૈન પરિભાષાનાં જ સૂચક છે.

**પાટનગરની ફેરબદલી**

આ રીતે પ્રિયદર્શી એક બાજુએ વિશ્વકલ્યાણના અમર સંદેશ તરીકે જ્યારે ધર્મલિપિઓ કોતરાવરાવી રહ્યો હતો ત્યારે બીજી બાજુએ તે પોતાના પાટનગરને પાટલીપુત્રથી ફેરવીને અવંતી લઇ જવાની યોજના ઘડી રહ્યો હતો. મૌર્ય સામ્રાજ્ય જ્યારે પૂર્વહિંદમાં જ પથરાયલું હતું ત્યારે તેના પાટનગર તરીકે પાટલીપુત્ર સસ્થાને અને સુઘટિત હતું. પરંતુ હવે તે સામ્રાજ્ય વિશ્વના

મોટા ભાગ પર પથરાઈ વળતાં ભારતના હૃદયપ્રદેશ સમું અવંતી જ તેના પાટનગર તરીકે શોભી શકે. અવંતી એ ભારતનું હૃદય-સિંહાસન હતું એટલું જ નહિ, પણ જૈન સંઘનું પણ તે કેન્દ્ર હતું. એટલે સંપ્રતિ યોગ્ય મુહૂર્ત જોઈ મૌર્ય સિંહાસનને પાટલીપુત્રથી અવંતી લઈ ગયો અને અવંતીને તેણે મૌર્ય તેમજ ભારતીય રાજધાની તરીકે અમરતા બક્ષી. ત્યારથી શરૂ થયેલો અવંતીનો ઉદય સદીઓ લગી વિકસતો રહ્યો.

**દીપોત્સવી-પર્વ અને સાંચી વગેરે સ્તૂપોમાં દીપકોની હારમાળા**

એક દિવસે પ્રિયદર્શીએ શ્રી આર્યસુહસ્તી મહારાજને દીપોત્સવી-પર્વનો ઇતિહાસ પૂછતાં શ્રી આર્યસુહસ્તી આચાર્યે કહ્યુ કે, 'હે રાજન્! આશ્વિન વદી અમાવાસ્યાની રાત્રે ભગવાન મહાવીરસ્વામી જ્યારે નિર્વાણ પામ્યા ત્યારે જગત પરથી મહાવીરરૂપી ભાવ દીપકને આથમી ગયો માની કાશી-કોશલના મલ્લ અને લિચ્છવી જાતિના અઢાર નૃપતિઓએ વિશ્વ-કલ્યાણને માટે તે ભાવ-દીપકના સંસ્મરણમાં દ્રવ્ય દીપકો પ્રગટાવ્યા અને ત્યારથી તે પર્વ પર દીપકો પ્રગટાવવાની પ્રથા શરૂ થઈ. આ રીતે દીપકોને ધર્મ સાથે સુસંકલિત નિહાળીને પ્રિયદર્શીએ સાંચી વગેરે સ્તૂપોમાં દીપકો પ્રગટાવવાની પ્રથા શરૂ કરી અને પરિણામે સદીઓ લગી એ સ્તૂપોમાં દીપકો જળહળતા રહેલા. સાંચીના દાનલેખોમાં પણ દીપકો પ્રગટાવવા માટેના દાનોના વધુ ઉલ્લેખો મળે છે.

**અવંતીસુકુમાલ અને અવંતી-પાર્શ્વનાથનું મંદિર**

એક વખતે શ્રી આર્યસુહસ્તી મહારાજ, અવંતીના ઉપાશ્રયમાં, જૈન સૂત્રોમાં વર્ણવાયલ નલિનીગુલ્મ વિમાન નામક સ્વર્ગના એક ભાગનું વર્ણન કરી રહ્યા હતા ત્યારે અવંતીસુકુમાલ નામે એક વિલાસી શ્રીમંતપુત્ર તે વર્ણન [illegible] નલિનીગુલ્મ-પૂર્વભવનાં દર્શન કરાવતું-જ્ઞાન ઉપજ્યું જેથી તેને પોતાનો પૂર્વભવ યાદ આવ્યો. તે ભવમાં તે નલિનીગુલ્મ નામક વિમાનમાં જ દેવ પણે વિચરતો હતો અને તે વિમાનનું વર્ણન સાંભળતાં તેની સુષુપ્ત સંસ્મૃતિઓ જાગૃત બની, ને તેને પૂર્વભવનું જ્ઞાન ઉપજ્યું. તે જ્ઞાનના બળે તેણે જોયું કે શ્રી આર્યસુહસ્તી આચાર્યે કરેલું નલિનીગુલ્મ વિમાનનું વર્ણન પોતે જ્યાં વિહરતો હતો તે વિમાનની સાથે આબેહૂબ મળતું આવે છે એટલે તેણે આચાર્યને પૂછ્યું, "દેવ, શું આપ પણ મારી જેમ નલિનીગુલ્મ વિમાનમાં જ વિચરતા હતા કે આપ તેનું આવું હૂબહૂ વર્ણન કરી શકો છો ?"

"નહિ," આચાર્યે શાંતિથી કહ્યું, "મેં તે વિમાન જોયું નથી. હું તો જૈન શાસ્ત્રોમાં તેનું જે વર્ણન મળે છે તે જ કથી રહ્યો છું."

અવંતીસુકુમાલના મનમાં સ્વર્ગની સ્મૃતિઓ જાગૃત થતાં જ આ વિશ્વ તેને નર્ક સમું ભાસવા લાગ્યું. તેને હવે અહીં રહેવું આકરું થઈ પડયું. એટલે તેણે આચાર્યને પૂછયું, "દેવ, જે શાસ્ત્રો સ્વર્ગનાં આવાં આબેહૂબ વર્ણન કરી શકે છે તે શું ત્યાં પહોંચવાનો માર્ગ નથી દાખવી શકતાં ?"

"જૈન દીક્ષા સ્વીકારીને માનવી સહેજે સ્વર્ગે જઈ શકે છે." શ્રી આર્યસુહસ્તી આચાર્યે કહ્યું.

અવંતીસુકુમાલે તરત જ દીક્ષા સ્વીકારી લીધી અને લાંબા સમય લગી વ્રત પાળવાને અશક્ત હોઈ તે અનશન (આજીવન તપ) સ્વીકારીને નગરના વનમાં જઈ રહ્યો.

રસ્તે કાંટા-કાંકરા વાગવાથી તેમના કોમળ પગમાંથી લોહી નીકળ્યું. ને લોહીની વાસથી એક શિયાળ તેમની પાછળ પડી અને તેમની નિર્મમતાનો લાભ લઈ તેણે મુનિનાં કેટલાંક અંગ ફાડી ખાધાં. એ વખતે સમાધાન પામી શ્રી અવંતીસુકુમાલ સ્વર્ગે સિધાવ્યા.

અવંતીસુકુમાલના પિતા તો વર્ષો પર ... પામી ચૂક્યા હતા એટલે તેમની વિધવા માતા ... જ્યારે પુત્રવધૂઓ સાથે મુનિ-પુત્રનાં દર્શને

ત્યારે વનમાં તેમનું કલેવર પડ્યું નિહાળી તેને સંસાર પર ઉદ્વેગ આવ્યો. તેણે ગર્ભવતી પુત્રવધુને ગૃહકારભાર સોંપી અન્ય પુત્રવધુઓ સાથે તરત દીક્ષા સ્વીકારી.

તે ગર્ભવતી પુત્રવધુને સમય જતાં મહાકાલ નામે પુત્ર થયો અને તેણે પિતાના અવસાન સ્થળે ભવ્ય જિનપ્રાસાદ બંધાવરાવ્યો. એ પ્રાસાદની રચના નલિનીગુલ્મ વિમાનના વર્ણનને અનુસાર કરવામાં આવી. ને તે પ્રાસાદમાંની મૂળ-પ્રતિમા અવંતી-પાર્શ્વનાથના નામે મશહૂર બની. સમય જતાં તે પ્રાસાદ પર બ્રાહ્મણોએ પ્રભુત્વ જમાવ્યું પણ વિક્રમાદિત્યના સમકાલિક જૈનાચાર્ય શ્રી સિદ્ધસેનસૂરિએ પુનઃ તે પ્રાસાદનું જૈનત્વ સિદ્ધ કર્યું.

આ રીતે સંપ્રતિના ઉત્તર કાળમાં બંધાયલા એક ઐતિહાસિક જૈન મંદિરની આ કથા અનેક જૈન ગ્રન્થોમાં જળવાઈ રહી છે અને સંપ્રતિના જીવન સાથે તેને ઓછો સંબંધ છતાં તેના સમયની એક વિશિષ્ટ પ્રસંગકથા તરીકે તેને અહીં સ્થાન આપવાનું ઉચિત લેખેલ છે.

અપરાન્તક, ગોન, મહારક (મહારાષ્ટ્ર), હિમવન્ત (હિમાલય), સુવર્ણભૂમિ (પેગુ-મુલમીન) ને લંકા વગેરે (પોતાના મહારાજ્યના બહારના) પ્રદેશોમાં પણ બૌદ્ધ ધર્મના પ્રચારને માટે બૌદ્ધ થેરાઓ મોકલ્યા.' આ પરથી આ દેશ-પ્રદેશો અશોકના રાજ્યાભિષેકના સત્તરમા વર્ષે પણ અશોકના સામ્રાજ્યની બહાર હોવાનું પુરવાર થાય છે જ્યારે પ્રિયદર્શી રાજ્યાભિષેકના બારમા વર્ષે કોતરાવેલા લેખમાં પણ પોતાની સામ્રાજ્યની જે હદ આંકે છે તેમાં ઉપરોકત દશે પ્રદેશોનો સમાવેશ થઇ જાય છે. એટલે પ્રિયદર્શી એ અશોકનું ઉપનામ હોવાનો કોઇ સંભવ નથી રહેતો.

બીજી બાજુ કલ્પચૂર્ણિ, નિશીથચૂર્ણિ વગેરે સાતમી સદીના પ્રમાણભૂત પ્રાચીન જૈન ગ્રન્થોમાં અને સંપ્રતિરાજકથા સમા મધ્યકાલીન ગ્રન્થોમાં સંપ્રતિએ રાજ્યાભિષેક પછી તરત જ ઉકત પ્રદેશો પર વિજય મેળવેલ હોવા અંગે સ્પષ્ટ નિર્દેશો થયેલા છે (જુઓ પૃ. ૫૨-૭૧-૧૦૭) એટલે શિલાલેખોમાં અંકાયલી સામ્રાજ્યની સરહદો અશોકને નહિ પણ સ્પષ્ટ રીતે સંપ્રતિને લાગુ પડે છે.

છઠ્ઠા મુખ્ય સ્થંભ-લેખમાં (પૃ. ૧૬૫-૧૬૬) માં

શિલાલેખો અને જૈન દર્શન


પ્રિયદર્શી જણાવે છે કે-' सव पासंडा पि मे पूजिता विविधाय पूजाया ए चु इयं अतना पचूपगमने से मे मोख्यमते [બધા ધર્મોને મેં વિવિધ પૂજાથી પૂજ્યા છે; પરંતુ મારો પોતાનો મુખ્ય મત (ધર્મ) તો એ છે કે જેમાં આત્માનું પ્રતિક્રમણ થઇ શકતું હોય. ] '-પ્રતિક્રમણ એ સ્પષ્ટ રીતે જૈન દર્શનની ક્રિયા છે, એટલું જ નહિ પરંતુ જૈન ધર્મને પ્રતિક્રમણ-ધર્મના નામે પણ ઓળખાવી શકાય છે, જ્યારે જગતનાં બીજાં કોઇ પણ દર્શનોમાં પ્રતિક્રમણને સ્થાન નથી.

ચોથા મુખ્ય શિલાલેખ (પૃ. ૬૩) માં પ્રિયદર્શી જણાવે છે કે પોતે ધર્મવિકાસને માટે પ્રજાને હાથી, વિમાન, અગ્નિસ્કંધ વગેરેનાં દર્શન કરાવવાની પ્રવૃત્તિ હાથ ધરી છે. આ વસ્તુઓને બૌદ્ધ ધર્મ સાથે કંઇ સંબંધ નથી. જ્યારે જૈન દર્શનનું તે એક વિશિષ્ટ સ્વરૂપ છે. તીર્થંકરના ગર્ભપ્રવેશ સમયે તીર્થંક માતા હાથી, સિંહ, વિમાન, અગ્નિસ્કંધ આદિ સ્વપ્નો નિહાળે છે. એ ચૌદ સ્વપ્નોને ચાંદીનાં બના તે આજે પણ પર્યુષણમાં જૈન ઉપાશ્રયોમાં પ્ર બનાવવામાં આવે છે. તેની શરૂઆત ઉપર દર્શા છે તે અનુસાર કદાચ પ્રિયદર્શીએ જ કરી હોય.

જ્યાં જ્યાં શિલાલેખો કે સ્થંભલેખો કોતરાવ છે તેમજ સ્થંભો પર જે આકૃતિઓ મૂકવામાં આવ છે તેને બૌધ્ધ દર્શન સાથે કોઇ સંબંધ નથી જ્યારે જૈન દૃષ્ટિએ ઉકત સ્થળો કલ્યાણક તીર્થ ભૂમિઓ છે અને આકૃતિઓ તીર્થંકરોનાં લક્ષણ સાથે સંકળાયલી છે. દા.ત. બખરા (વૈશાલી) સ્થંભ. તે વૈશાલીની નજીકમાં ઊભો કરાયલો છે અને તેના પર સિંહની આકૃતિ છે. બૌધ્ધ ધર્મને આ સ્થળ કે આકૃતિ સાથે કંઇ લાગતું વળગતું નથી. જ્યારે ભગવાન મહાવીરનો જન્મ જ્યાં આ સ્થંભ ઊભો કરાયો છે (વૈશાલીની નજીકમાં) તે પ્રદેશમાં (વૈશાલીની નજીકના ક્ષત્રિયકુંડ પરા)માં થયો હતો અને દીક્ષા પછી તેમને ગોવાળિયાનો જે પ્રથમ ઉપસર્ગ નડેલો તે જ્યાં આ સ્થંભ ઊભો છે તે જ સ્થાન પર થયો હતો તેમજ ભગવાન મહાવીરનું લંછન સિંહ હોઇ તે સ્થંભ પર સિંહની આકૃતિ મૂકવામાં આવી છે. એ જ રીતે ભગવાન ઋષભદેવના જીવનપ્રસંગો સાથે સંકળાયલ ભૂમિમાં ઊભા કરાયલ સ્થંભો પર શ્રી ઋષભદેવનું લંછન ઋષભ (બળદ), ભગવાન અજીતનાથના જીવનપ્રસંગો સાથે સંકળાયલ ભૂમિમાં ઊભા કરાયલા સ્થંભો પર શ્રી અજીતનાથનું લંછન હાથી વગેરે કોતરાયલ છે. શિલાલેખો કોતરાવવાનાં સ્થળ પણ એ જ રીતે જૈન દર્શન સાથે સંકળાયલાં છે. (વિશેષ માટે જુઓ પૃ. ૫૧. ટી. નં. ૧ વગેરે).

આઠમા મુખ્ય શિલાલેખ (પૃ. ૮૧)માં તેમજ ગૌણ શિલાલેખો (પૃ. ૧૨૮ વગેરે)માં પ્રિયદર્શી જે ધર્મયાત્રા-સંઘયાત્રાનો નિર્દેશ કરે છે તે પણ જૈન દર્શન સાથે સંકળાયલ છે.

ગૌણ શિલાલેખો (પૃ. ૧૨૮ વગેરે)માં જણાવેલું છે કે-' જંબૂદ્વીપમા જે દેવો મિશ્ર થયા ન હતા તેમને



## નવમ પરિચ્છેદ

# મૌર્ય સંધ્યા

સાર—

આ પરિચ્છેદમાં—પ્રિયદર્શીના રાજવંશી સૂબાઓ અને તેના માંડલિક નૃપતિઓ; તેની ધર્મલિપિઓમાં થયેલો વંશજોનો નિર્દેશ; તેનો યુવરાજ બૃહસ્પતિમિત્ર; દ્વિતીય પુત્ર દશરથને સોંપાયેલું મગધનું રાજ્ય; દશરથનું વ્યક્તિત્વ, તેના સિક્કા, તેના દાનલેખો ને તેનું અવસાન; પ્રિયદર્શીની વૃદ્ધાવસ્થા; ધર્મસાથેની તેની એકલીનતા; શ્રી આર્યસુહસ્તી આચાર્યનો સ્વર્ગવાસ અને પછી તરત જ પ્રિયદર્શીનું મરણ; સામ્રાજ્યભરમાં પથરાયલો શોક; પ્રિયદર્શીના મૃત્યુની રાજકીય અસરો; બૃહસ્પતિમિત્રનો રાજ્યાભિષેક; તેનું વ્યક્તિત્વ અને તેના સિક્કા; શાલિસૂકની મૌર્ય સિંહાસન પ્રત્યેની બિનવફાદારી, ને પરિણામે મૌર્ય સામ્રાજ્યથી છૂટું પડેલું મગધ; શાલિસૂકનું વ્યક્તિત્વ અને તેના સિક્કા; મૌર્ય સામ્રાજ્યથી છૂટું પડેલું કલીંગ; બૃહસ્પતિમિત્ર અને શાલિસૂકનું મરણ; બૃહસ્પતિમિત્રના વૃષસેન, પુષ્યધર્મા આદિ ઉત્તરાધિકારીઓ ને શાલિસૂકના દેવધર્મા, શતધન્વા ને બૃહદ્રથ વગેરે વંશજો; તેમનાં વ્યક્તિત્વ ને તેમના સિક્કા; મગધ અને અવંતી વચ્ચે કલહ; પરિણામે મગધ સામ્રાજ્ય પર પથરાયલી સંધ્યા અને અનેક માંડલિક નૃપતિઓએ જાહેર કરેલી સ્વતંત્રતા; પુષ્યધર્મોના સેનાપતિ પુષ્યમિત્રે કરેલો બૃહદ્રથનો નાશ ને તેના હાથમાં આવેલાં મગધ–અવંતીનાં સિંહાસનો; તેણે સિંહાસન પર ન આવતાં સેનાપતિ તરીકે ચલાવેલો કારભાર; તેના પુત્ર અગ્નિમિત્રનું સમ્રાટપદ ને શુંગવંશની શરૂઆત; તથા શ્રમણ સંસ્કૃતિનાં ઓસરતાં પાણી ને વૈદિક સંસ્કૃતિનો ઉદય–આદિ હકીકત આ પરિચ્છેદમાં આવી છે.

વિજયશક્તિ આદિ જે ગુણો એકત્ર થયા હતા તે ઓછે-વધતે અંશે પણ બૃહસ્પતિમિત્રમાં ખૂટતા હતા. બીજી બાજુ પ્રિયદર્શીએ પોતાના વિશ્વવ્યાપી યુદ્ધવિજયને ધર્મવિજયમાં ફેરવીને તેને સ્થાયી સ્વરૂપ આપેલ હોવા છતાં કેટલાક પ્રદેશોમાં પ્રત્યાઘાતી બળો કામ કરી રહ્યાં હતાં અને તેઓ મૌર્ય સામ્રાજ્યના પ્રભુત્વમાંથી મુક્તિ મેળવવાને વિવિધ માંડલિક નૃપતિઓને પ્રેરી રહ્યાં હતાં.

મૌર્ય સામ્રાજ્યને અસ્તાચળને માર્ગે ઉતારવામાં સૌથી મહત્ત્વનો ફાળો શાલિસૂકનો જણાય છે. તેણે મગધના તાજને અવંતીના સિંહાસનથી સ્વતંત્ર બનાવ્યો અને મૌર્ય સમ્રાટની આજ્ઞાઓને માન આપવાની અનિચ્છા દર્શાવી. બૃહસ્પતિમિત્રે પ્રથમ તો શાલિસૂકને પરાજય આપી મૌર્ય સિંહાસનની કીર્તિને બચાવી લેવાનો વિચાર કર્યો. પણ બીજી બાજુ તેને યુદ્ધ પ્રત્યે અભિરુચિ નહોતી, શાલિસૂક પોતાનો કાકો હતો અને મગધ ને અવંતી વચ્ચે વિગ્રહ સળગે તો કલિંગ વગેરે બીજાં રાજ્યો પણ તેનો લાભ ઉઠાવવાનું ચૂકે તેમ નહોતાં. એટલે બૃહસ્પતિમિત્રે શાલિસૂકની બેવફાઈને સ્નેહના નામે ચલાવી લીધી. અને મગધનું રાજ્ય મૌર્ય સામ્રાજ્યમાંથી છૂટું પડી ગયું.

**મૌર્ય સામ્રાજ્યની સાંકળમાંથી છૂટું પડેલું મગધ**

મગધ મૌર્ય સામ્રાજ્યની ધૂંસરીમાંથી સ્વતંત્ર થઇ જતાં બીજાં મોટાં માંડલિક રાજ્યોમાં પણ સ્વતંત્રતાની તમન્ના પ્રગટી તેમાં સૌથી પ્રથમ કલિંગે માથું ઊંચક્યું. કલિંગની લશ્કરી તાકાત વિપુલ હતી. પ્રિયદર્શીની વિશ્વવિજયી સેના સામે પણ તેણે મહિનાઓ લગી ટક્કર ઝીલી હતી. એટલે પ્રિયદર્શી મરણ પામતાં અને મૌર્ય સામ્રાજ્યની તાકાત અવંતી અને મગધ એમ બે વિભાગમાં વ્હેંચાઇ જતાં તેને માટે મૌર્ય ધૂંસરીને પડકાર આપવાનો માર્ગ મોકળો બન્યો હતો. એ તકનો લાભ લઇ કલિંગે હવે મૌર્ય સામ્રાજ્યને ખંડણી આપવાની આનાકાની કરવા માંડી. બૃહસ્પતિમિત્રે શાલિસૂકની બિનવફાદારી તો તેની સાથેના સંબંધ અંગે ચલાવી લીધેલી, પણ કલિંગનો દ્રોહ ચલાવી લેવાય તેમ નહોતું. એટલે તેણે

**કલિંગ–સ્વાતંત્ર્ય**

તરત જ કલિંગ સામે યુદ્ધ જાહેર કર્યું. આ યુધ્ધમાં મૌર્ય સેનાએ પ્રચંડ આક્રમણપૂર્વક પોતાના લશ્કરી યશનો બચાવ તો કર્યો પણ એક બાજુએ મગધ તટસ્થ હતું અને બીજી બાજુ કલિંગ ભયંકર રીતે સુસજ્જ બન્યું હતું. તેથી કલિંગની તાકાતને સર્વથા કચરી નાંખવાનું તો અસંભવિત જ રહ્યું. પરિણામે બૃહસ્પતિમિત્ર અને કલિંગપતિ વચ્ચે સંધિ થઇ અને તેમાં બૃહસ્પતિમિત્રે કલિંગની સ્વતંત્રતા માન્ય રાખી.

આ રીતે પોતાને હાથે મૌર્ય સામ્રાજ્યના દિગંતવ્યાપી પ્રકાશ પર વાદળ ઘેરાતાં જોઇ બૃહસ્પતિમિત્ર ઝંખવાઇ ગયો, અને ... જ વર્ષનું શાસન ભોગવી તેનું જીવનતેજ ઓલવાઇ ગયું. મૌર્ય ... એકતાને ખંડિત કરનાર અને એ રીતે મૌ. સામ્રાજ્યમાં કુહાડી મારનાર મગધપતિ શાલિસૂક પણ તે પછી થોડા જ સમયમાં અવસાન પામ્યો.

**બૃહસ્પતિમિત્ર અને શાલિસૂકનું અવસાન**

બૃહસ્પતિમિત્ર સ્વભાવે શાંત અને પ્રભાવશાળી સમ્રાટ હતો. તેના સિક્કાઓ પર મૌર્ય રાજવંશના ' ચિન્હ ગિરિચન્દ્રની સાથે સાથ વૃષભ (બળદ) ... રાયલ છે, જે તેની મનોવૃત્તિનું પ્રમાણ છે. પિતાની સાથે જ રહેલ હોઇ તેનામાં સદ્‌ગુણો સું... સ્વરૂપમાં વિકાસ પામ્યા હતા. પણ એક ... સંરક્ષક તરીકે સંગ્રામ પ્રત્યેની જે અભિરુચિ વિજયની તમન્ના જોઇએ તે તેનામાં પૂરતા પ્રમાણ વિકસ્યાં નહોતાં. તે પિતાને પગલે જૈન ધર્મનું જ ... કરતો હતો. પણ વિજેતા બનવાની તેની ભાવના શાંતિ પ્રત્યેના સ્નેહમાં પલટાઇ ગઇ હતી. ... સામ્રાજ્યદેહમાં આવશ્યક પ્રાણશક્તિ ન પૂરી ... બીજી બાજુ સંયોગો અને કાળબળ પણ તેની ... કામ કરી રહ્યાં હતાં. અશોક અને પ્રિયદર્શીએ ... બધું પ્રાપ્ત કર્યું હતું કે તે પ્રાપ્તિને ઝૂંટવી લેવાને ... ભૂખી આંખો હૃદયમાં દ્વેષ અને પ્રતિકારભાવને પે... રહી હતી. એ બધા વિરોધભાવો તેના સમયમાં ખીલવણી પામીને મૌર્ય સંસ્થાને નજીક આણ્યા

**બૃહસ્પતિમિત્રનું વ્યક્તિત્વ**

મળી આવે છે અને તેના પર राज्ञो दशरथस मुर्यस એવા અક્ષરો સાથે ગિરિચન્દ્ર, હસ્તિ, અશ્વ આદિ ચિન્હો મળી આવે છે. આમાંનું ગિરિચન્દ્ર ચિન્હ દક્ષિણમાં ચન્દ્રગિરિ પર સ્વર્ગવાસ પામેલા ચન્દ્રગુપ્તનું સ્મારક છે, હસ્તિનું ચિન્હ પ્રિયદર્શી—સંપ્રતિનું રાજચિન્હ છે; અને દશરથે પોતે પોતાના પુરોગામીઓનાં ગિરિચન્દ્ર ને હસ્તિ એ બે ચિન્હો ઉપરાંત પોતાના તરફથી અશ્વ ઉમેરેલ જણાય છે. દશરથનું અવસાન થતાં પ્રિયદર્શીએ મગધનું રાજ્ય શાલિસૂકને સોંપ્યું.

દશરથના અવસાન પછી પ્રિયદર્શીની પોતાની તબિયત પણ લથડવા માંડી. તે વૃદ્ધાવસ્થામાં પ્રવેશી ચૂક્યો હતો. વિશ્વવિજય અને ધર્મવિજયની તેની બધી ભાવનાઓ સિદ્ધ થઇ ચૂકી હતી. હવે તે પોતાનો ઘણોખરો સમય ધર્મધ્યાનમાં જ વીતાવતો હતો. ગુરુવર્ય શ્રી આર્યસુહસ્તી મહારાજનાં પ્રવચન સાંભળવાં, જિનમંદિરમાં પૂજા કરવી, વખતોવખત તીર્થયાત્રાએ જવું વગેરે તેનો વ્યવસાય થઇ પડયો હતો. તેના દૃષ્ટાંતથી પ્રજા પણ ધર્મમાર્ગમાં રુચિ દાખવતી બની. યુધ્ધો ખૂબ ઓછાં થઇ ગયાં હતાં અને પ્રજા સ્વર્ગીય શાંતિ અનુભવી રહી હતી. મૌર્ય સામ્રાજ્યનો ધર્મધ્વજ ઊંચે ઊંચે દિગંતમાં ફરકી રહ્યો હતો અને તેનો ધર્મદીપક પરમ તેજે ઝગઝગી રહ્યો હતો.

**પ્રિયદર્શીની વૃદ્ધાવસ્થા**

આ મહા સુખમય દશામાં પ્રિયદર્શીના જીવનનાં અંતિમ વર્ષો પસાર થવા લાગ્યાં. પણ એ અરસામાં મહાન જૈનાચાર્ય અને સંપ્રતિના ગુરુવર્ય શ્રી આર્યસુહસ્તી સૂરિનો જીવનદીપ ઝાંખો પડવા લાગ્યો.અને થોડા જ સમયમાં ( ઇ. સ. પૂ. ૨૩૧ ) શ્વેતાંબર સંઘના એ મહાન પ્રભાવક નરવીર ને મુનિવર્ય સ્વર્ગવાસી બન્યા.

**શ્રી આર્યસુહસ્તી આચાર્યનો સ્વર્ગવાસ**

પ્રિયદર્શીએ થોડા જ સમય અગાઉ દશરથના મૃત્યુનો ઘા અનુભવ્યો હતો. પણ એ ઘા તેણે શાંતિથી સહી લીધો. પણ ગુરુવર્ય શ્રી આર્યસુહસ્તીના વિરહ તેને માટે અસહ્ય [illegible] તેણે અનુભવ્યો ગુરુ હાની. તેનો

**પ્રિયદર્શીનો સ્વર્ગવાસ**

જીવનદીપ ઝાંખો પડવા લાગ્યો. ને ૭ મહિનાના ગાળામાં જ ( ઇ. સ. પૂ. ૨૩૫ ) તે પણ અવસાન પામ્યો.

પ્રિયદર્શીના અવસાન પછી તરત જ બૃહસ્પતિમિત્રને રાજતિલક કરવામાં આવ્યું અને સામ્રાજ્યભરમાં શોક જાહેર કરવામાં આવ્યો. સઘળી પ્રજાએ જાણે પોતે પિતા ગુમાવ્યો હોય એટલી ગમગીન બની.

પ્રિયદર્શીનું મરણ મૌર્ય સામ્રાજ્યને માટે ખૂબ જ હાનિજનક નીવડયું. તેનામાં કોન્સ્ટેન્ટાઇનની પવિત્રતા, મહત્તા, અને ધર્મભાવના હતી અને સિકંદર, સીઝર, શાર્લમેન અને નેપોલિયન સમો પ્રભાવ હતો. તેણે વિસ્તારેલું સામ્રાજ્ય આ નૃપતિઓનાં સામ્રાજ્ય કરતાં પણ વધારે વિશાળ બન્યું હતું. તેનો વિશ્વવિજય પણ એવો જ ઝડપી હતો. એટલે તેની સિદ્ધિઓને જાળવી રાખવાને માટે તેનો ઉત્તરાધિકારી જો તેના સરીખો મહાન ન હોય તો ઉપરના બધા નૃપતિઓના સામ્રાજ્યની જે દશા થઇ તે જ દશા મૌર્ય સામ્રાજ્યની પણ થાય તે સહજ હતું. ચન્દ્રગુપ્તે રોપેલા અને અશોકે ખીલવેલા સામ્રાજ્યવૃક્ષને તેણે એવું ભવ્ય, વિશાળ અને રમણીય બનાવ્યું હતું કે તેનો હવે પછીનો જાળવનાર જો બાહોશ નીવડે તો તે વૃક્ષ વિશ્વપોષક બને, ને નહિતર સુકાઇ જાય.

**પ્રિયદર્શીના મૃત્યુની અસર**

શોકની મુદત પૂરી થતાં અવંતીના સિંહાસને બૃહસ્પતિમિત્રનો ભવ્ય રાજ્યાભિષેક ઉજવાયો. સામ્રાજ્યના વિવિધ પ્રદેશોના અધિકારીઓ અને અનેક માંડલિક નૃપતિઓએ તેમાં હાજરી આપી. અવંતી દેવનગરીની જેમ શોભવા લાગ્યું. બૃહસ્પતિમિત્રે પિતાને પગલેજ, સુશાસન ચલાવવાની ખાત્રી આપી. ને મૌર્ય સામ્રાજ્યનો રથ શાંતિના પ્રવાહ સાથે પ્રગતિ સાધવા લાગ્યો.

**બૃહસ્પતિમિત્રનો રાજ્યાભિષેક**

પ્રજાપ્રિય નૃપતિ તરીકે તો બૃહસ્પતિમિત્ર પિતા પ્રિયદર્શીના જેટલોજ ખ્યાત હતો. પણ પ્રિયદર્શીમાં જે ધાર્મિક પ્રભુતા, જે સંયમી [illegible] શક્તિ, અગમ્ય કુનેહ અને અપ્રતિમ

**ઘેરાતાં વાદળ**

# ચતુર્થ ખંડના વિષયોની

# ચાવી

આ પુસ્તકનાં ચાર ખંડ પાડયા છે. પ્રથમના ત્રણ ખંડ સંશોધનના હોઇને, તેને લગતી 'સમયાવળી' તથા 'શું અને ક્યાં' છૂટાં પાડીને પુસ્તકના પાછલા ભાગમાં આપ્યાં છે જ્યારે ચતુર્થ ખંડ કેવળ જીવનચરિત્રનો વર્ણનાત્મક હોઇને તેને બીજાથી છૂટો પાડયો છે, પરંતુ તેમાં આવેલ વિષયો સમજી શકાય તેથી તેની ચાવી અત્રે મૂકી છે.

વિષયને અક્ષરના અનુક્રમમાં ગોઠવ્યા છે. સાથે જોડેલ આંકસંખ્યા જે પૃષ્ઠો ઉપર તે લખાયાં છે તે બતાવવા માટે છે.

तस्य सुतः कुणालस्तन्नंदनस्त्रिखंड भोक्ता संप्रति नामा भूपति भूत्, स च जातमात्र एव पितामहदत्तराज्यः ।

कल्प किरणावली–१६५

(૧૦) सप्तति (संप्रति) र्दश वर्षाणि, तस्य नप्ता भविष्यति ॥
राजा दशरथोऽष्टौ तु, तस्य पुत्रो भविष्यति ॥

मत्स्यपुराण–अ–२७२

(૧૧) पंच य मासा पंच य वासा, छच्चेव होंति वाससया ।
परि निव्वुअस्स ऽ रिहतो, तो उप्पन्नो सगो राया ॥६२३

तित्थोगाली पइन्नय

**જૈન ગણત્રીએ કાલગણના**

વિક્રમસંવત્સર પૂર્વે ૪૭૦[12]ના આસો વદિ અમાવાસ્યાની રાત્રે ભગવાન મહાવીર મુક્તિ પામ્યા અને કાર્તિક સુદ એકમની પ્રભાતથી મહાવીર સંવત્સર પ્રવર્ત્યો, તે વિષયમાં સમગ્ર જૈન શાસ્ત્રો એકમત છે અને પ્રચલિત જૈન પંચાંગ પણ તે જ ગણનાનુસાર ચાલ્યું આવે છે. એટલું જ નહિ, પણ જૈનેતર ગણનાઓ સાથે પણ તે સંપૂર્ણ મેળ ખાય છે. એટલે ભારતીય ઇતિહાસ-ગણનાના પાયા તરીકે ઇ. સ. પૂર્વે ૫૨૭ નું મહાવીર નિર્વાણ અચળ બની શકે છે.

ભગવાન મહાવીર જે રાત્રે મુક્તિ પામ્યા તે જ રાત્રે અવંતીપતિ ચંડનું પણ અવસાન થયું, તેમજ વિક્રમસંવત્સર તથા શકસંવત્સરની શરૂઆત પણ અવંતીમાંથી થાય છે, એટલે જૈન શાસ્ત્રકારો વિક્રમ કે શકસંવત્સર અને મહાવીર સંવત્સર વચ્ચેની કાલગણના અવંતીપતિઓને જ [ અને અવંતી જ્યારે સ્વતંત્ર ન હોય ત્યારે પરપ્રાન્તના જે રાજાઓએ અવંતી પર જેટલાં વર્ષ શાસન કર્યું હોય તે ગણતરીએ ] આશ્રયીને આપે છે–

ભગવાન મહાવીર જે રાત્રીએ[13] નિર્વાણ પામ્યા તે જ રાત્રિએ અવંતીમાં પાલક રાજા ગાદીએ બેઠો. પાલકે (ને તેના વંશે) ૬૦ વર્ષ પર્યન્ત રાજ્ય ભોગવ્યું. (તે પછી) નંદોએ [ અવંતિની ગાદી પર–ભગવાન મહાવીરના નિર્વાણના ] ૧૫૫મા વર્ષ પર્યન્ત (રાજ્ય ભોગવ્યું.) (તે પછી) ૧૧૮ વર્ષ પર્યન્ત મૌર્યો, ૩૦ વર્ષ પુષ્યમિત્ર (ને તેના વંશજો), ૬૦ વર્ષ બલમિત્ર–ભાનુમિત્ર, ૪૦ વર્ષ નભવહન, ૧૩ વર્ષ ગર્દભિલ્લ ને ૪ વર્ષ શકરાજા [ એ રીતે શકોને હરાવી વિક્રમે પોતાનો સંવત્સર પ્રવર્તાવ્યો ત્યાંસુધી મહાવીર સંવત્સરનાં કુલ ૪૭૦ વર્ષ પૂરાં થયાં ].

વિક્રમસંવત્સરની ગણનાની સાથોસાથ જ્યારે શકસંવત્સરની ગણના પણ જરૂરી બને ત્યારે ઉપરની ગાથાઓમાં–છેલ્લી પંક્તિમાં–જ્યાં ગર્દભિલ્લનાં ૧૩ ને શકનાં ૪ છે ત્યાં, ગર્દભિલ્લો–૧૫૨ વર્ષ [ ૧૩ ગર્દભિલ્લ પોતે, ૪ શક, ૬૦ વિક્રમ, ૪૦ ધર્માદિત્ય,

(૧૨) विक्रमरज्जारंभा परओ सिरिवीरनिव्वुई भणिया । सुन्न-मुणि-वेय (४७०) जुत्तो विक्कम कालाउ जिणकालो ॥
विचारश्रेणी उद्धृत

(૧૩) [illegible]

[illegible]

૧૧ ભાદરવા, ૧૪ નારક ને ૧૦ નાદક] ને પાંચ મહિના[14] એ પ્રમાણે લખીને મહાવીર નિર્વાણ સંવત ૬૦૫ માં શકસંવત્સરની શરૂઆત ગણાય છે.

આ પ્રમાણે વિક્રમસંવત પૂર્વે ૪૭૦ અને શકસંવત પૂર્વે ૬૦૫ (=ઇ. સ. પૂર્વે ૫૨૭) માં ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા. તેની વ્યવસ્થિત ગણનાની સાથોસાથ એ પણ જોઈ શકયા કે મહાવીર સંવત ૧૫૫ માં નંદ-વંશનો અંત આવ્યો અને તે જ વર્ષમાં મૌર્ય વંશની શરૂઆત થઈ, એટલે કે ચન્દ્રગુપ્ત મગધના સિંહાસને આવ્યો.

મહાવીર સંવત ૧૫૫ માં નંદવંશનો અંત આણીને ચન્દ્રગુપ્ત મગધના સિંહાસને આવ્યો તે સંબંધમાં આ ઉપરાંત બીજાં પણ અનેક પ્રમાણો મળી આવે છે.

શ્રીમદ્ હેમચન્દ્રાચાર્ય પોતાના પરિશિષ્ટ પર્વ નામે ઐતિહાસિક ગ્રન્થમાં જણાવે છે કે—

'ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૬૦ વર્ષ વીતતાં નન્દ નૃપતિ બન્યો અને ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૧૫૫ વર્ષ[15] વીતતાં ચન્દ્રગુપ્ત નૃપતિ થયો.'

બારમી સદીમાં રચાયલ મહાગ્રન્થ પ્રાકૃત કથાવલી[16] માં તેના નામાંકિત કર્તા ભદ્રેશ્વરસૂરિ જણાવે છે કે—

'એ પ્રમાણે મહાવીરના મુક્તિ સમયને ૧૫૫ વર્ષ વીતતાં નંદવંશનો નાશ થયો અને ચન્દ્રગુપ્ત રાજા બન્યો.'[17]

જૈન સ્થવિરગણના પણ આ વિધાનને સંપૂર્ણ ટેકો આપે છે.

આદ્યમા જૈન યુગપ્રધાન શ્રી સ્થુલિભદ્રનો જન્મ મહાવીર સંવત ૧૧૬ માં થયેલો. મ. સં. ૧૪૬ માં ત્રીશ વર્ષની વયે તેમણે દીક્ષા લીધી. તેમના પિતા શકટાલ, મગધપતિ નંદ નવમાના મહામંત્રી હતા અને નંદ વંશથી પોતાના મહામંત્રીના વધનો પ્રસંગ આવ્યો, તે પછી થોડાજ દિવસમાં તેમણે દીક્ષા લીધી છે. આ પ્રમાણે મ. સં. ૧૪૫-૪૬ ના અરસામાં શકટાલનો વધ થયો. અને શકટાલના વધ પછી કેટલાક થોડા અવ્ય-વસ્થાએ નવ-દશ વર્ષમાંજ નંદવંશનું જડમૂળ ઉખેડી નાંખ્યું છે. આ ગણતરીએ પણ નંદવંશનો અંત અને ચન્દ્રગુપ્તનો રાજ્યાભિષેક મહાવીર સંવત ૧૫૫ લગભગમાં આવે છે.

પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ ચન્દ્રગુપ્તના ગુરુ તરીકે જેમનો સ્વીકાર કર્યો છે તે શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામી મહાવીર સંવત ૧૫૬ માં યુગપ્રધાન બન્યા અને મ. સં. ૧૭૦ માં તે સ્વર્ગવાસ પામ્યા. સ્વાભાવિક રીતેજ ચન્દ્રગુપ્ત તેમનો સમકાલિક ગણાય.

પાટલીપુત્ર વાચનાને નામે જાણીતો બનેલો જૈનોનો પહેલ પ્રથમ શાસ્ત્રસંગ્રહ મ. સં. ૧૬૦ માં, ચન્દ્રગુપ્તના રાજ્યકાળમાં, પાટલીપુત્રમાં થયેલો છે.

આ રીતે મહાવીર સંવત ૧૫૫ માં ચન્દ્રગુપ્તનો રાજ્યાભિષેક જૈન ગણતરીએ તો અફર છે. અને મહાવીર સંવત ૧૫૫ એટલે ઇ. સ. પૂર્વે ૩૭૨ ગણાય.

ચન્દ્રગુપ્તના રાજ્યાભિષેક પછીની મૌર્ય કાલગણના જૈન સાહિત્યમાં ખૂબજ સ્પષ્ટ રીતે આલેખાયલી નથી. પરંતુ સ્થવિરગણનાના આધારે કેટલાક નિર્ણયો તારવી શકાય છે.

---

(૧૪) तह गद्दभिल्लरज्जं बावन्नसयं च पंच मासहियं ।

विचारसार ९५

(૧૫) अनन्तरं वर्द्धमानस्वामिनिर्वाण वासरात् ।
गतायां षष्टिवत्सर्यामेष नन्दोऽभवन्नृपः ॥
एवं च श्री महावीर मुक्तेर्वर्षशते गते ।
पञ्चपञ्चाशदधिके चन्द्रगुप्तो भवन्नृप. ॥

परिशिष्टपर्व सर्ग ७-८

(૧૬) આ ગ્રન્થ હજી લગી અપ્રગટ છે. પાટણના ભંડારમાં જળવાયલી તેની તાડપત્ર પ્રતિપરથી તેના કર્તાનો સમય બારમી સદીનો તારવી શકાય છે. એ પુસ્તકના ઐતિહાસિક ભાગની ફોટો-પ્રીન્ટ, વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિરે ઉતારી લીધી છે. તે સંસ્થાના જૈન પંડિત લા. ભ. ગાંધીની સહાયથી અમને તે પુસ્તકના વાચનની તક સાંપડેલી.

(૧૭) एवं च महावीरमुत्ति समयाओ पचावन्न वरिस सए गुच्छण्णे नदवंसे चन्द्रगुत्तो राया जाउति । ५२६-

અને આર્યસુહસ્તી આચાર્ય પણ ત્યાં પધાર્યા હતા... જીવંતસ્વામીનો રથ, ઉત્સવ સાથે જિનમંદિરની બહાર નીકળ્યો અને બંને આચાર્યો તેમજ સંઘથી પરવરેલો તે રથ ફરતાં ફરતાં રાજમંદિરના દ્વાર આગળ આવતાં રાજાની નજર આચાર્ય પર પડી...તેને પોતાનો પૂર્વભવ સાંભરી આવ્યો...તે જઇને આચાર્યના ચરણમાં નમ્યો...તેણે બાર વ્રતના સ્વીકારવાપૂર્વક જૈન ધર્મ અંગીકાર કર્યો.' ૨૮

આ રીતે સંપ્રતિએ આર્યમહાગિરિ અને આર્ય સુહસ્તી બંનેની રૂબરૂમાં જૈન ધર્મ સ્વીકાર્યો છે. અને શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યના આ કથનને જૈન સાહિત્યના સમસ્ત ઐતિહાસિક ગ્રન્થો અને આચાર્યોનો ટેકો છે.

અને સંપ્રતિએ જૈન ધર્મ સ્વીકાર્યા પછી પણ કેટલાંક વર્ષ પર્યન્ત આર્યમહાગિરિ જીવંત હોવાનાં અનેક પ્રમાણો પ્રાચીન જૈન શાસ્ત્રોમાંથી મળી આવે છે—

'સંપ્રતિ રાજાએ નગરની ચારે દિશામાં ભોજનશાળાઓ કરાવી અને ત્યાંથી સાધુઓને આહાર મળે એવી તેણે વ્યવસ્થા કરી. તે ઉપરાંત નગરના વ્યાપારીઓને તેણે એવી સૂચના કરી કે તેમણે જૈન સાધુઓને સર્વ સામગ્રી પુરી પાડવી અને તેનાં નાણાં તેમને રાજા પોતે ચૂકવી આપશે. આમ થવાથી સાધુઓને બધી ચીજો સહજ મળવા લાગી અને તેમને કોઇ પણ પ્રકારનું કષ્ટ રહ્યું નહિ. આ એક પ્રકારનો 'રાજપિંડ' (રાજ્યપક્ષથી મળતું ભોજન) કહેવાય અને તે સ્વીકારવાનો જૈન શાસ્ત્રમાં નિષેધ હોઇ આર્ય મહાગિરિએ સાધુઓના ઉક્ત વર્તન પ્રત્યે વિરોધ દર્શાવ્યો. પણ આર્યસુહસ્તીએ કહ્યું કે એ 'રાજપિંડ' નથી પરંતુ પ્રજા પોતાની સ્વૈચ્છિક ભક્તિથીજ સાધુઓને વહોરાવે છે. આર્યસુહસ્તીની એ વર્તણુથી આર્યમહાગિરિએ આર્યસુહસ્તી સાથેનો સંબંધ તોડી નાખ્યો. પરંતુ પાછળથી આર્યસુહસ્તીએ ક્ષમા માગી અને ઉપર પ્રમાણે 'રાજપિંડ' ન લેવાની પ્રતિજ્ઞા કરી ત્યારે આર્યમહાગિરિએ આર્યસુહસ્તી સાથેનો પોતાનો સંબંધ ફરી ચાલુ કર્યો.'૨૯

ઉપરના બંને ઉલ્લેખોથી એ સ્પષ્ટ જણાઇ આવે છે કે સંપ્રતિ નૃપતિએ જૈન ધર્મ સ્વીકાર્યો ત્યારે આર્યમહાગિરિ હયાત હતા અને તે પછી સંપ્રતિએ જૈન સાધુઓ માટે આહારની વ્યવસ્થા કરી, તે વ્યવસ્થા સંબંધમાં આર્યમહાગિરિ અને આર્યસુહસ્તી વચ્ચે મતભેદ પડ્યો. બંને જુદા પડયા, પણ પાછળથી આર્યસુહસ્તીએ પોતાની ભૂલ સમજીને ક્ષમા માગવાથી અને માર્ગ બદલવાથી આર્યમહાગિરિએ તેમની સાથે સંબંધ ચાલુ કર્યો. તે પછી આર્યમહાગિરિ સ્વર્ગવાસ પામ્યા અને આર્યસુહસ્તી તેમના પદે (યુગ પ્રધાનપદે) આવ્યા.

હવે, આર્ય મહાગિરિ મ. સં. ૨૧૫ માં યુગ પ્રધાનપદે આવ્યા અને ૨૪૫ માં સ્વર્ગવાસ પામ્યા તેમજ મ. સં. ૨૪૫ માં આર્યસુહસ્તી યુગપ્રધાન બન્યા તે સંબંધમાં સ્થવિરાવલી, યુગપ્રધાનપટ્ટાવલી આદિ સમગ્ર જૈન શાસ્ત્રો એકમત છે. એટલે દેખીતી રીતેજ સંપ્રતિ–રાજા મ. સં. ૨૪૫ ની કેટલાંક વર્ષ અગાઉ સિંહાસને આવ્યો હોય. એ સમયમાં સંપ્રતિનો

---

(૨૮) [illegible] ૧૧

(૨૯) [illegible]

[illegible]

—[illegible] ૩. ૧ ગૃ. ૧૧૬।

[illegible]

—[illegible] ૩. ૪ ગૃ. ૧૧૧।

રાજ્યાભિષેક મહાવીર સંવત ૨૯૭ કરતાં મ. સં. ૨૩૭ માં વધારે સુસંગત ગણાય.

આ રીતે જૈન ગણતરીથી ભારતીય કાલગણનામાં આપણે નીચે પ્રમાણે નિર્ણયો તારવી શકીએ છીએ :–

| | મ. સં. | ઈ. સ. પૂર્વે |
|---|---|---|
| નવમા નંદના મહામંત્રી શકટાળનો વધ | ૧૪૫ | ૩૮૨ |
| નંદવંશનો અંત ... | ... ૧૫૫ | ૩૭૨ |
| ચન્દ્રગુપ્ત મગધના સમ્રાટપદે | ... ૧૫૫ | ૩૭૨ |
| ચન્દ્રગુપ્તની દીક્ષા ... | ... ૧૬૯ | ૩૫૮ |
| બિન્દુસારનો રાજ્યાભિષેક | ... ૧૬૯ | ૩૫૮ |
| બિન્દુસારનું મરણ ... | ... ૧૯૭ | ૩૩૦[૩૦] |
| અશોકનો રાજ્યાભિષેક | ... ૨૦૧ | ૩૨૬ |
| સંપ્રતિનો રાજ્યાભિષેક | ... ૨૩૭ | ૨૯૦ |

આની સાથોસાથ જૈન સ્થવિર–ગણના પણ ભારતની ઐતિહાસિક કાલગણનામાં મહત્ત્વનો ભાગ ભજવે છે, એટલે તે પણ અહીં ઉપયોગી થઈ પડવા સંભવ છે. એ સ્થવિરગણના વિશે સમગ્ર જૈન શાસ્ત્રો એકમત હોઈને તે પર ચર્ચા ન કરતાં તેને તે તે રાજાની સમકાલિકતાના સૂચન સાથે રજૂ કરવાનું જ યોગ્ય થઈ પડશે—

| પ્રસંગ | મ. સં. | ઈ. સ. પૂર્વે | સમકાલિક રાજા |
|---|---|---|---|
| ભગવાન મહાવીરની મુક્તિ | ... ૦ | ૫૨૭ | મગધપતિ અજાતશત્રુ (કોણિક) ના સમયે. તે જ દિવસે અવંતીમાં નૃપતિ ચંડનું અવસાન ને પાલકનો રાજ્યાભિષેક |
| સુધર્માસ્વામી યુગપ્રધાનપદે | ... ૦ | ૫૨૭ | મગધપતિ અજાતશત્રુના સમયે |
| સુધર્માસ્વામીની મુક્તિ | ... ૨૦ | ૫૦૭ | મગધપતિ ઉદયનના સમયે |
| જંબુસ્વામી યુગપ્રધાનપદે | ... ૨૦ | ૫૦૭ | મગધપતિ ઉદયનના સમયે |
| જંબુસ્વામીની મુક્તિ | ... ૬૪ | ૪૬૩ | મગધપતિ પ્રથમ નંદના સમયે |
| પ્રભવસ્વામી યુગપ્રધાનપદે | ... ૬૪ | ૪૬૩ | મગધપતિ પ્રથમ નંદના સમયે |
| શય્યંભવસ્વામી યુગપ્રધાનપદે | ... ૭૫ | ૪૫૨ | મગધપતિ બીજા નંદના સમયે |
| યશોભદ્રસૂરિ યુગપ્રધાનપદે | ... ૯૮ | ૪૨૯ | મગધપતિ બીજા નંદના સમયે |
| શ્રી સ્થૂલિભદ્રની દીક્ષા | ... ૧૪૫ | ૩૮૨ | મગધપતિ નવમા નંદના સમયે |
| સંભૂતિવિજય યુગપ્રધાનપદે | ... ૧૪૮ | ૩૭૯ | મગધપત નવમા નંદના સમયે |

---

(૩૦) પુરાણો બિન્દુસારનો શાસનકાળ ૨૫ વર્ષનો આંકે છે [भविता बिन्दुसारस्तु पञ्चविंशत् समा नृपः—विष्णुपुराण, ब्रह्मांडपुराण म. भ. उपोन्या. ३ अ. ७४ प. १८५]. જૈન ગ્રન્થો પણ તે ૨૫ વર્ષનો જ જણાવે છે [हिमवत् थेरावली], તેમજ બ્રહ્મદેશની બૌદ્ધ ગણના તેનો શાસનકાળ ૨૭ વર્ષનો ગણાવે છે. આ સંયોગોમાં બિન્દુસારના અને અશોકના રાજ્યાભિષેક વચ્ચે સિલોનગણનાનુસારનું ૩૨ વર્ષનું અંતર કંઈક વિશેષ પડતું લાગે છે. પરિણામે ઉપરની ગણનાઓને ધ્યાન આપી સીલોન ગણનામાથી ત્રણેક વર્ષનો ઘટાડો કરવામાં આવે તો અશોકનો રાજ્યાભિષેક ઇ. સ. પૂર્વે ૩૨૯–૩૦ ના ગાળામાં મુકાય છે. ગ્રીક દંતકથાઓ જણાવે છે કે સેલ્યુકસે ઈ.સ. પૂર્વે ૩૦૪ મા સેન્ડ્રેકોટસ (ચંદાશોક) સાથે સંધિ કરીને તેને પોતાની પુત્રી પરણાવી ત્યારે તે રાજાનું છવીસમું વર્ષ ચાલતું હતું. [અર્લી હીસ્ટરી ઓફ ઇન્ડિયા પૃ.૧૧૯]. આ વિધાન ઉપરોક્ત મંતવ્યને ટેકારૂપ નીવડે છે. તે પછી અશોકના રાજ્યકાળનાં ૩૭ વર્ષ પસાર થયે સંપ્રતિનો રાજ્યાભિષેક થાય છે. એટલે સંપ્રતિનો રાજ્યાભિષેક ઈ. સ. પૂર્વે ૨૯૨–૯૩ ના અરસામાં મૂકાય. આ વિધાન જૈન ગણતરી સાથે મળતું આવે છે. કેમકે કેટલીક પ્રાચીન જૈન પ્રતોમાં સંપ્રતિનો રાજ્યાભિષેક મ. સં. ૨૩૫ માં દર્શાવવામાં આવેલ છે [Indian Antiquary Vol. XI, p. 246 તથા Vol. XXXII, p. 232] જે ઈ. સ. પૂર્વે ૨૯૨ ને સમાંતર છે. એટલે આ ગણના પણ ધ્યાનપાત્ર તો છે જ. આપણી ગણના અને આ ગણના વચ્ચે માત્ર બે વર્ષનું જ અંતર છે.

——ગણિતશાસ્ત્રના હિસાબે રજુ કરાયલી …રટાય જણાવી છે; કેમકે ——— —— આંગળી સરખી પણ …ગતો પોતે એક એવો પાયો છે કે જેની વિરૂદ્ધમાં કોઈ ——— બીજી ઘટનાઓના ——સમયગણત્રી (Chronology) …ંચી કરે તેમ નથી, સિવાયકે તે સમયગણત્રી ન્યૂનાધિકાંશે ઇતિહાસસર્જનમાં સંતોષી શકતી ન હોય. એટલે જ પ્રથમની ચાર જાતના પુરાવા ઉપકારક તો છે જ પરંતુ પાંચમાની તુલનામાં એકે આવી શકતા નથી.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ઐતિહાસિક વસ્તુને પ્રથમની ચાર કોટિના પુરાવા સમર્થન આપતા હોય છતાં પાંચમીનો ટેકો ન મળે તો તેને સિદ્ધિ મળી ચૂકી ગણાશે નહીં. દૃષ્ટાંત :— દેવાનાંપ્રિય પ્રિયદર્શીના લેખોમાંના (પોષધ, ભૂત, પ્રાણ, ચતુર્માશી, અનારંભ, શૌચ, શીલ, દ્રવ્યભાવ, પચ્ચૂપગમન આદિ) શબ્દો જેમ જૈન પારિભાષિક હોવાનું બતાવાય છે તેમ રૂમિન્ડિઆઈના લેખમાંનું 'બુદ્ધ લતે શકે' વાળું વાક્ય, 'કલકત્તા-વૈરાટ'માં દર્શાવેલાં પુસ્તકોનાં નામો, કે મસ્કિમાં તથેલ અશોક શબ્દવાળી પરિસ્થિતિ, પ્રિયદર્શીને બૌદ્ધધર્મી અશોકનું ઉપનામ હોવાની પ્રચલિત માન્યતાને મદદરૂપ નીવડતી પણ જણાવી શકાય છે. વળી ટોલેમીના નિવેદનમાંથી પટના કોલેજના પ્રો. ફિન્ટેલે ઉધૃત કરેલ સેન્ડ્રેકોટસના જીવન વર્ણવતા અમુક ફકરાને ચંદ્રગુપ્તના જીવન વૃત્તાંત સાથે મારીમચડીને બંધબેસતો પણ કરી શકાય છે. તેમજ ઈ. સ. પૂ. ૩૨૭માં હિંદઉપર આક્રમણ કરનાર યવનપતિ અલેકઝાંડરને પંજાબમાં (પંચ નદવાળા) પ્રદેશમાં જે મગધપતિ (અથવા રાજ્યાભિષેક થયેલ ન હોવાથી કુમાર કહો) સેન્ડ્રેકોટસ મળેલ હોવાનું ગ્રીક ઇતિહાસકારોએ નોંધ્યું છે ને જેને સંશોધક પરમવિશારદ—એક વખતના જનરલ અને પછીથી થયેલ સર અલેક ઝાંડર કનિંગહામના ગંતવ્ય પ્રમાણે ઈ. સ. ૧૮૦૦ માં થયેલ સર વિલિયમ જોન્સે કેવળ ઉચ્ચારની સામ્યતાને લીધે જ ચંદ્રગુપ્ત ઠરાવી દીધો છે ને જેને પાછળના વિદ્વાનોએ તે વખતના—વૈદિક, બૌદ્ધ અને જૈન, એમ ત્રણે હિંદી ધર્મના યોકબંધ સાહિત્ય ગ્રંથોમાં ચંદ્રગુપ્તનાં નિર્વિવાદરે જીવન અને ચરિત્ર આલેખાયાં હોવા છતાં, કોઇ એકેયે અલેકઝાંડરનું તો શું પણ કોઇ પરદેશી આક્રમણકારનું નામ વર્ણવ્યું સુદ્ધાં નથી તોયે, તેના ઉપર મત્તુ મારી પોતાની સીલ મહોર પણ કરી આપી છે. એટલે કે નિશ્ચયપૂર્વક જે ન કરવું જોઈએ તે પણ કરી દેવાયું છે. આ પ્રમાણે પૂર્વકથિત ચાર પ્રકારના પુરાવાઓને મન ફાવતી રીતે ગોઠવીને એક ઈમારત ખડી કરી દેવાઈ છે. છતાં જો તેનાથી સમયગણત્રીને મેળ ખાતી કોઇ રીતે કરાતી ન હોય, તો શું તે બનાવને આપણે સ્વીકારી શકીશું? જવાબમાં આપણે બેધડકથી "ના" જ ... જીવન બનાવો

| પ્રસંગ. | મ. સં. | ઇ. સ. પૂર્વે | સમકાલિક રાજા |
|---|---|---|---|
| શ્રી ભદ્રબાહુસ્વામી યુગપ્રધાનપદે | ... ૧૫૬ | ૩૭૧ | મગધપતિ ચંદ્રગુપ્તના સમયે |
| પાટલીપુત્રનું પ્રથમ જૈન સંમેલન | ... ૧૬૦ | ૩૬૭ | મગધપતિ ચન્દ્રગુપ્તના સમયે |
| શ્રી ભદ્રબાહુસ્વામીનો સ્વર્ગવાસ | ... ૧૭૦ | ૩૫૭ | ચન્દ્રગુપ્ત આ મુનિવરનો ભક્ત બનેલો ને તેણે તેમના પાસે ઇ. સ. પૂર્વે ૩૫૮ માં દીક્ષા લીધેલી ને એજ વર્ષમાં બિન્દુસાર ગાદીએ બેઠો |
| શ્રી સ્થૂલિભદ્ર યુગપ્રધાનપદે | ... ૧૭૦ | ૩૫૭ | બિન્દુસારના સમયમાં |
| શ્રી આર્યમહાગિરિ યુગપ્રધાનપદે | ... ૨૧૫ | ૩૧૨ | મગધપતિ અશોકના સમયે |
| શ્રી આર્યમહાગિરિનો સ્વર્ગવાસ | ... ૨૪૫ | ૨૮૨ | ભારતપતિ પ્રિયદર્શિન (સંપ્રતિ) ના સમયે |
| શ્રી આર્યસુહસ્તી યુગપ્રધાનપદે | ... ૨૪૫ | ૨૮૨ | પ્રિયદર્શિનના સમયે |

કાલગણનાના વિષયમાં બૌદ્ધ સાહિત્યમાં વિગતવાર આંકડાઓ મળી આવે છે, પરંતુ તેમાં પરસ્પર મતભેદ છે. બુદ્ધસંવત સંબંધમાં બૌદ્ધ કાળગણના અર્વાચીન વિદ્વાનો જે વિવિધ મત ધરાવે છે તે આપણે ઉપરમાં (પૃ. ૨૭) જોઈ ગયા. તે ઉપરાંત પ્રાચીન અને મધ્યકાલીન બૌદ્ધ સાહિત્યમાં પણ એટલોજ મતભેદ માલમ પડે છે. બુદ્ધસંવત બે પ્રકારનો છે. એક-જે વર્ષમાં બુદ્ધને જ્ઞાનપ્રાપ્તિ થઇ તે વર્ષથી શરૂ થતો-બુદ્ધ નિર્વાણસંવત અને બીજો-જે વર્ષમાં બુદ્ધ મુક્તિ પામ્યા તે-બુદ્ધ પરિનિર્વાણસંવત. નિર્વાણ (જ્ઞાનપ્રાપ્તિ) અને પરિનિર્વાણ-(મરણ) વચ્ચે ૨૧ અથવા ૨૩ વર્ષનું અંતર છે. વળી જુદા જુદા ગ્રંથો અને પ્રસંગોની નોંધો અવલોકતાં ભિન્ન ભિન્ન પ્રકારનો મતભેદ માલમ પડે છે,-જે નીચેના કોઠા પરથી સમજાશે.

| [illegible] | | | બર્મિઝ-ગ્રન્થાનુસાર | તિબેટ-ગ્રન્થાનુસાર | સિલોનનાં 'દીપવંશ'ની ગણતરીએ | 'મહાવંશ'ની ગણતરીએ | સિલોન-ગ્રન્થાનુસાર |
|---|---|---|---|---|---|---|---|
| [illegible]-બુદ્ધસંવતપૂર્વે-૫ | | | | ૫ | | | |
| [illegible] | " | —બુદ્ધસંવત | ૩૦ | | ૮ | | |
| [illegible] | " | — " | ૬૬ | ૨૭ | | ૮ | |
| [illegible] | " | — " | ૫૪ | | ૨૪ | ૨૪ | |
| [illegible] | " | — " | ૫૮ | | ૪૦ | ૪૮ | |
| [illegible] | " | — " | ૬૦ | ૧૩ | ૪૮ | ૪૮ | |
| [illegible] | | | | | ૭૨ | ૬૬ | |
| [illegible] | | | | | ૬૦ | ૬૦ | |
| [illegible] | | | | | | ૧૦૮ | |
| [illegible] | | | ૧૧૦ | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ગોવિન્દ્યુનંદી, દસેરીટીકાનંદી, ધનપાલનંદી | — | ૧૫૧ | | ૧૪૦ | ૧૫૮ | |
| ચન્દ્રગુપ્તનો રાજ્યાભિષેક | — | ૧૭૨ | | ૧૬૨ | ૧૮૦ | ૧૫૧ |
| બિન્દુસારનો ,, | — | ૧૯૬ | | ૧૮૬ | ૨૧૪ | |
| બિન્દુસારનું મરણ | — | ૨૨૩ | ૨૩૪ | ૨૧૪ | ૨૪૨ | |
| અશોકનો રાજ્યાભિષેક | — | ૨૨૬ | ૨૩૮ | ૨૧૮ | ૨૪૬ | |
| સંપ્રતિનો ,, | — | | | ૨૫૫ | | |

આ પ્રમાણે જુદી જુદી ગણનાઓમાં બુદ્ધસંવત અંગે ૫ થી ૩૦ વર્ષ લગીનો મતભેદ માલમ પડે છે. બ્રહ્મદેશ અને સિયામનો ઇતિહાસ જોતાં તે બંને દેશો વચ્ચે પણ બુદ્ધસંવત અંગે ૧૫ વર્ષનો મતભેદ છે. બર્મા અને સિયામ વચ્ચેના પ્રથમ મહાવિગ્રહની શરૂઆતની સાલ તરીકે બર્માના ઇતિહાસમાં બુ. સં. ૨૦૯૦ નોંધાયલ છે, જ્યારે સિયામના ઇતિહાસમાં ૨૧૦૫ નોંધાયલ છે.

સિલોન–બર્મા આદિ સ્થળોનાં પરંપરાનુગત પ્રચલિત પંચાંગોની ગણતરીએ બુદ્ધસંવત ઈ. સ. પૂર્વે. ૫૪૩ માં શરૂ થાય છે. આ સંવતને વિદ્વાનો પરિનિર્વાણ–સંવત તરીકે ઓળખાવે છે. પણ સિલોનના ગ્રંથો પરિનિર્વાણ અને નિર્વાણ વચ્ચેનો ચોક્કસ ભેદ જાળવી શકતા નથી. એક સ્થળે જેને નિર્વાણ–ગણના દર્શાવવામાં આવી હોય, તેનેજ બીજે સ્થળે તેઓ પરિનિર્વાણ–ગણના તરીકે ઓળખાવે છે. ૩૧ એટલે સ્વતંત્ર દૃષ્ટિએ બુધ્ધ–ગણના પરથી કશો નિર્ણય તારવવાને બદલે જૈન ગણના, પૌરાણિક ગણના અને અન્ય ઐતિહાસિક પ્રમાણો સાથે મેળ ખાતી બૌધ્ધ ગણનાને આપણે વધારે વજનદાર લેખવી જોઇએ.

બુધ્ધ–ગણનામાંથી સત્ય શોધી કાઢવાને આપણે અશોક ઉપર દૃષ્ટિ ઠેરવવી જોઇએ. કેમકે અશોક એ બૌધ્ધ રાજવી હોઇને તેના સંબંધમાં બૌધ્ધોમાં અનેક ઉલ્લેખો મળી આવે છે અને તેમાં સત્ય પણ વિશેષ પ્રમાણમાં હોવાનો સંભવ છે.

બર્મીઝ ગણનાનુસાર અશોકનો રાજ્યાભિષેક બુ. સં ૨૨૬ માં છે, તિબેટિયન ગણનાનુસાર ૨૩૮ માં છે અને સીલોનના 'મહાવંશ'–'દીપવંશ' ની ગણતરીએ તે બુ. સં. ૨૧૮ માં તથા 'મહાવંશી' ગણનાનુસાર તે ૨૪૬ માં છે. તેમાં છેલ્લો ગ્રન્થ બહુ વિશ્વાસપાત્ર નથી મનાતો, એટલે પ્રથમના ત્રણનો અને બીજા ઉલ્લેખોનોજ અહીં વિચાર કરવો રહ્યો. તેમાં બુધ્ધ સંવતની શરૂઆત આપણે પ્રચલિત પંચાંગોને અનુસરીને ઇ. સ. પૂર્વે ૫૪૩ થીજ ગણીશું.

'મહાવંશ'–'દીપવંશની'ની ગણતરીએ અશોકનો રાજ્યાભિષેક બુ. સં. ૨૧૮=ઇ. સ. પૂર્વે (૫૪૩ –૨૧૮) ૩૨૫ આવે છે.

તિબેટની ગણતરીએ અશોકનો રાજ્યાભિષેક ૫૪૩–૨૩૮=ઇ. સ. પૂર્વે ૩૦૫માં આવે. પરંતુ હિંદ સરકારના માજી નાયબ પુરાતત્ત્વાન્વેષણાધિકારી શ્રી. પી. સી. મુકરજી તિબેટની ગણનાના સૂક્ષ્મ સંશોધન પછી જણાવે છે કે તિબેટમાં બુદ્ધ સંવત ઇ. સ. પૂર્વે ૫૬૩માં શરૂ થાય છે. એટલે એ વિધાનને સ્વીકારી લઇએ તો તિબેટની ગણતરીએ પણ અશોકનો રાજ્યાભિષેક ૫૬૩–૨૩૮=ઇ. સ. પૂર્વે ૩૨૫માં આવે છે.

ચીનમાં બુધ્ધસંવત ઇ. સ. પૂર્વે ૫૪૩માં શરૂ થાય છે. અને 'સુદર્શન વિભાસ' નામે ચીનાઈ ગ્રન્થમાં પણ અશોકનો રાજ્યાભિષેક બુ. સં. ૨૧૮માં જણાવેલ

(૩૧) અજાતશત્રુના આઠમા વર્ષે ભગવાન બુદ્ધ પરિનિર્વાણ પામ્યા અને તેજ વર્ષમાં રાજા વિજય લંકાના સિંહાસને બેઠો એમ બૌદ્ધ ગ્રન્થો ભારપૂર્વક જણાવે છે. પરિનિર્વાણના એજ પ્રસંગને દીપવંશ 'નિર્વાણ' ના નામે ઓળખાવે છે—
निब्बुते लोकनाथस्मिम्, वस्सानि सोलसम् तदा ।
अजातसत्तु चतुवीसम्, विजयस्स सोलसम् अहु ॥ २७–४

છે. એટલે એ ગણતરીએ પણ અશોકનો રાજ્યાભિષેક ૫૪૩–૨૧૮=ઈ. સ. પૂર્વે ૩૨૫માં આવે છે.

બૌદ્ધ સ્થવિર–ગણનામાં મહાન બૌદ્ધાચાર્ય તિસ્સનું મરણ બુ. સં. ૨૪૮માં જણાવવામાં આવે છે અને તે વખતે અશોકનું ૨૬મું વર્ષ ચાલતું હતું એમ જણાવેલ છે. એ ગણતરીએ અશોકનો રાજ્યાભિષેક ૨૪૪–૨૬=બુ. સં. ૨૧૮=ઈ. સ. પૂર્વે ૩૨૫માં આવે છે.

એજ બૌદ્ધ સ્થવિર–ગણનામાં મહેન્દ્રે બુ. સં. ૨૨૪ માં દીક્ષા લીધાનું જણાવ્યું છે. મહેન્દ્ર અશોકનો પુત્ર હતો અને તેણે અશોકના છઠ્ઠા વર્ષે દીક્ષા લીધી હોવાનું બધાએ બૌદ્ધ ગ્રંથો માન્ય રાખે છે. એટલે તે ગણતરીએ પણ અશોકનો રાજ્યાભિષેક બુ. સં. ૨૨૪–૬=૨૧૮=ઈ. સ. પૂ. ૩૨૫ આવે છે.

શ્રી. પી. સી. મુકરજી પણ કાળગણનાનો નિર્ણય કરતાં જણાવે છે કે અશોક ઈ. સ. પૂર્વે ૩૨૬થી ૩૨૫ ની વચ્ચે ગાદીએ બેઠેલો.૩૨

'મહાવંશી' માં જણાવ્યું છે કે બિન્દુસારની માંદગી વખતે અશોક તક્ષશિલા બાજુ હતો અને [illegible] સુસીમ પાટલીપુત્રમાં હતો. માંદગી પ્રસંગે બિન્દુસારે સુસીમને પાટલીપુત્રના સિંહાસને બેસાડ્યો. [illegible] અશોક [illegible] અને તે [illegible] (સંઘ) ના સિંહાસને [illegible] બિન્દુસાર પાસે પોતાનો [illegible] બિન્દુસારના મરણ પછી આ [illegible] પાટલીપુત્રના સિંહાસને [illegible]

ના અરસામાં અશોક ચંપાનો ગાદીપતિ બને છે અને ઈ. સ. પૂર્વે ૩૨૫–૨૬ ના અરસામાં પાટલીપુત્રમાં તેનો રાજ્યાભિષેક ઉજવાય છે.

આપણે ઉપરમાં પુરવાર કરી ગયા અને જેના ટેકામાં હવે પછી પણ સંખ્યાબંધ દલીલો રજૂ થશે તે મંતવ્યાનુસાર ગ્રીકોએ જેને સેન્ડ્રેકોટસના નામે ઓળખાવેલ છે તે ભારતીય નૃપતિ ચન્દ્રગુપ્ત નહિ, પરંતુ અશોક છે.૩૩ પૂર્વાવસ્થામાં તે વધારે ઉગ્ર સ્વભાવનો હોઈ ચંડાશોકના નામે ઓળખાયેલ છે અને સેન્ડ્રેકોટસ એ ચંડાશોકનું ગ્રીક રૂપાંતર છે. ગ્રીક ઇતિહાસના જણાવ્યા પ્રમાણે–૩૪ 'આ સેન્ડ્રેકોટસે (અશોકે) ઈ. સ. પૂર્વે ૩૦૪ માં સેલ્યુકસ નીકેટર સાથે સંધિ કરેલી અને તે સંધિની સરત અનુસાર સેલ્યુકસે તેને પુત્રી પરણાવી. એ વર્ષ સેન્ડ્રેકોટસના રાજ્યકાળનું ૨૬ મું વર્ષ હતું.' આપણે ઉપર જોઈ ગયા તેમ અશોકના રાજ્યકાળની શરૂઆત ઈ. સ. પૂર્વે ૩૨૯–૩૦ (રાજ્યાભિષેક ઈ. સ. પૂર્વે ૩૨૫–૨૬) માં થાય છે. તે ગણતરીએ ૩૦૪ ની સાલ મળી રહે છે.

આ રીતે અનેક ગણતરીએ અશોકનો રાજ્યાભિષેક બુ. સં. ૨૧૮=ઈ. સ. પૂર્વે ૩૨૫–૨૬ માં આવે છે. એટલે [illegible] ગણનામાં જે આઠ વર્ષનો ફેર રહે છે તે [illegible] રાજ્યકાળમાં બીજી ગણનાઓ કરતાં [illegible] આભારી હોય સંભવ છે. [illegible] ઈ. સ. પૂર્વે ૩૨૫ ના [illegible] અશોકના રાજ્યાભિષેક તરીકે માન્ય [illegible] પર નજર નાખતાં [illegible]

[illegible]

શાસન ૩૬–૩૭ વર્ષ ચાલ્યું હોવા સંબંધમાં બૌદ્ધ અને પૌરાણિક ગ્રન્થો એકમત છે. એટલે સર્વ ગ્રન્થ તરીકે અશોકના શાસનનો અંતિમ[35] સમય અને સંપ્રતિનો રાજ્યાભિષેક[36] બુ.સં. ૨૫૫=મ. સં. ૨૩૭= ઇ. સ. પૂર્વે ૨૮૯ માં મુકાય છે.

અશોકનો રાજ્યાભિષેક બુ. સં. ૨૧૮=ઇ. સ. પૂર્વે ૩૨૬ માં મૂકાવાથી,-બિન્દુસારનું મરણ બુ. સં. .૨૧૪=ઇ. સ. પૂ. ૩૩૦ માં મૂકાય છે અને બિન્દુસારનો રાજ્યાભિષેક બુ. સં. ૧૮૬=ઇ. સ. પૂર્વે ૩૫૮ માં મૂકાય છે. આ બધાં વર્ષ જૈન કાલગણનાની સાથે પૂર્ણતઃ મળતાં આવે છે. એટલે એમના સાચાપણા સંબંધમાં કશોજ સંદેહ ન હોઇ શકે. ફક્ત ચન્દ્રગુપ્તના વિષયમાં કંઇક મતભેદ છે તે આપણે વિચારી જઇએ.

ચન્દ્રગુપ્તના શાસનકાળનું અંતિમ વર્ષ ઇ. સ. પૂર્વે ૩૫૮ હોવા સંબંધમાં તો જૈન અને બૌદ્ધ બંને ગણનાઓ એકમત છે. પણ તેની શરૂઆત તરીકે જૈન ગણના મ. સં. ૧૫૫=ઇ સ. પૂર્વે ૩૭૨ જણાવે છે, જ્યારે બૌદ્ધ ગણના બુ. સં. ૧૬૨=ઇ. સ. પૂ. ૩૮૨ જણાવે છે. આ પ્રસંગમાં બ્રહ્મદેશની બૌદ્ધ ગણના જૈન ગણના સાથે બંધબેસતી [ બુ. સં. ૧૭૨=ઇ. સ. પૂર્વે ૩૭૨ ] આવે છે. છતાં બૌધ્ધો ચન્દ્રગુપ્તનો શાસનકાળ ૨૪ વર્ષનો આંકે છે જ્યારે જૈનો તેનો શાસનકાળ ૧૪ વર્ષનો જણાવે છે, એ પ્રશ્નનો ઉકેલ તો કરવોજ જોઇએ. અને તે ઉકેલ એ છે કે બૌધ્ધો ચન્દ્રગુપ્તના શાસનકાળની શરૂઆત તે એક નાના ગામનો રાજવી બન્યો ત્યારથી આંકે છે, જ્યારે જૈનો, તે નંદને હરાવીને મગધના સિંહાસને વિરાજ્યો ત્યારથી આંકે છે. આ રીતે આટલા વિવેચન પછી આપણે નીચે પ્રમાણે બૌદ્ધ–ગણના નિશ્ચિત કરી શકીએ છીએ:—

| | બુ. સં. | ઈ. સ. પૂર્વે |
|---|---|---|
| ચન્દ્રગુપ્ત રાજવી બન્યો | – ૧૬૨ | ૩૮૨ |
| ચન્દ્રગુપ્ત મગધના સમ્રાટ તરીકે | – ૧૭૨ | ૩૭૨ |
| ચન્દ્રગુપ્તનો અંતિમકાળ | – ૧૮૬ | ૩૫૮ |
| બિન્દુસારનો રાજ્યાભિષેક | – ૧૮૬ | ૩૫૮ |
| બિન્દુસારનું મરણ | – ૨૧૪ | ૩૩૦ |
| અશોક–ચંપાના રાજવી તરીકે | – ૨૧૪ | ૩૩૦ |
| અશોક–મગધના સમ્રાટપદે | – ૨૧૮ | ૩૨૬ |
| સંપ્રતિનો રાજ્યાભિષેક | – ૨૫૫ | ૨૮૯ |

પુરાણો મૌર્ય કાલગણનામાં બુદ્ધ સંવત કે મહાવીર સંવતનો ઉલ્લેખ ન કરતાં અજાતશત્રુના રાજ્યાભિષેક- ...થીજ તેની શરૂઆત કરે છે પણ પૌરાણિક ગણના અજાતશત્રુનો રાજ્યાભિષેક બુદ્ધના ... પરિનિર્વાણની આઠ વર્ષ પૂર્વે હોવાનું આપણે જોઈ ગયા છીએ. એટલે પૌરાણિક ગણનાને આપણે સહેજે ઇ. સ. કે બુ. સં.માં ફેરવી શકીશું.

ઇ. સ. પૂર્વે ૫૪૩થી શરૂ થતો બુદ્ધ સંવત જો બુદ્ધ પરિનિર્વાણ સંવત હોય તો અજાતશત્રુનો રાજ્યાભિષેક ઇ. સ. પૂર્વે ૫૫૧ માં મુકાય. જે જૈન ગણનાનુસાર તદ્દન અસંભવિત છે.[37] એટલે આ સંવતને નિર્વાણ–સંવત માનવાનું અનિવાર્ય બને છે. તેમ થતાં બુદ્ધનું પરિનિર્વાણ ઇ સ. પૂર્વે ૫૨૨ થી ૫૨૦ના ગાળામાં મુકાશે. [ નિર્વાણ અને પરિનિર્વાણ વચ્ચેનું અંતર જો ૨૧ વર્ષ ગણીએ તો ઇ. સ. પૂર્વે ૫૨૨, અને જો ૨૩ વર્ષ ગણીએ તો ૫૨૦ ]. પરિણામે અજાતશત્રુનો રાજ્યાભિષેક ઇ. સ. પૂર્વે ૫૩૦ થી ૫૨૮ ના ગાળામાં ગણાય.

અજાતશત્રુથી શરૂ થતી પૌરાણિક ગણના નીચે

---

(૩૫-૩૬) તિબેટના ગ્રંથો ધર્માશોકનો શાસનકાળ ૫૪ વર્ષનો જણાવે છે, તેને કેટલાક અશોક માની લે છે. પરંતુ ધર્માશોક એ તો સંપ્રતિનું ઉપનામ હોવાનો સંભવ છે, કેમકે અન્ય પ્રમાણોથી પણ સંપ્રતિનો શાસનકાળ ૫૪ વર્ષનોજ પુરવાર થાય છે અને અગાઉના બે અશોકો ઉગ્ર હોવાને ખાતર તેમની આગળ કાળ (કાળાશોક) અને ચંડ(ચંડાશોક) એવાં વિશેષણો મૂકાયલાં, પણ સંપ્રતિ ધર્મપ્રિય હોઇને તેને ધર્માશોક બિરુદ મળ્યું. વળી ૫૪ વર્ષનો શાસનકાળ પણ તેનો છે. બાકી, અશોક (ચંડાશોક) નો શાસનકાળ તો સર્વાનુમતે ૩૬ થી ૩૭ વર્ષનો જ છે.

(૩૭) ઇ. સ. પૂર્વે ૫૫૭માં ભગવાન મહાવીરને કેવળજ્ઞાન ઉપજે છે. તે પછી મગધપતિ શ્રેણિક ભગવાનના સંસર્ગમાં આવે છે અને તેમનો ભક્ત બને છે. એ પ્રસંગ પછી ભગવાન

જન્મેલો અને પંદર વર્ષની વયે તેનો રાજ્યાભિષેક થયો તેમજ ૬૭ વર્ષની વયે તે અવસાન પામ્યો. અવંતીપતિ ચંડ, ભગવાન મહાવીરની મુક્તિના સમયેજ અવસાન પામ્યો અને તે જ રાત્રે અવંતીના સિંહાસને તેના પુત્ર પાલકનો રાજ્યાભિષેક થયો.

**ત્રણે ભારતીય ગણનાનો સુમેળ**

આ રીતે જૈન, બૌધ્ધ અને પૌરાણિક–ત્રણે કાલગણનાઓ પર તુલનાત્મક તેમજ અન્ય સામાન્ય વિચારણા ચલાવ્યા પછી અને પાછલા પ્રસંગો પર ઊડતી નજર નાંખ્યા પછી આપણે નીચે પ્રમાણે કાલનિર્ણય દર્શાવી શકીએ છીએ—

1 ભગવાન બુધ્ધનો જન્મ ... ઈ. સ. પૂર્વે ૬૦૦
૨ ભગવાન મહાવીરનો જન્મ ... " " ૫૯૯–૯૮
૩ મગધપતિ શ્રેણિકનો જન્મ ... " " ૫૯૫
૪ મગધપતિ શ્રેણિકનો રાજ્યાભિષેક " " ૫૮૦
૫ ભગવાન મહાવીરને કૈવલ્યજ્ઞાન " " ૫૫૭
૬ ભગવાન બુધ્ધનું નિર્વાણ (જ્ઞાનપ્રાપ્તિ) " ૫૪૩–૪૪
૭ અજાતશત્રુનો રાજ્યાભિષેક ... " " ૫૨૮
૮ ભગવાન મહાવીરની મુક્તિ ... " " ૫૨૭–૨૬
૯ અવંતીપતિ પાલકનો રાજ્યાભિષેક " ૫૨૭–૨૬
૧૦ ભગવાન બુધ્ધનું પરિનિર્વાણ " " ૫૨૦
૧૧ પ્રથમ બૌધ્ધ સંમેલન ... " " ૫૨૦
૧૨ ઉદાયીનો રાજ્યાભિષેક ... " " ૪૬૬
૧૩ નંદરાજની સ્થાપના ... " " ૪૫૨
૧૪ બીજું બૌધ્ધ સંમેલન ... " " [illegible]
૧૫ [illegible] ... " " [illegible]
૧૬ [illegible] ૪૧૫
૧૭ [illegible] ૩૮૨
૧૮ [illegible] ૩૮૨
૧૯ [illegible] ૩૭૨
૨૦ [illegible]
૨૧ [illegible]
૨૨ [illegible]

૨૩ બિન્દુસારનું મરણ " " ૩૩૦
૨૪ અશોકનો રાજ્યાભિષેક " " ૩૨૬
૨૫ ત્રીજું બૌદ્ધ સંમેલન " " ૩૦૮
૨૬ સંપ્રતિ (પ્રિયદર્શિન) નો રાજ્યાભિષેક " " ૨૮૯
૨૭ સંપ્રતિના પ્રથમ ગુરુ આર્ય મહાગિરિનો સ્વર્ગવાસ " " ૨૮૨
૨૮ " દ્વિતીય ગુરુ આર્યસુહસ્તી યુગપ્રધાનપદે " " ૨૮૨
૨૯ સંપ્રતિના શાસનકાળની સમાપ્તિ " " ૨૩૫

જૈન, બૌધ્ધ અને વૈદિક ગણતરીએ આ પ્રમાણે કાલનિર્ણય કર્યા પછી આપણે પરદેશી પ્રમાણો પણ તપાસી જઈએ.

**પરદેશી પ્રમાણો**

ઉપર આપણે–ભારતીય કાલગણના, સેન્ડ્રોકોટસનું યવન સેલ્યુકસની પુત્રી સાથેનું લગ્ન, ચન્દ્રગુપ્તના સમય પરત્વે રચાયલા અપૂર્ણ ભારતીય સાહિત્યમાં પરદેશી આક્રમણની નોંધનો અભાવ, બિન્દુસારના અંતિમ સમયે પંજાબમાં થયેલ બળવાઓનો ઉલ્લેખ, તટસ્થ વિદ્વાનોના અભિપ્રાય, તેમજ સાબુકરના અર્થશાસ્ત્ર અને મેગેસ્થીનિસની નોંધના રજુ કરીને વધારે આદિ–પ્રમાણોથી પુરવાર કરી ગયા છીએ કે સેન્ડ્રોકોટસ [illegible]

[illegible]

૧. અંતિયોક-સિરિયાનો રાજવી એન્ટીગોકસ પહેલો ... ... ... ઈ. સ. પૂ. ૨૮૦ થી ૨૬
૨. તુરમય-ઈજીપ્તનો રાજવી ટોલેમી-ફીલાડેલ્ફસ ... ... ... „ ૨૮૫ થી ૨૪
૩. અંતિકિનિ-મેસીડોનિયાનો નૃપતિ એન્ટીગોનસ ... ... ... „ ૨૭૬ થી ૨૩
૪. મક-સાઈરીનીનો રાજવી મગ ... ... ... „ ૩૦૦ થી ૨૫૦
૫. અલિકસુંદર-ઈપીરસનો નૃપતિ અલેકઝાંડર ... ... ... „ ૨૭૨ થી ૨૫૫

ઉપરના પાંચે રાજવીઓના સમય પર નજર નાંખતાં એ તો સ્પષ્ટ જણાઈ આવે છે કે, એ પાંચે સાથેની કોઈ પણ નૃપતિની સમકાલીનતા સૂચવવી હોય તો તે ઈ. સ. પૂર્વે ૨૭૨ થી ઈ. સ. પૂર્વે ૨૬૧ ના ગાળામાંજ સૂચવાઈ શકે.

અગાઉ આપણે પુરવાર કરી ગયા છીએ કે સંપ્રતિ ઈ. સ. પૂર્વે ૨૮૯ માં ગાદીએ આવ્યો છે. અને જે તેરમા શિલાલેખમાં પ્રિયદર્શિન પોતાના ઉપરોક્ત પાંચ સમકાલિક નૃપતિઓનાં નામ સૂચવે છે તે શિલાલેખ તેણે પોતાના રાજ્યાભિષેકના ૨૮ મા વર્ષે૩૯ કોતરાવ્યો હોવા સંબંધમાં તો ઘણા ખરા વિદ્વાનો એકમત થયા છે. સંપ્રતિનું ૨૮ મું વર્ષ ઈ. સ. પૂર્વે ૨૬૧ (૨૮૯-૨૮) માં આવે છે. એટલે ઉપરના પાંચે રાજવીઓ સાથેની તેની સમકાલિકતા સ્વાભાવિક બની રહે છે. અશોકના રાજ્યકાળનો અંત ઈ. સ. પૂર્વે ૨૮૯ માં આવી ગયેલો હોઈને તેની ઉપરોક્ત પાંચ રાજવીઓ સાથેની સમકાલિકતાને તો સ્થાન જ નથી. પણ વધુમાં, શિલાલેખોમાં પ્રિયદર્શિનના સામ્રાજ્યની જે હદ આંકવામાં આવી છે અને તેનો જે વિસ્તાર દર્શાવવામાં આવ્યો છે તે ગણતરીએ તે સામ્રાજ્યનો સ્વામી ઈ. સ. પૂર્વે ૨૮૯ થી ઈ. સ. પૂર્વે ૨૩૫ લગી સંપ્રતિ હોઈને, શિલાલેખોમાં પ્રિયદર્શિન ના નામે મશહુર બનેલો રાજવી અફરપણે સંપ્રતિ જ છે. ઉક્ત પાંચે ગ્રીક રાજાઓ સાથેની સંપ્રતિની સમકાલિકતાને તો નામાંકિત વિદ્વાનો પણ માન્ય રાખે છે.૪૦

અને એથેનિયન તેમજ પ્લીનીની નોંધોના આધારે એ પણ પુરવાર થઈ શકે છે કે ઉપરોક્ત પાંચ રાજવીઓમાંના બેની સાથે તો સંપ્રતિને મિત્રતાનો સંબંધ પણ હતો.

એથેનિયન જણાવે છે કે,૪૧ 'ભારતીય નૃપતિ અમિત્રઘાતે (સંપ્રતિએ) સીરિયન નૃપતિ એન્ટીયોકસ પહેલા પર પત્ર લખીને તેને-સૂકાં અંજીર, દ્રાક્ષાસવ અને એક ગ્રીક વિદ્વાનને હિંદ મોકલાવી આપવાની સૂચના કરેલી. અને એન્ટીયોકસે તે સૂચનાનો શક્ય અમલ કર્યો.'૪૨

---

(૩૯) સેનાર્ટે એવો મત પ્રદર્શિત કરેલો કે પ્રિયદર્શિને પોતાના બધા શિલાલેખો [ Rock Edicts ] રાજ્યાભિષેકના ચૌદમા વર્ષે કોતરાવેલા; અને યુરોપીય વિદ્વાનોએ આ મતને એકે અવાજે વધાવી લીધેલો, પણ શ્રી હરિત કૃષ્ણ દેવ નામના બંગાળી વિદ્વાને એ શિલાલેખોના સૂક્ષ્મ અભ્યાસ પછી 'Asok's Dhamma Lipis' નામે ગ્રન્થ લખીને તેમાં એવું પુરવાર કરી બતાવ્યું છે કે બીજા શિલાલેખો ચૌદમા વર્ષે કોતરાયા હશે પણ બીજો અને તેરમો મુખ્ય શિલાલેખ તો રાજ્યાભિષેકના ૨૮ મા વર્ષે જ કોતરાવેલ છે. ધૌલી અને જગૌડામાં તેરમા શિલાલેખને સ્થળે જુદો જ લેખ કોતરાયો છે અને રાજ્યાભિષેકના ૨૭ મા વર્ષે કોતરાવેલા સાતમા સ્થંભલેખમાં પ્રિયદર્શિને પોતાનાં બધાં જ શાસનો અને કાર્યોનો સાર તારવી તેને લેખ રૂપે કોતરાવ્યો છે. તેમાં બીજા અને તેરમા શિલાલેખની હકીકતનો સમાવેશ નથી કર્યો એટલે તે બંને લેખ તેણે રાજ્યાભિષેકના ૨૮ મા વર્ષે કોતરાવેલા હોવાનો પૂરતો સંભવ છે. ડૉ૦ ભાંડારકર આદિ વિદ્વાનો આ મતને માન્ય રાખે છે.

(૪૦) Rock edicts belong to Samprati who was contemporary with the five Yona kings, of the then divided Greek empire. Indian Antiquary Vol. xxx p. 233.

P. C. Mukharji

(૪૧) Cor. Ins. Ind. Vol. I. ( By-Hultzsch )- Introduction P. 35.

(૪૨) વિશેષ માટે જુઓ પરિચ્છેદ ૧, ફૂ. નો. ૧૧.

# દ્વિતીય ખંડ

## પ્રિયદર્શિનની ધર્મલિપિઓ યાને શાસનો

:x:

### અનુક્રમ

# દ્વિતીય ખંડ

# ધર્મલિપિઓ

# દ્વિતીય ખંડ

## પ્રિયદર્શિનની ધર્મલિપિઓ યાને શાસનો

અનુક્રમ

# માર્ગદર્શન

પ્રિયદર્શિનના લેખો-ધર્મલિપિઓ, ધર્માજ્ઞાઓ, ધર્મશાસનો, શિલાલેખો આદિ નામે, જગમશહૂર બન્યા છે. તેમાંથી આપણે અહીં 'ધર્મલિપિ' નામ એટલા ખાતર પસંદ કર્યું છે કે પ્રિયદર્શિને પોતેજ તે લેખોનો નિર્દેશ 'ધર્મલિપિ' [ ध्रंमलिपि ] તરીકે કર્યો છે.

પ્રિયદર્શિને આવા લેખો કુલ કેટલા કોતરાવ્યા હશે તેનો ચોકકસ નિર્ણય થઇ શકતો નથી પરંતુ આજે વિભક્ત સ્વરૂપના કુલ ૩૬ લેખો મળી આવે છે. વિદ્વાનોએ તેના, મુખ્ય ખડકલેખો (Major Rock-Edicts) ભિન્ન ખડકલેખો (Separate Rock-Edicts) ગૌણ ખડકલેખો (Minor Rock-Edicts); મુખ્ય સ્થંભલેખો (Major Pillar-Edicts); ગૌણ સ્થંભલેખો (Minor Pillar-Edicts) અને ગુફાલેખો (Cave-Inscriptions) એવા વિભાગ પાડયા છે.

તેમાંથી મુખ્ય ખડકલેખો ચૌદ છે અને તે ગિરનાર, કાલ્સી, શાહબાઝગઢી, મન્શેરા, સોપારા, ધૌલી અને જગૌડ એમ સાત સ્થળે મળી આવે છે. ભિન્ન ખડકલેખો બે છે અને તે ધૌલી તથા જધૌડામાં મુખ્ય શિલાલેખોમાંના નં. ૧૧, ૧૨, ૧૩ ને રદ કરીને તે સ્થાન પર કોતરાયલા છે. ગૌણ શિલાલેખો રૂપનાથ, સહસ્રામ, વૈરાટ, કલકત્તા-વૈરાટ, મસ્કી, બ્રહ્મગિરિ, સિધ્ધાપુર અને જટીંગ-રામેશ્વર એમ આઠ સ્થળે અકેક તરીકે મળી આવેલા, પરંતુ તેમાં રૂપનાથ, સહસ્રામને વૈરાટની નકલો લગભગ સરખી છે તથા બ્રહ્મગિરિ, સિદ્ધાપુર અને જટીંગ-રામેશ્વર એ ત્રણ પણ એક સરખા છે. એટલે મહત્ત્વના ગૌણ લેખો ચાર જ ગણ્યા છે. મુખ્ય સ્થંભલેખો સાત છે અને તે દિલ્હી-ટોપ્રા, દિલ્હી-મિરત, લૌરિય-અરરાજ, લૌરિય-નંદનગઢ, રામપૂર્વા અને અલ્હાબાદ-કૌશાંબી એ નામથી જાણીતા બનેલા ૭ સ્થંભો પર કોતરાયલા છે. ગૌણ સ્થંભલેખો દેવી-શાસન, કૌશાંબી-શાસન, સાંચી, સારનાથ, રૂમ્મિન્ડીઆઇ અને નિગ્લીવ એમ ૭ નામથી જાણીતા છે અને તેમાંથી પહેલા બે અલ્હાબાદ-કૌશાંબી સ્થંભ પર કોતરાયલા છે. ગુફાલેખો ત્રણ છે અને તે બરાબર-ગિરિની ગુફાઓમાં છે. આ રીતે ૨૮ સ્થળે થઇને વિવિધ પ્રકારના ૩૬ લેખો મળી આવે છે.

આ ઠેકાણે ભિન્ન ભિન્ન સ્થળના-લગભગ એકજ પ્રકારના લેખો પ્રગટ કરવા તે તો શક્તિનો અપવ્યયજ લેખાય. તે ઉપરાંત દરેક સ્થળે મળી આવેલા લેખો અખંડ પણ નથી. દા. ત. સોપારામાં તો ફકત આઠમા મુખ્ય ખડકલેખના થોડા ટુકડા જ મળી આવેલા છે. એટલે એકમેકની નકલ સમા, ભાગેલા-તૂટેલા, સેંકડો લેખો પ્રગટ કરવા કરતાં, જે જે સ્થળે એ લેખોમાંના મૂળ ૩૬ લેખો અખંડ રૂપમાં મળી આવે છે તે ચૂંટીને એવી રીતે પ્રગટ કરવા કે જેથી બધા લેખોનું અને બધાં સ્થળોનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે, એ નીતિને અમે અનુસર્યા છીએ. દા. ત. ગિરનાર, કાલ્સી, શાહબાઝગઢી, મન્શેરા, સોપારા, ધૌલી ને જગૌડા એ સાત સ્થળે થઇ, અખંડ કે તૂટેલા મળી, કુલ ૮૩ લેખ કોતરાયલા મળી આવે છે. તેમાં મૂળ લેખો તો ૧૪ મુખ્ય ખડકલેખ ને ૨ ભિન્ન ખડકલેખ મળી, સોળ જ છે ને બાકીના ૬૭ તો એ સોળની નકલો છે. આમાં સોપારામાં તો એકે લેખ અખંડ નથી મળતો. એટલે એ સ્થળને બાદ કરી, વૈવિધ્યતા-ભાષાની સરળતા અને અખંડિતાના તત્ત્વને નજરમાં રાખી, આ પરિચ્છેદમાં ૧૧ લેખ ગિરનારમાંથી, ૧ કાલ્સીમાંથી, ૧ શાહબાઝગઢીમાંથી, ૧ મન્શેરામાંથી

કોઇ વખતે ( ભલે તેમની પદ્ધતિ પ્રમાણે છે છતાં ) સમયદર્શન સાથે, તેમનાં જીવનના અનેક પ્રસંગો વર્ણવાયા છે. આ પ્રમાણે ત્રણે ધર્મના સાહિત્ય ગ્રંથોમાં વિપુલ સામગ્રી પડી છે અને તે ઉપરથી-(ભલે કાર્ય વિકટ છે અને સંશોધનના કાર્ય ક્યાં વળી સહેલાં પડયાં છે ?-છતાં )-ચોક્કસ સમય તો નક્કી કરી શકાય તેમ છે. આવા નિર્ણીત સમય સાથે, પ્રિયદર્શીએ પોતાનાજ તેરમા શિલાલેખમાં નોંધ્યા પ્રમાણેના પાંચે યવન પતિઓના સમય જો મળી રહેતા થઈ જાય તો તો જરૂર આપણે છાતી ઠોકીને કહી શકીશું કે આપણા નિર્ણયો સર્વથા સાચાજ છે. શું આ પ્રમાણે સ્થિતિ પ્રવર્તે છે ? અમારો જવાબ ફરીને એકવાર "ના" કહેવાનો છે.

આવી ચીરકાલી, પૂર્વ ગ્રહીત અને ઘર કરી બેઠેલી સ્થિતિમાંથી માર્ગ કાઢવાનું કામ અતિ કઠિન અને દુષ્કર છે. છતાં ધીરજથી શું નથી બનતું ? તેના પ્રથમ ઉકેલ તરીકે આખા મૌર્યવંશનો સમયનિર્ણય કરી આપવો જોઇએ. છતાં કેટલાક વિદ્વાનોને મૌર્યવંશની પૂર્વના નંદવંશીઓના સમયની કે, કદાચ તેની પૂર્વેના શિશુનાગવંશી ભૂપાળો, કે જેઓ બૌદ્ધધર્મ સ્થાપક ભગવાન બુદ્ધના અને જૈન ધર્મના પ્રણેતા ભગવાન મહાવીરના કેટલેક અંશે સહયોગી, સમકાલિક અને ધર્માનુયાયી હોઇ તેમના સંવતોનો છૂટથી ઉપયોગ કરતા ( તથા તેમના ધર્મગ્રંથોમાં પણ તે સંવતો વારંવાર નિર્દિષ્ટ થયેલ છે ) હતા; |તેમના સમયની સત્યાસત્યતા તપાસવી હોય તો ? આ બન્ને કોટિના ઇચ્છુકોની સગવડતા સાધી આપવા, ઠેઠ બુદ્ધ અને મહાવીરના સમયથી આરંભીને ક્રમિક વંશાવળી સ્થાપિત કરી આપવી જોઇએ. આમ કરવાથી મોટા ભાગને સંતોષ આપી શકાય, છતાં એક અતિ નાનો ભાગ એવો રહી જતો કહેવાય કે જેમને બુદ્ધ અને મહાવીરના સંવતનીજ પ્રમાણિકતા કસી જોવી હોય-તો ? વળી તેની પણ પૂર્વના કોઈ આધારભૂત લેખી શકાય એવા કેન્દ્રને પસંદ કરવું રહે અને તેવું તો કુદરતના નિયમે થતા મહાપુરૂષોના નિષ્ક્રમણરૂપ-સ્મૃતિ, શ્રુતિ કે ઉપનિષદ્‌ના ઉદ્‌ભવરૂપ સમયનું-કેન્દ્રજ નજરે ચડે છે. એટલે ત્યાંથીજ ભારતીય ઇતિહાસની આદિ કરવાના નિર્ણય ઉપર આવવું પડે છે. આ દૃષ્ટિએ-જેના લાભાલાભનો ઇસારો ઉપર કરાયો છે-" **પ્રાચીન ભારતવર્ષ** " નું પ્રકાશન પ્રથમ અને " **પ્રિયદર્શી** " નું પછીથી હાથ ધરવું પડે છે.

એક બીજી પરિસ્થિતિ-ઇતિહાસસર્જનના ઉપરોક્ત પાંચ આવશ્યક પાયામાંના પ્રથમના ચાર એવા પ્રકારના છે કે જેના સંખ્યાબંધ પુરાવા પ્રાપ્ત થવા છતાંયે નિર્ણય તો સાશંકજ રહે; જ્યારે પંચમ સુદૃઢજ માત્ર એવો છે કે જે એકલા ઉપર પણ ખૂબ મદાર બાંધી શકાય. જેમકે પાંચ ને પાંચ દશજ કહેવાય; તેમ બે ને બે ચારજ કહેવાય. આખી અવની ઉપરનો કોઇપણ માણસ તેને અન્યથા કહી શકશે નહીં, તેમજ તેની સત્યતા માટે કોઇ પુરાવા કે આધારની અપેક્ષા પણ રાખશે નહીં. અમારા પ્રકાશનમાં સમયનિર્ણય માટે જ્યાં ને ત્યાં આવી ગણત્રીએજ કામ લેવાઇ રહ્યું છે એટલે તેવા નિર્ણયની પાકી ખાત્રી કરવા માટે કેવળ એક બે પુરાવા રજુ કરીને આગળ વધી રહ્યા છીએ; જ્યારે વિદ્વાનોમાં પ્રથમના ચાર પાયા ઉપર કામ લેવાની પ્રથા પડી ગઇ હોવાથી તેમને અમારી આ પદ્ધતિ અધૂરી-not sufficiently critical-દેખાઇ છે. ઉપરાંત એક હકીકતને પ્રથમવાર સાબિત કરવા જતાં પુરાવાની આવશ્યકતા ગણાય, પરંતુ બીજી વખત કે ફરીફરીને તેનો

૧ ધૌલીમાંથી અને એક જગૌડામાંથી એમ કુલ ૧૬ મૂળલેખ પ્રગટ કર્યા છે. લેખને મથાળે એ શાસન કયા સ્થળનું છે તે જણાવ્યું છે અને જુદા જુદા સ્થળે કોતરાયલા લેખોમાં તે તે પ્રાંતની ભાષા વપરાયલી છે તેને આદ કરતાં તે સ્થળે એકબીજા લેખ વચ્ચે જે શાબ્દિક ફેરફાર હોય તે નીચે ફુટનોટમાં જણાવેલ છે.

એજ રીતે બીજા પરિચ્છેદમાં રૂપનાથ, સહસ્રામ, વૈરાટ, કલકત્તા-વૈરાટ, મસ્કી, બ્રહ્મગિરિ, સિદ્ધાપુર અને જટીંગ-રામેશ્વર એ આઠ સ્થળે કોતરાયલા ગૌણ ખડકલેખોમાંથી રૂપનાથ, બ્રહ્મગિરિ, કલકત્તા-વૈરાટ અને મસ્કી એ ચાર સ્થળના મૂળલેખોનેજ સ્થાન આપ્યું છે. સસ્રામ ને વૈરાટના લેખ રૂપનાથની નકલ સમા છે. અને સિદ્ધાપુર અને જટીંગ રામેશ્વરના લેખ બ્રહ્મગિરિની નકલ સમા છે એટલે એ ચારે સ્થળને બાદ રાખ્યાં છે. પણ જે શાબ્દિક ફેરફાર હોય તે પ્રગટ કરેલ લેખોની ફુટનોટમાં આપેલ છે.

ત્રીજા પરિચ્છેદમાં સાત મુખ્ય સ્થંભલેખો પ્રગટ થયા છે. આ સ્થંભલેખ દિલ્હી-ટોપ્રા, દિલ્હી-મીરત, લૌરિય-અરરાજ, લૌરિય-નંદનગઢ, રામપૂર્વા અને અલ્હાબાદ-કૌશાંબી, એમ ૭ સ્થંભ પર કોતરાયલ છે. પણ ત્યારે જળવાયલી સ્થિતિમાં તો તે લેખો કેવળ દિલ્હી-ટોપ્રા સ્થંભપર જ મળી આવે છે. એટલે સાતે સ્થંભ લેખ, દિલ્હી-ટોપ્રા સ્થંભ પ્રમાણેના જ પ્રગટ કર્યા છે અને બીજા સ્થંભોપર જે ફેરફાર હોય તે ફુટનોટમાં જણાવેલ છે.

ચોથા પરિચ્છેદમાં દેવી-શાસન, કૌશાંબી-શાસન, સારનાથ, સાંચી, રૂમ્મિન-દીઆઈ અને નિગ્લીવ, એમ ૭ ગૌણ સ્થંભલેખો અને ત્રણ બરાબર પર્વતની ગુફાના લેખ, એમ કુલ નવ શાસનો પ્રગટ થયાં છે. તેમાંનું પ્રત્યેક શાસન અલગઅલગ સ્વતંત્ર હોઈને નવે શાસન પ્રગટ કરેલ છે.

વાચકોની સરળતાને ખાતર, પ્રેસની મુશ્કેલીઓ વેઠીને પણ, મૂળ લેખો અને તેનો અનુવાદ સાથેસાથ પ્રગટ કરેલ છે. શિલા કે સ્થંભો પર આ લેખો જેટલી લીટીઓમાં કોતરાયલ છે તેટલીજ લીટીઓમાં તે પ્રગટ કરીને, તે અનુસાર શરૂઆતમાં આંકડા મૂક્યા છે. પણ વાક્યોને એકમેકથી જુદાં પાડવાને ખાતર અને મૂળ તેમજ અનુવાદના સંયુક્ત વાચનમાં સરળતાને ખાતર, દરેક વાક્યની શરૂઆતમાં क-ख-ग આદિ મૂળાક્ષરો મૂકેલ છે.

ફુટનોટોમાં વપરાયલ ટુંકાક્ષરોની સમજુતિ નીચે પ્રમાણે છે—

**પરિચ્છેદ-૧**

૧. ગિ.-ગિરનાર
૨. કા.-કાલસી
૩. શા.-શાહબાજગઢી
૪. મા.-માનસેરા
૫. ધૌ.-ધૌલી
૬. જ.-જગૌડા

**પરિચ્છેદ-૨**

૧. રૂ.-રૂપનાથ
૨. સ.-સહસ્રામ
૩. વૈ.-વૈરાટ
૪. ક.-વૈ.-કલકત્તા-વૈરાટ
૫. મ.-મસ્કી
૬. બ્ર.-બ્રહ્મગિરિ
૭. સિ.-સિદ્ધાપુર
૮. જ.-રા.-જટીંગ રામેશ્વર

**પરિચ્છેદ-૩**

૧. દિ.-ટો.-દિલ્હી-ટોપ્રા
૨. દિ.-મિ.-દિલ્હી-મિરત
૩. લૌ.-અ.-લૌરિય-અરરાજ
૪. લૌ.-નં.-લૌરિય-નંદનગઢ
૫. રા.-રામપુર્વા
૬. અ.-કૌ.-અલ્હાબાદ-કૌશાંબી

## પહેલું શાસન[1] [ગિરનાર][2]

(क) આ ધર્મશાસન[3] દેવાનુપ્રિય[4] પ્રિયદર્શિ[5] રાજાએ લખાવેલ છે.

(ख) અહીં[6] કોઈ પણ પ્રાણીનો[7] વધ કરી તેનો ભોગ[8] આપવો નહિ

(ग) તેમજ મેળો[9] ભરવો નહિ.

(घ) દેવાનુપ્રિય પ્રિયદર્સિ રાજા મેળાઓમાં ઘણા દોષ જુએ છે.

(ङ) પરંતુ કેટલાક મેળાઓ[10] એવા પણ છે જેને દેવાનુપ્રિય પ્રિયદર્સિ રાજા સારા ગણે છે.

(च) પૂર્વે[11] દેવાનુપ્રિય પ્રિયદર્સિ રાજાના રસોડામાં પ્રતિદીન સેંકડો અને હજારો પ્રાણીઓનો રસોઇ માટે વધ થતો હતો.

(छ) પણ હવે[12] આ ધર્મશાસન લખાવતી વેળા બે મોર અને એક હરણ—તેમાં પણ હરણ તો નિયમિત નહી—એમ માત્ર ત્રણ પ્રાણીઓનો રસોઈ માટે વધ થાય છે.

(ज) આ ત્રણ પ્રાણીઓને પણ હવે પછી હણવામાં નહી આવે.

---

(૧) પ્રિયદર્શિને મોટા ખડકલેખ કેટલા અને કયા કયા સ્થળોએ કોતરાવ્યા હશે તેનો નિર્ણય થઇ શકતો નથી, પરંતુ અત્યારે જે સાત [ગિરનાર, કાલ્સી, ધોલી, જગૌડા, શાહબાઝગઢી, મન્શેરા અને સોપારા] સ્થળોએ તે અખંડ અથવા અવશેષરૂપ સ્થિતિમાં મળી આવે છે તે પરથી જોઇ શકાય છે કે તેણે ધાર્મિક દષ્ટિએ મહત્ત્વનાં સ્થાનો પર તે લેખ કોતરાવ્યા છે. કેમકે–ગિરનાર એ નામાંકિત જૈન તીર્થ છે અને બાવીશમા જૈન તીર્થંકર શ્રી નેમિનાથ ત્યાં નિર્વાણ પામેલા. કાલ્સી એ અષ્ટાપદ પર્વતની તલેટી છે અને ત્યાં પ્રથમ જૈન તીર્થંકર શ્રી આદિનાથ નિર્વાણ પામેલા. ધોલી–જગૌડા કલિંગના એ ભાગમાં આવેલ છે જ્યાં માનવાને કારણ મળે છે કે સમ્મેતશિખર પર્વતની તલેટી પથરાયલી હતી અને તે પર્વત પર વીસ જૈન તીર્થંકરો નિર્વાણ પામેલા હોઇ પ્રાગૈતિહાસિક કાળથી તે મહત્ત્વનું જૈન તીર્થ લેખાતું આવ્યું છે. સોપારા પણ પ્રાચીન સમયમાં મહત્ત્વનું જૈન તીર્થ લેખાતું હતું. એજ રીતે શાહબાઝગઢી અને મન્શેરાની પાછળ પણ રમરણીય પ્રસંગો છે. [વિશેષ માટે જુઓ પ્રાચીન ભારતવર્ષ–ભાગ બીજો, પૃ. ૩૬૨ થી ૩૬૭].

પ્રિયદર્શિને મુખ્ય શિલાલેખો માટે ચૌદની સંખ્યા પસંદ કરી છે તેની પાછળ પણ ચોક્કસ આશય રહેલો હોવો જોઇએ. અશોકે ૮૪૦૦૦ સ્થંભ ઊભા કરાવ્યા તે અંગે વિવેચન કરતાં જનરલ કનીંગહામે કહ્યું છે કે, "અશોકે '૮૪' નો આંક પસંદ કર્યો તેની પાછળ હિંદુ વિચારશ્રેણિ રહેલી છે. કેમકે 'ચોરાશીનો ફેરો,' 'ચોરાશી બંદરે ફરકતો ધ્વજ,' 'ચોરાશી લાખ જીવયોનિ' આદિ સૂચનો હિંદુ સંસ્કૃતિનાં અંગ બની ગયાં છે."–આ વિચારશ્રેણિ કરતાં પણ સંપ્રતિના શિલાલેખોની ચૌદની વિચારશ્રેણિ વધારે સ્પષ્ટ છે.

જૈન તીર્થંકરનો આત્મા જ્યારે ગર્ભમાં પ્રવેશે છે ત્યારે તેમની માતા ચૌદ સ્વપ્ન નિરખે છે. વળી જૈન શાસ્ત્રોમાં ભૌતિક જગતને ચૌદ વિભાગોમાં વ્હેંચી નાંખવામાં આવ્યું છે, અને તે ચૌદ રાજલોકના નામે ઓળખાય છે. એજ રીતે આત્માના વિકાસક્રમને પણ જૈન શાસ્ત્રો ચૌદ વિભાગમાં વ્હેંચે છે અને તે ચૌદ ગુણસ્થાનકના નામે ઓળખાય છે. એટલે સંપ્રતિએ યાને પ્રિયદર્શિને પ્રજાના ભૌતિક અને આધ્યાત્મિક બન્ને પ્રકારના વિકાસ માટે કોતરાવવાના મુખ્ય શિલાલેખોની સંખ્યા ચૌદનીજ પસંદ કરી જણાય છે.

## प्रथम शासन[1] – [ गिरनार ]

१ (क) इयं धंमलिपी [2] देवानंप्रियेन
२ प्रियदसिना[3] राञा लेखापिता (ख) इध न किं-
३ चि जीवं आरभित्पा प्रजूहितव्यं
४ (ग) न च समाजो कतव्यो (घ) बहुकं हि दोसं
५ समाजम्हि पसति देवानंप्रियो प्रियदसि राजा
६ (ङ) अस्ति पि तु एकचा समाजा साधुमता[4] देवानं-
७ प्रियस प्रियदसिनो राञो (च) पुरा[5] महानसम्हि[6]
८ देवानंप्रियस प्रियदसिनो राञो अनुदिवसं ब-
९ हूनि प्राणसतसहस्रानि आरभिसु सूपाथाय
१० (छ) से अज[7] यदा अयं धंमलिपी लिखिता ती एव प्रा-
११ णा आरभरे सूपाथाय द्वो मोरा[8] एको मगो सो पि
१२ मगो न ध्रुवो[9] (ज) एते पि त्री प्राणा पछा न आरभिसरे

---

[illegible]

## પહેલું શાસન[1] [ગિરનાર][2]

(क) આ ધર્મશાસન[3] દેવાનુપ્રિય[4] પ્રિયદસિ[5] રાજાએ લખાવેલ છે.

(ख) અહીં[6] કોઈ પણ પ્રાણીનો[7] વધ કરી તેનો ભોગ[8] આપવો નહિ

(ग) તેમજ મેળો[9] ભરવો નહિ.

(घ) દેવાનુપ્રિય પ્રિયદસિ રાજા મેળાઓમાં ઘણા દોષ જુએ છે.

(ङ) પરંતુ કેટલાક મેળાઓ[10] એવા પણ છે જેને દેવાનુપ્રિય પ્રિયદસિ રાજા સારા ગણે છે.

(च) પૂર્વે[11] દેવાનુપ્રિય પ્રિયદસિ રાજાના રસોડામાં પ્રતિદીન સેંકડો અને હજારો પ્રાણીઓનો રસોઇ માટે વધ થતો હતો.

(छ) પણ હવે[12] આ ધર્મશાસન લખાવતી વેળા બે મોર અને એક હરણ-તેમાં પણ હરણ તો નિયમિત નહી-એમ માત્ર ત્રણ પ્રાણીઓનો રસોઈ માટે વધ થાય છે.

(ज) આ ત્રણ પ્રાણીઓને પણ હવે પછી હણવામાં નહી આવે.

---

(૧) પ્રિયદર્શિને મોટા ખડકલેખ કેટલા અને કયા કયા સ્થળોએ કોતરાવ્યા હશે તેનો નિર્ણય થઇ શકતો નથી, પરંતુ અત્યારે જે સાત [ ગિરનાર, કાલ્સી, ધોલી, જગૌડા, શાહબાઝગઢી, મન્શેરા અને સોપારા ] સ્થળોએ તે અખંડ અથવા અવશેષરૂપ સ્થિતિમાં મળી આવે છે તે પરથી જોઇ શકાય છે કે તેણે ધાર્મિક દષ્ટિએ મહત્ત્વનાં સ્થાનો પર તે લેખ કોતરાવ્યા છે. કેમકે-ગિરનાર એ નામાંકિત જૈન તીર્થ છે અને બાવીશમા જૈન તીર્થંકર શ્રી નેમિનાથ ત્યાં નિર્વાણ પામેલા. કાલ્સી એ અષ્ટાપદ પર્વતની તલેટી છે અને ત્યાં પ્રથમ જૈન તીર્થંકર શ્રી આદિનાથ નિર્વાણ પામેલા. ધોલી-જગૌડા કલિંગના એ ભાગમાં આવેલ છે જ્યાં માનવાને કારણ મળે છે કે સમ્મેતશિખર પર્વતની તલેટી પથરાયલી હતી અને તે પર્વત પર વીસ જૈન તીર્થંકરો નિર્વાણ પામેલા હોઇ પ્રાગૈતિહાસિક કાળથી તે મહત્ત્વનું જૈન તીર્થ લેખાતું આવ્યું છે. સોપારા પણ પ્રાચીન સમયમાં મહત્ત્વનું જૈન તીર્થ લેખાતું હતું. એજ રીતે શાહબાઝગઢી અને મન્શેરાની પાછળ પણ રમણીય પ્રસંગો છે. [ વિશેષ માટે જુઓ પ્રાચીન ભારતવર્ષ-ભાગ બીજો, પૃ. ૩૬૨ થી ૩૬૭ ].

પ્રિયદર્શિને મુખ્ય શિલાલેખો માટે ચૌદની સંખ્યા પસંદ કરી છે તેની પાછળ પણ ચોક્કસ આશય રહેલો હોવો જોઇએ. અશોકે ૮૪૦૦૦ સ્થંભ ઊભા કરાવ્યા તે અંગે વિવેચન કરતાં જનરલ કનીંગહામે કહ્યું છે કે, "અશોકે '૮૪' નો આંક પસંદ કર્યો તેની પાછળ હિંદુ વિચારશ્રેણિ રહેલી છે. કેમકે 'ચોરાશીનો ફેરો,' 'ચોરાશી બંદરે ફરકતો ધ્વજ,' 'ચોરાશી લાખ જીવયોનિ' આદિ સૂચનો હિંદુ સંસ્કૃતિનાં અંગ બની ગયાં છે."-આ વિચારશ્રેણિ કરતાં પણ સંપ્રતિના શિલાલેખોની ચૌદની વિચારશ્રેણિ વધારે સ્પષ્ટ છે.

જૈન તીર્થંકરનો આત્મા જ્યારે ગર્ભમાં પ્રવેશે છે ત્યારે તેમની માતા ચૌદ સ્વપ્ન નિરખે છે. વળી જૈન શાસ્ત્રોમાં લૌકિક જગતને ચૌદ વિભાગોમાં વ્હેંચી નાંખવામાં આવ્યું છે, અને તે ચૌદ રાજલોકના નામે ઓળખાય છે. એજ રીતે આત્માના વિકાસક્રમને પણ જૈન શાસ્ત્રો ચૌદ વિભાગમાં વ્હેંચે છે અને તે ચૌદ ગુણસ્થાનકના નામે ઓળખાય છે. એટલે સંપ્રતિએ યાને પ્રિયદર્શિને પ્રજાના લૌકિક અને આધ્યાત્મિક બંને પ્રકારના વિકાસ માટે કોતરાવવાના મુખ્ય શિલાલેખોની સંખ્યા ચૌદનીજ પસંદ કરી જણાય છે.

(૨) સુદર્શન તળાવ પરના રૂદ્રદામનના લેખ પરથી જણાય છે કે ચન્દ્રગુપ્ત મૌર્યના સમયમાં સૌરાષ્ટ્રમાં ચન્દ્રગુપ્તનો સૂબો વૈશ્ય પુષ્યગુપ્ત શાસન ચલાવતો હતો. અને મૌર્ય અશોકના સમયમાં ત્યાં યવનરાજ તુષાસ્ફ આણ ચલાવતો હતો. સંભવિત છે કે તે અશોકનો સૂબો હોય. પરંતુ અશોકના ઉત્તરાધિકારી સંપ્રતિએ સૌરાષ્ટ્ર પર વિજય મેળવ્યા અંગે અતિ પ્રાચીન પ્રમાણો મળી આવે છે.—

तेण सुरट्ठविसयो अंधा दमिला च ओयविया–' [ निशीथचूर्णि ]

આ પરથી એ સ્પષ્ટ થઇ શકે છે કે સૌરાષ્ટ્ર પર અશોકનો અધિકાર કેટલાક સમય માટે નહોતો, અને પરિણામે ગિરનાર પર શાસન કોતરાવવાનો તેને હક્ક ન હોઇ શકે. મૌર્યવંશમાં ચન્દ્રગુપ્તની પછી સંપ્રતિએ જ ગિરનાર પર સીધું શાસન ચલાવ્યું છે અને લેખો કોતરાવનાર પણ તે જ છે. એ ઉપરાંત રૂદ્રદામનના ઉપરોક્ત લેખમાં અશોકને માટે 'મૌર્ય અશોક' એવા શબ્દ વાપર્યો છે. જ્યારે ખડકલેખો આદિના કોતરાવનારે પોતાને માટે દેવાનાંપ્રિય અને પ્રિયદર્શિ શબ્દ વાપરેલ છે. એટલું જ નહિ, પણ રાજા દશરથે પણ પોતાના પુરોગામીને માટે દેવાનાંપ્રિય શબ્દ વાપરેલ છે. આ પરથી એ સ્પષ્ટ થઇ શકે છે કે દેવાનાંપ્રિય અથવા પ્રિયદર્શિ અશોક કરતાં જુદી જ વ્યક્તિ છે અને તે, બીજા કોઇ નહીં પુરવાર થયું છે તેમ, સંપ્રતિ છે.

(૩) રાજ્યાભિષેકના ત્રીજા વર્ષે મુગ્ની મારફત [illegible] નામ [illegible]. અને એ [illegible] [illegible] 'પ્રિયદર્શિ' નામ આપ્યું.

(૪) દેવાનાંપ્રિય, દેવાનાંપ્રિય અને [illegible] [illegible]

[illegible]

મળી આવે છે. તેનો સામાન્ય અર્થ His beloved Majesty થાય છે. સંપ્રતિને માટે આ શબ્દ વિશેષણની સાથેસાથ વિશેષનામ તરીકે પણ વપરાયેલ હોવાનું પ્રમાણ મળી શકે છે :—

मत्स्यपुराण ના ૨૭૨ માં અધ્યાયમાં પાટલીપુત્રના મૌર્ય રાજવી દશરથને સંપ્રતિના પુત્ર તરીકે ઓળખાવેલ છે—

सततिं (संप्रति) र्दश वर्षाणि, तस्य नता भविष्यति
राजा दशरथोऽष्टौ तु, तस्य पुत्रो भविष्यति।

અને બીજી બાજુ બરાબર–ગુફાના લેખમાં દશરથે પોતાને દેવાનાંપ્રિયના પુત્ર તરીકે ઓળખાવેલ છે—

वहियका कुभा दषलथेन देवानांपयेन आनंतलियं अभिषितेना......

આ પરથી સ્પષ્ટ થાય છે કે સંપ્રતિ 'દેવાનંપ્રિય' ના નામથી પણ ઓળખાયલ છે. પરંતુ પાછલા સાહિત્યમાં ધીમે ધીમે એ શબ્દનો અર્થ વિકૃત બનવા લાગ્યો અને તે 'મૂર્ખ' અર્થ સુધી જઇ પહોંચ્યો એટલે સાહિત્ય કૃતિઓમાંથી 'દેવાનંપ્રિય' શબ્દને દૂર કરવામાં આવ્યો અને કેવળ 'સંપ્રતિ' રહ્યો. પણ શિલાલેખો પર તો મૂળ શબ્દ જળવાઇ જ રહ્યો.

(૫) આ શબ્દ વિશેષણ છે કે વિશેષનામ તેનો નિર્ણય કરવો કઠિન છે; કેમકે સાહિત્યકૃતિઓમાં ચંદ્રગુપ્તને માટે એ શબ્દ વપરાય છે. [ मुद्राराक्षस ]: બૌદ્ધગ્રંથોમાં તે નામ અશોકને માટે વપરાય છે: [ दीपवंश ]: અને જૈન સાહિત્યમાં સંપ્રતિને માટે તે શબ્દ વપરાયેલ છે. ( Jain Antiquary Vol. VII, No, I, P. 24 ) આ રીતે મૌર્યવંશના ત્રણે મહાન રાજાઓ માટે એ શબ્દ વપરાયલ છે. તે જુના સમયમાં [illegible] [illegible] પ્રચલિત પણ હતી. [illegible] [illegible] નામ ધારણ કરતા [illegible]

[illegible]

નામ, તેની પછીના અને પૂર્વેના પણ રાજાઓ માટે વપરાતું છે. તેમ 'પ્રિયદર્શિન' એ નામ આ શાસનો કોતરાવનાર મૌર્ય રાજાનું હોવા છતાં પાછળથી તે વિશિષ્ટ મૌર્ય નૃપતિઓ માટે વપરાયલું હોવા સંભવ છે.

હવે પ્રસંગ ગણતરીએ તે નામ કયા મૌર્ય નૃપતિનું સંભવી શકે તે વિચારી જઇએ—મસ્કી ના શિલાલેખમાં 'અશોક' નામનો ઉલ્લેખ આવે છે [ વિશેષ વિગત માટે જુઓ મસ્કી નો શિલાલેખ ] તે જોતાં લેખો કોતરાવનાર પ્રિયદર્શિ રાજા અશોકની પૂર્વેનો તો ન જ સંભવી શકે. એટલે એ નામના ઉમેદવાર તરીકે અશોક અને સંપ્રતિ બે જ રાજવીઓ રહે છે. પ્રિયદર્શિ એ બૌધ્ધ નામ છે: પ્રાચીન કાળમાં રાજગૃહ નજીકની ટેકરી પર નિર્વાણ પામનાર એક મહાન બૌધ્ધ ભિક્ષુકનું નામ પ્રિયદર્શિ હતું [ Ancient Rajgrihi ] તેમજ જેતવનના નામાંકિત બૌધ્ધ સાધુનું નામ પણ પ્રિયદર્શિ હતું. [મહાવંશ ૨૯–૩૨]–એટલે બૌધ્ધ વિરોધી બિંદુસાર પોતાના પુત્ર (અશોક)ને એ નામ આપે તે કરતાં બૌધ્ધ ધર્માવલંબી અશોક પોતાના પુત્ર કે પૌત્રને એ નામ આપે તે વધારે સંભવિત છે. અને તે માટે વ્યાજબી ભૂમિકા પણ છે.

અશોકની ગફલતથી તેના પુત્ર કુણાલે આંખો ગુમાવી અને પરિણામે તેને યુવરાજપદ પણ તજવું પડ્યું. તે પછી કુણાલને એક પુત્ર જન્મે છે, કુણાલ સંગીતજ્ઞના ગુપ્તવેશમાં અશોકને તે સમાચાર પહોંચાડે છે. અશોક પૂછે છે–' પુત્ર કયારે થયો ? ' કુણાલ ઉત્તર આપે છે–'સંપ્રતિ (તાજેતરમાં જ)' [ આ શબ્દોત્તર પરથી તે કુમાર જૈન સાહિત્યમાં સંપ્રતિના નામે મશહુર બન્યો છે.] અશોક તે કુમારનાં દર્શન કરવાની ઉત્સુકતા દર્શાવી તેને ત્વરાએ તેડી મંગાવે છે અને તેનું દર્શન પોતાને ખૂબ પ્રિયકર નીવડ્યું હોઇ તેને તે પ્રિયદર્શિ નામ આપે તે તદ્દન સ્વાભાવિક છે. પણ પ્રિયદર્શિ એ બૌધ્ધ નામ હોઇને જૈન સાહિત્યે 'સંપ્રતિ' નામને વિશેષ પસંદગી આપી. [ જેમ બુદ્ધ–મહાવીરના સમયકાલિક મગધપતિને જૈનો 'શ્રેણિક'ના નામે ઓળખે છે, અને બૌધ્ધો ' બિંબિસાર 'ના નામે ઓળખે છે જ્યારે વસ્તુસ્થિતિમાં તો બન્ને નામ એકજ વ્યક્તિને આશ્રયીને છે.

તેરમા શિલાલેખમાં પ્રિયદર્શિને પોતાના સમકાલીક પાંચ યવન-નૃપતિઓના જે નામ આપ્યાં છે તેમનો સમય પણ સંપ્રતિનીજ સાથે મળતો આવે છે. [ વિશેષ માટે જુઓ 'સંપ્રતિ–કાલનિર્ણય'નું પ્રકરણ. ]

(૬) ડા. ભાંડારકરે 'અહીં'નો અર્થ 'રાજમહેલમાં' એ પ્રમાણે કર્યો છે પણ તે વાસ્તવિક નથી. 'અહીં'નો સાચો અર્થ તો જ્યાં લેખ કોતરાવ્યો છે તે તીર્થભૂમિમાં અથવા તેની આજુબાજુના વિસ્તારમાં ' એ પ્રમાણે થાય.

(૭) મૂળમાં અહીં જિવ શબ્દ છે. જૈન શાસ્ત્રમાં નવ તત્વોમાં પ્રથમ તત્ત્વ તરીકે પણ જિવ તત્વને સ્થાન મળ્યું છે. તેનો અર્થ મનુષ્ય, પશુ, પંખી, વનસ્પતિ આદિ–જેનામાં ચેતનતત્ત્વ રહેલું હોય એવી દરેક વસ્તુ–થાય છે.

(૮) યજ્ઞયાગાદિમાં પ્રાણીઓનો ભોગ અપાતો હતો તેની સામે આ ધર્મલિપિ પ્રતિબંધ મૂકે છે.

(૯) પ્રાચીન કાળમાં ભારતવર્ષમાં ભિન્ન ભિન્ન પ્રકારના મેળા ( સમાજ ) ભરાતા. તેમાંના હિંસક અને વિલાસી મેળાઓમાં પશુવધ, માંસભોજન, મદ્યપાન, દ્વંદ્વયુદ્ધ, નાચગાન આદિ પ્રધાનપદે રહેતાં. તેવા મેળાઓનું વર્ણન મહાભારત તેમજ બૌદ્ધ અને જૈન સાહિત્યમાં મળી આવે છે. બૌદ્ધ સાહિત્યમાં, એવા એક મેળામાં કોઇ શ્રેષ્ઠીપુત્ર એક નાચનારીના મોહમાં ફસાઇ પડ્યો હોવાની વાત મળી આવે છે. જૈન સાહિત્યમાં, ઇલાચીપુત્ર નામે શ્રેષ્ઠીકુમાર એક નાચનારી પર મોહીને નટ બની ગયો ને પાછળથી એક મુનિવરના નિર્મળ ચરિત્રના પવિત્ર દર્શનથી તે જ્ઞાન પામ્યો હોવાની હકીકત મળે છે. જૈનોએ આ પ્રકારના મેળાઓ સામે ખૂબ જ વિરોધ દર્શાવેલો છે. પ્રિયદર્શિન પણ એ પ્રકારના મેળાઓ સામે આ વાકયથી પ્રતિબંધ મૂકે છે.

(૧૦) તે સમયે ઉપરોકત હિંસક અને વિલાસી મેળાઓની સાથોસાથ પવિત્ર મેળાઓ (સમાજ-ઉત્સવ)

ભરાતા હોવાનાં પણ અનેક પ્રમાણો મળી આવે છે. જૈન સાહિત્યમાં તે ઉત્સવના નામે ઓળખાયા છે. જૈન સમ્રાટ ખારવેલના શિલાલેખમાં જણાવ્યા અનુસાર ખારવેલે પણ એવા પવિત્ર મેળાઓ ભરેલા છે. [ततिये पुन वसे गंधव-वेदबुधो दंप-नत-गीतवादित संदसनाहि उसव-समाज कारापनाहि च कीडापयति नगरिं]. આ પવિત્ર મેળાઓમાં નિર્દોષ રંજન, કલામય નૃત્ય, ભક્તિભરેલ ઉત્સવ, ધર્મઘોષણા, વિમાન–હસ્તી –અગ્નિસ્કંધ આદિ સ્વર્ગીય વસ્તુઓનાં સંદર્શન વગેરેને મહત્ત્વ અપાતું. આ વાક્યથી પ્રિયદર્શિન એ પ્રકારના મેળાઓ સામે પોતાની પસંદગી દર્શાવે છે અને ચોથા મુખ્ય શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે તો વિમાન, હસ્તી, અગ્નિસ્કંધ આદિ દિવ્ય રૂપોનાં પ્રજાને સંદર્શન કરાવવાને ખાતર તો તેણે ખાસ પ્રબંધ પણ કર્યો હતો.

(૧૧) પૂર્વે એટલે કે પ્રિયદર્શિને જ્યારે જૈન ધર્મનાં વ્રતો સ્વીકાર્યાં ન્હોતાં ત્યારે–રાજ્યાભિષેકની શરૂઆતમાં.

(૧૨) પ્રિયદર્શિને આ શાસન રાજ્યાભિષેકના લગભગ બારમા વર્ષે કોતરાવ્યું છે. અને જૈન ધર્મ તેણે રાજ્યાભિષેકના બીજા વર્ષે સ્વીકાર્યો છે. એટલે વચગાળાનાં દશ વર્ષ દરમિયાન પોતે ઉત્તરોત્તર માર્ગે જે વિકાસ સાધી શક્યો તેનું અહીં તે સૂચન કરે છે.

'દશ વર્ષ પહેલાં રસોડામાં હજારો પ્રાણીઓનો વધ થતો, આજે બે થી ત્રણ પ્રાણીઓનો વધ થાય છે અને હવે પછી તો તે વધ પૂર્ણતઃ બંધ થશે' એમ દર્શાવતી વખતે પ્રિયદર્શિન, રેવ. એચ. હેરાસ માને છે (Specially influenced by Jain doctrines as regards sacredness of inviolability of life. J. M. S. XVII. 271) તે પ્રમાણે, ખરેખર જૈન હૃદયનું જ દર્શન કરાવે છે. બૌદ્ધોએ હિંસા સામે જે જેહાદ દાખવી છે તે યજ્ઞોમાં થતી નિષ્પ્રયોજન હિંસા સામે, પણ ભોજનના વિષયમાં તેમણે અહિંસાને અતિ પ્રાધાન્ય નથી આપ્યું. જ્યારે જૈનોએ ભોજન માટેના પ્રાણીવધને પણ પાપ લેખેલ છે. સાથે જ વર્તમાન જૈન સંઘના અવલોકન પરથી એમ કહેવું કે કોઈ પણ સંયોગોમાં માંસાહાર કરનાર કે પોતાના ઘરમાં તેને ચલાવી લેનાર જૈન હોય જ ન શકે તે પણ વધારે પડતું છે. પ્રાચીન સમયમાં ક્ષત્રિયો જૈન ધર્મ સ્વીકાર્યો પછી પણ માંસાહાર કરતા હતા. તેને પાપ ગણીને ધાર્મિક ક્રિયાઓમાં તે માટે પ્રતિદિન પશ્ચાતાપ કરતા (पद–बंध–छविच्छेए...... मर्यमिअ–मंसमिअ–पंदित्तासूत्र), અને જેમ પ્રિયદર્શિને તેનો ત્યાગ કર્યો છે તે પ્રમાણે ધીમે ધીમે તે તજી પણ દેતા હતા.

## द्वितीय शासन [1]– [ गिरनार ]

१ (क) सर्वत विजितम्हि[2] देवानंमियस पियदसिनो[3] राञो
२ एवमपि मचंतेसु[4] यथा चोडा पाडा[5] सतियपुतो[6] केतलपुतो[7] आ तंब–
३ पंणी अंतियको योनराजा ये वा पि तस अंतियकस सामीपं[8]
४ राजानो सर्वत्र देवानंमियस मियदसिनो राञो द्वे चिकीछ कता
५ मनुसचिकीछा च पसुचिकीछा च (ख) ओसुढानि च यानि मनुसोपगानि च
६ पसोपगानि च यत यत नास्ति सर्वत हारापितानि च रोपापितानि[9] च
७ (ग)[10]मूलानि च फलानि च यत यत्र[11] नास्ति सर्वत हारापितानि च रोपापितानि च
८ पंथेसू[12] कूपा[13] च खानापिता व्रछा[14] च रोपापिता परिभोगाय[15] पसुमनुसानं

---

१ म. धो. અને જ. માં આ શાસનનો કેટલોક ભાગ તૂટી ગયો છે.
૨ કા. विजितसि　　શા. विजिते
૩ બુહ્લર मियदसिनो વાંચે છે.
૪ કા. अंता　　મ. अत
૫ શા. पंडिय　　કા. અને જ. पंडिया
૬ કા. सातियपुतो　　શા. सतियपुत्रो
૭ મ. केरलपुत्र　　કા. केललपुतो　　શા. केरडपुत्रा
૮ કા. धो. જ. सामंता　　શા. समंत　　મ. समत
૯ શા. बुत
૧૦ અહીંથી पंथेसू સુધીનો ભાગ શા. માં બાકાત રખાયો છે.
૧૧ બુહ્લર यत વાંચે છે.
૧૨ કા. વગેરે સ્થળે मगेसु
૧૩ કા. વગેરે સ્થળે उदुपानानि　　ગ. માં બાકાત.
૧૪ કા. ધો. જ. लुखानि　　મ. रुछनि　　શા. બાકાત
૧૫ કા. વગેરે સ્થળે पटिभोगाये

## બીજું શાસન [ગિરનાર]

(क) દેવાનુપ્રિય પ્રિયદર્શિ રાજાના રાજ્યમાં સર્વત્ર, તેમજ સરહદો[1] પર તામ્રપર્ણી સુધીના ચોડ, પાંડ્ય, સાતિયપુત્ર, કેતલપુત્ર વગેરે રાજાઓના મુલકમાં, અંતિયક[2] (ઍંટિયોકસ) નામક યોન રાજાના તેમજ જેઓ અંતિયકના પડોશી છે તેમના રાજ્યમાં સર્વત્ર દેવાનુપ્રિય પ્રિયદર્શિ રાજાએ બે પ્રકારની ચિકિત્સાઓ સ્થાપેલી છે; મનુષ્ય-ચિકિત્સા અને પશુ-ચિકિત્સા.[3]

(ख) તથા જ્યાં જ્યાં મનુષ્યોના ઉપયોગની અને પશુઓના ઉપયોગની ઔષધીઓ નથી નીપજતી ત્યાં ત્યાં તે મગાવીને રોપાવવામાં આવેલી છે.

(ग) મૂળ અને ફળ જ્યાં જ્યાં નથી થતાં ત્યાં ત્યાં તે મગાવીને રોપાવવામાં આવેલાં છે.

(घ) ધોરી માર્ગો પર પશુઓ અને મનુષ્યોના ઉપયોગને માટે કૂવાઓ ખોદાવવામાં આવ્યા છે અને વૃક્ષો રોપાવવામાં આવ્યાં છે.

---

૧. આ લેખ પરથી પ્રિયદર્શિ રાજાના સામ્રાજ્યની હદ સંબંધે આપેલી શકાય તેમ છે. દક્ષિણના ચોડ, પાંડ્ય, સાતિયપુત્ર, કેતલપુત્ર ને તામ્રપર્ણી (સિંહલદ્વીપ) [illegible] સમગ્ર ભારતવર્ષ પર તેની આણ વર્તે છે. પશ્ચિમે [illegible] સામ્રાજ્યની હદ [illegible] સુધી પહોંચેલી છે. સામ્રાજ્યની આ સીમાઓ નિર્ણયાત્મક [illegible] [illegible]

૨. [illegible]

[illegible] જ હસ્તક રહ્યું છે અને આજે તો તે મુખ્યત્વે જૈન મહાજનો જ સંભાળે છે.

૩. આ સ્થળે થયેલો ઍન્ટિયોકસનો ઉલ્લેખ ઐતિહાસિક નિર્ણય તારવવામાં ખૂબજ મદદગાર બને છે. [ તેરમા શિલાલેખમાં ઍન્ટીયોકસના પડોશી રાજાઓ તરીકે ટોલેમી ફીલાડેલ્ફસ, મેગસ, ઍન્ટીગોનસ અને અલેકઝાંડરનાં નામ પણ મળી આવે છે. વિશેષ માટે જુઓ તેરમા મુખ્ય શિલાલેખની ફુટનોટ ] કેમકે ઍન્ટીયોકસ વિષે ગ્રીક ઇતિહાસમાં અનેક હકીકતો મળી આવે છે, જે પ્રિયદર્શિનનું અસ્તિત્વ સમજવામાં મદદગાર થઈ પડે તેમ છે.

ગ્રીક ઇતિહાસના જણાવ્યા અનુસાર ઍન્ટીયોકસ [illegible] ઈ. સ. પૂ. ૨૬૦ [illegible] ઈ. સ. પૂ. ૨૬૧ સુધી શાસન [illegible] [illegible] (Antiochus [illegible]) [illegible]

યુવરાજ હતો.

આપણે જોઇ ગયા તે અનુસાર સેન્ડ્રેકોટસ નામ માટે બે જ ઉમેદવાર છે—એક ચન્દ્રગુપ્ત મૌર્ય અને બીજો સંપ્રતિ મૌર્ય. તેમાં પરદેશી વિદ્વાનો ચન્દ્રગુપ્તની ઉમેદવારીને માન્ય રાખે છે પણ તે કેટલી સત્યથી વેગળી છે તે આપણે પુરવાર કરી ગયા છીએ. જ્યાં આ વિધાનથી પણ તેને તપાસી જઇએ.

